॥ श्रीस्वामिनारायणो विजयते ॥

બ્રહ્મસ્વરૂપ
શ્રી પ્રાગજી ભક્ત

: સંપાદક-લેખક :

હર્ષદરાય ત્રિભુવનદાસ દવે

: પ્રકાશક :

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

BRAHMASWARUP SHRI PRAGJI BHAKTA (Gujarati Edition)

(Life sketch of Pragji Bhakta)

Compiled by H. T. Dave

Inspirer: HDH Pramukh Swami Maharaj

Presented by:
B A P S Swaminarayan Sanstha
Shahibaug, Amdavad - 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad - 380 004. India.

રજૂકર્તા : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

મુદ્રક અને પ્રકાશક :

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪



શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી

આપના પ્રત્યેની

સદા પ્રેમભક્તિની અલ્પ અંજલિરૂપ,

અમૃતરસના કુંભ સમાન આ ગ્રંથ

આપના જ હસ્તકમળમાં વિનમ્ર-ભાવે અર્પણ કરી

હું કૃતાર્થ થાઉં છું.

– સંપાદક

આશીર્વાદ પત્ર

સ્વામી શ્રીજી સત્ય છે

ગોંડલ, અક્ષર મંદિર, સાક્ષાત્ સ્થાન,
તા. ૨૫-૬-'૬૯, સંવત ૨૦૨૫ના
અધિક માસ અષાઢ સુદી ૧૦,
સાંજના ૬ાા વાગે

અહોહો ! આ બીજી આવૃત્તિ છપાય છે તેમાં પૂજ્ય ભગતજી મહારાજ સાક્ષાત્ પુસ્તકમાં બિરાજશે. પહેલી આવૃત્તિ બે હજાર પ્રત ઝપાટાબંધ ખપી ગઈ. આ બીજી આવૃત્તિ પૂજ્યમાન હર્ષદરાયભાઈએ ઘણો દાખડો કરીને પ્રમુખસ્વામીની આજ્ઞા લઈને છપાવી છે. જે પુસ્તક ખરીદશે તેના હૃદયમાં શ્રીજીમહારાજ, સ્વામી તથા ભગતજી મહારાજ તથા પૂજ્ય કૃષ્ણજી અદા તથા સ્વામી શાસ્ત્રીજી મહારાજ નિવાસ કરીને રહેશે તેવા આશીર્વાદ છે.

દા. સાધુ જ્ઞાનજીવનદાસજીના
ઘણા હેતથી જય શ્રી સ્વામિનારાયણ

નિવેદન

શ્રીજીમહારાજ સ્થાપિત ગુણાતીત જ્ઞાનના પ્રવર્તક તરીકે આપણા સત્સંગમાં બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રાગજી ભક્તનું સ્થાન અનોખું છે અને રહેશે. ગુણાતીતાનંદ સ્વામીની અપાર કૃપાના અધિકારી બની, એકાંતિક ધર્મના ધારક અને પોષક શ્રી પ્રાગજી ભક્તે અક્ષર અને પુરુષોત્તમ અર્થાત્ શ્રી સ્વામિનારાયણની શુદ્ધ અને સર્વોપરી ઉપાસનાના પાયા નાખ્યા, એટલું જ નહિ પરંતુ એકાંતિક ધર્મ પ્રવર્તાવી સમગ્ર સત્સંગમાં મોટા ભાગના ત્યાગી તથા ગૃહસ્થોને પોતાના સમાગમથી એકાંતિક ધર્મ સિદ્ધ કરાવ્યો. તેમનું અપ્રતિમ વ્યક્તિત્વ, જ્ઞાનની અસીમ વાગ્ધારા અને મહારાજ તથા સ્વામીની મૂર્તિમાં અખંડ સંલગ્નતા અને અપાર સેવાભાવ - આવા અનેકાનેક શુભ ગુણોથી સંપન્ન શ્રી પ્રાગજી ભક્ત, જ્યાં જતા ત્યાં ત્યાગી તથા હરિભક્તો તેમના આવા દિવ્ય ગુણોથી આકર્ષાતા જ, અને તેમનો સમાગમ કરવાથી મહારાજ અને સ્વામીના સમાગમનું પ્રગટ સુખ અનુભવતા. આના જ્વલંત દૃષ્ટાંતરૂપે વિજ્ઞાનદાસ સ્વામી, મહાપુરુષદાસ સ્વામી તથા શાસ્ત્રીજી મહારાજ શ્રી યજ્ઞપુરુષદાસ સ્વામી છે. બુદ્ધિમાં, જ્ઞાનમાં અને ત્યાગ વૈરાગ્યની છટામાં સર્વોપરી એવી આ ત્રણ વ્યક્તિઓ દૂધમાંથી પોરા કાઢે એવી સૂક્ષ્મ બુદ્ધિવાળી હોઈ, કોઈ સાધારણને તો નમે જ નહિ. તેમણે પ્રાગજી ભક્તમાં સત્પુરુષપણું નિહાળ્યું અને વર્ણ અને આશ્રમનું માન મૂકી તેમના આશ્રિત થયા એ કંઈ સાધારણ વાત ન કહેવાય ! આવા મહાન પુરુષનું આ ચરિત્ર તથા જ્ઞાનવાતો સત્સંગી મુમુક્ષુ જનતાને બ્રહ્મરૂપ થવાની સાધનામાં જરૂર ઉપયોગી થઈ પડશે.

ભગતજી મહારાજનું આ ચરિત્ર શાસ્ત્રીજી મહારાજે લખેલ મૂળ ગ્રંથ ઉપરથી જ લેવામાં આવ્યું છે. કેટલાક પ્રસંગો, જે તે ગ્રંથમાં નહોતા તે, ગુણાતીતાનંદ સ્વામીના જીવનચરિત્રનો હસ્તલિખિત ગ્રંથ જે શાસ્ત્રીજી મહારાજે લખાવ્યો છે, તે ઉપરથી લેવામાં આવ્યા છે. એ ઉપરાંતના કેટલાક પ્રસંગો શાસ્ત્રીજી મહારાજ તથા નિર્ગુણદાસ સ્વામીના શ્રીમુખે સાંભળીને તથા પૂજ્ય ઉલ્લાસરામભાઈના લખાણમાંથી લેવામાં આવ્યા છે. આમ, આ ગ્રંથનું સંશોધનકાર્ય ભાઈશ્રી હર્ષદભાઈએ અથાગ

પરિશ્રમ લઈને, સેવાભક્તિ માનીને કર્યું છે, તે માટે તેમને અમારા અંતરના રૂડા આશીર્વાદ છે.

આ ગ્રંથના પ્રકાશનમાં મૂળથી જ બ્રહ્મસ્વરૂપ શ્રી યોગીજી મહારાજના આશીર્વાદ હતા. તેમણે અંગત રસ લઈને પુસ્તક છપાવવાનું મુહૂર્ત, પુસ્તક છપાવવાનો ખર્ચ, તેનો ભાવ વગેરે નક્કી કરી દીધું, અને આ રીતે શાસ્ત્રીજી મહારાજનો ઘણાં વર્ષોનો સંકલ્પ તેમના દ્વારા સિદ્ધ થયો છે એ આજે ઘણા જ હર્ષની વાત છે.

હરિજયંતી, સં. ૨૦૧૨
અમદાવાદ.

લિ.
(સહી) **શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી**
(પ્રમુખસ્વામી મહારાજ)
પ્રમુખ
બોચાસણવાસી શ્રી
અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

પ્રથમ આવૃત્તિની નોંધ

આ મહાન પ્રાસાદિક ગ્રંથના મૂળ કર્તા બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રાગજી ભક્તના અતિ મહાન શિષ્ય અને તેમના સંબંધથી તદ્વત્ બ્રહ્મભાવને પામી ગયેલા બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ શ્રી યજ્ઞપુરુષદાસજી છે. તેમના મૂળ ગ્રંથ ઉપરથી સંપાદન કાર્ય પ્રાગજી ભક્તના શિષ્ય અ.નિ. સદ્ગુરુવર્ય શ્રી નિર્ગુણદાસ સ્વામી તથા અ.નિ. મુક્તરાજ શ્રી ઉલ્લાસરામભાઈ દલસુખરામ પંડ્યાએ કર્યું છે. વળી, એ સંપાદન કાર્યમાં અ.નિ. સદ્ગુરુવર્ય સ્વામી શ્રી મહાપુરુષદાસજીએ પણ નોંધપાત્ર સેવા કરી છે. આ સંપાદકોના પ્રયાસથી જ આ ગ્રંથની હસ્તલિખિત પ્રતો સંપ્રદાયમાં ઘણાં વર્ષોથી વંચાતી હતી.

આ ગ્રંથમાં કેટલાક વિશેષ પ્રસંગો, મૂળ અક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના અપ્રગટ જીવનચરિત્રમાં જ્યાં જ્યાં શ્રી પ્રાગજી ભક્તનો સંબંધ હતો, તેમાંથી લઈને ઉમેર્યા છે અને જ્ઞાનભાગમાં પણ પૂરું સંશોધન કરી સ્પષ્ટીકરણ કરેલ છે.

જ્યારે આ ગ્રંથની હસ્તલિખિત પ્રત તૈયાર થઈ, ત્યારે પૂ. ચંપકભાઈ બેંકર તથા પૂ. નિરન્નમુક્ત સ્વામીને તે વંચાવી. પછી પૂ. નારાયણસ્વરૂપદાસજી, પૂ. સંતવલ્લભદાસજી, પૂ. હરિકૃષ્ણદાસજી, પૂ. મુનિ સ્વામી વગેરે પાસે સારંગપુરમાં અને ગોંડલમાં પૂ. વાસુદેવ સ્વામી પાસે વાંચી. પછી અમદાવાદમાં પૂ. યજ્ઞપ્રિયદાસ સ્વામી (મોટા સ્વામી) પાસે પણ વાંચી. તે સર્વ અત્યંત રાજી થયા અને અંતરથી આશિષ આપ્યા. પૂ. યોગી મહારાજની તો અખંડ પ્રેરણા પ્રથમથી જ હતી. આફ્રિકાથી પણ પ્રેરણા પત્રો આવ્યે જ જતા. એ સિવાય પૂ. મોતીભાઈ ભગવાનદાસે આ ગ્રંથ છપાવવામાં જે સાથ આપ્યો છે, તે તો ન ભૂલી શકાય એવો છે.

આ ગ્રંથ માટે અમારે તો કશું કહેવાનું હોય જ નહિ. તટસ્થ નિરીક્ષક તરીકે ગોંડળ રાજ્યના માજી વિદ્યાધિકારી મુરબ્બી શ્રી ચંદુલાલ બહેચરલાલ પટેલ - જેમને ગુજરાત સાહિત્ય પરિષદ - અમદાવાદ, તરફથી 'રણજિતરામ સુવર્ણચંદ્રક' ભગવદ્-ગોમંડળ શબ્દકોષના સંપાદન માટે એનાયત કરવામાં આવ્યો છે - તેમણે આ ગ્રંથના છપાતા ફર્મા વાંચતાં વાંચતાં જ આમાં અપૂર્વ રસ લીધો અને આ સંપ્રદાય તથા

સંપ્રદાયમાં પ્રગટ થતા આવા ભક્તરાજોની અદ્વિતીય વિશિષ્ટતા વિષે બહુ જ ઉચ્ચ મત દર્શાવ્યો. વળી, જેમ જેમ વધુ વાંચતા ગયા, તેમ તેમ આ સંપ્રદાયના સનાતન દિવ્ય-સિદ્ધાંતોથી જ, આ સંપ્રદાય એક વાડો નથી પરંતુ શ્રેયાર્થી માટે બ્રહ્મરૂપ થવાની પ્રયોગશાળા છે એમ પણ જણાવ્યું. તેમણે જ લખેલી આ ગ્રંથની પ્રસ્તાવના વિશેષે કરીને આ ગ્રંથ માટે આવા તટસ્થ નિરીક્ષકોનો શું અભિપ્રાય છે તે જણાવે છે.

આ ગ્રંથની ભાષાશુદ્ધિ માટે અત્રેના 'ભગવદ્ગોમંડલ' શબ્દકોષના નિષ્ણાત 'પ્રૂફ' તપાસનાર શ્રી પ્રાણલાલભાઈ માંઉનો પણ અત્યંત આભાર માનું છું.

આ સેવા મને આપવા માટે હું સંસ્થાનો ઋણી છું.

વૈશાખ સુદ ૧૧, સં. ૨૦૧૨ લિ.
અક્ષર મંદિર, **હર્ષદરાય ત્રિભુવનદાસ દવેના**
ગોંડળ. જય શ્રી સ્વામિનારાયણ

❀

બીજી આવૃત્તિનું નિવેદન

'બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રાગજી ભક્ત'ના પુસ્તકની સમગ્ર સત્સંગ તરફથી ખૂબ જ માગ આવે છે. પ્રથમ આવૃત્તિની બધી જ પ્રતો ખપી ગઈ છે. તેથી આ બીજી આવૃત્તિ બહાર પાડતાં મને આનંદ થાય છે.

આ આવૃત્તિમાં કેટલાક પ્રસંગો જે અપ્રગટ રહ્યા હતા તેનો આ પ્રતમાં સમાવેશ કરી લીધો છે. આ પ્રસંગો ઉપરથી શ્રી પ્રાગજી ભક્તના ચરિત્રની દિવ્યતા વિશેષ બહાર આવે છે. તેમજ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની તેઓશ્રી ઉપર કેટલી પ્રસન્નતા હતી તેનો ખ્યાલ આવે છે. આ બીજી આવૃત્તિ વાચકોને વિશેષ પ્રીતિકર થશે એવી આશા છે.

અધિક અષાઢ સુદ ૧૫ લિ.
સંવત ૨૦૨૫, મુંબઈ **હર્ષદરાય ત્રિભુવનદાસ દવે**

❀

સાતમી આવૃત્તિ પ્રસંગે

અક્ષરનિવાસી ભક્તરાજ શ્રી હર્ષદરાય ત્રિ. દવે લિખિત આ ગ્રંથ પ્રથમ

આવૃત્તિથી જ સૌને એકધારો પ્રેરક રહ્યો છે અને સાધનાના માર્ગે દીપસ્તંભ સમાન બની રહ્યો છે.

આ ગ્રંથની માંગ ઘણા વખતથી હતી, તેથી તેને પુનઃ અદ્યતન કોમ્પ્યુટર ટાઈપ સેટિંગ સાથે આ નવી આવૃત્તિ આપના હાથમાં મૂકીએ છીએ. વળી, આ આવૃત્તિમાં કેટલુંક સંશોધન પણ કરવામાં આવ્યું છે. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનું વિસ્તૃત જીવન ચરિત્ર, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનું વિસ્તૃત જીવન ચરિત્ર તથા શાસ્ત્રીજી મહારાજના સમકાલીન પત્ર વ્યવહારનો ગ્રંથ 'લિ. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ' વગેરે ગ્રંથોના સંદર્ભો સાથે એકસૂત્રતા રહે તે રીતે કેટલાક પ્રસંગો સમયાનુક્રમમાં આગળ-પાછળ ગોઠવવામાં આવ્યા છે. કેટલાક પ્રસંગોમાં સંવાદોના શબ્દોમાં પણ એકસૂત્રતા જાળવવા આનુષંગિક પરિવર્તનો કર્યાં છે. લેખકે પોતે જ લખેલા ઉપરોક્ત તમામ ગ્રંથોમાં ચરિત્રોનો પ્રવાહ એટલો બધો પ્રબળ છે કે ઇતિહાસ લેખનની કેટલીક નાની-નાની ગૌણ બાબતો સરતચૂકથી રહી જવા પામી હતી અને આજ સુધી તે મુદ્રિત થતી રહી હતી. પરંતુ આ આવૃત્તિમાં મહદ્ અંશે એને નિવારી લેવાનો પ્રયાસ કર્યો છે. સાથે ગ્રંથમાં આવતાં પાત્રોની સૂચિ તે તે પૃષ્ઠના ઉલ્લેખ સામે મૂકી છે. આશા છે કે સત્સંગ - સમુદાય પ્રસ્તુત ગ્રંથને હૃદયથી વધાવશે.

– સ્વામિનારાયણ અક્ષરપીઠ

ગુરુપૂર્ણિમા, સં. ૨૦૫૮

તા. ૨૪-૭-૨૦૦૨

પ્રસ્તાવના

પ્રમાણભૂત ઈતિહાસ

શ્રી પ્રાગજી ભક્ત સમા પ્રથમ કોટિના એકાંતિક ભક્તને કેન્દ્રમાં રાખીને સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં પૂર્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામીએ સંપૂર્ણ વિકસાવેલ સ્વામિનારાયણ સંપ્રદાયનો આ તો શાસ્ત્રીય અને પ્રમાણભૂત ઈતિહાસ છે.

ભગવાન સ્વામિનારાયણે સંવત ૧૮૩૭માં, છપૈયા(અયોધ્યા)માં પ્રગટ થઈ, ગુજરાતને પોતાની કર્મભૂમિ બનાવી અને પછાત ગણાતી કોમોથી માંડીને પંડિતો-બ્રાહ્મણો સુધીના મનુષ્યોમાં સદાચારનું સ્થાપન કર્યું. લોકોને આચાર, આહાર તથા વ્યવહાર શુદ્ધિ કરાવીને કલ્યાણના માર્ગે પ્રેમથી ચડાવ્યા. આ રીતે તેમણે આપણી આ ઐતિહાસિક ભૂમિમાં એકાંતિક ધર્મની સ્થાપના કરી અને લાખો મુમુક્ષુ જીવોને ભક્તિરસનું સાચું માર્ગદર્શન આપ્યું. આવી અલૌકિક સેવા કરીને જ તેઓશ્રી અધમઉદ્ધારક અને પતિતપાવન સ્વતઃસિદ્ધ થયા. દેવર્ષિ નારદજીના શબ્દોમાં કહીએ તો : त्रिसत्यस्य भक्तिरेव गरीयसी गरीयसी । અર્થાત્ ત્રિકાલાબાધિત જન્મ-મરણરહિત ભગવાનની ભક્તિ જ સૌથી શ્રેષ્ઠ છે, સૌથી શ્રેષ્ઠ છે !

સ્વાધ્યાય માટેનો ધર્મગ્રંથ

ભગવાનના ઓગણચાલીસ ગુણોવાળા પ્રાગજી ભક્તનું આ ચરિત્ર સ્વાધ્યાય માટેનો કેમ જાણે ધર્મગ્રંથ બની ગયો હોય એમ લાગે છે, કારણ કે આ ગ્રંથમાં વૈદિક ધર્મનાં બધાંય અંગઉપાંગો છે, એટલું જ નહિ પણ સંપ્રદાયનાં શિક્ષાપત્રી, વચનામૃતો, વાતો, ભજનોમાં વેદ, ઉપનિષદો, ગીતા, રામાયણ, ભાગવત આદિ શ્રુતિ-સ્મૃતિઓનો નિચોડ ભર્યો છે. તેથી આ ગ્રંથ વાંચતાં એમ જણાય છે કે સ્વામિનારાયણ સંપ્રદાય જ આપણા સનાતન ધર્મોનો સમન્વય છે. આર્ય સંસ્કૃતિના ભવ્ય ભંડારોમાંથી, સ્વામિનારાયણ સંપ્રદાયના વિનમ્ર સાધુ-સંત, હરિભક્તો અને તેના મૂળભૂત સર્જક ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ તો પોતાના સંપ્રદાયને અર્થે જે કંઈ અતિ સૌમ્ય અને શ્રેયસ્કર હતું તે જ પસંદ કરીને, તે ઉપરથી પોતાના ધાર્મિક ગ્રંથો અને શાસ્ત્રોનું

સર્જન કર્યું છે.

ભાગવત ધર્મની અમરજ્યોત

એકાંતિક ધર્મની સ્થાપના એ ધ્યેય સિદ્ધ થતાં શ્રી સહજાનંદ સ્વામીએ અંતર્ધાન થવાનો સંકલ્પ કર્યો. ભાગવતધર્મની જ્યોત સદા અમર છે એ સનાતન સત્ય, આ સંપ્રદાયમાં પ્રગટ થતા એકાંતિક મુક્તોનાં અવતરણથી દેખાય છે. આ રીતે તેઓના પરમહંસ પંક્તિના પાંચસો સંતોમાંથી બે મહાન ધુરંધર સંતો, શ્રી મૂળ અક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતાનંદ સ્વામીને સૌરાષ્ટ્રનો દેશ સોંપ્યો અને મહામુક્ત શ્રી ગોપાળાનંદ સ્વામીને ગુજરાતનો દેશ સોંપ્યો. એટલું જ નહિ, તેઓ બંને અંતર્ધાન થયા પછી પણ મુમુક્ષુ જીવોનું કલ્યાણ થઈ શકે તે માટે તેઓએ પોતાના ઐશ્વર્ય, પ્રતાપ અને શક્તિને જીરવી શકે એવા દિવ્ય મહાપુરુષોને પણ પૃથ્વી ઉપર જન્મ ધરવા આદેશ કર્યો. આ રીતે ભાગવતધર્મની જ્યોત આ સંપ્રદાયમાં અખંડ પ્રદીપ્ત રહેલી જણાય છે. એ અનોખી રીતના પરિણામે જ, આપણે ગુણાતીત સ્વામીની જ્યોત તેની સોળે કળામાં એકાંતિક ભક્ત પ્રાગજી ભક્તમાં પ્રકાશતી અનુભવીએ છીએ અને તે એકાંતિક ભક્તરાજની જ્યોત એમના પટ્ટશિષ્ય સમા શાસ્ત્રીજી મહારાજ શ્રી યજ્ઞપુરુષદાસજીમાં પ્રકાશતી અને એ પરંપરા ન્યાયે આજે આપણે આપણા ત્યાગમૂર્તિ જોગી મહારાજ સમા સમર્થમાં એ અખંડ જ્યોતનો આવિર્ભાવ થયેલો અનુભવીએ છીએ. એક પછી એક વિલીન થતા બ્રહ્મસ્વરૂપ સંતમાંથી પણ બીજા ઉત્પન્ન થઈ, આ ધર્મકાર્યને જ્વલંત રાખે એવી દૃષ્ટિ કરીને આ સંપ્રદાયના આદ્ય સ્થાપક શ્રી સહજાનંદ સ્વામી અંતર્ધાન થયા હતા.

'आत्मा वै पुत्रनामासि' કે 'शिष्यात् इच्छेत् पराजयम्' આદિ વચનાનુસાર આવું જો બને તો તે કંઈ અસંભવિત નથી; પણ આ બધી મીમાંસા તો एकोऽहं बहुस्यां प्रजायेय જેવી જરા અટપટી છે. છતાંયે 'કીટભમરી' ન્યાયે વિચારીએ તો અનન્ય ભક્તિ આગળ એ બધું ઓછેવધતે અંશે જરૂર સંભવિત બને છે એ તો તે હકીકત છે. ગુરુ પોતાના એકાંતિક શિષ્યને પોતાની કળા પમાડે તો તે ન માનવા જેવું નથી જ.

એકાંતિક ભક્ત

જે એકાંતિક ભક્તને કેન્દ્રમાં રાખીને આ ધર્મગ્રંથ ઘણી જ કુશાગ્ર બુદ્ધિ અને વિશાળ દૃષ્ટિથી આલેખાયો છે, તે પ્રાગજી ભક્તને જુદાં જુદાં શાસ્ત્રોની કસોટી ઉપર ચડાવી જોતાં કહેવું પડે છે કે તે તો સો ટચનું સોનું સ્વતઃસિદ્ધ થાય છે. દેવર્ષિ નારદ પ્રણીત ભક્તિશાસ્ત્રની કસોટી ઉપર ચડાવતાં પ્રાગજી ભક્ત જેવા भक्ताः एकान्तिनो मुख्याः એટલે કે એકાંતિક ભક્તો તો ભગવાનના આત્મારૂપ જ છે; કેમ કે, તેઓ

કોઈ પણ કામનાથી પ્રેરાઈને ભગવદ્‌ભક્તો થયા નથી ! તેમનામાં વેપારી વૃત્તિનો સદ્‌ભાવ નથી ! આથી નિર્હેતુક પ્રેમવાળા પ્રાગજી ભક્ત જેવા જ ભક્તો મુખ્ય છે !

स मे प्रियः

હવે આ સિદ્ધ એકાંતિક પ્રાગજી ભક્તને સર્વ ઉપનિષદોના સારભૂત ગીતાજીની કસોટી ઉપર ચડાવી જોતાં સ્પષ્ટ જણાય છે કે તે ખરેખર શ્રેષ્ઠ યોગયુક્ત ભક્તરાજ છે. ભક્તિયોગના પહેલા જ શ્લોકમાં જિજ્ઞાસુ અર્જુન યોગેશ્વર શ્રીકૃષ્ણ ભગવાનને પ્રશ્ન કરે છે કે ''નિરંતર યુક્ત થઈને જે ભક્તો આપની યાને પ્રગટ ભગવાનની ઉપાસના કરે છે અને જેઓ અવ્યક્ત અક્ષરની યાને નિર્ગુણ બ્રહ્મની ઉપાસના કરે છે, તેઓમાંથી ઉત્તમ યોગવેત્તા કોણ ?''

શ્રી ભગવાન કહે છે કે ''જેઓ મારામાં એટલે કે પ્રગટ ભગવાનમાં ચિત્ત લગાડીને નિત્યયુક્ત થઈ પરમ શ્રદ્ધા સહિત મારી ઉપાસના કરે છે, તેઓને મેં શ્રેષ્ઠ યોગયુક્ત માનેલા છે.''

ગીતાજીની કસોટી તો એમ છે કે ''જેઓ સર્વ કર્મો મને અર્પણ કરીને, મારે પરાયણ થઈ, અનન્ય યોગ વડે ધ્યાન કરતાં મારી ઉપાસના કરે છે, તે ભક્ત મને પ્રિય છે. એટલે કે જે સર્વ ભૂતો પ્રત્યે દ્વેષ રહિત, મિત્રતા રાખનાર તેમજ દયાળુ, મમતા રહિત, અહંકાર રહિત, સુખ-દુઃખમાં સમ, ક્ષમાવાળો, સદા સર્વદા સંતોષી, મનનો સંયમ રાખનાર, દૃઢ નિશ્ચયવાળો એવો જે મારો ભક્ત છે તે મને પ્રિય છે.''

પ્રાગજી ભક્ત આવા જ હતા. જેમ કે –

(૧) એક દિવસ સાધુ નંદકિશોરદાસે ભગતજીને પ્રશ્ન પૂછ્યો કે ''તમોએ વરતાલમાં કહ્યું હતું કે 'મને સ્વામિનારાયણ વળગ્યા છે,' તે શું ભગવાન ભૂત જેવા છે તે વળગે ?''

ભગતજી બોલ્યા કે ''જુઓ, જેમ ભૂતને વળગવાની સત્તા છે, તો પ્રભુ વળગે એમાં શી નવાઈ ? પણ તે જેવા તેવાને વળગતા નથી. એ તો જે ભક્તને ભગવાનમાં અતિશય સ્નેહ અને આસક્તિ હોય; એને જ પ્રભુ વળગે છે.''

ભાગવતમાં ગોપીઓનાં વચન છે જે अहं कृष्णः, अहं कृष्णः । એમ ગોપીઓનાં ચિત્તની વૃત્તિઓનો નિરોધ શ્રીકૃષ્ણમાં થઈ ગયો હતો એટલે વૃત્તિ શ્રીકૃષ્ણમય થઈ ગઈ હતી અને વિચાર, વાણી અને વર્તનમાં કૃષ્ણ સિવાય બીજું તેમને કંઈ રહ્યું જ નહોતું.

(૨) પીજના મોતીલાલભાઈને ભજનના પ્રતાપથી એક રાત્રે શ્રીજીમહારાજનાં દર્શન થયાં. ત્યારે તેમણે મહારાજને પૂછ્યું કે ''મહારાજ ! પ્રાગજી ભગતને કેવા સમજવા ?''

ત્યારે મહારાજે કહ્યું કે ''પ્રાગજી ભગત મારા પરમ એકાંતિક ભક્ત છે અને વર્તમાનકાળે હું એ દ્વારે સત્સંગમાં પ્રગટ છું. તું તેમને ઉઘાડા કરીને સૌને ખબર કર. મારી આજ્ઞા છે.''

(૩) ભગતજી બોલ્યા કે ''ભગવાન ને સંતની રીત એક સરખી જ હોય. તેથી તે મૂર્તિનું જ્યારે મુમુક્ષુ જીવો શ્રદ્ધાએ સહિત દર્શન કરે છે, ત્યાં તેમની સર્વ ઇન્દ્રિયો તે મૂર્તિ સન્મુખ તણાઈ જાય છે. પછી તો તેનું જ દર્શન, તેની જ વાત અને તેનો જ પ્રસંગ ગમે અને તેની જ પછવાડે રાન રાન અને પાન પાન થઈ જાય તો પણ ફરે.''

(૪) ખંભાતના કવિ રેવાશંકર એમ બોલ્યા : ''શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી તે માંહેલું તત્ત્વ આ પ્રાગજી ભગત છે અને શ્રીજીમહારાજ આજ ભગતજી દ્વારા પ્રગટ છે.''

યોગ ને સાંખ્યનો સમન્વય

શ્રી પ્રાગજી ભક્તમાં યોગ અને સાંખ્યનો સમન્વય હોવાથી તે શ્રેષ્ઠ ભક્ત થઈ શક્યા, એ એમની વિશિષ્ટતા છે. એકલી યોગની સાધના હોય તો તેમાં અવ્યક્ત, એટલે ઊંડે ઊંડે છૂપો રાગ રહી જાય છે. ગીતાની પરિભાષામાં તેને रसोऽपि યાને ઊંડી ઊંડી રહી ગયેલ અભિલાષા કહી છે. જ્યાં સુધી આવી એક અંશ પણ અવ્યક્ત અભિલાષા યાને રાગ હોય, ત્યાં સુધી પરાંગતિને ન જ પામી શકાય. એકલશૃંગી, પરાશર, વિશ્વામિત્ર, દુર્વાસા અને વસિષ્ઠ જેવા સમર્થ મહર્ષિઓને પણ પ્રસંગ ઉપસ્થિત થતાં એ અવ્યક્ત રાગ પ્રફુલ્લતાં, હતા-નહોતા કરી નાખ્યા હતા; તો પછી અન્યના તો એ અવ્યક્ત રાગ પાસે શા આશરા ? જ્ઞાન સાથે જ્યારે ભક્તિ યાને ઉપાસનાની સાધના હોય છે, ત્યારે જ એ ભક્તિ-ઉપાસનાના પ્રતાપથી જ અવ્યક્ત રાગ નિર્મૂળ થઈ જાય છે અને પછી તો આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ થઈ જાય છે. આત્માના સર્વાંગ શુદ્ધીકરણ અર્થે યોગ અને સાંખ્યનો જે સમન્વય જોઈએ તે પ્રાગજી ભક્તમાં સર્વાંગે હતો અને પોતે નિત્યજાગ્રત સમાધિ પામી બ્રહ્મમય હતા. મહર્ષિ અરવિંદે પણ આવી જ સ્થિતિવાળાને દિવ્યજીવન કહ્યું છે. ઉપનિષદો પણ આપણને પરાપૂર્વથી - અનાદિ કાળથી સદ્‌બોધે છે કે જેને અનન્ય ભક્તિને લીધે एषः परमात्मा वृणुते વરે છે યાને પસંદ કરે છે, તેની સમક્ષ જ એ પરમ આત્મા स्वाम् પોતાનું तनु સ્વરૂપ विवृणुते પૂરેપૂરું પ્રગટ કરે છે, અર્થાત્ પરમ કૃપાળુ પરમાત્મા આવા એકાંતિક અને યોગયુક્ત ભક્તરાજને તેની અનન્ય ભક્તિને લીધે જ પોતાનો સાક્ષાત્કાર કરાવે છે.

જ્ઞાનવાર્તા

વાંસદાથી દીવાન શ્રી ઝવેરભાઈ નાથાભાઈ અમીનના આમંત્રણથી હરિભક્તો

સાથે પ્રાગજી ભક્ત ત્યાં ગયેલ અને જે જ્ઞાનવાર્તા થયેલ તે વાંચતાં તો એમ જ લાગે કે સ્વામિનારાયણ સંપ્રદાયમાં શિક્ષાપત્રી, વચનામૃત, સ્વામીની વાતો અને સમાધિ તેમજ અક્ષરધામના માત્ર ચમત્કારો જ નથી, પરંતુ તેના પાયામાં વેદ, ઉપનિષદ, ગીતા, ભાગવત, રામાયણ આદિ વૈદિક ધર્મના અનેક મૂળભૂત સિદ્ધાંતો ફૂલગૂંથણીથી ગૂંથાયા છે; પણ સૌ કોઈ સત્સંગીઓને અનુકૂળ પડે એટલા ખાતર એ બધી વાતો પાત્રાનુસાર હળવી કરીને હરિભક્તો પાસે ક્રમશઃ રજૂ કરાય છે. બાકી તો આપણે સહજ સમજીએ છીએ કે અંતે તો હેમનું હેમ હોયે ! અહિંસા, સંયમ, સ્વચ્છતા આદિ ઐશ્વરી ગુણો સામાન્ય ગણાતી જાડી કોમોની રગેરગમાં ઉતારી, તે તે સિદ્ધાંતોને આચરણમાં ઉતરાવ્યાનું અમલી કામ આ સદીમાં જો કોઈએ પરમ શાંતિથી, માત્ર સમજાવટ ને આચરણથી કરી બતાવ્યું છે, તો તે આ સંપ્રદાયે. સહજાનંદ સ્વામીએ કોઈ અન્ય યુક્તિથી હજારો જીવોને કાયમને માટે સન્માર્ગે ચડાવી દીધા છે. અભિનંદન હો આ વિભૂતિને કે જેના પરિશ્રમથી સૌરાષ્ટ્ર ને ગુજરાતનું ગૌરવ વધ્યું છે ! આપણે તો દ્વૈત-અદ્વૈતની ભુલવણીમાંથી બહાર ન નીકળી શકીએ તો પછી કેવલાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, દ્વૈતાદ્વૈત અને શુદ્ધાદ્વૈતના ચક્રાવામાંથી કેમ કરીને બહાર નીકળાય ? એટલે અમે તો ત્યાં થયેલ જ્ઞાનવાર્તામાંથી નીચે પ્રમાણે સારભાગને આવકારીએ છીએ :

(૧) મુસલમાનોમાં પણ અહિંસા ધર્મ કહ્યો છે અને એ ખુદાનો માર્ગ છે.

(૨) જીવને જે અજ્ઞાન વળગ્યું છે, તેનો નાશ તો પ્રગટ ભગવાન કે તેના બ્રહ્મવેત્તા સાધુ મળે અને જ્ઞાન આપે ત્યારે થાય અને ત્યારે જ માયાથી છૂટીને મુક્ત થાય.

(૩) સાચો ત્યાગી તો તે કહેવાય કે જે દેહ, ઇન્દ્રિયો, મન વગેરેના ભાવથી પર થઈને એક આત્મારૂપે રહીને પરમાત્મા સિવાય બીજું કાંઈ ન રાખે.

(૪) જેમ ઇયળ, ભમરીના સંબંધે કરીને ભમરી થઈ જાય છે, એમ મુક્ત પણ સત્પુરુષના સંબંધે કરીને બ્રહ્મરૂપ થઈ જાય છે.

(૫) ભાગવત જેવા સત્શાસ્ત્રમાં પણ જ્ઞાન કરતાં ભક્તિનું બળ વિશેષ કહ્યું છે; એટલે કે આત્યંતિક કલ્યાણને પામવા માટે તો ભક્તિ એ જ એક સાધન છે - દ્વાર છે, નિસરણી છે. તે સિવાય એકલું જ્ઞાન તો ડાંગરનાં ફોતરાં જેવું નકામું છે.

બ્રહ્મસિદ્ધિનો સનાતન માર્ગ

આ ગ્રંથના અથથી ઇતિ સ્વાધ્યાય પરથી એમ સ્પષ્ટ જણાય છે કે આ સ્વામિનારાયણ ધર્મ એ કોઈ સંકુચિત દૃષ્ટિનો સંપ્રદાય કે વાડો નથી; પણ એ ધર્મ તો આપણા સનાતન વૈદિક ધર્મના મૂળભૂત સિદ્ધાંતો ઉપર રચાયેલો અને એ વૈદિક

આજ્ઞાઓને અનુસરીને આચરાતો બ્રહ્મસિદ્ધિનો દૈવી ધર્મ છે ! આ ગ્રંથના રચનારે એક ભારે ખૂબી કરી છે અને તે એ કે એમણે કોઈ એકાદ વ્યક્તિને મહત્ત્વ આપીને, ધર્મમાં કોઈ એવી વીરપૂજા દાખલ કરવાનો પ્રયાસ જ કર્યો નથી; પણ સમષ્ટિને જ કેન્દ્રમાં રાખીને તેના વિકાસની સાથે એ ધર્મના સનાતન સિદ્ધાંતોને સ્વતઃ પણ સરળતાથી એવા વિકસવા દીધા છે કે જેના પરિણામે શ્રમ વિના ક્રમશઃ વધુ ને વધુ સંપ્રદાયનું શુદ્ધ સ્વરૂપ આપોઆપ તેની સોળે કળામાં સમજાઈ જાય છે. આપણા સનાતન ધર્મના મૂળભૂત સિદ્ધાંતો જેવા કે સ્વામી અને નારાયણ, અક્ષર અને પુરુષોત્તમ કે બ્રહ્મ અને પરબ્રહ્મ, અંતરના ઉમળકાથી, ભક્તિના પ્રાદુર્ભાવથી કે શ્રદ્ધાપૂર્વક સમજીને તેનો સાક્ષાત્કાર કરવો હોય તો આબાલવૃદ્ધોને માટે આ ધર્મ વિશેષ અનુકૂળ છે એમ કહ્યા વિના ચાલતું નથી; કેમ કે, એમાં પ્રાગજી ભક્ત અને જાગા ભક્ત સમું સાવ સરળ ને સીધું છતાં ઉચ્ચ કોટિનું દૈવી માધ્યમ છે ! તાત્પર્ય કે સનાતન ધર્મના મૂળભૂત દિવ્ય સિદ્ધાંતો મૌલિક અને સચોટ દૃષ્ટાંતોથી સમજીને તે આચરણમાં ઉતારવા માટે સ્વામી અને નારાયણ સમા પ્રગટ પ્રભુની પરમ કૃપાથી તત્પર થઈ શ્રેયાર્થીઓને બ્રહ્મસ્વરૂપ પામવાનો આ ધર્મમાં પૂરેપૂરો અવકાશ છે. અને એ બધી વાતો તો આ ગ્રંથના જ્ઞાનભાગમાં એવી રીતે ફૂલગૂંથણીથી વણી દીધી છે કે એ બધું હસ્તામલકવત્ બની જાય છે.

પ્રેયઃકર

સ્વાધ્યાયનો આ ધર્મગ્રંથ આંતરદૃષ્ટિથી અવલોકતાં જેટલો દિવ્ય અને શ્રેયસ્કર લાગે છે, તેટલો જ તે ગ્રંથ બાહ્યદૃષ્ટિથી પણ પ્રેયઃકર લાગે છે. પ્રેય અને શ્રેયના સમન્વય સમો આ ધર્મગ્રંથ તેના લેખકે ભાવદૃષ્ટિથી લખ્યો છે અને તે લખતાં લખતાં પણ ઘણા પ્રસંગે એટલા તન્મય થયા લાગે છે કે જાણે તે પણ એ ટાણે કોઈ એવા એકાંતિક ભક્તને પગલે પગલે ચાલવા માંડ્યા હોય ! આ ગ્રંથમાં કોઈ એક વ્યક્તિ-વર્ગ કે સંત-મહંતને પ્રાધાન્ય આપ્યા વિના, પ્રાગજી ભક્તની અપરા ભક્તિને જ કે પ્રગટ પ્રભુના અક્ષરધામને જ પોતાની નિર્મળ દૃષ્ટિમાં રાખીને, વ્યક્ત કે અવ્યક્ત જન્મ-જન્માંતરના પેલા રાગ કે દ્વેષને ગોખરુની જેમ નિર્મૂળ કરીને જ લેખક, સ્થિતપ્રજ્ઞની સીધી સડકે પ્રભુએ પ્રેર્યા તેમ દોડ્યા ગયા છે ! આવી ઉચ્ચ ભૂમિકામાં રહીને આ ગ્રંથ લખાયો હોઈને જ તેમાં કોઈ ઠેકાણે કોઈના વ્યક્તિગત ગુણગાન કે એવી ઐહિક પ્રશસ્તિની અંજલિઓનો અત્યંતાભાવ જણાય છે. તુલનાત્મક નિર્ણયો ઘણીયે વાર અપ્રિય પણ કોઈ કોઈ સંજોગોમાં થઈ પડે; પણ એ ભયસ્થાન દૃષ્ટિમાં રાખીનેય ન્યાયની ખાતર લખવું પડે છે કે સંપ્રદાયોના આવા ઉચ્ચ કોટિના ધર્મગ્રંથોમાં આ ધર્મગ્રંથ કીર્તિકલગીરૂપ થઈ પડે એવો છે; કેમ કે, તેમાં જે છે તે

બધુંય આપણી આર્યસંસ્કૃતિને અનુરૂપ જ છે. એ ગ્રંથની પ્રેયદષ્ટિથી સમાલોચના કરીએ તો પણ એ તો સહજ સમજાય એમ છે કે એના અમર આત્માને અનુરૂપ એવું તેનું છાપકામ, બાંધણી વગેરે છે; એટલું જ નહિ, પણ સ્વાધ્યાય કરનાર શ્રેયાર્થીને દષ્ટિમાં રાખીને જ તેના લેખકે સુંદર મોટાં બીબાં અને આંખને આહ્‌લાદક લાગે તેવો કાગળ પસંદ કર્યો છે. શુદ્ધિની દષ્ટિએ તો તેમાં કહેવાનું જ શું હોય ? કેમ કે, આ ગ્રંથની મુદ્રણક્રિયા સ્વામિનારાયણ સંપ્રદાયના આચાર્યવર્ય શ્રી ભગવત્‌પ્રસાદના નામને અનુરૂપ રખાયેલ શ્રી ભગવત્‌સિંહજી મુદ્રણાલયમાં મુદ્રિત થયેલ છે અને એ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના ભક્તો સમા નાના-મોટા કાર્યકરોએ અંતરંગથી તે ગ્રંથની બધી ક્રિયા-ઉપક્રિયા સ્નેહપૂર્વક કરી છે.

અક્ષર દેરી

મૂળ અક્ષર ગુણાતીતાનંદ સ્વામીની શબ્દબ્રહ્મની અખંડ ઉપાસનાથી સુપ્રસિદ્ધ થયેલ 'ગોમંડલ'માં, સ્વામીના દેહોત્સર્ગની પવિત્ર ભૂમિમાં, અક્ષર દેરી, અક્ષર-પુરુષોત્તમના ધામરૂપે સૌ સત્સંગીઓને સનાતન સંદેશ દઈ રહેલ છે. આ ધર્મગ્રંથના લેખક તેની નોંધ લેતાં યથાર્થ લખે છે કે ''આ સ્થળે એક સુંદર વિમાન આકારની દેરી બાંધી છે તે 'અક્ષર દેરી'ને નામે સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. આ રીતે આ સ્થાન પૃથ્વીનું તળ રહે ત્યાં સુધી સર્વેને આ લોકમાં મૂળ અક્ષરબ્રહ્મના અવતરણનું પ્રતીક સદાને માટે બની રહેશે.''

પ્રાગજી ભક્તના શિષ્ય સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસ - શાસ્ત્રીજી મહારાજે તેમજ દીવાન ઝવેરભાઈના સુપુત્ર શ્રી હરિભાઈએ સુપ્રયાસે સ્વ. મહારાજા શ્રી ભગવત્‌-સિંહજીનો આ ધામ અર્થે સક્રિય સાથ સાધ્યો અને તેના પરિણામે આ બધી વિશાળ ભૂમિ વેચાતી લઈ તેની તીર્થીકૃત બનાવી દીધી. નારદપ્રણીત ભક્તિસૂત્રમાં લખ્યા પ્રમાણે, <u>તીર્થીકુર્વન્તિ તીર્થાનિ</u> અર્થાત્ એકાંતિક ભક્તો જ પવિત્ર સ્થાનોને પોતાના પ્રભાવે વસ્તુતઃ તીર્થરૂપ કરે છે; એટલે જ્યાં સુધી તેવી પવિત્ર જગ્યાએ જંગમતીર્થરૂપ સાધુપુરુષો જતા નથી, ત્યાં સુધી તે વસ્તુતઃ તીર્થને નામે લાયક નથી. સાધુપુરુષો જ તીર્થોનું તીર્થત્વ આણે છે. તેથી જ આ મહાતીર્થમાં આ ગ્રંથ રચાયો છે અને એ ગ્રંથમાં લખેલી આચરણની ભાવના મુજબ જ સંપ્રદાયના સંતો વર્તે છે એ અમે અનુભવી રહ્યા છીએ. એટલે આ ગ્રંથ જાણે તીર્થરૂપ જ હોય એમ લાગ્યા વિના રહેતું નથી.

શ્રી પુરુષોત્તમના પ્રત્યક્ષ ધામ સ્વરૂપ આ તીર્થભૂમિ અત્યારે ત્યાગમૂર્તિ શ્રી યોગીજી મહારાજના પ્રભાવથી પુણ્યભૂમિ બની ગયેલી છે. અને એના મૂળભૂત પાયારૂપ મૂળ અક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતાનંદ સ્વામીથી માંડીને પુણ્યશ્લોક શ્રી શાસ્ત્રીજી મહારાજ - શ્રી યજ્ઞપુરુષદાસજીનાં પણ પ્રત્યક્ષ દર્શન અહીં ભાવિકોને આ મહાન

તીર્થસ્થાનની સજાવટમાં થાય છે, એ જ આ તીર્થસ્થાનની વિશિષ્ટતા છે અને એ જ વિશિષ્ટતા અમોને પ્રસંગે પ્રસંગે પ્રેરક બનેલ છે.

અમારી આ અંતરની ભાવનાને અહીં પ્રત્યક્ષ સ્વરૂપ આપવા બદલ આ મૌલિક, ધાર્મિક ગ્રંથના આત્મારૂપ તેના લેખકવર્ય ભાઈશ્રી હર્ષદભાઈ દવેને અમારા અંતરનાં અભિનંદન છે. અસ્તુ.

અક્ષય તૃતીયા, સં. ૨૦૧૨
ગીતા ભુવન, ગોંડલ

(સહી) **ચંદુલાલ બહેચરલાલ પટેલ**
માજી વિદ્યાધિકારી, ગોંડલ રાજ્ય

અનુક્રમણિકા

વિષય **પૃષ્ઠ**

આશીર્વાદ પત્ર 4
નિવેદન 5
સંપાદકની નોંધ 7
પ્રસ્તાવના 10

ખંડ ૧ : બ્રહ્મયોગની સાધના અને સિદ્ધિ ૧
(વિ.સં. ૧૮૮૫ થી ૧૯૨૩, સને ૧૮૨૯ થી ૧૮૬૭)

- **વિ.સં. ૧૮૮૫ (સને ૧૮૨૯)**

મહુવાનો મહિમા ૩

- **વિ.સં. ૧૮૯૨-૧૮૯૫ (સને ૧૮૩૬-૧૮૩૯)**

બાળચરિત્રો ૫
સંપ્રદાયમાં પ્રવેશ ૭
ઝીણાભાઈ રાઠોડ ૮
સદ્ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી ૯
પીઠવડી ગામમાં આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ તથા ગોપાળાનંદ સ્વામીની પધરામણી ૧૨
આને અને અમારે પૂર્વની ઓળખાણ છે ૧૪

- **વિ.સં. ૧૮૯૫-૧૯૦૮ (સને ૧૮૩૯-૧૮૫૨)**

ઝીણાભાઈની સેવા ૧૪
ગોપાળાનંદ સ્વામીના યોગમાં ૧૫

અક્ષરધામમાં મહારાજ અને આપની પાસે શી રીતે રહેવાય ? ૧૬
પ્રાગજી તારું લગ્ન થયું છે ? ૧૭
પ્રેમમાં જ્ઞાનની જરૂર ૧૮
પ્રાગજી ! તું જૂનાગઢ જજે ૧૯
અક્ષરધામ સામે દૃષ્ટિ ૧૯
ગોપાળાનંદ સ્વામીનો વિયોગ ૨૦
જૂનાગઢ પ્રતિ પ્રયાણ ૨૧
જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શનથી અપાર શાંતિ ૨૧

- **વિ.સં. ૧૯૦૯-૧૯૧૦ (સને ૧૮૫૩-૧૮૫૪)**

શિવલાલભાઈ ગુણાતીતાનંદ સ્વામીના સમાગમમાં ૨૨

- **વિ.સં. ૧૯૧૧ (સને ૧૮૫૫)**

વરતાલમાં છાવણી ૨૫
રઘુવીરજી મહારાજને દર્શન ૨૭

- **વિ.સં. ૧૯૧૨-૧૯૧૪ (સને ૧૮૫૬-૧૮૫૮)**

'સ્વામી મૂળ અક્ષર છે' એ સમજણની શરૂઆત ૨૮
ભગતજીને જ્ઞાન આપવાનો સ્વામીનો સંકેત ૨૯
તારી ભૂખ મને લાગી છે ૩૦
પ્રાગજી આવશે ત્યારે જ હું પીરસીશ ૩૨
સ્વામી અક્ષર છે એ નિષ્ઠા કર્યા વગર અક્ષરધામમાં જવાશે નહિ ૩૨
નિર્વાસનિક ભક્તનાં લક્ષણો ૪૦

- **વિ.સં. ૧૯૧૬ (સને ૧૮૬૦)**

શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા ૪૧

- **વિ.સં. ૧૯૧૭ (સને ૧૮૬૦-૧૮૬૧)**

ધ્યાન કરવું નિર્ગુણ કે વાતો કરવી નિર્ગુણ ? ૪૩
ભગતજીને સ્વામીના ત્રણ વર ૪૪
નવી હવેલીના કામમાં ૪૭
અનુવૃત્તિ એ જ ભક્તિ ૫૦
ભેખનું તો ભાંગી પડ્યું ૫૨
ભઠ્ઠી ભર્યાની વાત ૫૩
યોગની પરાકાષ્ઠા ૫૩

• વિ.સં. ૧૯૧૮ (સને ૧૮૬૧-૧૮૬૨)

સાંખડાવદરના બીડમાં તૃણોત્સવ ૫૪
વાળંદનો કસબ ૫૫
દરેક ક્રિયામાં આત્મરૂપે જ વર્તન ૫૮
મરેલું કૂતરું ખસેડ્યું ૫૮
મોટાની મરજી ન જાણનારા જીવ કેવળ ચામડિયા જ છે ૫૯
એઠવાડની કૂંડીમાં અડસઠ તીર્થ ૬૦
વરતાલ ચૈત્રી સમૈયે ૬૧
પારઠ ભેંસનું દૂધ તો અમારા ઘરમાં જ છે ૬૨
ભગવાનને ભૂલીને વાસણ ઊટકે છે ? ૬૪
હું તો પથરા ઊંચકાવીશ અને ભગવાન આપીશ ૬૫
સાધુનો કસબ તે શું ૬૫

• વિ.સં. ૧૯૧૯ (સને ૧૮૬૨-૧૮૬૩)

અખંડ ભજનનો વેગ ૭૧
થોરે કેળાં પાક્યાં છે ૭૪
વર્તમાનકાળે રાજીપો શેમાં છે ? ૭૫

• વિ.સં. ૧૯૨૦ (સને ૧૮૬૪)

ધણીનો કોઈ ધણી છે ? ૭૭
બ્રહ્મનો સાક્ષાત્કાર ૭૯
ગુણાતીત ઊઠો ! ૮૨
પ્રાગજીને ગુરુપદે સ્થાપીને પ્રાયશ્ચિત્ત આપવાની આજ્ઞા ૮૩
મૂળ અક્ષરબ્રહ્મનો ઉદ્‌ઘોષ ૮૪
ભગતજીના પિતાનો અક્ષરવાસ ૮૫
ભગતજીને વાતો કરવાની સ્વામીની આજ્ઞા ૮૭
હાથછૂટી બલા થઈ ગઈ ૮૮

• વિ.સં. ૧૯૨૧ (સને ૧૮૬૪-૧૮૬૫)

ચાર પ્રકારના મોટાપુરુષ ૯૧
કારણ શરીરનો નાશ કેમ થાય ? ૯૨
ભગતજી થકી મૂળ અક્ષરબ્રહ્મનો નિશ્ચય ૯૩
પ્રાગજી ! કેમ આળસ્યો ? ૯૬

મેવાસાના હરિભક્તોને ભગતજીએ સ્વામીનો નિશ્ચય કરાવ્યો ૯૬
ત્રિકમદાસ કોઠારીને નિશ્ચય ૯૭
વંથળીના દેવજીભાઈને નિશ્ચય ૯૮
સ્વામીની ગોદડીમાંથી અનંત સૂર્યનું તેજ નીકળે છે ૯૯
રાજકોટના મંગળજી ઠક્કરને નિશ્ચય ૧૦૦
સ્વામીને ઉપાધિની શરૂઆત ૧૦૧
સ્વામીના સમાગમે શુક સ્વામી ૧૦૨
સહજાનંદ સ્વામીનો કર્યો પણ વિમુખ નહિ થાઉં ૧૦૩
રાઠોડ ભક્તોને સ્વામીના ચરણસ્પર્શનો નિષેધ ૧૦૪
સ્વામીને ઠપકો આપવાનું મોકૂફ ૧૦૫
બીજો અક્ષર હશે તો તેને અને મારે સમજવાનું છે ૧૦૬
વરતાલમાં ચૈત્રી સમૈયો ૧૦૬
નર્યા સાધુ સાધુ શું કરી રહ્યો છે ? ૧૦૭
મજકૂર વયો ગયો ૧૦૭
સ્વામિનારાયણની સાચી ઉપાસના શું ? ૧૧૦
સ્વામીએ માવજી મિસ્ત્રીનો વહેવાર સુધાર્યો ૧૧૧
આ પ્રાગજી જેવો અમને કેમ આનંદ આવતો નથી ? ૧૧૨
એકાંતિક ધર્મ કોને આધારે રહેશે ? ૧૧૩
વર્તમાનકાળે ભગતજી જેવા એ એક જ છે ૧૧૪

• **વિ.સં. ૧૯૨૨ (સને ૧૮૬૫-૧૮૬૬)**

સોરઠના હરિભક્તોનો સ્વામી પ્રત્યેનો પ્રેમ ૧૧૫
અક્ષરધામની કૂંચી પ્રાગજી ભક્તને સોંપી છે ૧૧૬
ઊનામાં સ્વામીને ઠપકો દેવાનો ઠરાવ ૧૧૭
આ સત્સંગમાં કેટલાક ચાકર જેવા અને કેટલાક ધણી જેવા પણ છે .. ૧૨૦
વરતાલમાં ચૈત્રી સમૈયો ૧૨૧
ગઢડામાં સ્વામીનો અદ્‌ભુત પ્રતાપ ૧૨૧
મહેળાવમાં ગંગા અને સાગરનો સંગમ ૧૨૨
મહેળાવનો મહિમા ૧૨૩
સ્વામીનું વરતાલમાં અપમાન ૧૨૩
પ્રાગજી ભગતને વિમુખ કર્યા ૧૨૬

જૂનાગઢ આવો તો બ્રહ્મરૂપ કરી મેલું ૧૨૭
શાસ્ત્રીજી મહારાજને સ્વામીના આશીર્વાદ ૧૨૮
ભગતજીને ઝેર આપી મંદિરમાંથી રજા આપી ૧૩૦
મહારાજે દર્શન દઈ દવા કરી ૧૩૦
સત્પુરુષનો હેડો ૧૩૧
મહંતાઈ સોંપી દીધી ૧૩૨

• **વિ.સં. ૧૯૨૩ (સને ૧૮૬૬-૧૮૬૭)**

સ્વામીનું સોરઠ અને બાબરિયાવાડમાં વિચરણ ૧૩૨
બળિરાજાનું વચનામૃત ૧૩૩
આ લોક જ દુઃખદાયી છે ૧૩૫
આચાર્ય મહારાજની મહુવામાં પધરામણી ૧૩૭
એનાં લોટ, દાળ કાંઈ ઓછાં વિમુખ છે ? ૧૩૮
તમારા ધર્મમાં વિપરીત રીત કેમ ? ૧૩૯
મને તમારા સમાગમ વગર ગમતું નથી ૧૩૯
સ્વામીનું અમદાવાદમાં અપૂર્વ સન્માન ૧૪૧
અમારે મથુરાના બ્રાહ્મણોની સમજણ ખપતી નથી ૧૪૨
પ્રાગજી ભક્ત તથા શામજીભાઈ અમદાવાદમાં ૧૪૬
વરતાલમાં સ્વામીનું ઐશ્વર્ય ૧૪૮
વરતાલમાં સ્વામીનું ફરીથી અપમાન ૧૪૯
સારંગપુર : સર્વોપરી ધામ ૧૫૨
આણે કેનો બાપ માર્યો છે ? ૧૫૩
સ્વામીનું કાર્ય ૧૫૬
જૂનાગઢની છેલ્લી વિદાય : ‘સત્સંગમાં ફરશું અને મહુવે જઈને રહેશું’ .. ૧૫૭
ગોંડલમાં સ્વામીનો દેહોત્સર્ગ ૧૬૦

ખંડ ૨ : સંપ્રદાયમાં ભગતજીનું વિચરણ ૧૬૨
(વિ.સં. ૧૯૨૪ થી ૧૯૫૩, સને ૧૮૬૭ થી ૧૮૯૬)

• **વિ.સં. ૧૯૨૪-૧૯૨૭ (સને ૧૮૬૭-૧૮૭૧)**

ભગતજીનો સત્સંગમાં પુનઃ પ્રવેશ ૧૬૨
બ્રહ્મજ્ઞાનની અખંડ જ્યોત ૧૬૩

• **વિ.સં. ૧૯૨૮ (સને ૧૮૭૨)**

સત્પુરુષ માટે ગિરધરભાઈની શોધ ૧૬૩

એવા સત્પુરુષ તો વર્તમાનકાળે પ્રાગજી ભક્ત છે, તેને સેવો ૧૬૪

ભગતજીના યોગમાં ૧૬૬

• **વિ.સં. ૧૯૨૯ (સને ૧૮૭૩)**

કોઠારી બેચર ભગત ભગતજીના પ્રસંગમાં ૧૭૦

મને તો અંતરનું કેડિયું સીવતાં પણ આવડે છે ૧૭૧

લાધા ભગતની ઉપાધિ ૧૭૧

• **વિ.સં. ૧૯૩૩ (સને ૧૮૭૭)**

અભયદાનની લહાણ ૧૭૪

• **વિ.સં. ૧૯૩૫ (સને ૧૮૭૯)**

આણંદમાં પવિત્રાનંદ સ્વામીનું અપમાન ૧૭૫

પંચાળાનું ત્રીજું વચનામૃત ૧૭૬

• **વિ.સં. ૧૯૩૭ (સને ૧૮૮૧)**

નડિયાદમાં અવતાર અવતારી નિર્ણય ૧૮૦

• **વિ.સં. ૧૯૩૮ (સને ૧૮૮૨)**

વિજ્ઞાનદાસજીને સંસ્કૃત ભણવાની આજ્ઞા ૧૮૪

ચીજો ખાધી હોય તે સંભારવી ૧૮૬

ભગતજીને પૂંઠ કેમ દેવાય ? ૧૮૭

ભગતજીના સાન્નિધ્યમાં નૈમિષારણ્ય ક્ષેત્રનો અનુભવ થાય છે ૧૮૭

કોઠારી બેચર ભગતને કોઠારમાંથી છૂટા કર્યા ૧૮૮

માનખંડન ૧૮૯

• **વિ.સં. ૧૯૩૯ (સને ૧૮૮૩)**

સુરત મંદિરમાં ઘનશ્યામ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ૧૯૧

ભગતજીના યોગમાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી ૧૯૨

વિજ્ઞાનાનંદ સ્વામીના મુખેથી મૂળ અક્ષરનું પ્રમાણ ૧૯૩

વિજ્ઞાનદાસજીનો યજ્ઞપુરુષદાસજીએ પક્ષ રાખ્યો ૧૯૪

ત્યાગીમંડળ લાજ મૂકીને ભગતજીનો આશ્રય કરે છે ૧૯૬

• **વિ.સં. ૧૯૪૦ (સને ૧૮૮૪)**

એ તો મારો કોડીલો લાલ છે ૧૯૬

ચરણારવિંદના પાડનારા શ્રીજીમહારાજ હું એને આપીશ ૧૯૭
ભગતજીને વરતાલ તેડાવવાનો નડિયાદના ઝવેરીલાલનો આગ્રહ ૧૯૯
• **વિ.સં. ૧૯૪૧ (સને ૧૮૮૫)**
ગઢડામાં જળઝીલણીનો સમૈયો ૨૦૦
ડભાણનું બંડ ૨૦૨
• **વિ.સં. ૧૯૪૨ (સને ૧૮૮૬)**
યજ્ઞપુરુષદાસજીને ભણવાની આજ્ઞા ૨૦૪
• **વિ.સં. ૧૯૪૩-૧૯૪૪ (સને ૧૮૮૭-૧૮૮૮)**
ઓત્તારો ભલો થાય, યગનપુરુષદાસ ! ૨૦૬
વચનામૃત સારંગપુર ૧૦માનું નિરૂપણ ૨૦૯
એકાંતિક કોને કહેવા ? ૨૧૧
નડિયાદ જવાની આજ્ઞા; ડભાણની ઉપાધિની સમાપ્તિ ૨૧૩
નડિયાદમાં ભગતજીએ જણાવેલ પ્રતાપ ૨૧૩
એના હૃદયમાં ભગવાન નથી ? ૨૧૫
રાજનીતિ શીખો ૨૧૬
ઉપાસના સિદ્ધ થઈ ક્યારે ગણાય ? ૨૧૭
ગોપીઓના જેવી સ્થિતિ ૨૧૮
એક પુરુષ ઊગ્યો તે કોઈ દેશમાં અંધારું રહ્યું નહિ ૨૧૯
ભગતજી પેટલાદમાં ૨૧૯
અલમસ્ત જ્ઞાન, લોયા-૧૦ .... ૨૨૨
કુરાનમાંના ચાર પ્રકારના પુરુષની ભગતજીએ કરેલી વાત ૨૨૬
જૂતિયાં મારે તો પણ તમારે એની કેડે ફરવું ૨૨૮
આપે અમારાં મન જીતી લીધાં છે ૨૨૯
ભગતજીએ રાવસાહેબનો સંકલ્પ કહ્યો ૨૩૦
ભગતજીના મંડળ વિરુદ્ધ સાધુઓની ફરિયાદ ૨૩૨
મહુડે મહુડે અને થોરીએ થોરીએ
પ્રાગજી ભક્તનું ભજન થાય છે ૨૩૩
બળરામદાસ ભગતજીની વાતો સાંભળે છે ૨૩૬
શ્યામ બીન કૈસી બીતી દિન રતિયાં ૨૩૯
વર્તમાનકાળે હું ભગતજી દ્વારે જ પ્રગટ છું ૨૪૦

• **વિ.સં. ૧૯૪૫ (સને ૧૮૮૮-૧૮૮૯)**

વિજ્ઞાનદાસજી આદિને વરતાલ બહાર કર્યા ૨૪૧
સાધુમંડળ મહુવામાં ૨૪૩
તમને સત્પુરુષ મળ્યા છે તે શી ફિકર છે ? ૨૪૫
ભગવાન તો પોતાના ભક્તની સમીપમાં હંમેશાં રહે છે ૨૪૬
આ પ્રાગજી ભગતમાં તમે શું દીઠું છે ? ૨૪૮
આ સંગમાં કોઈ દોષ રહેવાનો નથી ૨૫૬
ગુજરાત તરફ વિદાય ૨૫૭
મહુવા તરફ પુનઃ પ્રયાણ ૨૫૮
કતપરમાં મુકામ ૨૫૯
ભગતજીનું ગુણાષ્ટક ૨૫૯
ઉપાસનામાં વૈષ્ણવોની રીતે રીત આપણા સંપ્રદાયમાં ૨૬૦
હું તો ભગવાનનો ટંડેલ છું ૨૬૧
લોકવિરુદ્ધ આચરણ ન કરવું ૨૬૩
ચરિત્રદર્શન અને જ્ઞાન ૨૬૪
મિથ્યા દોષારોપણ ન કરવું ૨૬૫
તમો બધા તો પૂર્વના છો ૨૬૬
મહુવામાં બ્રહ્માનંદ ૨૬૭
નૈષ્ઠિકવ્રત સિદ્ધ કર્યા વિના છૂટકો નથી ૨૬૮
ભાદરોડમાં અલૌકિક સુખની લહાણ ૨૬૯
બ્રહ્મના સુખનો અનુભવ ૨૭૧
તમારે જ્યાં જશો ત્યાં એમનો જ આધાર છે ૨૭૩
પ્રાગજીને ઓળખતા નહોતા ૨૭૩
આ સર્વે બીજાને શાંતિ કરે એવા છે ૨૭૩
પોતાના ગુણની વાત ન કરવી, પણ મોટાનો ગુણ કહેવો ૨૭૪
અઢાર હજાર શ્લોકમાંથી મુદ્દાનો શ્લોક ૨૭૫
કોઈ રીતે કસર રહેવા દઈશ નહિ ૨૭૭
જાનતા ક્યું નહિ વે હમારી પીર ૨૭૮
રોટલા અને શાકોત્સવ ૨૮૦
અલૌકિક સુખની લહાણ ૨૮૧

સૌના અંગનાં વચનામૃત ૨૮૨
તારા અંતરમાં તો કરકું પેઠું છે ૨૮૩
સાધુ થતાં શીખવું ૨૮૪
એકાંતિક સ્થિતિ પામ્યા સિવાય છૂટકો નથી ૨૮૪
સર્વ ક્રિયાને વિષે સત્પુરુષને ધારીને ફરો ૨૮૫
અંતે ભગવાન ભૂલવા કઠણ પડશે ૨૮૬
ચોર કોટવાળને દંડે છે ૨૮૭
આ પુરુષોત્તમદાસ બ્રહ્મર્ષિ છે ૨૯૦
ભગવાનનો આનંદ કેવો હોય ? ૨૯૧
સાધુઓને વરતાલ વળાવ્યા ૨૯૨

• વિ.સં. ૧૯૪૬-૧૯૪૭ (સને ૧૮૯૦-૧૮૯૧)

યજ્ઞપુરુષદાસજીને પુનઃ ભગવાં પહેરાવ્યાં ૨૯૩
ખાનદેશમાં સત્સંગ પ્રચાર ૨૯૪
ખાનદેશમાં સમાધિ પ્રકરણ ૨૯૪
મહુવા તરફ પ્રયાણ ૨૯૫
યજ્ઞપુરુષદાસજી ઠાકરિયો વીંછી છે ૨૯૬

• વિ.સં. ૧૯૪૯ (સને ૧૮૯૩)

મહુવામાં આચાર્ય મહારાજશ્રીની પધરામણી ૨૯૭
આચાર્ય મહારાજે ભગતજીની પૂજા કરાવી ૨૯૯
ધર્મતનયદાસજી ભગતજીને ચૌટા વચ્ચે દંડવત કરે છે ૨૯૯
આચાર્ય મહારાજની ભગતજીને ઘેર પધરામણી ૩૦૦
સંવત ૧૯૪૯, ગઢપુરમાં મૂર્તિપ્રતિષ્ઠાનો સમૈયો ૩૦૧
ભગતજી તો કલ્પવૃક્ષ છે ૩૦૧
ભગતજીએ ભાગોળે દર્શન દીધાં ૩૦૧
ગોલોક અને અક્ષરધામ કેવી રીતે સમજવાં ? ૩૦૨
માના ભગત ભગતજીના ગુણ ગાય છે ૩૦૪
નારણભાઈએ અઠે દ્વારકા કર્યું ૩૦૬
રંગાચાર્યને ભગતજીનાં દર્શન ૩૦૬
પ્રાગજી ભગત ! મહારાજની શી મરજી છે ? ૩૦૭
રંગાચાર્યનો સંકલ્પ પૂરો કર્યો ૩૦૮

મોટાપુરુષની કૃપાથી અષ્ટાંગ યોગ સિદ્ધ કર્યો છે ૩૦૯
સત્તારૂપ થઈને ભગવાનમાં પ્રીતિ કરવી ૩૧૦
અમારી પાસે અખૂટ નાણું છે ૩૧૧
આ ચરિત્ર સાંભળવાથી અર્ધા કામાદિક દોષ બળી જશે ૩૧૨
ભગવાનના ભક્ત દેશકાળને પોતાની મરજી પ્રમાણે પ્રવર્તાવે ૩૧૩
ખાનદેશમાં ભગતજીનો અદ્‌ભુત પ્રતાપ..................................... ૩૧૩

• વિ.સં. ૧૯૫૦ (સને ૧૮૯૩-૧૮૯૪)

વિજ્ઞાનદાસજીની છપૈયા બદલી ૩૧૫
શાસ્ત્રીજી મહારાજે વાંસદાના દીવાનને
ભગતજીનો મહિમા સમજાવ્યો.................................... ૩૧૬
ભગતજીને તેડાવવાની વિનંતી... ૩૧૬
પીજના જેઠાભાઈને ભગતજીની વાતો સાંભળતાં આનંદ થાય છે ૩૧૭
પીજના મંદિરમાં જેઠાભાઈને ભગતજીનાં દર્શન ૩૧૯
ભગતજી નડિયાદમાં.. ૩૧૯
બ્રહ્મરૂપ થવા માટે બ્રહ્મચર્ય પાળવું જોઈએ ૩૨૧
ભગતજી સારુ ભેટ-સામગ્રી ૩૨૧
ભગતજી તો ભગવાન થયા છે... ૩૨૩
સત્પુરુષમાં જોડાશે તેને કાંઈ બાકી રહેશે નહિ.......................... ૩૨૩
પ્રગટ જેવી કોઈ વાત નથી.. ૩૨૫
કર, કર અને કરનો મર્મ ૩૨૬
વાંસદાના દીવાનજીનું આમંત્રણ ૩૨૭
વાંસદાને રસ્તે.. ૩૨૯
વાંસદામાં ભગતજીની જ્ઞાનવાર્તા.. ૩૩૦
ખુદામાં આસક્ત થવું ૩૩૧
દીવાનજી ભગતજીની સેવામાં ૩૩૨
દીવાનજી સાથે જ્ઞાનવાર્તા... ૩૩૨
જીવ અને બ્રહ્મના ભેદનું નિરૂપણ ૩૩૩
ઉપાસના દૃઢ થયા વિના કોઈ વાત સિદ્ધ થતી નથી ૩૩૭
જેને માથે શત્રુ હોય, તેને ઊંઘ આવે નહીં ૩૪૦
મનુષ્યરૂપ ભગવાનનું સ્વરૂપ નિર્ગુણ શી રીતે ?.......................... ૩૪૧

બ્રહ્મ-પરબ્રહ્મમાં શો ભેદ ? ૩૪૩
ધર્મ દૃઢ થાય ત્યારે જ્ઞાન ટકે ૩૪૯
દીવાનજીને ભજનાનંદી થતાં શિખવાડે છે ૩૫૦
પોતાના સ્વરૂપનો અને પરમાત્માના સ્વરૂપનો વિચાર કેમ કરવો ?.. ૩૫૧
આ ડોસો પણ મહારાજ સાથે તમને દેખાશે ૩૫૨
વાંસદાના રાજા ભગતજીનાં દર્શને ૩૫૨
ચાર વેદનો ભણેલો હોય પણ અહીંયાં ચાલે તેમ નથી ૩૫૩
પુરુષોત્તમદાસજીને ગોળી આપી ઘાટ બંધ કર્યા ૩૫૪
આવા દીવાનજી જેવા દસ કરીશ ૩૫૪
ભગતજીની મહેલમાં પધરામણી ૩૫૫
વાંસદાથી વિદાય ૩૫૫
ચાણસદમાં ભજનનું પ્રકરણ ૩૫૭
વરસાદને આવવું હશે તો કાલે આવશે ૩૫૮
વાંસદાથી વરતાલ આવ્યા ૩૫૯
મહારાજ ભગતજીને ફેંટો બંધાવે છે ૩૬૦
અમદાવાદમાં અદ્‌ભુત ઉત્સવ ૩૬૧
ભગતજીએ ચાતુર્માસના નિયમ આપ્યા ૩૬૩
કૃષ્ણસ્વરૂપદાસ શાસ્ત્રી ૩૬૪
ઉપાસના તો તમે જ દૃઢ કરાવો છો ૩૬૫
ભગતજીની દિનચર્યા ૩૬૫
જાઓ, તમારા મનોરથ પૂરા થશે ૩૬૬
તમારી અનાદિની રીત ૩૬૭
સાધુતા ખોશો તો ઉપરિચરવસુની પેઠે ફળ મળશે ૩૬૮
બ્રહ્મચર્યનો પ્રતાપ અને તેની અનિવાર્યતા ૩૭૦
ભગવાનના ભક્તને દુઃખ જ હોય ૩૭૧
વાસનાનાં મૂળ ક્યારે બળે ? ૩૭૩
ભગવાનની સર્વ ક્રિયા પોતાના આશ્રિતના સુખ સારુ હોય છે ૩૭૩
યજ્ઞપુરુષદાસજી અમદાવાદ આવે છે ૩૭૪
બ્રહ્મચારીએ ભગતજીનું કવિત રચ્યું ૩૭૬
ભગતજી, તમે તો સદ્‌ગુરુ છો જ ૩૭૭

મહારાજની મૂર્તિરૂપી કમાણી ૩૭૯
ભગતજીએ રાજી થઈ શાસ્ત્રીજી મહારાજને માથે હાથ મૂક્યા......... ૩૮૦
મરજીવો થાય ત્યારે આ માર્ગે ચલાય.. ૩૮૧
અહીં તો એક દિવસમાં દસ જન્મની કસર ટળે છે ૩૮૩
અંતકાળે શ્રીકૃષ્ણને લઈને તમોને હું તેડવા આવીશ ૩૮૪
જ્યાં સુધી વિષયમાં પ્રીતિ છે, ત્યાં સુધી અનાશ્રય છે ૩૮૫
હું પણ પહેલાં શ્રાવક હતો ૩૮૫
સત્પુરુષ એટલે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને
માહાત્મ્યયુક્ત ભક્તિનો સમન્વય ૩૮૫
હું તો દરજી છું, તે બે ટાંકા તોડું છું અને બે ટાંકા સાંધું છું ૩૮૭
આવો નાનો દેહ તે મંડળ શું શોભે ? ૩૮૯
ભગતજી ધૂળનાં ગાડાં ખાલી કરે છે ૩૯૦
વડોદરા સીતાબાને પાંચ દિવસ સુધી
ભગતજીએ તથા શ્રીજીમહારાજે દર્શન દીધાં ૩૯૧
ભગવદીનો અભાવ આવવા દેવો જ નહિ ૩૯૨
ભગતજી વડોદરા આવે છે ૩૯૨
રંગાચાર્યને ઉપદેશ ૩૯૩
ફરી પાછા અમદાવાદમાં ૩૯૬
ભગતજીની વાતોમાં ગુણાતીતની લટક.. ૩૯૭
જેતલપુરમાં દર્શને ૩૯૭
આચાર્ય મહારાજની આજ્ઞાથી જૂનાગઢ જવા તૈયારી ૩૯૯
મહારાજ સાથે ભગતજી રાજકોટમાં ૩૯૯
મહુવામાં પોતાના આશ્રિતના કલ્યાણ અર્થે તપ ૪૦૧

• વિ.સં. ૧૯૫૧ (સને ૧૮૯૪-૧૮૯૫)

કામ કરતા જવું અને ભગવાન ભજતા જવું.................................. ૪૦૨
વિજ્ઞાનદાસ સ્વામીનો છપૈયામાં અક્ષરવાસ ૪૦૩
વિજ્ઞાનદાસજીના અક્ષરવાસથી સર્વત્ર અશાંતિ ૪૦૪

• વિ.સં. ૧૯૫૨ (સને ૧૮૯૫-૧૮૯૬)

પીજના જેઠાભાઈ ભગતજીનાં દર્શને ૪૦૫
ભગતજી નાવને પાર ઉતારે છે ૪૦૬

સંત રાજી થાય ત્યારે ભગવાન આપે છે ૪૦૮
સત્પુરુષ હોય ત્યાં માયા પણ હોય જ ૪૦૯
વચનામૃત ગ.મ. ૬૩ .... ૪૧૧
ગણપતરામને સ્વામી અક્ષર છે એવો નિશ્ચય થાય છે ૪૧૩
જેઠાભાઈની તો વાત જ ન કહેવાય ૪૧૩
ઘેર જવાની આજ્ઞા ૪૧૪
મહુવામાં ઉપાધિ ૪૧૫
વાંકી એની વાતું રે ૪૧૭
ભગવાનના સુખ આગળ ચૌદ લોકનાં સુખ કાકવિષ્ટા તુલ્ય છે ૪૧૯
'જાઓ, સબકાવો' ૪૨૦
જો પ્રાગજી ભગત આવશે, તો અમો કોઈ નહિ આવીએ ૪૨૧
મહુવા જવાની બંધી ૪૨૨
સર્વત્ર વિષાદની છાયા : ચતુરભાઈએ ખુલ્લો પક્ષ રાખ્યો ૪૨૩
પૂનમની સભામાં ભગતજીનો મહિમા ૪૨૫
મહુવાનો માર્ગ સળંગ ચાલુ ૪૨૬
હાથી ખૂંત્યો હોય તે હાથી વતે જ નીકળે ૪૨૭
સોય, સુહાગો ને સુઘડ નર ભેગું કરે ૪૨૮
ગઢપુરમાં જળઝીલણીનો સમૈયો ૪૩૦
મૂર્તિના પ્રકાર અને હરિસ્મૃતિ ૪૩૧
ગ.પ્ર. ૨૭ તથા ગ.અં. ૨૧ – આ બે વચનામૃત તો
ભગતજી ઉપર જ ઊતરે છે ૪૩૪
તો તમારી પાછળ લાખો મનુષ્ય ફરશે ૪૩૫
ભગવાનનું ખરું સુખ અહીં આવે છે ૪૩૫
ભગવાનનું સુખ કેવું હશે ? ૪૩૬
દિશ ઉપર વાત ૪૩૮
ભગવાનના ભક્તને શૂરવીર થાવું ૪૪૨
આ તો તમારાં અંતર ચોખ્ખાં કરવાની સાવરણી છે ૪૪૬
બ્રહ્મરૂપ નહિ થવાય ત્યાં સુધી ભગવાનની મૂર્તિનું સુખ નહિ આવે .. ૪૪૯
જ્ઞાન વિના ધ્યાન ટકશે નહિ ૪૫૧
હું તો બધાને બ્રહ્મની મૂર્તિ સમજું છું ૪૫૨

માહાત્મ્ય સહિત ભક્તિ ન હોય તો કાંઈ નથી ૪૫૩
ત્રણે અવસ્થામાં ભગવાન ન દેખાતા હોય તો આ બ્રાહ્મણના સમ છે ૪૫૪

ખંડ 3 : જ્યાં અપમાન ત્યાં સન્માન ૪૫૮

(વિ.સં. ૧૯૫૩-૧૯૫૪, સને ૧૮૯૭)

• **વિ.સં. ૧૯૫૩ (સને ૧૮૯૭)**

જૂનાગઢ સમૈયે ૪૫૯
જૂનાગઢમાં જન્માષ્ટમીનો સમૈયો ૪૬૧
જડ-ચૈતન્યનો વિવેક ૪૬૩
જીવનું અસત્પુરુષપણું શું છે ? ૪૬૩
સાચો ઉપાસક કોને કહેવાય ?... ૪૬૯
શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ એ જ ખરું સ્વરૂપ છે ૪૭૧
સોનાના સિંહાસન ઉપર બેસારી સોનાની આરતી ઉતારીએ
તો પણ ઓછું છે ૪૭૨
ગુણના ભાવથી રહિત થાય ત્યારે ભક્તિનું સુખ આવે ૪૭૩
પરમાનંદી ઓળખવા.. ૪૭૩
સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાની પરવશતા કેમ ટળે ? ૪૭૪
જાણપણારૂપ દરવાજે રહીએ તો ગુણની નિવૃત્તિ થાય ૪૭૪
આ તો હજુ પાન-સોપારી આપ્યાં છે ૪૭૫
ભક્તિ એ જીવરૂપ છે ૪૭૬
સાધુ વિના હૃદયગ્રંથિ ગળે નહિ ૪૭૭
આ સત્સંગમાં આવી ખોટ ટાળવી ૪૭૮
બ્રહ્મવિદ્યાનો એકડો એટલે મન જીતવું ૪૭૯
ધ્યાન છોડીને સાંખ્ય શીખો ૪૮૦
ભજન કરતાં ક્રિયા કરવી ૪૮૧
મહારાજનાં ચાર સુખ.. ૪૮૨
જ્ઞાન એ સાંખ્ય છે, ધ્યાન એ યોગ છે ૪૮૩
ભગવાનમાં પ્રીતિ દૃઢ કરવા માટે દસ એકડા ભણવા ૪૮૪
તુલસી દવેની નિરાવરણ સ્થિતિ.. ૪૮૫
ગ્રંથિઓ ક્યારે તૂટે ? ૪૮૬

વિષયનો સંકલ્પ રહે છે તેનું શું કારણ ? ૪૮૮
વિષયનું સુખ લાંપડાના તાપ જેવું છે ૪૯૦
ગંડવા ચાલે ત્યારે પ્રભુ ભજાય.. ૪૯૨
અહીં જૂનાગઢમાં સત્સંગની જુવાની દેખાય છે ૪૯૩
સેવાના ત્રણ પ્રકાર ૪૯૪
અહોનિશ સાધુને સંભાર્યા કરવા ૪૯૫
ઉપશમ એટલે શું ? ૪૯૭
આ જીવને દેહ બંદીખાનું છે ૪૯૮
ગુણ આવે છે તે વૃદ્ધિને પામે છે ૫૦૧
પ્રેમી, ધ્યાની કે વેગી ન થવું ૫૦૩
મૂર્તિ સામે અખંડ દૃષ્ટિ રહે એ સિદ્ધ દશા................................ ૫૦૪
જૂનાગઢની રમણરેતી ૫૦૫
ત્રણ પ્રકારનો કુસંગ ૫૦૭
ગુરુ કોને કહેવાય ?.. ૫૦૭
સંતમાં શા માટે જોડાવું ? ૫૦૮
વચનામૃતમાં સત્પુરુષની મહત્તા.. ૫૧૦
લોકનું અજ્ઞાન ૫૧૨
તપમાં, નિયમમાં, વર્તનમાં કોઈ તમારે તોલે ન આવે ૫૧૩
પારેવા જેવા થવું ૫૧૪
મહિમા હોય તો સુખ આવે ૫૧૪
સત્પુરુષનો સ્વભાવ.. ૫૧૬
કાળના બળનો વિચાર ૫૧૬
પુરુષોત્તમને વરણીય ક્યારે થવાય ? ૫૧૭
કુંવારી વૃત્તિ હોય તો ભગવાન વરે.. ૫૧૯
જેમ તેમ અને જેવું તેવું હોય તે જ સારું ૫૨૦
સંબંધીનો ફાંસલો દુસ્તર છે.. ૫૨૧
દર્શનાદેવ સાધવઃ ૫૨૨
સાંખ્યનો મત ૫૨૨
સ્થિતિ કરવાની સાત ભૂમિકા ૫૨૩
મુકામ અને નિશાન એટલે શું ? ૫૨૪

ચિત્તને વિષે વિષય કે વિષયને વિષે ચિત્ત ? ૫૨૪
જૂનાગઢથી વિદાય ૫૨૬
ભગતજી ગોંડળમાં ૫૨૭
અક્ષર દેરીએ, 'અહીં તો આરતી ઊતરશે અને મોટું મંદિર થશે' ૫૨૮
યજ્ઞપુરુષદાસજી ! તમારે કંઈ અધૂરું નથી ૫૨૯
સાધન દશાવાળાને એકાંતિકની સંજ્ઞા ૫૨૯
જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિવાળો કેમ વર્તે ? ૫૩૦
ધામમાં જવાનો સંકલ્પ ૫૩૧
કોઠારી જેઠા ભગત મહુવામાં ૫૩૧
ગુજરાતથી હરિભક્તો મહુવા આવે છે ૫૩૩
મારાં જેને એક વખત દર્શન થયાં હશે,
તેને હું અક્ષરધામમાં લઈ જઈશ ૫૩૩
છેલ્લા આશીર્વાદની શીખ ૫૩૪

• વિ.સં. ૧૯૫૪ (સને ૧૮૯૭)

આપ ઉદાસ થાઓ તો આપના સમગ્ર શિષ્યોના સમ છે ૫૩૫
પુરુષોત્તમદાસનો સંકલ્પ પૂરો કર્યો ૫૩૫
કોઠારી, મને વરતાલ લ્યો ૫૩૮
અગ્નિસંસ્કાર ૫૩૯
રાજકોટમાં શાસ્ત્રીજી મહારાજને ભગતજીનાં દર્શન ૫૪૧

પરિશિષ્ટ ૧ : ઐશ્વર્ય અને પ્રતાપ ૫૪૩

ભગતજી બે કાંઠામાં શેત્રુંજી નદી પાર ઉતારે છે ૫૪૩
સર્પ તથા હડકાયું કૂતરું કરડ્યું ૫૪૪
મૂંગા બ્રાહ્મણ પાસે ભગતજી વેદ બોલાવે છે ૫૪૫
મહુવાના રણછોડ ભક્તને નિરાવરણ સ્થિતિ કરાવી ૫૪૬
કાનજી દરજીને હાર આપી મૂર્તિ આપી ૫૪૭
સીતાબાને પુત્રનાં દર્શન કરાવ્યાં ૫૪૮
ભગતજી વીસ જણને એક ક્ષણમાં ઘેલે પહોંચાડે છે ૫૪૮
મરકીનો રોગ મટાડ્યો ૫૫૦
અહીં મરે તે ઠીક નહિ ૫૫૦

નરસિંહભાઈને હમણાં તેડી ન જશો ૫૫૧
મોતીભાઈને વા મટ્યો ૫૫૧
ભગતજીના નેત્રમાં એક બ્રાહ્મણને મહારાજનાં દર્શન થયાં ૫૫૧
ભાઈજીભાઈનો સંકલ્પ પૂરો કર્યો ૫૫૨
અન્નકૂટના સમૈયે હજારોને દર્શન ૫૫૨
પરિશિષ્ટ ૨ : દેહોત્સર્ગ સ્થાને દેરીના ખાતમુહૂર્તનો વિધિ ૫૫૪
પરિશિષ્ટ ૩ : બ્રહ્મસ્વરૂપ-શ્રીપ્રાગજીભક્ત-મહિમાષ્ટકમ્ ૫૫૬
પરિશિષ્ટ ૪ : ભગતજી મહારાજના પત્રો ૫૫૯
પરિશિષ્ટ ૫ : ભગતજી મહારાજનાં પ્રિય કીર્તનો ૫૭૧
પરિશિષ્ટ ૬ : પાત્રસૂચિ ૫૮૭

બ્રહ્મસ્વરૂપ
શ્રી પ્રાગજી ભક્ત

ખંડ ૧

બ્રહ્મયોગની સાધના અને સિદ્ધિ

क्षान्तिर्दान्तिर्दया सत्यं दानं शीलं तपः श्रुतम् ।
एतदष्टाङ्गमुद्दिष्टं परमं पात्र-लक्षणम् ॥[1]

ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પૂર્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામીએ સ્વામિનારાયણ સંપ્રદાયને સંપૂર્ણ વિકસાવ્યો અને એકાંતિક ધર્મનું સ્થાપન કરી લાખો મુમુક્ષુ જીવોને કલ્યાણના માર્ગે મૂક્યા. અધમઉદ્ધારણ અને પતિતપાવનનું બિરુદ, એમણે ગુજરાત તથા સૌરાષ્ટ્રના કાઠી, કણબી, કોળી તથા બીજી અનેક ઊતરતી જ્ઞાતિના લોકોને આચાર તથા વ્યવહારની શુદ્ધિ કરાવી આત્મસ્વરૂપની ઉચ્ચ ભૂમિકા ઉપર મૂકી, સિદ્ધ કરી દીધું. તેમના પ્રાગટ્ય પહેલાંનું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અંધાધૂંધીમય અને અસ્તવ્યસ્ત વાતાવરણ તેમના પ્રાગટ્ય પછી ફક્ત ત્રીસ જ વર્ષમાં શુદ્ધ સત્ત્વમય અને ધાર્મિક થઈ ગયું હતું. સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓ ગામડે ગામડે વિચરણ કરી, ધર્મ-નિયમના પાલનનો ઉપદેશ દઈ રહ્યા હતા. ક્વચિત્ હઠીલા અને જડ જેવા જણાતા જીવોને તેમણે ઐશ્વર્યથી ખેંચ્યા હતા. આ રીતે સમગ્ર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ધાર્મિકતા, નીતિ, સદાચાર અને ભક્તિનું અપૂર્વ વાતાવરણ ગુંજી રહ્યું હતું. સર્વત્ર શાંતિ પ્રસરી રહી હતી.

એકાંતિક ધર્મની સ્થાપના - એ ધ્યેય સિદ્ધ થતાં શ્રી સહજાનંદ સ્વામીએ અંતર્ધાન થવાનો સંકલ્પ કર્યો, પરંતુ જીવો ઉપર ખૂબ જ દયા કરી આ એકાંતિક ધર્મ અને આત્યંતિક કલ્યાણનો માર્ગ સદા ખુલ્લો રહે તે માટે તેમણે સંપૂર્ણ વ્યવસ્થા કરી રાખેલ હતી. તેમના પાંચસો પરમહંસ પંક્તિના સંતોમાંથી બે મહાન ધુરંધર સંતો અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીને

૧. ક્ષમા, ઈન્દ્રિયદમન, દયા, સત્ય, દાન, શીલ, તપ અને શ્રુત - આ આઠ અંગે જે યુક્ત હોય તે પરમપાત્ર કહેવાય છે. – ભવિષ્યપુરાણ

સૌરાષ્ટ્રનો પ્રદેશ સોંપ્યો અને સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીને ગુજરાતનો દેશ સોંપ્યો; અને એકાંતિક ધર્મ ફાલ્યોફૂલ્યો રહે અને કોઈ રીતે ધર્મમાં ગૌણપણું ન આવે એવી મહાન જવાબદારી આ બે સંતોને સોંપી. સાથે સાથે આ બે સંતોના અંતર્ધાન થયા પછી પણ એકાંતિક ધર્મ નષ્ટપ્રાય ન થાય અને મુમુક્ષુ જીવોનું કલ્યાણદ્વાર બંધ ન થાય તે માટે તેમણે પોતાનાં ઐશ્વર્ય, પ્રતાપ અને શક્તિને જીરવી શકે એવા ગુણાતીત સંતવર્યને પણ પૃથ્વી ઉપર જન્મ ધરવા આદેશ કર્યો. આ રીતે ભાગવત ધર્મની જ્યોત સદા અમર જ રહે અને એક પછી એક વિલીન થતા બ્રહ્મસ્વરૂપ સંતમાંથી બીજા ઉત્પન્ન થઈ, આ ધર્મકાર્યને જ્વલંત રાખે તેવી દૃષ્ટિ કરીને તેઓ સંવત ૧૮૮૬ના જ્યેષ્ઠ સુદિ ૧૦ને દિવસે અંતર્ધાન થયા.

એક તરફ સૌરાષ્ટ્રમાં, જૂનાગઢના સ્વામિનારાયણ મંદિરમાંથી અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી, સંતો તથા દેશદેશના હરિભક્તોને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા ભક્તિની અપૂર્વ વાતો કરી, સર્વનાં અંતર ભેદી, અજ્ઞાનરૂપી તિમિરનો નાશ કરી, સિદ્ધદશાને પમાડતા હતા. આ રીતે સમગ્ર સૌરાષ્ટ્રમાં સ્વામિનારાયણ સંપ્રદાયનો વિજયધ્વજ તેમણે ફરકાવી દીધો હતો. જ્યારે બીજી બાજુ ગુજરાતમાં સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી પણ અવિરત વિચરણ કરી, કથાવાર્તા અને સદુપદેશથી સત્સંગી જનતાને તથા નવા થતા મુમુક્ષુઓને સદૈવ જાગ્રત રાખી, શિથિલતા દૂર કરી રહ્યા હતા. આવી રીતે, શ્રીજીમહારાજે સોંપેલ આ મહાન કાર્ય આ બે સંતવર્યો કરી રહ્યા હતા.

સંવત ૧૯૦૮માં સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી અંતર્ધાન થયા અને સમગ્ર ગુજરાત તથા સૌરાષ્ટ્રના સત્સંગીઓની સંભાળ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીને શિરે આવી પડી. શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ પણ આ જ્વલંત આદર્શને જીવંત રાખ્યો અને જૂનાગઢથી વરતાલ, ગઢડા આદિ સ્થળોએ સમૈયામાં જઈને તે દેશના હરિભક્તોને કથાવાર્તાનું સુખ આપ્યું અને સત્સંગની અપૂર્વ ખિલવણી કરી.

પૂરાં ૮૨ વર્ષની વયોવૃદ્ધ અવસ્થા થતાં અને આ લોકમાં પધારી સુકાઈ ગયેલા બ્રહ્મતેજને પ્રજ્વલિત કરવાનું જે કાર્ય શ્રીજીમહારાજે તેમને સોંપ્યું હતું તેને સંપૂર્ણ પાર પાડી પોતે સંવત ૧૯૨૩ના આસો સુદિ ૧૩ને દિવસે ગોંડલમાં સ્વતંત્ર થકા ધામમાં પધાર્યા અને પોતાના પટ્ટશિષ્ય બ્રહ્મસ્વરૂપ શ્રી

પ્રાગજી ભક્તને ગુજરાત તથા સૌરાષ્ટ્રના દેશો સોંપી, આ બંને દેશના સત્સંગની અને એકાંતિક ધર્મની જ્યોતને અમર રાખવાની સોંપણી કરી દીધી.

આવા મહાન પરમ એકાંતિક શ્રી પ્રાગજી ભક્ત ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં પણ સંત જ હતા. તેમણે સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીનો તેર વર્ષ સમાગમ કર્યો હતો અને અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીનો પંદર વર્ષ સમાગમ કર્યો હતો. શ્રી ગુણાતીતાનંદ સ્વામી થકી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના ઉચ્ચ આદર્શોને પોતામાં પ્રગટાવી એકાંતિક ધર્મ સિદ્ધ કર્યો અને બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરી. એટલું જ નહિ, પરંતુ ગુજરાત તથા સૌરાષ્ટ્રના સત્સંગીઓને પણ એકાંતિક ધર્મમાં સદૈવ જાગ્રત રાખ્યા અને સત્સંગ તથા કથાવાર્તાનું અદ્વિતીય સુખ આપ્યું.

મહુવાનો મહિમા

સૌરાષ્ટ્રના ગોહિલવાડ પ્રદેશમાં મહુવા શહેર એક નાનકડું બંદર છે. સૌરાષ્ટ્રની સહજ એવી ડુંગરાળ ભૂમિથી અનોખી ભાત પાડતો આ પ્રદેશ પ્રકૃતિના સઘન વનથી સમૃદ્ધ છે. આંબા, કેળાં, નારંગી, દ્રાક્ષ, ચીકુ, રામફળ તથા નારિયેળનાં વૃક્ષોથી સમૃદ્ધ આ નાનકડું શહેર માલણ નદીના કિનારે વસેલું છે. નદીના સામે કિનારે ફળોના બગીચાઓથી જાણે ઋતુકાળમાં પ્રવેશ જ ન કરવો હોય (ઋતુઓથી અબાધિત) એવા અખંડ યૌવનભાવે પ્રકૃતિ અહીં સદા ખીલેલી જ રહે છે. લોકો આ શહેરને સૌરાષ્ટ્રનું કાશ્મીર કહે છે અને ખરેખર સૌરાષ્ટ્રના ઉષ્ણ હવામાનમાં પણ આ શહેર તો શીતળતા જ અર્પે છે.

આવા શીતળ સૌમ્ય વાતાવરણમાં આ મહાપુરુષનો જન્મ સંવત ૧૮૮૫ના ફાગણ સુદ ૧૫ને દિવસે થયો અને સત્સંગમાં વસંતનાં પગરણ મંડાયાં.

જે ભૂમિ ઉપર આવા મહાપુરુષનો જન્મ થયો હોય, તે ભૂમિના પૂર્વ-સંસ્કાર ખૂબ જ મોટા હોય. એવો અપાર મહિમા આ ભૂમિનો, સંવત ૧૮૫૫થી શરૂ થયો. આ વર્ષમાં શ્રીજીમહારાજ નીલકંઠ વર્ણી વેશે વન-વિચરણ કરતાં ફરતાં ફરતાં તળાજા તથા ગોપનાથ તરફથી દરિયાકિનારે કળસાર થઈ માલણ નદી ઊતરી મહુવા પધાર્યા. અહીં લક્ષ્મીનારાયણની

જગ્યામાં જે હાલ ખીમનાથના મંદિર નામે ઓળખાય છે ત્યાં મહારાજ મંદિરને પગથિયે આવીને બેઠા. પછી જ્યાં મંદિરના મહંત બાવા બાલકદાસ રામકથા વાંચતા હતા, ત્યાં જઈ મહારાજે પ્રશ્ન પૂછ્યો. જેનો ઉત્તર કોઈને ન આવડ્યો. એટલે બાવાજી બોલ્યા : ''આ કોણ ડાહ્યો આવ્યો છે ?''

પછી મહારાજ ત્યાંથી ઊઠીને જ્યાં હનુમાનજીની દેરી છે ત્યાં પધાર્યા અને ત્યાં મુકામ કર્યો. મહંત બાવાને મહારાજની ક્રિયા જોઈ ગુણ આવ્યો અને ત્રણ દિવસ સુધી મહારાજને પોતાની ફૂલવાડીમાં પોતાની સાથે તે નાહવા લઈ જતો. અહીં મહારાજ અષ્ટાંગયોગની ક્રિયા કરતા. આ જગ્યા માલણ નદીના કાંઠા ઉપર આવેલી છે અને 'બાવાના કોઠા'ને નામે ઓળખાય છે. મહારાજ ત્રણ દિવસ સુધી અહીં રહ્યા અને ચોથે દિવસે ચાલી નીકળી પીપાવાવ તરફ ગયા હતા. શ્રીજીમહારાજે આ વાત પાછળથી મહુવાના રાઠોડ ભક્ત ઝીણાભાઈને કહી હતી અને લક્ષ્મીનારાયણની વાડી તથા ફૂલવાડી બંને બતાવ્યાં હતાં. વળી, આ જગ્યાની બાજુમાં જ વાણિયાની ડોસી રહેતી હતી. તેણે મહારાજને મોટા જાણી ઘેરથી રોટલો અને ઘી લાવી જમાડ્યા હતા. તે વાત પણ ઝીણા ભગતને મહારાજે કહી હતી.

આવા અપાર બીજબળવાળી આ જન્મભૂમિમાં સંવત ૧૮૮૫માં પહેલું સાધુનું મંડળ સ્વામી નિર્મળાનંદજીનું આવ્યું. ત્યાર પછી સંવત ૧૮૯૩માં સ્વામીશ્રી ગુણાતીતાનંદ સ્વામીનું મંડળ આવ્યું અને તે મંડળે સભા જીતી અને પૃથ્વી ઉપર સ્વામિનારાયણનો અવતાર થયો છે તે સિદ્ધ કર્યું. સંવત ૧૯૦૩માં ધ.ધુ. આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ મહુવા પધાર્યા હતા. ત્યાર પછી આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજ તથા વિહારીલાલજી મહારાજ પણ સંતોનાં મંડળો સાથે પધાર્યા હતા. એવી મહાપવિત્ર આ ભૂમિમાં બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રાગજી ભક્તે દરજી કુટુંબમાં પિતાશ્રી ગોવિંદભાઈ અને માતુશ્રી મલુબા થકી જન્મ ધર્યો.

ગોવિંદભાઈ જ્ઞાનવૃદ્ધ, સત્ત્વગુણી અને પ્રતિષ્ઠાવાન ગણાતા. નાતમાં પ્રતિષ્ઠિત પુરુષ તરીકે માન પામવા છતાં પોતે તો સદા નિર્માનીપણે 'ભગત' સંજ્ઞાથી જ ઓળખાતા. લગભગ ૨૦ વર્ષની ઉંમરે જ્યારે ઝીણાભાઈ રાઠોડ થકી 'સ્વામિનારાયણ ભગવાન છે' એમ જાણ્યું એટલે ઘેર કહ્યા સિવાય પોતાની સાથે પીતાંબરભાઈ(કાનજી દરજીના પિતા)ને લઈને ગઢડા જતા

રહ્યા હતા. ત્યાં મહારાજનાં દર્શન કરી વર્તમાન ધરાવ્યાં. પછી મહારાજે કહ્યું : ''અલ્યા છોકરાઓ ! તમને ઘેર ગોતે છે માટે હવે ઘેર જાઓ.'' ત્યારથી સત્સંગમાં ઝીણાભાઈના પ્રસંગમાં રહેવા લાગ્યા અને દિવસે દિવસે સત્સંગ દૃઢ થતો ગયો. પાછલી અવસ્થામાં પોતાના મોટા પુત્ર નરસિંહભાઈને કુટુંબની જવાબદારી સોંપી, પોતે ભજનમાં જ મગ્ન રહેતા.

આ કુટુંબમાં પ્રાગજી ભક્તનો જન્મ થતાં કુટુંબની સ્થિતિ અને પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ અને નરસિંહભાઈની કેટલીક જવાબદારી આપમેળે જ ઓછી થઈ ગઈ.

બાળચરિત્રો

ગૌર, પુષ્ટ અને સુંદર મુખારવિંદથી આ બાળકે એકલા દરજી કુટુંબમાં જ નહિ પણ સમગ્ર મહુવાની જનતામાં અને ખાસ કરીને નાગર નાતમાં અપૂર્વ આકર્ષણ કર્યું. આવા અપાર પ્રતિભાસંપન્ન બાળકને જોઈને જ સૌ કોઈને એમ થતું કે આ કોઈ અલૌકિક પુરુષ થશે. શ્રીજીમહારાજે પણ એ નિર્માણ કરી રાખ્યું હતું.

શૈશવકાળમાં પ્રવેશ કરતાં જ આ બાળકને પાંચ વર્ષની નાની ઉંમરે નિશાળે બેસાડ્યા. પહેલેથી જ સહેજ તોફાની વૃત્તિના પ્રાગજી ભક્ત નિશાળેથી પલાયન થઈ સીધા માલણ નદીએ જાય અને સાથે સાગરીતોને પણ લેતા જાય. એ જ નદીના પટમાં બેસીને કહે : ''હું તો બધું ભણેલો છું અને મારે તો આ જન્મે પ્રભુ ભજવા છે અને અનેકને એ માર્ગે ચઢાવવા છે.'' આવાં ભવિષ્યકથનનાં ગર્ભિત સૂચનો કરતા.

તે વખતે ગામમાં એક ભૂલો બાવો રહેતો હતો. તેની પાસે પ્રાગજી ભક્ત નિરંતર જાય અને વાતો સાંભળે. બાવો રામનું રટણ કરે પણ ઉપાસના હનુમાનજીની એટલે હનુમાનજીનો મહિમા તેમને ઠસાવ્યો. તેથી હનુમાનજીની દેરી માટે પોતાના બાળ સોબતીઓ સાથે વાંસના વાડામાં જતા અને ત્યાંથી વાંસ લઈ તેના ઉપર લૂગડું વીંટી હનુમાનજીની ધજા કરી દેરી ઉપર ચઢાવતા. ત્યાં બેસી રામધૂન સૌને કરાવે. વળી, દર શનિવારે લક્ષ્મીનારાયણની જગ્યામાં આવેલી હનુમાનજીની દેરી(શ્રીજીમહારાજની પ્રસાદીની જગ્યા)એ આવી આકડાનાં ફૂલની માળા, તેલ અને નારિયેળ

ચડાવે; એમ સેવા કરતા.

પછી કોઈ સાધુએ કહ્યું કે 'હનુમાન કરતાં રામની ઉપાસના સારી, કારણ કે એ તો એનાય સ્વામી છે,' એટલે રામનું ભજન કરવા માંડ્યું. પોતાની સાથે પાંચ-પંદર બાળકો તો ફરતાં જ હોય ! તે બધાં પાસે રામધૂન કરાવે અને પોતે સૌની વચ્ચે નાચે.

ત્યાંના મહંત સૂર્યભારથિ ખૂબ જ સત્ત્વગુણી અને રામભક્ત હતા. તેને પ્રાગજી ભક્તની આવી ભક્તિચેષ્ટાથી તેમના ઉપર પ્રેમ અને ભાવ થયો. પ્રાગજી ભક્ત પણ તેમની સેવા કરે, મંદિર વાળે અને બાવાજી રામકથા વાંચે તે શાંતિથી સાંભળે. આથી, આ અતીતને તેમના ઉપર એટલો બધો પ્રેમ થયો કે પ્રાગજી ભક્ત ન આવે ત્યાં સુધી રામકથા શરૂ જ ન થાય. જેમ સૂત પુરાણીની કથામાં અઠ્યાસી હજાર ઋષિ હોવા છતાં પણ જ્યાં સુધી જનક ન આવે ત્યાં સુધી કથા શરૂ ન થાય, તેમ અહીં પણ બાળભક્ત પ્રાગજી ભક્તની રાહ જોવાતી. સર્વેને આશ્ચર્ય થતું ને કથાપ્રવાહમાં એકાગ્રભાવે તલ્લીન થઈ જતા તેમને જોઈ સૌ કોઈને તેમના પ્રત્યે આદર પણ થતો.

વાલ્મીકિ રામાયણના અદ્‌ભુત પ્રસંગો, શ્રી રામચંદ્રજીની ધર્મનિષ્ઠા, પિતા પ્રત્યે, પ્રજા પ્રત્યે અને સીતાજી પ્રત્યેનો તેમનો ધર્મ, સીતાજીની રામચંદ્રજી પ્રત્યે ભક્તિનિષ્ઠા, લક્ષ્મણજીનો બંધુભાવ અને યતિપણું અને હનુમાનજીની દાસત્વભક્તિના સમગ્ર આદર્શોનો સમન્વય, પોતામાં જ કરવાનો દૃઢ નિશ્ચય તેમણે કરી લીધો. પરંતુ જન્મથી જ યોગસિદ્ધિના અપાર ઐશ્વર્યથી સંપન્ન પ્રાગજી ભક્તમાં આ આદર્શો સિદ્ધ હતા અને પોતાની મુક્તસ્થિતિનું સર્વેને ભાન કરાવવા ક્વચિત્ કાંઈક ઐશ્વર્ય પણ પોતે જણાવતા.

કુળદેવીની માનતા પ્રસંગે એક દિવસે તેમને ઘેર તેમના કુટુંબીઓને જમવાનું આમંત્રણ આપ્યું હતું, તે સારુ તેમનાં માતુશ્રીએ સાડા સાત શેરનું ચૂરમું કર્યું હતું, તે વખતે તેમની માતાને પોતે કહ્યું : ''મા ! મને ભૂખ લાગી છે તે ખાવા આપ.''

ત્યારે તેમની માતાએ કહ્યું : ''માતાજીને નૈવેદ્ય ધરાવીને આપીશ, હવે વાર નથી.''

એટલે પોતે કહ્યું : ''તારે માતાને ધરવું હોય તો ધરજે પણ મને તો આપ.''

ભગતજીની આ વાત તેમનાં માતુશ્રીએ માની નહિ. પછી કોઈ

કારણસર તેમનાં માતુશ્રી બહાર ગયાં ત્યારે પોતે બધું ચૂરમું ખાઈ ગયા ને પાણી પીને પાટડા ઉપર ચડીને સૂતા. તે વખતે તેમની ઉંમર સાતેક વર્ષની હતી. પછી તો તેમનાં માતુશ્રીએ ઘરમાં આવી જોયું ત્યારે ચૂરમું ન મળે. તેથી ''આ બધું ચૂરમું ક્યાં ગયું ?'' એમ પોતાના મોટા દીકરા નરસિંહને પૂછ્યું ત્યારે તેમણે કહ્યું : ''મને ખબર નથી, કોઈ બિલાડું-કૂતરું તો નહિ ખાઈ ગયું હોય !''

તે સાંભળી તેમનાં માતુશ્રીએ કહ્યું : ''બિલાડું-કૂતરું ખાય તો શેર-અચ્છેર ભાર ખાય, પણ સાડા સાત શેર ભાર ક્યાં વયો ગયો ?'' એમ કહીને વળી થોડી વારે કહ્યું : ''પ્રાગો મારી પાસે માગતો હતો તે ક્યાં ગયો ?''

એટલે પ્રાગજી ભક્તને આમતેમ શોધ્યા પણ જડ્યા નહિ. થોડી વારે પ્રાગજી ભક્ત પાટડા ઉપરથી બોલ્યા : ''ચૂરમાનો ખાનારો તો આ રહ્યો.''

તેથી નરસિંહભાઈ ચમક્યા અને કહ્યું : ''ક્યાં બોલ્યો ?'' એટલું કહીને ઊંચે જોયું ત્યારે દીઠા. પછી લાકડી લઈને મારવા ઊઠ્યા અને બૂમ મારી : ''ઊતર હેઠો.'' એટલે પ્રાગજી ભક્તે પરસાળમાં કૂદકો માર્યો અને બહાર નાસી ગયા.

આ પ્રસંગથી સૌ કોઈને એમ થયું કે સાત વર્ષના બાળકે આ કેવું આશ્ચર્ય કર્યું !

સંપ્રદાયમાં પ્રવેશ

મહુવામાં સ્વામિનારાયણના મંદિરમાં આવેલ સંતોનો યોગ નરસિંહભાઈને થયો અને તેઓ વર્તમાન ધરાવી સત્સંગી થયા. આ વાત તેમણે પ્રાગજી ભક્તને કહી એટલે તુરત જ પૂર્વની ઓળખાણ ઉદય થઈ અને મંદિરમાં તેમના ભાઈ સાથે ગયા. મંદિરમાં સ્વામીશ્રી યોગાનંદજી પધાર્યા હતા. તેમનાં દર્શનમાત્રથી જ તેમને શાંતિ થઈ ગઈ અને અંતઃકરણ સ્થિર થઈ ગયું. એટલો પ્રતાપ જ્યારે સ્વામિનારાયણના આ સંતમાં છે, ત્યારે તેમના ઈષ્ટદેવ શ્રી સહજાનંદ સ્વામીનો કેટલો પ્રતાપ હશે ? સહેજે જ નિષ્ઠા થઈ અને વર્તમાન ધરાવી સંપ્રદાયમાં પ્રવેશ કર્યો.

આ અદ્‌ભુત પ્રતાપની પ્રબળતા પ્રાગજી ભક્ત ઉપર એટલી બધી થઈ કે તેમણે ત્યાર પછી મંદિરમાં જ પોતાનો મુકામ રાખી દીધો. ઘેર ફક્ત

જમવા જ જાય. બાકી મંદિરમાં જ સૂવું, કથા સાંભળવી, સંતોની સેવા કરવી, તેમને જે જોઈતું હોય તે લાવી આપવું, એ રીતે અનેક પ્રકારે આવા સ્ત્રી-ધનના ત્યાગી સંતોની સેવામાં તેમનું હૃદય હર્ષથી પુલકિત થતું. સંતોને રસોઈ આપવા માટે એક દિવસ તોફાની વૃત્તિ જાગ્રત થઈ. માતાના સાળુનો પાલવ ફાડીને વેચ્યો અને જે રકમ આવી તેમાંથી સંતોને રસોઈ આપી.

તેમની સંતો પ્રત્યેની અપાર શ્રદ્ધા અને ભક્તિ જોઈ સ્વામીશ્રી યોગાનંદ સ્વામીએ કહ્યું : ''આ કોઈ મહાન પુરુષ થશે અને હજારોને ભગવાન ભજાવશે.'' અખંડ કીર્તનો બોલે. વળી, પ્રેમની પ્રબળતા એટલે હર્ષાશ્રુથી નેત્ર ભરાઈ જાય. કોઈ કોઈ વખત લક્ષ્ય થઈ જાય અને સમાધિમાં અક્ષરધામમાં મહારાજનાં દર્શન પણ થાય. ખૂબ જ પ્રેમાળ એટલે સાધુઓને જોતાં જ આંખમાં પ્રેમના અશ્રુ ઊભરાય. આ મંદિરમાં સંતો ચાર માસ રહેતા તે દરમ્યાન પ્રાગજી ભક્ત અખંડ સેવામાં ખડે પગે ઊભા જ રહેતા.

❀ ❀ ❀

ઝીણાભાઈ રાઠોડ

ઝીણા ભક્ત, રાઠોડ જ્ઞાતિમાં બહુ જ ઉચ્ચ સ્થિતિના ભક્ત હતા. તેમને મહારાજ છતાં મુક્તાનંદ સ્વામીનો સમાગમ હતો અને તેમના જ ઉપદેશથી સમગ્ર વૃત્તિઓ સ્થિર થઈ ભજનમાં જોડાઈ જતી. એક વખત ગઢડામાં મહારાજનાં દર્શને ગયા. ત્યાં અખંડ મહારાજ સામે જ દૃષ્ટિ રાખી બેસી રહે. તેવામાં એક દિવસ આવી અનિમિષ દૃષ્ટિએ દર્શન કરતાં નેત્ર ફરી ગયાં અને સમાધિ થઈ ગઈ. ત્યારથી જ અખંડ અક્ષરધામ દેખાતું અને નિરાવરણ દૃષ્ટિ થઈ જવાથી કોઈ દેહ મૂકે અને મહારાજ તેડવા આવે તે સર્વે દેખે અને કહે. કોઈને દેહ મૂકવાનો હોય તો તે પણ આગળથી કહે. આવા પોતે સમર્થ હતા. પણ મહુવામાં બીજાને સત્સંગ નહિ તેથી ત્યાં સત્સંગ ફેલાય તો સારું એમ તેમને મનમાં રહ્યા કરતું. પોતે મહારાજની માણકી ઘોડીનો ચારજામો સીવતા, તેમાં જરીની ટીબકડીઓ નાખી શણગારતા. આવો એક ચારજામો સીવીને પોતે ગઢડે ગયા અને મહારાજને ભેટ ધર્યો. મહારાજ તેમની કામગીરી જોઈ બહુ જ રાજી થયા અને માથાનો પાઘ ભેટ આપ્યો. પોતાની સાથે બીજા ચાર હરિભક્તો હતા એટલે મહારાજને કહ્યું : ''આ પાઘના કટકા

થાય નહિ, તો ચાર જણાને શું આપવું ?'' પછી પોતે મહારાજને કહ્યું : ''જો આપ રાજી થયા હો તો અમારા ગામમાં સત્સંગ કોઈને થતો નથી, તે થાય એવો આશીર્વાદ આપો.''

મહારાજ આવી નિષ્કામ ભક્તિ જોઈને રાજી થયા અને પોતાનો જામો આપ્યો અને કહ્યું : ''મહુવામાં સત્સંગ જામો થશે.'' (આ જામો હાલ મહુવા મંદિરમાં છે.)

આવી અપૂર્વ ભક્તિનિષ્ઠાવાળા ઝીણાભાઈમાં પ્રાગજી ભક્તને હેત થયું ત્યારથી જ તેમની સેવા તથા સમાગમનો લાભ લેવા લાગ્યા. ઝીણાભાઈને ગોપાળાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી ઉપર અત્યંત સ્નેહ હતો.

સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી

ગોપાળાનંદ સ્વામી સંપ્રદાયના એક મહાન સ્તંભ અને વિશિષ્ટ અંગરૂપ હતા. તેમના જન્મથી જ તેમનું ચરિત્ર અદ્‌ભુત અને ઐશ્વર્યવાન હતું. તેમના જન્મની આગાહી તેમના દાદાશ્રીને શ્રી ગાયત્રી દેવીએ કરી હતી. ગાયત્રીનું પુરશ્ચરણ કરતા આ વૃદ્ધને પુરશ્ચરણની પૂર્ણાહુતિને દિવસે સંન્યસ્ત લેવાનો સંકલ્પ હતો. તે જ દિવસે ગાયત્રીની મૂર્તિમાંથી ગાયત્રી દેવીએ દર્શન દઈ તેમને કહ્યું : ''તમે સંન્યસ્ત લેશો નહિ. તમારે ત્યાં પૂર્ણ પુરુષોત્તમના સંબંધને પામેલા અક્ષરધામના મહામુક્ત જન્મ ધરવાના છે.''

આ આગાહી સાંભળતાં તેમણે સંન્યસ્ત લેવાનું માંડી વાળ્યું. પછી તેમને ત્યાં પુત્ર થયો તેનું નામ મોતીરામ ભટ્ટ પાડ્યું અને મોતીરામ ભટ્ટના પુત્ર તરીકે સંવત ૧૮૩૭ના મહા સુદ ૮ને દિવસે ખુશાલ ભટ્ટ(પાછળથી ગોપાળાનંદ સ્વામી)નો જન્મ ઈડર રાજ્યના ટોડલા ગામે થયો.

બાલ્યકાળથી જ યોગ-ઐશ્વર્યને વરેલા આ કિશોર ભક્તિભાવથી ભરપૂર હતા. તેમના જ ઘરની પાસે ગોપાળ લાલજીનું મંદિર હતું. ત્યાં રોજ સેવા-પૂજા માટે તેઓ જતા. આ મૂર્તિને પણ એમની સાથે એવો પ્રેમ બંધાઈ ગયો હતો કે તેમની સાથે નદીએ રોજ નાહવા જાય, તેમનું ધરાવેલું દૂધ પ્રત્યક્ષ પીએ અને એ રીતે અદ્‌ભુત આશ્ચર્ય સૌને બતાવે. ટોડલા પાસે આઠેક ગાઉ દૂર શામળાજીનું ઐતિહાસિક પુરાતન મંદિર છે. આ મંદિરની શામળાજીની મૂર્તિ રોજ રાતે ખુશાલ ભટ્ટ સાથે રમવા આવે અને મંગળા આરતીનો સમય

થાય એટલે ફરી મંદિરમાં દાખલ થઈ જાય. એક વખત મંદિરના પૂજારીએ, પોતાને કંઈક કામ અંગે બહારગામ જવાનું હોવાથી, મંગળા આરતી રોજના સમય કરતાં વહેલી કરવા મંદિરનાં દ્વાર ખોલ્યાં, ત્યાં શામળાજીની મૂર્તિ જ મંદિરમાં ન મળે. પૂજારીને આશ્ચર્ય થયું. તેથી દ્વાર બંધ કરી તરત જ બહાર આવી બધાને જગાડ્યા અને કહ્યું : ''શામળાજીની મૂર્તિ નિજમંદિરમાં નથી.''

આ વાત સાંભળી સર્વે નિજમંદિરમાં જોવા દોડ્યા અને દ્વાર ખોલી જોયું તો મૂર્તિ હતી. એથી દરેકને પૂજારીનું કંઈક કપટ હોય તેમ લાગવાથી મૂર્તિનાં આભૂષણાદિકની તપાસ કરી, તો સોનાનું ઝાંઝર તથા જરિયાન ઉત્તરીય વસ્ત્ર નહોતાં. પૂજારીને પકડીને સૌ મારવા લાગ્યા. એટલે પૂજારીએ રડતાં રડતાં કહ્યું : ''મારો કંઈ વાંક નથી, હું કંઈ જાણતો નથી.'' પણ કોઈ માને જ નહિ.

થોડી વારે મૂર્તિમાંથી અવાજ આવ્યો : ''પૂજારીનો કંઈ વાંક નથી. હું ટોડલામાં ખુશાલ ભટ્ટ પાસે રમવા ગયો હતો તે ઉતાવળથી અહીં આવતાં ઝાંઝર તેમના ઘરના નવેળામાં પડી ગયું છે અને ઉત્તરીય વસ્ત્ર તથા ચાખડી રસ્તામાં પડી ગયાં છે, તે કોઈ માણસને મોકલશો એટલે મળી રહેશે.''

અત્રે ખુશાલ ભટ્ટનાં માતુશ્રીને સવારમાં નવેળામાં વાળતાં ઝાંઝર જડ્યું. આથી તેમને આશ્ચર્ય થયું કે ''આ શું ?'' તેમણે ખુશાલ ભટ્ટને પૂછ્યું : ''આ ઝાંઝર ક્યાંથી આવ્યું ?''

ખુશાલ ભટ્ટે કહ્યું : ''રાખી મૂકો, જેનું છે તે હમણાં લેવા આવે છે.''

થોડી વારે મંદિરનો માણસ આવ્યો અને ઝાંઝરની તપાસ કરી લઈ ગયો.[૨]

ઈડર રાજ્યના રાજાએ બ્રાહ્મણો ઉપર દર વર્ષે રૂ. ૩/-નો માથાદીઠ કર નાખ્યો. આથી બ્રાહ્મણોને દુઃખ થયું અને આવો ભારે માથાદીઠ વેરો કાઢી નાખવા રાજા પાસે વિનંતી કરવા ગયા. પરંતુ રાજાએ તો તેમનું કહ્યું સાંભળ્યું જ નહિ. છેવટે ખુશાલ ભટ્ટને ચમત્કારી જાણી, તેમને પોતાની સાથે ફરી એક વાર રાજા પાસે લઈ ગયા. તેર વર્ષના છોકરાને પોતાની પાસે કર માફ કરાવવા આવતો જોઈ રાજા હસ્યા અને તિરસ્કાર કરી સૌને કાઢી મૂક્યા. ખુશાલ ભટ્ટે સૌને ધીરજ આપી અને કહ્યું : ''રાજા પોતે જ હવે આપણને બોલાવશે.''

---

૨. શામળાજીના મંદિરના ચોપડામાં આ લેખ મોજૂદ છે.

તેમણે ગામની બહાર પુરાતની વાવ ઉપર આસન કર્યું અને શ્રીહરિનું ભજન કરતાં ત્રીજો દિવસ થયો એટલે રાજા, દીવાન તથા બીજા સર્વે અમલદારના ઝાડા-પેશાબ બંધ થઈ ગયા. આમ, બે-ત્રણ દિવસ રહ્યું એટલે સહુ અકળાયા અને આ કોણે કર્યું એવી તપાસ કરવા લાગ્યા. પછી કોઈએ ખબર આપી કે ''ટોડલાના ખુશાલ ભટ્ટ બહુ જ ચમત્કારી છે અને તેમનો તિરસ્કાર થયો એટલે તેમણે જ આમ કર્યું છે.'' આથી, બધા વાવ પાસે જ્યાં ખુશાલ ભટ્ટ બેઠા હતા ત્યાં આવ્યા અને તેમને ક્ષમા કરવા વિનંતી કરી.

ખુશાલ ભટ્ટે કહ્યું : ''પહેલા વેરો માફ કરો અને તેનો તાંબાના પતરા ઉપર લેખ કરી આપો કે આ રાજ્યમાં યાવત્‌ચંદ્રદિવાકરૌ બ્રાહ્મણો પાસેથી કોઈ જાતનો વેરો લેવાશે જ નહિ.'' આમ જ્યારે લેખ કરી આપ્યો, ત્યારે સહુને સારું થયું.

❀

પોતાને ગૃહસ્થાશ્રમમાં રહેવા માટે નિયત કરેલો સમય પૂરો થયો એટલે તેઓ શ્રીજીમહારાજ પાસે આવ્યા. ભાગવતી દીક્ષા લીધી અને 'ગોપાળાનંદ સ્વામી' એવું નામ ધારણ કર્યું. સ્વામી શરૂઆતમાં ઘણુંખરું વડોદરામાં જ રહેતા અને ત્યાં તેમણે ખૂબ જ પ્રતાપ જણાવ્યો.

એક વખત વડોદરામાં વિષ્ણુયાગ થતો હતો. તે વખતે કોઈએ પૂછ્યું : ''યજ્ઞનારાયણ કોઈને પ્રત્યક્ષ દર્શન દે કે નહિ ?''

ત્યારે વેદિયા બ્રાહ્મણે કહ્યું : ''આહુતિ આપનાર કોઈ સમર્થ પુરુષ હોય તો જરૂર દર્શન દે.''

આથી બધા સ્વામી પાસે ગયા અને સ્વામીને વિનંતી કરી : ''આપ યજ્ઞમાં આહુતિ આપો, તો યજ્ઞનારાયણ સહુને દર્શન દે.''

સ્વામીએ આહુતિ આપી અને શ્રી યજ્ઞનારાયણે સહુને પ્રત્યક્ષ દર્શન ઘણી વાર સુધી દીધાં.

એક વખત વડોદરામાં એક જ્યોતિષી બ્રાહ્મણ હરિભક્તે પોતાની ગણતરી મુજબ જાહેર કર્યું કે ''આવતી પૂનમનું ગ્રહણ અહીં દેખાશે નહિ.''

બીજા પંડિતોએ પોતાની ગણતરી કરી ગ્રહણ દેખાશે એવું જાહેર કર્યું હતું. તેથી આ બ્રાહ્મણે તો આવેશમાં આવી જઈ પ્રતિજ્ઞા કરી : ''જો મારી ગણતરી ખોટી હોય અને ગ્રહણ દેખાય, તો હું મારું માથું ડૂલ કરું.''

બધા પંડિતો વિમાસણમાં પડ્યા, એટલે સર્વે મંદિરમાં સ્વામી પાસે આવ્યા અને તેમને બધી વાત કરી. સ્વામીએ જાણ્યું કે બ્રાહ્મણ હરિભક્તે ખોટી ગણતરી કરી છે અને સાથે સાથે માથાનો સોદો કર્યો છે. અતિ દયાળુ સ્વામીશ્રીએ ખૂબ જ ગંભીર ભાવે પંડિતોને કહ્યું : ''ગ્રહણ આ બ્રાહ્મણની ગણતરી મુજબ દેખાશે નહિ.'' બધા પંડિતો આભા બની ગયા અને ઊઠીને ઘેર જઈ વિચાર કરવા લાગ્યા.

સ્વામીએ આ ભક્તને પાસે બોલાવી કહ્યું : ''ભક્તરાજ ! માથાના સોદા હવે ન કરશો. ગ્રહણ તો દેખાવાનું છે, પણ તમારે માટે મહારાજ અટકાવશે.''

આ ભક્તને આ સાંભળી અતિ આશ્ચર્ય થયું કે ''અહો ! બ્રહ્માંડની ગતિને પણ ફેરવી શકે એવા આ શક્તિશાળી પુરુષ છે !'' તેમનાં ચરણ-કમળમાં વંદન કરી તે ઘેર ગયો.

સારંગપુરના વાઘાખાચર વ્યાવહારિક સ્થિતિમાં દુર્બળ હતા, પરંતુ સંતોની તથા હરિભક્તોની સેવા માટે પોતાનું સર્વસ્વ તેમણે હોમી દીધું હતું. આથી ગોપાળ સ્વામીએ વિચાર કર્યો : જો વાઘાખાચરને એક કમાઉ ભાઈ કરી દઈએ, તો સારું. એટલે તેમણે એક પથ્થર ઉપર હનુમાનજી કોતરાવી સારંગપુરમાં હનુમાનજીની પ્રતિષ્ઠા કરી. તે સમયે એટલું ઐશ્વર્ય હનુમાનજીની મૂર્તિમાં તેમણે મૂક્યું કે હનુમાનજીની મૂર્તિ ધ્રૂજી ઊઠી. આ હનુમાનજીની આજે ઘણી જ માનતા થાય છે અને દેશદેશાંતરના ઘણાં લોકો ભૂત-પ્રેતનાં કષ્ટ નિવારણ માટે અહીં આવે છે. આ હનુમાનજીની પ્રતિષ્ઠા પછી વાઘાખાચરની સ્થિતિ સુધરી ગઈ.

શ્રીજીમહારાજે આ પ્રખર શક્તિશાળી યોગમૂર્તિ સ્વામીશ્રીને પોતે સ્વધામ પધારતી વખતે બંને દેશના મુખ્ય સ્થાપ્યા અને આચાર્ય મહારાજને તેમની આજ્ઞામાં રહેવાનું કહ્યું.

❀ ❀ ❀

પીઠવડી ગામમાં આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ તથા ગોપાળાનંદ સ્વામીની પધરામણી

મહુવા પાસે પીઠવડી ગામમાં આચાર્યેન્દ્ર શ્રી રઘુવીરજી મહારાજ અને ગોપાળાનંદ સ્વામી વગેરે પધાર્યા. ગામના સત્સંગીઓએ પોતે રાઠોડ

જ્ઞાતિના હોવાથી આચાર્યશ્રી તથા સંતોની પૂજા કરવા માટે મહુવાથી પ્રાગજી ભક્તને બોલાવ્યા. પ્રાગજી ભક્ત તો આ અપૂર્વ યોગની જ જાણે રાહ જોઈને બેઠા હોય તેમ આ પ્રસંગે નવાં વસ્ત્રો પહેરી આચાર્ય મહારાજ તથા ગોપાળાનંદ સ્વામીનાં દર્શન તથા પૂજાનો અનુપમ લહાવો લેવા તૈયાર થઈ ગયા અને સર્વ હરિભક્તો સાથે પીઠવડી ગામે પહોંચ્યા.

આચાર્યેન્દ્ર શ્રી રઘુવીરજી મહારાજ તથા શ્રી ગોપાળાનંદ સ્વામી સાથે સંપ્રદાયની પ્રથા પ્રમાણે બીજા સંતો, પાર્ષદો પણ હતા. ડેરા, તંબૂ તથા રાવટીઓમાં દરેકના જુદા જુદા મુકામ હતા. આચાર્ય મહારાજશ્રીનો જરિયાન તંબૂ અને બહાર બંદૂકધારી પાર્ષદોનો પહેરો વગેરે સંપ્રદાયનો રજવાડી ઠાઠ સૂચવતા હતા. અષ્ટ પ્રકારે સ્ત્રી-ધનના ત્યાગી સંતો, કપાળમાં ઊર્ધ્વપુંડ્ર તિલક તથા કંઠી અને ભગવાં વસ્ત્રોમાં શોભતા 'જય સ્વામિનારાયણ, જય સ્વામિનારાયણ' શબ્દથી સર્વનાં નમન ઝીલતાં, સમગ્ર વાતાવરણને, સ્વામિ-નારાયણમય બનાવી દેતા હતા. આવા અપૂર્વ પ્રસંગે આ અદ્‌ભુત યોગ પોતાને પ્રાપ્ત થયો તેથી પ્રાગજી ભક્ત તો હર્ષથી પુલકિત થઈ ગયા.

ગાદી-તકિયા ઉપર રેશમી ગાલીચાથી સહેજ ઊંચા બનાવેલા આસન ઉપર સૌમ્યમૂર્તિ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ બિરાજતા હતા. પાસે જ સહેજ કૃશ પણ ગૌર અને પ્રતિભાસંપન્ન યોગમૂર્તિ શ્રી ગોપાળાનંદ સ્વામી હતા. બીજા સંતો પણ પોતપોતાના અધિકાર પ્રમાણે બેઠા હતા. પૂજાવિધિ કરવા માટે પીઠવડીના સત્સંગીઓ પ્રાગજી ભક્તને લઈને આવ્યા. જરિયાન વસ્ત્રમાં સુશોભિત દસ વર્ષના કિશોર પ્રાગજી ભક્ત આગળ હતા. સંપ્રદાયની પ્રથા પ્રમાણે દંડવત્ કરી, દરેક સંતને પગે લાગ્યા અને પછી પ્રથમ આચાર્યશ્રી તથા ત્યાર પછી સર્વે સંતોની તેમણે પૂજા કરી, આરતી ઉતારી અને ધોતિયાં ઓઢાડ્યાં. રઘુવીરજી મહારાજે આ નવીન હરિભક્તને જોઈને પૂછ્યું : ''આ હરિભક્ત કોણ છે ?''

ત્યારે તે સર્વે સત્સંગીઓએ જણાવ્યું : ''મહુવાના દરજી કુટુંબના ગોવિંદભાઈના દીકરા છે અને સારા સત્સંગી છે. વળી, સ્વામીશ્રી યોગાનંદ સ્વામીની આ છોકરાએ બહુ જ સેવા કરી છે અને હેતાળ બહુ છે.''

તે સાંભળીને આચાર્ય મહારાજ ઘણા રાજી થયા.

આને અને અમારે પૂર્વની ઓળખાણ છે

આ બધી વાતચીત દરમ્યાન ગોપાળાનંદ સ્વામી મંદ મંદ હસતાં હસતાં એક નજરે પ્રાગજી ભક્ત સામું જોઈ રહ્યા હતા. બધી વાત પૂરી થઈ ત્યારે ધીમેથી તેમણે કહ્યું : ''આને અને અમારે પૂર્વની ઓળખાણ છે.'' એમ બે-ત્રણ વાર મર્મના શબ્દો બોલ્યા. ભોળું અને સરળ પીઠવડીનું મંડળ આ શબ્દનો મર્મ ક્યાંથી સમજી શકે ? અને આ છોકરાને પહેલી જ વાર આચાર્યશ્રી તથા ગોપાળાનંદ સ્વામીનાં દર્શન થયાં છતાં સ્વામીએ પૂર્વની ઓળખાણ છે એવું કહ્યું તે કંઈ સમજવામાં આવ્યું નહિ.

તેથી તેમણે પૂછ્યું : ''સ્વામી ! આ પ્રાગજી તો આજે જ તમારી પાસે આવ્યો છે અને સત્સંગ પણ હમણાં થયો છે. વળી, અવસ્થા પણ આઠ-દસ વર્ષની છે, તો આપે જૂની ઓળખાણનું કહ્યું તે કેમ સમજવું ?''

ત્યારે સ્વામી બોલ્યા : ''આ તો પૂર્વનો પ્રગટ પુરુષોત્તમનો ભક્ત છે. અને આ ફેરે મોટા સંતને ખરેખરા રાજી કરશે એવો બળિયો થશે અને હજારોને ભગવાન ભજાવશે.'' તે સાંભળીને સૌ આશ્ચર્યમુગ્ધ થઈ ગયા.

પ્રાગજી ભક્તની સત્સંગમાં દૃઢ પ્રીતિ અને યોગ-ઐશ્વર્યસંપન્ન સ્થિતિની એમની વાતો જે મહુવામાં સાંભળેલી તેથી તેમને સ્વામીના વચનમાં પ્રતીતિ આવી. પ્રાગજી ભક્તે તો આ સર્વે વાત નિર્દોષભાવે સાંભળ્યા જ કરી અને ગોપાળાનંદ સ્વામી પ્રત્યે દૃષ્ટિ સ્થિર કરી સ્નિગ્ધ ભાવે એવા તો જોડાઈ ગયા કે ક્યારે બધા હરિભક્તો ઊઠ્યા તેની તેમને કાંઈ ખબર જ રહી નહિ. તેમની આંખોમાંથી તો અશ્રુધારા ચાલવા માંડી. સ્વામીએ પોતાને વિષેનો અપાર સ્નેહ જાણી તેમને આશીર્વાદ આપી વરતાલ આવવા કહ્યું.

આ રીતે સંવત ૧૮૯૫થી ગોપાળાનંદ સ્વામીનો યોગ થયો અને સંવત ૧૯૦૮ સુધી સ્વામીની અનન્ય ભાવે સેવા કરી રાજી કરી લીધા. સ્વામીએ પણ અપાર સુખ આપી, બ્રહ્મવિદ્યા ભણાવી સંપૂર્ણ દૃષ્ટિ કરી દીધી.

ઝીણાભાઈની સેવા

પ્રાગજી ભક્તે ઝીણાભાઈની જોડ બાંધી દીધી. વરતાલ સમૈયે મહુવાનો

સંઘ જાય ત્યારે પોતે ઝીણાભાઈની સાથે જ જતા. રોજના અઢાર ગાઉ ચાલે. રસ્તામાં જ્યાં જ્યાં મુકામ થાય ત્યાં ઝીણાભાઈની સેવા કરે, તેમને ઊનું પાણી કરી નવરાવે, રસોઈ કરી જમાડે, પથારી કરી આપે અને પગ દાબે. આમ, ભગવાનના ભક્તનો અપાર મહિમા જાણી ઝીણાભાઈની ખૂબ જ સેવા કરતા. વળી, સંઘના બીજા ભક્તોને પણ ઝીણાભાઈના મહિમાની વાતો કરે અને કહે : ''આ ઝીણાભાઈએ મુક્તાનંદ સ્વામીને સેવી રાજી કરી દીધા છે અને મહારાજના મળેલા છે.'' એવી એવી મહિમાની ખૂબ જ વાતો કરે. પહેલેથી જ વાતો કરવાની શૈલી એવી તો સચોટ કે જે કોઈ સાંભળે તેના અંતરમાં ઊતરી જાય. આવી રીતે દેહે કરીને ઝીણાભાઈની સેવા કરે, વચને કરીને તેમનાં ગુણગાન ગાય અને મને કરીને તેમને સર્વ પ્રકારે નિર્દોષ સમજે. આમ, તેમણે ભગવાનના આવા ભક્તને સર્વ પ્રકારે રાજી કરી દીધા. તેમની સેવાની આવી ધગશ જોઈને સર્વને એમ તો થયું કે 'આ તો મોટા સાધુને ખરેખર રાજી કરશે' - એવા સ્વામીના વચનને આ પ્રાગજી ભક્ત જરૂર સત્ય કરશે જ.

ગોપાળાનંદ સ્વામીના યોગમાં

આવી રીતે સમગ્ર સંઘ વરતાલ પહોંચે. વરતાલમાં પ્રાગજી ભક્તનું આસન (ઉતારો) ગોપાળાનંદ સ્વામીના ઢોલિયા પાસે જ હોય અને નિરંતર સ્વામીની વાતો સાંભળે. ગામમાં જઈ પોતે ચણા અને ગોળ જમી લે, પણ મંદિરમાં કોઈ દિવસ જમે નહિ. અખંડ સ્વામીની દૃષ્ટિમાં જ રહે, સેવા કરે અને વાતો સાંભળે. સ્વામીના અવિરત પ્રેમના સ્રોતમાં નાહતાં પ્રાગજી ભક્તનું પહેલેથી જ પ્રેમાળ અંતઃકરણ સ્વામીશ્રીના પ્રસંગથી અતિશય સ્નિગ્ધ થઈ ગયું. સ્વામીશ્રીએ પણ તેમની સર્વે વૃત્તિ પોતામાં ખેંચી લીધી.

આ પ્રમાણે દર વર્ષે પ્રાગજી ભક્ત સ્વામીનો સમાગમ કરવા વરતાલ જાય અને બે-ત્રણ માસ સ્વામીની સેવામાં રહે. તેમનું આસન સ્વામીની ઢોલણી પાસે જ હોય. એટલે રાત્રે સ્વામી લઘુ કરવા ઊઠે, ત્યારે પગની ઠેસથી જગાડે; એકલા હોય ત્યારે મળે અને સુખ આપે. વળી, એકાંતમાં એકાંતિક ધર્મની ખૂબ વાતો કરે અને બ્રહ્માનંદમાં મસ્ત બનાવી દે. વળી, આ દેહે કામાદિક દોષો નાશ કરીને એકાંતિક ધર્મ સિદ્ધ કરાવીશ એમ વચન પણ

આપ્યું. આવી રીતે ભગતજી સ્વામીની અપાર કૃપાના અધિકારી થયા.

અક્ષરધામમાં મહારાજ અને આપની પાસે શી રીતે રહેવાય ?

આ જ અરસામાં, ગોપાળાનંદ સ્વામીના એક બીજા મહાન શિષ્ય શ્રી જાગા ભક્ત પણ વરતાલ સ્વામીનો સમાગમ કરવા આવતા. વળી, પ્રાગજી ભક્ત સાથે મહુવાના ઝીણાભાઈ રાઠોડ તો હોય જ. આ ત્રણેની મંડળી સ્વામીનો સમાગમ કરી, તેમણે જે જે વાતો કરી હોય તેનું મનન કરી, સમાગમનું વિશેષ સુખ લેતા.

એક દિવસ ઝીણાભાઈ, પ્રાગજી ભક્ત તથા જાગા ભક્તે મળીને સ્વામીને પ્રશ્ન પૂછવાનું નક્કી કર્યું. બંનેએ પ્રાગજી ભક્તને કહ્યું : ''રાત્રે સ્વામી લઘુ કરવા ઊઠે, ત્યારે અમને પણ ઉઠાડજો અને પછી તમે પ્રશ્ન પૂછજો.''

રાત્રે સ્વામી લઘુ કરવા ઊઠ્યા ત્યારે પ્રાગજી ભક્ત તો જાગતા જ હતા. સ્વામીનો હાથ પકડી તેઓ સ્વામીને લઘુને ખાડે લઈ ગયા. લઘુ કર્યા પછી હાથ ધોઈ સ્વામી ઢોલિયે બિરાજ્યા અને પ્રાગજી ભક્તનું કોમળ પ્રેમભર્યું મુખારવિંદ અને સેવાની તાલાવેલી જોઈ ખૂબ જ રાજી થયા. અંતર્યામીપણે તેમનો સંકલ્પ જાણીને પોતે કહ્યું : ''જે પૂછવું હોય તે પૂછ.''

આ વખતે ઝીણાભાઈ તથા જાગા ભક્ત બંને ઓરડાની બહાર બેઠા હતા અને સર્વે વાત સાંભળતા હતા. પ્રાગજી ભક્તે ઝીણાભાઈ તથા જાગા ભક્ત સાથે મળીને જે પ્રશ્ન પૂછવાનું નક્કી કર્યું હતું તે પ્રશ્ન તેમણે સ્વામીને પૂછ્યો : ''સ્વામી મહારાજ ! અક્ષરધામમાં આપની અને શ્રીજીમહારાજની પાસે રહેવાય અને સર્વે કસર મટી જાય, તે ગૃહસ્થ હોઈએ ત્યારે થાય કે ત્યાગી થઈએ ત્યારે થાય ?''

આટલી નાની વયમાં પણ સર્વ કસર ટાળી, શુદ્ધ થઈ, અક્ષરધામમાં મહારાજની સેવામાં રહેવાના શુભ સંકલ્પ કરનાર આ કિશોર ઉપર સ્વામીશ્રીની દૃષ્ટિ સ્થિર થઈ ગઈ. હાથ જોડી પ્રશ્નના ઉત્તરની રાહ જોતાં પ્રાગજી ભક્ત બેઠા હતા. સ્વામીશ્રીએ ઉત્તર આપતાં પહેલાં આજુબાજુ જોયું અને આ ત્રણ મુમુક્ષુ વિના બીજું કોઈ જ ત્યાં જાગતું નથી એમ ખાતરી કરી તેમણે પ્રશ્નનો ઉત્તર આપતાં કહ્યું : ''શ્રીજીમહારાજને સર્વે અવતારના અવતારી પુરુષોત્તમ જાણીને અને આ (આંગળી ચીંધીને) સામે પોઢેલા

ગુણાતીતાનંદ સ્વામી જેવા સાધુ સાથે જીવ જોડી દે, તો ત્યાગી રહે અથવા ગૃહસ્થ રહે પણ અમારાથી અને મહારાજથી કંઈ છેટું ન રહે અને તે વિના તો બંનેને છેટું જ છે.''

આ ઉત્તર સાંભળીને, પોતે તથા જાગા ભક્ત મહારાજ સર્વોપરી છે તે સમજતા હતા, પરંતુ ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા જેમ છે તેમ નહોતા જાણતા. તેથી ઝીણાભાઈએ કહ્યું : ''ગુણાતીતાનંદ સ્વામી તો બહુ જ મોટા છે અને જૂનાગઢના મહંત છે અને ત્રણે અવસ્થામાં પોતાના આત્મામાં અખંડ શ્રીજીની મૂર્તિને દેખે છે.'' આવો ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા સાંભળી તેમને ખૂબ જ આનંદ થયો.

સવારે સ્વામીની કહેલી વાત પ્રાગજી ભક્તે ગુણાતીતાનંદ સ્વામીને કહી; એટલે હસતાં હસતાં તેમણે કહ્યું : ''એ પણ બહુ મોટા છે.'' આવી રીતે દિન-પ્રતિદિન ગોપાળાનંદ સ્વામીને વિષે અત્યંત સ્નેહ થવા લાગ્યો.

પ્રાગજી તારું લગ્ન થયું છે ?

બીજે વર્ષે પ્રાગજી ભક્ત વરતાલ ગયા અને સ્વામીનાં દર્શનથી અપાર સુખ પામ્યા. સ્વામી પણ આ ભક્તને ખૂબ જ લાડકોડ કરતા અને સુખ આપતા. એક દિવસ સ્વામીએ પ્રાગજી ભક્તને પૂછ્યું : ''પ્રાગજી ! તારું લગ્ન થયું છે કે નહિ ?''

ત્યારે પ્રાગજી ભક્તે કહ્યું : ''ના મહારાજ ! મારે એ ફંદામાં પડવું જ નથી. હવે તો એવો વિચાર રાખ્યો છે કે મારા દરજીના ધંધામાંથી જ્યારે ચાળીસ-પચાસ રૂપિયા ભેગા થાય ત્યારે આપની પાસે આવી ચાર માસ રહીને સમાગમ જ કરવો.''

ત્યારે સ્વામી કહે : ''મૂળગો મહુવામાં સત્સંગ થતો નથી અને તેમાં પણ તું ત્યાગી થા તેથી કોઈ સત્સંગી થતું હોય તે પણ બંધ થાય. માટે એક વાર ચાર ફેરા ફર્યા પછી બીજે દિવસે મરી જાય તો ફરી સંકલ્પ ન કરવો, એમ મારી આજ્ઞા છે. માટે તેમ કર.''

તે પ્રમાણે સ્વામીની આજ્ઞા થવાથી તે વર્ષે ઘેર જઈ લગ્ન કર્યું. પરંતુ ચિત્તની વૃત્તિ તો સ્વામીમાં જ ચોંટી ગઈ હતી. તેથી હવે જ્યારે સ્વામી વરતાલથી ગઢડે પધારે, ત્યારે ગઢડે જઈને પણ સમાગમ કરે, પણ ઘેર તો

રહેવાય જ નહિ. કઈ રીતે સ્વામી અપાર રાજી થઈ જાય, એવા જ મનમાં સંકલ્પ રહ્યા કરે. તેથી એમ સંકલ્પ થયો કે 'મુંબઈ જઈને સારું સિલાઈ કામ શીખીને સ્વામી માટે મોજાં વગેરે કરી આપી, મહારાજના પણ વાઘા સીવી આપવા.'

આ પ્રમાણે વિચાર થવાથી પોતે મુંબઈ ગયા. અહીં એક માસ રહી ઘેર આવ્યા અને તરત જ વરતાલ ગયા. સ્વામી માટે સારાં મોજાં કર્યાં હતાં તે પહેરાવ્યાં અને આચાર્ય મહારાજને પણ સારાં અંગરખાં કરી આપ્યાં. તેમને સ્વામીની સાથે એવું હેત થયું હતું કે સ્વામી ભુલાય જ નહિ, અખંડ સાંભર્યા કરે. આથી જ્યારે ઘેર જાય ત્યારે પણ 'વરતાલમાં જ છું અને સ્વામી પાસે જ રહ્યો છું' – એવું જ અખંડ મનાય. એવો ગાઢ સ્નેહ બંધાઈ ગયો હતો.

પ્રેમમાં જ્ઞાનની જરૂર

આવો સ્વામી પરત્વે સ્નેહ હોવા છતાં પ્રાગજી ભક્તને એમ જણાતું કે હજુ મારે સ્વામી સાથેના સ્નેહમાં ન્યૂનતા છે. આથી તેઓ ક્વચિત્ ક્વચિત્ અતિશય ગ્લાનિ પામી જતા. તેવે વખતે સ્વામીની મૂર્તિ સંભારે તો પણ મૂર્તિ યાદ ન આવે. સ્વામીનાં દર્શન સ્મૃતિ દ્વારા કરવા ઘણો પ્રયત્ન કરે પણ મનોમય મૂર્તિ બંધાય જ નહિ. આવી ઉદાસીનતામાં થોડા દિવસો વીતી ગયા એટલે સ્વામીનો સમાગમ કરવા વરતાલ જવા નક્કી કર્યું. રસ્તામાં ધોલેરે આવતાં ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શન થયાં. તેમનાં દર્શનથી શાંતિ થઈ. એટલે તેમણે સ્વામીશ્રીને પૂછ્યું : ''મારે ગોપાળાનંદ સ્વામીને વિષે પ્રથમ સ્નેહ હતો તેવો મુંબઈ ગયા પછી ન રહ્યો તેનું શું કારણ હશે ?''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''તું પ્રથમથી જ પ્રેમી ભક્ત છે. તે તારે સ્નેહ તો થયો પણ જ્ઞાનની કસર છે. તેથી દેશકાળે સ્થિરતા નથી રહેતી. પણ જો આ સાધુને સેવીને જ્ઞાન પામીશ, તો આખા બ્રહ્માંડનો વ્યવહાર કરીશ તો પણ ભગવાન અને સાધુ ઘડીયે ભૂલીશ નહિ. એ જ્ઞાનની કસર, જ્યાં સુધી પોતાના આત્માની બ્રહ્મ સંગાથે એકતા કરી નથી, ત્યાં સુધી જણાયા કરશે અને દેહના ભાવથી દુઃખી થવાશે. પ્રેમીને તો ફક્ત વૃત્તિ જ ભગવાનમાં હોય. તે વૃત્તિ દ્વારે ભગવાનની મૂર્તિ પણ પકડી હોય. પરંતુ દેશકાળે જ્યારે વૃત્તિ સ્થિર ન રહે એટલે મૂર્તિ પણ ભુલાઈ જાય અને મૂંઝવણ થાય.

સ્વરૂપાનંદ સ્વામી વૃત્તિ દ્વારે અખંડ મહારાજની મૂર્તિને દેખતા, પણ મહારાજે રોગ મૂક્યો તો રોગની અતિશય પીડાથી દુઃખી થઈ ગયા. પછી જ્યારે મહારાજે પોતાનાં લીલાચરિત્ર સંભળાવ્યાં, તેનું મનન અને ચિંતવન કર્યું, ત્યારે દેહનું સર્વે દુઃખ નિવૃત્તિ પામી ગયું અને પરમ શાંતિ થઈ. માટે જ્યાં સુધી જ્ઞાનની સ્થિતિ, જે ત્રણ દેહથી પર પોતાને માનવું અને માંહી પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિ પધરાવવી, એ રીતે પોતે જ ધામરૂપ બની રહે, ભગવાનનું શરીર બની જાય, ત્યારે ભગવાનને જવા-આવવાનું રહેતું નથી અને ભગવાન ભુલાતા નથી. માટે આ સ્થિતિ કરીશ તો અખંડ સુખ આવશે.'' એમ ઘણી વાતો કરી તેમને શાંતિ પમાડી.

પ્રાગજી ! તું જૂનાગઢ જજે

ધોલેરાથી ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરતાં કરતાં ભગતજી વરતાલ આવ્યા અને ફરી ગોપાળાનંદ સ્વામીનાં દર્શન કરતાં જ સ્નેહ ઉદય થયો. તે જેમ ચકોર ચંદ્રમામાં જોડાઈ જાય, તેમ સ્વામીમાં જોડાઈ ગયા. સ્વામીને પણ તેમના ઉપર ખૂબ જ પ્રેમ અને પિતા જેમ પુત્રને લાડ કરે તેમ લાડ કરે અને તેમના સર્વ સંકલ્પો કહે અને રમૂજ કરી ખૂબ આનંદ કરાવે.

એક દિવસ સ્વામીએ જરા ગંભીર થઈને પ્રાગજી ભક્તને પાસે બોલાવીને પૂછ્યું : ''પ્રાગજી ! તું જૂનાગઢ જઈશ ?'' સ્વામીએ ફરી કહ્યું : ''પ્રાગજી ! તું જૂનાગઢ જજે અને મેં તને જે જે કોલ આપ્યા છે તે બધા જૂનાગઢના જોગી પૂરા કરશે.'' આ પ્રમાણે સ્વામીની આજ્ઞા થઈ. પરંતુ તેમની સાથેના અત્યંત સ્નેહને કારણે તત્કાળ જૂનાગઢ જવા મન માન્યું નહિ.

અક્ષરધામ સામે દૃષ્ટિ

સંવત ૧૯૦૮ના વૈશાખ માસમાં ગોપાળાનંદ સ્વામી ઉમરેઠથી ઉદાસ થઈને વરતાલ પધાર્યા. ગળે રતવાની ફોડલી થઈ હતી અને લગભગ આઠ ઉપવાસ થયા હતા. પરંતુ યોગબળના પ્રતાપથી દૈનિક ક્રિયા – નાહવું, પૂજા કરવી વગેરે નિયમિત કરતા, પરંતુ પછી ઉપશમમાં જતા રહેતા.

વૈશાખ વદિ ચોથને દિવસે સ્વામી પાસે પ્રાગજી ભક્ત, જાગા ભક્ત તથા શિવલાલભાઈ પણ ઊભા હતા. પૂનમના સમૈયે આવેલા હરિભક્તો ધીરે

ધીરે વીખરાતા હતા. વડોદરાના હરિભક્તો બાપુ રાઈજી તથા પ્રેમાનંદ વગેરે સ્વામીની રજા લેવા આવ્યા. તેમણે સ્વામીને પ્રાર્થના કરી : ''સ્વામી ! અમે તમારા છીએ.'' સ્વામીએ જાગૃત થઈને તેમના તરફ જોયું એટલે બાપુ રાઈજીએ કહ્યું : ''સ્વામી ! અમારા વડોદરા સામી દૃષ્ટિ રાખજો.''

એટલે સ્વામી બોલ્યા : ''હવે વડોદરા સામે દૃષ્ટિ હોય ? હવે તો અક્ષરધામમાં મહારાજ સામે દૃષ્ટિ જોઈએ, કાં જૂનાગઢ જ્યાં સાક્ષાત્ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી બિરાજે છે તેમના સામું દૃષ્ટિ જોઈએ.''

બાપુ રાઈજી તો આ વાતનો મર્મ સમજ્યા નહિ એટલે રજા લઈ ચાલતા થયા, પણ પ્રાગજી ભકત, જાગા ભક્ત અને શિવલાલભાઈ ત્રણેયે મળીને સ્વામીને એકાંતમાં પ્રશ્ન પૂછ્યો : ''સ્વામી ! આપે કહ્યું કે 'અક્ષરધામમાં મહારાજ સામી દૃષ્ટિ હોય' તે તો સમજાયું, પણ જૂનાગઢના જોગી સામી દૃષ્ટિ રાખવાનું કહ્યું તે સમજાયું નહિ.''

સ્વામીએ કહ્યું : ''આ ગુણાતીતાનંદ સ્વામી – જૂનાગઢના જોગી – તો મહારાજને રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે. મહારાજ તેમનાથી અણુમાત્ર છેટા નથી.'' એટલું કહીને વળી શિવલાલભાઈને કહ્યું : ''જો તમારે વ્યવહાર શીખવો હોય, તો સુંદરિયાણાના પૂજા શેઠ પાસે જજો અને વ્યવહાર અને મોક્ષ બંને શીખવા હોય તો જૂનાગઢ શ્રી ગુણાતીતાનંદ સ્વામી પાસે જજો.''

ગોપાળાનંદ સ્વામીનો વિયોગ

પોતાના લાડીલા શિષ્યોને આ પ્રમાણે છેલ્લી શીખ આપીને ગોપાળાનંદ સ્વામી સંવત ૧૯૦૮ના વૈશાખ વદિ ૪ને રવિવારે યોગકળાએ કરીને દેહનો ત્યાગ કરીને શ્રીજીની આજ્ઞાથી અક્ષરધામમાં ગયા અને અખંડ શ્રીજીમહારાજની સેવામાં રહ્યા.

ગોપાળાનંદ સ્વામીના અંતર્ધાન થવાથી પ્રાગજી ભક્તને અત્યંત દુઃખ થયું. અપાર શોકથી દેહ કૃશ થઈ ગયો અને જેમ ખૂબ તપાવેલી રેતીમાં દેહને બાળી મૂકે અને જેવું દુઃખ થાય તેવી બળતરા આખા શરીરે થવા લાગી. આથી અન્ન-જળ પણ લઈ શકાતું નહિ. આમ, વરતાલમાં ચાર-પાંચ દિવસ અન્ન-જળનો ત્યાગ કરીને રહ્યા. સ્વામીને આસને જાય, જ્યાં જ્યાં સ્વામી બેસતા, ફરતા તે સર્વ સ્થળે જાય પણ કોઈ રીતે શાંતિ થાય નહિ.

આથી, તેઓ ત્યાંથી નીકળી ગઢડે આવ્યા. અહીં પણ ઘેલે, લક્ષ્મીવાડીએ, મંદિરમાં જ્યાં જ્યાં જાય ત્યાં સ્વામી જ સાંભર્યા કરે. આથી વધુ ને વધુ શોક થતો ગયો, પણ શાંતિ તો કોઈ રીતે થઈ જ નહિ.

જૂનાગઢ પ્રતિ પ્રયાણ

એ વખતે સિદ્ધાનંદ સ્વામી જૂનાગઢ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા જતા હતા તેમ તેમણે સાંભળ્યું. તેથી તેઓ તેમની પાસે આવ્યા. દંડવત્ કરી પાસે બેઠા, પણ આંખમાંથી આંસુ ચાલ્યાં જાય એટલે કંઈ બોલાય નહિ. પછી સિદ્ધાનંદ સ્વામીએ પૂછ્યું : ''પ્રાગજી ! રુવે છે શા માટે ?''

પ્રાગજી ભક્તે કહ્યું : ''સ્વામી ! મને ગોપાળાનંદ સ્વામીના વિરહનું દુઃખ મટતું નથી અને શાંતિ થતી નથી.''

ત્યારે સ્વામીએ કહ્યું : ''હું જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા જાઉં છું. આ સાધુ પણ અપાર શાંતિ કરી દે એવા છે. તારે જો શાંતિ જોઈતી હોય તો જૂનાગઢ આવ.''

આ વાત સાંભળીને તેમને ગોપાળાનંદ સ્વામીનાં વચન : 'પ્રાગજી ! તું જૂનાગઢ જજે અને મેં તને જે જે કોલ આપ્યા છે તે સર્વે ત્યાં પૂરા થશે' એ સાંભરી આવ્યાં અને વિરહનું દુઃખ કાંઈક ઓછું થયું. પછી રાજી થઈ જૂનાગઢ જવા તૈયાર થયા.

જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શનથી અપાર શાંતિ

પ્રાગજી ભક્ત સિદ્ધાનંદ સ્વામીની સાથે જૂનાગઢ પહોંચ્યા. મંદિરના દરવાજામાં દાખલ થયા એટલે સ્વામીશ્રી ગુણાતીતાનંદ સ્વામી જૂની કમાનોની ધર્મશાળામાં પોતાને આસને બેઠા હતા તે અંતર્યામીપણે જાણીને ઊભા થયા અને ઓસરીની જેર ઉપર આવીને બોલ્યા : ''આ વનનું મૃગલું ક્યાંથી આવ્યું ?'' એટલું બોલીને અમૃત દૃષ્ટિએ તેમના તરફ જોયું. પ્રાગજી ભક્ત પણ સ્વામીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને પગ ઝાલીને રોઈ પડ્યા અને કહ્યું : ''સ્વામી ! ગોપાળાનંદ સ્વામીએ દેહ મૂક્યો પછી મને કંઈ સૂઝતું નથી. મનમાં અખંડ એમ રહ્યા કરે છે કે ગોપાળાનંદ સ્વામી સમર્થ

અને પ્રતાપી હતા ને વળી મારા ઉપર અતિ સ્નેહ હતો. પણ જેવા હતા તેવા ઓળખી શકાયા નહીં અને સમાગમ પણ થઈ શક્યો નહીં. મને તેમના વિયોગનું ઘણું દુ:ખ થાય છે. માટે મને શાંતિ પમાડો. છેલ્લી વખતે મને તેમણે આપનો સમાગમ કરવાનું કહ્યું હતું.''

પછી સ્વામીએ ખૂબ ધીરજ આપી કહ્યું : ''પ્રાગજી ! તું મૂંઝાઈશ નહિ. આ સાધુ પણ ગોપાળાનંદ સ્વામીની પેઠે શાંતિ કરે એવા છે ને તારા મનના બધા મનોરથ પૂરા કરે એવા છે. માટે તું અહીં રહે.''

સિદ્ધાનંદ સ્વામીના વિશ્વાસથી પ્રાગજી ભક્ત એક માસ જૂનાગઢ રહ્યા અને સ્વામીનો સમાગમ કર્યો. સ્વામીનો અપ્રતિમ પ્રતાપ જોઈને તેમને અપાર શાંતિ થઈ ગઈ અને સ્વામીમાં જીવ જોડાઈ ગયો. પ્રાગજી ભક્તનો અતિ તીવ્ર વેગ અને સેવામાં અતિશય તત્પરતા જોઈને સ્વામીએ પણ પોતાનો પ્રૌઢ પ્રતાપ ધીરે ધીરે પ્રગટ કરવા માંડ્યો. શ્રી ગોપાળાનંદ સ્વામીના આશીર્વાદ અને સેવાના ફળરૂપે પ્રાગજી ભક્તે સ્વામીનું સંપૂર્ણ સ્વરૂપ ઓળખી લીધું અને એક માસ જૂનાગઢ રહ્યા તે દરમિયાન મહુવા પોતાના સ્નેહીજનોને કાગળ લખી જણાવ્યું : ''જેને સમાગમ કરવા આવવું હોય તે જૂનાગઢ આવજો. આ સાધુ તો મહાપ્રતાપી છે અને લૂંટવા જેવા છે. નહિ તો પછીથી પસ્તાશો.''

તે કાગળથી મહુવાના હરિભક્તો પણ જૂનાગઢ સ્વામીનો સમાગમ કરવા આવવા લાગ્યા.

આવી રીતે ગોપાળાનંદ સ્વામીના અક્ષરવાસ પછી તે જ વર્ષે બ્રહ્મ-સંબંધની સાંકળ સ્વામી સાથે પ્રાગજી ભક્તે જોડી દીધી અને અનાદિસિદ્ધ હોવા છતાં જગતની દૃષ્ટિએ બ્રહ્મસ્થિતિના માર્ગની મજલ ચાલુ રાખી.

શિવલાલભાઈ ગુણાતીતાનંદ સ્વામીના સમાગમમાં

એ અરસામાં ગોપાળાનંદ સ્વામીની આજ્ઞાથી બોટાદવાળા શિવલાલભાઈ પણ સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ આવતા હતા. સ્વામીની સાથે દેશમાં ફરવા નીકળતાં એક વખત ખારાપાટમાં ફરતાં સ્વામીએ તેમને પૂછ્યું : ''શિવલાલ ! વરતાલમાં ૭૦૦ સાધુ છે, ગઢડામાં ૨૫૦ સાધુ છે અને ધોલેરામાં ૧૨૫ સાધુ છે અને તે બધામાં ઘણાખરા નંદ પંક્તિના મહારાજના મળેલા સાધુઓ છે. છતાં તે બધાને મૂકીને તમે અહીં

કેમ આવ્યા ?''

ત્યારે શિવલાલભાઈએ કહ્યું : ''સ્વામી ! મને ગોપાળાનંદ સ્વામીએ દેહ મૂકતી વખતે જૂનાગઢ જઈને આપનો સમાગમ કરવા કહ્યું હતું. વડોદરાના હરિભક્તોએ પૂછતાં તેમણે 'શ્રીજીમહારાજ તરફ કે જૂનાગઢ આપના તરફ આ ટાણે દૃષ્ટિ જોઈએ,' એવા શબ્દો કહ્યા હતા અને હું સ્વામીની પાસે ઊભો હતો. તે શબ્દો મેં સાંભળ્યા એટલે મને વિચાર થયો કે સત્સંગમાં સર્વોપરી સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી પણ આપનો આવો મહિમા સમજે છે તેથી મારા પિતાએ જો કે અહીં આવવાના ખર્ચના પૈસા ન આપ્યા તો પણ આપનો સમાગમ કરવા આવ્યો છું.''

શિવલાલભાઈના આ ઉત્તરથી સ્વામી બહુ જ રાજી થયા. તેમની આ વાત સાંભળીને ત્યાં બેઠેલા તમામ સાધુ તથા ગૃહસ્થ હરિભક્તોને પણ સ્વામીનો અદ્‌ભુત મહિમા સમજાયો.

આ પ્રમાણે, ખારાપાટમાં ફરતાં ફરતાં એક દિવસ સ્વામીએ, ગ.મ. ૯, ૧૩; ગ.અં. ૩૮; લો. ૧૪ વગેરે વચનામૃતો વંચાવીને શ્રીજીમહારાજના પુરુષોત્તમપણાની ઘણી જ વાતો કરી તથા ગ.પ્ર. ૨૩; ગ.મ. ૩૦, ૪૫; અમ. ૨, ૩ વંચાવીને બ્રહ્મરૂપ થવાની અદ્‌ભુત વાતો કરી અને કહ્યું : ''શ્રીજીમહારાજને પુરુષોત્તમ જાણ્યા સિવાય અક્ષરધામમાં જવાય નહિ અને બ્રહ્મરૂપ થયા વિના મહારાજની સેવામાં રહેવાય નહિ.''

ત્યારે શિવલાલભાઈએ પૂછ્યું : ''મહારાજને પુરુષોત્તમ કેમ જાણવા ? અને બ્રહ્મરૂપ કેમ થવાય ?''

ત્યારે સ્વામી બોલ્યા : ''મહારાજ તો સર્વોપરી ને સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ છે.'' તે ઉપર મધ્યનું નવમું ને છેલ્લાનું આડત્રીસમું વચનામૃત વંચાવીને કહ્યું : ''આજ તો સત્સંગમાં સાધુ, આચાર્ય, મંદિર ને મૂર્તિયું તે સર્વોપરી છે, તો મહારાજ સર્વોપરી હોય તેમાં શું કહેવું ? એ તો સર્વોપરી જ છે એમ સમજવું, અને બ્રહ્મરૂપ તો એમ થવાય છે જે, આવા સાધુને બ્રહ્મરૂપ જાણીને મન, કર્મ, વચને તેનો સંગ કરે છે તે બ્રહ્મરૂપ થાય છે.'' એમ પોતાની છાતી ઉપર હાથ મૂકી પોતાનું સ્વરૂપ શિવલાલભાઈને સમજાવ્યું. જે સાંભળીને તેમને તથા ઈશ્વર ત્રવાડી તથા બીજા હરિભક્તોને અતિશય આનંદ થયો.

સ્વામી ત્યાંથી ફરતાં ફરતાં કુંકાવાવ પધાર્યા અને ત્યાંથી જૂનાગઢ આવ્યા.

અહીં સ્વામીનો સમાગમ કરવા ઉપલેટાથી અરજણભાઈ, લાલાભાઈ તથા વંથળીવાળા કલ્યાણભાઈ વગેરે આવ્યા હતા. સભામાં સ્વામી, મહારાજ પુરુષોત્તમ છે તથા પોતે અક્ષર છે એવી ઘણી વાતો પ્રગટ તથા ગર્ભિત રીતે કરતા અને નિષ્ઠાવાળાને આનંદ પમાડતા. એક દિવસ સભામાં ઈશ્વર ત્રવાડીએ પ્રશ્ન પૂછ્યો : ''શ્રીજીમહારાજને સર્વોપરી ભગવાન કહો છો તે કઈ રીતે ? કારણ કે, બીજા ભગવાને તો વર્તમાન પળાવ્યા વિના કલ્યાણ કર્યાં છે અને મહારાજ તો વર્તમાન પળાવીને કલ્યાણ કરે છે, એમ જોતાં એમાં અસમર્થપણું દેખાય છે.''

તે સાંભળી સ્વામી બોલ્યા : ''બીજા અવતારે કલ્યાણ તો કર્યાં છે, પણ કારણ શરીર ટાળીને કલ્યાણ કર્યાં નથી, ને જો કારણ શરીરના ભાવને ટાળીને કલ્યાણ કર્યાં હોય તો ગૌલોક ને વૈકુંઠલોકમાં કજિયા શા સારુ થાય ? માટે ગૌલોકમાં રાધિકાજીએ શ્રીદામા સાથે વઢવેડ કરી અને વૈકુંઠલોકમાં જય-વિજયે સનકાદિક સાથે વઢવેડ કરી; એમ જાણતાં ત્યાં કારણ શરીર નહિ ટળ્યું હોય ને શ્રીજીમહારાજે તો માયિકભાવ ટાળી, કારણ શરીર કાપીને કલ્યાણ કર્યાં છે એ જ એમનું સર્વોપરીપણું છે. મહારાજ તો કારણ શરીર ટાળવા સારુ સાધુ ને નિયમ તો અક્ષરધામમાંથી લઈને જ પધાર્યા છે. તે માટે સાધુ ભગવાનની ઉપાસના કરાવે છે ને નિયમે કરીને ભગવાનની આજ્ઞા પળાવે છે. તેણે કરીને કારણ શરીરનો નાશ થઈ જાય છે.'' તે ઉપર કારિયાણીનું બારનું વચનામૃત વંચાવીને કહ્યું જે, ''આ વચનામૃતમાં મહારાજે સિદ્ધાંત કહ્યું છે. તે સારું વર્તમાન પળાવીને કલ્યાણ કરે છે, એ હેતુ છે.''

આ ઉત્તર સાંભળીને ઈશ્વર ત્રવાડીને શ્રીજીમહારાજના સર્વોપરીપણાની નિષ્ઠા બેસી ગઈ.

તે જ ચોમાસામાં પ્રાગજી ભક્ત તથા દામા શેઠ, વિઠ્ઠલભાઈ, લીલાધર, ઝીણાભાઈ રાઠોડ, ફૂલચંદભાઈ, ગીગાભાઈ તથા ભવાનીશંકર વગેરે આખો સંઘ, પ્રાગજી ભક્ત થકી સ્વામીના મહિમાની વાતો સાંભળી સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ આવ્યા. અહીં સ્વામીનાં દર્શન તથા સમાગમે કરીને જેવો મહિમા પ્રાગજી ભક્તે સ્વામીનો કહ્યો હતો તે સર્વ યથાર્થ સમજાયો અને અંતરમાં ઘણી જ શાંતિ થઈ.

બીજે વર્ષે સંવત ૧૯૧૦માં સ્વામી ચૈત્રી સમૈયે વરતાલ પધાર્યા. સાથે શિવલાલભાઈ તથા સોરઠના ઘણાખરા હરિભક્તો હતા.

વરતાલમાં સ્વામીએ સર્વોપરી ઉપાસનાની તથા વૈરાગ્યની ઘણી જ વાતો કરી, જેથી વરતાલના કેટલાક ત્યાગી સાધુ તથા બ્રહ્મચારીને સ્વરૂપનિષ્ઠા જેમ છે તેમ સમજાઈ તથા સ્વામીનો મહિમા પણ ઘણો જ જાણ્યો. રઘુવીરજી મહારાજને પણ સ્વામીની વાતો સાંભળી એમ થયું : ‘‘સ્વામીને અખંડ અહીં રાખીને સમાગમ કર્યો હોય તો સારું, પરંતુ તો પછી જૂનાગઢનું મંદિર સ્વામી વિના કોણ ચલાવે ?’’ એવો વિચાર પાછો આવતાં, સ્વામી વરતાલમાં રહી કથાવાર્તા કરે અને છતાં જૂનાગઢનું મંદિર પણ સચવાય એવો તોડ કાઢી, સત્સંગિજીવનની કથા કરાવવી અને તે પ્રસંગે સ્વામીને સાત માસ વરતાલ રાખવા એવું નક્કી કર્યું. પછી સ્વામીને વાત કરી : ‘‘સાત માસ સુધી રહેવાય એવી વ્યવસ્થા કરીને આપ પધારો; જેથી સમાગમનો અખંડ લાભ દરેકને મળે.’’

આચાર્ય મહારાજનાં આ વચન સાંભળી સ્વામી અત્યંત રાજી થયા. સમાગમનો કેટલો ખપ છે ! એમ વિચારી તરત હા પાડી.

વરતાલમાં છાવણી

સંવત ૧૯૧૧ના ચૈત્ર સુદિ ૯ના સમૈયા ઉપર સ્વામી વરતાલ પધાર્યા અને સમૈયા પછી જૂનાગઢ જઈને પુનઃ વરતાલ પધાર્યા અને સત્સંગિજીવનની કથાનો આરંભ કર્યો.

આ પ્રસંગે અમદાવાદથી આચાર્ય મહારાજ તથા આનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, જ્ઞાનપ્રકાશાનંદ સ્વામી, તદ્રૂપાનંદ સ્વામી, બદ્રિનાથાનંદ સ્વામી, શ્રીગુરુચરણરતાનંદ સ્વામી, સ્વામી નિર્ગુણદાસજી, વ્રજવલ્લભદાસજી, વૃંદાવનદાસજી વગેરે ઘણા ઘણા સાધુ, હરિભક્તો કથા તથા સ્વામીની વાતો સાંભળવા આવ્યા હતા. તેમજ આ દેશના શાંતાનંદ સ્વામી, પુરુષોત્તમાનંદ સ્વામી, જગન્નાથાનંદ સ્વામી, હરિહર્યાનંદ સ્વામી, વાસુદેવચરણદાસજી, કૃષ્ણચરણદાસજી, બાપુ રતનજી પાળા, ઠાસરાવાળા લલ્લુભાઈ દેસાઈ, ઉમરેઠના હરિકૃષ્ણ ભટ્ટ, શિવલાલભાઈ, પ્રાગજી ભક્ત, શામજીભાઈ, જાગા ભક્ત, મનજી ઠક્કર, કારિયાણીના નથુ પટેલ, વસોના

વાઘજીભાઈ, સારંગપુરના જેઠા ખાચર, ઝીંઝુવાડાના જીવરાજ શેઠ, દદુકાના દેવરાજભાઈ, આણંદના જીભાઈ શેલત, સુરતના કરસનજી દેસાઈ, ઉપેન્દ્રાનંદ સ્વામી, મુકુંદદાસજી, ધર્મપ્રસાદદાસજી, બાપુ ભગત, કરુણાશંકર, બાપુલાલ ચોકસી, મહીજીદાદા, પીજવાળા શિવલાલભાઈ આદિ હજારો હરિભક્તો એકત્ર થયા હતા.

રોજ શુકાનંદ મુનિ, ભોળાનાથ શાસ્ત્રી તથા શાસ્ત્રી બળરામદાસ વારાફરતી કથા વાંચતા. કથાની બે વખત સમાપ્તિ પછી તથા રાત્રે સભામાં સાધુની ધર્મશાળાના વચલા પગથિયા આગળ સ્વયંપ્રકાશાનંદ સ્વામીના આસને સ્વામી, મહારાજના પુરુષોત્તમપણાની તથા ધર્મામૃત, નિષ્કામ-શુદ્ધિ, શિક્ષાપત્રી, ચોસઠપદી વગેરે ઉપર ઘણી વાતો કરતા.

એક દિવસ સ્વામીએ વાત કરી : ‘‘હજી સત્સંગ ક્યાં થયો છે ? તે સત્સંગ ક્યારે થાય ? તો જ્યારે બદરિકાશ્રમ જેવું ને શ્વેતદ્વીપ જેવું સ્થાનક હોય ને મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી ને સ્વરૂપાનંદ સ્વામી એવા મોટાનો નિરંતર સંગ હોય ને બ્રહ્માના કલ્પ પર્યંત આયુષ્ય હોય, ત્યાં સુધી જ્ઞાનગોષ્ઠિ કરીએ ત્યારે સત્સંગ થાય છે, પણ તે વિના સત્સંગ થાય નહિ.’’ એમ કહીને વળી બોલ્યા જે, ‘‘ક્યાં ગુરુ કર્યા છે ? ને ગુરુ કર્યા હોય તો તેના ગુણ આવવા જોઈએ ને ?

सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दनः ।
पार्थो वत्सः सुधीर्भोक्ता दुग्धं गीतामृतं महत् ॥

એમ કોઈએ કર્યું છે ? જેમ ભગવાને ગીતાની ગાય કરી ને અર્જુનને વાછડો કરીને દૂધ પાયું, એમ કોઈને ધાવ્યા છો ? અને જેને સામા ધવરાવ્યા હોય તે તો ગુડીયું વાળે નહિ, ને લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ ને માન એમાં જે ગુડીયું વાળે છે ત્યાં સુધી ગુરુ કર્યા નથી અને ગુરુ કર્યા હોય તે તો ગુડીયું વાળે જ નહિ.’’

એવી આકરી વાત સાંભળીને કેટલાક સાધુ તથા હરિભક્તો ઝાંખા પડી ગયા અને ગોમતીને કાંઠે ભેગા થઈને કહેવા લાગ્યા : ‘‘હજુ આપણે ગુરુ જ કર્યા નથી તો કલ્યાણ ક્યારે થશે ?’’

એ વાત સાંભળીને ભોળાનાથ શાસ્ત્રી કહેવા લાગ્યા : ‘‘સ્વામીની વાતોથી સમાસ થતો નથી. વળી, સ્વામી પણ પૂરી કથા વાંચવા દેતા નથી

અને એક અધ્યાય વંચાય ત્યાં 'શ્રીપતિમ્' કરીને વાતો કરે છે. માટે હવેથી શુકમુનિ વાતો કરે, કારણ કે તે શાસ્ત્રના જાણનારા રહ્યા. માટે તેમની વાતોથી સમાસ થશે.''

આ પ્રમાણે કેટલોક ઊહાપોહ થયો. એટલે તે દિવસે સાંજે શુકમુનિ ખુરશી ઉપર બેસી વાતો કરવા લાગ્યા. એમ બે દિવસ શુકમુનિએ વાતો કરી, પણ સાદ ઝીણો અને શાસ્ત્રોની વાતો એટલે સ્વામીની વાતો જેટલો કોઈને રસ ન પડ્યો અને રુચિવાળા સંતો તથા હરિભક્તોને આનંદ ન થયો.

રઘુવીરજી મહારાજને દર્શન

તે જ રાત્રે શ્રીજીમહારાજે રઘુવીરજી મહારાજને દર્શન દઈને કહ્યું : ''ગુણાતીતાનંદ સ્વામીને અહીં કેમ રાખ્યા છે ? તેમની વાતો સાંભળવી હોય તો રાખો, નહિ તો તેમને જૂનાગઢ જવા દ્યો.''

બીજે દિવસે સવારે આચાર્ય મહારાજે કેટલાક સંત-હરિભક્તોને બોલાવીને પૂછી જોયું તેમજ નારાયણદાસ ભંડારીને પણ પૂછ્યું. ત્યારે તેમણે કહ્યું : ''ગુણાતીતાનંદ સ્વામી વાતો કરે છે તેથી કેટલાકને ત્યાગ અને વૈરાગ્યની ખુમારી ચઢે છે અને પંગતમાં લાડવા પણ લેતા નથી અને બે મણ ઘીની બચત થાય છે.''

એટલે રઘુવીરજી મહારાજે સભામાં વાત કરી : ''સર્વે સાંભળો, આ સત્સંગિજીવનની કથા જ્યાં સુધી ચાલશે ત્યાં સુધી ગુણાતીતાનંદ સ્વામી જ વાતો કરશે અને જે ત્યાગીને ન સદે તે ગામડામાં ફરવા જજો.'' એમ કહીને સ્વામીને સભામાં ખુરશીએ બેસાડી, વાતો કરવા વિનંતી કરી અને આચાર્ય મહારાજે પોતે સ્વામીની પૂજા કરી. આ સમયે અનંત બ્રહ્માંડના દેવતાઓ વિમાન લઈને સ્વામીનાં દર્શને આવ્યા અને દિવ્યરૂપે સ્વામીની પુષ્પ-ચંદનથી વૃષ્ટિ કરી પૂજા કરી. તે દિવ્ય દર્શન પાળિયાદના ભાણજી પંડ્યાને થયાં અને તેણે હેતવાળા સર્વેને આ વાત કરી. આ પ્રમાણે સ્વામીનો અપરિમિત મહિમા સત્સંગમાં પ્રસિદ્ધ થયો.

આવી રીતે સ્વામીએ સાત માસ સુધી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને ઉપાસનાની અલૌકિક વાતો, અષાઢી મેઘ જેમ વરસે તેમ કરી અને સર્વે મુમુક્ષુને અપાર સુખ આપ્યું. આ સર્વે વાતો પ્રાગજી ભક્તે, માછલી જેમ

સ્વાતિનાં બુંદ ઠેકીને ઝીલે, તેમ ઝીલી લીધી. પ્રાગજી ભક્તની અપૂર્વ સ્મરણશક્તિ અને વાતો કહેવાની અદ્‌ભુત શૈલીથી, બાપુ રતનજીને મેડે આ સર્વ વાતો, સવારમાં સાંભળી હોય તે, રાત્રે બાપુ રતનજી તેમની પાસે કહેવડાવતા. બાપુ રતનજી, જગન્નાથાનંદ સ્વામી, શાંતાનંદ સ્વામી, વાસુદેવાનંદ સ્વામી, વાસુદેવચરણદાસજી, કવિ ઉપેન્દ્રાનંદ સ્વામી, મુકુંદ-જીવનદાસજી, કૃષ્ણચરણદાસજી, ઠાસરાના લલ્લુભાઈ દેસાઈ, ઉમરેઠના હરિકૃષ્ણભાઈ, વસોના માન ગઢવી તથા ગિરધર બારોટ વગેરે આ સભામાં અખંડ બેસતા. પ્રાગજી ભક્ત પણ સ્વામી પાસેથી સાંભળેલી તમામ વાતો, જૂનાગઢમાં સાંભળેલી તથા ગોપાળાનંદ સ્વામીની કહેલી વાતો, વચનામૃતના મુદ્દાસર કહેતા અને સર્વે સદ્‌ગુરુ તથા હરિભક્તોને અપાર આનંદ થતો. આ પ્રમાણે તેમની પાસે નિરંતર વાતો કરાવતા. બ્રહ્મભાવની આવી અદ્‌ભુત વાતો ઝીલનાર આ શક્તિશાળી પ્રાગજી ભક્તનો મહિમા ત્યારથી સત્સંગમાં ફેલાવા લાગ્યો.

આ પ્રમાણે સાત માસનો અખંડ બ્રહ્માનંદ કરાવી સ્વામી જૂનાગઢ પધાર્યા અને પ્રાગજી ભક્ત મહુવા ગયા.

‘સ્વામી મૂળ અક્ષર છે’ એ સમજણની શરૂઆત

સંવત ૧૯૧૨-૧૩માં સ્વામી વરતાલ સમૈયે આવ્યા ત્યારે ભગતજી પણ સમૈયામાં સ્વામી સાથે હતા. સમૈયામાં સ્વામી સાથે રહીને મહુવા જાય અને વળી ચોમાસામાં જૂનાગઢ સમાગમ કરવા જાય. આમ, એક વર્ષમાં આઠ માસ સ્વામીના સમાગમમાં કાઢતા. પરંતુ સંવત ૧૯૧૪ની સાલે ચૈત્રી સમૈયે વરતાલ જઈ ન શક્યા.

સ્વામી વરતાલ પધાર્યા અને તેમની સાથે ઉમરેઠના હરિકૃષ્ણભાઈ, આણંદના જીભાઈ શેલત, ખંભાતના જગુભાઈ વગેરે હતા. સભામાં સ્વામી, અક્ષર અને પુરુષોત્તમનું પ્રતિપાદન કરે અને અક્ષરને ઓળખ્યા સિવાય પુરુષોત્તમની જેમ છે તેમ ઓળખાણ થાય જ નહિ એમ સ્પષ્ટ સમજાવે. વળી, એકાંતમાં આસને પણ આ વાતનું ખુલ્લું પ્રતિપાદન કરતા.

સમૈયો પૂરો થયો એટલે સ્વામી વરતાલથી નીકળ્યા અને મહેળાવ પધાર્યા. ત્યાં કાનજી કૂવે ઊતર્યા હતા. આ વખતે ગઢડાના કેટલાક સાધુ પણ

સ્વામીની ભેગા હતા.

મહેળાવથી નીકળી સ્વામી સીંજીવાડે પધાર્યા. અહીં પ્રભુદાસ બારોટે સ્વામીની સેવા કરી. તેથી સ્વામીએ તેને બોલાવીને કહ્યું : ''જેને મરીને પામવા હતા તેવા સાધુ તમારે ત્યાં આવ્યા છે, જો ઓળખાય તો.'' એમ કહીને રાજી થઈને અક્ષરપુરુષોત્તમના મહિમાની ઘણી વાતો કરી.

પછી સ્વામી ત્યાંથી નીકળી ધોલેરે પધાર્યા. અહીં સભામાં કમિયાળાવાળા મોડભાઈએ સ્વામીને પૂછ્યું : ''સ્વામી ! અક્ષરધામ કેવું હશે તે દેખાડો.''

ત્યારે સ્વામીએ કહ્યું : ''અક્ષરધામ તમારી આગળ જ બેઠું છે.'' એમ વાત કરીને મર્મમાં કહ્યું : ''એ નિષ્ઠા જો પાકી થાય તો સ્વામિનારાયણની ચોખ્ખી નિષ્ઠા થઈ ગણાય.''

આમ, સ્વામીના અક્ષરપણાની પ્રવૃત્તિની શરૂઆત ધીરે ધીરે થવા લાગી. ધોલેરામાં ત્યાંના કોઠારી બેચર ભગતને સ્વામીનાં દિવ્ય સ્વરૂપે દર્શન થયાં હતાં. તે સ્વામી જ્યારે ત્યાં પધાર્યા ત્યારે ઓળખીને પગે લાગ્યા અને સ્વામીનો અદ્‌ભુત પ્રતાપ સમજાયો.

અહીંથી સ્વામી ચાલ્યા તે ગામ ખાંભડે પધાર્યા.

ભગતજીને જ્ઞાન આપવાનો સ્વામીનો સંકેત

આ સમૈયામાં પ્રાગજી ભક્ત આવી શક્યા ન હતા. એટલે તેમણે ધાર્યું કે સ્વામી ગઢડા પધારશે એમ વિચારી તેમની સાથે મહુવાના વણિક હરિભક્ત જેઠાભાઈને લઈ ગઢડા આવ્યા. અહીં સ્વામી આવ્યા ન હતા. ખબર આવી હતી કે સ્વામી સારંગપુર આવ્યા છે. એટલે તે બંને ચાલ્યા અને સંધ્યા વખતે સારંગપુર આવ્યા. અહીં સ્વામીના મંડળના સાધુઓ આવ્યા હતા. તેમણે ખબર આપી કે ''સ્વામી ખાંભડાના હરિભક્તોના આગ્રહથી ત્યાં થોડા સાધુ તથા હરિભક્તો સાથે રોકાયા છે.''

પ્રાગજી ભક્તે વિચાર કર્યો કે સ્વામી તો હવે સવારમાં પધારશે. માટે આખી રાત સ્વામી વગર નકામી ન ખોવી. એમ વિચાર કરી સારંગપુરથી રાત્રે સભા, ચેષ્ટા કરીને તે તથા જેઠાભાઈ બંને નીકળ્યા. રસ્તે જતાં પુષ્કળ વંટોળિયો થયો અને મુશળધાર વરસાદ શરૂ થયો. સર્વત્ર અંધારું થઈ ગયું અને

વીજળીના ઝબકારા તથા કડાકા થવા લાગ્યા. માર્ગ કંઈ સૂઝે નહિ. પ્રાગજી ભક્ત તો 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' ભજન કરતાં જેઠાભાઈનો હાથ પકડી સૂઝે તેવે રસ્તે ચાલવા લાગ્યા. એમ કરતાં માર્ગમાં ભૂલા પડ્યા, ત્યારે સ્વામીએ દિવ્ય સ્વરૂપે દર્શન દીધાં અને માર્ગ બતાવ્યો.

બરાબર આ જ સમયે સ્વામીએ ખાંભડાના મંદિરમાં શિવલાલભાઈને પૂછ્યું : ''શિવલાલ ! આ ટાણે મારો પ્રાગજી ક્યાં હશે ?''

એટલે સ્વામીનો અભિપ્રાય જાણી શિવલાલભાઈએ કહ્યું : ''સામો માણસ મોકલીએ ?''

ત્યારે સ્વામીએ કહ્યું : ''એ અત્યારે અહીં ક્યાંથી હોય ? એ તો મુંબઈ હશે !'' એમ કહી વાત ફેરવી નાખી.

થોડી વારે પ્રાગજી ભક્ત તથા જેઠાભાઈ આવી પહોંચ્યા અને પલળતાં વસ્ત્રે સ્વામીને દંડવત્ કરી પગે લાગીને બેઠા. એટલે સ્વામીએ પૂછ્યું : ''કોણ એ ?''

ત્યારે તેમણે કહ્યું : ''એ તો હું પ્રાગજી.''

એ સાંભળી સ્વામી તરત ઊઠ્યા અને હસીને પ્રાગજી ભક્તને મળ્યા અને કહ્યું : ''આવ્યા ? અત્યારે ક્યાંથી ?'' એટલે તેમણે સર્વ વૃત્તાંત કહ્યું. તેમની આવી તીવ્ર શ્રદ્ધા જોઈને સ્વામી અત્યંત રાજી થયા.

તારી ભૂખ મને લાગી છે

જેઠાભાઈ સ્વામીને ધરાવવા માટે થેક લાવ્યા હતા તે તેમણે સ્વામીને આપી. ત્યારે સ્વામી પોઢ્યા હતા તે બેઠા થઈ ગયા અને કહ્યું : ''રામચરણદાસ ! કોઈ દિવસ નહિ અને આજે મને ભૂખ લાગી છે, કંઈ ખાવાનું હોય તો લાવો.'' એટલે રામચરણદાસ બાજરાનો રોટલો લાવ્યા.

સ્વામી આસન ઉપરથી નીચે ઊતરી થોડો રોટલો જમ્યા અને પછી પ્રાગજી ભક્તને બોલાવીને કહ્યું : ''કોઈ દહાડો નહિ અને આજે મને ભૂખ કેમ લાગી ? પ્રાગજી ! તું ભૂખ્યો તો નથી ને ?''

ત્યારે પ્રાગજી ભક્તે કહ્યું : ''સ્વામી ! ભૂખ્યો તો છું.''

એ સાંભળીને સ્વામીએ વધેલો પ્રસાદીનો રોટલો તેમને આપ્યો અને કહ્યું : ''તારી ભૂખ મને લાગી છે. તે તું ખાઈશ એટલે મને ભૂખ મટશે.''

ત્યાર પછી થેકમાંથી થોડી થેક જેઠાભાઈને આપી તેમને પણ જમાડ્યા. એવી રીતે ભગતજીના પ્રેમને વશ થઈને સ્વામીએ તેમને અપાર સુખ આપ્યું. પછી બંનેને ત્યાંના હરિભક્તને ઘેર સૂવા જવાની આજ્ઞા કરી.

પાછલી રાત્રે સૌ ઊઠ્યા અને સારંગપુર જવા તૈયાર થયા. સ્વામી એક સાધુનો હાથ પકડીને પ્રાગજી ભક્તને બોલાવવા જતા હતા ત્યાં પ્રાગજી ભક્ત તથા જેઠાભાઈ બંને સામા મળ્યા અને સ્વામીને દંડવત્ કર્યા. સ્વામીએ તેમને કહ્યું : ''તમોને બોલાવવા જ આવતો હતો તે હવે ચાલો.'' એમ કહી પોતે ગાડામાં બેઠા અને એ બંને ગાડાને ઝાલીને ચાલવા લાગ્યા.

સારંગપુર આવતાં સ્વામી ગાડામાંથી નીચે ઊતર્યા અને મોટા કુંડે નાહવા ગયા. ભગતજી તથા જેઠાભાઈ બંને સાથે હતા. ભગતજીએ તુંબડીમાં પાણી ભરી લીધું અને સ્વામીનો હાથ પકડી નદી ઊતર્યા અને સ્વામી દક્ષિણ દિશાએ બહિર્ભૂમિ ગયા. ભગતજી તથા જેઠાભાઈ બંને ખેતરમાં બેઠા. થોડી વારે સ્વામી પધાર્યા. ભગતજી તેમના હાથ ધોવરાવતા હતા. એ વખતે સ્વામીએ તેમને સંબોધીને કહ્યું : ''પ્રાગજી ! અમે આટલા દિવસ તો જ્ઞાન ભેગું કરતા હતા અને મોટા મોટા સાધુ પાસે અનેક વાતો સાંભળી ભેગી કરી છે. તે કોઈ ઉત્કૃષ્ટ શ્રદ્ધાવાન પાત્ર મળે તો તેને આપવું છે.''

ત્યારે પ્રાગજી ભક્તે કહ્યું : ''સ્વામી ! મને આપો. હું એ લઈ પ્રવર્તાવીશ.''

તેમની આવી તત્પરતા જોઈ સ્વામી પ્રસન્ન થયા. પરંતુ આવું માયા પરનું જ્ઞાન અને સાક્ષાત્ મૂળબ્રહ્મના સંબંધની સ્થિતિ, એ કંઈ જેવી તેવી વાત ન કહેવાય. એટલે સ્વામીએ જરા ગંભીર થઈને કહ્યું : ''આ જ્ઞાન એમ મળે તેવું નથી. એ તો સંસાર છોડી અખંડ અમારી પાસે રહે અને દેહ, ઇન્દ્રિયોના ચૂરેચૂરા કરી નાંખે ત્યારે મળે તેવું છે. માટે જો લેવું હોય, તો ઘર બાળી દઈને આવજે.''

આટલી વાત કરીને સ્વામીએ જેઠાભાઈને કહ્યું : ''તમે વાણિયા છો, સમજુ છો, તો સ્વામિનારાયણનું ભજન કરજો. હું તમને અક્ષરધામમાં તેડી જઈશ. આ પ્રાગજીને મોટા મોટા મનસૂબા છે અને આગળ એને ભારે ભારે કામ કરવાનાં છે, માટે એને આ જ્ઞાન લેવા દ્યો.'' એમ કહીને જેઠાભાઈને ધીરજ આપી.

પ્રાગજી ભક્ત સ્વામીનો અભિપ્રાય સમજી ગયા અને મનમાં એમ થયું

કે આવો અવસર ફરી ફરી મળે તેવો નથી, અને સર્વોપરી અક્ષરમૂર્તિ જેવા જ્ઞાનદાતા પણ ફરી મળે તેવા નથી. માટે ગમે તેમ કરી લોકલાજ, દેહસુખ, ઘર, સ્ત્રી આદિનો ત્યાગ કરી એમને એવા વશ કરી લેવા કે એમના અંતરમાં જ એમ થાય જે, ''આને શું ન આપું ?'' એમ કરવાનો પોતે ઠરાવ કરી લીધો.

પછી સ્વામી નાહ્યા અને ત્યાંથી મંદિરે પધાર્યા. બીજે દિવસે સારંગપુરથી નીકળી સ્વામી બોટાદ પધાર્યા.

પ્રાગજી આવશે ત્યારે જ હું પીરસીશ

સ્વામી શિવલાલભાઈના આગ્રહથી બોટાદ રોકાયા. શિવલાલભાઈને સંકલ્પ હતો કે સ્વામી પંક્તિમાં સૌને પીરસે, માટે સ્વામી કહે તે રસોઈ કરાવવી. તેથી મોતૈયા લાડુની રસોઈ કરાવી અને સ્વામી પંક્તિમાં પીરસવા નીકળ્યા. બધે પીરસતાં પાર્ષદોની પંક્તિમાં ગયા અને ત્યાં પ્રાગજી ભક્તને ન દીઠા, એટલે સ્વામીએ પૂછ્યું : ''પ્રાગજી ક્યાં છે ?''

ત્યારે રામચરણદાસે કહ્યું : ''શેઠે કહ્યું છે કે હરિભક્તોને પછી જમાડશું, એટલે પાછળ રહ્યા છે.''

આ સાંભળી સ્વામી એકદમ અકળાઈ ગયા અને ઊભા રહીને બોલ્યા : ''એને અહીં તો બોલાવો. બાપડો રાત-દિવસ સેવા કરે છે અને તેને બીજા હરિભક્તો સાથે ગણો છો ? એને બોલાવો. એ આવશે પછી હું પીરસીશ. નહિ તો આ રહ્યું, તમે પીરસી લ્યો.'' એમ કહી સ્વામી ઊભા રહ્યા. એટલે ભગતજીને કેશવ ભગત બોલાવી લાવ્યા અને તેમને પંક્તિમાં બેસાર્યા ત્યારે સ્વામીએ પીરસ્યું. ભગતજીએ સ્વામીને એવા વશ કરી દીધા હતા કે તેમના વગર એક ક્ષણ પણ સ્વામી રહી શકતા નહિ. સ્વામીનો આવો અપાર પ્રેમનો સ્રોત પ્રાગજી ભક્ત તરફ સદા વહેતો.

બોટાદમાં સ્વામી ત્રણ દિવસ રોકાયા અને ત્યાંથી ગઢડે જઈ જૂનાગઢ પધાર્યા. ભગતજી ગઢડેથી મહુવા ગયા.

સ્વામી અક્ષર છે એ નિષ્ઠા કર્યા વગર અક્ષરધામમાં જવાશે નહિ

મહુવામાં પણ ભગતજીની આ જ પ્રવૃત્તિ હતી કે કેમે કરીને સ્વામીનું સ્વરૂપ બધાને સમજાવી દેવું. મહુવા મંદિરમાં પોતે અખંડ વાતો કરતા અને

ત્યાંના હરિભક્તો દામા શેઠ, ફૂલચંદભાઈ, લીલાધર, ભવાનીશંકર, ગીગાભાઈ વગેરે તેમની પાસે બેસતા. એક વખત દામા શેઠે પ્રશ્ન પૂછ્યો : ''પ્રાગજી ! સત્સંગમાં વાતું થાય છે કે સ્વામી અક્ષર છે; તે અક્ષર એટલે શું ? અને તે આપણે શા માટે સમજવું જોઈએ ?''

ત્યારે ભગતજીએ કહ્યું : ''આ ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે, એમ સત્સંગમાં મોટા મોટા થકી પણ મેં ઘણીખરી વાત કાનોકાન સાંભળી છે. શ્રીજીમહારાજે પણ કહ્યું છે : 'ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે, પણ એ બીજાને દેખ્યામાં આવે નહિ.' (ગ.પ્ર. ૭૧). આમાં જે અક્ષરધામ કહ્યું છે તેનાં બે સ્વરૂપ છે, એક નિરાકાર એકરસ ચૈતન્ય છે, તેને ચિદાકાશ કહીએ, બ્રહ્મમોહોલ કહીએ; અને એ અક્ષર બીજે રૂપે કરીને પુરુષોત્તમ નારાયણની સેવામાં રહે છે. અને એ અક્ષરધામને પામ્યો જે ભક્ત તે પણ અક્ષરના સાધર્મ્યપણાને પામે છે અને ભગવાનની અખંડ સેવામાં રહે છે. (ગ.પ્ર. ૨૧). માટે જો અક્ષરધામ પામવું હોય તો અક્ષરના સાધર્મ્યપણાને પામવું જ પડશે અને તો જ મહારાજની અખંડ સેવામાં રહેવાશે. અક્ષર જે મહારાજની સેવામાં સાકાર સ્વરૂપે અક્ષરધામમાં રહ્યા છે તે જ મૂર્તિમાન મહારાજની સાથે અહીં પણ પધાર્યા છે અને તે જ આ ગુણાતીતાનંદ સ્વામી છે. તેને ઓળખીને, સેવીને, તેના જેવા ગુણ છે તે જો પ્રાપ્ત કરીએ તો જ મહારાજની હજૂરમાં, સેવામાં રહેવાય. તે અક્ષરના શું ગુણ છે ? તો પ્રથમ તો –

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति ।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥

– ભગવદ્‌ગીતા : ૧૮-૫૪

સદા પ્રસન્ન, હર્ષ-શોકથી રહિત અને ભૂતપ્રાણીને વિષે સમભાવવાળા જે બ્રહ્મરૂપ ભક્ત તે જ મારી પરાભક્તિને પામે છે.

''વળી, શ્રીજીમહારાજે પણ કહ્યું છે કે -

निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् ।
विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥

– શિક્ષાપત્રી : ૧૧૬

ત્રણ દેહ, ત્રણ અવસ્થા અને ત્રણ ગુણથી પર થઈ બ્રહ્મ સાથે એકતા કરી વર્તવું એ બ્રહ્મની સ્થિતિ છે. એવી રીતે જે વર્તે છે તે જ મારી ભક્તિ કરી

સ્વામી પોતે સમજતા નહોતા એમ તેઓ કહેતા.

''વરતાલમાં એક વખત સ્વામી પધાર્યા ત્યારે ગોપાળાનંદ સ્વામી પણ સાથે હતા. તે વખતે ગોપાળાનંદ સ્વામીએ તેમના સાધુ કેશવજીવનદાસ - જે હિંદુસ્તાની સાધુ હતા - તેમને બોલાવીને વાત કરી : 'તું અમદાવાદ ગયો ત્યારે ત્યાંના સાધુએ તને કહ્યું હતું : 'તું હિંદુસ્તાની સાધુ છે અને એ દેશ અમદાવાદનો છે માટે જો અમદાવાદ રહીશ તો કલ્યાણ થશે.' એ વાતની તને ખબર છે ને ?' ત્યારે તેણે કહ્યું : 'હા મહારાજ ! અને એ વાત મને વસમી લાગી એટલે આપની પાસે હું નાવલી આવ્યો. તે વખતે આપે મને કહ્યું હતું કે 'હું બેય દેશનો મોટેરો છું. માટે હું તને છતી દેહે અક્ષરધામ આપીશ.' એ સર્વે વાત મને ઈદં યાદ છે.' એટલે તેણે વાત કરી ત્યારે ગોપાળાનંદ સ્વામી તેનું કાંડું પકડીને સ્વામી પાસે લઈ ગયા અને કહ્યું : 'આ ગુણાતીતાનંદ સ્વામી સાક્ષાત્ અક્ષરધામનો અવતાર છે. તેમની ભેગો આજથી તું રહેજે અને તે તને વાતો કરી છતી દેહે અક્ષરધામ મળ્યાનું સુખ પમાડી દેશે. એ તો અખંડ વાતો જ કરે છે છતાં એમનું માથું દુખતું નથી અને મારું તો માથું દુઃખી જાય છે. માટે તારા જેવા પરદેશીનું એ પાર પાડશે.' આ વાત પણ મેં ગોપાળાનંદ સ્વામી થકી જ સાંભળી છે. માટે સ્વામી અક્ષર છે એવી પાકી નિષ્ઠા જો કરશો તો સ્વામીમાં મહારાજ અખંડ રહ્યા છે એટલે મહારાજ મળ્યાનું સુખ પામશો.'' એમ પ્રાગજી ભક્તે સ્વામીના મહિમાની ઘણી વાત કરી. તે સાંભળી સર્વે હરિભક્તોને સ્વામી અક્ષર છે એવી નિષ્ઠા થઈ.

બીજા એક પ્રસંગે ફૂલચંદભાઈએ પ્રાગજી ભક્તને કહ્યું : ''પ્રાગજીભાઈ ! તમે સ્વામીનો ઘણો સમાગમ કરો છો અને હમણાં હમણાં સ્વામી, મહારાજના પુરુષોત્તમપણાની ઘણી વાતો કરે છે. તે જે જે વાતો સાંભળી હોય તે કહો, જેથી અમો સર્વેને મહારાજના સર્વોપરીપણાની નિષ્ઠા થાય.''

આ વાત સાંભળીને ભગતજીએ ખૂબ વિચાર કરીને તેમને કહ્યું : ''સાંભળો, સ્વામી પુરુષોત્તમપણાની ઘણી જ વાતો કરે છે. પણ તે વાત બધાને રુચતી નથી. તેનું શું કારણ છે ? એક અક્ષરબ્રહ્મ તેને જ પુરુષોત્તમની મોટપ છે, બીજાને તે મોટપ સમજાતી નથી. તેનું કારણ શાસ્ત્રકારોએ

શાસ્ત્રમાં બધા અવતાર સરખા જ છે એવું પ્રતિપાદન કરી દીધું છે. પરંતુ શાસ્ત્રના શબ્દ સત્પુરુષના સમાગમથી સવળા સમજાય છે અને એમ સત્પુરુષનો સમાગમ કરતાં કરતાં તેમના જેટલી મોટપ જ્યારે આપણામાં આવે, ત્યારે મહારાજનું પુરુષોત્તમપણું યથાર્થ સમજાય. મહારાજે કહ્યું છે : 'જે જીવ સંતનો સમાગમ કરીને એ પુરુષોત્તમ ભગવાનનો આવો મહિમા સમજે છે, ત્યારે એનાં ઇન્દ્રિયો, અંતઃકરણ સર્વે પુરુષોત્તમરૂપે થઈ જાય છે, ત્યારે તેમણે કરીને એ ભગવાનનો નિશ્ચય થાય છે.' (ગ.પ્ર. ૫૧). એવી સ્થિતિ તો સ્વામીના સમાગમે કરીને જ થાય. માટે તમો સર્વે પણ જો એવા જોગમાં અખંડ આવો, તો અવયવ ફરવા માંડે અને જીવમાં નિશ્ચય થવાની શરૂઆત થાય. સ્વામી તો છડેચોક આ વાત એટલા માટે કહે છે કે જે પાત્ર હશે તેના જીવમાં આ વાત ઠરશે અને તેને ધીરે ધીરે નિશ્ચય થવા માંડશે.

''આપણા સત્સંગમાં વર્તમાનકાળે સૌથી મોટેરા અત્યારે રઘુવીરજી મહારાજ છે. આચાર્ય તરીકે તો તે સૌથી મોટા છે જ, પરંતુ તેમની ત્યાગ-વૈરાગ્યની છટા પણ મહારાજ જેવી જ છે. વળી, કથાવાર્તામાં આસક્તિ, તેણે કરીને આ દેહે કરીને ભગવાન અખંડ રહે તેવી સ્થિતિ કરી દેવી એવો જ ઈશક તેમને છે. તેથી સ્વામીના સમાગમમાં તેઓ ઘણું રહે છે. તેમને સ્વામીનો એટલો બધો મહિમા છે કે જ્યારે જ્યારે પોતે સ્વામી ભેગા હોય ત્યારે સ્વામી સારુ પોતે જ નિત્ય પહેલી થાળી મોકલે. કોઈ સેવક વખતે તૈયાર ન હોય તો પ્રથમ સ્વામીની થાળી પૂરી, કોરે મૂકીને પછી જ જમે. એક વખત સ્વામીના શિષ્ય રામચરણદાસજીના શિષ્ય હરગોવિંદદાસજી રોજના નિયમ પ્રમાણે રામચરણદાસજીની આજ્ઞાથી સ્વામી સારુ થાળી લેવા રઘુવીરજી મહારાજ પાસે ગયા. ત્યારે રઘુવીરજી મહારાજે તેમને બે થાળી આપી અને કહ્યું : 'આ થાળી તમારી સેવકની અને આ થાળી સ્વામીની.' ત્યારે તેમણે કહ્યું : 'બેમાંથી ગમે તે સ્વામીને આપીશ.' એ સાંભળીને રઘુવીરજી મહારાજે કહ્યું : 'રખે એમ કરતા, અને નિત્યે આવું જ કરો છો ? આવું કરતા હો તો મને ઘણો જ અપરાધ લાગ્યો કહેવાય; કારણ કે સ્વામી સારુ થાળી તો હું પ્રથમ કાઢી મૂકીને જ આપું છું અને તમને સેવકને તો હું મારી પ્રસાદીની જમેલી થાળી આપું છું. માટે જે દિવસે હું બે થાળી આપું ત્યારે તમારી થાળી જુદી રાખવી. આ સ્વામી તો બહુ સમર્થ અને સર્વોપરી

સદ્‌ગુરુ છે. તેનો મહિમા તમો ભેગા રહ્યા છતાં કાંઈ જાણતા નથી ? વળી, સ્વામીનો મહિમા તો મને ગઢપુરમાં શ્રીજીમહારાજે શ્રીમુખે પોતા પાસે બેસાડીને કહ્યો છે કે 'આ સાધુ તો માતાના ગર્ભમાં નો'તા આવ્યા ત્યારે તથા અત્યારે પણ ત્રણ અવસ્થામાં અમારી મૂર્તિ અખંડ દેખે છે અને આજ અમારી પછવાડે જેટલા મનુષ્ય ફરે છે તેટલા જ તેમની પછવાડે ફરશે અને અમારો સંપૂર્ણ મહિમા આ સાધુથી સમજાશે અને સત્સંગમાં પ્રસિદ્ધ થશે.' એવી રીતે શ્રીજીમહારાજે જે કહ્યું હતું તે આજે સર્વને પ્રત્યક્ષપણે સમજાય છે અને તમે સ્વામી ભેગા રહો છો અને કાંઈ સમજતા નથી ? તો હવે આવો મહિમા સમજીને સેવા કરજો.' એમ રઘુવીરજી મહારાજે સ્વામીનો ઘણો મહિમા કહ્યો હતો.

''સંવત ૧૯૧૩ની સાલમાં ચૈત્રી સમૈયે જ્યારે સ્વામી વરતાલ પધાર્યા ત્યારે હું તથા જાગા ભક્ત તથા શિવલાલભાઈ વગેરે સૌ સ્વામી ભેગા હતા. સ્વામીએ સભામાં ઘણી જ વાતો કરીને સૌનાં અંતઃકરણ પોતાની મૂર્તિમાં ખેંચી લીધાં. રઘુવીરજી મહારાજે પણ સ્વામીના સમાગમનો ઘણો લાભ લીધો. સ્વામી રોજ સવારના શણગાર આરતી સુધી રઘુવીરજી મહારાજના આસને બેસીને જ વાતો કરતા. આ રીતે આ સમૈયો પૂરો થયા પછી સ્વામી અમદાવાદ પધાર્યા. સ્વામી બાલમુકુંદદાસજી પણ ભેગા હતા. અહીં આચાર્ય શ્રી અયોધ્યા-પ્રસાદજી મહારાજે સ્વામીને મહારાજના પુરુષોત્તમપણાની વાતો કરવાનું કહ્યું. એટલે સભામાં ખુરશી નખાવી સ્વામી બેસે અને વાતો કરે. મહારાજના સર્વોપરી સ્વરૂપના અતિ અપાર મહિમાની વાતો સાંભળીને ઉત્તમાનંદ સ્વામી તથા બીજા સાધુઓએ સભામાં સ્વામીને કહ્યું : 'આવી વાતો અમે તો સાંભળી નથી અને તમે ક્યાંથી કરો છો ?' એ સાંભળીને સ્વામીએ સભામાં બીજી ખુરશી મગાવી અને તે ઉપર આનંદ સ્વામીને બેસાર્યા અને પછી પોતે બોલ્યા : 'હું જે વાત કરું છું, તે જો આ આનંદ સ્વામી પ્રતિપાદન કરે તો તમે માનશો કે નહિ ? કારણ કે તે વૃદ્ધ છે અને મહારાજ ભેળા ઘણું રહ્યા છે અને શ્રીજીમહારાજ છતાંની કેટલીક જૂની વાતો જાણે છે. માટે તે કહે તે વાત તમે સૌ માનશો કે નહિ ?' એટલે સૌએ કહ્યું : 'હા.'

''પછી સ્વામીએ સભામાં શ્રીજીમહારાજનાં જૂનાં આખ્યાનો કહ્યાં અને તેમાં આનંદ સ્વામીની સહી કરાવી. તેમાં પ્રથમ તો લોજ માંગરોળમાં

શ્રીજીમહારાજે આનંદ સ્વામીને ખભે હાથ મૂકી પોતે કબીરની હોરી બોલ્યા હતા :

કોટી કૃષ્ણ જોડે હાથ, કોટી વિષ્ણુ નમે માથ,
કોટી શંકર ધરે ધ્યાન, કોટી બ્રહ્મા કથે જ્ઞાન;
સદ્‌ગુરુ ખેલે વસંત.

એ હોરી બોલીને મહારાજે આનંદ સ્વામીને પૂછ્યું : 'સ્વામી ! એવા સદ્‌ગુરુ કોણ ?' ત્યારે સ્વામીએ કહ્યું : 'મહારાજ ! એ તો કાંઈ સમજાતું નથી.' ત્યારે મહારાજે કહ્યું : 'એવા સદ્‌ગુરુ તો આ સહજાનંદ સ્વામી છે.' એ વાત કરીને આનંદ સ્વામીને પૂછ્યું : 'સ્વામી ! તમોને મહારાજે આ વાત કહી હતી તે સાચી કે નહિ ?' ત્યારે સ્વામી બોલ્યા : 'હા, શ્રીજીમહારાજે આ વાત મને કહી હતી અને મને બરાબર યાદ છે.'

''વળી, સ્વામીએ વાત કરી : 'સંવત ૧૮૬૭માં સારંગપુરમાં રાઠોડ ધાધલને ત્યાં હોળી રમ્યા ત્યારે શ્રીજીમહારાજ, ઉપરનું કબીરનું પદ બોલ્યા અને અમારી છાતીમાં છડી અડાડે અને વારે વારે છડી અમારી છાતીમાં અડાડીને બોલે : *'કોટિ કૃષ્ણ જોડે હાથ... સદ્‌ગુરુ ખેલે વસંત.'* પછી મહારાજે પૂછ્યું : 'એવા સદ્‌ગુરુ કોણ ?' ત્યારે આનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામીએ હાથ જોડીને કહ્યું : 'મહારાજ ! એવા સદ્‌ગુરુ તો તમે.' એમ પ્રથમ મહારાજે સમજાવ્યા પ્રમાણે કહ્યું. ત્યારે મહારાજે કહ્યું : 'એ તો સદ્‌ગુરુનો મહિમા કહ્યો છે અને અમે તો સર્વોપરી પુરુષોત્તમ ભગવાન છીએ અને એવા સદ્‌ગુરુ તો આ ગુણાતીતાનંદ સ્વામી છે.' એમ અમારી છાતીમાં ફરી છડી અડાડી. એટલી વાત કરી સ્વામીએ આનંદ સ્વામીને પૂછ્યું : 'સ્વામી ! આ વાત સાચી કે ?' ત્યારે આનંદ સ્વામી બોલ્યા : 'સ્વામી ! સાવ સાચી.' એમ સહી કરી દીધી.

''એટલી વાત કરીને સ્વામી બોલ્યા : 'નાગડકામાં વ્યાપકાનંદ સ્વામી દેખતાં ચોવીસ અવતારોને મહારાજે પોતાની મૂર્તિમાંથી પ્રગટ કરી પાછા પોતાની મૂર્તિમાં લીન કરી દીધા એ વાત તમામને વ્યાપકાનંદ સ્વામીએ કહી હતી તે યાદ છે ?' ત્યારે સ્વામી કહે : 'હા, બરાબર યાદ છે.' 'વળી, પર્વતભાઈને સાંતી હાંકતાં ચોવીસ અવતારનાં દર્શન કરાવી, પોતાની મૂર્તિમાં લીન કરી દેખાડ્યા તે વાત સાચી છે ?' ત્યારે આનંદ સ્વામી કહે,

‘પર્વતભાઈની જાતની જ કહેલી છે, તે ખોટી કેમ હોય ?’

‘‘પછી સ્વામી બોલ્યા : ‘આનંદ સ્વામી ! સાંભળો. માંગરોળમાં સ્વરૂપાનંદ સ્વામીને મહારાજ કૃષ્ણરૂપે પહેલાં દેખાણા અને પછી અક્ષરધામની સમાધિ કરાવી પોતાના પુરુષોત્તમપણાનો નિશ્ચય કરાવ્યો તે વાત જાણો છો ?’ ત્યારે આનંદ સ્વામી કહે : ‘સ્વામી ! એ વાત પણ જાણું છું અને સ્વામી ! તમે જે આ લીલાચરિત્ર સાંભળીને ભેગાં કરી રાખ્યાં છે, તે તમને ધન્ય છે કે મહારાજનું સર્વોપરી સ્વરૂપ પ્રવર્તાવવામાં આટલો દાખડો કરો છો !’ પછી સ્વામી બોલ્યા : ‘એ તો ઠીક, પણ સ્વરૂપાનંદ સ્વામીને જ્યારે મહારાજે કહ્યું : ‘સ્વામી ! તમને ગોલોકમાં મોકલીએ !’ ત્યારે સ્વરૂપાનંદ સ્વામીએ કહ્યું : ‘મહારાજ ! ઈસ ખડ્ડેમેં તો પડે જ હૈં.’ એ વાત પણ સ્વરૂપાનંદ સ્વામી થકી તમે સાંભળી છે ને ?’ ત્યારે આનંદ સ્વામી કહે : ‘હા, સ્વરૂપાનંદ સ્વામી ઘણી વાર એ વાત કરતા.’

‘‘હવે છેલ્લી વાત, એમ કહીને સ્વામીએ આનંદ સ્વામીને કહ્યું : ‘સ્વામી ! જ્યારે આ અમદાવાદમાં મહારાજે નરનારાયણ પધરાવ્યા, ત્યારે તમારું કાંડું ઝાલીને ઉત્તરાદિ રૂપચોકીમાં ઊભા રહી વાત કરી હતી : ‘આ ભરતખંડના રાજા નરનારાયણ છે. તેની મૂર્તિ કોઈ ઠેકાણે નથી માટે અહીં પધરાવ્યા છે. પણ આવા અનંત નરનારાયણ તથા અનંત કૃષ્ણનારાયણ આ પ્રગટ પુરુષોત્તમ સહજાનંદ સ્વામીનું ભજન કરે છે.’ એમ પોતાની છાતીમાં હાથ અડાડી તમોને જ વાત કરી હતી તે યાદ છે ને ?’ ત્યારે આનંદ સ્વામી કહે : ‘હા, આ તો મારી જ વાત, એટલે કેમ ભુલાય ?’ એમ સર્વે વાતમાં આનંદ સ્વામીએ સહી કરી દીધી.

‘‘આનંદ સ્વામીનો સાદ સહેજ ઝીણો અને સભામાં ન સંભળાય, તેથી આનંદ સ્વામી જે શબ્દો બોલતા તે સ્વામી ફરીથી સભામાં બોલતા અને કહેતા : ‘સાંભળો ભાઈઓ ! આ આનંદ સ્વામી આ પ્રમાણે કહે છે.’ એમ સ્વામીએ ઘણી વાતો કરી શ્રીજીમહારાજના પુરુષોત્તમપણાનું ઘણું પ્રતિપાદન કર્યું.’’

કહેલી વાતો ઈદં યાદ કરીને કાનામાત્રના ફેરફાર વગર કહી શકો છો.''

ભગતજી બોલ્યા : ''એ બધું સ્વામીની કૃપાનું ફળ છે.''

નિર્વાસનિક ભક્તનાં લક્ષણો

તે જ સાલે ચોમાસામાં પ્રાગજી ભક્ત તથા તેમના મોટાભાઈ નરસિંહભાઈ તથા મહુવાના હરિભક્તો જૂનાગઢ સ્વામીનો સમાગમ કરવા ગયા. પૂરા ત્રણ માસ જૂનાગઢ રહ્યા અને પછી સ્વામીએ મહુવા જવાની આજ્ઞા કરી. ત્યારે ભગતજીને વસમું લાગ્યું કે સ્વામીના સમાગમ વગર શી રીતે રહેવાશે ? પરંતુ સ્વામીની આજ્ઞા હતી એટલે ગયા વિના છૂટકો નહોતો.

જે ભક્તને દેહાભિમાનની નિવૃત્તિ થઈ ગઈ હોય અને પંચવિષયનો અભાવ થયો હોય તેનાં લક્ષણ શ્રીજીમહારાજે કહ્યાં છે : ''એવો ભગવાનનો ભક્ત ગૃહસ્થાશ્રમી હોય અથવા ત્યાગી હોય ને તેને દેહાભિમાન તથા પંચ-વિષયમાંથી આસક્તિ તો નિવૃત્ત થઈ ગઈ હોય, પછી પરમેશ્વરની આજ્ઞાએ કરીને જેવી રીતે ઘટે તેવી રીતે દેહાભિમાન પણ રાખ્યું જોઈએ ને જેમ જેને યોગ્ય હોય તેમ પંચવિષય પણ ભોગવ્યા જોઈએ. ત્યાં દૃષ્ટાંત છે કે જેમ અતિશય દૂબળું ઢોર હોય, તેને હેઠે લાકડાં ભરાવીને શિંગડે પૂંછડે ઝાલીને ઊભું કરે, તે જ્યાં સુધી એ માણસ ઝાલી રહે ત્યાં સુધી ઊભું રહે અને જ્યારે માણસ મૂકી દ્યે ત્યારે પૃથ્વી ઉપર પડી જાય. તેમ જે નિર્વાસનિક હોય તેને તો જ્યાં સુધી પરમેશ્વર આજ્ઞાએ કરીને જેટલી ક્રિયામાં જોડે તેટલી જ ક્રિયાને કરીને રહેવા દે... અને તેટલા જ વ્યવહારમાં જોડાય પણ આજ્ઞાથી બહાર કાંઈ ન કરે.'' (ગ.અં. ૧૮).

આવી સ્થિતિવાળા પ્રાગજી ભક્તને સ્વામી ઘેર જવાની આજ્ઞા કરે ત્યારે ઘેર જાય પણ ત્યાં રહેવાય નહિ અને દરેક રીતે સ્વામીનાં દર્શન-સમાગમ અને પ્રસંગની તીવ્ર ઝંખના રહ્યા જ કરે અને કઈ રીતે સ્વામી અપાર રાજી થઈ જાય એવું ચિંતવન પણ રહ્યા કરે. તેમનું સમગ્ર જીવન સ્વામીમય જ હતું અને સર્વ ક્રિયા સ્વામીને રાજી કરવા પૂરતી જ હતી. કોઈ પણ ક્રિયા જેમાં સ્વામીનો એક યા બીજી રીતે સંબંધ ન હોય તે તેઓ કરી શકતા જ નહિ. આવા પરમ દિવ્ય ભક્તિભાવને લઈને સ્વામી તેમને વારંવાર બોલાવતા.

શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા

સંવત ૧૯૧૬માં ગઢપુરમાં શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવવાની હતી. તે પ્રસંગે સ્વામી ગઢપુર પધારવાના છે, એ વાત જાણી પ્રાગજી ભક્ત પણ મહુવાથી ગઢડે આવ્યા. આ સમૈયે અમદાવાદ તથા વરતાલ દેશના ઘણા સાધુ, બ્રહ્મચારી, પાર્ષદ વગેરે આવ્યા હતા અને પ્રતિષ્ઠા નિમિત્તે મહાયજ્ઞ થયો હતો. સ્વામીની ઈચ્છાથી પ્રાગજી ભક્ત આ સમૈયા પછી ગઢપુરમાં બે માસ રોકાયા અને હરિકૃષ્ણ મહારાજ તથા ગોપીનાથજી મહારાજના વાઘા કરી આપી, રઘુવીરજી મહારાજને પ્રસન્ન કર્યા.

તે જ વર્ષે જૂનાગઢમાં પણ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા કરવાની હતી અને રઘુવીરજી મહારાજ પણ પધારવાના હતા. એટલે સ્વામીએ પ્રાગજી ભક્તને ગઢડેથી જૂનાગઢ બોલાવી લીધા.

એક દિવસ સ્વામીએ તેમને કહ્યું : ''પ્રાગજી ! મહારાજની મૂર્તિ માટે સારા સારા વાઘા સીવવાના છે, તે તું તૈયાર કર.''

સ્વામીની આજ્ઞા માથે ચડાવી સ્વામીને પ્રસન્ન કરવા પોતાની સર્વ કુશળતાની પરાકાષ્ટા આ વાઘામાં મૂકી દેવી, એવો નિશ્ચય કરીને, ભગતજીએ એક અમૂલ્ય જામો સીવ્યો અને તેમાં સોનાના તાર વડે સોનાની ટીબકડીઓ જડીને, ચિત્રો કાઢી, અપાર કારીગરી અને કૌશલ્યનો નમૂનો બનાવ્યો. તે વાઘો તેમણે સમૈયામાં આવેલ બાવાખાચર, અમરાખાચર, મોટીબા તથા અભયસિંહ દરબાર વગેરેને બતાવ્યો અને સર્વે ખૂબ રાજી થયાં અને દરેકે રૂા. ૧૦૦/- આપ્યા. એમ સર્વ હરિભક્તોને બતાવતાં બતાવતાં રૂા. ૧,૦૦૦/- ભેગા થયા. તે લઈને સ્વામીનાં ચરણે ધર્યા. ત્યારે સ્વામીએ પૂછ્યું : ''અલ્યા પ્રાગજી ! આ રૂપિયા ક્યાંથી લાવ્યો ?''

ત્યારે ભગતજીએ જામો બતાવીને કહ્યું : ''સ્વામી ! આ જામો બનાવ્યો, તે દરેકને બતાવ્યો. ત્યારે તેમણે રાજી થઈને આ ભેટ આપી છે.''

ભગતજીની આવી યુક્તિ, અપાર સેવાભાવ અને પોતાને જ એક રાજી કરવાનું તાન જોઈ, સ્વામી અત્યંત રાજી થયા અને બે વખત મળ્યા.

આવી રીતે દરેક પ્રસંગે સેવા કરવી અને સ્વામીની અત્યંત કૃપા મેળવવી એ જ તેમનો ઈશક હતો. સ્વામીની પણ તેમના ઉપર પરિપૂર્ણ દૃષ્ટિ

હતી. તેથી તેમના વગર ક્ષણમાત્ર રહી શકતા નહિ.

સમૈયા બાદ ભગતજી મહુવા ગયા અને વ્યવહારમાં પોતે મન જોડ્યું તથા સર્વે શુભ ક્રિયા કરવા છતાં બહારવૃત્તિ થઈ ગઈ. ભગતજી પોતાની તમામ ક્રિયામાં સ્વામીનું અનુસંધાન રાખતા જ હતા; પણ જો વ્યવહારમાં મન જોડે, તો સંકલ્પના તરંગો ઊઠે અને અંતરમાં અશાંતિ ઊપડે જ, તેવું મુમુક્ષુને કેવળ બતાવવા જ નિત્યસિદ્ધ યોગી એવા ભગતજી મહારાજનું આ ચરિત્ર, મુમુક્ષુ ને સાધક કઈ દશામાં અને ક્યારે ઉપાસના માર્ગથી પડે છે, તેના દૃષ્ટાંતરૂપ બને છે. આવાં ચરિત્રો મહાપુરુષો પોતાના જીવનમાં, બીજાને માર્ગદર્શન માટે પોતે જ, જાણે સમુદ્રમાં તરંગ ઊપજે અને લીન થાય, તે પ્રમાણે શરૂ કરે અને ઉપાસ્યમૂર્તિની પ્રાર્થનારૂપ ભક્તિથી પાછાં લીન કરે. સિદ્ધાંત એ છે કે મુમુક્ષુએ દરેક ક્ષણે કેવળ ઉપાસ્યમૂર્તિ તરફ જ લક્ષ્ય રાખવું જોઈએ. એક ક્ષણ પણ એ દૃષ્ટિ ત્યાંથી દૂર થાય તો સિદ્ધ થયેલો યોગી[3] પણ ગર્તામાં જ પડે.

મહાપુરુષોનાં આવાં અદ્‌ભુત ચરિત્રદર્શનથી મુમુક્ષુને ક્ષણે ક્ષણે ક્યાં

---

૩. ભગવાનના એકાંતિક ભક્તની રીતિ કેવી હોય છે તે વિષે શ્રીમદ્‌ભાગવતના દ્વિતીય સ્કંધમાં બ્રહ્માએ નારદ પ્રત્યે કહ્યું છે :

न भारती मेऽङ्ग मृषोपलक्ष्यते न वै क्वचिन्मे मनसो मृषा गतिः।
न मे हृषीकाणि पतन्त्यसत्पथे यन्मे हृदौत्कण्ठवता धृतो हरिः॥

અર્થ : હે નારદ ! મારી વાણી ક્યારેય પણ મિથ્યા વ્યાપાર કરતી નથી તેમજ મારા મનની ગતિ પણ ક્યારેય મિથ્યા માર્ગે જતી નથી, મારી ઈન્દ્રિયો ક્યારેય અસન્માર્ગે પ્રવર્તતી નથી, કારણ કે મેં અતિ ઉત્કંઠા ભરેલા હૃદયથી ભગવાનને ધારણ કર્યા છે.

આવો જે ભક્ત છે તેનો મહિમા એકાદશ સ્કંધમાં જનક રાજા પ્રત્યે હરિ યોગેશ્વરનાં વચનમાં છે :

त्रिभुवनविभवहेतवेऽप्यकुण्ठस्मृतिरजितात्मसुरादिभिर्विमृग्यात्।
न चलति भगवत्पदारविन्दाल्लवनिमिषार्धमपि स वैष्णवाग्र्यः॥

અર્થ : ભગવાનના સ્વરૂપમાં અખંડ સ્મૃતિ રાખનારો જે ભક્તજન, નહિ જીતેલા મનવાળા જે દેવતાઓ આદિક પણ જે ચરણકમળને શોધ્યા જ કરે છે એવા ભગવાનનાં પદારવિંદ થકી, સમગ્ર ત્રિલોકીના વૈભવની પ્રાપ્તિ માટે પણ, અર્ધા લવ કે નિમિષ જેટલો સમય પણ ચલાયમાન થતો નથી, તે જ સર્વ વૈષ્ણવોમાં અગ્રેસર ભક્તરાજ છે.

ગર્તા છે, ક્યાં કઠિનાઈ છે, તે વિચારવાનું મળે. જે કેવળ મહાપુરુષોના દિવ્ય ચરિત્રનું જ ગાન કરે છે તે ભક્ત ભૂલો પડ્યો છે. મહારાજે તો કહ્યું છે : ''જેમ ભગવાનનું સમર્થપણું હોય ને તેનું ગાન કરે તેમજ અસમર્થપણું હોય તેનું પણ ગાન કરે અને જેમ ભગવાનનું યોગ્ય ચરિત્ર હોય તેનું ગાન કરે તેમજ જે અયોગ્ય જેવું ચરિત્ર જણાતું હોય તેનું પણ ગાન કરે, પણ ભગવાનના ચરિત્રને વિષે યોગ્ય-અયોગ્ય એવા ઘાટ ઘડે નહિ; એવો જે ભગવાનનો ભક્ત હોય તેને પુરુષોત્તમના સ્વરૂપને વિષે સ્થિતપ્રજ્ઞ જાણવો.'' (ગ.મ. ૧૭).

આવું ચરિત્ર ઉપાડી ભગતજીએ સ્વામીની પ્રાર્થનારૂપ સ્તુતિ કરી અને સંકલ્પ મટાડવા સારુ મંદવાડ માગ્યો. એટલે એક મહિનો માંદા રહ્યા અને સંકલ્પનો મંદવાડ શમ્યો, ત્યારે શાંતિ થઈ.

ધ્યાન કરવું નિર્ગુણ કે વાતો કરવી નિર્ગુણ ?

સંવત ૧૯૧૭નો કાર્તિકી પૂર્ણિમાનો સમૈયો કરવા સ્વામી ભગતજીને સાથે લઈને વરતાલ પધાર્યા. અહીં સમૈયામાં સૌને અદ્ભુત લાભ આપ્યો. સમૈયા પછી વરતાલથી નીકળી સ્વામી ગઢડા પધાર્યા. ગઢડામાં સ્વામી ગોપીનાથજી દેવનાં દર્શન કરી સભામાં પધાર્યા ત્યારે સિદ્ધાનંદ સ્વામીએ તથા માના ભગતે છ મહિનાથી પ્રશ્ન ગોઠવી રાખ્યો હતો તે પ્રશ્ન સ્વામીને પૂછ્યો : ''સ્વામી ! ધ્યાન કરવું અને વાતો કરવી, તેમાં નિર્ગુણ કયું અને સગુણ કયું ?''

તે બંનેને એમ કે સ્વામી જૂનાગઢમાં વાતો જ કર્યા કરે છે અને વાતો કરવી તેમાં તો બહારવૃત્તિ કરવી પડે. માટે ધ્યાનમાં જે અંતઃવૃત્તિ કરીને મહારાજની મૂર્તિ દેખવી એ જ શ્રેષ્ઠ છે. એટલે સ્વામી શું ઉત્તર કરે છે તે સાંભળવા ઉત્સુક થયા.

પછી સ્વામીએ તેમને કહ્યું : ''ભગવાનની પ્રસન્નતાને સારુ ધ્યાન કરે અથવા વાતો કરે તો તે બંને નિર્ગુણ છે અને અહંવૃત્તિથી બહાર લોકમાં દેખાડવા સારુ ધ્યાન કરે અથવા વાતો કરે તે બંને સગુણ છે.''

સ્વામીનો આ ઉત્તર સાંભળીને બંનેને એમ થયું : ''આવો ઉત્તર તો આપણે ધાર્યો જ નહોતો.''

વળી, કથાવાર્તાના પ્રસંગમાં સિદ્ધાનંદ સ્વામીએ બીજો પ્રશ્ન પૂછ્યો :

‘‘સ્વામી ! કારણ શરીર તે તો કાળા પાણા જેવું છે તે ધ્યાન કર્યા સિવાય શી રીતે કપાય ? કારણ કાળા પાણાને છીણી વતે આખો દિવસ ટાંકે ત્યારે માંડ ટોપલો ગાળ નીકળે. તેમ રાત-દિવસ ધ્યાન કરે ત્યારે થોડું થોડું ઘણે દિવસે કપાય.’’

ત્યારે સ્વામી બોલ્યા : ‘‘અમારે જૂનાગઢ જોરાભાઈ પાણા તોડે છે, તે પ્રથમ તો પાણા વચ્ચે દાર ગાળે છે અને પછી તેમાં બશેર દારૂ ભરે છે અને પછી દેવતા મૂકે છે; તે તોપ જેવડો ભડાકો થાય અને હજાર, બબ્બે હજાર મણની છીપરું તૂટે છે. એમ અમે કારણ શરીર કાપવા માટે વાતરૂપી સાંગડીએ કરીને દાર દઈએ છીએ, અને ભગવાનના નિશ્ચયરૂપી દારૂ ભરીએ છીએ અને ભગવાન ને ભગવાનના સાધુના મહિમારૂપી અગ્નિ મૂકીએ છીએ, તેણે કરીને સાંજ પડ્યે બસેં બસેં ટોપલા ગાળ નીસરે છે અને કારણ શરીરરૂપી કાળા પર્વતને તોડીને બ્રહ્મરૂપ કરી દઈએ છીએ.’’

સ્વામીની આવી બ્રહ્મભાવની અદ્‌ભુત વાતો સાંભળીને સિદ્ધાનંદ સ્વામીને થયું : ‘‘આપણે સ્વામીને પ્રશ્ન પૂછી ગૂંચવવા માગીએ છીએ અને આ તો દૃષ્ટિમાત્રે કરીને કારણ શરીરનો નાશ કરી નાખે એવા સમર્થ છે. તે આપણા જેવાને શી રીતે ઓળખાય ?’’ આથી તેમણે સ્વામીની બહુ જ સ્તુતિ કરી, કારણ શરીરના ભાવ ટાળી બ્રહ્મરૂપ થવાય એવા આશીર્વાદ માગ્યા.

ભગતજીને સ્વામીના ત્રણ વર

કાર્તિક પૂનમનો સમૈયો વરતાલ કરી પ્રાગજી ભક્ત સીધા જ મહુવા ગયા અને ત્યાં બે માસ રહી જૂનાગઢ ફૂલદોલના સમૈયે ગયા. આ સમૈયામાં આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ પધારવાના હતા. તેથી સ્વામીએ સભામંડપમાં શોભે એવી એક મોટી ચંદની તૈયાર કરવાનું ભગતજીને કહ્યું. આવી મોટી ચંદની કરવી એટલે લગભગ રૂા. ૧,૦૦૦/-નું ખર્ચ થાય. પરંતુ સ્વામીએ ભગતજીને બોલાવીને એટલું જ કહ્યું : ‘‘પ્રાગજી ! ચંદની મોટી કર અને રૂપિયા તો કોઠારમાં નથી, તેનું તો તને ફાવે તેમ કર.’’

પ્રાગજી ભક્તને તો સ્વામીની આજ્ઞામાં હજારો અને લાખો રૂપિયા દેખાતા. તેથી આવી કોઈ પણ આજ્ઞામાં તેઓ કોઈ દિવસ પાછા પડતા જ નહિ. સ્વામીની ઇચ્છા છે તો રૂપિયાના મે વરસવાના છે એમ જ તેઓ

માનતા. આથી પોતાની પાસે વાતો સાંભળવા જે હરિભક્તો બેસતા તે તમામ પાસે લખણી કરાવી રૂા. ૬૦૦/- ભેગા કર્યા અને તેનાં જાડાં કપડાં લઈ, છપાવી, ચંદની સીવવાની તૈયારી કરી. દસ દરજી બે મહિને જે કામ કરી શકે તે પ્રાગજી ભક્તે એકલાએ જ ફક્ત ૪૧ દિવસમાં પૂરું કર્યું.

રોજ પોતે સવારના ત્રણ વાગે ઊઠી, નાહી, નિત્યકર્મથી પરવારી, મંગળા આરતીનાં દર્શન કરીને બેસે તે રાજભોગ આરતી વખતે ઊઠે. વળી, જમીને બેસે તે રાત્રે બાર વાગે સૂવે.

આ પ્રમાણે ભારે બુટ્ટાદાર ચંદની પૂરી થવા આવી ત્યારે એક દિવસ સ્વામી રાત્રે બાર વાગે ભગતજીના આસને પધાર્યા. ભગતજી તો વેગમાં ને વેગમાં 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' ભજન કરતાં કરતાં સ્વામીની મૂર્તિ ધારીને સીવતા હતા. સ્વામી આવીને પાછળ ઊભા રહ્યા અને પ્રાગજી ભક્તનો વેગ અને અખંડ ભજનનું તાન જોઈ મનોમન ખૂબ રાજી થયા. થોડી વારે ભગતજીનું ધ્યાન ગયું અને સ્વામીને ઊભેલા જોયા એટલે એકદમ ઊભા થઈ ગયા અને પ્રાર્થના કરી પૂછ્યું : ''મહારાજ ! આપ ક્યારના પધાર્યા છો ?''

સ્વામી હસતાં હસતાં બોલ્યા : ''એક ઘડી વાર થઈ.''

એટલે ભગતજી સ્વામીનો અપરાધ થઈ ગયો એમ જાણી દંડવત્ કરવા લાગ્યા. સ્વામીએ તેમને દંડવત્ કરતા રખાવીને કહ્યું : ''પ્રાગજી ! જેવું સીવવામાં તાન છે, તેવું મહારાજની મૂર્તિમાં હોય તો કાંઈ બાકી રહે નહિ.''

ભગતજી હાથ જોડીને બોલ્યા : ''સ્વામી ! એ તો આપના હાથમાં છે. આપ કૃપા કરો તો થાય.''

સ્વામી એમની અનન્ય ભક્તિ જોઈ પ્રસન્ન થયા અને કહ્યું : ''પ્રાગજી ! હું તારા ઉપર બહુ જ રાજી છું. માટે માગ, તું જે માગે તે આપું.''

ભગતજી તો કંઈ બોલ્યા નહિ. એટલે સ્વામીએ તેમને કહ્યું : ''પ્રાગજી ! તારા મનમાં તો એમ હશે કે આ બાવો તે શું આપશે ? પણ આ સાધુ કહે તેમ શ્રીજીમહારાજ કરે છે. માટે જે માગીશ તે આપીશ.''

પરંતુ ભગતજી કંઈ બોલ્યા જ નહિ. એટલે સ્વામીએ ફરી કહ્યું : ''હું તને કહું છું કે તું ઘેર જા અને બાર મહિનામાં તને રૂા. ૬૦,૦૦૦/- મળશે. તે વડે સાધુનો સમાગમ કરી આનંદ કરજે.''

ભગતજી તો સ્વામીની રુચિ, અભિપ્રાય અને સિદ્ધાંત જાણતા હતા અને

આટલાં વર્ષો તેમને સેવી તેમના સિદ્ધાંતને પચાવ્યો હતો. તેથી સ્વામીનું આ વચન કેવળ પોતાની પરીક્ષા માટે જ છે એમ સમજી જઈને પોતે હાથ જોડીને કહ્યું : ''મહારાજ ! તેર વર્ષ ગોપાળાનંદ સ્વામીનો સમાગમ મેં કર્યો તથા નવ વર્ષથી આપનો સમાગમ હું કરું છું, તેમાં ધન કે સ્ત્રીમાં સુખ છે એવું તો સાંભળ્યું જ નથી; ઊલટું તેમાંથી હજારોનું ભૂંડું થયું છે. આપ ધન આપો તો તે વડે બે કરકાં કરું અને એક મોટી હવેલી કરું પણ તેમાંથી તો બંધન થાય. માટે જો આપ ખરેખરા રાજી થયા હો તો તમારું જ્ઞાન મને આપો, તમારું ઘર દેખાડો કે તમે ક્યાંના વાસી છો અને મારો જીવ સત્સંગી કરો તથા શ્રીજીમહારાજ એક અણુ જેટલા પણ છેટા ન રહે, એ ત્રણ વર આપો.''

સ્વામી તો પ્રાગજી ભક્તની આ માગણીથી સ્થિર થઈ ગયા અને છેલ્લી સ્થિતિનું જ્ઞાન સિદ્ધ કરવા તત્પર થયેલા આ ભક્તરાજને વળી છેલ્લી કસોટીએ ચડાવ્યા. સ્વામી બોલ્યા : ''મૂરખ ! તારે જ્ઞાનનું શું કામ છે ? જા, હું વર આપું છું કે અક્ષરધામમાં હું તને તેડી જઈશ. વળી, કેળાં તો કેળે જ પાકે, પણ થોરે કેળાં ન આવે. માટે આ છેલ્લી સ્થિતિનું જ્ઞાન તો કોઈ બ્રહ્મચારી, સાધુ અગર બ્રાહ્મણ હોય તેને જોઈએ અને તેવાને છતી દેહે સિદ્ધદશા હોય તો જ લાખોને સમાસ થાય. તારે તેનું શું કામ છે ?'' એમ ધીરજ જોવા કહ્યું.

પરંતુ ભગતજીએ તો સ્વામીના સમાગમથી સર્વ સુખનું પરિમાણ કરી મૂક્યું હતું. એટલે પોતાની એક જ વાત પકડી રાખી કહ્યું : ''જો આપ રાજી થયા હો અને 'માગ, માગ' એમ કહ્યું હોય, તો મારે મારાં માગેલાં ત્રણ વરદાન જોઈએ. એ વિના તો પૃથ્વીનું રાજ્ય, ઇન્દ્રનું સ્થાન કે બ્રહ્મા, પ્રકૃતિ-પુરુષ આદિનું રાજ્ય મારે ન જોઈએ. ઐશ્વર્ય તો સકામ ભક્તને જોઈએ અને મારે તો તમારાં ચરણારવિંદની અખંડ સેવામાં રહેવું છે.''

આ સાંભળી સ્વામી બહુ જ રાજી થઈ હસ્યા અને કહ્યું : ''જો મરણિયો થા[૪] તો એ જ્ઞાન મળે તેવું છે અને તે રાજીપો નોખો છે. એ જ્ઞાન

---

૪. नायमात्मा बलहीनेन लभ्यो न च प्रमादात्तपसो वाप्यलिङ्गात्।
एतैरुपायैर्यतते यस्तु विद्वांस्तस्यैष आत्मा विशते ब्रह्मधाम।
અર્થ : આ આત્મા બલહીન વડે પમાતો નથી તથા સંન્યાસ રહિત જ્ઞાનથી પણ નહિ; પરંતુ જે વિદ્વાન તત્પર થઈને બળ, અપ્રમાદ તથા સંન્યાસ સહિત જ્ઞાનરૂપ ઉપયોગથી પ્રયત્ન કરે છે, તે મુમુક્ષુનો આત્મા બ્રહ્મધામમાં પ્રવેશ કરે છે.
– મુંડકોપનિષદ : ૩/૨/૪

લેવું હોય તો હું કહું તેમ કર. ઘર મૂકીને અખંડ અહીં રહે ત્યારે એ થાય. વળી, નિવૃત્તિધર્મ, વૈરાગ્ય અને આત્મનિષ્ઠા વિના કોઈ દિવસ સિદ્ધદશા ન આવે.[૫] માટે અહીં રહે તો મારે એ ત્રણે વાનાં તને સિદ્ધ કરાવવાં.'' એમ કહી કોલ આપ્યો.

નવી હવેલીના કામમાં

સંવત ૧૯૧૭ની સાલથી ભગતજી ગૃહત્યાગ કરી નિરંતર જૂનાગઢ રહેવા લાગ્યા. અંતરમાં એવો વેગ ઊપડ્યો હતો કે ગમે તે રીતે દેહના ચૂરેચૂરા કરીને પણ સ્વામીને રાજી કરી લેવા અને પોતે માગેલા ત્રણ વર જ્યારે સ્વામી આપે ત્યારે જ જંપવું. આવા કૃતનિશ્ચયી થઈ પહેલેથી જ શૂરવીર હોવાથી તેમણે સ્વામીની સેવામાં મન, કર્મ, વચને ઝંપલાવ્યું.

આ અરસામાં જ સ્વામીએ જૂની હવેલી તોડાવી નવી હવેલી કરવાનું શરૂ કર્યું અને એ રીતે કારખાનાનું કામ ચાલતું કર્યું. દરેક ત્યાગીને કંઈક ને કંઈક ક્રિયા સોંપવાની. એટલે દરેક ત્યાગીનાં દસ-દસનાં મંડળ બાંધી હવેલીના પાયા ખોદવાનું કામ શરૂ કર્યું. પ્રાગજી ભક્તના મંડળમાં બે થી ત્રણ સાધુ હતા. પરંતુ આ તો ફક્ત સ્વામીએ તેમની શ્રદ્ધા જોવા જ ગોઠવ્યું છે એમ જાણી, મનમાં આનંદ પામી, ભગતજી તો તીવ્ર વેગથી મંડી પડ્યા. સ્વામી પણ તેમની શ્રદ્ધા જોઈને રાજી થયા અને મંદ મંદ હસે. એમ કરતાં સ્વામીની દયાથી ભગતજીના મંડળે દોઢથી બે હાથ ખોદ્યું ત્યાં કાળા પથ્થરની છીપર આવી. એટલે તેમનું પાયા ખોદવાનું કામ પૂરું થયું. જ્યારે બીજાં મંડળોએ બે માથોડા સુધી ખોદ્યું ત્યારે માંડ માંડ છીપર આવી.

આ જોઈને સ્વામી બોલ્યા : ''પ્રાગજીના મંડળમાં થોડા સાધુ છે પણ તેના પક્ષમાં ભગવાન અને મોટા સાધુ છે.'' એમ સ્વામીની કૃપાથી ઓછી

---

૫. સાક્ષી જે બ્રહ્મ તે ચોવીશ તત્ત્વાત્મક જે બ્રહ્માંડ તેને વિષે પ્રવેશ કરીને તેને ચૈતન્યમય કરે છે અને તેને સર્વ ક્રિયા કરવાની સામર્થી આપે છે. અને તે બ્રહ્મનો એવો સ્વભાવ છે કે જે કાષ્ઠ તથા પાષાણ જેવું જડ હોય તેને વિષે પ્રવેશ કરે ત્યારે તે હાલેચાલે તેવું થઈ જાય છે. તે બ્રહ્મ સંગાથે સમાધિએ કરીને તુલ્યભાવને પામે ત્યારે એ જીવ પણ બ્રહ્મરૂપ કહેવાય છે અને તેને જ્ઞાનની વૃદ્ધિ થાય છે. અને ઇન્દ્રિયોની શક્તિ તો જ્યારે તપ ને નિવૃત્તિધર્મ ને વૈરાગ્ય તેણે યુક્ત યોગાભ્યાસ હોય તેને શુકજીના જેવી સિદ્ધદશા પ્રાપ્ત થાય છે. – **ગ.મ.૨૦**

મહેનતે તેમનું કામ પાર પડ્યું.

પાયાનું કામ પૂરું થયા પછી તેમાં રેતી ધોઈને નાખવાની હતી. રેતી ધોઈ, પાણીમાં પલાળી, ટોપલામાં નાખી, પાયામાં નાખવાની. આમાં તો લૂગડાં પલળે ને બગડે. એટલે દરેક જણ એક અથવા બીજી યુક્તિ કરી ખસી ગયું. પછી સ્વામીએ ભગતજીને આજ્ઞા કરી : ''પ્રાગજી, આ રેતીનું કામ તું કર.'' તેથી પોતે એ કામ માથે લીધું અને સવારથી કામ શરૂ કરે. પહેલાં તો મોટા તપેલામાં પાણી ભરી, અંદર દસ-પંદર ટોપલા રેતી નાખે. પછી હાથે ગાળીને ટોપલા ભરે અને માથે ઉપાડી, દોટ મૂકી પાયામાં નાખી આવે. આ પ્રમાણે સવારથી સાંજ સુધી આ ક્રિયા કરી. તેમાં બધાં લૂગડાં પલળી ગયાં તો પણ ટોપલો લઈને દોટ મૂકે અને ઘડીભર વિસામો ખાય નહિ. આવી રીતે સવારથી સાંજ સુધી સ્વામીની મરજી પ્રમાણે અવિરતપણે કામ કર્યું. ત્યારે સ્વામી રાજી થઈ બોલ્યા : ''આને સાધુને રાજી કરતાં આવડશે ખરું.'' તે સાંભળી પોતાને હિંમત આવી અને આનંદ થયો.

પછીની ત્રીજી ક્રિયા ચૂનો કરવાની હતી. ચૂનાનું કારખાનું કોઈ કરવા તૈયાર નહિ, કારણ કે હાથ-પગ ફાટી જાય અને આંખે પણ ગરમી આવે. વળી આંધળા પણ થવાય, એવી સૌને બીક લાગતી. પછી સ્વામીએ પ્રાગજી ભક્તને બોલાવીને કહ્યું : ''પ્રાગજી ! આ ચૂનાનું કારખાનું કરવા કોઈ તૈયાર નથી. સૌને બીક લાગે છે કે હાથ-પગ ફાટી જશે અને આંધળા થશું. માટે તું માથે રાખ અને તને મદદમાં પાંચ-સાત માણસો આપીશું.''

આ સાંભળી ભગતજીએ રાજી થઈને કહ્યું : ''મહારાજ ! આપની ઇચ્છા હશે તો સર્વ કંઈ કરીશ. મારે કોઈની મદદની જરૂર નથી. મારે તો આપની સહાય છે એ જ બસ છે.'' એમ કહી પોતે એ કામ માથે લીધું.

દરેકને તેમની આવી તીવ્ર શ્રદ્ધા જોઈ આશ્ચર્ય થયું અને વળી કેટલાક દ્વેષીલા તો, તે કાં તો આંધળો થાય અથવા મરે તો સારું, એમ સંકલ્પ કરવા માંડ્યા. આવા સંકલ્પને સિદ્ધ કરવા મંદિરની સામેના વંડામાંથી બાર-બાર મણ ચૂનાના કોથળા, ચાર-પાંચ જણા તેમના ઉપર ચડાવે, કોઈ કોઈ વખત તો જોરથી ફેંકે પણ ખરા ! પરંતુ પોતે તો સ્વામીની મૂર્તિ ધારી, સ્વામી જ પોતાની કસોટી અનેક દ્વારે, અનેક પ્રકારે કરી રહ્યા છે એમ જાણી, શત્રુભાવે કે મિત્રભાવે જે કોઈ આવે તે દરેકને સ્વામીસ્વરૂપ જ દેખે; પણ તેમનામાં

દેહભાવ તો તેમને દેખાતો જ નહિ. સ્વામી પોતે જ જાણે તેમની કસોટી કરવા, થકવવા, અનેકમાં પ્રવેશ કરી તેમની ધીરજ જોવા પધારતા હોય એવા દિવ્યભાવની દૃષ્ટિ તેમને સહજ સિદ્ધ થઈ ગઈ હતી.

આવા મોટા કોથળા ઉપાડીને કારખાના પાસે લાવે અને મોઢું ખોલી ચોકમાં ઠાલવે. પછી તેને માટે ચાર હવાડા કરી રાખ્યા હતા તેમાં નાખી, પાણી નાખી પલાળી રાખે. પછી જેમ માટી કચરે, તેમ ચૂનાના હવાડામાં પોતે ઊતરી કચરે. તેમને આ પ્રમાણે ચૂનાનું કામ કરતા જોઈ કેટલાક તેમને કહેતા કે ''આ ચૂનાના છેરથી આંધળો થઈશ, હાથ-પગ ફાટી જશે.''

ત્યારે પોતે જવાબ આપતા : ''આ ગુણાતીતાનંદ સ્વામી ઉપર મારો દેહ કુરબાન છે અને મારે તો ગમે તેમ થાય પણ તેમને રાજી કરી દેવા છે.''

આ પ્રમાણે કેવળ સ્વામીને જ પ્રસન્ન કરવાની ઇચ્છાથી, આ હવેલીનું કામ સાડા ત્રણ વર્ષ સુધી ચાલ્યું, ત્યાં સુધી તેમણે તે કામ અવિરતપણે કર્યા જ કર્યું. પોતે દસ-દસ માણસનું કામ એકલા કરતા અને દેહ સામી દૃષ્ટિ રાખતા જ નહિ.

આવી રીતે અવિરત હવેલીની ક્રિયામાં જોડાવા છતાં, કોઈ ન હોય ત્યારે સ્વામી પાસે બેસીને કથા વાંચે અને આખી રાત તેમની પાસે બેસી વાતો સાંભળે, પણ કોઈ દિવસ સૂતા તો નથી જ. તેમની ભેગા રહેનારા સર્વે જાણતા હતા કે પ્રાગજી ભક્ત કોઈ દિવસ સૂતા જ નથી. સ્વામી વિષ્ણુ-પ્રસાદદાસજી, નરનારાયણદાસજી તથા સ્વામીશ્રી જાગા ભક્ત, આત્માનંદ બ્રહ્મચારી વગેરે ઘણા જ કહેતા કે ચાર વર્ષ સુધી તો પોતે સૂતા જ નથી. આમ, *'શૂળી ઉપર શયન કરાવે તોયે સાધુને સંગે રહીએ રે'* એ મુક્તાનંદ સ્વામીનું પદ તેમણે સિદ્ધ કરી બતાવ્યું.

આટલો પરિશ્રમ કર્યા છતાં દેહનું બળ ઘટે તે માટે સ્વામીએ તેમને કહ્યું : ''પ્રાગજી ! દેહે કરીને તો બહુ મહેનત તું કરે છે પણ તપ[૬] અને વૈરાગ્ય

---

૬. ધર્મશાસ્ત્રમાં કહ્યાં છે જે ત્યાગીના નિયમ તેને રાખે તથા આહારને નિયમમાં રાખે તથા તપ્તકૃચ્છ ચાંદ્રાયણાદિક વ્રત કરે તથા જાણી જાણીને ટાઢ-તડકો, ભૂખ-તરસ તેનું સહન કરે અને ભગવાનનાં કથા, કીર્તન, વાર્તા કરે તથા ભજન-સ્મરણમાં બેસે તથા આસન જીતે ઇત્યાદિક સાધને કરીને બાહ્ય ઇન્દ્રિયો જિતાય છે. અને ભગવાનના માહાત્મ્યનો વિચાર અને ભગવાનનું ધ્યાન તથા આત્મ-નિષ્ઠા એટલે કરીને અંતઃકરણ જિતાય છે. – **લોયા ૫.**

વિના દેહમાંથી બળ ઘટશે જ નહિ. માટે બે દિવસ ઉપવાસ અને ત્રીજે દિવસે જમવું. એવી રીતે એક માસ રહેવું અને વળી બીજે માસે ધારણાં-પારણાં કરવાં. જ્યારે જમવાનો દિવસ હોય, ત્યારે બપોરે જ જમવું અને તે પણ ગળ્યું-ચીકણું કાંઈ જ ખાવું નહીં. વળી, બે ઉપવાસ જે થયા હોય તેમાં બહુ ગરમી જણાય તો ત્રીજે દિવસે સવારમાં છાશ પીવી, પણ બીજું ન ખાવું.''

એવી રીતે સાડા ત્રણ વર્ષ સુધી કર્યું. એમ તપ, અગાધ પરિશ્રમ અને જાગરણથી કોઈ વખત તાવ પણ આવી જાય. ત્યારે સ્વામી બ્રહ્મચારી પાસેથી થાળના બે લાડુ લાવી ખવરાવે અને એ પ્રમાણે થાક ઉતારે. વળી, સ્વામી રાત્રે ત્રણ-ત્રણ વાગ્યા સુધી વાતો કરે તે સાંભળે અને બીજા સંતો જ્યારે ત્રણ વાગે ઊઠીને નાહવા જાય, ત્યારે સ્વામીની આજ્ઞા પ્રમાણે પોતે ત્રણ વાગે સૂઈ જાય અને ચાર વાગે ઊઠે. સ્વામી કહે કે ''તારે તો સવારમાં ખાવાની મારી ના છે, તેથી વહેલું નાહીને શું કામ છે ? વળી, સૂવું તે પણ ગોરખ આસન વાળીને સૂવું, પણ લાંબા પગ કરીને ક્યારેય સૂવું નહીં.'' એવી રીતે ત્રણ વર્ષ લાગલગાટ તપ કર્યું.

આવી રીતે સ્વામી પ્રત્યેના તેમના અપાર ભક્તિભાવથી સ્વામી અત્યંત રાજી થઈ ગયા અને શ્રીજીમહારાજના જેટલા અભિપ્રાય વચનામૃતમાં હતા તે સર્વ સ્વામીએ તેમને કૃપા કરીને શીખવ્યા અને જેટલી યોગકળાની યુક્તિઓ હતી તે પણ શીખવી. વૃત્તિઓ પાછી વાળીને મૂર્તિમાં કેવી રીતે મનની વૃત્તિ રાખવી, ઊંચે ચડાવવી, નાસિકાગ્ર લાવવી, અંતરમાં ઉતારવી, બહાર કાઢવી તે સર્વે શીખવીને બ્રહ્મસ્થિતિ સિદ્ધ કરાવી. આ સ્થિતિ સિદ્ધ કરવામાં હેતુરૂપ સ્વામીની મરજી તેમણે અખંડ જોઈ, જાણી અને જાળવી, 'ભક્ત્યાનુવૃત્ત્યા' - એ ભક્તિસૂત્રનું અક્ષરશઃ પાલન તેમણે જીવનમાં ઉતાર્યું અને સ્વામીની આજ્ઞા અધ્ધર ઝીલી સ્વામીનો એક પણ શબ્દ તેમણે હેઠો પડવા ન દીધો.

અનુવૃત્તિ એ જ ભક્તિ

એક વખત ચૂનાની ભઠ્ઠી પાકેલી હતી. તે કાઢવા માટે સ્વામીએ તેમને કહ્યું : ''પ્રાગજી ! બસો પાવડા અને પાંચસો ટોપલા સવારમાં ભેગા કરીને તૈયાર રાખજે. સવારે ભઠ્ઠી કાઢવી છે.''

ત્યારે ભગતજીએ કહ્યું : ‘‘સારું મહારાજ !’’ એમ કહી ઊઠ્યા અને મંદિરમાં દસ-બાર પાવડા અને પચાસ-સાઠ ટોપલા હતા તે ભેગા કર્યા અને સ્વામી પાસે આવ્યા.

ત્યારે સ્વામીએ પૂછ્યું : ‘‘પાવડા-ટોપલા લાવ્યો ?’’

એટલે તેમણે કહ્યું : ‘‘હા, સ્વામી.’’

આ ઉપરથી કેટલાક ત્યાગીઓ કહેવા લાગ્યા : ‘‘સ્વામી પણ ગપ્પાં મારે છે અને ચેલો પણ ગપ્પાં મારે છે. એટલા બધા પાવડા અને ટોપલા મંદિરમાં છે જ નહિ.’’

તે સાંભળી ભગતજીએ તેમને કહ્યું : ‘‘જુઓ, સ્વામી તો સર્વજ્ઞ છે અને બધુંય જાણે છે કે મંદિરમાં કેટલા પાવડા અને ટોપલા છે; પણ મારે તેમનું વચન અધ્ધર ઝીલવું હતું અને હેઠું પડવા દેવું નહોતું, એટલે મેં હા પાડી.’’

બીજા એવા એક પ્રસંગે પ્રાગજી પોતાની અનુવૃત્તિ કેવી નિઃશંક રીતે પાળે છે તે સૌને સમજાવવા સ્વામીએ પ્રાગજી ભક્તને કહ્યું : ‘‘પ્રાગજી ! ગિરનારને બોલાવી લાવ. બિચારો ઘણા જુગથી તપ કરે છે તે આજ એનું કલ્યાણ કરીએ.’’

એટલે ભગતજી તરત જ ઊઠ્યા. ત્યારે કેટલાક અખતર ડાહ્યા હસ્યા અને કહેવા લાગ્યા : ‘‘પ્રાગજીમાં અક્કલ જ ક્યાં બળી છે ? ગુરુ તો કહે પણ વચન પાળવામાં પણ વિવેક જોઈએ.’’

આ સાંભળી ભગતજી પાછા વળ્યા અને સૌને સંબોધીને કહ્યું : ‘‘એક ધર્મનો લોપ થતો હોય તે સિવાયની ગુરુની તમામ આજ્ઞા અવિચારીપણે શિષ્યે પાળવી જ જોઈએ. હું તો ગિરનારને માથું અડાડી કહીશ કે સ્વામી તને બોલાવે છે. એટલે મેં તો સ્વામીની અનુવૃત્તિ સાચવી ગણાય. ગિરનાર ન આવે તો એ વિમુખ કહેવાશે.’’

એમ કહી તેમણે એક દૃષ્ટાંત દીધું : ‘‘એક વાર એક રાજાએ પોતાના રાજ્યના તમામ માણસોને ભેગા કરીને કહ્યું : ‘આ કૂવામાં પડીને જે કોરો નીકળે તેને મારે એક ગામ બક્ષિસ આપવું.’ રાજ્યના બધા માણસો રાજાના આ ઢંઢેરાથી એકબીજા સામે જોઈ આશ્ચર્ય પામી હસવા લાગ્યા. પરંતુ તેમાંથી એક બુદ્ધિશાળી માણસે વિચાર કર્યો, ‘આ રાજા આટલું મોટું રાજ્ય ચલાવે છે તે સમજી વિચારીને કરતો હશે. અને વળી બુદ્ધિશાળી પણ છે. માટે જરૂર

તેના આ હુકમમાં કાંઈક મર્મ હોવો જોઈએ.' એમ વિચારીને તેણે બીડું ઝડપ્યું અને કૂવામાં પડ્યો. પણ પલળીને બહાર નીકળ્યો. એવી રીતે ચાર વખત પડ્યો અને પલળીને બહાર નીકળ્યો. તે જોઈ પાસે ઊભેલા સૌએ કહ્યું : 'આ કોઈ ગાંડો લાગે છે. કૂવામાં પડીને કોરો નીકળવાનો વિચાર કરે તેને અક્કલ ક્યાંથી હોય ?' પરંતુ રાજા તો જાણતો હતો કે પાણીમાં પડીને કોઈ કોરો નીકળી શકે નહિ. પણ આ પુરુષે મારું વચન અધ્ધર ઝીલ્યું, માટે મારે એને ગામ બક્ષિસ આપવું. આ દૃષ્ટાંતનો સિદ્ધાંત પણ એ જ છે – મારે પણ સ્વામીનું વચન હેઠું પડવા દેવું નહોતું. એટલું જ પ્રયોજન હતું.''

ભેખનું તો ભાંગી પડ્યું

સવારે ભઠ્ઠી કાઢવાનું કામ સાધુ, પાળા તમામને આપવામાં આવ્યું. ભગતજી તો ચૂનાનો ટોપલો માથે મૂકી દોટ મૂકીને નાખી આવે અને વળી ભરે. એમ કરતાં દસ વાગ્યા એટલે સર્વ સાધુ, પાળા વગેરે કંઈ ને કંઈ પાઠ કરવાને બહાને કે બીજે બહાને જતા રહ્યા. ફક્ત ભગતજી તથા પાંચ-સાત હરિભક્તો જ રહ્યા અને તેમણે કામ ચાલુ રાખ્યું. આ જોઈ સ્વામી ત્યાં બેઠા હતા તે હસીને બોલ્યા : ''ભેખનું તો ભાંગી પડ્યું અને પ્રાગજીનું તો ચાલતું રહ્યું.'' એમ કહીને રાજી થઈને ભગતજીને મળ્યા. એવી રીતે ત્રણ દિવસ ભઠ્ઠી કાઢતાં થયા અને ત્રણ દિવસ બીજી ભઠ્ઠી ભરતાં થયા. એમ છ દિવસ સવારથી તે સાંજ સુધી અતિ મહેનત કરી.

છઠ્ઠા દિવસે સ્વામી બહુ જ રાજી થયા અને બોલ્યા : ''પ્રાગજી ! તેં બહુ જ મહેનત કરી છે, તેથી હું તારા ઉપર રાજી થયો છું.'' એમ કહીને કહ્યું : ''આવ મળીએ.'' પછી બે-ત્રણ વખત મળ્યા, માથા ઉપર હાથ મૂક્યો અને અંતરનો રાજીપો ખૂબ બતાવ્યો.

આથી ભગતજીને હર્ષનાં આંસુ આવી ગયાં અને સ્વામીને પ્રાર્થના કરી : ''સ્વામી ! આપ રાજી થયા છો તે જ મારાં મોટાં ભાગ્ય છે. મારા ઉપર આપની ઘણી જ કૃપા છે, તેથી આપ પ્રગટનાં બધાં સુખ આપો છો. વળી, આવાં અનંત કોટિ બ્રહ્માંડ આપની દૃષ્ટિમાં જ નથી, છતાં આપ મનુષ્ય જેવા થઈને મારા જેવાને સુખ આપીને લાડ લડાવો છો. અને આ ભઠ્ઠી ભરવાની સેવા આપી તેથી હું પૂર્ણકામ અને કૃતાર્થ થયો છું. હવે આ

ભઠ્ઠી આપે જે ભરાવી તેના સિદ્ધાંતરૂપ એક વાત કહો.''

ભઠ્ઠી ભર્યાની વાત

સ્વામી તો ભગતજીની આ સ્તુતિ અને દરેક ક્રિયામાં અધ્યાત્મતત્ત્વ અન્વેષણની તેમની તીવ્ર જિજ્ઞાસા જોઈ બહુ જ રાજી થયા અને ચૂનાની ભઠ્ઠી કરી તે ઉપર સુંદર સિદ્ધાંતની વાત તેમણે કરી.

સ્વામી બોલ્યા : ''પ્રાગજી ! સાંભળ. પ્રથમ તો આ ભઠ્ઠી ભરી તેમાં છાણાં, લાકડાં અને પથરા ભર્યાં. એવી રીતે થર ઉપર થર લેતાં ઉપર ડૂંટો રાખ્યો અને તેમાં દેવતા નાખ્યો. તેથી લાકડાં, છાણાં, પથરા વગેરે બળીને ભસ્મ થઈ ગયાં અને ખરેખરો ચૂનો થયો. આનો સિદ્ધાંત એ છે કે સ્થૂળ દેહ તે છાણાં છે, સૂક્ષ્મ દેહ તે લાકડાં છે અને કારણ દેહ તે કાળા પથરા છે અને નેત્ર એ ડૂંટો છે અને અગ્નિને ઠેકાણે શ્રીજીની મૂર્તિ છે. શ્રીજીની મૂર્તિને નેત્રમાં સ્થિર રાખી, વચનમાં વિશ્વાસ લાવી, અખંડ ભજન કરે તો થોડા દિવસમાં જ અગ્નિરૂપી શ્રીજીની મૂર્તિના ભજનથી ત્રણ દેહ, ત્રણ અવસ્થા અને ત્રણ ગુણના ભાવ બળીને ભસ્મ થઈ જાય અને કેવળ અક્ષરધામ, મહારાજની મૂર્તિ, પોતાનો આત્મા તથા મુક્ત એ જ નજરમાં રહે. અક્ષર સંગાથે એકતા થઈ જાય અને મહારાજ અણુ જેટલા પણ છેટા ન રહે.''

એ પ્રમાણે સિદ્ધાંતની અતિ અલૌકિક વાત સાંભળી ભગતજી બહુ જ રાજી થયા અને એમ વર્તવાનો વિશેષ વેગ લગાડી દીધો.

યોગની પરાકાષ્ઠા

ત્યાર પછી ભગતજીએ અંતર સન્મુખ વૃત્તિ રાખીને સ્વામીમાં જીવ જડીને અખંડ ભજન કરવા માંડ્યું. તપ, સેવા અને ભજનનો અખંડ વેગ લગાડીને, પ્રત્યક્ષ મૂર્તિની સ્મૃતિએ સહિત, આત્મસ્વરૂપમાં જ મગ્ન રહેવા લાગ્યા. અનન્ય ભક્તિ સિદ્ધ કરવાનું આ જ એકમાત્ર સાધન છે અને એ સાધનથી જેણે ભક્તિ સિદ્ધ કરી હોય તે સર્વે બ્રહ્મવિદોમાં શ્રેષ્ઠ છે.[૭] વળી, એવી અનન્ય ભક્તિ કોના થકી સિદ્ધ થાય છે ? એ પરમાત્મા જેને વરે છે, પ્રીતિપાત્ર માને છે તેમનાથી જ એ એકાંતિક ભક્તિ પમાય છે અને એવા

૭. आत्मक्रीड आत्मरतिः क्रियावानेष ब्रह्मविदां वरिष्ठः । – મુંડકોપનિષદ : ૩/૧/૪

એકાંતિક ભક્તને જ ભાગવતી તનુ પ્રાપ્ત થાય છે.[૮] શ્રીજીમહારાજ સાથે જેને નિરંતર પરમ એકતા છે, જે એમનું સ્વરૂપ છે, શરીર છે, એવા અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના તેઓ અત્યંત કૃપાપાત્ર બની ગયા હતા અને તેમના સ્વરૂપ સાથે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થામાં અખંડ સ્મૃતિથી એકતા સાધી હતી. આમ, મૂળ અક્ષરબ્રહ્મના સ્વરૂપ સાથે અખંડ ભજનથી એકતા સાધી, પોતાના જીવાત્માના મધ્યમાં અંગુષ્ઠમાત્ર સ્વરૂપે રહેલા અંતર્યામી પરમાત્મા શ્રી સહજાનંદ સ્વામીને, પૂર્ણ સ્વરૂપે પ્રગટ કરવાનો તેમનો યોગ, હવે પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો. તેના ફળરૂપે અષ્ટ આવરણ ટળી ગયાં હતાં અને સચ્ચિદાનંદ બ્રહ્મના પ્રકાશમાં, જે પ્રકાશ પોતાના હૃદયાકાશમાં પૂર્ણ સ્વરૂપે પ્રગટ્યો હતો; તેમાં મૂર્તિમાન પુરુષોત્તમની મૂર્તિ અપાર દિવ્ય તેજોમય સ્વામી સ્વરૂપે તેમને અખંડ દેખાતી હતી. સ્વામીની મૂર્તિમાં અતિ અપાર દિવ્યતા અને મહારાજનાં સાક્ષાત્કાર દર્શન[૯] તેમને અખંડ થતાં અને સદા સચ્ચિદાનંદ બ્રહ્મસ્વરૂપે જ તેઓ વર્તતા; તે નીચેના પ્રસંગથી સિદ્ધ થાય છે.

સાંખડાવદરના બીડમાં તૃણોત્સવ

સંવત ૧૯૧૮ની સાલમાં જૂનાગઢના મંદિરનાં ઢોર માટે સાંખડાવદરના બીડમાં ખડ ઉગાડેલ, તે કાપવા માટે સ્વામી સંતો, પાળા તથા હરિભક્તો સાથે ગયા અને અહીં ખડ બધું કપાઈ રહે તેટલા દિવસ રહી તૃણોત્સવનો સમૈયો કર્યો. ભગતજી પણ સાથે હતા. પોતે નિત્ય સંતો તથા પાર્ષદો અને હરિભક્તો માટે આજુબાજુના નેસમાંથી ખાસ ચોખ્ખા પાણીની બનાવેલી છાશ લાવે, પાણી લઈ આવે અને વળી ખડ પણ વાઢે.

---

૮. यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनुं स्वाम् ।

— મુંડકોપનિષદ : ૩/૨/૩

અર્થ : જે આત્મસ્વરૂપ હોય તેની સાથે એકતા કરવાથી જ એ આત્મા પમાય છે. એકાંતિક થકી જ એકાંતિકનો ધર્મ સિદ્ધ થાય છે. — ગ.પ્ર. ૬૦

૯. जुष्टं यदा पश्यत्यन्यमीशमस्य महिमानमिति वीतशोकः । — મુંડકોપનિષદ : ૩/૧/૨
અર્થ : એ ભક્ત જ્યારે અતિ પ્રસન્ન થયેલા પોતાનાથી જુદા રહેલા પરમાત્માને જુએ છે, ત્યારે એ પરમાત્માનો મહિમા અપહતપાપ્મત્વાદિક ગુણાષ્ટકના આવિર્ભાવને પામે છે.

એક દિવસ પોતે છાશ લેવા ગયા. એટલામાં એક કણબી રસ્તે જતાં બીડમાં સ્વામી જ્યાં બિરાજેલ ત્યાં આવ્યો. સ્વામીએ તેના તરફ દૃષ્ટિ કરી, ત્યાં તો તેનાં નાડી, પ્રાણ, ઇન્દ્રિયો ખેંચાવા લાગ્યાં. એટલે તેને તો કંઈ કામણ થયું હોય એવી બીક લાગી. તેથી તે ત્યાંથી ભાગ્યો અને શ્વાસભેર દોડવા માંડ્યો. સામેથી ભગતજી છાશ લઈને આવતા તેને સામા મળ્યા. ભગતજીને માથે છાશની મોટી ગોળી હતી અને બહુ ભાર લાગ્યો હતો. એટલે તેમણે આ કણબીને ઊભો રાખી, માથેથી ગોળી ઉતારવા કહ્યું. તેણે ભગતજીને માથેથી ગોળી ઉતારી અને ભગતજીને કહ્યું : ''ભલો થઈને સામેના બીડમાં જઈશ નહિ. ત્યાં કામરૂ દેશનો એક બાવો આવ્યો છે તે કામણ કરે છે.''

એ સાંભળીને ભગતજી હસીને બોલ્યા : ''ભાઈ ! મને તો એ બાવાએ ક્યારનુંય કામણ કરી નાખ્યું છે, એટલે હું તો એને જ અખંડ દેખું છું.'' એમ કહી ગોળી માથે ચડાવી ચાલવા માંડ્યા. કણબી પણ ''ભોગ તારા'' એમ બબડતો તેને રસ્તે પડ્યો.

ભગતજી સ્વામી પાસે આવ્યા અને માથેથી ગોળી ઉતારી સ્વામીને પૂછ્યું : ''અહીં કોઈ આવ્યું હતું ?''

ત્યારે સ્વામીએ કહ્યું : ''હા, એક કણબીનો છોકરો આવ્યો હતો. તે મેં તેના સામું જોયું એટલે દોડતો ભાગી ગયો.'' ભગતજી સ્વામીની દયાનો અને જીવની અવળાઈનો વિચાર કરવા લાગ્યા.

એ અરસામાં જ એક દિવસ ખડ કાપતા હતા ત્યાં વરસાદ થયો. ભગતજીએ તરત જ બે ચાદરો સાંધીને ચોફાળ જેવું બનાવી, સ્વામી ઉપર ઓઢો કરી, સ્વામીને અંદર બેસાડ્યા. સમો સાચવીને સમે સમે સાવધાન રહેવાની ભગતજીની આવી ટેવથી સ્વામી રાજી થયા અને બોલ્યા : ''આવો અવસર સાચવવો તે પણ ઘણું કઠણ છે. પણ જેને મોટાપુરુષનો મહિમા હોય અને વળી બુદ્ધિ હોય તેને જ આવડે.'' એમ કહી વળી બોલ્યા : ''કલ્યાણ તે શું ? તો સત્પુરુષને વિષે આત્મબુદ્ધિ, તેની અનુવૃત્તિ અને સેવા, એ ત્રણ વાતમાં જ કલ્યાણ છે અને એ ત્રણે આને (પ્રાગજી ભગતને) આવડે છે.''

વાળંદનો કસબ

પછી તૃણોત્સવનો સમૈયો કરી સર્વે જૂનાગઢ આવ્યા. અહીં મંદિરમાં

સર્વે સાધુ, પાળાનાં વતાં કરવાનું કામ કરસન વાળંદ કરતો હતો તે રિસાયો અને એક એક સાધુ દીઠ બબ્બે પૈસા મળે તો જ હજામત કરીશ એમ તેણે કહેવરાવ્યું. સ્વામીને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે સ્વામીએ કહ્યું : ''એને કહેજો કે જણ દીઠ એક પૈસાથી વધારે નહિ મળે. અમારે કંઈ ડૂંડાં નથી આવવાનાં,'' એમ કહી તેને રજા આપી. સાધુ, પાળાને દોઢ માસની હજામત વધી એટલે સર્વે અકળાયા અને એક વાળંદને બોલાવવા નક્કી કર્યું. સ્વામીએ જાણ્યું એટલે પ્રાગજી ભગતને બોલાવીને પૂછ્યું : ''પ્રાગજી ! તને વતાં કરતાં આવડશે ?''

ભગતજી તો તરત જ બોલ્યા : ''હા, સ્વામી !''

દરેક પ્રસંગ પોતાના દેહાભિમાનના ખંડન માટે જ સ્વામી ઊભો કરે છે તેનું અખંડ જાણપણું તેમનામાં હતું. જેને દેહાભિમાન સંપૂર્ણ નષ્ટ થઈ ગયું છે અને આત્મસ્વરૂપમાં જ સદા સર્વદા વર્તે છે, એવા પ્રાગજી ભક્ત સ્વામીએ ઉપસ્થિત કરેલા એક એક પ્રસંગમાં, તેમનું બ્રહ્મનું જાણપણું કેટલું અખંડ રહે છે – તેની પરીક્ષા જ જાણે સ્વામી કરી રહ્યા છે એમ સમજી, સ્વામીના વચન ઉપર પોતાનો દેહ હોમી દેતા. સ્વામી પણ એમની પોતાનો પડ્યો બોલ ઝીલવાની અને અનુવૃત્તિ સાચવવાની તત્પરતાથી ઘણા રાજી થઈ ગયા અને ગામમાંથી બે રૂપિયાનાં અસ્ત્રો, પથરી વગેરે મગાવ્યાં. ભગતજીએ પ્રથમ જ સ્વામીની હજામત કરી. સ્વામી આથી રાજી થઈ તેમને બે વખત મળ્યા અને આશીર્વાદ આપતાં કહ્યું : ''પ્રાગજી ! તું તો બધી વાતમાં પૂરો છું.''

આ પ્રમાણે છ માસ સુધી સર્વેનાં વતાં કર્યાં, મશાલ ઝાલી અને વાળંદની સર્વ ક્રિયા કરી. તેથી સ્વામી બહુ જ રાજી થઈ ગયા. સ્વામી નિત્યે જમે ત્યારે પ્રસાદી ભગતજીને મોકલે અને જ્યાં સુધી પ્રાગજી ભક્ત મંદિરમાં હોય ત્યાં સુધી નિત્ય તેમને પ્રસાદી આપવાનો બંદોબસ્ત કરવાની ભંડારીને આજ્ઞા કરી. પછી વાળંદ મનાયા અને આવવા લાગ્યા એટલે ભગતજીને માથેથી આ ક્રિયા ઊતરી.

આ પ્રમાણે ભગતજીએ કેવળ સ્વામીને જ રાજી કરવા અને પોતે માગેલ ત્રણ વર સિદ્ધ કરવા માટે મંદિરમાં વાળંદની, દરજીની, કડિયાની, સુથારની, લુહારની, વહેરણિયાની તમામ ક્રિયા કરી. દિવસે આ ક્રિયા કરે અને રાત્રે સ્વામીના આસન પાસે સૂઈ રહે. સ્વામી પાસે કથા વાંચે અને

વળી, સ્વામી પોઢી જાય ત્યાં સુધી પગ દાબે. વળી, અર્ધી રાત્રે સ્વામી લઘુ કરવા ઊઠે ત્યારે પોતે તુરંત જાગીને સ્વામીનો હાથ ઝાલી લઘુને ખાડે લઈ જાય, હાથ ધોવરાવે અને આસને લાવી સુવરાવે.

એક દિવસ સ્વામી અર્ધી રાત્રે લઘુ કરવા ઊઠ્યા. તે વખતે પાસે દીવો ન હોવાથી અંધારું હતું. એટલે ભગતજીએ તુરત પોતાનું ફાળિયું ફાડીને મશાલે વીંટીને દીવો ચેતાવ્યો. આમ, અજવાળું કરીને સ્વામીને લઘુને ખાડે લઈ ગયા. સ્વામી લઘુ કરીને આસને આવ્યા અને બોલ્યા : ''અહો ! આ હરિભક્તે કાળી રાત્રે મારી સેવાને અર્થે અજવાળું કર્યું, ત્યારે હવે મારે શું કરવું ? એણે મારી આગળ અજવાળું કર્યું, તેથી મારે એના અંતરમાં અજવાળું કરવું પડશે.'' એમ કહી બહુ જ રાજી થયા.

❀

સ્વામી સાથેની અતિશય આત્મબુદ્ધિથી ભગતજીને સ્વામી સાથે એકતા થઈ હતી, એટલે સ્વામીની મરજી પ્રમાણે જ તેમનું વર્તન રહેતું. એટલું જ નહિ, કેટલીક વખત તો સ્વામીની મરજી અગાઉથી જાણીને પોતે એ ક્રિયામાં જોડાતા. તેથી સ્વામી ઘણી વાર કહેતા : ''પ્રાગજી ! તું મારો અંતર્યામી થયો.''

હવેલીના કામમાં સ્વામી માથે પણ એક ક્રિયા હતી. તેથી ઘણી વાર સ્વામીને એમ થતું : ''આ ક્રિયા જો કોઈ ઉપાડી લે તો નિરાંતે કથાવાર્તા થાય.''

એક દિવસ પ્રાગજી ભક્તે સ્વામીને કહ્યું : ''સ્વામી ! આપની ક્રિયા હું સંભાળીશ, માટે આપ નિરાંતે કથાવાર્તા કરો.''

ત્યારે સ્વામી બોલ્યા : ''અલ્યા પ્રાગજી ! તું ક્યાંથી જાણી ગયો કે મારે માથેથી ક્રિયા ઉતારવી છે અને કથાવાર્તા અખંડ કરવી છે ?''

ત્યારે ભગતજી કહે : ''સ્વામી દયાળુ ! આપને અખંડ કથાવાર્તાનું તાન; તે ક્રિયા માથે છે એટલે થતું નથી એ હું જાણું છું. માટે આપને વિનંતી કરું છું કે આપની ક્રિયા હું માથે રાખીશ.''

સ્વામી આ સાંભળી ઘણા જ રાજી થયા અને કહ્યું : ''પ્રાગજી ! તું ખરો અંતર્યામી થયો છે. મને તો અખંડ એ જ વિચાર રહે છે કે મારે તો ઘણું જ્ઞાન દઈને બધાને સુખિયા કરી દેવા છે, પણ શું કરીએ ? આ કારખાને ગળે ઝાલ્યા છે એટલે જ્ઞાન દેવા નવરા થતા નથી. જેમ જબરા ખેડુને વેર અપરવારે જાય તેમ થયું છે. પણ હવે તેં માથે લીધું તો મારો સંકલ્પ પૂરો

થશે. પણ પ્રાગજી ! તારે માથે તો ક્રિયા ત્રેવીસ કલાકની છે, એમાંથી તું કેમ કરી આ વધારાની ક્રિયા કરીશ ?''

ભગતજી હાથ જોડી બોલ્યા : ''સ્વામી ! હું ગમે તેમ કરીશ. એની આપ ફિકર કરો નહિ.''

ભગતજી તો 'अर्थं साधयामि वा देहं पातयामि' એવા કૃતનિશ્ચયી થયા હતા અને સારંગપુરમાં 'કોઈ ઉત્કૃષ્ટ શ્રદ્ધાવાન પાત્ર મળે તો તેને આપવું છે' તેવા શબ્દો મોટા કુંડે સ્વામી બોલ્યા હતા તે તેમજ 'મરણિયો થા તો આ જ્ઞાન મળે તેવું છે,' તે શબ્દો અખંડ તેમણે સ્મૃતિમાં જ રાખ્યા હતા.

દરેક ક્રિયામાં આત્મરૂપે જ વર્તન

ભગતજીના જીવનના દરેક પ્રસંગ કેવળ યોગની જ ક્રિયાઓ હતી. દરેક ક્રિયામાં પોતે છે જ નહિ, ઇન્દ્રિયો-અંતઃકરણ કંઈ નથી, પોતાનો આત્મા ચૈતન્ય જ છે અને આત્માને એકરસ પરિપૂર્ણ એવું જે બ્રહ્મસ્વરૂપ તેને વિષે જોડી દેવા માટે, લીન કરવા માટે ઇન્દ્રિયો-અંતઃકરણનો જ્યારે અને જેટલો ઉપયોગ કરવો ઘટે ત્યારે અને તેટલો જ ઉપયોગ તેઓ કરતા. પરંતુ એ દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણ, આત્માના સ્વરૂપના પૂર્ણપ્રકાશના યોગમાં કોઈ રીતે વિક્ષેપ નાખી શકતા જ નહિ. એવી રીતે આત્મસ્વરૂપે જે વર્તે છે તે જ જ્ઞાની છે. સ્વામી પ્રેરિત પોતાના જીવનના દરેક પ્રસંગમાં ભગતજી એમ જ વર્તતા. દેહ, ઇન્દ્રિયોના ભાવને ઉખેડીને આત્મારૂપે જ વર્તવામાં દેહાદિકના કોઈ ભાવ તેમને કદી પણ આડા નડતા જ નહિ. તેમની એ અપૂર્વ વિશિષ્ટતાને લઈને જ તેમનું આત્મસ્વરૂપ દરેક ક્રિયામાં પૂર્ણપણે ખીલતું, અને એથી જ સ્વામીની કોઈ પણ આજ્ઞામાં તેઓ કદાપિ પાછા પડતા જ નહિ, અતિશય શૂરવીર થઈને સર્વ કામ પાર પાડતા. તેમના આવા નિર્ગુણભાવના હેતથી જ સ્વામીને તેમના ઉપર અપાર રાજીપો થઈ ગયો હતો.

મરેલું કૂતરું ખસેડ્યું

એક દિવસ હવેલીના ચણતરકામ વખતે ચણતર માટે આવતા પથરા જે મંદિરની બહાર પડ્યા હતા તે ઉપર એક કૂતરું મરી ગયું હતું. તે કોઈ ઉપાડે નહિ. આથી કડિયા ખોટી થઈ રહ્યા હતા. સ્વામીએ આ વાત જાણી.

તેમને દૃષ્ટિમાં તો પ્રાગજી ભગત સિવાય બીજું કોઈ હતું જ નહિ. તેથી તેમણે ભગતજી ચૂનો કચરતા હતા, ત્યાંથી તેમણે બોલાવીને કહ્યું : ''પ્રાગજી ! જોને પથ્થર કેમ આવતા નથી ?''

ભગતજી તરત હાથ-પગ ધોઈ ત્યાં ગયા તો પથ્થરના ઢગલા ઉપર મરેલું કૂતરું દીઠું અને બધા એકબીજાનાં મોં સામે જોઈને ઊભા હતા. સામાન્ય રીતે બીજા કોઈ ભગતને સ્વામીએ જોવાનું કહ્યું હોત તો તે આવીને મરેલું કૂતરું પડેલું જોઈ સ્વામી પાસે જઈને કહેત કે 'પથ્થરના ઢગલા ઉપર કૂતરું મરી ગયું છે. તે જ્યારે સેવક આવશે અને કૂતરાને ઉપાડી જશે ત્યારે પથરા આવશે.' પરંતુ ભગતજીની વાત જ નોખી હતી. તે તો જાણતા હતા કે સ્વામી તો સર્વજ્ઞ છે. બધું જ જાણે છે છતાં મને જ બોલાવીને જોવાનું કહ્યું, તો તેમની મરજી આ કૂતરું ખસેડીને પથરા જલદી અંદર આવે અને કડિયા ખોટી ન થાય તે જોવાની છે. તેથી પોતે તુરત લૂગડું બદલીને કૂતરું ઢસડીને બહાર ફેંકી આવ્યા અને પછી નાહી લીધું. પથરા અંદર આવવા લાગ્યા અને ભગતજી પણ નાહીને પાછા ચૂનો કચરવા લાગ્યા.

ભગતજીની આ ક્રિયાથી કેટલાક અખતર ડાહ્યા સ્વામી પાસે આવીને કહેવા લાગ્યા : ''આ પ્રાગજી તો ગોબરો છે. એણે મરેલું કૂતરું ઉપાડ્યું.''

સ્વામી આ ફરિયાદ સાંભળી મંદ મંદ હસ્યા પણ કંઈ બોલ્યા નહિ.

મોટાની મરજી ન જાણનારા જીવ કેવળ ચામડિયા જ છે

બીજે દિવસે કમિયાળાના મોઢભાઈએ સ્વામીને કહ્યું : ''સ્વામી ! તમે પેલા પ્રાગજીને કેમ કાંઈ કહેતા નથી ? કાલે એ મરેલ કૂતરાને અડ્યો હતો.''

ત્યારે સ્વામીએ પૂછ્યું : ''પછી નાહ્યો હતો કે નહિ ?''

ત્યારે તેમણે જવાબ આપ્યો : ''નાહ્યો તો હતો. પણ આપણે કાંઈ અડાય ?''

આવો એક જ પ્રસંગ ઊભો કરી સ્વામીએ સર્વેનાં અંતઃકરણ તપાસી લીધાં અને દીર્ઘસૂત્ર જેવું એક મહાન વાક્ય બોલ્યા : ''સૌ ગૃહસ્થ હંમેશાં જીવતાં ચામડાં ચૂંથે છે, તો એણે મોટા સાધુની મરજીથી એ કાઢી નાખ્યું તેમાં શું ખોટું કર્યું ? કડિયા ખોટી થતા હતા તે કામ તેણે ચાલતું કર્યું.'' એમ કહીને પોતાની દૃષ્ટિમાં મોટાની મરજી જાણ્યા સિવાય, જગતના જીવો જે જે

ક્રિયા કરે છે તે સર્વ ચામડિયા જ છે એમ મર્મમાં સમજાવ્યું. પણ અંતરપટ જેણે ખોલ્યું હોય તેને જ એ વાત સમજાય.

એઠવાડની કૂંડીમાં અડસઠ તીર્થ

એક વખત ઉત્સવમાં રસોઈનાં બધાં એઠાં વાસણો ભગતજી તથા બીજા પાળા ઊટકતા હતા અને તે એઠવાડનું બધું પાણી એક મોટી કૂંડીમાં ભેગું થતું હતું. તે કૂંડી પાસે સ્વામી આવીને ઊભા અને કૂંડીનું પાણી સ્વામીનાં ચરણારવિંદ ઉપર પડ્યું અને દડીને પાછું તે પાણી કૂંડીમાં પડ્યું. સ્વામીએ સહેજ રમૂજમાં કહ્યું : ''અલ્યા પ્રાગજી ! અડસઠ તીરથ ક્યાં હશે ?''

ભગતજી આ પ્રશ્નનો મર્મ સમજી ગયા. તેમણે જોયું કે એઠવાડનું પાણી છલકાઈને સ્વામીના પગને અડે છે અને કૂંડીમાં પાછું પડે છે. તેમણે સ્વામીને કહ્યું : ''અડસઠ તીરથ તો સત્પુરુષના ચરણમાં જ છે.''

એટલે સ્વામીએ કહ્યું : ''જો એમ સમજાય ત્યારે કામ થઈ જાય.''

આ શબ્દો સાંભળી ભગતજી એઠવાડની કૂંડી જે સ્વામીના સ્પર્શથી તીર્થરૂપ થઈ હતી તેમાં પડ્યા અને ખૂબ નાહ્યા. તે જોઈ સ્વામી મંદ મંદ હસવા લાગ્યા અને બોલ્યા : ''સાચો મહિમા જ્યારે જીવમાં ઊતર્યો હોય ત્યારે જ આમ થાય.'' એમ ભગતજી ઉપર પોતાનો અપાર રાજીપો બતાવ્યો.

જ્યારે બીજા તો એમ બોલવા લાગ્યા : ''પ્રાગજી ગોબરો છે, ગંદો છે, એઠવાડનુંયે ભાન નથી.'' આ સાંભળી સ્વામીએ પ્રાગજી ભગતને કહ્યું : ''પ્રાગજી ! હવે બસ થયું. સારા પાણીથી નાહી નાખ. આવો અવસર ફરી મળે એવો નથી, તે તેં લઈ લીધો.''

મુક્તોની જુદી જુદી સ્થિતિના ભેદ તો કેવળ ઉપાસ્યમૂર્તિના મહિમાની તારતમ્યતા ઉપર જ છે. આ મહિમાના જ્ઞાનના ત્રણ પ્રકાર છે : ઇન્દ્રિયગમ્ય, અંતઃકરણગમ્ય અને જીવસત્તા તદાશ્રિત અનુભવ-ગમ્ય. જ્યાં સુધી ઇન્દ્રિયોમાં મહિમાનું જ્ઞાન હોય છે, ત્યાં સુધી વાચ્યાર્થમાં પ્રકૃતિપુરુષ સુધીના સર્વે દેવતા તથા તેમના લોકને ઉડાડે, પણ અલ્પ વિષયમાં લેવાઈ જાય. કારસો આવે એવી સત્પુરુષની આજ્ઞા પણ ન પળાય. મહિમાનું જ્ઞાન જ્યારે અંતઃકરણમાં ઊતરે ત્યારે પ્રતિલોમ દૃષ્ટિ રહેવા માંડે અને આજ્ઞા પાળવામાં વિચાર કરતો થાય અને કદાચ અંતઃકરણના સંકલ્પના યોગે આજ્ઞા ન પળાય

તો મૂંઝવણ પણ થાય; પરંતુ જ્યારે આ જ્ઞાન જીવમાં ઊતરે, ત્યારે ઇન્દ્રિયો-અંતઃકરણનાં આવરણ ભેદાઈ જાય અને કેવળ સત્પુરુષ વિના બીજું કંઈ રહે જ નહિ. ફક્ત સત્પુરુષ અને તેમનું વચન. એટલે જ શ્રીજીમહારાજે કહ્યું છે : ''સત્પુરુષની આજ્ઞા પ્રમાણે જે વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે.'' (ગ.મ. ૫૧). ભગતજીની આ સ્થિતિ હતી.

વરતાલ ચૈત્રી સમૈયે

સંવત ૧૯૧૮ના ચૈત્રી સમૈયે સ્વામી વરતાલ પધાર્યા ત્યારે ભગતજીને પણ સાથે લઈ ગયા હતા.

જૂનાગઢથી ગઢડા, કારિયાણી, ધોળેરા થઈને સીંજીવાડે પ્રભુદાસને ત્યાં થઈ સોજીત્રાની ભાગોળે મુકામ કર્યો. અહીં ગામના તમામ હરિભક્તો સ્વામીનાં દર્શને આવ્યા. પણ લલ્લુભાઈ માનસી પૂજા કરવા બેઠા હતા તેથી તેમને દર્શને આવતાં વાર થઈ. સ્વામી તો ત્યાંથી ચાલ્યા.

સ્વામી થોડે દૂર ગયા ત્યાં લલ્લુભાઈ દોડીને સ્વામીનાં દર્શને આવ્યા અને દંડવત કરી પગે લાગ્યા. એટલે સ્વામીએ તેમને કહ્યું : ''માનસી પૂજામાં જેને જમાડતા હતા તે પ્રત્યક્ષ આવ્યા તો પણ દર્શને ન અવાયું ?''

તે સાંભળી લલ્લુભાઈ કહે : ''સ્વામી ! મારી ભૂલ થઈ ગઈ.'' એમ મહારાજ આજ પોતા દ્વારા પ્રત્યક્ષ વિચરે છે એમ સ્વામીએ જણાવ્યું.

ત્યાંથી નીકળી મહેળાવ પધાર્યા અને તળાવને કાંઠે મેદાનમાં રાત રહ્યા. તે ગામના શેઠ વેણીલાલ, ગિરધરદાસ, પીતાંબર, જોરાભાઈ, હાથીભાઈ, જીવાભાઈ, કિશોરભાઈ, ધોરીભાઈ, ગલભાઈ, શંકરભાઈ, મથુરભાઈ, ઝીણાભાઈ, દલાભાઈ, લખાભાઈ વગેરેએ સ્વામીની બહુ જ સેવા કરી અને રાત્રે કથાવાર્તા ખૂબ થઈ. સવારમાં વરતાલથી બ્રહ્મચારી, સાધુ, પાર્ષદો, હરિભક્તો તથા ધર્મકુળ સર્વે સામૈયું કરવા સામા આવ્યા અને ધામધૂમથી સ્વામી મંદિરમાં પધાર્યા.

આ સમૈયામાં ભગતજી સ્વામીનાં અખંડ દર્શન કરતા, એક પળ પણ વિખૂટા ન પડતા. સ્વામીની મોજડી પોતે સાચવતા અને જરૂર પડ્યે સ્વામીને પહેરાવતા. સ્વામી ગોમતીએ સ્નાન કરવા જાય, મંદિરમાં દર્શને જાય – બધે સ્થળે અખંડ ભેગા ને ભેગા જ પોતે રહેતા. વળી, સમૈયાની ભીડમાં, સભા-

મંડપમાં જ્યારે કથા થતી હોય અને મોટા મોટા હરિભક્તો આગળ બેઠા હોય ત્યારે પોતે છેટે ઊભા રહીને પણ આંખનું મટકું માર્યા સિવાય સ્વામીનાં દર્શન કર્યાં જ કરે અને સ્વામી પણ ઘડી ઘડી તેમના તરફ દૃષ્ટિ કરતા જ જાય. ભગતજીને તો પ્રતિલોમપણે અંતરમાં સ્વામીની મૂર્તિ અખંડ દેખાતી, છતાં પ્રત્યક્ષ મૂર્તિનાં દર્શનનો આટલો બધો આગ્રહ અને દર્શનની આટલી શ્રદ્ધા અને શુકજીનું જ્ઞાન[૧૦] તથા ગોપીઓની શ્રદ્ધા[૧૧] તેમણે સિદ્ધ કરી હતી.

પારઠ ભેંસનું દૂધ તો અમારા ઘરમાં જ છે

ચૈત્રી સમૈયાની સભામાં સ્વામીએ અદ્‌ભુત વાતો કરી. સ્વામીની આ અદ્‌ભુત વાતો સાંભળી ભેરાઈવાળા દરબાર જસારામ જે સ્વામીની આજ્ઞા લઈ મૂળી, ધોલેરા, અમદાવાદ, જેતલપુર થઈ વરતાલ આવ્યા હતા, તે સ્વામીનો આવો અદ્‌ભુત પ્રતાપ અને સૌ સ્વામીની મૂર્તિમાં જેમ ચકોર ચંદ્રમાં જોડાય તેમ જોડાઈ ગયેલા જોઈને એકદમ આગળ આવ્યા. સભામાં પેસવાનો માર્ગ નહિ એટલે છેટેથી તેમણે બૂમ મારી : ''ભાઈઓ ! સાંભળો સાંભળો. અમારા દેશમાં કાંધ ભાંગેલા બળદને ખાટલામાં ખડ નીરે; તેમ મને કાને સંભળાતું નથી એટલે મને પાસે આવવા દ્યો.''

તેમનો આ અવાજ સાંભળીને સભા એકદમ તેમના તરફ જોવા માંડી. એટલે રઘુવીરજી મહારાજે તેમને સભામાં આવવા આજ્ઞા કરી. તેમને સભામાં સૌથી આગળ બેસાર્યા. પછી તેમણે કહ્યું : ''મારે એક વાત કરવી છે.'' એટલે રઘુવીરજી મહારાજે તેમને વાત કરવા આજ્ઞા કરી.

પછી તેમણે વાત કરી : ''અમારા દેશમાં એક ગરીબ કોળણ બાઈને

---

૧૦. परिनिष्ठितोऽपि नैर्गुण्ये उत्तमश्लोकलीलया ।
गृहीतचेता राजर्षे आख्यानं यदधीतवान् ॥ – ભાગવત, દ્વિ. સ્કંધ
અર્થ : સર્વ પ્રકારે આત્મસ્વરૂપમાં નિષ્ઠા પામેલા એવા શુકજી નિર્ગુણ એવા ભગવાનનાં લીલાચરિત્ર આકૃષ્ટ ચિત્તથી સાંભળીને તે શ્રીમદ્‌ ભાગવતનું આખ્યાન ભણતા હતા.

૧૧. यत्प्रेक्षणे दृशिषु पक्ष्मकृतं शपन्ति । – ભાગવત, દશમ સ્કંધ
અર્થ : જે શ્રીકૃષ્ણનાં દર્શન કરતી વખતે આંખો ઉપર પાંપણ કરનારા બ્રહ્માને પણ ગોપીઓ શાપ દેતી હતી. (કારણ કે પાંપણના વારંવાર ઉઘાડ-બંધ થવાથી શ્રીકૃષ્ણનાં અખંડ દર્શનમાં વિક્ષેપ થતો હતો !)

ઘેર તેનો ભાઈ મહેમાન થઈને આવ્યો. બાઈએ વિચાર કર્યો કે મારો ભાઈ કોઈ દિવસ નહિ ને આજે ઘેર આવ્યો છે તે કાંઈ સારું ભોજન જમાડું. એમ વિચારી વાણિયાની દુકાને ખોળામાં જુવાર લઈને ગઈ અને કહ્યું : ‘મને સારો ગોળ આપો.’ એટલે વાણિયે પૂછ્યું : ‘કેવો ખાંડ જેવો ગોળ આપું ?’ આથી બાઈ બોલી : ‘ગોળ કરતાં ખાંડ સારી કે ?’ ત્યારે વાણિયે કહ્યું : ‘ખાંડ તો સારી જ તો.’ એટલે બાઈએ ગોળ લેવાનો વિચાર માંડી વાળ્યો અને કહ્યું : ‘મને સારી ખાંડ આપો.’ એટલે વાણિયે ફરી કહ્યું : ‘કેવી, સાકર જેવી ખાંડ આપું ?’ ત્યારે બાઈએ વળી પૂછ્યું : ‘ખાંડ કરતાં સાકર સારી ?’ એટલે વાણિયે કહ્યું : ‘સાકર તો ખાંડ કરતાં સારી જ કહેવાય.’ એટલે બાઈએ ફરી કહ્યું : ‘ત્યારે મને હવે સાકર આપો.’ એટલે વાણિયે કહ્યું : ‘કેવી પારઠ ભેંસના દૂધ જેવી સાકર આપું ?’ તે સાંભળી બાઈએ વિચાર કર્યો કે પારઠ ભેંસ તો મારા ઘરમાં જ છે, માટે સાકર લેવી નથી અને જુવાર લઈને પાછી ઘેર ગઈ અને પોતાની પારઠ ભેંસના દૂધનો દૂધપાક કરી ભાઈને જમાડ્યો.

“આ દૃષ્ટાંતનો સિદ્ધાંત એ છે કે અમે જૂનાગઢ સ્વામીની વાતો સાંભળવા જતા, ત્યારે મને એમ સંકલ્પ થયો : ‘આ જૂનાગઢ ખૂણામાં છેલ્લું મંદિર છે. ત્યાં જ્યારે આવા સાધુ છે ત્યારે ગઢડા, મૂળી, અમદાવાદ, વરતાલ વગેરે મોટાં મોટાં ધામોમાં તો કેવા સાધુ હશે ?’ એમ ધારી હું સ્વામીની આજ્ઞા લઈ તમામ ધામમાં જાત્રાએ નીકળ્યો. ત્યાં તમામની વાતો સાંભળી, અહીં વરતાલ આવ્યો. ત્યારે હું અહીં જોઉં છું કે તમામ સાધુની વચ્ચે અમારા ગુરુ ગુણાતીત સ્વામી જ વાતું કરે છે અને સર્વે સાધુ-સત્સંગીઓ એકાગ્ર વૃત્તિથી તેમની વાતું સાંભળે છે. તે જોઈ મને વિચાર થયો કે પારઠ ભેંસનું દૂધ તો અમારા ઘરમાં જ છે, છતાં હું બધે અમસ્તો જ ફરી આવ્યો.”

તેમની આ વાત સાંભળીને સભામાં બેઠેલા સર્વેને થયું કે ખરેખર ગુણાતીત તો ગુણાતીત જ. એ જેવા કોઈ સાધુ નથી.

સમૈયા પછી સ્વામી ઉત્તમચરણદાસ સ્વામીને આસને આવ્યા. આ સાધુ બહુ જ વિદ્વાન હતા, પણ તેમને ક્ષય રોગ હતો. એટલે તેમણે દેહની આશા મૂકી દીધી હતી. તેથી સ્વામીનાં છેલ્લી વારનાં દર્શન કરી, પૂજા કરવાની તેમની ઇચ્છા હતી. તેમનો આ સંકલ્પ જાણી સ્વામી તેમના આસને તેમને જોવા પધાર્યા. ઉત્તમચરણદાસે સ્વામીની ચંદનથી પૂજા કરી અને હાર

પહેરાવ્યો અને પોતાની પાસે ચરણારવિંદની સારી જોડ હતી તે સ્વામીને ભેટ આપી. સ્વામીએ અહીં સંકલ્પ કર્યો કે 'આવા વિદ્વાન સાધુ જો સત્સંગમાં રહે તો સારું.' તેથી તેમને ક્ષય રોગ મટી જશે એવો આશીર્વાદ આપ્યો. સ્વામીના આશીર્વાદથી થોડા દિવસમાં જ તેમને ક્ષય મટી ગયો અને તે સાધુ કેટલાંક વર્ષ સુધી સત્સંગમાં રહ્યા.

ભગવાનને ભૂલીને વાસણ ઊટકે છે ?

સ્વામી વરતાલથી સમૈયો કરી નીકળ્યા અને ધોલેરે થઈ કારિયાણી પધાર્યા. અહીં નથુ પટેલે સ્વામીને બહુ જ ભાવથી રાખ્યા અને વિનંતી કરી : ''સ્વામી ! ઉત્તમ રસોઈ સંતોને જમાડવી છે. તે આપ કહો તે કરીએ.''

ત્યારે સ્વામી કહે : ''ધર્મામૃત પ્રમાણે તમે જે રોજ જમતા હો તે રસોઈ કરો અને સંતોને જમાડો.''

તે સાંભળી નથુ પટેલ હાથ જોડી બોલ્યા : ''સ્વામી ! ધર્મામૃત અત્યારે ઊંચે બાંધી મૂકો અને મારી આટલી પ્રાર્થના સ્વીકારો.''

સ્વામીએ તેમનો અતિ આગ્રહ જોઈ કંસાર-રોટલીની રસોઈ કરવાનું કહ્યું અને એ રીતે સર્વ સંતોને જમાડ્યા.

જમ્યા પછી સ્વામી સભા કરી કથા વંચાવતા હતા અને ભગતજી તથા પાળા વાસણ ઊટકતા હતા. કંસારના કડાયામાં કંસાર ચોંટી ગયો હતો, તે બહુ બળે કરીને ઊખેડતા ભગતજીને સ્વામીની મૂર્તિમાં અખંડ વૃત્તિ હતી તે તૂટી ગઈ. સ્વામીએ અંતર્યામીપણે આ જાણ્યું અને સભામાંથી ઊભા થઈને ત્યાં આવ્યા અને ભગતજીને કહ્યું : ''અલ્યા ! ભગવાન ભૂલીને વાસણ શું ઊટકે છે ?'' એ સાંભળી તરત જ ભગતજીએ વૃત્તિ ભગવાનની મૂર્તિમાં જોડી દીધી.

આ રીતે ચૂનાની ભઠ્ઠી ભરી ત્યારે ભઠ્ઠી ભર્યા ઉપર જે સિદ્ધાંત વાત સ્વામીએ કરી હતી કે ''નેત્રદ્વારે મહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ રહે તો સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ ત્રણે દેહ બળીને ભસ્મ થઈ જાય,'' તે વાતનો વેગ ત્યારથી લગાડી દીધો હતો. તે બે વર્ષે વાસણ ઊટકવાના વેગથી અખંડ વૃત્તિ તૂટી કે તરત સાંધી દીધી. એ કેવી શ્રદ્ધા કહેવાય ! અને એમણે પ્રભુમાં કેટલો માલ માન્યો હશે ? આવા પરમ એકાંતિક ભક્તની રીત તથા શ્રદ્ધા પણ કલ્પનાતીત જ રહે છે.

સ્વામી કારિયાણીથી બોટાદ પધાર્યા. ત્યાં શિવલાલભાઈના પુત્ર કેશવલાલભાઈની રસોઈ હતી તે જમ્યા અને ત્યાંથી ગઢડે ગયા. ગઢડેથી સ્વામી જૂનાગઢ પધાર્યા.

ગઢડેથી માના ભગત સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ આવ્યા.

હું તો પથરા ઊંચકાવીશ અને ભગવાન આપીશ

જૂનાગઢમાં એક દિવસ માના ભગતે સ્વામીને કહ્યું : ‘‘સ્વામી ! આ પ્રાગજી બિચારો ઘરબાર છોડીને, પરણેલી સ્ત્રી ઘેર છે તેનો ત્યાગ કરીને, તમારી પાસે ધ્યાન શીખવા રહ્યો છે; ત્યારે તમે તો એને ધ્યાનમાં બેસારતા નથી અને ઊલટા સેવા કરાવો છો અને ઉપવાસ કરાવીને ઠૂસ કાઢી નાખો છો.’’

પ્રાગજી ભક્તના ઉપરથી દેખાતા ગરીબ દરજીના છોકરાનો ભાવ જોઈને બાહ્ય દૃષ્ટિવાળાને એમ જ લાગે એ સ્વાભાવિક છે. પરંતુ અંદર મહાતેજ સ્વરૂપે પ્રકાશતા તેમના જીવાત્માના પ્રજ્વલિત તેજને તો જેની એવી દૃષ્ટિ કે સ્થિતિ થઈ હોય તે જ જોઈ શકે.

અક્ષરમૂર્તિ સ્વામી પણ પોતાના અપરિમિત પ્રભાવની કંઈક ઝાંખી આ માના ભગતને થાય તે માટે બોલ્યા : ‘‘હું તો પથરા ઊંચકાવીશ ને ભગવાન આપીશ. સાઠ હજાર વર્ષના તપે જે નથી થતું તે અહીં એક પળમાં થાય છે. આ સાધુના વચન પ્રમાણેની સેવામાં ધ્યાન તો શું પણ બ્રહ્માકારે સ્થિતિ જ થવા માંડે છે. આ તો મંદિર કહેવાય, તે બેસી ન રહેવાય. અને અહીંની સેવા એ ભગવાનની સેવા - નિવૃત્તિ ધર્મ ગણાય. જેને ગરજ હોય તે રહે. પ્રાગજીને ગરજ હોય તો તે રહે અને નહિ તો રસ્તો મોકળો પડ્યો છે.’’ આ વાત સાંભળીને માના ભગતને સ્વામીના અદ્‌ભુત પ્રતાપની ઝાંખી થઈ.

સાધુનો કસબ તે શું

સ્વામી જૂનાગઢથી સાંખડાવદરના બીડમાં સૌ સંતો, પાર્ષદો તથા હરિભક્તો લઈને નીકળ્યા. રસ્તામાં માળિયામાં રોકાયા. ત્યાં મંદિરના આંબાવાડિયામાં સ્વામી સૌ સંતો તથા હરિભક્તો સાથે ઊતર્યા. એક મોટા આંબા તળે સ્વામી આસન રાખીને બેઠા હતા અને આજુબાજુ સંત-

હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. જમ્યા પછીની બાર વાગ્યાની કથા હતી. તે વખતે સ્વામીની દૃષ્ટિ આંબા ઉપર પડી અને બોલ્યા : ''આ આંબા પાણી વગર સુકાય છે.''

તે સાંભળી ભગતજીએ સ્વામીની મરજી જાણી, બે મોટા દેગડા લઈ, પાસે વહેતી નદીમાં જઈ, દેગડા ભરી, દરેક આંબાના ખામણાંમાં ચાર-ચાર દેગડા પાણી રેડ્યું. એક ઘડી દિવસ રહ્યો ત્યારે બધાં ખામણાં ભરાઈ રહ્યાં. એ રીતે લગભગ ત્રણસો આંબાને પાણી પાયું અને ઉતાવળથી જાય અને આવે એમાં બધાં વસ્ત્ર પાણીથી પલળી ગયાં. પછી એ ને એ જ વેશે આવીને સભામાં બેઠા.

આ વખતે સ્વામીએ સભામાં એકાંતિક ધર્મની ખૂબ વાતો કરી હતી. તેથી મનજી ઠક્કરે પ્રાગજી ભક્તને આ લાભ જવાથી કહ્યું : ''લાડવા ભેળાઈ રહ્યા અને પતરાવળાં રહ્યાં ત્યારે આવ્યો.''

એટલે સ્વામી બોલ્યા : ''એણે મારી મરજી જાણી આટલી સેવા કરી તે તમે ના સમજ્યા ?''

પછી સ્વામીએ, પ્રાગજી ભક્તની આ સેવાથી અપરંપાર રાજી થઈ ગયા હોવાથી, જાણે આને અતિ અલૌકિક સુખ આપું એવી ઇચ્છાથી ભગતજીને કહ્યું : ''પ્રાગજી ! હવે તું પ્રશ્ન પૂછ તો વાત કરીએ.''

ત્યારે ભગતજી હાથ જોડી બોલ્યા : ''સ્વામી ! મહારાજ ! મને જાડી બુદ્ધિવાળાને અને અભણને શું પૂછતાં આવડે ?''

ત્યારે સ્વામી કહે : ''જેવું પૂછતાં આવડતું હોય તેવું પૂછ.''

એ ઉપરથી ભગતજીએ હાથ જોડી સ્વામીને પૂછ્યું : ''સ્વામી ! મને સઈ (દરજી), સુથાર, કડિયા, લુહાર, વાળંદ વગેરેનો કસબ આવડે છે. પણ હે મહારાજ ! સાધુનો કસબ નથી આવડતો. માટે સાધુનો કસબ મને શિખવાડો.''

આ પ્રશ્ન સાંભળી સ્વામી હસીને બોલ્યા : ''જુઓ, કંઈ પૂછતાં આવડ્યું ! વેદ, શાસ્ત્રના સિદ્ધાંતરૂપ પ્રશ્ન પૂછ્યો.''

એમ કહીને સ્વામી અતિ કૃપાળુ થકા પ્રાગજી ભક્ત સામી દૃષ્ટિ સ્થિર કરીને બોલ્યા : ''સાંભળ, સાધુનો કસબ બહુ કઠણ છે. પ્રથમ તો જે પૂજન કરે તે જ ગળું કાપે, જે પૂજન કરે તે જ નાક-કાન કાપીને ગધેડે બેસારે, પરંતુ તે બંને ક્રિયામાં સમ વર્તે અને તેવા પુરુષને વિષે અભાવ ન આવે. વળી, સર્વ

ઇન્દ્રિયોની વૃત્તિ પાછી વાળીને શ્રીજીમહારાજની મૂર્તિમાં રાખવી એ સાધુનો કસબ છે. શબ્દ સાંભળી કાનની વૃત્તિ ખેંચી લેવી, રૂપ દેખી આંખની વૃત્તિ ખેંચી લેવી, સ્વાદમાં જીભની, સ્પર્શમાં ત્વચાની અને ગંધમાં નાસિકાની વૃત્તિ ખેંચી લેવી – એ સર્વ સાધુનો કસબ છે. તે ઉપર ગ.પ્ર. ૨૭મું વચનામૃત વંચાવીને વાત કરી કે 'ચાય કોઈ મારી ઉપર ધૂળ નાખો, ચાય કોઈ ગમે તેવું અપમાન કરો, ચાય કોઈ હાથીએ બેસાડો, ચાય કોઈ નાક-કાન કાપીને ગધેડે બેસારો તે સર્વમાં મારે સમભાવ છે.' આવી રીતે જ્ઞાનની દૃઢતા તો આત્મા-પરમાત્માના જ્ઞાનથી જ થાય છે, એટલે જ્યારે ત્રણે અવસ્થામાં અક્ષરરૂપ મનાય અને મહારાજની મૂર્તિ દેખાય, જેમ તલવાર અને મ્યાન નોખાં ખખડે, એમ દેહ અને આત્મા જુદા જણાય, ત્યારે જાણવું કે જ્ઞાન સિદ્ધ થયું છે. વળી, વિષય સન્મુખ વૃત્તિ બળાત્કારે જોડીએ ત્યારે જોડાય, પણ પાછી વળીને સદા હૃદયને વિષે જે આકાશ છે તેને વિષે વર્તે અને તે હૃદયાકાશ વિષે અતિશય તેજ દેખાય છે અને તે તેજને વિષે એક ભગવાનની મૂર્તિ દેખાય છે, તે મૂર્તિ[૧૨] સિદ્ધ કરવી એ સાધુનો કસબ છે.

"આવું જ્ઞાન જ્યારે સિદ્ધ થશે ત્યારે ધર્મ પણ સિદ્ધ થશે. અંતઃકરણમાં જ્યારે ભૂંડો ઘાટ ન થાય, ત્યારે જાણવું કે ધર્મ સિદ્ધ થયો છે. તે શ્રીજીમહારાજે સમજાવ્યું છે કે 'હૃદયાકાશને વિષે રહેલી મૂર્તિને તમે પણ - બાહ્યદૃષ્ટિએ - દેખો છો, પણ એ તમારા સમજ્યામાં પરિપૂર્ણ આવતું નથી. અને જ્યારે એ વાર્તા યથાર્થ સમજ્યામાં આવશે, ત્યારે પંચવિષય કે કામક્રોધાદિક સ્વભાવ તે જીતવામાં પ્રયાસ પડશે નહિ, સહેજે જ જિતાઈ જશે."[૧૩]

તે ઉપર ભગવદ્‌ગીતાનો શ્લોક બોલ્યા કે :

"विषया विनिवर्तन्ते निराहारस्य देहिनः।
रसवर्ज्यं रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते ॥[१४]

– ગીતા : અ. ૨, શ્લોક ૫૯.

---

૧૨. ગ.મ. ૧૩.

૧૩. ગ.મ. ૧૩.

૧૪. **અર્થ :** પાંચ ઇન્દ્રિયોના પંચવિષયનો આહાર ઇન્દ્રિયો જ્યારે ન કરે ત્યારે ઇન્દ્રિયો વિષયથી નિવૃત્ત થઈ જાય છે; પરંતુ અવ્યક્ત રાગથી નિવૃત્ત થતી નથી. અવ્યક્ત રાગ તો પરમાત્માનું સાક્ષાત્કાર દર્શન થાય ત્યારે જ દૂર થાય છે.

એટલે આ આત્મા-પરમાત્માનું અનુભવજ્ઞાન સિદ્ધ કરવું એ સાધુનો કસબ છે. આ સ્થિતિ થાય ત્યારે વૈરાગ્ય પણ સહેજે જે સિદ્ધ થાય; કારણ ખરો વૈરાગ્ય તો ભગવાનની મૂર્તિ સિવાય બીજે વૃત્તિ જ ન જાય તે છે. તે જ્યારે આત્મામાં શ્રીજીની મૂર્તિ સિવાય બીજો સંકલ્પ પેસી ન શકે, ત્યારે વૈરાગ્ય સિદ્ધ થયો ગણાશે. વળી, ભક્તિ પણ સિદ્ધ થઈ જશે; કારણ એવો ભક્ત છે તે માખણમાં કાંકરી ચોંટે તેમ શ્રીજીની મૂર્તિમાં ચોંટી જાય છે. એવી રીતે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ સહવર્તમાન જે ધર્મ, તેને એકાંતિક ધર્મ કહીએ. એવા એકાંતિક ધર્મે કરીને કામ, ક્રોધ, લોભ, માન, સ્વાદ, સ્નેહનાં મૂળને ઊખેડીને અક્ષરબ્રહ્મરૂપ થઈને શ્રીજીને વિષે સ્વામી-સેવકભાવે જે ભક્તિ કરવી તે સાધુનો કસબ છે.

''એવો સાધુનો કસબ જેને સિદ્ધ થયો છે તેના નેત્રમાં ભગવાન જોનારા છે. તે માટે બ્રહ્માંડમાં જેટલા જીવપ્રાણીમાત્ર છે તેના નેત્રને પ્રકાશ કરવાને એ સમર્થ થાય છે; અને એના પગમાં ચાલનારા ભગવાન છે તે માટે બ્રહ્માંડના સર્વ જીવના પગને વિષે ચાલવાની શક્તિને પોષણ કરવાને એ સમર્થ થાય છે. એમ એ સંતની સર્વે ઇન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે, તે માટે એ સંત તો બ્રહ્માંડમાં સર્વે જીવોની ઇન્દ્રિયોને પ્રકાશ કરવાને સમર્થ થાય છે.[૧૫] વળી, ભગવાનની ઇચ્છાશક્તિ, ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિના ધારક બને છે.[૧૬] વળી, એવા જે સંત તેને દેવ જેવા પણ ન કહેવાય અને મનુષ્ય જેવા પણ ન કહેવાય. એવા સંત તો મનુષ્ય છે તો પણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે.[૧૭] અને એવા સાધુ થકી કોઈ બીજી મોટી પદવી પણ નથી.''[૧૮]

વળી, સ્વામી બોલ્યા : ''અરે, આ સાધુના કસબની તો અવધિ જ નથી. તે મહારાજે હરિગીતામાં પણ સંતનાં ચોસઠ લક્ષણ[૧૯] લખ્યાં છે એ

---

૧૫. ગ.પ્ર. ૨૭.

૧૬. ગ.પ્ર. ૬૫.

૧૭. ગ.અં. ૨૬.

૧૮. ગ.મ. ૨૨.

૧૯. दयालवः क्षमाशीलाः सर्वजीवहितेच्छवः ।
तितिक्षवश्चानसूयाः शान्ता अनुदितारयः ॥ १ ॥
अनीर्ष्यवश्च निर्वैरा निर्मानाश्च विमत्सराः ।
यथोचितं मानदाश्च प्रियसत्यगिरस्तथा ॥ २ ॥ ➤

શીખવાં. વળી, ભાગવતના એકાદશ સ્કંધમાં તથા કપિલગીતામાં તથા ભરતજીના આખ્યાનમાં જે જે સાધુનાં લક્ષણો લખ્યાં છે તે સર્વે શીખવાં. વળી, બસો બાસઠ વચનામૃતમાં સાધુતાનાં જે જે લક્ષણો કહ્યાં છે તે પણ

जितकामा जितक्रोधा जितलोभाश्च निर्मदाः ।
अहंताममताहीनाः स्वधर्मदृढवर्तनाः ॥ ३ ॥
निर्दम्भाः शुचयो दान्ता ऋजवो मितभाषिणः ।
जितेन्द्रिया अप्रमत्ता निर्द्वन्द्वा धैर्यशालिनः ॥ ४ ॥
आकूतिचिति चापल्यरहिता निष्परिग्रहाः ।
बोधने निपुणा आत्मनिष्ठाः सर्वोपकारिणः ॥ ५ ॥
निर्भया निरपेक्षाश्च द्यूतादिव्यसनोज्झिताः ।
श्रद्धालव उदाराश्च तपोनिष्ठा निरेनसः ॥ ६ ॥
त्यक्तग्राम्यकथावार्ताः सच्छास्त्रव्यसनास्तथा ।
विषयासक्तिरहिता आस्तिकाश्च विवेकिनः ॥ ७ ॥

અર્થ :

૧. દયાળુ, ક્ષમાશીલ, સર્વ જીવના હિતના કરનારા, તિતિક્ષાવાળા, અસૂયાએ રહિત, શાંત અને અજાતશત્રુ - જેને કોઈ શત્રુ જ નથી.
૨. ઈર્ષ્યાએ રહિત, વેરભાવે રહિત, નિર્માની, મત્સરે રહિત, સર્વેને માન આપનારા અને સદા પ્રિય અને સત્ય વાણી જ બોલનારા.
૩. જેણે કામ, ક્રોધ તથા લોભ જીત્યા છે અને અહંકારે રહિત છે, અહંતા-મમતાએ રહિત અને જે સ્વધર્મમાં દૃઢ વર્તનારા છે.
૪. દંભ રહિત, બાહ્ય અને આંતર શુદ્ધિવાળા, ઇન્દ્રિયોને દમવાવાળા, સદા સરળ ભાષાવાળા, મૃદુ અને ઓછું બોલવાવાળા, સર્વે ઇન્દ્રિયોને જેણે જીતી છે, ધર્માદિ પાળવામાં પ્રમાદે રહિત અને શીત, ઉષ્ણ, સુખ, દુઃખ, માન, અપમાન એ દ્વન્દ્વોથી સદા રહિત અને મહા આપત્કાળમાં પણ ધૈર્યશાળી.
૫. કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોની ચપળતાએ રહિત અને સદા આત્મહિતમાં જ પ્રવીણ, તેમાં આવતાં વિરોધી તત્ત્વોના પરિગ્રહે રહિત, તત્ત્વબોધમાં નિપુણ, આત્મામાં જ નિષ્ઠાવાળા અને સર્વનો ઉપકાર કરવાવાળા.
૬. જેને બ્રહ્મનો સાક્ષાત્કાર થયો છે એટલે ભય રહિત છે, બીજી સર્વ અપેક્ષા તથા દ્યુતાદિ વ્યસનોથી રહિત, આત્મા અને પરમાત્મા સંબંધી સર્વ શાસ્ત્રોમાં શ્રદ્ધાવાળા, ઉદાર તપમાં નિષ્ઠાવાળા અને સર્વ પાપોથી રહિત.
૭. ગ્રામ્યવાર્તાનો ત્યાગ કરનારા, સત્શાસ્ત્રમાં વ્યસનવાળા, વિષયની આસક્તિએ રહિત, આસ્તિક અને વિવેકવાળા. ➤

શીખવાં, એ સર્વ સાધુનો કસબ છે.

''હવે એ સાધુનો કસબ શીખ્યા પછી, શરણાગતના કામાદિક દોષ કાઢીને ભગવાનમાં જોડવા તે સાધુનો કસબ સિદ્ધ કર્યા બરોબર છે. વળી, જીવનું અનાદિનું જે અજ્ઞાન છે તે ટાળવું અને સર્વોત્તમ જ્ઞાન જે - આત્મામાં શ્રીજીની મૂર્તિ સિદ્ધ કરવી - તે આપવું, એ પણ સાધુનો કસબ સિદ્ધ કર્યા

मद्यमांसादिसंसर्गरहिताश्च दृढव्रताः।
पैशुन्यस्तैन्यहीनाश्च परगुह्याप्रकाशकाः॥८॥
जितनिद्रा जिताहाराः सन्तुष्टाः स्थिरबुद्धयः।
अहिंसवृत्तयोऽतृष्णाः सुखदुःखसमास्तथा ॥९॥
अकार्यलज्जाः स्वश्लाघान्यनिन्दाभ्यां विवर्जिताः।
यथोक्तब्रह्मचर्याश्च यमैश्च नियमैर्युता ॥१०॥
जितासना जितप्राणाः श्रीकृष्णाङ्घ्रिदृढाश्रयाः।
कृष्णभक्तिपरा नित्यं कृष्णार्थसकलक्रियाः॥११॥
अवतारचरित्राणि कृष्णस्यानुदिनं मुदा।
श्रुण्वन्तः कीर्तयन्तश्च कृष्णध्यानपरायणाः॥१२॥
अयातभगवद्भक्ति-वर्जितक्षणमात्रकाः।
एवं लक्षणसंपन्ना ज्ञेयाः सन्तस्त्वयानघे !॥१३॥

— સત્સંગિજીવન; પ્ર. ૧; અ. ૩૨ શ્લો. ૨૫-૩૭

અર્થ :

૮. મદ્ય-માંસનું ભક્ષણ નહિ કરનારા, દૃઢ વ્રતવાળા, ચાડિયાપણું, ચોરી રહિત અને પરગુહ્ય વાર્તાનો પ્રકાશ નહિ કરનારા.

૯. નિદ્રા તથા આહાર જીતનારા; સંતુષ્ટ અને સ્થિરબુદ્ધિવાળા, અહિંસા વ્રતવાળા, તૃષ્ણાએ રહિત અને સુખ-દુઃખમાં સમાન ભાવવાળા.

૧૦. ન કરવા યોગ્ય કાર્ય કરવામાં લજ્જાવાળા, પોતાની પ્રશંસા અને અન્યની નિંદાએ વર્જિત, બ્રહ્મચર્યવાળા, યમ, નિયમ અને શૌચાદિક દ્વાદશ નિયમોથી સંપન્ન.

૧૧. આસન તથા પ્રાણને જીતનારા, શ્રીકૃષ્ણનાં ચરણકમળના દૃઢ આશ્રયવાળા અને શ્રીકૃષ્ણની પરાભક્તિ કરનારા, સકળ ક્રિયા શ્રીકૃષ્ણ અર્થે જ કરનારા એવા.

૧૨. શ્રીકૃષ્ણના અવતારનાં ચરિત્રમાં આનંદ પામનારા, તેની કથાનું શ્રવણ કરનારા અને તેનાં કીર્તન કરનારા અને તેનાં ધ્યાનપરાયણ રહેનારા.

૧૩. ભગવદ્‌ભક્તિ વિના એક ક્ષણ પણ વૃથા કાળ ન કાઢનારા, એવા, હે અનઘ, નિર્દોષ માતા ! આવાં લક્ષણવાળા જે હોય તેને જ તમારે સંત અથવા સાધુ જાણવા.

બરોબર છે. એ રીતે સર્વને ભગવાન સન્મુખ કરી અને અભયદાન આપવું એ સર્વે સાધુનો કસબ શીખીને અજમાવ્યા બરોબર છે.''

આવી રીતે અષાઢી મેઘની માફક ખૂબ જ્ઞાનવૃષ્ટિ કરી. તે યથાર્થ તો લખી શકાય તેમ નથી, પરંતુ સભા સર્વે સ્તબ્ધ થઈ ગઈ અને સર્વે શૂન્યકાર શાંત થઈ ગયા. તે જ્યારે સ્વામી અટક્યા ત્યારે જ સર્વેને લાગ્યું કે આપણે સર્વે આ આંબાવાડિયામાં બેઠા છીએ. બાકી તો સર્વેનાં નાડી, પ્રાણ ખેંચીને જાણે ધામમાં જ મોકલી દીધાં હોય અને ધામની સભામાં એકાગ્ર ચિત્તે બેસીને સ્વામી સન્મુખ જ દૃષ્ટિ હોય, એમ સર્વે સ્થિર થઈ ગયા હોય એવું લાગતું હતું ! આવી અતિ અપાર અલૌકિક, ન ભૂતો ન ભવિષ્યતિ એવી વાત સાંભળીને મનજી ઠક્કર તથા નથુ પટેલ વગેરે બોલ્યા : ''સ્વામી ! બહુ પારસાવ્યા ?''

ત્યારે સ્વામી બોલ્યા : ''કેમ પારસો ન આવે ? મારી અનુવૃત્તિ અને રાજીપા સારુ એણે દેહને ગણ્યું નથી અને ફક્ત મને જ રાજી કરવો એ જ ઈશક છે. તેથી મારો ઘણો રાજીપો એના ઉપર થયો છે.''

❀

સાંખડાવદરમાં તૃણોત્સવનો સમૈયો પૂરો થયો. ખડ કપાઈ ગયું, પૂળા વાળી લીધા અને ઓઘા પણ કરી લીધા. આ કામ કરીને સ્વામી પંચતીર્થી ફરવા નીકળ્યા. સાથે શુકમુનિ, પવિત્રાનંદ સ્વામી, ભૂમાનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓ પણ હતા. વંથળી, આખા, પીપલાણા અને અગત્રાઈ થઈ સ્વામી માણાવદર પધાર્યા. માણાવદરમાં પર્વતભાઈના દીકરા મેઘજીભાઈ ને તેમના દીકરા પ્રેમજીભાઈએ પ્રાગજી ભક્ત પાસેથી સ્વામીના અલૌકિક મહિમાની વાતો સાંભળી અને તેને આનંદ આનંદ થઈ ગયો. પ્રાગજી ભક્ત ઉપર તેને અપાર હેત થઈ ગયું અને સ્વામીની પ્રાગજી ભક્ત સેવા કરે અને સ્વામીનો પણ તેમના ઉપર અપાર રાજીપો જોઈ પાછળથી તે પ્રસંગ સંભારી પ્રાગજી ભગતના મહિમાની તથા સ્વામીના મૂળ અક્ષર સ્વરૂપની વાતો કરી ઘણાને તેમણે નિશ્ચય કરાવ્યો. આ પ્રમાણે પ્રેમજીભાઈ પણ પ્રાગજી ભક્તના પ્રસંગથી પરમ ભક્ત બની ગયા.

અખંડ ભજનનો વેગ

સંવત ૧૯૧૯ની સાલમાં એક દિવસ સ્વામીએ ભગતજીને પૂછ્યું :

"પ્રાગજી ! અખંડ ભજન[20] થાય છે કે નહિ ?"

ત્યારે ભગતજીએ હાથ જોડીને કહ્યું : "સ્વામી ! આપની કૃપાથી જાગ્રતમાં તો સહેજે જ થાય છે પણ સ્વપ્નમાં અને સુષુપ્તિમાં સહેજે થતું નથી અને વૃત્તિને ખેંચવી પડે છે."

---

૨૦. અખંડ ભજનના બે પ્રકાર છે : એક તો ચિત્તવૃત્તિનો નિરોધ હૃદયાકાશમાં જે ભગવાનની મૂર્તિ તેમાં અતિ પ્રેમે કરીને થઈ જાય છે. આ પ્રકારના ભક્તે અખંડ જાણપણું રાખવું જ જોઈએ. જો સહેજ પણ ચિત્ત, ગુણના ભાવમાં લેવાય, તો અખંડ વૃત્તિ તૂટે. સ્વરૂપાનંદ સ્વામીનું આ અંગ હતું. ભગવાનની મૂર્તિને વિષે જ્યારે વૃત્તિને રાખે છે, ત્યારે તે વૃત્તિના બે વિભાગ થાય છે : તેમાં એક વૃત્તિ તો ભગવાનના સ્વરૂપમાં રહે છે અને બીજી તો જે ભજનનો કરનારો તેમાં રહે છે. અને ભગવાનના સ્વરૂપમાં જે વૃત્તિ રહે છે તે પ્રેમે યુક્ત રહે છે અને ભજનના કરનારામાં જે વૃત્તિ રહે છે તે વિચારે યુક્ત રહે છે અને તે વૃત્તિ જે તે ભજનના કરનારાને વિષે ભગવાનના ભજન વિના બીજા જે જે ઘાટ સંકલ્પ થાય છે તે સર્વેને ખોટા કરી નાખે છે. (ગ.પ્ર. ૨૩).

બીજા પ્રકારના અખંડ ભજનમાં આવી રીતે વૃત્તિના નિરોધને ભગવાનની મૂર્તિને વિષે કરતાં કરતાં એ ભક્તને સહેજે જ વૃત્તિ ભગવાનમાં રહેવા માંડે છે. પહેલા પ્રકારમાં વૃત્તિના જે બે વિભાગ પડ્યા હોય છે, પ્રેમે કરીને મૂર્તિમાં અને વિચારે - સાંખ્યે કરીને સંકલ્પમાં - એ બંને વૃત્તિ છેવટે બીજા પ્રકારમાં એક જ થઈ જાય છે. બીજા પ્રકારમાં સાક્ષાત્કારની ભૂમિકા ઉપર અવાય છે અને છેવટે એ ભક્ત ભગવાનનું સ્વરૂપ બની જાય છે. તેમાં આત્મનિષ્ઠાવાળાનું તો એ લક્ષણ છે જે, એક કોરે તો આત્મા છે અને એક કોરે તો દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણ, ત્રણ ગુણ, પંચવિષય એ આદિક જે માયાનું ટોળું તે છે. અને એ બેના મધ્યને વિષે જે વિચાર રહે, તે વિચાર જ્ઞાનસ્વરૂપી છે. તે વિચાર જેમ વાયુએ રહિત સ્થળને વિષે દીપકની શિખા અતિશય સ્થિર થઈને રહે છે, તેમ સ્થિર થઈને રહે છે અને તે વિચાર દેહ, ઇન્દ્રિયો ને અંતઃકરણ એમને આત્મા સંગાથે એક થવા દેતો નથી. અને જ્યારે તે વિચારને જીવ પામે છે, ત્યારે તે જીવની વૃત્તિ કાશી સુધી લાંબી હોય તે વરતાલ જેટલામાં આવે છે, અને પછી તે વિચાર જ્યારે દૃઢ થાય, ત્યારે વરતાલ થકી આ ગઢડા જેટલામાં આવે છે ને પછી આ ગઢડા જેટલે લાંબી વૃત્તિ હોય તે સંકેલાઈને પોતાના દેહ જેટલામાં રહે છે. અને પછી દેહમાંથી વૃત્તિ ટૂંકી થઈને ઇન્દ્રિયોના ગોલકમાં જ રહે છે, ને પછી ઇન્દ્રિયોના ગોલક થકી ઇન્દ્રિયોની વૃત્તિ છે, તે અંતઃકરણ સન્મુખ થઈ જાય છે પછી ઇન્દ્રિયોની ને અંતઃકરણની જે વૃત્તિ છે તે આત્માને વિષે લીન થઈ જાય છે, ત્યારે એ જીવના વાસનાલિંગ દેહનો ➤

એ સાંભળી સ્વામી કહે : ''એવો વેગ લગાડી દે કે સ્વપ્નમાં પણ ભજન થાય.'' એ ઉપરથી ભગતજીએ એવો વેગ લગાડી દીધો કે સ્વપ્નમાં પણ ભજન સિદ્ધ કર્યું. ત્યાર પછી થોડા સમયે વળી સ્વામીએ પૂછ્યું : ''કેમ પ્રાગજી ! હવે સ્વપ્નમાં ભજન થાય છે ?''

ત્યારે ભગતજીએ કહ્યું : ''હા મહારાજ ! આપની દયાથી એ સિદ્ધ થયું છે.'' એટલે સ્વામી રાજી થઈને બોલ્યા : ''હવે છેલ્લો કિલ્લો રહ્યો છે. તે એવો આગ્રહ કરવો કે સુષુપ્તિમાં પણ અખંડ ભજન થાય. અને સુષુપ્તિમાં ભજન સિદ્ધ થયું કે પછી કાંઈ બાકી રહેવાનું નથી. અક્ષરધામ દેખવામાં અંતરાય જ કારણ શરીરરૂપ માયા છે. તે ભજનથી કપાશે.'' એમ સ્વામીએ હિંમત આપી અને આશીર્વાદ આપ્યા. ભગતજીએ પણ એવો વેગ લગાડી દીધો કે[૨૧] ત્રણે અવસ્થામાં અખંડ ભજન થયા જ કરે.

નાશ થયો કહેવાય છે. અને એ વિચાર છે, તે જ્યારે આ જીવ સંગાથે મળે છે, ત્યારે તે જીવના હૃદયને વિષે પ્રકાશ થાય છે અને પોતાના આત્માનું બ્રહ્મસ્વરૂપે દર્શન થાય છે; ને તે બ્રહ્મને વિષે પરબ્રહ્મ જે નારાયણ તેનું પણ દર્શન થાય છે, અને તે દર્શનના કરનારાને એમ અનુભવ થાય છે કે જે, 'હું આત્મા છું અને મારે વિષે જે પરમાત્મા છે તે અખંડ રહ્યા છે.' અને એવી રીતની અખંડ સ્થિતિ રહે એ આત્મનિષ્ઠાની અતિ ઉત્તમ દશા છે. (ગ.મ. ૬૨)

અમને તો એમ જણાય છે કે જેનો જીવ અતિશય બળને પામ્યો હોય તેને તો અંતઃકરણની વૃત્તિઓ તે જીવની જ વૃત્તિઓ છે. (ગ.મ. ૬૩)

૨૧. જાગ્રત અવસ્થા તેને વિષે વિશ્વાભિમાની નામે જે આ જીવાત્મા તે જે તે સ્થૂળ દેહના અભિમાને સહિત થકો દશ ઇન્દ્રિયો અને ચાર અંતઃકરણે કરીને વિવેક સહિત યથાર્થપણે પોતાનાં પૂર્વકર્મને અનુસારે બાહ્ય શબ્દાદિક પંચવિષયના ભોગને ભોગવે છે, તેને સત્ત્વગુણપ્રધાન એવી જાગ્રત અવસ્થા કહીએ. જે સ્વપ્ન અવસ્થા છે તેને વિષે તૈજસાભિમાની નામે જે જીવાત્મા તે સૂક્ષ્મ દેહના અભિમાને સહિત રહ્યો થકો ઇન્દ્રિયો અંતઃકરણે કરીને પૂર્વકર્મને અનુસારે સુખદુઃખરૂપ વાસનામય ભોગને ભોગવે છે, તેને રજોગુણપ્રધાન સ્વપ્ન અવસ્થા કહીએ. સુષુપ્તિ અવસ્થા તે જ્યારે એ જીવને આવે છે ત્યારે ઇન્દ્રિયો અંતઃકરણની જે વૃત્તિઓ તથા વિષયભોગની જે વાસના તથા જ્ઞાતાપણું અને કર્તાપણું એ સર્વે કારણ દેહને વિષે લીન થઈ જાય છે અને તે કારણ દેહનો અભિમાની જે પ્રાજ્ઞ નામે જીવાત્મા તેનું પ્રધાનપુરુષરૂપ સગુણબ્રહ્મના સુખલેશને વિષે અતિશય લીનપણું થઈ જાય છે; તેને તમોગુણપ્રધાન સુષુપ્તિ અવસ્થા કહીએ. (સા. ૬) ➤

થોરે કેળાં પાક્યાં છે

એક દિવસ ભગતજી મંદિરના ચોકમાં નવી હવેલી પાસે ચૂનો કાલવતા હતા અને સ્વામીની મૂર્તિ ધારીને અખંડ ભજન કરતા હતા. તેવામાં ગણોદના અભેસિંહ દરબાર તથા બીજા ચાર-પાંચ ગરાસિયાઓ સ્વામી પાસે આવીને બેઠા. સ્વામીએ તેમને કહ્યું : ''દરબાર ! મને એક આશ્ચર્ય થયું છે કે કેળે તો કેળાં પાકે પણ આજ તો થોરે કેળાં પાકે તે શું ? ચોકમાં પેલો ચૂનો કાલવે છે તે છે તો દરજીનો છોકરો, પણ મહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખીને, મોટા મોટા યોગીઓને પણ દુર્લભ એવો દૃઢ યોગાભ્યાસ સિદ્ધ કરીને, મન-ઇન્દ્રિયો વશ કર્યાં છે, અને ત્રણે અવસ્થામાં અખંડ ભજન કરે છે.''

તે સાંભળી દરબાર બોલ્યા : ''સ્વામી ! આપના પ્રતાપથી બધુંયે થાય. આપની એણે અત્યંત સેવા કરી છે તેનું ફળ તેને મળ્યું છે.''

ત્યારે સ્વામી કહે : ''અત્યાર સુધી તો એણે પુરુષપ્રયત્ન[૨૨] કર્યો છે, અને અમારી સેવા અને રાજીપાનું ફળ તો હજુ હવે મળશે. એણે સાડા ત્રણ

આ જે અવસ્થાઓ તેના સ્થાનક તથા ભોગ તે જાણ્યા પછી તેના થકી નિવૃત્તિ થઈને તે તે અવસ્થાનો ભજન કરતાં કેમ લય થાય છે તે મહારાજે બતાવ્યું છે : જાગ્રત અવસ્થાને વિષે સ્નેહે કરીને ભગવાનની મૂર્તિને વિષે લક્ષ થાય ત્યારે પ્રથમ જાગ્રત અવસ્થાનો લય થાય છે અને પછી સ્વપ્નનો અને સુષુપ્તિનો લય થાય છે. અને જ્યારે મને કરીને ચિંતવન કરતે કરતે સ્વપ્નને વિષે ભગવાનની મૂર્તિમાં લક્ષ થાય ત્યારે પ્રથમ સ્વપ્નનો લય થાય અને પછી જાગ્રતનો ને સુષુપ્તિનો લય થાય છે. અને જ્યારે ભગવાનની મૂર્તિનું ચિંતવન કરતે કરતે ઉપશમપણે કરીને લક્ષ થાય છે ત્યારે પ્રથમ સુષુપ્તિનો લય થાય છે અને પછી જાગ્રતનો ને સ્વપ્નનો લય થાય છે. (ગ.પ્ર. ૬૫)

૨૨. સદ્ગુરુ ને સત્શાસ્ત્રને વચને કરીને દૃઢ વૈરાગ્યને પામ્યો હોય અને દૃઢ શ્રદ્ધાવાન હોય અને અષ્ટ પ્રકારનું જે બ્રહ્મચર્ય તેને અતિ દૃઢ પાળતો હોય અને અહિંસા ધર્મને વિષે પ્રીતિવાન હોય અને આત્મનિષ્ઠા પણ અતિ પરિપક્વ હોય તો તેને માથેથી જન્મમરણની નિવૃત્તિ થઈ જાય છે. જેમ શાળને માથેથી ફોતરું ઊતર્યું તે શાળ પાછી ઊગે નહિ. તેમ કહ્યા એવે ગુણે કરીને જે યુક્ત હોય તે અનાદિ અજ્ઞાનરૂપ જે માયા તેથી છૂટે છે ને જન્મમરણ થકી રહિત થાય છે ને આત્મસત્તાને પામે છે, આટલું તો પુરુષપ્રયત્ને કરીને થાય છે. અને પરમેશ્વરની કૃપા પણ જે એવે લક્ષણેયુક્ત હોય તે ઉપર જ થાય છે. (સા. ૧૧)

વર્ષ સુધી દેહને લગાર પણ ગણ્યો નથી અને કોઈ સાધારણ મુમુક્ષુથી ન થઈ શકે એવાં દુષ્કર સાધનો તેણે કર્યાં છે. એ તો અનાદિનો જ ભક્ત છે અને તેથી જ અમારી અનુવૃત્તિ બહુ રાખી શક્યો છે, પરંતુ કોઈ પ્રાકૃત ભક્તથી એવું બને નહિ. માટે હવે તો વિચાર કર્યો છે કે તેને નિવૃત્તિ આપવી છે, જેથી અખંડ કથાવાર્તા કર્યા કરે.'' એમ કહી ભગતજીને બોલાવી રાજી થઈને મળ્યા.

વર્તમાનકાળે રાજીપો શેમાં છે ?

ત્યાર પછીનો હુતાશનીનો સમૈયો આવ્યો અને દેશાંતરના હજારો હરિભક્તો ભેગા થયા. વરતાલથી સાધુ વિષ્ણુપ્રસાદદાસજી તથા હરિસ્વરૂપ-દાસજી, હરિપ્રસાદદાસજી વગેરે આવ્યા હતા.

સ્વામીએ આ સમૈયામાં બહુ જ અલૌકિક વાતો કરી હતી; અને વર્તમાનકાળે મહારાજનો શો અભિપ્રાય છે અને સિદ્ધાંત છે તે સમજાવતાં કહ્યું : ''મોરે તો મહારાજનો અનેક પ્રકારનો રાજીપો હતો અને પ્રથમના પ્રકરણમાં ગોળા ખાવા, ટાટ પહેરવા, કૂતરું બોલતું ન સંભળાય એટલે છેટે રહેવું, ભણવું, મંદિરો કરવાં ઈત્યાદિમાં અનેક પ્રકારનો રાજીપો હતો અને આ વર્તમાનકાળે મહારાજનો શેમાં રાજીપો છે ? તો નટની માયાના વચનામૃતમાં ભગવાનનું સ્વરૂપ નિર્દોષ કહ્યું છે તેવી રીતે મહારાજનું સ્વરૂપ સમજવું ને તેવી રીતે જ આ સંતનું સ્વરૂપ પણ સમજવું ને ભગવાનની આજ્ઞા પાળવી ને રૂડા સાધુનો સંગ રાખવો; તો તેની ઉપર મહારાજ રાજી, રાજી ને રાજી જ છે.''

એટલી વાત કરીને સ્વામી બોલ્યા : ''જેવો આ સત્સંગ છે તેવો તો જણાય જ નહીં, ને કોઈક જાણે તો સત્સંગ કરે નહીં, ને કોઈક કરે તો જેવો સત્સંગ છે તેવો થાય નહીં, ને જો થાય તો જાળવવો બહુ કઠણ છે, તે કાં તો બહેકી જાય અને કાં ગાંડો થઈ જાય પણ તે જળવાય નહીં. તે સત્સંગ કોણ જાળવે ? તો જેને મહારાજ વિષે અને આ મોટા સાધુને વિષે માહાત્મ્ય જ્ઞાને સહિત પ્રીતિ હોય તે જ જાળવે પણ બીજાથી તો જળવાય જ નહીં.''

એટલી વાત કરીને બોલ્યા : ''આજ વર્તમાનકાળે જેણે દેહ ધર્યા છે (જે આ સત્સંગમાં છે પણ સત્સંગની આવી અલૌકિકતાનું જ્ઞાન નથી) તેને તો એક પગલું અક્ષરધામમાં છે ને જેને આ સાધુની ઓળખાણ થઈ છે તેને

તો બેય પગલાં અક્ષરધામમાં જ છે; પણ જેને એ વાતનું જ્ઞાન નહીં તેને આ વાત સમજાય નહીં. ને આ સત્સંગમાં તો અનંત પ્રહ્લાદ, અનંત અંબરીષ અને પર્વતભાઈ જેવા અનંત છે. પરંતુ સાધુ-સમાગમ વિના જ્ઞાન થાય નહીં અને જ્ઞાન થયા વિના એવો મહિમા જણાય નહીં અને મહિમા જાણ્યા વિના જીવ સુખિયો થાય નહીં, એમાં કાંઈ સંશય નથી.''

એમ બહુ વાતો કરી અને પછી સર્વેને ફગવાની પ્રસાદી વહેંચી. પણ પ્રાગજી ભક્ત દીઠામાં ન આવ્યા. આથી સ્વામીએ પૂછ્યું : ''પ્રાગજી ક્યાં ગયો છે ? એણે બહુ જ મહેનત કરી છે એટલે આજ તો એને પ્રસાદી આપવી છે.''

તેથી સૌએ એમ જાણ્યું : ''સ્વામી પ્રાગજી ભક્ત ઉપર અતિશય રાજી થઈ ગયા છે. તે કાં તો મહારાજનાં ચરણારવિંદ આપશે કે નખ, કેશ આપશે.'' એમ ધારી એક હરિભક્ત તેમને બોલાવી લાવ્યા.

ભગતજી સ્વામી પાસે આવીને પગે લાગ્યા. સ્વામીએ તેમને ધાણીના વધેલા ગોંગડા આપ્યા. તે લઈને, પોતાને બોલાવીને અતિ રાજીપાની પ્રસાદી આપી, તેથી આનંદમાં મલકાતાં મલકાતાં પાછા વળ્યા.

તેથી મનજી ઠક્કરે કહ્યું : ''ભૂતનું મન બાકળે. મૂઠી ગોંગડા આપ્યા તે રાજી થઈ ગયો, પણ એમ નહિ કે સ્વામી જેવા પુરુષ રાજી થયા છે તે ચરણારવિંદ અથવા બીજી પ્રસાદીની વસ્તુ માગીએ.''

ત્યારે ભગતજીએ જાણ્યું કે આમને સ્વામીની અતિ રાજીપાની પ્રસાદીનો મહિમા નથી. એમ વિચારી પોતે પાછા વળ્યા અને સ્વામી પાસે આવીને સ્વામીને પૂછ્યું : ''સ્વામી મહારાજ ! આપે જે પ્રસાદી મને આપી છે, તે અતિ પ્રસન્નતાની છે કે સૌને આપો છો તેવી છે ?''

ત્યારે સ્વામી તેમના હૃદયનો મર્મ જાણી બોલ્યા : ''અતિ રાજીપાની છે.''

એટલે ભગતજીએ તેમાંનો એક દાણો મોંમાં મૂકી સ્વામીને પૂછ્યું : ''સ્વામી ! કામ બળી ગયો ?''

ત્યારે સ્વામી કહે : ''હા, બળી ગયો !'' એમ છ-સાત દાણા મોંમાં મૂકીને ''કામ, ક્રોધ, માન, સ્વાદ, સ્નેહ, મત્સર આદિ શત્રુઓ ગયા ?'' એમ સ્વામીને પૂછ્યું. ત્યારે સ્વામીએ પણ હસતાં હસતાં અતિ રાજીપાથી કહ્યું : ''હા, ગયા.''

બીજા વધેલા ગોંગડા પોતે છેડે બાંધ્યા અને સ્વામીને કહ્યું : ''આ દાણા મારે કોઈ વખત બીજા સારું કામ લાગશે.''

એટલે સ્વામીએ કહ્યું : ''હા, એમ જ છે. એમાં કાંઈ સંશય નથી.''

તે ઉપર સ્વામીએ વાત કરી : ''એક તલનો દાણો વિઠ્ઠલનાથજીએ મોકલ્યો હતો અને કહેવરાવ્યું હતું : 'સર્વેને અર્ધો દાણો વહેંચજો અને અર્ધો પાછો મોકલજો.' એટલે અર્ધો દાણો પાણીમાં ઉકાળીને તેમાંથી આચમની આચમની પાણી ચોરાશી વૈષ્ણવને આપ્યું. તે ચોરાશી સિદ્ધ થયા. ત્યારે આ તો અનંત વિઠ્ઠલનાથજીના પણ સ્વામી એવા અક્ષરમૂર્તિ સાધુ છે. તેની પ્રસાદીનો મહિમા કેટલો હોય ? પ્રાગજીને તો કામાદિક દોષો નિવૃત્ત થઈ ગયા છે, પણ મોટા સાધુની પ્રસાદીનો મહિમા સમજાવવા જ તેમણે પૂછ્યું હતું. મોટા સાધુનો જેમ જેમ મહિમા સમજાય, તેમ તેમ મુક્તની સ્થિતિ થતી જાય છે. અને એવી સ્થિતિ થતાં સુધીમાં રાજીપાની પ્રસાદી જમે કે વચન ઝીલે ત્યાં નિર્ગુણભાવને પામી જાય. પરંતુ તે સિવાય તો નખ, કેશ રાખે કે ચરણારવિંદની જોડ રાખે અને બીજી એવી અનેક પ્રસાદીની ચીજો રાખે તેથી સ્મૃતિ થાય, પણ નિર્ગુણભાવને તો નહિ જ પમાય. આ પ્રાગજીને મોટા સાધુની પ્રસાદી તો શું પણ સંબંધમાં આવેલી રજેરજનો અતિ અપાર મહિમા છે અને અલૌકિક દિવ્યભાવ છે.''

એમ નિર્ગુણભાવને પામવાની અને ભગતજીના મહિમાની અપાર રાજીપાથી સ્વામીએ વાત કરી, ત્યારે સૌ કહે : ''સ્વામી ! બરોબર છે.''

ધણીનો કોઈ ધણી છે ?

સંવત ૧૯૨૦માં ચૈત્રી પૂનમનો સમૈયો સ્વામીએ વરતાલ કર્યો. પાછા વળતાં સ્વામી ગઢડા આવ્યા.

મંદિરમાં આવી ઠાકોરજીનાં દર્શન કરી સભામાં આવ્યા.

સાંજે સ્વામીએ સૌને ચાલવાનું કહ્યું. ત્યાં બાવોખાચર આવ્યા અને તેમણે સ્વામીને વિનંતી કરી : ''સ્વામી ! કાલે મારે રસોઈ આપવી છે અને આપને જમાડવા છે, તો આપ કાલે જાઓ તો સારું.''

સ્વામી કંઈ બોલ્યા નહિ, પણ કોઠારી ભક્તિવલ્લભદાસજીએ સ્વામીને કહ્યું : ''બાવાખાચરને લીધે અમરો ખોજો મરાયો છે. માટે તેની રસોઈ

લેવી નથી.''

ત્યારે સ્વામીએ કહ્યું : ''હું તો જઈશ, પણ તમે રસોઈ લીધા વિના નહિ રહો.'' એમ કહી સ્વામી તો તૈયાર થઈ ખળીમાં આવીને બેઠા.

બાવાખાચરને ખબર પડી કે સ્વામી તો આ ટાણે ચાલે છે; એટલે મોતૈયા, ગાંઠિયા વગેરે લઈ આવ્યા અને બીજા હરિભક્તો પણ તે પ્રમાણે પ્રસાદ લઈ સ્વામી પાસે આવ્યા. આમ મોતૈયા, ગાંઠિયાનો બે-ત્રણ મણનો ઢગલો થઈ ગયો. તેમાંથી કેટલુંક ત્યાં મંદિરમાં આપ્યું અને બીજું સાથે લીધું.

પછી સ્વામી ઠાકોરજીના ઉત્થાપનનાં દર્શન કરી ચાલ્યા અને ખોપાળે આવ્યા. ત્યાં ઘેલામાં સ્નાન કર્યું અને સાંજ પૂરી થઈ એટલે સ્વામી કહે : ''હવે નૃસિંહ ચતુર્દશી પૂરી થઈ !'' એમ કહી તમામ સંત-હરિભક્તોને મોતૈયા, ગાંઠિયા આપી જમાડ્યા.

અહીંથી નીકળી સ્વામી અમરેલી પધાર્યા. અહીં મંદિરની ધર્મશાળાનું કામ સ્વામીએ શરૂ કરાવ્યું. થોડા દિવસ અહીં રોકાઈને સ્વામી કુંકાવાવ થઈ તોરી પધાર્યા. બીજે દિવસે રસોઈ જમ્યા પછી સૌ ચાલવા તૈયાર થયા. ત્યારે સ્વામીએ કહ્યું : ''તાપ છે તે લગાર ખમો.''

તે સાંભળી રઘુવીરચરણદાસે કહ્યું : ''ચાલો, એમ બેસી રહ્યે નહિ ચાલે.''

તે સાંભળી સ્વામી કહે : ''ભલે ચાલો, સુખિયા થશો. આગળ સેવા તૈયાર છે.''

પછી ત્યાંથી નીકળ્યા અને એક ગાઉ ચાલ્યા ત્યાં તો ભયંકર વાવાઝોડા સાથે વરસાદ શરૂ થયો અને પથ્થર જેવડા મોટા શેર-બશેરના કરા પડવા માંડ્યા. તે સૌના પગમાં, માથામાં, શરીર ઉપર વાગવા માંડ્યા. સ્વામી તો ગાડીમાં શરીર લંબાવી સૂઈ ગયા. એટલે બધા સંતો બૂમો મારવા લાગ્યા : ''રક્ષા કરો, એ સ્વામી ! રક્ષા કરો !''

ત્યારે રઘુવીરચરણદાસ બોલ્યા : ''સ્વામી તો સૂઈ ગયા અને રક્ષા કરતા નથી. આપણી સામુંય જોતાં નથી.''

એટલે જાગા ભક્ત બોલ્યા : ''ધણીનો કોઈ ધણી છે ? સ્વામી આપણને શ્વાસ લેવા દે છે તે ઓછી રક્ષા છે ? એટલું તો સારું છે ને !''

તે સાંભળી ગાડીમાંથી સ્વામી બોલ્યા : ''જાગો ભક્ત ખરું કહે છે.''

પછી દયા લાવી સંકલ્પ દ્વારે વરસાદ અને વાવાઝોડું બંને બંધ કર્યાં.

પછી જાગા ભક્તને કહ્યું : ''સંઘનાં ગાડાં ક્યાં છે તે જોઈ આવો.''

સંઘનાં ગાડાં બીજે ગામ જતાં રહ્યાં હતાં. તે જાગા ભક્ત ત્યાં જઈને તેને સાથે લઈ આવ્યા એટલે સંઘ સઘળો ચાલ્યો અને સૌ રાણપુર આવ્યા.

રાણપુરમાં સ્વામીએ ગાડા ઉપર આસન કર્યું. નથુ પટેલ, મનજી ઠક્કર, જીવરાજ શેઠ વગેરે હરિભક્તો આસપાસ બેઠા. સ્વામીએ દાળિયાની પ્રસાદી સૌને આપીને વાતો કરી રાજી કર્યા. પછી સ્વામી જૂનાગઢ પધાર્યા.

બ્રહ્મનો સાક્ષાત્કાર

સંવત ૧૯૨૦ના ચોમાસાના દિવસો આવ્યા. ભગતજીના સાધનની ઈતિશ્રી થઈ હતી અને સ્વામીની કૃપા પણ સંપૂર્ણ તેમના ઉપર વરસી હતી. સર્વાધાર પૂર્ણ પુરુષોત્તમને અખંડ ધારણ કરનાર અક્ષરબ્રહ્મ સ્વામીને રાજી કરવા એ કાંઈ નાનીસૂની વાત નહોતી. બસો બાસઠ વચનામૃતોમાં જે જે સાધુતાની પરિસીમા શ્રીજીમહારાજે બતાવી છે, તે તથા ચોસઠ લક્ષણ સાધુનાં, યોગકળાની સર્વ શક્તિઓ, સર્વે સ્વામી પાસે રહીને, તેમને સેવી, તેમની સંપૂર્ણ કૃપા પ્રાપ્ત કરી, તેમણે હસ્તગત કરી હતી. સ્વામીએ પણ તેમની ઉત્કૃષ્ટ શ્રદ્ધાને અનેક રીતે કસોટીએ ચડાવી, શુદ્ધ કંચન છે તેવી પ્રતીતિ બીજાને કરાવીને, શ્રીજીને અખંડ ધારી શકે તેવું પાત્ર ઘડ્યું હતું. હવે સ્વામીને એમ જ થઈ ગયું કે પ્રાગજીને ક્યારે સુખ આપીએ ?

એક દિવસ ભગતજીને એકાંતમાં બોલાવીને સ્વામીએ કહ્યું : ''પ્રાગજી ! હવે તો નિવૃત્તિથી ભજનમાં બેસે તો મહારાજનું સુખ આપીએ.''

તે સાંભળી ભગતજી હર્ષ-પુલકિત થઈ ગયા. પછી તો નવી ધર્મશાળામાં લઘુના ખાડા પાસેના ઓરડામાં સ્વામીએ તેમને ધ્યાનમાં બેસાર્યા. નવ દિવસ અખંડ ધ્યાનમાં બેસાર્યા પછી દસમે દિવસે સ્વામી ઓરડામાં આવ્યા અને ધ્યાનસ્થ પ્રાગજી ભક્તને પૂછ્યું : ''પ્રાગજી ! અંતરમાં કંઈ દેખાય છે ?''

ત્યારે ભગતજીએ હાથ જોડી કહ્યું : ''હા, મહારાજ ! સાધુ દેખાય છે અને ભજન કરું છું.''

ત્યારે સ્વામી કહે : ''સાધુ દેખાય છે તો બધું દેખાશે. આજે સાવધાન થઈને બેસજે.'' એમ કહી સ્વામી ઓરડો બંધ કરી બહાર ગયા.

પછી તે જ દિવસે રાત્રીના અગિયાર પછી ધ્યાન કરતા ભગતજીને

તેજનો સમૂહ દેખાયો, જેમાંથી અખંડ અવિનાશી સુખના ફુવારા નીકળ્યા અને અધો-ઊર્ધ્વ અને ચારેકોરે પ્રમાણે રહિત તે સચ્ચિદાનંદ તેજમાં મહારાજની અતિશય સૌમ્ય અને મનોહર મૂર્તિનાં દર્શન થયાં. મહારાજ નાના પ્રકારની લીલા અને વિલાસ કરતા હતા. અંગમાંથી કોટાનકોટિ સૂર્યનું તેજ નીકળે તથા કોટિ કામદેવને પણ લજ્જા પમાડે અને તેની સુંદરતાનો તિરસ્કાર કરાવે એવી મનોહર, અતિ અમૂલ્ય, ભગવાં વસ્ત્ર પહેરેલી શ્રીજીમહારાજની મૂર્તિ જોઈને ભગતજીને બહુ જ આનંદ થયો અને હર્ષનાં અશ્રુ ચાલ્યાં અને ગદ્‌ગદિત થઈ રોમાંચિત ગાત્ર થઈ ગયાં. અતિ હર્ષથી અને બાષ્પના જળથી કંઠ રૂંધાઈ ગયો. બોલી શકાય જ નહિ, પણ એકી નજરે મહારાજની મૂર્તિનાં દર્શન કર્યાં જ કરે, પોતાને અહો ! અહો ! ધન્ય-ભાગ્ય માને; એ રીતે સુખના સમુદ્રમાં મસ્ત થઈ ગયા.

એ પ્રમાણે શ્રીજીમહારાજે પા કલાક ભગતજીના સામું જોયું. તેણે કરીને સચ્ચિદાનંદ - અખંડ અલૌકિક સુખના સમુદ્રમાં ભગતજીને લીન કરી દીધા અને સુખ-સુખ, ટાઢું-ટાઢું થઈ ગયું. પરમ આનંદ અને શાંતિ થઈ ગઈ. પછી દૃષ્ટિ પાછી ખેંચી લીધી અને ફરી અમૃત દૃષ્ટિએ અલૌકિક, દિવ્ય, અપાર, અનવધિકાતિશય, અપ્રમાણ ઐશ્વર્ય આપ્યું; જેથી કરીને અંતરમાં અતિ તેજ, અનંત મુક્ત અને તેજમાં મહારાજની મૂર્તિ અને અલૌકિક શોભા દેખાયા જ કરે અને અનંત કોટિ બ્રહ્માંડના જીવ, ઈશ્વર હસ્તામલકવત્ અંતરમાં દેખાયા કરે.

પછી શ્રીજીએ વૃત્તિ ખેંચી લીધી. પછી પોતે અતિ ગદ્‌ગદ કંઠે, અતિ વિનીતભાવે સ્તુતિ કરી : ‘‘હે સ્વામિન્ ! હે ભગવન્ ! હે મહારાજ ! મને તો આપે ન્યાલ કરી નાખ્યો અને બહુ જ સુખ, આનંદ, ઐશ્વર્યનો અનુભવ કરાવ્યો. આવા અઢળક ઢળ્યા તેનું શું કારણ હશે ? મોટા મોટા ઋષિમુનિઓ કેવાં કેવાં સાધન કરે છે અને પૂર્વના ભક્તોએ કેવાં કેવાં સાધન કર્યાં છે અને કેવાં કેવાં કષ્ટો વેઠ્યાં છે, તેના શતાંશ ભાગનું પણ મેં વેઠ્યું નથી, સાધન કર્યું નથી; તો પણ અતિ દુર્લભ, અમાપ, અનંત અપાર એવું જે સુખ અક્ષર-મુક્તોને ધામમાં છે તે મને આપ્યું છે. હે દીનબંધુ ! દયાસિંધુ ! હે પતિત-પાવન ! અશરણશરણ એવા જે તમો તે આપની ઇચ્છાથી જ મને આ સુખ મળ્યું છે એમ મને જણાય છે.’’

એવા અપાર દીનભાવથી કરેલી ભગતજીની સ્તુતિ સાંભળીને, મહારાજ મંદ મંદ હસતાં હસતાં બોલ્યા : ''ગુણાતીતાનંદ સ્વામીના પ્રતાપથી જ આ સર્વ સુખ તને મળ્યું છે.'' એમ કહી અંતર્ધાન થઈ ગયા કે તરત જ સ્વામી ત્યાં આવ્યા અને બૂમ મારી કહ્યું : ''પ્રાગજી ! ઉઘાડ.'' ત્યારે ભગતજીએ બારણું ઉઘાડ્યું. સ્વામી અંદર આવી બોલ્યા : ''કેમ આનંદ થયો કે નહિ ?''

ત્યારે પોતે પગે પડીને બોલ્યા : ''મહારાજ ! બહુ આનંદ થયો. તમે તો મને ન્યાલ કરી દીધો.'' એમ કહી સ્વામીનાં ચરણ પકડી બહુ જ સ્તુતિ કરી.

પછી સ્વામીએ હાથ ઝાલી ઊભા કર્યા અને મળ્યા. પછી ભગતજીએ સ્વામીને પૂછ્યું : ''સ્વામી ! મહારાજ તો જરિયાની કસુંબલ વસ્ત્ર પહેરતા અને આ તો દિવ્ય ભગવાં વસ્ત્ર દેખાયાં તેનું શું કારણ હશે ?''

ત્યારે સ્વામી બોલ્યા : ''તારે સાધુને વિષે હેત છે તેથી સાધુરૂપે ભગવાન દેખાયા.'' એમ કહી દૃષ્ટિ કરી કહ્યું : ''હવે અંતરમાં જો. કેવા દેખાય છે ?''

ત્યારે ભગતજી તો અતિ આનંદિત થઈ ગયા અને કહ્યું : ''હવે તો તેજસ્વી, દિવ્ય, મુગટ, પટકૂળ, અલંકાર અને સોનેરી વસ્ત્ર સહિત દેખાય છે.''

એ રીતે અતિ અલૌકિક અને પ્રૌઢ પ્રતાપ જેનો છે એવા દિવ્ય અક્ષરબ્રહ્મ સ્વામીએ શ્રીજીની મૂર્તિમાં અતિકૃપાના ફળરૂપે ભગતજીને સ્થિતિ કરાવી દીધી અને સાધન તે તો એવું સુવર્ણ પાત્ર ઘડવા માટે જ કરાવ્યું એવું તેમણે બતાવ્યું.

ભગતજી પણ સ્વામીનો આવો દિવ્ય પ્રતાપ જોઈને બોલ્યા : ''સ્વામી ! દયાળુ ! મહારાજને મેં પૂછ્યું : 'આટલા બધા અઢળક ઢળ્યા તેનું શું કારણ ?' ત્યારે મહારાજે કહ્યું : 'તેં સ્વામીને વશ કર્યા છે અને હું સ્વામીને વશ છું. તે સ્વામીની મરજીથી આજથી તારે વશ છું અને તને આવો અલૌકિક પ્રતાપ અને સુખ આપું છું.''

પછી ભગતજીએ સ્વામીને કહ્યું : ''સ્વામી ! મહારાજ ! તમે આવા સમર્થ, મૂળ અક્ષરબ્રહ્મ છો, અનંત મુક્તોના ધારક છો અને શ્રીજીમહારાજની અખંડ સેવામાં છો એમ હું દેખું છું, ત્યારે તમારો પ્રતાપ કોઈને કહેતા કેમ નથી ? અને છાના કેમ રહ્યા છો ?''

ત્યારે સ્વામી હસીને બોલ્યા : ''જેવું છે તેવું કહીએ તો તને અને મને બંનેને દુ:ખ આવે. માટે નથી કહેતા તે જ ઠીક છે.''

એટલે ભગતજી બોલ્યા : ''શું સાચી વાત ખોટી થશે !''

ત્યારે સ્વામીએ તેમને ધીરજ આપીને કહ્યું : ''કહેવાનો વખત આવશે ત્યારે હું આજ્ઞા કરીશ. ત્યારે કહેજે.'' એમ કહીને વળી કહ્યું : ''પ્રાગજી ! આ અલભ્ય લાભ મળ્યો છે તે જાળવી રાખજે.'' એટલું કહી સ્વામી આસને પધાર્યા.

આવી રીતે મન-કર્મ-વચને સ્વામીને રાજી કર્યા તેથી તેમને સત્તરની સાલમાં આપેલ કોલ સ્વામીએ સંવત ૧૯૨૦ના ચોમાસામાં પૂરો કર્યો અને અક્ષરબ્રહ્મ સાથે સ્થિતિ કરાવી, અનુભવજ્ઞાન સિદ્ધ કરાવી, એકાંતિક ધર્મ પમાડ્યો અને અક્ષરપુરુષોત્તમના સ્વરૂપનો અપરોક્ષ અનુભવ કરાવ્યો.

ગુણાતીત ઊઠો !

ભગતજીની આવી ગુણાતીત સ્થિતિની સૌને પ્રતીતિ કરાવવા એક વખત સ્વામીએ સદ્. બાલમુકુન્દદાસને કહ્યું કે ''પ્રાગજી ભગતને બોલાવી લાવો.''

બાલમુકુન્દદાસ સ્વામી ભગતજીને આસને ગયા, પરંતુ ભગતજી સૂઈ ગયા હતા. તેથી તેમણે બે-ત્રણ વખત : ''પ્રાગજી ભગત ઊઠો, સ્વામી બોલાવે છે'' તેમ કહ્યું, પરંતુ ભગતજી જાગ્યા નહિ.

એટલે સ્વામી પાસે આવીને કહ્યું : ''પ્રાગજી ભગત તો સૂઈ ગયા છે અને ઊઠતા નથી.''

એટલે સ્વામીએ પૂછ્યું : ''તમે તેમને ઉઠાડવા માટે શું કહ્યું હતું ?''

એટલે બાલમુકુન્દદાસ સ્વામીએ કહ્યું : ''મેં બે ચાર વખત 'પ્રાગજી ભગત, પ્રાગજી ભગત' એ પ્રમાણે કહ્યું હતું.''

એ સાંભળી સ્વામી હસ્યા અને ફરી કહ્યું : ''હવે જઈને કહો કે ગુણાતીત ઊઠો.''

એ પ્રમાણે બાલમુકુન્દદાસ સ્વામીએ ભગતજી પાસે જઈને કહ્યું એટલે ભગતજી તરત જ ઊઠ્યા અને સ્વામી પાસે આવ્યા. એટલે સ્વામીએ કહ્યું : ''પ્રાગજી ભગત હવે પ્રાગજી નથી રહ્યા. એ તો ગુણાતીત થઈ ગયા છે. એટલે તમે એને 'પ્રાગજી પ્રાગજી' કહો, તે કેમ સાંભળે ?''

આ પ્રમાણે સ્વામીએ ભગતજીની શુદ્ધ ગુણાતીત સ્થિતિની સૌને પ્રતીતિ કરાવી દીધી.

પ્રાગજીને ગુરુપદે સ્થાપીને પ્રાયશ્ચિત્ત આપવાની આજ્ઞા

આ અનુભવની સ્થિતિમાં અલૌકિક દિવ્યતા અને કેફ ભગતજીને જણાવા લાગ્યો. સ્વામીની જ મરજીથી સર્વ ઐશ્વર્ય દબાવી, સર્વ વિવેક રાખવા માંડ્યો.

શ્રાવણ સુદ પૂનમની અજવાળી રાત્રે દસ વાગ્યે સભામાં જેર (ઓસરીની ધાર) ઉપર સ્વામી બેઠેલા, તે બોલ્યા : ‘‘મને કૃપાનંદ સ્વામી કહેતા કે સ્વામી ! તમને તો મહારાજ ગુરુ કરશે. ત્યારે મને બીક લાગતી. હું તેમને સામો કહેતો : ‘સ્વામી ! મારો એવો શો વાંક છે ?’ એટલે કૃપાનંદ સ્વામી કહેતા : ‘આટલી સેવા કરે, કીર્તનો બોલે, આટલી વાતો કરીને અખંડ તેલધારા મૂર્તિ રાખે, તે ગુરુ થયા વિના કેમ રહે ? માટે તમે તો વગર કર્યા ગુરુ થાશો.’ એમ આ પ્રાગજીએ આટલી બધી સેવા કરી, બસો ને બાસઠ વચનામૃતનું જ્ઞાન સિદ્ધ કર્યું ને આટલી વાતો કરે છે, અખંડ ભજન કરી ત્રણેય અવસ્થા ભેદી અક્ષર ને પુરુષોત્તમનો અપરોક્ષ અનુભવ કર્યો. વળી, આત્મામાં તેલધારા અખંડ મહારાજની મૂર્તિ દેખે છે તે ગુરુ થયા વિના કેમ રહેશે ? એ તો વગર કર્યો ગુરુ થશે.’’ એમ કહી પ્રાગજી ભક્તને પોતાનું ગુરુપદ આપ્યું અને પોતાના આશ્રિત સર્વેના ગુરુ સ્થાપ્યા.

સ્વામીએ બીજે દિવસે પ્રાગજી ભક્તને વાડીમાં બોલાવ્યા. ત્યાં એકાંત જોઈને કહ્યું : ‘‘પ્રાગજી ! મેં તને પરમ શાંતિ પમાડી છે. માટે તારે હવે મારી સર્વ આજ્ઞા પાળવી પડશે.’’

ત્યારે ભગતજીએ હાથ જોડીને કહ્યું : ‘‘બહુ સારું મહારાજ !’’

પછી સ્વામીએ તેમને કહ્યું : ‘‘જો, પ્રાગજી ! કેટલાક હરિભક્તો ઘણા દિવસથી મારો સંગ કરે છે અને મારે વિષે પ્રીતિવાળા છે, તો પણ નિષ્કપટ-ભાવે વર્તવામાં લાજ આવે છે અને જ્યાં સુધી તેમને મોટી આજ્ઞામાં – નિષ્કામ ધર્મમાં – ફેર હશે, ત્યાં સુધી અક્ષરધામમાં અવાશે નહિ. માટે તારે તેમને ઉપદેશ કરી પ્રાયશ્ચિત્ત આપવાં. જો ઉપદેશથી નિષ્કપટ ન થાય અને ન માને, તો અંતરમાં જે પાપ કર્યાં હોય તે સુખેથી કહીને પણ પ્રાયશ્ચિત્ત આપવું, તેમાં મારો રાજીપો છે.

‘‘વળી, બીજી આજ્ઞા એ છે કે આવરદા તો જન્મોત્રીમાં ૫૮ વર્ષની

લખી છે, પરંતુ સોરઠના હરિભક્તોને શ્રીજીમહારાજને પોતાની મૂર્તિનું સુખ આપવા અતિ આગ્રહ હતો; તે અમને પોતાનું સર્વસ્વ જાણી એ સુખ આપવા મૂકી ગયા છે. તે પ્રમાણે તેમની મૂર્તિનું આ દ્વારે સુખ આપવાની ભલામણ અને આજ્ઞા કરેલી હોવાથી મહારાજનું સુખ આપવા મહારાજે અમને રાખ્યા છે. હવે તો ૮૦ વર્ષ થયાં પણ શ્રીજીમહારાજ તેડવા આવતા નથી અને કહે છે : 'તમારું મૂળ સ્વરૂપ સત્સંગમાં પ્રસિદ્ધ થશે ત્યારે તેડી જઈશ.' માટે તું મારો અનન્ય શિષ્ય છે, તો મારી આજ્ઞા પ્રમાણે સર્વ સત્સંગમાં મૂળ અક્ષરનું સ્વરૂપ પ્રસિદ્ધ કર. દરેક શ્રીજીનાં જે આશ્રિત છે તેને આ સ્વરૂપ ઓળખાવવાની જે સેવા તું કરીશ ને સર્વે જીવોને અભયદાન આપવારૂપી પરમાર્થનું આ કાર્ય તું કરીશ, તો તેમાં મારો અનન્ય રાજીપો છે. માટે એ તારે કરવું એવી મારી તને આજ્ઞા છે.''

સ્વામીનાં આવાં આજ્ઞાવચન સાંભળી ભગતજી વિનયપૂર્વક બે હાથ જોડી બોલ્યા : ''મહારાજ ! આપની આ સર્વોપરી આજ્ઞા અને આપ દ્વારા જ શ્રીજીની સમીપમાં રહેવાનો ધામરૂપ દરવાજો ઓળખાવવાની અખંડ સેવા કરવા હું તૈયાર છું, પરંતુ આપનું સ્વરૂપ પ્રગટ થાય અને આપ ધામમાં પધારો તેમાં અમને શો લાભ ?''

ત્યારે સ્વામી હસીને બોલ્યા : ''જો, પ્રાગજી ! આ લોકમાં તો શ્રીજી-મહારાજ તથા ગોપાળાનંદ સ્વામી આદિ કોઈ રહ્યા નથી અને અમો પણ રહેવાના નથી. માટે મારી આજ્ઞા પ્રમાણે કરીશ તો શ્રીજીમહારાજના બંને હાથ તારા ઉપર છે એમ તું જરૂર જાણજે અને તેમાં ઘણા જીવોનો ઉદ્ધાર થશે. વળી, અમો પણ ઘણા જ રાજી થશું અને તને સુખ મળશે. વળી, આ જે મેં તને આપ્યું છે તે ઉઘાડું આજથી વાપરવા માંડ, તો લોકો તારું માનશે.''

સ્વામીનાં આવાં કૃપાવાક્ય સાંભળી અને સ્વામીની મરજી જોઈને, ભગતજીએ તો સ્વામીનું મૂળ અક્ષરબ્રહ્મનું સ્વરૂપ પ્રગટ કરવાનો આરંભ કર્યો.

મૂળ અક્ષરબ્રહ્મનો ઉદ્‌ઘોષ

ભગતજીની અતિ શૂરવીર પ્રકૃતિને લીધે જેમ પતંગિયું અગ્નિમાં પડીને ભસ્મ થઈ અગ્નિરૂપ થઈ જાય છે, એમ ભગતજીએ પણ સ્વામીની આજ્ઞાથી આવતા દુઃખરૂપ અગ્નિની ઉપાધિમાં પ્રવેશ કર્યો. ભગતજી તો બ્રહ્મ થકી

બ્રહ્મ થયા હતા એટલે જગત જ તેમની દૃષ્ટિમાં નહોતું, તો જગતની ઉપાધિરૂપ દુઃખ તો ગણતરીમાં હોય જ ક્યાંથી ? આથી તેમણે સ્વામીની મૂર્તિ બતાવીને શરૂ જ કર્યું : ''આ સૂતું છે તે અક્ષર છે, આ બોલે છે તે અક્ષર છે, આ ચાલે છે તે અક્ષર છે.'' એવી રીતે અક્ષરના સ્વરૂપનો ઉદ્‌ઘોષ શરૂ કર્યો. ભગતજીનું તો એક નિશાન કે સ્વામીને ઓળખો ને એ સ્વરૂપમાં જોડાઓ, તો જ આત્યંતિક મુક્તિ - જે ભગવાનનું અક્ષરધામ તેને પામશો.

આના પડઘા વરતાલ મંદિરમાં પડ્યા. ઉપરાંત તેમણે સંતો તથા હરિભક્તોને પ્રાયશ્ચિત્ત આપ્યાં. તેમાં પ્રથમ તો કથાવાર્તામાં જ અંતર્યામીપણે દોષ કહે અને તેના ખંડનની વાતો કરે, તેમ છતાં જો નિષ્કપટ ન થાય તો પ્રથમ તેને સમજાવે અને એમ કરતાં જો ન માને તો જે જે જગ્યાએ દોષ કર્યા હોય તે અંતર્યામીપણે જાણીને કહી દે, એટલે તે લજવાઈ જાય. પછી સ્વામી તેને પ્રાયશ્ચિત્ત આપે. આ રીતે લગભગ ૧૫૦ સાધુ તથા ૨૦૦ હરિભક્તોને પ્રાયશ્ચિત્ત અપાવ્યાં.

આ વાત સત્સંગમાં પ્રસિદ્ધ થઈ. જેથી સત્સંગમાં એવો ઉદ્‌ઘોષ થયો કે સ્વામીએ પોતાનું તમામ ઐશ્વર્ય પ્રાગજી ભક્તને આપ્યું છે, નહિ તો સર્વના અંતરનું તે ક્યાંથી જાણે ? આ પ્રમાણે એક પ્રકારનો રોષ અને વિરોધનો વંટોળ ઊભો થયો. સ્વામીએ સર્વનાં અંતઃકરણ તપાસી લીધાં, એટલે તે વંટોળને ધીમો પાડવા પ્રાગજી ભક્તને મહુવા મોકલવા વિચાર્યું.

ભગતજીના પિતાનો અક્ષરવાસ

મહુવામાં ઝીણાભાઈ રાઠોડ નિરાવરણ દૃષ્ટિવાળા જૂના હરિભક્ત હતા. તેમણે એક દિવસ દામોદર શેઠને કહ્યું : ''આજથી સોળમે દિવસે પ્રાગજીના ભાઈ નરસિંહને શ્રીજીમહારાજ તેડી જશે.''

દામા શેઠે આ વાત જાણીને જૂનાગઢ પ્રાગજી ભક્તને લખી. તે કાગળ ભગતજીએ સ્વામીને વંચાવ્યો. તે વાંચીને સ્વામી બોલ્યા : ''નરસિંહને ઠેકાણે તારા બાપને મહારાજ તેડી જશે.''

તે વાતની પણ ઝીણાભાઈને ખબર પડી. ત્યારે તેમણે દામા શેઠને કહ્યું : ''નરસિંહનું બંધ રહ્યું છે અને તેને સાટે ગોવિંદજીનું ઠર્યું છે.''

એ પ્રમાણે ભગતજીના પિતાશ્રીએ દેહ મૂક્યો.

આ સમાચાર જૂનાગઢ આવ્યા ત્યારે સ્વામીએ ભગતજીને કહ્યું : ''પ્રાગજી ! તારા બાપે દેહ મૂક્યો છે તો તેની ક્રિયા કરવા તું મહુવા જા.''

ત્યારે ભગતજી બોલ્યા : ''સ્વામી ! મારે તો આપને મેલીને ક્યાંય જવા ઇચ્છા નથી. મને આ સ્થાન છોડીને બીજે જવાનું મન થતું જ નથી. વળી, મહુવાના હરિભક્તો મારું કંઈ માનતા નથી.''

ત્યારે સ્વામીએ હસીને કહ્યું : ''તેં જે મહારાજનું સ્વરૂપ દીઠું છે, તે મહુવાના હરિભક્તોને ઓળખાવજે. જરૂર પડે તો દેખાડજે અને ઐશ્વર્ય પણ બતાવજે; એટલે તું કહીશ તેમ તે સર્વ માનશે અને દસ દિવસ રહી ચૌદમે દિવસે જૂનાગઢ આવતો રહેજે. ત્યાં મંદિરમાં મુકામ કરજે.'' એ પ્રમાણે ભગતજીને આજ્ઞા કરવાથી ભગતજી મહુવા જવા તૈયાર થયા અને ચાર વર્ષે ઘેર ગયા.

ભગતજીએ મહુવામાં આવી મંદિરમાં ઉતારો કર્યો. મહુવાના હરિભક્તો પણ તેમને જોઈને ઘણા જ રાજી થયા. મંદિરમાં આખો દિવસ કથા, વાર્તા, ધ્યાનની રમઝટ ચાલે અને ભગતજી રાતના આઠથી વાતો શરૂ કરે તે આખી રાત સભા ચાલુ જ રહે. સવારમાં નદીએ નાહવા જાય અને નાહીને મંદિરમાં આવી, પૂજા કરી, વળી વાતોનો આરંભ કરે. કેટલાક હરિભક્તોના અંતરના સંકલ્પો વાતોમાં કહેતા જાય અને ''અક્ષરધામ ઢૂંકડું જ છે, છેટું નથી. જેને જવું હોય તેને ધામમાં મોકલી દઉં !'' એમ અલૌકિક દિવ્ય પ્રતાપની વાતો કરે અને અનેક ઐશ્વર્ય બતાવે.

આ રીતે મહુવામાં સ્વામીની આજ્ઞા પ્રમાણે દસ દિવસ રહી પિતાશ્રીની ક્રિયા પૂરી થઈ એટલે તેઓ જૂનાગઢ જવા તૈયાર થયા.

સવારમાં ભગતજીએ નાહી, પૂજા કરીને સભામાં થોડી વાતો કરી અને પછી મંદિરની બહાર નીકળ્યા અને ઝડપથી કમાડ વાસી સાંકળ દઈ દીધી, જેથી મંદિરમાં બેઠેલા હરિભક્તો તેમને વળાવવા ન આવે. સાધારણ રીતે સંપ્રદાયના આચાર્ય પધારે, તેમને જ ગામની ભાગોળ સુધી વળાવવા જવાની પ્રથા સંપ્રદાયમાં છે. સંપ્રદાયની પ્રથા પ્રમાણે જ વર્તન રાખી, દરેકને ગુણ આવે એવું વર્તન એ જ સાધુતા, એવા પરમ સિદ્ધાંતનું પાલન ભગતજી કરતા જ. અતિ પ્રેમથી હરિભક્તો ભાગોળ સુધી વળાવવા આવશે જ એમ તેમના મનના સંકલ્પ જાણીને, ભગતજીએ મંદિરનું બારણું વાસી દીધું. પરંતુ

તે વખતે દામોદર શેઠ, લીલાધર, વિઠ્ઠલભાઈ, ફૂલચંદભાઈ વગેરે આગળથી મંદિરની બહાર બેઠા હતા, તેથી ભગતજીને તેઓ વળાવવા ગયા. ભાગોળેથી ભગતજીએ તેમને પાછા વળવાનું કહ્યું ત્યારે સર્વેની આંખમાં આંસુ આવી ગયાં અને કહેવા લાગ્યા : ''આ દસ દિવસ અલૌકિક બ્રહ્મજ્ઞાનનું સુખ આપ્યું ને અમને બ્રહ્મકિલ્લોલમાં તરબોળ કરી શાંતિ શાંતિ અને સુખ સુખ કરી દીધું. હવે તમો જાઓ તે ઠીક કરતા નથી.''

ત્યારે ભગતજી કહે : ''મારે તો સ્વામીની આજ્ઞા છે તે પ્રમાણે વર્તવું જ જોઈએ. તમો સર્વે પણ સ્વામીને સંભારીને ભજન કરશો એટલે આનંદ થશે.''

ત્યારે સર્વે જય સ્વામિનારાયણ કહી પગે લાગ્યા અને કહ્યું : ''સ્વામીને અમારા જય સ્વામિનારાયણ કહેજો અને દયાભાવ રાખશો.''

એ સાંભળી ભગતજી કહે : ''સ્વામી ક્યાં છેટા છે ? નિરંતર સ્વામી જ બોલે છે.''

એ રીતે મહુવામાં અદ્‌ભુત પ્રતાપ અને દિવ્યભાવ બતાવી ભગતજી જૂનાગઢ પધાર્યા.

ભગતજીને વાતો કરવાની સ્વામીની આજ્ઞા

ભગતજી જૂનાગઢ પધાર્યા અને મહુવાની સઘળી વાત સ્વામીને કરી, તેથી સ્વામી બહુ જ રાજી થયા. પછી સ્વામીએ તેમને કહ્યું : ''પ્રાગજી ! અહીં જૂનાગઢમાં હવે સર્વે હરિભક્તોને વાતો કર.''

તે આજ્ઞાથી પોતે મંદિરના ચોકમાં બેસી વચનામૃત વંચાવે અને પાંચસો પાંચસો હરિભક્તોની સભા ચોકમાં ભરાય. જેટલા દેશદેશાંતરના હરિભક્તો આવે, તે બધા પ્રથમ ચોકમાં ભગતજીને દંડવત્ કરે અને પછી સભામંડપમાં સ્વામી પાસે જાય અને દંડવત્ કરી સ્વામી પાસે બેસે. ત્યારે સ્વામી તેમને કહે : ''હવે તો અમે પ્રાગજીને વાતો કરવાની સોંપી છે, માટે ત્યાં બેસો અને વાતો સાંભળો.'' એમ કહીને ત્યાં મોકલે.

આ પ્રમાણે ભગતજીની વાતો સાંભળીને સર્વે દેશના હરિભક્તો તથા સંતો, સ્વામી પંડે જ વાતો કરતા હોય એવો સમાસ થતો અનુભવવા લાગ્યા. આથી સર્વેને નિશ્ચિત થયું કે સ્વામીએ તેમનું તમામ ઐશ્વર્ય, પ્રતાપ, જ્ઞાન, ગુણ, બળ આદિ પ્રાગજી ભક્તને અર્પણ કરી દીધાં છે. આમ, ભગતજીને

વિષે ઘણાને સ્વામીના સ્વરૂપની ધીરે ધીરે પ્રતીતિ થવા લાગી.

આમ, ભગતજી પાસે સ્વામી ઉઘાડે છોગે વાતો કરાવે. સભામાં વાતો કરે, ચંદની તળે ચોકમાં વાતો કરે, સમૈયામાં વાતો કરે. કોઈ સ્વામી પાસે આવે તો સ્વામી તેને કહે : ‘‘મેં તો હવે પેન્શન લીધું છે. વાતો સાંભળવી હોય તો ચોકમાં પ્રાગજી ભગત પાસે જાઓ,’’ એમ કહી હરિજનોને ભગતજી મહારાજ પાસે વાતો સાંભળવા મોકલે.

જાગા ભક્તના ઓરડામાં પણ મહુવા, કુંડેલા, પીઠવડી વગેરે ગામના રાઠોડ હરિભક્તો તથા મંગળજી ઠક્કર વગેરે હરિભક્તો ભરાઈને બેસે અને ત્યાં પણ સ્વામીના સ્વરૂપ સંબંધી અદ્‌ભુત વાતો થાય અને ઘણાને સર્વોપરી નિષ્ઠા થાય. આમ, પ્રાગજી ભગત તથા જાગા ભગતનો સર્વોપરી મહિમા પ્રવર્તવા લાગ્યો. તેથી કેટલાક સાધુ-હરિભક્તો ‘ગુણાતીત જ્ઞાનના પ્રવર્તક આ બે જ છે’ એમ કહી, પ્રાગપંથ અને જાગપંથની વાતો કરવા લાગ્યા.

હાથછૂટી બલા થઈ ગઈ

ભગતજીનું સ્વામી થકી પામેલું પરમાત્મસ્વરૂપ તો જે એવી સ્થિતિમાં હોય અથવા એ રસ્તે ચાલતો હોય તે જ સમજી શકે. ‘ब्रह्मविद् ब्रह्मैव भवति ।’ પરંતુ જેને બ્રહ્મના સ્વરૂપનું જ્ઞાન જ નથી, અને તેથી આ પુરુષ બ્રહ્મરૂપ નથી, તેમ બ્રહ્મના અસ્તિત્વનો જે પોતાની દૂષિત બુદ્ધિથી સ્વીકાર નથી કરી શકતા, તેવા પુરુષ તો નિશ્ચય જ દુર્જનો અથવા અસાધુ જ કહેવાય.[૨૩] કેવળ અજ્ઞાન, દ્વેષ કે માનખંડનથી બ્રહ્મના સ્વરૂપનાં દર્શન આગળ મોટો ડુંગર તેઓ ઊભો કરે છે.

આ પ્રમાણે ભગતજીના સ્વરૂપથી કેવળ અજ્ઞાત, કેવળ તેમના વિષે તેઓ જાતિભાવ પરઠનારા, એવા કેટલાક દ્વેષીઓના કહેવાથી, એક દિવસ ભાડેર, ગણોદ, જાળિયા વગેરેના હરિભક્તોએ સ્વામી પાસે આવીને કહ્યું : ‘‘સ્વામી ! તમે આ શું કર્યું ? કોઈ બ્રાહ્મણ, બ્રહ્મચારી, સાધુ આદિ પ્રતિષ્ઠા-વાળાને ઐશ્વર્ય આપવાનું મૂકીને આ દરજીને અપાર ઐશ્વર્ય આપ્યું ! વળી,

---

૨૩. असन्नेव स भवति । असद् ब्रह्मेति वेद चेत् । **અર્થ :** આ સચ્ચિદાનંદ આનંદમય બ્રહ્મમાં, એ બ્રહ્મ જ નથી એમ જે જાણનારા છે તે પુરુષાર્થથી ભ્રષ્ટ થઈ અસાધુ જ – દુર્જન જ થાય છે અર્થાત્ તેનો આત્મા જડ જેવો થઈ જાય છે. – તૈત્તિરિયોપનિષદ

સારા સારા ઉત્તમ સાધુ-સંતોનો ત્યાગ કરી એને લોકો માને અને એનું જ્ઞાન સાંભળે, એ ઠીક નહિ. માટે આ તમોને શું સૂઝયું ?''

આ સર્વે વાત સ્વામીએ શાંતિથી સાંભળી અને પછી હસીને બોલ્યા : ''એણે મારી મન, કર્મ, વચને સેવા કરી અને દેહને ન ગણ્યું, તેથી હું રાજી થઈ ગયો છું અને ઐશ્વર્ય તો ઘણું નહોતું આપવું, પણ હાથછૂટી બલા જેવું થઈ ગયું છે.''

તે સાંભળી તે સર્વેએ સ્વામીને કહ્યું : ''સ્વામી ! તેનું તો હવે કંઈ નહિ, પણ જેમ મહારાજે શેખજી અને રવજીને ઐશ્વર્ય આપ્યું હતું અને તે પાછું ખેંચી લીધું, તેમ તમે હવે તે પાછું ખેંચી લ્યો.''

ત્યારે સ્વામી બોલ્યા : ''આ કાંઈ થોંટબોટિયું નથી કે એમ લઈ લેવાય. આ તો પાતાળે પાયા નાખ્યા છે. તે પાછું ખેંચી લેવાય તેમ નથી.''

એટલી વાત કરીને સ્વામી બોલ્યા : ''સાંભળો, ઉપનિષદની એક વાર્તા છે. યાજ્ઞવલ્ક્ય ઋષિ તેમના ગુરુ વૈશંપાયન પાસે સારી રીતે બ્રહ્મવિદ્યા ભણ્યા અને તેમની વિદ્યા સંપૂર્ણ સિદ્ધ કરી. એક દિવસ તે દેશના રાજા વૈશંપાયન ઋષિ પાસે આવ્યા અને પ્રાર્થના કરી : 'મહારાજ ! મારે પુત્ર નથી માટે દયા કરો તો પુત્ર થાય.' તે સાંભળી વૈશંપાયન મુનિએ વિચાર્યું : 'જો યાજ્ઞવલ્ક્ય આ રાજાના મહેલે જાય, તો તેના મંત્રના બળથી રાજાને પુત્ર થાય, પણ બીજાથી થાય તેમ નથી. પરંતુ યાજ્ઞવલ્ક્ય તો ગૃહસ્થના ઘેર જાય જ નહિ.'

''પછી તે મુનિએ વિચાર્યું : 'જો એક પછી એક એમ દરેક શિષ્યના રાજાના મહેલે જવાના વારા કરીએ, તો યાજ્ઞવલ્ક્યનો વારો આવે ત્યારે તે જાય.' એમ વિચારી ઋષિએ રાજાને કહ્યું : 'તમો સુખેથી પધારો, સર્વ યથાર્થ થશે.' રાજા ઘરે ગયા. તે પછી, એક પછી એક એમ શિષ્યો રોજ રાજાને મહેલે જાય અને મંત્ર બોલી પાણી મહેલ ઉપર છાંટે. પછી જ્યારે યાજ્ઞવલ્ક્યનો વારો આવ્યો, ત્યારે તે ગયા અને મંત્ર બોલી મહેલ ઉપર પાણી છાંટ્યું. આ જ વખતે રાણી તો નદીએ નાહવા ગયાં હતાં. પણ જ્યારે નાહીને મહેલે આવ્યાં, ત્યારે સૂકાં લાકડાં પણ ફૂટી નીકળ્યાં અને તેને લીલાં પાંદડાં લાગેલાં જોયાં. તે જોઈ રાણી અત્યંત વિસ્મય પામી અને વિચાર કર્યો કે 'જરૂર આજે ઋષિએ કોઈ ચમત્કારી શિષ્ય મોકલ્યો છે, પણ હું અભાગણી તે ઘેર ન રહી,' એમ વિચારી ઘણો પસ્તાવો કર્યો. પછી તો રાજા અને રાણી બંને

વૈશંપાયન ઋષિ પાસે આવ્યાં અને બધી હકીકત કહી. ત્યારે ઋષિએ કહ્યું : 'હવે હું શું કરું ? ફરીથી યાજ્ઞવલ્ક્ય ઋષિ આવે એવા નથી.' પછી તો રાજાએ બહુ જ આગ્રહ કર્યો એટલે વૈશંપાયને યાજ્ઞવલ્ક્યને ફરી તેમના મહેલે જવા આજ્ઞા કરી. પણ તે ન ગયા અને ગુરુને કહ્યું : 'જેને બ્રહ્મચર્ય જ પાળવું છે, તેમને એ ઘટિત કર્મ નથી. જેથી આપની આજ્ઞા પાળી શકીશ નહિ.'[૨૪]

''આ વચન સાંભળી વૈશંપાયન ઋષિએ ગુસ્સે થઈ યાજ્ઞવલ્ક્યને પોતે શિખવાડેલ વેદવિદ્યાનો ત્યાગ કરવા આજ્ઞા કરી. તે ઉપરથી તેમણે તે વિદ્યાનો ત્યાગ કર્યો. તે વિદ્યા વીંછી થઈને ચાલી નીકળી. તેને વૈશંપાયનના બીજા શિષ્યોએ તેતર પક્ષીનું રૂપ લઈને ગ્રહણ કરી લીધી.[૨૫] પરંતુ ગુરુને આથી સંતોષ થયો નહિ, એટલે વળી કહ્યું : 'હજુ વિદ્યા બહાર કાઢ.' ત્યારે તેમણે કહ્યું : 'હવે તો મારા પ્રાણ છે.' પછી વૈશંપાયને તેમને પોતાના આશ્રમમાંથી રજા દીધી એટલે તેઓ ચાલી નીકળ્યા. પરંતુ સિદ્ધ કરેલી વિદ્યા તો ન ગઈ.

''આ દૃષ્ટાંતનો સિદ્ધાંત એ છે કે મેં જેટલી બ્રહ્મવિદ્યા આ પ્રાગજીને શિખવાડી છે, તે તમામ તેણે મારી પાસે લાગટ ત્રણ વરસ રહીને સિદ્ધ કરી છે. તેથી તે જાય તેવી નથી. અને બ્રહ્મવિદ્યામાં તે અજિત અને સર્વોપરી છે.[૨૬] વળી, આવી પરાવિદ્યા જેને આપતાં આવડતું હશે તેને પાત્ર પણ ઘડતાં આવડતું હશે. માટે તમારે કંઈ ચિંતા રાખવી નહિ. ભગવાન કે મોટા

---

૨૪. શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, જેણે કરીને ભગવાન રાજી થતા હોય તો પણ તે કરવું નહિ. અને જેણે કરીને ભગવાન કુરાજી થાય તો પણ તે કરવું એવું તે શું છે ? પછી એનો ઉત્તર પોતે કર્યો જે, અમે કોઈક વચન કહીએ ને તેમાં જો અધર્મ જેવું હોય તો તેને વિષે ચિરકારી થવું કહેતાં તેમાં ઘણીક વાર લગાડવી પણ તુરત માનવું નહિ... (વચ. લોયા-૬)

૨૫. તેથી તે શાખાનું નામ તૈત્તિરિય શાખા પડ્યું. અને તે શાખાનું ઉપનિષદ તૈત્તિરિયોપનિષદ કહેવાય છે.

૨૬. ગાર્ગીનું બ્રાહ્મણો પ્રત્યેનું વચન : ''હે ઐશ્વર્યવાળા બ્રાહ્મણો ! મારું વચન સાંભળો. યાજ્ઞવલ્ક્યની નમસ્કાર વડે અનુમતિ મેળવીને તમો મોકળા થાઓ, તે જ ઘણું માનો. એમનો પરાજય તો મન વડે પણ ચિંતવી શકાય એમ નથી. તમારા મધ્યે કોઈ પણ આ યાજ્ઞવલ્ક્યને કદી પણ બ્રહ્મવાદમાં જીતનારો નહિ થાય એમ મેં તમને પૂર્વે કહ્યું હતું તે સત્ય માનો.''

સાધુ તો જાત, વર્ણ કે આશ્રમ કંઈ જોતા નથી. એ તો જે પોતાને મન-કર્મ-વચને સેવે, તેને પોતે રાજી થઈને પોતા જેવો[૨૭] કરે છે.''

સ્વામીના આવા જ્ઞાનગંભીર શબ્દો સાંભળી સૌને એમ થયું : ''સ્વામી પ્રાગજીને વશ થઈ ગયા છે, તેથી કોઈનું માનનાર નથી.''

વળી, કેટલાક બુદ્ધિશાળી હતા તેમણે સ્વામીના શબ્દો સાંભળી વિચાર કર્યો : ''પ્રાગજીને આપણે દરજી દેખીએ છીએ, પણ ભગવાન ને મોટા સાધુ તો એને ખરા મુક્ત જાણતા હશે ત્યારે જ આટલું ઐશ્વર્ય આપ્યું હશે ને ?'' એમ વિચારી સૌ મૌન રહ્યા.

ચાર પ્રકારના મોટાપુરુષ

સંવત ૧૯૨૧ના કાર્તિકી સમૈયે સ્વામી વરતાલ આવ્યા.

સમૈયો ઘણો જ ભારે હતો. સ્વામીએ સભામાં વરતાલનું ત્રીજું વચનામૃત વંચાવી વાતો કરી કે ''ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચારે જેમાં સંપૂર્ણ હોય તેને જ એકાંતિક ભક્ત કહેવાય અને એવા જે એકાંતિક ભક્ત હોય તેને જ સત્સંગમાં મોટેરા જાણવા. વળી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચારે હોય પણ જો સાધારણપણે હોય તો મોટપમાં તારતમ્યતા આવે છે. માટે મહારાજે ચાર પ્રકારના મોટાપુરુષ કહ્યા છે : દીવા જેવા, મશાલ જેવા, વીજળી જેવા અને વડવાનળ જેવા. તેમાં દીવા જેવા અને મશાલ જેવા જે હોય તે તો વિષયરૂપ વાયુએ કરીને ઓલવાઈ જાય. વીજળી જેવા મોટાપુરુષ હોય તે વિષયથી ન લેપાય, એટલે માયાથી પણ લેપાય નહિ; એ તો જેમ વીજળી મેઘની ઘટામાં રહે છે છતાં મેઘથી ઓલવાતી નથી, તેમ તેમાં રહ્યા છતાં પણ તેમાં લેપાતા નથી. આવા મોટા હોવા છતાં

૨૭. હરિ ભજતાં સૌ મોટપ પામે, જન્મ-મરણ-દુઃખ જાયે રે;
પારસ પરસી લોહ કંચન થઈ મોંઘે મૂલે વેચાયે રે... હરિ
મુનિ નારદની જાતને જોતાં, દાસી પુત્ર જગ જાણે રે;
હરિને ભજી હરિનું મન કહેવાણા, વેદ પુરાણ વખાણે રે... હરિ
રાધાજી અતિ પ્રેમ મગન થઈ, ઉર ધાર્યા ગિરધારી રે;
હરિવર વરી હરિ તુલ્ય થયાં, જેનું ભજન કરે નરનારી રે... હરિ
શામળિયાને શરણે જે આવે, તેનાં તે ભવદુઃખ વામે રે;
મુક્તાનંદના નાથને મળતાં, અખંડ એવાતણ પામે રે... હરિ

પણ મહારાજે તેમને સાધનદશાવાળા કહ્યા. માટે વડવાનળ જેવા જે પરમ એકાંતિક પુરુષ છે તે જ સિદ્ધદશાવાળા છે અને ભગવાનનું સ્વરૂપ પણ તેને જ જાણવું, કારણ કે એવા જે મોટા છે તે ખારા જેવા જગતના જીવને મીઠા કરે છે. જેમ વડવાનળ અગ્નિ છે તે સમુદ્રમાં રહ્યો છે, છતાં સમુદ્રના જળથી ઓલવાતો નથી અને સમુદ્રના ખારા જળને પીને મૂળ દ્વારે કાઢી નાખે છે અને તે પાણી મીઠું થાય છે. માટે એવા જે મોટા પરમ એકાંતિક સિદ્ધ-દશાવાળા જે ભગવાનનું સ્વરૂપ છે, તેને જો એ જીવ મન, કર્મ, વચને સેવે તો તેના પ્રસંગથી જ એ જીવના હૃદયમાં માહાત્મ્યે સહિત ભક્તિ આવે છે પણ બીજા કોઈ ઉપાયે કરીને આવતી નથી. માટે ભગવાનના એવા સંતમાં સંપૂર્ણપણે નિર્દોષબુદ્ધિ જો થશે તો તે સંત તેને જરૂર પોતા જેવા કરી ભગવાનમાં જોડી દેશે.'' એમ શણગાર આરતી સુધી ઘણી જ નિર્દોષભાવની તથા સંત ઓળખવાની વાતો કરી અને સર્વને આનંદ પમાડ્યો.

કારણ શરીરનો નાશ કેમ થાય ?

સ્વામી વરતાલ સમૈયો કરી ફરતાં ફરતાં સારંગપુર આવ્યા. અહીં વાઘાખાચરને ઘેર મુકામ કર્યો.

વાઘાખાચર મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામીના શિષ્ય હતા અને મહારાજ તેમને સૂર્યનો અવતાર કહેતા. તેમણે સ્વામીને એક દિવસ પ્રશ્ન પૂછ્યો : ''સ્વામી ! શ્રીજીમહારાજે કારિયાણી-૧૨માં કહ્યું છે કે ભગવાનનું ધ્યાન અને ભગવાનનું વચન એ સિવાય કારણ શરીરરૂપી મૂળ અજ્ઞાન ટળતું નથી. મેં તો મોટા મોટા સાધુ સેવ્યા છે પણ હજુએ રાત્રે ઊંઘમાં જાઉં છું ત્યારે સ્વપ્નમાં એમ દેખાય છે કે જાણે ધીંગાણે ચઢ્યા હોઈએ અને હાથ, પગ કપાણા છે, એવા સ્વપ્નરૂપી સૂક્ષ્મ દેહના ભાવ હજુ ટળતા નથી તો કારણ દેહના ભાવ ક્યારે ટળે. અને શ્રીજીના અક્ષરધામમાં કારણ શરીરના ભાવ ટાળ્યા સિવાય શી રીતે જઈને રહેવાશે ? એવા સંકલ્પ થયા કરે છે.''

એ સાંભળી સ્વામી હસ્યા અને કહ્યું : ''વાઘાખાચર ! સૂક્ષ્મ અને કારણના ભાવ ટાળવા હોય તો જૂનાગઢ આવો, એટલે ત્યાં તમારા એ બધા ભાવ ટાળી નાખીશું.''

ત્યારે તેમણે કહ્યું : ''સ્વામી ! મારે તો ભેગો એક ચાકર જોઈએ. તે

ઊનું પાણી કરી આપે, મારા પગ દાબે અને મારો ખડિયો ઉપાડે. તે જો મળે તો હું આવું.''

ત્યારે સ્વામીએ કહ્યું : ''આ પ્રાગજી તમારો સેવક. આ લોક અને પરલોકની બધી સેવા એ કરશે. તેની સાથે ચાલજો અને તેની વાતો સાંભળજો.''

ઓહો ! અનંત કોટિ બ્રહ્માંડ અણુની પેઠે જેના એક એક રૂંવાડામાં ઊડતાં ફરે છે તેવા મૂળ અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામીને, પુરુષોત્તમ નારાયણમાં અતિ ઉત્તમ નિર્વિકલ્પ સ્થિતિથી જોડાઈ ગયેલા, તેના અખંડ ધારક, ભમરી થકી ભમરી થયેલા, સ્વામી સાથેની એકતા સિદ્ધ કરી પરમ સિદ્ધ સ્થિતિને પામેલા પ્રાગજી ભગત, સ્વામીની આજ્ઞાથી અતિ અલ્પ સેવા કરવા તૈયાર જ હતા ! એ કેટલી મોટપ કહેવાય ! શ્રીજીમહારાજ, સ્વામી, ગોપાળાનંદ સ્વામી વગેરે મોટા મોટાએ આ જ રીત ગ્રહણ કરી હતી !

સારંગપુરથી સ્વામી ચાલ્યા અને ગઢડે પધાર્યા. રસ્તામાં વાઘાખાચરની સેવા કરતાં કરતાં ભગતજી તેમને વાતો પણ કરતા. એક વખત વાતમાં ભગતજીએ તેમને સ્વામી મૂળ અક્ષર છે એવું કહ્યું. તેથી વાઘાખાચર ભડક્યા અને કહ્યું : ''પ્રાગજી ! આવી વાત મારી આગળ કરીશ મા.''

પછી તો વાઘાખાચરે સ્વામીને ફરિયાદ કરી : ''સ્વામી ! આ પ્રાગજી તો તમને 'મૂળ અક્ષર' કહે છે.''

એ સાંભળી સ્વામી મોંએ રૂમાલ દઈ હસ્યા અને કહ્યું : ''એ તો ગાંડો છે. એની જોડ હવે ન રાખશો.''

પછી ગઢડેથી તે વાંકિયા સુધી ચાલ્યા, પણ વાઘાખાચરને જોડ વગર ન ફાવ્યું. તેથી તેમણે સ્વામીને કહ્યું : ''સ્વામી ! સેવક વગર ફાવતું નથી.''

ત્યારે સ્વામીએ કહ્યું : ''પ્રાગજીની જોડ બાંધી આપી છે તે રાખશો અને ન ફાવે તો તેની વાતો સાંભળશો નહિ.''

એમ ચાલતાં ચાલતાં જૂનાગઢ પહોંચ્યા. તો પણ મારગમાં એક-બે વખત તો ભગતજીએ 'સ્વામી મૂળ અક્ષર છે એમ સમજશો ત્યારે જ કારણ દેહના ભાવ ટળશે', એમ કહ્યું; એટલે ભડક્યા પણ ખરા.

ભગતજી થકી મૂળ અક્ષરબ્રહ્મનો નિશ્ચય

સ્વામી જૂનાગઢ આવ્યા ત્યારે મહુવાના હરિભક્તોનો સંઘ પણ સ્વામીની

સાથે તેમનાં દર્શન-સમાગમનો લાભ લેવા આવ્યો હતો. સ્વામી તેમને જોઈ ઘણા જ રાજી થયા અને બધાને મળ્યા. આવા અપરિમિત, અચળ નિષ્ઠાવાળા ભક્તો એ જ પોતાનું સર્વસ્વ છે. તેને જોઈને કેમ રાજી ન થવાય ? વળી, ભગતજીને વિષે આ હરિભક્તોને અપાર હેત, એટલે તેમના વિશ્વાસથી 'સ્વામી મૂળ અક્ષર છે' એવો નિશ્ચય તેમને થઈ ગયો હતો અને સ્વામી દ્વારા જ મહારાજ પ્રગટ મળ્યા છે એવો આનંદ તે સર્વ અનુભવતા હતા અને તેને વધુ ને વધુ અચળ બનાવવા સ્વામી પણ તેમના સર્વ મનોરથ પૂરા કરતા હતા.

એક વખત આ બધા હરિભક્તો સ્વામીની સાથે મંદિરની વાડીમાં કાંકરા વીણતા હતા. તે વખતે ફૂલચંદભાઈએ ભગતજીની સાન ઉપરથી સ્વામીને પૂછ્યું : ''સ્વામી ! અક્ષરધામ આ ટાણે શું કરતું હશે ?''

એટલે સ્વામી હસીને બોલ્યા : ''તમારા ભેળું કાંકરા વીણે છે.'' તે સાંભળી સર્વે હરિભક્તો અતિશય રાજી થયા.

વળી, બીજે પ્રસંગે સભામંડપમાં સર્વે મહુવાના હરિભક્તો ખાખરાના પડિયા, પત્રાવળાં કરતા હતા. સ્વામી પણ ભેગા બેઠા હતા. ત્યારે વળી, ફૂલચંદભાઈએ સ્વામીને પૂછ્યું : ''સ્વામી ! આ ટાણે અક્ષરધામ શું કરતું હશે ?''

સ્વામી બોલ્યા : ''તમારા ભેગું ખાખરાના પાનના પડિયા કરે છે.'' એ પ્રમાણે મહુવા મંડળ ઉપર તો સ્વામી અત્યંત રાજી હતા.

એક દિવસ દામોદર શેઠને એમ સંકલ્પ થયો : ''આપણે પ્રાગજીના વિશ્વાસથી એમ જાણીએ છીએ કે 'સ્વામી અક્ષર છે', પણ જો સ્વામી અક્ષર હોય તો આ ગુલાબનો હાર મને આપે.'' એવો સંકલ્પ કરીને સભામાંથી ઊઠ્યા અને દૂર એક થાંભલા પાછળ જઈને કોઈ ન દેખે એમ બેઠા. સ્વામી સભામાં વાતો કરતા હતા, તે કાંઈક મિષે ઊઠ્યા અને થાંભલા પાછળ બેઠેલા દામા શેઠનો હાથ પકડી પોતાની કોટમાંનો હાર સ્વામીએ હસતાં હસતાં તેમને આપ્યો અને તેમનો મનોરથ પૂરો કર્યો.

આવી રીતે મહુવાના તમામ હરિભક્તોને ભગતજીએ સ્વામીનો મહિમા જેટલો કહ્યો હતો તે સર્વે સ્વામીએ સાચો કરી બતાવ્યો અને ઘણાને મૂળ અક્ષરસ્વરૂપે દર્શન આપી નિશ્ચય પણ કરાવ્યો.

એક દિવસ સ્વામીએ મંદિરની વાડીમાં એક ઝાડ નીચે મુકામ કર્યો, ત્યારે વિઠ્ઠલભાઈ, ફૂલચંદભાઈ, પ્રાગજી ભક્ત વગેરે સૌ સ્વામી પાસે બેઠા.

પછી વિઠ્ઠલભાઈએ સ્વામીને કહ્યું : ''સ્વામી ! આ પ્રાગજીએ માયાથી પર રહીને સ્વામી અક્ષર છે, સ્વામી અક્ષર છે, એવી જે મોરલી વગાડી છે તેથી મોટા મોટા બ્રહ્મા, વિષ્ણુ, શિવજી અને પ્રકૃતિપુરુષ આદિનાં ધ્યાન છૂટી ગયાં છે. આ તો ચકલી ગરુડના પારને પામી ગઈ છે, એવું થયું છે.''

તે સાંભળી સ્વામી ભગતજી સામું જોઈ મંદ મંદ હસવા લાગ્યા.

એક વખત વાડીમાં સ્વામીની આજ્ઞાથી સર્વે હરિભક્તો પથરા તથા નાના કાંકરા વીણી વાડી ચોખ્ખી કરતા હતા. મહુવા મંડળ તો સ્વામીના સ્વરૂપની જ વાતો કરતું હતું. એમ વાતો કરતાં તે સૌને અપાર આનંદ થાય અને મલકાય, મસ્ત થઈ ડોલે.

તે જોઈ વાઘાખાચરે વિચાર્યું : ''આ બધાને આનંદ આવે છે એવો આનંદ મને કેમ નથી આવતો ?'' એ વાત તેમણે દામા શેઠને કહી. ત્યારે દામા શેઠે કહ્યું : ''તમે આ પ્રાગજી ભગતમાં વિશ્વાસ લાવી 'સ્વામી મૂળ અક્ષર છે' એમ સમજો, તો તમને પણ આનંદ થાય.''

ત્યારે વાઘાખાચરે કહ્યું : ''એ તો ભલે, હું સમજું. પણ સ્વામી પંડે કહે તો હું માનું.''

તે વાત દામા શેઠે ભગતજીને કહી; એટલે ભગતજી ધ્યાનમાં બેઠા અને ધ્યાનમાં વૃત્તિએ કરીને સ્વામી સભામાં બેઠા હતા તેમને તેડાવ્યા. સ્વામી સભામંડપમાંથી એક સાધુનો હાથ ઝાલી વાડીમાં આવ્યા અને પૂછ્યું : ''પ્રાગજીનું મંડળ ક્યાં છે ?'' એમ બોલતાં બોલતાં જ્યાં મહુવાના હરિભક્તો હતા ત્યાં સ્વામી આવ્યા અને પૂછ્યું : ''પ્રાગજી ! મને કેમ બોલાવ્યો ?''

તે સાંભળી ભગતજી કહે : ''સ્વામી ! આ આપાને આપને પ્રશ્ન પૂછવો છે.''

ત્યારે સ્વામીએ વાઘાખાચર તરફ ફરીને તેમને કહ્યું : ''પૂછો જે પૂછવું હોય તે.''

એટલે વાઘાખાચરે કહ્યું : ''સ્વામી ! આ પ્રાગજી ભણતો છે કે સ્વામી આપોઆપ મૂળ અક્ષર છે; તે વાતનું નિરાકરણ કરી આપો.''

ત્યારે સ્વામી કહે : ''જેમ પ્રાગજી કહે છે તેમજ છે.''

તે સાંભળીને વાઘાખાચરે પૂછ્યું : ''સ્વામી ! તમે પંડે અક્ષર ?''

એટલે સ્વામીએ હસીને મોં હલાવ્યું. આથી વાઘાખાચરને પરમ આનંદ

થયો અને નિરાવરણ દૃષ્ટિ થઈ ગઈ. સુષુપ્તિ અવસ્થા જ મટી ગઈ. ત્યાર પછી તેમણે મંદિરને પહેરો ભરવાનું માથે રાખ્યું અને અખંડ ભજન કરવા મંડ્યા. એ પ્રમાણે શ્રીજીની મૂર્તિ સાથે સ્વામીને અખંડ જુએ એવી અલૌકિક તેમની સ્થિતિ થઈ ગઈ. એમ ભગતજીએ તેમને નિશ્ચય કરાવ્યો.

પ્રાગજી ! કેમ આળસ્યો ?

આ પ્રમાણે ભગતજીએ સ્વામીનું મૂળ અક્ષરસ્વરૂપ પ્રગટ કરવા માટે ગમે તેટલી ઉપાધિ થાય તેને લેશમાત્ર ન ગણકારતાં જબરજસ્ત ઉદ્‌ઘોષ કર્યો અને કોઈને રુચે કે ન રુચે, પણ તેમણે તો 'સ્વામી અક્ષર છે, સ્વામી અક્ષર છે, એમ નહિ સમજો તો અક્ષરધામમાં નહિ જવાય,' એમ પ્રકરણ ચાલુ કર્યું. તેથી ઘણી જ ઉપાધિ શરૂ થઈ. ભગતજીને વારવા માટે સ્વામી પાસે ઘણાએ ફરિયાદ કરી. તે સાંભળી ભગતજીને સભામાં બોલાવીને સ્વામીએ કહ્યું : ''પ્રાગજી ! મને મૂળ અક્ષર કહીશ નહિ અને મારા પગ પકડીને હવે સોગંદ લે કે મૂળ અક્ષર નહિ કહું.'' એમ ભગતજીને સોગંદ લેવરાવ્યા.

પછી વળી એકાંતમાં બોલાવી પાછું કહ્યું : ''પ્રાગજી ! કેમ આળસ્યો ?''

ત્યારે ભગતજી બોલ્યા : ''સ્વામી ! આપે પગ ઝલાવ્યા એટલે.''

એટલે સ્વામીએ તેનું નિરાકરણ કર્યું કે ''મોટા સાધુના પગ ઝાલ્યા છે તે તો ચરણસ્પર્શ કર્યો કહેવાય. એ તો ઊલટું સારું. માટે જેમ મંડ્યો હતો તે પ્રમાણે મંડી રહે.''

એ પ્રમાણે સ્વામીનો અભિપ્રાય સમજી, ઉપાધિમાત્રને ઠોકરે મારીને, ભગતજીએ, જેમ સ્વામીએ મહારાજનું પુરુષોત્તમપણું પ્રગટ કર્યું, તેમ સ્વામીનું મૂળ અક્ષર સ્વરૂપ પ્રગટ કરવાનું ચાલુ રાખ્યું.

મેવાસાના હરિભક્તોને ભગતજીએ સ્વામીનો નિશ્ચય કરાવ્યો

એક દિવસ ભગતજી સભામાં વાતો કરતા હતા. તે વખતે મેવાસાના હરિભક્તો વિપ્ર કરસનજીભાઈ તથા હરજીવનભાઈ તથા શંકર મહારાજ વગેરેએ ભગતજીની વાતો સાંભળી. તે વખતે સભામાં કરસનજીભાઈ એમ સંકલ્પ કરતા હતા કે આ સ્વામી બહુ મોટા છે તે કેટલાક દત્તાત્રેય અને ઋષભદેવ જેવા કહે છે તે કેવા હશે ?

ત્યારે તેમનો સંકલ્પ જાણીને ભગતજીએ તેમના સામું જોઈને કહ્યું : ''શું સંકલ્પ કરો છો ?'' એમ કહીને તેમનો હાથ ઝાલીને સ્વામી તરફ બતાવી કહ્યું : ''આ બેઠા છે તે જ સ્વામી મૂળ અક્ષર છે. ચાલો સ્વામી પાસે. હું તેમની પાસે કહેવરાવું.''

ત્યારે તેમણે કહ્યું : ''એ તો મને સમજાયું. મારે તમારો વિશ્વાસ છે.''

તો પણ હાથ ઝાલી સ્વામી પાસે લઈ ગયા. તેમને જોઈ સ્વામીએ કહ્યું : ''આ પ્રાગજી કહે છે તેમજ છે.''

તેવી જ રીતે હરજીવનભાઈ તથા શંકર મહારાજને પણ નિશ્ચય કરાવ્યો.

એ પ્રમાણે ભગતજી સ્વામીના સ્વરૂપની ઉઘાડી વાત કરતા. વળી, સભામાં ગૃહસ્થ કે ત્યાગી જે કોઈ આવે તેમના મનની વાત પણ કહી દે અને ખાનગીમાં પ્રાયશ્ચિત્ત પણ સ્વામી પાસે અપાવે. વળી, જે જે તેમની વાતો સાંભળે તેમને એમ થાય જે પ્રાગજી મારા મનનું જાણે છે. વળી, બીજો કહે : મારા મનનું પણ જાણે છે. વળી, સૌ ભેળા થઈ સંકલ્પ ધારીને આવે તે પણ કહી દે. એ પ્રમાણે ભગતજીના અપાર ઐશ્વર્યથી તથા જ્ઞાન-સરિતાના અવિરત સ્રોતથી સર્વે ભગતજીના પ્રતાપમાં તણાવા લાગ્યા અને વાત સાચી મનાતા સ્વામીના મૂળ અક્ષરસ્વરૂપનો ઘણાને નિશ્ચય થયો.

આવી રીતે અનેકને સ્વામીના મૂળ અક્ષર સ્વરૂપનો નિશ્ચય ભગતજીએ કરાવ્યો. અનેકને પ્રાયશ્ચિત્ત આપી શુદ્ધ કર્યા. તે સર્વે તેમણે સ્વામીની આજ્ઞાથી જ, કેવળ સ્વામીને પ્રસન્ન કરવા માટે જ કર્યું.

એક દિવસ સ્વામીને તેમણે કહ્યું : ''સ્વામી ! દયાળુ ! આપ છો ત્યાં સુધી તો આ લોકના પાપના ડુંગરેડુંગરા આપ બાળો છો અને થોડાકમાં શુદ્ધ કરો છો, પણ આપ ધામમાં ગયા પછી લોકની શી વલે થશે ? અને તેમને શુદ્ધ કોણ કરશે ?''

ત્યારે સ્વામી હસીને બોલ્યા : ''તને શ્રીજીમહારાજ વશ છે, માટે તું કહીશ તેથી શુદ્ધ થશે.'' એમ કહીને ભગતજીને પોતાની પેઠે અનેક જીવને શુદ્ધ કરવાની આજ્ઞા આપી.

ત્રિકમદાસ કોઠારીને નિશ્ચય

જૂનાગઢ મંદિરના કોઠારી ત્રિકમદાસને સ્વામીના શિષ્ય હોવા છતાં

સ્વામીના મૂળ અક્ષર સ્વરૂપનો નિશ્ચય નહોતો. તેમને ભગતજીએ સ્વામીનો અતિ અપાર મહિમા કહીને 'સ્વામી મૂળ અક્ષર છે' એમ સમજાવ્યું. પરંતુ સ્વામીનો આવો મહિમા તેમને ન સદ્યો. તેથી એક દિવસ ભગતજીને વઢીને તેમણે કહ્યું : ''આવો બહુ જ છકમાં આવીને સ્વામીનો અપરંપાર મહિમા કહે છે તે કોઈ વખત માર પડશે.''

ભગતજીનો તો નિયમ જ એવો કે વાત પૂરી થાય એટલે વિશેષ સાંભળવા ઊભા જ ન રહે. પણ સ્વામીને આ વાતની ખબર પડી એટલે ત્રિકમદાસને કોઠારમાં બોલાવીને સ્વામીએ કહ્યું : ''તું મારો શિષ્ય છે છતાં મારી મોટપ તને કેમ રુચતી નથી ?''

ત્યારે તે કહે : ''મોટપ તો ગમે છે, પણ આ તો સર્વથી અધિક કહે છે.''

ત્યારે સ્વામી બોલ્યા : ''તારે ભડકો જોવો છે ?'' તેથી તેણે હા કહી. એટલે સ્વામીએ બે ભુજા પ્રસારી કોઠારમાં તેને પોતાનું સ્વરૂપ બતાવ્યું અને આખો ઓરડો તેજથી ભરાઈ ગયો. તે જોઈને કોઠારીને શાંતિ થઈ ગઈ અને તે સઘળું તેજ સ્વામીની મૂર્તિમાં સમાઈ ગયું ત્યારે તેમણે જાણ્યું કે સ્વામી મૂળ અક્ષર છે. પછી તો ભગતજી પાસે જઈને તેમણે માફી માગી.

આ પ્રમાણે ભગતજીએ બાલમુકુંદદાસજી, માધવદાસજી, આત્માનંદજી બ્રહ્મચારી તથા જૂનાગઢના અર્ધા ત્યાગી તથા ઘણાખરા હરિભક્તોને સ્વામીનો નિશ્ચય કરાવ્યો અને લગભગ ૧૫૦ ત્યાગી તથા ૨૦૦ હરિભક્તોને પ્રાયશ્ચિત્ત આપ્યાં. જેને નિશ્ચય ન થયો તે રહી ગયા.

સ્વામી પણ તેમની પાસે જે કોઈ આવે તેમને કહે : ''પ્રાગજી પાસે જાઓ. મેં તો નિવૃત્તિ લીધી છે.'' એમ સોરઠ દેશના હરિભક્તો ભગતજીની વાતો સાંભળવા લાગ્યા.

વંથળીના દેવજીભાઈને નિશ્ચય

ભગતજીની વાતો સાંભળી વંથળીના કલ્યાણભાઈના દીકરા દેવજીભાઈ સ્વામી પાસે સાકરનો પડિયો લઈને આવ્યા અને સ્વામીને પગે લાગીને કહ્યું : ''સ્વામી ! આ પ્રાગજી ભગત કહે છે કે તમો અક્ષરમૂર્તિ છો, તો સાકરના પડિયામાંથી સર્વે અક્ષરમુક્તોને પોશે પોશે જમાડો.'' તે સાંભળીને સ્વામીએ તેમાંથી એક ગાંગડો લઈ મોંમાં મૂક્યો અને દેવજીભાઈને કહ્યું :

''શ્રીજીમહારાજ અને અનંત કોટિ મુક્તો તમારી સાકર જમ્યા.''

દેવજીભાઈને સ્વામીની વાતમાં વિશ્વાસ હતો પણ અંતરમાં ઊંડે ઊંડે એમ શંકા રહી કે 'મહારાજ અને અનંત કોટિ મુક્તો જમ્યા એની ખાતરી શું ?' એવો સંકલ્પ કરતાં કરતાં ભગતજી પાસે આવીને સભામાં બેઠા. એટલે ભગતજીએ તેમને કહ્યું : ''તમારે જે જોવું છે તે કાલે ઘેર જશો ત્યારે સાંભળશો.'' આ સાંભળી દેવજી ભગત વળી વિચારમાં પડ્યા.

તે રાત તેઓ જૂનાગઢમાં રહ્યા અને બીજે દિવસે વંથળી ગયા. ત્યાં તેમના પિતા કલ્યાણભાઈએ તેમને કહ્યું : ''સ્વામી આગળ ગયો ત્યારે તેં કંઈ સંકલ્પ કર્યો હતો ?''

ત્યારે દેવજીભાઈ કહે : ''હા, બાપુ.'' એટલે કલ્યાણભાઈએ કહ્યું : ''કાલે રાત્રે મને એવાં દર્શન થયાં કે શ્રીજીમહારાજ તથા સ્વામી આપણા ઘરમાં અનંત કોટિ મુક્તોને પોશે પોશે સાકર વહેંચે છે. તે મેં નજરે દીઠ્યું !''

આ સાંભળી દેવજીભાઈએ કહ્યું : ''મને આ જ સંકલ્પ હતો, તે સ્વામીએ તમને દર્શન દઈ મારો સંકલ્પ પૂરો કર્યો.''

તે પછી થોડા દિવસે સ્વામી, સંતો તથા ભગતજી સાથે વંથળી જવા નીકળ્યા.

સ્વામીની ગોદડીમાંથી અનંત સૂર્યનું તેજ નીકળે છે

વંથળી જતાં સ્વામી ગાડીમાં બેઠા હતા અને તેમની સાથે બીજા પણ મોટા કહેવાતા સત્સંગીઓ ગાડીમાં બેઠા હતા. પ્રાગજી ભગત તથા બીજા સંતો તથા હરિભક્તો ચાલતાં આવતા હતા. લાંબા પંથનો ખૂબ થાક પ્રાગજી ભગતને લાગ્યો હશે એ નિમિત્તે પોતાની સાથે બેઠેલા મોટા મોટા હરિભક્તોને પ્રાગજી ભગતની કેવી અલૌકિક સ્થિતિ અને દૃષ્ટિ છે અને પોતાનો કેવો અદ્ભુત મહિમા સમજે છે તે તેમને બતાવવા, સાથે ચાલતા એક પાર્ષદને સ્વામીએ કહ્યું : ''પેલો પ્રાગજી બિચારો થાકી ગયો હશે, માટે એને બોલાવો, ગાડીમાં બેસારીએ.''

તેથી તેણે પ્રાગજી ભગતને બોલાવ્યા અને કહ્યું : ''સ્વામી તમને ગાડીમાં બેસવા બોલાવે છે.''

ભગતજી પાસે આવ્યા અને સ્વામી પ્રત્યે આંગળી ચીંધીને બોલ્યા :

''એમની ગોદડીમાંથી અનંત સૂર્યનું તેજ નીકળે છે, તે મારાથી પાસે અવાતું નથી.''

એ સાંભળી સ્વામી હસતાં હસતાં બોલ્યા : ''એને તો નિરંતર એમ જ દેખાયા કરે છે.''

અહીં વંથળીમાં સ્વામી મંદિરે ઊતર્યા. સૌને લાભ આપીને અહીંથી સ્વામી ફરતાં ફરતાં મેવાસા, ગોંડલ થઈને પડવલે જાલમસંગ તથા માધવસંગને ત્યાં આવ્યા. અહીં શામજીભાઈએ સ્વામીને પૂછ્યું : ''સ્વામી ! મોટાના મહિમાનો જેવો છે તેવો સાક્ષાત્કાર કેમ થતો નથી ?''

ત્યારે સ્વામીએ કહ્યું : ''જેમ ફળ, પુષ્પ વગેરે વૃદ્ધિને પામે છે, તેમ મહિમા પણ વૃદ્ધિને પામે છે. મોટાને તો જેમ ઘટે તેમ કરતાં આવડે છે અને ઘટે તેમ કરે છે.'' એમ કહી તેમને શાંતિ કરી.

રાજકોટના મંગળજી ઠક્કરને નિશ્ચય

અત્રે રાજકોટથી વાલા ભગત તથા મહાદેવ મહારાજ તથા મંગળજી ઠક્કર વગેરે લગભગ બસો હરિભક્તો સ્વામીનાં દર્શન તથા સમાગમ કરવા સારુ આવ્યા. તે વખતે મંગળજી ઠક્કરે પ્રાગજી ભગતને પૂછ્યું : ''પ્રાગજી ભગત ! આ અક્ષરધામ કહે છે તે શું ?''

ત્યારે ભગતજીએ સ્વામીને દેખાડીને કહ્યું : ''આ સૂતું છે એ જ અક્ષરધામ છે.'' એમ વાત કરી.

તે વાત ફરીથી મંગળજી ઠક્કરે સ્વામી જ્યારે જાગ્યા ત્યારે તેમને પૂછી. એટલે સ્વામીએ તેમને કહ્યું : ''જેમ પ્રાગજી કહે છે તેમજ છે. એમની વાતમાં હવે વિશ્વાસ રાખો.''

આથી મંગળજીભાઈને સ્વામી અક્ષર છે એવો નિશ્ચય થયો અને વળી પ્રાગજી ભગત સ્વામીના બહુ મોટા શિષ્ય છે એ પણ તેમણે સ્વામીના વચનથી નક્કી કર્યું.

તે જ દિવસે સાંજે સ્વામીએ કહ્યું : ''રાજકોટના તમામ હરિભક્તો હવે ઘેર જાઓ. અહીં ગરીબ હરિભક્તને ઘેર આટલું પાગરણ આપવું ક્યાંથી ?''

ત્યારે તે સર્વેએ સ્વામીને કહ્યું : ''સ્વામી ! ભાથું લઈને આવ્યા છીએ અને પાગરણ અમારે જોતું નથી.''

તો પણ સ્વામી કહે : ''ના, ઘેર જ જાઓ.''

એટલે તે બધા હરિભક્તો ગામ બહાર નદી ઉપર આવીને બેઠા. ત્યાં મંગળજી ઠક્કર કહે : ''જુઓ, આ સ્વામી પ્રાગજી ભગતને વશ છે. માટે પ્રાગજી ભગતને કહીને રહેવાનું કરાવીએ.''

પછી તેમણે એક જણને મંદિરમાં પ્રાગજી ભગતને બોલાવવા મોકલ્યા. એટલે ભગતજી સભામાં બેઠા હતા ત્યાંથી નદીએ આવ્યા. તેમને મંગળજીભાઈએ કહ્યું : ''અમે બધા રાજકોટથી સ્વામીનો સમાગમ કરવા અને વાતો સાંભળવા આવ્યા છીએ; પણ સ્વામીએ તો રજા આપી છે. માટે સ્વામીને જો તમો કહો તો અમને રાખે.''

ત્યારે ભગતજી કહે : ''તમો બધા પાછા આવો. હું સ્વામીને કહીશ.''

ત્યારે મંગળજીભાઈએ કહ્યું : ''હું દેખું તેમ તમો કહો તો પાછા આવીએ, નહિ તો વળી ફરી પાછા વાળે.''

પછી ભગતજીએ તેમને સર્વને પાછા વાળ્યા અને મંગળજી ઠક્કરને લઈને સ્વામી પાસે આવ્યા અને સ્વામીને કહ્યું : ''આ રાજકોટના હરિભક્તોને રાત રહેવું છે અને સમાગમ કરવો છે; તો આપ એટલી રજા આપો.''

ત્યારે સ્વામી કહે : ''બહુ સારું, પાછા બોલાવો.''

સ્વામીની આવી આજ્ઞા સાંભળીને મંગળજી ઠક્કરને ઘણું જ આશ્ચર્ય થયું અને ભગતજીનો અતિ અપાર મહિમા સમજાયો.

સ્વામીને ઉપાધિની શરૂઆત

ભગતજી મહારાજનો વધતો જતો પ્રતાપ જેને ન સહ્યો તેને તેમના મુખમાંથી નીકળતા સ્વામીના અતિ અપાર અક્ષરસ્વરૂપના મહિમાના શબ્દો પણ ન રુચ્યા. એટલે કેટલાકે વરતાલ આચાર્ય મહારાજ ઉપર તથા પવિત્રાનંદ સ્વામી, શુક સ્વામી, ભૂમાનંદ સ્વામી વગેરેને કાગળો લખ્યા કે ''પ્રાગજી તો બહુ છક્યો છે અને અંતરજામી થયો છે અને દરેકના અંતરની વાતો કરી પ્રાયશ્ચિત્ત આપે છે. વળી, આખા સોરઠના હરિભક્તો પ્રાગજીને દંડવત કરે છે ને એની વાતો સાંભળે છે અને 'સ્વામી મૂળ અક્ષર છે' એવા મહિમાની છોળ્યો ઉડાડે છે. વળી, સ્વામીએ પણ એને બહુ ચડાવ્યો છે ને પ્રાગજીએ એની બહુ સેવા કરી તેથી એને વશ થઈ ગયા છે. તમે જો સ્વામીને

બેસી ભગતજીની વાતો સાંભળતા હતા, ત્યારે ભગતજીએ તેના અંતરનું પાપ જાણી સ્વામી પાસે લઈ જઈ તેને પ્રાયશ્ચિત્ત અપાવ્યું. તે વાત પવિત્રાનંદ સ્વામીના જાણવામાં આવી. એટલે તેમણે ભગતજીને બોલાવીને કહ્યું : ''કેમ તેં અધિકાર વગર પ્રાયશ્ચિત્ત આપ્યું ?''

ત્યારે ભગતજીએ તેમને કહ્યું : ''મેં તો સ્વામીની આજ્ઞાથી કર્યું છે, માટે મને શું કહો છો ? સ્વામીને કહો,'' એટલી વાત કહી. પરંતુ તેઓ તો બહુ જ ગુસ્સે થયા. એટલે ભગતજીએ તેમને વિનય કરી, સેવા કરી, રાજી કરી દીધા.

બીજે દિવસે સ્વામીએ ભગતજીને કહ્યું : ''પ્રાગજી ! પવિત્રાનંદ સ્વામીને આ સ્વરૂપની વાત કરીશ ?''

ત્યારે ભગતજી કહે : ''આપની આજ્ઞા હોય તો કરું.''

પછી ભગતજીએ નક્કી કર્યું કે પવિત્રાનંદ સ્વામીને સ્વામીના સ્વરૂપની વાત કરવી.

સહજાનંદ સ્વામીનો કર્યો પણ વિમુખ નહિ થાઉં

તે જ રાત્રે ભગતજી રઘુવીરચરણદાસને આસને બેસીને સ્વામીના પરભાવની વાતો કરતા હતા અને રાતના લગભગ બાર વાગી ગયા હતા. એ વખતે ભગતજી ગ.પ્ર. ૭૧મું વચનામૃત કઢાવી 'સ્વામી અક્ષર છે' એવું પ્રતિપાદન કરતા હતા. એટલે પવિત્રાનંદ સ્વામી જે ત્યાં સૂતા હતા તેમણે કંટાળીને કહ્યું : ''એલા પ્રાગજી ! બાર વાગ્યા. હવે તો અક્ષરનું સાલ મૂક.''

એ સાંભળી ભગતજી ધીમે રહીને તેમની પાસે આવ્યા અને તેમને કહ્યું : ''સ્વામી ! આ ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે. માટે તેમને મન, કર્મ, વચને જો સેવશો તો પોતા જેવા કરશે અને શ્રીજીમહારાજ વશ થશે.''

તે સાંભળી પવિત્રાનંદ સ્વામી એકદમ ખિજાયા અને પાસે પડેલી પોતાની લાકડી પછાડી બોલ્યા : ''તું ક્યાંથી આવ્યો મને સ્વામીનું સ્વરૂપ સમજાવવાવાળો ?''

એટલે ભગતજીએ કહ્યું : ''*દેડકા તો બહુ ડામિયા, પણ મળ્યો નહિ મણિધર.* વરતાલમાં દેડકા જેવા ઘણાને તમે દાબી દીધા છે, પણ આ ગુણાતીતાનંદ સ્વામી તો મણિધર છે. માટે તેમનો દ્રોહ કરવો રે'વા દ્યો.''

આથી પવિત્રાનંદ સ્વામી વધારે ખિજાયા અને ઊભા થઈને તેમણે કહ્યું : ''અલ્યા, હું દેડકો ને તું મણિધર ? હવે તું જોઈ લેજે. આ મારી સામું બોલ્યો છું પણ તને વિમુખ ન કરું તો હું પવિત્રાનંદ નહિ.''

તે સાંભળી ભગતજી હસ્યા અને કહ્યું : ''સ્વામી ! તમે તો મને શું વિમુખ કરશો ! હવે તો શ્રીજીમહારાજ મને વિમુખ કરવા ધારે તો પણ હું થાઉં તેવો નથી રહ્યો ! કારણ કે પારસમણિનું કરેલું સોનું પાછું પારસમણિ થકી પણ લોઢું કદી થતું નથી. આ લોકમાં કદાચ દેખાવમાત્રે બોલો અને કરો, પણ બીજું કશું વળે નહિ.''

એટલે પવિત્રાનંદ સ્વામીનો ગુસ્સો હદપાર વધ્યો. સ્વામી પણ તે વાત સાંભળી ત્યાં પધાર્યા અને ભગતજીને કહ્યું : ''પ્રાગજી ! સ્વામીને પગે લાગીને માફી માગ.''

એટલે ભગતજીએ પવિત્રાનંદ સ્વામીને દંડવત્ કરી માફી માગી. પણ તેમણે તો તેના સામું જોયું નહિ. પછી સ્વામીએ પવિત્રાનંદ સ્વામીને કહ્યું : ''સ્વામી ! આ પ્રાગજી તમારી માફી માગે છે.''

એટલે પવિત્રાનંદ સ્વામી ઊલટું જોઈને બોલ્યા : ''એને ને મારે આ ભવમાં ભેગા બેસવું નથી.''

તે સાંભળી ભગતજી હસ્યા અને બોલ્યા : ''જો મેં ગુણાતીતાનંદ સ્વામી સેવ્યા હશે અને સ્વામી જો મૂળ અક્ષર છે, તો તમારી જ ભેગા બેસીને કથાવાર્તા કરવી છે અને જેવું છે તેવું જ્ઞાન કરવું છે.''

પછી સ્વામીએ પવિત્રાનંદ સ્વામીને શાંત કર્યા અને સુવાડ્યા અને ભગતજીને પણ ત્યાંથી પોતાની સાથે લઈ ગયા. સ્વામીએ પોતાને આસને ભગતજીને બેસારીને કહ્યું : ''પ્રાગજી ! તું ખરો માથા વિનાનો થયો છે. માથા વિનાનો જે થાય તેનાથી જ પ્રગટ ભગવાન ને પ્રગટ સાધુ સેવાય અને રાજીપો મેળવાય. બીજાથી શું થાય ?'' એમ પોતાનો અનેકગણો રાજીપો ભગતજી ઉપર સ્વામીએ બતાવ્યો.

રાઠોડ ભક્તોને સ્વામીના ચરણસ્પર્શનો નિષેધ

સ્વામીએ પ્રાગજી ભગતનો ઉઘાડો પક્ષ લીધો અને તેને કંઈ ઠપકો ન આપ્યો એટલે પવિત્રાનંદ સ્વામીને, સ્વામી વિષે ઘણું ખોટું લાગ્યું અને બીજે

દિવસે સભામાં તેમણે સ્વામીને કહ્યું : ''સ્વામી ! આ પ્રાગજીને અંતરજામી-પણું આપ્યું, તે સારા સારા માણસોના મનના સંકલ્પો કહે છે અને લાજ પાડે છે. માટે આવા હલકા પાત્રને ઐશ્વર્ય અપાય ?''

ત્યારે સ્વામી બોલ્યા : ''એણે મારી બહુ જ સેવા કરી અને અખંડ ભજન કર્યું અને ત્યાગ, તપ રાખ્યાં, તેથી મારું હૈયું હાથ રહ્યું નહિ અને હાથછૂટી બલા થઈ ગઈ.''

એ વાત સાંભળીને પવિત્રાનંદ સ્વામી કંઈ બોલ્યા નહિ. પરંતુ સ્વામીને બે શબ્દો કહેવાનો ઊભરો હતો તેથી સભામાં વાત કરી : ''સ્વામી ! તમે ધર્મામૃતની વાતો કરો છો, પણ તમારે ત્યાં જ ખોજા ભગત તથા રાઠોડ ભગત તમને આવીને પગે અડે છે, માટે એ ન અડે એવો બંદોબસ્ત કરો.''

ત્યારે સ્વામીએ કહ્યું : ''બહુ સારું.''

બીજે દિવસે મહુવા તથા ગોંડલના રાઠોડ હરિભક્તોની એકાંતિક મંડળી જૂનાગઢ આવી અને સ્વામીને પગે લાગવા તેઓ સૌ આવ્યા ત્યારે સ્વામી બોલ્યા : ''કોઈ પગે અડશો નહિ. આ પવિત્રાનંદ સ્વામીએ બંધી કરી છે.''

ત્યારે તે હરિભક્તો બોલ્યા : ''ગોપાળાનંદ સ્વામી તથા રઘુવીરજી મહારાજનાં ચરણનો સ્પર્શ અમો કરતા હતા. માટે આ નવો બંદોબસ્ત હોય નહિ.''

એ સાંભળી સ્વામી કહે : ''તમારે બહુ પ્રેમ હોય તો હાથે અડો, પણ પગે અડવાની તો તેમણે બંધી કરી છે, માટે નહિ અડવા દઉં.'' એમ કહી લાંબો હાથ કર્યો. તેથી સૌ સ્વામીના હાથનો સ્પર્શ કરી અતિ શાંતિ પામ્યા.

આ જોઈ સભામાં બેઠેલા ભગવત્પ્રસાદજી મહારાજ તથા બીજા સદ્ગુરુઓ ખૂબ હસ્યા અને મહારાજ બોલ્યા : ''અહો ! જોગીની કળા તો અલૌકિક કહેવાય !''

સ્વામીને ઠપકો આપવાનું મોકૂફ

આચાર્ય મહારાજ અહીં સાત દિવસ રહ્યા અને હુતાશનીનો સમૈયો કર્યો. આ સમૈયા ઉપર સોરઠ દેશના તમામ સત્સંગીઓ જૂનાગઢ આવ્યા હતા અને મહારાજ રહ્યા એટલા દિવસ જૂનાગઢ રહ્યા. એટલે સ્વામીને વિષે અપાર હેત અને નિષ્ઠાવાળા હરિભક્તોની હાજરીમાં સ્વામીને ઠપકો દઈ

શકાયો નહિ. ભગતજી પણ સ્વામી પાસે અગર ચોકમાં વાતો કરવા બેસે અને સર્વ હરિભક્તો ભગતજીની વાતો સાંભળે. સમૈયામાં આવેલ હજારો હરિભક્તો ભગતજીનો અપાર મહિમા જાણી તેમને દંડવત પણ કરે. આથી, સાધુઓને બહુ બળતરા થઈ, પણ કોઈ બોલી શક્યું નહિ. એમ સર્વેની મનની મનમાં રહી અને સમૈયા બાદ સૌ વીખરાઈ ગયા.

બીજો અક્ષર હશે તો તેને અને મારે સમજવાનું છે

આ અરસામાં, એક દિવસ સ્વામી ભંડારમાં જમવા જતા હતા, ત્યાં હિંદુસ્તાની સાધુ કેશવજીવનદાસે સ્વામીને ચાલતાં ઊભા રાખી કહ્યું : ''સ્વામી ! મને આપનો વિશ્વાસ છે. માટે એક ખુલાસો કરો.''

સ્વામીએ કહ્યું : ''કહો, શું ખુલાસો જોઈએ છે ?''

તેમણે કહ્યું : ''સ્વામી ! મને તો ગોપાળાનંદ સ્વામીએ આપ અક્ષર છો એ સમજાવ્યું છે. વળી, અહીં આ પ્રાગજી ભક્ત પણ આપને અક્ષર કહે છે. ત્યારે વળી બીજા ગોપાળાનંદ સ્વામીને અક્ષર કહે છે. તો કોઈ બ્રહ્મમુનિને અક્ષર કહે છે અને કોઈ મૂળજી બ્રહ્મચારીને અક્ષર કહે છે. માટે સાચું શું છે ?''

ત્યારે સ્વામી કહે : ''તને મારો વિશ્વાસ છે તો તું મને અક્ષર માન્ય. હું જ મૂર્તિમાન અક્ષર છું. બીજા કોઈ અક્ષર હોવાનો દાવો કરતા હશે તો તેને ને મારે કજિયો છે, પણ તું મને અક્ષર માન્ય.''

સ્વામીએ આ પ્રમાણે નિધડક રીતે તેને કહ્યું એટલે કેશવજીવનદાસની સર્વ શંકા ટળી ગઈ. તેને સ્વામી અક્ષર છે તે નિષ્ઠા દૃઢ થઈ ગઈ !

વરતાલમાં ચૈત્રી સમૈયો

સંવત ૧૯૨૧નો ચૈત્રી સમૈયો પાસે આવતો હતો. તેથી આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજ વરતાલ જવા તૈયાર થયા. સ્વામી પણ તેમની સાથે વરતાલ જવા સંતો-હરિભક્તોની સાથે નીકળ્યા.

સ્વામી આચાર્ય મહારાજ સાથે વરતાલ પહોંચ્યા. આ સમૈયા ઉપર ચરોતર તેમજ કાનમ-વાકળનાં અનેક ગામોના હરિભક્તો આવ્યા હતા. આચાર્ય મહારાજ પણ સ્વામીની વાતો સાંભળવા આવતા. પ્રાગજી ભક્ત પણ ઉઘાડે છોગે સ્વામીના મહિમાની વાતો કરતા. તેથી વડતાલ દેશમાં ચરોતર,

કાનમ, વાંકળ આદિ તમામ સ્થળે સૌને ખબર પડી કે સ્વામીએ તેમનું તમામ જ્ઞાન પ્રાગજી ભક્તને આપી દીધું છે.

સમૈયો પૂરો કરીને સ્વામી વરતાલથી નીકળ્યા ત્યારે હજારો હરિભક્તો સ્વામીને વળાવવા સારુ સાથે આવ્યા હતા. ચાલતાં ચાલતાં સૌ સ્વામીને ધોતિયાં ઓઢાડતા હતા. કેટલાંક ધોતિયાં રસ્તામાં પડતાં તે બે સાધુઓ ગાડામાં નાખી દેતા. લગભગ સાતથી આઠ હજાર ધોતિયાં થયાં અને બે ગાડાં ભરાયાં. સૌ સ્વામીને મહેળાવ સુધી વળાવવા આવ્યા. સ્વામી પ્રત્યે હરિભક્તોને કેટલો સદ્‌ભાવ હતો તે આવા પ્રસંગે જણાઈ આવતું.

નર્યા સાધુ સાધુ શું કરી રહ્યો છે ?

સ્વામી મહેળાવ આવ્યા. અહીં સંઘ સાથે રાત રહ્યા. બીજે દિવસે સવારે વરતાલથી વળાવવા આવેલા સંઘને વિદાય આપી, સ્વામી ત્યાંથી ચાલ્યા. સોજીત્રા, સીંજીવાડા થઈને ધોલેરા પધાર્યા. રસ્તામાં સૌ સાધુ, પાળા, હરિભક્તોને પ્રાગજી ભક્ત વાતો કરતા હતા. તેમની વાતોમાં ભગવાન અને ભગવાનના સાધુનો મહિમા આવતો હતો. તે સાંભળી માન ગઢવી બોલ્યા : ''પ્રાગજી ! નર્યા સાધુ સાધુ શું કરી રહ્યો છે ?''

તે સાંભળી પ્રાગજી ભક્તે કહ્યું : ''ગઢવી ! હું નથી કહેતો. આ તો મુક્તાનંદ સ્વામીએ પણ કહ્યું છે *'મમ ઉર સંત અરુ મૈં સંતન ઉર, વાસ કરું સ્થિર હોઈ.'* સાધુના અંતરમાં ભગવાન રહ્યા છે અને ભગવાનના ઉરમાં સાધુ રહ્યા છે. માટે ભગવાનનો મહિમા કહીએ તેમાં સાધુનો મહિમા આવી જાય અને સાધુનો મહિમા કહીએ તેમાં ભગવાનનો મહિમા આવી જાય. બાકી તો અજ્ઞાન હોય ત્યાં સુધી સંત અને ભગવાન જુદા મનાય. ગ.મ. ૨૮ના વચનામૃતમાં મહારાજે આ રહસ્ય સમજાવ્યું છે.''

માન ગઢવી આ સાંભળી મૂંગા થઈ ગયા !

સ્વામી ધોલેરાથી નીકળી સારંગપુર પધાર્યા. ત્યાંથી બોટાદ થઈને ગઢડા પધાર્યા. ત્યાંથી વાંકિયા, ગોંડળ, જેતપુર થઈ જૂનાગઢ પધાર્યા.

મજકૂર વયો ગયો

સ્વામી જૂનાગઢ પધાર્યા, તે ખબર સાંભળી કેટલાક હરિભક્તો સ્વામીનો

સમાગમ કરવા આવ્યા.

જૂનાગઢમાં સ્વામીના આસને અખંડ કથાવાર્તા રાતના અગિયાર સુધી થાય. પછી નિયમ-ચેષ્ટા કરી બધા સૂઈ જાય અને સ્વામી પણ પોઢે. સાધુઓ કીર્તન ગાય અને પછી જ્યારે ઝાઝાખરા સૂઈ ગયા હોય ત્યારે સ્વામી રાત્રે બાર-એક વાગે જાગે અને મુખારવિંદ ધોઈને પાણી પીને વાતો કરવા બેસે, તે સવારોસવાર વાતો કરે.

સ્વામી જ્યારે વાતો કરવા ઊઠે, ત્યારે પ્રાગજી ભગત, અગાઉથી કહી રાખ્યા પ્રમાણે જાગા ભક્તને ઓરડે જઈ તેમને, મનજી ઠક્કરને તથા શામજીભાઈને જાણ કરે. વળી, સ્વામી બાલમુકુંદદાસ, યોગેશ્વરદાસ, બ્રહ્મચારી હરિદર્શનાનંદજી, રણછોડ ભક્ત, ડુંગર ભગત, કાના ભગત વગેરે સર્વને ઉઠાડે અને એ એકાંતિક મંડળમાં સ્વામી બ્રહ્મભાવની અલૌકિક વાતો કરે. સ્વામીએ તેમને પ્રાગજી ભગતની વાતો સાંભળવા કહ્યું. એટલે તેઓ સર્વે ભગતજી સભામાં બેઠા હતા તેમના તરફ બેઠા.

ભગતજીએ ગ.પ્ર. ૨૧, ૬૩, ૭૧ અને પં. ૭ વચનામૃત વંચાવ્યાં અને વાત કરી :

‘‘જેને દેહાત્મબુદ્ધિ મટી ગઈ છે, તે જ ભગવાનનો એકાંતિક ભક્ત કહેવાય છે. અને એવો જે એકાંતિક ભક્ત છે તે માયાના ભાવથી મુક્ત થઈ ભગવાનના અક્ષરધામને પામે છે. તે અક્ષરનાં બે સ્વરૂપ છે, એક તો નિરાકાર એકરસ ચૈતન્ય છે તેને ચિદાકાશ કહીએ, બ્રહ્મમોહોલ કહીએ. એ ચિદાકાશ કે બ્રહ્મમોહોલમાં ભગવાન અનંત કોટિ મુક્તોએ સહિત વિરાજમાન છે. વળી, એ અક્ષર બીજે સ્વરૂપે કરીને પુરુષોત્તમ નારાયણની સેવામાં રહે છે. એ અક્ષરધામને પામ્યો જે ભક્ત તે અક્ષરના સાધર્મ્યપણાને પામે છે અને ભગવાનની અખંડ સેવામાં રહે છે. માટે જો ભગવાનના અક્ષરધામને પામવું હોય, તો અક્ષરના સાધર્મ્યપણાને પામવું જ પડશે.

‘‘હવે એ અક્ષરધામ કેવું છે અને તેનો કેવો મહિમા છે તે સમજાશે ત્યારે જ મહારાજનો મહિમા સમજાશે. જેમ પૃથ્વીનું કારણ જળ છે, જળનું તેજ, તેજનું વાયુ, વાયુનું આકાશ, આકાશનું અહંકાર, અહંકારનું મહત્તત્ત્વ, મહત્તત્ત્વનું પ્રધાન અને પુરુષ છે અને પ્રધાન અને પુરુષનું કારણ મૂળ પ્રકૃતિ અને બ્રહ્મ છે (માયા સબલિત બ્રહ્મ અથવા મૂળ પુરુષ), તેમ એ સર્વેનું

કારણ અક્ષરબ્રહ્મ છે.

‘‘તે અક્ષર તે પુરુષોત્તમ ભગવાનનું ધામ છે અને એની સંકોચ અને વિકાસ અવસ્થા નથી, સદાય એકરૂપે રહે છે. અને તે અક્ષર મૂર્તિમાન છે, પણ અતિ મોટા છે.[૨૮] માટે કોઈની નજરે તે અક્ષરનું સ્વરૂપ આવતું નથી.૨

---

૨૮. सर्वतः पाणिपादं तत् सर्वतोऽक्षिशिरो मुखम् ।
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥ – ગીતા : અ. ૧૩/૧૩
તે અક્ષરબ્રહ્મ કેવું છે ? સર્વ બાજુએ હાથ-પગવાળું છે. એક સ્થાનમાં રહેવા છતાં પણ સર્વત્ર હાથ, પગનું કાર્ય કરે છે. સર્વ બાજુએ નેત્ર, મુખ અને મસ્તક છે. અર્થાત્ એક સ્થળમાં રહેવા છતાં સર્વત્ર જુએ છે તેમજ મસ્તક અને મુખ વગેરે અવયવોએ સંપન્ન પોતાનું સ્વરૂપ પોતાના ભક્તોને પોતાની ઈચ્છાથી બતાવે છે. સર્વ બાજુએ શ્રવણેન્દ્રિય સંપન્ન છે, જેથી એક સ્થાનમાં રહેવા છતાં પણ સર્વત્ર ઉચ્ચારેલા શબ્દને સાંભળે છે. આવું તે અક્ષરબ્રહ્મ પોતાની અંદર અંતર્યામીપણે અને નિયામકપણે રહેલા મેં પુરુષોત્તમ ભગવાને પ્રેર્યું છે તેથી પ્રકૃતિથી ઊપજેલા સર્વ લોકમાં - ચેતન, અચેતન - સર્વ પદાર્થને વિષે પોતાની ચિત્‌શક્તિથી વ્યાપીને રહે છે. – ગોપાળાનંદ સ્વામી કૃત ગીતાભાષ્ય

૨૯. ગ.પ્ર. ૬૩.

ભગવાનના મનુષ્યરૂપ અક્ષરધામને પહેલાં જાણવું પડશે.[30] એ જાણ્યા સિવાય ભગવાનનું પરમ સત્યસ્વરૂપ સમજાશે જ નહિ. તે પં. ૭માં કહ્યું છે કે धाम्ना स्वेन सदा निरस्तकुहकम् सत्यं परं धीमहि । કહેતાં ધામ જે પોતાનું સ્વરૂપ, તેણે કરીને ટાળ્યું છે એ માયાના સર્ગરૂપ કપટ જેણે, એવું ભગવાનનું પરમ સત્યસ્વરૂપ છે. માટે જેવું ધામને વિષે ભગવાનનું દિવ્ય તેજોમય સ્વરૂપ છે, તેવું ને તેવું જ જો પ્રત્યક્ષ મનુષ્યરૂપ ભગવાન તથા તે ભગવાનના ધામના સ્વરૂપને જાણે તો તેણે તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય.''

આટલી વાત ભગતજીએ કરી એટલે સ્વામી બોલ્યા : ''મજકૂર વયો ગયો.''

ત્યારે મનજી ઠક્કરે પૂછ્યું : ''મજકૂર શું ?''

ત્યારે ભગતજી કહે : ''આ સૂતા છે એ જ મૂર્તિમાન અક્ષરધામ છે. એ મજકૂર છે.''

એ સાંભળી સ્વામી હસ્યા અને બોલ્યા : ''આમ, સબીજ જ્ઞાન થાય ત્યારે જીવની ઉથરેટી મટે.''

સ્વામિનારાયણની સાચી ઉપાસના શું ?

આ અરસામાં અમદાવાદથી સ્વામી નિર્ગુણદાસજી તથા સ્વામી વૃંદાવનદાસજી જૂનાગઢ સ્વામીનો સમાગમ કરવા આવ્યા. તેમને સ્વામીએ મહારાજના પુરુષોત્તમપણાની ઘણી જ વાતો કરી અને મહારાજનું સર્વોપરી-પણું સમજાવ્યું. પછી ભગતજીએ તેમને કહ્યું : ''તમે સ્વામીને વચને મહારાજને પુરુષોત્તમ તો જાણ્યા, પણ હવે સ્વામીને મૂળ અક્ષર સમજો તો

---

૩૦. इति क्षेत्रं तथा ज्ञानं ज्ञेयं चोक्तं समासतः ।
मद्भक्त एतद्विज्ञाय मद्भावायोपपद्यते ॥ – ગીતા : અ. ૧૩/૧૮.
જીવાત્માઓએ પ્રકૃતિના સંબંધથી છૂટવા માટે અને પરાત્પર પરમેશ્વરમાં પરાભક્તિ થવા માટે જાણવા યોગ્ય અક્ષરબ્રહ્મનું સ્વરૂપ-સ્વભાવ વગેરે મેં સંક્ષેપથી સમજાવ્યું. મારો - પરાત્પર પુરુષોત્તમનો ભક્ત - આ ક્ષેત્ર, ક્ષેત્રજ્ઞ, જ્ઞાન અને જ્ઞેય, એ સઘળું જાણીને ક્ષેત્રનો ત્યાગ કરીને, ક્ષેત્રજ્ઞ જે જીવાત્મા તેના યથાર્થ સ્વરૂપને જાણીને, જ્ઞાનને મારી પ્રાપ્તિમાં સાધનરૂપ જાણીને, જ્ઞેય જે અક્ષરબ્રહ્મ તે સ્વરૂપને જાણીને, મારા પરમ સામ્યભાવને પામીને મારી સેવામાં રહેવા યોગ્ય બને છે. – ગોપાળાનંદ સ્વામી કૃત ગીતાભાષ્ય

સ્વામિનારાયણની સાચી ઉપાસના સંપૂર્ણ થઈ કહેવાય.''

ભગતજીની આ વાત સાંભળીને તેમણે કહ્યું : ''સ્વામી કહે તો માનીએ.''

પછી સ્વામીને ભગતજીએ કહ્યું : ''આ બંનેને આપ કહો તો માને.''

ત્યારે સ્વામીએ કહ્યું : ''તેમને ગઢડાવાળા માના ભગતનો સંગ છે. તેથી અત્યારે હા કહેશે, પણ મારો ગુણ છે તે ઊલટો અવગુણ આવશે. માટે આટલો ગુણ છે તો તે ઘણો સમાસ કરશે ને અંતે સર્વોપરી નિષ્ઠાવાળા થશે.''

એટલામાં પીઠવડીના કલ્યાણ ભગતને માના ભગત તથા સિદ્ધાનંદ સ્વામીએ શિખવાડીને જૂનાગઢ મોકલ્યા. અહીં આવી ઉતારો કરી, સભામાં આવ્યા અને સ્વામીને તેણે પૂછ્યું : ''તમને સૌ અક્ષર કહે છે તેનું કેમ સમજવું ?''

ત્યારે સ્વામીએ કહ્યું : ''ગોપાળાનંદ સ્વામી અક્ષરધામના મુક્ત છે અને હું તો ત્યાં પૃથ્વીને ઠેકાણે સર્વને ધારી રહ્યો છું.'' એમ મર્મમાં વાત કરી તેના પ્રશ્નનું સમાધાન કર્યું.

પછી જેતપુરના માધા સુથારને પોતે કોઠારમાં તેડી ગયા અને ત્યાં તેને ખૂબ વાતો કરી રાજી કર્યા. પછી તેને તેના પગારના ચઢેલા રૂા. ૮૦/- સ્વામીએ આપવા માંડ્યા, ત્યારે તેણે કહ્યું : ''સ્વામી ! મારે પગાર લેવો નથી, પણ મને તમારો સિદ્ધાંત કહો.''

એટલે સ્વામીએ રાજી થઈ તેને કહ્યું : ''જેમ નરનારાયણ, લક્ષ્મી-નારાયણ, રાધાકૃષ્ણ તેમ સ્વામિનારાયણ છે. અમારું શ્રીજીમહારાજ ભેગું ભજન થાય છે. તેટલું સમજશો તો તેમાં અમારો સિદ્ધાંત આવી ગયો.''

સ્વામીએ માવજી મિસ્ત્રીનો વહેવાર સુધાર્યો

આ અરસામાં રાજકોટથી માવજી મિસ્ત્રી સ્વામીનાં દર્શને જૂનાગઢ આવ્યા હતા. માવજી મિસ્ત્રી સ્વામીની આજ્ઞાથી કરાંચી ગયા હતા અને ત્યાં કંટ્રાક્ટના કામમાં થોડું કમાયા હતા. એટલે જૂનાગઢ જઈ, સ્વામીનાં દર્શન કરી, રસોઈ આપવાનો તેમનો સંકલ્પ હતો. જૂનાગઢ આવી તેમણે સ્વામીને કહ્યું : ''મહારાજ ! મારે રસોઈ આપવી છે.'' તેથી સ્વામીએ રાજી થઈને હા કહી.

બીજે દિવસે તેમની રસોઈમાં સ્વામી પંક્તિમાં પીરસવા નીકળ્યા. માવજી મિસ્ત્રી સ્વામી પાસે આવ્યા અને હાથ જોડી કહ્યું : ''સ્વામી ! આપ

જમો તે હું લાવું.''

એટલે સ્વામીએ કહ્યું : ''હું ગળ્યું તો ખાતો નથી.'' આથી ખારી કઢી બનાવી હતી તે સ્વામી જ્યારે જમવા બેઠા ત્યારે તેમણે સ્વામીને પીરસાવી. તેમાંથી સ્વામી થોડું જમ્યા અને બાકીની પ્રસાદી તેને ઘેર માટે આપી.

જમ્યા પછી પૂજા કરી સર્વે સંતોને રંગીન ધોતિયાં ઓઢાડ્યાં. ત્યારે સ્વામી રાજી થઈને બોલ્યા : ''સંતો ! માવજીનો વહેવાર સારો થાય એવો સૌ સંકલ્પ કરો.''

ત્યારે સંતો બોલ્યા : ''સ્વામી ! જ્યારથી આપની દૃષ્ટિ તેના ઉપર થઈ છે, ત્યારથી જ તેનો વહેવાર તો સુધરી ગયો છે.''

પછી સ્વામીએ માવજીને કહ્યું : ''માવજી ! તારું દાળીદર કપાઈ ગયું અને તારા સંકલ્પ પ્રમાણે તું હવે સુખિયો થઈ જઈશ.'' એમ સ્વામીના આશીર્વાદ તેણે મેળવ્યા. સ્વામીના આશીર્વાદથી માવજી મિસ્ત્રી ખરેખર સુખી થઈ ગયા અને તેને – લક્ષ્મણદાસ, કરમશી, કરસનજી અને રામજી – ચાર દીકરા થયા અને બાર લાખ રૂપિયા કમાયા. આમ, આ લોકમાં સુખ પામ્યા અને શ્રીજી-સ્વામીની સ્વરૂપનિષ્ઠાથી અક્ષરધામ પણ પામ્યા.

આ પ્રાગજી જેવો અમને કેમ આનંદ આવતો નથી ?

સં. ૧૯૨૧નો જન્માષ્ટમીનો સમૈયો કરીને સ્વામી સોરઠમાં ફરવા નીકળ્યા. આલા ખુમાણના આગ્રહને લીધે સ્વામી પ્રથમ બિલખા પધાર્યા. બિલખાના દરબાર આલા ખુમાણના સગા થતા હતા તેથી તેમણે સ્વામી અને સંતોનો ભાવથી સત્કાર કર્યો.

અહીંથી સ્વામી ફરતાં ફરતાં ગામ કાળસરી પધાર્યા. સાથે માધવ-ચરણદાસ તથા નથુ પટેલ, મનજી ઠક્કર વગેરે હતા. એક દિવસ તેમણે સ્વામીને પૂછ્યું : ''સ્વામી ! આ પ્રાગજી જેવો આનંદ અમને કેમ થતો નથી ? અને એ જાણે છે એવો તમારો મહિમા કેમ જણાતો નથી ?''

ત્યારે સ્વામીએ કહ્યું : ''એ તો ગાંડો છે, તે જેમ સમજે છે એમ ઠીક છે. અને તમે તો સર્વે ડાહ્યા છો, તે તમારે એમ સમજવાનું શું કારણ છે ?'' એમ કહીને હસીને બોલ્યા : ''અંતે એમ સમજશો ત્યારે જ ખરી શાંતિ થશે.''

પછી સૌએ કહ્યું : ''સ્વામી ! અમને એમ સમજાવો.'' તેથી સ્વામીએ

તેમને પોતાની સાથે એક માસ રાખી પોતાના સ્વરૂપની પાકી નિષ્ઠા કરાવી.

એકાંતિક ધર્મ કોને આધારે રહેશે ?

સ્વામી ફરતાં ફરતાં ઉપલેટા ગયા અને ત્યાંથી ગામ જાળિયે પધાર્યા. ત્યાંના હરિભક્તોએ સ્વામીને વિનંતી કરી પૂછ્યું : ''સ્વામી ! આપ અક્ષરધામમાં પધારશો પછી મુમુક્ષુની શી ગતિ થશે ? અને તેમને એકાંતિક ધર્મ કોણ પમાડશે ?''

ત્યારે સ્વામી બોલ્યા : ''તમે જે પ્રશ્ન પૂછો છો તેવો જ પ્રશ્ન મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને પૂછ્યો હતો. તેનો ઉત્તર શ્રીજીમહારાજે આપતાં શ્રીમદ્ભાગવતના પ્રથમ સ્કંધના પ્રથમ અધ્યાયમાં આવતા શૌનકાદિકના સંવાદની વાત કરી હતી. શૌનકાદિ ઋષિઓએ સૂત પુરાણીને પ્રશ્ન પૂછ્યો હતો કે 'ધર્મના બખતરરૂપ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે અંતર્ધાન થયા પછી ધર્મ કોને શરણે રહ્યો ?'[૩૧] એનો ઉત્તર કર્યો કે 'સત્ય, શૌચાદિક જે કલ્યાણકારી એવા ઓગણચાલીસ ગુણ તેણે યુક્ત ભગવાનનું સ્વરૂપ છે, માટે સર્વે ધર્મ ભગવાનની મૂર્તિને આધારે રહે છે. તે સારુ ભગવાનને ધર્મધુરંધર કહ્યા છે. માટે ધર્મ તો ભગવાનની મૂર્તિને આધારે જ રહે છે. તે સારુ જે ભગવાનની મૂર્તિને વિષે નિષ્ઠા રાખે તેને ભગવાનનું સ્વરૂપ હૃદયમાં રહે; એટલે તેના હૃદયમાં ધર્મ પણ રહે. માટે જે સ્વરૂપનિષ્ઠા રાખે તેને ધર્મનિષ્ઠા સહેજે જ રહે.[૩૨] તેથી જે ભક્તમાં ભગવાનના આવા કલ્યાણકારી ગુણો આવે છે તે ભગવાનના એકાંતિક ભક્ત કહેવાય છે. એવા ભક્તમાં ભગવાન પ્રવેશ કરીને રહે છે અને સત્ત્વગુણ વડે તે ભક્તોનું રક્ષણ કરે છે.[૩૩] માટે જે ભગવાનના સ્વરૂપને વિષે નિષ્ઠા રાખે, તે જ ભગવાનના કલ્યાણકારી ગુણો ધારણ કરી શકે અને એ જ ભગવત્સ્વરૂપ ભક્ત કહેવાય. વળી, એવા ભક્ત દ્વારા જ ભગવાન એકાંતિક ધર્મનું પોષણ અને રક્ષણ કરે છે.'[૩૪]

---

૩૧. ब्रूहि योगेश्वरे कृष्णे ब्रह्मण्ये धर्मवर्मणि ।
स्वां काष्ठामधुनोपेते धर्मः कं शरणं गतः ॥ – શ્રીમદ્ભાગવત : ૧-૧-૨૩

૩૨. ગ.મ. ૧૬.

૩૩. भावयत्येष सत्त्वेन लोकान्वै लोकभावनः ।
लीलावतारानुरतो देवतिर्यङ्नरादिषु ॥ – શ્રીમદ્ભાગવત : ૧-૨-૩૪

૩૪. ગ.પ્ર. ૫૪.

‘‘અને હું પણ, મારા જેવા એકાંતિક ધર્મના સ્થાપન કરનારને અહીં રાખીને પછી ધામમાં જઈશ. પરંતુ મારો સ્વભાવ એવો છે કે જેને હું એકાંતિક ધર્મ પમાડીશ તેને કોઈ ઝટ ઓળખી શકશે નહિ. જેનાં બહુ જન્મનાં પુણ્ય હશે તે જ તેને ઓળખી શકશે.’’

એમ કહીને તે ઉપર દૃષ્ટાંત દીધું : ‘‘એક હોશિયાર કસબી માળી હતો. તેણે દાડમની કલમ તુંબડામાં ઉતારી. પછી તે તુંબડામાં દાડમનાં મોટાં મોટાં બીજ ભરાયાં. તે તુંબડાં લઈને તે માળી રાજા પાસે ગયો અને રાજા આગળ તુંબડાંની ભેટ મૂકી. તે જોઈને કચેરીના લોકો હસવા લાગ્યા કે આવી હલકી નિષિદ્ધ વસ્તુની ભેટ રાજા આગળ મુકાય ? પરંતુ રાજા ચતુર અને શાંત હતો. તેથી તેણે કહ્યું : ‘કંઈ હરકત નહિ, તે તુંબડાં લાવો.’ એમ કહી તે તુંબડાં મંગાવ્યાં. તેમાંથી એક તુંબડું ફોડ્યું, તો તેમાંથી દાડમનાં મોટાં મોટાં બીજ નીકળ્યાં. કચેરીમાં બેઠેલા સર્વ લોકોને તે વહેંચ્યાં. તે બીજ ખાતાં જ સર્વેના કોઠા ટાઢા થઈ ગયાં અને આશ્ચર્ય પામી સહુ બોલ્યા : ‘આ માળી તો બહુ જ કસબી અને હોશિયાર જણાય છે.’ એ દૃષ્ટાંતનો સિદ્ધાંત એ છે કે મેં પણ તુંબડા જેવી નજીવી હલકી વસ્તુમાં, દાડમનાં બીજ જેવી એકાંતિક ધર્મરૂપી સિદ્ધદશા ભરી છે; તેથી જે તે તુંબડું ફોડશે, એટલે કે મન, કર્મ, વચને જે કોઈ તેનો પ્રસંગ કરશે, તેને પરમ આનંદ થશે.’’

એમ પ્રાગજી ભક્તના અલૌકિક મહિમાની સ્વામીએ મર્મમાં વાત કરી અને સૌને આનંદિત કરી દીધા.

વર્તમાનકાળે ભગતજી જેવા એ એક જ છે

સ્વામી ફરતાં ફરતાં ઊના ગયા. ત્યાંના મુખ્ય હરિભક્ત કમા શેઠ સ્વામીનાં દર્શને આવ્યા અને વાતો સાંભળવા બેઠા. સ્વામીએ વાતો પૂરી કરી એટલે ભગતજી બોલ્યા : ‘‘શેઠ ! આ સ્વામી મૂળ અક્ષર છે એમ જાણશો તો અક્ષરધામમાં જવાશે.’’

એ સાંભળી કમા શેઠ ભગતજીને વઢ્યા અને ઉશ્કેરાઈને એક ધોલ મારી દીધી. ભગતજી તો હસતાં હસતાં સ્વામી પાસે જઈને બેઠા.

કમા શેઠનો ગુસ્સો ઊતર્યો એટલે મહારાજની ઇચ્છાથી એમને સમાધિ થઈ અને અક્ષરધામમાં શ્રીજીની સેવામાં સ્વામીને જોયા. પછી મહારાજે

કહ્યું : ''પ્રાગજી ભગતને કેમ ધોલ મારી ? માટે જઈને પગે લાગીને ધોતિયું ઓઢાડીશ ત્યારે ગુનો માફ થશે.''

પછી સમાધિમાંથી જાગ્યા ત્યારે સભામાં ભગતજી પાસે આવીને તેમને દંડવત કર્યા અને માફી માગી ધોતિયું ઓઢાડ્યું. તેથી સ્વામી પણ રાજી થયા.

આ જોઈ સ્વામીની સાથે રહેનારા સર્વ હરિભક્તોને પ્રાગજી ભગતનો બહુ જ ગુણ આવ્યો અને એમ સમજ્યા : પ્રાગજી ભગત જેવા તો વર્તમાન-કાળે એ એક જ છે.

આ પ્રમાણે સૌને લાભ આપીને સ્વામી જૂનાગઢ પધાર્યા. અહીં સં. ૧૯૨૨નો અન્નકૂટોત્સવ ધામધૂમથી કર્યો.

સોરઠના હરિભક્તોનો સ્વામી પ્રત્યેનો પ્રેમ

સોરઠ દેશના હરિભક્તોને સ્વામી પ્રત્યે અવિચળ નિષ્ઠા હતી. વળી, ભગવાન આ સંતથી એક અણુમાત્ર પણ છેટા નથી; ભગવાનનું સાક્ષાત્ ધામ છે; ભગવાન એ કહે તેમ કરે છે; ભગવાનને એણે જીત્યા છે; ભગવાનના અભિપ્રાયના જાણનારા છે; મોક્ષના દાતા છે; એને દર્શને ભગવાનનું દર્શન થયું, એને પૂજ્યે ભગવાન પૂજાઈ રહ્યા; ગર્ભવાસ, જમપુરી અને લખ-ચોરાસીથી મુકાવે છે; વિહદ જે ભગવાનનું અક્ષરધામ તેને પમાડે છે; એવો સ્વામીનો મહિમા સૌ સમજતા. આથી જ્યારે પોતપોતાને ગામ પધારે, ત્યારે સ્વામીને ભગવાનની જેમ પૂજતા; દૂધથી પગ ધોતા; આરતી ઉતારતા અને ચરણરજ માથે ચડાવતા. સ્વામીએ સોરઠ દેશના સત્સંગીઓને આવા રંગી નાખ્યા છે અને ખરો સત્સંગ જ સોરઠ દેશમાં થાય છે; સત્પુરુષ દ્વારા જ મહારાજ સત્સંગમાં પ્રગટ છે; એવી અચળ નિષ્ઠા કરી મન, કર્મ, વચને પ્રગટ અક્ષરધામરૂપ સ્વામી ગુણાતીતાનંદ સ્વામીમાં સર્વે જોડાયા હતા.

સ્વામીએ સોરઠ કેવો રંગી નાખ્યો છે તેની પ્રત્યક્ષ પ્રતીતિ કરાવવા જ મહારાજે મોટા મોટા સદ્‌ગુરુઓને પંચતીર્થી કરવા જવાનો સંકલ્પ પ્રેર્યો અને પવિત્રાનંદ સ્વામી, શુક સ્વામી, ભૂમાનંદ સ્વામી વગેરે પોતાના મંડળ સહિત સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ આવ્યા ત્યારે સ્વામીને કહ્યું : ''અમે પંચતીર્થીની જાત્રા કરવા સારુ આવ્યા છીએ અને આપનો આ દેશ છે તો આપ આવો તો સારું.''

શ્રીજીમહારાજની અનંત લીલાને હસ્તામલકવત્ દેખનાર સ્વામી પ્રસન્ન થયા. તેમની સાથે સોરઠ દેશમાં પંચતીર્થી કરવા પધાર્યા.

સોરઠ દેશમાં ઠેર ઠેર ખબર પડી કે સ્વામી સંઘ લઈને પંચતીર્થમાં નીકળ્યા છે. એટલે ગામેગામથી પોતાને ગામ પધારવા સ્વામીને સૌ વિનંતી કરવા લાગ્યા. સ્વામી જે જે ગામ પધારે ત્યાં અગાઉથી જ, તે ગામના હરિભક્તો બબ્બે ગાઉ સ્વામી સામે જઈ વાજતે-ગાજતે સામૈયું કરે. સ્વામી પાછા પધારે ત્યારે વળી તે જ પ્રમાણે ધામધૂમથી વળાવવા જાય. આ પ્રમાણે સોરઠ દેશના સમગ્ર સત્સંગીઓને સ્વામી પ્રત્યે તથા તેમના પટ્ટશિષ્ય શ્રી પ્રાગજી ભક્ત પ્રત્યે આવો અપ્રતિમ પ્રેમ હતો.

સ્વામી ફરતાં ફરતાં ગીદડ (સરદારગઢ) ગામે પધાર્યા. ત્યારે ત્યાંના નવાબે સ્વામીનું સામૈયું કર્યું અને વાજતે-ગાજતે સર્વે સંઘની દરબારમાં પધરામણી કરી અને ઠાકોરજીની પૂજા બ્રાહ્મણ પાસે કરાવી, સો દીવાની આરતી ઉતારી. પછી સ્વામીએ કહ્યું : ''આ શુક સ્વામી બહુ મોટા સાધુ છે, માટે એમની આરતી ઉતારો.''

એટલે શુક સ્વામીની આરતી ઉતારી અને સર્વે સંતોને ધોતિયાં ઓઢાડ્યાં અને રાધારમણદેવની સેવા સારુ રોકડા રૂપિયા પાંચસો થાળ ભરીને ભેટ મૂક્યા. સ્વામીનું નવાબ તરફથી થતું આવું સન્માન જોઈ તથા સ્વામી પ્રત્યેનો નવાબનો આવો કેવળ ભગવાન-સ્વરૂપનો જ ભાવ જોઈ સંઘના બીજા સાધુ સર્વે દાઝે બળ્યા, પણ નવાબની સામે શું બોલી શકાય ?

આમ, પંચતીર્થી કરીને સર્વે પાછા જૂનાગઢ આવ્યા ત્યારે સ્વામી પ્રત્યેના સદ્ભાવ કરતાં અસદ્ભાવની, તેજોદ્વેષની વૃદ્ધિ થઈ અને એવો ભાવ લઈને આવ્યા.

અક્ષરધામની કૂંચી પ્રાગજી ભક્તને સોંપી છે

આ દરમ્યાન વરતાલથી કોઠારી અંબાઈદાસ, કોઠારી બેચર ભગત તથા બીજા પાંચ-સાત પાર્ષદો જૂનાગઢ સ્વામીની વાતો સાંભળવા અને પંચતીર્થની જાત્રા કરવા આવ્યા. તેમને પણ સ્વામીએ બહુ વાતો કરી આનંદ પમાડ્યા. એક દિવસ સ્વામીએ કોઠારી અંબાઈદાસને બોલાવીને કહ્યું : ''કોઠારી ! મેં તો તમામ કૂંચીઓ પ્રાગજી ભગતને સોંપી દીધી છે અને હું તો હવે નિવૃત્તિ

લઈને નવરો થયો છું.''

આ સાંભળી કોઠારી અંબાઈદાસને થડકો થયો કે રખે સ્વામીએ મંદિરની તમામ કૂંચીઓ પ્રાગજી ભગતને સોંપી દીધી હોય !

સ્વામીએ તેમનો સંકલ્પ અંતર્યામીપણે જાણી કહ્યું : ''અંબાઈદાસ ! થડકો પામશો નહિ. મંદિરની કૂંચીઓ તો આ રહી, પણ અક્ષરધામની કૂંચી પ્રાગજી ભગતને સોંપી છે.'' એમ સમજ પાડીને ભગતજી સમ્યક્ પ્રકારે પોતાનું સ્વરૂપ છે અને મોક્ષનું દ્વાર પણ તેમના દ્વારા સદા ખુલ્લું રહેશે એ મર્મ સૌને સમજાવ્યો.

પછી તે મંડળ પંચતીર્થી કરવા ગયું. અંબાઈદાસે સ્વામીના પ્રૌઢ પ્રતાપની વાતો સોરઠમાં નજરે નિહાળી. વળી, પ્રાગજી ભક્ત વિષે સ્વામીનો પક્ષપાત પણ નજરે નિહાળ્યો હતો. તેથી તેમણે વરતાલ કાગળ લખીને આ બધી વિગતો જણાવી. આથી વરતાલમાં વિરોધનો વંટોળ વિશેષ ઊભો થયો.

ઊનામાં સ્વામીને ઠપકો દેવાનો ઠરાવ

સર્વત્ર સ્વામીના મૂળ અક્ષરસ્વરૂપના પડઘા પડવા લાગ્યા અને પ્રાગજી ભગતનો મહિમા પણ વધવા લાગ્યો. આથી, સંવત ૧૯૨૧ના હુતાશનીના સમૈયા ઉપર આચાર્ય મહારાજ તથા સર્વે સદ્‌ગુરુઓએ સ્વામીને ઠપકો દેવાનું નક્કી કર્યું હતું, પરંતુ સોરઠ દેશના સર્વે હરિભક્તોની હાજરીમાં તે થઈ ન શક્યું અને ત્યાર પછી વળી પંચતીર્થમાં ફરીને સર્વે સદ્‌ગુરુઓએ સ્વામીના અપાર મહિમાનો પ્રત્યક્ષ અનુભવ કર્યો. તેથી તે ઘટાડવા માટે વરતાલમાં સર્વેએ નક્કી કર્યું કે સ્વામીને જેમ બને તેમ વહેલાસર બોલાવીને જરૂર ઠપકો દેવો. તળ જૂનાગઢમાં તો ત્યાંના નાગર હરિભક્તોની હાજરીમાં તે ન બની શકે, એટલે ઊના જેવા એકાંત સ્થળમાં સ્વામીને બોલાવવાનો વિચાર સૌએ કર્યો અને ત્યાં સર્વ વાત સ્વામીને કહેવી તે પ્રમાણે નક્કી કરી, આચાર્ય મહારાજ તથા સદ્‌ગુરુઓ, વરતાલથી નીકળી ધોલેરે આવ્યા. સ્વામીને જૂનાગઢથી ઊને તેડી લાવવા માટે નિષ્કામાનંદ બ્રહ્મચારી, ત્રિકમચરણદાસ શાસ્ત્રી તથા મુકુંદચરણદાસ પુરાણીને જૂનાગઢ મોકલ્યા અને સ્વામીને કહેવરાવ્યું : ''ઊના તમારો દેશ કહેવાય, જેથી હરિભક્તોની ઓળખાણ આચાર્ય મહારાજને કરાવવા સારુ આપ ઊના પધારો.''

આ પ્રમાણે આ સદ્‌ગુરુઓએ જૂનાગઢ આવી સ્વામીને વાત કરી. સ્વામી તો અંતર્યામી, એટલે સર્વે હકીકત જાણતા હતા. તેથી તેમણે કહ્યું : ''અત્રે કારખાનું ચાલે છે અને રઘુવીરચરણદાસજી તે દેશમાં ફરે છે તો તે સર્વે હરિભક્તોની ઓળખાણ આચાર્ય મહારાજને કરાવશે.''

પરંતુ બ્રહ્મચારી તથા શાસ્ત્રીને તો સ્વામીને ઊને ગમે તેમ કરીને તેડી લાવવા માટે કહ્યું હતું. તેથી તેમણે તો સ્વામીને ઊના પધારવાનો બહુ જ આગ્રહ કર્યો. સ્વામી તેમનો આગ્રહ જોઈને બોલ્યા : ''ઠીક ત્યારે આવીશું.'' એમ કહી 'ઠાકર, ઠાકર' કહી મુક્તાનંદ સ્વામીનું પદ બોલ્યા :

''ભૂકો ભાર હરું સંતન હિત, કરું છાયા કર દોઈ,
જો મેરે સંતકુ રતિ એક દુવે, તેહી જડ ડારું મેં ખોઈ;
નારદ મેરે સંતસે અધિક ન કોઈ.''

એમ બોલીને વળી કહ્યું : ''જો આપણે ખરેખરા સાધુ હોઈશું, તો શ્રીજીના ચારે હાથ આપણી ઉપર જ છે. માટે મહારાજને ગમશે તે ખરું.''

પછી સ્વામી જૂનાગઢથી નીકળ્યા તે માર્ગમાં દિવસમાં ઘણી વખત આ ચરણ બોલતા અને પછી કહેતા કે ''આપણે સાધુ છીએ તે શું કરવા ફિકર કરવી પડે ? શ્રીજી આપણી રક્ષામાં છે !''

પછી રસ્તામાં રાત રહ્યા. રાત્રે પ્રાગજી ભક્ત સ્વામી પાસે આવ્યા અને હાથ જોડી પ્રાર્થના કરી પૂછ્યું : ''સ્વામી ! વારેવારે આપ આ ચરણ આજે બોલ્યા છો તે શું હેતુ છે ?''

એટલે સ્વામીએ કહ્યું : ''વરતાલ અને ગઢડાવાળાએ ઠરાવ કર્યો છે કે ઊને તેડી જઈને સ્વામીને ઠપકો દેવો છે અને તેં મારી બહુ મોટપ કહી છે તેથી તને સત્સંગ બહાર કરવો છે અને માથે ખડનો પૂળો મૂકી ગામેગામ તને ફેરવી, તારી પાસે કહેવરાવવું છે કે 'મેં સ્વામીને મૂળ અક્ષર કહ્યા છે તે વાત ખોટી છે,' એમ તારે મોઢે જ કહેવરાવવું છે, એવો ઠરાવ કર્યો છે. પણ મને એમ થાય છે કે મારા દેખતાં તારું અપમાન કરે તે મારાથી ખમાશે નહિ. વળી, આ સોરઠ દેશના હરિભક્તો પણ બહુ પ્રેમી છે, તે મારું અપમાન થતું દેખીને તેઓ પણ દુઃખી થઈ જશે. માટે આ દેશમાં કશું થવા દેવું નથી. વરતાલમાં તેમને જે કરવું હોય તે કરે, પણ આ દેશમાં તો કશું થવા દેવું નથી.''

તે સાંભળી ભગતજીએ હાથ જોડીને સ્વામીને પ્રાર્થના કરતાં કહ્યું :

''સ્વામી ! મને ગમે તેમ કહેશે ને ગમે તેટલું દુઃખ દેશે તે હું સહન કરીશ. પણ આપ કોઈ અન્યથા સંકલ્પ કરશો નહિ.''

ત્યારે સ્વામીએ કહ્યું : ''મારા દેખતાં તારું અપમાન થાય તે મારાથી ખમાય નહિ.''

પછી સૌ માળિયે પધાર્યા. માળિયામાં બે-ત્રણ દિવસ રોકાયા. નિષ્કામાનંદ બ્રહ્મચારી તથા ત્રિકમચરણદાસ ઉતાવળા થયા અને સ્વામીને કહ્યું : ''સ્વામી ! ચાલો ને, મહારાજ આવી ગયા હશે.''

એટલે સ્વામીએ તેમને કહ્યું : ''હરિજનોને રાખવાની તાણ છે, એટલે તેમનું મન દુખવીને જવું તે કેમ જવાય ?'' એમ કહી રોકાયા.

તે જ રાત્રે ઊંટ ઉપર પાળાઓ મહારાજનો કાગળ લઈ આવ્યા. કાગળ સ્વામીને આપીને કહ્યું : ''મહારાજ વરતાલ પાછા જાય છે અને ઊને નહિ પધારે, માટે તમો પાછા વળજો.''

પાળાએ આપેલો કાગળ શામજીભાઈ વાંચવા બેઠા, એટલે સ્વામીએ કહ્યું : ''અત્યારે થંભો, વિઘ્ન કરશો નહિ. સવારે વાંચીશું.''

સવાર થતાં સૌ નદીએ નાહવા ગયા. ત્યાં તે કાગળ વાંચ્યો. તેમાં લખ્યું હતું : ''કૃષ્ણપ્રસાદજી મહારાજ દેહ મૂકી ગયા છે, તેથી સૂતક પડવાથી સૌ વરતાલ પાછા ગયા છે અને હાલ ઊના જવાનું બંધ રહ્યું છે.''

ત્યાર પછી નાહીને સર્વે મંદિરે આવ્યા અને સાંજે માળિયેથી ચાલ્યા તે પાછા જૂનાગઢ આવ્યા. આ રીતે મહારાજે પોતાનું ધામ જે અક્ષર અને તેના પરમ એકાંતિક ભક્તની અલૌકિક રક્ષા કરી અને સર્વેને જણાવ્યું : ''ખરેખરા સાધુ તો એ છે. માટે રાગ-દ્વેષ છોડીને એમને વિષે પ્રીતિ રાખો.''

પરંતુ રાગ-દ્વેષાદિકનો સંપૂર્ણ અભિનિવેશ સર્વેમાં થયો હતો, એટલે ઉપાધિનો ઉપાડ ઘણો જ થયો. તેમાં ગઢડાવાળાએ પણ સાથ આપ્યો, કારણ કે સ્વામીની મોટપ અને ચારે તરફ થતું સન્માન જોઈ સૌ ઊકળી પડ્યા હતા.

ચોતરફ ઉપાધિનો ઉપાડ જોઈ એક દિવસ સભામાં પ્રાગજી ભગતને બોલાવીને સ્વામીએ કહ્યું : ''પ્રાગજી ! આ ફેરે વરતાલે પૂજા ખરી થવાની છે. બીજા કોઈને તો દુઃખ નહિ આવે. માટે નિરાંત રાખજો. માત્ર આ પ્રાગજીને દુઃખ આવશે અને એ ખમશે પણ ખરો, કાં જે મેં એનું બખતર એવું ઘડ્યું છે કે તેને એક પણ ટોચો વાગશે નહિ.'' એમ કહી સર્વેને ધીરજ આપી.

આ સત્સંગમાં કેટલાક ચાકર જેવા અને કેટલાક ધણી જેવા પણ છે

તળ જૂનાગઢમાં પણ સ્વામીની મોટપ સહન ન કરી શકનારામાં વિષમતાનું વિષ વ્યાપવા લાગ્યું. સ્વામી પોતાને વિષે અત્યંત નિષ્ઠા અને હેતવાળા સંતો તથા પાર્ષદોનું વિશેષ રાખતા તે બીજાથી સહન થતું નહીં. આથી કેટલાક આસુરી સ્વભાવવાળા સ્વામીની વિરુદ્ધમાં પડી ગયા. દ્વેષાગ્નિથી બળતા પાર્ષદો લાધો ભગત, ડુંગર ભગત તથા ગોવિંદ ભગત, લુણવીર કાઠી અને પૂંજો કોળી વગેરે લગભગ તેર જણા સ્વામીની વિરુદ્ધ પડી ગયા હતા અને દરેક રીતે મંદિરમાં નુકસાન કરતા હતા. તેમને સમજાવી, તેમનું પાર પડે એટલા માટે, સ્વામીએ તેમને માન આપી, આગેવાન કરી, ખેતીનું તમામ કામ સોંપેલ હતું. તે વખતે સાંખડાવદરનું ખડનું બીડ સરકારે લઈ લીધું હતું. એટલે સાંતલપુર બીડ રાખ્યું હતું અને ત્યાં નિત્ય ખડ લેવા જવાનું ચાલતું હતું. જ્યારે સાંખડાવદરનું બીડ હતું ત્યારે ખડનું ભરોટું લેવા બળદ જતાં, તેને એકાંતરે ઘી-ગોળ આપવાનો રિવાજ હતો. પણ જ્યારે ઢૂંકડું સાંતલપુરનું બીડ રાખ્યું ત્યારે રોજ એક ભરોટું ખડનું લાવે અને રોજ ઘી અને ગોળ કોઠારમાં માગે. કોઠારી ત્રિકમદાસે કહ્યું : ''રોજ ઘી-ગોળ નહિ આપું.''

આ કજિયો દિવાળીનો ચાલ્યો. તેમાં ભંડારી પણ ભળ્યા. તેથી રોજ બમણી રસોઈ કરે અને બમણું પીરસી દે અને જેટલું વધે એટલું બળદને ખવરાવી દે. એવી રોજ ઉપાધિ ચાલવા લાગી.

એક દિવસ ભંડારીએ બારીની સાખ લાવી ચૂલામાં નાખી બાળી દીધી. તે કોઠારીએ લાવી સ્વામીને બતાવી. ત્યારે સ્વામી બોલ્યા : ''આ સત્સંગમાં કેટલાક ધણી થઈને રહે છે ને કેટલાક ઘરના મનુષ્ય થઈને રહે છે, કેટલાક સાથી થઈને રહે છે, કેટલાક ચાકર જેવા અને કેટલાક સત્સંગના દ્વેષી પણ છે.'' આટલી વાત સ્વામીએ કરી, પણ કોઈને કાંઈ કહ્યું નહિ.

પણ ભંડારીને તથા ખેતીવાળાને કોઠારી ઉપર દ્વેષ બંધાઈ ગયેલો. ખેતીવાળા પૂળો નાખે અને તેના ઉપર પગ મૂકીને ચાલે. વળી, પૂળો છૂટો કર્યા વિનાનો જ ઢોરને નીરે. આથી બગાડ પણ બહુ થાય.

એક દિવસ જાગા સ્વામીના સેવકે વાસીદું વાળતાં જાગા સ્વામીને આ બતાવ્યું. તેમણે સ્વામીને બોલાવી આ બતાવ્યું. ત્યારે સ્વામીએ કહ્યું : ''ધન્ય

મારા ધણી, જેમ રાખે તેમ હાંકે.'' એમ કહીને બોલ્યા : ''આજે મારું માનતા નથી, પણ વરતાલનો કોઈ આવશે તો ગોદા ખાશે અને વિમુખ થવું પડશે.'' વગેરે કહી આસને આવ્યા, પણ તેમને કાંઈ કહ્યું નહિ !

પછી હુતાશનીનો સમૈયો થયો. તેમાં સર્વે હરિભક્તોને કથાવાર્તાનો સંતોષ આપી, સ્વામી વરતાલ ચૈત્રી સમૈયે જવા તૈયાર થયા.

વરતાલમાં ચૈત્રી સમૈયો

સંવત ૧૯૨૨નો ચૈત્રી સમૈયો કરવા સ્વામી જૂનાગઢથી નીકળ્યા ત્યારે ભગતજીને સ્વામીએ જૂનાગઢ રાખ્યા અને કહ્યું : ''આ પ્રાગજીમાં અહીંના હરિજનોને ઘણું હેત થયું છે, એટલે તેની વાતો સાંભળવાનો તેમને ઉમંગ છે. તેથી તેને અહીં હમણાં રાખીશું.''

શ્યામજીભાઈને કુંકાવાવ સુધી વસોવાળા વાઘજીભાઈનો સાથ કરી આપ્યો હતો, તેથી તે તેમની સાથે નીકળી મહુવા ગયા. સ્વામીએ તેમની સાથે મહુવાના હરિભક્ત વિઠ્ઠલભાઈ ઉપર કાગળ લખી મોકલ્યો હતો : ''શ્યામજી ઘેર આવે છે માટે તેમની ખબર રાખજો અને પ્રાગજીની વાતો સાંભળજો કાં જે એનું જ્ઞાન દૈવી અને સબીજ છે અને મારી અને શ્રીજીની મોટપ કહે છે પણ બીજાનો નિષેધ નથી કરતો.'' એ પ્રમાણે ભલામણ લખી આપી.

ભગતજીને સ્વામીએ આગળથી જ કહ્યું હતું : ''આ વખતે વરતાલમાં ઘણો ઊભરો ભરાયો છે અને બોલ્યા વગર તેઓ રહેવાના નથી. માટે તું જૂનાગઢ રહેજે.''

ગઢડામાં સ્વામીનો અદ્‌ભુત પ્રતાપ

સ્વામી રાજકોટથી નીકળી ગઢડા આવ્યા. જાગા ભગત સ્વામી સાથે ગઢડા સુધી આવ્યા હતા. અહીંથી સ્વામીએ તેમને જૂનાગઢ પાછા જવાની આજ્ઞા કરી : ''તમે પાછા જાઓ કાં જે તમારાથી પણ મારું અપમાન થશે તે ખમાશે નહિ.'' તેથી તેઓ ગઢડાથી જૂનાગઢ પાછા ગયા.

સ્વામી ગઢડામાં એક-બે દિવસ રોકાયા. સાંજે લક્ષ્મીવાડીએ દર્શન કરવા ગયા. ત્યાં પ્રસાદીના ઓટે સભા કરી. તમામ હરિભક્તોએ સ્વામીને હાર પહેરાવ્યા અને ગજરા ધરાવ્યા. સ્વામીએ પણ બ્રહ્મજ્ઞાનની અદ્‌ભુત વાતો કરી

અને આરતી પણ ત્યાં જ કરી અને ઘણાં કીર્તનો સંતો પાસે બોલાવ્યાં.

તે દરમ્યાન રાજકોટવાળા જેઠાભાઈ દરજીએ મંદિરમાં આવી દર્શન કરી સ્વામીની ખબર પૂછી. એટલે કોઠારી ભીમજીભાઈ બોલ્યા : ''સ્વામી તો મંદિર ઉજ્જડ કરી વાડીએ ગયા છે.''

અહો ! મોટાપુરુષનો આવો અદ્‌ભુત પ્રતાપ કે અનંતનાં નાડી-પ્રાણ ખેંચી પોતામાં જોડી દે, એમ જોવા છતાં પણ દિવાંધ હોય તેને સૂર્યનો મહિમા કેમ જણાય ?

જેઠાભાઈ વાડીએ આવ્યા અને ત્યાં દિવ્ય સભા જોઈ તેમને અતિ આનંદ થયો અને સ્વામીને દંડવત્ કર્યા. સ્વામીએ તેની દર્શનની ઉત્સુકતા અને પોતાના વિષેનો પ્રેમ પારખી, તેને પોતાની પાસે બેસાર્યો.

પછી સ્વામી મંદિરે પધાર્યા અને શયન આરતી કરી સભામાં ઘણી વાતો કરી. નિયમ-ચેષ્ટા કરી પોઢવા ગયા. તે વખતે જેઠાભાઈને બોલાવી સ્વામીએ કહ્યું : ''સવારમાં વહેલું ચાલવાનું છે, માટે નાહી-ધોઈને તૈયાર થઈ જજો.''

સવારમાં સ્વામી નિયમ પ્રમાણે ત્રણ વાગે ઊઠ્યા અને નાહી, પૂજા કરી, મંગળાનાં દર્શન કરી ચાલવાની તૈયારી કરી. જેઠાભાઈ પણ વહેલા ઊઠી, ઘેલે જઈ નાહી તૈયાર થઈ ગયા હતા. તે પણ સ્વામીની સાથે નીકળ્યા.

સ્વામી ગઢપુરથી નીકળી કારિયાણી પધાર્યા અને નથુ પટેલને ઘેર આવ્યા. અહીં સ્વામીએ નથુ પટેલને વાત કરી : ''આ સાધુ તો ધક્કા મારીને ધામમાં લઈ જાય એવા છે.''

ત્યારે નથુ પટેલે પૂછ્યું : ''સ્વામી ! ધક્કા શું ?''

ત્યારે સ્વામી બોલ્યા : ''આ લોકના તાલમેલ તોડી નાખે એ ધક્કા.'' એમ ઘણી જ વાત કરી. તેમને સાથે લઈને સ્વામી નાવડા, ધોલેરા થઈ સાબરમતી ઊતરી સીંજીવાડે પધાર્યા. ત્યાં પ્રભુદાસ બારોટને ઘેર રાત રહ્યા અને તેને ઘણી જ વાતો કરી નિષ્ઠાની પુષ્ટિ કરી દીધી. ત્યાંથી સોજીત્રા થઈને ચૈત્ર સુદિ સાતમને દિવસે સ્વામી મહેળાવ પધાર્યા.

મહેળાવમાં ગંગા અને સાગરનો સંગમ

મહેળાવમાં સ્વામી તળાવને કાંઠે ખુલ્લા મેદાનમાં તંબુમાં રાત રહ્યા. સવારે તો વરતાલથી હજારો હરિભક્તોનો સંઘ તથા ધર્મકુળ, ગોરધનભાઈ

કોઠારી, વિજ્ઞાનાનંદ સ્વામી, ઉપેન્દ્રાનંદ સ્વામી વગેરે મહેળાવ સુધી સામા આવ્યા અને મહેળાવના તળાવ ઉપર, વરતાલના સર્વ સંત-હરિભક્તો તથા જૂનાગઢ, ગઢડા અને ધોલેરાના સાધુ તમામનો ગંગા અને સાગરનો સંગમ થાય તે પ્રમાણે સંગમ થયો અને સર્વેએ સ્વામીને દંડવત્ કરી કોટમાં હાર પહેરાવ્યા.

મહેળાવનો મહિમા

સ્વામી પણ સૌનાં દર્શન કરી બોલ્યા : ''આ સ્થાન ઘણું જ પવિત્ર છે. શ્રીજીમહારાજ પાંચસો પરમહંસો સહિત ઘણી વાર આ સ્થાને થઈ વરતાલ પધાર્યા છે અને કેટલીક વખત અહીં રાત પણ રહ્યા છે. તેથી અમો દર વર્ષે અહીં ઉતારો કરીએ છીએ અને બ્રહ્મવિદ્યાની ઘણી વાત કરીએ છીએ. માટે આ સ્થાન તો અતિ ઉત્તમ છે. વળી, આ તળાવમાં શ્રીજીમહારાજ સંત-હરિભક્તો સહિત ઘણી વખત નાહ્યા છે, માટે તે પણ પ્રસાદી-તીર્થરૂપ છે. આ ગામમાં ઘણા મુક્તોએ દેહ ધર્યા છે અને શ્રીજીમહારાજના વખતમાં પચાસ નંદ સાધુઓ તો આ ગામમાંથી જ થયા હતા. વળી, ખુશાલ, નરોત્તમ, શંભુ ઝવેરીદાસ, અજુ ઝવેરીદાસ, વેણીભાઈ, પીતાંબર શેઠ, પૂજાભાઈ, જેસીંગભાઈ, ગલો પગી, રૂડો વાળંદ વગેરે ઘણા ઘણા મુક્તો આ ગામમાં અવતરેલા છે અને હજુ પણ આવ્યા કરે છે. એવું આ ગામ ઉત્તમ તીર્થરૂપ છે, માટે આ ગામમાં જન્મ પામનારાનાં ધનભાગ્ય છે અને તેઓ સર્વે પરમપદને પામશે.'' એ પ્રમાણે મહેળાવના મહિમાનાં વચનો સ્વામીએ સભામાં કહ્યાં.

સ્વામીનું વરતાલમાં અપમાન

આઠમને દિવસે સવારે સ્વામી સર્વ સંઘ સાથે વરતાલ જવા નીકળ્યા. સાવજી કૂઈ સુધી આચાર્ય મહારાજ પણ સામે આવ્યા અને વાજતે-ગાજતે સૌ મંદિરમાં આવ્યા. ઠાકોરજીનાં દર્શન કરી ચોકમાં જ ચંદની તળે સભા ચિક્કાર ભરાઈને બેઠી હતી ત્યાં સ્વામી પધાર્યા. સર્વે હરિભક્તો સ્વામીનાં દર્શન કરવા અને દંડવત્ કરવા ઊભા થઈ ગયા. સ્વામીએ દર્શન આપી બે હાથ ઊંચા કરી શાંતિ રાખવા કહ્યું. પછી સભામાં ખુરશી નાખી સ્વામી બિરાજ્યા અને ઘણી જ વાતો કરી.

આવી રીતે રામનવમીનો સમૈયો અદ્ભુત ભરાયો અને સૌ કોઈ

સ્વામીના પ્રતાપમાં ખેંચાઈ ગયા. સ્વામીને જે કંઈ કહેવાનો બધાનો સંકલ્પ હતો, તે આ દિવસે તો પૂરો ન થયો એટલે પૂનમના દિવસની રાહ જોઈ સર્વે બેઠા.

પૂનમના દિવસે સવારમાં મંગળા આરતી પછી સભા થઈ. આ વખતે સ્વામીને ઠપકો દેવાનું સૌએ અગાઉથી જ નક્કી કર્યું હતું. તેથી પ્રથમ તો હાથીવાળા ગોવિંદ પાળાએ તલવાર રાખવાનો ચાંદીનો મોવટો કરાવ્યો હતો, તેને ઊભો કરી ઠપકો દેવાનું નિમિત્ત ઊભું કર્યું. તે પ્રકરણ પત્યું એટલે શુકમુનિના સાધુ હરિસ્વરૂપદાસજીએ અગાઉથી પઢાવી રાખેલા કરુણાનંદ બ્રહ્મચારી ઊભા થયા. હરિસ્વરૂપદાસજીને સ્વામીએ જૂનાગઢમાં સેંજળના માણસિયા ખુમાણનું આમંત્રણ ન સ્વીકારવા માટે ઠપકો આપ્યો હતો, તેમને ત્યારથી જ સ્વામીનાં હિતકારી પણ કટુ વચન સાંભળી, તેની ઊલટી અસરમાં સ્વામી તરફ અસદ્ભાવ ઉત્પન્ન થયો હતો અને શુક સ્વામીને પણ સ્વામી વિરુદ્ધ અસદ્ભાવ કરાવ્યો હતો, તેમણે અગાઉથી ચઢાવેલા કરુણાનંદ બ્રહ્મચારી બોલ્યા : ''એ પાળાને વઢો છો, પણ આ ગુણાતીતાનંદ સ્વામી પણ પ્રભુ થયા છે અને લોકો તેમની ભગવાનની જેમ પૂજા કરે છે; તેમના નખ, કેશ વગેરે પૂજાય છે. તેમને કેમ કોઈ કાંઈ કહેતું નથી ?''

એટલે શુક સ્વામી બોલ્યા : ''સ્વામી ! તમે પણ કેમ કંઈ તજવીજ રાખતા નથી ? તમારે ત્યાં જૂનાગઢમાં અનેક જાતની ઉપાધિઓ ઊપજે છે તેમાં શું તમારી મરજી છે ?'' એમ કહીને શુકમુનિ બોલ્યા : ''મને કોઈ શુકજી કહેશો નહિ અને તમને બધા અક્ષર માને છે તે તમે અક્ષર માનશો નહિ.''

શુકમુનિનાં આવાં વચન સાંભળી સ્વામી શાંત ચિત્તે, સ્થિતપ્રજ્ઞતાથી ધીર ગંભીર સ્વરે ઊભા થઈને બોલ્યા : ''સારું, પ્રભુ તો એક શ્રીજીમહારાજ છે. તેથી કોણેય પ્રભુ થવાશે નહિ. આપણે તો સાધુ[૩૫] છીએ, એટલે જેટલામાં

---

૩૫. એકાંતિક ભક્ત હોય તે પોતાનું રૂપ દેહ માને નહિ ને પોતાને ચૈતન્યરૂપ માને અને સ્વધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય તેણે સહિત ભગવાનની ભક્તિ કરે ને એક ભગવાન વિના બીજા કોઈ પદાર્થની વાસના રાખે નહિ, અને એ જ્યારે એ ભગવાનને ભજીને આવી રીતનો સાધુ થયો, ત્યારે સાધુ થકી કોઈ બીજી મોટી પદવી નથી. જેમ રાજા હોય અને તેની રાણી હોય તે જેટલામાં રાજાનું રાજ્ય છે તેટલામાં રાણીનું રાજ્ય પણ કહેવાય અને જેવો રાજાનો હુકમ ચાલે તેવો જ રાણીનો હુકમ ચાલે, તેમ ભગવાનનો જેવો પ્રતાપ છે તેવો જ એ સાધુનો પણ પ્રતાપ છે. — ગ.મ. ૨૨.

રાજાનું રાજ્ય એટલામાં રાણીનું રાજ્ય. જેવો રાજાનો હુકમ ચાલે, તેવો જ રાણીનો પણ હુકમ ચાલે ને જેવો ભગવાનનો પ્રતાપ, તેવો સાધુનો પણ પ્રતાપ કહેવાય.''

આ પ્રમાણે સ્વામી બોલ્યા તેથી કોઈ બોલી શક્યું નહિ. પરંતુ હજુ પ્રાગજી ભગત સંબંધી કાંઈ જ વાત નીકળી નથી અને સ્વામીનો મહિમા પ્રાગજી તથા શામજી અપરંપાર કહે છે, તે સ્વામી નહિ હોય ત્યારે તેને કાઢવા કઠણ પડશે, એમ સર્વેને લાગવાથી સભામાં જ એ પ્રસંગ કાઢવા સૌને વિચાર હતો. તેથી સૌ મોટાની મર્યાદા છોડી, વિવેકહીન થઈ, ઊંચા-નીચા થવા લાગ્યા. પરંતુ એટલામાં શાસ્ત્રી બળરામદાસજીએ આચાર્ય મહારાજને મેડે જઈ આચાર્ય મહારાજ પૂજા કરતા હતા ત્યાં આવીને કહ્યું : ''સભામાં મોટાનું અપમાન થાય છે, તેમાંથી ઘણાનું ભૂંડું થશે.''

તેથી મહારાજ તરત જ સભામાં આવ્યા અને દયાનંદ બ્રહ્મચારી જે ઠાકોરજીની સેવામાં હતા તેમને શણગાર આરતી કરવાનું કહેવરાવ્યું.

આચાર્ય મહારાજ સભામાં પધાર્યા તે પહેલાં સભામાં સીંજીવાડાના પ્રભુદાસ ઊભા થઈને બોલવા લાગ્યા : ''તમે આ શું બોલો છો ? સ્વામીને આ રીતે ઠપકો આપવો અને અસભ્ય રીતે બોલવું એમાં તમારી લાયકાત છે ?''

એટલામાં આચાર્ય મહારાજ સભામાં આવ્યા અને આરતીનો ડંકો થયો એટલે સભા વિસર્જન થઈ. સ્વામી મહારાજ સાથે દર્શને ગયા. દર્શન કરી દક્ષિણાદે પગથિયેથી નીચે ઊતરતાં નીચે એક માળી ગુલાબના હાર તથા ગજરાની ટોપલી ભરીને ઊભો હતો, તે મહારાજને નમસ્કાર કરી ઊભો રહ્યો. મહારાજે તેને પૂછ્યું : ''શું લાવ્યો છે ?''

તેણે કહ્યું : ''હાર અને ગજરા છે.''

એટલે મહારાજે કહ્યું : ''આ સ્વામીને હાર પહેરાવ.''

ત્યારે તેણે સ્વામીની કોટમાં ગુલાબનો હાર નાખ્યો. ત્યાંથી સ્વામી અને મહારાજ ચાલ્યા અને મહારાજશ્રી હવેલીનાં પગથિયાં આગળથી મેડે પધાર્યા. સ્વામી સાધુની ધર્મશાળામાં જતા હતા, ત્યાં સામેથી શુકમુનિના સાધુ હરિસ્વરૂપદાસજી મળ્યા. તે સ્વામીને પગે લાગ્યા. એટલે સ્વામીએ કોટમાંથી હાર કાઢી તેને પહેરાવ્યો અને બોલ્યા :

“હળદી જરદી નવ તજે, ખટરસ તજે ન આમ;
ગુણીજન ગુણકું નવ તજે, અવગુણ ન તજે ગુલામ.”

એટલું કહીને સ્વામી આગળ ચાલ્યા અને અદ્‌ભુતાનંદ સ્વામી, શુક સ્વામી અને પવિત્રાનંદ સ્વામીનાં આસનો પાસેથી નીકળ્યા. તેથી તે દરેક સદ્‌ગુરુએ સ્વામીને પોતાના આસને બોલાવી, ધોતિયું ઓઢાડી, સાકરનો પડિયો ભેટ મૂક્યો. શુક સ્વામીએ તો સ્વામીની પહેરેલી કંઠી અને જનોઈ પ્રસાદીની લઈ, નવી કંઠી તથા જનોઈ સ્વામીને પહેરાવ્યાં અને જૂની પ્રસાદી પોતાની પાસે રાખી અને સ્વામીને હાથ જોડી પ્રાર્થના કરી : “સ્વામી ! અમારું બોલ્યું માફ કરજો.”

પ્રાગજી ભગતને વિમુખ કર્યા

પછી રાજભોગની આરતી વખતે સ્વામી દર્શને પધાર્યા ત્યારે પાછા વળતાં ખળીમાં આચાર્ય મહારાજ, કોઠારી ગોવર્ધનભાઈ, પવિત્રાનંદ સ્વામી, શુક સ્વામી, એ ચારેયે મળીને સ્વામીને ઊભા રાખી વાત કરી : “સ્વામી ! આપ તો ઈશ્વરમૂર્તિ છો અને અમારે સર્વેને ઘણા પૂજ્ય છો અને વળી સમર્થ છો.” એમ પ્રાર્થના કરીને કહ્યું : “અમારે તો કંઈ નથી, પણ આ ગઢડાવાળાને બહુ ચડસ છે; જેથી પ્રાગજી, શામજી, વસોના વાઘજીભાઈ, કારિયાણીના નથુ પટેલ, બોટાદના કેશવલાલ શેઠ, જેઠાખાચર, મનજી ઠક્કર વગેરે મળી અગિયાર જણાને સત્સંગમાંથી વિમુખ કરવાનું વારંવાર કહે છે. પરંતુ તેમાંના કેટલાક મોટા ગૃહસ્થ હરિભક્તો છે. તેમનો બહિષ્કાર કરવાથી સત્સંગમાં ઉપાધિ થાય. એટલે છેવટે પ્રાગજી તથા શામજીનું નક્કી કર્યું છે. તેમાં તમારી શી આજ્ઞા છે ?” આમ પૂછ્યું.

એટલે સ્વામી એકદમ ગંભીર થઈ ગયા અને થોડી વાર વિચારીને બોલ્યા : “આમાં પ્રાગજીનો કાંઈ વાંક નથી. તેણે તો ફક્ત મારી મોટપ કહી છે, તે હું ના કહીશ એટલે આળસી જશે અને શામજીની વાતમાં બીજાનો નિષેધ આવે છે. માટે એકલા શામજીને વિમુખ કરો.”

ત્યારે ત્રણે જણે કહ્યું : “સારું.”

પણ પવિત્રાનંદ સ્વામી બોલી ઊઠ્યા : “પ્રાગજી તો જૂનાગઢમાં મારી સામું બોલ્યો છે. એટલે તેને વિમુખ કરવાનો મેં ઠરાવ કર્યો છે. માટે તેને

વિમુખ કરવો છે.'' એ સાંભળી સ્વામી 'ઠાકર, ઠાકર' કહી ત્યાંથી ચાલ્યા ગયા.

પછી ચારે જણાએ ભેગા મળી એ બંનેને વિમુખ કરવાનું નક્કી કર્યું અને દરેક મંદિરમાં એ પ્રમાણેના કાગળો લખ્યા, જેથી કોઈ તેમને મંદિરમાં દાખલ થવા ન દે. શામજીભાઈને તો અગાઉથી જ સ્વામીએ ઘેર મોકલી દીધા હતા અને પ્રાગજી ભગત જૂનાગઢ હતા, પણ તેમને વિમુખ કર્યાનો કાગળ મંદિરમાં આવ્યો એટલે તેમણે પણ મંદિરમાંથી ઘેર જવાની તૈયારી કરી.

જૂનાગઢ આવો તો બ્રહ્મરૂપ કરી મેલું

બીજે દિવસે સવારમાં સભામાં સ્વામી બિરાજ્યા હતા. તે વખતે નડિયાદવાળા ઝવેરીલાલભાઈ તથા તેમના પિતા ઉલ્લાસરામભાઈ પણ સ્વામીનાં દર્શન કરતાં ત્યાં બેઠા હતા. તે વખતે શુકમુનિએ તેમના સાધુ પાસે ધોતિયું મંગાવી ઝવેરીલાલને કહ્યું : ''સ્વામીની પૂજા કરો અને ધોતિયું ઓઢાડો.'' તેથી ઝવેરીલાલે સ્વામીની પૂજા કરી. પછી શુકમુનિએ કહ્યું : ''સ્વામી ! આ બહુ સારા સત્સંગી છે અને જે દિવસે નડિયાદમાં અમારી પૂજા કરી હતી, તે દિવસથી આપ સારુ તથા આચાર્ય મહારાજ સારુ ધોતિયાં રાખી મૂક્યાં હતાં. તે આજે આપને પૂજા કરી ઓઢાડ્યાં.''

ત્યારે સ્વામીએ તેમના ઉપર દૃષ્ટિ કરી અને બોલ્યા : ''તમને સારા એકાંતિકનો જોગ થશે.''

પછી સભામાં ત્ર્યંબકલાલ આવ્યા. તેમણે સ્વામીને પૂછ્યું : ''સ્વામી ! મારે ઘરભંગ થયું છે તે હું શું કરું ?''

ત્યારે સ્વામી બોલ્યા : ''ચાલ જૂનાગઢ, બ્રહ્મરૂપ કરી મેલું.'' એમ કહી તેના તરફ દૃષ્ટિ કરી. તેથી તેના સંકલ્પ બધા બંધ થઈ ગયા.

પછી ધર્મસ્વરૂપાનંદ – મહારાજના મળેલા બ્રહ્મચારી હતા, તેમણે સ્વામીને કહ્યું : ''સ્વામી ! મને રસાસ્વાદ નડતો નથી, પણ બીજા દોષ નડે છે.''

ત્યારે સ્વામી કહે : ''એક લક્ષણ આવ્યું છે અને બીજાં રહ્યાં છે. તે ચાલો જૂનાગઢ, બીજાં ૨૯ લક્ષણો પૂરાં કરી આપું.'' એમ ઘણી જ બળની તથા પોતાના સંબંધથી જ બ્રહ્મરૂપ કરી મેલવાની અતિ મોટી વાત સ્વામીએ સભામાં કહી. પણ જેને સમજાય તેનું કામ થઈ જાય.

તે વખતે એક સાધુ આવ્યા અને તેમણે સ્વામીની પૂજા કરી. ત્યારે

સ્વામીએ પૂછ્યું : ''સાધુરામ ! શેની પૂજા કરો છો ?''

ત્યારે શુકમુનિ બોલ્યા : ''ભાગવત ભણવાની શરૂઆત કરે છે, તેથી આપની પૂજા કરી છે.''

પછી સ્વામીએ તેમને કહ્યું : ''પહેલાં કોઈ સારા સાધુ પાસે ઉપાસના ભણજો, પછી ભાગવત ભણજો. નહિ તો પછી ઉપાસના ફરી જશે.''

તે વખતે સભામાં બેઠેલા મહેમદાવાદના કેશવલાલ નામના વડાદરા બ્રાહ્મણે સ્વામીને વાત કરી : ''સ્વામી ! ઉપાસનાની વાત તો આજે પ્રાગજી ભગત કરે છે. આગલી સાલે તેમની વાતો મેં સાંભળી ત્યારે મને આપના મૂળ અક્ષરસ્વરૂપની તથા મહારાજના પુરુષોત્તમપણાની નિષ્ઠા થઈ. અને વળી, પ્રાગજી ભગતની વાત સાંભળીને હરિકૃષ્ણ ભટ્ટ, જીભાઈ શેલત, પ્રભુદાસ બારોટ તથા લલ્લુભાઈ દેસાઈને પણ સર્વોપરી નિષ્ઠા થઈ. એવી પરા ને પાર વાતો પ્રાગજી ભગત કરે છે અને સૌનાં હૈયાં ઠારી દે છે.''

આ વાત સાંભળી સ્વામી મંદ મંદ હસ્યા પણ કંઈ બોલ્યા નહિ.

શાસ્ત્રીજી મહારાજને સ્વામીના આશીર્વાદ

સ્વામી વરતાલનો સમૈયો કરી જૂનાગઢ જવા નીકળ્યા. તે વખતે મહેળાવના શંભુ ઝવેરીદાસ ધામમાં ગયા હતા. તેમના કારજ પ્રસંગે તેમના દીકરા કરસનજીભાઈએ આચાર્ય મહારાજ તથા સર્વે સંતોને તેડાવ્યા હતા. આચાર્ય મહારાજ સાથે સાતસો સંતો તથા હરિભક્તોનો સંઘ મહેળાવ આવ્યો. સ્વામી પણ સાથે હતા. તે વખતે ધોરીભાઈના મોટા દીકરા મથુરભાઈ, તેમના નાનાભાઈ ડુંગર (પાછળથી શાસ્ત્રીજી મહારાજ શ્રી યજ્ઞપુરુષદાસજી) તે વખતે સવા વર્ષના હતા. તેમને સ્વામી પાસે વર્તમાન ધરાવવા લાગ્યા. સ્વામી તે બાળક સામે અનિમિષ દૃષ્ટિએ જોઈ રહ્યા અને પછી માથે હાથ મૂકતાં પૂછ્યું : ''આને હજુ વર્તમાન નથી ધરાવ્યાં ?''

ત્યારે મથુરભાઈએ કહ્યું : ''સ્વામી ! ચોમાસામાં શુક સ્વામી પાસે ધરાવ્યાં છે, પણ આપ ધરાવો તો સારું.''

એ સાંભળી સ્વામીએ કહ્યું : ''શુક સ્વામી તો શ્રીજીમહારાજનો જમણો હાથ કહેવાય. તેથી તેમણે વર્તમાન ધરાવ્યાં તે તો શ્રીજીમહારાજે જ ધરાવ્યાં કહેવાય. માટે ફરી ધરાવવાની જરૂર નથી.'' એમ કહીને તેમને માથે બે હાથ

મૂક્યા અને પતાસાંની પ્રસાદી આપી રાજી થઈને બોલ્યા : ''આ તો અમારા જ છે અને અમારી સેવા કરવા આવ્યા છે. તે અમારી સેવા કરશે અને મહિમા વિસ્તારશે અને તમારો તથા બીજા અસંખ્ય જીવોનો ઉદ્ધાર કરશે. આને અને અમારે જૂની ઓળખાણ છે અને આની મારફતે તો અમારે ઘણાં કામ કરવાનાં છે.'' એ પ્રમાણે સ્વામીએ કહ્યું. તે સાંભળી સર્વે રાજી થયા અને બાળકને લઈને ઘરે ગયા.

સ્વામી મહેળાવથી ચાલ્યા અને નાર, બુધેજ, ધોલેરા થઈને સારંગપુર પધાર્યા. ત્યાં દેહાખાચર, નથુ પટેલ, જેઠાખાચર, જસો ગોર, કેશવલાલ શેઠ વગેરે ભેગા થયા અને સ્વામીનું આવી રીતે વરતાલમાં અપમાન કર્યું તેથી ઘણા દિલગીર થયા. સ્વામીએ તેમને શાંત કર્યા અને કહ્યું : ''સાધુને માન-અપમાન હોય જ નહિ. માટે મહારાજની ઈચ્છાનુસાર રાજી રહેવું.''

આવી અજોડ સાધુતા બીજામાં ભાગ્યે જ જોવા મળે !

સ્વામી સારંગપુરથી ગઢડે આવ્યા. રાધાવાવ સુધી સિદ્ધાનંદ સ્વામી પણ સ્વામીની ગાડીમાં બેઠા હતા. તે વખતે તેમણે પણ કહ્યું : ''વરતાલવાળાઓએ બહુ જ ખોટું કર્યું.'' એમ બે-ત્રણ વખત કહ્યું.

એટલે સ્વામી બોલ્યા : ''તમારા વિના એમણે બાકી રાખ્યું નથી. માટે એ વાત હવે જવા દ્યો.''

અહીંથી નીકળી ફરતાં ફરતાં કુંકાવાવ પધાર્યા. કુંકાવાવથી વાંકિયા, કોટડા થઈ ગોંડલ પધાર્યા. ત્યાં જેઠા મહારાજ, લાધો રાઠોડ, દામાભા વગેરે તમામ હરિજનોએ સ્વામીની સેવા કરી. પછી જેતપુર થઈ સ્વામી જૂનાગઢ પધાર્યા.

બ્રહ્મચારી અચિંત્યાનંદજી સ્વામીને તેડવા કાળવાને દરવાજે સામે આવ્યા. ત્યાં સંત-હરિભક્તોએ સ્વામીની કોટમાં હાર પહેરાવ્યા. આથી સ્વામીની મૂર્તિ અલૌકિક શોભતી હતી. સ્વામીની આવી અદ્‌ભુત મૂર્તિનાં દર્શન કરીને એક સાંઈ, મસીદના મિનારા ઉપર ઊભો રહીને બાંગ પોકારતો હતો, તે એકદમ બોલી ઊઠ્યો : ''દેખો દેખો, સ્વામિનારાયણ કા બાવા કૈસા બન્યા હૈ !''

આ સાંભળી સ્વામી હસ્યા અને બોલ્યા : ''હવે એને બાંગ પોકારવી નહિ પડે.''

પછી સ્વામી મંદિરમાં પધાર્યા અને મંદિરના ચોકમાં આવી ઘોડી ઉપરથી ઊતર્યા. ત્યાં લીમડાનાં ફૂલ વાયુથી ખર્યાં. તેની સુગંધી સ્વામીને આવી. તેથી સ્વામી બોલ્યા : ‘‘ઝાડ જેવી જડ વસ્તુ પણ પોતાનો ગુણ આપે છે, તો સત્પુરુષ પોતાનો ગુણ કેમ ન આપે ?’’ એમ કહી સ્વામી ધર્મશાળામાં પધાર્યા.

ભગતજીને ઝેર આપી મંદિરમાંથી રજા આપી

સ્વામી જૂનાગઢ પધાર્યા તે પહેલાં જ ભગતજીને ઘેર મોકલી દેવાનો વરતાલથી કાગળ આવ્યો હતો એટલે તે ઘેર જવા તૈયાર થયા. રસ્તામાં જમવા માટે ભંડારી સાધુ કુંજવિહારીદાસે ઝેર ભેળવી લાડુ બનાવી ભગતજીને આપ્યા. તે લઈ ભગતજી જૂનાગઢથી નીકળ્યા. અંતર્યામીપણે લાડુમાં ઝેર હોવાનું ભગતજી જાણતા હતા પરંતુ ઝેર આપે કે અમૃત આપે – સાધુતાનું લક્ષણ એ છે કે સર્વે અંગીકાર કરવું, એમ સમજી સાવરકુંડલા નજીક નાવલી નદીના કાંઠે આવી તેમાંથી થોડુંક ખાધું અને બાકીનું જમીનમાં ઊંડો ખાડો ખોદી દાટી દીધું કે જેથી જનાવર પણ ગંધ ન લઈ શકે. ઝેર બહુ જ આકરું હોવાથી પેટમાં સોંસરું ઊતર્યું અને ભગતજીને તરત જ બેશુદ્ધિ આવવા લાગી. તે વખતે એક ગાડાવાળો ગામમાં જતો હતો. તેને ભગતજીએ કહ્યું : ‘‘મને મહુવે પહોંચાડ તો અડધો રૂપિયો આપીશ.’’

ગાડાવાળાએ રૂપિયો માગ્યો અને ભગતજીએ ના કહી, એટલે ગાડાવાળો ગામમાં ગયો. પણ ગામમાં ભાડું ન મળવાથી પાછો ફર્યો અને ભગતજીને બેસારીને મહુવા પહોંચાડ્યા.

મહારાજે દર્શન દઈ દવા કરી

ભગતજીને ઝેરની અતિ આકરી અસર થઈ. શ્રીજીમહારાજના પ્રતાપથી ઝેર પચાવી તો શક્યા, પરંતુ આખા શરીરે ફોડલા નીકળ્યા અને શરીરની ચામડી ઊખડી ગઈ, ગળું બંધ થઈ ગયું અને કંઈ પણ ખોરાક લઈ શકાય એવી સ્થિતિ રહી નહિ. આવી ગંભીર માંદગી થઈ ગઈ એટલે તેમના મોટાભાઈ નરસિંહભાઈએ ગામના વૈદ્યને બોલાવી તબિયત બતાવી. ત્યારે તેમણે કહ્યું : ‘‘કોઈકે આકરું ઝેર આપ્યું છે. તેથી રૂપિયા બસો આપો તો દવા કરી મટાડી દઉં.’’

નરસિંહભાઈએ કહ્યું : ''બસો રૂપિયામાં તો આ ખોરડું ઘરાણે મૂક્યું છે, તે છૂટું કરવાના પૈસા નથી તે તમને ક્યાંથી આપું ?''

ભગતજીએ તેમના ભાઈને કહ્યું : ''વૈદ્યની દવાની જરૂર નથી. મહારાજ અને સ્વામી મટાડી દેશે.''

તે જ રાત્રે શ્રીજીમહારાજે દર્શન દીધાં અને પોતાનું સ્વરૂપ મોટું વધારીને પલાંઠી વાળી બેઠા. પછી ભગતજીને પલાંઠીમાં સુવારીને આખા શરીરે હાથ ફેરવ્યો અને પછી કહ્યું : ''શેર અડદ બાફીને તેના પાણીમાં રૂપિયાભાર ઘી નાખીને તે પાણી જ ફક્ત પીવું.'' એમ કહી અંતર્ધાન થઈ ગયા.

આ પ્રમાણે બે માસ ઉપચાર કર્યો ત્યારે મટ્યું. ત્યાર પછી ભગતજી ઘેર જ રહ્યા.

સત્પુરુષનો હેડો

સ્વામી જૂનાગઢમાં આવ્યા તેના બીજા દિવસે બાલમુકુંદદાસજી સ્વામીને નવરાવતા હતા. એટલામાં ઘોડી હણહણી. એટલે સ્વામીએ પૂછ્યું : ''ઘોડી કેમ હણહણે છે ?''

ત્યારે બાલમુકુંદ સ્વામીએ કહ્યું : ''તેની સાથેની બીજી ઘોડી ગઈ કાલે વેચી દીધી. એટલે તેની સાથે હેડો થયો હશે, તેથી હણહણે છે.''

આ સાંભળી સ્વામી બોલ્યા : ''તમને સત્સંગમાં આવ્યે કેટલાં વરસ થયાં ?''

ત્યારે તેમણે કહ્યું : ''ચૌદેક થયાં !''

પછી સ્વામીએ કહ્યું : ''આ ઘોડી જેટલો હેડો સત્પુરુષ સાથે થયો છે ?''

તેમણે કહ્યું : ''ના.''

ત્યારે સ્વામી બોલ્યા : ''મોટાપુરુષ સાથે જીવ જડ્યા વિના સુખ, શાંતિ કે ગુણ આવે જ નહીં.'' એટલી વાત કહી સ્વામી નાહીને આસને આવ્યા. ત્યાં બેસીને બાલમુકુંદ સ્વામીને કહ્યું : ''આત્માનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી વગેરેએ જેવો હું છું તેવો મને ઓળખ્યો નથી, તો આજના શું સમજશે અને ઓળખશે ? પણ મોટા મોટા સદ્‌ગુરુને સેવી ગુરુ કર્યા છે અને જ્ઞાન ભેગું કર્યું છે, તો તમારે તો આ સાધુ સેવવાથી બધાયનો સમાગમ થઈ રહ્યો.''

મહંતાઈ સોંપી દીધી

સંવત ૧૯૨૨નો જન્માષ્ટમીનો મોટો સમૈયો ભરાયો અને સોરઠ તથા ગુજરાત, સૌરાષ્ટ્ર વગેરે દેશના ઘણા હરિભક્તો આવ્યા. તેમને સ્વામીએ મહારાજના પુરુષોત્તમપણાની અને અક્ષરના સ્વરૂપનિર્ણયની ઘણી વાતો કરી નિષ્ઠા બેસારી.

તે પછી સ્વામી જલઝીલણીનો સમૈયો કરવા ઊના જવા નીકળ્યા. સંતો-હરિભક્તોના સંઘ સાથે સોરઠમાં ફરતાં ફરતાં સ્વામી ખંઢેરા પધાર્યા. અહીં સ્વામીને સમાચાર મળ્યા કે આચાર્ય મહારાજ ગઢડા પધાર્યા છે. આથી, સ્વામીએ બે સંતોને તેમની પાસે મોકલીને આચાર્ય મહારાજને જૂનાગઢમાં અન્નકૂટોત્સવનું નિમંત્રણ પાઠવ્યું. આચાર્ય મહારાજે આ નિમંત્રણ સ્વીકાર્યું એટલે સ્વામી ખંઢેરાથી પાછા જૂનાગઢ પધાર્યા. આચાર્ય મહારાજ પણ જૂનાગઢ પધાર્યા.

અહીં બે-ત્રણ દિવસ પછી સ્વામીએ આચાર્ય મહારાજને કહ્યું : ''હવે અમે વૃદ્ધ થયા છીએ, માટે તમે કહો તેને મહંતાઈની ચાદર ઓઢાડીએ.''

આચાર્ય મહારાજે કહ્યું : ''અચિંત્યાનંદ બ્રહ્મચારીને ચાદર ઓઢાડો અને રઘુવીરચરણદાસજી બધું કામકાજ કરશે.''

સ્વામીએ આ આજ્ઞા અનુસાર બધો વહેવાર સોંપીને હવે દિવસ-રાત કથાવાર્તામાં વિતાવવા માંડ્યા.

થોડા સમયમાં સં. ૧૯૨૩નો અન્નકૂટનો સમૈયો આવ્યો. સ્વામીએ આચાર્ય મહારાજ સાથે આ સમૈયો ધામધૂમથી ઊજવ્યો. આ સમૈયામાં જેટલા હરિભક્તો આવ્યા હતા તે સૌને સ્વામીએ દર્શન અને વાતોનું અપાર સુખ આપ્યું. હવે પૃથ્વી પરથી પોતાને અંતર્ધાન થવાનું હોવાથી આ છેલ્લો અન્નકૂટોત્સવ હતો. આથી, સ્વામી જે જે હરિભક્તો આવતા તેમને આગ્રહ-પૂર્વક રોકી, કથાવાર્તા કરી, મહારાજના સ્વરૂપની દૃઢ નિષ્ઠા કરાવતા.

સ્વામીનું સોરઠ અને બાબરિયાવાડમાં વિચરણ

સમૈયો વિખરાયા બાદ આ સમૈયામાં આવેલા સોરઠના હરિભક્તોએ આચાર્ય મહારાજને પોતાના ગામોમાં પધારવા વિનંતી કરી. આચાર્ય

મહારાજની તબિયત સારી રહેતી નહોતી. આથી તેઓ જવા માટે રાજી નહોતા. પરંતુ સ્વામીના આશીર્વાદથી તબિયત સારી થઈ ગઈ અને તેથી સ્વામીની રુચિ જાણીને તેઓ સ્વામી સાથે સોરઠમાં વિચરણ કરવા નીકળ્યા.

જૂનાગઢથી નીકળી આચાર્ય મહારાજ તથા સૌ સંતો સાથે વિચરણ કરતાં કરતાં સ્વામી ઊના પધાર્યા. ઊનામાં બહુ જ ધામધૂમથી વાજતે-ગાજતે સામૈયું કર્યું અને સમૈયો પણ સારો થયો. ભગતજી તથા શામજીભાઈ ત્યાં દર્શને આવ્યા. તેમને સ્વામીએ એકાંતમાં બોલાવી વાતો કરી અને ધીરજ આપી. તેમને ત્રણ દિવસ સાથે રાખ્યા અને રોજ પ્રસાદી મોકલાવી ખબર રખાવી. પછી સ્વામીએ તેમને ઘેર જવા આજ્ઞા કરી. એટલે તે બંને ઘેર ગયા.

જૂનાગઢથી જાગા ભગત વગેરે સાધુ, પાળા વરતાલ જવા સારુ નીકળ્યા અને બાબરિયાવાડમાં બારપટોળી જતાં જતાં સ્વામી ગાડીમાં બેઠા હતા ત્યાં તેમનાં દર્શન થયાં. સાધુ-પાર્ષદો જૂનાગઢથી હજારી હાર લાવ્યા હતા. તે સ્વામી ગાડીમાં બેઠા હતા ત્યાં આવી સ્વામીને સૌએ પહેરાવ્યા. જેમની પાસે બે હાર હતા તેમણે બીજો હાર આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજને પહેરાવ્યો. સ્વામી સર્વને મળ્યા અને ગાડીમાં બેઠાં બેઠાં જાગા ભક્તને દૃષ્ટિ વડે મળ્યા અને પૂછ્યું : ''સર્વ અંતરે સુખી છો ને ?''

જૂનાગઢમાં જાગા ભક્તને સ્વામી સિત્તેર વખત મળ્યા હતા અને એક મહિનામાં ચાલીસ વખત મળ્યા હતા, પણ તે કરતાં પણ વધુ સુખ આ પ્રસંગે દૃષ્ટિ દ્વારે મળીને તેમને આપ્યું.

પછી આગળ ચાલતાં કોઠારી ગોવર્ધનભાઈને આચાર્ય મહારાજે હાર આપીને કહ્યું : ''આ હાર જાગા ભક્તને આપો.'' એટલે કોઠારીએ તે હાર મહારાજનું નામ દઈને જાગા ભક્તને આપ્યો.

પછી ગામમાં પહોંચી ઉતારો કર્યો. પછી સ્વામીએ કહ્યું : ''નાહવા જવું છે.'' એમ કહી વસ્ત્ર બદલ્યું અને બોલ્યા : ''જાગા ભક્તને મળ્યા નથી તે બોલાવો.'' એમ જાગા ભક્તને બોલાવીને મળ્યા અને તેમના શિષ્ય રાજા ભક્ત વગેરે હતા તેમને સૌને પણ મળ્યા અને પાલમાં ભેગો ઉતારો આપ્યો.

બળિરાજાનું વચનામૃત

વિરોધીઓનો વિરોધ આથી વધ્યો. તેથી જાગા ભગતે વિચાર કર્યો :

''આપણે પાલમાં ભેગું આસન કર્યું છે તેથી સભામાં સૌ તે વાત લાવે છે. વળી, પ્રાગજી ભક્ત અને શામજીભાઈ ઊને આવેલ તે વાતને પણ સંભારે છે અને તેમને વિમુખ કર્યા છતાં સ્વામી પ્રાગજી તથા શામજીનો સંબંધ છોડતા નથી અને તેમની સાથે હેત રાખી બોલાવે છે અને ભેગા ગણે છે – એ પ્રસંગ લાવીને પણ બોલે છે. માટે આપણે બહાર આસન કરીએ તો સારું.'' એમ વિચાર કરી હકા ભગત પાસે મોદિયું મંગાવીને પાલની બહાર આસન કર્યું.

પછી બપોરની સભામાં સ્વામી પધાર્યા, ત્યારે પોતાના આસનેથી જાગા સ્વામીએ સ્વામીને 'જય સ્વામિનારાયણ' કહ્યા. તે સાંભળી સ્વામીએ તંબૂની ઝાલર ઊંચી કરી તેમના તરફ જોયું અને બોલ્યા : ''આવ્યા છો ને ?'' પછી યોગેશ્વરદાસજીને સ્વામીએ કહ્યું : ''બળિરાજાનું વચનામૃત વાંચો.'' તેથી ગ.પ્ર. ૬૧મું વચનામૃત વાંચ્યું.

તે ઉપર સ્વામીએ વાત કરી કે ''ભગવાન પોતાના ભક્તની કસોટી કરે છે તે એ જોવા માટે કે એ ભક્તને મારા ઉપર હેત છે કે સિદ્ધિઓ ઉપર હેત છે અને જો દૃઢ ભક્ત ન હોય તો સિદ્ધિઓમાં લેવાઈ જાય. પણ જો એ પાકો હરિભક્ત હોય, તો ભગવાન વિના બીજું કાંઈ ન ઇચ્છે અને ભગવાન પણ એવા નિર્વાસનિક એકાંતિક ભક્તને જ વશ થઈ જાય છે. પરંતુ તે પહેલાં તો અનેક જાતની કસોટીએ ચડાવે. જેમ વામનજીએ બળિરાજાનું ત્રિલોકનું રાજ્ય લઈ લીધું અને ત્રીજા પગલામાં બળિરાજાનું શરીર પણ લીધું. પણ તે બધું તેણે શ્રદ્ધાએ સહિત અર્પણ કર્યું તો ભગવાન એની ભક્તિ અને સ્થિતિ જોઈને વશ થઈ ગયા. બળિરાજાએ પૂર્વના અતિ મોટા સંસ્કારથી ભગવાનનું સ્વરૂપ ઓળખી લીધું. અને બીજા જ્યારે ભગવાનને વામન જોતા હતા, ત્યારે બળિને તો ચૌદ લોકમાં ભગવાનની મૂર્તિ સિવાય બીજું દેખાતું જ નહિ, કારણ કે ભગવાનનું સર્વ વ્યાપક સ્વરૂપ જોવાની દૃષ્ટિ ભગવાને તેને રાજી થઈને આપી હતી. એવી રીતે આપણે પણ એ દૃષ્ટિ થાય તો પ્રકૃતિના કાર્યમાંથી પ્રીતિ ટાળીને ભગવાનને સર્વસ્વ અર્પણ કરી, ભગવાનના દાસ થઈને રહેવાય. એમ કરતાંય જો ભગવાન આપણને વધુ દુઃખ દેશે તો ભગવાન આપણને વધુ વશ થશે. એવા ભગવાન ભક્તવત્સલ છે. તે એક વખત મનરૂપી દોરીએ બંધાયા તે પછી છૂટવાને સમર્થ થતા નથી. માટે જેમ જેમ ભગવાન આપણને વધુ કસણીમાં રાખે, તેમ તેમ આ સર્વ તેની જ

ઈચ્છાથી આપણી સ્થિતિની પરીક્ષા જોવા થાય છે, એમ સમજીને અતિશય રાજી રહેવું, પણ ગ્લાનિ તો પામવી જ નહિ.''

એવી રીતે વાતો કરી જાગા સ્વામી તરફ પ્રેમભીની દૃષ્ટિથી જોઈને સ્વામી બોલ્યા : ''આ વચનામૃત તમારું કરી રાખજો.''

આ લોક જ દુઃખદાયી છે

આવી રીતે સ્વામી પોતાના અનન્ય ભક્તને અપાર સુખ આપતા બાબરિયાવાડમાં ફરીને ગઢડાના દેશમાં રાજુલા થઈ મહુવા જતાં રસ્તામાં છાપરી ગામે નાહવા રોકાયા. સ્વામીએ નાહવા જવાની તૈયારી કરી એટલે સ્વામીનો હાથ ઝાલી તુંબડું લઈને જાગા ભક્ત સાથે ચાલ્યા. બીજા હરિભક્તો પાછળ આવતા હતા. તેમને સ્વામીએ પાછા વાળ્યા. સ્વામી બહિર્ભૂમિ જઈ આવીને ખેતરમાં જ્યાં જાગા સ્વામી રાહ જોઈને ઊભા હતા ત્યાં આવ્યા અને થોડી વાર ત્યાં બેસીને જાગા સ્વામીને ખાનગીમાં વાતો કરી.

સ્વામીએ કહ્યું : ''મહારાજે મુક્તાનંદ સ્વામીને દેહ મૂકતાં પહેલાં એકાંતમાં બોલાવી વાત કહી હતી, તે હું તમને આજે મારા જાણીને કહું છું. આ લોક જ એવો ઉપાધિમય અને દુઃખરૂપ છે. અનેક જાતની ઉપાધિઓએ મોટા મોટાને પણ સુખ આવવા દીધું નથી. શ્રીકૃષ્ણ જેવો મોટો અવતાર થયો અને પોતે ભગવાન હતા, તો પણ પોતાનાં માતા-પિતાને બાર વર્ષ સુધી બંદીખાને રહેવું પડ્યું. વળી, આ જગતમાં રીત છે કે સુવાવડમાં સુવાનું પાણી અને ખાવાનું વસાણું મળે અને ચાકરી કરનાર પણ કોઈક જોઈએ. પણ તેટલુંય સુખ દેવકીજીને મળ્યું નહિ. એ તો ઠીક, પણ પુત્રનું મોં જોવાનું સુખ પણ ન મળ્યું. કારણ જન્મ થયો કે તરત ટોપલામાં મૂકીને વરસતા વરસાદમાં ગોકુળ મૂકી આવવા પડ્યા. ત્યાં પણ તેમને કંસે સુખ આવવા દીધું નહીં અને દસ દિવસ થયા ત્યાં માસી પૂતના આવી. તેના પ્રાણ લીધા કે વળી શકટાસુર, ધેનુકાસુર, બકાસુર, વત્સાસુર, કેશી વગેરે અસુરો મારવા આવ્યા, પણ તેમનો નાશ કર્યો. પછી કંસે તેડાવ્યા. ત્યાં કુવલયાપીડ હાથીને માર્યો અને મુષ્ટિક, ચાણુર, શલ, તોશલ વગેરે મલ્લોનો નાશ કર્યો અને કંસનો, તેના ભાઈઓ સહિત નાશ કર્યો. પછી જરાસંધ આવ્યો. તેને સત્તર વાર હરાવ્યો. ગુરુ ઘેર જઈ વિદ્યા ભણ્યા. પછી અઢારમી વખત જરાસંધ સાથેના યુદ્ધમાં ભાગ્યા અને

કાળયવનનો નાશ કર્યો. પછી દ્વારિકામાં આવીને રહ્યા. આમ, ત્રીસ વર્ષની ઉંમર સુધી તો સુખે બેઠા નહિ અને આટલું પરાક્રમ બતાવ્યું, છતાં કોઈએ જાત ઓળખી નહિ. એટલે ચાંદલો કરી કન્યા કોઈએ ન આપી. છેવટે રુક્મિણીજીનું હરણ કર્યું અને બીજી અષ્ટ પટરાણી પરણ્યા. પરંતુ વસુદેવ-દેવકીનાં આંસુ સુકાયાં નહિ. અંતે જાદવાસ્થળી કરી કુટુંબનો નાશ કર્યો અને પોતે પણ તેમ જ દેહ મૂક્યો. એમ આ લોક જ દુઃખરૂપ છે તે ભગવાનને પણ આવાં દુઃખ આવ્યાં.'' એમ શ્રીજીમહારાજે કરેલી વાત કરી.

વળી, સ્વામી બોલ્યા : ''શ્રીજીમહારાજ પણ આ પૃથ્વી ઉપર ઓગણપચાસ વરસ રહ્યા. તેમાં અઠ્ઠાવીસ વરસ તો સત્સંગમાં રહ્યા અને અનેક અનેક પ્રકારથી અસુરો તરફથી દુઃખ આવ્યું તે સહન કર્યું. વળી, ગોપાળાનંદ સ્વામી જેવા સદ્‌ગુરુની ઝોળીમાં દેવતા નાખ્યો અને પાણીના ઘડામાં ઝેર નાખ્યું. મુક્તાનંદ સ્વામી તથા અદ્‌ભુતાનંદ સ્વામીને પણ ઝેર દીધું. એમ અનેક રીતે મોટા મોટાને માથે આ લોકમાં ઉપાધિઓ આવી છે. એટલે આ લોક જ દુઃખદાયી છે અને અનેક પ્રકારે માયાનું જોર જે પૃથ્વીના જીવોમાં ભરાઈ બેઠું છે તે આળસતું નથી.'' એમ કહી વળી કહ્યું : ''તમને જે કાંઈ દુઃખ આવે છે, તે મારા છો એમ જાણીને સૌ દુઃખ આપે છે અને કહે છે, પણ જો મારા મટી જાઓ તો પછી કોઈ તમને કંઈ કહેશે નહિ.''

આ સાંભળી સ્વામી જાગા ભક્ત ગદ્‌ગદ થઈ ગયા અને હાથ જોડી બોલ્યા : ''સ્વામી ! તમારા તો એક શ્રીજીમહારાજ છે, અને હું તમારો નથી; છતાં તમે મને દયાએ કરીને પોતાનો માન્યો છે, તો પોતાનો રાખીને નિભાવજો.''

એટલે સ્વામી રાજી થઈને બોલ્યા : ''તમે તો મારા કદી મટવાના જ નથી; પણ નિત્ય ઊઠીને તમને બોલે છે તે મારાથી ખમાતું નથી. માટે જૂનાગઢ જાઓ તો સારું.''

સ્વામીના આવા પોતા તરફના અતિ મમતાના શબ્દો સાંભળી જાગા સ્વામી આર્દ્ર થઈ ગયા અને બોલ્યા : ''સ્વામી ! ભલે મને જે કહેવું હોય તે કહે, તેમાં મને કંઈ દુઃખ નથી. મેં તો કેટલુંક દુઃખ આ લોકના માથે નાખ્યું છે, કારણ કે આપે કહ્યું છે કે આ લોક જ દુઃખરૂપ છે. વળી, કેટલુંક મારા પંડને માથે નાખ્યું છે, કારણ કે દેહ દુઃખરૂપ છે; અને કેટલુંક ગુણને માથે નાખ્યું છે

તે રજોગુણ, તમોગુણના વેગ ઊઠે એટલે દુઃખ જેવું લાગે. માટે મને તો જરાયે દુઃખ નથી. તે જો આપ કહો તો ભેગો આવું અને કહો તો જૂનાગઢ જાઉં.'' એમ વિનય કરી હાથ જોડી સ્વામીના ઉત્તરની રાહ જોઈ રહ્યા.

સ્વામીએ તેમને કહ્યું : ''તમે તમારા સેવકોને આ સમજાવ્યું છે ?''

ત્યારે તેમણે કહ્યું : ''હા, મહારાજ.''

ત્યારે સ્વામીએ રાજી થઈને કહ્યું : ''ભલે ત્યારે, ભેગા ચાલ્યા આવો.'' એટલી વાત થયા પછી ઉતારે આવ્યા અને નાહીને આસને બિરાજ્યા.

આચાર્ય મહારાજની મહુવામાં પધરામણી

બીજે દિવસે છાપરીથી નીકળી આચાર્ય મહારાજ તથા સઘળો સંઘ મહુવા આવ્યો. ત્યાંના હરિભક્ત વિઠ્ઠલભાઈ, દામોદર શેઠ, જેઠા શેઠ, ફૂલચંદભાઈ, ખીમજી મહેતા, હરખજી લુવાણા, ભવાનીશંકર, રણછોડ ભક્ત, ગીગા ભક્ત, વસ્તાભક્ત, સગાળ સોની અને પ્રાગજી ભક્ત, દરબારી ન્યાયાધીશ, મામલતદાર તથા બીજા દરબારી અમલદારો સૌ સામા આવ્યા અને ધામધૂમથી સામૈયું કર્યું. આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજને બેસવા માટે હાથી લાવ્યા હતા. આચાર્ય મહારાજ હાથી ઉપર બિરાજ્યા અને સૌ સંતોને શણગારેલી ગાડીઓમાં બેસાડ્યા. મહારાજશ્રી સાથે ૪૦૦ સંતો હતા.

સૌથી આગળ ઊંટ ઉપર નગારાં-નિશાન વગેરે હતાં. મહારાજશ્રીનો હાથી ભાદરોડના દરવાજે આવ્યો ત્યારે ડંકા-નિશાન હનુમાનના પીપળે પહોંચ્યાં હતાં, એટલું સરઘસ લાંબું હતું. મહુવામાં દરેકને એમ કે સ્વામિનારાયણનો નવો ધર્મ છે, પણ આવું દબદબાભર્યું સામૈયું જોઈને સૌ કોઈને ભાર પડી ગયો.

આમ, રાત્રે નવથી શરૂ કરેલું સામૈયું લગભગ ૧૧ વાગે પૂરું થયું અને માલણ નદીના કાંઠે જ્યાં ઉતારો રાખ્યો હતો ત્યાં સૌ પહોંચ્યા. અત્રે આચાર્ય મહારાજ તથા ધર્મકુળ માટે નોખો તંબૂ બાંધ્યો હતો. સભામંડપ માટે મોટો મંડપ તથા જમવાની વ્યવસ્થા માટે માંડવો પણ બાંધ્યો હતો. વળી વરતાલ, ગઢડા, જૂનાગઢ, ધોલેરાના સાધુઓ માટે જુદા જુદા તંબૂની વ્યવસ્થા કરી હતી. તેમજ ઘોડા તથા વિમાન આકારની ગાડીઓ પણ ત્યાં છૂટી હતી.

આ રીતે મહુવાના હરિભક્તોએ મહારાજશ્રી તથા સ્વામીનું અદ્ભુત

સ્વાગત કર્યું. તે કાર્ય મુખ્યત્વે દામા શેઠ, નરસિંહભાઈ (ભગતજીના મોટાભાઈ), લીલાધર, માધવજી, વિશ્વનાથ ત્રવાડી તથા વિઠ્ઠલભાઈ ત્રવાડી વગેરેએ મળી માથે રાખ્યું હતું. ફૂલચંદભાઈને મહારાજશ્રી સાથે ઘણું હેત, તેથી તેમની સાથે બેસવું-ઊઠવું અને વાતો સાંભળવી એ તેમને સોંપ્યું હતું.

આ રીતે મહુવાના હરિભક્તોએ સંવત ૧૯૨૩ના ફાગણ માસમાં મહારાજશ્રી તથા સ્વામીનું અદ્‌ભુત સ્વાગત કર્યું.

એનાં લોટ, દાળ કાંઈ ઓછાં વિમુખ છે ?

પહેલે દિવસે કંસારની રસોઈ કરવાનો ઠરાવ કર્યો. રસોઈનો સર્વ સામાન તો તૈયાર હતો, પણ આચાર્ય મહારાજ તથા સદ્‌ગુરુઓ માટે કપડે ચાળેલો મેંદાનો લોટ, ઝીણા ચોખા, તુવેરની દાળ વગેરે જોઈએ. એ પ્રમાણે સીધું, રિવાજની ખબર નહિ એટલે તૈયાર કરેલ નહિ. એટલે ભંડારી સાધુએ હરિભક્તોને પૂછ્યું : ‘‘આ લોટ કપડે ચાળેલ છે ? અને દૂધ, દહીં, છાશ ચોખ્ખા પાણીનાં ગાળેલ છે ?’’

આથી, બધા મૂંઝાયા. તેથી ભંડારીને શંકા પડી. તેમણે પવિત્રાનંદ સ્વામીને વાત કરી : ‘‘આ સીધા-સામાનમાં શંકા રહે છે, તો તમો કહો તેમ કરીએ.’’ એટલે પવિત્રાનંદ સ્વામીએ તો ચોખ્ખી ના જ પાડી દીધી કે ‘જો એવું હોય તો ઠાકોરજીનો થાળ થાય જ નહિ !’

ભંડારી મૂંઝવણમાં પડ્યા કે હવે આટલું બધું સીધું ક્યારે તૈયાર થાય અને ક્યારે રસોઈ શરૂ કરવી. લગભગ બાર તો વાગી ગયા હતા.

તે વખતે પ્રાગજી ભક્ત ત્યાં આવ્યા અને તેમણે ભંડારી સાધુને હાથ જોડી કહ્યું : ‘‘સ્વામી ! મારે ત્યાં બધું સીધું – ઘી, દૂધ, દહીં, છાશ – ચોખ્ખાં ગાળેલ તૈયાર છે, પણ હું ઠર્યો વિમુખ, એટલે મારું ખપે તો લાવું.’’

ભંડારીએ તો તરત પવિત્રાનંદ સ્વામીને પુછાવ્યું : ‘‘પ્રાગજીને ઘેર સામાન તૈયાર છે, તો તમે કહો તો મગાવીએ.’’

એટલે પવિત્રાનંદ સ્વામી ત્યાં આવ્યા અને કહ્યું : ‘‘ભલે, પ્રાગજી સામાન લાવે. આપણે એને વિમુખ કર્યો છે પણ એનાં લોટ, દાળ, ચોખા, દૂધ, દહીં કાંઈ ઓછાં વિમુખ છે ? માટે મંગાવો અને રસોઈની તૈયારી કરો.’’

એ પ્રમાણે આજ્ઞા થઈ એટલે ભગતજી સેવામાં મંડી પડ્યા અને તમામ

સામાન તથા બીજી જે જોઈએ તે સર્વે સામગ્રીઓ લાવી સેવામાં મૂકી દીધી.

તમારા ધર્મમાં વિપરીત રીત કેમ ?

બીજે દિવસે સાંજે સભામાં આચાર્ય મહારાજ તથા મોટા મોટા સદ્‌ગુરુઓ વિરાજમાન હતા તથા ગામના પ્રતિષ્ઠિત હરિભક્તો પણ સભામાં બેઠા હતા અને અમલદારો પણ હતા. તે સમયે ત્યાંના વહીવટદારે સભામાં પ્રશ્ન પૂછ્યો : ''તમારા ધર્મમાં જે ધર્મની મર્યાદા ન પાળે તથા જે સ્વામિનારાયણને ભગવાન ન માને તેને તમે વિમુખ કહો છો પણ બીજાને કહેતા નથી; એ તો સમજાય તેવી વાત છે. પણ આ પ્રાગજી ભગત તો તમારા ધર્મની રીત પ્રમાણે જ વર્તે છે; વળી, તેમનામાં કોઈ રીતનો દોષ કે વાંક પણ જણાતો નથી, અને અમારી આગળ પણ સ્વામિનારાયણ ભગવાનનો તથા તેમના સાધુ-સત્સંગીઓનો અપાર મહિમા કહે છે; તો પણ તમોએ તેમને સત્સંગ બહાર કર્યા છે તેનું શું કારણ ? અમને તો તમારા ધર્મની આ વિપરીત રીત લાગે છે. માટે એમનો શો વાંક છે તે કહો.''

ભરી સભામાં આવા નામાંકિત અમલદારે આ પ્રશ્ન પૂછ્યો એટલે સર્વે કોઈ મૂંઝવણમાં પડ્યા અને કોઈથી બોલાયું નહિ. છેવટે પવિત્રાનંદ સ્વામીએ બુદ્ધિ વાપરીને કહ્યું : ''એ તો એમનો વાંક અમે જાણીએ અને અમારો વાંક એ જાણે. એટલે તેમના સંબંધી અમારે કંઈ કહેવા જેવું નથી. એ ભગત તો ખરેખરા સત્સંગી છે, તે વાત અમારો આખો સત્સંગ જાણે છે. જુઓને, અમે અપમાન કરીએ છીએ તો પણ આ ગામમાં સર્વોપરી સેવા કરે છે અને મંદિરમાં આવવા ના પાડીએ છીએ તો મંદિરની બહાર બેસીને પણ કથાવાર્તા સાંભળે છે. આવી આકરી કસોટીથી સત્સંગમાં તેમની સર્વોપરી સ્થિતિ સિદ્ધ થઈ ચૂકી છે. માટે હવે તો તેમને સત્સંગમાં લેવાની રજા આપીશું. તમોએ વાજબી જ કહ્યું છે.''

આવી રીતે શ્રીજીમહારાજે પોતાના અનન્ય ભક્તને સત્સંગમાં ફરી દાખલ કરવા માટે અમલદારમાં પ્રવેશ કરીને આ પ્રશ્ન ઊભો કર્યો.

મને તમારા સમાગમ વગર ગમતું નથી

આ પ્રસંગની અસર એ થઈ કે પ્રાગજી ભગતને સત્સંગમાં પાછા લેવા

– એવી વિચારણા શરૂ થઈ. તે જ રાત્રે પવિત્રાનંદ સ્વામી સૂતા હતા ત્યારે ભગતજી તેમના તંબૂની બહાર આવીને બેઠા. પછી રાત્રે સ્વામી લઘુ કરવા ઊઠ્યા. તે વખતે પ્રાગજી ભક્તને તંબૂની બહાર બેઠેલા જોઈને એકદમ ચમક્યા અને પૂછ્યું : ''કોણ છે ?''

એટલે ભગતજીએ બે હાથ જોડી કહ્યું : ''સ્વામી ! એ તો હું પ્રાગજી.''

ત્યારે પવિત્રાનંદ સ્વામીએ પૂછ્યું : ''કેમ અત્યારે આવ્યો ?''

ભગતજીએ પાસે આવીને બે હાથ જોડીને કહ્યું : ''સ્વામી ! મને તમારા સમાગમ વગર ગમતું નથી.''

તે સાંભળી પવિત્રાનંદ સ્વામી રાજી થયા અને કહ્યું : ''જ્યારે તને સત્સંગ બહાર મૂક્યો ત્યારે શુકમુનિ ભેગા હતા અને અત્યારે નથી, તો આ ફેરે વરતાલ આવજે, તારું કામ કરીશું.''

એટલે ભગતજી રાજી થઈ સ્વામીને પગે લાગી ઘેર ગયા.

બીજે દિવસે સવારે પવિત્રાનંદ સ્વામી કેટલાક પાળાઓને વઢ્યા અને કહ્યું : ''તમે પહેરો બરાબર ભરતા નથી. આ પ્રાગજી રાત્રે મારી પાસે આવ્યો હતો. એ તો ખરેખરો એકાંતિક ભક્ત છે અને અજાતશત્રુ છે, કાં જે, એને માથે જેટલા પાટા પડ્યા છે તેવું જો કોઈ બીજાને માથે થયું હોય તો રાત્રે મારી જ નાખે !'' એમ કહી ભગતજીનો ઘણો મહિમા કહ્યો.

તે જ દિવસે સાંજે સ્વામીએ ભગતજીને એકાંતમાં બોલાવીને કહ્યું : ''કાંઈ ફિકર કરીશ નહિ. મહારાજ અને આ સાધુનો રાજીપો છે અને ચારે હાથ છે, માટે બધું સારું થશે.'' એમ કહી વાતો કરીને અપાર સુખ આપ્યું.

આવી રીતે મહારાજશ્રી સાથે સ્વામી મહુવામાં સાત દિવસ રહ્યા.

પછી મહારાજ વરતાલ રામનવમીનો સમૈયો કરવા ગયા અને સ્વામી ત્યાંથી નીકળી બારોબાર સારંગપુરથી ચાલ્યા તે સુંદરિયાણા, ગુંજાર થઈ અડવાળ રાત રહ્યા. અહીંના હરિભક્તોએ બહુ ખેંચ કરી એક દિવસ રાખ્યા.

પછી ત્યાંથી નીકળી કોઠગાંગડ થઈને ધોળકે પધાર્યા. ઠાસરાવાળા દેસાઈ માધવલાલભાઈ મામલતદાર હતા. તેમણે તથા ધોળકાના હરિભક્તોએ સ્વામીનું સારું સ્વાગત કર્યું અને મંદિરમાં સ્વામી ઊતર્યા. ત્યાં એક રાત રહ્યા અને પછી સાણંદના ઠાકોર સાહેબની વિનંતીથી સ્વામી સાણંદ પધાર્યા અને ત્યાંથી આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની માંદગીના સમાચાર

સાંભળી અમદાવાદ જવા નીકળ્યા.

સ્વામીનું અમદાવાદમાં અપૂર્વ સન્માન

આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને મંદવાડ હતો અને તેર ઉપવાસ થયા હતા. વળી, હૃદયમાં પણ ઘણી જ અશાંતિ હતી. એટલે ખાસ સ્વામીને તેમણે તેડાવ્યા હતા. એટલે સ્વામી તેમને જોવા, દર્શન દેવા પધારતા હતા.

સ્વામી સાબરમતીને કાંઠે ઊતર્યા અને નદીમાં નાહ્યા. અયોધ્યા-પ્રસાદજી મહારાજને ખબર પડી કે સ્વામી સાબરમતી સુધી પધાર્યા છે એટલે એક મોટો હાથી, હાથીવાન તથા ગાડીઓ, સાતસો સાધુ, પાળા, બ્રહ્મચારી તથા કેશવપ્રસાદજી મહારાજ વગેરે સામા આવ્યા. સ્વામી હાથી ઉપર ન બેઠા અને ગાડીમાં બેઠા. અમદાવાદના હજારો સાધુ તથા હરિભક્તોએ સ્વામીને ગુલાબ, મોગરાના હાર પહેરાવ્યા, જેથી સ્વામીની કોટ ભરાઈ ગઈ. આ પ્રમાણે શહેરના સત્સંગી તથા અન્યજનો પણ સ્વામીનાં દર્શન કરવા ઊમટ્યાં. તેમનાં મન સ્વામીની મૂર્તિમાં ખેંચાઈ ગયાં અને આવા સમર્થ પુરષને જોઈ સૌ કહેવા લાગ્યાં : ''આ તો ઈશ્વરમૂર્તિ અલૌકિક પુરુષ છે.'' એમ સર્વેના મનમાં થઈ ગયું.

મંદિરમાં સ્વામી પધારતાં, પ્રથમ ઠાકોરજીના દેરામાં પગથિયા આગળ ઊતરી શ્રી નરનારાયણ દેવનાં દર્શન કરવા પધાર્યા. દર્શન કરી સભામંડપના ચોકમાં સમૈયાની ભરચક સભા ભરાઈ હતી ત્યાં પધાર્યા. સ્વામી સભામાં આવતાં સૌ સંતો તથા હરિભક્તો ઊભા થયા અને સ્વામી ખુરશી ઉપર બિરાજ્યા, એટલે સૌ પોતપોતાને આસને બેસી ગયા. અહીં સ્વામીએ સભામાં થોડી વાતો કરી તુરત જ મહારાજશ્રીનાં દર્શને મેડે પધાર્યા.

સ્વામીને જોઈને જ મહારાજશ્રી હાથ જોડી પગે લાગ્યા અને નેત્રમાંથી અશ્રુ ટપકવા લાગ્યાં. પછી ગદ્‌ગદ કંઠે સ્વામીને કહ્યું : ''સ્વામી ! આપે બહુ જ દયા કરી અને પધાર્યા તેથી મને શાંતિ થઈ ગઈ.''

સ્વામીએ તેમને ધીરજ આપી અને પથારીમાં સુવાર્યા અને કહ્યું : ''આપની તબિયત નરમ સાંભળીને મને પણ મળવાની ખેંચ થઈ. આપણે તો મહારાજને આશરે બેઠા છીએ અને બધું એમની મરજી અનુસાર જ થાય

છે. શ્રીજીમહારાજ સર્વકર્તા છે તેવો દૃઢ વિશ્વાસ અને નિશ્ચય રાખી, વ્યાવહારિક કે ધાર્મિક જે જે કંઈ ક્રિયા કરો તે મહારાજને માથે નાખી દેજો, પણ કોઈ ક્રિયાના ધણી થાશો નહિ. આમ વર્તાશે એટલે અંતરે શાંતિ અને આનંદ થશે.'' એટલી વાત કરીને મહારાજને કહ્યું : ''આપે તેર દિવસથી અન્ન લીધું નથી, તે હવે કંઈક જમો અને કોઈ વાતની ઉદાસીનતા રાખશો નહિ. મહારાજ બધું સારું કરશે.''

પછી મહારાજશ્રી સ્વામીની આજ્ઞા પાળીને જમ્યા અને સ્વામીને હાથ જોડી વિનંતી કરી : ''સ્વામી ! આપની આજ્ઞા મેં પાળી. હવે મારી એક પ્રાર્થના આપ સ્વીકારો.''

ત્યારે સ્વામીએ કહ્યું : ''આપ તો શ્રીજીમહારાજનું સ્વરૂપ છો. માટે આપે તો આજ્ઞા કરીને અમને કહેવું જોઈએ.''

પછી આચાર્ય મહારાજે કહ્યું : ''રામનવમીનો સમૈયો આપ અહીં કરો.''

ત્યારે સ્વામી બોલ્યા : ''ભગવત્પ્રસાદજી મહારાજને દુઃખ લાગે.''

એ સાંભળી મહારાજે હાથ જોડીને કહ્યું : ''સ્વામી ! આપે ઘણા સમૈયા વરતાલ કર્યા, માટે આ ફેરે અહીં રામનવમી કરો અને સર્વોપરી ઉપાસનાની વાતો કરો.'' પછી સ્વામીએ મહારાજની આજ્ઞાથી ત્યાં રામનવમીનો સમૈયો કરવાનું કબૂલ કર્યું.

અમારે મથુરાના બ્રાહ્મણોની સમજણ ખપતી નથી

સમૈયાના દિવસે સભામાં ચોકમાં ચંદની નીચે સભા ભરાઈ હતી અને મોટા સદ્ગુરુઓ તથા નંદ સાધુઓ બદ્રિનાથાનંદ સ્વામી, તદ્રૂપાનંદ સ્વામી, શ્રીગુરુચરણરતાનંદ સ્વામી, પ્રસાદાનંદ સ્વામી, ઉત્તમાનંદ સ્વામી તથા નિર્ગુણદાસ સ્વામી, વૃંદાવનદાસ, વ્રજવલ્લભદાસ, મોરલીધરદાસ તથા ત્યાગવલ્લભદાસજી વગેરે ગાદી-તકિયે બેઠા હતા અને આચાર્ય મહારાજશ્રી કેશવપ્રસાદજી મહારાજ પાટ ઉપર બિરાજમાન હતા. સ્વામીને માટે સભામાં ખુરશી નાખી દીધી હતી. તે ઉપર બેસી સ્વામીએ મહારાજના પુરુષોત્તમ-પણાની અદ્ભુત વાતો કરી : ''મહારાજ તો સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ પુરુષોત્તમ છે. તેમનો પરભાવ અને મહિમા જેમ છે તેમ સમજાય તો જ અક્ષરધામને પમાય.''

એવી વાત કરી ત્યાં ઉત્તમાનંદ સ્વામીએ ઊભા થઈને સ્વામીને પૂછ્યું : ''શ્રીજીમહારાજને સર્વોપરી કહીએ તે બીજા લોક કેમ માને ? કારણ એ વાત શાસ્ત્રમાં મળતી આવતી નથી.''

એ વાત સાંભળીને સ્વામી બોલ્યા : ''અમારે મથુરાના બ્રાહ્મણોની – અઠ્યાસી હજાર ઋષિઓની – સમજણ જોઈતી નથી. તેમણે શાસ્ત્રોને આગળ રાખ્યાં તો શ્રીકૃષ્ણ ભગવાનને પ્રત્યક્ષપણે ઓળખી ન શક્યા અને ભગવાનને થાળ ન આપ્યો. અમારે તો ઋષિપત્નીઓ અને ગોપીઓની સમજણ[૩૬] જોઈએ છે, કારણ તેમને કોઈ પ્રકારે શાસ્ત્ર આડાં આવ્યાં નહિ. અને પ્રત્યક્ષ ભગવાનને ઓળખીને પરમપદને પામ્યાં. શાસ્ત્રો પણ આજે તેમનાં ગુણગાન ગાય છે. માટે પ્રગટ ભગવાન હોય ત્યારે સાધન અને શાસ્ત્ર સર્વને પાછાં પાડીને ભગવાન કે મોટાપુરુષની શી અનુમતિ કે રુચિ છે તે સમજીને જ જે વર્તે, તેનું જ કલ્યાણ થાય છે. ઋષિઓને પણ જ્યારે શ્રીકૃષ્ણના સ્વરૂપની ઓળખાણ થઈ, ત્યારે પશ્ચાત્તાપ થયો અને બોલ્યા : 'અમારા શૌકલ, સાવિત્ર અને યજ્ઞેય અથવા દૈક્ષ[૩૭] – આ ત્રણ પ્રકારના

---

૩૬. एताः परं तनुभृतो भुवि गोपवध्वो गोविन्द एव निखिलात्मनि रूढभावाः।
वाञ्छन्ति यद्भवयिदो मुनयो वयं च किं ब्रह्मजन्मभिरनन्तकथारसस्य ॥
ગોપીઓની સમજણ જોઈ ઉદ્ધવજી તેમને નમસ્કાર કરતાં કહે છે :
અર્થ : પૃથ્વી ઉપર આ ગોપીઓ જ સફળ જન્મવાળી છે, કારણ કે સંસારથી ડરતા મુમુક્ષુ મુનિઓ અને અમે પણ સર્વના આત્મા શ્રીગોવિંદ વિષે જે ભક્તિભાવ ઇચ્છીએ છીએ, તેને આ ગોપીઓએ રૂઢ કર્યો છે. માટે ભગવાનની અનંત કથાઓમાં રસવાળાઓને, બ્રાહ્મણોના (શૌકલ, સાવિત્ર તથા યાજ્ઞિક નામના) ત્રણ જન્મ લેવાની શી જરૂર છે ?
क्वेमाः स्त्रियो वनचरीर्व्यभिचारदुष्टाः कृष्णे क्व चैष परमात्मनि रूढभावः।
नन्वीश्वरोऽनुभजतोऽविदुषोऽपि साक्षाच्छ्रेयस्तनोत्यगदराज इवोपयुक्तः॥
અર્થ : અહો ! આ કેવું આશ્ચર્ય ! ક્યાં આ સદાચાર આદિ ધર્મથી વિમુખ સ્ત્રીઓ કે જેને પરમાત્મામાં આવો રૂઢ ભાવ થયો છે. ખરેખર, પીધેલું અમૃત જેમ કલ્યાણ કરે છે, તેમ પરમેશ્વર પણ ભજન કરનાર અજ્ઞાનીનું કલ્યાણ જ કરે છે.
– ભાગવત : ૧૦-૪૭-૫૮, ૫૯

૩૭. પ્રત્યેક બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યના ત્રણ જન્મ ગણાય છે. એક તો શુદ્ધ માતા-પિતાથી જન્મ તે શૌકલ જન્મ કહેવાય છે, બીજો ગાયત્રીનો ઉપદેશ લેવાથી સાવિત્ર જન્મ થાય છે અને ત્રીજો યજ્ઞદીક્ષા લેવાથી યજ્ઞેય અથવા દૈક્ષ જન્મ થાય છે.

જન્મને ધિક્કાર છે, વ્રતને ધિક્કાર છે, બહુ જાણપણાને ધિક્કાર છે, કુળને ધિક્કાર છે, કારણ કે આપણે પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપને ન ઓળખી શક્યા અને તેમનાથી વિમુખ રહ્યા.'[૩૮]

''આ પ્રમાણે પરોક્ષ શાસ્ત્રની પ્રતીતિથી મોક્ષમાં વિદ્વાન બ્રાહ્મણોને પણ વિઘ્નો નડ્યાં. તે જ પ્રમાણે આ ભગવાન શ્રી સહજાનંદ સ્વામી કોઈ વખત આ પૃથ્વી પર આવ્યા નથી અને આવશે પણ નહિ. તેમના સ્વરૂપની દૃઢ પ્રતીતિ રાખીને ગોપાળાનંદ સ્વામી, વિધાત્રાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામીએ જે જે પ્રત્યક્ષપણાનાં સર્વોપરી વચનો કહ્યાં છે, તેમનાં આ વચનો-રૂપી શાસ્ત્રોમાં જ દૃઢ શ્રદ્ધા રાખવી. એ જ આત્યંતિક કલ્યાણનું અસાધારણ સાધન છે. આવું આત્યંતિક કલ્યાણ એકાંતિક ધર્મ પામવાથી જ થાય છે. માટે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાને યુક્ત શ્રીહરિની ભક્તિમાં કચાશ હશે તો અક્ષરધામ છેટું પડી જશે.''

આવી રીતે સ્વામીએ પુરુષોત્તમપણાની તથા ધર્મની આકરી વાતો કરી. એટલે ઉત્તમાનંદ સ્વામીને થયું કે આવી ધર્મની આકરી વાતોથી કદાચ કેશવપ્રસાદજી મહારાજને ખોટું લાગી જશે અને રિસાઈને સ્વામીનું અપમાન પણ કરી બેસશે. એટલે તેમણે ઊભા થઈને સ્વામીને કહ્યું : ''સ્વામી ! હવે તમે થાક્યા હશો અને સભા ટાણું પણ પૂરું થયું છે. હવે રાખો.''

એટલે કેશવપ્રસાદજી મહારાજ બોલ્યા : ''સ્વામીને વાતો કરવા દ્યો. સ્વામી વાતો કરે છે તેથી મને શાંતિ થઈ ગઈ છે. માટે સ્વામીને કોઈ વારશો નહિ અને જે વારે એ મારો શત્રુ છે.'' એમ કહીને સ્વામીને હાથ જોડી કહ્યું : ''સ્વામી ! આપ આ વાતો કરો !''

પછી સ્વામી તેમને ઉદ્દેશીને વાતો કરવા લાગ્યા : ''મહારાજ ! આપ તો ધર્મકુળના બાળક, એટલે ભગવાનના સાક્ષાત્ સંબંધવાળા કહેવાઓ. માટે સ્વામિનારાયણ ભગવાને જે ધર્મની મર્યાદા બાંધી; સાધુ, બ્રહ્મચારી, પાળાને

---

૩૮. धिग् जन्म नस्त्रिवृद्विद्यां धिग् व्रतं धिग् बहुज्ञताम् ।
धिक्कुलं धिक् क्रियादाक्ष्यं विमुखा ये त्वधोक्षजे ॥
नूनं भगवतो माया योगिनामपि मोहिनी ।
यद्वयं गुरवो नृणां स्वार्थे मुह्यामहे द्विजाः ॥
— ભાગવત : ૧૦-૨૩-૩૯, ૪૦

જે પ્રમાણે વર્તવાની આજ્ઞા કરી છે, તે પ્રમાણે આપ વર્તીને બીજાને વર્તાવશો તો અક્ષરધામમાં અવાશે. વળી, જેમ અયોધ્યાપ્રસાદજી મહારાજે ખજાનાની કૂંચી તમને સોંપી છે તેમજ સ્વામિનારાયણે અક્ષરધામના ખજાનાની કૂંચી અમને આપી છે. એટલે અહીં તો આપ ધર્મકુળના આચાર્ય છો તે પૂજીશું, પગે લાગીશું; પણ શ્રીજીની આજ્ઞા વિરુદ્ધ ઉન્મત્તાઈ કરશો તો અક્ષરધામમાં નહિ અવાય. કેમ કે ત્યાંની કૂંચી અમારી પાસે છે.'' એમ સ્વામીએ મંદ હાસ્યથી હિતનાં વચનો કહ્યાં.

તે સર્વ શાંતિપૂર્વક સાંભળીને કેશવપ્રસાદજી મહારાજે સ્વામીને હાથ જોડી વિનંતી કરી : ''આપની જેમ મરજી હોય તે પ્રમાણે આજ્ઞા કરો !''

તેથી સ્વામીએ કહ્યું : ''આપણી શિક્ષાપત્રીમાં[૩૯] આચાર્યના ધર્મમાં અતિ રજોગુણનો નિષેધ કર્યો છે અને સાત્ત્વિકપણે વર્તીને પોતાના આશ્રિત ત્યાગી, ગૃહસ્થ હરિભક્તોને ધર્મમાં વર્તાવવા - એવી મહારાજે આજ્ઞા કરી છે. તમારે લાંબો ચોટલો અને મોટી મૂછો રખાય નહિ, નાટક-ચેટક જોવાય નહિ, એકલા ફરવા જવાય નહિ. સભા ટાણે સભામાં બેસવું અને સંતો કથાવાર્તા કરે તે સાંભળવી. જે હરિભક્તો, સાધુઓ પગે લાગે તેમને બે હાથ જોડી પગે લાગવું. અને નમ્રતા, સંતોષ અને દયાળુપણાના ગુણો કેળવવા અને સેવાભાવી થવું.''

આ મુજબના સ્વામીના ઉપદેશથી કેશવપ્રસાદજી મહારાજ અત્યંત રાજી થયા અને સભા વિસર્જન થયા પછી વાળંદને બોલાવી ચોટલો તથા મૂછ ઉતરાવી નાખ્યા અને નાની શિખા રાખી. પછી સ્નાન કરી સ્વામીને આસને જઈ પગે લાગ્યા. આથી સ્વામી અત્યંત રાજી થયા.

આ પ્રમાણે અમદાવાદમાં, પીતાંબર ફૂલચંદ, ઉમેદ હરગોવિંદ, આશારામ વગેરે ઘણા સદ્‌ભાવવાળા હરિભક્તો જે જૂનાગઢ જઈ, સ્વામીનો સમાગમ કરી, સર્વોપરી અક્ષરપુરુષોત્તમની દૃઢ નિષ્ઠાવાળા થયા હતા, તેમને સ્વામીએ વચન આપ્યું હતું; તેથી અમદાવાદ પધારી, તેમને વાતો કરી,

---

૩૯. यथाधिकारं संस्थाप्याः स्वे स्वे धर्मे निजाश्रिताः।
मान्याः संतश्च कर्तव्यः सच्छास्त्राभ्यास आदरात् ॥
मया प्रतिष्ठापितानां मन्दिरेषु महत्सु च।
लक्ष्मीनारायणादीनां सेवा कार्या यथाविधि ॥ – શિક્ષાપત્રી : ૧૨૯, ૧૩૦

અત્યંત સુખ આપી, તેમના સૌના મનસૂબા પૂરા કર્યા અને અંતર્યામીપણું બતાવી હજારોના સંકલ્પ કહી, પોતાના અક્ષરસ્વરૂપની નિષ્ઠા પણ કરાવી.

પ્રાગજી ભક્ત તથા શામજીભાઈ અમદાવાદમાં

ભગતજી તથા શામજીભાઈ મહુવાથી વહાણમાં બેસીને સુરત ઊતર્યા અને ત્યાંથી વરતાલ ગયા. વરતાલથી આચાર્ય મહારાજ રામનવમીનો સમૈયો કરી, અમદાવાદ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને જોવા ગયા હતા. ભગતજી તથા શામજીભાઈ અહીં આવીને પ્રથમ શુક સ્વામીને મળ્યા અને પ્રાર્થના કરી : ''અમને હવે સત્સંગમાં લ્યો.''

ત્યારે શુક સ્વામીએ કહ્યું : ''મહારાજ તથા સર્વે મોટેરા સંતો અમદાવાદ ગયા છે અને હું પણ અમદાવાદ જવાનો છું, તો તમો બંને ત્યાં આવજો.''

પછી બંનેને ભંડારમાંથી જમવાની વ્યવસ્થા કરવા માટે શુક સ્વામીએ તેમના સાધુ ધર્મપ્રસાદદાસને કહી ગોઠવણ કરી.

બીજે દિવસે ભગતજી તથા શામજીભાઈ અમદાવાદ ગયા.

અમદાવાદમાં હવેલી તળે પથ્થરની કમાનો છે તે ઓસરીમાં દરવાજા બહાર પ્રાગજી ભગત તથા શામજીભાઈ ઊતર્યા. સ્વામી તેમને આત્માનંદ બ્રહ્મચારી પાસે રસોઈમાંથી માલપૂઆ વગેરે મોકલાવે અને ભગતજી તથા શામજીભાઈ બંને જમે. વળી, જ્યારે સ્વામી બહાર પધરામણીએ અગર નદીએ નાહવા જાય, ત્યારે સ્વામીનાં દર્શન કરે અને બીજાઓને કહે : ''આ અક્ષરધામ ચાલ્યું જાય છે, દર્શન કરી લ્યો.''

તે સાંભળી સ્વામી કહેતા : ''આને લોકો વિમુખ કહે છે, પણ આ જ એકાંતિક સત્સંગી છે અને એને વિમુખ કહેનારા વિમુખ છે.'' એમ સ્વામી ભગતજી પ્રત્યે પોતાનું હેત બતાવતા.

એ પ્રમાણે થોડા દિવસો ચાલ્યું, એટલે શુક સ્વામી તથા બીજા સદ્‌ગુરુઓએ વિચાર કર્યો : ''આ તો ખરેખર નિર્દોષ છે અને સત્સંગનો ખરો ખપવાળો છે. વળી, એણે જેટલું અપમાન વેઠ્યું છે એટલું કોઈ બીજો સહન કરી જ ન શકે; કારણ કે, આ ગુણાતીતાનંદ સ્વામીને મન, કર્મ, વચને સેવીને તે ઉત્કૃષ્ટ જ્ઞાન પામ્યો છે એટલે વેઠે છે. નહિ તો જો ધારે તો સત્સંગની બહાર પણ હજાર હજાર માણસો તેની પાછળ ફરે એવો પ્રતાપી અને જ્ઞાની છે. માટે

હવે તો ખરેખરી પરીક્ષા થઈ. તો તે બંનેને હવે સત્સંગમાં લઈ લેવા. એવો સર્વેએ ઠરાવ કરી આચાર્ય મહારાજ પાસે વાત મૂકી.''

ભગતજીને તો સ્વામીનાં દર્શન કરવાની તાણ એટલે સમાધાન કરવાને બહાને સ્વામી જ્યાં હોય ત્યાં પોતે જાય અને શુકમુનિ, પવિત્રાનંદ સ્વામી વગેરેને પાછા લેવાની વારંવાર પ્રાર્થના કરે. છેવટે આ વાતનો વિચાર વરતાલ ગયા પછી કરીશું અને સર્વેની ઇચ્છા પ્રમાણે તે બંનેને સત્સંગમાં લઈશું, એવી અનુમતિ આચાર્ય મહારાજે પણ આપી.

પછી ભગતજીને તથા શામજીભાઈને સ્વામીએ વરતાલ આવવા આજ્ઞા કરી, એટલે સ્વામી સાથે વરતાલ જવા નક્કી કર્યું.

બીજે દિવસે સવારમાં સ્વામી સભામાં બિરાજમાન હતા. તે વખતે આશારામ જે પાછળ બેઠા હતા તેમણે સંકલ્પ કર્યો : ''સ્વામી જો અક્ષર હોય તો મારી પાસેથી માળા માગીને, ફેરવીને પ્રસાદીની કરી આપે.''

તેમનો આ સંકલ્પ જાણીને સ્વામીએ તેમના તરફ પાછળ હાથ કરી કહ્યું : ''આશારામ, તમારી માળા આપજો !'' એમ માળા માગીને પાંચ માળા ફેરવી, પ્રસાદીની કરી તેને પાછી આપી. આથી, તેમને સ્વામી પ્રત્યે ઘણો જ ભાવ થયો.

તે દિવસે મહારાજની હવેલીમાં જૂનાગઢમાં તમામ સાધુ-પાળાને રસોઈ હતી, એટલે બપોરે સ્વામી હવેલીમાં જમવા પધાર્યા. આચાર્ય મહારાજે ખૂબ જ ભાવથી સ્વામીને જમાડવા તૈયારી કરી હતી. સ્વામી માટે સોનાનો થાળ લાવી તેમાં પિરસાવ્યું. પછી આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ સ્વામી પાસે બેઠા અને હાથ જોડી કહ્યું : ''સ્વામી ! આ થાળ પ્રસાદીનો કરવો છે, માટે આપ આ થાળમાં જમો.''

ત્યારે સ્વામી બોલ્યા : ''ધાતુના પાત્રમાં સાધુથી જમાય નહિ.''

એ સાંભળી આચાર્ય મહારાજે કહ્યું : ''સ્વામી ! આપ તો મહારાજનું સ્વરૂપ છો એટલે આપને બાધ નથી. વળી, મહારાજના વખતમાં અમારો વહેવાર દૂબળો હતો, તેથી મહારાજની આવી રીતે અમો સેવા ન કરી શક્યા. અને આપે તો મહારાજને અખંડ રાખ્યા છે, તે આપની સેવા તે મહારાજની જ સેવા છે એમ હું જાણું છું. માટે કૃપા કરી આપ આ થાળમાં જમો. આપને તો કંચન અને કચરો બધું સરખું છે.''

ત્યારે સ્વામી કહે : ''આપ કહો છો તેમ કચરો અને કંચન સરખું છે એ વાત સાચી, પણ મહારાજની આજ્ઞા છે કે આ ધૂળના પાત્રમાં[40] જમાય અને આ ધૂળના પાત્રમાં[41] ન જમાય. વળી, હું મહારાજનો મુખ્ય સેવક થઈને આજ્ઞા લોપીશ ત્યારે બીજો કોણ પાળશે ?''

પછી સઘળી વસ્તુ પત્તરમાં લીધી અને મહારાજશ્રીના અતિ આગ્રહથી પત્તરને થાળમાં મૂક્યું અને એ રીતે સ્વામી જમ્યા.

બીજે દિવસે એકાદશી હતી અને નડિયાદથી કૃપારામ પંડ્યા[42] સ્વામીને પોતાને ઘેર પધરામણી કરવાની હોવાથી તેડવા આવ્યા હતા. તેમની સાથે સ્વામી તથા સંતો નીકળ્યા. રેલગાડીની તે વખતે શરૂઆત થઈ હતી. સ્વામી પહેલવહેલા રેલગાડીમાં બેઠા. થોડી વારમાં નડિયાદ આવ્યું એટલે કૃપારામભાઈએ સ્વામીને કહ્યું : ''સ્વામી ! નડિયાદ આવી ગયું ?''

એટલે સ્વામી કહે : ''અરે ! એટલી વારમાં નડિયાદ આવી ગયું ?'' એમ કહીને બોલ્યા : ''શ્રીજીમહારાજે આજ અક્ષરધામમાં જવા સારુ આવી જ સીધી સડક (અર્ચિમાર્ગ) બાંધી દીધી છે. તે આંખ મીંચે ત્યાં અક્ષરધામમાં પુગાય - જો શ્રીજીની આજ્ઞા, ઉપાસના દૃઢ થાય તો.'' એમ કેટલીક વાતો સ્વામીએ કરી. પછી સ્વામી સ્ટેશને ઊતર્યા અને વરતાલથી સ્વામીને તેડવા સગરામ મોકલ્યા હતા તેમાં બેસીને કૃપારામભાઈને ત્યાં તથા બીજા બે-ત્રણ હરિભક્તોને ઘેર પધરામણીએ જઈ આવી, સ્વામી વરતાલ જવા નીકળ્યા.

વરતાલમાં સ્વામીનું ઐશ્વર્ય

વરતાલમાં સાંજના ચાર વાગ્યાની સભા ભરાઈ હતી. તેમાં પવિત્રાનંદ સ્વામીએ વાત ઉપાડી : ''શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે કે આચાર્ય મહારાજ પોતાના ગામમાં આવે તેમજ પાછા જાય ત્યારે તેમને તેડવા સામા જવું. પરંતુ ત્યાગી સાધુની સામે જવાનું લખ્યું નથી. માટે સર્વેને ચેતવણી આપવાની કે ગુણાતીતાનંદ સ્વામી આજે અમદાવાદથી આવે છે અને તેમના માટે ગાડીઓ ગઈ છે. માટે તેમના સામે જવા કોઈએ સભામાંથી

---

૪૦. લાકડાના.

૪૧. સુવર્ણના.

૪૨. સાક્ષર શ્રી દોલતરામ પંડ્યાના પિતા.

ઊઠી દોડાદોડી કરવી નહિ અને અહીં સભામાં આવે ત્યારે ઊઠીને તેમને પગે લાગવું.'' એ પ્રમાણે પ્રબંધ કર્યો અને કથા ચાલુ કરી.

થોડી વારે સભામાંથી કોઈ બોલી ઊઠ્યું : ''સ્વામીની ગાડી કડવા કૂઈએ આવી પહોંચી છે.''

તે સાંભળતાં જ તમામ સભા એકદમ ઊઠી અને સ્વામીની સામે જવા દોડી. આથી, સભામંડપ ખાલી થઈ ગયો. ફક્ત પવિત્રાનંદ સ્વામી, શુક સ્વામી, અદ્‌ભુતાનંદ સ્વામી તથા આચાર્ય મહારાજ – આ ચાર જ જણા સભામાં રહ્યા. આ સદ્‌ગુરુના સેવકો પણ સ્વામીનાં દર્શન કરવા દોડી ગયા.

સ્વામીની ગાડી ચરામાં દીઠી એટલે બધા દંડવત્ કરવા મંડી પડ્યા અને કોઈએ પણ ખાડો, ટેકરો, ઝાડ, ઝાંખરાં કાંઈ જોયું નહિ અને જાણે પૃથ્વી શ્વેત અને લાલ ચાદરોથી મઢી દીધી હોય એવું અપૂર્વ દૃશ્ય થઈ ગયું.

સ્વામીએ સગરામ ઊભો રખાવ્યો અને બધાને દંડવત્ કરતા રખાવ્યા. પછી બે હાથ વતી આશીર્વાદ આપ્યા. એક પછી એક એમ સર્વે આવીને સ્વામીનો ચરણસ્પર્શ કરવા લાગ્યા અને જેમની પાસે હાર હતા તેમણે સ્વામીની કોટમાં હાર પહેરાવ્યા.

પછી સ્વામીની ગાડી ત્યાંથી ચાલી અને હનુમાનજીવાળે દરવાજે આવી. એટલે આચાર્ય મહારાજ તથા સભામાં બિરાજેલ ત્રણ સદ્‌ગુરુઓ સામા આવ્યા અને પગે લાગ્યા. સ્વામી ગાડીમાંથી ઊતર્યા એટલે શુક સ્વામીએ સ્વામીનો હાથ પકડી લીધો અને હસતાં હસતાં સ્વામીને કહ્યું : ''સ્વામી ! આ ફેરે બહુ જ ઐશ્વર્ય વાપર્યું !''

ત્યારે સ્વામી બોલ્યા :

''માનવ જાણે મેં કરું, કરતલ દુજો કોઈ;
આદર્યાં અધૂરાં રહે, હરિ કરે સો હોય.''

એમ મર્મમાં કહ્યું. શુક સ્વામી પણ સમજી ગયા કે મહારાજના પ્રતાપે અત્યારે તો આ સાધુનું ધાર્યું થાય છે. પછી સ્વામીની માફી માગી. સ્વામી ઠાકોરજીનાં દર્શન કરી પાછળ ચોકમાં સભા ગોઠવી હતી ત્યાં પધાર્યા.

વરતાલમાં સ્વામીનું ફરીથી અપમાન

સભામાં આચાર્ય મહારાજ પાટ ઉપર બિરાજ્યા હતા. ત્યાં જઈ સ્વામી

તેમને દંડવત કરી પગે લાગ્યા અને બધાને 'જય સ્વામિનારાયણ' કહી પાટ પાસે ખુરશી ઉપર બેઠા. સ્વામી બિરાજ્યા એટલે તેમનાં દર્શન કરવા તથા પગે લાગી હાર પહેરાવવા તમામ હરિભક્તો આવવા લાગ્યા. એમાં થોડી ધક્કામુક્કી થઈ એટલે ગોપાળજી દાદા (રઘુવીરજી મહારાજના મોટાભાઈ) અકળાઈ ગયા. આગળથી જ ગુણાતીતાનંદ સ્વામીને ઠપકો આપવાનું દાદાએ માથે રાખેલ. તેથી આ પ્રસંગે એકદમ બોલી ઊઠ્યા : ''કોઈ નિયમ રાખતા નથી અને પ્રેમલા થઈ ધક્કામુક્કી કરો છો. અને સ્વામીને પણ ભગવાન થવું છે એટલે કોઈને કાંઈ કહેતા નથી.''

તે સાંભળી સ્વામી પાલ ગામના ભાદા પટેલનું કાંડું ઝાલી ઊભા થયા અને ઊંચે સાદે બોલ્યા : ''કોઈ અમને ભગવાન કહેશે તે ગધેડો લેખાશે. માટે અમને કોઈ ભગવાન કહેશો નહિ. ભગવાન તો એક સર્વોપરી અને સર્વ અવતારના કારણ એવા પૂર્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી છે, અને શાસ્ત્રમાં જેને મૂળ અક્ષરબ્રહ્મ કહ્યા છે તે આજે તમારી સભામાં તમારી સમક્ષ વાતો કરે છે. માટે ઓળખી રાખજો !'' એટલું કહીને સ્વામી બેસી ગયા.

સ્વામીની આ વાત સાંભળી દાદા ટાઢા થઈ ગયા અને બધા સદ્‌ગુરુઓને પણ એમ થયું કે 'જ્યારે અમદાવાદમાં આચાર્ય મહારાજ સ્વામીનો મહિમા સમજીને આવું સન્માન કરે છે અને સ્વામીને સોનાના થાળમાં જમાડે છે; ત્યારે આપણે ભાગે જ આવું અપમાન કરવાનું વારંવાર આવે છે.' એમ સર્વેને દિલગીરી થઈ. પરંતુ સ્વામીએ તો મહારાજના પુરુષોત્તમપણાની અને તેને અખંડ ધારનાર મૂળ અક્ષર સ્વરૂપને ઓળખવાની ઘણી જ અદ્‌ભુત વાતો સભામાં કરી, પરંતુ આ પ્રસંગ સંબંધી એક શબ્દ પણ વાતમાં આવવા દીધો નહિ.

સ્વામીનું અપમાન દાદાએ કર્યું એ વાતની બાઈઓની હવેલીમાં ખબર પડી, એટલે દાદાને બોલાવીને કહ્યું : ''સ્વામીની માફી માગી આવો તો જમવા મળશે !''

આથી, દાદાએ કંકુ તથા સાકરનો પડો લઈ સ્વામીને આસને જઈ પૂજા કરી સાકરનો પડો ધર્યો અને ધોતિયું ઓઢાડ્યું અને હાથ જોડી બોલ્યા : ''સ્વામી ! મારું બોલ્યું માફ કરજો. મને તો બીજાએ ચડાવ્યો હતો.''

સ્વામીએ તેમને કહ્યું : ''તમે હરિભક્તોને વાજબી જ કહ્યું છે કે ભીડ

કરી ઉપરાઉપરી પડવું તે અવિવેક કહેવાય. તમે અમારું તો કાંઈ અપમાન કર્યું જ નથી, એટલે અમને તેનો કાંઈ ઉચાટ નથી.'' એ પ્રમાણે સ્વામીએ દાદાને ધીરજ આપી.

આવી રીતે સંવત ૧૯૨૩નો ચૈત્રી પૂર્ણિમાનો છેલ્લો સમૈયો સ્વામીએ વરતાલ કર્યો અને મુક્તોએ જે માયા પ્રસારી તેને પોતાના જ્ઞાન, ઐશ્વર્ય, પ્રતાપથી દાબી, મહારાજના પુરુષોત્તમપણાનો સર્વોપરી ડંકો મારી, શાસ્ત્ર-પુરાણની તંતીવાળાની સમજણ ફેરવી, આ લોકમાં જે કાર્ય કરવા માટે પોતે મહારાજની સાથે પધાર્યા હતા તે સંપૂર્ણ કર્યું.

પછી સ્વામી ત્યાંથી ભગવત્પ્રસાદજી મહારાજ, શુકમુનિ વગેરેને મળીને નીકળ્યા. એટલામાં શુકમુનિએ સ્વામીને કહ્યું : ''સ્વામી ! હવે સાચવજો અને પેલા પ્રાગજી અને શામજીનો પ્રસંગ ન રાખશો.''

એટલે સ્વામી તરત જ અકળાઈને બોલ્યા : ''આની કાંણ તો કદી મટી જ નહીં.''

એટલે તરત જ શુકમુનિ સ્વામીના પગમાં પડી ગયા અને ક્ષમા માગી કહ્યું : ''સ્વામી ! એમાં મારો વાંક નથી, પણ આ કાળા મોઢાનો ધણી તમારો હાથ ઝાલનાર રઘુવીરચરણદાસ મને રોજ રાતે કહી જાય છે.''

પરંતુ સ્વામી તો તે સાંભળ્યું - ન સાંભળ્યું કરી હાથીવાળે દરવાજે થઈને ચાલી નીકળ્યા. હજારો હરિભક્તો સ્વામીને વળાવવા નીકળ્યા. જેને જેને પૂજા કરવાની રહી ગઈ હતી તેમણે સ્વામીની ગાડીમાં હાર તથા ધોતિયાં નાખવા માંડ્યાં. મહેળાવના રસ્તા સુધી હરિભક્તો પાછળ આવ્યા અને ધોતિયાં ઓઢાડ્યાં. લગભગ ત્રણ-ચાર ગાડાં ભરીને ધોતિયાં થયાં. તે બધાં ભેગાં કરી સ્વામી જાગા ભક્તે ત્રણ-ચાર ગાદલાં સીવ્યાં અને સ્વામીના ગાડામાં પાથરી સ્વામીને બેસવાનું કરી દીધું. આ વખતે ભગતજી પણ સાથે હતા. તેમણે મહેળાવમાં ત્યાંના હરિભક્ત જીણાભાઈ તથા દલાભાઈ, મથુરભાઈ, હાથીભાઈ વગેરેને સ્વામીના મૂળ અક્ષરપણાની વાત કરી નિષ્ઠા કરાવી. મથુરભાઈ સ્વામી માટે સારી રાયણો લાવ્યા તે સ્વામીને ધરાવી. સ્વામી બહુ જ રાજી થયા.

અહીંથી સ્વામી સદ્‌ગુરુઓ અને ભગવત્પ્રસાદજી મહારાજ સાથે અયોધ્યાપ્રસાદજી મહારાજની તબિયત જોવા માટે પુનઃ અમદાવાદ પધાર્યા.

અમદાવાદમાં આચાર્ય મહારાજે સ્વામીનું ભવ્ય સ્વાગત કર્યું. અહીં નવ દિવસ રોકાઈને સ્વામી વિદાય લઈને નીકળ્યા.

પછી ત્યાંથી સ્વામી નીકળ્યા અને સીંજીવાડા, ગાડા, મહિયારી, પરીએજ થઈ ધોળકા આવ્યા. ત્યાંના મામલતદાર માધવલાલભાઈએ સ્વામીનું સામૈયું કરી પોતાને ઘેર પધરામણી કરી. તેમના પુત્ર મગનલાલભાઈ પાસે સ્વામીની ષોડશોપચારે પૂજા કરાવી.

પછી સ્વામી મંદિરમાં પધાર્યા અને સભામાં ઘણી વાતો કરી. પછી ચકલી તળાવ, હનુમાનજીની જગ્યા તથા મહાદેવજીની જગ્યા – એ સર્વે પ્રસાદીનાં સ્થાનોમાં સ્વામી દર્શન કરવા પધાર્યા.

એ પ્રમાણે ધોળકામાં એક દિવસ રોકાઈને ધંધૂકા થઈને ધોળેરા આવ્યા. અહીં મંદિરના મહંત દેવનંદનદાસે તથા બીજા સંતોએ સ્વામીનું સારું સન્માન કર્યું અને સર્વેને ભાવપૂર્વક રસોઈ કરી જમાડ્યા અને પૂજા કરી.

સ્વામી ધોલેરાથી નીકળી રથળ, મછિયાવ, શિયાણી, લીંબડી, કંથારિયા, વાગડ ફરીને બરવાળા પધાર્યા. અહીં જેશંકર પંડ્યા, મુનિ મહારાજ વગેરે હરિભક્તોએ સ્વામીની સારી સેવા કરી.

અહીંથી નીકળી સ્વામી સારંગપુર પધાર્યા.

સારંગપુર : સર્વોપરી ધામ

અહીં જેઠાખાચર તથા વાઘોખાચર તથા બગડના દેહોખાચર, કારિયાણીના નથુ પટેલ વગેરેએ સ્વામીનાં દર્શન કર્યાં. સ્વામીએ પણ તેમને અતિ અદ્‌ભુત વાતો કરી. તે વાતો સાંભળી તેમણે સ્વામીને કહ્યું : ''સ્વામી ! શ્રીજીમહારાજ તથા ગોપાળાનંદ સ્વામી અને આપ આ ગામ ઉપર બહુ રાજી છો, તો અમોને આશીર્વાદ આપો કે અમને આપના અને મહારાજના સ્વરૂપમાં મનુષ્યભાવ ન આવે અને અતિશય નિષ્ઠા થાય. વળી, આ ગામના તમામ સત્સંગીઓની પણ નિષ્ઠા વધે.''

આ સાંભળી સ્વામીએ અત્યંત રાજીપો બતાવતાં કહ્યું : ''તમોને તથા તમારા ગામના સત્સંગીઓને શ્રીજીમહારાજ અખંડ સેવામાં રાખશે. અહીં શ્રીજીમહારાજ પ્રથમ મંદિર કરવા સારુ પધાર્યા હતા ને વર આપ્યો હતો. તે વર સાચો કરશે ને એકાંતિક મુક્ત દ્વારે સર્વોપરી શિખરબદ્ધ મંદિર કરાવશે

ને તેમાં અક્ષર, પુરુષોત્તમ ને મુક્તની મૂર્તિઓ સ્થાપશે. આખા બ્રહ્માંડમાં આ સર્વોપરી ધામ કહેવાશે ને ઘણા લોકો સર્વોપરી નિષ્ઠા શીખશે. મધ્ય મંદિરમાં પોતાની મૂર્તિ પધરાવશે અને સંપ્રદાયની પુષ્ટિ થશે.'' આવી ઘણી વાતો સારંગપુરના મહિમાની ભવિષ્યવાણી કહીને કરી.

પછી સ્વામી કુંડે ફરવા જતા હતા. ત્યાં રસ્તામાં હવેડિયો કૂવો તથા લીંબડો જોઈ બોલ્યા : ''આ સ્થળે મંદિર થશે અને જે જગ્યાએ શ્રીજીમહારાજે ધોળા અને ફલ્ગુ નદી વચ્ચે બેટમાં ઘણી લીલા – આઠમનો સમૈયો, યજ્ઞ, ચોરાશી વગેરે – કરીને રમણ રેતી કરી છે, તેથી દિવ્ય અક્ષરતુલ્ય આ ભૂમિ થઈ છે.'' એ પ્રમાણે વાત કરી કુંડે પધાર્યા. ત્યાં સ્નાન કરી પાછા ફરતાં પોતે તમામ ભૂમિ ઉપર ફરી મંદિર કરવાની જગ્યા બતાવી. તે વખતે નાગજી શેઠ વગેરે હરિભક્તો ભેગા હતા, તેમણે આ આખો પ્રસંગ નજરે જોયેલ અને સ્વામીની ભવિષ્યવાણી સાંભળી સત્સંગમાં પ્રવર્તાવેલ છે.

સ્વામી સારંગપુરથી નીકળી બોટાદ પધાર્યા. ત્યાં થોડા દિવસ રહી ગઢડા પધાર્યા.

ગઢડામાં પોતાના લાડીલા શિષ્યો મનજી ઠક્કર, ટોકર ભાવસાર, કલ્યાણ કંદોઈ વગેરેને વાતો કરી આનંદ કરાવ્યો. પછી ત્યાંથી ચાલ્યા તે અમરેલી ગયા. ત્યાં અક્ષરસ્વરૂપદાસે (પૂર્વાશ્રમના ત્રિકમદાસ) મંદિર કરવું અધૂરું મૂકેલું તેને પૂરું કરવા સ્વામી અમરેલી રહ્યા. ઓઢાના સમઢિયાળા સુધીના તમામ ગામના હરિજનોની રસોઈ લીધી અને ત્રેવીસ દિવસ રહ્યા.

આણે કેનો બાપ માર્યો છે ?

બીજે દિવસે જૂનાગઢ જતાં રસ્તામાં સૌના સ્વભાવ ઉપર વાત કરતાં કહ્યું : ''આ હરિદર્શનાનંદ બ્રહ્મચારીને લાડવા ખાવાનો લવલવાટ છે. આ ધર્મતનયદાસને ગરાસના સંકલ્પ થાય છે અને આ ડાહ્યાભાઈને પટલાઈના સંકલ્પ થાય છે.'' એમ સૌના સ્વભાવ ઉપર વાત કરી સૌને ઉપદેશ આપ્યો કે ''સાધુ કે સત્સંગી થયા તો કલ્યાણના માર્ગમાં વિઘ્ન આવે એવા સ્વભાવ ન રાખવા.'' એમ વાતો કરતાં જૂનાગઢ પધાર્યા.

જૂનાગઢમાં ભીમ એકાદશીનો સમૈયો ભરપટ ભરાયો હતો. સ્વામી સભામાં સાધુ, હરિજનો, પાળાઓ વગેરેને મળી મંદિરમાં દર્શન કરવા

પધાર્યા. પછી સભામાં પધારી, વાતો કરી, હજારો હરિભક્તોને સુખિયા કરી દીધા. ત્યાર બાદ સ્વામી ચોકમાં ચંદની બાંધી હતી તે જોઈ રહ્યા અને પ્રાગજી ભગતને સંભારી ભાવસંગ અને ડાહ્યાભાઈ સાંભળે તેમ મોટેથી પોક મૂકી રોઈ પડ્યા અને બોલ્યા : ''આણે કેનો બાપ માર્યો હશે કે એને સત્સંગ બહાર કર્યો ?'' એમ ભગતજી મહારાજ ઉપરનું પોતાનું અનહદ હેત સ્વામી વખતોવખત ભગતજીને સંભારીને બતાવતા હતા.

જૂનાગઢમાં ભીમ એકાદશીના સમૈયામાં વાતો કરી, હજારો હરિજનોને શાંતિ પમાડી, સ્વામીએ સૌને પોતપોતાને ઘેર જવા આજ્ઞા આપી.

પછી પોતે ધર્મશાળાના રજોઠિયાનો મેડો અધૂરો હતો તે પૂરો કરવા રઘુવીરચરણદાસને કહ્યું, પણ તેમણે મન દીધું નહિ અને કહ્યું : ''થશે, શી ઉતાવળ છે ?''

પછી કોઠારમાં કુંજવિહારીદાસ કોઠારીને કહ્યું : ''થોડાક માણસ આપો તો આ મેડો અધૂરો છે તે પૂરો કરીએ.''

ત્યારે તેણે કહ્યું : ''તમારે નવરું રહેવાતું નથી. અત્યારે કોણ માણસ છે ?''

આ સાંભળી સ્વામી જાગા ભક્તને ઓરડે આવ્યા અને તેમને પૂછ્યું : ''તારી પાસે માણસ કેટલા છે ? તે બધા મારું કહ્યું કરે કે મોટેરાનું કહ્યું કરે ?''

એટલે જાગા ભક્તે કહ્યું : ''સ્વામી ! માણસ તો છે અને આપ કહો તેમ કરીએ.''

એટલે સ્વામીએ કહ્યું : ''મારે લાકડાં વેરવાં છે.'' એટલું કહી છ કરવત મંગાવી લાકડાં વેરવાની શરૂઆત કરી.

ડાહ્યાભાઈ તથા ભાવસંગ પણ આ કામમાં ભેળા હતા. સ્વામી નિત્યે સવારે, બપોરે અને સાંજે જમીને તેમને પ્રસાદી આપે. એટલે હરગોવિંદદાસે કહ્યું : ''એ જ સેવા કરે છે ?'' એમ કહીને પ્રસાદી આપવા જનાર સેવકને અટકાવ્યો. એટલે સ્વામી પોતે એક થાળ લાવી, પ્રસાદી ભરીને પોતે ત્રણ વખત આપી આવતા અને નિત્યે સાંજે તેમને મળે. એમ વીસ દિવસ મળ્યા. પછી દસ દિવસ સવારે ને સાંજે મળે. એમ જાગા ભગત વગેરેને એક મહિનામાં ચાલીસ વખત મળ્યા. સ્વામી વેરણિયા કામ કરતા હોય ત્યાં જાતે આવીને બેસે અને ખૂબ વાતો કરે.

સ્વામી વાડીમાં વાતો કરે છે એ જાણી રૂપશંકર પણ ત્યાં વાતો

સાંભળવા આવવા લાગ્યા. પોતે નિત્યે એક વખત મંદિર આવવાનો નિયમ રાખ્યો હતો, પણ સ્વામીની વાતો સાંભળવા બે વખત આવવા માંડ્યા. ત્યારે સ્વામીએ પૂછ્યું : ''રૂપશંકર ! પ્રકરણ ફેરવ્યું ?''

ત્યારે રૂપશંકરે કહ્યું : ''આપે ફેરવ્યું ત્યારે મેં ફેરવ્યું. કેમ કે, આપે કોઈ દિવસ શ્રીજીમહારાજના અદ્‌ભુત મહિમાની આટલી વાતો કરી નથી, તેથી એમ જણાય છે કે આપ પણ છેલ્લી આપના રહસ્યની વાતો કરો છો.''

આ પ્રમાણે પ્રશ્ન-ઉત્તરો વેરણિયાઓ સાંભળે તેમ સ્વામી કરે અને તેમને પાછી વાતો પણ કરે અને કહે : ''તમોએ મારી આજ્ઞાથી આ સેવા કરી છે, તો તમને ભેગા લઈ જઈને વાતો કરવી છે ને સુખ આપવું છે.''

મેડો જડાઈ રહ્યો ત્યાર પછી સ્વામી દેશમાં ફરવા જવા તૈયાર થયા. એટલે રઘુવીરચરણદાસે પૂછ્યું : ''કેને કેને સાથે લઈ જાઓ છો ?''

ત્યારે સ્વામીએ કહ્યું : ''પ્રથમ તો મારા વેરણિયા.''

એટલે રઘુવીરચરણ તાડુકીને બોલ્યો : ''તે વિના બીજાને લઈ જાઓ.''

એટલે સ્વામીએ કહ્યું : ''તો મારે જવું નથી.'' એમ કહી જવાનું માંડી વાળ્યું. પછી વાડીમાં પથ્થર કઢાવવા લાગ્યા. અહીં પોતાના હેતવાળા જાગા ભગત, ડાહ્યાભાઈ, રાજા ભગત, રણછોડ ભગત વગેરેને ભેગા રાખી ખૂબ વાતો કરે ને આનંદ આપે.

જન્માષ્ટમીનો સમૈયો આવ્યો ત્યારે પણ હજારો હરિભક્તોને વાતો કરી આનંદ આપ્યો.

આ સમયમાં સ્વામીએ સ્વામી બાલમુકુંદદાસજી તથા સ્વામી યોગેશ્વરદાસજીને મંડળ બાંધી આપ્યાં હતાં. તેથી સ્વામી બાલમુકુંદદાસજીને થયું કે સ્વામી બહુ કૃપાળુ એટલે દયા કરી મારું ઠેકાણું પાડ્યું અને મને મંડળ બાંધી આપ્યું. દેશમાં ફરવા જવાનું તેમને થયું હોવાથી સહેજ મરકતાં મરકતાં સ્વામી પાસે આવી દંડવત કરવા લાગ્યા. તેમને મરકતા જોઈ સ્વામી બોલ્યા : ''સત્પુરુષથી નોખા પડવું પડે અને જમપુરીમાં ગયા જેવું દુઃખ ન થાય તો ક્યાં સત્પુરુષમાં જીવ જડ્યો છે ?'' એમ કહી બાલમુકુંદદાસ સ્વામીને રાજી થઈ આશીર્વાદ આપ્યા. પછી તે કુંકાવાવ ભણી મંડળ લઈને ફરવા ગયા.

ત્યાર પછી ભાદરવા માસમાં સ્વામી જૂનાગઢથી નીકળવા તૈયાર થયા અને કહ્યું : ''વેરણિયાને તો મારે ભેગા જ લઈ જવા છે.''

પરંતુ રઘુવીરચરણદાસે ના પાડી. એટલે વંડામાં જાગા ભગતની નાહવાની ઓરડીમાં રણછોડ ભગતને બોલાવીને કહ્યું : ''રઘુવીરચરણદાસને સમજાવો. મેં જાગા ભગતને વચન આપ્યું છે તેથી ભેગા લઈ જવા છે. તો રજા આપે તો એ જીવે ત્યાં સુધી તે કહે તેમ કરી દઉં !''

એટલે રણછોડ ભગત બોલ્યા : ''સ્વામી ! એ તલમાં તેલ નથી. માટે કહ્યે વળે તેમ નથી.''

તે સાંભળી સ્વામી બોલ્યા : ''હવે મુમુક્ષુનાં કર્મ ફૂટ્યાં ને પૃથ્વીનું મંગળ ગયું.'' એમ કહી ઉદાસ થઈને બોલ્યા : ''આ લોકમાં તો ભેગું રહેવાય કે ન રહેવાય, પણ અક્ષરધામમાં ભેગા રહેવાય એવા સ્વભાવ કરતાં શીખજો.'' એમ કહી જૂનાગઢથી નીકળવા તૈયાર થયા.

સ્વામીનું કાર્ય

આ પ્રમાણે મૂળ અક્ષરબ્રહ્મ સ્વામી ગુણાતીતાનંદ સ્વામીએ જૂનાગઢમાં ૪૦ વર્ષ સુધી અવિરતપણે રહીને મહારાજના સર્વોપરીપણાની વાતો કરી, સોરઠ તથા ગુજરાતના તમામ હેતવાળા હરિભક્તોને શ્રીજીમહારાજ પુરુષોત્તમ તથા મૂળ અક્ષરનો નિશ્ચય કરાવવા, ગુણાતીત જ્ઞાનનાં બીજ જેમ વજ્રની પૃથ્વીમાં વજ્રની ખીલી રોપે તેમ રોપી દીધાં અને પુરુષોત્તમનો આ પૃથ્વી ઉપરના અવતરણનો હેતુ સિદ્ધ કરી દીધો. શાસ્ત્રો, મત અને પંથમાં બંધાયેલા અનેક વિદ્વાનો, મુમુક્ષુઓ સ્વામીની પરાવાણીનો અદ્‌ભુત સ્રોત ઝીલી, જેમ ગારડીને જોઈને મણિધર ડોલે તેમ સ્વામીની વાતોથી મુગ્ધ થઈ ગયા હતા અને શાસ્ત્રના શબ્દછળની જાળ ભેદી, મહારાજ અને સ્વામીને જેવા છે તેવા સમજી શક્યા હતા.

આવી સર્વોપરી સમજણ થવી ઘણી કઠણ છે. તેથી જ શ્રીજીમહારાજે શુકમુનિને કહ્યું : ''એવી રીતે વાર્તા અમે ઘણી વાર કરી છે, પણ એનું મનન કરી, સારી પેઠે એની ઘેડ્ય બેસાડતા નથી. એટલે શાસ્ત્રના શબ્દને સાંભળીને સમજણમાં ઠા રહેતો નથી. ને ઠાવકી ઘેડ્ય બેસાડી હોય તો એની સમજણ કોઈ દિવસ તે શબ્દને સાંભળવે કરીને ફરે નહિ.''[૪૩]

એવી ઠાવકી ઘેડ્ય બેસાડવા સારુ જ સ્વામીએ જેમ ભમરી ઇયળને

૪૩. ગ. મ. ૩૧.

ઝાલી લાવીને ચટકા ભરે છે તે ભમરી કરવા વાસ્તે જ; તેમ જૂનાગઢમાં અનેક મુમુક્ષુઓને, 'આ બાજરો સડી જાય છે અહીં રહો. અરે, તમારે રળવામાં વાંધો હોય તો રૂપિયા દસનો મહિનો આપશું, સુધાં ચારસો જણ રહેશો તો પણ અન્ન કે ધન ખૂટવાનું નથી,' એમ અખંડ પાસે રાખીને વાતો કર્યા જ કરી. જેથી મહારાજનું સ્વરૂપ જેવું છે તેવું સમજાય. પોતાનું આ કર્તવ્ય પૂરું થયું, ગુણાતીત જ્ઞાનનાં આ બીજ રોપાઈ ગયાં. હવે તેનાં ઝાડ થશે એમ આશીર્વાદ આપી, સ્વામીએ અંતર્ધાન થવાનો સંકલ્પ કર્યો.

જૂનાગઢની છેલ્લી વિદાય
'સત્સંગમાં ફરશું અને મહુવે જઈને રહેશું'

સ્વામી ભાદરવા માસમાં જૂનાગઢ મંદિરમાંથી નીકળવા તૈયાર થયા. છેલ્લે સર્વે સંત-હરિભક્તોને મળી, કાકડીની પ્રસાદી સર્વેને આપી અને સ્વામી નીકળ્યા. સ્વામી ઘોડી ઉપર બેઠા, ત્યાં માથાનો રૂમાલ નીચે પડી ગયો. એટલે સ્વામી બોલ્યા : ''ઘોડીએ સવારી કરતા જો અસવારના માથાનો પાઘ અથવા રૂમાલ પડે તો જાણવું કે તે અસવાર હવે પાછો ઘેર નહિ આવે.'' એમ કહી આગળ ચાલ્યા. દરવાજા પાસે આવ્યા, એટલે ત્યાં ઊભા રહ્યા અને બોલ્યા : ''ચાલીસ વરસ, ચાર મહિના અને ચાર દિવસ આ મંદિરમાં રહ્યા. હવે સત્સંગમાં ફરશું અને મહુવે જઈને રહેશું.''[૪૪]

આ પ્રમાણે કહીને સ્વામીએ સૂચવ્યું : હવે મારું પ્રગટપણું જો ઓળખવું હોય તો મહુવાના પ્રાગજી ભગતમાં સૌ જોડાજો.

એટલું કહીને સ્વામી ચાલ્યા અને પ્રથમ વંથળી જવા નક્કી કર્યું.

સ્વામી વળી બોલ્યા : ''જૂનાગઢમાં ચાલીસ વરસ, ચાર મહિના ને ચાર દિવસ રહ્યા, હવે સત્સંગમાં ફરશું અને મહુવે જઈને રહેશું.'' એમ કહીને ત્યાંથી ચાલ્યા. મારગમાં ચાલતાં જાગા ભક્તને કહ્યું : ''જમવા સારુ ખાખરાનાં પાંદડાં પતરાવળાં કરવા લઈ લેજો.''

---

૪૪. સ્વામી જાગા ભક્ત આ પ્રસંગે હાજર હતા અને તેઓશ્રીએ આ વાત સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજને કહી હતી. તેથી સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ આ પ્રસંગનો ઘણી વાર ઉલ્લેખ કરતા અને આ ગ્રંથની હસ્તલિખિત પ્રતમાં પણ તેઓશ્રીએ જ આ શબ્દો લખ્યા છે.

એમ કહીને સ્વામી જૂનાગઢથી નીકળ્યા. સ્વામી જાણે લોકમાંથી ઉદાસ થયા હોય તેવા ભણકારા સૌનાં અંતરમાં વાગવા માંડ્યા.

માર્ગે ચાલતાં સ્વામી સૌને કથાવાર્તા કરાવતા સત્સંગની દઢતા કરાવતા હતા. ચાલતાં ચાલતાં સૌ ખેંગાર વાવે પહોંચ્યા. ત્યાં ચકુભાઈ અને રૂપશંકર સ્વામીનાં દર્શને આવ્યા. દંડવત કરી, આંખમાં અશ્રુ સાથે સ્વામીને ખૂબ પ્રાર્થના કરી. તેનો પ્રેમ જોઈ સ્વામી તેને મળ્યા અને ખૂબ આનંદ આપ્યો. પછી તેને વાત કરી : ''આ મંદિર તમને સોંપ્યું, રાધારમણદેવ સોંપ્યા, તો સેવા કરજો. મંદિરને વળગી રહેશો. ભેખ તો નમૂળીઓ છે. તેને વાદે ચઢશો નહિ અને મંદિરનો પક્ષ રાખશો.''

પછી કાશીરામ અને લક્ષ્મીદાસ કોઠારીને કહ્યું : ''આ રસ્તે શ્રીજી-મહારાજ બહુ ચાલ્યા છે તેથી આ રસ્તો પ્રસાદીનો છે, તે મહારાજ સાંભરે છે.''

ત્યારે કાશીરામે કહ્યું : ''જેણે શ્રીજીમહારાજને દીઠા હોય તેને શ્રીજી-મહારાજ સાંભરે.''

એટલે સ્વામીએ કહ્યું : ''આપણે ક્યાં પરોક્ષ છે ? આપણે તો મહારાજ દર્શન દે છે, વાતો કરે છે. આપણે તો સદા પ્રત્યક્ષ જ છે.'' એમ મર્મમાં વાત કરી.

એમ વાતો કરતાં વંથળી પધાર્યા. વંથળી મંદિરમાં બિરાજ્યા. ત્યાં કલ્યાણભાઈના કુટુંબના જેઠાભાઈ, ગોપાળ વગેરે બેઠા હતા. તેમને જોઈ સ્વામી બોલ્યા : ''મોટા મોટા અવતાર કરતાં આ સત્સંગીના છોકરામાં વધુ દૈવત છે मद्भयात् वाति वातोऽयं सूर्यस्तपति मद्भयात् – એ શ્લોકમાં બળ તો બહુ દેખાડ્યું પણ કલ્યાણ તો એક માતાનું જ કર્યું.'' એમ કહીને શ્રીજી-મહારાજના પુરુષોત્તમપણાની ઘણી વાતો કરી સૌને રાજી કર્યા.

પછી નાહવા સારુ ઊઠ્યા. જંગલ જઈ આવી જાગા ભક્ત વગેરેને મળ્યા. પછી તેમને મંદિરમાં જમાડીને જૂનાગઢ પાછા મોકલ્યા.

એટલામાં જૂનાગઢથી નાગર ત્રિકમરાય દર્શને આવ્યા ને સ્વામીને હાથ જોડી કહ્યું : ''સ્વામી ! દયાળુ ! આપ જૂનાગઢથી નીકળ્યા ત્યારે હું બહારગામ ગયો હતો. ગઈકાલે સાંજે જ આવ્યો ત્યારે મને ચકુભાઈએ કહ્યું કે આજે તો સ્વામીએ સૌને પ્રસાદી આપી અને સૌ હરિજનોને મળ્યા. આજે સ્વામી વંથળી પધાર્યા છે પણ હવે જૂનાગઢ પાછા પધારે એવું જણાતું નથી.

એટલું કહી ચકુભાઈ રોઈ પડ્યા. ત્યારે મને થયું કે હું જ દર્શન વિના એકલો રહી ગયો. એટલે ઘોડું ભાડે કરી આવ્યો છું. આપે સૌને પ્રસાદી આપી અને મળ્યા; પરંતુ ભરી ગંગાએ હું જ તરસ્યો રહ્યો.''

સ્વામીએ તેમના પર કૃપા કરી અને તેમને પણ મળ્યા અને પ્રસાદી આપી. તેમના અંતરમાં અપાર શાંતિ થઈ ગઈ.

પછી ત્યાંથી કલ્યાણભાઈને ત્યાં વંથળી પધાર્યા. અહીં કલ્યાણભાઈને સ્વામીએ પોતાના સ્વરૂપની ઘણી જ વાતુ કરી.

તે વખતે દેવજીભાઈએ સ્વામીને પૂછ્યું : ''સ્વામી ! અક્ષરધામ કેવું હશે ?'' ત્યારે સ્વામી બોલ્યા :

''अहो नृलोके बत भूरि भागा लोकं पुनाना मुनयोऽभियन्ति।
येषां गृहाणां वसतीति साक्षात् गूढं परं ब्रह्म मनुष्यलिङ्गम्॥''

એ શ્લોક બોલીને સ્વામીએ કહ્યું : ''અક્ષર, અક્ષર શું કરે છે ? અક્ષરધામ તો તારા ઘરમાં બેઠું છે. મહારાજે અક્ષરરૂપ થવા કહ્યું તે અક્ષર તો આજે મનુષ્યરૂપે સાક્ષાત્ તમારા ઘરમાં બેઠું છે. એમ જો મનાય તો અક્ષરરૂપ થઈ જવાય. એ સિવાય તો લાખ વરસ 'અક્ષર છું, અક્ષર છું' એમ કહે તો પણ કંઈ ન વળે.'' એમ વાત કરીને સ્વામી બોલ્યા : ''હવે તો સત્સંગમાં ફરશું અને મહુવે જઈને રહીશું.''

સ્વામી વંથળીથી નીકળીને જાળિયા તથા ગણોદ ગયા અને ત્યાં પણ એમ જ બોલ્યા. પછી ભાયાવદર પધાર્યા. અહીં ગોંડલથી કારભારી માધવજી દવે વતી હરિશંકરભાઈ અને બ્રહ્મચારી હરિહર્યાનંદજી તથા બ્રહ્મચારી ધર્મપ્રિયાનંદજી સ્વામીને ગોંડલ તેડવા આવ્યા હતા. તેમની સાથે સ્વામી ઉપલેટા થઈને ગોંડલ જવા નીકળ્યા. રસ્તામાં વામનપ્રસાદજીને ખાનગીમાં બોલાવીને કહ્યું : ''હું ચાર દિવસમાં અક્ષરધામમાં જઈશ. પણ મુકુંદ-ચરણદાસને કહેજો કે જાગા ભક્તે મારી બહુ સેવા કરી છે તો તેમનો દેહ રહે ત્યાં સુધી ખબર રાખે.''

પછી ત્યાંથી સ્વામી સંવત ૧૯૨૩ના આસો સુદિ ૯ને દિવસે ગોંડલ પધાર્યા. બીજે દિવસે સ્વામીએ વિજયા દશમીનો ઉત્સવ કરાવ્યો.

એકાદશીના દિવસે સવારમાં સ્વામી કૈલાસબાગમાં શ્રીજીમહારાજની બેઠકે પધાર્યા. ગોંડલ દરબારશ્રીને સ્વામીને દરબારમાં પધરાવવાનો વિચાર

હતો એટલે આજે સાંજે ચાર વાગે કારભારી મંડળ સર્વે સ્વામીને તેડવા મંદિરમાં આવ્યા અને નવલખા મહેલમાં પધારવા પ્રાર્થના કરી. સ્વામી ગાડીમાં બેસી દરબારમાં પધાર્યા. ત્યાં નવલખામાં ગાદી-તકિયા બિછાવીને સ્વામીને પધરાવ્યા. પછી દરબારે ષોડશોપચારે સ્વામીની પૂજા કરી અને જગન્નાથીના તાકા ઓઢાડ્યા તથા રાધારમણદેવની સેવા માટે થાળ ભરી રૂપિયા ભેટ મૂક્યા. સ્વામીએ અહીં બહુ જ વાતો કરી અને પ્રસન્ન થઈને કહ્યું : ''જાઓ, મહારાજ તમને અંત સમયે તેડવા પધારશે.'' દરબારને અંતરમાં શાંતિ શાંતિ થઈ ગઈ. સંધ્યા આરતી પણ અહીં જ કરી.

એ વખતે ગામમાંથી ઘણા પ્રતિષ્ઠિત ગૃહસ્થો તથા વિદ્વાનો દરબારમાં આવ્યા હતા. તેમને સ્વામી કહે : ''કંઈ પૂછવું હોય તો પૂછો. આ અવસર ફરી ફરી નહિ આવે.'' પછી તો કોઈ કાંઈ બોલ્યું નહિ. એટલે સ્વામીએ વાત કરી : ''સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે અને રામ-કૃષ્ણાદિક દેવના પણ કારણ છે - એમ જાણીને એમના અખંડ સંબંધવાળા સત્પુરુષનો સમાગમ એ જ મોક્ષનું અસાધારણ સાધન છે. એવા સત્પુરુષની જે મન, કર્મ, વચને સેવા કરે, તેને મોક્ષના સાધનમાં કંઈ કરવું રહેતું નથી.'' એમ કેટલીક વાતો કરી રાતે મંદિર પધાર્યા.

ગોંડલમાં સ્વામીનો દેહોત્સર્ગ

સંવત ૧૯૨૩, આસો સુદ ૧૩ના દિવસે ગણોદ દરબાર અભયસિંહના દરબારમાં સ્વામીએ પધરામણી કરી. દરબારે અહીં સ્વામીની કેસર-ચંદનાદિકે પૂજા કરી અને હાથ જોડીને કહ્યું : ''સ્વામી ! રાધારમણદેવને નિત્યે સાકરનો થાળ થાય તેનો લેખ કર્યો છે તે આવતીકાલે આપીશ.''

ત્યારે સ્વામી કહે : ''કાલ કોણે ભાળી છે ? માટે અત્યારે જ લાવો.''

ત્યારે તે લેખ લાવી કુંવર ભગવત્સિંહજી પાસે લેખ સ્વામીને અર્પણ કર્યો. સ્વામીએ રાજી થઈને કુંવરને આશીર્વાદ આપ્યા. અને ઘણી વાતો કરી રાત્રિના નવ વાગે મંદિરે પધાર્યા.

કારભારી માધવજીભાઈનું ઘર મંદિર પાસે જ હતું. અત્રે તેમને પણ સ્વામીની પધરામણી કરાવવાનો સંકલ્પ હતો, પરંતુ મોડું થઈ ગયું હતું તેથી તેમણે આવતી કાલની વાત કરી. આથી સ્વામીએ તેમને કહ્યું : ''કાલે ઘણું

મોડું થઈ જશે. માટે જો પધરામણી કરવાનો વિચાર હોય તો હમણાં જ ચાલો.'' એમ કહી રાત્રે જ માધવજીભાઈને ઘેર ઘોડી ઉપર ચડીને સ્વામી પધરામણીએ પધાર્યા. કારભારીએ ઘીની મશાલો ચેતાવી હતી.

પધરામણી કરીને સ્વામી લગભગ દસ વાગે મંદિર પધાર્યા. પછી સભા-ચેષ્ટા કરી સૌને સૂવાની આજ્ઞા કરી. રાત્રે લગભગ ૧૨ વાગે સ્વામીને શરીરે સહેજ શરદી જેવું જણાયું, તેથી સગડી કરી શેક કર્યો અને ગરમ ઔષધિ જાવંત્રી શરીરે ચોળી. પછી સ્વામીએ સૌને કહ્યું : ''મારે શરીર હવે સારું છે માટે તમો બધા સૂઈ જાઓ.'' એમ સૌને સુવાડી બરાબર પોણા વાગે ધર્મશાળામાં સિંહાસન આગળ થાંભલો છે ત્યાં સ્વામી, સ્વસ્તિક આસન વાળીને બેઠા અને સ્વતંત્ર થકા ધામમાં પધાર્યા. તે સમયે મહારાજ અસંખ્ય મુક્તો અને વિમાનો લઈને સ્વામીને તેડવા આવ્યા અને સ્વામીને પોતાના દિવ્ય સિંહાસનમાં બેસાડી ધામમાં લઈ ગયા.

આ રીતે, વિક્રમ સંવત ૧૯૨૩ના આસો સુદિ ૧૩ને ગુરુવારે રાત્રે પોણા વાગે સ્વામીએ આ ભૌતિક દેહનો ત્યાગ કર્યો. સ્વામીના દેહને સુંદર વિમાનમાં પધરાવી, ષોડશોપચારે પૂજા કરી, ગામની બહાર ગોંડલી નદીના તટ[૪૫] ઉપર તેમના દેહનો અગ્નિસંસ્કાર કર્યો. સર્વે ગોંડળીમાં સ્નાન કરી મંદિરે આવ્યા.

આ રીતે, શ્રીજીમહારાજનું સોંપેલું કાર્ય જે પોતાનું મૂળ સ્વરૂપ ઓળખાવવું અને સોરઠ દેશના સત્સંગીઓને મહારાજની મૂર્તિનું સુખ આપવું – એ કરી, પોતાના સંબંધમાં જે જે આવ્યા તેને બ્રહ્મરૂપ કરી, પોતાના સંબંધને પમાડી, સ્વામી પોતાનું શેષ કાર્ય ભગતજી મહારાજને સોંપી ધામમાં પધાર્યા.

ખંડ પહેલો સમાપ્ત

૪૫. આ સ્થળે એક સુંદર વિમાન આકારની દેરી બાંધી છે. તે 'અક્ષર દેરી'ને નામે સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. પાછળથી ગોંડલ રાજ્ય પાસેથી આ જમીન વેચાતી લઈ બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજે આ અક્ષરદેરીને કાયમ રાખી, તેના ઉપર જ ત્રણ શિખરનું અક્ષરમંદિર બનાવ્યું છે. જેમાં સ્વામી અને મહારાજની ધાતુની મૂર્તિઓ પધરાવી છે. આ રીતે આ સ્થાન પૃથ્વીનું તળ રહે ત્યાં સુધી સર્વેને આ લોકમાં મૂળ અક્ષરબ્રહ્મના અવતરણની પ્રતીતિનું પ્રતીક સદાને માટે બની રહ્યું છે.

ખંડ ૨

સંપ્રદાયમાં ભગતજીનું વિચરણ

दृश्यन्ते बहवोऽत्र साधुपुरुषास्तावत् क्षमासागरा,
यावन्नेव दुरुक्तमीषदुदितं केनापि संश्रृण्वते ।
सामर्थ्ये ह्यतुले तु सत्यपि मनः क्षोभं न येषां व्रजेत्,
दुर्वाच्यैः कुधियामुपद्रवशतैस्ते साधवो दुर्लभाः ॥[૪૬]

– સત્સંગિજીવન : ૨-૩૩-૧૫

ભગતજીનો સત્સંગમાં પુનઃ પ્રવેશ

સ્વામીના ધામમાં ગયા પછી ભગતજીને પાછા સત્સંગમાં લીધા. ત્રણ વર્ષના સત્સંગ બહાર મૂક્યાના વિકટ પ્રસંગમાં ભગતજીની સંપૂર્ણ સાધુતા તથા પરમ એકાંતિક સ્થિતિનો સર્વ સદ્‌ગુરુઓને ખ્યાલ આવી ગયો. તેમાં ખાસ કરીને શુક સ્વામી તથા પવિત્રાનંદ સ્વામીને તો ભગતજીની અપાર સાધુતા તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ યુક્ત એકાંતિક ધર્મની સવિશેષ પૂર્ણતા તેમનામાં, ગુણાતીતાનંદ સ્વામીની અનન્ય કૃપાથી સિદ્ધ થયેલી જણાઈ. સ્વામીના છેલ્લા શબ્દો – સત્સંગમાં ફરશું અને મહુવે જઈને રહેશું – આ શબ્દોની પ્રતીતિ, ભગતજીની સંપૂર્ણ સાધુતાની સ્થિતિ જોઈને, મોટા મોટા સદ્‌ગુરુઓને થઈ કે ખરેખર સ્વામી હવે સત્સંગમાં પ્રાગજી ભક્ત દ્વારા જ પ્રગટ છે. આ રીતે વિરોધીઓની પણ પ્રશંસા ભગતજીએ પોતાની

૪૬. પોતાને માટે તિરસ્કારપૂર્ણ વચનો કોઈએ કહ્યાં હોય તે બીજા પાસેથી સાંભળીને હૃદયમાં ક્ષોભ ન પામનારા અને ક્રોધ ન કરનારા, ક્ષમાશીલ સાધુઓ ઘણા જોવામાં આવે છે; અર્થાત્ એવા સાધુઓ સુલભ હોય છે. પરંતુ કર્ણોપકર્ણ એવાં તિરસ્કાર ભરેલાં અને અપમાનજનક વચનો સાંભળવા છતાં પણ અને એવાઓ તરફથી અનેકગણા ઉપદ્રવોનો પ્રતિકાર કરવાનું અતુલ સામર્થ્ય પોતા પાસે હોવા છતાં પણ જે ક્ષમાશીલ રહે છે, એવા સાધુ દુર્લભ છે.

સાધુતાથી મેળવી લીધી.

બ્રહ્મજ્ઞાનની અખંડ જ્યોત

સ્વામીના અંતર્ધાન થયા પછી ભગતજી શુક સ્વામી પાસે ઉમરેઠમાં ઘણુંખરું રહેતા. ભગતજીના પ્રસંગ અને વાતોથી તથા તેમની સાધુતાથી, શુક સ્વામીને એમ થયું : ''ખરેખર ! ગુણાતીતાનંદ સ્વામી બહુ જ મોટા હતા અને તેમની સંપૂર્ણ કૃપા આના ઉપર થઈ છે. નહિ તો આવું નિર્માનીપણું, અખંડ ભજન અને કથાવાર્તાનું તથા સેવાનું અંગ ન હોય !''

આમ, ભગતજીનો તેમને બહુ જ ગુણ આવ્યો. સભામાં ઘણુંખરું તેઓ ભગતજી પાસે જ વાતો કરાવતા. ભગતજીએ પણ તેમની ખૂબ સેવા કરી અને રાજી કરી દીધા. વચનામૃતની એક સુંદર પ્રત ભગતજીએ શુક સ્વામીને લખી આપી. આવી રીતે શુક સ્વામીને ગુણાતીતાનંદ સ્વામી પ્રત્યે સંપૂર્ણ ભાવ પ્રગટાવી, તેમને વિષે આત્મબુદ્ધિ કરાવી દીધી. બ્રહ્મને વિષે એવી આત્મબુદ્ધિ સિવાય જ્ઞાન, વૈરાગ્ય હોય તો પણ નકામાં છે. બ્રહ્મવિદ્યાની સિદ્ધિની ચાવીરૂપ આવો માર્મિક ચોટ સમજાવતો જે બ્રહ્મજ્ઞાનનો અખાડો જૂનાગઢમાં શરૂ થયો હતો, તે ભગતજીએ પણ સત્સંગમાં પોતાના અવિરત વિચરણથી ચાલુ જ રાખ્યો.

ભગતજી શુક સ્વામી પાસે બે-ત્રણ વર્ષ રહ્યા અને શુક સ્વામી ધામમાં પધાર્યા એટલે પવિત્રાનંદ સ્વામી સાથે બોચાસણ, ઉમરેઠ તથા બીજાં ગામોમાં ફરવા લાગ્યા. આમ, સ્વામી સાથે ફરે અને વળી સમૈયે વરતાલ પણ જાય. સ્વામી પોતે જ ભગતજી પાસે દરેક જગ્યાએ વાતો કરાવે, પ્રશ્ન પૂછે અને જ્યાં જ્યાં ભગતજી ફરતા હોય ત્યાં એમ જ જણાય કે *'એમ માંડ્યો છે મોટો અખાડો રે, બ્રહ્મમોહોલ જાવા રાત-દા'ડો રે...'*

સત્પુરુષ માટે ગિરધરભાઈની શોધ

સંવત ૧૯૨૮ની સાલમાં ભગતજી વરતાલ બિરાજતા હતા. તે અરસામાં વરતાલના કોઠારી શ્રી ગોવર્ધનભાઈના ભત્રીજા શ્રી ગિરધરભાઈને ભગતજીનો પ્રસંગ થયો.

ગિરધરભાઈ પહેલેથી જ મુમુક્ષુ અને સાધુતાના ગુણે યુક્ત હતા. તેથી

તેમને એવો અખંડ વિચાર રહેતો કે જો કોઈ સ્થિતિવાળા મોટા સદ્‌ગુરુ મળે તો સાધુ થઈને તેમની પાસે રહેવું, જેથી આ ને આ જ જન્મે બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરી શકાય. વરતાલમાં શરૂઆતમાં શુક સ્વામીના શિષ્ય સ્વામી ધર્મપ્રસાદદાસજીનો તેઓ સમાગમ કરતા. સ્વામી ધર્મપ્રસાદદાસજીએ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કર્યો હતો એટલે તેમની વાતોમાં વારંવાર વરતાલ-૧૯ પ્રમાણે 'ભગવાન કે ભગવાનને મળેલા સંત મળે ત્યારે જ મોક્ષ થાય' એમ આવતું. આ વાત સાંભળીને ગિરધરભાઈએ એવા સત્પુરુષ શોધીને તેમનો સમાગમ કરવો એવો દૃઢ નિશ્ચય કર્યો. એમ નિશ્ચય કરીને એવા સત્પુરુષ શોધવા તેઓ સત્સંગમાં ફરવા નીકળ્યા.

પ્રથમ ગઢડામાં માના ભગત પાસે ત્રણ માસ રહ્યા. કોટડામાં અઢી માસ રહ્યા. જૂનાગઢ ગયા પણ ત્યાં સ્વામી બાલમુકુંદદાસજીને તો પ્રથમથી જ બંડખોર ગણ્યા હતા, એટલે તેમને મૂકીને મહાપુરુષદાસજી તથા રઘુવીર-ચરણદાસજીને મોટા ગણી તેમનો સમાગમ કર્યો; પણ શાંતિ ન થઈ. વળી, અમદાવાદમાં નિર્ગુણદાસજી પાસે બે માસ રહ્યા, પણ તેમાંય વડવાનળ જેવા સત્પુરુષ દેખાયા નહિ. પછી ભુજમાં અચ્યુતદાસજી પાસે અઢી માસ રહ્યા. અચ્યુતદાસજી આત્માને અખંડ દેખતા. એવી સ્થિતિવાળા હતા તો પણ તેમનું મન ત્યાં માન્યું નહિ. એટલે છેવટે થાકીને વરતાલ આવ્યા.

કોઠારી ગોવર્ધનભાઈએ પૂછ્યું : ''કેમ સત્પુરુષ મળ્યા ?''

ત્યારે તેમણે કહ્યું : ''વચનામૃતમાં લખ્યા છે એવા અને સ્વામી ધર્મપ્રસાદજીએ કહ્યા એવા સત્પુરુષ તો હજુ મળ્યા નથી.''

આથી, કોઠારીએ તેમને કોઠારમાં રાખીને કોઠારનું કામ સોંપ્યું; પરંતુ જેને કેવળ ભજન જ કરવું છે, તેને આવી નીરસ પ્રવૃત્તિમાં કેમ સુખ આવે ? વળી, જ્યાં સુધી આવા સત્પુરુષ પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી પગ વાળીને બેસાય પણ કેમ ?

એવા સત્પુરુષ તો વર્તમાનકાળે પ્રાગજી ભક્ત છે, તેને સેવો

ગિરધરભાઈની આવી તીવ્ર મુમુક્ષુતાથી તેમના જીવમાં એ જ આલોચ અખંડ રહ્યા કર્યો કે સત્પુરુષ પ્રાપ્ત કરવા. આથી તેમણે કોઠારનું કામ પતાવી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પાસે એક પગે ઊભા રહી માળા ફેરવવાની

શરૂઆત કરી. તેમના આવા તપથી અને એકનિષ્ઠાથી મહારાજે પ્રસન્ન થઈ તેમને દર્શન દીધાં. મહારાજનાં દર્શનથી ખૂબ જ હર્ષપુલકિત થઈ તેમણે ગદ્ગદ કંઠે મહારાજને સ્તુતિ કરી : ''હે મહારાજ ! આપની મૂર્તિનું અખંડ સુખ આવે અને હૃદયમાં આપ અખંડ બિરાજો એવી સ્થિતિ કરી દ્યો.''

મહારાજ તેમની આવી અલૌકિક માગણીથી પ્રસન્ન થયા અને કહ્યું : ''ભક્તરાજ ! એવી સ્થિતિ તો એવા પરમ એકાંતિક સત્પુરુષને સેવો તો થાય. એવા સત્પુરુષ જ જીવમાંથી અનંત જન્મના બડવાળ કાઢી, મૂળ અજ્ઞાનનો નાશ કરી, જીવને શુદ્ધ કરી મારી મૂર્તિ હૃદયમાં સ્થાપી શકે છે. એવા સત્પુરુષ વર્તમાનકાળે પ્રાગજી ભક્ત છે, તેને સેવો.'' એ પ્રમાણે કહીને મહારાજ અંતર્ધાન થઈ ગયા.

ગિરધરભાઈને આશ્ચર્ય થયું કે મહારાજે કોઈ મોટા સદ્ગુરુ ન બતાવ્યા અને આ પ્રાગજી ભક્ત કે જે સભામંડપમાં આખો દિવસ સીવે છે તે બતાવ્યા ! પ્રાગજી દરજી સત્પુરુષ ! અંતઃકરણમાં સંકલ્પ-વિકલ્પ થવા માંડ્યા અને એવા સત્પુરુષ નિહાળવાની જે અંતર્દૃષ્ટિ થવી જોઈએ તેના અભાવે, અંતઃકરણના સંકલ્પ-વિકલ્પથી મહારાજના શબ્દોમાં વિશ્વાસ ન આવ્યો. નિઃશ્વાસ નાખી ફરી તેમણે મહારાજનાં દર્શન સારુ એ જ તપ આદર્યું.

તેમના ખરેખરા તપથી મહારાજે એક મહિને ફરી દર્શન દીધાં. ગિરધરભાઈએ ફરી એ જ પ્રાર્થના કરી : ''મહારાજ ! અખંડ દર્શન રહે, સ્થિતિ થાય એવું કરી આપો અને એકાંતિક ઓળખાવો.''

મહારાજે હસતાં હસતાં કહ્યું : ''ભક્તરાજ ! એકાંતિક તો અત્યારે પ્રાગજી ભક્ત છે. દરજીના સ્વાંગ નીચે મારી મૂર્તિ અખંડ ધારી, એકાંતિક ધર્મ સિદ્ધ કરેલ એ બહુ મોટાપુરુષ છે. માટે વર્ણનું માન મૂકીને તેમને શરણે જશો તો શાંતિ થશે.'' આટલું કહી મહારાજ અંતર્ધાન થઈ ગયા.

આ ભક્ત માટે આટલું જ પૂરતું હતું. વળી, ઠાસરેથી વરતાલ આવતા લલ્લુભાઈ દેસાઈ જેમણે સંવત ૧૯૧૧ની છાવણી વખતે ભગતજીની વાતો વરતાલમાં સાંભળી હતી, તેમણે તેમને કહ્યું હતું કે ''વરતાલમાં જઈ તું જેવા સત્પુરુષને ઈચ્છે છે તેવા વર્તમાનકાળે પ્રાગજી ભગત છે. તો તેમનો મન, કર્મ, વચને સમાગમ કરજે.'' આ વાતનું તેમને વિસ્મરણ થયું હતું. તેની સ્મૃતિ પણ આ વખતે થઈ આવી. તેમણે નિશ્ચય કરી લીધો : ''પ્રાગજી

ભગતને સંપૂર્ણ સેવી લેવા.''

ભગતજીના યોગમાં

બીજે દિવસે ભગતજી સભામંડપમાં પોતાની ઓરડી પાસે બેસી વાતો કરતા હતા અને સંતો તથા હરિભક્તોની સભા આસપાસ બેઠી હતી. ગિરધરભાઈ ત્યાં આવ્યા અને ભગતજીનાં દર્શન કરી છેટે બેસી ગયા. ભગતજીએ તેમનો સંકલ્પ જાણી તેમને બોલાવ્યા : ''ગિરધરભાઈ ! આંહીં આગળ બેસો.''

ભગતજીની આજ્ઞા થઈ એટલે ગિરધરભાઈ આગળ આવીને બેઠા. એટલામાં કોઠારી ગોવર્ધનભાઈ ત્યાંથી નીકળ્યા અને ત્યાં ગિરધરભાઈને બેઠેલા જોઈને તેમને મનમાં આશ્ચર્ય થયું. પછી તેમણે ભગતજી પાસે આવીને કહ્યું : ''પ્રાગજી ! તું જૂનાગઢમાં બાબુલાઓને સમજાવતો હતો, પણ આ ગિરધરભાઈ અહીં બેઠા છે એ તારામાં બંધાય એવા નથી. એ બધે ફરીને જોઈને આવ્યા છે. એનો ઘોડો તું બાંધ તો ખરો.''

ભગતજી કોઠારીની આ વાત સાંભળી હસતાં હસતાં બોલ્યા : ''કોઠારી મહારાજ ! તમારી આજ્ઞા હોય તો તેમને વાતો કરું, પણ પાછળથી મને ઠપકો દેશો નહિ.''

કોઠારીએ નિર્ભય બનીને કહ્યું : ''જા, મારી આજ્ઞા છે, ખુશીથી વાતો કર.'' આ વાત થતી હતી એ દરમ્યાન ગિરધરભાઈ નીચું મુખ રાખી, મહારાજના શબ્દોમાં અચળ વિશ્વાસ લાવીને, ભગતજીનાં ચરણકમળ પકડી જ લેવા એવા કૃતનિશ્ચયી થઈને બેઠા હતા.

કોઠારીના ગયા પછી ભગતજીએ ગ.પ્ર. ૨૭મું વચનામૃત ગિરધરભાઈ પાસે જ વંચાવ્યું અને વાત કરી :

''ગિરધરભાઈ ! આ વચનામૃતમાં મહારાજે કહ્યું છે કે 'ભગવાનને ભજવાની તો સૌ કોઈને ઇચ્છા છે પણ સમજણમાં ફેર છે.' હવે આપણે સર્વે ભગવાન તો શ્રીજીમહારાજને માનીએ છીએ અને રાત-દહાડો ભજન પણ તેમનું જ કરીએ છીએ; છતાં સમજણમાં એવો કયો ફેર હશે જેથી મહારાજને અહીં આમ કહેવું પડ્યું છે ? સામાન્ય રીતે તો દરેક સત્સંગી સ્વામિનારાયણનું ભજન કરે છે, પણ જ્યાં સુધી ઉપાસ્ય અને ઉપાસકની

પહેલાં વિક્તિ ન સમજાય અને વિક્તિ સમજ્યા પછી શુદ્ધિ ન સમજાય, ત્યાં સુધી મહારાજ ઓગણપચાસ વર્ષ પૃથ્વી ઉપર રહ્યા અને હવે અક્ષરધામમાં બિરાજમાન છે એમ મહારાજના પરોક્ષ સ્વરૂપનું ભજન કરીએ છીએ. તેથી જ મહારાજે આ વચનામૃતમાં પહેલાં ઉપાસ્ય જે આપણા ઈષ્ટદેવ સહજાનંદ સ્વામી તેની વિક્તિ બરોબર સમજાવી છે.

''તે પ્રથમ તો આ પૃથ્વી જેની રાખી સ્થિર રહી છે ને ડોલાવી ડોલે છે તથા આ તારામંડળ જેનું રાખ્યું અધ્ધર રહ્યું છે તથા જેના વરસાવ્યા મેઘ વરસે છે તથા જેની આજ્ઞાએ સૂર્ય-ચંદ્ર, ઉદય-અસ્તપણાને પામે છે તથા ચંદ્રમાની કળા વધે-ઘટે છે તથા પાળ વિનાનો સમુદ્ર જેની મર્યાદામાં રહે છે તથા જળનાં બિંદુમાંથી મનુષ્ય ઉત્પન્ન થાય છે અને તેને હાથ, પગ, નાક, કાન એ આદિક દસ ઇન્દ્રિયો થઈ આવે છે તથા આકાશને વિષે અધ્ધર જળ રાખી મૂક્યું છે અને તેમાં ગાજવીજ થાય છે એવાં અનંત આશ્ચર્ય છે, તે સર્વે મને મળ્યા એવા જે ભગવાન તેનાં કર્યાં જ થાય છે એમ સમજે. પણ પ્રગટ પ્રમાણ જે ભગવાન તે વિના બીજો કોઈ એ આશ્ચર્યનો કરનારો છે એમ માને નહિ અને પૂર્વે જે જે અનંત પ્રકારનાં આશ્ચર્ય થઈ ગયાં છે તથા હમણાં જે થાય છે તથા આગળ થશે તે સર્વે મને મળ્યા એવા જે પ્રત્યક્ષ ભગવાન તે વડે જ થાય છે એમ સમજે.' શ્રીજીમહારાજે આટલાં જ વચનોમાં પોતાનું કર્તાપણું, પ્રગટપણું, સાકારપણું અને સર્વોપરીપણું સમજાવી દીધું છે. આ ઉપાસ્યની શુદ્ધિ કહેવાય. માટે મહારાજને સર્વોપરી સમજે, સાકાર સમજે, કર્તા સમજે, પણ પ્રગટ ન સમજે તો પણ ઉપાસ્યની શુદ્ધિ વિક્તિએ સહિત સમજાણી છે એમ કહેવાય નહિ. માટે મહારાજ સત્સંગમાં પ્રગટ છે અને સર્વે પોતાનું ઐશ્ચર્ય, પ્રતાપ વર્તમાનકાળે જે દેખાઈ રહ્યાં છે તે જે દ્વારે પોતે પ્રગટ હોય તે દ્વારે જ દેખાડે છે. એમ સમજીને જે દ્વારે મહારાજ પ્રગટ હોય તેને ઓળખવું, એ મુમુક્ષુની પહેલી ફરજ છે.

''હવે આવી રીતે મહારાજને પ્રગટ, સર્વોપરી, સાકાર અને કર્તા સમજીને જે ભક્ત આમ વર્તે કે ચાય કોઈ મારી ઉપર ધૂળ નાખો, ચાય કોઈ ગમે તેવું અપમાન કરો, ચાય કોઈ હાથીએ બેસાડો, ચાય કોઈ નાક-કાન કાપીને ગધેડે બેસાડો, તેમાં મારે સમભાવ છે. તથા જેને રૂપવાન એવી યૌવન સ્ત્રી તથા કુરૂપવાન સ્ત્રી અથવા વૃદ્ધ સ્ત્રી તેને વિષે તુલ્યભાવ રહે છે;

તથા સુવર્ણનો ઢગલો હોય તથા પથ્થરનો ઢગલો હોય તે બેયને જે તુલ્ય જાણે છે; આવી રીતે જે ભક્ત સમજે અને વર્તે ત્યારે ઉપાસકની શુદ્ધિ થઈ ગણાય. આવી રીતના જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ આદિક જે અનંત શુભ ગુણ જે હરિભક્તમાં હોય અને ઉપાસના પણ શુદ્ધ સર્વોપરી પ્રગટ ભગવાનની હોય, તો તે ભક્તના હૃદયમાં ભગવાન સર્વ પ્રકારે નિવાસ કરીને રહે છે. પછી તે ભક્તને ભગવાનને પ્રતાપે કરીને અનંત પ્રકારનાં ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે અને એ ભક્ત અનંત જીવનો ઉદ્ધાર કરે છે અને શ્રીજીને પામવાનું દ્વાર બની રહે છે.

''એવો જે ભગવાનનો ભક્ત છે તેની સામર્થી તથા પ્રતાપ કેવા છે, કે એના નેત્રમાં ભગવાન જોનારા છે, તે માટે બ્રહ્માંડમાં જેટલાં જીવ-પ્રાણી છે તેના નેત્રને પ્રકાશ કરવાને એ સમર્થ થાય છે. એના પગમાં ચાલનારા ભગવાન છે, તે માટે બ્રહ્માંડમાં સર્વ જીવના પગને વિષે ચાલવાની શક્તિને પોષણ કરવાને એ સમર્થ થાય છે. એમ એ સંતની સર્વે ઈન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે, તે માટે એ સંત તો બ્રહ્માંડમાં સર્વે જીવોની ઈન્દ્રિયોને પ્રકાશ કરવાને સમર્થ થાય છે. માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે.' આટલી સામર્થી હોવા છતાં પણ પોતાની સામર્થી છુપાવવાનું જ તેને તાન રહે છે. એટલે તુચ્છ જીવના માન, અપમાનને તે સહન કરે છે અને મનુષ્ય જેવા મનુષ્ય થઈને વર્તે છે એ જ એમની મોટપ છે.

''આવા જે ભક્ત હોય તેને લક્ષણે કરીને ઓળખવા, કારણ કે તેના જે જ્ઞાન, વૈરાગ્યાદિક શુભ ગુણ તે તો જ્યારે ભેગા રહીએ ત્યારે ઓળખાય. નિષ્કુળાનંદ સ્વામીએ પણ મુમુક્ષુ જીવને સમજાવ્યું છે કે *'જેને મળવે માન્યું કલ્યાણ રે, તેને જોવા ઘડી ઘડીએ.'* માટે જેનાં દર્શને કરીને છાતી ઠરે અને વૃત્તિ ચળાયમાન ન થાય ત્યારે જાણવું કે આ મને મળ્યા છે એ ભગવાનના એકાંતિક ભક્ત છે, કારણ કે તેના હૃદયમાં ભગવાન સર્વ પ્રકારે નિવાસ કરીને રહે છે. એટલે ચમકપાણની પેઠે તે પણ મુમુક્ષુ જીવને ખેંચી લ્યે છે અને તેની વૃત્તિઓને સ્થિર કરી દે છે. માટે આવા જે ભક્ત હોય તેને જોઈને એમ નિશ્ચય કરવો કે આ ભગવાનના સંબંધવાળા ભક્ત છે.

''જે ભગવાનના સંબંધવાળા ભક્ત હોય તેનામાં ભગવાનના ઓગણચાળીસ કલ્યાણકારી ગુણ જરૂર હોય, કારણ કે જેને જે સંગાથે સંબંધ

હોય તેનો ગુણ તેમાં સહેજે આવે. જેમ આપણાં નેત્ર છે તેને જ્યારે દીવા સંગાથે સંબંધ થાય છે ત્યારે તે દીવાનો પ્રકાશ નેત્રમાં આવે છે તેણે કરીને નેત્ર આગળ અંધારું હોય તેનો નાશ થઈ જાય છે. તેમ ભગવાનના સ્વરૂપનો, દૃઢ નિશ્ચયે કરીને જેને સંબંધ થાય છે તેને વિષે ભગવાનના કલ્યાણકારી ગુણ આવે છે. પછી જેમ ભગવાન સર્વ પ્રકારે નિર્બંધ છે અને જે ચહાય તે કરવાને સમર્થ છે, તેમ એ ભક્ત પણ અતિશય સમર્થ થાય છે અને નિર્બંધ થાય છે.[૪૭] ભગવાન છે તે સૂર્યને ઠેકાણે છે અને સત્પુરુષ છે તે કાચને ઠેકાણે છે અને મુમુક્ષુ રૂના પૂંભડાને ઠેકાણે છે. તેથી જેમ કાચ છે તે સૂર્યના બધા ગુણ પોતામાં ઝીલીને તેની નીચે રહેલા રૂના પૂંભડારૂપી મુમુક્ષુમાં અગ્નિ પ્રગટાવી દે છે, તેમ એવા સત્પુરુષનો જે ભાવે કરીને આશ્રય કરે છે, તેનામાં ભગવાનના સર્વે ગુણ તે સત્પુરુષ પ્રગટાવી દે છે. માટે ભગવાનના અખંડ સંબંધવાળા જે એવા સત્પુરુષ છે તે જ ભગવાનનું સ્વરૂપ છે અને પૃથ્વી ઉપર ભગવાનનું પ્રગટપણું પણ તેવા સત્પુરુષ દ્વારે જ છે. માટે આવા સત્પુરુષને ઓળખી તેમનો સમાગમ જો કરીએ તો અનંત પ્રકારના દોષો જીવમાં રહ્યા છે તેને કાઢીને શુદ્ધ કરી, જીવને બ્રહ્મરૂપ કરી મેલે છે.[૪૮]

“માટે ગિરધરભાઈ ! એવા સત્પુરુષને લક્ષણે કરીને ઓળખી તેમાં જો જીવ જડી દેશો તો જ એકાંતિકની મુક્તિ પામશો. મહારાજે પણ એ જ આજ્ઞા કરી છે કે ‘દેહાભિમાને રહિત અને વૈરાગ્યે યુક્ત અને ભગવાનનું અલ્પ વચન હોય તેમાં ફેર પડે તો તે મહત્ વચનમાં ફેર પડ્યો હોય તેમ માનતા હોય એવા જે ભગવદ્ ભક્ત મોટા સાધુ તે સંગાથે પોતાના જીવને જડી દેવો ને તેના વચનમાં મન, કર્મ, વચને વર્તવું.”

આવી રીતે અલૌકિક ધર્મ પાળવાની અલૌકિક વાતો કરી અને સભા સર્વે સ્તબ્ધ થઈ ગઈ. ગિરધરભાઈની સમગ્ર વૃત્તિઓ જાણે ભગતજીની મૂર્તિમાં જ જડાઈ ગઈ હોય અને ભગતજીના આ નાદબ્રહ્મના શબ્દો તેમના હૃદયમાં

---

૪૭. ગ. પ્ર. ૬૨.

૪૮. यदा पश्यः पश्यते रुक्मवर्णं कर्तारमीशं पुरुषं ब्रह्मयोनिम् ।
तदा विद्वान् पुण्यपापे विधूय निरञ्जनः परमं साम्यमुपैति ॥
જ્યારે મુમુક્ષુ, બ્રહ્મસ્થિતિવાળા ભગવત્સ્વરૂપ સત્પુરુષને જુએ છે અને જાણે છે, ત્યારે તેનાં સર્વ પાપ બળીને ભસ્મ થાય છે અને તેના પરમ સામ્યભાવને પામે છે. — મુંડકોપનિષદ : ૩/૧/૩

પેસી જાણે કે બ્રહ્મનો દેહ ઘડાવાની શરૂઆત થઈ ગઈ એવું તેમને લાગ્યું. આવા પરમ એકાંતિક વડવાનળ જેવા, ભગવાનના નિત્ય સંબંધવાળા સત્પુરુષ વર્તમાનકાળે ભગતજી જ છે, એવાં જે વચન શ્રીજીમહારાજે તેમને દર્શન દઈ કહ્યાં હતાં, તેની તેમને પ્રતીતિ થઈ અને સર્વોપરી નિશ્ચય પ્રથમ પ્રસંગે જ થઈ ગયો. સભા સર્વે ઊઠી પણ તે તો ભગતજી સામું જ જોઈને બેસી રહ્યા. છેવટે ભગતજીનાં ચરણારવિંદ પકડીને સ્તુતિ કરી : ''મહારાજ ! આજે દૃષ્ટિ કરી છે તેવી સદા રાખશો.'' ભગતજીએ તેમને હસીને આશીર્વાદ આપ્યા.

આ પ્રમાણે ગિરધરભાઈને પરિપૂર્ણ નિષ્ઠા થઈ ગઈ. પછી તેઓ ભગતજીનો અખંડ સમાગમ કરવા લાગ્યા. ગોવર્ધનભાઈ કોઠારીને પણ ભગતજીને વિષે અપાર માન થયું. ગિરધરભાઈ ધોળે લૂગડે હવે રહેશે નહિ એમ તેમને ખાતરી થઈ એટલે તેમને અદ્‌ભુતાનંદ સ્વામી પાસે દીક્ષા અપાવી સાધુ કરાવ્યા અને વિજ્ઞાનદાસજી નામ પાડ્યું. સ્વામી વિજ્ઞાનદાસજીની સાધુતા તથા ચરિત્રદર્શન જેમ જેમ તેઓ ભગતજીનો સમાગમ કરતા ગયા તેમ તેમ પ્રસંગ અનુરૂપ પૂર્ણપણે પ્રકાશવા માંડ્યાં.

કોઠારી બેચર ભગત ભગતજીના પ્રસંગમાં

ભગતજીને આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજ દર વર્ષે વરતાલ તેડાવતા અને બે-ત્રણ માસ રાખી વાતો કરાવતા. આચાર્ય મહારાજ પોતે પણ પોતાના આસને ભગતજીને બોલાવી વાતો કરાવતા અને સાંભળતા. ગુજરાત, ચરોતર, કાનમ, વાકળના સર્વ હરિભક્તો ભગતજી વરતાલ પધાર્યા હોય એવા સમાચાર સાંભળી વરતાલ આવતા અને ભગતજીની વાતો સાંભળતા. ભગતજી પણ એકાંતિક ધર્મ પામવાની અને સત્પુરુષમાં જોડાવાની અદ્‌ભુત વાતો કરતા અને સર્વનાં મન હરી લેતા.

સંવત ૧૯૨૯ની સાલમાં ભગતજી વરતાલ પધાર્યા હતા અને હંમેશના નિયમ પ્રમાણે સભામંડપમાં પોતાના આસને બેસી વાતો કરતા હતા. તે વખતે કોઠારી ગોવર્ધનભાઈ સાથે કામ કરતા મદદનીશ કોઠારી બેચરભાઈએ એક દિવસ ભગતજીને કહ્યું : ''પ્રાગજી ભગત ! મારે કેડિયું સિવડાવવું છે એટલે કોઠારે આવજો.''

ભગતજીએ બે હાથ જોડી કહ્યું : ''ભલે મહારાજ.''

ભગતજીને દરેક સંત તથા પાર્ષદને ‘મહારાજ’ કહેવાની ટેવ હતી. પોતામાં અતિશય ભાવવાળા સંતને તેઓ ‘સાધુરામ’ કહેતા.

ભગતજી સાંજે કોઠારે ગયા અને કોઠારી પાસેથી કપડું લઈને પોતાને આસને જવા ઊઠ્યા એટલે કોઠારીએ પૂછ્યું : ‘‘માપ નથી લેવું ?’’

ભગતજીએ તેમના સામું જોઈ કહ્યું : ‘‘માપ લઈ લીધું, કોઠારી મહારાજ ! કેડિયું બંધબેસતું આવી જશે.’’ કોઠારીને આશ્ચર્ય થયું. સંપ્રદાયની રીત પ્રમાણે કપડું ન બગડે તેવી સૂચના ભગતજીને દીધી.

મને તો અંતરનું કેડિયું સીવતાં પણ આવડે છે

બીજે દિવસે કેડિયું સીવી, તૈયાર કરી, ભગતજી કોઠારે આવ્યા અને કોઠારીને કહ્યું : ‘‘કોઠારી મહારાજ ! કેડિયું તૈયાર છે. લાવો પહેરાવું.’’ એમ કહી કોઠારી બેચર ભગતને પોતે જાતે કેડિયું પહેરાવ્યું.

અહો ! આવા બ્રહ્મસ્વરૂપ સંત ! મહારાજને સર્વ પ્રકારે અખંડ ધારણ કરનાર - આવા મોટા - ક્યાં કુંજર અને ક્યાં કીડી ! છતાં કીડી જેવા જીવને પણ પોતામાં હેત કરાવવા, આ માર્ગે વાળવા, કેટલી સેવા જાતે કરે છે !

ભગતજીએ કોઠારીને કેડિયું પહેરાવ્યું અને કેડિયું બધી રીતે બંધબેસતું આવી ગયું. કોઠારી ભગતજીના કસબથી રાજી રાજી થઈ ગયા. એટલે ભગતજીએ તેમને કહ્યું : ‘‘કોઠારી મહારાજ ! આ તો દેહનું કેડિયું સીવ્યું છે, પણ મને તો અંતરનું કેડિયું પણ સીવતાં આવડે છે ! પણ એ સિવડાવવું હોય તો મારે આસને આવવું પડશે.’’

કોઠારીને આ અંતરના કેડિયાની વાત સાંભળી ભગતજી માટે અપૂર્વ માન થયું અને ત્યાર પછી ભગતજીના આસને જઈ તેમનો સમાગમ કરવા લાગ્યા. થોડા જ દિવસોમાં તેમની વાતોથી ભગતજી સાચા એકાંતિક ધર્મ-ધારક છે અને મહારાજને પામવાનું દ્વાર છે એવી નિષ્ઠા તેમને થઈ ગઈ.

લાધા ભગતની ઉપાધિ

જૂનાગઢમાં લાધો ભગત, ડુંગર ભગત, કાનો ભગત વગેરે થોડા ઘણા મળી ત્રીસ જણાં મંદિરમાંથી નીકળી કાળવાને કાંઠે પ્રકાશપુરી ઊભી કરી સત્સંગમાં બધે ફરવા લાગ્યા હતા અને દરેકને ભરમાવી સત્સંગમાંથી

ઉખેડતા હતા. આવી ઉપાધિથી મંદિરમાં તથા દેશમાં ખળભળાટ થયો અને મંદિરના કોઠારી કાશીદાસને પણ ઘણી જ મૂંઝવણ થવા લાગી. છેવટે તેમણે વરતાલથી આચાર્ય મહારાજને તેડાવવાનો નિશ્ચય કરી કાગળ લખ્યો : ''આપ અત્રે પધારો તો સોરઠના સત્સંગીઓનાં મન હેઠાં બેસે.''

આચાર્ય મહારાજને આ પત્ર મળ્યો એટલે તેમણે જૂનાગઢ જવા નક્કી કર્યું. પણ સાથે સાથે આ પ્રસંગે જો પ્રાગજી ભગત સાથે હોય, તો તેમની જ્ઞાનવાતોથી સોરઠ દેશમાં ઘણો સમાસ થાય; કારણ કે, સ્વામી છતાં સોરઠના દરેક સત્સંગીને તેમને વિષે ઘણો જ ભાવ હતો, એમ ધારી પ્રાગજી ભગતને જૂનાગઢ આવવા કાગળ લખ્યો અને પોતે જૂનાગઢ પધાર્યા.

ભગતજી મહારાજને કાગળ મળ્યો એટલે જૂનાગઢ આવવા નીકળ્યા. રસ્તામાં જેતપુર આવતાં તેમને લાધો ભગત, ડુંગર ભગત તથા કરસનજી વગેરે મળ્યા. શ્રીજીમહારાજના સિદ્ધાંત વિરુદ્ધ જે કોઈ નવો સિદ્ધાંત પ્રવર્તાવે છે તે અંતે નભતો નથી. સર્વોપરી સિદ્ધાંત જે સનાતન, સત્ય અને દિવ્ય છે તે દિન-પ્રતિદિન પૂર્ણપણે પ્રકાશે અને તેના દિવ્ય જ્ઞાનમાંથી દરેક મુમુક્ષુ સદાને માટે પ્રેરણા મેળવી શાશ્વત શાંતિ અનુભવે છે. આ એક જ સત્ય વાત ધ્યાનમાં રાખી વચનામૃત - જે મહારાજની પરાવાણી છે - તેના શબ્દોના અર્થો મારી-મચડીને પણ પોતાનો સિદ્ધાંત પ્રવર્તાવવા જે કોઈ ફેરવે છે, તે અંતે તો સત્સંગમાં નભતું જ નથી.

લાધા ભગતે સ્વામીના મહિમાની ઓથે શ્રીજીમહારાજના સ્વરૂપનું ખંડન કરવાનો આરંભ કર્યો. સ્વામીના પ્રથમ પંક્તિના શિષ્ય પોતાને કહેવરાવી, સ્વામી એ જ સર્વોપરી છે અને તેથી પર કંઈ છે જ નહિ, એવી વાતો સત્સંગમાં પ્રવર્તાવી ભોળા ભક્તોની સમજણ ચૂંથી નાખી. ભગતજીને જોતાં જ લાધા ભગતને એમ થયું : ''આ તો સ્વામીના અનન્ય શિષ્ય છે અને સ્વામીનો અપાર મહિમા જાણે છે.'' એમ જાણી ભગતજીને કહ્યું : ''અહો ! બહુ સારું થયું. તમને તો અમે ઘણા દિવસથી ખોળતા હતા અને તમને તેડાવવાના કેટલાક કાગળો પણ અમે લખ્યા હતા, પણ તમે ન આવ્યા. આજે ઠીક મળ્યા છો. તમે સ્વામીના મોટા શિષ્ય છો, માટે સ્વામીની વાતો કરો, જેથી શાંતિ થાય.''

એ સાંભળી ભગતજીએ તેમને કહ્યું : ''શાંતિ તો સ્વામીનો જે સર્વોપરી

ઉપાસનાનો સિદ્ધાંત છે તે સમજીએ તો થાય. સ્વામીનો સિદ્ધાંત તો – શ્રીજીમહારાજ સર્વોપરી, સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ છે એમ જાણવું અને સર્વેને આ વાત સમજાવવી – એ છે. મહારાજને લઈને અક્ષર પર્યંત સર્વેને ભગવાન કહેવાય, પણ મહારાજને મૂકીને તો અક્ષરને પણ ભગવાન ન કહેવાય તો બીજાની શી વાત ? આવી રીતે મહારાજને સર્વોપરી સમજી સત્સંગના ભીડામાં રહીએ તો શાંતિ થાય.

"સ્વામી કહેતા કે ઉપાસના, આજ્ઞા, એકાંતિકમાં પ્રીતિ અને ભગવદી સાથે સુહૃદપણું – આ ચાર વાત એ જીવનું જીવન છે. ત્યારે આપણે જો જીવન ટકાવવું હોય, તો આ ચાર વાતોમાંથી એકેયમાં ફેર પડવા દેવો ન જોઈએ. તમે તો ઉપાસના-માર્ગમાં મહારાજના સ્વરૂપનું જ ખંડન કરો છો અને સ્વામીના મહિમાની ઓથે મહારાજના સ્વરૂપનો નિષેધ કરો છો, એ તો અસત્પુરુષપણું આવ્યું કહેવાય. કારણ, સ્વામી કહેતા એ ચાર વાત જે જીવનું જીવન છે, તે સત્પુરુષને આશરે રહી છે. કારણ કે, સાચા સત્પુરુષ મહારાજને સર્વોપરી સમજાવી શુદ્ધ ઉપાસના સમજાવે. વળી, આજ્ઞામાં પણ ફેર પડવા દે નહિ, શુદ્ધ વર્તાવે. અને પ્રેમથી, હેતથી, પોતા પ્રત્યે મુમુક્ષુને ખેંચે અને દિન દિન પ્રત્યે પ્રીતિ વધારે. વળી, એવા જે સત્પુરુષ છે તે મહારાજના ભગવદી હરિભક્તોનો મહિમા વધારી, તેમને વિષે સુહૃદપણું રખાવે. હવે જે અસત્પુરુષ હોય તે ઉપાસનામાં ફેર પડાવી મહારાજને અને બીજા અવતારને સરખા સમજાવી દે. તમે તો તેથી પણ આઘે જઈને મહારાજનું ભગવાનપણું જ ટાળી દીધું અને વળી બીજાનાં હૈયાંમાંથી ભગવાનનો ભાર કાઢી નાખો છો. તો એવું અસત્પુરુષપણું તમારામાં પેસી ગયું છે તે હવે શાંતિ શી રીતે થાય ? માટે આ બધો ડોળ છોડી, સત્સંગમાં આવી, સત્સંગની ધર્મમર્યાદામાં રહેશો તો જ શાંતિ થશે. તમને કદાચ એમ હશે કે પ્રાગજી સ્વામીનો મહિમા બહુ કહેતો, એટલે આપણા પક્ષમાં ભળશે. પણ હું તો સ્વામી થકી શુદ્ધ ઉપાસના શીખ્યો છું અને મહારાજના અનાદિ, વ્યતિરેક સ્વરૂપની ઉપાસના, સ્વામીસ્વરૂપે થઈને કરવી, એવું શુદ્ધ જ્ઞાન સિદ્ધ કર્યું છે. માટે એવી આશા મૂકી દેજો. અને હવે જો સત્સંગમાં આવશો તો મહારાજ રાજી થશે અને નહિ તો મહારાજના સ્વરૂપના દ્રોહનું ફળ તો ખાવાની વિષ્ટા અને પીવાની લઘુશંકા છે. તેના ભોગી થશો." એમ ઘણી વાતો કરી.

તે સાંભળી લાધો, ડુંગર વગેરે બોલ્યા : ''આ તો ઊલટી અશાંતિ થઈ.''

ત્યારે ભગતજી કહે : ''તમારાં ભાગ્ય ફૂટ્યાં કે સત્સંગમાંથી તમારું મન ઊખડ્યું.'' એમ કહી ભગતજી તેમને છોડીને જૂનાગઢ જવા નીકળ્યા.

ભગતજી જૂનાગઢમાં થોડા દિવસો રહ્યા અને આચાર્ય મહારાજનાં દર્શને આવતા દેશદેશના હરિભક્તોને લાધાની પ્રવૃત્તિ સંબંધી વાતો કરી, લાધા ભગતનો ભાર સહુના હૃદયમાંથી કાઢી નાખ્યો. ત્યાર પછી પોતે મહુવા પધાર્યા.

આ પ્રમાણે આચાર્ય મહારાજને ભગતજી પ્રત્યે મોટા સદ્‌ગુરુ જેવો સદ્‌ભાવ હતો, એટલે દર વર્ષે પોતે જ્યાં જ્યાં જાય ત્યાં ભગતજીને સાથે રાખે અને મોટા મોટા નંદ સાધુઓની સભામાં પણ ભગતજીને વાતો કરવાનું કહે. વળી, નંદ સાધુઓનાં મંડળ ભેગા તેમને ફરવા મોકલે જેથી ઉપાસના, આજ્ઞાની વાતો હરિભક્તોને ચોખ્ખી સમજાય.

સંવત ૧૯૩૩માં આચાર્ય મહારાજ માંદા થયા ત્યારે ગોવર્ધનભાઈ કોઠારીએ કાગળ લખી ભગતજીને તેડાવ્યા હતા. ભગતજી મહારાજ થોડા માસ વરતાલ રહી બ્રહ્મજ્ઞાનની વૃષ્ટિ કરી મહુવા પધાર્યા. તેમની વાતોથી આચાર્ય મહારાજને અપાર શાંતિ થઈ અને ધીરે ધીરે તબિયત સુધરી ગઈ.

અભયદાનની લહાણ

પોતાના આશ્રિતોના દોષ હરવા અને તેમને અભયદાન આપવું એવો સાધુનો કસબ ભગતજીએ અજમાવવો શરૂ કર્યો હતો. વરતાલમાં મહા-મુક્તરાજ કોઠારી ગિરધરભાઈને વાતો કરી, તેમના મનના સર્વ સંકલ્પોનું સમાધાન કરી, તેમને શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના સમજાવી સત્પુરુષમાં જોડી દીધા. એવી રીતે કોઠારી બેચર ભગત જેવા મહારથીને પણ પોતે ખેંચી ઉપાસના દૃઢ કરાવી. આવા અડીખમ અને ખરા ખપવાળા, જે સાધારણને માને જ નહિ, તે આ પ્રાગજી દરજીને વિષે સત્પુરુષપણું દેખે એ કંઈ જેવો તેવો પ્રતાપ ન કહેવાય. ભગતજીનો તો એ જ સિદ્ધાંત કે કોઈ પણ રીતે જીવને જો પ્રગટ વિચરતા સત્પુરુષ, જે ભગવાનનું સ્વરૂપ છે તેની ઓળખાણ થઈ જાય તો તેનું અતિ રૂડું થાય. એ ઓળખાણ યથાર્થ થાય તો જ જીવ બ્રહ્મરૂપ થાય. જે મન, કર્મ, વચને શ્રેયાર્થી થઈને એ સત્પુરુષનો આશ્રય કરે તેના ઉપર જ સત્પુરુષની કૃપા થાય છે અને તે જીવ બ્રહ્મરૂપ

થાય છે. એવું એક વધુ દૃષ્ટાંત મહુવાના રણછોડ ભક્તનું છે.

આણંદમાં પવિત્રાનંદ સ્વામીનું અપમાન

સંવત ૧૯૩૫નો ચૈત્રી સમૈયો કરીને આચાર્ય મહારાજ આણંદ પધાર્યા હતા. આ સમૈયે ભગતજી વરતાલ પધાર્યા હતા અને સમૈયા પછી ત્યાં જ બે માસ રહ્યા હતા. આચાર્ય મહારાજ સાથે પવિત્રાનંદ સ્વામી પણ આણંદ આવ્યા હતા.

અત્રે રોજ સંધ્યા આરતી પછી ધૂનમાં મહારાજના વખતથી જે 'નરનારાયણ, સ્વામિનારાયણ' એવી ધૂન બોલવાની પ્રથા હતી, તે પ્રથા છોડીને ફક્ત 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' એવી ધૂન ચાલુ કરી હતી. પવિત્રાનંદ સ્વામી જૂની પ્રથાના આગ્રહી હતા, એટલે તેમને આ રોજ ખટકતું અને બધા જ્યારે 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' ધૂન કરે ત્યારે પોતે 'નરનારાયણ સ્વામિનારાયણ' એવી ધૂન એકલા કરે. આ પ્રમાણે મોટેથી તેઓ રોજ ધૂન કરે. આથી કેટલાક સાધુઓને એમ થયું : ''આ ડોસો રોજ પોતાની જીદ છોડતો નથી, માટે એક વખત તો કહેવું પડશે.'' એમ સૌએ નક્કી કર્યું.

એક દિવસ આરતી બાદ ધૂન શરૂ થઈ એટલે પવિત્રાનંદ સ્વામી મોટેથી બોલ્યા : ''મહારાજ છતાંની જે ધૂન ચાલે છે તે પ્રથા કેમ તોડો છો ?''

એ સાંભળી અક્ષરપુરુષદાસ ભંડારી બોલ્યા : ''ઊંટ મરે છે તે પહેલાં મારવાડ સામું જુએ છે, તેમ તમે પણ કરો છો. તે હજુ પણ અમદાવાદની વાસના મટતી નથી ?'' આટલું બોલીને આવા મોટા સદ્‌ગુરુનું અપમાન કર્યું. તેમને કોઈએ વાર્યા નહિ તેમજ આચાર્ય મહારાજે પણ તેમને કંઈ ઠપકો આપ્યો નહિ. તેથી પવિત્રાનંદ સ્વામીને લાગ્યું કે આમાં બધાની સંમતિ છે. આમ, પોતાને હડહડતું અપમાન હાડોહાડ લાગી ગયું.

ખરેખર ! મોટાના દ્રોહમાં જે કંઈ જાણે-અજાણે ભળી જવાય છે તેનું ફળ મહારાજ છતી દેહે જ આપે છે. સંવત ૧૯૨૨ની સાલમાં ગુણાતીતાનંદ સ્વામીનું સભામાં જે અપમાન થયું હતું તેમાં પવિત્રાનંદ સ્વામીએ સારો ભાગ ભજવ્યો હતો. તેથી તે પ્રમાણે જ બલકે તેથી પણ વિશેષ તેમનું અહીં અપમાન થયું અને તેમને સહન કરવું પડ્યું. આ અપમાનથી પવિત્રાનંદ સ્વામીને અતિશય આઘાત થયો અને તે આઘાતથી માંદા થઈ ગયા. બીજે

દિવસે પોતાના સેવકને લઈને તેઓ વરતાલ જતા રહ્યા. અહીં પણ કેમે કરી આ અપમાનથી હૃદયમાં થતો દાહ તેમને શમ્યો નહિ. એટલે તેમણે તેમના સેવકને કહ્યું : ''કોઈ મોટા સદ્ગુરુ હોય તો વાતો કરવા બોલાવો.''

તે વખતે ભગતજી સભામંડપમાં વાતો કરતા હતા અને સાધુ તથા હરિભક્તોની ઠઠ જામી હતી. તે જોઈ તેમના સેવકે સ્વામી પાસે આવીને કહ્યું : ''સભામંડપમાં તો પ્રાગજી ભગત વાતો કરે છે, કહો તો તેમને બોલાવું.''

આ સાંભળી પવિત્રાનંદ સ્વામી બહુ જ રાજી થયા અને કહ્યું : ''પ્રાગજી ભગતને બોલાવો.''

સેવકે ભગતજી પાસે આવીને કહ્યું : ''આપને પવિત્રાનંદ સ્વામી બોલાવે છે.''

તેથી ભગતજી સભાનું વિસર્જન થયું એટલે દામોદર શેઠ, વિજ્ઞાનદાસ સ્વામી તથા કોઠારી બેચર ભગતને લઈને સ્વામી પાસે ગયા. ભગતજીએ સ્વામીને દંડવત્ કર્યા તે રખાવીને તેમને પોતાને આસને બેસાર્યા અને કહ્યું : ''પ્રાગજી ! સારાં સારાં વચનામૃતો કઢાવી વાતો કર કે જેથી શાંતિ થાય.''

ભગતજી અંતર્યામીપણે પ્રસંગ સમજી ગયા અને પ્રસંગ અનુરૂપ, જીવમાંથી અણસમજણના દોષો નિર્મૂળ કરવા, તેમણે સ્વામી વિજ્ઞાનદાસજી પાસે પંચાળાનું ત્રીજું વચનામૃત વંચાવ્યું.

પંચાળાનું ત્રીજું વચનામૃત

વચનામૃત વંચાવતાં ભગતજીએ વાત કરી : ''આવો સત્સંગનો ને ભગવાનનો યોગ મળ્યો છે ને બીજા વિકાર સર્વે ટળી ગયા છે, તો પણ માન, ઈર્ષ્યા કેમ રહી જાય છે ?' એવો મુનિબાવે બ્રહ્માનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો છે. વિકાર સર્વે ટળી ગયા છે અને જગતના રમણીય વિષયમાંથી વૃત્તિ ઊખડી ગઈ છે છતાં પણ પ્રકૃતિના ભાવ રહી જાય છે અને ટળતા નથી. એટલે મહારાજે કહ્યું કે જે એવો હોય એ બુદ્ધિવાળો જ નથી. કારણ કે, જે બુદ્ધિવાળો છે તે તો પોતામાં જેટલા અવગુણ હોય તેને પણ જાણે અને બીજામાં ગુણ તથા અવગુણ હોય તેને પણ જાણે. અને જે બુદ્ધિવાળો ન હોય તે તો પોતાનામાં ગુણ જ જાણે પણ અવગુણ હોય તેને તો જાણે જ નહિ અને પોતાને સનકાદિક જેવો મોટો જાણે; માટે બુદ્ધિવાળા થઈને પોતાના અવગુણને

જ જોવાની દૃષ્ટિ રાખી, ધીરે ધીરે તેને ટાળવાની જો ચાડ રાખે અથવા કોઈ મોટા સંત તે અવગુણને ટાળવા જે વાર્તા કરતા હોય તેને પરમ હિતકારી સમજે, તો એમાં માન, ઈર્ષ્યાદિક કોઈ અવગુણ રહે જ નહિ. દેહમાં જ્યાં સુધી પ્રકૃતિના દોષ હશે, ત્યાં સુધી ગુણ-અવગુણ આવ્યા જ કરશે.

''શ્રીજીમહારાજે આ જ વચનામૃતમાં આગળ કહ્યું છે કે ભગવાનમાં હેત કેમ કરવું તો જે ચોવીસ તત્ત્વ છે તે થકી પોતાના જીવને પૃથક્ જાણવો અને તે જીવને વિષે ખૂંતીને રહી જે પંચઈન્દ્રિયોની વૃત્તિઓ તેને ઉખેડી નાખવી. શબ્દમાં, સ્પર્શમાં, રૂપમાં, રસમાં અને ગંધમાં ઇન્દ્રિયો ન લેવાય એમ સત્તારૂપે થઈને નિર્ગુણપણે કરીને જ ભગવાનમાં હેત કરવું. એવી રીતનો જે જ્ઞાની છે તે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના રૂપને જાણે છે, અને પોતાને અતિ શુદ્ધ, અરૂપ, અલિંગ, ચેતન છું એમ માનીને, અતિ મલિન અને જડ એવું જે ક્ષેત્ર તે થકી જુદો રહીને, ભગવાનની ભક્તિ કરે છે. તે ભક્તિને એકાંતિકી ભક્તિ કહી છે અને તે જ્ઞાની ભક્તને પણ શ્રેષ્ઠ ભક્ત કહ્યો છે.

''માટે સ્વભાવ કે પ્રકૃતિના દોષ ટાળવાનો એક જ ઉપાય – આત્મ-નિષ્ઠાએ સહિત ભગવાનની ભક્તિ કરવી એ જ ભાસે છે. અને જો આત્મ-નિષ્ઠા વિના એકલી જ ભગવાનની ભક્તિ હોય તો જેમ ભગવાનમાં હેત કરે તેમ બીજા પદાર્થમાં પણ હેત થઈ જાય.[૪૯]

''તેથી જ મહારાજે કહ્યું છે : 'જે આત્મસત્તારૂપે રહીને ભગવાનની ભક્તિ નહિ કરતા હોય તેનું રૂપ તો આ સત્સંગમાં ઉઘાડું થયા વિના રહે જ નહિ.'[૫૦] મારા ગુરુએ મને સાધુનો કસબ શિખવાડ્યો છે કે પ્રથમ ગળું કાપે અને પૂજે તે સમ વર્તે; નાક-કાન કાપીને ગધેડે બેસાડે અને પછી વળી પૂજન કરી હાથીએ બેસાડે તેમાં પણ સમભાવ રહે; સર્વે ઇન્દ્રિયોની વૃત્તિ પાછી વાળીને અંતરમાં શ્રીજીમહારાજની મૂર્તિમાં રાખવી એ સાધુનો કસબ છે. રૂપ દેખી આંખની, સ્વાદમાં જીભની, સ્પર્શમાં ત્વચાની, ગંધમાં નાસિકાની અને શબ્દ સાંભળી કાનની વૃત્તિ ખેંચી લેવી તે સાધુનો કસબ છે. માટે જ્યાં સુધી શબ્દ લાગે છે, ત્યાં સુધી માન ગયું નથી એમ જાણવું. તે તુલસીદાસજીએ કહ્યું છે કે –

૪૯. ગ. અં. ૨૦.
૫૦. ગ. અં. ૨૧.

'કનક તજ્યો, કામિની તજ્યો, તજ્યો ધાતુકો સંગ;
તુલસી લઘુ ભોજન કરી જીવે માનકે રંગ.'

તેથી જો સત્સંગીમાત્રને અક્ષરધામના પાર્ષદ સમજી, મહારાજ તેમના દ્વારા આપણા દોષ કાઢવા, આપણું સ્વરૂપ ઓળખાવવા, આપણા માટે જે જે પ્રસંગો ઊભા કરે છે, તેમાં આ દ્વારા મહારાજ મારા દોષનું ખંડન કરે છે, એમ મહારાજને સર્વકર્તા સમજી વર્તાય તો સવળું પડે અને શબ્દ પણ લાગે નહિ. પણ જ્યાં સુધી આત્મસત્તારૂપે રહેવાતું નથી – જાણપણું રહેતું નથી – ત્યાં સુધી દોષ પીડીને મૂંઝવણ કરશે જ.

''સર્વ પ્રકારે નિર્દોષ થઈ બ્રહ્મરૂપ થવાનો ઉપાય તો અનાદિ બ્રહ્મ જે ગુણાતીતાનંદ સ્વામી તેમાં અખંડ પ્રીતિ કરવી એ જ છે. કારણ કે, એ એક જ સ્વરૂપ પ્રકૃતિથી પર છે અને એના સંબંધથી જ આપણે પ્રકૃતિથી પર થઈશું. એ સંબંધ વિના આપણને જે આપણા વિકાર ટળી ગયા છે એમ જણાય છે તે તો ભ્રમ છે. કદાચ વિકારનો ઉદ્‌ભવ સાધારણ પ્રસંગે ન થતો હોય, તો પણ વિષમ પ્રસંગે તો થવાનો જ. તેથી જાણવું કે આપણે શુદ્ધ ચૈતન્યબ્રહ્મ તો નથી થયા અને માન અને ઈર્ષ્યા અતિ વિષમ પ્રસંગે જાગ્રત થઈ જાય છે. એટલે વિકાર નિર્મૂળ થયા જ નથી. જેમ સ્થિર થયેલા તળાવના પાણીમાં એક કાંકરો નાખીએ તો પાણીમાં તરંગ ઊઠે છે. એટલે દેખીતી રીતે સ્થિર પાણીને જો કાંકરાનો યોગ થયો તો તરંગ ઊઠ્યો. પણ જો હિમના યોગે એ તળાવનું પાણી બરફ થઈ જાય, તો કાંકરો ઉથડકીને પાછો પડે પણ તરંગ ઊઠે જ નહિ. એમ દેખીતી રીતે અંતઃકરણ સ્થિર થયેલું લાગે પણ માન-અપમાનરૂપી દેશકાળનો યોગ થાય તો સંકલ્પ-વિકલ્પરૂપી તરંગો ઊઠવાના જ. પણ ગુણાતીતના યોગે કરીને એકરસ ચૈતન્યસ્વરૂપ થઈ જઈએ તો સંકલ્પ નિર્મૂળ થઈ જાય અને દેશકાળાદિકના ભાવો ઉથડકીને પાછા ફરે, પણ વિક્ષેપ કરવા સમર્થ થાય નહિ. માટે સ્વામી ! આપણે તો અનાદિ અક્ષરબ્રહ્મ જે ગુણાતીતાનંદ સ્વામી તે રૂપે થઈને મહારાજની મૂર્તિમાં હેત કરવું. એવું હેત થાય ત્યારે આનંદના અખંડ ફુવારા છૂટશે. શબ્દમાત્ર આકાશનો ભાગ મનાશે અને પ્રકૃતિનો ભાવ જ રહેશે નહિ અને સદા આનંદ વર્તશે. આ વાર્તા ધારશો અને વિચારશો તો શાંતિ થશે.''

આમ, ભગતજીએ એકાંતિક ધર્મનું એવું નિરૂપણ કર્યું કે સ્વામી તો

આશ્ચર્ય પામી ગયા અને બોલ્યા : ''આ તો બહુ પરા અને પાર વાત દેખાય છે, અને પ્રાગજી ! આ વાતમાં તારી ખરી નજર પડી ગઈ છે.''

એટલું કહીને વળી પાછા બોલ્યા : ''પ્રાગજી ! તું કહે છે તેમજ છે. ખરા સાધુ તો મેં ગુણાતીત એક જ દીઠા. અમે પાંચસો પરમહંસોનાં દર્શન કર્યાં છે તેમજ મારા ગુરુ નિત્યાનંદ સ્વામી ભેગો પણ હું રહ્યો છું, પણ ગુણાતીતાનંદ સ્વામીના જેવી સાધુતા મેં કોઈનામાં જોઈ નથી. અમે તો એમના આગળ કાંઈ નહીં. અમારે કંઈક લોકોના કહેવાથી એમને કહેવું પડ્યું, પણ એમના અંતરમાં જરા પણ રાગદ્વેષ નહિ અને અપાર મોટપ તેમજ સમર્થ થકા જરણા કરી એ ઘણી જ મોટાઈ કહેવાય. એ તો ખરા ચોસઠ લક્ષણે યુક્ત સાધુ, કારણ કે કોઈ વખત વાતની વાતમાં અમને બદલો આપવા સારુ પણ બે શબ્દ કીધા નથી. ઊલટો પોતાનો ગુણ લાવવા તને ભલામણ કરી. માટે એવા તો એ એક જ દીઠા.''

એમ કહી વળી થોડી વારે બોલ્યા : ''પ્રાગજી ભગત ! નક્કી એ સાધુનો તારા ઉપર અસાધારણ રાજીપો છે એમાં સંશય નથી. તેં એ સાધુને મન, કર્મ, વચને સેવીને રાજી કર્યા છે. તેથી તારા ઉપર એમણે પૂર્ણ કૃપા કરી છે અને તને એકાંતિક ધર્મ પમાડ્યો છે, એમ મને આજે પૂરી ખાતરી થઈ છે. તારા જેવો નિર્માની ભક્ત પણ બીજો કોઈ નહિ. નહીં તો મેં સંવત ૧૯૨૧ની સાલે એવો ઠરાવ કર્યો હતો કે આજથી તારા ભેળું બેસવું નથી. ત્યારે તેં પણ મને કહ્યું હતું કે જો ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર હોય તો તમારા ભેળા જ બેસીને કથાવાર્તા કરવી છે. તે આજ તું મને આજ્ઞા કરે છે એવી જે તારી સત્તા, તે તો ગુણાતીતાનંદ સ્વામીના પ્રતાપથી જ છે.'' એમ કહીને સ્વામી અટક્યા.

એટલે ભગતજીએ વિજ્ઞાનદાસ સ્વામી પાસે

'સાંભળ બેની હરિ રીઝ્યાની રીતડી,
મોહનવરને માન સંગાથે વેર જો.'

એ કીર્તન બોલાવ્યું. તે કીર્તન પૂરું થયું એટલે વળી સ્વામી બોલ્યા : ''પ્રાગજી ! તેં ગુણાતીતનો ખરો વંશ રાખ્યો છે, તેથી તારા દર્શને કરીને જ મને આજે અપાર શાંતિ થઈ ગઈ છે. પણ હવે આવું સબીજ જ્ઞાન જે સ્વામીના પ્રતાપથી તેં સિદ્ધ કર્યું છે તે આ વાણિયાના છોકરા(સ્વામી વિજ્ઞાન-

દાસજી)માં નાખી દઈશ નહિ. આ જ્ઞાન તો કોઈ સારા અધિકારી પાત્રને આપજે.''

ત્યારે ભગતજી હસતાં હસતાં બોલ્યા : ''સ્વામી ! જેને જ્ઞાન આપતાં આવડતું હશે, તેને પાત્ર પણ ઘડતાં આવડતું હશે; માટે એ વાતની ફિકર રાખશો નહિ.'' એમ કહીને ભગતજી ઊઠ્યા અને બહાર આવ્યા.

પછી વિજ્ઞાનદાસજીને કહ્યું : ''હવે સ્વામીને ગુણાતીતાનંદ સ્વામીનો ખરો ગુણ આવ્યો છે માટે મહારાજ તેમને ધામમાં લઈ જશે.''

પછી ભગતજી થોડો વખત વરતાલ રહીને મહુવા ગયા અને પવિત્રાનંદ સ્વામી સંવત ૧૯૩૫ના અષાઢ વદિ ૧૦ના દિવસે દેહ મૂકી ધામમાં ગયા.

❀

સંવત ૧૯૩૫ના શ્રાવણ માસમાં ભગવત્પ્રસાદજી મહારાજ ધામમાં પધાર્યા અને શ્રી વિહારીલાલજી મહારાજ ગાદીએ આવ્યા ત્યારે ભગતજીને ફરી વરતાલ તેડાવ્યા હતા. ભગતજીએ મહારાજની પૂજા કરી પોશાક ઓઢાડ્યો અને થોડો વખત ત્યાં રહ્યા. 'હવે દેશકાળ ધીરે ધીરે સુધરશે' – એમ દેશકાળ સંબંધી સૌને ધીરજ આપી, ભગતજી પાછા મહુવા પધાર્યા.

❀

સંવત ૧૯૩૭માં આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ ગઢડાનો સમૈયો કરી ભાવનગર પધાર્યા. સાથે ભગતજી મહારાજને પણ તેડતા ગયા. અહીં વેણીભાઈની વાડીમાં ઉતારો રાખ્યો અને એક માસ રહ્યા. ભગતજીએ અહીં ઘણી જ વાતો કરી અને બ્રહ્માનંદનું બહુ જ સુખ આપ્યું. પછી આચાર્ય મહારાજ ભગતજીને સાથે લઈને વરતાલ પધાર્યા.

થોડા વખત પછી ભગતજીને આચાર્ય મહારાજે ભૂમાનંદ સ્વામી સાથે નડિયાદ મોકલ્યા.

નડિયાદમાં અવતાર અવતારી નિર્ણય

ભગતજી નડિયાદ ભૂમાનંદ સ્વામી સાથે આવ્યા. અત્રે મંદિરમાં એક દિવસ અવતાર અવતારીનો પ્રશ્ન નીકળ્યો, ત્યારે કોઈથી બરોબર ઉત્તર થયો નહિ. એટલે ભૂમાનંદ સ્વામીએ કહ્યું : ''પ્રાગજી ભગતને બોલાવો. તે ઉત્તર કરશે.''

એટલે ભગતજીને સભામાં બોલાવ્યા. ભગતજીએ પંચાળા-૬ઠ્ઠું વચનામૃત વંચાવતાં વાત કરી : ''આ વચનામૃતમાં શ્રીજીમહારાજે શ્રીકૃષ્ણનું મિષ લઈને પોતાના સ્વરૂપની વાત કરી છે. શ્રીકૃષ્ણ જેવો અવતાર સર્વ શક્તિએ યુક્ત બીજો કોઈ થયો નથી, કારણ કે પોતાની ભિન્ન ભિન્નપણે રહેલી જે સર્વે મૂર્તિઓ, તે સર્વેનો ભાવ પોતાની મૂર્તિને વિષે શ્રીકૃષ્ણ ભગવાને બતાવ્યો, અને સર્વે મૂર્તિઓ પોતાની મૂર્તિમાંથી પ્રગટ કરી, પાછી પોતાની મૂર્તિમાં જ લીન કરી દેખાડી. પ્રથમ તો દેવકીજીને પોતે જન્મ્યા ત્યારે શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારીને ચતુર્ભુજ સ્વરૂપે દર્શન દીધાં, તેણે કરીને લક્ષ્મીપતિ જે વૈકુંઠનાથ તેનો ભાવ પોતામાં જણાવ્યો; તથા માતા યશોદાને પોતાના મુખમાં વિશ્વરૂપ દેખાડ્યું, તેણે કરીને સહસ્રશીર્ષાપણે કરીને અનિરુદ્ધપણું પોતામાં જણાવ્યું; તથા અક્રૂરને યમુનાના ધરામાં દર્શન દીધાં, તેણે કરીને શેષશાયીપણું જણાવ્યું; તથા અર્જુનને રણસંગ્રામમાં વિશ્વરૂપ દેખાડ્યું, જે पश्य मे पार्थ रूपाणि शतशोऽथ सहस्रशः ॥ એવી રીતે અનંત બ્રહ્માંડ દેખાડીને પુરુષોત્તમપણું જણાવ્યું.

''એવી રીતે પોતે પોતાનું પુરુષોત્તમપણું જણાવ્યું તથા ગોલોકવાસી જે રાધિકા સહિત શ્રીકૃષ્ણ તે તો પોતે જ હતા. અને બ્રાહ્મણના બાળકને લેવા ગયા ત્યારે અર્જુનને પોતાનું ભૂમાપુરુષરૂપે દર્શન કરાવ્યું તથા શ્વેતદ્વીપવાસી વાસુદેવ ભગવાને તો પોતે જ એ અવતાર ધર્યો હતો તથા નરનારાયણ તો સમગ્ર ભારતને વિષે તથા ભાગવતમાં એ શ્રીકૃષ્ણને જ કહ્યા છે. તે માટે એ શ્રીકૃષ્ણના અવતારને વિષે ભિન્ન ભિન્નપણે રહી જે એ જ ભગવાનની મૂર્તિઓ તથા શક્તિઓ, ઐશ્વર્ય તે સમગ્ર છે. માટે એ અવતાર બહુ જ મોટો થયો છે. તે એવું શાસ્ત્રકારોએ નક્કી કર્યું. કારણ કે પરબ્રહ્મ પુરુષોત્તમ - તેમનું સ્વરૂપ, બળ, ઐશ્વર્ય, કાંતિ, વીર્ય, ઓજસ વગેરે લક્ષણોનું જે વર્ણન શાસ્ત્રમાં કર્યું છે અને વેદોએ પણ જે સ્વરૂપની સ્તુતિ કરી છે, તે પુરુષોત્તમનાં સ્વરૂપ, બળ, ઐશ્વર્ય, કાંતિ, ઓજસ વગેરેનું દર્શન આ શ્રીકૃષ્ણને વિષે જે કંઈ અંશે દીઠું અને સાંભળ્યું, તેવું બીજી એ અવતારની પૂર્વની મૂર્તિઓને વિષે દીઠું પણ નહિ હોય અને સાંભળ્યું પણ નહિ હોય; તેમજ તે કાળમાં પણ એવી કોઈ સમર્થ મૂર્તિ નહોતી. તેથી શાસ્ત્રમાં વર્ણન કરેલા પુરુષોત્તમ પરબ્રહ્મ આ શ્રીકૃષ્ણ જ છે એમ સર્વેએ ગાન કર્યું.

''હવે શ્રીજીમહારાજે જે ચરિત્રો કર્યાં અને પોતાની મૂર્તિમાંથી ચોવીસે અવતારની મૂર્તિઓ પ્રગટ કરી પાછી પોતાની મૂર્તિમાં લીન કરી દીધી, એવું જે અસાધારણ ઐશ્વર્ય પર્વતભાઈને, સ્વરૂપાનંદ સ્વામીને તથા વ્યાપકાનંદ સ્વામીને બતાવ્યું; તેમજ મુમુક્ષુજનોને સમાધિ કરાવી પોતપોતાનાં ઈષ્ટદેવનાં દર્શન પોતે કરાવ્યાં અને સર્વેનાં ધામ દેખાડ્યાં; અને લાખોને નિર્વિષયી કરીને પોતાની મૂર્તિને વિષે જોડી દીધા; એ સર્વે જે મહારાજનાં ચરિત્ર જેણે જેણે પ્રત્યક્ષપણે જોયાં હોય અને મોટા થકી તે સાંભળ્યાં હોય, તેમના વચનમાં વિશ્વાસ લાવીએ ત્યારે આપણને જણાય કે શાસ્ત્રમાં લખ્યા જે પુરુષોત્તમ પરબ્રહ્મનાં સર્વ લક્ષણ શ્રીજીમહારાજને વિષે મૂર્તિમાન દેખાય છે, માટે શ્રીજીમહારાજ એ જ પુરુષોત્તમ પરબ્રહ્મ છે. વળી, મહારાજે શ્રીમુખે આ વચનામૃતમાં આગળ કહ્યું છે કે અવતાર (શ્રીકૃષ્ણનો) સર્વોપરી વર્તે છે અને બીજા અવતારે કરીને થોડી શક્તિ જણાવી છે ને આ અવતારે (મહારાજના) કરીને સંપૂર્ણ ઐશ્વર્યશક્તિ જણાવી. માટે આ અવતાર મહારાજનો સર્વોત્કૃષ્ટ-પણે વર્તે છે. એવી રીતે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણના સ્વરૂપમાં દૃઢ મતિ રાખવી. આ અવતાર જ સર્વોપરી છે અને સંપૂર્ણ ઐશ્વર્ય આ અવતારે જ બતાવ્યું છે. માટે શ્રીજીમહારાજ એ જ સર્વોપરી અને સર્વ અવતારમાત્રના કારણ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે.

એક વખત જૂનાગઢમાં સ્વામી પાસે એક સાધુ શ્રીજીમહારાજની સ્તુતિનો શ્લોક[૫૧] બોલ્યા. તેમાં છેલ્લું પદ दशाकृतिधृते कृष्णाय तुभ्यं नमः ॥

---

૫૧. वेदानुद्धरते जगन्निवहते भूगोलमुद्बिभ्रते
दैत्यं दारयते बलिं छलयते क्षत्रक्षयं कुर्वते ।
पौलस्त्यं जयते हलं कलयते कारुण्यमातन्वते
म्लेच्छान् मूर्च्छयते दशाकृतिधृते कृष्णाय तुभ्यं नमः ॥ – ગીતગોવિંદ

અર્થ : મત્સ્યરૂપે વેદોનો ઉદ્ધાર કરનારા, કૂર્મરૂપે જગતને ધારણ કરનારા, વરાહરૂપે ભૂગોળને જળ ઉપર લાવીને સ્થાપનારા, નૃસિંહરૂપે દૈત્યોનો નાશ કરનારા, વામનરૂપે બલિને છળનારા, પરશુરામરૂપે દુષ્ટ ક્ષત્રિયોનો નાશ કરનારા, રામરૂપે પુલસ્ત્યમુનિના પૌત્ર રાવણને જીતનારા, બળરામરૂપે હળરૂપ આયુધને ફેરવનારા, બુદ્ધરૂપે અતિ કારુણ્યને ચોતરફ વિસ્તારનારા, કલ્કિરૂપે મ્લેચ્છપ્રાય થઈ ગયેલી પ્રજાને નાશ કરી પ્રજાની શુદ્ધિ કરનારા. આ પ્રમાણે દશેય આકૃતિઓને - અવતારોને - ધારનારા, એવા તમને - શ્રીકૃષ્ણને - નમસ્કાર છે.

એ પદ બોલ્યા. એટલે સ્વામી બોલ્યા : ''दशाकृतिकृते કહો પણ धृते કહેશો નહિ. મહારાજ એ દસ અવતારના ધારણ કરનારા નહોતા, પણ એ દસે અવતારના કારણ શ્રીકૃષ્ણ સ્વામિનારાયણ પોતે જ છે એમ સમજવું.''

આ ઉપરથી સભામાંથી કોઈએ પૂછ્યું : ''શ્રીજીમહારાજે તો શ્રીકૃષ્ણ એ જ પોતે છે એમ શિક્ષાપત્રી, વચનામૃત વગેરેમાં કહ્યું છે તેને તમે કેમ ખોટું પાડો છો ?''

એ સાંભળી ભગતજી બોલ્યા : ''એ વખતે શ્રીકૃષ્ણનું જ પ્રધાનપણું હતું અને પુરુષોત્તમ સ્વરૂપે શ્રીકૃષ્ણ જ મનાતા અને પૂજાતા હતા. એ શ્રીકૃષ્ણ પુરુષોત્તમ એટલે पुरुषेषु उत्तमः - સર્વ પુરુષોમાં ઉત્તમ પુરુષ - દરેકને ઉપાસ્ય અને પૂજ્યમૂર્તિ હતા. હવે મહારાજ તો સૌથી મોટા છતાં પોતાની મોટાઈ જણાવવી કેમ ? એટલે જેને જગત પુરુષોત્તમ માનતું તે જેવા પોતે છે, પોતે જ શ્રીકૃષ્ણ છે, એમ લોકોને ઉપદેશ આપી, સમજાવી, પોતાની મૂર્તિમાંથી અનંત ઐશ્વર્ય પ્રગટ કરી, સર્વેને પોતામાં જોડ્યા. પરંતુ શાસ્ત્રમાં (વચનામૃત, શિક્ષાપત્રી આદિ) જે શબ્દછળ છે તે ભગવાનના એકાંતિક ભક્ત વિના બીજાને સમજાતો નથી. એટલે શ્રીજીમહારાજે તો મર્મે કરીને પોતાનું સ્વરૂપ સર્વોત્કૃષ્ટ છે એમ સર્વેને સમજાવી દીધું. તે જે બુદ્ધિશાળી હતા તે સમજ્યા અને બીજા રહી ગયા. શિક્ષાપત્રીમાં મહારાજે કહ્યું છે કે -

एतेषु यानि वाक्यानि श्रीकृष्णस्य वृषस्य च ।
अत्युत्कर्षपराणि स्युस्तथा भक्तिविरागयोः ॥
मन्तव्यानि प्रधानानि तान्येवेतरवाक्यतः ।
धर्मेण सहिता कृष्णभक्तिः कार्येति तद्रहः ॥

— શિક્ષાપત્રી; શ્લોક : ૧૦૧-૧૦૨.

''એ સર્વ શાસ્ત્રને વિષે વચન તે જે તે શ્રીકૃષ્ણ ભગવાનનું જે સ્વરૂપ તથા ધર્મ તથા ભક્તિ તથા વૈરાગ્ય એ ચારના અતિ ઉત્કર્ષપણાને કહેતાં હોય; તે વચન જે બીજાં વચન કરતાં પ્રધાનપણે માનવાં અને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ તે ધર્મે સહિત જ કરવી. એવી રીતે એ સર્વે સત્‌શાસ્ત્રનું રહસ્ય છે.'

''આમાં મહારાજે ચોખ્ખું કહ્યું છે કે જે વચન પોતાના સ્વરૂપના અતિ ઉત્કર્ષપણાને જણાવતા હોય તે જ માનવાં અને બીજાં સામાન્ય હોય તે ન માનવાં. પરંતુ આ શબ્દોનું રહસ્ય આપણે જ્યાં સુધી નથી સમજતા ત્યાં સુધી

તો મહારાજે આમ કહ્યું છે એટલે પકડીને બેસી રહીએ છીએ અને સ્વરૂપ-નિષ્ઠામાં ખામી આવે છે. શ્રીજીમહારાજે ચોખ્ખું કહ્યું છે કે સ્વરૂપનિષ્ઠા તો આમ સમજવી કે, સર્વોપરી અને સદા દિવ્ય, સાકારમૂર્તિ અને સર્વ અવતારનું કારણ અવતારી એવું જે ભગવાનનું સ્વરૂપ તે જ મને પ્રાપ્ત થયું છે. તે માટે આપણને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય, સાકારમૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી જાણવું અને એમ જો ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય.''[૫૨]

ભગતજીના આવા સચોટ નિરૂપણથી સભામાં બેઠેલા સર્વે સંત-હરિભક્તોને મહારાજના અવતારીપણાનો પરિપક્વ નિશ્ચય થયો. આ વખતે ભગતજી લગભગ છ માસ આ મંડળ ભેગા રહ્યા અને કથાવાર્તાનું અપાર સુખ ચરોતરના હરિભક્તોને આપ્યું અને પછી પોતે ગઢડે પધાર્યા.

ગઢડામાં સ્વામી વિજ્ઞાનદાસજીનું મંડળ હતું. સ્વામી વિજ્ઞાનદાસજી ત્યાગની મૂર્તિ; સદા મોદ ઉપર જ સૂતા, હાથનું ઓશિકું કરતા અને ત્યાગીના નિયમો ધર્મામૃતમાં કહ્યા છે તે બધા વાંચી-વિચારીને તે પ્રમાણે જ તેઓ સદા વર્તતા. તેમાં પણ ભગતજીના પ્રસંગથી તો એકાંતિક ધર્મ આ ને આ જન્મે જ સિદ્ધ કરી લેવાનો દૃઢ નિશ્ચય કરી, ખરી સાધુતા કેળવી, ભગતજીનો શિર સાટે સમાગમ કરતા.

વિજ્ઞાનદાસજીને સંસ્કૃત ભણવાની આજ્ઞા

એક દિવસ ભગતજીએ વિજ્ઞાનદાસજીને બોલાવીને કહ્યું : ''સ્વામી ! કંઈક સંસ્કૃત વિદ્યા ભણો તો બ્રહ્મવિદ્યા પણ દીપી ઊઠશે.''

ત્યારે વિજ્ઞાનદાસ સ્વામીએ હાથ જોડીને કહ્યું : ''મહારાજ ! મારે તો અખંડ ભજન કરવાનું તાન છે અને તે આપના સમાગમ દ્વારા સિદ્ધ કરવું છે. તે મૂકીને સંસ્કૃત ભણવાની ઇચ્છા નથી.''

એટલે ભગતજીએ તેમનો આવો વેગ જોઈને કહ્યું : ''જુઓ, શુકદેવજી પણ બ્રહ્મસ્થિતિવાળા હતા, અખંડ ભજન કરતા હતા, તો પણ શ્રીકૃષ્ણનાં લીલાચરિત્ર ગાવા માટે તેમના પિતા વેદવ્યાસ પાસે શ્રીમદ્ભાગવત પુરાણ ભણ્યા. મોટા મોટા મુનિઓ પણ નિર્ગુણ બ્રહ્મમાં સ્થિતિ કરે છે, છતાં

---

૫૨. વચ. ગ.મ. ૯.

શ્રીહરિનાં ગુણ ગાવારૂપ ચરિત્રો ભણવામાં આનંદ માને છે.''[૫૩]

ત્યારે વિજ્ઞાનદાસજીએ કહ્યું : ''શુકદેવજી તો સિદ્ધ સ્થિતિ થયા પછી ભણ્યા હતા.''[૫૪]

તે સાંભળી ભગતજી હસ્યા અને કહ્યું : ''તમારે એવી સ્થિતિ કરવી હોય તો વાર નથી. પણ જ્યાં સુધી દોષમાત્રનાં મૂળ ઉખેડી નથી નાખ્યાં અને સ્વભાવ ટળ્યા નથી, ત્યાં સુધીમાં જો કેવળ દૃષ્ટિથી સિદ્ધદશા થઈ ગઈ, તો દોષ અને સ્વભાવ પણ સાથે સાથે સિદ્ધ થઈ જશે અને પછી કાઢવા ઘણાં કઠણ પડશે.'' એમ કહીને તે ઉપર દૃષ્ટાંત દીધું : ''એક ઘોડાને પલોટવામાં કંઈક ખોટ રહી ગઈ અને પછી ચડાઉ કરી દીધો. તે ખોટ કાયમ સુધી રહી ગઈ અને ઘોડા ઉપર ચડનારને કોઈ દિવસ સુખ આવ્યું નહિ. એમ જો સ્વભાવ ગયા સિવાય સિદ્ધદશા આવી જશે, તો ખોટ રહે અને તમને કે તમારો સમાગમ કરનાર કોઈનેય સુખ નહિ આવે.'' એમ સમજાવી બહુ આગ્રહ કરી ભણવાનું નક્કી કરાવ્યું.

સ્વામીએ ભણવાનું શરૂ કર્યું અને એવો વેગ લગાડી દીધો કે સવારની મંગળા આરતી પછી કૌમુદી શરૂ કરે અને બપોરે બાર વાગ્યા સુધી વાંચે. પછી રાજભોગની આરતી બાદ ભંડારમાં જમવા જાય. તેમની સાધુતાની રીતથી તથા નિઃસ્વાદી વર્તમાન શુદ્ધ પાળવાની ટેવથી, તેમની પાસે કોઈ જમવા બેસે નહિ; કારણ, જે કંઈ પત્તરમાં આવે તેમાં પાણી નાખી, બધું ચોળી, મેળાવીને 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' કહી પી જાય. એટલે આજુબાજુ બેઠેલા બધા સાધુ તેને ગોબરો કહે. પછી જમીને પોતાના આસને આવે અને તુંબડીમાં જે પાણી વધ્યું હોય તે પી જાય. પછી ચોવીસ કલાકે જમ્યા બાદ ફરી પાણી પીએ. આવું તપ તથા શ્વાસોચ્છ્વાસે ભજન કરવાનો તેમનો આગ્રહ અને વૈરાગ્યની પરિસીમા જોઈને, તેમનું વૃત્તાંત કદરજના જેવું સૌને લાગતું.

❀

સંવત ૧૯૩૮ના હુતાશનીના સમૈયામાં આચાર્ય મહારાજે ભગતજીને

---

૫૩. प्रायेण मुनयो राजन्निवृत्ता विधिषेधतः।
नैर्गुण्यस्था रमन्ते स्म गुणानुकथने हरेः॥ – શ્રીમદ્‌ભાગવત : ૨-૧-૭

૫૪. परिनिष्ठितोऽपि नैर्गुण्य उत्तमश्लोकलीलया ।
गृहीतचेता राजर्षे आख्यानं यदधीतवान् ॥ – શ્રીમદ્‌ભાગવત : ૨-૧-૯

જૂનાગઢ પધારવા પત્ર લખ્યો. આ વર્ષે જૂનાગઢના મંદિર ઉપર કળશ ચડાવવાના હતા. એટલે તે પ્રસંગે સમૈયો મોટો થવાનો હોવાથી ગુજરાત તથા સૌરાષ્ટ્રના હરિભક્તોને કથાવાર્તાનું સુખ આવે અને ભગતજી આ તેમના જૂના સ્થાનમાં હોય તો ઘણું દીપે એમ જાણી, ભગતજી મહારાજને જૂનાગઢ તેડાવ્યા હતા.

ચીજો ખાધી હોય તે સંભારવી

આ પ્રસંગે ભગતજી તથા જાગા સ્વામી ભેગા થયા અને પરસ્પર અતિ હેત એટલે સાથે બેસે અને સ્વામીની વાતોનું અદ્‌ભુત સુખ લે. વળી, એકાંતિક ધર્મનું પણ નિરૂપણ ઘણું કરે.

એક દિવસ ભગતજી જાગા સ્વામીને આસને બેઠા હતા અને પાસે સંત-હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તે વખતે ભગતજીએ ગ.અં. ૩૭મું વચનામૃત વંચાવીને વાત કરી : ‘‘જેણે મોટાપુરુષ સેવ્યા હોય અને તેની કૃપા થકી એકાંતિક ધર્મ સિદ્ધ કર્યો હોય તેને તો મોટાપુરુષની સેવા, સમાગમ, લીલાચરિત્ર તથા વાર્તારૂપી અમૃતવાણીની જે ચીજો ખાધી હોય તે યાદ આવ્યા વિના રહે નહિ. અમે અને જાગા ભક્તે સ્વામી થકી તે આનંદ લીધો છે, તે આજે ભેગા મળ્યા છીએ તેથી સંભારીને આનંદ કરીએ છીએ. પણ જેણે ભગવાનનું કે મોટાપુરુષનું સુખ જાણ્યું નથી અને અનુભવ્યું નથી તેને તે શું સાંભરે ? એ તો સત્સંગમાં છે તો પણ પશુ જેવા છે. એવું સુખ એક જ વખત લીધું હોય અને પછી પ્રારબ્ધાનુસારે એવો યોગ ન રહે, તો પણ એવો ભક્ત પોતાને જે સુખ મળ્યું હોય તેને સંભારીને પણ સુખિયો રહે, પણ દુઃખિયો તો કોઈ દિવસ થાય જ નહિ.’’ આ પ્રમાણે નિરૂપણ કરી એકાંતિક ધર્મ પામવાની ઘણી જ વાતો કરી.

એટલામાં ત્યાં કોઠારી બેચર ભગત રાજકોટના હેમરાજભાઈને તેડીને આવ્યા અને બંને સદ્‌ગુરુઓને દંડવત કરી બેઠા. પછી કોઠારીએ હેમરાજભાઈને કહ્યું : ‘‘જુઓ, આ બંને ભગતજી મહારાજ તથા જાગા સ્વામી મારા સદ્‌ગુરુ છે, પણ તમને તો હું જાગા સ્વામીને સોંપું છું. તેમને મન, કર્મ, વચને સેવજો. એ તમને ભગતજીનું સ્વરૂપ ઓળખાવશે.’’

પછી કોઠારીએ ભગતજી મહારાજને વિનંતી કરી : ‘‘મહારાજ ! આ

બધા હરિભક્તોને જેમ છે તેમ આપનું સ્વરૂપ ઓળખાવજો.'' એમ કહી પોતે ઊઠ્યા.

ભગતજીને પૂંઠ કેમ દેવાય ?

તે જ દિવસે સાંજે સભામંડપમાં સભા ભરાઈને બેઠી હતી અને આચાર્ય મહારાજ સભામાં બિરાજમાન હતા. તે વખતે ભગતજી હરિભક્તોની હારમાં સહેજ પાછળ બેઠા હતા અને તેમની આગળ નાગર હરિભક્ત ચકુભાઈ બેઠા હતા. થોડી વારે તેમણે પાછળ ફરીને જોયું તો પ્રાગજી ભગતને દીઠા, એટલે તે ખસી ગયા અને ભગતજીનો હાથ પકડી આગળ બેસાર્યા. ત્યારે આચાર્ય મહારાજે તેમને પૂછ્યું : ''ચકુભાઈ ! કેમ ખસી ગયા ?''

એટલે ચકુભાઈએ કહ્યું : ''મહારાજ ! આ પ્રાગજી ભગતની શી વાત કરું ? એમણે સ્વામીને જે રાજી કર્યા છે તે તો 'न भूतो न भविष्यति' એવી વાત છે. સ્વામીના રાજીપા સારુ એમણે દેહને ગણ્યો નથી અને અખંડ કથા, વાર્તા, ભજન કરી, સ્વામીનો સિદ્ધાંત યથાર્થ સમજી, સ્વામીસ્વરૂપ બની ગયા છે. એથી એમને પૂંઠ કેમ દેવાય ?''

ચકુભાઈની આ વાત સાંભળીને આચાર્ય મહારાજને પણ ભગતજીનો વિશેષ ને વિશેષ મહિમા સમજાયો. ત્યાર પછી ભગતજીને આચાર્ય મહારાજ અખંડ પોતાની પાસે રાખતા અને વાતો કરાવતા.

પછી સમૈયો કરી મહારાજ વરતાલ ગયા અને ભગતજી મહુવા પધાર્યા.

ભગતજીના સાન્નિધ્યમાં નૈમિષારણ્ય ક્ષેત્રનો અનુભવ થાય છે

આમ, ભગતજીએ ગુજરાત તથા સૌરાષ્ટ્ર અને સોરઠ દેશમાં પોતાનો પ્રૌઢ પ્રતાપ જણાવવા માંડ્યો. જ્યાં જ્યાં ભગતજી વિચરણ કરે, ત્યાં ચમકપાણના પર્વતની જેમ આખો દેશ તણાય અને બ્રહ્મકિલ્લોલનો આનંદ સૌ માણે. જાણે ભગતજી જ સાક્ષાત્ નૈમિષારણ્ય ક્ષેત્ર હોય, તેમ ઇન્દ્રિયોની વૃત્તિ તેમના સાન્નિધ્યમાં વિરામ પામી હૃદયાકાશમાં લીન થઈ જતી અને સચ્ચિદાનંદ બ્રહ્મના સુખનો સર્વેને અનુભવ થતો !

ગમે તેવાં તામસી કે રજોગુણી કર્મ કર્યાં હોય અને હૃદયમાં કલિ, દ્વાપર કે ત્રેતાના ધર્મ વર્તતા હોય, પરંતુ આવા પરમ એકાંતિક સંતના પ્રસંગ-

માત્રથી જ તામસી કર્મ હોય તે નાશ પામી જાય છે અને કળિયુગના ધર્મ મટી હૃદયમાં સત્‌યુગના ધર્મ પ્રવર્તે અને દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ જવાય.

ભગતજીના આવા પ્રભાવથી તેમનામાં સર્વ પ્રકારે જેને જેને પ્રીતિ થઈ હતી, તે તો જ્યાં ભગતજી જાય ત્યાં તેમની પાછળ પાછળ જ જાય. છેવટે ગઢડા કે વરતાલ તેઓ ન આવ્યા હોય તો મહુવા પણ તેમનાં દર્શન, સમાગમ માટે જાય. ભગતજીને પણ એમ કે પોતાને વિષે હેતવાળા સૌને એવા કરી દેવા કે તલમાત્ર કસર ન રહે અને પ્રભુ ભજવાનું અખંડ સુખ વર્તે.

કોઠારી બેચર ભગતને એવું હેત ભગતજીને વિષે થઈ ગયું હતું, પરંતુ કોઠારીની ઉપાધિ છોડાય નહિ અને સમ્યક્ પ્રકારે ભગતજીના સમાગમનું સુખ લેવાય નહિ. આ પ્રવૃત્તિ છોડાવવા માટે મહારાજે તેમને દેશકાળ મૂક્યો.

કોઠારી બેચર ભગતને કોઠારમાંથી છૂટા કર્યા

આચાર્ય મહારાજ શ્રી વિહારીલાલજી મહારાજને છપૈયા જવાનું થયું. તેમની સાથે કોઠારી ગોવર્ધનભાઈ તથા કોઠારી બેચર ભગતને પણ છપૈયા લઈ ગયા. છપૈયા ગયા પછી કોઠારી ગોવર્ધનભાઈ સાથે કોઠારી બેચર ભગતને અંટસ પડ્યો અને એવો વિક્ષેપ થયો કે કોઠારી બેચર ભગતને વરતાલ પાછા આવવું પડ્યું. એટલું જ નહિ, પરંતુ કોઠારી ગોવર્ધનભાઈએ છપૈયા તથા અયોધ્યાથી, દેશમાં હરિભક્તો ઉપર પણ બેચર ભગત વિરુદ્ધના કાગળો લખ્યા. તેથી કોઠારી બેચર ભગત વરતાલ આવ્યા ત્યાં પણ હરિભક્તો તરફથી તેમને ઉપાધિ થઈ. પરિણામે, તેમને મંદિરમાંથી રજા આપી. માનભંગ થવાથી કોઠારી બેચર ભગત ભગતજી વિષે પરમ હેતવાળા વૈદ્યરાજ વિશ્વનાથભાઈને ત્યાં ચાણસદ ગયા. અહીં ભગતજીની વાતોથી તેમને શાંતિ થઈ અને વૈદ્યરાજને પણ કોઠારીની આ વાતોથી ભગતજીને વિષે વિશેષ હેત થયું અને ભગતજીનાં દર્શનની ઉત્સુકતા થઈ.

એ અરસામાં, ભગતજી સંબંધી વાતો સાંભળી ત્યાંના એક હરિભક્ત કાલિદાસભાઈ કે જેને ભગતજીનાં દર્શન પણ થયાં નહોતાં તેમને સ્વપ્નમાં ભગતજીનાં દર્શન થયાં અને ભગતજી ગઢડા પધાર્યા છે એમ તેમને સ્વપ્નમાં જણાયું. બીજે દિવસે તેમણે વૈદ્યરાજ તથા કોઠારીને આ વાત કરી. તેથી તેઓ બધા સ્વપ્નની વાત સાચી માની, ગઢડા ભગતજીનાં દર્શને જવા નીકળ્યા.

ગઢડે આવ્યા અને ત્યાં ભગતજીનાં દર્શન થયાં એટલે સૌ અતિ આશ્ચર્ય પામ્યા અને એમ લાગ્યું કે ખાસ દર્શન દેવા જ ભગતજીએ સ્વપ્નમાં દર્શન દીધાં હતાં.

માનખંડન

અહીં કોઠારી બેચર ભગતને જોઈ ભગતજી મહારાજે તેમને બહુ જ ઠપકો આપ્યો અને કહ્યું : ''નિર્માની થઈ સૌને પગે લાગો, એટલે તમને રાખશે.'' એટલી વાત કરી તેમની પાસે લોયા-૧૭મું વચનામૃત વંચાવીને વાત કરી :

''જેમ ઉદ્ધવજી જે રીતે ભગવાનનું માહાત્મ્ય સમજતા હતા, તો પોતાને કાંઈ ડહાપણનું માન ન રહ્યું અને ગોપીઓની ચરણરજને પામવાની ઈચ્છા કરી અને વૃક્ષવેલીનો અવતાર માગ્યો. એવો જો મહિમા ભગવાનનો સમજાયો હોય, તો એના સંત આગળ માન કેમ રહે અને એને નમાય કેમ નહિ ? તેની આગળ તો દાસાનુદાસ થઈને રહેવાય અને પાંચ પાંચ ખાસડાં મારે તો પણ ખમે અને એમ સમજે કે મારાં મોટાં ભાગ્ય જે એ સંતનો હું તિરસ્કાર સહું છું. માટે જ્યાં સુધી ભગવાનના આવા સંતનો મહિમા જાણ્યો નથી, ત્યાં સુધી તેમનો અભાવ આવે છે, પણ મુંબઈના ગવર્નર જેટલો જ જો સંતનો મહિમા સમજાય તો સંતની સભામાં જાય ત્યારે માનની અપેક્ષા રહે નહિ અને તે સંત ગમે તેવો તિરસ્કાર કરે તો પણ ધોખો થાય નહિ અને જેટલો લે એટલો પોતાનો અવગુણ લે, પણ સંતનો અવગુણ તો કોઈ રીતે લે જ નહિ. માટે જેને ભગવાનના સંતનો આવો મહિમા સમજાયો છે તેનો પાયો આ સત્સંગમાં અચળ છે.

''શ્રીજીમહારાજને માન ઉપર તો બહુ જ કટાક્ષ હતો. માની ભક્તની મહારાજને ચાકરી પણ ગમતી નહિ અને માની ભક્તને મહારાજે લબાડ અને શ્વાન જેવો કહ્યો છે. એ માનરૂપ દોષ મોટા મોટામાં પણ, માહાત્મ્યની સેર જીવમાં ન પેઠી હોય તેથી રહી જાય છે. તેથી જ મહારાજે તેનું ખંડન કરવા અને નિર્માનીપણે વર્તાવવા માટે જ, મોટા મોટા બ્રહ્માનંદ સ્વામી, શુકમુનિ તથા સુરોખાચર એ ત્રણને બોલાવીને પૂછ્યું : 'તમે જેણે કરીને પાછા પડી જાઓ એવો તમારામાં કયો અવગુણ છે ?' ત્યારે એ ત્રણેયે કહ્યું :

'હે મહારાજ ! માનરૂપ દોષ છે. માટે કોઈ બરોબરિયા સંત અપમાન કરે તો મૂંઝવણ થાય.' પછી મહારાજે કહ્યું : 'જેને ભગવાનના સંત સાથે માન રહે છે, તેને ભગવાનને જાણ્યામાં ફેર છે. જો ઉદ્ધવજીએ ભગવાનનો મહિમા જાણ્યો, તો ભગવાનના સંબંધવાળી જે ગોપીઓ તેના ચરણની રજ, જે લતા, ગુચ્છ કે તૃણ ઉપર પડે એવી વનવેલીનો અવતાર માગ્યો. તે કહ્યું છે જે,

'आसामहो चरणरेणुजुषामहं स्याम् ।
वृन्दावने किमपि गुल्मलतौषधीनाम् ॥
या दुस्त्यजं स्वजनमार्यपथं च हित्वा ।
भेजुर्मुकुन्दपदवीं श्रुतिभिर्विमृग्याम् ॥'

– શ્રીમદ્‌ભાગવત : ૧૦-૪૭-૬૧

તથા બ્રહ્માએ પણ કહ્યું :

'अहो भाग्यमहो भाग्यं नन्दगोपव्रजौकसाम् ।
यन्मित्रं परमानन्दं पूर्णं ब्रह्म सनातनम् ॥'

– શ્રીમદ્‌ભાગવત : ૧૦-૧૪-૩૨

"એવી રીતે બ્રહ્મા પણ ભગવાનનું માહાત્મ્ય જાણતા હતા તો વ્રજના ગોપના મહામોટાં ભાગ્ય જાણ્યાં. કારણ કે, સનાતન પૂર્ણબ્રહ્મ જે ભગવાન તે તેમના મિત્ર થયા હતા. માટે માહાત્મ્ય સમજે તો જ માન ટળે."[૫૫]

એમ માનખંડનની તથા ભગવાનના માહાત્મ્યની ઘણી વાતો કરી અને પછી હસીને બોલ્યા :

"જેના નિરમાની ભગવાન, તેના ભક્તને શેં જોઈએ માન."

કોઠારી બેચર ભગત આ મર્મમાં બધી વાત સમજી ગયા અને હાથ જોડી ભગતજીને કહ્યું : "આપ કહેશો તેમ જ કરવું છે."

એટલે ભગતજીએ તેમને કોઠારી ગોવર્ધનભાઈની માફી માગવા કહ્યું. તેથી બેચર ભગત તેમને આસને જઈ, તેમને દંડવત કરી માફી માગી આવ્યા. પછી ભગતજી કોઠારી ગોવર્ધનભાઈને મળ્યા અને તેમને કહ્યું : "કોઈ રીતે કોઠારીને વરતાલ રાખો."

આથી કોઠારી ગોવર્ધનભાઈએ કહ્યું : "એમને સાધુ કરીને રાખીએ."

ભગતજીએ તુરત જ હા પાડી અને બેચર ભગતને આચાર્ય મહારાજ

---

૫૫. ગ.અં. ૨૮.

પાસે દીક્ષા અપાવી સાધુ કર્યા અને મહાપુરુષદાસજી એવું નામ પાડ્યું. આ રીતે કોઠારની સર્વે ઉપાધિનો ત્યાગ કરાવી, માનરૂપ દોષ કાઢી, ત્યાગી કરી, અખંડ ભજન, સ્મરણ, સમાગમનું સુખ તેમને લેવાય એવું કરી આપ્યું.

'દાસના દુશ્મન હરિ કે'દિ હોય નહિ, જેમ કરતા હશે તેમ ઠીક જ કરતા હશે.'

ભગવાન કે તેમના સંબંધવાળા મોટાપુરુષનાં કાર્ય એવાં જ હોય. મુમુક્ષુને દેશકાળ જેવું લાગે અને મૂંઝવણ પણ થાય, પરંતુ જેમ જેમ પ્રસંગોની ગેડ ઉકેલાતી જાય અને અનુભવજ્ઞાન થતું જાય તેમ તેમ સમજાય. પણ જો સમજણ ન હોય અને સંતનો મહિમા પણ ન હોય, તો આવા દેશકાળથી મૂંઝવણમાં પડી, સંતનો અભાવ લઈ, હવે તો ઘેર બેઠાં ભજન કરશું, ક્યાં સુધી ખમીએ, એમ માની, સત્સંગમાંથી નીકળી જાય અને વિમુખ થાય.

ભગતજીએ આ વખતે મહાપુરુષદાસ સ્વામીને તથા વૈદ્યરાજ વિશ્વનાથભાઈ, કાલિદાસ વગેરેને પોતાની સાથે એક માસ રાખ્યા અને એકાંતિક ધર્મની ઘણી જ વાતો કરી નિશ્ચય કરાવી દીધો. પછી ભગતજી મહુવા પધાર્યા અને કોઠારી ગોવર્ધનભાઈ તથા આચાર્ય મહારાજ વરતાલ ગયા.

સુરત મંદિરમાં ઘનશ્યામ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

સંવત ૧૯૩૯ના ફાગણ માસમાં સુરતમાં શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠાનો ઉત્સવ હતો. તે પ્રસંગે આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. મહુવાથી ભગતજીને પણ ખાસ તેડાવ્યા હતા અને ભગતજી આ પ્રસંગે સુરતમાં એક માસ રહ્યા હતા. ભગતજીનો ઉતારો મંદિરના ઘુંમટ નીચે રંગમંડપમાં રાખ્યો હતો. ત્યાં પોતે બેસતા અને હાથીની ઝૂલ સીવતા અને આજુબાજુ બેઠેલા હરિભક્તોને કથાવાર્તા પણ કરતા. ગઢડાના પુરાણી જ્ઞાનવલ્લભદાસ તથા શાસ્ત્રી ધર્મતનયદાસજી, કોઠારી પ્રભુદાસ, સ્વામી વિજ્ઞાનદાસજી વગેરે તથા બીજા સંત-હરિભક્તો અખંડ ભગતજીની વાતો સાંભળતા.

આ પ્રસંગે વડોદરાથી ઉમિયાલાલ વકીલ, રાવસાહેબ રામચંદ્ર બલવંત નાયક (વડોદરા રાજ્યના દક્ષિણી સૂબા) વગેરે પણ આવ્યા હતા. આચાર્ય મહારાજ તે બધાને ભગતજીની વાતો સાંભળવા મોકલતા. આખી રાત વચનામૃત વંચાવી ભગતજી તેમને વાતો કરતા.

વળી, એક દિવસ વડોદરાના શાસ્ત્રી ડાહ્યાભાઈ પણ ભગતજીની વાતો

સાંભળવા આવ્યા હતા. તેમને જોઈ ભગતજી બોલ્યા : ''તમારા પિતાએ બાર હજાર કૌમુદીના શ્લોક તમને ભણાવ્યા છે અને મને મારા ગુરુ ગુણાતીતે વચનામૃત ભણાવ્યાં છે, તે જો સાંભળશો તો અંતઃકરણ ઠરી જશે.'' એમ કહી ઘણી વાતો કરી. શાસ્ત્રીને પણ ભગતજીની બ્રહ્મસ્થિતિ જોઈ, ભગતજી પ્રત્યે ખૂબ જ ભાવ થયો.

આમ, સુરતમાં ઘણો જ સમાસ ભગતજીની વાતોથી થવા લાગ્યો.

ભગતજીના યોગમાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી

સુરત મંદિરના મહંત સ્વામીશ્રી વિજ્ઞાનાનંદજી, શ્રીજીમહારાજના મળેલ વિદ્વાન અને તપસ્વી બ્રહ્મનિષ્ઠ સંત હતા. તેમની સેવામાં શાસ્ત્રીશ્રી યજ્ઞપુરુષદાસજી હતા. સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજીને સંવત ૧૯૩૯ના કાર્તિક વદિ ૫ને દિવસે આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે યજ્ઞ કરી સત્સંગિ-જીવનમાં લખ્યા પ્રમાણે વિધિયુક્ત ભાગવતી દીક્ષા આપી હતી. આચાર્ય મહારાજને સ્વામીશ્રીની તીવ્ર બુદ્ધિ અને ત્યાગ-વૈરાગ્યની છટાથી પોતાની પાસે કોઠારમાં રાખવા ઈચ્છા હતી; પરંતુ સ્વામીશ્રીનો ત્યાગી થવાનો સંકલ્પ અને સદ્‌ગુરુ સ્વામી વિજ્ઞાનાનંદજીની પણ એવી ઈચ્છા તેથી તેમને રાજી કરવા સાધુ કર્યા.

સ્વામી વિજ્ઞાનદાસજી તથા કોઠારી પ્રભુદાસના પ્રસંગથી સ્વામી યજ્ઞપુરુષદાસજીને ભગતજી પ્રત્યે સદ્‌ભાવ થયો હતો. તેમાં પણ આ પ્રસંગે રોજ ભગતજી મહારાજ વિજ્ઞાનાનંદ સ્વામીને આસને આવી તેમની વાતો સાંભળે અને સ્વામી પણ તેમની સ્થિતિ જાણીને તેમની પાસે વાતો કરાવે. તે વાતો સાંભળી યજ્ઞપુરુષદાસજીને ભગતજીને વિષે બહુ જ હેત થયું અને નવરાશને સમયે, ખાસ કરીને રાત્રે, ભગતજીના આસને વાતો સાંભળવા જાય.

એક વખત ભગતજી મહારાજ હાથીની ઝૂલ સીવતા હતા અને પાસે બેઠેલા સંત-હરિભક્તોને વાતો કરતા હતા. તેથી યજ્ઞપુરુષદાસજીને સંકલ્પ થયો : ''આ બધાની સામું જોઈ ભગતજી વાતો કરે છે અને વળી સીવે છે, તે કેમ કરતા હશે ?''

ત્યારે તેમનો સંકલ્પ જાણી ભગતજી તેમના તરફ જોઈ હસ્યા અને કહ્યું : ''સાધુરામ ! જીવ-પ્રાણીમાત્રને બે લોચન હોય છે, વિદ્યાવાનને ત્રણ

હોય છે, ધર્મવાળાને સાત હોય છે પણ જ્ઞાનીને અનંત લોચન હોય છે. તેથી હું આંગળીએ દેખું, પાછળ બરડે દેખું, એમ બધે દેખું છું.'' એવી પોતાના વ્યાપક સ્વરૂપની વાતો કરી સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજીનું મન પોતામાં ખેંચી લીધું. વળી, સ્વામીશ્રીએ પણ ભગતજીની અદ્‌ભુત બ્રહ્મસ્થિતિ અને અંતઃકરણ ભેદીને વાતો કરવાની રીતથી તેમને મનોમન ગુરુ તરીકે સ્વીકારી લીધા.

એક દિવસ ભગતજીએ સ્વામીશ્રીને કહ્યું : ''સાધુરામ ! તમે ત્યાગી તો થયા, પણ સ્વામિનારાયણની પૂરી નિષ્ઠા કરી છે કે નહિ ?''

ભગતજીના આ પ્રશ્નથી સ્વામીશ્રીને આશ્ચર્ય થયું. એટલે તેમણે હાથ જોડીને ભગતજીને કહ્યું : ''મહારાજ સર્વોપરી પુરુષોત્તમ નારાયણ છે એવી નિષ્ઠા મેં દૃઢ કરી છે.''

આ સાંભળી ભગતજી મહારાજ આ ભોળા અને સરળ સ્વભાવના કિશોર સાધુરામને જોઈ હસ્યા અને પછી તેમની પાસે આવી તેમને કહ્યું : ''એ તો એકલી નારાયણની નિષ્ઠા થઈ, પણ જ્યાં સુધી ગુણાતીતાનંદ સ્વામી અક્ષર છે એવી નિષ્ઠા ન થાય ત્યાં સુધી સ્વામિનારાયણની નિષ્ઠા પૂરી થઈ ન કહેવાય.''

આ સાંભળી યજ્ઞપુરુષદાસજી બોલ્યા : ''મારા ગુરુ વિજ્ઞાનાનંદજી બહુ જ અનુભવી વિદ્વાન અને વળી મહારાજના મળેલા સાધુ છે. તેમણે મને આવી વાત કરી નથી તો આપ આ નવીન વાત ક્યાંથી લાવ્યા ?''

ભગતજી યજ્ઞપુરુષદાસજીની સ્પષ્ટ વાતથી ઘણા જ રાજી થયા અને બોલ્યા : ''તમારા ગુરુ પણ આ વાત જાણે છે, પરંતુ તમને કહેતા નથી અને તમારી હાજરીમાં આ વાત કહેશે પણ નહિ.''

આ સાંભળી યજ્ઞપુરુષદાસજીએ એક યુક્તિ વિચારી અને તુરત જ ભગતજીને કહ્યું : ''જો આપ મારા ગુરુ પાસે આ વાત કહેવરાવો, તો હું માનું. હું ગમે ત્યાં તે વખતે સંતાઈ રહીશ.''

ભગતજી મહારાજને સ્વામીશ્રીની આવી ચકોર બુદ્ધિથી તેમના તરફ અત્યંત ભાવ થયો અને તેમના ગુરુ પાસે એ વાત કહેવરાવવા વચન આપ્યું.

વિજ્ઞાનાનંદ સ્વામીના મુખેથી મૂળ અક્ષરનું પ્રમાણ

બીજે દિવસે સવારે ભગતજી મહારાજ એક-બે હેતવાળા સંત તથા

હરિભક્તોને લઈને વિજ્ઞાનાનંદ સ્વામીને આસને પધાર્યા. તે વખતે વિજ્ઞાનાનંદ સ્વામી ખાટલા ઉપર બેઠા હતા. ભગતજીને જોઈ પોતે બહુ જ રાજી થયા અને બોલ્યા : ''પ્રાગજી ભગત ! તમો સ્વામીને સેવીને બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરી વર્તમાનકાળે મહારાજનો અને સ્વામીનો જેમ છે તેમ સિદ્ધાંત પ્રવર્તાવો છો.''

એ વાત સાંભળી ભગતજીએ વિજ્ઞાનાનંદ સ્વામીને કહ્યું : ''સ્વામી ! તમારા વખતમાં 'સ્વામી મૂળ અક્ષર છે' એવી જે વાત થતી હતી તે આજે કહો !''

ભગતજીની આ વાત સાંભળી વિજ્ઞાનાનંદ સ્વામીએ આજુબાજુ જોયું અને પછી ધીરેથી બોલ્યા : ''સ્વામી મૂળ અક્ષર છે - એ વાત મેં ઘણી વાર મહારાજ પાસેથી જ સાંભળી છે. વળી, ગોપાળાનંદ સ્વામી પણ એ વાતનું ઘણું જ પ્રતિપાદન કરતા. તેથી એ વાત મારા જીવમાં છે.'' એટલી વાત કરી એટલે યજ્ઞપુરુષદાસજી તેમના ઢોલિયા નીચેથી નીકળ્યા અને વિજ્ઞાનાનંદ સ્વામી તરફ જોઈ તેમને કહ્યું : ''આ વાત તમે મને કેમ અત્યાર સુધી ન કહી ?''

આથી વિજ્ઞાનાનંદ સ્વામીને તેમને જોઈ આશ્ચર્ય થયું. પણ પછી પોતાના સેવક છે એમ જાણી કહ્યું : ''જુઓ, હજુ મહારાજનું પુરુષોત્તમપણું જ સત્સંગમાં ઘણાને સમજાતું નથી, ત્યાં ગુણાતીતાનંદ સ્વામી અક્ષર છે એવી ઘેડ કેમ બધાને બેસે ? એટલા માટે રુચતું રુચતું કહેવું. પણ હવે તમે આ વાત સાંભળી છે તો તે સાચી છે અને જીવમાં એ પ્રમાણે સમજી રાખશો.''

વિજ્ઞાનાનંદ સ્વામીની આ વાત સાંભળી ભગતજી હસ્યા. આ પ્રમાણે યજ્ઞપુરુષદાસજીને સ્વામિનારાયણની પૂરી નિષ્ઠા થઈ ગઈ.

વિજ્ઞાનદાસજીનો યજ્ઞપુરુષદાસજીએ પક્ષ રાખ્યો

યજ્ઞપુરુષદાસજીને ભગતજીનું આવું શુદ્ધ જ્ઞાન અને ગુણાતીતાનંદ સ્વામી સાથેના અખંડ સંબંધની સ્થિતિ જોઈ તેમના તરફ વધુ ને વધુ આકર્ષણ થતું ગયું. તે એટલે સુધી કે રોજ રાત્રે પોતાના ગુરુને સુવડાવી પોતે ભગતજીની વાતો સાંભળવા જાય અને રાત્રે બે-ત્રણ વાગ્યે જ્યારે કથા પૂરી થાય, એટલે પોતાના આસને આવીને જોડિયા સાધુ રામરતનદાસને ઉઠાડે અને ભગતજીની કહેલી સર્વ વાત કહે. આ પ્રમાણે રોજ રાત્રે વાતો સાંભળે

અને વળી તેનું મનન કરે. તેમને આ વાતોનો એવો તો વેગ લાગી ગયો કે નવરાશના વખતે વિજ્ઞાનદાસ સ્વામીનો પણ સમાગમ કરે અને ભગતજીની પણ સેવા કરે. તેમને જોઈતું લાવી આપે, એમ બધી વાતે ભગતજી તથા તેમના મંડળની સંભાળ પોતે રાખે.

એક દિવસ વિજ્ઞાનદાસજીએ ભગતજી મહારાજનો લોટો ઊટકીને, ચોખ્ખા પાણીમાં વીછળવા પાણીના ટાંકામાં બોળ્યો. આથી ભગતજી તથા તેમના સાધુને કંઈ કહેવાની તકની રાહ જોતા સાધુઓએ ખળભળાટ મચાવ્યો અને બોલી ઊઠ્યા : ''આ સાધુએ પ્રાગજી ભગતનો લોટો આ ટાંકામાં બોળ્યો અને પાંચ હજાર બેડાંનું ટાંકું અભડાવી માર્યું. હવે આખું ટાંકું ખાલી કરવું પડશે.''

એ સાંભળી યજ્ઞપુરુષદાસજી ત્યાં હતા તે તુરત જ બોલી ઊઠ્યા : ''લોટો ટાંકામાં ચોખ્ખા પાણીથી વીછળીને બોળ્યો છે, હું પાસે ઊભો હતો !''

યજ્ઞપુરુષદાસજી મંદિરના મહંત સ્વામી વિજ્ઞાનાનંદજીના સેવક હતા અને સ્વામીનો તેમના ઉપર ઘણો જ રાજીપો હતો એટલે સાધુ બધા બોલતા બંધ થઈ ગયા. યજ્ઞપુરુષદાસજીએ પણ વિજ્ઞાનાનંદ સ્વામીને સમજાવ્યું : ''ટાંકું અભડાવ્યાની વાત ખોટી છે.'' એ રીતે સ્વામીને સંતોષ પમાડ્યો.

ગરીબ સ્વભાવના વિજ્ઞાનદાસજી તો આ ભૂલથી ડઘાઈ જ ગયા હતા અને તેમાં વળી સાધુઓનો તેમના ઉપર પ્રકોપ થયો. પણ યજ્ઞપુરુષદાસજીની સમયસૂચકતાથી આખો પ્રસંગ બીજા કોલાહલ વગર શમી ગયો. વિજ્ઞાનદાસજીએ આ વાત ભગતજીને કરી : ''આ સાધુએ મારો આજે બહુ જ પક્ષ રાખ્યો છે.''

તે સાંભળી ભગતજી ઘણા જ રાજી થયા અને યજ્ઞપુરુષદાસજી ઉપર એક અમીભરી દૃષ્ટિ ફેંકી. યજ્ઞપુરુષદાસજીને મુક્તાનંદ સ્વામીનું કીર્તન યાદ આવી ગયું :

'નેણાં ભરીને વ્હાલા તમે નીરખો છો જેને
તેને સાધન કરવું રહેતું નથી કાંઈ
નેણને જોઈ વ્હાલા, તારા નેણને જોઈ.'

અને અતિ અપાર રાજી થતાં ત્યાં સ્થિર થઈ ઊભા રહ્યા. એટલે એક સાધુ તેમને આ પ્રમાણે ભગતજી પાસે ઊભેલા જોઈ બોલી ઊઠ્યા : ''આંહીં ઊભા

રહેશો નહિ, આ તો બગાડી મેલશે.'' તુરત જ યજ્ઞપુરુષદાસજી ત્યાંથી પોતાના આસને ચાલ્યા ગયા.

ત્યાગીમંડળ લાજ મૂકીને ભગતજીનો આશ્રય કરે છે

સમૈયો પૂરો થયો એટલે ભગતજી આચાર્ય મહારાજ સાથે વરતાલ પધાર્યા. ત્યાં થોડો વખત રહી વડોદરા રાવસાહેબ રામચંદ્ર બલવંત નાયકના તેડાવવાથી ગયા. અહીં વડોદરામાં ભગતજીએ ઘણી જ બ્રહ્મજ્ઞાનની વાતો કરી. તેમજ ઇન્દ્રિયો, અંતઃકરણની વૃત્તિ ખેંચી હૃદયાકાશમાં લીન કરી, અખંડ ઉપશમ સ્થિતિમાં સ્થિર થઈ, મહારાજની મૂર્તિ સાથે તેમને અખંડ જોડાઈ જતા જોઈને રાવસાહેબને તેમનો બહુ જ મહિમા સમજાયો અને એમ થયું કે આ તો ખરેખર મોટાપુરુષ છે. રાવસાહેબને ભગતજીમાં સર્વ પ્રકારે નિર્દોષબુદ્ધિ થઈ ગઈ. તેમનાં પત્ની સીતાબાને પણ ભગતજી પ્રત્યે ખૂબ જ ભાવ હતો. રોજ ભગતજીને નવી નવી રસોઈ કરી જમાડે અને ખૂબ સેવા કરે. ભગતજી પણ તે બંનેના ભાવથી ઘણા જ રાજી થયા અને કથાવાર્તાથી તેમને સંતોષ પમાડી ગઢડે ગયા.

ગઢડામાં સ્વામી જ્ઞાનવલ્લભદાસજી તથા શાસ્ત્રી ધર્મતનયદાસજી લાજ મૂકીને ભગતજીના શિષ્ય થયા. આવી રીતે ત્યાગીમંડળ પોતાની વિદ્વત્તા તથા આશ્રમનું માન મૂકીને, ભગતજીને સાચા સત્પુરુષ તરીકે ઓળખીને, તેમના શિષ્ય થયા અને તેમના સમાગમથી સાધુતાનાં લક્ષણો સિદ્ધ કર્યાં.

એ તો મારો કોડીલો લાલ છે

સંવત ૧૯૪૦ના ચૈત્રી સમયે ભગતજી વરતાલ પધાર્યા અને બે માસ વરતાલ રહ્યા. ખાનદેશી વરખેડાના પાટીલ રામદાસ(પાછળથી સ્વામીશ્રી પુરુષોત્તમદાસજી)ને સુરતમાં સ્વામી યજ્ઞપુરુષદાસની વાતોથી ભગતજીને વિષે સર્વોપરી સત્પુરુષનો નિશ્ચય થયો હતો. તે પણ આ સમૈયે વરતાલ આવ્યા હતા.

ભગતજી સભામંડપના ઉપરના પહેલે માળે મેડા ઉપર બેસતા અને ત્યાં કથાવાર્તા કરે અને નાડી-પ્રાણ ખેંચીને ભજનમાં બેસે. એક વખત આવી રીતે ભજનમાં બેઠા હતા ત્યારે તેમની નાડી જોઈને રણુના નાડીપરીક્ષક વૈદ્યરાજને

નિષ્ઠા થઈ ગઈ. વળી, દરેકના મનના સંકલ્પો પણ કહે. આ પ્રમાણે અપાર ઐશ્વર્ય બતાવે એટલે તેમની સભામાં પાંચસો પાંચસો સંત-હરિભક્તો બેસવા લાગ્યા. તે સર્વેનું ચિત્ત એકકાળાવિચ્છિન્ન પોતામાં ખેંચીને, બ્રહ્મજ્ઞાનની અદ્ભુત વાતો કરે અને સર્વેના સંશય છેદી, શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન અને ગુણાતીતાનંદ સ્વામી અનાદિ મૂળ અક્ષર – એ બંને સ્વરૂપનો નિશ્ચય કરાવી દેતા. વળી, આજે એ બંને સ્વરૂપો આ પ્રત્યક્ષ સ્વરૂપ દ્વારા જ સત્સંગમાં પ્રગટ છે એમ પણ દૃઢ નિશ્ચય કરાવી દીધો.

આ પ્રમાણે કેશવપ્રસાદદાસ પુરાણી તથા રઘુવીરચરણદાસ પુરાણીને પણ વિજ્ઞાનદાસજી તથા મહાપુરુષદાસજીની જેમ નિશ્ચય થઈ ગયો. આચાર્ય મહારાજને પણ દિવસે દિવસે ભગતજીની બ્રહ્મસ્થિતિ જોઈ તેમનો બહુ જ મહિમા સમજાયો, એટલે ભગતજીને પોતાને મેડે બોલાવી પોતે પણ વાતો સાંભળે. અહીં મહારાજને મેડે વિજ્ઞાનદાસજી, નારાયણચરણદાસજી, કેશવ-પ્રસાદદાસજી, યજ્ઞપુરુષદાસજી, ઘનશ્યામદાસજી, કપિલમુનિ વગેરે ભગતજીની વાતો સાંભળવા આવતા; પરંતુ કોઈ કોઈ વખત બીજા ત્યાગીઓની ઉપાધિથી ભગતજી તે બધાને સભામાંથી ઉઠાડી મૂકતા. એમ બે-ત્રણ દિવસ કર્યું, એટલે એક વખત નારાયણચરણદાસજીએ કહ્યું : ‘‘બીજા બધાને ઉઠાડી મૂકો છો અને આ યજ્ઞપુરુષદાસને કેમ બેસાડી મૂકો છો ? એને સૌની હારમાં કેમ ઉઠાડતા નથી ?’’

ત્યારે ભગતજીએ હસતાં હસતાં કહ્યું : ‘‘એ તો મારો કોડીલો લાલ છે, એ તો બેસશે. તેનો તમારે વાદ લેવો નહિ.’’ એમ કહી ભગતજીએ યજ્ઞપુરુષદાસજી ઉપરનો પોતાનો ભાવ બતાવ્યો.

ચરણારવિંદના પાડનારા શ્રીજીમહારાજ હું એને આપીશ

સ્વામી રામરતનદાસજી વિજ્ઞાનાનંદ સ્વામીના મંડળના સાધુ હતા. તેમને વિજ્ઞાનાનંદ સ્વામીએ દેહ મૂકતી વખતે ચરણારવિંદની એક જોડ આપી હતી. પરંતુ તે ચરણારવિંદ ઝાંખાં હતાં તેથી બીજાં સારાં ચરણારવિંદ લેવા તેમણે તકરાર કરી. તેમની નજર યજ્ઞપુરુષદાસજી પાસે બે સારાં ચરણારવિંદ હતાં તે ઉપર હતી. આથી ભગતજી પાસે આવીને તેમણે કહ્યું : ‘‘મને આ ચરણારવિંદની જોડ યજ્ઞપુરુષદાસજી પાસે બદલાવી આપો.’’

એટલે ભગતજીએ એને પોતાને વિષે હેત અને સદ્‌ભાવ રહે તે માટે, યજ્ઞપુરુષદાસજીને બોલાવીને પૂછ્યું : ''મારું વચન પાળશો ને મને રાજી કરશો ?''

ત્યારે યજ્ઞપુરુષદાસજીએ હાથ જોડી કહ્યું : ''આપ જે કહેશો તે કરીશ.''

તેથી ભગતજીએ રામરતનદાસને તેડાવીને કહ્યું : ''તમે જેમ રાજી થાઓ તેમ કરવું છે. બોલો, કેમ રાજી થશો ?''

ત્યારે રામરતનદાસજીએ ચરણારવિંદની જોડ બદલાવવાને બદલે બીજી નવી જોડ તેમની પાસે માગી. આથી ભગતજીને, તેમનો અતિ લોભી અને સ્વાર્થી સ્વભાવ જોઈ ઠીક ન લાગ્યું અને કંઈ બોલ્યા નહિ. ભગતજીને આમ ઉદાસ થઈ ગયેલા જોઈ યજ્ઞપુરુષદાસજીએ તેમને કહ્યું : ''આમ કેમ ઉદાસ થાઓ છો ? જેમ આપની ઇચ્છા હશે તેમ કરીશ.''

એટલે ભગતજીએ કહ્યું : ''આ તો બદલાવવાને બદલે આખી જોડ માગે છે.''

તે સાંભળી યજ્ઞપુરુષદાસજી બોલ્યા : ''આપ રાજી થતા હો તો આખી જોડ આપું.'' એમ ભગતજી રામરતનદાસ સાથે વચનથી બંધાયેલા કે 'તમે રાજી થાઓ તેમ કરવું છે' તેમનું તે વચન સત્ય કરવા યજ્ઞપુરુષદાસજીએ બીજી જોડ તુરત લાવી રામરતનદાસને આપી અને તે રાજી થયા. ભગતજી પણ યજ્ઞપુરુષદાસજીની પોતાને રાજી કરવાની તમન્નાથી તેમના ઉપર ઘણા જ પ્રસન્ન થયા.

આ વાત આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે જાણી, એટલે તેમણે ભગતજીને બોલાવીને આચાર્યના અધિકારથી ભગતજીની સ્થિતિનું ભાન ભૂલી જઈ ઠપકો આપ્યો : ''તમે સત્સંગનો વહેવાર સમજો નહિ. વિજ્ઞાનાનંદ સ્વામીનું મંડળ ચલાવનારને ચરણારવિંદની જરૂર પડે અને ચરણારવિંદ હોય તો જ બીજા સાધુ તેમની ભેગા રહે.''

તે સાંભળી ભગતજી દિવ્યભાવમાં આવીને બોલ્યા : ''ચરણારવિંદના પાડનારા શ્રીજીમહારાજ એને હું આપીશ એટલે ઘણા સાધુ તેમની પાસે રહેશે. તમે તેની ફિકર કરશો નહિ.''

મહારાજે ભગતજીનો દિવ્યભાવ જોઈ તરત પોતાના અધિકારની સત્તા છોડી દીન થઈને કહ્યું : ''અહો ! ભગતજી ! તમે તો બહુ જ મોટા છો અને

મહારાજ તમારે વશ છે, એટલે જેમ તમારો રાજીપો થયો અને કર્યું, તે ઠીક જ કર્યું છે.''

આ પ્રસંગથી ભગતજી યજ્ઞપુરુષદાસજી ઉપર અત્યંત પ્રસન્ન થયા. અંતે જ્યારે રામરતનદાસ ધામમાં ગયા ત્યારે તેમણે સ્વહસ્તે જ યજ્ઞપુરુષ-દાસજીને બંને ચરણારવિંદની જોડ પાછી આપી.

ભગતજી આ વખતે બે માસ વરતાલ રહ્યા અને કથાવાર્તાનો અખંડ અખાડો જમાવ્યો. આથી, નિષ્ઠાવાળાને આનંદ થયો. જ્યારે બીજાને બળતરા થવા માંડી. એટલે એવી ઉપાધિ ઊપડી કે પ્રાગજી ભગતે સત્સંગ ચૂંથી નાખ્યો. ભગતજી જ્યારે વરતાલથી મહુવા જવા નીકળ્યા ત્યારે તેમને વળાવવા વિજ્ઞાનદાસજી, યજ્ઞપુરુષદાસજી, મહાપુરુષદાસજી, કેશવપ્રસાદદાસજી, કપિલમુનિ વગેરે તથા બીજા ચરોતરના હરિભક્તો સાથે ગયા.

ઉગમણી બેઠક પાસે બોરસલીના ઝાડ નીચે ભગતજી બેઠા અને બધા આજુબાજુ બેસી ગયા. એ વખતે ભગતજી બોલ્યા : ''આ પ્રાગજી ભગતે સત્સંગ ચૂંથી નાખ્યો એમ સૌને થયું છે, તો હવે સત્સંગ સુધારે અને આગળ મોટી ઉપાધિ આવશે તેને ટાળે.'' એમ કહી આગળ આવનારી બળરામ-દાસની ઉપાધિનું ભવિષ્યકથન કર્યું.

એટલામાં નારના લાલાજી તથા ઝવેરભાઈ દર્શને આવ્યા. તેમને મનમાં સંકલ્પ થયો કે ભગતજીના આશીર્વાદ જો મળે તો પુત્ર નથી તે પુત્ર થાય. તે સંકલ્પ જાણી ભગતજીએ તેમને બંનેને આશીર્વાદ આપ્યા : ''તમારો સંકલ્પ બાર માસમાં શ્રીજીમહારાજ અને સ્વામી પૂરો કરશે.'' તેથી લાલાજીને બાસઠ વર્ષે દીકરો થયો અને ઝવેરભાઈને પચાસ વર્ષે દીકરો થયો.

પછી ભગતજી ત્યાંથી નીકળી ઘેર ગયા.

ભગતજીને વરતાલ તેડાવવાનો નડિયાદના ઝવેરીલાલનો આગ્રહ

અહીં ગુજરાતમાં ભગતજીના સાધુ વિજ્ઞાનદાસજી, યજ્ઞપુરુષદાસજી તથા મહાપુરુષદાસજી વગેરે ફરતા હતા. તેમાં સોજીત્રામાં વિજ્ઞાનદાસજીનું મંડળ હતું, તે એક માસ ત્યાં રહ્યા. અહીં વિજ્ઞાનદાસ સ્વામીની અપૂર્વ ત્યાગ-વૈરાગ્યની છટા અને નિષ્કામશુદ્ધિ તથા ધર્મામૃતમાં લખ્યા પ્રમાણે સાધુના સર્વે ધર્મ યથાર્થ પાળવા અને અખંડ ભજન કરવું તથા કરાવવું, એવા

વર્તનથી ત્યાંના બધા હરિભક્તોને ઘણો જ ગુણ આવ્યો. ધર્મામૃત પ્રમાણે કાચી રસોઈ લેવી તથા સવારના ૬ થી ૭ એક કલાક ધ્યાન, ૭ થી ૮ કથા, ૮ થી ૯ ધ્યાન, ૯ થી ૧૦ કથા, ૧૦ થી ૧૧ ધ્યાન, પછી હરે... તે પછી સાંજના ૩ થી શરૂ થાય તે રાત્રે બાર સુધી ચાલે. એમ અખંડ બ્રહ્મયજ્ઞ કર્યો. વળી, યજ્ઞપુરુષદાસજી આ વખતે પીપળાવમાં સત્સંગિજીવનની કથા વાંચતા હતા. તે કથા પૂરી થાય એટલે રાત્રે નિયમ-ચેષ્ટા કરી સોજીત્રે જાય અને ત્યાં વિજ્ઞાનદાસજીનો સમાગમ કરે અને સવારે ત્રણ વાગે નીકળી પાછા પીપળાવ આવે. આવો અદ્‌ભુત ઈશક જોઈને આખો ચરોતર ખળભળી ઊઠ્યો અને પ્રાગજી ભગતનું ધ્યાની મંડળ સર્વોત્કૃષ્ટપણે સર્વને દેખાવા લાગ્યું. જ્યાં જાય ત્યાં એકાંતિક ધર્મના ધારક અને પોષક ગ.પ્ર. ૫૪ પ્રમાણે વર્તમાનકાળે પ્રાગજી ભગત છે, એવો સર્વોપરી તેમનો મહિમા કહે. એટલે સહુનાં મન ભગતજીમાં તણાઈ ગયાં.

નડિયાદના ઝવેરીલાલને ભગતજી વિષે નિષ્ઠા થઈ. એટલે ભગતજીને વરતાલ તેડાવવા તેઓ વરતાલ આચાર્ય મહારાજ તથા કોઠારીને વિનંતી કરવા જાતે ગયા. મહારાજે તેમની વાત જાણી તેમને કહ્યું : ‘‘જળઝીલણીના સમૈયે ગઢડે ભગતજીને તેડાવીશું. તમો ગઢડે આવજો.’’

ગઢડામાં જળઝીલણીનો સમૈયો

ભગતજી સંવત ૧૯૪૧ના જળઝીલણીને સમૈયે ગઢડે પધારવાના છે એવું જાણી વિજ્ઞાનદાસજી, યજ્ઞપુરુષદાસજી, મહાપુરુષદાસજી વગેરે ગુજરાતમાંથી ભર ચોમાસામાં ચાલી, પાણી-કાદવ ખૂંદતાં ખૂંદતાં ગઢડે પહોંચ્યા. અહીં આચાર્ય મહારાજ પણ પધાર્યા હતા અને સમૈયો ભરપટે ભરાયો હતો. ગુજરાતમાંથી ભગતજીના હેતવાળા લગભગ ૧૫૦-૨૦૦ હરિભક્તો આવ્યા હતા. ભગતજી તો સાધુના આ દાખડાથી ઘણા રાજી થઈ ગયા અને બોલ્યા : ‘‘આ વખતે તમો ત્યાગીઓએ શાલિગ્રામને બહુ કારસો આપ્યો અને ઠેઠ ગુજરાતથી ખરા વરસાદમાં પાણી ડોળીને આવ્યા, તે હું બહુ રાજી થયો.’’

જળઝીલણીના સમૈયે સવારમાં સભામંડપમાં ભગતજીએ ઘણી વાતો કરી. બપોરે વરઘોડો નીકળ્યો ત્યારે વરઘોડામાં ફરીને આવ્યા બાદ ભગતજી

લક્ષ્મીવાડીએ પધાર્યા. અહીં મહારાજના પ્રસાદી-સ્થાનનાં દર્શન કરી હરિસ્વરૂપદાસજીના આસને જઈને બેઠા. અહીં હરિસ્વરૂપદાસજીએ કેટલીક એકાંતિક ધર્મની અને સત્પુરુષમાં જોડાવાની વાતો કરી, એટલે કેટલાક ત્યાગીઓએ ઊહાપોહ કર્યો હતો તે દબાઈ ગયો. પછી તેમણે ભગતજીને હાથ જોડી કહ્યું : ''આપ પધાર્યા છો તો હવે વાતો કરો જેથી શાંતિ થાય.''

ત્યારે ભગતજી હસીને બોલ્યા : ''કેવી વાતો કરું ?''

એટલે હરિસ્વરૂપદાસજીએ એવા જ ભાવમાં કહ્યું : ''ગળી કરો, તીખી કરો, ખારી કરો; પણ વાતો કરો.''

પછી ભગતજી કહે : ''આગળ નિશાન હોય તો વાત કરવામાં આનંદ આવે.''

પછી હરિસ્વરૂપદાસજી કહે : ''હું નિશાન. મને વાતો કરો.''

એ સાંભળી ભગતજીએ રાજી થઈને એકાંતિક ધર્મ સંબંધી ઘણી જ વાતો કરી અને બોલ્યા : ''આ બધી વાતો કરી શિખરબદ્ધ મંદિર તો બાંધ્યું, પણ હવે મૂર્તિ પધરાવી, કળશ ચડાવવો જોઈશે. તે ચિંતામણિની મૂર્તિ અને પારસમણિનો કળશ - એટલે જ્યારે પારસ થકી પારસ થશો ત્યારે ચિંતામણિની મૂર્તિ જડશે. તે શ્રીજીમહારાજ ચિંતામણિ અને આ બેઠા છે તે પારસમણિ – એમ બે નિષ્ઠા પૂરી થશે ત્યારે જે કંઈ બાકી રહ્યું છે તે સિદ્ધ થઈ જશે.'' એમ પોતાના હેતવાળા સાધુને સ્પષ્ટ વાત કરી, બ્રહ્મરૂપ થવાની ચાવી હાથમાં આપી દીધી. આમ, ગઢપુરમાં સૌને અલૌકિક સુખ આપ્યું.

વળી, રોજ પોતે દરેક હેતવાળા હરિભક્તને ઉતારે જાય, ત્યાં બેસે, વાતો કરે અને અનેક પ્રકારે સુખ આપે. સર્વે સાધુમંડળ પણ ભગતજીની પાછળ પાછળ ફરે અને એકી નજરે તેમના સામું જોઈ રહે અને દર્શન કરે. આથી, ઉપાધિ ઘણી થઈ. પછી સોજીત્રાવાળા હરિભક્તોએ ભગતજીને કહ્યું : ''આ સાધુનું મંડળ આપની પાછળ પાછળ ફરે છે તેથી ઉપાધિ ઘણી થાય છે અને અમોને પણ સુખ આવતું નથી માટે આપ એને ના પાડો.''

ત્યારે ભગતજીએ કહ્યું : ''સાધુમંડળ પગે ચાલીને, પાણી ડોળીને સાઠ ગાઉ આવ્યા, તેને મારે ના કેમ પડાય ?''

આથી, વિજ્ઞાનદાસ સ્વામીએ સર્વ સાધુમંડળને સમજાવ્યું : ''આપણે જાણીએ જે ભગતજીને નહિ ગમતું હોય, પણ તે તો જેમ જેમ ભેગા રહી

કથાવાર્તા, દર્શનનો લાભ લઈએ તેમ રાજી જ છે.''

આ પ્રમાણે આ સમૈયામાં આવી ભગતજીએ કથાવાર્તાનું ઘણું જ સુખ સહુને આપ્યું અને સમૈયો વીત્યા બાદ મહુવા પધાર્યા.

ડભાણનું બંડ

સંવત ૧૯૪૧માં શાસ્ત્રી બળરામદાસની ઉપાધિ શરૂ થઈ અને નડિયાદના હરિભક્તો શાસ્ત્રીના પક્ષમાં ભળી ગયા. એટલે નામ-ધર્માદો નડિયાદ તથા આજુબાજુનાં ગામનો બંધ થઈ ગયો. આથી મહારાજ તથા કોઠારીને મૂંઝવણ થઈ. આ ઉપાધિ શમાવનાર તો એક પ્રાગજી ભક્ત જ છે અને એમનામાં ગુજરાતના હરિભક્તોને પૂરું હેત છે - એમ જાણી, ગમે તેટલો ત્યાગીનો વિરોધ છતાં કોઠારીએ ભગતજીને મહુવા કાગળો લખ્યા : ''બળરામદાસની ઉપાધિ બહુ વધી છે અને ઘણા હરિભક્તોનાં મન તેમણે ફેરવી દીધાં છે, તેથી તમો અત્રે આવો અને નડિયાદ તથા આજુબાજુનાં ગામોમાં ફરી, બધાને વાતો કરી શાંતિ પમાડો.'' એવા કાગળો ભગતજીને લખ્યા એટલે ભગતજી પોષ મહિનામાં વરતાલ આવ્યા.

ભગતજીના વરતાલ આવવાના સમાચાર ગુજરાતમાં પ્રસર્યા, એટલે બધા જ હેતવાળા હરિભક્તો વરતાલ આવ્યા. ભગતજીને પણ તેમને બધાને - નિષ્ઠાવાળાને જોઈને ઘણો જ આનંદ થયો. એમ અત્રે સમૈયા જેવું થઈ ગયું. ભગતજીના પ્રતાપથી ઘણા સાધુઓને પણ ભગતજી વિષે સદ્‌ભાવ થયો, પરંતુ બીજા કેટલાકે ઘણી જ ઉપાધિ કરી એટલે ભગતજી તુરત જ ઘેર ગયા.

ભગતજીને એક તરફ વરતાલ બોલાવી, બીજી તરફ તેમની પ્રવૃત્તિમાં બાધા નાખનાર, કદાચ પ્રાગજી ભગતથી એ ઉપાધિ શાંત થાય તો સત્સંગમાં તેમનો ભાર પડી જાય - એવી દહેશતથી અમે જ આ ઉપાધિ શમાવી શકીશું એમ નક્કી કરી, સાધુઓએ ભગતજીને સુખ આવવા ન દીધું. એટલે ભગતજી મહુવા પાછા ગયા.

ફરી ઉપાધિની અતિશયતાથી આચાર્ય મહારાજે ભગતજીને તે જ સાલે કાગળ લખીને જન્માષ્ટમી ઉપર બોલાવ્યા. ભગતજી વરતાલ આવ્યા અને કોઠારી પાસે જઈને કહ્યું : ''જુઓ, આ બંડ બહુ જ જબરું ઊપડ્યું છે અને ભવિષ્યમાં ત્રણ શિખરનું મંદિર હું ડભાણમાં દેખું છું અને વરતાલથી લાખો

રૂપિયા ત્યાં તણાઈ જશે.'' એવા ભવિષ્યકથનના શબ્દોથી આચાર્ય મહારાજ તથા કોઠારીએ ભગતજીને નડિયાદ જવા કહ્યું.

એટલે ભગતજીએ બે હાથ જોડી કહ્યું : ''જો તમારે સમાધાન કરવું હોય તો મને ફક્ત સત્સંગી જ જાણજો. કારણ કે, આ સત્સંગમાં અર્ધો ભગવાન તો હું ઠેરાણો છું, પરંતુ આ બંડ શમાવવા કદાચ ઐશ્વર્ય વાપરવું પડે અને લોકો મને ભગવાન કહે તો પણ તમે એમ માની અવગુણ-અભાવ લેશો નહિ. હું તો ફક્ત સત્સંગી જ છું અને સત્સંગી જ રહેવાનો છું. પણ લોકો ફાવે તેવી ઉપમા આપે અને તમને ભરમાવે. માટે હું પહેલેથી જ તમને આટલું કહી મૂકું છું. માટે જેમ તમારી મરજીમાં આવે, તેમ આજ્ઞા કરો.''

કોઠારી મહારાજે કહ્યું : ''તમારે જે કરવું હોય તે કરો, પણ કોઈ રીતે આ ઉપાધિનો અંત લાવો અને નામ-ધર્માદો બંધ થયો છે તે શરૂ કરો. તમારું કોઈ નામ નહિ લે.'' એમ કહી ભગતજીને નડિયાદ મોકલ્યા.

ભગતજી નડિયાદ આવ્યા અને મંદિરમાં ઉતારો કર્યો. પછી શાસ્ત્રી બળરામદાસજી જે એ વખતે ત્યાં હતા તેમની પૂજા કરી તેમને રાજી કર્યા. શાસ્ત્રી ધર્મતનયદાસજી, ભગતજીમાં પૂરા હેતવાળા, એ પણ ત્યાં હતા.

ભગતજી થોડા દિવસ નડિયાદ રહ્યા અને મંદિરમાં કથાવાર્તા કરે અને પોતાના સર્વે હેતવાળાને આનંદ આપે. એ રીતે થોડા દિવસો અત્રે રહી, ધર્માદો વરતાલ ચાલુ કર્યો. આ ઉપાધિની પ્રબળતા કેટલી છે તેનું પોતે ભવિષ્યકથન કર્યું હતું. પરંતુ એટલી પરાકાષ્ઠાએ ન પહોંચે, ત્યાં સુધી નિર્મૂળ પણ ન થાય, એટલે અત્યારે એટલું જ કરી બાકીનું ભવિષ્ય ઉપર છોડી ભગતજી થોડા દિવસો ત્યાં રહી ઘેર ગયા.

❀

સંવત ૧૯૪૨ની સાલમાં ચૈત્રી સમૈયે ભગતજી તથા દામોદર શેઠ, ફૂલચંદભાઈ, ગીગાભાઈ વગેરે મહુવાથી વહાણમાં બેસી નવસારી ઊતર્યા, ત્યાંથી ચાણસદ થઈને વડોદરા આવ્યા અને ત્યાંથી વરતાલ આવ્યા. સભામંડપને ત્રીજે માળે ભગતજીને ઉતારો આપ્યો હતો અને ગુજરાતના સારા સારા પ્રતિષ્ઠિત હરિભક્તો, ભગતજીનો મહિમા જાણી તેમનાં દર્શને આવતા અને તેમની વાતો સાંભળતા. આથી ત્યાગી વર્ગને આ ન રુચ્યું અને ઉપાધિ કરી. એટલે સમૈયો વેરાયા બાદ આચાર્ય મહારાજ ભગતજીને પોતાની સાથે

સુરત લઈ ગયા. આથી, ગુજરાત તથા ચરોતરના હરિભક્તોને ભગતજીના સમાગમનું જેવું જોઈએ તેવું સુખ ન આવ્યું.

યજ્ઞપુરુષદાસજીને ભણવાની આજ્ઞા

સુરતમાં ભગતજી ચાર દિવસ રોકાયા અને રામરતનદાસજી, જગતપાવનદાસજી, યજ્ઞપુરુષદાસજી, કોઠારી જીભાઈ વગેરેને ઘણી વાતો કરી સુખ આપ્યું.

એક દિવસ સભામંડપમાં વચલે માળે ભગતજી પોતાને આસને બેઠા હતા અને મહારાજશ્રી પણ ત્યાં ભગતજીની વાતો સાંભળવા પધાર્યા હતા. તે વખતે યજ્ઞપુરુષદાસજી સામું જોઈ ભગતજીએ તેમને પૂછ્યું : ''શું ભણો છો ?''

ત્યારે તેમણે કહ્યું : ''ભાગવતનો દશમસ્કંધ પૂરો કર્યો છે.''

ત્યારે ભગતજીએ કહ્યું : ''મારી આજ્ઞાથી કૌમુદી ભણો.''

એટલે સ્વામીએ હાથ જોડી કહ્યું : ''બહુ સારું. આપની આજ્ઞા પ્રમાણે કરીશ.''

પછી ભગતજીએ મહારાજને કહ્યું : ''આ સાધુ બહુ જ ચમત્કારી છે અને શાસ્ત્રવિદ્યા ભણશે તો હજારોનાં મન ખેંચી લેશે.''

એટલામાં યજ્ઞપુરુષદાસજીએ ભગતજીને કૌમુદીનું પુસ્તક આપ્યું. તે લઈને તેમણે આચાર્ય મહારાજને કહ્યું : ''આ સાધુને કૌમુદીના બાર હજાર શ્લોક તમે ભણાવો અને હું એમને બ્રહ્મવિદ્યા ભણાવીશ.'' એમ કહી સ્વામીને આશીર્વાદ આપ્યા. પછી કહ્યું : ''કૌમુદી ભણવાથી વિજ્ઞાનદાસ સ્વામીનો જોગ રહેશે અને જીવ બહુ બળિયો થશે.''

પછી વિજ્ઞાનદાસ સ્વામીને પોતે કહ્યું : ''આ કેશવપ્રસાદ તથા યજ્ઞપુરુષદાસજી બંને તમારા ખરેખરા થયા છે. તેમને સત્પુરુષમાં જોડાવાની વાત કરજો.''

સુરતમાં અલૌકિક આનંદ કરાવી ચાર દિવસ રહીને પછી ભગતજી ઘેર ગયા.

❀

સંવત ૧૯૪૩ના ચૈત્રી સમયે ભગતજી વરતાલ પધાર્યા, પરંતુ ઉપાધિને લઈને ચરોતરના હરિભક્તોને જેમ છે તેમ તેમના સમાગમનો લાભ ન

લેવાયો. પરંતુ જળઝીલણીને સમૈયે ગઢડે આવવા ભગતજીને સૌએ વિનંતી કરી અને મહારાજે પણ તે મુજબ ભગતજીને ગઢડે આવવા જણાવ્યું. જળઝીલણીના સમૈયામાં ગુજરાતના ઘણા હરિભક્તો આવ્યા હતા અને ભગતજીએ પણ ખૂબ જ વાતો કરી તથા અપાર ઐશ્વર્ય બતાવ્યું. સાધુ સર્વે ભગતજીની પાછળ પાછળ ફરે અને તેમના ઉતારે તો માણસ માય નહિ. આથી, કેટલાક દ્વેષી માણસોએ ભેગા થઈને એમ વિચાર કર્યો : ''આ રીતે પ્રાગજી ભગતની વાતોથી ઘણા મનુષ્ય તણાય છે, માટે તેમણે વાતો કરવાનું બંધ કરવું.'' એમ ઠરાવ કરી ભગતજીને બોલાવી એ પ્રમાણે કહ્યું. એટલે ભગતજી તેમને સંતોષ પમાડવા ઘેર પધાર્યા.

❀

સંવત ૧૯૪૪ના કાર્તિકી સમૈયે ભગતજી વરતાલ ન આવ્યા. એટલે ચાણસદના વૈદ્ય વિશ્વનાથ, કાળીદાસ તથા વડોદરાના શિવશંકરભાઈ, ઝવેરભાઈ વગેરે ભગતજીનો સમાગમ કરવા મહુવા ગયા. અહીં વૈદ્યે ભગતજીને કહ્યું : ''તમારો સમાગમ કોણ કરશે ? પેલા યજ્ઞપુરુષદાસજી લાજ મૂકીને તમારા શિષ્ય થયા છે, પણ છ મહિનાથી માંદા પડ્યા છે.''

એટલે ભગતજીએ હસતાં હસતાં કહ્યું : ''એણે રોગ માગી લીધો છે, પણ હવે તમે કહો છો તેથી મટી જશે.'' એમ આશીર્વાદ આપ્યો.

શિવશંકરભાઈને કીડિયારાનો રોગ થયો હતો. તે મટાડવા ઘણા ઉપાય કર્યા હતા, પણ મટ્યો નહિ; તેથી ભગતજીને વાત કરી. એટલે ભગતજીએ એક મહિનો દિવેલનો પાટો બંધાવી રોગ મટાડી દીધો.

એ અરસામાં, નડિયાદથી ચુનીલાલ, લલ્લુભાઈ, સોમાભાઈ, દત્તરામ, દેવીરામ, શંકર ભગત, ભાદરણના પુરુષોત્તમ સૌ મહુવા આવ્યા. તે બધાને ભગતજીએ એક માસ રાખી વાર્તા કરી શાંતિ કરી દીધી અને પછી ઘેર મોકલ્યા. ભાદરણના પુરુષોત્તમ ઘેર ગયા નહિ અને એક વાણિયાને ત્યાં નોકર રહ્યા. તેથી ભગતજીએ તેમને બોલાવીને કહ્યું : ''તારા મનમાં તો એમ છે જે, છ મહિના મહુવા રહીને પ્રાગજી ભગત એકાંતિક છે કે નહિ, એમ નિશ્ચય કરીને પછી જાઉં; પણ લાખ વરસ રહીશ તો પણ નિશ્ચય કરાવવો કોના હાથમાં છે ?'' એમ કહી તેના મનની ઘણી વાતો કહી દીધી. તેથી તેમણે જાણ્યું કે નક્કી આ પ્રતાપી પુરુષ છે, એમ નિશ્ચય કરી ઘેર ગયા.

સંવત ૧૯૪૪ની સાલમાં આચાર્ય મહારાજશ્રીએ અષાઢ માસમાં બે કાગળો ભગતજીને લખ્યા અને જણાવ્યું : ''નડિયાદ તથા આજુબાજુનાં ગામોમાં જઈ શાંતિ કરી આવો અને આ બંડ ઊપડ્યું છે તેને શમાવી દ્યો અને નામવેરો, ધર્માદો છેલ્લા તમોએ મોકલાવ્યા ત્યાર પછી પાછા બંધ થઈ ગયા છે, તે શરૂ કરાવો.''

ભગતજી આ કાગળો મળ્યા એટલે મહુવાથી નીકળી વડોદરા પધાર્યા. વડોદરામાં ભગતજી ત્રણ દિવસ રહ્યા. ગુજરાતમાં બધાને ખબર પડી કે ભગતજી વડોદરા પધાર્યા છે એટલે ઘણાખરા હરિભક્તો વડોદરા આવ્યા. અહીં ભગતજીની ઘરોઘર પધરામણી સૌએ કરી અને સેવાનો લાભ લીધો.

શિયાપરામાં વકીલ ભગવાનદાસને ઘેર ભગતજીની પધરામણી કરી અને વકીલે ભગતજીની પૂજા કરી, ત્યારે ભગતજીએ પોતાની કોટમાંનો હાર વકીલના ગળામાં નાખ્યો અને કહ્યું : ''તમે બાલાજીના શિષ્ય છો, પણ દરરોજ એક માળા સ્વામિનારાયણની ફેરવજો અને વરતાલ એક સમૈયો કરવા જજો.'' એમ આજ્ઞા કરી તેમના તરફ દૃષ્ટિ કરી. એટલે તેમના સંકલ્પ બધા બંધ થઈ ગયા.

ઓત્તારો ભલો થાય, યગનપુરુષદાસ !

આવી રીતે વડોદરાના હરિભક્તોને ખૂબ વાતો કરી, સર્વેના ત્રિવિધ તાપ ટાળી, શાસ્ત્રી-પુરાણીઓના સંશય છેદી, ભગતજી ત્યાંથી નીકળ્યા અને ચાણસદ પધાર્યા. અહીં હનુમાનજીની પ્રતિષ્ઠા ભગતજીએ કરી અને થોડા દિવસ રોકાયા. અત્રે નડિયાદથી દત્તરામ દેવરામ બારોટ, વડોદરાથી ગોવિંદભાઈ માસ્તર તથા મહુધાના મણિલાલ ભગતજીનાં દર્શને ભગતજી સાથે આવ્યા હતા.

નારના દાજીભાઈ બારોટ ભગતજી વરતાલ પધાર્યા છે જાણી વરતાલ દર્શન કરવા ગયા. ત્યાં યજ્ઞપુરુષદાસજીને મળ્યા એટલે તેમણે કહ્યું : ''ભગતજી નડિયાદ હશે, માટે તમો નડિયાદ જાઓ !'' એમ કહી મહારાજની પ્રસાદીનો મોગરાની કળીનો હાર તથા એક તુંબડી તેમને આપ્યાં અને કહ્યું : ''ભગતજી મહારાજને મારા વતી આ હાર પહેરાવજો અને આ તુંબડી ભેટ આપજો.''

આ વસ્તુ લઈને દાજીભાઈ વરતાલથી નડિયાદ ગયા. અહીં ખબર પડી કે ભગતજી વડોદરા છે, એટલે તુરત વડોદરા ગયા. વડોદરાના હરિભક્તોએ કહ્યું : ''ભગતજી કાલે જ ચાણસદ ગયા છે.'' એટલે ત્યાંથી નીકળી ચાણસદ ગયા. આવી અખૂટ શ્રદ્ધા ભગતજીનાં દર્શન માટે તેમને હતી. એટલે ચાણસદમાં ભગતજી તેમને જોઈને જ ભેટી પડ્યા. પછી તેમને સઘળી હકીકત પૂછી, ત્યારે તેમણે વરતાલના સમાચાર આપ્યા અને યજ્ઞપુરુષદાસજીએ આપેલ પ્રસાદીનો હાર ભગતજીને પહેરાવ્યો અને તુંબડી ભેટ આપી.

ભગતજી હાર તથા તુંબડી જોઈ બહુ જ રાજી થયા અને બોલ્યા : ''ઓત્તારો ભલો થાય, યગનપુરુષદાસ ! ઓત્તારો ભલો થાય, યગનપુરુષ-દાસ ! તારો ભલો થાય ! આ પ્રાગજી ભગત સારુ આવો દાખડો કર્યો ?'' એમ ત્રણ વખત ઘણા જ રાજીપાથી બોલ્યા. દાજીભાઈ તો ભગતજીનો સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ પ્રત્યેનો પ્રેમ જોઈ બહુ જ આશ્ચર્ય પામ્યા.

રાત્રે કથાવાર્તા કરી સૌને સુવાર્યા. ભગતજી પણ પોઢ્યા. લગભગ બે વાગ્યે ભગતજી ઊઠ્યા અને ત્યાં સૂતેલા બધા હરિભક્તોને દંડવત કરવા લાગ્યા. દાજીભાઈ જાગી ગયા. ભગતજીને આમ દંડવત કરતા જોઈ એકદમ પથારીમાંથી ઊભા થઈ ગયા અને ભગતજીને પગે લાગી દંડવત કરતા રખાવ્યા. ભગતજી કહે : ''અહો ! તમે આટલો દાખડો કરી આ પ્રાગજી દરજીને મળવા આવો ત્યારે હું તમારો આટલોય મહિમા ન જાણું ? આવી ઉત્તમ નિષ્ઠાવાળાની તો ચરણની રજ મહારાજે માથે ચડાવવાનું કહ્યું છે.'' એમ ઘણી જ મહિમાની વાતો કરી.

બીજે દિવસે સવારે ભગતજી આ સર્વ હરિભક્તોને કથાવાર્તા કરતાં કરતાં તેમના સામું જોઈ બોલ્યા : ''તમે સર્વે યોગભ્રષ્ટ છો.'' એમ કહીને પછી વાત કરી : ''બધેથી વૃત્તિ સંકેલીને હૃદયમાં લાવી ભજન કરવાનું આ ડોસા પાસેથી શીખી લ્યો, નહિ તો પછી ઘણો પસ્તાવો થશે.''

પછી ભગતજી ચાણસદથી નીકળી વિશ્વામિત્રી સ્ટેશને આવ્યા અને ગાડીએ બેસી વરતાલ જવા નીકળ્યા. બોરીઆવી સ્ટેશને સ્વામી વિજ્ઞાન-દાસજી દર્શને આવ્યા હતા તથા બીજા સાધુઓ પણ આવ્યા હતા.

ભગતજીએ વિજ્ઞાનદાસ સ્વામીને ઉઘાડે શરીરે જોઈને પૂછ્યું : ''આમ કેમ ?'' એટલે તેમણે પોતાના દેહ સામું જોયું તો ગાતડિયું ન મળે. એક

ફક્ત ધોતિયું જ પહેર્યું હતું. આથી બીજા સાધુઓએ કહ્યું : ''એ તો આપના આવવાના સમાચાર સાંભળી ધર્મશાળાની પરસાળમાંથી કૂદકો મારી દોડતા આવ્યા છે. એમને આપનું નામ સાંભળી બીજું કંઈ ભાન રહેતું નથી.''

ભગતજી તેમના સામું અતિ કરુણાભરી દૃષ્ટિ કરીને હસ્યા. સ્વામી વિજ્ઞાનદાસજી માટે આ દૃષ્ટિ જ બસ હતી. અનંત કોટિ બ્રહ્માંડના સુખને તે આ દૃષ્ટિ ઉપર વારીફેરીને નાખી દેવા તૈયાર હતા. તેમનું સર્વસ્વ જ ભગતજી હતા. ભગતજીએ વિજ્ઞાનદાસજી તથા બીજા આવેલા સાધુઓને નડિયાદ જવા કહ્યું અને પોતે વરતાલ પધાર્યા.

ભગતજી વરતાલ આવી ઠાકોરજીનાં દર્શન કરી કોઠારી પાસે આવ્યા. ભગતજી વરતાલ આવવાના છે એ વાત જાણી આજુબાજુનાં વસો, સોજીત્રા, નાર, નડિયાદ, પીજ, ત્રાજ, માતર, બોરીઆવી, પેટલાદ, સલુણ, ઠાસરા આદિ ઘણાં ગામોના હરિભક્તો વરતાલ ભગતજીનાં દર્શન માટે આવ્યા હતા. આથી બધા સાધુ કહેવા લાગ્યા : ''આ શું ? પૂનમ કે એકાદશી વિના આવો સમૈયો ભરાયો તે તો ભારે કહેવાય !'' પરંતુ પ્રાગજી ભગત ચમકનો પર્વત છે એવો મહિમા ન સમજાયો.

ભગતજી કોઠારી પાસે ગયા, ત્યાં કોઠારી તથા ત્ર્યંબકલાલ બેઠા હતા. તેમને ભગતજીએ થોડી વાતો કરી. પછી કોઠારીએ પૂછ્યું : ''તમારામાં લોકો બહુ જ તણાય છે તે એવડું શું છે ?''

ત્યારે ભગતજી હસીને બોલ્યા : ''મારી પાસે કંઈ નથી. પણ મારા ગુરુ ગુણાતીતની કૃપાથી મન સ્થિર કરી સંકલ્પરહિત ભજન કરું છું અને ભજનના સુખે સુખિયો છું. વળી, સ્વામીનો મારા ઉપર બહુ જ રાજીપો છે ને તેમની દૃષ્ટિ થઈ ગઈ છે. તેથી શ્રીજીમહારાજ મને વળગ્યા છે, એટલે લોકો બહુ જ તણાય છે.'' તે સાંભળી કોઠારી રાજી થયા.

પછી ત્ર્યંબકલાલે કહ્યું : ''મને ભજન કરતાં શીખવો.''

એટલે ભગતજી કહે : ''એ તો ભેળા રહો તો બને.''

આવી રીતે ભગતજી વરતાલમાં રોજ કોઠારીના આસને બેસીને વાતો કરે. વળી, સભામંડપમાં પણ તેમની પાસે કોઠારી વાતો કરાવે. બ્રહ્મચારીને ભલામણ કરી, ભગતજી માટે ઠાકોરજીના થાળની પણ સગવડ પોતે કરી આપી. આમ, કોઠારીને પણ ભગતજીનો મહિમા સમજાતો ગયો અને

વિરોધીઓનો પક્ષ વિશેષ હોવા છતાં ભગતજીનો ઉઘાડો પક્ષ તેમણે રાખ્યો. આથી, વિરોધ થોડો મોળો પડ્યો.

વચનામૃત સારંગપુર-૧૦માનું નિરૂપણ

એક દિવસે બાર વાગ્યે કોઠારી પાસે ભગતજી ગયા. ત્યાં ત્ર્યંબકલાલ કહે : ''આજ તો સભામાં વાતો કરો.'' તેથી ભગતજી સભામાં ત્ર્યંબકલાલ તથા કોઠારીની સાથે આવ્યા. ત્રણ-ચાર દિવસથી આજુબાજુનાં ગામમાંથી ભગતજીનો સમાગમ કરવા લગભગ ૩૦૦ થી ૪૦૦ હરિભક્તો આવ્યા હતા. ભગતજી સભામાં વાતો કરવાના છે તે જાણી એકદમ તે બધા સભામાં આવ્યા. આચાર્ય મહારાજ પણ પધાર્યા અને પાટ ઉપર બેઠા. પાટને ઓઠિંગણ દઈને ભગતજી બેઠા. સાધુની ધર્મશાળામાં સૌને ખબર પડી કે સભામંડપમાં પ્રાગજી ભગત વાતો કરે છે એટલે બધા સાધુઓ સભામંડપમાં આવી ગયા અને સભા ચિક્કાર થઈ ગઈ.

કોઠારીએ ભગતજીને કહ્યું : ''પ્રાગજી ભગત ! તમને ફાવે તેમ વાતો કરો પણ સર્વનાં અંતઃકરણ ઠારી દ્યો.''

એટલે ભગતજીએ પાસે બેઠેલા કુંજવિહારીદાસ શાસ્ત્રી પાસે સારંગપુર-૧૦મું વચનામૃત વંચાવ્યું અને પોતે વાત કરી :

''આ વચનામૃતમાં મહારાજે દેહ છતાં જ એકાંતિક ધર્મ સિદ્ધ થઈ જાય અને ઇન્દ્રિયો-અંતઃકરણ પુરુષોત્તમરૂપ થઈ જાય એવી કરામત બતાવી છે. પણ એ કરામત એવા મર્મને શીખેલા મોટા સત્પુરુષ થકી જ શિખાય છે. મેં મારા ગુરુ પાસે એ વિદ્યા સિદ્ધ કરી છે, એટલે આજે અખંડ ભજનનું સુખ આવે છે અને બ્રહ્મસ્થિતિમાં વર્તાય છે. પણ જ્યાં સુધી એવી સ્થિતિ થઈ નથી, ત્યાં સુધી અક્ષરધામ છેટું મનાય છે. એટલે બાહ્યદૃષ્ટિની સમજણવાળાને મતે તો પચાસ કોટિ જોજન પૃથ્વીનું તળ છે, તેથી દસગણું જળ, દસગણું તેજ, દસગણો વાયુ, દસગણું આકાશ, મહત્તત્ત્વ, પ્રધાન અને પ્રકૃતિ એ આઠ આવરણો છે, એટલું છેટું અક્ષરધામ અહીંથી છે. તે સ્વામીની વાતમાં સ્થૂળ દૃષ્ટાંતે સમજાવ્યું છે કે લાખ મણ લોઢાનો ગોળો અક્ષરધામથી પડતો મૂક્યો હોય તો તે વાયુને લેરખે ઘસાતો ઘસાતો પૃથ્વી ઉપર આવે ત્યારે રજ ભેળો રજ થઈ જાય એટલું છેટું અક્ષરધામ બાહ્યદૃષ્ટિવાળાની સમજણે છે. એનો

વિચાર કરીએ તો ગતિ કેમ થાય ? પરંતુ શ્રીજીમહારાજે આપણને અક્ષરધામ ઢૂંકડું બતાવ્યું છે, જો સમજણની દૃષ્ટિ હોય તો. મહારાજે સમજણવાળાને શ્રેષ્ઠ કહ્યા છે. બ્રહ્માંડને પાર પ્રકૃતિ ભેદીને જે અક્ષરધામ છે તેનું જ અન્વયસ્વરૂપ - પ્રકાશ - સચ્ચિદાનંદ કે ચિદાકાશ, આપણા પિંડમાં પણ વ્યાપક સ્વરૂપ અષ્ટ આવરણની માંહીં રહ્યું છે. તે સ્વરૂપની અંતર્દૃષ્ટિએ કરીને, સત્પુરુષના સમાગમ થકી, જેમ જેમ ઓળખાણ થતી જાય તેમ તેમ આવરણ ભેદાતાં જાય અને પ્રકાશ વધતો જાય. તેથી જ આત્માના પ્રકાશનું દર્શન જેટલું જેને થયું હોય તેટલો તે આત્મદર્શી કહેવાય અને જ્યારે સમ્યક્ આત્મદર્શન થાય ત્યારે અક્ષરધામ ઢૂંકડું મનાય અને અનુભવાય. સત્પુરુષના સમાગમે કરીને જ્યારે સંપૂર્ણ આત્માકારે વૃત્તિ થઈ જાય ત્યારે જેમ મહારાજે કહ્યું તેમ ગઢડું શહેર કે ઓશરી કાંઈ દેખાય નહિ અને આપણ સર્વે ત્યાં જ બેઠા છીએ એમ જણાય અને આવરણના ભેદ ટળી જાય. એવી સ્થિતિવાળો તો અહીં છે તો પણ અક્ષરધામમાં જ બેઠો છે, તેને સદા ધામ ઢૂંકડું જ છે. પરંતુ આ સ્થિતિ નથી થઈ ત્યાં સુધી આત્માને વિષે દેહાદિકના અધ્યાસને લીધે અનાત્મબુદ્ધિ જણાય છે.[૫૬] સત્પુરુષના સમાગમથી અને ભગવાનની કૃપાથી, ભક્તિએ કરીને ધીરે ધીરે એ અનાત્મબુદ્ધિ નાશ પામી જાય છે. એ સિવાય તો કોટિ ઉપાય કરો તો પણ એ દેહાધ્યાસ નાશ થતો જ નથી.

"આ સ્થિતિ સિદ્ધ કરવા માટે પ્રથમ તો મારા ગુરુએ મને એવી કળા શીખવાડી છે કે જેમ દૂધમાં જામણ નાખીએ ત્યારે દહીં થાય, અને પછી દહીંમાંથી ઘી થાય, તેમ મારા આત્મામાં ભગવાન અખંડ રહ્યા છે,[૫૭] એવી જે સમજણ કરવી તે દૂધમાં જામણ નાખ્યા બરોબર છે. અને એવી સમજણ કરી અંતરમાં ભગવાનને પ્રગટ કરવા એ દહીં વલોવી, માખણ કરી ગજવામાં

---

૫૬. यथा जले चन्द्रमसः कम्पादिस्तत्कृतो गुणः।
दृश्यतेऽसन्नपि द्रष्टुरात्मनो नात्मनो गुणः॥
स वै निवृत्तिधर्मेण वासुदेवानुकम्पया ।
भगवद्भक्तियोगेन तिरोधत्ते शनैरिह ॥ – શ્રીમદ્ભાગવત : ૩/૭/૧૧-૧૨

૫૭. આ સબીજ જ્ઞાન છે કે જેમાં મારા આત્મામાં અખંડ પરમાત્મા બીજરૂપે રહેલા છે. તેથી જેમ જેમ આત્મપ્રકાશ પૂર્ણપણે વિકાસ પામશે, તેમ તેમ આત્મામાં પરમાત્મા પણ પ્રગટ થતા જશે. ત્યારે નિર્બીજ જ્ઞાનમાં તો આત્મા એ જ પરમાત્મા છે, જેનું શ્રીજીમહારાજે ખંડન કર્યું છે : निर्बीज – सांख्यमतयोग–सुक्तियुभाजम् । ઇત્યાદિ.

મૂકવા બરોબર છે.

''આ વચનામૃતમાં આગળ કહ્યું છે કે પોતાના જીવાત્માને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ થકી પૃથક્ માને અને તેને વિષે અખંડ ભગવાન બિરાજમાન છે, એમ પોતાને દેહાદિકના ભાવથી પર સમજી, તે રૂપ પોતે વર્તતો જાય, આત્મસત્તારૂપે નિરંતર વર્તે અને અખંડ જાણપણારૂપ દરવાજે રહે અને પછી એમ માને કે માંહી ભગવાન અખંડ બિરાજમાન છે; તો તે દૂધમાંથી ઘી કર્યા બરાબર છે. માટે એવી સ્થિતિ પામવા માટે એવી સ્થિતિવાળા સંતને ઓળખવા અને ઓળખ્યા પછી એવા સંતનું દર્શન મને થયું તે મને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયું એમ મહિમા સમજવો. વળી, એવા સંતનો મન, કર્મ અને વચને આશ્રય કરવો એટલે સ્થિતિ તત્કાળ થઈ જાય; કારણ કે, એવા સંતને આવરણ ભેદવાની ગતિ છે. તેથી પોતાના સંબંધથી પંચવિષય થકી નિવૃત્તિ પમાડી, નિર્વાસનિક કરી, જીવને બ્રહ્મરૂપ કરી મૂકે છે અને ચૈતન્યમાં ભગવાનની મૂર્તિ અખંડ પધરાવી દે છે. પછી એ ભક્તને જવા આવવાનું રહેતું નથી અને અક્ષરધામમાં જ બેઠો છું, એવો છતી દેહે જ તેને અનુભવ થાય છે.''

એટલી વાત કરીને વળી ભગતજી બોલ્યા : ''પાંચસો મણ સોનું હોય પણ પાંચ વરસના છોકરાથી તે ન ઊપડે અને ન લેવાય. એ તો જ્યારે દૂધ અને સાકરનું પાન કરે અને મોટું થાય ત્યારે ઉપાડવા સમર્થ થાય. તેમ આ જીવ બાળક જેવો નિર્બળ છે. પણ એકાંતિક સાધુ થકી કથાવાર્તારૂપી દૂધ પીએ તો બળિયો થાય અને અંતરમાં અખંડ ભગવાનની મૂર્તિ ધારી રાખે.''

એકાંતિક કોને કહેવા ?

ત્યારે કુંજવિહારીદાસે પૂછ્યું : ''એકાંતિક કોને કહેવા ?''

એટલે ભગતજીએ ઉત્તર કર્યો : ''દેહાભિમાને રહિત ને વૈરાગ્યે યુક્ત ને ભગવાનનું અલ્પ વચન હોય તેમાં ફેર પડે તો તે મહત્ વચનમાં ફેર પડ્યો હોય એમ માનતા હોય, એવા ભગવદ્‌ભક્ત જે મોટા સાધુ તે જ એકાંતિક સંત છે. એ વિના પણ બીજાં કેટલાંક લક્ષણો છે.''

એટલે સૌએ કહ્યું : ''વચનામૃત તો બીજાને પણ આવડે છે, પણ તમારામાં સૌ તણાય છે અને આમ તમારી વાણી સાંભળી સૌ એકતાર થઈ

જાય છે તેનું શું કારણ ?''

ત્યારે ભગતજી કહે : ''મને સ્વામિનારાયણ વળગ્યા છે, તેથી જેવું તેવું બોલું છું તો પણ સૌને મારે વિષે સ્નેહ થાય છે.''

એટલે વળી પૂછ્યું : ''સ્વામિનારાયણ કેમ વળગતા હશે ?''

આ પ્રશ્ન સાંભળી ભગતજી હસ્યા અને બોલ્યા : ''ભાઈ ! સ્વામિનારાયણનો વળગાડ બહુ જ ભારે છે. જેમ ભૂત વળગે છે તે પોતાનો જ ભાવ ભજવે છે, પણ જેને વળગ્યું હોય તેનો એકે ભાવ રહેવા દેતું નથી; તેમ જ્યારે અહંગ્રંથિ, મમત્વગ્રંથિ, સંશયગ્રંથિ, ઇચ્છાગ્રંથિ અને હૃદયગ્રંથિ આદિ ગ્રંથિઓ ગળી જાય, ત્યારે જ સ્વામિનારાયણ વળગે છે. સ્વામિનારાયણનો વળગાડ થાય ત્યારે દેહના ચૂરેચૂરા થઈ જાય અને દેહનો એકે ભાવ રહેવા દ્યે નહિ અને તે ભક્ત દેહાભિમાને રહિત થઈ અખંડ બ્રહ્મભાવમાં જ વર્તે.'' એમ ઘણી જ વાતો એકાંતિક ધર્મની અને બ્રહ્મરૂપ થવાની કરી અને સર્વનાં અંતઃકરણ ઠારી દીધાં.

ત્યાગ, વૈરાગ્યની આવી આકરી વાતો સાંભળીને એક સાધુએ લોયા છઠ્ઠું વાંચીને કહ્યું : ''આ વચનામૃતમાં મહારાજે મુક્તાનંદ સ્વામી જેવા હોય અને સર્વથી સરસ વર્તમાન પાળતા હોય ને તેણે કરીને બીજાને ઉદ્વેગ થાય કેમ જે, એમની બરોબર વર્તાય નહિ, તે સારુ એ ગુણ યદ્યપિ મોટો છે, તો પણ એનો ત્યાગ કરીને, સર્વ સંતની બરોબર વર્તવું અને બરોબર વર્તવારૂપ જે દોષ છે તો પણ એનું ગ્રહણ કરવું એમ કહ્યું છે અને તમે તો ઊલટો નિષેધ કરો છો.''

એટલે ભગતજી બોલ્યા : ''બરોબર છે. પણ ત્યાગીને પોતાનો ધર્મ શીખવો તેમાં વાદ નહિ. તમો ત્યાગી છો તે શિક્ષાપત્રી, નિષ્કામશુદ્ધિ અને ધર્મામૃત - એ ત્રણ ગ્રંથ પ્રમાણે જો વર્તો તો ત્યાગી ગણાઓ. જેમ બ્રાહ્મણ હોય તેને નાવું, ધોવું અને પવિત્રપણે રહેવું એ બ્રાહ્મણનો ધર્મ છે, તેમ ત્યાગીએ તો આ ત્રણ ગ્રંથ અવશ્ય પાળવા જોઈએ.'' એમ ઘણી જ વાતો કરી, સૌને રાજી કરી પોતાને આસને પધાર્યા.

ભગતજીની આવી બહુ જ બળની – એકાંતિક ધર્મ પામવાની અને નિષ્કામ ધર્મની – વાતો સાંભળી બધા બહુ રાજી થયા અને કેટલાક ત્યાગીઓને પણ એમ થયું : ''ભગતજી સ્વામીને સેવીને જ્ઞાન બરોબર પામ્યા

છે. જુઓને કેવી રીતે એકાંતિક ધર્મની ગેડ બેસારે છે ! અને ભજનમાં બેસે ત્યારે પણ મટકા રહિત, સ્થિર વૃત્તિ કરીને બેસે છે !'' એવી રીતે ભગતજીનો ઘણો જ ગુણ સૌને આવ્યો.

નડિયાદ જવાની આજ્ઞા; ડભાણની ઉપાધિની સમાપ્તિ

બીજે દિવસે કોઠારીએ તેમને નડિયાદ જવાની આજ્ઞા કરી એટલે તેઓ નડિયાદ જવા તૈયાર થયા. કોઠારીએ ગાડી જોડાવી દીધી. એટલે ભગતજી તથા વિશ્વનાથ વૈદ્ય, કાલિદાસ તથા નડિયાદના હરિભક્તો બધા નડિયાદ ગયા. નડિયાદ પહોંચ્યા અને મંદિરમાં ઉતારો કર્યો એટલે ત્યાંના હરિભક્તો બધા એક પછી એક દર્શને આવ્યા અને ભગતજી માટે રસોઈ તથા બીજી બધી વ્યવસ્થામાં પડ્યા. પરંતુ ભગતજી તો ઓશરીની જેર ઉપર બેઠા અને બધાને કહ્યું : ''તમો બધાએ વરતાલનો ધર્માદો બંધ કર્યો છે, તે આપશો પછી જ દાતણ કરીશ.''

એવું ભગતજીનું આકરું પણ સાંભળીને સર્વેએ ત્રણ વર્ષનો ચડેલો

સભામાં વાતો પણ તેના નિષેધની કરે. વળી, પોતાના કેટલાક હેતવાળા હરિભક્તોને ડભાણના પક્ષમાં ભળવા માટે પ્રાયશ્ચિત્ત પણ આપ્યાં. વળી, કેટલાક નવાને પણ પ્રાયશ્ચિત્ત આપી શુદ્ધ કરી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની વાતો કરી. જેથી ચોખ્ખી ઉપાસના સૌ સમજ્યા.

એક દિવસ આણંદના ડાહ્યાભાઈ ભટ્ટ મંદિરમાં આવ્યા અને ભગતજી કેટલાક હરિભક્તોને પ્રાયશ્ચિત્ત આપતા હતા ત્યાં આવીને બેઠા. તેમણે ભગતજીને કોઈ દિવસ જોયેલા નહિ. પણ ભગતજી તેમને જોઈ બોલ્યા : ''આવો ડાહ્યાભાઈ ભટ્ટ ! અહીં તો બધા કુટેવ મૂકવા આવે છે, માટે તમને પણ જો કંઈક કુટેવ હોય તો મૂકી દેજો.''

ત્યારે તેમણે કહ્યું : ''મહારાજ ! છીંકણી સૂંઘું છું તે હવે મૂકી દઈશ.''

તે સાંભળી ભગતજીએ તેમને પાસે બોલાવી કાનમાં જે જે પાપ તેમણે કર્યાં હતાં તે બધાં કહી દીધાં. એટલે તે ચમક્યા. પણ પછી ભગતજી પ્રત્યે ખૂબ જ સદ્‌ભાવ થયો અને જાણ્યું કે 'આ તો બહુ જ મોટાપુરુષ છે.' એમણે પ્રાયશ્ચિત્ત માગ્યું. ભગતજીએ તેમને આઠ દિવસનાં ધારણાં-પારણાં આપીને શુદ્ધ કર્યા. ડાહ્યાભાઈ પછી ઘણાને વારંવાર કહેતા : ''આવા પુરુષ તો આ સંપ્રદાયમાં એક જ છે.''

એવી રીતે લગભગ ૧૫૦-૨૦૦ હરિભક્તોને પ્રાયશ્ચિત્ત આપ્યાં. એક બારોટ હરિભક્તે બધી વાત કબૂલી પણ એક વાત કહી નહિ. એટલે ભગતજીએ કહ્યું : ''તમારી દીકરીની વાત કેમ છુપાવો છો ?'' આથી તે પણ માન્યા અને પ્રાયશ્ચિત્ત લીધું.

બધાને ભગતજી પાસે એમ થતું : ''આ તો આપણા અંતરના બધા ઘાટ જાણે છે, માટે તેમની પાસે નિષ્કપટ થઈશું તો નિર્દોષ થવાશે અને તેમની પાસે જો કપટ રાખ્યું તો પાપ વજલેપ થઈ જશે.''

ભગતજીએ આમ નડિયાદમાં હરિભક્તોને કથાવાર્તાથી સુખ આપવાનો આરંભ કરી દીધો. રોજ સવારમાં વહેલા ત્રણ વાગે ઊઠે, પછી અજવાળું થતાં સુધી વાતો કરે, પછી હરિભક્તો સાથે અમદાવાદી ભાગોળે તળાવે ગાતાં ગાતાં નાહવા જાય. સૌને કહે : ''ભજન કરતાં કરતાં ચાલવું, ભર્યા રહેવું પણ ઠાલા ન રહેવું. તે કેવી રીતે ? ભગવાનની મૂર્તિની સ્મૃતિએ સહિત સર્વ ક્રિયા કરવી.''

પૂરેપૂરા ફેર વગર પાળતા હોય તે બોલો.''

એટલે જેને જેમ વર્તતું હતું તે બધાએ કહ્યું. તેથી ભગતજીએ જેને વર્તવામાં ફેર પડ્યો હતો અને નિષ્કપટભાવે સભામાં કહી દીધું હતું, તેમને 'તેમના ગુના મહારાજે માફ કર્યા' એમ કહી, સૌનાં નાડી-પ્રાણ સ્થિર કરી, અખંડ સંકલ્પે રહિત ભજન કરાવ્યું. તેમાં જે જે નિષ્કપટ થયા હતા તેમને યથાર્થ ભજનનું સુખ આવ્યું અને બીજાને ન આવ્યું. પછી ભગતજીએ તે બધાને જ્યાં જ્યાં વર્તવામાં ફેર પડ્યો હતો તે કહી દીધું. આમ, અનેકને પ્રાયશ્ચિત્ત આપી, અનેકના સંકલ્પો કહી, ભગતજીએ અપાર ઐશ્વર્ય બતાવ્યું અને સૌ તેમની દિવ્ય મૂર્તિમાં ખેંચાઈ ગયા. રોજ ત્રણસો ત્રણસો હરિભક્તો તેમની સભામાં બેસવા લાગ્યા.

રાજનીતિ શીખો

રોજ સાંજના ત્રણ વાગ્યા પછી સભા થાય અને બધા એકચિત્તે ભગતજીની સામું જોઈ રહે. ભગતજી પાસે જાણે સાક્ષાત્ અક્ષરધામનું સુખ આવતું હોય એમ દરેકને લાગતું.

એક વખત ગ.મ. ૧૨મું વચનામૃત વંચાવી ભગતજીએ વાત કરી :

''ઇન્દ્રિયો અને અંતઃકરણરૂપ પ્રજાને વશ વર્તાવે તો જીવ સાચો રાજા ગણાય. જેમ રાજા હોય તે રાજનીતિના ગ્રંથ ભણીને પોતાના રાજ્યમાં પોતાના હુકમ ચલાવે પણ રૈયતનો દબાવ્યો દબાય નહિ, પણ જો રાજનીતિ ન જાણતો હોય તો વસ્તી હુકમ માને નહિ; તેમ ઇન્દ્રિયો એ જીવનું - જો જીવ નિર્બળ હશે તો - લેશમાત્ર ચાલવા દેશે નહિ. માટે જેને કલ્યાણને ઇચ્છવું તેને એવું નાદારપણું રાખવું નહિ અને જે પ્રકારે ઇન્દ્રિયો અને અંતઃકરણ પોતાના હુકમમાં વર્તે તે પ્રમાણે ઉપાય કરવો.

''વળી, આ જીવ છે તે અસવાર છે અને ઇન્દ્રિયોરૂપી ઘોડો છે અને અંતઃકરણ લગામ છે. જેને અંતઃકરણરૂપી લગામ પકડતાં આવડે તે કોઈ દિવસ પાછો પડે નહિ અને ધાર્યું કામ કરે. માટે આ જીવને જો સાચા અસવાર થવું હોય, તો તોફાની ઇન્દ્રિયોને પલોટીને પહેલાં નિયમમાં રાખવી અને અંતઃકરણને સ્થિર કરવું. આવી કળા સત્પુરુષ થકી જ શિખાય છે.''

ઉપાસના સિદ્ધ થઈ ક્યારે ગણાય ?

એટલી વાત કરીને વળી બોલ્યા :

‘‘હું તો સહજાનંદ સ્વામીનો ચાકર છું. તે એમની સત્સંગરૂપી વાડી સુધારું છું. બાકી મારામાં કંઈ માલ નથી. શ્રીજીમહારાજની આજ્ઞા, ઉપાસના અને અખંડ ભજનના સુખે હું સુખિયો છું અને તમને સૌને પણ તેથી જ મારી પાસે સુખ આવે છે. માટે સ્વામિ-નારાયણને વળગજો અને એમની આજ્ઞામાં ફેર પાડશો નહિ. જો તમો યથાર્થ આજ્ઞા પાળશો અને શ્રીજીમહારાજને સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ જાણશો, તો આપણે આ લોક અને પરલોકમાં ભેળા રહીશું. વળી, બસો બાસઠ વચનામૃતમાં જે જે રહસ્યો લખ્યાં છે, તેનો અભ્યાસ રાખવો અને ઇન્દ્રિયોનો નિગ્રહ સહેજે કરવો, એ જ સૂક્ષ્મ તપ છે. તપ કરવાથી ભગવાનની પ્રસન્નતા થાય અને બ્રહ્મરૂપ થઈ પુરુષોત્તમની ઉપાસના પણ સિદ્ધ થઈ જાય. જ્યાં સુધી હૃદયમાં મૂર્તિનું સુખ ન આવે, ત્યાં સુધી ઉપાસના સિદ્ધ થઈ ન ગણાય. માટે મૂર્તિના સુખે સુખિયા થઈ, આ લોકના સર્વ પદાર્થમાંથી વાસના તોડી અને મોટા એકાંતિક સાધુમાં જીવ જોડવો. વળી, ભગવદી સાથે સુહૃદપણું રાખવું. એમ કરતાં કરતાં સહેજે એકાંતિક ધર્મ દૃઢ થશે. આ મેં જે જે વાર્તા કરી છે તે ભૂલશો નહિ અને સત્સંગમાં આપણા વિશે કોઈને પણ અવગુણ ન રહે તેમ વર્તજો.’’ એવી એકાંતિકપણાની ઘણી વાતો કરી.

રોજ ઝવેરીલાલ પાસે વચનામૃત તથા ઉદ્ધવગીતા અખંડ વંચાવે. પ્રહ્લાદ બારોટ પાસે કીર્તનો બોલાવે. વેણીરામ પાસે પ્રભાતિયાં બોલાવે. એમ અખંડ બ્રહ્માનંદમાં સૌને મગ્ન કરી દીધા અને સર્વેનાં ઊંઘ, આળસ અને પ્રમાદ જતાં રહ્યાં અને અધર્મ સર્ગ જાણે ઊડી જ ગયો હોય તેમ સહુના ભૂંડા ઘાટ પણ બંધ થઈ ગયા. દરેકને નવો ઉત્સાહ વધતો જાય અને અક્ષરનું સુખ આવે. ગામમાં પણ વાત પ્રસરી કે સ્વામિનારાયણ સંપ્રદાયમાં એક કાઠિયાવાડના ભગત આવ્યા છે, તે સ્વામિનારાયણને મળેલ મોટા સાધુ જેવી વાતો કરે છે અને જેટલા માણસો સ્વામિનારાયણમાં તણાયા હતા એટલા જ આજે આમાં તણાય છે. વળી, કોઈ મોટા સાધુ પાસેથી સર્વ યોગકળાઓ શીખ્યા છે અને શબાસન કરી નાડી-પ્રાણ ખેંચી ભજનમાં બેસે છે. આવી

વાતો સાંભળી સમગ્ર નડિયાદ શહેર ભગતજીનાં દર્શને ઊમટ્યું.

આમ, ભગતજીએ બધાનાં મન ખેંચી લીધાં. એટલે જે બળરામદાસના શિષ્યો હતા તે પણ ભગતજીની સભામાં બેસવા લાગ્યા અને તેમની સભા ખાલી પડવા લાગી.

ગોપીઓના જેવી સ્થિતિ

એક વખત અમદાવાદના માયાતીતાનંદ બ્રહ્મચારી નડિયાદ આવ્યા. ભગતજીનો ઉતારો મેડે હતો એટલે સભા બધી મેડે ભરાય, પણ બ્રહ્મચારી પાસે કોઈ બેસે નહિ. બે દિવસ બ્રહ્મચારી આમ બેસી રહ્યા પછી નિર્માની થઈ પોતે વાતો સાંભળવા ઉપર આવ્યા. પછી તેમણે ભગતજીને કહ્યું : ‘‘પ્રાગજી ભગત ! તમે નીચે આવીને વાતો કરો.’’

એટલે ભગતજી નીચે આવ્યા અને બધી સભા તેમની સાથે નીચે આવી. થોડી વારે કોઈકે ભગતજીને કહ્યું : ‘‘તમને ઉપર બોલાવે છે. એટલે ભગતજી સભામાંથી ઊઠી ઉપર ગયા. એટલે બધી સભા ભગતજીની પાછળ મેડે ગઈ.’’

તેથી ભગતજીએ સહુને કહ્યું : ‘‘તમે હેઠે બેસો, હું હમણાં આવું છું.’’

એટલે બધા પાછા સભામાં આવ્યા. બ્રહ્મચારી તો ભગતજીનો આવો પ્રતાપ જોઈ સ્તબ્ધ થઈ ગયા અને તેમને પૂછ્યું : ‘‘પ્રાગજી ભગત ! આ લોકોને તમે શું કર્યું છે ? જેમ ગાંડા થયા હોય, તેમ તમને જ દેખે છે ! કંઈ ખાધા-પીધાની કે લૂગડાં પહેરવાની ખબર જ રહેતી નથી ! કોઈની અવળી પાઘડી મુકાય છે, કોઈનાં લૂગડાં પડ્યાં રહે છે અને સૌ નાસાનાસ કરે છે, આ તે શું ? શ્રીકૃષ્ણના છતાં ગોપીઓનું આવું વર્તન સાંભળ્યું હતું. પણ આજે તો નજરે દીઠું છે.’’

આ સાંભળી ભગતજી હસીને બોલ્યા : ‘‘જે શ્રીજીમહારાજની મૂર્તિ રાખે તેમાં સૌ તણાય છે; એ તો ચમકપાણ છે, તે સૌનાં ચિત્ત ખેંચી લે છે.’’

એટલે બ્રહ્મચારીએ કહ્યું : ‘‘મને કંઈ ચમત્કાર બતાવો.’’

પછી ભગતજીએ તેમને સમાધિ કરાવી અને અક્ષરધામમાં મહારાજનાં દર્શન કરાવ્યાં. બ્રહ્મચારી બે કલાકે જાગ્યા. ભગતજીનો આવો અલૌકિક પ્રતાપ જોઈને બ્રહ્મચારીને તેમને વિષે બહુ જ ભાવ થયો.

આ બધી વાત વરતાલ ગઈ, એટલે ત્યાં સૌને ઉદ્વેગ થયો કે હવે પ્રાગજી ભગતનો મહિમા બહુ વધી જશે અને સાધુઓનો ભાર રહેશે નહિ. એટલે કોઠારીને ગમે તેમ કહી ભગતજીને નડિયાદ છોડાવવાનું નક્કી થયું.

એક પુરુષ ઊગ્યો તે કોઈ દેશમાં અંધારું રહ્યું નહિ

કોઠારીએ બે પાર્ષદો સાથે ભગતજી ઉપર કાગળ લખી મોકલ્યો અને જણાવ્યું કે ''પેટલાદમાં રાવસાહેબ તમને તેડાવે છે, તો હવે નડિયાદમાં રહેવાની જરૂર નથી. માટે આ કાગળ મળ્યે તમે પેટલાદ જશો.''

અહો ! આવા એકાંતિક સત્પુરુષનાં દિવ્ય ચરિત્રો જોયાં છતાં પણ જેને એમનો મહિમા સમજાતો નથી અને કેવળ પોતાની જ મહત્તાનો હ્રાસ આવા મોટાપુરુષના પ્રતાપ આગળ થઈ જશે, એ રીતની જે અહંબુદ્ધિ ધરાવીને પણ પોતાને મોટા કહેવરાવે છે એ કેટલું અજ્ઞાન ! સૂર્યના પ્રકાશમાં તારા અને ચંદ્રમા લીન થાય જ, પણ તેથી કંઈ સૂર્ય ઊગતો આળસતો નથી. પણ તારા અને ચંદ્રને તો એમ જ રહે કે ક્યારે આ જાય અને આપણે આપણો પ્રકાશ જગતને બતાવીએ. પરંતુ એ બિચારા અજ્ઞાનીઓને ક્યાં ખબર છે કે –

સોળ કળા શશી ઉગહી, તારાગણ સમુદાય;
સબગિરિ દાહ લગાવીએ, રવિ બિન રાત ન જાય.

એટલે સૂર્યના પ્રકાશથી જ તિમિરનો નાશ થાય છે. અને સૂર્યનો પણ એ ધર્મ છે કે તિમિરનો નાશ કરવો જ.

ભગતજી પેટલાદમાં

ભગતજી પેટલાદમાં પધાર્યા અને રાવસાહેબને ત્યાં ત્રીજે માળે ઉતારો કર્યો. ભગતજી પેટલાદ આવ્યા છે એ જાણી આજુબાજુનાં ગામના હરિભક્તો દર્શને આવવા લાગ્યા. ભગતજી તે બધાને એક એક દિવસ રાખી રજા આપતા. રોજ સવારે ભગતજી તથા રાવસાહેબ, પ્રભુદાસ વકીલ વગેરે મંદિરમાં જાય અને ત્યાં કથાવાર્તા થાય.

એક દિવસ સાધુ નંદકિશોરદાસે ભગતજીને પ્રશ્ન પૂછ્યો : ''તમોએ વરતાલમાં કહ્યું હતું કે 'મને સ્વામિનારાયણ વળગ્યા છે,' તે શું ભગવાન

ભૂત જેવા છે તે વળગે ?''

આ સાંભળીને ભગતજી હસ્યા અને પછી બોલ્યા : ''જુઓ, જેમ ભૂતને વળગવાની સત્તા છે, તો પ્રભુ વળગે તેમાં શી નવાઈ ? પણ તે જેવા તેવાને વળગતા નથી. એ તો જે ભક્તને ભગવાનમાં અતિશય સ્નેહ અને આસક્તિ હોય, એને જ પ્રભુ વળગે છે. ભાગવતમાં ગોપીઓનાં વચન છે જે, 'अहं कृष्णः अहं कृष्णः ।' એમ ગોપીઓનાં ચિત્તની વૃત્તિઓનો નિરોધ શ્રીકૃષ્ણમાં થઈ ગયો હતો એટલે વૃત્તિ શ્રીકૃષ્ણમય થઈ ગઈ હતી અને વિચાર, વાણી અને વર્તનમાં શ્રીકૃષ્ણ સિવાય બીજું તેમને કંઈ રહ્યું જ નહોતું. પોતાનો ભાવ ભૂલી કૃષ્ણ સરખું વર્તન તેમને થઈ ગયું હતું[૫૮] તે જેમ ભૂત જેને વળગે છે તે પોતાનો જ ભાવ પ્રગટ કરે છે, એમ ગોપીઓની સર્વ ક્રિયા શ્રીકૃષ્ણના જેવી થવા માંડી; એટલે શ્રીકૃષ્ણમય થઈ ગઈ હતી એ નક્કી હતું.''

''વળી, ભાગવતમાં પણ જડભરતના રાજા રહુગણ પ્રત્યેનાં વચન છે[૫૯] કે 'જે મનુષ્ય સર્વ સંગ થકી મુક્ત એવા મહાપુરુષનો ઉત્તમ સંગ કરી, તેથી ઊપજેલ જ્ઞાનરૂપી તલવાર વડે મોહને કાપે છે, તે ભગવાનનાં ચરિત્રોથી તથા કીર્તનોથી તથા શ્રવણથી, સ્વસ્વરૂપનું જ્ઞાન મેળવીને, આ સંસારમાર્ગના શ્રેષ્ઠ પારરૂપ શ્રીહરિને પામે છે; અર્થાત્ શ્રીહરિમય થાય છે.'

''વળી, પ્રહ્‌લાદનાં પણ એવાં વાક્ય છે જે, 'શ્રીકૃષ્ણરૂપી ભૂત મને

---

૫૮. कस्याञ्चित्स्वभुजं न्यस्य चलन्त्याहापरा ननु ।
कृष्णोऽहं पश्यत गतिं ललितामिति तन्मनाः ॥
मा भैष्ट वातवर्षाभ्यां तत्त्राणं विहितं मया ।
इत्युक्त्वैकेन हस्तेन यतन्त्युन्निदधेऽम्बरम् ॥

– શ્રીમદ્‌ભાગવત : ૧૦/૩૦/૧૯-૨૦

અર્થ : હું કૃષ્ણ છું. મારી સુંદર ગતિ જુઓ. બીજી કહે : અરે ! તમે વાયુ કે વરસાદથી બીશો નહિ. મેં તેનાથી તમારું રક્ષણ કર્યું છે. એમ કહી એક હાથે યત્નપૂર્વક એક વસ્ત્રને ગોવર્ધન પર્વતની પેઠે ઊંચે ઉપાડી રાખતી હતી. વળી, બીજી ગોપી કૃષ્ણરૂપ થઈ કાલીય નાગરૂપ ગોપીને નાથતી હતી.

૫૯. तस्मान्नरोऽसङ्गसुसङ्गजातज्ञानासिनेहैव विवृक्णमोहः ।
हरिं तदीहाकथनश्रुताभ्यां लब्धस्मृतिर्यात्यतिपारमध्वनः ॥

– શ્રીમદ્‌ભાગવત : ૫/૧૨/૧૬

વળગ્યું છે, જેથી હું જગતને દેખતો નથી.'[૬૦]

"એવી સ્થિતિ કરવાની રીત મહારાજે બતાવી છે કે પ્રથમ તો સદ્‌ગુરુ અને સત્‌શાસ્ત્રનાં વચનમાં વિશ્વાસ લાવી દૃઢ વૈરાગ્ય પામવો. આવી રીતનો જે દૃઢ શ્રદ્ધાવાન હોય તે અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય પાળવા સમર્થ થાય. પણ કેવળ કામ જીતવો કે તે સંબંધી સંકલ્પ બંધ કરવા તે જ બ્રહ્મચર્ય નથી. જુઓને, શિવના ગણે કામ જીત્યો, પણ ક્રોધે કરીને પોતાના હોઠ કરડી ખાધા. માટે જ્યાં સુધી બ્રહ્મના ગુણ ન આવે, ત્યાં સુધી સંપૂર્ણ બ્રહ્મચર્ય પણ સિદ્ધ થતું નથી. તે માટે સત્પુરુષ, પોતાના આશ્રિત મુમુક્ષુની વૃત્તિને સ્થિર કરી પોતા તરફ ખેંચી લે છે, જેથી બ્રહ્મનો સંબંધ તેને રહે. આમ, પુરુષ-પ્રયત્ન કરતાં કરતાં આત્મનિષ્ઠા અને અહિંસાધર્મ પણ સહેજે સિદ્ધ થાય. વળી, પરમેશ્વરની કૃપા પણ એવા ભક્ત ઉપર જ થાય છે અને ત્યારે એ એકાંતિક ભક્ત થાય છે અને निरञ्जनः परमं साम्यमुपैति । કે'તાં અંજન જે માયા તે થકી રહિત થઈ, ભગવાનના તુલ્યપણાને પામે છે. પછી એવો જે ભક્ત હોય તે ક્યારેક તો ભગવાનના સ્વરૂપમાં લીન થઈ જાય અને ક્યારેક તો નોખો રહ્યો થકો ભગવાનની સેવામાં રહે છે. જ્યારે ભગવાનમાં અતિ સ્નેહે કરીને લીન થઈ જાય છે, ત્યારે તે ભક્તમાં ભગવાન એકલા જ સર્વોપરીપણે વર્તે છે. એવા ભગવત્‌સ્વરૂપ ભક્તને તો જે યથાર્થ જ્ઞાન-દૃષ્ટિવાળો ભક્ત હોય તે જ ઓળખી શકે, પણ બીજા માયિક દૃષ્ટિવાળા તો એ ભક્તને મનુષ્ય જેવા જ સાધારણ દેખે.

"સ્વામીની કૃપા થકી શ્રીજીમહારાજની મૂર્તિનું અખંડ સુખ હું લઉં છું અને મહારાજ મને વળગ્યા છે. તેથી જે મારો સંગ કરે છે તેને પણ એ મૂર્તિનું સુખ હું આપું છું." એમ મહારાજના પ્રગટપણાની ઘણી જ વાતો કરી.

તે સાંભળી નંદકિશોરદાસ કહે : "આપની વાત બરાબર છે, પણ અમારે આશ્રમનું અભિમાન છે એટલે આપની અવજ્ઞા રહે છે."

ભગતજી પણ તેમના ભાવથી રાજી થયા અને 'શ્રીપતિમ્' કહી ઊઠ્યા.

---

૬૦. न्यस्तक्रीडनको बालो जडवत्तन्मनस्तया ।
कृष्णग्रहगृहीतात्मा न वेद जगदीदृशम् ॥ – શ્રીમદ્‌ભાગવત : ૭/૪/૩૭
અર્થ : બાળક અવસ્થાથી જ રમત છૂટી જઈને, તેનું મન ભગવાનમાં જ રહેતું હતું. ભગવાનરૂપી ભૂત વળગ્યું હતું, તેથી જડની પેઠે જગત કેવું છે તેની તેને ખબર જ ન હતી.

અલમસ્ત જ્ઞાન, લોયા-૧૦

બીજે દિવસે પ્રભુદાસ વકીલની રસોઈ હતી. ભગતજીને પોતાને ઘેર પધરાવી સેવા-પૂજાનો લાભ લેવાની વકીલને ઘણી જ ઇચ્છા હતી. આથી ભગતજીને સવારના વહેલા પધારવા વિનંતી કરી, જેથી કથાવાર્તાનું પણ સુખ આવે. મંદિરમાં પણ તમામ સાધુઓને જમવાનું આમંત્રણ આપ્યું હતું.

ભગતજી સવારના વહેલા પરવારી હરિભક્તો સાથે મંદિરમાં દર્શન કરી, રાવસાહેબની સાથે વકીલને ઘેર ગયા. અત્રે બીજા હરિભક્તો તથા મંદિરના સંતો પણ ભગતજીની વાતો સાંભળવા આવ્યા હતા. ભગતજીએ લોયા-૧૦મું વચનામૃત વંચાવ્યું અને વાત કરી :

''આ વચનામૃતમાં શ્રીજીમહારાજે આત્મા-પરમાત્માનું અલમસ્ત જ્ઞાન બતાવ્યું છે. તે જેણે સિદ્ધ કર્યું હોય તેને એવી અલમસ્ત દશા પ્રાપ્ત થાય છે. આમાં બે પ્રકારનું જ્ઞાન કહ્યું છે. પ્રથમ સાંખ્યના મતનું અને પછી સાંખ્ય અને યોગના મતનું.

''બ્રહ્માનંદ સ્વામીનો એવો પ્રશ્ન છે કે 'ત્રણ પ્રકારની જે સ્ત્રીઓ તેને દેખીને વિક્તિ જણાય તથા રૂપ-કુરૂપ પણ જણાય અને વિકાર તો થાય નહિ, ત્યારે તેને કયો વેગ જાણવો ?' પછી શ્રીજીમહારાજે ઉત્તર કર્યો કે 'જે પદાર્થને અત્યંત દુઃખદાયી જાણીને તેનું મનન થયું હોય, ત્યારે તે પદાર્થને વિષે અત્યંત દોષ જણાય છે અને એવી રીતે એ દોષની સેર જીવમાં પેસે છે અને જીવથી પર જે સાક્ષી તે પણ તે દોષનું પ્રમાણ કરે છે. તેથી જ્યારે પદાર્થ સન્મુખ ઇન્દ્રિયોની વૃત્તિ જાય છે, ત્યારે તે વૃત્તિ ભેળે મન તથા જીવ આવે છે અને તે પદાર્થને અતિશય દુઃખદાયી માની જીવની વૃત્તિ તેમાં ચોંટતી નથી. માટે એ ભક્તે એમ દૃઢ નિશ્ચય કરી દીધો છે કે 'આ સ્ત્રી મારા કલ્યાણના માર્ગમાં પરમ વિઘ્નકર્તા છે.' એટલે ઇન્દ્રિયોથી વિક્તિ જણાય છે, અને રૂપ-કુરૂપ પણ દેખાય છે, છતાં ઇન્દ્રિયોના ભાવમાં ન તણાતાં, સમજણની દૃઢતાએ, એ વિષયને તુચ્છ અને નાશવંત જાણી, ભગવાનની મૂર્તિમાં જ એ ભક્ત નિમગ્ન રહે છે. આવો જે ભક્ત છે તે વિષયમાં તણાતો જ નથી, કારણ કે જેમ દૂધ-સાકરનું ભરેલું પાત્ર હોય અને તેમાં સર્પની લાળ પડી હોય અને તે દેખી હોય, પછી તે દૂધ ગમે તેવું સારું દેખાય પણ પીવાય

નહિ; કેમ જે, એને એવો નિશ્ચય થઈ ગયો છે કે એ દૂધ પીવાથી જરૂર મૃત્યુ થશે જ. એવી રીતે રમણીય વિષય દેખે, છતાં તે ભક્તને તે વિષયનો હૈયામાં અતિશય અભાવ આવે છે; કારણ કે તે પદાર્થ કલ્યાણના માર્ગમાં વિઘ્નકર્તા છે એવી દોષની દૃષ્ટિ તેને દૃઢ થઈ ગઈ છે. તેથી તેની સામું પણ એ ભક્ત જોતો નથી. આવી રીતે સમજણની દૃઢતાવાળો ભક્ત વર્તે, પણ વિષયમાં તણાય નહિ અને ભગવાનની મૂર્તિનાં ભજનમાં જ સુખિયો રહે.

''અને વળી, એને વિષે અવિકારી રહ્યાનું બીજું પણ કારણ છે. આ બીજી ઉત્તમ પ્રકારની સમજણમાં તે ભક્ત છે તે દેહ, ઇન્દ્રિયો અને અંતઃકરણના ભાવથી છૂટો પડીને એમ માને જે 'હું આત્મા છું, શુદ્ધ છું, ચેતન છું, નિર્વિકાર છું, સુખરૂપ છું, અવિનાશી છું,' એમ કેવળ આત્મ-સ્વરૂપને જ સુખરૂપ જાણી, તે સિવાયના બીજા પદાર્થને દુઃખરૂપ, તુચ્છ, નાશવંત અને જડ સમજે છે. અને જે કંઈ વિષયમાં સુખ જેવું જણાય છે, તે પણ આત્મા વતે જ જણાય છે. પણ આત્મા દેહમાંથી નીસરી જાય, ત્યારે તે સર્વે જડ બની ભૂંડું થઈ જાય છે. માટે જે ઉત્તમ પ્રકારનો જ્ઞાની ભક્ત છે, તે સદા પોતાના આત્માનો આવી રીતે વિચાર કરી, પરબ્રહ્મ પરમાત્મામાં જ જોડાય. જે આવું શુદ્ધ માયાપરનું જ્ઞાન, તે તો પરબ્રહ્મ પરમાત્માને જે નિર્વિકલ્પપણે પામેલા સંત હોય તે થકી જ પમાય છે. તે સંત થકી પરમાત્માના સ્વરૂપને તે યથાર્થ જાણે છે કે પરમેશ્વર છે તે તો સર્વાત્મા જે બ્રહ્મ તેના પણ આત્મા છે, અને અક્ષરના પણ આત્મા છે, અને અનંત કોટિ મુક્તના પણ આત્મા છે. આવો અપાર મહિમા સત્પુરુષ થકી જીવમાં પેસી તેનો સાક્ષાત્કાર જ્યારે થાય ત્યારે બ્રહ્માકારે વૃત્તિ થઈ જાય અને પોતાનું સ્વરૂપ જે બ્રહ્મ તેમાં પુરુષોત્તમ નારાયણને અખંડ દેખે. એવી રીતે જ્યારે સ્થિતિ થાય, ત્યારે એનાં ઇન્દ્રિયો, અંતઃકરણ સર્વે પુરુષોત્તમરૂપ થઈ જાય. છતાં પણ એવો જે જ્ઞાની ભક્ત છે તે તો એમ જ માને કે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ તેનો હું બ્રહ્મરૂપ એવો દાસ છું.

''આવી સમજણવાળાને, બ્રહ્મના અપરોક્ષ અનુભવવાળાને, ગમે તેવા રમણીય પંચવિષય પ્રાપ્ત થાય તો પણ તેણે કરીને તે વિકારને ન પામે. ખપ પડે, જરૂર પડે, ત્યારે એ ભક્ત વિષયને ગ્રહણ કરે. ત્યાં દૃષ્ટાંત છે : 'જેમ કરોળિયો પોતાની જાળને વિસ્તારીને, સ્વતંત્ર થકો ગળવી ઘટે ત્યારે ગળે છે.

તેમજ એવા જે જ્ઞાની ભક્ત છે તે પણ પોતાની ઇન્દ્રિયોને વિષયમાં જેટલી પ્રસારવી ઘટે તેટલી પ્રસારીને, સ્વતંત્ર થકા પાછી ખેંચી લે છે.' આવી સ્થિતિવાળાની અલમસ્ત દશા હોય છે. પોતે રાજ્યમાં હોય અને હજારો મનુષ્ય પોતાની આજ્ઞામાં રહેતા હોય ને સમૃદ્ધિએ યુક્ત હોય, તેણે કરીને પોતાને એમ ન માને જે હું બહુ જ મોટો થઈ ગયો. અને તે રાજ્યનો નાશ થઈ જાય ને હાથમાં મૃત્તિકાનું પાત્ર લઈને ઘરોઘર માગી ખાય તેણે કરીને એમ ન માને જે હું હવે ગરીબ થઈ ગયો. કેમ જે, એ તો પોતાના કેફમાં મહાઅલમસ્ત રહે તથા તેણે પોતાના સ્વરૂપનો તથા ભગવાનના સ્વરૂપનો મહિમા જાણ્યો છે. તે માટે એને સોનું, લોઢું, પાષાણ એ સર્વને વિષે સમબુદ્ધિ વર્તે છે અને સોળ વર્ષની સ્ત્રી કે એંસી વર્ષની સ્ત્રી પણ સમપણે જ દેખાય છે. આવો જે જ્ઞાની છે તે અતિ વિશાળ દૃષ્ટિને પામે છે. તે દૃષ્ટિમાં એક પુરુષોત્તમની મૂર્તિ સિવાય બીજું કાંઈ એને દેખાતું નથી.

''આ ઉત્તમ જ્ઞાની ભક્તની ઉત્તમ સ્થિતિ છે. તે સિવાયની જે પહેલી સ્થિતિ કહી, તેમાં તો એ ભક્ત કેવળ સત્પુરુષના વચનમાં વિશ્વાસ લાવીને ભગવાનને ભગવાન જાણે છે. તેનો એ વિશ્વાસ અતિ દૃઢ છે, તેથી તેના મહિમાના જ્ઞાને કરીને સર્વે વિષયને તુચ્છ કરી દે છે. પરંતુ ઉત્તમ જ્ઞાનની સમજણની સ્થિતિમાં તો જ્યાં સુધી જગત ભાસે છે ત્યાં સુધી આત્માનું સાક્ષાત્કાર જ્ઞાન થયું જ નથી.[૬૧] ત્યાં શ્રુતિ છે કે 'आत्माऽज्ञानाद् जगद् भाति ।' માટે જે ભક્તને એમ વિક્તિ જણાય કે આ પદાર્થ સારો છે કે નરસો છે, ત્યાં સુધી એને વિઘ્ન છે. જ્યાં સુધી એવી મતિ હોય કે આ સ્ત્રી તો અતિશય રૂપવાન છે અને આ વસ્ત્ર તો અતિશય સારું છે અને આ મેડી તો ઘણી સારી છે અને આ તુંબડી તો અતિશય સારી છે અને આ પાત્ર તો અતિશય સારું છે, ત્યાં સુધી એ સર્વે તુચ્છ બુદ્ધિ છે. પણ વિશ્વાસી ભક્ત

૬૧. સાંખ્યવાળા છે તે ચોવીસ તત્ત્વને અવાંતર જીવ, ઈશ્વરને કહી (તત્ત્વ ભેળા) પંચવીસમા પરમાત્માને કહે છે. અને યોગવાળા છે તે પંચવીસમા (ચોવીસ તત્ત્વથી પૃથક્) જીવ, ઈશ્વરને કહે છે અને છવ્વીસમા પરમાત્માને કહે છે. માટે સાંખ્યની સમજણમાં જીવ તત્ત્વ ભેળો જ રહે છે અને એકલું જ્ઞાન વૃદ્ધિને પામે છે અને સાંખ્યની સમજણ દૃઢ કરી, જેણે યોગ સાધી જીવાત્માને તત્ત્વથી જુદો કર્યો હોય અને ભગવાનમાં જોડાયો હોય, તે સિદ્ધ દશાને પામે છે અને તેની ઇન્દ્રિયોની વૃત્તિઓ કોઈ દિવસ ભગવાનના સ્વરૂપમાંથી અનુલોમ થતી નથી.

ભગવાનના મહિમા આગળ આ પદાર્થની વિક્તિ જાણીને તેને નાશવંત અને તુચ્છ જાણે છે. માટે એવો ભક્ત પણ જરૂર પાર પડે એમ મહારાજે કહ્યું છે. એવા ભક્તને કદાચ હમણાં પોતાના સ્વરૂપનો તથા પરબ્રહ્મના સ્વરૂપનો સાક્ષાત્કાર નહિ થયો હોય, તો દેહ મૂકીને પણ ભગવાન એને જરૂર કરાવશે અને બ્રહ્મમોહોલમાં ભાગવતી તનુ આપશે. માટે સમજણ કરીને એટલી જ કરવાની છે કે ભગવાનની મૂર્તિથી કાંઈ સારું નથી અને કાંઈ સારું સમજવાનું નથી. માટે જે સંતનાં વચનમાં વિશ્વાસ રાખી સમજ્યા હોય અથવા તો જ્ઞાનના પારને પામ્યા હોય તે બંને મુક્તો જ સુખિયા છે.''

આવી આત્મા-પરમાત્માના સ્વરૂપની દિવ્ય વાતો અલમસ્ત ભાવમાં આવી ભગતજીએ કરી અને સભાને રંજન કરી દીધી.

આમ, આવો અપાર આનંદ કરાવી 'શ્રીપતિમ્' કર્યું એટલે થાળ પણ તૈયાર થયો. વકીલે ખૂબ જ ભાવપૂર્વક દૂધપાક, પૂરી, પાત્રાંની રસોઈ કરાવી હતી અને ભગતજી તથા સૌ સંત-હરિભક્તોને ઘણા જ ભાવપૂર્વક જમાડ્યા. પછી ભગતજી તથા સર્વે સંતોની પૂજા કરી, ધોતિયાં ઓઢાડ્યાં. ત્યાર બાદ ભગતજી રાવસાહેબને ઘેર પોતાને ઉતારે પધાર્યા.

તે જ દિવસે બપોરે વરતાલથી પાળા આવ્યા. ભગતજીને નડિયાદ છોડાવ્યું અને પેટલાદ મોકલ્યા, તો પેટલાદમાં પણ એટલો જ પ્રતાપ બતાવવા માંડ્યો અને રાવસાહેબ જેવા ગૃહસ્થ પણ ભગતજીના શિષ્ય થઈ ગયા. આવા અપ્રતિમ પ્રતાપ અને ઐશ્વર્યથી વરતાલમાં ઘણાને ઉદ્વેગ થયો અને તેથી ભગતજીને હવે પેટલાદથી તુરત જ ઘેર મોકલવા માટે કોઠારી દ્વારા સંદેશો મોકલ્યો.

પાળાએ ભગતજીને કોઠારીની ચિઠ્ઠી આપી, જે વાંચીને ભગતજીએ કહ્યું : ''ઠીક.'' પછી વાતો કરવા માંડ્યા અને દિવ્યભાવમાં આવી જઈને પાળાઓ તરફ જોઈને બોલ્યા : ''તમે મને તેડવા આવ્યા છો ? પણ મારે તો અહીં હજુ દસ દિવસ રહેવું છે અને આ બધા હરિભક્તોને કથાવાર્તાનું સુખ આપવું છે. માટે કોઠારીને કહેશો કે ઉપાધિથી બીશો નહિ. ધાર્યું તો એક સ્વામિનારાયણનું જ થાય છે. તેથી જો મને ચીરીને બે કટકા કરી દેશે, તો પણ હું મરવાનો નથી. સ્વામિનારાયણ ભેગા કરીને સાંધી દેશે. વળી, જેટલામાં રાજાનું રાજ્ય છે, તેટલામાં રાણીનું પણ રાજ્ય છે; તેમ જેટલો સ્વામિ-

નારાયણનો હુકમ છે, તેટલો જ મારો હુકમ છે અને મહારાજ મને વશ છે, માટે સ્વામિનારાયણના પ્રતાપે મારું ધાર્યું પણ થાય છે.'' એમ અતિશય દિવ્યભાવમાં વાત કરી.

પછી વૈદ્ય તથા બાવાજીને વરતાલ પાળાઓ સાથે મોકલ્યા અને પોતે ત્યાં રહ્યા.

'પેટલાદમાં ભગતજી દસ દિવસ રહેવાના છે' તે જાણી, નડિયાદના હરિભક્તો પણ પેટલાદ ગયા અને વિજ્ઞાનદાસજી, યજ્ઞપુરુષદાસજી તથા પુરુષોત્તમદાસજી, મહાપુરુષદાસજી આદિ પાંચ સાધુઓ પણ પેટલાદ ગયા અને મંદિરમાં જઈને ઉતારો કર્યો. પછી ભગતજીને સંદેશો મોકલ્યો : ''મંદિરમાં સાધુ આવ્યા છે.''

તે સાંભળી ભગતજીએ ચુનીલાલ તથા કાલિદાસને મંદિરમાં મોકલ્યા અને કહેવરાવ્યું : ''જેવા આવ્યા છો, તેવા જ પાછા જાઓ. આજ્ઞા લોપીને કેમ આવ્યા છો ?''

તેથી તે સાધુઓ તુરત જ ત્યાંથી નીકળી અને ચાલ્યા અને એક ગાઉ જઈને વડ નીચે આરામ કરવા બેઠા. રાવસાહેબ જ્યારે કચેરીમાંથી આવ્યા, ત્યારે તેમને ખબર પડી. એટલે તેમણે ભગતજીને વિનંતી કરી : ''મારે ઘેરથી સાધુને પાછા કાઢ્યા તે ઠીક નહિ. તેથી પાછા બોલાવો.'' પછી એક માણસને મોકલીને વડ નીચે બેઠેલા સાધુઓને પાછા બોલાવ્યા.

કુરાનમાંના ચાર પ્રકારના પુરુષની ભગતજીએ કરેલી વાત

તે જ દિવસે બપોરે રાવસાહેબનો જમાદાર કુરાનનું પુસ્તક હાથમાં લઈ રાવસાહેબને ઘેર ભગતજીનાં દર્શને આવ્યો. બહુ જ પાક અને ઈમાનદાર આ જમાદાર રાવસાહેબના પટાવાળા તરીકે કામ કરતો હતો. આવા ખુદાઈ ફિરસ્તા જેવા પુરુષ રાવસાહેબને ઘેર આવ્યા છે, તે જો ખરેખર મોટાપુરુષ કુરાનમાં લખ્યા છે તેવા હોય તો, તેમનાં દર્શને શાંતિ થઈ જાય અને મનના બધા સંકલ્પો કહી દે – એમ સંકલ્પ કરી, બે-ત્રણ પ્રશ્ન પૂછવાના ગોઠવી, ઉપરના ત્રીજે માળે જ્યાં ભગતજીનો ઉતારો હતો ત્યાં આ જમાદાર આવ્યો. સામે જ ગાદી-તકિયા ઉપર ભગતજી બિરાજમાન હતા. શ્વેત ધોતિયું તથા શ્વેત કેડિયું પહેર્યું હતું અને પાસે બેઠેલા સંતો તથા હરિભક્તોને વાતો કરતા

હતા. જમાદારની દૃષ્ટિ સીધી ભગતજી ઉપર પડી અને તેમનાં દર્શન કરતાં જ તેના સર્વ સંકલ્પ બંધ થઈ ગયા અને અંતરમાં અપાર શાંતિ થઈ ગઈ. સાક્ષાત્ ખુદા હોય એવાં દર્શન તેમને ભગતજીની મૂર્તિમાં થયાં. આથી ખુદાની બંદગી કરતો હોય એવા ભાવે તે ભગતજીની સામે નમી પડ્યો. આંખમાંથી અશ્રુની ધારા ચાલે પણ બોલાય નહિ. સર્વ સભાસદો તેની સામે જ જોઈ રહ્યા. ભગતજીએ તેના સામી દૃષ્ટિ કરી, એટલે તે ભાનમાં આવ્યો અને નત મસ્તકે અદબથી ભગતજીની સામે જોઈ રહ્યો. બે હાથમાં કુરાનનું પુસ્તક દબાવ્યું હતું. ભગતજીએ તે પુસ્તક તેની પાસેથી લીધું અને આમતેમ ફેરવીને બોલ્યા કે –

''જમાદાર સાહેબ ! તમે તો પૂર્વના જબરા મુમુક્ષુ છો અને બહુ ઈમાનદાર છો. તમારાં અને અમારાં શાસ્ત્રોનો સિદ્ધાંત એક જ છે. અમારામાં જેમ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચાર ગુણે યુક્ત જે સત્પુરુષ હોય તે એકાંતિક કહેવાય અને ખુદાની હજૂરના રહેનારા કહેવાય; તેમ તમારા કુરાનમાં પણ શરિયત, તરીકત, હકીકત અને મારફત એમ ચાર પ્રકારના પુરુષ કહ્યા છે. તેમાં શરિયત તે શું ? તો ધર્મ રાખવો, ખોટું ન બોલવું, પાક વિચાર રાખવો અને તકરાર થતી હોય ત્યાં ભળીને સમાધાન કરાવવું.

''હવે તરીકતી પુરુષનાં એ લક્ષણ છે કે ખુદાની બંદગી કરવી, નેકી પુકારવી અને જેટલા શ્વાસ ચાલે છે તેટલા ખુદાના નામના જાપ કરવા. પછી સહેજે સહેજે જે મળી આવે તે જ જમે પણ અપેક્ષા ન રાખે. આવા પુરુષ સંસારથી ઉદાસ રહે, પણ ગૃહસ્થાશ્રમ તો કરે જ નહિ.

''હવે ત્રીજા પ્રકારના હકીકતી પુરુષ છે. તેનું મન તો અખંડ ખુદામાં જ રહે. તેની આવી સ્થિતિથી લોકો તેનામાં તણાય અને તેને અર્થે ભેટ-સામગ્રી પણ લાવે, પણ તે તો જેટલું અવશ્ય હોય તેટલું જ ગ્રહણ કરે, વનમાં પડી રહે અને અલમસ્તની પેઠે વર્તે.

''હવે છેલ્લા પ્રકારના મારફતી પુરુષ છે તે અતિ ઉત્તમ સ્થિતિના છે. તેને તો અખંડ ચૈતન્ય જ ચારેકોર દેખાય અને પહેલા પ્રકારના શરિયતી પુરુષ તે જો તેને સેવા કરી રાજી કરી દ્યે, તો તેને દૃષ્ટિમાત્રે જોતજોતામાં ત્રીજા પ્રકારના હકીકતી પુરુષ જેવો કરી દ્યે. માટે આવા પ્રકારના જે મારફતી પુરુષ છે તેને ઓળખી લેવા અને ઓળખીને પછી નિરંતર તેમની સેવા કરતાં

કરતાં ખુદાનું નામ લેવું, જે દરેક પ્રકારે રહેમ કરવાવાળા છે. ખુદા એક જ આ દુનિયાના પાલક છે અને ઉદ્ધાર કરનારા છે. અને આવા મારફતી પુરુષ દ્વારા જ આપણી બંદગી સાંભળે છે. માટે જેના ઉપર ખુદાની દુવા હોય, તેવા મારફતી પુરુષ જ સાચા રાહ ઉપર છે. એટલે એ રાહ ઉપર લઈ જવા હંમેશાં ખુદાને બંદગી કરવી. વળી, ક્યારેય પણ ખુદા જેના ઉપર નાખુશ હોય તેવાના માર્ગે ચાલવું નહિ. હંમેશાં મારફતી પુરુષને જ અનુસરવું.''

એટલું કહી ભગતજીએ તેની સામું જોયું અને તેને કહ્યું : ''જમાદાર સાહેબ ! તમારે જે પ્રશ્ન પૂછવો હોય તે પૂછો.''

ત્યારે જમાદાર હાથ જોડી બોલ્યો : ''જે પૂછવા આવ્યો હતો તે તો તમોએ આગળથી જ કહી દીધું. માટે તમો તો સાચા મારફતી પુરુષ છો. વળી, મેં હિંદુ અને મુસલમાનમાં ઘણા ફકીર જોયા છે, પણ તમારા જેવા કોઈ દીઠા નથી. તમારાં દર્શનથી મને ઘણી શાંતિ થઈ ગઈ અને છતી દેહે મારફતી પુરુષ મળ્યા અને મારો મોક્ષ થઈ ગયો.'' એમ કહીને પગમાં પડ્યો.

જૂતિયાં મારે તો પણ તમારે એની કેડે ફરવું

ભગતજી તેના નેકદિલ અને પાક જીવનથી ખુશ થઈ ગયા. પછી પોતે વિજ્ઞાનદાસજી તથા બીજા સાધુઓ આગલે દિવસે આવ્યા હતા તેમના તરફ જોઈ રમૂજ કરવા જમાદારને કહ્યું : ''જમાદાર સાહેબ ! આ સાધુને ઠપકો દ્યો. મારી પછવાડે ફર્યા કરે છે અને કેડો મૂકતા નથી. માટે પાછળ ન ફરે તેમ કહો.''

એટલે તે જમાદારે વિજ્ઞાનદાસજી સામું જોઈને કહ્યું : ''તમો તો ખુદાના ફકીર છો અને આ પુરુષ સાક્ષાત્ ખુદા છે, માટે તમોને લાકડીઓ મારે અને જૂતિયાં મારે તો પણ તમારે એમની કેડે ફરવું અને એમના સામું જોઈ રહેવું. તમારાં ધન્યભાગ્ય છે કે તમો હિંદુ છો.'' એમ કહીને ભગતજીનો મહિમા તેણે કહ્યો.

આથી, ભગતજીએ રાવસાહેબ તરફ જોઈને કહ્યું : ''આ તમારો જમાદાર ખૂટલ નીવડ્યો. મેં આમ ભલામણ કરી ત્યારે આમ અવળું બોલ્યો.'' એમ બોલી ઘણી જ રમૂજ કરી.

તે જ દિવસે સાંજે ભગતજીએ વિજ્ઞાનદાસજી તથા બીજા સંતોને ખૂબ

ઠપકો દીધો અને કહ્યું : ''તમો આજ્ઞા વિના આવ્યા તે ઠીક કર્યું નહિ,'' એમ નૃસિંહરૂપ ધારી, લાલચોળ થઈ, ઘડીક વઢે અને વળી ઘડીક વાતો પણ કરે. એમ બે કલાક સુધી અપાર લીલા કરી. જે જોઈને વિજ્ઞાનદાસજી તો અપાર દિવ્યભાવથી ભગતજીની મૂર્તિ અંતરમાં ઉતારતા જ ગયા. ભગતજી પણ આ સાધુની પોતા તરફની પ્રીતિને લીધે તેમને વશ થઈ ગયા હતા. પછી સર્વે સાધુ સંધ્યા આરતી કરવા મંદિરમાં પધાર્યા.

આપે અમારાં મન જીતી લીધાં છે

બીજે દિવસે સંતોને રાવસાહેબને ઘેર રસોઈ હોવાથી જમવાનું હતું. એટલે સર્વે સંતો નાહી, પૂજાથી પરવારી રાવસાહેબના ઘેર આવ્યા. ભગતજી તેમને જોઈ બહુ જ રાજી થયા. છતાં ઠપકો દેતા હોય તે ભાવથી કહ્યું : ''તમારે સાધુને તો નિવૃત્તિપરાયણ રહી અખંડ ભજન કરવું જોઈએ. તે મૂકીને તમે અમારી કેડે ફરો અને અમે આવીએ ત્યારે પૂજા કરો તે ઠીક નહિ.''

એ સાંભળી વિજ્ઞાનદાસજીએ હાથ જોડી કહ્યું : ''મહારાજ ! અમારાં મન આપે ખેંચી લીધાં છે એટલે આપની આવી કામણગારી મૂર્તિનાં દર્શન વિના રહેવાતું નથી. જેમ ગોપીઓના દેહ શ્રીકૃષ્ણની વાંસળીનો અવાજ સાંભળી ઘરમાંથી નીકળી પડતા, તેમ અમારાથી પણ આપ આવ્યાના સમાચાર સાંભળી રહેવાતું નથી. આપ આજ્ઞા નહિ આપો તો અમારા પ્રાણ દેહથી છૂટા પડીને આપનામાં મળી જશે, પણ આપની મૂર્તિનાં દર્શન વિના રહેવાશે નહિ.''[૬૨]

તેમનાં આવાં અતિ સ્નેહનાં વચન સાંભળી, ભગતજી અત્યંત રાજી થયા અને કહ્યું : ''એ તો ખરું. પણ સૌનું મળતું રાખવું પડે.'' એમ કહીને રાવસાહેબ સામે જોઈને બોલ્યા : ''આ રાવસાહેબનાં પણ બહુ મોટાં ભાગ્ય છે, તે તમારા જેવા સંત પધાર્યા. તેથી શ્રીજીમહારાજ સાક્ષાત્ જમવા પધાર્યા છે. વળી, આ સીતાબા પણ સાક્ષાત્ લક્ષ્મીજી જેવાં છે.'' એમ રાવસાહેબનો બહુ જ મહિમા કહ્યો.

---

૬૨. सिंचाङ्ग नस्त्वदधरामृतपूरकेण हासावलोक कलमीत जहृच्छयाग्निम् ।
नो चेद्वयं विरहजाग्न्युपयुक्तदेहा ध्यानेन यामः पदयोः पदवीं सखे ते ॥
– શ્રીમદ્‌ભાગવત : ૧૦/૨૯/૩૫

પછી થાળ તૈયાર થયો એટલે ઠાકોરજીને થાળ જમાડ્યો અને સર્વે સંતો તથા હરિભક્તોની પંક્તિ કરી. રસોઈમાં દૂધપાક, પૂરી, ખાંડના લાડુ, પાત્રાં વગેરેની ઉત્તમ રસોઈ બનાવી હતી. રાવસાહેબની ઇચ્છા એવી કે ભગતજી સૌ સંત-હરિભક્તોને પીરસે. તેથી ભગતજીએ તેમનો તે સંકલ્પ જાણીને ધર્મ સંબંધી ઘણી વાત કરી અને વર્ણાશ્રમના ધર્મની મર્યાદા જે શ્રીજીમહારાજે બાંધી છે તે ઉલ્લંઘવી જ નહિ – એમ વાતો કરી, પોતે પંક્તિની સામે બેઠા અને ચુનીલાલ પાસે પિરસાવ્યું. વિજ્ઞાનદાસજી પત્તર લઈને જમવા આવતા હતા. તેમને જોઈ ભગતજી બોલ્યા : ''અહો, આ તો સાક્ષાત્ શુકજી જેવા છે, ચાલો મળીએ.'' એમ કહીને ઊભા થઈને વિજ્ઞાનદાસજીને મળ્યા. વિજ્ઞાનદાસજીને તો આ અલભ્ય સુખનો લાભ મળ્યો તે અનંત થાળ જમ્યા બરાબર થયું.

પછી સંતોને જમવા બેસાડ્યા. પાંચ સંતની પંક્તિ થઈ એટલે ભગતજીએ રાવસાહેબને કહ્યું : ''તમારે તો પાંચ યજ્ઞો પૂરા થયા.'' એમ કહી પાંચ સંતોની નામવાર ગણતરી કરી, રમૂજ કરી, સાધુઓને પરાણે વારે વારે પિરસાવી જમાડ્યા અને કહ્યું : ''આવો અવસર ફરી નહિ મળે. માટે જમો.'' એમ કહી પુરુષોત્તમદાસ જમતા હતા તેમની પાસે આવ્યા અને ચુનીલાલને કહ્યું : ''આ સાધુને એક લાડુ લેવો છે માટે આપો.''

તેથી પુરુષોત્તમદાસ બોલ્યા : ''મારા મનમાં તો હતું, પણ બધા જમી રહ્યા એટલે ન બોલ્યો.'' એમ રાવસાહેબના પ્રેમને વશ થઈને ભગતજીએ તેમને ઘેર સર્વે સંતોને ઘણો જ આનંદ કરાવ્યો.

જમી રહ્યા પછી સંતો બેઠકમાં જતા હતા. તેમાં મહાપુરુષદાસ સ્વામીને ભગતજીનો ધક્કો વાગ્યો. એટલે મહાપુરુષદાસ નીચે પડી ગયા. ભગતજીએ તુરત જ તેમને ઉઠાડીને કહ્યું : ''સ્વામી ! ખોટું તો નથી લાગ્યું ને ? આ ધક્કો તો તમારા બધા દોષને વાગ્યો છે પણ દેહને નહિ. માટે જાઓ, આજથી તમારા બધા દોષ દૂર થઈ ગયા.'' મહાપુરુષદાસજી તો ભગતજીના આ આશીર્વાદથી ઘણા જ રાજી થઈ ગયા અને ભગતજીનો ધક્કો વાગ્યો તે પોતે પોતાનાં મહામોટાં ભાગ્ય માનવા લાગ્યા.

ભગતજીએ રાવસાહેબનો સંકલ્પ કહ્યો

પછી રાવસાહેબ ભગતજી તથા સર્વ સંતોની પૂજા કરવા ઉપર ત્રીજે

માળે બેઠકે આવ્યા. રાવસાહેબને પ્રથમ પૂજા ભગતજીની કરવી હતી, પણ ભગતજીએ કહ્યું : ''પહેલાં સાધુની પૂજા થાય. અમે તો ગૃહસ્થ કહેવાઈએ. માટે સાધુની પૂજા પહેલી કરો.''

પણ રાવસાહેબને ભગતજીનો અતિશય મહિમા અને વળી સર્વે ત્યાં બેઠેલા સંતોના પણ ભગતજી ગુરુ, એથી આ સંતો પણ 'પહેલી ભગતજીની જ પૂજા થવી જોઈએ' એમ કહેવા લાગ્યા. આથી, પરાણે રાવસાહેબે ભગતજીની પહેલી પૂજા કરી અને પછી સર્વ સંતોની કરી. સર્વેને ધોતિયાં ઓઢાડ્યાં. પછી રાવસાહેબ ચંદનનો કટોરો લઈ હરિભક્તોની પૂજા કરવા જતા હતા. તેવામાં ભગતજીએ સંતોને કહ્યું : ''આ રાવસાહેબનાં ધોતિયાં સર્વે રંગીને પહેરજો.'' તે વખતે રાવસાહેબના હાથમાંથી કટોરો પડતો પડતો રહી ગયો. રાવસાહેબ બેસી ગયા અને બોલ્યા : ''મારા મનમાં પૂજા કરી રહ્યા પછી સાધુને જે કહેવા મેં ધાર્યું હતું તે જ તમે મારા અંતરનું કહ્યું. હવે તમે સાધુને વઢો, પણ આવું ઐશ્વર્ય જોઈને કેડે કેમ ન ફરે ? એ તો ફરે જ !''

પછી પૂજા કર્યા બાદ ભગતજીએ બે વચનામૃતો વંચાવ્યાં અને સાધુઓને મંદિરમાં જવાની આજ્ઞા કરી.

આમ, દસ દિવસ સુધી ભગતજીએ પેટલાદમાં બ્રહ્મયજ્ઞ કર્યો અને પેટલાદ તથા આજુબાજુનાં ગામના હરિભક્તોને ઘણું સુખ આપ્યું.

રોજ પોતે સવારે રામનાથ કુંડે નાહવા જાય અને ત્યાં આવેલા રામનાથ મહાદેવનાં દર્શન કરે. કોઈ કોઈ વખત તો ત્યાં જ સાંજે સભા કરે, એટલે ફરવા આવતા ઘણાને તેમની વાતો સાંભળી સંપ્રદાય વિષે ઘણો જ ભાવ થતો. પછી સંતોને નડિયાદ વળાવ્યા.

આ પ્રમાણે ભગતજી રાવસાહેબને ઘેર રહ્યા તે દરમ્યાન નિત્યે નવાં ઐશ્વર્ય બતાવે, અંતરના ઘાટ કહે. વળી, એક દિવસ ભગતજી જમવા બેઠા ત્યારે સાક્ષાત્ શ્રીજીમહારાજ થાળ જમી ગયા, એમ રાવસાહેબ તથા સીતાબાને દર્શન થયાં. આથી, રાવસાહેબે ભગતજીનો અપાર મહિમા જાણી ઘણી જ સેવા કરી. નિત્યે નવા થાળ જમાડે. ભાતભાતની રસોઈ તથા અનેક પ્રકારનાં શાક, રાયતાં, અથાણાં બનાવે. ભગતજી પણ રાવસાહેબ તથા સીતાબાની નિષ્ઠાથી ઘણા જ રાજી થયા.

પછી ભગતજીએ વરતાલ જવા ધાર્યું એટલે રાવસાહેબે ગાડી જોડી

આપી અને સાથે પોતાના જમાદારને મોકલ્યો. એમ પેટલાદમાં દસ દિવસ સુખ આપી ભગતજી વરતાલ પધાર્યા. સં. ૧૯૪૪ના શ્રાવણ મહિનાના એ દિવસો હતા.

ભગતજીના મંડળ વિરુદ્ધ સાધુઓની ફરિયાદ

વરતાલ આવી કોઠારીને મળ્યા ત્યારે કોઠારીએ હસતાં હસતાં તેમને કહ્યું : ''તમને તો ઓલવવા બોલાવ્યા હતા પણ આ તો ઊલટું સળગ્યું. હવે ગામોગામ હરિભક્તોમાં એવી વાત ચાલી છે કે આપણે હવે ભગતજીને જ તેડાવવા, એમ લોકોમાં તમારો મહિમા વધ્યો અને સાધુઓનો ભાર ઓછો થઈ ગયો.'' એમ મીઠો ઠપકો આપ્યો.

અહીં સાધુઓએ પણ ખૂબ ઉપાડ કર્યો. સાધુની ધર્મશાળામાં ભગતજી કથા માટે ગયા હતા. કથા પૂરી થયા પછી ગોવિંદદાસજીને ભગતજીએ કહ્યું : ''આપણે તો ઘણી જ જૂની ઓળખાણ છે. મને પ્રથમ સત્સંગ થયો ત્યારે યોગાનંદ સ્વામી સાથે તમો મહુવા આવ્યા હતા અને હેત બહુ રાખતા હતા.''

એટલે ગોવિંદદાસજી કહે : ''તમે યોગાનંદ સ્વામીને બહુ જ રાજી કર્યા છે અને આપણી તો જૂની ભાઈબંધી છે. વળી, ગોપાળાનંદ સ્વામી પાસે તમે આવતા હતા અને સ્વામી તમને ઢોલણી પાસે સુવાડતા હતા અને વારે વારે તમને બોલાવે અને તમને જોઈને બહુ જ રાજી થાય. તમે પણ સ્વામીને મૂકીને આઘાપાછા જતા નહિ અને નિરંતર વાતો સાંભળતા. તે બધું મને સાંભરે છે. તમોએ તો ગોપાળાનંદ સ્વામીને તથા ગુણાતીતાનંદ સ્વામીને બહુ જ રાજી કર્યા છે, એ બધું હું જાણું છું. પણ આ તમારા સાધુઓ જે તમારા શિષ્ય છે તે તમને બહુ ઉપમા આપે છે અને કહે છે કે 'આ ભગતજી તો અક્ષરધામમાં જાય છે અને આવે છે અને અક્ષરધામની કૂંચી સ્વામીએ ભગતજીને સોંપી છે. વળી, ભગતજીનો જેને ગુણ આવશે તે જ અક્ષરધામમાં જશે અને જે દ્રોહ કરશે તે નરકમાં જશે.''

એટલું કહીને અટક્યા અને પોતાની વાતની પુષ્ટિ માટે પીજના મોતીલાલને બોલાવ્યા અને પૂછ્યું : ''તમારા ગામમાં વિજ્ઞાનદાસજી આવ્યા છે તેમણે તમોને શી વાત કરી છે ?''

ત્યારે મોતીભાઈ કહે : ''તમે કહી તે જ વાત તે બધા સાધુ કરે છે.''

એટલે ભગતજી મંદ મંદ હસતાં બોલ્યા : ''ઓત્તારો ભલો થાય ! આવું બોલે છે ? આ તો બહુ બૂરું કહેવાય.''

મહુડે મહુડે અને થોરીએ થોરીએ પ્રાગજી ભક્તનું ભજન થાય છે

એટલે વળી ભગતજીને વિશેષ સંભળાવવા ફરી આરંભ કર્યો : ''સાંભળો, અમે તમને શું કહીએ ? તમારા શિષ્યોએ તો એવો આરંભ કર્યો છે કે મોટા મોટા સમૈયામાં નિરંતર તમારી જ વાતો અને સભામાં, આસને, ભંડારમાં, કોઠારમાં, કૂવા ઉપર, ગોમતી કાંઠે, આંબે આંબે, મહુડે મહુડે અને થોરીએ થોરીએ દરેક ઠેકાણે 'પ્રાગજી પ્રાગજી' એમ ભજન થાય છે તે શું કહેવાય ? આવી રીતે બધામાં તમારી વાતો થાય છે. માટે હવે કાંઈક સમાવી રાખો. હવે બહુ થયું, નહિ તો અમારે બોલવું પડશે.''

આ સાંભળી કુંજવિહારીદાસને એમ થયું કે મારે કંઈક કહેવાનું બાકી છે. આથી, તેમણે શરૂઆત કરી : ''સાંભળો, તમને કહેતાં આવડતું નથી. મને કહેવા દ્યો.'' એમ કહીને બોલ્યા : ''પ્રાગજી ભગત ! જુઓ તો ખરા, આટલા ત્યાગી, ગૃહસ્થ કે બ્રાહ્મણમાં કોઈમાં નહિ અને તમારામાં તમારા શિષ્યોએ સર્વોપરીપણું ઠરાવ્યું છે અને જ્યાં જાય છે ત્યાં થોડા દિવસો સારાં સારાં કીર્તનો બોલે, ધ્યાન કરે અને એવામાં કોઈ બુદ્ધિમાન મુમુક્ષુ દેખે તેને ધીરે રહીને ઠાકરિયા વીંછીની પેઠે ચટકો ભરે. પછી તો તે તેમને જ દેખે એવું કરે છે.''

એ સાંભળી ભગતજી તો શાંતિથી ફરી બોલ્યા : ''અહો ! આવું બધું કરે છે ? આ બહુ કહેવાય !''

એટલે વળી શાસ્ત્રીએ શરૂ કર્યું : ''સાંભળો, સાંભળો. આ તો એમણે દાટ વાળ્યો છે. જ્યાં જાય ત્યાં ધર્મામૃત વાંચે અને સાધુના ધર્મ લોકોમાં પ્રસિદ્ધ કરે. કીર્તનો પણ સાધુનાં લક્ષણનાં જ બોલે અને ઉપરથી સાધુતા દેખાડે. એટલે લોકો એમ જાણે જે આ સાધુ શ્રીજીમહારાજના મળેલા જેવા છે.''

ત્યારે ભગતજી તો એ જ સ્થિતપ્રજ્ઞતાથી હસતાં હસતાં બોલ્યા : ''અરે, આ તો બહુ ભૂંડા નીકળ્યા.''

પછી શાસ્ત્રી બોલ્યા : ''પ્રાગજી ભગત ! તમને તે શું કહીએ ! આ સાધુનો તો રોટલો ઊઠવા બેઠો છે અને કોઈ મરતી વખતે એંઠું પાણીયે નહિ

છાંટે. કાં જે, ગામોગામ જ્યાં જાય ત્યાં પાકી રસોઈયું લેવાની બંધ કરી છે. એ સત્સંગીઓ બહુ આગ્રહ કરે ત્યારે કહે કે 'જોગી અને ભોગી ઓળખવા.' એમ પોતાનું ટાળ્યું અને બીજાનું પણ ટાળ્યું. હવે અમારાથી તે કેમ ખવાય ? માટે તમે જાઓ અને તેને કંઈક કહો કે આજની રીત પ્રમાણે વર્તે અને સૌનો ભાર રહેવા દે.''

આ સાંભળી ભગતજી બોલ્યા : ''આવું તો મેં નો'તું જાણ્યું. આ તો બીજાનો રોટલો બંધ કરવા માંડ્યા. હવે તેમનું કેમ સારું થાય ? લોકો બિચારા રૂપિયા ખરચી સાધુને રસોઈઓ દે અને આ બધા સાધુનાં લક્ષણો દેખાડીને બંધ કરે, એ તે કેમ ખમાય ? પણ હવે તમે આ ધીરજ રાખો. હું તેમને ભેગો થઈશ ત્યારે જરૂર ઠપકો દઈશ.''

પણ કુંજવિહારીદાસને કંઈ સંતોષ થયો નહિ એટલે તે બોલ્યા : ''તમારું એ નહિ માને. કેમ કે, વ્યાસજીએ લોકોને અવળે માર્ગે સત્તર પુરાણ કરીને ચઢાવ્યા અને દરેકને સર્વોપરી કહ્યા, પછી જ્યારે ભાગવતમાં શ્રીકૃષ્ણનું સર્વોપરીપણું નાખ્યું ત્યારે લોકોએ માન્યું નહિ અને દરેક કોઈ દેવીને, કોઈ શિવને, વ્યાસજીના પુરાણ પ્રમાણે મોટા માનવા લાગ્યા. એટલે વ્યાસનું પણ માન્યું નહિ. માટે અમે સર્વે સાધુ તમને આજ્ઞા આપીએ છીએ કે તમો તુરત જઈને તેમને વાતો કરો અને આજની રીત પ્રમાણે તેમને રાખો.''

ત્યારે ભગતજી હાથ જોડી બોલ્યા : ''બહુ સારું, ગુરુજી ! આપની આજ્ઞા માથે ચડાવીશ. હું તો આમાંનું કાંઈ જાણતો નથી અને ઘણા વખતથી અહીં આવ્યો નથી એટલે હું શું જાણું ?''

ત્યારે વળી શાસ્ત્રી ઉકળાટમાં બોલ્યા : ''તમને ક્યાં ખબર છે ? પેલા વિજ્ઞાનાનંદ સ્વામીનો સાધુ યજ્ઞપુરુષદાસ છે તેને બે દિવસ ઉપર ત્ર્યંબકલાલે પૂછ્યું : 'તમોએ સત્પુરુષ કોને માન્યા છે ?' ત્યારે તેણે સૌ વચ્ચે છાતી કાઢીને કહ્યું : 'જેને અમે સત્પુરુષ માન્યા છે અને જાણ્યા છે તેને તો આખો સત્સંગ ઓળખે છે.' એટલે ત્ર્યંબકલાલે કહ્યું : 'નામ તો બોલો.' ત્યારે તે કહે : 'મહુવાના પ્રાગજી ભગત. તે જ સદ્‌ગુરુ તથા એકાંતિક ભક્ત, જ્ઞાની, વિજ્ઞાની, વૈરાગ્યવાન, ધર્મનિષ્ઠ, અભિજ્ઞ - જે જે વિશેષણે કરીને વચનામૃત તથા શાસ્ત્રમાં બ્રહ્મસ્વરૂપ સંત કહ્યા છે તે એ જ છે, એમ અમે સર્વ જાણીએ છીએ.' તે સાંભળી ત્ર્યંબકલાલે તેમને પૂછ્યું : 'તે એવા છે ત્યારે બીજા સર્વે

કેમ તેમને માનતા નથી ?' ત્યારે તમારો શાસ્ત્રી કહે : 'શ્રીજીમહારાજ તથા મોટા મોટા સાધુઓને મુમુક્ષુ વિના કોણે માન્યા છે ? શુકજી તથા જડભરતને કોણે માન્યા છે ? પણ એ એવા મોટા છે જ.' એમ બહુ છકીને વાત કરે છે માટે તેમને ઠપકો દ્યો.''

ત્યારે ભગતજી કહે : ''એની તો થોડી અવસ્થા છે માટે બીજા મોટાને ઠપકો દઈશ.''

એટલે વળી અક્ષરપુરુષદાસ ભંડારી બોલ્યા : ''તમે ક્યાં અજાણ્યા છો ? ગુણાતીતાનંદ સ્વામી છતાં તમે છક્યા હતા અને આજ તમારા શિષ્યો છક્યા છે. તમે '૨૧ની સાલે ભાડેરના હરિભક્તને પ્રાયશ્ચિત્ત આપ્યું હતું એટલે પવિત્રાનંદ સ્વામી તમને વઢ્યા હતા.''

એટલે ભગતજી બોલ્યા : ''મને કંઈ ખબર નથી.''

ત્યારે તેમણે કહ્યું : ''જો જો, તમારા શિષ્યો તમને આગળ જતાં ફજેત કરશે. માટે તેમને સમજાવો અને આજના ત્યાગીની રીતમાં ભેળવો.''

એ સાંભળી ભગતજીએ કહ્યું : ''બહુ સારું, સ્વામી ! તમારી આજ્ઞા છે તેમ કરીશ.'' એટલું કહી ભગતજી ત્યાંથી નીકળ્યા.

સાધુઓના આ ઉપાડથી ભગતજીને કોઠારીએ ખાનગીમાં કહ્યું : ''હવે બીજાં ગામોમાં મહારાજ તથા હું કહું તો પણ તમારે ન જવું.''

ભગતજીએ હાથ જોડીને કહ્યું : ''બહુ સારું. તમારી આજ્ઞાથી ગયો હતો, હવે નહિ જાઉં.''

પછી કોઠારીએ કહ્યું : ''મહારાજ હાલમાં સુરત છે. તો સુરત જઈ પેટલાદની અને નડિયાદની સર્વ હકીકત તેમને જણાવો.''

એટલામાં, ભગતજીને સમાચાર મળ્યા કે અચાનક સ્વામી યજ્ઞપુરુષ-દાસજીને બહુ મંદવાડ થયો છે. એટલે ભગતજી તેમને આસને આવ્યા અને આખા શરીરે હાથ ફેરવીને હસીને બોલ્યા : ''તમે સાધુ પાસે બહુ જ છકીને બોલ્યા છો, તેથી મોઢામાં તરણું લઈને સૌને પગે લાગી માફી માગો એટલે મંદવાડ મટી જશે.'' તેથી યજ્ઞપુરુષદાસજીએ તુરત દરેકની માફી માગી. એટલે મંદવાડ મટી ગયો.

પછી ભગતજી ત્યાંથી સુરત જવા રવાના થયા. ભગતજી સુરત પધાર્યા અને ત્યાં આચાર્ય મહારાજનાં દર્શન કરી તેમને નડિયાદ તથા પેટલાદની

બધી હકીકત કહી.

સુરત બે દિવસ રહી, ભગતજી ત્યાંથી ચાણસદ પધાર્યા અને ત્યાંથી નડિયાદ આવ્યા.

નડિયાદમાં વિજ્ઞાનદાસજી તથા બીજા સાધુઓ ભગતજીના દર્શને આવ્યા. ભગતજીએ વિજ્ઞાનદાસજીને કહ્યું : ''તમોએ વરતાલમાં મારો મહિમા બહુ કહ્યો છે, તેથી ત્યાગીઓને ફાવતું નથી. માટે મોઢામાં તરણું લઈને બધાની માફી માગો અને કહો કે તમે જેમ કહો તેમ કરીશું અને સત્સંગની પ્રથા પ્રમાણે વર્તીશું.''

પછી બધા સાધુ વરતાલ જવા તૈયાર થયા. એટલે એક સાધુએ કહ્યું : ''આ યજ્ઞપુરુષદાસને કેમ મોકલતા નથી ?''

ત્યારે ભગતજી યજ્ઞપુરુષદાસજી સામું જોઈ હસતાં હસતાં બોલ્યા : ''એ તો કાપ્યું વ્યાજ ચૂકવે એવો છે અને ઝાઝું માથે ચડવા દે એવો નથી. માટે તમે બધા જાઓ.''

એટલે બધા સમજી ગયા કે યજ્ઞપુરુષદાસજી માફી માગીને આવ્યા છે. પછી ભગતજીએ સૌને ખાનગીમાં કહ્યું : ''આ વખતે તમને ખરું દુઃખ આવનાર છે, માટે નિર્માની થઈ ધીરજ રાખી ખમી રહેજો અને જેમ કહે તેમ હા પાડજો.'' એમ બહુ વાતો કરી શાસ્ત્રી બળરામદાસને મળવા ગયા.

બળરામદાસ ભગતજીની વાતો સાંભળે છે

બળરામદાસજીને ભગતજીનાં દર્શનથી ઘણો જ આનંદ થયો. તેમણે ભગતજીને કહ્યું : ''હવે તો મહુવા જવાના છો તે પાછા ક્યારે ગુજરાતમાં આવો. માટે વાતો કરો.''

એટલે ભગતજીએ ચુનીલાલ પાસે ગ.મ. ૪૯મું વચનામૃત વંચાવીને ભગવાન અને સંતના મહિમાની ઘણી વાત કરી અને કહ્યું : ''ભગવાનના જે આવા સાધુ કહ્યા તે કેવા હોય, તો દેહ અને દેહના સંબંધીને વિષે અહં-મમત્વનો ત્યાગ કરીને ને પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને ને સર્વ વાસનાનો ત્યાગ કરીને સ્વધર્મમાં રહ્યો થકો જે ભગવાનને ભજે છે તે સાધુ કહેવાય છે. અને એવું સાધુપણું આવ્યું તેને ને પુરુષોત્તમ ભગવાનને કાંઈ છેટું રહેતું નથી. અને બીજું સર્વે થાય પણ એવી સાધુતા આવવી ઘણી કઠણ

છે.'[૬૩] વળી, મહારાજે કહ્યું છે કે જે એકાંતિક ભક્ત હોય તે પોતાનું રૂપ દેહ માને નહિ ને પોતાને ચૈતન્યરૂપ માને અને સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તેણે સહિત ભગવાનની ભક્તિ કરે અને એક ભગવાન વિના બીજા કોઈ પદાર્થની વાસના રાખે નહીં. અને એ જ્યારે ભગવાનને ભજીને એવી રીતનો સાધુ થયો ત્યારે સાધુ થકી બીજી કોઈ મોટી પદવી નથી.[૬૪] માટે, જ્યારે આવી સાધુતા આવશે ત્યારે જ સુખ થશે.

''એવા સાધુ તો એક અનાદિ બ્રહ્મ મૂળ અક્ષર ગુણાતીત જ છે. તેના સંબંધે કરીને આપણે જ્યારે આપણા મૂળ સ્વરૂપને જોવા સમર્થ થઈએ અથવા તો તે રૂપ થઈએ ત્યારે એવી સાધુતા પ્રાપ્ત થાય. એવો જે નથી થયો તેને શ્રીજીમહારાજે અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની, ઘેલામાં અતિશય ઘેલો, મૂર્ખમાં અતિશય મૂર્ખ અને નીચમાં અતિશય નીચ કહ્યો છે.[૬૫]

''આવું ઘોર અજ્ઞાન કાઢવા માટે મહારાજે આગળ કહ્યું છે તે જો એ જીવ ભગવાનના પ્રતાપને વિચારીને અંતર્દૃષ્ટિ કરે તો એ અજ્ઞાન ટળે અને પોતાના સ્વરૂપને અતિ ઉજ્જ્વલ અને પ્રકાશે યુક્ત દેખે અને તેમાં પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિનાં દર્શન તેને થાય. પરંતુ ભગવાનનો પ્રતાપ તો ભગવાનના એવા સાક્ષાત્ સંબંધવાળા સંત જો મળે ત્યારે જ જણાય. માટે જેમ સૂર્ય-નારાયણ બહારનું અંધારું ટાળે છે, તેમ એવા ગુરુ થકી અંતરનું અંધારું ટળે છે અને બુંદસૃષ્ટિનો જે આ દેહ તેને ધીરે ધીરે નાદસૃષ્ટિનો દેહ બંધાય છે. એવા ગુરુના શબ્દબ્રહ્મથી, દેહ-ઈન્દ્રિયો-અંતઃકરણથી જીવાત્મા છૂટો પડતો જાય છે; કારણ કે એવા સત્પુરુષ તો હંમેશાં એ જ ઉપદેશ કરે છે : 'તું તો દેહ, ઈન્દ્રિય, મન અને પ્રાણ થકી જુદો છે, સત્ય છે અને તેનો જાણનારો છે અને દેહાદિક સર્વે અસત્ય છે.'[૬૬] એમ જીવાત્માને દેહાદિક ભાવથી છૂટો કરે છે. પછી એ જીવને પ્રત્યક્ષ બ્રહ્મસ્વરૂપ એવા જે સંત ગુરુહરિ, તેના મનન દ્વારા સંગે કરીને બ્રહ્મમય તનુ બંધાય છે અને તે પ્રકાશમય ઉજ્જ્વલ ચૈતન્યસ્વરૂપમાં શ્રીજીમહારાજ પુરુષોત્તમનાં દર્શન તેને થાય છે. કારણ કે

---

૬૩. ગ.પ્ર. ૪૪.

૬૪. ગ.મ. ૨૨.

૬૫. ગ.પ્ર. ૨૦.

૬૬. ગ.પ્ર. ૧૬.

મહારાજ તો અક્ષરબ્રહ્મ, ઈશ્વર, જીવ, માયા અને માયાનું કાર્ય જે બ્રહ્માંડ તે સર્વેમાં અંતર્યામીપણે અને નિયંતાપણે અન્વયસ્વરૂપે રહ્યા છે.[૬૭] પરંતુ જ્યારે એ ભક્ત પોતાને દેહરૂપે માનતો હોય, ત્યારે ભગવાનને જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિના સાક્ષી જાણે અને જ્યારે પોતાને જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ થકી પર માને ત્યારે ભગવાન તે થકી પર ભાસે છે.[૬૮] એવી રીતે જ્યારે એ જીવ પોતાના સ્વસ્વરૂપના (બ્રહ્મના) ભાવને પામે છે, અને સત્તામાત્ર બ્રહ્મરૂપ બને છે, ત્યારે પ્રથમ તેને પોતાના દેહાદિક ભાવથી ભગવાન સાક્ષીરૂપે ભાસતા હતા, તે જ પોતે સ્વયં પુરુષોત્તમ સ્વરૂપે તેને દેખાય છે અને પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિ અને ધામની મૂર્તિ તેમાં લગાર પણ ભેદ જણાતો નથી. આ પ્રકારનું જે આત્મદર્શન તે સત્પુરુષ વિના સિદ્ધ થતું નથી.[૬૯] તેથી જ મહારાજે કહ્યું છે કે 'ઉપાસના વિના આત્માને દેખવો કે બ્રહ્મને દેખવું તે તો થાય જ નહિ. ઉપાસનાએ કરીને જ આત્મા તથા બ્રહ્મ દેખાય છે.'[૭૦] માટે સત્સંગમાં સિદ્ધ સ્થિતિ કર્યા વિના જેમ છે તેમ મહારાજની મૂર્તિનું સુખ નહિ જ આવે અને અંતે સત્સંગના વ્યવહારના કજિયામાં પડી અંતર ઉઝરડાઈ જશે. માટે એકાંતિકનો ધર્મ સિદ્ધ કરી લેવો.''

ભગતજીની આવી અગાધ બ્રહ્મવાણીથી શાસ્ત્રી તો અવાક્ થઈ ગયા. આવી સ્થિતિવાળામાં બીજાનું મન ખેંચાય, તેથી પ્રાકૃત બુદ્ધિવાળા દ્રોહ પણ કરે તે સ્વાભાવિક છે. તેથી તેમણે ભગતજીને કહ્યું : ''આવું તમારું જ્ઞાન અને સ્થિતિ જોઈ, સાધારણ સાધુ તો 'તેમનો ભાર હવે રહેશે નહિ' તેમ જાણી તમને વરતાલ ન આવવા દે તે સ્વાભાવિક છે. માટે હવે તો તમારા શિષ્યોને તમારે ત્યાં મહુવા સમાગમ માટે આવવું પડશે.''

ભગતજી આ સાંભળીને બોલ્યા : ''જે મારો શિષ્ય હોય તે ભગવાનનું અખંડ સમીપપણું જ અનુભવે અને ભગવાન તેને છેટે મનાય જ નહિ. અખંડ ભગવાનને સંભારે અને એક ઘડી પણ સ્મરણ ન ભૂલે. વળી, ત્રણે અવસ્થામાં પોતાનું રૂપ દેહ માને જ નહિ અને ભૂંડો અધર્મનો ઘાટ થાય જ

૬૭. ગ.પ્ર. ૭.

૬૮. સા. ૧૭.

૬૯. વર. ૧૧.

૭૦. ગ.અં. ૩૬.

નહિ અને પોતાના સંગીને શાંતિ કરે. એવો જે હોય તે મારો શિષ્ય કહેવાય. મારા શિષ્ય થવું તો બહુ કઠણ છે.'' આટલા જ થોડા જ શબ્દોમાં શાસ્ત્રીને સાચા સાધુની રીત ભગતજીએ સમજાવી દીધી.

શ્યામ બીન કૈસી બીતી દિન રતિયાં

બીજે દિવસે સર્વે સંતમંડળ વરતાલ બધા સંતોની, ભગતજીની આજ્ઞા પ્રમાણે માફી માગી, મંગળાનાં દર્શન કરી પ્રસાદીના હાર લઈ નડિયાદ આવ્યા. મંદિરે આવી મેડા ઉપર ભગતજીનાં દર્શન કરવા જતાં દાદરો ચડતા હતા, ત્યાં ભગતજી તેમને જોઈ હસતાં હસતાં બોલ્યા કે -

''કૈસી બીતી દિન રતિયાં, શ્યામ બીન કૈસી બીતી દિન રતિયાં.''

આ કીર્તનનો મર્મ જે ખરેખરા પ્રગટમાં જોડાયેલા હતા તે તો સમજી ગયા.

ગુણાતીતાનંદ સ્વામીએ ગામ બાબાપરમાં પણ આ જ મર્મની વાત કરી હતી કે જે છે તે તો અહીં છે અને જૂનાગઢમાં તો હવે ડુંગર છે.

મહારાજે પણ કા.૧૧માં કહ્યું છે : ''જેને ભગવાનને વિષે દૃઢ પ્રીતિ છે... અને શબ્દાદિક પંચવિષયે કરીને ભગવાન સંગાથે દૃઢપણે જોડાણો છે, તે ભક્ત ભગવાનની આજ્ઞાએ કરીને જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં ભગવાનની મૂર્તિ પણ એ ભક્ત ભેળી જ જાય છે ને જેમ એ ભક્તને ભગવાન વિના રહેવાતું નથી, તેમજ ભગવાનથી પણ એ ભક્ત વિના રહેવાતું નથી અને એ ભક્તના હૃદયમાંથી આંખનું મટકું ભરીએ એટલી વાર પણ છેટે રહેતા નથી. એટલે જેમાં ભગવાન સાક્ષાત્ બિરાજમાન હોય તે મૂર્તિમાં મુમુક્ષુ હોય તે તો ખેંચાય જ; પણ જેને ભગવાનનાં દર્શન કરવાની દૃષ્ટિ જ ન હોય તે તો એવા પુરુષને માયિક દૃષ્ટિએ જ જુએ. એવા[૭૧] મૂઢમતિ અજ્ઞાની જીવો અંતે કેવળ દુર્દશા જ પામે છે.''

પછી ભગતજીને બધાએ વરતાલથી લાવેલા હાર પહેરાવ્યા અને દંડવત્ કર્યા. ભગતજી પણ બધાને પ્રેમથી મળ્યા અને વાતો કરી શાંતિ પમાડી.

ભગતજી નડિયાદમાં એક દિવસ રોકાઈ બીજે દિવસે મહુવા જવા નીકળ્યા. ભગતજીને વળાવવા સારુ નારના ઝવેરભાઈ વઢવાણ સુધી સાથે

૭૧. अवजानन्ति मां मूढां मानुषीं तनुमाश्रितम् ।
परं भावमजानन्तो मम भूतमहेश्वरम् ॥ – શ્રીમદ્‌ભગવદ્‌ગીતા : ૯/૪૧

ગયા હતા. વઢવાણથી છૂટા પડતી વખતે તેમણે ભગતજીને દંડવત્ કર્યા અને પ્રાર્થના કરી : ''ભગતજી મહારાજ ! આપને વિષે દિન દિન પ્રત્યે સ્નેહ વધે એવો વર આપો.''

ત્યારે ભગતજી ગંભીર થઈને બોલ્યા : ''આગળ એવો દેશકાળ આવશે કે આટલું પણ રહેશે કે નહિ તે સંશય છે. માટે જેમ સમજો છો તેમ સમજીને સ્થિર મતિ રાખી ભજન કરશો તો સ્નેહ ઓછો નહિ થાય.'' એમ કહી છૂટા પડ્યા અને મહુવા પધાર્યા.

વર્તમાનકાળે હું ભગતજી દ્વારે જ પ્રગટ છું

પીજના મોતીલાલભાઈએ ભગતજીનો નડિયાદમાં સમાગમ કર્યો અને પછી ઘેર ગયા ત્યારે તેમને એમ સંકલ્પ થયો : ''ભગતજી જો ખરેખર સત્પુરુષ હોય, તો મને અખંડ ભજન થાય.''[૭૨] ભગતજીની વાતોમાંથી તેમણે એવું સાંભળ્યું હતું કે સત્પુરુષના વચનમાં વિશ્વાસ લાવી શ્રદ્ધાથી જે મંડે તેને થોડાકમાં સુખ આવે. આથી, તેમણે ઘેર આવીને અખંડ ભજનનો આદર કર્યો. એક જ મહિનામાં એવું સુખ આવ્યું અને અખંડ ભજન થવા લાગ્યું. જેથી તેમને દેહ, વ્યવહાર અને જગતમાત્ર ખોટું થઈ ગયું.

આવા ભજનના પ્રતાપથી તેમને એક રાત્રે શ્રીજીમહારાજનાં દર્શન થયાં. ત્યારે તેમણે મહારાજને પૂછ્યું : ''મહારાજ ! પ્રાગજી ભગતને કેવા સમજવા ?''

ત્યારે મહારાજે કહ્યું : ''પ્રાગજી ભગત મારા પરમ એકાંતિક ભક્ત છે અને વર્તમાનકાળે હું એ દ્વારે સત્સંગમાં પ્રગટ છું. તું તેમને ઉઘાડા કરીને સૌને ખબર કર. મારી આજ્ઞા છે.''

આ દર્શનથી તેમને ભગતજીના સ્વરૂપની પ્રતીતિ થઈ અને સવારે ઊઠીને, આ વાતનો બધે વિસ્તાર કરવા સારુ એક રૂપિયાનાં ૬૪ પોસ્ટકાર્ડ લીધાં અને નડિયાદ આવ્યા. ચોસઠ પોસ્ટકાર્ડ ગામેગામ પોતાના હેતવાળાને લખ્યાં અને તેમાં જણાવ્યું : ''મહુવા બંદરના પ્રાગજી ભગતને આચાર્ય મહારાજે શ્રાવણ માસમાં બોલાવી નડિયાદ મોકલ્યા હતા. એમનો સમાગમ

૭૨. તેમણે ભગતજીનો સમાગમ નડિયાદમાં કર્યો હતો અને વળી, વિજ્ઞાનદાસ સ્વામી નડિયાદ પધાર્યા ત્યારે તેમના વચને ભગતજીને સત્પુરુષ પણ માન્યા હતા.

કરવા હું નડિયાદ ગયો હતો. એમના સમાગમથી મને એમ નિશ્ચય થયો કે વચનામૃતમાં જ્યાં જ્યાં મહારાજે એકાંતિકનાં લક્ષણ કહ્યાં છે તે બધાં ભગતજીમાં મળતાં આવે છે. માટે મહારાજ વર્તમાનકાળે એ દ્વારે સત્સંગમાં પ્રગટ છે. તેથી મુમુક્ષુઓએ એમનો સમાગમ કરવો, પણ દ્રોહ તો કરવો જ નહિ. એમનો દ્રોહ કરવો તે અગ્નિમાં હાથ નાખવા જેવું છે.''

આ પ્રમાણે પોસ્ટકાર્ડ મોકલી દીધાં. વળી, એક પોસ્ટકાર્ડ ભગતજીને પણ, મહારાજે જે દર્શન દીધાં હતાં તે જણાવવા સારુ લખ્યું.[૭૩]

વિજ્ઞાનદાસજી આદિને વરતાલ બહાર કર્યા

આ કાગળોની અસર એ થઈ કે ભગતજીનો મહિમા આખા ગુજરાતમાં ઘરોઘર ફેલાઈ ગયો. આથી, દ્વેષબુદ્ધિવાળાથી આ સહન ન થયું. એટલે બધાએ ભેળા મળી એવું નક્કી કર્યું : ''આ વખતે તો પ્રાગજી ભગતનું બીજ જ રહેવા ન દેવું.'' એવો ઠરાવ કરી વરતાલમાં સભા ભરી. આ સભામાં મોતીભાઈના હરિભક્તો ઉપર લખેલાં પોસ્ટકાર્ડ બને તેટલી જગ્યાએથી મેળવી રજૂ કર્યાં.

આ સભામાં પ્રથમ તો મહાપુરુષદાસજીને બોલાવ્યા અને તેમને કહ્યું : ''તમોએ પીજના મોતીભાઈને શીખવીને પ્રાગજી ભગતના મહિમાનાં પોસ્ટકાર્ડ ગામોગામ લખાવ્યાં, માટે ધોળાં પહેરો.''

મહાપુરુષદાસજીને તો ભગતજીનું વચન ધ્યાનમાં હતું : ''આ વખતે તમારે ખરું દુઃખ આવનાર છે. માટે નિર્માની થઈ ધીરજ રાખી ખમી રહેજો. અને જેમ કહે તેમ હા પાડજો.'' તેથી તેમણે તો તુરત જ ધોળાં પહેરી લીધાં.

પરંતુ આથી તો બધાને લાગ્યું : ''આમણે તો કશા પણ વિરોધ વિના ધોળાં પહેર્યાં અને સત્સંગમાં રહ્યા.'' આ તો ઊલટું વેર વધ્યું એટલે સર્વેએ નક્કી કર્યું : ''પ્રાગજી ભગતના મંડળના તમામ સાધુને બહાર જ કાઢવા, જેથી શાંતિ થાય.''

આ નિર્ણય કરવા માટે સંવત ૧૯૪૫ના કાર્તિક સુદ ૧૧ના સમૈયે સભા થઈ. આ અરસામાં, કોઠારી ગોવર્ધનભાઈ આંખનું ઑપરેશન કરાવવા મુંબઈ ગયા હતા. તેથી આ તકનો લાભ લઈ પ્રાગજી ભગતના બધા

૭૩. જુઓ પરિશિષ્ટ : ૪, પૃ. ૫૭૦.

સાધુઓને બહાર કાઢવા એમ સૌએ નક્કી કર્યું અને આચાર્ય મહારાજ પાસે જઈ રજૂઆત કરી : ''આજે તો પ્રાગજી ભગતના હેતવાળા તમામ સાધુઓને બહાર કાઢો, નહિ તો ભંડાર બંધ રહેશે.''

ભોળી પ્રકૃતિના મહારાજ આ વિરોધથી મૂંઝાયા. પરંતુ પાછળથી ધીરે ધીરે સમાધાન કરશું એમ ધારીને વિજ્ઞાનદાસજી, કેશવપ્રસાદદાસજી, યજ્ઞપુરુષદાસજી, નારાયણચરણદાસજી, પુરુષોત્તમદાસજી, કોઠારી બેચર ભગત (સ્વામી મહાપુરુષદાસજીને પણ ધોળાં પહેરાવ્યાં હોવાથી હવે બેચર ભગતના નામે ઓળખાતા હતા), નાથા ભગત તથા શંકર ભગત એમ મળી લગભગ ૧૨ જણાને બહાર કર્યા.

તે જ દિવસે આ સંતો વરતાલથી નીકળી ગયા, પરંતુ યજ્ઞપુરુષદાસજી તો ન નીકળ્યા; કારણ કે ભગતજીની આજ્ઞા દરવાજો છોડવાની ન હતી. તે જ દિવસે સાંજે તેમણે વિચાર્યું : 'આ બધાનો સાથ ખોવો ઠીક નહિ.' એટલે પોતાની ઝોળી, પુસ્તક વરતાલમાં જ રાખી ખાનગીમાં વિજ્ઞાનદાસજી જે બાજુના ગામમાં હતા તેમને મળ્યા અને કહ્યું : ''મને તો ભગતજીએ દરવાજો છોડવાની ના કહી છે, તે મારે કેમ કરવું ?''

એટલે વિજ્ઞાનદાસજીએ કહ્યું : ''એ દરવાજો તો એકાંતિક સત્પુરુષ; પણ ઈંટ-પાણાનો દરવાજો નહિ. માટે ભગતજી એ જ મોક્ષનો દરવાજો છે. તે જો તમો આવો તો ઠીક, નહિ તો તમારી મરજી.''

પછી યજ્ઞપુરુષદાસજી વરતાલ પાછા ગયા. આચાર્ય મહારાજની તેમના ઉપર અપાર દૃષ્ટિ હતી. આથી, તેમણે તેમને બોલાવીને કહ્યું : ''હાલ તો ઉપાધિ છે એટલે બહાર રહો. થોડા દિવસે સત્સંગમાં લઈ લેશું.''

મહારાજની આ આજ્ઞાથી યજ્ઞપુરુષદાસજી પણ બધા સંતો ભેગા ગયા.

આમ, ભગતજીએ નડિયાદથી મહુવા જતાં વિજ્ઞાનદાસજીને બોલાવીને કહ્યું હતું : ''આ વખતે તમારે ખરું દુઃખ આવવાનું છે,'' તે સત્ય ઠર્યું.

❀

આ સર્વ સંતો વરતાલથી નીકળી નડિયાદ આવ્યા અને ત્યાં બારોટના ચોરામાં ઊતર્યા. તેમની કથા, વાર્તા, કીર્તન અને ભજન-ભક્તિના પ્રસંગથી નડિયાદના હરિભક્તોને બહુ જ આનંદ થયો. ભગતજીના અતિ મહિમાવાળા નડિયાદના સર્વ હરિભક્તો, આ મંડળને આ અન્યાય કર્યો તેથી રોષે

ભરાયા. પરંતુ સાધુઓએ સમજાવ્યા અને શાંત પાડ્યા એટલે હમણાં તો કથાવાર્તા જ કરવી એમ સૌએ નક્કી કર્યું. ત્યાંથી આજુબાજુનાં ગામના હરિભક્તોના આગ્રહથી આ મંડળ વસો, ત્રાજ વગેરે ગામોમાં ફરવા નીકળ્યું.

તે દરમ્યાન ભાદરણના પુરુષોત્તમ મહુવા ભગતજીનાં દર્શને ગયા હતા. તેમને ભગતજીએ તુરત જ પાછા જવાનું કહ્યું અને તેમની સાથે કહેવરાવ્યું : ''વિજ્ઞાનદાસ, બેચર ભગત વગેરે ગમે તેમ કરી સત્સંગમાં રહે તેમ કહેજ્યો.'' તેથી તે વસો આવ્યા અને ભગતજીએ કહેલી વાત તેમને કહી. આથી વસોના પુરુષોત્તમભાઈને સાથે લઈ બધા સાધુ વરતાલ ગયા.

પુરુષોત્તમભાઈ આચાર્ય મહારાજને મળ્યા ત્યારે તેમણે કહ્યું : ''પ્રાગજી ભગતનો તથા તેમના શિષ્યોનો હું મહિમા જાણું છું, પણ બધું સમયે સાનુકૂળ થઈ જશે. માટે હમણાં વાત પડતી મૂકો.'' એમ કહી બધા સાધુઓને ઉતારો કરાવી ગોદડાં મોકલ્યાં અને બે દિવસ રાખ્યા. બારોબાર સીધું લલ્લુ શિવલાલને ત્યાંથી અપાવ્યું. એમ સરભરા કરી.

વરતાલમાં બે દિવસ રહી આ મંડળ મહેળાવ, સીંજીવાડા, સોજીત્રા, ગાડા વગેરે ગામોમાં ફરી, પૂનમ કરવા પાછા વરતાલ આવ્યા. પછી આણંદ, ભાલેજ, ઉમરેઠ, ઠાસરા વગેરે ગામોમાં ફર્યા.

એ અરસામાં, ચાણસદના વૈદ્ય વિશ્વનાથભાઈ ભગતજીનો મહુવા સમાગમ કરી પાછા આવ્યા હતા. તેમની સાથે ભગતજીએ નારના ઝવેરભાઈ ઉપર બે કાગળો મોકલ્યા હતા અને લખ્યું હતું : ''વરતાલ જઈ વિજ્ઞાન-દાસજી તથા બીજા સાધુને પાછા રાખે એમ યત્ન કરજો.'' આથી, બધું મંડળ વરતાલ ગયું, પરંતુ આ પ્રયત્ન પણ વ્યર્થ ગયો.

સાધુમંડળ મહુવામાં

પછી સૌએ વિચાર કર્યો : ''જ્યારે મહારાજની ઇચ્છાથી આવી તક મળી છે તો મહુવા જઈને ભગતજીનો સમાગમ કરીએ.''

આથી બધા સાધુઓ મહુવા ગયા અને ભાદરોડના મંદિરમાં ઉતારો કર્યો. વહેલી સવારે યજ્ઞપુરુષદાસજી, પુરુષોત્તમદાસજી, ઘનશ્યામચરણદાસજી તથા પીજના મોતીભાઈ ગોપાળજી તથા ત્રાજના મોહનભાઈ બારોટ તથા ભૂધરભાઈ એ બધા મહુવા ગયા. ભગતજીનું ઘર કોઈએ જોયેલું નહિ. તેથી

આ ત્રણે સાધુ એક જગ્યાએ બેઠા અને હરિભક્તો ભગતજીનું ઘર શોધવા ગયા. ઘરનો પત્તો લાગ્યો નહિ, એટલે તે બધા થાકીને એક દુકાનને ઓટલે બેઠા. એટલામાં ભગતજી અંતર્યામીપણે જાણીને લોટો લઈને હરિભક્તો જ્યાં બેઠા હતા તે જગ્યાએથી જ બહિર્ભૂમિ જવા નીકળ્યા.

આમ અચાનક ભગતજીને જોયા, એટલે હરિભક્તો આનંદમાં આવી ગયા અને દંડવત કરી બધા પગે લાગ્યા. ભગતજીએ બધાની ખબર પૂછી. પછી જ્યાં સાધુ બેઠા હતા ત્યાં આવ્યા. સાધુ તો ભગતજીને જોઈને જ એકદમ દંડવત કરવા લાગ્યા. તેથી ભગતજી તેમને વઢવા લાગ્યા અને બોલ્યા : ''તમે તો છેક નિર્લજ્જ થઈ ગયા છો, મારી તો તમને લાજ ન અડી પણ બીજા હરિભક્તોની પણ લાજ ન અડી.'' પછી યજ્ઞપુરુષદાસ તરફ જોઈ તેમને કહ્યું : ''તમે ભણેલા થઈ કેમ ભૂલ્યા અને શા સારુ નીસર્યા ?''

ત્યારે યજ્ઞપુરુષદાસજી નિર્દોષભાવે મંદ મંદ હસતાં બોલ્યા : ''વિજ્ઞાનદાસજીની આજ્ઞામાં રહેવું એવી આપની આજ્ઞા છે, તેથી એમની આજ્ઞાથી નીકળ્યા છીએ.''

એટલે ભગતજી બોલ્યા : ''ક્યાં છે વિજ્ઞાનદાસજી ?''

પરંતુ આ સંતોને તો ભગતજીને વિષે અત્યંત દિવ્યભાવ હતો એટલે તેમનાં સર્વ ચરિત્રોથી આનંદ પામતાં, તેમના શબ્દે શબ્દે અમૃત પીતા હતા. એમ વાતો કરતાં સૌ નદીમાં આવ્યા.

એટલામાં ભાદરોડથી વિજ્ઞાનદાસજી તથા બીજા સાધુઓ પણ ઝોળીઓ લઈ ત્યાં આવી પહોંચ્યા. ભગતજીને સામેથી આવતા જોઈને તે બધા દંડવત કરવા લાગ્યા, એટલે ભગતજી એકદમ લાલચોળ થઈ ગયા અને તેમને કહેવા લાગ્યા : ''તમોએ મોતીલાલના કહેવાથી કાગળો લખ્યા અને નીકળ્યા, માટે હવે તેને ત્યાં જાઓ. મારી પાસે આવશો નહિ.''

એટલામાં તેમની નજર મોતીલાલ ઉપર પડી એટલે બોલ્યા : ''અહો ! મોતીલાલ ! તમે પણ આવ્યા છો કે ?''

પછી કહે : ''તમો આ નદીમાંથી જ પાછા જાઓ.'' એટલું કહી ભગતજી પાછા વળી ગયા. ભગતજીના આટલાં વર્ષોના સમાગમથી તેમની મરજીને યત્કિંચિત્ જાણનાર આ સાધુ એટલું તો સમજી શક્યા કે ભગતજીને સર્વેને મહુવા લઈ જવાની ઇચ્છા છે. તેથી બધા તેમની પાછળ પાછળ ગયા.

પછી ભગતજીએ તેમને ગોપનાથના મંદિરમાં ઉતારો કરાવ્યો.

નાહી, પૂજા કરી બધા મંદિરમાં આવ્યા. ત્યાં ભગતજી બેઠા હતા. ગઢડાના સાધુ રઘુવીરચરણદાસજીના દેખતાં ભગતજીએ બધા સંતોને કહ્યું : ''તમોને ભાથું બંધાવું અને વળાવવા આવું; પણ પાછા જાઓ.'' પણ ભગતજીથી જુદા પડવાનું કોઈને ગમતું નહિ એટલે કોઈ બોલ્યા નહિ.

ભગતજી તેમનો ભાવ સમજી ગયા. એટલે રઘુવીરચરણદાસજીને કહ્યું : ''આ સાધુ મારું માને એમ નથી, માટે તમારે ફાવે તેમ કરો. તમારી આજ્ઞા વિના એમના ભેળો હું થવાનો નથી.''

પછી તો સાધુઓને આજ્ઞા કરી એટલે બધા પોતાને ઉતારે ગોપનાથના મંદિરમાં આવ્યા અને પછી બબ્બે સાધુ વારાફરતી મંદિરમાં આવે અને ભગતજી તેમને કથાવાર્તા કરી આનંદ પમાડે. આ પ્રમાણે થોડા દિવસ ચાલ્યું. ત્યારે એક દિવસ ભગતજીએ રઘુવીરચરણદાસને કહ્યું : ''આ પુરાણી કેશવ-પ્રસાદ તથા શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી એ બે જીવતા જીવ છે અને વળી ભણેલા છે. તેમનાથી મંદિરમાં ઘણો સમાસ થશે. માટે એ બંનેને આપણા મંદિરમાં લઈ લઈએ.''

ત્યારે રઘુવીરચરણદાસ કહે : ''બહુ સારું.'' એટલે ગીગા ભગતને આજ્ઞા કરી. તેથી તે બંને મંદિરમાં આવ્યા.

તમને સત્પુરુષ મળ્યા છે તે શી ફિકર છે ?

બીજે દિવસે કેટલાક હરિભક્તો સમક્ષ સાધુ રઘુવીરચરણદાસજીએ આ બંને સંતોને પૂછ્યું : ''તમે પ્રાગજી ભગતને શું સમજો છો ?''

ત્યારે તેમણે કહ્યું : ''પરમ એકાંતિક સમજીએ છીએ. બીજું કાંઈ સમજતા નથી.''

ત્યારે ભગતજીએ કહ્યું : ''ઠીક સમજે છે અને જેવું જાણવું ઘટે તેવું જાણે છે અને સારા છે માટે રાખો.''

પછી ભગતજીએ તે બંને સંતોને કહ્યું : ''રઘુવીરચરણદાસની આજ્ઞા પાળજો. તેમની આજ્ઞા એ મારી આજ્ઞા છે, એમ માનજો.''

પછી તે જ દિવસે સાંજે ભગતજીને આસને મંદિરમાં બંને સંતો પગે લાગવા ગયા, ત્યારે બંનેનો ખભો થાબડીને ભગતજીએ કહ્યું : ''આનંદમાં

રહેજો. તમને સત્પુરુષ મળ્યા છે તે શી ફિકર છે ?''

આ પ્રમાણે બંને સંતોને ભગતજીનાં દર્શન સમાગમનું ઘણું સુખ આવ્યું અને બીજા સાધુ તો મંદિરમાં વારાફરતી આવે અને જાય.

આ બંને સંતોની ક્રિયા જોઈને મંદિરના સાધુઓને પણ ઘણો જ ગુણ આવ્યો અને ભગતજીને પણ તેમણે કહ્યું : ''સાધુ તો બહુ સારા છે અને ભગવદી પણ છે.''

ભગવાન તો પોતાના ભક્તની સમીપમાં હંમેશાં રહે છે

બીજે દિવસે આ બંને સંતો ભગતજી પાસે બેઠા હતા. ભગતજી મહારાજ, યજ્ઞપુરુષદાસજી પાસે ઉદ્ધવ ગીતા વંચાવતા હતા. તેમાં આ કડવું આવ્યું કે –

'વીરા અમે કરી પરમ વિવેક, પૂછું પ્રશ્ન મોહનજીને એક,
પ્રભુ તમને પડી એ શી ટેવ, ભજતા ભજો નહિ દેવ.
હસી બોલિયા શ્રીહરિ વાણી, સુણો સુંદરી પરમ શ્યાણી,
ભજતાને ભજે નહિ જેહ, ગુરુ દ્રોહી કૃતઘ્ની તેહ.'

આ લીટી આવી ત્યારે યજ્ઞપુરુષદાસજી ભગતજી સામું જોઈને હસ્યા અને કહ્યું : ''આમાં મુક્તાનંદ સ્વામીએ ભજતાને જે ભજે નહિ તેને ગુરુદ્રોહી અને કૃતઘ્ની કહ્યા છે.''

ભગતજી તેમનો મર્મ સમજી ગયા અને અતિ પ્રેમથી મંદ મંદ હસતાં બોલ્યા : ''આગળ વાંચો.''

પછી આગળ વાંચ્યું :

'મું'માં દોષ ન લાવશો એહ, મારે ભક્ત શું પરમ સનેહ;
હું તો ભક્તનો દોર્યો દોરાઉં, ભક્ત કાજ દશોદિશ જાઉં.
તમે ત્યાગ કર્યો સુખસાજ, મારે અર્થે તજી લોકલાજ;
તમને જાણી સદા નિજદાસ, કરવા પ્રેમનો અધિક પ્રકાશ.
ભજું પ્રોક્ષ રહીને હું પ્યારી, સત્ય માનજો વાત અમારી;
જોતાં ભક્તિ તમારી ઉદાર, હું ન છૂટું કરી ઉપકાર.
છોડો સાધુપણું સુકુમારી, તો હું છૂટું એ લીધું વિચારી;
મુક્તાનંદના વા'લાની વાત, સુણી જાણ્યા પ્રીતમ સાક્ષાત્.'

પછી ભગતજીએ વાત કરી : ''જુઓ, શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજી સાથે ગોપીઓને કહેવરાવ્યું કે 'ઇન્દ્રિયો, અંતઃકરણ, દેવતા અને જીવ તેના આશ્રયપણે કરીને તમારે સમીપે હું રહ્યો છું. જેમ પંચમહાભૂત બ્રહ્માંડને વિષે રહ્યાં છે ને તેનાં તે જ સર્વના દેહમાં પણ રહ્યાં છે, તેમ જે હું આ મથુરામાં રહ્યો છું, તે તો જેમ મહાભૂત વિશેષપણે કરીને બ્રહ્માંડને વિષે રહ્યાં તેમ રહ્યો છું, અને જેમ એ ભૂત જીવોના દેહમાં સામાન્યપણે રહ્યાં છે, તેમ હું તમારી પાસે રહ્યો છું. અને જે હું નથી દેખાતો, તે તો તમારા ચિત્તની વૃત્તિનો મારે વિષે નિરોધ થાય, તેને અર્થે નથી દેખાતો, પણ રહ્યો તો મૂર્તિમાન છું.'[૭૪]

''આમ, ભગવાન પોતાના ભક્તની સમીપપણે હંમેશાં વર્તે છે, પણ અંતર્દષ્ટિ કરીને અખંડ સમીપપણું જે અનુભવતો હોય તેને એ ખબર પડે. માટે ભગવાન તો પોતાના ભક્તથી છેટે જતા જ નથી અને વળી, છૂપા રહીને તે ભક્તની ભક્તિ કરે છે, એ જ ભગવાનને વિષે મોટો ગુણ છે. પણ મારી આજ્ઞા લોપી છે, તેથી મેં છેટે રાખ્યા છે. નહિ તો પાછા લાવીને પાંચ દિવસ રાખીને મોકલત. પણ હવે ભજન કરજો એટલે મહારાજ બધી રીતે સાનુકૂળતા કરશે.''

પછી યજ્ઞપુરુષદાસ પાસે ત્રણ કેરી હતી તે તેમણે ભગતજીને જમાડી અને રાજી કર્યા.

તે દિવસે મંદિરમાં ભગતજીની કેરી-પૂરીની રસોઈ હતી એટલે ભગતજીએ આ બે સંતોને તથા મંદિરના સંતોને ઘણા જ આગ્રહથી જમાડ્યા. વળી, આ બે સંતોને પણ સર્વ પ્રકારે વાતોથી, દર્શનથી સુખ આપ્યું. એટલે આ બે સંતો તો કૃતાર્થ થઈ ગયા. પરંતુ બીજાને આ લાભ નથી મળતો, એટલે કેશવપ્રસાદ પુરાણીએ બપોરની કથા પછી ભગતજીને કહ્યું : ''પેલા બહાર છે તેમને પણ સુખ આપો.''

ત્યારે ભગતજી કહે : ''ભજન કરો. તેમણે ભગવાન કાંઈ વેચી ખાધા છે ? તેમના પણ ભગવાન છે. તે ભેગું થવાનું નહિ થાય ? એ તો થશે જ.'' એમ કહ્યું. આથી, પુરાણી સમજી ગયા : ''નક્કી કંઈ સમાધાન થશે.''

એટલામાં સાધુ રઘુવીરચરણદાસજી આવ્યા અને ભગતજી પાસે બેસીને કહ્યું : ''લ્યો ભગતજી ! વરતાલથી કોઠારીનો કાગળ શુભ સમાચારનો

૭૪. લોયા ૧૫.

આવ્યો છે. તેમાં લખે છે : 'આ સત્સંગમાં ઘણાં બંડ ઊઠ્યાં છે. માટે પ્રાગજી ભગતને માલૂમ થાય જે, તમારું પણ આ બંડ કહેવાય નહિ એમ સમજી સાધુઓને સમજાવી વરતાલ મોકલજો.''

પછી સૌએ ભગતજીને કહ્યું : ''તમે વિજ્ઞાનદાસને સમજાવો.''

તેથી ભગતજી બીજે દિવસે ગોપનાથ મહાદેવમાં ગયા અને બધાને મંદિરમાં લાવ્યા. આમ, ભગતજીએ કેશવપ્રસાદ પુરાણીને કહ્યું હતું કે તેમના પણ ભગવાન છે, તે ભેગા થવાનું થાશે જ - એ વાત તુરત જ સત્ય ઠરી.

આ પ્રાગજી ભગતમાં તમે શું દીઠું છે ?

આ બધા સંતો મંદિરમાં આવ્યા ત્યારે મહુવાના હરિભક્તો પણ મંદિરમાં આવ્યા અને સભા સારી થઈ. પ્રાગજી ભગતના મહિમાના પ્રચારથી આ સંતોને વરતાલ છોડવું પડ્યું એટલે આ સર્વે સંતો, પ્રાગજી ભગતને શું સમજે છે અને હરિભક્તો પાસે કેવી રીતે ભગતજીના મહિમાની વાતો કરે છે તે જાણવાની સર્વેને જિજ્ઞાસા થઈ. આથી વિઠ્ઠલભાઈ, ફૂલચંદભાઈ, દામા શેઠ વગેરે ઘણા હરિભક્તો મંદિરમાં આવ્યા અને સભા ચિક્કાર ભરાઈ ગઈ. પછી ફૂલચંદભાઈએ બેચર ભગતને પૂછ્યું : ''તમે આ પ્રાગજી ભગતને કેવા સમજો છો ? અને તેમાં તમે શું દીઠું છે ? તે અમને કહો.''

ત્યારે બેચર ભગતે કહ્યું : ''અમે એમને એકાંતિક ભક્ત સમજીએ છીએ. તેમના ઉપર અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો બહુ રાજીપો થયો છે અને અમને પણ એમના પ્રસંગથી 'સ્વામીશ્રી અક્ષર છે' એમ નિશ્ચય થયો છે. વળી, એમના સમાગમથી અંતરમાં સુખ વર્તે છે.''

એટલે ફૂલચંદભાઈએ કહ્યું : ''તમે તેમના માટે આખો સત્સંગ મૂક્યો તો તે તમને કૂવામાં ન ઉતારે, એમ તેમનો વિશ્વાસ તમે કર્યો છે. માટે વચનામૃતની સાખે તમે એમના વિષે જે ઠરાવ કર્યો હોય તે અમને સમજાવો.''

પછી બેચર ભગત તો કાંઈ બોલ્યા નહિ. પરંતુ નારાયણચરણદાસે કહ્યું : ''ગ.પ્ર. ૨૭ના વચનામૃતમાં સત્પુરુષના લક્ષણવાળાનો જે મહિમા કહ્યો છે તેવા લક્ષણવાળા ભગતજીને અમે જાણીએ છીએ.''

ત્યારે વિઠ્ઠલભાઈએ પૂછ્યું : ''ગ.પ્ર. ૨૭ના વચનામૃતમાં શું કહ્યું છે તે કહો.''

આ સાંભળી નારાયણચરણદાસે ભગતજી સામું જોયું. એટલે ગઢડાના સાધુ ભેગા શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી બેઠા હતા, તેમના તરફ આંગળી કરીને ભગતજીએ કહ્યું : ''એ બધાનું કપટ આ નાના સાધુ (શાસ્ત્રીજી મહારાજ) જેવું છે તેવું કહેશે. માટે તેમને પૂછો.''

ત્યારે સર્વેએ તેમને કહ્યું : ''તમે કહો.''

આથી, શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીએ વિચાર્યું કે ભગતજીનું સ્વરૂપ જેવું છે તેવું ઉઘાડું કરવાનો ખરો પ્રસંગ મળ્યો છે અને ભગતજીને પણ સત્પુરુષનાં ગુણ, લક્ષણો વગેરેનું પ્રતિપાદન કરાવવાની ઇચ્છા છે એમ વિચારી, તેમણે વિઠ્ઠલભાઈ તથા બીજા હરિભક્તો સમક્ષ વાત કરી કે :

''ગ.પ્ર. ૨૭માં એમ વાત શ્રીજીએ કરી છે કે ભગવાન ભજવાની સર્વેને મરજી છે, પરંતુ આવાં લક્ષણોવાળામાં ભગવાન સર્વ પ્રકારે નિવાસ કરીને રહે છે. એટલે હાથમાં હાથ, આંખમાં આંખ, કાનમાં કાન, મુખમાં મુખ આદિ સર્વે અંગમાં નિવાસ કરીને રહે છે. તેની વિક્તિ જે, આ સર્વ જગતના કર્તાહર્તા એક ભગવાન છે તથા તેમણે જે જે આશ્ચર્ય પૂર્વે કર્યાં છે, વર્તમાનમાં કરે છે અને હવે પછી કરશે, તે સર્વે આશ્ચર્ય આ મને મળ્યા જે ભગવાન તેમનાં કર્યાં જ થાય છે. એમ જાણીને તે પ્રત્યક્ષ ભગવાનને સર્વોપરી, કર્તા, સાકાર અને પ્રગટ જાણીને સર્વ પ્રકારે તેમાં જોડાઈ જાય. એવી પ્રત્યક્ષ ભગવાનને વિષે પ્રથમ તો દૃઢ નિષ્ઠા હોય.

''વળી, પોતાની સ્થિતિ પણ આવી હોય કે કોઈ ગમે તેવું અપમાન કરે, નાક-કાન કાપીને ગધેડે બેસારે કે હાથીએ બેસારે કે ચંદન ચર્ચે કે ધૂળ નાખે, એમાં મારે સમભાવ છે. વળી, ત્રણ પ્રકારની સ્ત્રીઓ - બાળ, યૌવન અને વૃદ્ધ - રૂપવાન કે કુરૂપવાન, તેમાં પણ સમભાવ છે અને કચરો અને કાંચન તેમાં પણ સમભાવ છે. આવી રીતના જે જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ આદિક અનંત શુભ ગુણ તેણે યુક્ત જે ભક્ત હોય તેના હૃદયમાં ભગવાન સર્વ પ્રકારે નિવાસ કરીને રહે છે અને તે ભક્ત અનંત પ્રકારનાં ઐશ્વર્યને પામે છે અને અનંત જીવોનો ઉદ્ધાર કરે છે. વળી, એમની સર્વે ઇન્દ્રિયોમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા છે, માટે એ ભક્ત બ્રહ્માંડના જીવોની ઇન્દ્રિયોને પ્રકાશ કરવાને સમર્થ થાય છે. એટલે એવા સંત તો બ્રહ્માંડના આધારરૂપ છે.

''આ ભક્ત આવા સમર્થ હોવા છતાં પણ અન્ય જીવનાં માન-અપમાન

સહન કરે છે, તે એમની અતિશય મોટપ છે; કાં જે, સમર્થ થકા જરણા કરવી તે કોઈથી થાય નહિ. માટે જરણા કરે તેને અતિ મોટા જાણવા. આ પ્રમાણે આ વચનામૃતમાં સત્પુરુષનાં લક્ષણ મહારાજે લખ્યાં છે. વર્તમાનકાળે એવા આ પ્રાગજી ભક્ત છે એમ અમે સૌ માનીએ છીએ.''

આ પ્રમાણે શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીએ નિરૂપણ કર્યું. પછી વિઠ્ઠલભાઈએ પૂછ્યું : ''એવા ગુણ એમને વિષે છે તે તમે શી રીતે જાણ્યું ?''

ત્યારે યજ્ઞપુરુષદાસજી બોલ્યા : ''તેમનામાં ધર્મ છે કે કેમ તે તો તમે એમના ગામના છો તેથી જાણતા હો તેમ કહો.''

એટલે વિઠ્ઠલભાઈ કહે : ''એમના જેવા ધર્મવાળા તો કોઈ જોયા જ નથી. કાં જે, ગામના વાણિયા, નાગર આદિ ગૃહસ્થોની દેવાંગના જેવી સ્ત્રીઓનાં કપડાં સીવે છે, પરંતુ લગારે વિકારને પામતા નથી. તેમજ તેમને પણ સ્વામિનારાયણનું ભગવાનપણું કહી સત્સંગી કરે છે.''

એટલે ગઢડાવાળા સાધુ બોલ્યા : ''અમને પણ એમ જણાય છે, કારણ કે એમના એકાંત પ્રસંગથી અમારા અંતરનો અધર્મ સર્ગ ઓછો થયો છે, તો પછી તેમનામાં તો વિકાર હોય જ શાનો ?''

પછી યજ્ઞપુરુષદાસજી બોલ્યા : ''વળી, એ જ્ઞાની પણ છે. તે આખો સત્સંગ કહે છે કે ભગતજી જેવા કોઈ જ્ઞાની નથી. કાં જે, તેમનું ગમે તેટલું માન-અપમાન થાય છે તો પણ જ્ઞાનની દૃઢતાથી અપમાન લેશમાત્ર જણાતું નથી. બળી, બસો-બાસઠ વચનામૃતમાં જેટલાં મર્મ, રહસ્ય, અભિપ્રાય, રુચિ અને સિદ્ધાંત છે તે સર્વે સ્વામી થકી તેમણે સિદ્ધ કર્યાં છે. એવી રીતે જ્ઞાની પણ સર્વોપરી છે.

''હવે વૈરાગ્ય પણ તેમને વિષે છે; કેમ કે, તેમને આચાર્ય મહારાજનો કાગળ આવે કે તુરત જ ઘેરથી પ્રયાણ કરે છે, પરંતુ ઘરનું કામ બગડશે કે સુધરશે તે ચિંતા કે ફિકર નહિ કરતાં મહેમાનની પેઠે જ રહે છે અને મહારાજ આજ્ઞા કરે તો આ ક્ષણે ત્યાગી પણ થાય. આ તો તેમની વાત કરી; પરંતુ જે તેમના સંગી છે, તેમને પણ એ નિઃસ્પૃહી કરે છે. એટલે એવા ભક્તો ઘણે દૂરથી પણ તેમનો સમાગમ કરવા ઘરની કે વહેવારની દરકાર કર્યા વગર દોડાદોડ કરે છે.

''આવી રીતે ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યની વાત થઈ. હવે તેમનામાં

શ્રીજીનો નિશ્ચય છે કે નહિ તે તો તમે કહો.'' એમ કહી યજ્ઞપુરુષદાસજીએ વિઠ્ઠલભાઈ ઉપર જ છેલ્લી જવાબદારી ભગતજીનું એકાંતિકપણું સિદ્ધ કરવાની નાખી. ભગતજી તો આ નાના સાધુની આટલી ચતુરાઈ જોઈ મરક મરક હસતાં હસતાં ડોલતા હતા.

પછી વિઠ્ઠલભાઈ બોલ્યા : ''નિશ્ચયમાં તો એ પર્વતપ્રાય છે; કાં જે, તેમને સત્સંગ બહાર કર્યા ત્યારે પણ અખંડ ભજન કર્યું અને મંદિરના બારણા આગળ બેસીને પણ સાધુ-હરિભક્તોનાં દર્શન કરતા અને કથા સાંભળતા. વળી, કેટલાક નવાને સત્સંગની વાતો કરી, સત્સંગી પણ કરતા અને અતિ નમ્રતાથી જ્ઞાનગરીબી રાખી, સર્વને તેમણે રાજી કર્યા છે. માટે શ્રીજીનો સર્વોપરી નિશ્ચય તેમનામાં છે તે કહ્યા સિવાય કેમ ચાલે ? શ્રીજી વિના કોઈને કર્તા જાણતા નથી અને કોઈ દેવદેવીનો તેમને ભાર નથી.'' આવી રીતે વિઠ્ઠલભાઈએ ઉત્તર કર્યો.

તે સાંભળી યજ્ઞપુરુષદાસજી બોલ્યા : ''આવી રીતે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ – એ ચારે ગુણ ભગતજીમાં સાક્ષાત્ વર્તે છે માટે એમનામાં શ્રીજીમહારાજ અખંડ નિવાસ કરીને રહ્યા છે અને તેથી જ અમે એમની પાછળ પાછળ ફરીએ છીએ.''

આવી રીતે ભગતજીના સ્વરૂપનું અદ્‌ભુત નિરૂપણ શાસ્ત્રી યજ્ઞપુરુષ-દાસજી - શાસ્ત્રીજી મહારાજે કર્યું, તે સાંભળી ત્યાં બેઠેલા સર્વે સંતો તથા હરિભક્તોને ભગતજી ખરેખર એવા મોટાપુરુષ છે એમ પ્રતીતિ થઈ.

આ વાત સાંભળી રઘુવીરચરણદાસે કહ્યું : ''આ વચનામૃત તો સ્વરૂપાનંદ સ્વામીના અંગનું છે, તે તમોએ પ્રાગજી ભગતમાં ક્યાં ઠરાવ્યું ?''

ત્યારે સ્વામી બોલ્યા : ''એ પ્રમાણે મળતું આવે છે માટે ઠર્યું છે, નહિ તો કાંઈ ઠરાવ્યું ઠરતું નથી. જ્યાં ખાડો હોય ત્યાં જ પાણી ભરાય, તેમ પાત્રતા હોય ત્યાં જ સાધુતા આવે.''

પછી વિઠ્ઠલભાઈએ પૂછ્યું : ''ભગતજીને તમે એવા મોટા જાણો છો, ત્યારે એમને મૂકીને વરતાલ શા માટે જાઓ છો ? ત્યાં તમને તેમના ભેગા બેસવા દેવાના નથી.''

ત્યારે સ્વામી કહે : ''એ તો ભગતજીની આજ્ઞાથી જઈએ છીએ અને શ્રીજી એમને વશ છે, તેથી એમના ભેગા બેસવાની મનાઈ કરે છે તો પણ

તેમની ભેગા બેસી કથાવાર્તા સાંભળીશું. તે પ્રમાણે જો થાય તો તમે ભગતજીને મોટા જાણજો.''

આવી રીતના વાર્તાપ્રસંગથી ભગતજી તો સ્વામી સામું મુગ્ધપણે જોઈ રહ્યા અને વિઠ્ઠલભાઈને હસતાં હસતાં કહ્યું : ''આ નાના સાધુ પાસે હજુ વધારે કપટ છે, માટે કઢાવો.''

પછી વિઠ્ઠલભાઈએ ફરી પૂછ્યું : ''એ એવા સત્પુરુષ છે એમ તમો કહો છો, પણ એ તો સમ ખાય છે કે 'મારી પાસે કંઈ નથી.' તે સમ સાચા કે ? અને વળી, ભગતજી પંડે એમ કહે છે કે 'મને તો જમે આવીને મારા બરડામાં બહુ માર માર્યો, તેથી બરડો બહુ દુઃખે છે.' તેનું કેમ સમજવું ?''

ત્યારે યજ્ઞપુરુષદાસજી બોલ્યા : ''કાલે તમે કૂવે નાહતાં નાહતાં કહેતા હતા કે પ્રાગજી તો બહુ કપટી અને દંભી છે, તે તેનું બોલવું સાચું ન માનવું. તો જો તે દંભી હોય તો ગમે તેવી રીતે પોતાની મોટપ વધે તેમ બોલે અને કદાપિ જમે મારીને કટકા કર્યા હોય, તો પણ જે દંભી હોય તે એમ ન કહે કે જમે મને માર્યો. માટે તે દંભી નથી એ વાત સિદ્ધ થાય છે. વળી, એમનું બોલવું બીજાને મોહ પમાડે એવું છે, એ પણ તમારી વાત ઉપરથી સાબિત થાય છે. માટે એ એમ બોલે છે એ તો સહજ રમૂજ કરે છે; કેમ કે, જે એમનાં દર્શન કરે છે તેને પણ જમનું તેડું ન આવે કે જમ દેખાય પણ નહિ. માટે એ એવા મોટા છે તો તેમને સમ અડતા નથી અને એવા જો મોટા ન હોય તો સમ સાચા છે.''

ત્યારે વળી વિઠ્ઠલભાઈએ પૂછ્યું : ''જ્યારે ભગતજી આવા મોટા અને સમદૃષ્ટિવાળા છે, તો તમારાં મન સત્સંગમાંથી નોખાં કેમ પડે છે ?''

તે સાંભળી યજ્ઞપુરુષદાસજી બોલ્યા : ''અમારાં મન સત્સંગમાંથી નોખાં નથી પડ્યાં અને એવું જે તમને જણાય છે, તેનું કારણ ભગતજીનું કે સ્વામી વિજ્ઞાનદાસજીનું જ્ઞાન નથી. એનું કારણ તો એ છે કે અમે ભગતજીને આવા પરમ એકાંતિક સંત સમજીએ છીએ. તે અમથી જ્યારે ભગતજી જુદા પડી ઘેર જાય, પછી અમે મોટા સાધુ પાસે કથા સાંભળવા બેસીએ; ત્યારે તેઓ અનેક યુક્તિઓથી ભગતજીનું ઘસાતું બોલી એમના અવગુણ ગાવા માંડે. તે સાંભળી અમારા મનમાં થાય કે આવા પરમ એકાંતિક, સમ-દૃષ્ટિવાળા, અજાતશત્રુ એવા ભગતજીના આ લોકો ખોટા અવગુણ ગાય છે,

તે સાંભળવા વાજબી નથી. તેથી અમે તેવા પાસે બેસતા નથી. કાં જે, જેમનામાં સંપૂર્ણ સાધુતા આવી હોય, તેને કોઈ ઉપર રાગ-દ્વેષ હોય નહિ કે વર્ણ-આશ્રમનું અભિમાન પણ હોય નહિ; છતાં નિર્વૈરી અને કીડી જેવા જીવને પણ દુઃખ દે નહિ એવાનો આ દ્રોહ કરે છે, માટે તેમનામાં સાધુતા છે જ નહિ; તો એમના સંગથી આપણને શું લાભ પ્રાપ્ત થવાનો છે ? એવાં કારણોથી તેમનાથી અમારાં મન જુદાં પડે છે. પરંતુ શ્રીજીમહારાજ તેમજ લક્ષ્મીનારાયણ આદિ દેવથી અમારાં મન નોખાં નથી. તેમની સેવા તો અમે અહોનિશ ઇચ્છીએ છીએ.''

આ સાંભળી વિઠ્ઠલભાઈ રઘુવીરચરણદાસ તરફ જોઈ બોલ્યા : ''સ્વામી ! આ વાત બરોબર છે.'' એમ કહી પોતાના થયેલા અનુભવની તેમણે વાત કરી : ''અમે જૂનાગઢ સ્વામીનો સમાગમ કરવા જતા ત્યારે પ્રથમ ગઢડે દસ દિવસ રહી, દર્શન-સમાગમ કરી, પછી જૂનાગઢ જતા. ગઢડામાં તમારા ગુરુ સિદ્ધાનંદ સ્વામી પાસે જઈને બેસીએ એટલે તે સ્વામીનું ઘસાતું જ બોલે અને વળી અમને ઠપકો પણ દે કે 'એવાને મોટા માન્યા છે તે ત્યાં જઈને શું ફળ પામશે ?' એવી વાત કરે. તેથી ઉપરથી તો અમને તેમનો અવગુણ કે અભાવ ન આવ્યો, પણ મનમાં એમ થયું કે 'આવા અક્ષરમૂર્તિ સ્વામીનો દ્રોહ કરે છે, તો તેવાનાં દર્શને શું ફળ મળશે ? માટે હવે ગઢડે જવું તો ખરું પણ તેવા પાસે બેસવું નહિ; પણ દ્રોહ તો કોઈનો કરવો નહિ.' તેથી અમે બારોબાર જૂનાગઢ જતા.''

આ વાત પૂરી થઈ પરંતુ ગઢડાના સાધુને હજુ પૂરો સંતોષ થયો નહિ. એટલે તેમણે પૂછ્યું : ''એકાદા વચનામૃતમાં મળતું આવે તેથી શું થયું ? બધામાં મળતું આવે ત્યારે ખરું.''

ત્યારે સ્વામી બોલ્યા : ''જુઓ, ગ.અં. ૨૧માં કહ્યું છે કે 'જેમ સોનાનો દોરો છએ ઋતુમાં સરખો રહે, પણ ઉનાળાના તાપે ઢીલો થાય નહિ; તેમ ગમે તેટલું અપમાન થાય અને દેહે ગમે તેટલું દુઃખ આવે તો પણ સત્સંગમાંથી જેનું મન પાછું ન હઠે, એવા જે દૃઢ સત્સંગી વૈષ્ણવ છે તે જ અમારાં સગાંવહાલાં છે, તે જ અમારી નાત છે અને આ દેહે એવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે; વળી, દેહ મૂકીને ધામમાં પણ એવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે.' માટે તમે વિચાર કરો કે સત્સંગમાં ભગતજીનું જેવું અને જેટલું અપમાન

થયું છે તેવું તો કોઈનું થયાનું સાંભળ્યું નથી, તો પણ કોઈ પણ સાધુ-સત્સંગીથી લગાર પણ ભાવ ઓછો થયો છે ?''

ત્યારે વિઠ્ઠલભાઈએ કહ્યું : ''ખરેખર ! આ વચનામૃત તો સંપૂર્ણ ભગતજી ઉપર જ ઊતરે છે; કાં જે, તેમના જેવું અપમાન તો કોઈનું થયું દીઠું નથી અને સાંભળ્યું પણ નથી, તે આખો સત્સંગ જાણે છે. માટે આ વચનામૃત પ્રમાણે ભગતજી પરમ એકાંતિક છે એમ નક્કી થાય છે.''

ત્યારે વળી રઘુવીરચરણદાસે કહ્યું : ''વાંક વિના કોઈનું અપમાન સત્સંગમાં થાય નહિ.''

ત્યારે સ્વામી બોલ્યા : ''વાંક વિના અપમાન થતું ના હોય તો શ્રીજી તે પ્રમાણે શા માટે લખે કે 'દૃઢ સત્સંગીનું સત્સંગમાં ગમે તેટલું અપમાન થાય અને ગમે તેટલાં દુઃખ આવી પડે.' માટે તેવાની દૃઢતાની પરીક્ષા કરવા શ્રીજી અપમાન કરાવે. તે સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામીની ઝોળીમાં દેવતા નાખ્યો અને પાણીના ઘડામાં ઝેર નાખ્યું. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનું સંવત ૧૯૨૨ની સાલે વરતાલમાં અપમાન થયું. એવાં મોટા મોટાનાં આખ્યાનો વિચારીએ તો ખબર પડે.''

આ સાંભળી વિઠ્ઠલભાઈએ આ વાતને અનુમોદન આપતાં કહ્યું : ''સ્વામી ! એવા શબ્દો વચનામૃતમાં લખેલા હોય તે કાઢી બતાવો, એટલે આજે બધું પાકું થઈ જાય.''

ત્યારે સ્વામીશ્રીએ અં. ૧૧મું વચનામૃત કાઢીને વાંચ્યું : ''જાનકીજીને રામચંદ્રજીએ વનવાસ દીધો ત્યારે જાનકીજીએ અતિશય વિલાપ કરવા માંડ્યો. ત્યારે લક્ષ્મણજી પણ અતિશય દિલગીર થયા. પછી સીતાજી લક્ષ્મણજી પ્રત્યે બોલ્યાં જે, 'હું મારાં દુઃખ સારુ નથી રોતી. હું તો રામચંદ્રજીનાં દુઃખ સારુ રોઉં છું. શા માટે જે, રઘુનાથજી અતિ કૃપાળુ છે, તે લોકાપવાદ સારુ મને વનમાં મૂકી છે એમ જાણીને, કૃપાળુ છે તે મનમાં બહુ દુઃખ પામતા હશે જે, સીતાજીને મેં વગર વાંકે વનમાં મૂકી છે.'

''વળી અં. ૧૪માં વચનામૃતમાં પણ મહારાજે ચોખ્ખું કહ્યું છે કે 'વાંક વિના પણ પરમેશ્વર ને સંત તે પોતાનું અતિશય અપમાન કરે તો પણ કોઈનો અવગુણ ન લે ત્યારે પરમેશ્વર ને સંતને વિશ્વાસ આવે.' માટે ભગતજીને એવી રીતે વગર વાંકે દુઃખ અને અપમાન આવ્યાં છે, છતાં તેમાં નિર્લેપ રહ્યા

છે. એટલે શ્રીજીનાં વચનથી અમે તેમને સર્વ પ્રકારે શ્રીજીના ધારક પરમ એકાંતિક સંત જાણી, તેમનામાં મન, કર્મ અને વચને જીવ જડ્યો છે, પણ કલ્યાણ વિના અમારે બીજો સ્વાર્થ તેમની પાસે નથી. તે અમારી નાતના નથી, અમારા આશ્રમના નથી, દેશ એક નથી, વેશ એક નથી, ગામ એક નથી, અમને કંઈ આપતા નથી, પણ માત્ર શ્રીજીની આજ્ઞા એકાંતિકમાં જીવ જડવાની છે, તેથી શ્રીજીનાં વચનના વિશ્વાસે, વચનામૃત પ્રમાણે, નાત, જાત, સગાંવહાલાં જાણી, અમે તેમની સાથે જીવ જડ્યો છે. તેથી અમને ખાતરી છે કે શ્રીજી અમને કોઈ દિવસ દુઃખ દેશે નહિ. કદાપિ આ લોકમાં દુઃખ જેવું જણાશે, તો પણ અમને અંતરમાં તો સુખ જ વર્તે છે.''

આવી સ્વામીની - શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીની, ભગતજીના અતિ અપાર મહિમાની વાત સાંભળી ત્યાં બેઠેલા સર્વે હરિભક્તો ભગતજીનો યથાર્થ મહિમા સમજ્યા. ભગતજી તો આ નાના સાધુની વચનામૃતના સિદ્ધાંતોની અદ્વિતીય નિરૂપણશક્તિ તથા પ્રત્યક્ષ સત્પુરુષના સ્વરૂપનું જીવમાં અતિ અપાર અનુભવજ્ઞાન જોઈ, તેમના ઉપર રાજી થઈ ગયા. પછી સભા વીખરાઈ ત્યારે ભગતજી સ્વામીશ્રીને મળ્યા અને માથે હાથ મૂક્યા. બધાને પ્રતીતિ થઈ કે આમણે તો શાસ્ત્રોનાં વચનથી જ દૃઢ નિશ્ચય કર્યો છે, પણ કંઈ વેવલાઈ નથી.

ત્યાર પછી બીજે દિવસે વિજ્ઞાનદાસજી, પુરુષોત્તમદાસજી તથા બીજા બે એમ ચાર સંતોને મહુવા રાખ્યા અને બાકીનાને ભગતજીએ વરતાલ મોકલ્યા. ભગતજી પોતે તે બધાને નદી સુધી વળાવવા ગયા અને ગાંઠિયા તથા સુખડીનું ભાથું બંધાવ્યું. નદીમાં યજ્ઞપુરુષદાસજીને તથા પુરાણી કેશવ-પ્રસાદજીને મળ્યા. યજ્ઞપુરુષદાસજીએ ભગતજીને રાયણકોકડી આપી. ત્યારે ભગતજી રાયણો લઈને બોલ્યા : ''અહો, આ તો અમારા દેશમાં સાવ નવીન ચીજ છે, અમારા દેશમાં આ ન મળે. માટે તમે તો અમને હજારો ને લાખો રૂપિયા આપ્યા.'' એમ કહી, અલ્પ ભેટને મહત્ ગણી, પોતાનો અપૂર્વ રાજીપો બતાવ્યો. પછી બધા વરતાલ ગયા અને ભગતજી મંદિરે આવ્યા.

આ ચાર સાધુ નિત્ય મંદિરમાં આવે અને ભગતજીની વાતો સાંભળે. ભગતજી તેમને - ખાસ કરીને વિજ્ઞાનદાસજીને - વારંવાર એમ કહે : ''તમો આ સાધુની (પુરુષોત્તમદાસજીની) ભેળા રહેશો, એટલે કેટલીક નમ્રતા

આવશે અને સ્વભાવની અવળાઈ ટળશે.''

વિજ્ઞાનદાસજીને ભગતજીને વિષે અપાર સ્નેહ અને ભગતજીમાં સર્વોત્કૃષ્ટપણે જોડાઈ ગયા હતા. એવી સ્થિતિમાં કંઈક ભગતજીના મહિમાના ભારે શબ્દો બીજાને ન રુચે એવા બોલાય તેને ભગતજી સ્વભાવની અવળાઈ કહેતા અને એ છોડી નમ્ર થવાય અને સર્વેને સમાસ થાય એમ વર્તાય, તેવો ઉપદેશ દેતા. પુરુષોત્તમદાસ કેવળ સાધુતાની જ મૂર્તિ ! તેમને ભગતજીનો અપાર મહિમા, પરંતુ જ્ઞાનગરીબી અત્યંત; એટલે પોતાને સાક્ષાત્ મળી જે મૂર્તિ તેના સ્વરૂપનું જ્ઞાન અત્યંત છુપાવીને જ રાખે અને કોઈ પાત્ર મળે તો જ વાતો કરે. એટલે તેમના સ્વભાવથી કોઈને અવળું પડે જ નહિ. એટલે જ ભગતજી વારંવાર વિજ્ઞાનદાસજીને પુરુષોત્તમદાસજી જેવા થવાનો ઉપદેશ દેતા.

આ સંગમાં કોઈ દોષ રહેવાનો નથી

એક વખત પુરુષોત્તમદાસજી બેઠા હતા અને ધ્યાનમાં ઊંડા ઊતરી ગયા એટલે જે જે દોષો ટળી ગયા હતા તે તો દેખાયા જ નહિ; પરંતુ કામાદિક દોષોના સુષુપ્ત સંસ્કારો જેની જડ નિર્મૂળ નહોતી થઈ, તે જાગ્રત થઈ ધ્યાનમાં વિક્ષેપ કરવા લાગ્યા. આથી, અત્યંત દુઃખી થઈ ધ્યાનમાંથી જાગ્રત થઈ ગયા. ત્યાં તો સામે જ ભગતજીની રમ્ય મૂર્તિ હસતી બેઠી હતી. ભગતજીને જોઈ તેમને અતિશય આનંદ થયો; પરંતુ દોષના દુઃખથી અત્યંત શોક પણ થયો. એટલે ગદ્ગદ કંઠે સ્તુતિ કરવા લાગ્યા : ''હે મહારાજ ! આપના અખંડ સમાગમમાં રહેવાય એટલા માટે દેહનાં કષ્ટો વેઠ્યાં અને સમાગમનો લાભ આપે દયા કરીને આપ્યો...'' એમ કહી રડી પડ્યા અને આગળ બોલી શકાયું નહિ.

ત્યારે ભગતજી હસતાં હસતાં બોલ્યા : ''કોઠમડું કાચું હોય ત્યારે કડવું હોય, પણ પાકે ત્યારે મીઠું થાય. તે આજે દોષ નડે છે પણ આ સંગમાં કંઈ રહેવાનું નથી.'' એમ અંતર્યામીપણે તેમને દોષ પીડવાથી જે દુઃખ થયું હતું તે કહીને શાંતિ પમાડી દીધી.

આ સાધુને આવી રીતે રડતા જોઈ, દૂર બેઠેલા ગઢડાના સાધુ વિચારમાં પડી ગયા. એટલે ભગતજીએ તેમને કહ્યું : ''જુઓ, આ સાધુને અહીં રાખ્યા

અને રોજ તમારાં દર્શન અને વાર્તાનું સુખ લીધું તો કેટલા નમ્યા ? અને તમારા વિરહથી રડી પડ્યા.'' એમ વાત કરી સર્વને આનંદ પમાડ્યો.

ગુજરાત તરફ વિદાય

આવી રીતે પોતાના અનન્ય શિષ્યોના દોષ સર્વે નિવારણ કરી, મૂર્તિનું અપાર સુખ આપી, ભગતજીએ તેમને ગુજરાત તરફ જવા આજ્ઞા કરી. આ પ્રસંગ દરમ્યાન ભગતજી તથા શ્યામજીભાઈ રોજ ગોપનાથના મંદિરમાં જઈ આ દર્શન તથા કથાવાર્તાનું સુખ આપતા. છેલ્લે દિવસે મેવાનું વચનામૃત (ગ.અં. ૩૭) વંચાવીને વાતો કરી : ''જે જે ભારે ચીજો આપણે ખાધી હોય તે સંભારીએ, ત્યારે કદીય કોદરા ખાવાનો પ્રસંગ આવે તો પણ આનંદમાં રહેવાય અને ઝાંખા ન પડાય. તેમ સત્પુરુષ થકી જે જે વાતો સાંભળી હોય, દર્શન-પ્રસાદીનું સુખ લીધું હોય, તે જ્યારે સત્પુરુષના પ્રસંગમાં રહેવાનો જોગ ન રહે ત્યારે સંભારવું અને સુખ લેતાં શીખવું; પણ કોઈ દિવસ ઝાંખા તો પડવું જ નહિ.''

આ પ્રમાણે ઉપદેશ આપી, પોતપોતાને ઘેરથી દૂધની પૂરીઓ સંતો માટે લાવ્યા હતા તે તથા રસની કેરી સંતોને આપી. રસની કેરી પોતે ઘોળી ઘોળીને આપે અને વિજ્ઞાનદાસજી, પુરુષોત્તમદાસજી, કોઠારી શંકર ભગત તથા કોઠારી નાથા ભગત – એ ચારેને જમાડતા જાય. જેમ જેમ કેરીઓ જમી રહે તેમ તેમ વધુ આપતા જાય અને કહે : ''તમે છો ગુજરાતી, તે ગુજરાતની કેરી ઘણી ખાધી હોય એટલે આ ભાવતી નહિ હોય.'' એમ રમૂજ કરતા જાય અને પરાણે ખૂબ જમાડતા જાય.

આ પ્રમાણે ભક્તના પણ ભક્ત બની, લાડ લડાવી, મૂર્તિની અખંડ સ્મૃતિ રહે તેવું અદ્‌ભુત ચરિત્ર કરીને ચારેને વિદાય આપી.

આ ચારે સંતો ધોલેરે થઈ વરતાલ ગયા અને ત્યાં દર્શન કરી વસો ગયા. કોઠારી બેચર ભગત તથા તેમની સાથેના બીજા સાધુ નડિયાદ હતા એટલે શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી તથા તેમની સાથેના સાધુ નડિયાદ આવ્યા. પછી તે બધા ભગતજીની આજ્ઞા થવાથી ઠાસરા ગયા અને ત્યાં એક માસ રહ્યા. ત્યાંથી વરતાલ સમૈયે ગયા.

આ સમૈયામાં આ મંડળને ભેગા લેવાનો ઠરાવ થયો અને કેટલાક

વિરોધીઓએ કહ્યું : ''ધોળાં પહેરો તો રાખીએ.''

આ મંડળે ધોળાં પહેરવાનું કબૂલ કર્યું. પણ ભગતજીના હેતવાળા પ્રતિષ્ઠિત હરિભક્તોને આ ન રુચ્યું. આવા પંચવર્તમાને યુક્ત પરમહંસ જેવા સંતોને વગર વાંકે ધોળાં પહેરાવવાં એ ઠીક નહિ, એમ સર્વેને લાગ્યું. તેથી ભેગું કરીને ભળવાનું બંધ રહ્યું. વિજ્ઞાનદાસજીને તો આ બહુ રુચ્યું. કોઈ રીતે બહાર રહીને પણ ભગતજીના સમાગમનો યોગ રહે તો અંદર ભળવું જ નથી, એવો પાકો ઠરાવ તેમણે કરી રાખ્યો હતો.

'જેને ભગવત્સ્વરૂપની પાકી નિષ્ઠા હોય તે કદાચ સત્સંગથી બાહેર હોય તો પણ દેહ મૂકીને અંતે ભગવાનનું જે અક્ષરધામ તેને વિષે ભગવાનને સમીપે જઈને રહેશે.'[૭૫] આવા શ્રીજીના અમૃતવચનને જેણે પીને હૃદયને વિષે ઉતાર્યું છે, એવા અતિ વૈરાગ્યવાન અને કેવળ સત્પુરુષ એ જ મોક્ષનું દ્વાર છે, એમ માનનાર વિજ્ઞાનદાસજી આ નિર્ણયથી અતિ રાજી થયા.

મહુવા તરફ પુનઃ પ્રયાણ

વિજ્ઞાનદાસજી વગેરે સાધુમંડળ, નડિયાદના ઝવેરીલાલભાઈ તથા બીજા દસ હરિભક્તો બધાએ મળીને, મહુવે જઈ ભગતજીના સમાગમનો લાભ લેવો એવું નક્કી કર્યું. એટલે સંઘ મહુવા ઊપડ્યો.

ગઢડામાં કોઠારી ભીમજીભાઈને ખબર પડી કે ગુજરાતના પ્રતિષ્ઠિત હરિભક્તો મહુવા પ્રાગજી ભગતનો સમાગમ કરવા આવે છે, એટલે તેમણે મહુવાના હરિભક્તોને કાગળ લખ્યા : ''ગુજરાતના હરિભક્તોને પ્રાગજી ભગત ભેળા ન થાય એવો પાકો બંદોબસ્ત કરી, તેમને એક-બે દિવસ રાખી ગુજરાત પાછા વિદાય કરી દેજો.''

આવી મતલબનો કાગળ મહુવાના હરિભક્તોને મળ્યો, પરંતુ તે બધા પણ પ્રાગજી ભક્તના હેતવાળા હતા. વળી, ગુજરાતના પ્રતિષ્ઠિત હરિભક્તો કે જે ખાસ ભગતજીનાં દર્શન માટે જ આવે છે, તેમને તેમનાથી જુદા પણ કેમ પડાય ? એટલે તેમણે એક યુક્તિ શોધી કાઢી. ભગતજીને આ પત્ર વંચાવ્યો અને કોઈ રીતે મંદિરમાં આ હરિભક્તો ન ઊતરે અને બહાર ઉતારો રાખી ત્યાં જ ભગતજીના સમાગમનું સુખ લે એવો ઠરાવ કર્યો. આથી, મહુવામાં

૭૫. ગ.મ. ૯.

આ હરિભક્તોની ભેગા ભગતજી ન થાય એવી કોઠારી ભીમજીભાઈની આજ્ઞા પાળી, સર્વે હરિભક્તો માટે મહુવાથી બે ગાઉ દૂર દરિયાકિનારે કતપર[૭૬] ગામે એક મકાન રાખ્યું.

કતપરમાં મુકામ

જે દિવસે આ સંઘ આવનાર હતો તે દિવસે ત્યાંના પ્રાગજી સંઘવી નામના હરિભક્તને ભગતજીએ કહ્યું : ''તું ભાદરોડ જા અને આજે બાર વાગતાં સાધુનો સંઘ ત્યાં આવશે એટલે તેને લઈને તું સીધો કતપર આવજે.''

આ પ્રમાણે પ્રાગજી સંઘવી આ સંઘને તેડીને કતપર આવ્યા ત્યારે ભગતજી તેમને લેવા સામે આવતા હતા. ભગતજીને જોઈ બધા દંડવત કરવા લાગ્યા. ભગતજી સહુને મળ્યા, બેસાર્યા અને તમામ સમાચાર પૂછ્યા. પછી ઠપકો આપ્યો : ''અમે કહીએ તેમ કરતા નથી અને ના પાડવા છતાં અહીં દોડ્યા આવો છો.'' એમ ઘણી વાર સુધી વઢ્યા અને રાત્રે બાર વાગ્યે બધા સૂતા.

બીજે દિવસે સવારે ત્રણ વાગ્યે ઊઠીને સૌને કેટલીક વાતો કરી. પછી બધા નાહવા ગયા. સૌ નાહીને આવ્યા ત્યારે ભગતજી ઓશરીમાં દાતણ કરતા હતા. કોઠારી બેચર ભગતને પાસે બેસારી કેટલીક વરતાલ સંબંધી હકીકત પૂછી. પછી પોતે નાહ્યા, પૂજા કરી અને ઘેરથી લોટ, દાળ લાવ્યા હતા તેની રસોઈ કરાવી. ઝવેરીલાલભાઈએ પોતાની જુદી રસોઈ કરી તેટલો વખત ભગતજી તેમની પાસે બેઠા. સૌ જમી રહ્યા પછી, કથા કરી અને વાતો કરી ઘણું જ સુખ આપ્યું.

આ વખતે ભગતજીના પગનો અંગૂઠો તથા હાથની આંગળીઓ પાકતી હતી. તેની સેવા ભાદરણના પુરુષોત્તમ કરતા હતા. પ્રથમ તે ભગતજીની સાથે પંદર દિવસ રહ્યા હતા, ત્યાં ગુજરાતનું મંડળ આવે છે, એ સમાચાર મળ્યા એટલે રોકાઈ ગયા અને અપૂર્વ સેવાનો લાભ લીધો.

ભગતજીનું ગુણાષ્ટક

આમ વાતો કરતાં સંધ્યા આરતી થઈ અને નિયમ કરી સૌ ભગતજીને

૭૬. જૂનું કુંદનપુર.

પગે લાગીને બેઠા. એટલે ભગતજીએ કહ્યું : ''કીર્તન આવડતાં હોય તો બોલો.'' એટલે નરસિંહ મહેતાનું કીર્તન, *'મારા હરજી શું હેત ન દીસે રે, તેનો સંગ શીદ કરીએ'* તે તથા મુક્તાનંદ સ્વામીનું *'મારા વાલાજી શું વહાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ'* એ બે કીર્તનો બોલ્યા.

પછી ભગતજી કહે : ''જેણે લીલાનાં કીર્તનો કંઠે કર્યાં હોય તે બોલો.''

એટલે કોઈકે કહ્યું : ''આ સ્વામી યજ્ઞપુરુષદાસજીએ એક સંસ્કૃત અષ્ટક બનાવ્યું છે તે બોલવાની આજ્ઞા કરો.''

એટલે ભગતજીએ તેમને આજ્ઞા કરી. ત્યારે શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી ज्ञानधर्मसुविरक्तिशालिनंથી શરૂ કરી श्रीमन्निर्गुणमूर्तये च विभवे એ નવ શ્લોકનું ભગતજી મહારાજના ગુણનું અષ્ટક બોલ્યા અને નવે શ્લોકનો અર્થ કર્યો.

ત્યારે ભગતજી રાજી થયા અને કહ્યું : ''ફરી બોલો.'' એટલે ફરી બોલ્યા.

એ સાંભળી ભગતજી શાસ્ત્રીજી મહારાજની બુદ્ધિમત્તા અને ગુરુભક્તિ ઉપર ઘણા જ રાજી થયા અને પછી કહ્યું કે ''જેણે વચનામૃત કંઠે કર્યાં હોય તે બોલો.'' ત્યારે પુરુષોત્તમદાસજી સા. ૭ – નૈમિષારણ્યક્ષેત્રનું વચનામૃત બોલ્યા. એટલે ભગતજી કહે : ''આવાં કીર્તનો અને વચનામૃત તમને ક્યાંથી જડે છે ? બીજાં નથી ?'' એમ કહી હસ્યા.

ઉપાસનામાં વૈષ્ણવોની રીતે રીત આપણા સંપ્રદાયમાં

રાત્રે કથાપ્રસંગે વાતો કરતાં ભગતજી બોલ્યા : ''ગોસ્વામીના મતમાં શ્રીકૃષ્ણ કરતાં વિઠ્ઠલનાથજીનો મહિમા અધિક કહે છે. વિઠ્ઠલનાથજી મહાપ્રભુ કહેવાય અને શ્રીકૃષ્ણ પ્રભુ કહેવાય. વળી, શ્રીકૃષ્ણના વંશનો તો નાશ થયો, એટલે વિઠ્ઠલનાથજીના વંશમાં જેટલા થાય તે બધા પુરુષોત્તમ એમ વૈષ્ણવો માને છે.'' એમ સહજ વાત કરી.

તે સાંભળી યજ્ઞપુરુષદાસજી બોલ્યા : ''આપણા સંપ્રદાયમાં પણ અમને તો એમ જણાય છે. કેમ કે, ઉપરથી તો શ્રીકૃષ્ણનો મહિમા અને મૂર્તિઓનું શાસ્ત્રમાં પ્રતિપાદન છે અને માંહીથી તો શ્રીજીમહારાજનો શ્રીકૃષ્ણ કરતાં અનહદ મહિમા કહ્યો છે. તેથી અમને તો વૈષ્ણવો જેવું લાગે છે. અમે તો ગુણાતીતાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી તથા આપ જેવા મોટા સંતોના વચનમાં વિશ્વાસથી શ્રીકૃષ્ણ કરતાં અધિકપણે અને સર્વ અવતારના અવતારી

પુરુષોત્તમ શ્રીજીમહારાજને જાણીએ છીએ. પણ તે અવતાર કરતાં અધિક ગુણ, ઐશ્વર્ય દેખાડો તો અંતરમાં દૃઢતા થાય.''

આ પ્રશ્ન સાંભળી ભગતજી અતિ કરુણા દૃષ્ટિ કરી બોલ્યા : ''શ્રીકૃષ્ણના અવતાર કરતાં તો શ્રીજીમહારાજે અપાર ઐશ્વર્ય જણાવ્યું છે. એક તો પોતાના સંબંધને પામી જે વસ્તુ તેનાં દર્શન અને સ્પર્શથી અનંતને સમાધિ કરાવી અનંત ધામ દેખાડ્યાં. વળી, ચોવીસે અવતાર પોતાની મૂર્તિમાંથી પ્રગટ કરી, પાછા પોતાની મૂર્તિમાં લીન કરી દેખાડ્યા. અનંત જીવોને પોતાના પ્રતાપે કરીને નિષ્કામ કરી મૂક્યા. સૌને સમજાય તેવાં શાસ્ત્રો કર્યાં. પાંચસો પરમહંસો - બ્રહ્મજ્ઞ - પંચવિષયના ત્યાગી સિદ્ધ-દશાવાળા કર્યા. વળી, પોતાનાં વર્તમાન ધરાવે તેને પણ અંત વખતે તેડવા આવે, એ આદિક શ્રીજીમહારાજનાં અનંત ઐશ્વર્યો બીજા અવતાર કરતાં અધિક સ્પષ્ટ જણાય છે. આવાં ઐશ્વર્યો કોઈ અવતારમાં નહોતાં. માટે આ તો સર્વ અવતારના અવતારી, સર્વોપરી, સર્વના કારણ, દિવ્ય, નિર્ગુણ, પુરુષોત્તમ શ્રીજીમહારાજ છે, એમાં સંશય કરવા જેવું નથી.'' એમ અવતાર અવતારી ભેદની ઘણી વાતો કરી સૌ બાર વાગ્યે સૂતા.

હું તો ભગવાનનો ટંડેલ છું

સવારના વહેલા ઊઠીને ભગતજીએ અદ્‌ભુત ચરિત્ર કર્યું. એકદમ વિજ્ઞાનદાસજીને બોલાવ્યા : ''ક્યાં ગયા વિજ્ઞાનદાસજી ? ઊઠો !'' એમ કહી નૃસિંહરૂપ ધારણ કરી બોલ્યા : ''વરતાલમાં ધોળાં પહેરી સૌના કહ્યા પ્રમાણે કેમ ન રહ્યા ? ને શું કરવા ધાર્યું છે ?'' એમ કહી સૌને વારાફરતી ઠપકો આપ્યો અને કહ્યું : ''તમોને વરતાલમાં શું કરવાના હતા તે ત્યાં રહેવાની ના કહી. મારી આગળ તો કહો.'' પછી સૌએ મળી પોતાની રુચિ હતી તે વાત કહી અને સર્વેએ તેમાં સાક્ષી પણ પૂરી.

છેવટે કોઠારી બેચર ભગતે કહ્યું : ''મૂળી તરફ અમે ગયા હતા ત્યારે મહારાજશ્રીએ અમને કહ્યું હતું કે 'ભગતજીની બહુ વાર્તા ન કરવી.' ત્યારે મેં કહ્યું કે 'મૂળા ખાય છે તેનો પણ ઓડકાર આવે છે, માટે ભગતજીની વાત આપની આજ્ઞાથી નહિ કરીએ તો પણ આવી જશે.' આમ, આવા સત્પુરુષનો જ નિષેધ હોય ત્યાં કેમ રુચે ?''

એટલે ભગતજી બોલ્યા : ‘‘જુઓ, પેલા બિચારા આજ્ઞા પાળી માંહી રહ્યા છે અને તમે કૂદકો મારી બહાર નીકળ્યા.’’

એટલે તુરત જ યજ્ઞપુરુષદાસજી બોલી ઊઠ્યા : ‘‘જો અમે બહાર નીકળ્યા તો અમને તમારો સંગ થયો ને મજા કરીએ છીએ. અને માંહી છે તેને તમારો સંબંધ જ નથી.’’

આ નાના સાધુની આવી નિર્દોષ પણ સત્પુરુષના સંગની મહિમાએ યુક્ત વાત સાંભળી ભગતજી હસ્યા અને અંતરમાં સમજણ જોઈ રાજી થયા. પરંતુ પોતાને ગમે તેમ કરીને આ મંડળને સત્સંગમાં જ રાખવું છે, એટલે તુરત જ ફરી નૃસિંહરૂપ ધારણ કરીને બોલ્યા : ‘‘બસ, તમે બધા ઉદ્ધત થઈ ગયા છો. કોઈ કહે છે મૂળાનો ઓડકાર મટે નહિ, કોઈ કહે છે બહાર નીકળ્યા એટલે મજા કરીએ છીએ અને આટલી આટલી મારી વાતો તો તમે કોઈ ગણકારતા જ નથી. માટે હવે અમારે તમારા ભેગું રહેવું જ નથી અને જરૂર સમુદ્રમાં થઈને મહુવે જઈશું.’’ એમ કહી ભગતજી ઢોલિયામાંથી ઊઠ્યા અને હેઠે ઊતરીને ચાલ્યા.

પછી તો ઝવેરીલાલભાઈ તથા ઝવેરભાઈ તથા બીજા સાધુઓએ ઘણું કહ્યું, પણ ન માન્યું અને ઉતાવળા ચાલતા આગળ એક મોટો ટેકરો હતો ત્યાં ચડ્યા. ભગતજીને ટેકરા ઉપર ચડતા જોઈ ઝવેરીલાલે તેમને ઝાલવા દોટ મૂકી, પણ પગમાં કાંટો વાગ્યો તે એકદમ બેસી ગયા. એટલે ભગતજી પાછા વળ્યા અને ઝવેરીલાલ પાસે આવી પગમાંથી કાંટો કાઢી બોલ્યા : ‘‘શૂળીનું દુઃખ કાંટે કાઢ્યું.’’

પછી પાછા વળીને બેઠા ત્યારે ભગતજી બોલ્યા : ‘‘હું કહું તેમ કરો તો રહું.’’ આ સાંભળી સૌના જીવમાં જીવ આવ્યો અને સૌ રડતા છાના રહ્યા.

એવામાં એક ટંડેલ ત્યાં આવ્યો અને તેણે આ બધી લીલા જોઈ ભગતજીને પગે લાગીને પૂછ્યું : ‘‘તમે આ બધાને શું કામ વઢો છો ?’’

ત્યારે ભગતજી કહે : ‘‘તું પાંસરું વહાણ ન ચલાવે અને આડુંઅવળું ચલાવે તો તારો શેઠ તને ઠપકો દે કે નહિ ?’’

ત્યારે તે બોલ્યો : ‘‘ઠપકો દે જ ને !’’

એટલે ભગતજી બોલ્યા : ‘‘હું પણ ભગવાનનો ટંડેલ છું અને આ બિચારા અવળે માર્ગે ચાલે છે તેમાં મારું શું સારું થાય ? અને ભગવાન મને

ઠપકો આપે કે ન આપે ?'' એમ કહીને પછી સર્વે ઊઠ્યા અને ઉતારે ગયા.

ત્યાર પછી ભગતજીએ વરતાલ કોઠારી ઉપર તથા મુંબઈ કોઠારી ઉપર એમ બે કાગળો લખાવ્યા અને એમ લખાવ્યું : ''જેમ તમે કહેશો તેમ કરીશું અને કાળાં પહેરાવશો તો પહેરીશું અને સત્સંગમાં ફરીશું.'' એ પ્રમાણે લખાવીને સૌની સહીઓ તે બંને કાગળોમાં કરાવીને રાજી થયા અને કાગળો રવાના કર્યા.

પછી સૌને આજ્ઞા કરી એટલે સૌ નાહવા ગયા અને નાહીને આવ્યા પછી યજ્ઞપુરુષદાસજીએ એક દાડમ આપ્યું તે જમ્યા અને સૌને પ્રસાદી વહેંચી. પછી મહાપુરુષદાસજીને કહ્યું : ''આ (વિજ્ઞાનદાસજીને બતાવીને) તો માને કે ન માને, પણ તમે તો જરૂર મુંબઈ જાઓ અને આ નાથા ભગતને સાથે તેડતા જાઓ.'' એમ કહી ઘણી રમૂજ કરી.

તે દિવસે નડિયાદના હરિભક્તોએ ખાંડના લાડુની રસોઈ કરાવી. રસોઈ સાધુ નારાયણદાસે કરી. યજ્ઞપુરુષદાસજીને કોઈ હરિભક્તે અગાઉ એલચી આપેલ તે ભગતજીને જમાડવાના સંકલ્પથી રાખી મૂકેલ. તે એલચી નાખી ભગતજી માટે ખાંડના લાડુ સરસ બનાવ્યા. આવી સત્પુરુષને વિષે મહિમાએ યુક્ત પરાભક્તિથી ભગવાન રાજી કેમ ન થાય ? એ પ્રમાણે યજ્ઞપુરુષદાસજીએ પ્રેમથી ભગતજીને જમાડ્યા અને ભગતજી પણ તેમની કિશોર અને મનોહર મૂર્તિ જોઈ મંદ મંદ હસે અને રાજી થાય અને લાડુ વખાણી વખાણીને જમતા જાય. આવા અદ્‌ભુત, ભક્ત અને ભગવાનના પ્રેમનાં ચરિત્રોનાં દર્શન તે મહાપુણ્યના યોગે જ મળે ! સૌ સંતો તથા હરિભક્તો પણ જમ્યા.

લોકવિરુદ્ધ આચરણ ન કરવું

બીજે દિવસે ઝવેરીલાલે ભગતજીને કહ્યું : ''આજે તો મને એવો સંકલ્પ થયો છે કે દૂધનો લાડુ મારા તરફથી બનાવીએ અને આપ પીરસો. સૌ સાધુને જમાડો ને સૌને સુખ આપો.''

ત્યારે ભગતજી બોલ્યા : ''ઠીક, પણ લોકવિરુદ્ધ આચરણ[૭૭] ન કરવું.''

---

૭૭. यद्यपि शुद्धं लोकविरुद्धं नाकरणीयं नाचरणीयम् ।
અર્થ : ગમે તેવું શુદ્ધ હોય પણ લોકવિરુદ્ધ હોય તો તે ન કરવું અને ન આચરવું.

એમ કહી તે ઉપર એક દૃષ્ટાંત દીધું કે ''એક નાગર બ્રાહ્મણે એક કાઠીને લૂગડાં પહેરીને જમતાં દીઠો અને પછી પોતાને એવી રીતે જમવાનું મન થયું. પછી પોતે રેશમી ગોદડું કરાવ્યું અને પોતાને પહેરવાનાં લૂગડાં બધાં રેશમી કરાવ્યાં. પછી બધાં લૂગડાં પહેરી ખાટલા ઉપર ખાવા બેઠો. તે વાત લોકોના જાણવામાં આવી તેથી એને નાત બહાર મૂક્યો. પણ કોઈએ એમ તપાસ ન કરી કે રેશમી લૂગડાં હતાં. તેવી જ રીતે, દૂધનું તો જે જાણતું હોય તે જાણે, પણ ભગતજીએ ચૂરમું પીરસ્યું અને સૌ સાધુ જમ્યા એમ અપવાદ આવે. માટે તમારે જમાડવાની મરજી હોય તો મોતીચૂરની રસોઈ કરાવો.''

એ સાંભળી સૌને ભગતજીની આટલી શુદ્ધ વર્તવાની અને વર્તાવવાની રીત જોઈ, જેના દ્વારા મહારાજે કલ્યાણનો માર્ગ ખુલ્લો મૂક્યો છે અને લાખોનાં આત્યંતિક કલ્યાણ જેનાથી થવાનાં છે; તે પુરુષની કેવી રીત જોઈએ તથા તેમના આચરણમાં એક રતી જેટલો પણ કોઈ દોષ ન કાઢી શકે એવા કડક નિયમ-ધર્મનું શુદ્ધ વર્તન જોઈ, પ્રેમમાં ભાન ભૂલી ગયેલા સૌ આવી અલૌકિક જ્ઞાનદૃષ્ટિથી ભાનમાં આવ્યા.

પછી પુરુષોત્તમ (ભગતજીનો ભત્રીજો) ગામમાં જઈ સારા સુખડિયા પાસે દૂધના મોતિયાના લાડુ બનાવી લાવ્યો. પછી ભગતજીએ સૌ સાધુ તથા હરિભક્તોને મોતિયા લાડુ પીરસ્યા અને બધાને સુખ આપી અપાર રાજી કર્યા.

ચરિત્રદર્શન અને જ્ઞાન

સાંજે સંધ્યા આરતી થયા પછી બધા બેઠા હતા ત્યારે શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીએ ભગતજીનું જીવનચરિત્ર જાણવા સારુ પૂછ્યું : ''ભગતજી ! તમને સત્સંગ ક્યારે થયો ને ત્યાર પહેલાં શું કરતા હતા અને સત્સંગ થયા પછી શું કર્યું તે કહો.''

એક તો આ નાના સાધુની બુદ્ધિમત્તા, વિદ્વત્તા અને ભક્તિથી તેમના ઉપર અપાર રાજીપો ભગતજીને હતો, તેમાંય વળી કેવળ પ્રગટનાં જ લીલા ચરિત્રોથી જ સુખ શાંતિ માનનારે આવો પ્રશ્ન પૂછ્યો એટલે ભગતજી તેમના તરફ મંદ મંદ હસતાં અનિમિષ દૃષ્ટિએ થોડી વાર તો જોઈ જ રહ્યા. પછી વાત કરી :

''સંવત ૧૮૮૫ના ફાગણ સુદ ૧૫ના દિવસે મારો જન્મ થયો. ત્યાર

પછી છ વર્ષ તો રમતગમતમાં ગયાં. પછી યોગાનંદ સ્વામીથી સત્સંગ થયો. પછી પીઠવડીમાં ગોપાળાનંદ સ્વામી તથા રઘુવીરજી મહારાજ મળ્યા. ત્યાર પછી દસ વર્ષ સુધી દર વર્ષે બે-બે માસ ગોપાળાનંદ સ્વામી પાસે સમાગમ કર્યો. એવી રીતે બાર-તેર વર્ષ સુધી ગોપાળાનંદ સ્વામી પાસે રહ્યો. પછી ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કર્યો. સ્વામી સંવત ૧૯૧૭ની સાલે બહુ રાજી થયા અને ત્રણ વર આપ્યા. પછી નિરંતર જૂનાગઢ રહ્યો અને સંવત ૧૯૨૦ની સાલે સ્વામીએ સ્થિતિ કરાવી. ત્યાર પછી મને સત્સંગ બહાર કર્યો અને પાછો માંહી લીધો. સંવત ૧૯૨૩માં સ્વામી ધામમાં ગયા. ત્યાર કેડે હું શુક સ્વામી તથા પવિત્રાનંદ સ્વામી પાસે રહેતો. ત્યારબાદ વિજ્ઞાનદાસજી વગેરે સાથે ભાઈબંધી થઈ અને પછી વરતાલ, વડોદરા, સુરત, ચાણસદ, નડિયાદ, પેટલાદ વગેરે ગામોમાં ફર્યા અને ભાઈબંધોના મનોરથ પૂરા કર્યા. અને પછી તમો વરતાલથી નીકળ્યા અને આજ ભેગા બેઠા છીએ. આ અમારાં જન્મ અને કર્મ અમે તમને કહ્યાં.'' એવી રીતે પોતાનું દિવ્ય ચરિત્ર અતિ વિસ્તારથી કહ્યું, પણ આ તો દિશમાત્ર લખ્યું છે. આમ, વાતો કરતાં રાત્રીના બે વાગ્યા એટલે સૌને સૂવાની આજ્ઞા કરી.

મિથ્યા દોષારોપણ ન કરવું

બીજે દિવસે સવારે ભગતજી નાહીને પૂજા કરતા હતા અને સર્વે સંતો આજુબાજુ બેઠા હતા. તે વખતે પુરુષોત્તમ બોલ્યો : ''સાધુ તો સારા પણ ઉપાસના ફરી જાય છે એમ લોકો બોલે છે, એ ઠીક નહિ.''

પછી ભગતજી તે સાંભળી બોલ્યા : ''અલ્યા, તારો જીવ બળી જશે. આવા બ્રહ્મવેત્તા સાધુનો અવગુણ લે છે ને જાણ્યા વિના મિથ્યા દોષારોપણ કરે છે !''

તે સાંભળી તે હાથ જોડી બોલી ઊઠ્યો : ''મને માફ કરો. હું તો લોકોનું બોલેલું કહું છું.''

ત્યારે ભગતજી કહે : ''તપાસ કર્યા વિના કંઈ ન કહેવું.'' એમ કહીને એક દૃષ્ટાંત આપ્યું :

''એક શાહુકારે સદાવ્રત બંધાવેલ. ત્યાં કાશીથી પાંચ ભણેલા બ્રાહ્મણો આવ્યા. તે પાંચેય સદાવ્રતમાંથી ઘી, સાકર, લોટ લઈને જતા હતા. તેવામાં

માર્ગમાં સમડી સર્પને મોઢામાં લઈને ઊડતી જતી હતી. તે સર્પની લાળ પેલા ઘીમાં પડી, તે કોઈના જાણ્યામાં આવ્યું નહિ. પછી તો બ્રાહ્મણો રસોઈ કરી અને જમ્યા અને સર્પનું ઝેર ચડવાથી પાંચે મરી ગયા. તે પાંચ બ્રાહ્મણો મર્યાની પાંચ બ્રહ્મહત્યા થઈ. તે પાપ કોના માથે નાખવું એમ ચિત્રગુપ્ત ધર્મરાજાને પૂછવા આવ્યો; કારણ કે, આમાં સદાવ્રત બંધાવનાર શાહુકારનો વાંક ન હતો, સીધું આપનારાનો પણ વાંક ન હતો, રસોઈ કરનારનો પણ વાંક ન હતો, સર્પનો તથા સમડીનો પણ વાંક ન હતો. પછી ધર્મરાજાએ ધીરે રહીને કહ્યું : 'પછી લખીશું.'

''બીજે દિવસે એક બ્રાહ્મણ સદાવ્રત શોધતો તે ગામમાં ગયો. ત્યાં એક ડોશીને પૂછ્યું : 'અહીં કોઈ સદાવ્રત છે ?' ત્યારે ડોશી બોલી : 'હા, એક વાણિયાનું સદાવ્રત છે. તેણે કાલે પાંચનાં તો કામ કાઢી નાખ્યાં છે અને આજે તારો વારો છે.' એમ કહ્યું. એટલે ધર્મરાજાએ ચિત્રગુપ્તને બોલાવીને કહ્યું : 'પાંચે બ્રહ્મહત્યાઓ આ ડોશીને માથે લખો; કારણ, તેણે મિથ્યા આરોપણ કર્યું છે.' એમ મિથ્યા આરોપણ કરવાથી ડોશીને માથે હત્યાઓ આવી. માટે તું વિચારીને બોલજે.'' એમ ઘણી વાતો કરી.

તમો બધા તો પૂર્વના છો

તે દિવસે ઝવેરીલાલની રસોઈ હતી અને ઝવેરીલાલ પોતે જ પોતા સારુ તથા ભગતજી સારુ ખાંડનો લાડુ બનાવતા હતા. તેમને દર્શન તથા વાતુનું સુખ મળે એટલે ભગતજીએ ભંડારમાં જ તેમની પાસે સભા ભરી, સર્વે સંત-હરિભક્તોને વાતો કરતા હતા. આ પ્રસંગે કેવલાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, દ્વૈતાદ્વૈત તથા શુદ્ધાદ્વૈત એ ચાર મતના સિદ્ધાંતો ઉપર ઘણી જ વાતો કરી અને એ ચારેનો શો સિદ્ધાંત છે તે સમજાવ્યું. પછી કહ્યું : ''પુરુષોત્તમની ઉપાસના શીખવી તે ઘણું જ કઠણ છે અને તમે બધા જ પૂર્વના છો, તે જો તમારાં રૂપ ઉઘાડાં કરું તો છકી જાઓ, પરંતુ શ્રીજીમહારાજ ભેળા ગોળા ખાધેલા છે અને ફરીવાર આવ્યા છો. તેમ ન હોય તો આટલી ઊગતી ઉંમરમાં બ્રહ્મચર્ય-વ્રતની દૃઢતા ન હોય અને સર્વોપરી ઉપાસના પણ ન સમજાય.''

ત્યાર પછી રસોઈ તૈયાર થઈ એટલે ભગતજીએ સર્વે સંતોને ત્રણ-ત્રણ લાડુ મોતિયાના પીરસ્યા અને સાધુએ રોટલી, દાળ, શાક પીરસ્યાં. એ રીતે

સર્વે જમ્યા. ભગતજી ઝવેરીલાલ સાથે જમ્યા. પછી બપોરની કથા કરી આરામ કર્યો.

રાત્રે સંધ્યા આરતી પછી ભગતજીએ સ્વામી પાસે પોતે રહેતા ત્યારના એક પ્રસંગની વાત કરી : ''એક વખત એક સાધુએ આવીને મને કહ્યું : 'અહીં શું રહ્યો છે ? જાને હરિકૃષ્ણ ભેગો.' એટલે એ વાત મેં સ્વામીને કરી : 'હું અહીં તમારો સંગ કરવાને આવું છું અને તમારા સાધુ મને બીજે મોકલે છે.' ત્યારે સ્વામી કહે : 'આવો સંગ મળવાનો નથી.' એટલે મેં પૂછ્યું : 'હરિકૃષ્ણની આવડી ભડાભડી (મોટાઈ) કેમ જણાય છે ?' ત્યારે સ્વામી કહે : 'કોઈ જીવ, ઈશ્વરકોટિમાંથી આવ્યો હોય તે ઐશ્વર્ય દેખાડે, પણ અક્ષર-પુરુષોત્તમ તો થાનાર જ નથી.'' એમ ઘણી વાતો કરી.

બીજે દિવસે મોતિયાની રસોઈ કરાવી સૌને જમાડ્યા. પોતે મોતિયા લાડુ પીરસ્યા અને સૌને શાંતિ પમાડી દીધી. પછી ભગતજી સૌને કહે : ''તમારે આ ફેરે વરતાલ સમૈયો ન થયો તે મેં કરાવ્યો અને હવે હું મહુવે જઈશ અને તમે અહીં રહેજો. આ પંચતીર્થમાં ફરજો અને વરતાલ બોલાવે ત્યારે જજો. હું વખતે વખતે ભેગો થતો રહીશ.'' એમ કહી હરિભક્તોને લઈને મહુવા ગયા.

મહુવામાં બ્રહ્માનંદ

બીજે દિવસે પોતે મંદિરમાં ગયા અને ત્યાંના સાધુ સાથે વાત કરી. ત્યારે તે સાધુઓએ કહ્યું : ''જો ધોળાં પહેરે તો અમે ગઢડે તેડી જઈએ.''

તેથી ભગતજીએ સર્વેને પૂછવા માટે બોલાવ્યા અને પોતે નદીમાં ભેગા થયા. ત્યાં પૂછ્યું ત્યારે સર્વે સાધુઓએ હાથ જોડી કહ્યું : ''તમે જેમ કહેશો તેમ કરીશું.'' તેથી બીજે દિવસે સાધુઓને મંદિરમાં બોલાવ્યા એટલે બધા સંતો મંદિરમાં આવ્યા અને મેડે ઉતારો કર્યો. ગઢડાના સાધુઓએ તેમને ધોળાં આપ્યાં તે પહેર્યાં. તે જોઈ ભગતજી બોલ્યા : 'वर्णिवेश-रमणीयदर्शनम् ।' (આવા સુંદર વર્ણીઓનાં આ વેશમાં કેવાં રમણીય દર્શન થાય છે !) એ ચરણ બોલીને કહ્યું : ''કેવાં અલૌકિક દર્શન થયાં ?''

આ પ્રમાણે ભગતજીએ આ સંતોને થોડા દિવસ મંદિરમાં રાખ્યા. પોતે રોજ આવે અને વાતો કરે. એક વખત પાછલી રાત્રે સૌને બોલાવીને કહ્યું :

''આ વિજ્ઞાનદાસજી વિના બીજાને મારે મહોનત[૭૮] કરવો છે.''

પછી સૌએ કહ્યું : ''આ વિજ્ઞાનદાસજીના નાના સાધુ[૭૯] ડાહ્યા છે, તેમને સૌના મહોનત કરી આપો.''

એટલે ભગતજીએ યજ્ઞપુરુષદાસજી સામું જોઈ હસી કહ્યું : ''આજથી તમે મહોનત. તમારી આજ્ઞામાં સૌ રહેશે અને તમારે સૌની આજ્ઞામાં રહેવું.'' એમ કહી રમૂજ કરી અને વિજ્ઞાનદાસજીને કહ્યું : ''તમે પણ એમની આજ્ઞામાં રહેજો.'' એવી રમૂજ કરી સૌને આનંદ પમાડે, લાડ લડાવે, રસોઈઓ જમાડે અને વળી બ્રહ્મનું અપાર સુખ પણ આપે.

આવી ભક્તવત્સલતા ! ભગવાન જાણે ભક્તના સારુ જ દેહ ધરીને રહ્યા ન હોય ! શ્રીજીમહારાજે કહ્યું છે : ''અમારે તો ભગવાનનો રાજીપો થયા સારુ જન્મોજન્મ ભગવાનના ભક્તની જ સેવા કરવી છે અને જેમ અમારો નિશ્ચય છે તેમજ તમારે પણ નિશ્ચય કરવો.''[૮૦]

તે દિવસે પોતા તરફથી સાકરના શીરાની રસોઈ મંદિરમાં કરાવી સર્વે સાધુ તથા હરિભક્તોને જમાડ્યા અને પોતે જમ્યા. પછી પોતે મેડે બધાને બોલાવીને કહ્યું : ''ગઢડા ન જશો. ક્યાંના ક્યાંય ગામડામાં ખોસી દેશે તો જોગ નહિ રહે. માટે વરતાલ જજો.'' આમ, સર્વોપરી સુખ આપવા માટે યુક્તિ-પ્રયુક્તિ શીખવાડી, બ્રહ્મવિદ્યા સિદ્ધ કરવાના સરળ રસ્તા બતાવ્યા.

નૈષ્ઠિકવ્રત સિદ્ધ કર્યા વિના છૂટકો નથી

એક વખત સર્વેની પરીક્ષા કરી જોવા કહ્યું : ''આ ભગવાં લૂગડાં જ બંધનકારી છે, માટે મૂઆં એ નાખી દ્યો ને ઘેર જાઓ અને સુખેથી સંગ કરવા આવજો.'' એમ કહ્યું.

એટલે સર્વે સંતોએ કહ્યું : ''આ આશ્રમમાં રહીને બ્રહ્મચર્યવ્રત પાળીને કામ બાળ્યા સિવાય છૂટકો નથી. માટે ગૃહસ્થાશ્રમ કર્યા પછી પણ ત્યાગાશ્રમ કરીને નૈષ્ઠિકવ્રત સિદ્ધ કરવું જ જોઈએ. એટલે અમારે ગૃહસ્થાશ્રમ કરવો એવો ઠરાવ જ નથી.''

---

૭૮. મંડળધારી.

૭૯. યજ્ઞપુરુષદાસજી.

૮૦. ગ.મ. ૨૮.

એ સાંભળી ભગતજી રાજી થયા અને કહ્યું : ''મારે પણ ત્યાગી થયેલાને ગૃહસ્થ કરવા એવો ઠરાવ નથી, પણ તમારી પરીક્ષા માટે કહ્યું હતું. તે તમારો સિદ્ધાંત સાંભળી હું બહુ જ રાજી થયો છું.''

આ પ્રમાણે ધોળાં પહેરાવવા નિમિત્તે સાધુને પોતાની પાસે રાખી ઘણું સુખ આપ્યું. એમ *'કામિલ કાબીલ સબ હુન્નર તેરે પાસ હૈ'* એવા પાકા મુરશિદ મળ્યા એટલે સર્વ વાતે સાનુકૂળ કરીને પણ સુખ આપ્યું. પરંતુ આજ્ઞા પાળે અને એમનાં વચનનો મર્મ સમજી તત્કાળ દિવ્યભાવે ઝીલી લે, તેને જ એ સુખ આવે.

બીજે દિવસે એકાદશી હતી તેથી સૌને કહ્યું : ''હવે તમે જાઓ અને ભાદરોડ જઈને રહેજો, સુખેથી ભજન કરજો અને હું કહું ત્યારે વરતાલ જજો. વળી, આ ધોળાં પહેર્યાં છે તે તથા ભગવાં બંને વસ્ત્ર રાખજો. પાત્ર, તૂમડાં પણ રાખજો. કોઈ કહે તો કહેજ્યો કે વસ્ત્ર અધિક નથી, એટલે ધોળાં ભગવાં કર્યાં છે.'' એમ કહી પોતે નદી સુધી વળાવવા આવ્યા.

ભાદરોડમાં અલૌકિક સુખની લહાણ

આ સાધુનું મંડળ ભાદરોડ ગયું. જે સ્થળે રુક્મિનાં દાઢી-મૂછ શ્રીકૃષ્ણે કાપી નાખ્યાં હતાં ત્યાં આ ગામ વસ્યું છે. અહીં ભદ્રેશ્વર મહાદેવના મંદિરમાં ઉતારો કર્યો. ભગતજીએ તેમના ભત્રીજા પુરુષોત્તમ સાથે સીધાનો બધો સામાન મોકલ્યો. પરંતુ સાધુએ તો ભગતજીનાં દર્શન-સમાગમનો યોગ ન થાય અને કથાવાર્તાનું સુખ ન મળે એટલે રસોઈ કરીને જમવાનું કેમ ગમે ? એટલે તે બધો સીધાનો સામાન પડી રહ્યો અને ત્રણ દિવસના બધાને ઉપવાસ થયા. ચોથે દિવસે વાલા ભગત તથા નારાયણ ભગત બીજું સીધું લઈને આવ્યા ત્યારે તેમને જોઈ વિજ્ઞાનદાસજીએ તેમની સાથે કહેવરાવ્યું : ''અમે તો બધા ભગતજી આવશે તો જ જમીશું. માટે આ બધો સીધાનો સામાન પાછો લઈ જાવ અને ભગતજીને કહેજો કે તમારાં દર્શન વિના કોઈ જમશે નહિ. કારણ કે, આ દર્શન અને સમાગમ સારુ બહાર નીકળ્યા છીએ, માટે કંઈક સુખ તો આપો.'' એવો સંદેશ મોકલ્યો.

એટલે વાલા ભગતે ભગતજી તથા વિઠ્ઠલભાઈને આવીને કહ્યું : ''સાધુ તો બધા માંદા થયા છે અને તેમની સારુ ગોદડાં લઈ જવાં છે, માટે ગાડું

જોડાવી આપો.'' આ સાંભળી ભગતજી ગાડામાં બેસી ભાદરોડ પધાર્યા.

ભગતજી ભાદરોડ પહોંચ્યા ત્યારે લગભગ રાત પડી ગઈ હતી અને સાધુ ઉપર મેડે ચેષ્ટા બોલતા હતા. ભગતજી અંદર ગયા અને સાધુને કહ્યું : ''કોઈ હેઠે આવી દંડવત કરશો નહિ.'' એમ સૂચના આપી પોતે ઉપર ગયા અને સર્વેના ખબર પૂછ્યા અને પછી બેઠા. સર્વે મંડળને ભગતજીની અલૌકિક મૂર્તિનાં દર્શન કરી ખૂબ શાંતિ થઈ અને ભગતજીની પાસે આવીને બેસી ગયા. ચકોર જેમ ચંદ્રમાં જોડાય, તેમ સર્વેની વૃત્તિ ભગતજીમાં જોડાઈ ગઈ. પછી ભગતજીએ વાતો કરવા માંડી : ''તમે સર્વે શ્રીજીમહારાજની બાંધેલી મર્યાદા પાળો છો અને શ્રીજીમહારાજનો સર્વોપરી નિશ્ચય છે એટલે મારે અને તમારે હેત છે. જો ધર્મ-નિયમ ન પાળો તો તમારે અને મારે લેવા-દેવા નથી. માટે જરૂર આજ્ઞા રાખજો. આજ્ઞામાં ફેર પડ્યો તો તમારે અને મારે હેત નહિ રહે. વળી, ધર્મ છે તે જેવો બીજો કોઈ ગુણ નથી અને આ લોકમાં અને પરલોકમાં સુખ આપે એવો છે. માટે નિયમમાં રહેવું. શ્રીજીમહારાજે અતિશય ધર્મનું પ્રતિપાદન કર્યું છે, તેથી શ્રીજીકૃત મર્યાદામાં ખબરદાર રહેવું.'' એવી એવી ઘણી વાતો રાત્રીના બે વાગ્યા સુધી કરી. પછી સૌને સૂવાની આજ્ઞા કરી.

પાછલી રાત્રીએ ઊઠીને સંતો નાહવા ગયા અને પોતે પણ નાહીને પૂજા કરી. તે દિવસે દૂધપાક-રોટલીની રસોઈ કરાવી, સર્વે સંતોને જમાડ્યા. પછી કહે : ''સાધુ તો તપ અને નિયમથી શોભે. માટે તમારે એક દિવસ ઉપવાસ કરવો અને એક દિવસ જમવું.'' આવી આજ્ઞા મળી એટલે તે જ દિવસથી આજ્ઞા પ્રમાણે બધા વર્તવા લાગ્યા.

ભગતજી સાધુ સાથે ભદ્રેશ્વરના મંદિરમાં દર્શન કરવા જતા હતા. ત્યારે તેમને શરીરે કસર હોવાથી એક પંચોળીએ તેમને તેડી લીધા. આથી, કેશવપ્રસાદ પુરાણી બોલ્યા : ''હવે આને બળદનો દેહ નહિ આવે.''

પછી મંદિરમાં જઈ આરતી કરી અષ્ટક બોલ્યા. પોતે આસને બેઠા અને ધૂન કરાવી. પછી સ્વામી પુરુષોત્તમદાસ પાસે બે વચનામૃતો બોલાવ્યાં. પછી તેના ઉપર ઘણી વાતો કરી 'શ્રીપતિમ્' કરી ઊઠ્યા. ત્યારે પુરાણી કેશવપ્રસાદજીએ રસ્તામાં અજવાળું કરવા કાકડો ચેતાવ્યો. તેનો ભડકો મોટો થયો, એટલે ભગતજી કહે : ''મશાલ ઓલવી નાખો.''

ત્યારે પુરાણી કહે : ''તો તો ચંદ્રમાને લાભ મળે પણ અમને શું લાભ ?''

એટલે બીજા સાધુ કહે : ''વાળંદ અવતાર આવવાનો હશે તે હવે નહિ આવે.''

એ સાંભળી ભગતજી કહે : ''હવે બીજો અવતાર હોય ? તમો તો જેનું અન્ન ખાશો તેનું પણ કલ્યાણ થશે, એવો તમારો મોટો મહિમા છે.'' એમ વાત કરતાં ઉતારે આવ્યા.

બ્રહ્મના સુખનો અનુભવ

આ પ્રમાણે ભગતજી સારુ અનેક કષ્ટ વેઠી, ઉપાધિ-અપમાન સહન કરી, જે પરમહંસો બહાર નીકળ્યા હતા, તેને તેમના સર્વે મનોરથ પૂરા કરી, અલૌકિક સુખ આપ્યું. કંઈ જ અધૂરું ન રહે, પૂર્ણકામપણું મનાઈ જાય એ માટે એ પ્રત્યક્ષ બ્રહ્મસ્વરૂપ, શ્રીજીના અખંડ ધારક, વડવાનળ જેવા પરમ એકાંતિક સત્પુરુષ, પોતાની મૂર્તિની અખંડ સ્મૃતિ રહે તે સારુ આવાં અલૌકિક દિવ્ય ચરિત્રો, પ્રસંગો ઊભાં કરીને કરતા અને પોતાના ભક્તજનને અપાર સુખ આપતા.

આવા અવિનાશી, સચ્ચિદાનંદ બ્રહ્મના સુખનો કિંચિત્ પણ જેને અનુભવ થયો હોય, તેને જગતનાં સુખ નરક તુલ્ય જણાયા વગર રહે જ નહિ. એ અનુભવ જ્યાં સુધી નથી થયો, ત્યાં સુધી ઇન્દ્રિયો-અંતઃકરણ પંચવિષયમાં ઝડપું નાખી, જીવને અતિ દુખિયો કરી મૂકે છે. તે ઇન્દ્રિયો-અંતઃકરણનાં આવરણને ભેદવા માટે, પ્રગટ સત્પુરુષની મૂર્તિને હૃદયમાં ધ્યાન અને અખંડ સ્મૃતિ દ્વારા પ્રગટ કરી, પધરાવવી જ જોઈએ. એ મૂર્તિ અંતરમાં બેઠી એટલે સુખ, સુખ અને સુખ છે. તે સિવાય પરોક્ષ ભજનથી ઇન્દ્રિયો-અંતઃકરણનાં આવરણ ભેદાતાં નથી.

આ પ્રમાણે ભગતજી અલૌકિક સુખ આપતા. નાથા ભગત રોજ સગડી કરી ભગતજીને શેક કરે. સૌને સવારે વહેલા ઉઠાડી, ધ્યાનમાં બેસાડી, ઇન્દ્રિયો-અંતઃકરણની વૃત્તિને હૃદયાકાશમાં લીન કરી, ભગવાનની મૂર્તિ પ્રગટ કરવાની બ્રહ્મવિદ્યા શિખવાડતા.

એક દિવસ સવારના સૌ પરવાર્યા, ત્યારે ભગતજી બધાને કહે : ''આજે તો સૌ છાણાં વીણવા જાઓ અને ચાર-પાંચ મણ ભાર ઊંચકી શકે

એવા હોય તે જાય.''

પછી તો નારાયણચરણદાસજી, ભક્તિજીવનદાસજી વગેરે તૈયાર થયા. એટલે યજ્ઞપુરુષદાસજી કહે : ''હું તો છાણાં વીણીને ભેગાં કરી આપું, પણ પાંચ મણ ભાર મારાથી ઊંચકાય નહિ.''

ત્યારે ભગતજી કહે : ''જેનાથી ઊંચકાય તે જાઓ.'' પછી જે જવાને તૈયાર થયા તેને મળ્યા, બીજાને કહે : ''મારે તો કોઈનેય મોકલવા નથી, પણ આ તો પરીક્ષા કરી જોઈ.'' એમ રમૂજ કરી સૌને સુખ આપ્યું.

એક દિવસ ભગતજીએ સૌને કહ્યું : ''તમે સૌ ઉપવાસી છો અને મહારાજને તપ વહાલું છે, એટલે આજ તો સૌ તલસરાં વીણવા વાઘનગર જાઓ.''

એટલે કેશવપ્રસાદ કહે : ''મેં વાઘનગરનો મારગ દીઠો છે.''

પછી સૌ તે તરફ ગયા અને વિજ્ઞાનદાસજી તથા મહાપુરુષદાસજી બંને વાઘનગર ઝોળી માગવા ગયા. ઝોળી માગીને આવ્યા એટલે ભગતજી કહે : ''કોની આજ્ઞાથી ઝોળી માગવા ગયા હતા ? અને પેલો વૈદ્ય મારી આજ્ઞાથી મંદિર કરે છે તેને તો વાસનાવાળો કહો છો ને તમો પોતે કેમ ગયા ?'' એમ કહીને બધાને ખૂબ હસાવ્યા.

પછી ઝોળીમાંથી દાળ વેરાઈ ગઈ તેને ભગતજીએ ચોખ્ખી કરાવી, ધોવરાવી અને આજ્ઞા કરી : ''આ દાળ રાંધજો. આપનારે તો પોતાના કલ્યાણ સારુ આપી, તો આપણે તેને શુદ્ધ કરી ઠાકોરજીને ધરાવી અંગીકાર કરવી જોઈએ.''

આમ, સર્વેના હિતની જ દૃષ્ટિ જેમનામાં છે એવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ એકાંતિક ભગતજી, પોતાના લાડીલા અનન્ય શિષ્યોને, પરમ ભાવથી અનેક પ્રકારનું સુખ આપતા હતા. તેમના તરફ જ દૃષ્ટિ, તેમના તરફ જ સ્નેહ, કોઈ રીતે પણ તેમની વૃત્તિ ભગવાનમાંથી તૂટે નહિ અને અખંડ દૃઢતા જ થતી રહે, એ જ કેવળ લક્ષ્ય રાખીને, બ્રહ્મસ્થિતિને માર્ગે લઈ, અખંડ મહારાજની મૂર્તિનું સુખ આપવાનું જ તાન તેમને હતું. મોટાપુરુષની આ દૃષ્ટિને ટૂંકી બુદ્ધિવાળા જીવ કેમ જાણી શકે ? તેમને તો એમ જ જણાય કે 'પોતાને મોટા થવું છે, ભગવાન થવું છે, પૂજાવું છે, મનાવું છે.' પરંતુ પોતાની દરેક ક્રિયા, પોતાના શિષ્યોને શ્રીજીમહારાજની મૂર્તિમાં જ જોડી દેવા

માટેની હોય છે. એ તો જે અખંડ પાસે રહીને ભક્તની દૃષ્ટિએ જોતો હોય તેને જ સમજાય.

તમારે જ્યાં જશો ત્યાં એમનો જ આધાર છે

તેમના પરમ લાડીલા શિષ્ય વિજ્ઞાનદાસજીને વાઘનગર જાતાં પગમાં કાંટો વાગ્યો, તે નાથા ભગત પાસે પોતે બેસીને કઢાવ્યો. કાંટો નાથા ભગતે કાઢીને ભગતજીને બતાવ્યો. એટલે ભગતજી કહે : ''ઓહો ! આવડો મોટો કાંટો વાગ્યો ! હવે એને કોઈ ક્રિયા બતાવવી નહિ, કારણ કે એ જોડા પહેરતા નથી. એમને વરજી મેલવા અને અખંડ ભજન કરવા દેવું. તમારે જ્યાં જશો ત્યાં એમનો જ આધાર છે.'' એમ વિજ્ઞાનદાસજીની બહુ જ પ્રશંસા કરી.

પ્રાગજીને ઓળખતા નહોતા

ભગતજી રોજ ત્યાં કથાવાર્તા કરે એટલે મહાદેવનાં દર્શન કરવા આવનાર કેટલાક ભાવિક બ્રાહ્મણો તથા બીજાં ગામના માણસો ભગતજીની વાતો સાંભળવા બેસતા.

''ભગવાનનું ભજન કરવા માટે ઇન્દ્રિયો-અંતઃકરણની વૃત્તિઓ ખેંચી, એકાગ્ર ચિત્તે મૂર્તિમાં જોડાઈ જાય, તો જ ભજનનું યથાર્થ સુખ આવે.'' એવો ઉપદેશ ભગતજી કરે અને પોતે પણ સમગ્ર ઇન્દ્રિયોની વૃત્તિને ખેંચીને ભજનમાં બેસી જાય અને બબ્બે, ત્રણ-ત્રણ કલાક સુધી સમાધિની સ્થિતિમાં બેસી રહે. ભગતજીની આવી સ્થિતિ જોઈ સૌને ઘણું જ આશ્ચર્ય થતું અને કહેતા કે ''પ્રાગજીને તો આપણે ઓળખતા નહોતા, પણ એ તો બહુ જ જ્ઞાની અને સમાધિનિષ્ઠ છે અને મોટા મોટા સાધુ પણ એમને માને છે અને પૂજે છે.'' આવો અલૌકિક પ્રતાપ જોઈને ગામના માણસો વિશેષ ને વિશેષ ખેંચાવા લાગ્યા.

આ સર્વે બીજાને શાંતિ કરે એવા છે

બીજે દિવસે તે ગામના પટેલ વસતાભાઈ ભગતજીનાં દર્શને આવ્યા અને બીજા પણ કેટલાક લોકો આવ્યા. તેમને ભગતજીએ બહુ જ વાતો કરી અને યજ્ઞપુરુષદાસજી પાસે વચનામૃતનો પરથારો, મહારાજ લોજ પધાર્યા

ત્યાં સુધી વંચાવ્યો.

પછી વાતો કરીને કહ્યું : ''આ વિજ્ઞાનદાસજી બહુ જ મોટા સાધુ છે અને હું પણ એમનો સમાગમ કરવા અહીં આવ્યો છું. વળી, આ વાંચે છે તે શાસ્ત્રી છે અને આ બેચર ભગત મહારાજના કુલકારભારી છે અને જ્ઞાની સારા છે. વળી, આ કેશવપ્રસાદજી તો બહુ જ મોટા છે. આ નારાયણ-ચરણદાસજી પ્રભુતાનંદજીના શિષ્ય છે અને સેવા સારી કરે છે. આ બધાય આબરૂદારના દીકરા છે, પણ વૈરાગ્યે કરીને ઘર છોડ્યાં છે અને નિત્યે ધારણાં-પારણાં કરે છે. ગુજરાતના મોટા મોટા હરિભક્તો એમનાં દર્શનને ઇચ્છે છે, પણ મારે વિષે હેત છે તે અહીં રહ્યા છે; પણ એ સર્વે બીજાને શાંતિ કરે એવા છે ને જે એમનાં દર્શન કરે તેનાં પાપ બાળે એવા છે. માટે નિત્યે આ સાધુનાં દર્શન કરજો.'' એમ એ સર્વે સાધુઓનો અપાર મહિમા કહ્યો.

આવી રીતે કથાવાર્તા, ધ્યાન, ભજનમાં અખંડ સૌને જોડી દઈને છતી દેહે અક્ષરધામના સુખનો આનંદ સૌને કરાવતા. જે દિવસે પારણાં હોય તે દિવસે ખીર-રોટલી જમાડે. જે દિવસે ઉપવાસ હોય તે દિવસે સવારે વહેલા ચાર વાગ્યે ઉઠાડી નાહવા મોકલે. ત્યાર પછી પચીસ માળા ફેરવાવે, પછી પૂજા કરાવે અને પછી ઝોળી માગવા મોકલે. ઝોળી માગીને સૌ આવે એટલે બધાની ઝોળી તપાસે અને જેની ઝોળીમાં વધુ આવ્યું હોય તેનાં વખાણ કરે અને કહે : ''બહુ લેતાં આવડે છે.'' વળી, છાણાં લેવા પણ મોકલે અને આવે ત્યારે વાતો કરી, થાક ઉતારી, શાંતિ પમાડી દે. એમ એક દિવસ જાય તે ફક્ત પળ જેટલો જ જણાય.

પોતાના ગુણની વાત ન કરવી, પણ મોટાનો ગુણ કહેવો

એક દિવસ નારાયણચરણદાસજી તથા યજ્ઞપુરુષદાસજી બંનેને તલગાજરડા ઝોળી માગવા મોકલ્યા. ઝોળી માગીને એક જગ્યાએ બેઠા હતા ત્યાં ગામના પટેલ આવ્યા. તેને યજ્ઞપુરુષદાસજીએ વાતો કરી. તેને બહુ ગુણ આવ્યો અને આ સાધુને જોઈને બોલ્યા : ''અહો ! આવા હાથીની અંબાડીએ બેસે એવાને રખડવું પડે છે એ પ્રાગજીનું કર્તવ્ય છે.''

એટલે યજ્ઞપુરુષદાસજી કહે : ''અમને તો ભગતજીએ ઘણો ઉપદેશ કરીને સત્સંગમાં મળતું રહે એમ શીખવ્યું છે. અમે કોઈનું માનતા નહિ.

અમે તો અમારા અલમસ્ત કેફમાં ધર્મામૃત, ચોસઠપદી આદિ ગ્રંથો વાંચતા અને સાધુનાં લક્ષણોનાં કીર્તનો છડેચોક બોલતા. આથી બીજા કોઈને ફાવ્યું નહિ. એટલે ભગતજીએ અમને નિર્માની કર્યા અને સૌ રાજી રહે તે સારુ ધોળાં પહેરાવ્યાં અને પગે લગાડ્યા. વળી, અમને ગુજરાતના હરિભક્તો બહુ જ માને છે, પણ ત્યાં સૌ સાધુને ફાવતું નથી અને ક્લેશ થાય છે, એટલા માટે ભગતજીએ અમને અહીં રાખ્યા છે અને જ્ઞાન-ઉપદેશ કરે છે. નહિ તો અમારા જીવનું બહુ જ ભૂંડું થાત અને સત્સંગમાં સામાવડિયા થાત. પણ ભગતજીના સંગથી જ પાંશરું રહ્યું છે.''

આ વાત સાંભળી તે પટેલ બોલ્યા : ''એમ વાત છે ? અમને તો ભગતજીના વિરુદ્ધ ઊલટું ભરાવ્યું હતું, પણ તમારી વાતોથી પ્રાગજી ભગતનો મને ઘણો ગુણ આવ્યો છે.'' એમ કહી ઝોળીમાં દસ શેર ચોખા નાખ્યા.

આ વાત નારાયણચરણદાસે ભગતજીને કહી. એટલે ભગતજી બહુ જ રાજી થયા અને બધાને કહ્યું : ''તમો પણ જેને જેને વાત કરો, તેને પોતાના ગુણની વાત ન કરવી પણ પોતાનો દોષ દેખાડવો અને મોટાના ગુણ કહેવા અને સીતાજીના જેવી સમજણ શીખવી.''

બીજે દિવસે પણ ઝોળી માગવા સાધુ ગયા ત્યારે યજ્ઞપુરુષદાસજીની ઝોળીમાં અર્ધો મણ લોટ તથા રીંગણાં આવ્યાં. તે જોઈ ભગતજી બહુ જ રાજી થયા તેમજ પુરાણી કેશવપ્રસાદજી વાઘનગર ગયા હતા, તેમની ઝોળી જોઈને પણ ઘણા જ રાજી થયા. ભગતજીને લાગ્યું કે સાધુ જ્યાં જ્યાં જાય છે ત્યાં મોટાનો ગુણ આવે તેવી વાતો કરે છે અને સત્સંગમાં સમાસ કરે તેવા છે. આવા ચારિત્ર્યશીલ અને સાધુતાની મૂર્તિ સમા આ મંડળના સાધુઓ ભગતજીના જીવનપ્રાણ સમાન હતા. ભગતજી તેમને અનેક પ્રકારે સુખ આપી, લાડ લડાવી, જે ઉદ્દેશથી જુદા પડાવી બ્રહ્મજ્ઞાનનું સુખ આપવું હતું, તે ઉદ્દેશ પાર પાડતા હતા.

અઢાર હજાર શ્લોકમાંથી મુદ્દાનો શ્લોક

રોજ સાંજે યજ્ઞપુરુષદાસજી વચનામૃતનો પરથારો, ઉદ્ધવગીતા વગેરે વાંચે. ભગતજી પણ ઉદ્ધવગીતાના જુદા જુદા ઢાળના રાગ શીખવે અને ગોપીઓની પ્રેમભક્તિથી ડોલે અને કહે : ''આવી રીતે મૂર્તિમાં જોડાઈ

જાઓ તો તે રૂપ થઈ જાઓ.''

વળી, યજ્ઞપુરુષદાસજી પાસે સાધુનાં લક્ષણનાં કીર્તનો, *'હાંજી ભલા સાધુ...'* એ પદો બોલાવતા અને પછી તેમની સામું જોઈ કહેતા : ''જુઓ, આ સાધુ નેત્ર મીંચીને ભગવાન આગળ કેવા મુજરા કરે છે, માટે આવા સાધુ થવું.'' એમ વાતો કરે.

વળી, એક દિવસ સૌને કહે : ''કોઈને શ્લોક આવડતા હોય તો બોલો.''

ત્યારે કેશવપ્રસાદજી તથા વિજ્ઞાનદાસજી તથા યજ્ઞપુરુષદાસજી ત્રણેય શ્રીમદ્‌ભાગવતમાંથી કપિલગીતાનો શ્લોક બોલ્યા :

प्रसङ्गमजरं पाशमात्मनः कवयो विदुः।
स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम् ॥

– શ્રીમદ્‌ભાગવત : ૩/૨૫/૨૦

ત્યારે ભગતજી કહે : ''ઓહો ! આ તો બધા વિદ્વાન છે, તે અઢાર હજાર શ્લોકમાંથી મુદ્દાનો જ શ્લોક પકડી લીધો.''

એક દિવસ ભગતજીએ વિજ્ઞાનદાસજીને કહ્યું : ''તમો વાતો કરો.''

ત્યારે વિજ્ઞાનદાસ બોલ્યા : ''મહારાજ ! કામ, ક્રોધ અને લોભાદિ શત્રુ થકી રક્ષા કરજો.'' એટલી વાત કરીને પછી આગળ ન બોલ્યા.

એટલે ભગતજીએ પુરાણી કેશવપ્રસાદજીને કહ્યું, ત્યારે તે પણ ભગતજી સામું જોઈ રહ્યા. પછી યજ્ઞપુરુષદાસજીને કહ્યું, ત્યારે તે શરમાતા હતા પણ ભગતજીની મરજી સાચવવા સારુ બોલ્યા : *''કક્કા કળિમાં એ છે સાર, હરિભજનથી થાય ઉદ્ધાર.''*[૮૧] એ કક્કો બોલી વાત કરી. ત્યારે ભગતજીએ વચ્ચેથી વાત ઉપાડી લીધી અને કહ્યું : ''જો એણે વાતની શરૂઆત કરી, તો મેં ઉપાડી લીધી. માટે મોટા કહે તેમ કરવું.''

એટલે સૌ કહે : ''વાતો તો કરીએ, પણ આપ બેઠા હો એટલે જીભ ઊપડે નહિ.''

ત્યારે ભગતજી કહે : ''એમ વાતો કરવા માંડો તો જીભ પણ ઊપડે અને નિત્યે નવો આનંદ આવે.'' એમ આનંદ ખૂબ કરાવ્યો.

એક દિવસ રાત્રે સૌ ભગતજી પાસે બેઠા હતા ત્યારે ભગતજીએ કહ્યું : ''મેં વિચાર્યું કે આ સાધુની પડખે મહારાજ (આચાર્ય મહારાજ) તથા કોઠારી

---

૮૧. ભૂમાનંદ સ્વામી કૃત કક્કો. જુઓ પરિશિષ્ટ : ૫, પૃ. ૫૮૨.

બંને છે, તેથી પહેલી વાર હું કાંઈ ન બોલ્યો. પણ જ્યારે બધેથી નિરાધાર થયેલા જોયા ત્યારે ભગવાને તેમને સહાય કરી અને અહીં સુખેથી મારી વાતો સાંભળો છો.'' એમ સાંત્વન આપ્યું.

આ પ્રમાણે દરરોજ રાત્રે બાર વાગ્યા સુધી કથાવાર્તા કરે અને નિયમ-ચેષ્ટા બોલાવી સૌને સૂવાની રજા આપે.

કોઈ રીતે કસર રહેવા દઈશ નહિ

એક દિવસ વાતમાં દિવ્યભાવ જણાવતાં નંદ સાધુઓના પૂર્વજન્મના વૃત્તાંત કહેવા લાગ્યા. ત્યારે કેશવપ્રસાદજીએ પૂછ્યું : ''સ્વરૂપાનંદ સ્વામી કોણ હતા ?''

ત્યારે તે વાત કાપીને પોતે કહ્યું : ''એ તો અક્ષરમુક્ત છે, એ વાત જ નોખી છે.'' એમ કહી વાત ફેરવી, ઉપાસનાની વાત કરીને કહ્યું : ''શ્રીજી-મહારાજની સર્વોપરી ઉપાસના ને નિષ્કામવ્રત રાખશો, તો હું અક્ષરધામમાં તેડી જઈશ.'' એમ કહી સૌને કોલ આપ્યો.

પછી કેશવપ્રસાદજીએ પૂછ્યું : ''એકાંતિક ધર્મ સિદ્ધ ન થયો અને દેહનું આયુષ્ય આવી રહ્યું તો શું કરવું ?''

ત્યારે ભગતજી કહે : ''બીજા બ્રહ્માંડમાં શ્રીજીમહારાજનો જન્મ હશે ત્યાં તેડી જઈશ અને એકાંતિક ધર્મ સિદ્ધ કરાવીશ; પણ કોઈ રીતે કસર રહેવા દઈશ નહિ.''

એટલે ફરી પૂછ્યું : ''ત્યાં પાછા ગોળા ખાવા પડશે ને ?''

ત્યારે ભગતજી હસીને બોલ્યા : ''ફેરે ફેરે ગોળા ન હોય. એ તો પૂર્વે જે જે અવતાર થયા હતા તે શ્રીજીમહારાજે મુક્તોને મોકલ્યા હતા; પણ પોતે પ્રભુ થઈ પૂજાયા. એટલે તેમને ખટરસના વર્તમાન પળાવી, લોકોમાં અતિ અપમાન કરાવીને દંડ દીધો.''

આમ, અલૌકિક જ્ઞાનવાર્તાનું અપાર સુખ આપે અને સાધુઓ પણ બ્રહ્મ-આનંદમાં અલમસ્ત વર્તે.

ભગતજીને શરીરે સારું ન રહેતું તેમજ પગે જોડા પહેરાતા નહિ, એટલે પગે ધૂળ બહુ ચોંટતી. યજ્ઞપુરુષદાસજી નળિયું ઘસી, ધોઈને પગ ઊજળા દૂધ જેવા કરે અને આખા શરીરે માખણ ચોપડે. ભક્તિજીવનદાસજી પણ

ભગતજીની સાથે ને સાથે હાથ ઝાલી ફરે. નારાયણચરણદાસજી ભંડાર કરતા અને પુરાણી કેશવપ્રસાદજી ભગતજી સારુ રોટલી કરતા. પુરુષોત્તમદાસજી ભગતજીનું શરીર દબાવતા. એવી રીતે સૌ સેવા કરે અને ભગતજીને રાજી કરે. ભગતજીને પણ એવું તાન કે આ બિચારાઓએ મારા માટે વનવાસ લીધો છે, તો મારે સર્વ પ્રકારે મહારાજની મૂર્તિનું સુખ તેમને આપવું. સવારે વહેલા ઊઠે ત્યારે રમૂજ કરતાં બોલે : ''હે બેચર ભગત ! હે મહાપુરુષદાસ !'' એમ કહી સૌને જગાડે. પછી સૌને નાહવા મોકલે. રાત્રે કીર્તનો ગવરાવે.

જાનતા ક્યું નહિ વે હમારી પીર

એક વખત બેચર ભગતને કહ્યું : ''કીર્તનો બોલો.'' ત્યારે તે બ્રહ્માનંદ સ્વામીનાં કીર્તનો *'લગાડી તેં પ્રીતિ લાલ રે, પ્રીતલડી તો લગાડી'* ભગતજીની મૂર્તિ સામું જોઈ બોલ્યા. ત્યારે ભગતજી મંદ મંદ હસતાં આનંદ આપતાં બોલ્યા : ''એ સુખની શી વાત ! એ તો જેણે અનુભવ્યું હોય તે જ જાણે અને તેને જ સુખ આવે !''

પછી યજ્ઞપુરુષદાસજીને બોલવાનું કહ્યું. એટલે તે બોલ્યા : *'પિયા મોરા પ્યારા મોહન મતવાલા.'* ત્યાર પછી બીજું કીર્તન *'આતા ક્યું નહિ વે શામલડા.'* ત્યાર પછી *'જાનતા ક્યોં નહિ વે હમારી પીર,'* એ કીર્તન બોલ્યા.

ત્યારે ભગતજી હસ્યા અને કહ્યું : ''જાણશે ત્યારે ખાખરો ખંખેરશે અને ખબર પડશે.''

તે સાંભળી યજ્ઞપુરુષદાસજી હસ્યા અને જવાબમાં *'તોરી મોરી પ્રીત ન છૂટે રે'* એ કીર્તન બોલ્યા. ભગતજી એમનો પોતા પ્રત્યેનો અત્યંત ભાવ જોઈ રાજી થયા. પછી બોલ્યા : ''આ કીર્તનો તો બહુ ભારે છે, માટે ફરી બોલો.'' એમ ચાર વાર બોલાવ્યાં. એમ મોડી રાત્રી સુધી છતી દેહે અક્ષરધામના સાક્ષાત્ સુખનો અનુભવ કરાવ્યો.

આગલે દિવસે બધા સંતોને ઉપવાસ હોવાથી બીજે દિવસે બાજરાના દસ રોટલા કરાવ્યા અને અધમણ દૂધ મેળવીને દહીં તૈયાર કર્યું હતું. સવારના ચાર વાગ્યે સૌને ઉઠાડી, નાહી, પૂજા કરી, વીસ માળા ફેરવાવી, પારણાં કરાવવા સૌને ભંડારમાં પોતે તેડી ગયા. પોતે એક આસને બેસી સૌને પિરસાવ્યું. સૌને પહેલાં અર્ધો રોટલો આપ્યો ને પુરુષોત્તમદાસજીને આખો

આપ્યો. એટલે ભગતજીએ કહ્યું : ''આ પુરુષોત્તમદાસ ભૂખાળવો છે, તે સૌની હારે તેને ન ગણશો અને અર્ધો બીજો વધારે આપજો.''

ત્યારે પુરુષોત્તમદાસજી નીચું જોઈ બોલ્યા : ''મેં અર્ધો વધારે લીધો છે.''

એટલે ભગતજી હસીને બોલ્યા : ''મારી આજ્ઞા કેમ લોપી ? એટલી ધીરજ ન રહી ? હું શું ન આપત ?'' એમ કહી બહુ જ આનંદ કરાવ્યો.

જમી રહ્યા પછી ભગતજીએ બધાની જોડ બાંધી. તેમાં કેશવપ્રસાદજી, નારાયણચરણદાસજી; યજ્ઞપુરુષદાસજી, પુરુષોત્તમદાસજી; બેચર ભગત અને વ્રજવલ્લભદાસજી એમ જોડ બાંધી કહ્યું : ''પોતપોતાની જોડ કહે તેમ કરવું અને સૌએ હળીમળીને રહેવું.''

એક દિવસ ભગતજી સૌને કહે : ''આજે ઝોળી માગવા જાઓ.''

ત્યારે યજ્ઞપુરુષદાસજી અને નાથા ભગત કહે : ''અમે બોડે જઈએ ?''

ત્યારે ભગતજી કહે : ''રાતોલ ગામે જ જાઓ.'' એમ કહી યજ્ઞપુરુષદાસજીને કહે : ''તમે રાતોલ જાઓ અને નવા ગામમાં તમને કળા કરીને લેતાં આવડે છે. આ શંકર ભગતને તમારી જોડમાં રાખજો અને માર્ગે જતાં અને આવતાં અખંડ ભજન કરજો અને ત્યાં જઈને ઊભા રહેજો.''

પછી તો બંને ગયા. પરંતુ રસ્તામાં ભૂલા પડ્યા. પછી એક માણસ મળ્યો. તેણે વગર પૂછ્યે આ બંનેને જોઈને કહ્યું : ''આ તો રાતોલનો મારગ નથી. રાતોલનો મારગ તો પેલો રહ્યો.'' એમ કહી રસ્તો બતાવ્યો. પછી ગામમાં ઝોળી માગી, રીંગણાં તથા લોટ ઝોળીમાં લાવ્યા.

પછી ભગતજીએ તેમને પૂછ્યું : ''ત્યાં જઈને શું કહ્યું હતું ?'' ત્યારે સર્વે વૃત્તાંત કહ્યું. તેથી ભગતજી બહુ જ રાજી થયા.

કેશવપ્રસાદજી તથા નારાયણચરણદાસજી વાઘનગર ગયા હતા. તે પણ છાણાં અને ઝોળી લાવ્યાં. વિજ્ઞાનદાસજી તથા પુરુષોત્તમદાસજી કંટાસ ગયા હતા. તે પણ આવ્યા. નાથા ભગત તથા વ્રજવલ્લભ પણ આવ્યા. સૌની ઝોળી તપાસી બહુ જ રાજી થયા.

રોટલા અને શાકોત્સવ

પછી બેચર ભગતે શાક સુધાર્યું અને નારાયણચરણદાસે દહીં વલોવી છાશ કરી, માખણનું ઘી કરી રોટલા ચોપડ્યા. વંતાકનું શાક, મૂળાની ભાજી,

બાજરાના રોટલા અને છાશ – આમ સાદું સાત્ત્વિક ભોજન તૈયાર થયું. ત્યારે ભગતજી કહે : ''આજે તો બધાને સારી રીતે જમાડવા છે. નિત્યે દૂધપાક સારી રીતે જમાડીએ છીએ, પણ આજ તો રોટલા સારી રીતે જમો ત્યારે સમભાવ કહેવાય.''

પછી ઠાકોરજીને નૈવેદ્ય ધર્યું અને પંક્તિ થઈ ત્યારે ભગતજી કહે : ''આજે મારી આજ્ઞા તમારે પાળવી, પછી હું તમારે વશ છું.''

પછી સર્વને, પાસે ઊભા રહી, બબ્બે રોટલા, શાક, છાશ પિરસાવ્યાં. એટલું બધા જમી રહ્યા, એટલે ફરી એક એક રોટલો આપ્યો. વિજ્ઞાનદાસજી વચમાં પાણી પીતા હતા, તેમને પાણી પીવા દીધું નહિ અને બોલ્યા : ''છાશ ને રોટલા શું નાખી દેવા છે ?''

ત્યારે વિજ્ઞાનદાસજી કહે : ''છાશ ખાટી છે.''

એટલે પોતે કહે : ''કોઈને ખાટી ન લાગી અને તમને કેમ ખાટી લાગી ?'' એમ કહી ખૂબ હસ્યા.

પછી બેચર ભગતે દોઢ રોટલો ખાધો હતો અને કહ્યું : ''મેં તો ત્રણ ખાધા.''

એટલે ભગતજી કહે : ''તમે કપટ કર્યું છે. માટે બે બીજા લ્યો.'' એમ કહી બે રોટલા બીજા પિરસાવ્યા.

પછી નાથા ભગતે ચળુ કર્યું. ત્યારે ભગતજી કહે : ''કેમ ચળુ કર્યું ?''

ત્યારે નાથા ભગત કહે : ''મારા ભાગના ત્રણ રોટલા ખાધા અને વળી જો વધારે આવશે તો ખાઈશ.''

ત્યારે ભગતજી હસ્યા અને કહ્યું : ''ભૂખ્યા લાગો છો ?'' એમ કહી અર્ધો રોટલો અપાવ્યો.

પુરુષોત્તમદાસજીને કહે કે ''પેટલાદમાં લાડવા બહુ જ સારા લાગતા હતા અને આ રોટલા નથી ભાવતા ?'' એમ કહી સાડા ચાર રોટલા ખવરાવ્યા.

યજ્ઞપુરુષદાસે તો પરાણે ત્રણ રોટલા ખાધા હતા. તેમને કહ્યું : ''અરધો લ્યો.''

ત્યારે તે પેટે હાથ ફેરવી કહે : ''મારાથી હવે નહિ ખવાય.''

ભગતજી તેમની કિશોરમૂર્તિ અને સુકલકડી શરીર જોઈ હસ્યા અને કેમે કરી આ શરીરે અર્ધો રોટલો પણ ન સમાય તેમાં આ સાધુએ કેવળ મને રાજી કરવા આજે ત્રણ રોટલા ખાધા ! પરંતુ હજુ જાણે બાકી હોય તેમ

તેમને કહ્યું : ''અર્ધો વધુ ખાઓ તો આજ સાંજ સુધી તમે કહો તેમ કરું.''

પછી રાજીપા સારુ અર્ધો લીધો. આ પ્રમાણે અતિ પરાણે, હદથી વધારે રોટલા જમીને સૌ માંડ માંડ મેડે ગયા.

અલૌકિક સુખની લહાણ

પોતાની અનુવૃત્તિ સાચવી, આ સાધુએ આજે દેહને ન ગણ્યું એટલે ભગતજી બહુ જ રાજી થઈ ગયા હતા. તેમણે સૌને કહ્યું : ''આજે તો તમારે જેમ કરવું હોય તેમ કરો.''

સૌએ ભગતજીની ચંદન વડે પૂજા કરવાનો ઠરાવ કર્યો હતો. તે સંકલ્પ ભગતજીએ જાણી સૌને રાજી કર્યા. સૌએ તાંસળી તાંસળી ભરી ચંદન ઘસ્યું. કેટલીક ચંદનની ગોટીઓ પણ ભાંગી નાખી. એ રીતે ચંદન તૈયાર કરી સર્વે નાહવા ગયા. નાહીને આવ્યા પછી વિજ્ઞાનદાસજીએ ભગતજીને બંને ચરણથી તે માથા સુધી ચંદનની અર્ચા કરી. આ પ્રમાણે સર્વ સંતોએ વારાફરતી ચંદન ચર્ચ્યું. ચંદનમાં કેસર આદિ મિશ્રિત રંગોથી ભગતજીનું આખું શરીર ચંદન તથા કેસરની સુવાસથી દેદીપ્યમાન બની ગયું. તે અલૌકિક મૂર્તિનાં તે સર્વ મંડળે સામે બેસી દર્શન કર્યાં.

પછી શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી ભગતજીની પાસે આવીને બેઠા અને હાથ જોડી વિનંતી કરી : ''અમને મળો તો સુખ આવે.''

ત્યારે ભગતજી હસીને કહે : ''હવે બસ થયું, આટલું સુખ લીધું તે ઓછું છે ?''

ત્યારે શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી કહે : ''પેટ ફાટી જાય એટલું ખવરાવ્યું છે અને કહ્યું છે કે 'તમારે વશ છું.' માટે આજે તો મળવું પડશે.''

ત્યારે ભગતજી કહે : ''બહુ સારું, ચાલો મળીએ.''

પછી સૌને મળ્યા. તે દરેકના શરીર પણ ચંદનથી અંકિત થઈ ગયાં. પછી ચંદન સુકાયું એટલે ભગતજી કહે : ''હવે તો તણાય છે.'' એટલે યજ્ઞપુરુષદાસજીએ તથા વિજ્ઞાનદાસજીએ પોતાના રૂમાલ ભીના કરી ચંદન લૂછી લીધું. આવી રીતે અતોલ અને અમાપ સુખ આવ્યું અને બહાર નીકળી ગયા અને અપમાન થયેલું તેનું દુઃખ તો આકડાના તુરની પેઠે ઊડી ગયું.

માહાત્મ્યજ્ઞાને યુક્ત ભક્તિવાળા પોતાના મંડળને ભક્તિમાં પુષ્ટિ

કરવા રાત્રે ભગતજીએ ઉદ્ધવગીતા વંચાવી. તેમાં આ પદ આવ્યું :

મધુકર વાત મોહનવર કેરી, જાદુગારી જોર રે;
નરનારી એને ગાય સૂણે તે, તજે સંસારનો નોર રે...મધુકર
કૃષ્ણકથા જેણે પ્રેમે સાંભળી, તે તો તજી કુટુંબ પરિવાર રે;
પરમહંસ થઈ વનમાં વસિયા, જાણે છે સઉ સંસાર રે...મધુકર
શુક નારદ સનકાદિક એના, ગુણનું કરે નિત ગાન રે;
ધન દોલત ઘરબાર ન એને, ભમતાં ફરે રાનોરાન રે...મધુકર
એવું અમે જાણીએ તોયે એના ગુણ, મુખ થકી નવ મેલાય રે;
પાણીડું પીને ઘર અમે પૂછ્યું, હવે એનો શો ઉપાય રે...મધુકર
જે કોઈ જગમાં એને અનુસરશે, તેના તે પવાડા ગવાય રે;
મુક્તાનંદના નાથને સેવી, જગ છતરાયાં થાય રે...મધુકર

એટલે યજ્ઞપુરુષદાસજીએ હસીને કહ્યું : ''આ તો પૂર્વથી જ રીત ચાલતી આવે છે, આપણે કંઈ નવું નથી.''

તે સાંભળી ભગતજી હસ્યા અને બોલ્યા : ''ભગવાન ને સંતની રીત એકસરખી જ હોય. તેથી તે મૂર્તિનું જ્યારે મુમુક્ષુ જીવો શ્રદ્ધાએ સહિત દર્શન કરે છે, ત્યારે તેમની સર્વ ઇન્દ્રિયો તે મૂર્તિ સન્મુખ તણાઈ જાય છે. પછી તો તેનું જ દર્શન, તેની જ વાત અને તેનો જ પ્રસંગ ગમે અને તેની જ પછવાડે રાન-રાન અને પાન-પાન થઈ જાય તો પણ ફરે. વળી, ભગવાન પણ રસિયા વાલમ છે. તે એવા ભક્તને પોતાની મૂર્તિનું અલૌકિક સુખ આપ્યા જ કરે, એટલે જગતના દુ:ખની ગણતરી જ તેને રહે નહિ. આવો ગોપીઓને શ્રીકૃષ્ણને વિષે અપાર સ્નેહ હતો. તે બધાએ સિદ્ધ કરવો જ જોઈએ.'' એમ સત્પુરુષમાં જોડાવાની અલૌકિક વાતો કરી.

સૌના અંગનાં વચનામૃત

બીજે દિવસે સવારે નાહીને પૂજા કર્યા પછી સૌને પાસે બેસાડી કહ્યું : ''આજ તો સૌ પોતાના અંગનાં વચનામૃત વાંચો.''

એટલે વિજ્ઞાનદાસ સ્વામીએ મધ્ય-૫૪મું વાંચ્યું, બેચર ભગતે પ્રથમનું ૫૪મું, યજ્ઞપુરુષદાસજીએ મધ્યનું ૭મું, પુરાણી કેશવપ્રસાદદાસજીએ પ્રથમનું ૩૬મું, પુરુષોત્તમદાસજીએ સારંગપુરનું ૭મું, નારાયણચરણદાસજીએ

સારંગપુરનું ૧૦મું અને શંકર ભગતે અમદાવાદનું ૨જું – એમ દરેકે જુદાં જુદાં પોતાની રુચિ અનુસાર વાંચ્યાં. તે સાંભળી ભગતજી બહુ જ રાજી થયા.

પછી પોતે સર્વેને વાત કરી : ''આવી રીતે અખંડ ભજનમાં બેસજો અને વિષય સાથે વેર બાંધજો. તેમાં લેવાશો નહિ. તેમાં સંકલ્પ થાય તો કાપી નાખજો. કોઈ વસ્તુ દેખાય ત્યારે કહેવું કે 'હું આત્મા છું અને મારે વિશે કોઈ દોષ જ નથી.' એમ અખંડ વિચાર રાખવો અને મનને કહેવું કે 'કોટિ કલ્પે મારે કોઈ વસ્તુ જોઈતી જ નથી.' એમ અખંડ વિચાર રાખશો તો દોષ ઓછા કનડશે અને ધીમે ધીમે નિર્મૂળ થઈ જાશે.'' એમ પરમ રાજીપાથી નિર્દોષ થવાની ઘણી વાતો કરી.

બીજે દિવસે સૌને ભેગા કરી ભગતજીએ બેચર ભગત પાસે કોઠારી ઉપર કાગળ લખાવ્યો અને અતિ નમ્રતાપૂર્વક ફરી સત્સંગમાં પાછા લેવાની વિનંતી કરી. પછી દરેકને જ્યાં જેને મળતું હતું અને સ્નેહ હતો તે તે ગામમાં કાગળો લખાવ્યા. જેથી વિજ્ઞાનદાસજીએ ઠાસરા પત્ર લખ્યો અને બીજા સંતોએ વસો, નડિયાદ, પીજ, નાર એટલાં ગામોમાં પત્ર લખી ભગતજીની વાતો સાંભળવા મહુવા દરેકને તેડાવ્યા. ભાદરોડ ગામમાં પણ ઘણાને હેત થઈ ગયું હતું, એટલે ગામના ઘણા લોકો ભગતજીની વાતો સાંભળી ત્યાં આવતા.

તારા અંતરમાં તો કરકું પેઠું છે

ભાદરોડમાં નવા નવા ઘણાએ ભગતજી પાસે વર્તમાન ધરાવ્યા. એક રેણો પંચોળી પણ વર્તમાન ધરાવી સત્સંગી થયો.

ભદ્રેશ્વરના મંદિરના એંસી વર્ષના મહંતને સૂર્યભારથિ અને શંભુભારથિ એ બે દીકરા હતા. સૂર્યભારથિ ચારિત્ર્યહીન હતો અને ઘરમાંથી પૈસા વેડફી અનાચારમાં પ્રવર્ત્યો હતો. તે ભગતજીનાં દર્શને આવ્યો. ત્યારે ભગતજીએ તેના અંતરની સઘળી વાતો કહી દીધી અને કહ્યું : ''તારા અંતરમાં તો કરકું પેઠું છે તે ઘરની કોઠીઓ ખાલી કરે છે. માટે નક્કી તું જમપુરીમાં જઈશ.'' એ સાંભળી તે બહુ જ આશ્ચર્ય પામ્યો અને ભગતજીનો ઘણો ગુણ આવ્યો અને વર્તમાન ધરાવી સત્સંગી થયો.

હીરા મહારાજ નામે એક બ્રાહ્મણ તે પણ ભગતજીની તથા સાધુની

ઘણી સેવા કરતા. તે પણ વર્તમાન ધરાવી સત્સંગી થયા.

સાધુ થતાં શીખવું

કોઈ કોઈ વખત ગામની કીર્તનિયા મંડળી પણ ભગતજી પાસે આવે અને કીર્તનો ગાઈ ભગતજીને રાજી કરે. એ મંડળીમાં એક વખત એક માર્ગી બાવો આવ્યો અને વિદ્વત્તાનો ઘણો જ દંભ કરવા લાગ્યો. એટલે ભગતજીની આજ્ઞાથી યજ્ઞપુરુષદાસજીએ તેને પ્રશ્ન પૂછ્યો : ''આ શરીરમાં માનો ભાગ શું છે ?'' એ પ્રશ્નનો ઉત્તર તેને ન આવડ્યો, એટલે ત્યાંથી ચાલ્યો ગયો.

આ પ્રમાણે ભગતજીએ બ્રહ્માનંદનો અદ્‌ભુત અખાડો જમાવ્યો હતો, જેમાં દરેક પોતપોતાની શક્તિ અનુસાર સુખ લેતા. કોઈ કોઈ વખત યજ્ઞપુરુષદાસજી પાસે *'હાંજી ભલા સાધુ...'* એ સાધુતાનાં કીર્તનો ગવરાવે અને વાત કરે : ''આવી સાધુતા આવવી બહુ જ દુર્લભ છે, માટે સાધુ થતાં શીખવું.''

આ પ્રમાણે ઘણા દિવસો વીતી ગયા. ભગતજીને ઘેરથી સંદેશો આવ્યો : ''તમે ઘેર આવી જજો.'' એટલે તે રાત્રે ભગતજી વહેલા સૂતા અને એક વાગ્યે ઊઠીને સૌને જગાડ્યા.

પછી ભગતજીએ વાત કરી : ''સર્વે એકાગ્ર ચિત્તે સાંભળજો. તમને છેલ્લી વારનું ભાથું બંધાવવું છે. ગોપાળાનંદ સ્વામીના સાધુ જ્યારે ગામડામાં ફરવા જતા, ત્યારે ગોપાળાનંદ સ્વામી તેમને કહેતા કે 'લોકો જ્યારે ભાલમાં જાય ત્યારે ભેળા પાણીની ભંભલીઓ ભરીને જાય તે સુખેથી પાણી પિવાય. તેમ તમે ફરવા જાઓ છો તે જળની ભંભલીઓ તમને ભરાવું છું.' એમ સ્વામી વાતો કરતા. તેમ તમોને આજે મારે ભાથું બંધાવવું છે. આટલા દિવસ રમાડ્યા, જમાડ્યા અને સુખ આપ્યું અને આજે તો હવે જ્ઞાન દેવું છે.''

એકાંતિક સ્થિતિ પામ્યા સિવાય છૂટકો નથી

''આ મનુષ્ય દેહ ઘણો દુર્લભ મળ્યો છે. તેમાં સત્સંગ તો અતિ દુર્લભ મળ્યો છે અને તેમાંય વળી એકાંતિક સાધુ મળ્યા તે અનેક જન્મના પુણ્યે મળ્યા છે. માટે આળસ-પ્રમાદ મૂકીને, અધર્મના સર્ગનો અંતરને વિષે પ્રવેશ થવા દેવો નહિ અને ધર્મના સર્ગનો અંતરને વિષે નિવાસ કરાવવો અને મનમાં ભૂંડો ઘાટ પણ થવા દેવો નહિ; તો દેહે કરીને તો અધર્મ થાય જ

કેમ ? અધર્મી માણસનો સંગ તો કાળો નાગ કે વાઘ-વરુ જેવો જાણવો. એવી રીતે અખંડ રહેવાય ત્યારે ધર્મ સિદ્ધ થયો જાણવો.

‘‘વળી, જ્ઞાન એટલે શું ? તો પોતાના આત્માને ત્રણ દેહ, ત્રણ અવસ્થા અને ત્રણ ગુણથી પર જાણવો. આ દેહ છે તે નર્કના કુંડ જેવો છે, નાશવંત છે, તુચ્છ છે. વળી, આત્મા છે તે સુખરૂપ છે, સત્તારૂપ છે, ચૈતન્ય છે, આનંદમય, અખંડ, અછેદ્ય, અભેદ્ય, અજર, અમર છે. એવી રીતે નોખો સમજીને સચ્ચિદાનંદ જે અક્ષરબ્રહ્મ તેની સંગાથે આત્માની એકતા કરવી. એ એકતા કેમ થાય તો પ્રથમ સાંખ્ય વિચારે કરીને ચાર પ્રકારના પ્રલયે કરીને સર્વ બ્રહ્માંડનો નાશ કરી નાખવો. પછી પોતાનો આત્મા, અક્ષરધામ, મુક્ત અને શ્રીજીમહારાજ એ ચાર જ વાનાં રહે અને બીજું કંઈ જ નથી એ રીતે નક્કી ઠરાવ કરીને, શ્રીજીમહારાજની મૂર્તિને અક્ષરરૂપ પોતાના આત્મામાં ધારવી અને તે મૂર્તિને જ જોયા કરવી. પછી તે મૂર્તિમાં, જેમ ચકોર ચંદ્રમાં જોડાય અને કામી પુરુષ રૂપવાન સ્ત્રીમાં અને લોભી ધનમાં જોડાય છે, તેમ જોડાઈ જવું અને તેમાં જે પદાર્થ વિઘ્ન કરવા આવે તેને વિચારે કરીને ટાળી નાખવું. એમ કરતાં કરતાં અક્ષરરૂપ થઈને પુરુષોત્તમમાં અખંડ સ્થિતિ થાય છે. પછી તેને કાંઈ કરવું રહેતું નથી. કોટિ કલ્પે પણ એમ કર્યા વિના છૂટકો નથી. આવો જે એકાંતિક ધર્મ તે એકાંતિક થકી જ પમાય. છે. માટે એકાંતિકમાં જ્યારે મન, કર્મ અને વચને જોડાઈ જાય[૮૨] અને તેને સર્વ દોષે રહિત અને સર્વજ્ઞ જાણે તો જ એકાંતિક ધર્મ પમાય છે. એ સિવાય બીજા કોટિ ઉપાયે પણ પમાતો નથી.’’

સર્વ ક્રિયાને વિષે સત્પુરુષને ધારીને ફરો

એ રીતે એકાંતિક ધર્મ સિદ્ધ કરવાની ઘણી જ વાતો કરીને પછી કહ્યું : ‘‘ગ.પ્ર. ૨૧-૨૩-૨૯-૬૦; સા. ૧૦-૧૧; લોયા ૧૦-૧૧-૧૨-૧૪-૧૬; ગ.મ. ૩-૪૫-૫૦-૬૨; વર. ૩-૧૧-૨૦; અમ. ૨-૩ અને ગ.અં. ૩૯; એ આદિક ઘણાં વચનામૃતોમાં શ્રીજીમહારાજે એકાંતિક ધર્મનું સર્વોપરીપણું કહ્યું

૮૨. कामार्ततस्करनटव्यसनिद्विषन्तः स्वस्वार्थसिद्धिमिव चेतसि नित्यमेव ।
नारायणं परमयैव मुदा स्मरन्तं, त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥
— સત્સંગિજીવન

છે. માટે તે ધર્મ સિદ્ધ કરવો જરૂરનો છે. જેથી ખબરદાર થઈને મંડો અને એમ ધારો કે એ કેમ ન પમાય ? એ તો પમાય જ. બીજા અવતાર જેટલું સામર્થ્ય આવે ત્યારે એ માર્ગે ચલાય. વળી, તમને તો સત્પુરુષ મળ્યા છે, માટે સર્વ દોષનો ત્યાગ કરીને અખંડ ભજન કરો અને સર્વ ક્રિયાને વિષે એકાંતિક સત્પુરુષને ધારીને જ ફરો. કોઈ ક્રિયામાં ભૂંડો ઘાટ ઊઠવા દેવો જ નહિ. ઊઠે તો કકડા કરી નાખવા. એમ અખંડ વર્તવું. એવો એકાંતિક ધર્મ દૃઢ થયા પછી તેને કંઈ જ કરવું રહેતું નથી. અને તેમાં શ્રીજીમહારાજ અખંડ નિવાસ કરીને રહે છે. એવી સ્થિતિ થાય ત્યારે જ અધર્મ સર્ગનો નાશ થાય છે. જેમ સૂર્ય ઊગે ત્યારે રાત્રિ લીન થાય છે, તેમ પુરુષોત્તમ આવે ત્યારે અજ્ઞાનરૂપ માયા એની મેળે લીન થાય છે.

“આ જીવને સંપૂર્ણ ધર્મ આવે ત્યારે કામનું મૂળ જાય છે, સંપૂર્ણ જ્ઞાન આવે ત્યારે માન જાય છે અને સંપૂર્ણ વૈરાગ્ય આવે ત્યારે સ્નેહનો ફાંસલો કપાય છે અને મહિમાએ સહિત એકાંતિક ભક્તિ આવે ત્યારે સ્વાદ અને લોભમાંથી મન ઊખડે છે. માટે કોટિ કલ્પે પણ એકાંતિક ધર્મ સિદ્ધ કર્યા વિના દોષ ટળશે નહિ અને સુખ પણ આવશે નહિ અને રઝળી રઝળીને મરવું પડશે. માટે આવો અવસર ફરી ફરીને નહિ મળે. તે ચૂકવો નહિ. સર્વ મનસૂબા મૂકીને બ્રહ્મરૂપ થવું અને પ્રભુનું સુખ પામવામાં તત્પર થવું અને તેનાં જે જે સાધન શાસ્ત્રમાં કહ્યાં છે તે કરવાં.”

અંતે ભગવાન ભૂલવા કઠણ પડશે

“જીવને અનાદિ કાળથી જન્મ-મરણનો રોગ થયો છે. તે મટાડવાને ધન્વંતરિ વૈદ્ય મળ્યા છે, તેથી જોતજોતામાં ટાળી નાખશે. પણ વિશ્વાસ રાખીને વળગી રહેવું. આ જીવને કામ વળગ્યો છે તે ચૂડેલનો વળગાડ છે, લોભ બ્રહ્મરાક્ષસનો, માન બાબરાભૂતનો, સ્નેહ જીનનો અને સ્વાદ બાબરિયાવીરનો – એમ અનેક વળગાડ વળગ્યા છે; તેથી સુખ-શાંતિ નથી થતી. પરંતુ જો એકાંતિક મળે તો સૌના વળગાડ મટાડીને પ્રભુનો વળગાડ કરી દ્યે, પ્રભુમાં જોડે અને પરમ શાંતિ કરી દે. માટે તમારાં તો ધન્યભાગ્ય છે. અને તમો તો પૂર્વના યોગભ્રષ્ટ છો, નહિ તો આ બાળ અવસ્થામાં નિષ્કામવ્રત પાળવું અને શ્રીજીની સર્વોપરી ઉપાસના દૃઢ કરવી એ ક્યાંથી

બને ? મોટા મોટાને પણ ઉપાસના સમજવી કઠણ પડતી. માટે તમે શ્રીજી-મહારાજ ભેળા આવ્યા હતા, પણ અધૂરું રહ્યું તેથી શ્રીજીએ ફરી મોકલ્યા છે, નહિ તો આખા સત્સંગમાં જેનું અપમાન થતું હોય એવા એકાંતિકને ક્યાંથી ઓળખો ? એ તો શ્રીજીએ જ ઓળખાવ્યા છે. વળી, તમને ઝાઝું તે શું કહું ? આજે તમને ભગવાનમાં મન રાખવું કઠણ પડે છે, પણ અંતે ભગવાન ભૂલવા કઠણ પડશે. માટે જરૂર મંડો અને આ વાત નિરંતર સંભાર્યા કરજો.''

એમ રાત્રિના એકથી તે સવારના સાત વાગ્યા સુધી ઘણી જ વાતો કરી અને જેમ સમુદ્ર રેલે તેમ રેલ્યા. તે એમ જ જણાયું કે જાણે આજે જ બ્રહ્મરૂપ થઈ જવાશે ! એમ સર્વેનાં મન, ઇન્દ્રિયો અને પ્રાણ પોતામાં ખેંચીને સર્વેને પૂતળાં જેવાં કરી દીધાં અને આનંદનો વરસાદ વરસાવ્યો.

સૌ નાહવા ગયા. ભગતજી ઊને જળે નાહ્યા અને પછી જમીને ગાડું જોડાવી મહુવા પધાર્યા.

શંકર ભગતને તથા નાથા ભગતને મહુવા આવવાની ભગતજીએ આજ્ઞા કરી હતી. તેથી તે બંને નિત્યે મહુવા જઈ ભગતજીનાં દર્શન કરી વાતો સાંભળતા. બીજા સાધુઓ ભાદરોડમાં જ રહેતા અને ભગતજીની કહેલી વાતોથી અખંડ આનંદમાં મગ્ન રહેતા. જાણે જગત ત્રિકાળમાં છે નહિ અને આપણે છતી દેહે જ બ્રહ્મરૂપ થઈ ગયા છીએ અને મહારાજમાં જ મન વર્તે છે એવું અખંડ તેમને વર્તવા લાગ્યું. નદીએ વહેલા જઈ ધ્યાન કરે અને જે જે વાતો ભગતજીએ કહેલી તે સંભારી આનંદમાં રહે.

ચોર કોટવાળને દંડે છે

પછી બેચર ભગત તથા શંકર ભગતે ગુજરાત તરફ જવાનો નિશ્ચય કર્યો. યજ્ઞપુરુષદાસજી તથા નાથા ભગત બોડે ઝોળી માગવા જતા હતા. તેમની સાથે સાથે આ બંને બે ગાઉ ગયા અને બોડેથી છૂટા પડ્યા. ત્યાંથી તળાજે ગયા.

અહીં મહુવામાં ભગતજીને મંદિરના સાધુ તથા વિઠ્ઠલભાઈ તથા બીજા સત્સંગીઓએ કહ્યું : ''તમારે ભાદરોડ ન જવું અને સાધુ ભેગા ન થવું.''

એટલે ભગતજી વિચારમાં પડી ગયા અને એમ વિચારતાં વિચારતાં ઇન્દ્રિયો-અંતઃકરણની વૃત્તિ ખેંચી ભજનમાં ઊતરી ગયા. ત્યાં શ્રીજીમહારાજ,

ગુણાતીતાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામીએ દર્શન દીધાં અને પાસે આવી બેઠા. એટલે ભગતજીએ ઘણી જ સ્તુતિ કરી અને કહ્યું : ''સાચી વાત છે એ મારી જાય છે અને આ તો ચોર કોટવાળને દંડે એમ થાય છે. બિચારા શાસ્ત્ર પ્રમાણે મર્યાદા પાળે છે અને અખંડ ભગવાન સંભારે છે તેને બહાર કાઢ્યા છે અને બીજા કેટલાકને તો કાંઈ ખબર જ નથી અને કૂદકા મારે છે તે સત્સંગમાં બેઠા છે. માટે આ શું કહેવાય ?''

પછી તો કોઈ કાંઈ બોલ્યું નહિ. પણ ગુણાતીતાનંદ સ્વામી હસ્યા. ત્યારે શ્રીજીમહારાજ કહે : ''ધીરજનાં ફળ મીઠાં છે ને સાચી વાતમાં જ દુઃખ છે, પણ અંતે સાચી વાત જ સાચી પડશે. કાંઈ ફિકર કરશો નહિ.'' એમ કહી અંતર્ધાન થઈ ગયા.

તે જ દિવસે સાંજે ભગતજી મંદિરમાં બેઠા હતા. એવામાં વરતાલથી આચાર્ય મહારાજશ્રી તથા કોઠારી તથા પુરાણી કૃષ્ણજીવનદાસજીનો કાગળ આવ્યો. તેમાં લખ્યું હતું : ''સ્વામી વિજ્ઞાનદાસજી તથા બીજા સંતોને સમજાવીને અત્રે મોકલશો. હવે સત્સંગમાં રાખીશું.''

નડિયાદના પાટીદાર હરિભક્ત ઝવેરીલાલભાઈનો પણ આ જ સમાચાર સંબંધી પત્ર ભગતજી ઉપર આવ્યો. આ પત્રો મળ્યા એટલે ભગતજી ત્રણ-ચાર દિવસ પછી ભાદરોડ જવાના હતા, પરંતુ બેચર ભગત તથા શંકર ભગત ગુજરાતમાં જવા નીકળી ગયા છે તે અંતર્યામીપણે જાણીને તે જ દિવસે ગાડું જોડાવી ભાદરોડ ગયા.

ભાદરોડ આવીને તુરત જ ઉતારે પધાર્યા અને ત્યાં નારાયણચરણદાસજી તથા વ્રજવલ્લભદાસજીને પૂછ્યું : ''બેચર ભગત ક્યાં છે ?'' એટલે કોઈ બોલી શક્યું નહિ. ત્યારે ભગતજી બોલ્યા : ''અરે ! મારે તો આ વખતે કેટલાક મનસૂબા હતા તે સર્વે ભાંગી ગયા. પણ હવે તમે બંને જઈને તુરત એ બેને બોલાવી લાવો.''

પછી બંને ત્યાંથી બોડે ગયા અને ત્યાં યજ્ઞપુરુષદાસજીને પૂછીને ત્યાંથી તળાજે બેચર ભગતને તેડવા ગયા.

યજ્ઞપુરુષદાસજી ભગતજી આવ્યાના સમાચાર જાણી તુરત ભાદરોડ આવ્યા અને ભગતજીનાં દર્શન કરી અપાર શાંતિ અને સુખ અનુભવ્યાં.

બીજે દિવસે બેચર ભગત તથા શંકર ભગત પણ આવી ગયા.

ભગતજીને બેચર ભગતે દંડવત કર્યા એટલે ભગતજી ઊભા થઈને તેમને મળ્યા અને હસીને પૂછ્યું : ''ભલા પાછા આવ્યા ? મને તો વિશ્વાસ નહોતો.'' એમ કહી ઘણો મીઠો ઠપકો દીધો.

વળી, શંકર ભગત સામું જોઈને કહ્યું : ''આ નાથા ભગતને મેં જોડ આપી હતી અને તમને તો નિત્યે મારો સંબંધ હતો તો પણ કેમ ભાગ્યા ?''

એટલું કહીને બેચર ભગત સામું જોઈને હસીને બોલ્યા : ''આ શંકર ભગતને ઘણું જ દુઃખ હતું. તે શું તો નિત્યે બે ગાઉ છેટે મહુવા જવું પડે અને પ્રાગજીનું મોઢું જોવું પડે અને વળી કંઈ કહે તે સાંભળવું પડે; પણ તમારે શું દુઃખ હતું તે ભાગ્યા ?'' એમ કહી ઘણી જ રમૂજ કરી સૌને હસાવ્યા.

પછી બેચર ભગતે કહ્યું : ''મને તો વિજ્ઞાનદાસજીએ આજ્ઞા કરી હતી એટલે હું ગયો.''

ત્યારે ભગતજી હસ્યા અને કહ્યું : ''ઓત્તારો ભલો થાય વિજ્ઞાન-દાસજી ! તમે મહોનત તો નહોતા, પણ ઠીક બરાબર ખસ કાઢી. છોને અથડાય. આપણે સુખેથી ભજન કરીશું.''

એટલે વિજ્ઞાનદાસજી બોલ્યા : ''મેં તો કહ્યું હતું કે મારે માથે નહિ અને ભગતજી વઢે તો હું ન જાણું.'' એમ બધાની સાથે ઘણી જ ગમ્મત કરી.

પછી બીજે દિવસે ભગતજીએ સૌને પોતા તરફથી રસોઈ આપી જમાડ્યા.

ત્રીજે દિવસે યજ્ઞપુરુષદાસજીએ ભગતજીને કહ્યું : ''મારે આપને પૂરણપોળી કરીને જમાડવાનો સંકલ્પ છે.''

ત્યારે ભગતજી કહે : ''સૌ સાધુ જમે તો હું જમું. માટે બધા સારુ પૂરણપોળી બનાવો.''

પછી યજ્ઞપુરુષદાસજીએ ભગતજી માટે સાકરની પૂરણપોળી બનાવી અને સુરતી દૂધપાક બનાવ્યો. પછી ભગતજીએ પહેલાં સાધુની પંક્તિ કરાવી, પોતે ઊભા રહીને સર્વેને જમાડ્યા. પછી પોતે જમવા બેઠા. યજ્ઞપુરુષદાસજી પીરસતા હતા તે પૂરણપોળી અને સુરતી દૂધપાક ભગતજી જમતા જાય અને વખાણ કરતા જાય. ભગતજી યજ્ઞપુરુષદાસજીને કહે : ''આ તો બહુ સારી રસોઈ થઈ, આવી તો કોઈ દિવસ ખાધી નહોતી. ભલી આવડે છે.'' એમ કહી ખૂબ વખાણે અને જમતા જાય. એ પ્રમાણે સેવા અંગીકાર કરીને સુખ

આપ્યું અને બહુ જ રાજી થયા.

વળતે દિવસે તે ગામના વસ્તા પટેલે ભગતજી તથા સૌ સંતોને પોતાને ઘેર રસોઈ આપી. ત્યાં નારાયણચરણદાસજીએ સાકરનો લાડુ બનાવ્યો અને ભગતજીને જમાડી રાજી કર્યા. પછી સર્વે જમીને ભગતજી પાસે આવીને બેઠા, એટલે ભગતજીએ કહ્યું : ''હવે વરતાલ સૌને તેડ્યા છે, માટે સૌ વરતાલ જાઓ અને ત્યાં સૌ કહે તેમ કરજો.''

પછી યજ્ઞપુરુષદાસજીએ ભગતજીને કહ્યું : ''અમે તો બહાર નીકળ્યા તો પણ અમારી ભેગા તમે રહેતા નથી, તો વરતાલ ગયા પછી તો ભેગા રહેવાની આશા જ શી ? માટે તમને મૂકીને જવું ગમતું નથી.''

ત્યારે ભગતજીએ એમનો અત્યંત નિર્દોષભાવ અને પ્રેમ જોઈને રાજી થઈને કહ્યું : ''જાઓ, શ્રીજીમહારાજ તમને અને મને ભેગા કરશે.''

ત્યારે યજ્ઞપુરુષદાસજી બોલ્યા : ''આટલી ઉપાધિમાં ભેગા થવાની આશા રહેતી નથી.''

એટલે ભગતજીએ એકદમ કહ્યું : ''ખુદા પળમાં ચહાય સો કરે. માટે આપણે તો ભેગા રહીને જૂનાગઢ, ગઢડા વગેરે સ્થાનમાં બેસીને એકાંતિક ધર્મની વાત કરવી છે અને સાંભળવી છે.'' એમ બહુ જ વાત કરી. એટલે સર્વેને લાગ્યું કે જરૂર ભગતજી એવા પ્રસંગો ઊભા કરશે અને આપણને કથાવાર્તા, દર્શન-સમાગમનું સુખ આપશે.

આ પુરુષોત્તમદાસ બ્રહ્મર્ષિ છે

બીજે દિવસે પુરુષોત્તમ તેડવા આવ્યો અને કહ્યું : ''વિઠ્ઠલભાઈએ કહેવરાવ્યું છે કે સાધુને હવે વિદાય કરો.''

ત્યારે ભગતજીએ સર્વેને ભેગા કરીને કહ્યું : ''હવે તમો બધા વરતાલ જાઓ અને કોઈ વાતનો વાંધો ન કાઢવો. જેમ કહે તેમ કરવું.'' એમ ઉપદેશ આપી સર્વ પાસે કબૂલ કરાવ્યું. પછી પોતે કહે : ''તમે બધા રાજર્ષિ છો અને આ પુરુષોત્તમદાસજી બ્રહ્મર્ષિ છે.''

પછી કહ્યું : ''જેમ કાળી નાગને શ્રીકૃષ્ણે તેની એક એક ફેણને પગ વતે કચરીને થકવી દીધો અને નિર્વિષ કરી નાખ્યો, તેમ તમારા એકે એક દોષ આ સત્પુરુષની વાતોથી કચરાઈ ગયા છે અને તમે સર્વે નિર્દોષ થઈ

ગયા છો. માટે સદા મગ્ન રહેવું અને કશી ફિકર રાખશો નહિ. તમે બધાએ મારા વાસ્તે ઘણું દુઃખ વેઠ્યું છે, તે હું જાણું છું અને મોટા સાધુ મારી ઉપર રાજી થયા છે તો હવે એ રાજીપો વિજ્ઞાનદાસજી અને આ બીજા બધાને ન આપું તો તારા સમ છે, પુરુષોત્તમ !'' એમ કહી પુરુષોત્તમને ગળે હાથ મૂક્યો અને પછી વળી સંતોને કહ્યું : ''જેટલા મારી સારુ બહાર નીકળ્યા છો, તેટલાને જો એકાંતિક ધર્મ ન પમાડું તો તમારા સમ છે. મારે તમને સર્વેને રાજી કરવા છે અને હું તમારા બંધનમાં છું.'' એમ ઘણી જ વાતો કરી સર્વને વિદાયનું દુઃખ ભુલાવી દીધું.

ભગવાનનો આનંદ કેવો હોય ?

બીજે દિવસે વાલા સોનીએ રસોઈની તાણ બહુ કરી, પણ ન રહ્યા અને સૌ જવાને તૈયાર થયા. ત્યાંથી મંદિરમાં બાવાની જગ્યામાં જઈ સૌ બેઠા. એટલે ત્યાં વાતો કરી, સા. ૧૦મું વચનામૃત વંચાવ્યું અને કહ્યું :

''અંતરમાં જ્યારે ભગવાન દેખાય છે અને મૂર્તિનું સુખ આવે છે ત્યારે એવો આનંદ આવે છે કે વર્ણવી શકાય જ નહિ. પણ સહજ દૃષ્ટાંત દઉં છું :

''એક રાજાનો કુંવર શિકાર કરવા ગયો હતો. રસ્તામાં બહુ તરસ લાગી. તેથી કૂવે પાણી પીવા ગયો. કૂવો બહુ જ ઊંડો અને અંધારો. તેથી પાણી કાઢતાં પોતાનો લાખ રૂપિયાનો હીરે જડિત વેઢ કૂવામાં પડી ગયો. પછી તો તેણે ગામમાંથી તારા બોલાવ્યા અને કોઈને હજાર, કોઈને બે હજાર, કોઈને પાંચ હજાર આપવાનું કહ્યું, પણ કોઈથી તે વેઢ નીકળ્યો નહિ. માંહી પડે અને ઠાલા પાછા નીકળે. પછી એક હુશિયાર તારો કહે કે 'રૂપિયા દસ હજાર લઉં.' એટલે કુંવરે કબૂલ કર્યું. તે તારો મોઢામાં તેલનો કોગળો ભરીને કૂવામાં ઊતર્યો અને પાણીમાં જઈને તેલનો કોગળો કર્યો. તે અજવાળું થયું અને વેઢ મળી ગયો. તે તારાને વેઢ લઈને ઉપર આવતાં રૂપિયા દસ હજાર મળશે તેનો જે આનંદ થાય ! પણ પાણીમાં છે ત્યાં સુધી એ આનંદ કોને બતાવે અને કોને કહે ? મનમાં ને મનમાં બસ મલકાય અને છાતી હર્ષથી પહોળી થાય. તેમ ભગવાન સામું જુએ છે ત્યારે એવો આનંદ થાય છે જે, કોઈને કહેવાતો નથી.'' એમ ઘણી વાતો કરી.

સાધુઓને વરતાલ વળાવ્યા

પછી પાછા સૌ ઉતારે આવ્યા. ત્યાં વસ્તા પટેલને જોઈને કહ્યું : ''આ વસ્તો પટેલ ઇન્દ્ર થશે અને આ બાવા છે તે ચક્રવર્તી રાજા થશે અને આ સૂર્યભારથિ છે તે દેવલોકમાં જશે.'' એમ પોતાના અલ્પ સંબંધમાં આવનારને પણ આવી મોટી પદવી પ્રાપ્ત થઈ જશે, એમ સંબંધનો મહિમા મર્મમાં કહ્યો.

એમ કહીને વળી સૌને કહ્યું : ''વેશ જેવો છે તેવો રાખશો, પણ સાવ ભગવાંયે ન કરશો અને સાવ ધોળાંય ન કરશો ને આવે વેશે જઈને વરતાલ ઊભા રહેજો. જો વચન લોપશો તો સીતાજીની માફક દુઃખ આવશે. અને જો આચાર્ય મહારાજ કહે કે 'ભગવાં પહેરો', તો ભગવાં પહેરજો અને ધોળાં પહેરાવે તો ધોળાં પહેરજો.'' એમ હેતનાં વચન કહી ઘણી જ શિખામણ દીધી.

પછી પોતે ગાડીમાં બેઠા. સૌ સાથે ચાલવા લાગ્યા. પુરુષોત્તમ કીર્તન ગવરાવે, *'મૈં તો સર્વ સંગાથે તોડી રે સાહેલી.'* એ કીર્તન સૌ ઝીલે. એમ કરતાં મહુવાની સડક આવી. ત્યાં ભગતજી સૌને મળ્યા અને ત્યાં ઊભા રહીને સૌને વરતાલ તરફ વળાવ્યા. સૌ સંતો દંડવત કરી આંખમાં અશ્રુ સાથે છૂટા પડ્યા. ભગતજી પણ તેમનો અપાર પ્રેમ જોઈ અવિચળભાવે સાધુ દેખાયા ત્યાં સુધી ત્યાં જ ઊભા રહ્યા અને જ્યારે સાધુ દેખાતા બંધ થયા ત્યારે ઘર તરફ વળ્યા.

સં. ૧૯૪૬ના પોષ મહિનાના વદ પક્ષના એ દિવસો હતા. સાધુ બધા મહુવાથી ભાવનગર, ધોલેરા, નાર, મહેળાવ થઈને નડિયાદ ગયા.

❀

સાધુ જ્યારે ભાદરોડ હતા ત્યારે તેમણે જે જે હરિભક્તોને કાગળો લખી ભાદરોડ તેડાવ્યા હતા, તેમાં ચતુરભાઈ તથા પુરુષોત્તમદાસ બંને ભાદરોડ આવ્યા. સાધુને ત્યાં ન દીઠા એટલે મનમાં ઘણું દુઃખ થયું. પછી તો મહુવા આવ્યા અને ભગતજીને મંદિરમાં મળ્યા. મંદિરમાં અનંતાનંદ બ્રહ્મચારી હતા. તેમની પાસે ભગતજી તેમને લઈ ગયા અને ઉતારો અપાવ્યો.

ભગતજી રોજ તેમને ઉતારે જાય અને બહુ વાતો કરી સુખ આપે. મંદિરમાં બંને પાસે રસોઈ અપાવી અને સાધુ-બ્રહ્મચારીને ધોતિયાં ઓઢાડ્યાં. એટલે બધા બહુ રાજી થયા. વળી, અન્નકૂટ નિમિત્તે બંને પાસે રૂપિયા

પાંચસોની સેવા કરાવી અને સૌ સત્સંગીઓને પણ રાજી કર્યા.

આ પ્રમાણે, પોતાના સંબંધમાં આવનારને વાતો કરે, સુખ આપે અને વળી વ્યવહાર પણ શીખવે. ત્યાર પછી તેમને વળાવ્યા અને બજારમાં દુકાનના ઓટલા ઉપર બેસી બંનેને બહુ જ વાતો કરી અને પુરુષોત્તમના અંતરની કેટલીક વાતો કરી. પછી નદી સુધી વળાવવા ગયા.

યજ્ઞપુરુષદાસજીને પુનઃ ભગવાં પહેરાવ્યાં

સંવત ૧૯૪૬ના મહા માસમાં વિજ્ઞાનદાસજી, બેચર ભગત તથા શંકર ભગત વગેરેને ધૂળિયા મોકલવાનો હુકમ આચાર્ય મહારાજશ્રીએ આપ્યો. ત્યાર પછી યજ્ઞપુરુષદાસજીને ઠાસરા રહીને ભાગવત ભણવાની આજ્ઞા આપવામાં આવી. ઠાસરામાં યજ્ઞપુરુષદાસજીએ કોઠારનું કામ બહુ સારી રીતે કર્યું, તેથી મહારાજશ્રી રાજી ખૂબ હતા.

સં. ૧૯૪૭ના કાર્તિકી સમૈયા પછી આચાર્ય મહારાજ કાનમ, વાકળ અને વડોદરા જિલ્લાના ગામોમાં પધરામણીએ પધાર્યા હતા. એ દરમ્યાન કંડારી ગામે આચાર્ય મહારાજે યજ્ઞપુરુષદાસજીને જોયા અને એક ભગવું વસ્ત્ર જોઈને પૂછ્યું : ''આવો વેશ કેમ રાખ્યો ? હવેથી તમામ ભગવાં રાખજો.'' એમ કહી તેમણે તમામ ભગવાં વસ્ત્ર પહેરાવ્યાં અને પુનઃ સાધુ કર્યા.

અહીંથી આચાર્ય મહારાજ મંડળ સાથે પીપળી પધાર્યા. યજ્ઞપુરુષ-દાસજીને પોતાના ઉતારે ખૂબ હેતથી બોલાવીને પૂછ્યું : ''ભગતજીનું વચનામૃતનું જ્ઞાન વિજ્ઞાનદાસજીને સંપૂર્ણ છે કે નહીં ? ને હવે શું અધૂરું છે ?''

યજ્ઞપુરુષદાસજીએ કહ્યું : ''ભગતજીએ વચનામૃત તો બધાં ભણાવ્યાં છે, ને ભજન પણ અખંડ કરે છે. પણ અધૂરું એટલું છે કે ભગતજી જેમ ઇન્દ્રિયોની વૃત્તિ પાછી વાળીને, અંતરમાં ઊતરીને, શ્રીજીમહારાજની સંગાથે વાતો કરે છે - તેવી સ્થિતિ નથી કરાવી. એટલું અધૂરું છે.''

આચાર્ય મહારાજે કહ્યું : ''મારે તો ભગતજીનું જ્ઞાન એમનું એમ એમની સાથે જતું ન રહે એ ફિકર છે.''

એ સમયે શાસ્ત્રી ધર્મતનયદાસે કહ્યું : ''એ તો એમના જેવી સ્થિતિ કરાવ્યા વિના દેહ મૂકવાના નથી. તેથી તે વાતની તમે ફિકર રાખશો નહીં.''

આચાર્ય મહારાજે કહ્યું : ''બહુ સારું ! તમારે બાર મહિના સુધી કાંઈ

ઉપાધિ થાય તેવું બોલવું નહીં. પછી હું જરૂર ભગતજીને બોલાવીશ. મારે વિષે તમને હેત છે ને હું કહું છું તેમ તમે કરો છો, માટે તમારા મનસૂબા મારે પૂરા કરવા છે. મારા મનથી તો એમ છે કે ભગતજીનું જ્ઞાન બધે પ્રવર્તે.''

ત્યાર પછી કેટલાક સમય પછી વિજ્ઞાનદાસજી તથા બેચર ભગત વગેરેને પણ પુનઃ સાધુ-દીક્ષા આપવામાં આવી.

ખાનદેશમાં સત્સંગ પ્રચાર

ધૂળિયામાં સ્વામીશ્રી વિજ્ઞાનદાસજીના પ્રસંગથી વરખેડા ગામમાં કેવળદાસ, ભાઈદાસ, સખારામદાસ તથા આજુબાજુનાં બીજાં ગામોમાં પણ જ્યાં વિજ્ઞાનદાસજીનું મંડળ ફરતું હતું, ત્યાં ભગતજીનો બહુ જ મહિમા પ્રવર્ત્યો અને સર્વે મહુવા જઈ ભગતજીનો સમાગમ કરવા તૈયાર થયા. આ મંડળ ૧૯૪૭ના જેઠ સુદમાં મુંબઈથી આગબોટમાં મહુવા આવ્યું. એટલે ભગતજી, તેમને સર્વેને આટલે છેટેથી આવ્યા જાણી, હેતથી મળ્યા અને વાતો કરી ઘણું જ સુખ આપ્યું.

આ દરમ્યાન મહુવા મંદિરનું ખાતમુહૂર્ત હતું. તેમાં વરખેડાના ભાઈદાસ પાટીલે પોતાનો સોનાનો વેઢ રૂા. ૬૦/-નો પાયામાં નાખ્યો. તેથી ભગતજી ઘણા જ રાજી થયા.

આ સર્વ હરિભક્તોને થોડા દિવસ રાખી, વાતો કરીને, ઘેર જવા આજ્ઞા કરી. ત્યારે સર્વેને મનમાં એમ થયું : ''વિજ્ઞાનદાસ સ્વામી કહેતા હતા તેવો કંઈક અલૌકિક અનુભવ આપણને થયો નહિ.''

એવો તેમનો સંકલ્પ જાણીને ભગતજી બોલ્યા : ''તમે ઘેર જાઓ અને તમારા સર્વ મનોરથ પૂરા થશે.'' પછી સૌ વહાણે બેસી ઘેર ગયા.

ખાનદેશમાં સમાધિ પ્રકરણ

ઘેર આવીને સૌ ભગતજીની કહેલી વાતો સંભારીને આનંદ-ઉત્સવ કરતા હતા. તેવામાં એક માસ પછી સખારામ પાટિલને એકાદશીના દિવસે સમાધિ થઈ અને નાડી-પ્રાણ તણાઈ ગયા. ત્રણ કલાક પછી જાગ્યા. સૌ તેની પાસે ટોળે મળી બેઠા હતા. તેમને જાગ્યા પછી સૌએ પૂછ્યું : ''શું દીઠું ?''

ત્યારે તે કહે : ''એક તેજના ગોળાનો મોટો સમૂહ દીઠો અને તેમાં

અનંત મુક્તોનાં મંડળ વચ્ચે એક દિવ્ય સિંહાસન જોયું. તે ઉપર બે મૂર્તિ બિરાજમાન હતી. શ્રીજીમહારાજ દિવ્ય અલંકારો સહિત બિરાજમાન હતા અને બીજા આપણે મહુવે દીઠા હતા તે પ્રાગજી ભગત – તે જેવા મહુવામાં હતા તેવા જ – ત્યાં જોયા અને હાથમાં પંખો લઈને શ્રીજીમહારાજને પવન નાખતા હતા. કોટાનકોટિ સૂર્યનું તેજ જેમાં છે એવી એ બંને મૂર્તિઓ શોભાયમાન હતી. પછી મને કહે કે 'હવે જાઓ, તમારા સૌના મનોરથ પૂરા થયા !' એમ કહીને અહીં મોકલ્યો.'' એમ ત્યાંના સર્વે હરિભક્તોને અતિશય આનંદ થયો અને સમાધિથી સર્વેને ઘણું જ અલૌકિક આશ્ચર્ય થયું.

બીજે દિવસે ધૂળિયે સમાધિના ખબર મોકલ્યા. એટલે ત્યાંના હરિભક્તો તથા વિજ્ઞાનદાસજીનું મંડળ વરખેડા ગયું. ત્રીજે દિવસે સખારામ પાટિલને ફરી સમાધિ થઈ. તેમાંથી જાગ્રત થયા ત્યારે તેમણે કહ્યું : ''આજે તો ભગતજીનો વેશ અહીંના જેવો નહોતો. આજે તો દિવ્ય મુગટ, આભૂષણ ધારણ કર્યાં હતાં અને શ્રીજીની સેવામાં તત્પર અનુવૃત્તિમાં જ દીઠા.''

એ સાંભળી સ્વામી વિજ્ઞાનદાસજીએ કહ્યું : ''પહેલે દિવસે તમને ઓળખાવવા સારુ જ ભગતજીનો વેશ તથા રૂપ અહીંનાં જેવાં દેખાડ્યાં. પણ એ તો અહીં છે તો પણ દિવ્ય દેહે શ્રીજીની સેવામાં જ છે.''

એવી રીતે ભગતજીએ પોતાનો અલૌકિક પ્રતાપ બતાવ્યો. સખારામ પાટિલને છ માસ સુધી સમાધિ રહી. આખા ખાનદેશમાં આ વાત પ્રસરી અને સૌને પ્રતીતિ થઈ કે 'શ્રીજીમહારાજ ભગતજી દ્વારા પ્રગટ જ છે અને સૌ ભક્તના મનોરથ પૂરા કરે છે.' આવા અદ્‌ભુત પ્રતાપથી ખાનદેશના ઘણા હરિભક્તો મહુવા ભગતજીનાં દર્શને જવા લાગ્યા.

મહુવા તરફ પ્રયાણ

સંવત ૧૯૪૭ના ચાતુર્માસમાં ચાણસદના વૈદ્ય વિશ્વનાથ તથા કાલિદાસભાઈ તથા મનસુખભાઈ, વસોના ચતુરભાઈ, પુરુષોત્તમભાઈ, નારના ઝવેરભાઈ, નડિયાદના ઝવેરીલાલભાઈ તથા ઉલ્લાસરામભાઈ, ભાદરણના પુરુષોત્તમ, વસોના ભાઈલાલભાઈ, પીજના મોતીલાલભાઈ, ત્રાજના વૈદ્ય દામોદર મનસુખલાલ વગેરે ઘણા જ હરિભક્તો ભગતજીનો સમાગમ કરવા વારંવાર મહુવા જતા હતા. ભગતજી પણ તેમને સર્વ સંતોની

ખબર પૂછતા. ખાસ કરીને યજ્ઞપુરુષદાસજીની પહેલી ખબર પૂછે અને પછી કહે : ''તેમને સારી પેઠે ભણવાનું કહેજ્યો અને ઓલા ધૂળિયાવાળા પણ આનંદમાં હશે.'' એમ વૃત્તિ દ્વારા અતિ મહિમાની મૂર્તિ અને પોતાના સ્વરૂપના ભાવને પામી ગયેલા વિજ્ઞાનદાસજીને પણ વારંવાર સંભારે.

આમ, અલૌકિક આનંદ કરાવે, વાતો કરે, ચાર-ચાર કલાક ધ્યાનમાં બેસાડે, પોતે પણ બેસે. હરિભક્તો પણ જાણે આ જગત જ નથી અને કેવળ બ્રહ્મનો આનંદ જ લૂંટવાનો છે એવી વૃત્તિથી ભગતજીનાં દર્શન, વાતો અને સેવામાં એકાગ્ર ચિત્તે જોડાઈ જતા અને અનવધિકાતિશય બ્રહ્મના આનંદના સુખનો અનુભવ કરતા.

શ્રાવણ માસમાં આ હરિભક્તો મહુવા પધાર્યા ત્યારે મહુવામાં કોલેરાનો ઉપદ્રવ હતો અને લોકો મહુવા ખાલી કરી બીજાં ગામોમાં રહેવા જતા હતા. રોજ દોઢસો-દોઢસો માણસો મરતા હતા.

આવો ઉપદ્રવ જોઈ આ હરિભક્તોએ સંકલ્પ કર્યો : ''આપણે તો ભગતજી જેમ કહે તેમ કરવું.''

તેથી ભગતજી તેમનો સંકલ્પ જાણી બોલ્યા : ''તમે આવ્યા તે બહુ સારું થયું અને હવે અહીં દસ દિવસ રહો અને તમારું માથું દુખવાનું હશે તો ઘેર ગયા પછી દુખશે; પણ અહીં તો કંઈ થશે જ નહિ.''

પછી તો સૌ શાંતિથી રહ્યા. ભગતજી રોજ દસ-દસ માળાની ધૂન વધારે કરાવે. કોઈ સત્સંગીને કોલેરા થાય તો ભગતજી તેને હનુમાનજીને પાંચ શેર તેલ ચડાવવાનું કહે, એટલે તુરત મટી જાય. એવી રીતે મહુવાના સત્સંગીઓને ભગતજીના પ્રતાપે કરીને કંઈ જ થયું નહિ. ભગતજી દરેકને કહે : ''આપણી ધીરજ જોવા આવા દૈવિક ઉપદ્રવો આવી પડે, પણ મહારાજે આપણી સેવામાં હનુમાનજી જેવા સેવકો મૂક્યા છે. તે કોઈ સત્સંગીને ઉપદ્રવ નડવા દેશે જ નહિ.''

યજ્ઞપુરુષદાસજી ઠાકરિયો વીંછી છે

આ પ્રમાણે મહુવામાં ઠાસરા, નડિયાદ તથા અમદાવાદના હરિભક્તો વારંવાર ભગતજીનો સમાગમ કરવા આવતા અને ભગતજી પણ તેમને વાતો કરી, યથાર્થ સુખ આપી, તેમના સર્વ મનોરથ પૂરા કરતા. કોઠારી પ્રભુદાસ

રાજુલા પથ્થર કાઢવાનું નિમિત્ત કાઢી મહુવા ગયા અને ત્યાં પાંચ દિવસ ભગતજી ભેળા રહ્યા. તેમણે ભગતજીને વરતાલના સર્વ સમાચાર આપ્યા અને કહ્યું : ''મહાપુરુષદાસજીને કોઠારમાં રાખ્યા છે અને કેશવપ્રસાદ પુરાણી ભંડારમાં છે અને પરમેશ્વરાનંદજી વરતાલમાં છે.''

ત્યારે ભગતજી બોલ્યા : ''પરમેશ્વરાનંદજીને તો શ્રી આચાર્ય મહારાજે વરતાલ રાખ્યા છે અને સૌને જમાડે છે અને આનંદ કરે છે. અને યજ્ઞપુરુષ-દાસજી તો ઠાકરિયો વીંછી છે. તે જ્યાં જશે ત્યાં મુમુક્ષુને ચટકો મારીને પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંતની ઓળખાણ કરાવી દેશે.''

એમ ઘણી વાતો કરીને કહ્યું : ''મારે જેવો વિયોગ છે તેવો જ શ્રીજી-મહારાજ યોગ આપશે, માટે મૂંઝાશો નહિ.'' એમ તેમને અનેક વાતો કરી, રાજી કરી, રાજુલે મોકલ્યા.

સંવત ૧૯૪૮ની સાલમાં ભગતજીનું આખું વર્ષ મંદિરની સેવા અને કથાવાર્તામાં રત રહ્યું. પોતાના હેતવાળા હરિભક્તોની સેવા લઈને ભગતજી આ મંદિર બંધાવતા હતા. ભગતજીને શરીરે ખૂબ કસર હતી. તેથી હરિભક્તો તેમની દવા માટે રકમ મોકલાવતા. ભગતજી પાસેથી તે રકમ લઈને પણ મહુવાના કેટલાક હરિભક્તો મંદિરના કામકાજમાં વાપરી નાખતા. પરંતુ ભગતજીને તો દેહની ક્યાં પરવા જ હતી ! તેઓ તો ઊલટાના રાજી થતા.

મહુવામાં આચાર્ય મહારાજશ્રીની પધરામણી

સંવત ૧૯૪૯માં આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ મહુવા પોષ વદિ ૧૨ને દિવસે પધાર્યા.

આ અરસામાં, વિઠ્ઠલભાઈને ઘણો જ મંદવાડ થઈ ગયો હતો અને જે દિવસે ફૂલચંદભાઈ આચાર્ય મહારાજને મહુવા પધારવા આમંત્રણ દેવા પાલિતાણે ગયા, તે જ રાત્રે શ્રીજીમહારાજે ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી તથા બીજા સંત-પાર્ષદો સહિત વિઠ્ઠલભાઈને દર્શન આપ્યાં અને કહ્યું : ''હાલ વિહારીલાલજી મહારાજનું મહુવા પધારવાનું ઠર્યું છે, એટલે હમણાં તમને નહિ તેડી જઈએ.'' એમ એ ભક્તને આ અદ્‌ભુત સમૈયાનાં છેલ્લાં દર્શન માટે મહારાજે રાખ્યા.

મહુવાના સત્સંગીઓની પ્રણાલી મુજબ તેમણે મહારાજશ્રીનું અદ્‌ભુત

સામૈયું કર્યું. મંદિર પાસે એક મોટો કાગળની કમાનવાળો સુશોભિત દરવાજો બનાવ્યો તથા શહેરમાં દાખલ થવાના માર્ગમાં પણ ફૂલનો મોટો દરવાજો ઊભો કર્યો. દરબારમાંથી હાથી, ઘોડા, ઊંટ, ઢોલ, ત્રાંસા, નગારાં વગેરે સામગ્રી ભેગી કરી હતી અને મહારાજશ્રી બહાર વાડીમાં પધાર્યા હતા ત્યાં હાથી રૂપાની અંબાડી સોતો તૈયાર રાખ્યો હતો.

પ્રથમ ડેરા-નિશાન, પાછળ સામે ગયેલ ઘોડેસવાર, તેની પાછળ પોલીસ સવાર તથા પટાવાળા, તેની પાછળ શરણાઈ તથા ત્રાંસાં, પાછળ બંદૂકધારી આરબની બેરખ, પાછળ વાજાં, પાછળ મહુવાના શેઠિયા આશરે પાંચસો - જેમાં મુખ્ય ભગતજી મહારાજ જગન્નાથીનાં નવાં વસ્ત્ર ધારણ કરીને અલૌકિક શોભતા, પછી હરિભક્તો, પછી સંતો કીર્તનો બોલતા, પછી મહારાજના અંગરક્ષક પાર્ષદો આયુધો સહિત અને પાછળ મહારાજનો હાથી – આ રીતે અલૌકિક શોભાએ યુક્ત સામૈયું સવારના સાતથી શરૂ થયું, તે સાડા અગિયાર વાગ્યે સૌ મંદિરમાં આવ્યા.

મહારાજશ્રી હાથીએથી ઊતર્યા એટલે તુરત જ ભગતજીએ તેમને દંડવત કર્યા. મહારાજશ્રી ભગતજી સામું જોઈ રહ્યા અને પછી બોલ્યા : ''આવો વેશ તમે કોઈ દિવસ ધાર્યો નહોતો અને આવું રૂપ પણ નહોતું. આ તો અલૌકિક છે અને બહુ જ સારું કર્યું.''

ત્યારે ભગતજી હસીને બોલ્યા : ''આ તો મારા ભત્રીજાએ આગ્રહથી પહેરાવ્યાં છે. વળી, મારે પણ આવો અવસર ક્યાંથી ? સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણના ધર્મકુળના પુત્ર મારે આંગણે પધારે તે મારે તો આજ શુભ અવસર !'' એમ કહીને મહારાજશ્રીનો હાથ પકડીને મંદિરમાં પધાર્યા. ત્યાર પછી રસોઈ તૈયાર કરાવી હતી એટલે આચાર્ય મહારાજ, સાધુ, બ્રહ્મચારી તથા પાર્ષદોની પંક્તિ કરી સૌને જમાડ્યા.

બપોરે સર્વ સંતો-હરિભક્તોની સભા થઈ અને આચાર્ય મહારાજ ગાદી-તકિયા નાખીને વિરાજમાન થયા હતા અને સામે ભગતજીને ગાદી-તકિયાનું આસન આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી નાખી આપ્યું હતું.

પછી મહારાજે કહ્યું : ''હવે તમે વાતો કરો. આ વખતે તમારા સમાગમ સારુ હું આવ્યો છું, એટલે શાંતિ થાય એવી વાતો કરો.'' એ પ્રમાણે ભગતજીને કહ્યું. એટલે ભગતજીએ ઘણી જ ધર્મ, નિયમ તથા વૈરાગ્ય અને

ભક્તિ ઉપર વાતો કરી.

આચાર્ય મહારાજે ભગતજીની પૂજા કરાવી

પહેલા દિવસે ભગતજી તરફથી ગોળના ચુરમાની રસોઈ હતી. આચાર્ય મહારાજ ખૂબ રાજી થયા.

બીજે દિવસે કોઠારી પ્રભુદાસને આચાર્ય મહારાજે કહ્યું : ''ભગતજીને દંડવત કરો. હું ન હોઉં ત્યારે તો કરો છો, પણ આજે મારી આજ્ઞા છે એટલે દંડવત કરો.'' પછી કોઠારીએ પાંચ દંડવત કર્યા.

વળી, દેસાઈને કહ્યું : ''ભગતજીને આપણે છીએ ત્યાં સુધી રોજ મંદિરમાં જમાડવા.'' એમ કહી પ્રસાદીના થાળના લાડુ અપાવ્યા. પછી દેસાઈને કહ્યું : ''ભગતજીને પાણી પાઓ.'' એટલે તેમણે પાણી પાયું. પછી મહારાજે કહ્યું : ''હવે ચાંદલો કરી આ ધોતિયું ભગતજીને ઓઢાડો.'' એટલે તે પ્રમાણે દેસાઈએ ભગતજીની પૂજા કરી. આ રીતે દેસાઈએ ભગતજીની પૂજા કરવી, જમાડવા, પાણી પાવું વગેરે જે જે સંકલ્પો કર્યા હતા, તે સર્વે ભગતજીએ મહારાજ દ્વારા પૂરા કરાવ્યા.

ધર્મતનયદાસજી ભગતજીને ચૌટા વચ્ચે દંડવત કરે છે

અમાસના દિવસે ભગતજીને આચાર્ય મહારાજ તથા સર્વ સંતોને પોતાને ઘેર પધરામણી કરવાની હતી, તેથી ધોતિયાં લેવા માટે ભગતજી બજારમાં ખરીદ કરવા ગયા. પુરાણી કેશવપ્રસાદદાસજી, શાસ્ત્રી ધર્મતનયદાસજી તથા બ્રહ્મચારી ધ્યાનાનંદજી એ જ વખતે મહુવા આવતા હતા અને તેમણે ભગતજીને જોયા. તેમાંથી શાસ્ત્રી ધર્મતનયદાસે ચૌટા વચ્ચે જ ભગતજીને દંડવત કર્યા. એટલે ભગતજી તેમને વઢ્યા કે આમ દંડવત ન કરવા.

ભગતજી પછી મંદિરમાં પધાર્યા અને મહારાજશ્રી પાસે બેસી ઘણી વાતો કરી. જગન્નાથીનાં થાન પોતે ફાડતા જાય અને ઘડી કરવા આપતા જાય. એ રીતે સાંજ સુધી મહારાજશ્રી પાસે વાતો કરતા હતા. એવામાં કુંજવિહારીદાસ ત્યાં આવ્યા અને બોલ્યા : ''અહીં વાતો થાય છે એટલે સર્વે અહીં આવે છે અને સભા ખાલી પડે છે.''

એટલે મહારાજશ્રીએ કહ્યું : ''બોલશો મા ! હું વાતો કરાવું છું.'' એમ

કહી ભગતજીને કહ્યું : ''બેસો, વાતો કરો, જશો નહિ.''

એટલે ભગતજી કહે : ''બહુ સારું મહારાજ !'' એમ કહી સાધુ કુંજવિહારીદાસજી સામું જોઈ બોલ્યા : ''મારે તો ભગવાનના સાધુ કહે તેમ જ કરવું છે. સાધુ દુખાય તો અસુરભાવ આવે. માટે તમે કહેશો તેમ કરીશું.''

પછી મહારાજે ભગતજીને કહ્યું : ''પ્રસાદી લેતા જજો.'' પછી મહારાજ જમી રહ્યા એટલે ભગતજી પ્રસાદ લઈને ઘેર ગયા.

ભગતજીના ગયા પછી સર્વ સંતોએ શાસ્ત્રી ધર્મતનયદાસે બજાર વચ્ચે ભગતજીને દંડવત કર્યા તે સંબંધી ઘણી જ ઉપાધિ કરી અને શાસ્ત્રી ધર્મતનયદાસ, પુરાણી કેશવપ્રસાદદાસ તથા બ્રહ્મચારી ધ્યાનાનંદજી ત્રણેને રજા અપાવી. તેઓ ત્રણે ભગતજીને ઘેર ગયા અને ઉપાધિની વાત કરી. એટલે ભગતજીએ કહ્યું : ''જ્યાંથી આવ્યા છો ત્યાં જાઓ. ભેગા ભગવાન છે.'' તેથી તેઓ પાછા ગયા.

આચાર્ય મહારાજની ભગતજીને ઘેર પધરામણી

પોષ વદ અમાસની સવારે વાજતે-ગાજતે આચાર્ય મહારાજ તથા સર્વ સંતો ભગતજીને ઘેર પધાર્યા. ભગતજીએ મહારાજ સારુ જરિયાની વસ્ત્રથી આચ્છાદિત સુશોભિત ગાદી-તકિયાની બેઠક કરી હતી તથા સૌ સંતો માટે ગાદી-તકિયાની બેઠક કરી રાખી હતી. આચાર્ય મહારાજશ્રીની પૂજા કરીને સોનેરી શેલું તથા પાઘ પહેરાવ્યાં તથા રૂપિયા ૧૦૦/- ભરીને થાળ ઠાકોરજી પાસે મૂક્યો. સર્વ સંતોની પૂજા કરી ત્રણસો રૂપિયાનાં જગન્નાથીનાં ધોતિયાં ઓઢાડ્યાં. એ રીતે સર્વને પોતાની અલૌકિક મૂર્તિનું સુખ આપી, અઘના ઓઘ નિવારણ કરી, અપાર સુખ આપ્યું અને નિરંતર સર્વને સ્મૃતિ થાય તેવી ક્રિયા કરી આનંદ કરાવ્યો.

પછી મહારાજશ્રી તથા સંતો મંદિરે પધાર્યા. બીજે દિવસે મહારાજશ્રીને નીકળવાનું હતું. તેથી તેમણે ભગતજીને બોલાવી ગઢડા મૂર્તિપ્રતિષ્ઠાના સમૈયામાં આવવાનું આગ્રહથી આમંત્રણ આપ્યું.

આજે જ ભગતજીના ભાઈ નરસિંહભાઈ શ્રીજીમહારાજનું સ્મરણ કરતાં અક્ષરવાસી થયા. ભગતજીએ તેમના દેહની ઉત્તરક્રિયા કરી.

મહા સુદ ૨ના દિને મહારાજશ્રી મહુવાથી નીકળ્યા.

સંવત ૧૯૪૯, ગઢપુરમાં મૂર્તિપ્રતિષ્ઠાનો સમૈયો

ફાગણ સુદ ૧૨થી ગઢડામાં સમૈયો શરૂ થતો હતો. ગઢડા સમૈયામાં જવાનું હોવાથી ભગતજીએ મહુવામાં પોતાના તમામ હેતવાળા હરિભક્તોને સાથે આવવા કહ્યું. તેમજ નડિયાદ, વસો, સોજીત્રા, ચાણસદ, નાર વગેરે ગામોમાં પણ કાગળો લખ્યા અને સર્વે હરિભક્તોને લખ્યું : ''મારે ગઢડે જવાનું છે અને અપૂર્વ સમૈયો થનાર છે. માટે સૌએ આવવું.'' એમ કાગળો લખ્યા. પછી ભગતજી તથા મહુવાના હરિભક્તો ગઢડે જવા નીકળ્યા. બે-ત્રણ દિવસે સૌ ગઢડે પહોંચ્યા.

ગઢડે આવીને ભગતજી મહારાજશ્રીનાં દર્શને ગયા. એટલે મહારાજ બહુ જ રાજી થયા અને કહ્યું : ''તમો આવ્યા તે બહુ જ સારું થયું, તમારા ઉતારાની તજવીજ કરાવું છું.''

એટલે ભગતજીએ કહ્યું : ''અમોએ ઘર ભાડે રાખ્યું છે. માટે આપ ઉતારાની ચિંતા કરશો નહિ.'' એમ કહી ભગતજી પોતાના ઉતારે પધાર્યા.

ભગતજી તો કલ્પવૃક્ષ છે

શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી તથા કૃષ્ણપ્રસાદજી વડોદરા ભણતા હતા, તે વહાણે બેસી ભાવનગર આવ્યા અને ત્યાંથી ગઢડા આવ્યા. ગઢડામાં તેમને પીતાંબર પુરાણી મળ્યા. તેમણે પૂછ્યું : ''આટલા બધા મનુષ્યો ભેગા થયા છે, તે તમને તમારા ગુરુ ભગતજીનાં શી રીતે દર્શન થશે ?''

ત્યારે યજ્ઞપુરુષદાસજીએ કહ્યું : ''એ તો કલ્પવૃક્ષ છે. તે સર્વે મનોરથ પૂરા કરે છે.'' એમ કહી પુરાણી સાથે બજારમાં નીકળ્યા.

ત્યારે ભગતજી સામા મળ્યા અને દર્શન થઈ ગયાં. એટલે પીતાંબર પુરાણીને થયું : ''ભગતજી ખરા કલ્પવૃક્ષ છે અને તેમના શિષ્ય પણ ખરા અખૂટ શ્રદ્ધાવાળા છે.''

ભગતજીએ ભાગોળે દર્શન દીધાં

ત્યાર પછી ચાણસદના વૈદ્ય વિશ્વનાથભાઈ તથા ઉમરેઠના ગોવિંદભાઈ, ડુંગરભાઈ, મહુધાના મણિલાલ, વસોના પુરુષોત્તમદાસ, હરિભાઈ,

નરસિંહભાઈ વગેરે આ સમૈયામાં આવતા હતા. સૌને મનમાં સંકલ્પ થતો હતો : ''ભગતજી ક્યાં ઊતર્યા હશે અને ક્યારે દર્શન થશે ?'' એમ જેમ જેમ ગઢડાની નજીક આવતા જાય, તેમ દર્શનની તાલાવેલી વધારે ને વધારે થતી જાય. એવામાં ભગતજી હાથમાં લોટો લઈ ભાગોળે જતા હતા, તે સર્વને સામા મળ્યા અને સર્વેના દર્શનના સંકલ્પ પૂરા કર્યા. ભગતજીએ બધાંને ઉતારો કરવાનું કહ્યું અને પોતે જંગલ ગયા. એવી રીતે ગઢપુરમાં દિવ્યભાવ દેખાડવા લાગ્યા.

બીજે દિવસે ડભોઈના ઉલ્લાસરામ દલસુખરામ પંડ્યાને લક્ષ્મીબાગમાં દર્શન દીધાં અને તેમના મનોરથ પૂરા કર્યા. કારવણના મણિલાલ બાપુજીએ કોઈ દિવસ ભગતજીનાં દર્શન કરેલાં જ નહિ. પરંતુ વડોદરામાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીની વાતોથી ભગતજીનો મહિમા જાણ્યો હતો. તે પણ ગઢડા આવ્યા. તેમની સાથે ચાણસદના કલ્યાણભાઈ જાની હતા. તેમને તેમણે કહ્યું હતું : ''મને ભગતજી ઓળખાવજો.'' એવામાં રસ્તામાં જ ભગતજી મળ્યા. એટલે દંડવત કરી પગે લાગ્યા અને શાંતિ થઈ ગઈ.

મણિલાલ તો ભગતજીની પાછળ પાછળ જ ફર્યા કરે. ભગતજી મંદિરના ચોકમાં જ્યાં ચંદની નાખી સભાસ્થાન કર્યું હતું ત્યાં વાતો કરે તથા માના ભગતને આસને વાતો કરે, તેવી અનેક પ્રકારની વાતો સાંભળી તથા તેમની ચેષ્ટા અને પ્રતાપ જોઈ તેમને નિશ્ચય થઈ ગયો કે વચનામૃતમાં એકાંતિક ભક્તનાં જે જે લક્ષણો કહ્યાં છે તે બધાં જ લક્ષણો પ્રાગજી ભગતમાં મૂર્તિમાન જણાય છે.

ગોલોક અને અક્ષરધામ કેવી રીતે સમજવાં ?

ભગતજી માના ભગતને આસને રોજ કથા કરવા જતા. એક વખત કથાના પ્રસંગમાં ત્ર્યંબકલાલે પૂછ્યું : ''ગોલોક અને અક્ષરધામ કેવી રીતે સમજવાં ?''

ત્યારે ભગતજીએ કહ્યું : ''ગોલોકનું તો માપ છે અને અક્ષરધામ તો અમાપ એટલે અધો-ઊર્ધ્વ અને પ્રમાણે રહિત છે. એમ ગોલોક અને અક્ષર-ધામમાં ઘણો ભેદ છે. શ્રીજીમહારાજે વચનામૃતમાં જ્યાં જ્યાં ભગવાનના ધામની વાત કરી છે ત્યાં અક્ષરધામને ગોલોકથી જુદું પાડ્યું છે. તેમાં પણ

પંચાળા ૧લામાં તો '...તેથી દેવતાનું સુખ અધિક છે ને તેથી ઈન્દ્રનું સુખ અધિક છે ને તેથી બૃહસ્પતિનું ને તેથી બ્રહ્માનું ને તેથી વૈકુંઠલોકનું ને તેથી ગોલોકનું સુખ તે અધિક છે અને તેથી ભગવાનના અક્ષરધામનું સુખ અતિ અધિક છે.' વળી, અક્ષરધામના મુક્તને સ્ત્રી કે પુરુષની યોનિ અને ગુદાએ રહિત પુરુષાકારે ચૈતન્યપ્રકૃતિનો દેહ છે. જ્યારે ગોલોકના મુક્તને સ્ત્રી, પુરુષના વિજાતીય લિંગદેહ હોય છે. આમ, અક્ષરધામ અને ગોલોક જુદાં જ છે.

''નિષ્કુળાનંદ સ્વામીએ પણ લખ્યું છે કે :

બ્રહ્મા રાખ્યા સત્યલોકમાં, શિવજીને રાખ્યા કૈલાસ;
વિષ્ણુને રાખ્યા વૈકુંઠમાં, એમ આપ્યો જુજવો નિવાસ.
ઈન્દ્ર રાખ્યો અમરાવતી, શેષજીને રાખ્યા પાતાળ;
જ્યાં જ્યાં કરી હરિએ આજ્ઞા, તીયાં રહ્યા સુખે સદાકાળ.
બદ્રી તળે રાખ્યા ઋષીશ્વર, નિરન્નમુક્ત રાખ્યા શ્વેતદ્વીપમાં;
ગોપી ગોપ રાખ્યાં ગોલોકે, રાખ્યા મુક્ત અક્ષર સમીપમાં.
એમ જેમ જેને રાખ્યા ઘટે, તેમ રાખ્યા છે કરી તપાસ;
જેવો જોયે અધિકાર જેને, તેવો આપ્યો છે અવિનાશ.

— વચનવિધિ : ૩૭

''વળી, સત્સંગિજીવનમાં પણ ગોલોક અને અક્ષરધામ જુદાં બતાવ્યાં છે :

दर्शयामास तत्रैव गोलोकं धाम चाक्षरम् ।
श्वेतद्वीपं च वैकुण्ठं सकलैश्वर्यसंभृतम् ॥

— ૨જું પ્રકરણ, અ. ૨૦-૧૬

આમ, ગોલોક અને અક્ષરધામ સમજવાની રીત આપણા શાસ્ત્રમાં સ્પષ્ટ છે.''

એટલી વાત કરીને વળી બોલ્યા : ''મને તો મારા ગુરુએ અખંડ ભજન કરતાં શીખવ્યું છે. તેથી હું ભજનના સુખે સુખિયો છું અને જે મારો સંગ કરે તેને ભજનના સુખે સુખિયો કરી મેલું છું.'' એવી રીતે ઘણી વાતો કરી.

પછી ત્યાંથી લક્ષ્મીવાડીએ મહારાજ પાસે જઈને ઘણી વાતો કરી. સૌ હરિભક્તો તથા સંતો ભગતજીની આજુબાજુ વીંટળાઈને બેસી ગયા. દરેકના સંકલ્પના ઉત્તર થતા જાય અને શંકાઓ તૂટતી જાય. એમ અનેક પ્રકારે વાતો

થાય. તેથી સર્વેને ઘણો જ સમાસ થયો અને મહારાજ પણ ઘણા જ રાજી થયા.

માના ભગત ભગતજીના ગુણ ગાય છે

તે જ રાત્રે ભગતજી માના ભગતને આસને ફરી આવ્યા. તેમને જોઈ માના ભગતે આસન આપ્યું અને પછી પગે લાગીને કહ્યું : ''ભગતજી ! હવે મને તમારો લગારે અવગુણ નથી. બીજા અવગુણ લેશે તે મરશે, પણ હું તો તમને ખરેખરા એકાંતિક જાણું છું. આટલી ઉપાધિ થઈ અને સાધુઓ કાઢી મૂક્યા અને સાધુ તમારે ત્યાં આવ્યા, તે તમારી લગારેક મરજી હોય તો બીજો સંપ્રદાય બાંધો એવી તમારી સત્તા છે. વળી, તમારા સાધુ પણ બુદ્ધિમાન, વિદ્વાન અને સર્વ સાધુતાનાં લક્ષણે યુક્ત છે. મોટા મોટા સદ્‌ગૃહસ્થો તમારા શિષ્યો છે એવી તમારી સામર્થી છે. તો પણ ક્ષમા કરી. જેથી તમો તો ખરેખર બહુ જ મોટા છો. માટે આ બધા તમારા શિષ્યો છે તે મુમુક્ષુ છે, તેમને સુખિયા કરજો. પણ તે બધાને વિષે હેત ના રાખશો; કારણ કે, હેત રાખશો તો સૌને તમારા જેવા કરવા પડશે. ત્યારે જ શ્રીજીમહારાજ અક્ષરધામમાં તેડી જશે.''

તે ઉપર શ્રીજીમહારાજે નૃસિંહાનંદ સ્વામીને કહી હતી તે વાત કરી કે ''ધ્યાનના કરનારાએ શિષ્ય ઉપર હેત ના રાખવું. શ્રીજીમહારાજે નૃસિંહાનંદ સ્વામીને પરોક્ષ શાસ્ત્રનું દૃષ્ટાંત આપી સમજાવ્યું હતું કે 'પૂર્વે વૈકુંઠ ધામનો એક મુક્ત હતો. તે વૈકુંઠપતિની ઇચ્છાએ કરીને પૃથ્વી ઉપર દેહ ધરીને આવ્યો. તે કોઈ સાથે હેત ન રાખે અને અખંડ ભજન કરે. પછી કેટલાંક વર્ષે એક ગામમાં ચાતુર્માસ કરવા રહ્યો. ત્યારે તે ગામમાં એક ગૃહસ્થે તેની બહુ જ સેવા કરી. તેથી તેની ઉપર દયા લાવીને થોડી થોડી વાતો તે રોજ કરે. એમ તેને પોતાનો શિષ્ય કર્યો. પછી તો ગામના બીજા પણ કેટલાક ગૃહસ્થો તેના આધીન થયા અને સર્વને નિયમ આપ્યા. થોડે કાળે તેને દેહ મૂકવાનું થયું, એટલે પોતાના શિષ્યોને પાસે બોલાવી નિયમ-ધર્મમાં રહેવાની શિખામણ આપી, પોતે વૈકુંઠધામમાં ગયો. ત્યારે લક્ષ્મીનારાયણ ભગવાને તેને કહ્યું : 'જાઓ, તમે પેલા શિષ્ય કર્યા છે તેને એકાંતિક ધર્મ પમાડી લઈ આવો.' એવી રીતે પાછા મોકલ્યા અને જન્મ લેવો પડ્યો અને પોતાના જેવો કરીને વૈકુંઠમાં લઈ ગયા. માટે તમારે પણ જેટલા શિષ્ય કર્યા હશે તે સર્વને એકાંતિક ધર્મ પમાડવો પડશે. માટે શિષ્યોમાં હેત ન કરશો.''

એ સાંભળી ભગતજી મંદ મંદ હસતાં બોલ્યા : ''બહુ સારું ! જેમ તમે કહેશો તેમ કરીશું.''

પછી ત્ર્યંબકલાલે પૂછ્યું : ''ભગવાન વિના બીજામાં હેત થાય તેની શી ગતિ થાય ?''

ત્યારે માના ભગતે ઉત્તર કર્યો : ''ગોપાળાનંદ સ્વામી તથા ચૈતન્યાનંદ સ્વામી એમ કહેતા કે 'જેમાં હેત હોય તે જ્યાં લઈ જાય ત્યાં જવું પડે.' માટે ભગવાન તથા તેના પરમ એકાંતિક સંત વિના બીજામાં હેત ન કરવું અને જીવ પણ એમના વિના બીજે ન જડવો.'' એમ વાત કરી.

એટલે ભગતજી કહે : ''વચનામૃતમાં પણ ભગવાન કે તેમના એકાંતિક સંત વિના બીજે હેત ન કરવું એવી કેટલીક વાત છે.'' એમ કહી કેટલાંક વચનામૃત વંચાવ્યાં. પછી પોતાને ઉતારે પધાર્યા.

બીજે દિવસે સવારે હરિભક્તો ભગતજીના ઉતારે દર્શને ગયા. ત્યારે ભગતજીએ તેમને વાત કરી : ''તમારે માટે મારે પચ્ચીસ જન્મ ધરવા પડશે તો પણ તમને બધાને ચોખ્ખા કરીને અક્ષરધામમાં લઈ જઈશ, ત્યારે શાંતિ થશે. વળી, શ્રીજીમહારાજે તો વચનામૃતમાં લખ્યું છે : 'કોઈ જન્મ ધરવાનું નિમિત્ત તો નથી, પણ એવું નિમિત્ત ઉત્પન્ન કરીને પણ ભગવદીના મધ્યમાં જન્મ લેવો શ્રેષ્ઠ છે.''[૮૩] એમ ઘણી વાતો કરી.

પછી ભગતજી મંદિરે દર્શન કરવા સૌ હરિભક્તો સાથે પધાર્યા. ત્યાં મંદિરના ચોકમાં પ્રભુદાસ કોઠારી તથા યજ્ઞપુરુષદાસજી બંને મળ્યા. તેમણે દર્શન કર્યાં. એટલે તેમને ઊભા રાખીને થોડી વાતો કરી રાજી કર્યા.

એટલામાં હાથીભાઈ બાવાજી, પુરુષોત્તમ વગેરે ત્યાં આવ્યા. એટલે તેમને પણ તેમના સંકલ્પ અનુસાર કેટલીક વાતો કરી રાજી કર્યા.

સાંજના ભગતજી મંદિરના ચોકમાં ચંદની બાંધી હતી ત્યાં પધાર્યા. ત્યાં સ્વામી જાગા ભક્ત તથા બીજા હરિભક્તો બેઠા હતા. તેમને કેટલીક વાતો કરી. પછી મંદિરમાં દર્શન કરવા જતાં વૈદ્યરાજ વિશ્વનાથભાઈ તથા કાળીદાસે પૂછ્યું : ''પેલા બિચારા ધૂળિયે છે તેને ક્યારે બોલાવવા છે ?''

ત્યારે પોતે બોલ્યા : ''ત્યાં ભલે રહ્યા. અહીં આવશે તો ઠેકડા મારશે.''

એટલે વૈદ્યે કહ્યું : ''તમે જ રાખ્યા લાગે છે.''

---

૮૩. ગ.મ. ૪૮.

ત્યારે ભગતજી હસીને બોલ્યા : ''મહારાજની ઇચ્છાથી રહ્યા છે.'' એમ કહી દર્શન કરી ઉતારે ગયા.

નારણભાઈએ અઠે દ્વારકા કર્યું

બપોરે વસોવાળાને ઉતારે પધાર્યા. ત્યાં વસોના નારણભાઈ - જે ભાઈસાહેબના કારભારી હતા - તેમને ઉદ્દેશીને ઘણી વાતો કરી તેમને વશ કરી લીધા. તેમણે તરત જ વર્તમાન ધરાવ્યાં. નારણભાઈને અગાઉ ઘણાએ વર્તમાન ધરાવી સત્સંગી થવા માટે આગ્રહ કર્યો હતો, પરંતુ પોતાને જ્યાં સુધી સત્સંગમાં પ્રતીતિ ન આવે અને ધરાવેલા નિયમ દૃઢ કરીને પાળી શકાય એવી પ્રેરણા આપનાર કોઈ સત્પુરુષ ન મળે, ત્યાં સુધી વર્તમાન ન જ ધરાવવાં એવું તેમણે નક્કી કર્યું હતું. પરંતુ ભગતજીનાં દર્શનમાત્રથી, શુદ્ધ મુમુક્ષુ હોવાથી અંતઃકરણની સર્વે વૃત્તિ તેમની મનોહર મૂર્તિમાં તણાઈ ગઈ અને ભગતજીની વાતો અંતરમાં સોંસરી ઊતરી ગઈ. ભગતજીનો આવો અદ્ભુત પ્રતાપ અને અંતઃકરણને સ્થિર કરી દેવાની શક્તિ જોઈ, નારણભાઈ ગદ્ગદ થઈ ગયા. પછી ભગતજી તેમને કોઠારે લઈ ગયા. ત્યાં કોઠારીશ્રીની પૂજા કરી ધોતિયાં ઓઢાડ્યાં અને તેમને હાથે ભગતજીની આજ્ઞાથી ફરી વર્તમાન ધરાવ્યાં. આ પ્રમાણે નારણભાઈ દ્વારિકાની યાત્રા કરવા નીકળ્યા હતા, પરંતુ ભગતજીની વાતોથી સાક્ષાત્ તીર્થ પ્રગટ સત્પુરુષ મનાઈ ગયું, એટલે જાત્રાનો સંકલ્પ પડતો મૂક્યો.

રંગાચાર્યને ભગતજીનાં દર્શન

આ પ્રસંગે ખાસ વડોદરાથી શાસ્ત્રીજી મહારાજ શ્રી યજ્ઞપુરુષદાસના વિદ્યાગુરુ શાસ્ત્રીશ્રી રંગાચાર્યજી, ભગતજીના મહિમાની વાતો શાસ્ત્રીજી મહારાજ પાસેથી સાંભળીને, ભગતજીનાં દર્શન કરવા અહીં આવ્યા હતા. આગલે દિવસે પોતે આવ્યા ત્યારે તેમનો ઉતારો શાસ્ત્રીજી મહારાજના ઉતારે રાખ્યો હતો.

નાહી-પરવારીને શાસ્ત્રીજી મહારાજ તેમને ભગતજીનાં દર્શને લઈ જતા હતા, ત્યાં ભગતજી મંદિરેથી દર્શન કરી પોતાને ઉતારે પાછા પધારતા હતા. તે મંદિરના દરવાજા પાસે જ સામા મળ્યા. એટલે શાસ્ત્રીજી મહારાજે

રંગાચાર્યને ભગતજીને બતાવી કહ્યું : ''આ મારા ગુરુ પ્રાગજી ભગત.'' એટલે ત્યાં ચોકમાં જ રંગાચાર્ય તુરત જ સાષ્ટાંગ દંડવત કરી ભગતજીને પગે લાગ્યા. એટલે શાસ્ત્રીજી મહારાજે ભગતજીને કહ્યું : ''મારા ગુરુ રંગાચાર્યજી આપને પગે લાગે છે.''

ભગતજીએ તુરત જ તેમનો હાથ પકડી ઊભા કર્યા અને પ્રેમથી ભેટ્યા. ભગતજીનાં પ્રથમ દર્શનથી જ તેમને ભગતજીની સ્થિતિની - બ્રહ્મસ્વરૂપ સંતનાં લક્ષણોની જે જે વાતો શાસ્ત્રીજી મહારાજે કહી હતી, તે બધી જ તેમણે પ્રાગજી ભગતમાં પ્રત્યક્ષ નિહાળી અને ગદ્‌ગદ થઈ ગયા. ભગતજી તેમના મનના સર્વ ભાવ સમજી ગયા અને વાંસો થાબડી કહ્યું : ''આવતીકાલે પ્રતિષ્ઠા વખતે જરૂર પધારજો.'' એમ કહી ભગતજી ત્યાંથી ઉતારે પધાર્યા.

ભગતજીને રંગાચાર્યે દંડવત કર્યા એ જાણી ભેખ બળી ઊઠ્યા. તેમણે શાસ્ત્રીજી મહારાજને ઠપકો આપ્યો કે ''આવા પરધર્મીના હૃદયમાં આવું જ્ઞાન ઘલાય ?'' અને રંગાચાર્યને પણ કહ્યું કે ''દરજીને તમે દંડવત શું કર્યા !''

ત્યારે રંગાચાર્ય બોલી ઊઠ્યા : ''તમે શું સમજો ? આ તો એકાંતિક ભક્ત છે, તેમનો મહિમા અપાર છે. આ તો પરમ એકાંતિક મહાત્મા છે, સામાન્ય ફકીર નથી !''

રંગાચાર્યના આ ઉત્તરથી સૌ મનમાં સમસમી રહ્યા.

પ્રાગજી ભગત ! મહારાજની શી મરજી છે ?

બીજે દિવસે મૂર્તિપ્રતિષ્ઠાના ઉત્સવમાં, લક્ષ્મીવાડીએ સંતો તથા હરિભક્તોની મોટી સભા ભરાઈ હતી. આચાર્ય મહારાજશ્રી વિહારીલાલજી મહારાજ મધ્યમાં પાટ ઉપર બિરાજ્યા હતા. પાટની સામે ગાદી-તકિયો નખાવીને ભગતજી મહારાજનું આસન કર્યું હતું. ભગતજી ત્યાં બિરાજતા હતા. આ પ્રસંગે કંઈક વિક્ષેપ થશે – એવું મહારાજશ્રીને જણાયાથી મહારાજે પૂછ્યું : ''પ્રાગજી ભગત ! મહારાજની કેવી મરજી છે તે અંતર્વૃત્તિ કરીને જુઓ.''

ત્યારે ભગતજી બોલ્યા : ''જેટલું તમારે અને મારે છેટું છે, એટલું જ મારે અને મહારાજને અક્ષરધામમાં છેટું છે અને મહારાજની મરજી વિના સૂકું પાંદડું પણ હલવા સમર્થ નથી. મહારાજ બહુ જ રાજી છે અને એમની

મરજીથી બધું નિર્વિઘ્ને પાર પડી જશે.'' એમ ભગતજીએ અતિ ઉત્સાહથી કહ્યું.

ભગતજીની અલૌકિક બ્રહ્મસ્થિતિ અને શ્રીજીમહારાજ સાથેની પરમ એકતાનો ભાવ અને બ્રહ્મજ્ઞાનની વર્ષાથી, શાસ્ત્રીજી મહારાજે જેવો તેમનો મહિમા કહ્યો હતો તે સર્વ રંગાચાર્યને સાક્ષાત્‌પણે ભગતજીમાં તે દિવસે જણાયો અને ખરેખર આ બ્રહ્મસ્થિતિવાળા પુરુષ છે, એવી પ્રતીતિ તેમને થઈ.

મૂર્તિપ્રતિષ્ઠાનું કામ નિર્વિઘ્ને પૂરું થઈ ગયું એટલે ભગતજી આચાર્ય મહારાજ સાથે મંદિરે પધાર્યા અને ત્યાં ઠાકોરજીનાં દર્શન કરી સભામાં આવ્યા. સભામાં ચેષ્ટા, ધ્યાન વગેરે થઈ રહ્યા પછી પુરાણી નારાયણ-ચરણદાસજી તથા શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના સંકલ્પ પૂરા કરવા વાતો કરી. પછી ઉતારે આવતાં રસ્તામાં, પંડ્યા ઉલ્લાસરામભાઈએ યજ્ઞપુરુષદાસજી ભગતજીને આપવાની પ્રસાદી લાવ્યા હતા, તે તેમને આપી. તે લઈ પોતે બહુ જ રાજી થયા અને ઉલ્લાસરામભાઈને માથે હાથ મૂક્યા.

મૂર્તિપ્રતિષ્ઠાના આ સમૈયામાં બીજી પણ એક અલૌકિક વાત બની. રાજકોટના પ્રકાંડ વિદ્વાન મહીધર શાસ્ત્રીએ લક્ષ્મીવાડીમાં ભરાયેલી સભામાં શાસ્ત્રાર્થ માટે આહ્‌વાન ફેંક્યું, પરંતુ આવા પ્રકાંડ વિદ્વાન સામે શાસ્ત્રાર્થમાં ઊતરવાની સંપ્રદાયના કોઈ વિદ્વાન સંતની હિંમત ન હતી. 'આજે તો સંપ્રદાયની લાજ જશે' તેમ આચાર્ય મહારાજને પણ લાગ્યું. પરંતુ ભગતજીની પ્રેરક દૃષ્ટિથી યજ્ઞપુરુષદાસજીએ શાસ્ત્રાર્થનું આહ્‌વાન ઝીલી લીધું. સૌના આશ્ચર્ય વચ્ચે તેમણે મહીધર શાસ્ત્રીને પરાસ્ત કર્યા. રંગાચાર્ય બોલી ઊઠ્યા : ''अस्मिन् संप्रदाय एकमेव ।'' ભગતજી અને આચાર્ય મહારાજ પણ ખૂબ જ પ્રસન્ન થયા.

રંગાચાર્યનો સંકલ્પ પૂરો કર્યો

એ પ્રમાણે સમૈયો પૂરો થયો અને ભગતજીએ પણ પોતાના હેતવાળા તમામ હરિભક્તોને સુખ આપી રાજી કરી દીધા.

બીજે દિવસે પુરાણી કેશવપ્રસાદજી તથા શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી, માવસંગ ભગત, શંકર ભગત, કોઠારી પ્રભુદાસભાઈ વગેરે ઘેલે નાહવા જતા હતા. રસ્તામાં ભગતજીનો ઉતારો આવ્યો એટલે ભગતજીનાં દર્શને ગયા. ભગતજી ખાટલામાં પોઢ્યા હતા. તે સાધુને આવતા જોઈ મંદ મંદ હસતાં

બેઠા થયા અને કહ્યું : ''આવો સાધુજી !'' એમ કહીને ઊભા થઈને મળ્યા. પછી કહ્યું : ''સુખેથી ભજન કરજો અને લોકોને ઉપદેશ કરવાનો બહુ આગ્રહ ન રાખશો. હવે બહુ થયું.'' એમ કહીને થોડી વાતો કરી અને 'નાહવા જાઓ' એમ આજ્ઞા કરી.

નાહીને આવ્યા પછી તેમને થોડી વાતો કરી અને જે કંઈ પૂછવાનો સંકલ્પ કર્યો હતો તે વાતમાં કહી દીધું. પછી સાધુએ પ્રસાદી માગી એટલે સાકરની પ્રસાદી આપી રાજી કર્યા.

પછી પોતે નાહી-પૂજા કરી મંદિરમાં પધાર્યા અને ત્યાં ઠાકોરજીનાં દર્શન કરી લક્ષ્મીવાડીએ પધાર્યા. રંગાચાર્યને ભગતજીનાં દર્શન કરવાનો સંકલ્પ થયો હતો અને શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીને લઈને ભગતજીને ઉતારે આવવાની તૈયારી કરતા હતા, તેવામાં ભગતજી તેમને ઉતારે પધાર્યા. શાસ્ત્રી રંગાચાર્યને તો અતિ આનંદ થયો. તેમના મનોભાવ જોઈ ભગતજી તેમની સામું જોઈ હસ્યા અને કહ્યું : ''તમે માનો છો તેમજ છે. મહારાજ અંગોઅંગમાં રહ્યા છે.''

લક્ષ્મીવાડીએથી પાછા ફરતાં રસ્તામાં પીતાંબર પુરાણી મળ્યા અને પગે લાગ્યા. પછી પોતાને ઉતારે પધાર્યા. ત્યાં પંડ્યા ઉલ્લાસરામભાઈ, બીજા પાંચ-છ હરિભક્તોને લઈને આવ્યા હતા. તેમને જોઈ ભગતજીએ રોષ બતાવ્યો અને કહ્યું : ''આમ દોડાદોડી ન કરવી. જુક્તિ કરી કામ કાઢી લેવું.'' એમ કહી વાતો કરી રજા આપી. ત્યાં વડોદરાના ગોવિંદભાઈ માસ્તર તથા મણિલાલ આવ્યા. તેમને પણ શાંતિ પમાડી રજા આપી.

આમ, ભગતજીના ઉતારે મુમુક્ષુઓનો પ્રવાહ અખંડ ચાલુ જ રહે અને ભગતજી જ સાક્ષાત્ નૈમિષારણ્ય ક્ષેત્ર મનાઈ ગયું હોય તેમ તેમની પાસે જઈ, તેમનાં દર્શન કરી, વાતો સાંભળી, ઇન્દ્રિયો-અંતઃકરણની ધારા કુંઠિત થઈ, ઇન્દ્રિયો વિષયના પ્રવાહમાંથી હટી અને ભગવાનમાં જોડાઈ ગઈ છે એવું સુખ હરિભક્તો અનુભવતા.

મોટાપુરુષની કૃપાથી અષ્ટાંગ યોગ સિદ્ધ કર્યો છે

વડોદરાથી રાવસાહેબ તથા સીતાબા આવ્યાં હતાં. તે પણ ભગતજીનાં દર્શન માટે તેમને ઉતારે ગયાં. પણ ત્યાં ભગતજી ન મળ્યા, એટલે શોધતાં

શોધતાં માના ભગતને આસને આવ્યાં. અહીં ભગતજીનાં દર્શન થયાં. પછી ભગતજીએ તેમને 'જય સ્વામિનારાયણ' કહ્યા. કથા પૂરી કરી, ઊઠીને પોતાને ઉતારે ગયા. ત્યાં રાવસાહેબ તથા સીતાબા સાથે ગયાં અને રાત્રે બાર વાગતાં સુધી બેસીને વાતો સાંભળી.

બીજે દિવસે ભગતજી રાવસાહેબને ઉતારે ગયા. ત્યાં 'ઇન્દ્રિયો-અંતઃકરણની વૃત્તિને ખેંચીને એકાગ્ર કરી ભજનમાં બેસવું, એટલે કોઈ વિક્ષેપ ન આવે' એમ, ભજન કેમ કરવું એવી ઘણી વાતો કરી. પછી પોતે એ પ્રમાણે એકાગ્ર વૃત્તિ કરી ભજનમાં બેઠા. તેમની મૂર્તિ જોઈ સર્વે સ્થિર થઈ ગયા.

ત્યાં શાસ્ત્રી બદરીનાથ તથા પુરાણી રાજારામ વગેરે કેટલાક વડોદરાના હરિભક્તો પણ બેઠા હતા. તેમાં રાજારામે ભગતજીની નાડી જોઈ કહ્યું : ''નાડી દેખાતી જ નથી. માટે જરૂર નાડી અને પ્રાણને, આ પુરુષે સંકેલી લીધાં છે. એવી અપાર સામર્થીએ યુક્ત આ પુરુષ છે.''

એમ ભગતજીનો અપાર મહિમા સમજ્યા અને ત્યાં બેઠેલા હરિભક્તોને પોતે કહ્યું : ''આવી રીતે જો કોઈ ભજનમાં બેસે તો મારે તેને રૂા. ૧૦૦/- ઈનામ દેવું. પણ આ તો જેણે અષ્ટાંગ યોગ મોટાપુરુષની કૃપાથી સિદ્ધ કર્યો હોય તેનાથી જ થાય. બીજાની તો એ શક્તિ જ નથી.'' એમ ઘણી વાતો પુરાણી રાજારામે ભગતજીના મહિમાની કરી. તે સાંભળી રાવસાહેબ તથા સીતાબાને અતિ આનંદ થયો.

સત્તારૂપ થઈને ભગવાનમાં પ્રીતિ કરવી

બીજે દિવસે સવારમાં ભગતજી લક્ષ્મીવાડીએ દર્શન કરી, ઉતારે આરામ કરી, રાત્રે રાવસાહેબના ઉતારે પધાર્યા. અહીં ભગતજી પધારવાના છે એવું જાણીને સભા ચિક્કાર ભરાઈ હતી. અહીં ભગતજીએ ભગવાનમાં કેમ પ્રીતિ કરવી તે વાત કરતાં કહ્યું :

''ભગવાનમાં દૃઢ પ્રીતિ તો સત્તારૂપે રહે ત્યારે થાય. માટે જે નાનો અથવા મોટો પદાર્થ સત્તારૂપ રહેવામાં આવરણ કરે, તેનો ત્યાગ કરે તે જ ત્યાગ સાચો કહેવાય. અને જેણે સત્તારૂપ થઈને ભગવાનને વિષે પ્રીતિ કરી તેની જ પ્રીતિ સાચી. એવી યથાર્થ પ્રીતિ ભગવાનમાં થાય ત્યારે માયિક પદાર્થ તુચ્છ થઈ જાય. માટે આત્મનિષ્ઠા અને વૈરાગ્ય એ બે તો જોઈશે અને

એ બે વિનાનો જે પ્રેમી ભક્ત જણાતો હોય તે તો અતિશય ન્યૂન છે.[૮૪] અને જેમ કૂતરાનું ગલૂડિયું હોય તે પણ નાનું હોય ત્યારે સારું દીસે; તેમ એવાની ભક્તિ પ્રથમ સારી દીસે, પણ અંતે શોભે નહિ.[૮૫] માટે આગળ જે જે ભક્તો થઈ ગયા છે તેના માર્ગમાં ઘણાં વિઘ્નો આવ્યાં, પણ તેમણે ગણ્યાં નહિ તો પાર પડ્યા. બળિએ દેહને ગણ્યો નહિ, પ્રહ્‌લાદે દેહની રક્ષાને રક્ષા ન માની, ધ્રુવે નાની ઉંમરમાં તપ આદર્યું, તેમ મંડે તો થાય. એટલે જ સ્વામીએ કહ્યું : 'બ્રહ્મરૂપ થવામાં દેહ અંતરાયરૂપ છે.' તેથી દેહને જો ન ગણીએ તો સત્પુરુષ જોતજોતામાં બ્રહ્મરૂપ કરી દે.''

એવી રીતે સર્વ પ્રકારે ભગવાનમાં જોડાવાની ઘણી વાતો કરી. તેથી ત્યાં બેઠેલા ખંભાતના કવિ રેવાશંકર એમ બોલ્યા : ''શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી તે માંહેલું તત્ત્વ આ પ્રાગજી ભગત છે અને શ્રીજીમહારાજ આજ ભગતજી દ્વારા પ્રગટ છે.'' એમ ઘણો મહિમા કહ્યો. તેથી મુમુક્ષુનાં મન શીતળ થયાં અને અસુરનાં મન દગ્ધ થયાં.

આથી, સુરતના એક વકીલ હરિભક્ત એકદમ ઊભા થઈને બોલ્યા : ''આ શું કહો છો ?'' એમ કહીને આકળા થઈને બોલવા માંડ્યા.

તેથી ભગતજી ઊઠી ગયા અને કહ્યું : ''મારે મંદિરમાં જઈને નિયમ, ચેષ્ટા, ધ્યાન કરવું છે.'' એમ કહી પોતાને ઉતારે ગયા.

બીજે દિવસે સવારમાં મહારાજશ્રીનાં દર્શને ભગતજી ગયા. મહારાજશ્રી ભગતજીનો અદ્‌ભુત પ્રતાપ અને બ્રહ્મસ્થિતિ જોઈ ઘણા જ રાજી થયા અને પ્રસાદીના સાકરના પડિયા આપ્યા. ભગતજીએ મહારાજ પાસે રજા માગી અને સાંજે પોતાના હેતવાળા હરિભક્તો સાથે ગઢપુરથી નીકળ્યા.

અમારી પાસે અખૂટ નાણું છે

ગઢડેથી નીકળી ભગતજી સારંગપુર પધાર્યા. સારંગપુરમાં મંદિરમાં દર્શન કર્યાં અને તમામ પ્રસાદી સ્થળોનાં દર્શન કરી, ત્યાંથી નીકળ્યા. રાત્રે રસ્તામાં તેમની સાથે આવેલ નડિયાદના દત્તરામ દેવીરામ, નારાયણભાઈ, પુરુષોત્તમ વગેરેને ઘણી વાતો કરી અને શાંતિ પમાડી. રસ્તામાં ચોકિયાતોએ

૮૪. સા. ૧૫.

૮૫. સા. ૧.

અટકાવ્યા અને કહ્યું : ‘‘બેસો અહીં. આગળ જશો તો લૂંટારાઓ લૂંટી જશે.’’

એટલે ભગતજીએ કહ્યું : ‘‘અમારી પાસે અખૂટ નાણું છે, તે જેને લૂંટવું હોય તે લૂંટવા આવે. લૂંટવાની બહુ જ મજા પડશે.’’ એમ છકમાં બોલ્યા ને નારાયણભાઈને કહ્યું કે બોલો :

‘ગિરધારી રે સખી ! ગિરધારી,
મારે નિરભે અખૂટ નાણું, ગિરધારી. ટેક.
ખરચ્યું ન ખૂટે, એને ચોર ન લૂંટે,
દામની પેઠે રે ગાંઠે બાંધ્યું ન છૂટે...ગિરધારી’

એમ ઘણી જ રમૂજ કરતા નીકળી ગયા અને બધાને વળાવી પોતે પોતાના ભત્રીજા પુરુષોત્તમ સાથે મહુવા પધાર્યા.

ચૈત્ર માસમાં ચુનીલાલ અનોપરામ વહાણે બેસી મહુવા આવ્યા. તેમને ત્રણ દિવસ રાખી ઘણું સુખ આપ્યું અને વર. ૧૧-૧૬ વંચાવીને સિદ્ધ કરવાની આજ્ઞા કરી. પછી તેમને કહ્યું : ‘‘હવે આવવું હોય ત્યારે વખત જોઈને આવવું અને સમૈયામાં ન આવવું. વળી, આગળથી જો લખી જણાવશો તો હું ગુજરાતમાં આવીશ અને ત્યાં આપણે સર્વે ભેગા થઈશું.’’ એમ ઘણી જ દેશકાળ અનુસાર વર્તવાની વાતો કરી રાજી થઈને રજા આપી.

આ ચરિત્ર સાંભળવાથી અર્ધા કામાદિક દોષ બળી જશે

સંવત ૧૯૪૯ના વૈશાખમાં વડોદરાના ગોવિંદભાઈ તથા નડિયાદના નારણભાઈ મહુવા આવ્યા. તેમને આઠ દિવસ રાખ્યા અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સંબંધી ઘણી જ વાતો કરીને કહ્યું : ‘‘દૃઢ આસન વાળીને બેસવું, હાલવું-ચાલવું નહિ તેમજ ખંજોળવું પણ નહિ. જેનું ભજન કરીએ છીએ તે તો અંતર્યામી છે, સર્વજ્ઞ છે, તે બધું જાણે છે અને તેનું ભજન કરવા બેઠા હોઈએ ત્યારે સર્વ પ્રકારે રક્ષા કરે. માટે દૃષ્ટિ સ્થિર કરવી, જેથી અંતઃકરણ સ્થિર થાય; અને તો જ સુખેથી ભજન થાય. ભગવાનમાં અખંડ વૃત્તિ રાખતાં શીખવું ને વૃત્તિ તૂટે તો સાંધી દેવી. એવો આગ્રહ રાખવો. ફેલફિતૂર ન કરવાં.’’ એમ વાતો કરી.

પછી ગોવિંદભાઈએ ભગતજીનું જીવનચરિત્ર જે શાસ્ત્રીજી મહારાજ યજ્ઞપુરુષદાસજીએ સંવત ૧૯૨૦ની સાલ સુધીનું લખ્યું હતું તે વાંચી

સંભળાવ્યું. એ સાંભળી પોતે બોલ્યા : ''આ સાંભળ્યા પછી અર્ધા કામાદિક શત્રુ નાશ પામી જાય એવું આ ચરિત્ર છે. પણ હું છું ત્યાં સુધી પ્રકાશ કરશો નહીં.'' એમ કહી નદી સુધી વળાવવા આવ્યા.

આ પ્રમાણે, હરિભક્તોનો અવિરત પ્રવાહ મહુવા ચાલુ જ રહે અને ભગતજી પણ તે સર્વને કથાવાર્તાનું સુખ આપી, એકાંતિક ધર્મ સિદ્ધ કરવાના યોગમાં જોડે.

ભગવાનના ભક્ત દેશકાળને પોતાની મરજી પ્રમાણે પ્રવર્તાવે

વિજ્ઞાનદાસજીને ભગતજીનો યોગ ન રહે તે માટે તેમને ધૂળિયા મોકલી દેવામાં આવ્યા હતા. પરંતુ દેશકાળાદિક જેને આશ્રયે રહ્યા છે એવા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ સહવર્તમાન જે ભગવાન, તેની મૂર્તિને અખંડ હૃદયમાં ધારનાર આ સંતો તો, દેશકાળને પોતાની મરજી અનુસાર પ્રવર્તાવે એવા બળિયા હતા. એટલે સ્વામી વિજ્ઞાનદાસજીએ ખાનદેશમાં ભગતજીના મહિમાની અને એકાંતિક ધર્મની વાતો કરવા માંડી; આથી ધૂળિયા, વરખેડા, જાપી, મોહાડી, ગરવાડા, કોસુંબા, સોનગીર, સાકોરે વગેરે ગામોમાં ભગતજીનો અપાર મહિમા પ્રવર્ત્યો અને હરિભક્તો વારંવાર મુંબઈ જઈ, ત્યાંથી વહાણમાં બેસી મહુવા જઈ, ભગતજીનો સમાગમ કરવા લાગ્યા.

ખાનદેશમાં ભગતજીનો અદ્‌ભુત પ્રતાપ

એ જ અરસામાં ખાનદેશના મોહાડી ગામના ભુખ્ખન પટેલની બહેન નિંબડીબાઈને સાકોરે ગામમાં પરણાવ્યાં હતાં. નિંબડીબાઈને ભૂત વળગ્યું હતું. તે બહુ જ દુઃખ દે. કોઈ રીતે દેહનો વ્યવહાર કરી ન શકાય. આથી, ભુખ્ખન પટેલ ધૂળિયા ગયા અને વિજ્ઞાનદાસજીને સર્વે હકીકત કહી. વિજ્ઞાન-દાસજીએ તેને કહ્યું : ''આ બધો સંઘ મહુવા ભગતજીનાં દર્શને જાય છે, તો તમે પણ તમારી બહેનને લઈને જાઓ.'' તેથી તે વખતે વરખેડાના કેવળદાસ તથા પલાણાના નારણભાઈ છનાભાઈ મહુવા જતા હતા. તેમની સાથે ભુખ્ખન પટેલ, તેમની બહેન તથા બનેવીને લઈને મહુવા ગયા.

મહુવા પહોંચ્યા પછી મંદિરમાં સૌ દર્શને ગયાં. ભગતજી જો મળે તો સર્વ હકીકત કહેવી એવો સૌએ સંકલ્પ કર્યો. તે બાઈને બહાર મંદિરનાં

પગથિયાં પાસે બેસારી, સર્વે અંદર ગયા. ત્યાં સભામાં ભગતજીનાં દર્શન થયાં. ભગતજી તેમને જોઈને તુરત જ સભામાંથી ઊઠ્યા અને સર્વે હરિભક્તો પણ ઊઠ્યા. સાધુ વાત કરે તે પહેલાં તો ભગતજી મંદિરની બહાર પગથિયાં પાસે પહોંચી ગયા. એટલે તરત જ ત્યાં બેઠેલી તે બાઈ ભગતજીનાં દર્શન-માત્રથી ખેંચાઈને તેમને પગે પડી ગઈ. ભગતજી એકદમ આઘા ખસી ગયા. પણ તે બાઈ તો ત્યાં ને ત્યાં જ ભગતજીની મૂર્તિનાં દર્શન કરતી મૂક વદને પ્રાર્થના કરતી પડી રહી. ભગતજીએ પાસે ઊભેલા હરિભક્તોને કહ્યું : ‘‘આ બાઈ કોણ છે અને એને શું જોઈએ છે ?’’

ત્યારે ખાનદેશી હરિભક્તોએ કહ્યું : ‘‘એ ભુખ્ખન પટેલની બહેન છે અને તેને ભૂત વળગ્યું છે.’’ એટલે ભગતજીએ તેના સામી દૃષ્ટિ કરી કે તુરત તે બાઈને સમાધિ થઈ ગઈ અને અંગમાં ભગતજીનો પ્રવેશ થઈ ગયો. ભૂત સર્વે નીસરી ગયાં. બાઈને તો અપાર સુખ મળ્યું હોય તેમ પોતાનો ભાવ ભૂલી ભગતજીના સ્વરૂપે વર્તન થવા લાગ્યું. તેને વર્તમાન ધરાવી, સૌ ખાનદેશી હરિભક્તોને ઘેર જવા આજ્ઞા કરી.

ઘેર આવ્યા પછી આ બાઈને ભગતજીના પ્રવેશથી અખંડ ભજન થવા માંડ્યું : ‘‘હું ભગતજી છું’’ એવા છકમાં ભગતજીના રૂપે જ બોલવાનું, ચાલવાનું, કથા કરવાનું, આસન કરી ધ્યાન કરવાનું, એવી સર્વ ચેષ્ટા ભગતજીની જ - સહેજે થવા માંડી. ત્યારે સર્વને પ્રતીતિ થઈ કે જરૂર આ બાઈમાં ભગતજીનો પ્રવેશ થયો છે અને ભગતજી આ દ્વારા અત્યારે ખાનદેશમાં પધાર્યા છે. તેથી ગામોગામ આ બાઈની પધરામણી થવા લાગી. સર્વના અંતરના ઘાટ કહે, મનોરથ પૂરા કરે, આશીર્વાદ આપે અને વળી બ્રહ્મનિરૂપણ પણ વચનામૃત વંચાવી અદ્‌ભુત કરે. ખાનદેશી પ્રેમી ભક્તોને તો આનંદનો ઓઘ વળ્યો અને ઘેર બેઠા ગંગા મળી.

પરિણામે, આખા ખાનદેશમાં ભગતજીને વિષે પરિપકવ નિષ્ઠા અને હેત ઘણાને થઈ ગયાં અને મહિને મહિને સંઘ મહુવા જવા લાગ્યો.

ધૂળિયા મંદિરમાં વરતાલથી સાધુનું બીજું મંડળ આવ્યું હતું. તેમણે ભગતજી આવો અદ્‌ભુત પ્રતાપ આ બાઈ દ્વારા બતાવતા હતા, તે જોયો. વળી, વિજ્ઞાનદાસજીનું મંડળ પણ કથા, વાર્તા, ધ્યાન, ભજન કરી સૌ પાસે ભગતજીનાં ગુણગાન ગાતા હતા. તેથી તેમને લાગ્યું કે જો વિજ્ઞાનદાસજી

ખાનદેશમાં વધુ રહેશે તો આખો ખાનદેશ ભગતજીનો થઈ જશે. તેથી વરતાલ કાગળો લખ્યા કે ''વિજ્ઞાનદાસજીને હવે વિશેષ આ દેશમાં રાખવા જેવા નથી, કારણ કે આ દેશમાં તેમના ઉપદેશથી અહીંના હરિભક્તો મહુવા જાય છે. વળી, એક બાઈને સમાધિ થાય છે અને તેમાં પ્રાગજી ભગતનો પ્રવેશ થાય છે. એટલે ગામોગામ અહીંના હરિભક્તો તે બાઈને લઈને ફરે છે અને તે બાઈ પણ બીજાના સંકલ્પો કહે છે, વાતો કરે છે અને ઘણાને સત્સંગી કરે છે.''

આવા આવા બે-ત્રણ કાગળો કોઠારી તથા આચાર્ય મહારાજ ઉપર લખ્યા. આથી, ભગતજીના સંતમંડળ ઉપર સંવત ૧૯૫૦ના કાર્તિક સમૈયા પછી ફરી પાછી ઉપાધિ થાય તેવા સંજોગો ઉપસ્થિત થયા. પરંતુ આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ તથા કોઠારી ગોવર્ધનભાઈના પ્રયત્નથી આ વિરોધ ઊડી ગયો અને ઊલટું સાધુઓ અંદર અંદર આસન માટે ઝઘડ્યા, એટલે મૂળ વાત ઊડી ગઈ. પરંતુ આ પ્રસંગનું પરિણામ એટલું તો આવ્યું કે 'ભગતજીના મંડળના સંતોને દૂર દેશાવર મોકલી દેવા, જેથી ભગતજીનો યોગ તેમને ન રહે;' – એવો નિર્ણય લેવાયો.

વિજ્ઞાનદાસજીની છપૈયા બદલી

સત્સંગ વધે છે પણ ભગતજી દ્વારા વધે છે, ભગતજીનો અને તેમના મંડળનો મહિમા વધે છે – આ તેજોદ્વેષથી આવા એકાંતિક ધર્મ પ્રવર્તાવનારા વૈરાગ્યમૂર્તિ સ્વામીશ્રી વિજ્ઞાનદાસજી અને તેમના મંડળને આ દેશમાંથી ખસેડવાની પ્રવૃત્તિ શરૂ થઈ. પરંતુ આ પ્રસંગમાં પણ શ્રીજી-સ્વામીની ઇચ્છા એવી જ હતી કે હવે આ દેશમાં જે કાર્ય કરવાનું હતું તે વિજ્ઞાનદાસજી દ્વારા પૂરું થયું. હવે તેમને સત્સંગ વધારવાના પરિશ્રમનું અંગત સુખ આપવું. એથી આવો ઉદ્‌ઘોષ થયો અને કોઠારીએ મહારાજની સલાહ લઈ ધૂળિયા પત્ર લખ્યો : ''સ્વામી વિજ્ઞાનદાસજીએ છપૈયા જવું.''

આ પત્ર મળ્યો એટલે વિજ્ઞાનદાસજીએ વરતાલ પત્ર લખ્યો : ''આપની આજ્ઞાનુસાર છપૈયા જઈશ, પરંતુ ભગતજી સાથે એક માસ રહેવાની ઇચ્છા છે. તો પ્રથમ એ રજા આપો પછી છપૈયા જઈશ.''

આચાર્ય મહારાજે કોઠારીને કહ્યું : ''થોડા દિવસો બાદ જવાબ લખીશું.''

શાસ્ત્રીજી મહારાજે વાંસદાના દીવાનને ભગતજીનો મહિમા સમજાવ્યો

બીજી તરફ યજ્ઞપુરુષદાસજીને દક્ષિણ ગુજરાતને છેડે કોંકણમાં વિચરણ કરવાની આજ્ઞા આપવામાં આવી હતી. તેમનું મંડળ કોંકણમાં ફરતાં ફરતાં ધરમપુર-વાંસદા આવ્યું. અત્રે વાંસદામાં વીરસદના અમીન ઝવેરભાઈ નાથાભાઈ દીવાન હતા. તેમને ખેડામાં વિજ્ઞાનદાસજીના પ્રસંગથી ભગતજી મહારાજનો અત્યંત ગુણ આવ્યો હતો. વળી, ભગતજી મહારાજના મંડળના શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી વાંસદા પધાર્યા એટલે તેમને દસ દિવસ રાખ્યા અને વાતો સાંભળી. શાસ્ત્રીજી મહારાજની અતિ સચોટ અને ભગતજીના અપાર મહિમાની વાતો – 'સત્પુરુષ એ જ કલ્યાણનું દ્વાર છે અને એવા સત્પુરુષ આજે ભગતજી મહારાજ છે' – એ સાંભળી, તેમને ભગતજીનાં દર્શન માટે તીવ્ર ઇચ્છા થઈ. તેથી તેમણે શાસ્ત્રીજી મહારાજને કહ્યું : ''કાગળ લખી ભગતજીને અહીં તેડાવો.''

ત્યારે શાસ્ત્રીજી મહારાજે કહ્યું : ''ભગતજી આચાર્ય મહારાજની આજ્ઞા વિના નહિ આવે.''

એટલે દીવાન સાહેબે શાસ્ત્રીજી મહારાજ સાથે આચાર્ય મહારાજ અને કોઠારી ઉપર કાગળ લખી મોકલ્યો અને ભગતજીને એક માસ વાંસદા મોકલી સમાગમનો લાભ આપવા પ્રાર્થના કરી.

આ પત્ર શાસ્ત્રીજી મહારાજે વરતાલ આવી કોઠારીશ્રીને આપ્યો. આચાર્ય મહારાજ વડોદરા હતા એટલે કોઠારીએ શાસ્ત્રીજી મહારાજને કહ્યું : ''વડોદરા જઈને મહારાજને પૂછીને નિર્ણય કરીશું.''

ભગતજીને તેડાવવાની વિનંતી

પછી કોઠારી વડોદરા ગયા અને ત્યાં દીવાનજીનો પત્ર મહારાજને વંચાવ્યો. મહારાજે તુરત જ ભગતજીને પત્ર લખ્યો. પણ તાપને લીધે ભગતજી આવ્યા નહિ. પછી ચૈત્રી સમૈયામાં ફરી પત્ર વરતાલથી લખ્યો. ત્યારે ભગતજીએ ઉત્તર આપ્યો : ''તમારે ત્યાં મારા આવવાથી લોકોને ફાવતું નથી, એટલે મારે આવવાનો વિચાર થતો નથી; પણ કાગળ દ્વારા જે કામ આપને કરાવવું હશે તે કરીશ.''

ચૈત્રી સમૈયા પછી મહારાજ વસો પધાર્યા, ત્યારે વસોના હરિભક્તો અમીન હાથીભાઈ લાલજી, વાઘજીભાઈ રઘાભાઈ, પુરુષોત્તમ હરિભાઈ, ચતુરભાઈ નાથાભાઈ, ચતુરભાઈ હાથીભાઈ વગેરેએ મહારાજશ્રીને વિનંતી કરી : ''ભગતજીને તેડાવો તો સારું, અમારે સર્વેને સમાગમનું સુખ આવે.''

એટલે મહારાજશ્રીએ પોતે કાગળ લખીને અતિ આગ્રહપૂર્વક લખ્યું. ત્યારે ભગતજીનો ઉત્તર આવ્યો : ''હું દસ દિવસમાં જરૂર આવીશ.''

આ સમાચાર મળતાં ભગતજીના સર્વ સ્નેહીવર્ગમાં અતિ ઉત્સાહ અને આનંદ પ્રવર્તી ગયો.

આ સમૈયામાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીને નડિયાદ ફરવાની ચિઠ્ઠી મળી હતી. એટલે તેઓ પણ નડિયાદમાં ભગતજીની રાહ જોતા રહ્યા. પરંતુ દસ દિવસ થયા અને ભગતજી ન પધાર્યા, એટલે યજ્ઞપુરુષદાસજીને આચાર્ય મહારાજે વડોદરા મોકલ્યા.

પીજના જેઠાભાઈને ભગતજીની વાતો સાંભળતાં આનંદ થાય છે

આચાર્ય મહારાજ વસોથી પલાણા પધાર્યા. આચાર્ય મહારાજનાં દર્શને આજુબાજુના ઘણા હરિભક્તો આવતા હતા. તેમાં પીજથી મૂળજીભાઈ તુલસીદાસ પણ આવ્યા. તેમની સાથે પીજના જેઠાભાઈ[૮૬] પણ પલાણા આવ્યા. જેઠાભાઈને પ્રથમથી મૂળજીભાઈ સાથે ઘણું હેત અને બંને ડભાણ પક્ષના, એટલે મળતું પણ ઘણું આવે. વળી, મૂળજીભાઈને મોતીભાઈ ગોપાળજી જે ભગતજીના અનન્ય શિષ્ય હતા, તેમની વાતોથી ભગતજીને વિષે સ્નેહ થયો હતો. તેથી આચાર્ય મહારાજનાં દર્શને જવાની પણ વૃત્તિ થઈ. જેઠાભાઈ વડોદરામાં કલાભુવનમાં ભણતા હતા. જ્યારે મૂળજીભાઈ પલાણા જવા તૈયાર થયા, ત્યારે તે પણ સાથે ગયા.

બંને જણા પીજથી પલાણા જવા સાથે નીકળ્યા. રસ્તામાં જેઠાભાઈએ તેમને પૂછ્યું : ''મહુવાવાળા પ્રાગજી ભગત, લોકો કહે છે કે ભગવાન થયા છે અને વળી ઢોલિયા ઉપર બેસે છે અને વાતો કરે છે. માટે તેમની જે ખરી હકીકત હોય તે મને કહો.''

આ સાંભળી મૂળજીભાઈએ ભગતજીનું આખ્યાન શરૂ કર્યું, તે પલાણા

૮૬. પાછળથી સ્વામી નિર્ગુણદાસજી.

આવ્યું ત્યાં સુધી આખ્યાન ચાલ્યું અને જેઠાભાઈને બહુ જ આનંદ આવ્યો. પછી મહારાજશ્રીનાં દર્શન કર્યાં. જેઠાભાઈએ તો કોઈ વખત મહારાજનાં દર્શન કરેલાં જ નહિ; કારણ કે ડભાણના પક્ષમાં પહેલેથી જ અને ડભાણના બંને શાસ્ત્રીના પ્રસંગમાં આવેલા. જેથી વરતાલ જવાનો પ્રસંગ થયો ન હતો.

પછી દર્શન કરી બંને જણા પાછા ફર્યા. ફરી રસ્તામાં એની એ જ વાત, તે ઠેઠ ઘેર પહોંચતાં સુધી ભગતજીના મહિમાની વાતો કરી.

ઘેર આવીને રાત્રે જમીને ફરી જેઠાભાઈ મંદિરે ગયા અને ત્યાં મૂળજીભાઈ આવ્યા હતા તેમની સાથે નિયમ-ચેષ્ટા કરી અને પછી ફરી તેમને કહ્યું : ''ભગતજીના મહિમાની વાતો કરો.'' એટલે રાત્રિના બાર સુધી મૂળજીભાઈએ વાતો કરી.

પછી મૂળજીભાઈ કહે : ''હવે બાર થયા અને મારે ખેતરમાં કપાસ કર્યો છે એટલે વાસો રહેવા જવું છે, એટલે હું હવે જઈશ.''

ત્યારે જેઠાભાઈએ કહ્યું : ''હું પણ સાથે આવું. મને આ વાતો વિના ચેન પડતું નથી અને આજે તો તમોએ એવો આનંદ કરાવ્યો છે કે હવે ઘેર પણ ગમતું નથી. માટે જો રાજી હો તો સાથે આવું.''

મૂળજીભાઈને પણ ભગતજીની વાતો સિવાય બીજો આનંદ નહોતો. અને વળી આવા મુમુક્ષુ, એટલે તેમણે કહ્યું : ''ચાલો.''

આ પ્રમાણે સતત ચાર દિવસ સુધી આખી રાત વાતો સાંભળી. પછી તેમની રજા પૂરી થઈ એટલે વડોદરા જવા તૈયાર થયા. ત્યારે મૂળજીભાઈએ કહ્યું : ''વડોદરામાં રેવાશંકરભાઈ તથા ગોવિંદભાઈ માસ્તર ઉમરેઠના છે, તે બંને ભગતજીના હેતવાળા છે. તેમનો સમાગમ કરજો. વળી, ચાણસદના વૈદ્ય વિશ્વનાથભાઈ તથા કાલિદાસ પણ પૂનમ ઉપર વડોદરા આવે છે, તો તેમનો પણ સમાગમ કરજો.''

તેઓ વડોદરા ગયા અને રેવાશંકરભાઈ તથા માસ્તર ગોવિંદભાઈની ઓળખાણ થઈ. દરરોજ ગોવિંદભાઈ પાસે જાય અને વચનામૃત વાંચે. ગોવિંદભાઈ વચનામૃત ઉપર નિરૂપણ કરે. જેથી સત્પુરુષના મહિમાની વાત સમજ્યામાં આવી. જેમ જેમ સમાગમ થતો ગયો, તેમ તેમ શ્રીજીમહારાજનો સર્વોપરી નિશ્ચય પણ થતો ગયો અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી તથા સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીનો મહિમા પણ સમજાયો. પ્રથમ સત્સંગી હતા

ત્યારે સાધારણ જ્ઞાન હતું, પણ આવા સર્વોપરી ભાવનો મહારાજ તથા સ્વામીનો નિશ્ચય નહોતો. તે નિશ્ચય આ સમાગમથી થઈ ગયો અને ભગતજી મહારાજ પરમ એકાંતિક સત્પુરુષ છે એવી દઢતા પણ થઈ ગઈ. ભગતજીનાં દર્શન કર્યાં પહેલાં જ તેમનો તથા તેમના શિષ્યોનો અતિશય મહિમા તેમને સમજાયો. આથી સત્સંગનો બહુ જ વેગ લાગ્યો અને આઠ દિવસે એક વખત મંદિરે દર્શને જતા, તે હવે રોજ જવા લાગ્યા. આવો અદ્‌ભુત રંગ લાગી ગયો.

પીજના મંદિરમાં જેઠાભાઈને ભગતજીનાં દર્શન

એક દિવસ તેમને વિચાર થયો કે હવે પીજ જવાનું થશે ત્યારે મંદિરમાં ડભાણના સાધુનો પક્ષ મૂકીને વરતાલના સાધુ તરફ બેસવું પડશે. એટલી આંટી જરૂર નડશે. એમ મૂંઝવણ થવા લાગી. પરંતુ જે પ્રત્યક્ષ ભગવત્‌સ્વરૂપ સંતમાં જોડાયા છે, તેની રક્ષા તો મહારાજ પોતે જ કરે છે. આથી, જ્યારે પીજ જવાનું થયું અને મંદિરમાં દર્શન કરવા ગયા ત્યારે વરતાલ પક્ષના સાધુ જ્યાં બેઠા હતા ત્યાં તેમને સાક્ષાત્ ભગતજી મહારાજનાં શ્વેત વસ્ત્ર, ખેસ તથા માથે કાઠિયાવાડી ફેંટો બાંધેલો – એવાં અલૌકિક દર્શન થયાં. તેથી સીધા ભગતજીના આસને વરતાલના સાધુ તરફ જઈ તેમણે દંડવત કર્યા. ડભાણના સાધુ જગત્પાવનદાસજીનું મંડળ સામે બેઠેલું. તેમણે આ જોઈ કહ્યું : ''એલા, અંતે આ જ કર્યું ને ?''

ત્યારે જેઠાભાઈએ કહ્યું કે ''હા કર્યું, કર્યું.'' એમ બે વખત કહી વરતાલના સાધુ તરફ બેઠા. પછી જોયું તો ભગતજી દેખાયા નહિ. તેથી તેમને આશ્ચર્ય થયું. પરંતુ પછી સમજાયું કે આ તો મહોબત મુકાવવા જ ભગતજીએ દર્શન આપી આમ કરાવ્યું. અંતરમાં અતિશય આનંદ થયો. ત્યારથી જ્યાં સુધી પીજમાં રહ્યા ત્યાં સુધી વરતાલના સાધુ ભેગા બેસીને જ કથાવાર્તા કરવા લાગ્યા.

ભગતજી નડિયાદમાં

સંવત ૧૯૫૦માં વૈશાખ વદિ ૯મીની રાત્રે ભગતજી મેલમાં નડિયાદ પધાર્યા અને ઝવેરીલાલભાઈને ત્યાં ઉતારો કર્યો. રાત્રે ભગતજી પધાર્યા જાણી

આજુબાજુના ઘણા હરિભક્તો ઝવેરીલાલભાઈને ત્યાં આવવા લાગ્યા. ભગતજી માટે નવો ખાટલો, નવી પાટી ભરીને તૈયાર રાખ્યો હતો અને તે ઉપર નવું જ ગાદલું, શ્વેત ઓછાડે સહિત પાથરી તૈયાર રાખ્યું હતું. તે ઉપર ભગતજી બિરાજમાન થયા.

રાત્રે ફક્ત દૂધ-પૌંઆ ઠાકોરજીને ધરાવીને જમ્યા અને કથા કરી. બીજે દિવસે એકાદશી હોવાથી સાબુદાણાની ખીચડી જમ્યા. બારસે ઝવેરીલાલભાઈએ પાકી રસોઈ બનાવી પારણાં કરાવ્યાં, પછી પૂજન કરી રૂપિયા ૨૫/-નું શેલું ઓઢાડ્યું. ભગતજીની ઇચ્છા મુજબ ઝવેરીલાલભાઈએ વરતાલ કોઠારીશ્રીને ખબર આપ્યા કે ''ભગતજી નડિયાદ પધાર્યા છે.''

ઝવેરીલાલભાઈએ ગામોગામ કાગળો લખી ભગતજી પધાર્યા છે તે સમાચાર હરિભક્તોને આપ્યા. કોઠારીએ વરતાલથી મહારાજને વડોદરા સમાચાર લખ્યા અને શાસ્ત્રીજી મહારાજને પણ સમાચાર આપ્યા : ''ભગતજી નડિયાદ પધાર્યા છે, પણ ત્યાગીએ દર્શન કરવા ન જવું. અમો ભગતજીને વડોદરા મોકલીશું.''

વડોદરા ઝવેરીલાલનો કાગળ આવતાં શિવશંકરભાઈ, ગોવિંદભાઈ માસ્તર, વકીલ છોટાભાઈ; ડભોઈથી ઉલ્લાસરામભાઈ માસ્તર; કારવણના મણિશંકર પાઠક; ચાણસદથી વૈદ્યરાજ વિશ્વનાથભાઈ, જોઈતારામ, કાલિદાસ, દરૂભાઈ, મનસુખરામ વૈદ્ય; વસોથી ચતુરભાઈ નાથાભાઈ, ગિરધરભાઈ બારોટ; પીજથી મૂળજીભાઈ, મોતીભાઈ, ઉમેદભાઈ; ઠાસરાથી દેસાઈ મગનલાલ માધવલાલ, દેસાઈ માધવલાલ, માણેકલાલ, મોતીલાલ, નારણલાલ, બાલુભાઈ શેઠ, હરિકૃષ્ણભાઈ હીરાલાલ, ત્રિકમલાલ તથા બીજા માણેકલાલ, બીજા માધવલાલ, જીવણલાલ, કેશવલાલ; નારથી ઝવેરભાઈ, દોલાભાઈ; મહેળાવના મથુરભાઈ ધોરીભાઈ, લાલદાસ, નાથાભાઈ, પુરુષોત્તમ; મહુધાના મણિલાલ તથા મગનલાલ; અમદાવાદથી ચુનીલાલ અનોપરામ; મહેમદાવાદથી કેશવલાલ; વીણાથી ભાઈશંકર, બંને ડાહ્યાભાઈ મહેતા, દાજીભાઈ, નાથાભાઈ; આણંદથી મગનભાઈ સુથાર તથા નાપાડના હરિભક્તો; ત્રાજથી દામોદર વૈદ્ય, બાબરભાઈ, ભગુભાઈ; માતરથી મૂળજીભાઈ, છોટાલાલ જેસીંગભાઈ અને એ સિવાય બીજાં ઘણાં ગામના હરિભક્તોનો સંઘ ભગતજીનાં દર્શન માટે નડિયાદ ઊમટ્યો. આ બધા

હરિભક્તો ઝવેરીલાલભાઈને ત્યાં ઊતર્યા. આ રીતે નડિયાદમાં અપૂર્વ ઉત્સવનાં પગરણ શરૂ થયાં.

સવારે ભગતજી વહેલા ઊઠીને સર્વેને વાતો કરે. પછી સર્વને નાહવા મોકલે. પોતે ઘેર નહાય. પછી સર્વે પૂજા કરી મંદિરમાં જાય. ત્યાં શાસ્ત્રી જગત્પાવનદાસનું મંડળ હતું. તેમની પાસે બેસે અને સર્વે સંઘ તથા નડિયાદના સ્થાનિક હરિભક્તોની સભા ભરાય અને ભગતજી વચનામૃત વંચાવી વાતો કરે. અગિયાર વાગ્યા સુધી કથા થાય.

પછી ઉતારે પધારે. ઉતારે મહુધાના મણિલાલ ભગતજી માટે તથા સર્વ સંઘ માટે રસોઈ તૈયાર કરે અને ઠાકોરજીને નૈવેદ્ય કરી સૌને જમાડે. પછી થોડો આરામ કરી કથા થાય.

સાંજના ચાર વાગે ફરી મંદિરમાં જાય અને ત્યાં વચનામૃત વંચાવી આરતી સુધી વાતો કરે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનું અદ્‌ભુત નિરૂપણ કરી, સૌના સંકલ્પના ઉત્તર કરતા જાય અને સૌને અલૌકિક સુખ આપે. આ પ્રમાણે રાત્રે નિયમ-ચેષ્ટા સુધી વાતો કરે અને પછી નિયમ કરી સર્વે સંઘ સાથે પાછા ઉતારે પધારે.

બ્રહ્મરૂપ થવા માટે બ્રહ્મચર્ય પાળવું જોઈએ

એક દિવસ રાત્રે ઘેર આવીને સૌને પાસે બેસાડીને કહ્યું : ''આપણે સર્વેએ બ્રહ્મરૂપ તો થવું જ છે, માટે બ્રહ્મચર્ય જરૂર પાળવું. આ ઝવેરીલાલ તથા વિશ્વનાથ વૈદ્ય, વસોના પુરુષોત્તમ તથા હું એમ ચાર જણા અનાશ્રમી છીએ. માટે ખબરદાર થઈને બ્રહ્મચર્ય પાળવામાં તત્પર થવું અને રાત્રે જમવું નહિ. કદાપિ ભૂખ લાગે તો થોડી ભૂખ રાખીને જમવું, પણ પેટ ભરીને તો જમવું જ નહિ. વળી, લાડવા ખાવા અને બ્રહ્મચર્ય પાળવું, એ તો મોટી માળા ફેરવજો ! એવી તો આશા કોઈએ રાખવી જ નહિ. માટે ખાધાનો સંકોચ હશે તો જ બ્રહ્મચર્ય પળાશે.'' એમ ઘણી વાતો કરી સૂઈ ગયા.

ભગતજી સારુ ભેટ-સામગ્રી

ભગતજી સવારે વહેલા ત્રણ વાગ્યે ઊઠે અને વાતો કરે. પછી સૌ નાહવા જાય. વડોદરાથી ગોવિંદભાઈ આવ્યા હતા. તેમને જોઈને કહ્યું :

''આ માસ્તર મહુવા આવ્યા હતા, પણ મારી આજ્ઞાથી પાછા વળી ગયા. તેથી હું તેમના ઉપર બહુ જ રાજી છું. હું તેમને અહીં મારી પાસે રાખવાનો છું.'' એમ કહી તેમના ઉપર અમૃતદૃષ્ટિએ જોયું.

શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીએ વડોદરાથી વિશ્વનાથ વૈદ્ય સાથે મુંબઈની હાફૂસ કેરીઓ ભગતજી સારુ મોકલી હતી, તે ભગતજીને આપી. તેથી ભગતજી બહુ જ રાજી થયા અને તેમના સર્વે સમાચાર પૂછ્યા અને કહ્યું : ''જો તે મળતું રાખે છે તો કેવું સારું દેખાય છે અને તેને લીધે વડોદરામાં સૌને આનંદ છે.''

નારના ઝવેરભાઈ પણ કેરીઓ લાવ્યા હતા. વડોદરાથી શિવશંકરભાઈ કેળાં લાવ્યા હતા. તે પોતે જમ્યા. પછી એક મોટો સરસ હાર વડોદરાથી લાવ્યા હતા તે ભગતજીને પહેરાવ્યો. તેમના ઉપર ભગતજી અતિશય રાજી થયા અને પૂછ્યું : ''યજ્ઞપુરુષદાસ ખુશીમાં છે ને ?''

ત્યારે શિવશંકરભાઈએ કહ્યું : ''હા, અને આપને 'જય સ્વામિનારાયણ' કહેવરાવ્યા છે.''

વસોના પુરુષોત્તમદાસ તથા ચતુરભાઈ, ઠાસરાના મગનલાલ દેવશંકર વગેરે દળના લાડુ લાવ્યા હતા, તે ભગતજીને ધરાવ્યા. વળી, મગનલાલ માધવલાલે ભગતજીને ફેંટો બંધાવવાનો આગ્રહ કર્યો, પણ તે તેમણે ન લીધો. ઠાસરાના મોતીલાલની આંખો મોટી, એટલે ભગતજીએ તેમને જોઈને કહ્યું : ''આ મોટા ડોળા ફાડીને જોયા કરે છે !'' એમ રમૂજ કરી અને કહ્યું : ''આને અહીંથી કાઢો. મને બીક લાગે છે !'' તેથી તે જાય અને ક્ષણમાત્ર પછી પાછા આવે. એમ અપાર બ્રહ્માનંદ કરાવે. ભગતજીની અલમસ્ત મૂર્તિમાં સૌ એકાગ્રપણે જોડાઈ ગયા હતા અને નાડી-પ્રાણ સંકેલાઈ જાણે ભગતજી સિવાય કંઈ રહ્યું જ ન હોય એવું સર્વને લાગતું હતું. ભગતજી પણ સર્વને દિવ્ય અનુભવ કરાવી, મહારાજની મૂર્તિનું અપાર સુખ આપતા.

એક વખત વસોના પુરુષોત્તમદાસે પોતાને ફરી લગ્ન કરવાની ઈચ્છા હતી તેથી ભગતજીને પૂછ્યું : ''મહારાજ ! મારે ફરી લગ્ન કરવાં કે નહિ ?''

ત્યારે ભગતજીએ કહ્યું : ''એક વખત ચાર ફેરા ફર્યા અને ઘરનું મનુષ્ય ધામમાં ગયું, પછી બીજી વખતનો સંકલ્પ કરવો જ નહિ. હવે તો બ્રહ્મચર્ય પાળીને સીધા ધામમાં પૂગવાનો જ વિચાર રાખવો.''

રાત્રે વસોના હરિભક્તો પોતાને ઉતારે, દત્તરામ દેવીરામ બારોટને ઘેર આવ્યા. ત્યાં તેઓ પરસ્પર વાતો કરતા હતા. ત્યારે માધવલાલે કહ્યું : ''ભગતજી તો પુરુષોત્તમને બ્રહ્મચર્ય પાળવાનું કહે છે અને એ તો મોટા થોભિયા રાખે છે. તે શું બ્રહ્મચર્ય પાળવાનો હતો ?'' એમ વાતો કરતાં સર્વે સૂઈ ગયા.

બીજે દિવસે નાહી, પૂજા કરી, ભગતજીનાં દર્શને તેઓ સૌ આવ્યા. ત્યારે ભગતજીએ તેમને જોઈને કહ્યું : ''પુરુષોત્તમદાસ ! તમે મોટા મોટા મૂછોના થોભિયા રાખો છો, તે શું બ્રહ્મચર્ય પાળવાના હતા !''

તેથી તુરત જ પુરુષોત્તમદાસે વાળંદને બોલાવી થોભિયા પડાવી નાખ્યા.

આ વાત સાંભળી વસોના હરિભક્તોને ઘણું જ આશ્ચર્ય થયું કે ''આપણને નિશ્ચય કરાવવા અને ભગતજીની વાતમાં કંઈ સંશય પડ્યો તે ટાળવા ભગતજીએ આપણા અંતરની વાત કરી.''

આ પ્રસંગથી ભગતજી પ્રત્યે વિશેષ નિષ્ઠા તેમને થઈ. પછી ભગતજીએ ઠાસરાવાળાને ઘેર જવાની આજ્ઞા કરી. એટલે તે બધાને આશ્ચર્ય થયું કે ''આમ એકાએક ભગતજીએ કેમ કહ્યું હશે ?''

ભગતજી તો ભગવાન થયા છે

વરતાલમાં ખબર પડી કે નડિયાદમાં તો આખો ચરોતર ભેગો થયો છે અને ભગતજીને ભગવાનની પેઠે માને છે, ચંદન ચર્ચે છે, પૂજે છે. આ સમાચારથી કોઠારીએ નરસિંહ મહેતાજી સાથે કાગળ લખી નડિયાદ મોકલ્યો કે ''મહારાજ હાલમાં સંધાણે છે. તે આવશે ત્યારે તમને ગાડી મોકલીશું એટલે વરતાલ પધારજો અને ઠાસરાના હરિભક્તોને ઘેર મોકલી દેજો.''

આ કાગળ વાંચ્યો એટલે ભગતજીએ ઠાસરાના હરિભક્તો જે હજુ સુધી ઘેર ગયા ન હતા તેમને કહ્યું : ''મેં તો તમને પ્રથમથી જ કહ્યું હતું કે ઘેર જાઓ. પણ ન માન્યું. હવે કોઠારીની આજ્ઞા છે માટે તમે બધા ઘેર જાઓ.'' પછી તો તે બધા ઉદાસ થતા ઘેર ગયા.

સત્પુરુષમાં જોડાશે તેને કાંઈ બાકી રહેશે નહિ

એક દિવસ સવારમાં ભગતજી પૂજા કરતા હતા અને આજુબાજુ

દેશદેશના હરિભક્તો બેઠા હતા. ભગતજી માળા ફેરવી રહ્યા અને પૂજા વિસર્જન કરી સંકેલતા હતા, ત્યારે ગોવિંદભાઈ ડુંગરભાઈએ પ્રશ્ન પૂછ્યો : ''ભગતજી મહારાજ ! મચ્છર હોય તે ગરુડની પાંખમાં બેસી જાય તો ગરુડની ગતિ કરે કે ન કરે ?''

ત્યારે ભગતજી હસીને બોલ્યા : ''મચ્છર થાય તો ગતિ કરે. પણ જ્ઞાન-વૈરાગ્યરૂપી પાંખો આવે તો ખેચર થવાય અને ત્યારે મચ્છર કહેવાય. અને મચ્છર થાય તો પાંખમાં શું, મારે માથે બેસારીને અક્ષરધામમાં લઈ જઉં !''

એમ કહીને વળી પોતે વાત કરી : ''કેટલાકને એમ થાય છે કે સત્પુરુષમાં જોડાઈએ તો બાધ તો નહિ આવે ને ? એમ કુતર્ક કરીને ચાળા ચૂંથ્યા કરે છે. પણ સત્પુરુષમાં જોડાશે તેને શું બાકી રહેવાનું છે ? સત્પુરુષ તો તેને મહારાજમાં જ જોડશે.'' એમ સત્પુરુષમાં જોડાવાની ઘણી વાતો કરી.

પછી નાપાડના એક હરિભક્તે યોગસાધના કરી હતી. તેણે ભગતજીને કહ્યું : ''હું એક પાંખડી ઉપર ચડ્યો છું અને હવે બીજી પાંખડી બતાવો. કાં જે, ગાંધીને ત્યાં તો બધુંયે હોય, એટલે જે જે જોઈતું હોય તે તરત કાઢી આપે. માટે મને યોગનો માર્ગ બતાવો.''

ત્યારે ભગતજીએ તેના સામું જોઈ કહ્યું : ''ધર્મ પાળીને ભજન કરતાં શીખો. ઐશ્વર્યમાં કંઈ માલ નથી. નહિ તો પુરુષોત્તમની પેઠે ચાળા ચૂંથવા મંડી પડશો.'' એમ ઘણો જ ઠપકો દીધો અને ''સત્પુરુષમાં જોડાઈ ભજન-ભક્તિ કરશે, તેને જ છતે દેહે અક્ષરધામનું સુખ આવશે અને સાક્ષાત્ મહારાજનાં દર્શન થશે.'' એમ ઘણી વાતો કરી તેનો ડોડ ઉતારી દીધો.

ભાદરણનો પુરુષોત્તમ પણ ભગતજી પાસે ઘણાને મોકલે; પણ ભગતજીને તેને વિષેથી હેત ઊતરી ગયું હતું, એટલે પુરુષોત્તમનું નામ લઈને જે આવે તેને વઢીને કાઢી મૂકે.

આ રીતે નિત્યે ઝવેરીલાલભાઈને ત્યાં આનંદ થાય. પછી પોતે કહે : ''આ ઝવેરીલાલભાઈનાં મોટાં ભાગ્ય છે, એમને ત્યાં દેશાંતરના હરિભક્તો આવે છે અને અખંડ કથાવાર્તા થયા કરે છે અને અખંડ શ્રીજીમહારાજ આ સભામાં વિરાજમાન છે. આ ઝવેરીલાલનું ઘર તો અક્ષરધામ જેવું છે.'' એમ વારંવાર કહે. ઝવેરીલાલભાઈને પણ ભગતજીને વિષે અત્યંત પ્રેમ તેથી પોતે જાતે રસોઈ કરે અને ભગતજીને નિત્યે જમાડે. બીજા હરિભક્તો સારુ

મહુવાના મગનલાલ, ત્રાજના દામોદર તથા કારવણના મણિલાલ રસોઈ કરે અને સર્વને જમાડે. તેમાં મુખ્ય મગનલાલ તો નિત્યે રસોઈની સેવામાં હોય જ. તેમના ઉપર ભગતજીનો બહુ જ રાજીપો થયો.

એ પ્રમાણે બ્રહ્મયજ્ઞની વર્ષાની અખંડ હેલી બેઠી. તે સૌને એમ થયું કે આપણે તણાયા જ. આખું ગુજરાત નડિયાદ તરફ ઊમટ્યું હતું. વરતાલથી શાસ્ત્રી ધર્મતનયદાસજી તથા પાર્ષદ જીભાઈ ભગત પણ નડિયાદ આવ્યા. તેમને ભગતજીએ ફક્ત પાણી પાઈને તુરત જ વિદાય કર્યા અને કહ્યું : ''આ તો તમે મારું ખોટું દેખાડો છો. ત્યાગીને તો કોઠારીની આજ્ઞા વિના અહીં આવવું જ નહિ.'' એમ કહી રજા આપી.

પછી ભગતજી મંડળ સાથે મંદિર પધાર્યા. ત્યાં શાસ્ત્રી જગત્પાવન-દાસજી પાસે સત્સંગિજીવનના યોગોપદેશના અધ્યાયમાં અષ્ટાંગયોગનો અધ્યાય વંચાવ્યો અને પછી પોતે તેના ઉપર વાતો કરી. કેટલાંક આસનો તો પોતે કરીને ધ્યાનની રીત સર્વને શિખવાડતા. આ રીતે અષ્ટાંગ યોગની કળા પણ સ્વામીની કૃપાથી સિદ્ધ કરી છે તે સૌને બતાવ્યું.

પ્રગટ જેવી કોઈ વાત નથી

એક દિવસ મંદિરમાં પોતે ધ્યાનમાં બેઠા હતા. તે વખતે ઠાસરાના હરિભક્ત પાછળ બેઠા હતા. તે ઊંઘતા હતા. તેને પોતે ધ્યાનમાંથી જાગ્રત થઈ ઉઠાડ્યા અને પછી કહ્યું : ''તમને એમ હશે કે પછવાડે નહિ દેખતા હોય ! પણ હું તો રૂંવાડે રૂંવાડે દેખું છું. માટે આવું મંદિર જેવું સ્થાન, જ્યાં ભગવાન અને ભગવાનના સંત સાક્ષાત્ બિરાજતા હોય, ત્યાં આવીને આપણે ઊંઘીએ તો આપણે ભગવાનની ઉપેક્ષા કરી કહેવાય.''

એમ વાતો કરીને પછી ગ.અં. ૨જું વચનામૃત વંચાવ્યું અને તે ઉપર વાત કરી : ''જેવી પરોક્ષ દેવને વિષે પ્રતીતિ છે, તેવી જ પ્રત્યક્ષને વિષે પ્રતીતિ આવ્યા વિના કોઈ કામ સિદ્ધ થવાનું નથી. અને પૂર્વે જે જે મોક્ષને પામ્યા છે તે પણ પ્રત્યક્ષના આશરા થકી જ પામ્યા છે. જેને પ્રત્યક્ષ ભગવાન અને સંત મળે તેનાં તો ઇન્દ્રિયો-અંતઃકરણ દિવ્ય થાય અને ભગવાનમાં જોડી દે. અંતરમાંથી અજ્ઞાન ટાળી નાખે અને બ્રહ્મરૂપ કરી મૂકે.''

એમ ઘણી વાતો કરી બોલ્યા :

'यस्य देवे पराभक्ति र्यथा देवे तथा गुरौ ।
तस्यैते कथिता ह्यर्था: प्रकाशन्ते महात्मन: ॥'[૮૭]

અને પછી કહ્યું : ''પ્રગટ જેવી તો કોઈ વાત નથી. પ્રગટ સૂર્ય થકી જ અજવાળું થાય છે.''

પછી રણછોડભાઈ બોલ્યા : ''આજના જે છે તે એમ કહે છે કે 'ગુરુ કરી આપશે, આપણે કંઈ કરવાનું નથી' અને તેમનું જ્ઞાન સારું પડે છે તે કેમ સમજવું ?'' એમ કટાક્ષમાં પૂછ્યું.

ત્યારે ભગતજીએ કહ્યું : ''કરવું તો પોતાને પડે છે, પણ આશરાની વાત નોખી છે. ગુરુ મળે ત્યારે પૃથ્વીને બદલે ગાયની પ્રદક્ષિણા કરાવે અને પોતાની મેળે તો વાર લાગે.'' એમ ગણપતિનું દૃષ્ટાંત આપી સમજાવ્યું.

આ પ્રમાણે દરરોજ રાત્રે ઝવેરીલાલના ઘેર આવી ઘર સામે કૂઈ છે, ત્યાં પાણી છંટાવી, ઢોલિયો ઢળાવી પોતે બેસે અને હરિભક્તો ચારે બાજુ બેસી કીર્તનો ગાય અને ભગતજી વાતો કરી સર્વને રાજી કરે.

કર, કર અને કરનો મર્મ

બીજે દિવસે રણછોડભાઈ સવારે આવ્યા અને ભગતજીને દંડવત્ કરી ગદ્ગદ કંઠે સ્તુતિ કરવા લાગ્યા અને કહ્યું : ''ભગતજી મહારાજ ! મને ક્ષમા કરો. ગઈકાલે સભામાં મેં આપના વેણ ઉપર વેણ લાવી પ્રશ્નો પૂછ્યા, પણ તમે તો મોટા એકાંતિક બ્રહ્મવેત્તા છો અને હું તો અલ્પ જેવો જીવ છું.'' એમ કહી પોતાને સ્વપ્નું આવ્યું હતું તે વાત કહેવા લાગ્યા.

ત્યારે ભગતજીએ કહ્યું : ''તમને સ્વપ્નમાં શ્રીજીમહારાજે દર્શન આપ્યાં હતાં અને બ્રહ્મચારી જેવો વેષ હતો.''

ત્યારે તેમણે કહ્યું : ''બરાબર, તમે કહ્યું તેમજ હતું. તમે તો મારું ત્રણ વર્ષનું ધારેલું સ્વપ્નું કહી દીધું. તમારા જેવા પુરુષ તો મેં હજુ સુધી દીઠા જ નથી.'' એમ કહીને ફરી કહ્યું : ''મને શ્રીજીમહારાજે ત્રણ વખત કહ્યું કે 'કર, કર ને કર.' તે હું શું કરું તે આપ સમજાવો. મહારાજે તો પછી કંઈ કહ્યું નહિ, માટે તમે કહો તેમ કરું.''

---

૮૭. **અર્થ :** જેવી એ જીવને પરોક્ષ દેવને વિષે પ્રતીતિ છે, તેવી જ જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે, તો શાસ્ત્રમાં કહ્યા એટલા સર્વ અર્થ તેને પ્રાપ્ત થાય છે.

ત્યારે ભગતજીએ તેમના સામું જોઈ કહ્યું : ''પહેલાં જે કરવાનું કહ્યું તે ભગવાન અને સાધુ અંતરમાં રાખવા એ કરવું, બીજું કરવાનું કહ્યું તે એમ કે જો સંકલ્પને જોગે કરીને અંતરમાં મૂર્તિ ભુલાય તો સંકલ્પને તોડીને વૃત્તિ સાંધી દેવી તે કરવાનું કહ્યું અને ત્રીજું જે કરવાનું કહ્યું તે તેમના પ્રત્યક્ષ સંતનો મન, કર્મ, વચને સંગ કરવાનું કહ્યું; એમ સમજાવ્યું.''

આથી, તે બહુ જ રાજી થયા અને ઘેર ગયા અને ભગતજી તથા મંડળ સૌ મંદિરે ગયા. મંડળના દરેક હરિભક્તને ભગતજીનો આવો પ્રતાપ જોઈ તેમને વિષે અપાર ને અપાર હેત દૃઢ થતું ગયું.

ભગતજી મંદિરેથી પાછા આવતાં કાલિદાસ મિસ્ત્રીને ઘેર તેમના અતિ ભાવથી પધાર્યા અને ત્યાં થોડી વાર બેસી વાતો કરી. પછી ભગતજી ઝવેરીલાલને ઘેર પધાર્યા. ત્યાં પંડ્યા ઉલ્લાસરામભાઈ આવ્યા હતા. તેમને જોઈ ભગતજી કહે : ''અહો ! તમે ક્યાંથી ?''

ત્યારે તે હાથ જોડીને કહે : ''ડભોઈથી આવ્યો છું.''

એટલે ભગતજી બહુ જ રાજી થયા અને કહ્યું : ''આવ્યા તે બહુ સારું કર્યું. તમે એકલા રહી જતા હતા.'' એમ કહીને પછી પૂછ્યું : ''આ પ્રાગજી ભગતને વિષે તમને કોના થકી સ્નેહ થયો ?''

એ સાંભળી વસોના ચતુરભાઈ બોલ્યા : ''આ મણિશંકર તથા ઉલ્લાસરામ બંનેને શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના પ્રસંગથી તમારી ઓળખાણ થઈ છે. વળી, મણિશંકર આવ્યા અને આપ કાઢી મૂકતા હતા, પણ એ તો નવા છે અને એના ગામમાં બ્રાહ્મણ એ એક જ સત્સંગી છે અને આપની નવી ઓળખાણ છે; તે રહેવા દ્યો તો સારું.''

પછી તો ભગતજીએ તેમને રહેવાની આજ્ઞા કરી. મગનલાલ સાથે તેઓ ફરવા મંડી પડ્યા. તેથી ભગતજી ઘણા રાજી થયા. આ પ્રમાણે, નડિયાદમાં ઝવેરીલાલભાઈને ત્યાં રહીને દત્તરામ બારોટ, ગોકળ બારોટ તથા બીજા બારોટ હરિભક્તો તેમજ બીજા પણ કેટલાક હેતવાળા હરિભક્તોને ઘેર અવારનવાર પધારી, કથાવાર્તાનું ઘણું જ સુખ સૌને આપ્યું.

વાંસદાના દીવાનજીનું આમંત્રણ

એવામાં વાંસદાથી દીવાન ઝવેરભાઈ નાથાભાઈનો પત્ર કોઠારી ઉપર

વરતાલ ગયો અને તેમાં લખ્યું હતું : ''અમારે ત્યાં મહુવાવાળા પ્રાગજી ભગતને કૃપા કરીને મોકલશો અને એમની સાથે શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીને પણ મોકલશો; કેમ કે, અમારે ભગતજીનો સમાગમ કરવાની ઘણી તાણ છે.''

પછી તે કાગળ વાંચીને કોઠારીએ બીજો કાગળ ભગતજી ઉપર લખીને નરસિંહભાઈ મહેતાજીને નડિયાદ મોકલ્યા. તે બંને કાગળો તેણે ભગતજીને આપ્યા. કોઠારીએ કાગળમાં લખ્યું હતું : ''તમારે પાંચ-સાત માણસો લઈને વાંસદા જવું અને દીવાનજીને વાતો કરી ભગવાનનું સુખ આપવું. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીને ત્યાં શિયાળામાં મોકલીશું.''

તે વાંચી ભગતજી કહે : ''બિચારે ત્યાં જઈને વાતો કરી દીવાનજીને સત્સંગ કરાવ્યો, ત્યારે તેને કહે કે 'નહિ મોકલીએ.' જુઓને ન્યાય ! પણ એના શું ભગવાન નથી ? ગમે તે રસ્તે સુખ આપશે.'' પછી વળી કહે : ''વરતાલ જઈ દર્શન કરી, પછી જઈશું.''

તે વાત નરસિંહ મહેતાજીએ વરતાલ જઈ કોઠારીને કહી. એટલે કોઠારીએ મહારાજની સાથે મળીને ફરી કાગળ લખ્યો : ''પ્રથમ દીવાનજીને ત્યાં જઈ આવો અને વળતાં જરૂર વરતાલ બોલાવીશું.'' ભગતજીએ આ પત્રથી વરતાલ જવાનું માંડી વાળ્યું.

શાસ્ત્રીજી મહારાજને વડોદરા ખબર પડી કે ભગતજી વડોદરા નહિ પધારે, એટલે તેમણે નડિયાદ ભગતજીને પત્ર લખ્યો : ''હું તો તમારે વિશ્વાસે અહીં બેસી રહ્યો છું અને મને તો વાંસદા આવવાની ના આવી છે. માટે આપ વડોદરા પધારશો નહિ, તો હું નડિયાદ આવીશ.''

ભગતજીએ તે કાગળ અર્ધો વાંચીને ફાડી નાખ્યો અને બોલ્યા : ''આવા કાગળો લખે છે. પણ મહારાજની મરજી છે તે આવા કાળમાં ભણવાનું મળ્યું છે. માટે એને લખો કે કેડ બાંધીને ભણે.'' એમ કહીને કહ્યું : ''અહો ! સાધુ બહુ જ ડાહ્યા છે અને જ્યાં જાય છે ત્યાં સમાસ કરે છે.''

ત્યારે ઝવેરીલાલ કહે : ''કોંકણમાંથી રૂપિયા સો ધર્માદામાં વધારે લાવ્યા.''

ત્યારે ભગતજી હસ્યા અને કહ્યું : ''તેમાં જ દર્શન નથી કરવા દેતા !''

પછી ભગતજી સાથે વાંસદા જવા સારુ નારના ઝવેરભાઈ, ચાણસદના વિશ્વનાથ વૈદ્ય તથા કાલિદાસ, વડોદરાના ગોવિંદભાઈ માસ્તર વગેરે તૈયાર

થયા. મણિશંકરે ઘણું કહ્યું પણ ના પાડી. પછી ભગતજી કહે : ''આવતીકાલે જેઠ સુદિ ૧૦, મહારાજની તિથિ છે. માટે અહીં ઝવેરીલાલને ઘેર જમીને રાત્રે નવની ગાડીમાં જઈશું.''

વાંસદાને રસ્તે

બીજે દિવસે રસોઈ કરી સાથેના સર્વ હરિભક્તોને જમાડ્યા. પછી ઉલ્લાસરામભાઈને વડોદરા વહેલા મોકલ્યા અને કહ્યું : ''જાઓ, ગોવિંદભાઈનો ચાર્જ લ્યો અને રાત્રે ગાડીએ વહેલા આવજો અને યજ્ઞપુરુષદાસજી તથા સંતોને કહેજો કે ગાડી ઉપર કોઈ ન આવે.'' એ પ્રમાણે કહી તેમને વિદાય કર્યા.

રાત્રે નવની ગાડીનો સમય થયો, એટલે પોતે પણ તૈયાર થયા અને સર્વે હરિભક્તો સ્ટેશને વળાવવા આવ્યા. ગાડી આવી એટલે ભગતજીને ગાડીમાં બેસાર્યા. ભગતજીએ બધાને શાંતિ આપી અને વાત કરી કે ધીરજ રાખી જે સુખ લીધું હોય તે સંભારવું, જેથી અખંડ સમીપપણું જ અનુભવાય. એમ ઉપદેશ આપી સર્વેને વિદાય કર્યા. સર્વે હરિભક્તો ભગતજીના વિરહથી અતિ ઉદાસ થકા પોતપોતાને ઘેર ગયા.

ગાડી ઊપડ્યા બાદ ભગતજીએ મહી નદી આવી એટલે ઝવેરીલાલને પૂછ્યું : ''યજ્ઞપુરુષદાસ સ્ટેશને આવશે કે નહિ આવે ?''

એટલામાં વડોદરા સ્ટેશન આવ્યું. સ્ટેશને શિવશંકરભાઈ, તેમના ભાણેજ મણિલાલ અને ઘરના તમામ તથા ભાઈશંકર, છોટાલાલ, ઉલ્લાસરામ માસ્તર વગેરે આવ્યા હતા અને ભગતજીનાં દર્શન કરી તૃપ્ત થયા. યજ્ઞપુરુષ-દાસજીને આજ્ઞા ન હતી એટલે ન આવ્યા. સ્ટેશને જેટલા આવ્યા હતા તેમને અલૌકિક દર્શન આપી બહુ સુખ આપ્યું.

વડોદરાથી ગાડી ઊપડી અને બીલીમોરા સ્ટેશન આવ્યું. અહીં વાંસદાના રાજાનો બંગલો છે. ત્યાં ભગતજી તથા સાથે આવેલ સૌ હરિભક્તો ઊતર્યા. વાંસદાના દીવાન સાહેબના હુકમથી ત્યાંના કારકુને ઘણું જ સન્માન કર્યું. અહીંથી ભગતજીએ સ્વામી વિજ્ઞાનદાસજીને ધૂળિયા કાગળ લખાવ્યો કે ''આ કાગળ મળ્યેથી તુરત જ વાંસદા આવો.''

જેવો આ પત્ર અહીંથી લખાયો તે જ પ્રમાણે વરતાલથી કોઠારીએ પણ આચાર્ય મહારાજની સંમતિ લઈને, તે જ દિવસે, ધૂળિયા સ્વામી

વિજ્ઞાનદાસજીને પત્ર લખ્યો કે ''તમારે વાંસદા એક માસ ભગતજીનો સમાગમ કરીને પછી છપૈયા જવું.''

ભગતજી તથા સાથેના હરિભક્તો સવારે નાહી, પૂજા કરી, ખાસ ઘોડાગાડી દીવાન સાહેબે મોકલી હતી તેમાં બેસી, નવ વાગ્યે કથરોટ ગામે પહોંચ્યા અને ત્યાંના રાજાના બંગલામાં ઊતર્યા. કારકુન જે સાથે હતા, તેમણે ભગતજીને ઢોલિયો પાથરી આપ્યો અને ખૂબ સરભરા કરી. પછી ત્યાં થોડો આરામ કરી સર્વે ચાલ્યા અને બરોબર બાર વાગ્યે વાંસદા પહોંચ્યા.

ઝવેરભાઈ તથા ગોવિંદભાઈએ આગળ જઈને દીવાન સાહેબને ખબર આપી કે ભગતજી પધાર્યા છે. એટલે તુરત જ દીવાન સાહેબ સામા આવ્યા અને ભગતજીનું ઘણું સન્માન કરી, હાથ પકડી, ગાડીએથી ઉતાર્યા. દીવાન સાહેબ બહુ જ રાજી થયા અને ભગતજીનાં દર્શનથી હર્ષનાં આંસુ આવી ગયાં. પછી ભગતજી તથા સૌ હરિભક્તોને પોતાને બંગલે લઈ ગયા. ત્યાં ઉતારો કરાવ્યો.

વાંસદામાં ભગતજીની જ્ઞાનવાર્તા

ઉતારો કરીને સર્વે હરિભક્તો નદીએ નાહવા ગયા અને ભગતજીને દીવાન સાહેબે ઊને પાણીએ જાતે ચોળીને નવરાવ્યા. પોતાને હાથે રૂમાલ વડે શરીર લૂછ્યું અને પછી મેડે ભગતજીનો અલાયદો ઉતારો રાખ્યો હતો ત્યાં તેડી ગયા. દીવાનજીને ભગતજીનાં દર્શનથી અત્યંત શાંતિ અને આનંદ થઈ ગયાં. પરંતુ આવા મોટાપુરુષને આટલી તકલીફ આપી એટલે હાથ જોડી ભગતજીને કહ્યું : ''મહારાજ ! આપને રસ્તામાં કંઈ તકલીફ તો નહોતી પડી ને ? આપે તો મારા ઉપર બહુ જ કૃપા કરી. ઘણા દિવસની તાણ હતી, તે તમો અઢળક ઢળ્યા. નહિ તો ક્યાં તમો અને ક્યાં હું ? તમો તો સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ ભગવાનના ધારક સંત છો અને મારા ઉપર દયા કરી પધાર્યા, તે બહુ જ કૃપા કરી અને મારા પુણ્યનો પાર નથી.'' એમ ગદ્ગદ કંઠે બહુ જ સ્તુતિ કરી. ભગતજી તેમનો ભાવ જોઈ બહુ જ રાજી થયા. પછી તો ભગતજીએ તથા બધા હરિભક્તોએ પૂજા કરી.

પછી ભગતજી આરામ-ખુરશી ઉપર બેઠા અને દીવાનજી નીચે ગાદીએ બેઠા. બીજા હરિભક્તો પણ પોતપોતાની રીતે બેઠા. રાજ્યના અમલદારો પણ

ભગતજીનાં દર્શન કરવા આવ્યા હતા.

ખુદામાં આસક્ત થવું

તે દિવસે ઈદનો તહેવાર હતો, તેથી મુસલમાનો દીવાન સાહેબને મળવા આવ્યા હતા. તે બધાને દીવાનજીએ ભગતજીનાં દર્શન કરાવ્યાં. એટલે સર્વે ભગતજીના હાથે હાથ અડાડી સલામ કરી બેઠા. પછી ભગતજીએ તેમને વાત કરી : ''આજે તો ઈદ છે. માટે ખુદામાં આસક્ત થવું, એ જ કરવાનું છે. ખુદાએ મનુષ્ય દેહ આપ્યો તે જ તેમની મોટી રહેમ છે. માટે ખુદા તો રહેમ કરવાવાળા છે. વળી, દયાળુ છે અને ગરીબનિવાઝ છે. માટે જેના ઉપર ખુદાની રહેમ ઊતરી હોય તે જ સીધા રાહ ઉપર ચાલી શકે અને જેના ઉપર રહેમ ન હોય તે સીધા રાહ ઉપર ચાલી શકતા નથી. તમારા મુસલમાનોમાં પણ અહિંસા ધર્મ કહ્યો છે અને એ ખુદાનો માર્ગ છે. માટે એવા ખુદાઈ ફિરસ્તાને શોધી, તેમની રાહે ચાલવું એ જ બેહિશ્તમાં પહોંચવાનો એકમાત્ર માર્ગ છે.'' એમ તેમને ઘણી જ વાતો કરી. આ વાતોથી તમામને શાંતિ થઈ ગઈ. સર્વેએ જાણ્યું કે ''જરૂર આ ખુદાઈ ફિરસ્તા છે.'' પછી તે સર્વે ભગતજીને ફરી સલામ કરી પોતાને ઘેર ગયા.

❀

ધૂળિયા સ્વામી વિજ્ઞાનદાસજીને ભગતજીનો તથા કોઠારીનો એમ બંને પત્રો મળ્યા એટલે તુરત જ વાંસદા આવવા રવાના થયા. ભગતજીનો પત્ર મળ્યો, એટલે વિજ્ઞાનદાસજીને ત્રણ દુઃખ હતાં તે મટી ગયાં. વળી, પુરુષોત્તમદાસજી માંદા હતા, તે પણ સાજા થઈ ગયા. પછી પલાણાવાળા નારણભાઈ છનાભાઈને ધૂળિયા મંદિરનો વહીવટ સોંપી, વિજ્ઞાનદાસજી, પુરુષોત્તમદાસજી, નારાયણચરણદાસજી, જોરા ભગત, ભાઈદાસ પાટિલ વગેરે પાંચ જણા નીકળ્યા અને મુંબઈ આવી રાત રહ્યા. બીજે દિવસે મુંબઈથી નીકળી બીલીમોરા ઊતરી વાંસદા આવ્યા.

વાંસદા આવી ભગતજીનાં દર્શન કર્યાં અને ગંગાના ધરાને પામીને હાથી જેમ આનંદ પામે તેમ સુખિયા થઈ ગયા. વિરહનું દુઃખ એક પળમાત્રમાં મટી ગયું. ભગતજી સર્વેને બાથ ભરી મળ્યા. પછી વિજ્ઞાનદાસજીએ કહ્યું કે ''આપનો પત્ર મળ્યો કે તુરત જ મને ત્રણ દુઃખ હતાં તે મટી ગયાં. એટલે

જાણ્યું કે આપની મરજી છે. તેથી અમો આવ્યા છીએ.''

ત્યારે ભગતજી બોલ્યા : ''અમારી મરજી હતી જ. તે આવ્યા તે સારું કર્યું.'' એમ કહી પછી તેમને માટે રસોઈ કરાવી અને જમાડ્યા. સાંજના પહોરે ભગતજીએ બહુ જ વાતો કરી.

દીવાનજી ભગતજીની સેવામાં

દીવાનજીને ભગતજીની મૂર્તિમાં અતિશય સ્નેહ થઈ ગયો હતો. કચેરીનું સર્વ કામ છોડીને ભગતજીથી એક ક્ષણ પણ પોતે અળગા ન થાય. રોજ ભગતજીને પોતે ચોળીને નવરાવે, શરીર લૂછે, હાથ પકડી ઉપર લઈ જાય. ભગતજી પૂજા કરી રહે પછી ભગતજીની ચંદન-પુષ્પ વડે પૂજા કરે. આ રીતે મોટા મોટા ઈશ્વરોને પણ ન મળે તેવી સેવા દીવાનજીએ ઉઠાવી લીધી. ભગતજીને પોતે પાસે બેસાડીને જમાડે અને અપાર આનંદ લે. રોજ રસોઈમાં કેરી, પૂરી, વડાં, ભજિયાં, વાલની દાળ, પાત્રાં, કઢી અને ભગતજી માટે તેમનાં પત્ની ઝીણી રોટલી ઘીમાં બોળીને તૈયાર રાખે. કોઈ કોઈ વખત શેરે શેર ઘીના લાડુ, ભજિયાં વગેરેની રસોઈ કરાવે. એમ રોજ જુદી જુદી રસોઈ જમાડી અપાર સેવા કરે. એમ સેવાથી ભગતજીને રાજી કરી લીધા. સર્વે હરિભક્તોની પણ ઘણી જ સેવા કરે અને ભગવાન જેવો સર્વેનો મહિમા સમજે. બપોરે બે વાગ્યા સુધી કથામાં બેસે, ભગતજી આરામ કરે એટલે પોતે થોડું કચેરીનું કામ કરી લે. વળી, સાંજે પાછા કથામાં બેસી જાય. એમ બ્રહ્મ-જ્ઞાનના પોતે ઇશ્કી એટલે આનંદ લૂંટે, પ્રશ્ન પણ ઘણા પૂછે. અદ્વૈત મતના સંસ્કાર પડેલા એટલે અદ્વૈતવાદને પ્રતિપાદન કરતા ઘણા પ્રશ્નો પૂછે, જેનું ભગતજી યુક્તિ કરીને ખંડન કરે.

દીવાનજી સાથે જ્ઞાનવાર્તા

એક દિવસ દીવાનજીએ સવારમાં પૂજા આદિથી ભગતજી પરવાર્યા પછી તેમને પ્રશ્ન પૂછ્યો : ''ભગતજી મહારાજ ! ઘણા દિવસથી આશંકાએ એવી ગ્રંથિ બંધાઈ ગઈ છે કે એક બ્રહ્મ છે, તે જીવ-ઈશ્વરરૂપે થયું છે, કારણ કે બ્રહ્મને[૮૮] ઉત્પત્તિ સમયે માયાનો સંબંધ થયો અને અજ્ઞાનનું આવરણ

---

૮૮. શાસ્ત્રોમાં પરબ્રહ્મનું બ્રહ્મ તરીકે જ વર્ણન છે માટે બ્રહ્મને અહીં પરબ્રહ્મ સમજવા.

થયું, એટલે જીવરૂપે થાય છે. એ અજ્ઞાન જ્યારે ટળે છે ત્યારે પાછું બ્રહ્મરૂપે થાય છે. વળી, બ્રહ્મજ્ઞાનીઓના મતે તો બ્રહ્મ સિવાય બીજું બધું મિથ્યા છે, અને આપ તો જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ આ પાંચ અનાદિ તત્ત્વો છે, અને દરેકમાં ભેદ છે, એમ બતાવો છે. પણ અમારે મતે તો જીવ જ બ્રહ્મરૂપ થાય અને બ્રહ્મ પાછું ઉત્પત્તિ સમયે ઉપાધિઓ સહિત જીવરૂપ થાય છે. ત્યારે જીવને બ્રહ્મને વિષે સ્વામી-સેવકપણું શી રીતે રહે ? તે કંઈ સમજાતું નથી. માટે કૃપા કરીને સમજાવો.''

ભગતજી આ પ્રશ્ન સાંભળી બ્રહ્મના શુષ્ક જ્ઞાનથી, જીવની મતિ કેવી અવળી થઈ જાય છે અને આવા શુદ્ધ મુમુક્ષુ જીવો પણ આવા શુષ્ક જ્ઞાનના અજ્ઞાનમાં અટવાઈને ભગવાનની ભક્તિના માર્ગથી પડી જાય છે તે વિચારી રહ્યા. આવા શુદ્ધ મુમુક્ષુને પોતાના સંબંધથી જ, અજ્ઞાનની નિવૃત્તિ કરી, શુદ્ધ બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ કરાવી અને મહારાજમાં જોડી દેવા, એ હેતુથી તેમના આ પ્રશ્નનો ઉત્તર ભગતજી કરવા લાગ્યા અને બોલ્યા :

જીવ અને બ્રહ્મના ભેદનું નિરૂપણ

''એક બ્રહ્મ જો જીવરૂપે થયું હોય તો, એક જીવના મોક્ષે કરીને બધા જીવનો મોક્ષ થવો જોઈએ, પરંતુ એમ તો થતું નથી. એટલે બ્રહ્મ જીવરૂપે થાય છે, એ વાત ખોટી છે. વળી, જીવ જ અનાદિ શુદ્ધ બ્રહ્મ છે એમ જો કહો તો શુદ્ધ બ્રહ્મને માયાથી અજ્ઞાન થયું. ત્યારે શુદ્ધ થયા પછી પણ ફરી માયા વળગશે, એટલે મોક્ષ તો કોઈ દિવસ થશે જ નહિ. માટે બ્રહ્મ જીવરૂપે થયું એમ જો કહીએ તો ઘણો જ બાધ આવે; કારણ કે, માયા પર જે નિર્ગુણ બ્રહ્મ તેને પણ એવી સમજણે કરીને જન્મ-મરણ ઠેરાણું. કેમ જે, એ એમ સમજે છે જે બ્રહ્મ છે તે જ સ્થાવર-જંગમરૂપ થયા છે. ત્યારે જે જીવ હોય તેને માથે જન્મ-મરણ હોય, તે જન્મ-મરણ બ્રહ્મને માથે પણ આવ્યું. માટે પોતાને જ મતે કરીને પોતાનો મોક્ષ, જે જન્મ-મરણથી રહિત થવાપણું, તે ખોટો થઈ ગયો. આવી શુષ્ક વેદાંતીની સમજણ તે સાવ ખોટી છે.'[૮૯]

''હવે જે સાચા જ્ઞાની છે તે તો એમ સમજે છે કે જીવ અનાદિબદ્ધ છે અને અજ્ઞાનવેષ્ટિત છે, પણ સ્વરૂપ સ્વભાવે સત્તામાત્ર છે. સ્વરૂપ સ્વભાવે

---

૮૯. ગ.મ. ૧૮.

સત્તામાત્ર એવા જીવને જે અજ્ઞાન વળગ્યું છે, તેનો નાશ તો પ્રગટ ભગવાન કે તેના બ્રહ્મસ્વરૂપ સાધુ મળે અને જ્ઞાન આપે ત્યારે થાય અને ત્યારે માયાથી છૂટીને મુક્ત થાય.''

એટલી વાત કરી, એટલે દીવાનજીએ પૂછ્યું : ''અનાદિ અજ્ઞાન તે કેમ છૂટે અને છૂટે તો અનાદિ કેમ કહેવાય ?''

પછી ભગતજીએ કહ્યું : ''શાળ જ્યારથી થાય છે, ત્યારથી ફોતરું અને ચોખાને સંબંધ હોય છે, પણ અંતે ખાંડવાથી ફોતરું નોખું પડી જાય છે. વળી, આમલીના કચૂકાને પણ છોતરું વળગેલું હોય છે, તે જ્યારે અગ્નિથી શેકીએ એટલે જુદું પડી જાય છે. તેમ એ જીવને કારણ-શરીરરૂપ અનાદિનું અજ્ઞાન જે વળગેલું છે, તે પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરે ને તે પરમેશ્વરનાં વચનને હૃદામાં ધારે તેણે કરીને એ કારણ શરીર છે તે બળીને ખોખા જેવું થઈ જાય છે.[૯૦] પણ બીજા કોઈ ઉપાયથી એ અજ્ઞાન ટળતું નથી. વળી, એક જીવનું અજ્ઞાન ભગવાન કે સંતના સંબંધે કરીને ટળી ગયું, તેથી કાંઈ બીજા અનંત જીવોનું અજ્ઞાન ટળતું નથી. એટલે અજ્ઞાન તો છે જ. માટે અજ્ઞાન પણ અનાદિનું ઠર્યું. તેથી એ જીવ અનાદિબદ્ધ છે, અજ્ઞાનવેષ્ટિત છે. પણ જીવ જ બ્રહ્મ છે કે બ્રહ્મ જીવરૂપે થયા છે, એ વાત કલ્પિત છે. જીવ અને બ્રહ્મ બંને જુદા છે.[૯૧] પણ એ જીવને જ્યારે પ્રત્યક્ષ બ્રહ્મસ્વરૂપ સંત દ્વારા, બ્રહ્મનું જ્ઞાન થાય છે, ત્યારે તેનું અજ્ઞાન ટળે છે. તેથી જીવને અજ્ઞાન ટાળવા બ્રહ્મના સ્વરૂપના ધ્યાનની અપેક્ષા રહે છે, એટલે સ્વામી-સેવકભાવ બ્રહ્મ સાથે રહે છે.''

ભગતજીની બ્રહ્મનિરૂપણની સ્પષ્ટ વાતોથી દીવાનજીને અતિશય આનંદ થયો. વળી, ભગતજી પણ તેમના જીવમાંથી આ શુષ્ક જ્ઞાનની અસર કાઢી નાખવા માટે, ગોવિંદભાઈ માસ્તર પાસે એક વચનામૃત વંચાવવા લાગ્યા અને સાથે ગીતા, ભાગવત, શ્રુતિ અને સ્મૃતિને આધારે પ્રતિપાદન કરતા ગયા.

---

૯૦. કારિ. ૧૨.

૯૧. तस्माद् वा एकस्माद्विज्ञानमयाद् अन्योऽन्तर आत्मा आनन्दमयः।

– તૈત્તિરીય ઉપનિષદ, આનંદવલ્લી, પાંચમો અનુવાક

અર્થ : તે વિજ્ઞાનમય આત્મા (જીવાત્મા) થકી બીજો અંદર રહેલો આનંદમય આત્મા (પરમાત્મા) છે. આ શ્રુતિથી જીવ અને બ્રહ્મનો ભેદ વાસ્તવિક જ છે એમ સ્પષ્ટ થાય છે.

ભગતજીએ શરૂઆત ગ.પ્ર. ૩૮ના વચનામૃતથી કરી અને વાત કરી : ‘‘સાચો ત્યાગી તો તે કહેવાય કે જે દેહ, ઈન્દ્રિયો, મન વગેરેના ભાવથી પર થઈને, એક આત્મારૂપે રહીને પરમાત્મા સિવાય બીજું કાંઈ ન રાખે. આ જીવને દેહાધ્યાસ અતિશય થયો છે, તે સત્પુરુષના સંબંધે કરીને ટળે. સત્પુરુષના સંબંધથી જીવને પોતે દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણના ભાવથી જુદો છે, એવું ભાન થાય છે. સત્પુરુષના નિરંતર ઉપદેશથી અને દેહ-આત્માની વારંવાર જુદી વિક્તિ થવાથી, દેહાદિકના ભાવથી - અધ્યાસથી - જીવ છૂટો પડી જાય છે. આમ, આ રીતે જુદો પડેલો જીવાત્મા, અનાદિ અજ્ઞાનના પાશથી મુકાઈને બ્રહ્મરૂપ થાય છે.

‘‘પરંતુ જ્યાં સુધી દેહાદિકના ભાવ હતા, ત્યાં સુધી ઈન્દ્રિયો-અંતઃકરણ પણ સાચાં હતાં અને દેહની સાથે જોડાયેલાં સગાંવહાલાં, કુટુંબીઓ વગેરે મારાં છે, એવું મમત્વરૂપી અજ્ઞાન પણ સાચું હતું. જેમ મેરુ પર્વત ઉપર ઊભો જે પુરુષ તે જે તે મેરુ થકી ઓરા જે સર્વે પર્વત તથા સર્વે વૃક્ષ તથા તે વૃક્ષનું આધાર જે પૃથ્વીનું તળ, તે સર્વેને પૃથક્ પૃથક્ પણે દેખે છે, તેમ સવિકલ્પ સમાધિવાળા જે જ્ઞાની મુક્ત, તે જીવ, ઈશ્વર, માયા તથા એમનું આધાર જે બ્રહ્મ, એ સર્વેને પૃથક્ પૃથક્ પણે દેખે છે. અને વળી, લોકાલોક પર્વત ઉપર ઊભા જે પુરુષ તે જે તે લોકાલોક પર્વતથી ઓરા જે પર્વત, વૃક્ષ તે સર્વેને એક પૃથ્વીરૂપે જ દેખે છે પણ પૃથક્ પૃથક્ પણે નથી દેખતા, તેમ નિર્વિકલ્પ સમાધિવાળા જે મહામુક્ત તે જે તે જીવ, ઈશ્વર અને માયા તેને એકરૂપે કરીને જ દેખે છે પણ પૃથક્ પૃથક્ પણે નથી દેખતા.’[૯૨]

‘‘માટે જીવ, ઈશ્વર, માયા એ જે ભેદ કહ્યા છે તે સ્થિતિના ભેદ છે. તેથી જેને નિર્વિકલ્પ સ્થિતિ હોય તેને મતે એ ભેદ ખોટા છે, પણ જેને સવિકલ્પ સ્થિતિ હોય તેને મતે સાચા છે. સવિકલ્પ સ્થિતિવાળો મુક્ત પણ દેહ, ઈન્દ્રિયોના ભાવને, સત્પુરુષના વચનને સત્ય માનીને, દ્રષ્ટારૂપે દેખતો રહે છે અને તેમનાથી જુદો પણ પડતો જાય છે. અને જ્યાં સુધી આ દેહ છે અને હું દેહનો જોનારો દ્રષ્ટા છું, એમ દેખાય છે, ત્યાં સુધી સવિકલ્પ સ્થિતિ કહી છે. પણ દેહાદિક દેખાય જ નહિ અને એક પોતાનો આત્મા જ દેખાય, સર્વે બ્રહ્મરૂપ જ દેખાય, ત્યારે તેનો તે મુક્ત નિર્વિકલ્પ સ્થિતિવાળો થાય છે.

૯૨. ગ.પ્ર. ૩૯.

''આમાં પણ આત્મારૂપે રહેવું એટલે કેવળ આત્મા જે અલિંગ, અરૂપ અને નિરાકાર છે, તે રૂપે રહેવું કહ્યું નથી; કારણ કે, એમ આધાર વગર રહીને તો ક્રિયા થાય જ નહિ. માટે પોતાના આત્માનો વારંવાર વિચાર કરીને, આ સત્પુરુષ એ જ મારો આત્મા છે, કારણ કે તેમને સર્વે રીતે દેહ, ઇન્દ્રિયોના ભાવ નષ્ટ થઈ ગયા છે અને પૂર્ણબ્રહ્મની સ્થિતિમાં વર્તે છે, એમ લક્ષણ ઓળખી, તે જ મારું સ્વરૂપ છે એમ સમજી, પોતાનો ભાવ ભૂલી, સત્પુરુષનો ભાવ પોતાને વિષે લાવીને, સર્વ ક્રિયાને જ્યારે એ કરે છે, ત્યારે જેમ ઇયળ-ભમરીના સંબંધે કરીને ભમરી થઈ જાય છે, એમ એ મુક્ત પણ, સત્પુરુષના સંબંધે કરીને બ્રહ્મરૂપ થઈ જાય છે.

''માટે સત્પુરુષના સંબંધે કરીને અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામીને કેવળ ભગવાનની મૂર્તિને વિષે જ નિમગ્ન રહેતો હોય, તેને નિર્વિકલ્પ સમાધિવાળો કહીએ.[૯૩] એવાને તો બીજું કાંઈ દૃષ્ટિમાં આવતું જ નથી અને ઇચ્છા રહિત, સંકલ્પ રહિત જ વર્તે છે. આવી સ્થિતિ આપણે કરીને અખંડ મૂર્તિના સુખે સુખિયા થવું.''

આટલી વાત કરી ત્યાં જમવાનું તૈયાર થયું. એટલે સર્વ સભા ઊઠી. ઠાકોરજીને નૈવેદ્ય ધરાવી દીવાનજીએ ભગતજીને પાસે બેસાડીને જમાડ્યા. સર્વ સંત-હરિભક્તોને પણ સારી રીતે જમાડ્યા. ભગતજી પણ જમી રહ્યા એટલે દીવાનજી તેમને મેડે લઈ ગયા. ત્યાં ઢોલિયામાં ભગતજી થોડી વાર પોઢી ગયા.

સાંજે ચાર વાગે ભગતજી ઊઠ્યા એટલે ફરી સભા થઈ. દીવાનજી ભગતજીની પાસે આવીને બેઠા. એટલે ભગતજીએ ગોવિંદભાઈ માસ્તર પાસે ગ.પ્ર. ૪૧મું વચનામૃત વંચાવ્યું અને તે ઉપર વાત કરી : ''શ્રીજીમહારાજે આ વચનામૃતમાં 'एकोऽहं बहुस्यां प्रजायेय' એ શ્રુતિનો અર્થ વેદસ્તુતિનું ગદ્ય[૯૪] સમજાવીને કર્યો છે કે 'પુરુષોત્તમ ભગવાને પોતે કરી એવી જે નાના પ્રકારની યોનીઓ, તેમને વિષે કારણપણે અંતર્યામીરૂપે કરીને પ્રવેશ કરીને ન્યૂનાધિકભાવે પ્રકાશ કરે છે, પણ કાંઈ ભગવાન પોતે ચ્યવીને બ્રહ્મરૂપે થયા એમ નથી.' માટે ભગવાન પોતે સ્વયં અનાદિ છે અને તેમનો સંબંધ જ્યારે સત્પુરુષ દ્વારા એ જીવને થાય છે ત્યારે જીવ બ્રહ્મરૂપ થાય છે, માટે જેને બ્રહ્મ-

---

૯૩. ગ.પ્ર. ૪૦.

૯૪. स्वकृत विचित्र योनिषु ...स्वकृतानुकृति ॥ – શ્રીમદ્‌ભાગવત : ૧૦/૮૭/૧૯

સ્વરૂપને વિષે નિર્વિકલ્પ સ્થિતિ થઈ હોય તે એમ બોલે જે, 'એક બ્રહ્મ જ છે અને તે વિના બીજું જે જીવ, ઈશ્વર, માયા આદિક સર્વે મિથ્યા છે' અને તેનાં વચન શાસ્ત્રમાં લખાણાં હોય તેને સાંભળીને, પોતાને તો એવી સ્થિતિ ન થઈ હોય, તો પણ વિધિ-નિષેધને ખોટા કહે છે.[૯૫] એ સર્વ મિથ્યાજ્ઞાની છે. માટે ખરો જ્ઞાની જે હોય તેને મતે બ્રહ્મ અને પરબ્રહ્મ બે ભેદ રહે છે. પણ બીજા જે જીવ, ઈશ્વર અને માયાના ભેદ ટળી જાય છે. જ્યારે સવિકલ્પ સ્થિતિવાળાને તો એ ભેદ રહે છે. એટલે જીવ, ઈશ્વર, માયા એ ભેદ અનાદિના છે.

''વળી, ખરેખરો જે ભગવાનનો નિષ્કામ ભક્ત છે, એ ચતુર્ધા મુક્તિને ન ઈચ્છે ને કેવળ ભગવાનની સેવાને જ ઈચ્છે છે.[૯૬] એવા ભક્તને ભગવાન પોતાની સેવામાં રાખે છે. એટલે સ્વામી-સેવકભાવ તો છેવટ સુધી રહે છે.''

પછી ગ.પ્ર. ૪૪ થી ગ.પ્ર. ૫૦ સુધી વચનામૃત વંચાવીને બ્રહ્મનિરૂપણ બહુ જ કર્યું અને દીવાનજી તો ભગતજીની બ્રહ્મસ્થિતિ અને અગાધ બ્રહ્મ-જ્ઞાનની પરાકાષ્ઠા જોઈને જ સ્તબ્ધ થઈ ગયા. ભગતજીએ પણ તેમના અંતરમાં સર્વ સંકલ્પ બંધ કરી, અંતઃકરણ સ્થિર કરી દીધું અને આ બ્રહ્મ-જ્ઞાનનો એવો રસ રેડી દીધો કે દીવાનજીનું સઘળું નિર્બીજ જ્ઞાન સ્રવી ગયું અને સબીજ ઉપાસનાએ સહિત જ્ઞાનનો ઉદય થયો. ભગતજીના જ્ઞાનનો અવિરત સ્રોત વહેતો હતો ત્યારે દીવાનજી તો ભગતજીની મૂર્તિમાં જ મગ્ન થઈ ગયા હતા.

પછી ભગતજીએ કહ્યું :

ઉપાસના દૃઢ થયા વિના કોઈ વાત સિદ્ધ થતી નથી

''દીવાન સાહેબ ! ગમે તેવી આત્માની વાતો કરો અને વિચાર કરો, પણ પ્રગટ ભગવાનની ઉપાસના વિના કોઈ વાત સિદ્ધ થતી નથી. માટે આડાઅવળા વિચારો પડતા મૂકીને શ્રીજીના ધારક આ પ્રગટ સત્પુરુષનો દૃઢ આશ્રય શિરસાટે કરીને, અખંડ ભજન કરવા માંડો. જેટલી ઈષ્ટદેવને વિષે પ્રતીતિ આવશે અને ઉપાસના દૃઢ થશે, તેટલી જ આત્મા-અનાત્માની વિક્તિ થશે અને જોતજોતામાં બ્રહ્મરૂપ થઈ જવાશે. વળી, ભગવાનનું પણ અખંડ

૯૫. ગ.પ્ર. ૪૨.

૯૬. ગ.પ્ર. ૪૩.

અંતરમાં દર્શન થશે અને ભગવાન વશ થશે. માટે ભજન શ્વાસોચ્છ્‌વાસ કરવાનો આગ્રહ રાખવો.''

એમ કહીને ગ.પ્ર. ૫૬મું વચનામૃત વંચાવ્યું અને વાત કરી : ''ભાગવત જેવા સત્‌શાસ્ત્રમાં પણ જ્ઞાન કરતાં ભક્તિનું બળ વિશેષ કહ્યું છે.''

એમ કહીને નીચેના શ્લોક બોલ્યા :

''श्रेय:सृतिं भक्तिमुदस्य ते विभो क्लिश्यन्ति ये केवलबोधलब्धये ।
तेषामसौ क्लेशल एव शिष्यते नान्यद्यथा स्थूलतुषावघातिनाम् ॥

– ભાગવત : ૧૦-૧૪-૪

એટલે કે આત્યંતિક કલ્યાણને પામવા માટે તો ભગવાનની ભક્તિ એ જ એક સાધન છે - દ્વાર છે - નિસરણી છે. તે સિવાય એકલું જે જ્ઞાન, તે તો જેમ ડાંગરનાં ફોતરાં ખાંડીએ અને તેમાંથી કાંઈ નીસરે નહિ અને ઊલટું ક્લેશ પમાડે, એવું છે. વળી,

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति ।
समः सर्वेषु भूतेषु मद्‌भक्तिं लभते पराम् ॥

– ગીતા : અ. ૧૮-૫૪

आत्मारामाश्च मुनयो निर्ग्रन्था अप्युरुक्रमे ।
कुर्वन्त्यहैतुकीं भक्तिमित्थम्भूतगुणो हरिः ॥

– ભાગવત : ૧-૭-૧૦

એટલે કે આત્મારામ અને રાગ-દ્વેષાદિક ગ્રંથિએ રહિત એવા મુનિઓ અનેક ગુણોના નિધિ એવા ભગવાનની નિષ્કામ ભક્તિ કરે છે.

परिनिष्ठितोऽपि नैर्गुण्य उत्तमश्लोकलीलया ।
गृहीतचेता राजर्षे आख्यानं यदधीतवान् ॥

– ભાગવત : ૨-૧-૯

તથા

या निर्वृतिस्तनुभृतां तव पादपद्म
ध्यानाद् भवज्जनकथाश्रवणेन वा स्यात् ।
सा ब्रह्मणि स्वमहिमन्यपि नाथ मा भूत्
किं त्वन्तकासिलुलितात्पततां विमानात् ॥

– ભાગવત : ૪-૯-૧૦

એટલે કે જે આનંદસુખ તમારાં ચરણારવિંદના ધ્યાનથી અથવા તો તમારા ભક્તજનની કથા સાંભળવાથી મળે છે, તે નિવૃત્તિસુખ હે નાથ ! સ્વસ્વરૂપ જે કેવળ બ્રહ્મ તેમાં મળતું નથી. અર્થાત્ ભક્તિવિહોણી જે આત્મસત્તારૂપ સ્થિતિ, તેમાં તે સુખ નથી. જ્યારે કેવળ બ્રહ્મ જે આનંદરૂપ છે તેમાં એ સુખ નથી, તો કાળના પ્રવાહથી નાશ પામતા અને વિમાનમાંથી નીચે પડતા દેવતાઓને તો એ સુખ મળે જ કેમ ? માટે,

नैष्कर्म्यमप्यच्युतभाववर्जितम्
न शोभते ज्ञानमलं निरञ्जनम् ॥ – ભાગવત : ૧-૫-૧૨

એટલે કે અવિદ્યાને ટાળનારું જે પરબ્રહ્મ પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન જો ભક્તિ વિનાનું હોય તો તે સંપૂર્ણ શોભતું નથી.''

એ આદિક ઘણા શ્લોક બોલીને ઉપાસનાની દૃઢ વાતો કરી અને કહ્યું : ''પુરુષોત્તમ ભગવાનનો આશરો ન થયો હોય અને બ્રહ્મનિષ્ઠ થયો હોય તો શું સુખ છે ? જેમ મીઠા વિનાનાં ગમે તેટલાં ભોજન-વ્યંજન હોય, તે સર્વે નકારાં લાગે, તેમ ભગવાનની ઉપાસના વિના બધું એવું છે. માટે ઈન્દ્રિયો-અંતઃકરણ નિયમમાં રાખીને, દેહથી નોખો આત્મા છે એમ દૃઢ સમજી, તેને અક્ષરબ્રહ્મ સાથે એકતા કરી, શ્રી પુરુષોત્તમ ભગવાનમાં અખંડ જોડાવું; એ શ્રીજીમહારાજનો સિદ્ધાંત છે.''

પછી ગ.પ્ર. ૨૦, ૨૧, ૨૩, ૪૪, ૫૬; ગ.મ. ૩૦, ૪૫, ૫૦; અમ. ૨; ગ.અં. ૩૯ એ આદિ ઘણાં વચનામૃતો વંચાવી વાત કરી : ''જેને સત્સંગ થયો છે તેને તો અંતર્દૃષ્ટિ કરીને ભગવાનની મૂર્તિ બાહેર અથવા અંદર હોય તે સામું જોઈ રહેવું અને એમ જોતાં જોતાં અક્ષરરૂપ મુક્તની પંક્તિમાં ભળી જઈ, પુરુષોત્તમના દાસ થઈને અખંડ ભગવાનની હજૂરમાં રહેવું છે, એવો નિશ્ચય કરી લેવો. એવું ક્યારે થવાય ? તો જ્યારે આપણે ત્રણ દેહ, ત્રણ અવસ્થા અને ત્રણ ગુણોથી પર ચૈતન્ય એવું પોતાનું સ્વરૂપ માનીએ અને એમ બ્રહ્મરૂપ થઈને ભગવાનનું ભજન કરીએ, ત્યારે જ પોતાનું સ્વરૂપ દેહથી છૂટું પડીને, અતિ પ્રકાશમાન ઉજ્જ્વળ દેખાય. એ સિવાય બીજાં કોટિ સાધનો કરીએ તો પણ પોતાના સ્વરૂપનાં દર્શન થતાં જ નથી. માટે આ બધાં વચનામૃતોનો એ જ ભાવ છે. તે એવું કર્યા સિવાય કોટિ કલ્પે છૂટકો નથી. તેમાં જો પોતાનું ડહાપણ રાખ્યું તો આવો અવસર ચાલ્યો જશે. જેને

એકાંતિકને માર્ગે ચાલવું હોય અને એકાંતિક ધર્મ સિદ્ધ કરવો હોય, તેણે અખંડ ભજન કરવાનો આગ્રહ રાખવો. ભજન કરતાં જ માયા કપાશે. માટે ઇન્દ્રિયો-અંતઃકરણના ભાવથી પર થઈને, જગતના નાશવંત અને તુચ્છ પદાર્થનો મોહ છોડી, એકરસ પરિપૂર્ણ એવું જે બ્રહ્મસ્વરૂપ તેને વિષે આપણે આપણો આત્મા લીન કરી નાખવો. જેમ નદીઓ સમુદ્રને વિષે લીન થાય છે, સતી અને પતંગ અગ્નિને વિષે બળી જાય છે અને શૂરો રણને વિષે ટુકટુક થઈ જાય છે, તેમ આપણે એવો વેગ લગાડી દઈ, તે તેજને વિષે જે પુરુષોત્તમ નારાયણની મૂર્તિ રહી છે, તેને વિષે અખંડ પ્રીતિ કરી દેવી. એમ કરતાં જ્યારે કોઈ ઠેકાણે માલ નહિ મનાય અને તે મૂર્તિમાં જ અખંડ વૃત્તિ રહેશે, ત્યારે આ ને આ દેહે કાર્ય સિદ્ધ થશે.'' આ પ્રમાણે અનહદ વાતો કરીને સૌને અપાર સુખ આપ્યું. દીવાનજી તો અવાક્ જેવા જ થઈ ગયા.

જેને માથે શત્રુ હોય, તેને ઊંઘ આવે નહીં

એક વખત કથાવાર્તા, નિયમ-ચેષ્ટા કરી બાર વાગે સૌ સૂતા. એકાએક એક વાગે ભગતજી ઊઠ્યા અને શ્વાસોચ્છ્વાસ ભજન કરવા બેઠા. પછી તો સૌ હરિભક્તો તથા દીવાનજી પણ જાગી ગયા અને ભગતજી પાસે ચારેકોર સૌ બેસી ગયા. થોડી વારે દીવાનજીએ પૂછ્યું : ''ભગતજીને બોલાવીએ ?''

ત્યારે ગોવિંદભાઈએ કહ્યું : ''એમની મેળે હમણાં બોલશે.''

પછી અર્ધ ઘડીએ નેત્ર મીંચી, એ જ આસનમાં સ્થિર રહીને ધીર ગંભીર સ્વરે ભગતજી બોલ્યા : ''જેને ભગવાનને વશ કરવા હોય અને અખંડ ભજન કરવું હોય, તેને આવી રીતે ફડકી ફડકીને જાગવું અને ભજન કરવું. મુમુક્ષુને તો હરણ ફડકો અને કાકનિદ્રા જોઈએ, કારણ કે જેને માથે શત્રુ હોય તેને ઊંઘ આવે નહિ; તેમ આપણે માથે જ્યાં સુધી અંતઃકરણ-ઇન્દ્રિયો શત્રુ જીવતા છે, ત્યાં સુધી સુખે ઊંઘાય નહિ. માટે ખાતાં-પીતાં, સૂતાં-જાગતાં ભજનનો આગ્રહ રાખવો. એવો આગ્રહ જો રાખે તો શું ન થાય ? આ જીવ તો ધારે તે કરે.''

એમ વાતો કરી પોતે નેત્ર ઉઘાડીને કહ્યું : ''વચનામૃત પંચાળાનું ૩જું વાંચો.'' પછી ગોવિંદભાઈ પાસે વચનામૃત વંચાવ્યું. તે ઉપર વાત કરી :

''રાજાને જ્યાં સુધી માથે શત્રુ છે, ત્યાં સુધી સુખે ઊંઘ આવતી નથી.

શત્રુ જિતાયા પછી જ નિરાંતે ઊંઘે છે. એમ જેને માથે શત્રુ હોય, તેને તો ઊંઘવાનું હોય જ નહિ. ઈન્દ્રિયો-અંતઃકરણરૂપી શત્રુ જરૂર ખાતર પાડી જાશે. માટે અખંડ જાણપણું – જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિમાં – રાખી, ભજનનો આગ્રહ રાખશો તો મહારાજ અને મોટાપુરુષ આ ને આ દેહે વશ થઈ જાશે.'' પછી સર્વેને કહ્યું : ''હવે સૂઈ જાઓ.'' એમ બધાને સૂવાની આજ્ઞા કરી.

પછી સવારે વહેલા ઊઠી બધા નદીએ નાહવા ગયા. ભગતજી ઘેર નાહ્યા અને પૂજા કરીને પરવાર્યા, ત્યાં સર્વે નાહીને આવ્યા. બધા પૂજા કરી રહ્યા પછી સભા થઈ.

મનુષ્યરૂપ ભગવાનનું સ્વરૂપ નિર્ગુણ શી રીતે ?

પછી દીવાનજીએ હાથ જોડી પ્રશ્ન પૂછ્યો : ''મહારાજ ! અક્ષરધામમાં જે ભગવાનનું સ્વરૂપ છે તે તો નિર્ગુણસ્વરૂપ કહેવાય. પણ મનુષ્યરૂપ જે ભગવાનનું સ્વરૂપ તે નિર્ગુણ કેમ કહેવાય ?''

એ પ્રશ્ન સાંભળીને ભગતજી બોલ્યા :

''ભગવાન પોતે અક્ષરધામમાંથી સંકલ્પ કરે છે કે 'જ્ઞાની, અજ્ઞાની એવા જે મૃત્યુલોકના મનુષ્ય તે સર્વે મને દેખો.' એમ ધારીને સત્યસંકલ્પ એવા જે ભગવાન, તે કૃપાએ કરીને મૃત્યુલોકના સર્વે મનુષ્ય દેખે એવા થાય છે.[૯૭] એટલે જે અજ્ઞાની જીવ છે, તે ભગવાનને મનુષ્ય જેવા દેખે છે. પરંતુ ભગવાનના સ્વરૂપમાં તો માયાના ત્રણ ગુણનો સર્ગ જે પંચભૂત, ઈન્દ્રિયો, અંતઃકરણ અને દેવતા તે ત્રિકાળમાં છે જ નહિ. ભાગવતના પ્રથમ સ્કંધમાં પ્રથમ અધ્યાયમાં જ આનો ઉત્તર છે કે – 'तेजोवारिमृदां यथा विनिमयो यत्र त्रिसर्गो मृषा' – જેમ ઝાંઝવાનાં જળ એ જળ નથી પણ ભ્રાંતિ છે અને જેમ સ્વચ્છ પાણીમાં આ કાચ છે એમ જણાય છે તે પણ ભ્રાંતિ છે, તેમજ પરમાત્મામાં રજોગુણ, તમોગુણના કાર્યરૂપ પંચભૂત તથા ઈન્દ્રિયો-અંતઃકરણ અને તેના દેવતા એ નથી જ અને છતાં જણાય છે એ પણ ભ્રાંતિ છે, અસત્ય છે. ભગવાનને વિષે જે દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણના ભાવ દેખાય છે તે તો નટની માયાની પેઠે છે. જેમ નટની માયા કોઈથી કળી શકાતી નથી, તેમ ભગવાનની યોગમાયા પણ કોઈથી કળી શકાય તેવી નથી. પરંતુ

૯૭. ગ.પ્ર. ૭૮.

'धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि ।'

જે ધામ હોય તે જ એ અજ્ઞાનરૂપી માયાને ટાળીને ભગવાનનું પરમ સત્ય દિવ્ય સ્વરૂપ, જેવું ધામમાં છે તેવું ઓળખાવી દે છે. જ્યાં સુધી એવા પુરુષનો સમાગમ ન થયો હતો, ત્યાં સુધી અજ્ઞાની જીવને તો ભગવાન મનુષ્ય જેવા જ દેખાય. તે ગીતામાં કહ્યું છે કે :

'अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम् ।
पर भावमजानन्तो मम भूतमहेश्वरम् ॥'

– ગીતા : અ. ૯, શ્લોક ૧૧.

''તેથી જ મનુષ્યના સરખી ક્રિયા જે ખાવું, પીવું, ઊંઘવું, કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે જોઈ ભગવાનના સ્વરૂપમાં મોહ પમાય છે. વળી, ભગવાન સાજા થાય, માંદા થાય અને અંતર્ધાન થાય ત્યારે અજ્ઞાની એમ જાણે છે જે, ભગવાન હવે અંતર્ધાન થઈ ગયા, પણ જ્ઞાનચક્ષુવાળા તો ભગવાનના સ્વરૂપને પૃથ્વી ઉપર અખંડ વિચરતું જ દેખે છે.

''ભગવાનનો દેહ છે તે તો ચોવીસ તત્ત્વથી પર છે, પણ પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે ભગવાન તે જ પોતે જીવના કલ્યાણના અર્થે પૃથ્વી પર પ્રગટ થાય છે, ત્યારે જે જે તત્ત્વને અંગીકાર કરે છે તે સર્વે તત્ત્વ બ્રહ્મરૂપ થઈ જાય છે. અને એ ભગવાનને વિષે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ તથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તે જણાય છે તથા દસ ઇન્દ્રિયો, પંચ પ્રાણ ઇત્યાદિક સર્વે તત્ત્વ મનુષ્યની પેઠે જણાય છે; પણ તે સર્વે બ્રહ્મ છે પણ માયિક નથી.[૯૮] જેમ શ્રીકૃષ્ણ ભગવાન બ્રાહ્મણના પુત્રને લેવા સારુ અર્જુનને લઈને ભૂમાપુરુષના લોકમાં ગયા, ત્યારે રથ અને ઘોડા તે માયિક હતા અને સ્થૂળ ભાવે યુક્ત હતા, પણ તે શ્રીકૃષ્ણ ભગવાનને યોગે કરીને અતિ સૂક્ષ્મ અને ચૈતન્યરૂપ થઈ ગયા. માટે જેમણે પોતાના સંબંધમાત્રથી રથ અને ઘોડાને નિર્ગુણભાવને પમાડી દીધા, તો પોતે તો સ્વયં જે જે તત્ત્વનો અંગીકાર કરે તે નિર્ગુણ કેમ ન હોય ?

''માટે ભગવાનનું જે સ્વરૂપ છે તે તો કેવળ ચૈતન્ય સ્વરૂપ જ છે, પરંતુ માયિક સ્થૂળબુદ્ધિવાળાને માયિક તત્ત્વે સહિત જણાય અને એનું એ જ સ્વરૂપ જ્ઞાનદૃષ્ટિવાળાને અતિશય ઉજ્જવલ, તેજસ્વી, પ્રકાશે યુક્ત જણાય છે

૯૮. ગ.પ્ર. ૭૧.

અને માયિક ભાવ જણાતો નથી. જેમ સાકરનું નારિયેળ હોય તેમાં ત્યાગ-ભાગ નથી, કાચલી, ચોટલી વગેરે બધું જ સાકરનું હોય; તેમ ભગવાનનું સ્વરૂપ જે પૃથ્વી ઉપર છે તેનું તે જ સચ્ચિદાનંદ, નિર્ગુણ, અખંડ, અચ્યુત, અક્ષરધામમાં પણ છે. તે મનુષ્ય સ્વરૂપ જે પૃથ્વી ઉપર છે તેમાં જે જે કામભાવે, ક્રોધભાવે, મિત્રભાવે, શત્રુભાવે, સ્નેહભાવે જોડાયા હોય તે સર્વે નિર્ગુણ થઈ જાય છે; કાં જે, ભગવાનની મનુષ્યરૂપ મૂર્તિ નિર્ગુણ કૈવલ્ય-સ્વરૂપ જ છે. જો શ્રીકૃષ્ણ ભગવાન પોતે ગુણાતીત ન હોત તો એના ભક્ત જે ગોપીઓ તે ગુણાતીતપણાને ન પામત અને જો ગુણાતીત પદને પામિયો તો શ્રીકૃષ્ણ ભગવાન ગુણાતીત કૈવલ્ય દિવ્યમૂર્તિ જ છે.[૯૯] વળી, શ્રુતિ જે 'सर्वं खल्विदं ब्रह्म ।' તેનો પણ એ જ અર્થ થાય છે કે એ ભગવાનને વિષે જે ઇન્દ્રિયો, અંતઃકરણ, દેવતા વગેરે જે જે દેખાય છે, તે સર્વ બ્રહ્મ જ છે; પણ કંઈ જગત બ્રહ્મ નથી, કાં જે, તે તો માયામાંથી ઉત્પન્ન થયું છે. એટલે વેદાંતી એ શ્રુતિનો અર્થ કરીને કહે છે કે 'બ્રહ્મ સભર ભર્યો છે,' તે વાત ખોટી છે. માટે ભગવાનનું પૃથ્વી ઉપર દેખાતું સ્વરૂપ અને ધામનું સ્વરૂપ તે બંને એક જ છે, પણ જુદાં નથી.''

આ પ્રમાણે ભગતજી મહારાજે ઉત્તર કર્યો. તે સાંભળી દીવાનજીના સંશય સર્વ ટળી ગયા. પરંતુ ભગતજીને તો એમની સંશયગ્રંથિ નિર્મૂળ કરી નાખવી હતી અને નિષ્કપટ કરીને તેમને ભગવાનની મૂર્તિમાં જોડવા હતા. એટલે દીવાનજીને તેમણે કહ્યું : ''દીવાન સાહેબ ! આવો અવસર ફરી ફરી નહિ મળે, માટે નિષ્કપટભાવે જે જે સૂક્ષ્મ શંકાઓ રહેતી હોય તે પૂછીને ટાળી નાખો.''

આ સાંભળી દીવાનજીએ હાથ જોડીને કહ્યું : ''મહારાજ ! આપની અમૃતવાણીથી અનંતના સંશય છેદાઈ જાય છે. વળી, મારું તો આપે અંતઃકરણ જ પકડી લીધું છે અને મને કલ્પના રહિત કરી દીધો છે. એટલે હવે તો ભગવાનના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થયું છે.''

બ્રહ્મ-પરબ્રહ્મમાં શો ભેદ ?

પરંતુ ભગતજી જાણતા હતા કે દીવાનજીને હજુ યથાર્થ સ્વરૂપ સમજવું

૯૯. ગ.પ્ર. ૪૨.

બાકી છે અને ઉપાસનાની ચોખ્ખી વાત, બ્રહ્મ-પરબ્રહ્મનો સનાતન શુદ્ધ સિદ્ધાંત, તેમના હૃદયમાં હજુ પૂરો સ્થિર થયો નથી.

એટલામાં દીવાનજીએ હાથ જોડીને કહ્યું : ''મહારાજ ! આપે ભગવાનના કૈવલ્ય સ્વરૂપનું જે વર્ણન કર્યું તે તો સમજાયું, પરંતુ તે ભગવાનને જેણે અખંડ રાખ્યા છે એવા જે સત્પુરુષ, તેની મૂર્તિ ભગવાનના સંબંધે કરીને ગુણાતીત અને દિવ્ય થાય છે. પછી તે સ્વરૂપમાં શો ભેદ રહે છે ?''

ઉપાસનાના શુદ્ધ સિદ્ધાંતની સ્પષ્ટ સમજણ માગી લેતો આ પ્રશ્ન સાંભળી ભગતજી અત્યંત રાજી થયા અને થોડી વારે વિચાર કરી ભગતજી બોલ્યા : ''સાંભળો, આ જીવને સમાગમે કરીને, દર્શને કરીને, જોડાવે કરીને શુદ્ધ કરવો અને અનાદિ કર્મ બાળવા અને બ્રહ્મરૂપ કરવો તેમાં તો બેય બરાબર છે. પણ ભગવાન તે ભગવાન જ. તે તો અનાદિ સ્વયં મૂર્તિ, સર્વકર્તા, સર્વના કારણ, સર્વના નિયંતા અને પર થકી પર એવું જે અક્ષર તે થકી પણ પર છે અને અક્ષરના પણ આત્મા છે. અને વળી, કર્તુમ્, અકર્તુમ્ અને અન્યથા કર્તુમ્ શક્તિએ સહિત છે. તે ભગવાનને ભજીને અનંત તેના જેવા થયા છે, તો પણ ભગવાનની સામર્થીમાંથી લેશમાત્ર સામર્થી ઓછી થતી નથી.''

એમ કહીને નીચેનો શ્લોક બોલ્યા :

'पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥'

– બૃહદારણ્યક ઉપનિષદ, પૂર્ણાહુતિ મંત્ર

અને કહ્યું : ''એ જ ભગવાનનું ભગવાનપણું છે. માટે એ સત્પુરુષને ભગવાનને વિષે સ્વામી-સેવકપણું, ધ્યેય-ધાતાપણું તો રહે જ છે. એમ જો ન હોય તો ગ.પ્ર. ૨૧માં કહ્યું છે કે 'અક્ષરનાં બે સ્વરૂપ છે. એક તો નિરાકાર એકરસ ચૈતન્ય છે... અને એ અક્ષર બીજે રૂપે કરીને પુરુષોત્તમ નારાયણની સેવામાં રહે છે.' મૂળ અક્ષર જેવા મહારાજના કોઈ ઉત્તમ ભક્ત નથી. વળી, મૂળ અક્ષર તો સર્વના – પ્રકૃતિ, પુરુષ અને તેમાંથી ઊપજ્યા એવા જે વિરાટ અને તેમાંથી થયા એવા જે અવતારો તે સર્વના – કારણ છે, પણ તેથી પર પુરુષોત્તમ છે. તેથી જો કે અક્ષર, પુરુષોત્તમને ધામરૂપે અખંડ ધારી રહ્યા છે, છતાં તેના દાસભાવે નોખા સેવામાં પણ છે અને અક્ષરધામમાં પણ

પુરુષોત્તમ ભગવાનનો મહિમા અખંડ ગાય છે[૧૦૦] અને એ જ મુક્તિ છે એમ સંપ્રદાયમાં શ્રીજીએ કહ્યું છે.[૧૦૧] આવું સ્વામી-સેવકપણું જો મૂળ અક્ષરને છે, તો અક્ષરમુક્તને તો રહે જ.

‘‘માટે શાસ્ત્રમાંથી ભગવાનનું સ્વરૂપ જે સમજવું તે સત્પુરુષ થકી જ સમજવું અને એમ જો ન સમજે તો પૂર્વાપર ઘણો જ બાધ આવે અને પરિણામે ભગવાન સાથે અભેદભાવ કરાવી દે. આવો અભેદભાવ ભગવાનને અને મુક્તને ન થઈ જાય તે માટે શ્રીજીમહારાજે ગ.મ. ૬૭માં કહ્યું છે : ‘મેં જેટલો (ભગવાનનો) પ્રતાપ જાણ્યો હતો ને સુંદરપણું જાણ્યું હતું, તેટલું ઐશ્વર્ય અને તેટલું સુંદરપણું તો મને પણ ભગવાને આપ્યું છે, તો પણ ભગવાનનું ઐશ્વર્ય અને સુંદરપણું તે તો અતિશય અપાર દેખાય છે. માટે મારા જેવા અનંત ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે, તો પણ ભગવાન જેવો કોઈ થવાને સમર્થ થતો નથી. વળી, ભગવાનને ભજીને અનંત કોટિ વૈષ્ણવ ભગવાન સરખા થયા છે, તો પણ ભગવાનમાંથી કોઈ જાતનો પ્રતાપ અણુ જેટલો પણ ન્યૂન થયો નથી.’ આવી રીતે ભગવાનના ભક્ત ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે, છતાં ભગવાનના આવા અપરિમિત પ્રતાપનો સાક્ષાત્કાર કરી લીધો છે. અને તેથી જો કે ભગવાનના સંબંધે કરીને ભગવાનરૂપ થયા છે, છતાં ભગવાનનું સ્વરૂપ તો ‘नेति नेति’ જ લાગે છે અને તેથી ભગવાન સાથે તેને અભેદભાવ થતો નથી.[૧૦૨]

‘‘માટે પુરુષોત્તમ ભગવાન એ તો एकमेवाद्वितीयं ब्रह्म । એ નારાયણ

---

૧૦૦. દેહ મૂકીને ભાગવતી તનુએ પણ આ જ વાર્તા કરવી છે. – ગ.મ. ૧૩.

૧૦૧. तत्र ब्रह्मात्मना कृष्णसेवा मुक्तिश्च गम्यताम् । – શિક્ષાપત્રી : ૧૨૧

અર્થ : બ્રહ્મરૂપ થઈને તે ધામને વિષે (અક્ષરધામમાં) શ્રીકૃષ્ણ ભગવાનની સેવા કરવી એ અમે મુક્તિ માની છે.

૧૦૨. તે જીવાત્માને પરમાત્માનો ભેદ મોક્ષદશામાં પણ કાયમ રહે છે. ત્યાં તે મટી જતો નથી. કેમ કે निरञ्जनः परमं साम्यमुपैति । એ શ્રુતિનો અર્થ એ જ છે કે જે ઉપાસક પરમાત્માની ઉપાસનાથી માયાના અંજનથી રહિત થાય છે, તે પરમાત્માની સાથે પરમ તુલ્યતા પામે છે. તે સ્વરૂપ, સ્વભાવ, વિભૂતિ, સત્યકામ વગેરે કલ્યાણકારી ગુણોથી પરમાત્માને સમાન થાય છે, પણ સ્વરૂપ સાથે એકતા થઈ જાય એવું નથી. માટે મુક્તિ દશામાં પણ ભેદ મટ્યો નથી, કાયમ રહે છે.

– શ્રીહરિદિગ્વિજય; ૯મો ઉલ્લાસ.

જેવો તો એક નારાયણ જ છે અને બીજો કોઈ નારાયણ જેવો થવાને સમર્થ નથી. વળી, બ્રહ્મ અને પરબ્રહ્મને જે એકતા કહી છે તે તો એમ કહી છે કે બ્રહ્મને ભગવાન સિવાય બીજી કોઈ વસ્તુ દૃષ્ટિમાં જ નથી અને ભગવાનને વિષે એવા અતિશય સ્નેહને લઈને, ભગવાનની મૂર્તિને વિષે એના મનનું નિરંતર અનુસંધાન રહે છે અને આસક્ત થકો વર્તે છે.[૧૦૩] જેમ જીવ છે તે દેહ સાથે અતિ આસક્તિએ કરીને દેહરૂપ થઈ ગયો છે, પણ એ બે તત્ત્વો જીવ તથા દેહ નોખા છે, છતાં અતિ આસક્તિએ કરીને એકત્વભાવને પામી ગયા છે; તેમજ એ બ્રહ્મ થકી પરબ્રહ્મ જે પુરુષોત્તમ નારાયણ તે નોખા છે ને એ બ્રહ્મના પણ કારણ છે ને આધાર છે ને પ્રેરક છે.'[૧૦૪] છતાં પરબ્રહ્મ સાથેના સ્નેહના આધિક્યપણે કરીને, પરબ્રહ્મના પ્રવેશને લીધે એકત્વભાવને પામી ગયા છે.[૧૦૫] તે પ્રવેશ તે કેમ સમજવો ? જે, જેમ અતિશય લોભી હોય તેનો ધનમાં પ્રવેશ થાય છે ને જેમ અતિ કામી હોય તેનો મનગમતી સ્ત્રીમાં પ્રવેશ થાય છે, તેમ જેનો જીવ જે સંગાથે બંધાયો હોય તેને પ્રવેશ જાણવો; પણ જેમ જળમાં જળ મળી જાય છે, અને અગ્નિમાં અગ્નિ મળી જાય છે, તેમ પ્રવેશ નથી થતો.'[૧૦૬] આવો જે ભગવાનનો પરમ એકાંતિક ભક્ત હોય, તે પોતાનું - બ્રહ્મનું - જાણપણું કદી ભૂલતો નથી, પણ ભગવાનનું શરીર બની ભગવાનને અખંડ વિચરવાનું દ્વાર બની રહે છે. તેથી ભગવાન તેમાં સાક્ષાત્ રહીને અખંડ બોલે છે, ચાલે છે, ક્રિયા કરે છે, અને સર્વનાં કલ્યાણ પણ કરે છે. એટલે એ ભક્ત ભગવાનનું સ્વરૂપ પણ કહેવાય છે.

"શ્રીજીમહારાજનો આ સિદ્ધાંત જેમ છે તેમ સમજ્યા વિના છૂટકો જ નથી. એ જો બરાબર ન સમજાય તો વેદાંતનો અભેદભાવ કેવળ અતિ મહિમાએ કરીને જીવમાં સોંસરો ઊતરી જાય અને બ્રહ્મ-પરબ્રહ્મનો યથાર્થ ભેદ જ ઊડી જાય; એટલે ઉપાસનામાંથી જીવ અંતે પડી જાય. શ્રીજીમહારાજે તો ઉપાસનામાંથી જીવ કોઈ રીતે ન પડે એટલા માટે જ જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મનાં અન્વય અને વ્યતિરેક સ્વરૂપ સ્પષ્ટ સમજાવ્યાં છે અને

---

૧૦૩. ગ.અં. ૩૩.

૧૦૪. ગ.મ. ૩.

૧૦૫. क्वचित्तदङ्गेऽतिस्नेहात्स तु ज्ञेयस्तदैकलः ॥ – शिक्षापत्री : १११

૧૦૬. ગ.મ. ૩૮.

અનાદિ ભેદ બતાવ્યા છે. આત્યંતિક પ્રલય વખતે જીવ અને ઈશ્વરની ઉપાધિ માયામાં સમાય છે અને માયા બ્રહ્મમાં લીન થાય છે, પણ બ્રહ્મ પરબ્રહ્મમાં લીન થાય છે એવું કહ્યું નથી. ઊલટું ભગવાનનું અક્ષરધામ ને તે ધામને વિષે રહી જે ભગવાનની મૂર્તિ અને તે ધામને વિષે રહ્યા જે ભગવાનના ભક્ત તે ત્રણ અખંડ રહે છે.[૧૦૭] વળી, શિક્ષાપત્રીમાં પણ બ્રહ્મરૂપ થઈને ભગવાનની ભક્તિ કરવાની કહી છે અને તેને જ મુક્તિ માની છે. માટે બ્રહ્મ થકી પરબ્રહ્મ વિલક્ષણ છે.[૧૦૮] છતાં શરીર-શરીરી ન્યાયે - यस्मात्मा शरीरं - બ્રહ્મમાં પરબ્રહ્મ પ્રગટ થાય છે અને ત્યારે તે બ્રહ્મને પણ લીન કરી, તેના ભાવને દબાવી, પોતે સ્વરાટ થકા એકલા જ વિરાજમાન રહે,[૧૦૯] એવે વખતે એ બ્રહ્મ છે તે પરબ્રહ્મ સ્વરૂપે જ વર્તતા દેખાય છે; પણ બ્રહ્મના વ્યતિરેક સ્વરૂપનો લય થતો જ નથી. પરબ્રહ્મના સંબંધથી, એવા અનંત મુક્તોનાં ઈન્દ્રિયો-અંતઃકરણ પુરુષોત્તમરૂપે થાય છે; તેથી તે સર્વે પુરુષોત્તમરૂપે જ દેખાય.[૧૧૦] પણ તે સર્વેનું વિશિષ્ટ તત્ત્વ તો એક સહજાનંદ સ્વામી જ છે.

"વળી, શ્રીજીમહારાજે વેદરસમાં પણ કહ્યું છે કે 'હે પરમહંસો ! નિર્લોભી, નિષ્કામી, નિઃસ્પૃહી, નિઃસ્વાદી અને નિર્માની એ પંચવર્તમાનમાં રહીને પોતાના જીવને અને અક્ષરબ્રહ્મને એક માનીને જે પુરુષોત્તમની ઉપાસના કરે છે તે પુરુષને ધન્ય છે અને અક્ષર અને પોતાના જીવને ભેદપણે કરીને જાણે છે અને પોતાના જીવને વિષે અક્ષરને એકપણે નથી કરતા, તેને ધિક્કાર છે. અને જે પુરુષોત્તમને વિષે સ્વામી-સેવકપણે નથી વર્તતા અને એકત્વપણે વર્તે છે તેને પણ ધિક્કાર છે.' શ્રીજીમહારાજ સ્થાપિત વિશિષ્ટાદ્વૈત મતનો પણ આ જ અર્થ છે જે, જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મ (જડ ચિદાત્મક) જેનાં વિશેષણ છે, એવું વિશિષ્ટ પરબ્રહ્મનું એક જ તત્ત્વ-સ્વરૂપ છે. विशिष्टस्य अद्वैतं विशिष्टाद्वैतम् । માટે ભાગવત, શ્રુતિ, સ્મૃતિ, ગીતા અને આપણા વચનામૃતમાં જ્યાં જ્યાં ભગવાનના સ્વરૂપની વાત આવે છે, ત્યાં તે

---

૧૦૭. ગ.મ. ૨૪.

૧૦૮. લોયા. ૧૫.

૧૦૯. લોયા. ૧૩.

૧૧૦. *સહજાનંદ સિંધુ રે સખી જો સભર ભર્યો રે, એકરસ અખંડ ને અવિનાશ.*

— નિષ્કુળાનંદ સ્વામી

સ્વરૂપનું વર્ણન જ નોખું પાડ્યું છે; પણ સમજનારાની બુદ્ધિ ભેદે કરીને, પોતાની સમજણ પ્રમાણે સમજે છે.

''ભગવાનનું સ્વરૂપ આમ સ્પષ્ટ જો ન સમજે તો ભગવાન સર્વ કારણના પણ કારણ છે, તો તેનું કાર્ય શું ? સર્વના નિયંતા છે તો નિયામ્ય કોણ ? એ બધા ભાવો ટાળી નાખીએ તો બધા ભગવાન થઈ જાય અને अन्तः प्रविष्टः शास्ता जनानां सर्वात्मा । એ શ્રુતિનો[૧૧૧] અર્થ પણ ઠીક બેસે નહિ અને જો એમ થાય તો જગતની સ્થિતિ પણ એક રહે નહિ.[૧૧૨] માટે એ બંને સ્વરૂપમાં ભેદ છે, તે સમજે જ છૂટકો છે.''

---

૧૧૧. બૃહદારણ્યક ઉપનિષદ.

૧૧૨. ગ.અં. ૩૯.

अपरिमिता ध्रुवास्तनुभृतो यदि सर्वगतास्तर्हि न शास्यतेति नियमो ध्रुव ! नेतरथा ।
अजनि च यन्मयं तदविमुच्य नियंतृ भवेत्सममनुजानतां यदमतं मतदुष्टतया ॥

– ભાગવત : ૧૦/૮૭/૩૦

અર્થ : હે ધ્રુવ ! કે'તાં સદા નિત્ય મૂર્તિ એવા ભગવાન ! અપરિમિત એવા અને સદા નિત્યપણે વર્તતા એવા જે દેહધારી જીવ, તે જ્યારે સાક્ષાત્ તમારી ઉપાસનાએ કરીને તમારા સાધર્મ્યપણાને પામ્યા થકા મુક્તભાવને પામે છે, ત્યારે પણ તમારી પેઠે સ્વતંત્ર તો નથી જ થતા અને જો સ્વતંત્ર થાય તો તમારે અને એમને સમપણું આવે. માટે એ સર્વના શિક્ષક જે તમે, તેને એમનું જે શિક્ષા કરવા યોગ્યપણું તે ન ઘટે; તથા એ સર્વના નિયંતા જે તમે, તે તમારે એ સર્વને નિયમમાં રાખવું તે પણ ન ઘટે; અને જો મુક્ત સ્વતંત્ર ન થાય તો ઘટે. તે માટે એ મુક્ત જે તે ક્યારેય સ્વતંત્ર નથી. સ્વતંત્ર અને સર્વના સ્વામી તો એક તમે જ છો, કેમ જે અનાદિ સ્વતઃસિદ્ધ અને નિરવધિકાતિશય જે જ્ઞાન, બળ, તેજ, ઐશ્વર્ય, આનંદરૂપ લાવણ્યતા, સુંદરતા એ આદિક જે ગુણગણ, તેના સમુદ્રરૂપ એવા તો તમે એક જ છો. અને એ મુક્તને વિષે જે પોતાથી ઓરા જીવ, ઈશ્વરનું નિયંતાપણું ને શિક્ષકપણું તે જે તે તમારી સાક્ષાત્ ઉપાસનાએ કરીને એમના, તમારા ઐશ્વર્ય ગુણના લેશને ન મૂકીને કે'તા એને લઈને, એ નિયંતાપણું અને શિક્ષકપણું છે. અને જે પુરુષ આવી રીતે નથી સમજતો ને સ્વતંત્ર અને સર્વના સ્વામી એવા પરમેશ્વર પરમાત્મા પરબ્રહ્મ પુરુષોત્તમ વાસુદેવ નારાયણ જે તમે ને બીજા મુક્ત તેને સમપણે જાણે છે, તે પુરુષના મનની દુષ્ટતા છે. કે'તાં એમનો જે એ મત તે અનૃત છે, કે'તાં અનાદિ સદ્શાસ્ત્રો ને સદ્ગુરુ તેમના મતથી વિરુદ્ધ છે; માટે સત્યપણે માનવા યોગ્ય નથી.

– વેદસ્તુતિ ગદ્યની ટીકા, નિત્યાનંદ સ્વામી કૃત.

આ પ્રમાણે દીવાનજીએ જે જે પ્રશ્નો પૂછ્યા તેના યથાર્થ ઉત્તર કરી તેમના મનનું સમાધાન કર્યું. પછી તેણે ભગતજીની બહુ જ સ્તુતિ કરી અને ગદ્‌ગદ કંઠે બોલ્યા : ‘‘તમે તો સાક્ષાત્ બ્રહ્મરૂપ સત્પુરુષ છો અને તમારામાં તો પ્રગટ ભગવાન અખંડ નિવાસ કરીને રહ્યા છે અને અણુમાત્ર છેટા નથી. આપ તો અનુભવી છો, જ્ઞાની છો; માટે મને તે રસ્તે ચડાવો. અને ગમે તેમ કરીને પ્રગટ પ્રમાણ શ્રીજીમહારાજને વિષે અચળ નિષ્ઠા કરાવો અને નિસ્તર્કપણે તે સ્વરૂપમાં જોડાઈ જવાય તેમ કૃપા કરો. મારા અનંત જન્મના ગુના માફ કરીને ગુરુજી ! મારા તરફ જુઓ.’’ એમ ઘણી જ સ્તુતિ વિનીત ભાવે કરી.

ધર્મ દૃઢ થાય ત્યારે જ્ઞાન ટકે

દીવાનજીનો આવો અત્યંત દીનભાવ જોઈ ભગતજી ઘણા જ રાજી થયા અને તેમનાં આવાં વચન સાંભળીને તેમના પ્રત્યે બોલ્યા :

‘‘તમારે આ દેહ મૂકીને અક્ષરસ્વરૂપ થઈને સાક્ષાત્ પ્રગટ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામીની અખંડ સેવામાં રહેવું હોય, તો પ્રથમ ધર્મ દૃઢ રાખવો જોઈએ. જ્યારે ધર્મ દૃઢ થાય ત્યારે જ્ઞાન ટકે અને જ્ઞાન થાય ત્યારે વિવેક આવે અને વિવેકમાંથી વૈરાગ્ય પ્રગટે. જ્ઞાનાંશનો વૈરાગ્ય પ્રગટે, ત્યારે જ વિષયમાંથી છૂટીને બ્રહ્મરૂપ થઈને પ્રભુમાં પ્રીતિ થાય. માટે પ્રથમ ધર્મ દૃઢ જોઈએ. તે ધર્મ એટલે શું ? શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં જે જે આજ્ઞા કરી છે તે ધર્મ છે. અગિયાર નિયમમાં ફેર પડવા દેવો નહિ. દેહે કરીને તેમ વર્તવું અને મન અને વચને કરીને તો તેમાં ફેર પડવા દેવો જ નહિ. જો ધર્મનો સર્ગ અંતરમાં નિવાસ કરશે, તો જ ભક્તિ પતિવ્રતા છે તે આવશે અને જ્ઞાન, વૈરાગ્ય જે ભક્તિના પુત્ર છે તે પણ આવશે. પછી ભગવાન જે ભક્તિ-ધર્મના પુત્ર છે, તે અખંડ નિવાસ કરશે. માટે ધર્મ તો પ્રથમ જ શીખવો. ગીતામાં પણ પ્રથમ કર્મકાંડ છે. એ કર્મકાંડરૂપ ધર્મ અંતરમાં જો રહેશે, તો જ ઇન્દ્રિયો, અંતઃકરણ નિયમમાં વર્તશે. એવી રીતે જ્યારે વર્તાય ત્યારે સાધુ કહેવાય. પરંતુ જો નિયમમાં ન રહે, તો મન અધર્મના ઘાટ ઘડે અને વ્યભિચારી થઈને વિષયમાં આસક્ત થઈને ભગવાનના માર્ગમાંથી પાડી દે. માટે ગમે તેટલું શાસ્ત્રનું જ્ઞાન શીખશો, પરંતુ ઇન્દ્રિયો, અંતઃકરણ કબજે કરવા અને આ દેહે

કરીને ધર્મ વિરુદ્ધ આચરણ કરવું જ નહિ. એટલો પ્રથમ એકડો આવડશે તો જ જ્ઞાન ટકશે. માટે આગળ જો કંઈક ધર્મ વિરુદ્ધ આચરણ થઈ ગયું હોય તો સત્પુરુષનો આશ્રય કરવાથી અને તેમની આજ્ઞા પ્રમાણે વર્તવાથી છૂટી જવાય છે અને શુદ્ધ સૂર્યના કિરણ જેવો જીવ થઈ જાય છે. પછી જે જે સત્કર્મ કરે તે અનંતગણું થાય.''

ભગતજીએ આટલી વાત કરી, એટલે દીવાન સાહેબ એકદમ ગળગળા થઈ ગયા અને ભગતજીનાં ચરણ પકડીને રડતાં રડતાં નિષ્કપટભાવે મન, કર્મ અને વચનના જે જે ગુના હતા તે સર્વે ભગતજીને કહ્યા. પછી ભગતજીએ પણ તે સર્વ પાપમાંથી તેમને મુક્ત કરી દીધા. આ પ્રમાણે દીવાન સાહેબ ભગતજીનો પ્રૌઢ પ્રતાપ અને બ્રહ્મજ્ઞાનની અમીવર્ષાથી મુગ્ધ થઈ બીજે સર્વ ઠેકાણેથી નિરાશ્રયી થઈ ભગતજીના અનન્ય આશ્રિત થયા.

દીવાનજીને ભજનાનંદી થતાં શિખવાડે છે

ભગતજીએ તેમનો આવો શિષ્યભાવ જોઈ તેમને બળ પમાડવા માટે બે દિવસ થોડું તપ કરાવ્યું અને શ્રીજીમહારાજની ઉપાસનાની ઘણી વાતો કરીને કહ્યું : ''આત્મા સૂર્ય જેવો શુદ્ધ થયો છે, માટે પ્રત્યક્ષ સત્પુરુષ જે શ્રીજીનું સ્વરૂપ છે તેમાં આસક્ત થાઓ અને અખંડ ભજન કરો.'' એમ કહી ભજન કરવાની રીત બતાવી.

પછી ભગતજીએ કહ્યું : ''પ્રથમ તો સ્વસ્તિક આસને બેસવું, નેત્ર ઉઘાડાં રાખવાં અને સન્મુખ શ્રીજીમહારાજની મૂર્તિ રાખવી અને તે મૂર્તિમાં મટકા રહિત વૃત્તિ જોડવી. પછી અંતરમાં પણ શ્રીજીની મૂર્તિ રાખવી અને કંઠ તથા હોઠ હલવા દેવા નહિ. આમ કરતાં જો સંકલ્પ થાય તો 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' એમ ભજન કરવું.''

તે પ્રમાણે દીવાનજીએ રોજ કલાક કલાક કરવા માંડ્યું. ભગતજી પણ તેમને વારે ઘડીએ કહે : ''ભજન ભૂલવું નહિ, ભજનાનંદી થશો ત્યારે વિષયાનંદી મટશો, માટે ભૂલશો નહિ. ભજનમાં જ માલ છે. આગળ જે જે મોટી પદવીને પામ્યા છે, તે પ્રત્યક્ષ મૂર્તિની ઉપાસના તથા ભજનથી જ પામ્યા છે અને આ વાત તમારા હાથમાં આવી છે તે તમારાં બહુ જ મોટાં ભાગ્ય છે.'' એમ બે-ત્રણ દિવસ ઉપાસના તથા ભજન સંબંધી ઘણી જ વાતો

કરી. દીવાન સાહેબ પણ અંતરના સર્વ દોષોથી નિવૃત્ત થઈ ગયા એટલે તેમને ભજનનું સુખ આવવા લાગ્યું. પછી તો અખંડ ભગતજીની સામે જ જોઈ, અંતઃકરણ સ્થિર કરી, મૂર્તિ પકડીને બેસી રહે. તેથી ભગતજીને લાગ્યું કે હવે ખરો વેગ લાગ્યો છે અને ખરી આસક્તિ થઈ છે.

પોતાના સ્વરૂપનો અને પરમાત્માના સ્વરૂપનો વિચાર કેમ કરવો ?

દીવાન સાહેબને શુદ્ધ સબીજ જ્ઞાન અંતરમાં ઊતરી ગયું એટલે ભગતજીએ તેને પુષ્ટિ આપવા માટે હવે આત્મારૂપ[૧૧૩] થઈ પુરુષોત્તમમાં જોડાવાની વાત કરવા માંડી. ભગતજીએ કહ્યું : ''ભજન કરતાં કરતાં જ્યારે જીવમાં બહુ બળ આવે ત્યારે આત્માનો સાક્ષાત્કાર થાય. તે આત્મા કેવો છે ? તો શુદ્ધ છે, ચૈતન્ય છે અને ત્રણ દેહ, ત્રણ ગુણ, ત્રણ અવસ્થાથી નોખો છે. તે આત્માની અક્ષર સંગાથે એકતા કરવી અને અખંડ એમ માનવું કે 'હું આત્મા છું, અક્ષર છું, બ્રહ્મ છું, સચ્ચિદાનંદ છું, અખંડાનંદ, ભજનાનંદ, ગોવિંદાનંદ, પૂર્ણાનંદ, બ્રહ્માનંદ છું' - એમ પોતાના સ્વરૂપનો નિરંતર વિચાર કરવો અને પ્રગટ ભગવાન મારા આત્માને વિષે અખંડ વિરાજે છે, અને હું તો તેમનો દાસાનુદાસ છું. આવું ઉત્તમ જ્ઞાન મને મળ્યું તે સંતના પ્રતાપે મળ્યું છે. ને સંત પણ નિરંતર ભગવાનની ઉપાસના કરે છે. તે ભગવાન કેવા છે ? તો અનંત કોટિ મુક્તો તથા મૂળ અક્ષર પણ તે ભગવાનની ઉપાસના કરે છે અને અખંડ આજ્ઞામાં હાથ જોડીને ઊભા છે. વળી, ચાર વેદ જેના પારને પામતા નથી અને મોટા મોટા કવિ પણ જેના પારને પામતા નથી અને પરસ્પર વિચાર કર્યા કરે છે કે 'ભગવાન આવા છે, ભગવાન આવા છે' તો પણ તેના મહિમાના પારને નથી પામતા અને અંતે 'નેતિ નેતિ' એમ કહે છે, પરંતુ કંઈ નિર્ધાર કરી શકતા નથી. એવા અપાર એ ભગવાન છે. એવી

---

૧૧૩. અહીં એટલું સમજવું જરૂરી છે કે ઉપાસનાવાળા જે ભક્ત છે તે આત્મામાં પરમાત્મા રહ્યા છે એમ માને છે અને આ સબીજ જ્ઞાન છે. જ્યાં સુધી આ સબીજ બ્રહ્મજ્ઞાનમાં પ્રતીતિ ન આવે ત્યાં સુધી જો કેવળ બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ સાંભળે અથવા તેમાં પ્રતીતિ આવે, તો તે કેવળ બ્રહ્મજ્ઞાની થઈને ભક્તિ થકી પડી જાય છે. એટલે જ ભગતજીએ દીવાન સાહેબને પ્રથમ ધર્મની, વૈરાગ્યની, ઉપાસના-ભક્તિની વાત કરી અને બ્રહ્મ થઈને જ બ્રહ્મથી પર પરબ્રહ્મની ભક્તિ કરવાની છે એવું જ્ઞાન કરાવીને પછી જ શુદ્ધ સબીજ બ્રહ્મજ્ઞાનની વાતો કરવા માંડી.

રીતે ભગવાનના સ્વરૂપનો મહિમા નિરંતર વિચારવો, તો સાક્ષાત્ પ્રત્યક્ષ અનુભવ જ્ઞાન થાય.''

એટલી વાત કરીને લોયાનું ૧૦મું વચનામૃત વંચાવીને પાંચ-સાત વખત દીવાનજી પાસે બોલાવ્યું : ''આવું જે માયા થકી પર શુદ્ધ જ્ઞાન તેને હું પામ્યો, તે સંતના પ્રતાપે પામ્યો છું અને તે સંત પરમેશ્વરના ભક્ત છે અને પરમેશ્વર છે તે તો સર્વાત્મા એવા જે બ્રહ્મ તેના પણ આત્મા છે અને અક્ષરના પણ આત્મા છે અને અનંત કોટિ જે મુક્ત તેના પણ આત્મા છે; એવા જે પરબ્રહ્મ પરમાત્મા નારાયણ તેનો હું બ્રહ્મરૂપ એવો દાસ છું.'' એમ બોલાવીને ગોખાવ્યું અને કહ્યું : ''આ વચનામૃત સિદ્ધ થાય, એટલે જ્ઞાનનો અવધિ આવ્યો.''

આ ડોસો પણ મહારાજ સાથે તમને દેખાશે

પછી સા. ૧૦મું વચનામૃત વંચાવીને કહ્યું : ''આવી રીતે નિરંતર પોતે શરીર અને ભગવાન શરીરી છે એમ ધારવું.'' એવી જ્ઞાનની અપાર વાતો કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તેમના અંતરમાં ઠસાવી શ્રીજી-મહારાજનો સર્વોપરી નિશ્ચય કરાવ્યો અને પછી બહુ જ રાજી થઈ કોલ આપ્યો કે ''જાઓ, તમને શ્રીજીમહારાજ અંતકાળે તેડવા આવશે.''

ત્યારે દીવાન સાહેબે કહ્યું : ''મહારાજ ! મેં તો શ્રીજીમહારાજને દીઠા જ નથી. તે હું શી રીતે ઓળખીશ ?''

ત્યારે ભગતજી હસતાં હસતાં બોલ્યા : ''આ ડોસો તમારી સાથે બોલે છે તે સાથે આવશે એટલે ઓળખશો.'' એવી રીતે અપાર વાતો દીવાનજીને કરીને તેમને અપરંપાર સુખ આપ્યું.

વાંસદાના રાજા ભગતજીનાં દર્શને

દીવાનજીએ વાંસદાના મહારાજા પ્રતાપસિંહજીને કહ્યું હતું કે ''અમારે ઘેર બ્રહ્મનિષ્ઠ સત્પુરુષ પધાર્યા છે. તે બહુ જ્ઞાની અને સમર્થ છે.''

એટલે રાજા સાહેબ બીજે દિવસે સંધ્યા આરતી સમયે આવ્યા. દીવાનજીએ ખાસ બેઠક કરી રાખી હતી. ગાદી-તકિયા ઉપર મહારાજા બેઠા અને ભગતજી પણ તેમની સાથે બેઠા. પછી દીવાન સાહેબે ભગતજીને કહ્યું :

"થોડી વાતો કરો."

એટલે ભગતજીએ રાજા સાહેબને સંબોધીને કહ્યું : "રાજ્ય અધિકારી હોવા છતાં પણ આવી નમ્રતા, વિનય, ડહાપણ અને ન્યાય છે અને કોઈ જાતનું વ્યસન નથી, માટે તમારાં મોટાં ભાગ્ય છે. હું તો અહીં આવી બહુ જ રાજી થયો છું; કેમ કે, આ મહાપ્રસાદીનું અને શ્રીજીમહારાજ પધારેલ તે વૃંદાવન જેવું અતિ પવિત્ર ગામ છે. આ ગામની ધૂળ જે માથે ચડાવશે તેના પુણ્યનો પણ પાર નથી. આ ગામમાં આવી ઝાડની ઘટા, બગીચા, વાડી વગેરે જોઈ તપ કરવા માટે ઉત્તમ સ્થાન છે." એમ ઘણી જ પ્રશંસા કરી. રાજા સાહેબ પણ ઘણા જ રાજી થયા.

પછી દીવાનજીએ રાજ્યની રીત પ્રમાણે પાન, સોપારી, અત્તર વગેરેથી રાજાનું સન્માન કર્યું. એ પછી મહારાજા સાહેબ ઊઠીને ઘેર ગયા.

ચાર વેદનો ભણેલો હોય પણ અહીંયાં ચાલે તેમ નથી

બીજે દિવસે પણ મહારાજા ભગતજીનાં દર્શને આવ્યા અને ભગતજીને કહ્યું : "આપ વૃત્તિ ખેંચીને માળા ફેરવો છો એમ દીવાનજી કહે છે. તે મને આપ બતાવો." એટલે ભગતજીએ તે પ્રમાણે વૃત્તિઓ ખેંચી દસ માળા ફેરવી. પછી 'ભક્તચિંતામણિ'માંથી શ્રીજીમહારાજ વાંસદા પધાર્યા એ પ્રકરણ વંચાવ્યું અને ઘણી જ વાતો કરી.

પછી નાયબ દીવાન જે દરબાર સાથે આવ્યા હતા તેમણે ભગતજીને પૂછ્યું : "સ્વામિનારાયણ ભગવાન હતા તો અયોધ્યામાં પંથ કેમ ન ચલાવ્યો અને અહીં કેમ આવ્યા ?"

ત્યારે ભગતજી કહે : "કોઈ કરોડપતિ શાહુકાર હોય અને તેણે કોઈ પરદેશમાં રૂપિયા ધીર્યા હોય તે લેવા સારુ પરદેશ જાય કે ન જાય ?" એમ વાત કરી એટલે સર્વે હસી પડ્યા અને નાયબ દીવાન બોલતા બંધ થયા.

પછી દરબારે કહ્યું : "જેને પૂછવું હોય તે પૂછો. ભલે ચાર વેદનો ભણેલો હોય, પણ અહીંયાં ચાલે તેમ નથી." એ પછી દરબારે ભગતજીને કહ્યું : "આપને અમારા બાગમાં પધરાવવા છે તો આપ ક્યારે પધારશો ?"

ત્યારે ભગતજી બોલ્યા : "હું તો માંદો છું, એટલે આ વૈદ્યને અખંડ પાસે રાખું છું."

ત્યારે દરબારે કહ્યું : ‘‘આપના સારુ મારી બગી મોકલું.’’ એ પ્રમાણે નક્કી કરી બીજે દિવસે બાગમાં પધરામણી કરી. આ પ્રમાણે વાંસદામાં અદ્‌ભુત સમાસ થયો.

પુરુષોત્તમદાસજીને ગોળી આપી ઘાટ બંધ કર્યા

ઉનાઈ માતાથી વરીઆવના કાશીરામ બ્રાહ્મણ રોજ ભગતજીનો સમાગમ કરવા આવતા અને વાતો સાંભળી બહુ જ રાજી થયા. પછી ભગતજીને તેણે હાથ જોડી કહ્યું : ‘‘મહારાજ ! મારે ગામ આપ ન પધારો ?’’

ત્યારે ભગતજી કહે : ‘‘આચાર્ય મહારાજની આજ્ઞા વિના મારાથી અવાય નહિ.’’

એક બારોટ નિત્યે આવતો અને ભગતજીને ‘બાપજી, બાપજી’ કરે અને ખૂબ સેવા કરે. માતરના મિસ્ત્રી મૂળજીભાઈ પણ આવ્યા હતા. તેને અને ગોવિંદભાઈ માસ્તરને ભગતજીએ એક માસના ધારણાં-પારણાંનો નિયમ આપ્યો અને તે પ્રમાણે પ્રાયશ્ચિત્ત આપી શુદ્ધ કર્યા.

વળી, પુરુષોત્તમદાસજી કહે : ‘‘મને બહુ જ ઘાટ થાય છે.’’

ત્યારે ભગતજીએ કહ્યું : ‘‘ઠીક, હવે મટી જશે.’’

તે દિવસથી જ તેમને મરડો થયો અને વીસ વીસ વખત ઝાડે ફરવા જાય અને મેડેથી હેઠે ઊતરાય નહિ, એ પ્રમાણે થયું. એટલે ભગતજીએ વૈદ્યને કહ્યું : ‘‘આને ગોળીઓ આપો.’’ ત્યારે વૈદ્યે ગોળીઓ આપી. તેથી બીજે દિવસે ભગતજીની ઈચ્છાથી મટી ગયું અને ચાર લાડુ ખવરાવ્યા.

આ પ્રમાણે ચાર દિવસનો મરડો મૂકીને, ગોળી આપી, ઘાટ બંધ કરાવી દીધા. અનંત વર્ષના તપથી પણ જે સંકલ્પો નિવૃત્ત ન થાય તે આવા અતિ મોટાપુરુષે આમ દૃષ્ટિમાત્રે બીજાને નિમિત્ત બનાવી ટાળી નાખ્યા !

આવા દીવાનજી જેવા દસ કરીશ

સ્વામી વિજ્ઞાનદાસજી પણ નાના વિદ્યાર્થીઓને બોલાવી વાતો કરે અને ભગતજી પાસે લઈ જઈ વર્તમાન ધરાવે. આમ, વાંસદામાં એક માસ પર્યંત બ્રહ્મજ્ઞાનનો યજ્ઞ કર્યો.

પછી વિજ્ઞાનદાસજી પાસે ભગતજીએ વરતાલ કોઠારી ઉપર કાગળ

લખાવ્યો : ''અમારે અહીં સમાગમ સારો થયો છે અને હવે વરતાલ આવવા ઇચ્છા છે અને વચ્ચે સુરત ઊતરવું છે.''

તે કાગળનો જવાબ આવ્યો : ''બારોબાર અમાસને દિવસે વરતાલ આવશો અને સુરત ઊતરશો નહિ.''

આ કાગળ મળ્યો એટલે ભગતજીએ નીકળવા વિચાર કર્યો અને દીવાનજીને વાત કરી. ત્યારે દીવાનજીને કહ્યું : ''એક માસ હજુ વધારે રહો. આમ એકદમ જવાય નહિ.'' એમ ઘણી તાણ કરી અને દિલગીર થઈ ગયા.

તે જ દિવસે વરતાલથી કોઠારીનો બીજો કાગળ આવ્યો અને તેમાં કંઈક ઉપાધિ જેવું લખ્યું હતું. એટલે ભગતજી બોલ્યા : ''આવા દીવાનજી જેવા આઠ-દસ કરીશ. તે પછી સભામાં કોઈ બોલશે નહિ અને બધા દબાઈ જશે. ભગવાન તો સંતદ્વારે પ્રગટ છે, તે કોઠારીને ખબર નથી.''

ભગતજીની મહેલમાં પધરામણી

પછી વરતાલ જવાની તૈયારી કરી. એટલે મહારાજા પ્રતાપસિંહજીએ પોતાના મહેલમાં પધરામણી કરાવી. શ્રીજીમહારાજ જે જગ્યામાં બેઠા હતા તે પ્રસાદીની જગ્યામાં બેઠક કરી. પરંતુ ભગતજીએ આવીને તુરત જ પૂછ્યું : ''મહારાજ અહીં બેઠા હતા ?''

ત્યારે દરબારે કહ્યું : ''હા, શ્રીજીમહારાજની આ પ્રસાદીની બેઠક છે અને અહીં મહારાજ રાત રહ્યા હતા.''

એટલે ભગતજી તે જગ્યાએ દંડવત્ કરીને સામે બેઠા અને દરબારને કહ્યું : ''આ તો અતિ પવિત્ર પ્રસાદીની જગ્યા છે. તેનો આપણા વપરાશ માટે ઉપયોગ થાય નહિ.''

પછી *'મધુબન કે'* એ કીર્તન બોલાવ્યું. પછી દરબારે પૂજા કરી, રૂપિયા ભરી થાળ ધર્યો. ત્યારે ભગતજીએ તેમાંથી એક રૂપિયો જ ફક્ત લીધો. પછી રાજાને 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' નામની એક માળા ફેરવવાનો ભગતજીએ નિયમ આપ્યો અને પછી ઊઠીને દીવાનજીને ઘેર આવ્યા.

વાંસદાથી વિદાય

દીવાનજીએ બધા સાધુને ચાદરો ઓઢાડી અને ભગતજીને સઘળો

પોશાક અર્પણ કર્યો અને સો રૂપિયા ધર્યા, પરંતુ ભગતજીએ તે ન લીધા. દીવાન સાહેબે ઘણો આગ્રહ કર્યો ત્યારે પરાણે પાંચ રૂપિયા પોતા સારુ દૂધના લીધા અને પાંચ રૂપિયા લક્ષ્મીનારાયણ દેવના થાળના લીધા. દીવાનજીએ અર્ધો મણ મધનો ડબ્બો આપ્યો અને નારણભાઈ તથા વૈદ્યને ધોતિયાં ઓઢાડ્યાં. પછી સરકારી બે ગાડીમાં બેસી સર્વે બાગમાં ગયા. બાગમાં ફરી, પ્રસાદીનો કરી, અનેકનો ઉદ્ધાર કરી, ભગતજી તથા સંતો અને તેમની સાથે આવેલ હરિભક્તો નીકળ્યા. દીવાનજી એક ગાઉ સુધી વળાવવા આવ્યા. પછી તેમને ભગતજીએ પાછા વાળ્યા. તે જ્યાં સુધી સિગરામ દેખાયા ત્યાં સુધી અત્યંત ઉદાસ થકા દર્શન કર્યાં અને પછી પાછા વળ્યા.

ભગતજી તથા સંઘ સાંજના પાંચ વાગે કથરોટ પહોંચ્યા. ત્યાં સરકારી બંગલામાં ભગતજીને માટે અગાઉથી પલંગ, પાણી, ઉકાળા, નાસ્તા વગેરે તૈયાર રાખ્યું હતું. તેથી ભગતજી થોડી વાર પલંગમાં પોઢી ગયા અને સર્વે હરિભક્તોએ ઉકાળો પીધો. સરકારી બાગમાંથી ત્યાંના માળીએ ગુલાબ, મોગરાનો હાર બનાવી ભગતજીને ધરાવ્યો. સાધુ તથા બીજા હરિભક્તો નાહવા ગયા.

પછી રાત્રે નીકળ્યા અને બે વાગે બીલીમોરા સ્ટેશને આવ્યા. ત્યાં સવાર સુધી સૌ સૂતા. દીવાનજીએ મધના બે ડબ્બા ભરીને સાથે મોકલ્યા હતા તેમાંથી એક ડબ્બો ભગતજીએ સુરત મંદિરમાં મોકલ્યો અને બીજો ડબ્બો માતરના મૂળજીભાઈને સોંપ્યો અને કહ્યું : ''તમો વરતાલ આ ડબ્બો પહોંચાડીને પછી ઘેર જજો.''

ધૂળિયાના ભાઈદાસ પાટીલને કહ્યું : ''તમે ઘેર જાઓ.''

ગોવિંદભાઈ તથા કાલિદાસ તથા નારણભાઈ એ ત્રણેને કહ્યું : ''તમો આ મધનો ડબ્બો લઈ સુરત જાઓ અને અમારા વતી દેવનાં દર્શન કરજો. ડબ્બો આપી બીજે દિવસે ભરૂચ જજો અને ત્યાંથી વડોદરા આવી ચાણસદ આવજો.'' પોતે, ઝવેરભાઈ, વૈદ્ય તથા ચાર સાધુ એટલાએ ઈટોલા ઊતરવું એવો ઠરાવ કર્યો.

ઠરાવ પ્રમાણે સૌએ ટિકિટ લીધી અને ગાડીમાં બેઠા. ત્યારે ભગતજીએ કાલિદાસને કહ્યું : ''તમારા ભેગા ભગવાન છે એમ મને લાગે છે. જુઓને, કાલે ક્યાં હતા અને આજે ક્યાં છીએ ?'' એમ વિનોદ કર્યો.

પછી સુરત ઊતરનારા સુરત ઊતરી ગયા અને ભગતજી, વૈદ્ય તથા ઝવેરભાઈ અને ચાર સાધુ ચાણસદ જવા ઈટોલા ઊતર્યા. એ વખતે પુષ્કળ વરસાદ વરસતો હતો અને કોઈ રીતે ચલાય એવું નહોતું, એટલે સૌ સ્ટેશને જ વરસાદ બંધ પડવાની રાહ જોઈને બેઠા.

એટલામાં દરૂભાઈ તથા મનસુખભાઈ 'ભગતજી ચાણસદ પધાર્યા છે' તે ખબર જાણી, ચાણસદ ગયા હતા, પણ ત્યાં ભગતજીને ન જોતાં, ત્યાંથી ઘોડું લઈને સ્ટેશને આવ્યા. ત્યાં ભગતજી, સંતો તથા હરિભક્તો બેઠા હતા. પછી ભગતજીને ઘોડી ઉપર બેસાર્યા અને સૌ ત્યાંથી નીકળ્યા. વિશ્વામિત્રી નદી આવી એટલે દરૂભાઈએ ભગતજીને ખભા ઉપર ઊંચકીને, નદી પાર ઉતાર્યા. ભગતજીનાં વસ્ત્રો સર્વે પલળી ગયાં હતાં. એ પ્રમાણે, ચાણસદ પહોંચ્યા. અહીં આવ્યા પછી ભગતજીને કોરાં વસ્ત્ર પહેરાવીને, સગડી કરી ખૂબ શેક કર્યો.

બીજે દિવસે નારાયણભાઈ સુરત, વડોદરા થઈને શિવશંકરભાઈને લઈને ચાણસદ આવ્યા. ભગતજી ચાણસદ પધાર્યા છે તે ખબર મળતાં, વડોદરાથી માવસંગ ભગત તથા શંકરભાઈ આવ્યા. ઠાસરાવાળા મોતીલાલ પણ આવ્યા. આમ, હવે મુમુક્ષુઓનો પ્રવાહ વરસાદ હોવા છતાં પણ ચાણસદ તરફ ઊપડ્યો.

ચાણસદમાં ભજનનું પ્રકરણ

ભગતજીએ ચાણસદમાં એવું પ્રકરણ ચલાવ્યું કે વૃત્તિ ખેંચીને એકાગ્ર ચિત્તે સૌએ માળા ફેરવવી, એક જ વખત જમવું, દિવસે સૂવું નહિ અને રાત્રે પણ એક જ ઊંઘ લેવી. રોજ સવારે વહેલા ઊઠી સ્નાન, પૂજા આદિ નિત્ય-કર્મથી પરવારી, સંત-હરિભક્તોની સાથે મુમુક્ષુ હરિભક્તોને ઘેર ભગતજી પધારે. અને ત્યાં કથાવાર્તા થાય.

એ પ્રમાણે ભગતજી ચાણસદમાં લગભગ પાંચ-છ દિવસ રહ્યા અને પછી પોતે શંકર ભગત તથા માવસંગ ભગતને વડોદરા જવા આજ્ઞા કરી અને કહ્યું : ''શાસ્ત્રી યજ્ઞપુરુષદાસને મારા 'જય સ્વામિનારાયણ' કહેશો અને સ્ટેશને ન આવે તેમ કહેજો.'' પોતે પણ તે જ દિવસે વરતાલ જવા નક્કી કર્યું.

વરસાદને આવવું હશે તો કાલે આવશે

વરસાદ ઘણો જ હતો એટલે વૈદ્યે ભગતજીને કહ્યું : ''આજે આપ ન જાઓ તો સારું, કારણ કે વરસાદ ઘણો થવા સંભવ છે.''

ત્યારે ભગતજી બોલ્યા : ''આપણે તો ભગવાનના છીએ, તે જેમ મહારાજે ધાર્યું હશે તેમ થશે અને વરસાદને આવવું હશે તો કાલે આવશે.'' એમ કહી ઘોડે બેસી ચાણસદથી નીકળ્યા અને મકરપુરા સ્ટેશને આવ્યા. ગામના સર્વે હરિભક્તો ભગતજીને વળાવવા સારુ આવ્યા હતા. ભગતજીને ઘોડી ઉપરથી ઊતરતાં પગે વાગ્યું હતું. તેથી બે હરિભક્તોએ હાથની પાલખી કરી, તેમાં ભગતજીને બેસારી, સ્ટેશનમાં લાવી, પથારી કરી સુવાર્યા અને સર્વે આજુબાજુ બેસી સેવા કરવા લાગ્યા. એ સર્વેને એ પ્રમાણે સેવા કરતા જોઈ, એક મજૂર હતો તે પણ ત્યાં આવી ભગતજીને પગે લાગ્યો. ત્યારે ભગતજી કહે : ''આનું પૂર્વનું કોઈ ભાગ્ય ઉદય થયું.''

આ પ્રમાણે ભગતજીએ પોતાની મૂર્તિનું અલૌકિક સુખ આપી, સૌને આનંદના સમુદ્રમાં મગ્ન કરી દીધા.

એટલામાં ગાડી આવી એટલે ભગતજી તથા સર્વે સંતો, ગોવિંદભાઈ માસ્તર, શિવશંકરભાઈ વગેરે ગાડીમાં બેઠા અને જે હરિભક્તો ભગતજીને વળાવવા આવ્યા હતા, તે સર્વેએ ભગતજીને દંડવત કર્યા. ગાડી ઊપડ્યા બાદ આ બધા હરિભક્તો ઉદાસ થકા ઘર તરફ વિદાય થયા. શિવશંકરભાઈ તથા ગોવિંદભાઈ માસ્તરને પહેલેથી જ ભગતજીએ વડોદરા ઊતરી જવાની અને પોતાની સાથે ન આવવાની આજ્ઞા કરી હતી.

ગાડી વિશ્વામિત્રી સ્ટેશને આવી, ત્યાં છોટાલાલ તથા ભાઈશંકર સ્ટેશને દર્શને આવ્યા હતા. તેઓ ભગતજીની સાથે ગાડીમાં બેઠા અને મોટા સ્ટેશન સુધી સાથે આવ્યા. વડોદરા સ્ટેશને રાવસાહેબ તથા તેમના દીકરા ગોવિંદલાલ, પુરુષોત્તમ પટેલ વગેરે આવ્યા હતા. રાવસાહેબે ભગતજીને ઘણો જ આગ્રહ કર્યો અને કહ્યું : ''મહારાજ ! એક દિવસ તો ઊતરો.''

ત્યારે ભગતજીએ કહ્યું : ''હમણાં નહિ. આચાર્ય મહારાજની આજ્ઞા લઈ ફરી આવીશ.''

પુરુષોત્તમ પટેલે ગોવિંદભાઈ માસ્તરને સમાચાર આપ્યા કે ''તેમને

નોકરીમાં બીજે દિવસે હાજર થવાનું છે. નહિ તો રજા મળશે.'' આથી, ગોવિંદભાઈ સમજી ગયા કે શા માટે ભગતજીએ તેમની સાથે આવવાની તેમને ના કહી હતી.

પછી ગાડી ઊપડી અને ભગતજી, સંતો, વૈદ્ય, કાલિદાસ તથા ઝવેરભાઈ સર્વે બોરીઆવી સ્ટેશને ઊતર્યા. બોરીઆવી સ્ટેશને આચાર્ય મહારાજે ગાડી મોકલી હતી, તેમાં બેસી સૌ વરતાલ આવ્યા.

વાંસદાથી વરતાલ આવ્યા

વરતાલ આવી ઠાકોરજીનાં દર્શન કરી ભગતજી, મહારાજનાં દર્શન કરવા સભામાં ગયા. ત્યાં સાધુ તથા હરિભક્તો સભામાં બેઠા હતા તે ભગતજીને જોઈ ઘણા જ રાજી થયા.

એ વખતે ત્યાં મહારાજ પાસે ત્ર્યંબકલાલ બેઠા હતા. તેમણે ભગતજીને થોડી પોતાની રીતે શિખામણ આપી : ''તમારા આશ્રિત હજારો મનુષ્ય છે તેને ઉપદેશ આપી સન્માર્ગે ચડાવો છો અને ભગવાન ભજાવો છો તે બહુ સારું કરો છો, પણ બીજા લોકો ઉપાધિ કરે છે; માટે ઉપરથી તમારે વિષે પ્રેમ થોડો રાખે અને બીજા સાથે મળતું રાખે તો સારું.''

ભગતજીને તેમનો ઉપદેશ માથે ચડાવીને કહે : ''બહુ સારું. આપ જેમ કહો છો તેમ હું તેમને સમજાવીશ.''

અહો ! આ બ્રહ્માંડમાં શ્રીજીમહારાજની ઇચ્છાથી જેનું કર્યું થાય છે તેને તો કોઈ જાણતું નથી અને વચમાં બીજા અખતર ડાહ્યા સંકલ્પો કરે છે. પરંતુ મોટાપુરુષની તો એ જ અનાદિની રીત છે કે તુચ્છ જીવનું પણ માન, અપમાન સહન કરવું અને સમર્થ થકા જરણા કરવી, એ જ તેમની મોટપ છે. જે મુમુક્ષુનાં ઇન્દ્રિયો-અંતઃકરણ, આ પુરુષનાં દર્શનમાત્રે તણાઈ જતાં હોય, તે ઉપરથી પણ કેમ બીજી રીતે વર્તી શકે ?

ભગતજીને સભામંડપને વચલે માળે ઉતારો આપ્યો અને ત્યાં ઢોલિયો ઢાળી આપ્યો તથા ગાદલું, રજાઈ વગેરે આપ્યાં. બીજા હરિભક્તો પણ ભગતજી સાથે જ ઊતર્યા. ભગતજી વરતાલ પધારવાના હતા. તેથી આગલે દિવસે જ વસોથી ચતુરભાઈ, વડોદરાથી હરગોવિંદભાઈ, બાપુભાઈ, મહેળાવના મોતીભાઈ વગેરે આવ્યા હતા.

રાત્રે મહારાજશ્રીએ ભગતજી માટે થાળ પોતાની હવેલીમાંથી મોકલ્યો અને પૂરી, દૂધ બ્રહ્મચારી આપી ગયા તે ભગતજી જમ્યા.

બીજે દિવસે સવારમાં નાહીને પૂજા કરતા હતા. ત્યાં બ્રહ્મચારી કૃષ્ણાનંદજી, નરનારાયણદાસજી, પુરાણી શ્વેતવૈકુંઠદાસજી, પુરાણી કેશવ-ચરણદાસજી તથા ધર્મતનયદાસજી આવીને બેઠા. એ વખતે ભગતજી ઉઘાડાં નેત્રે ધ્યાનમાં બેઠા હતા. એક કલાક સુધી એવી રીતે ધ્યાન કર્યા બાદ ધ્યાનમાંથી ઊઠ્યા અને પછી કેટલીક વાતો કરી. આ વાતોથી નરનારાયણ-દાસજી તથા શ્વેતવૈકુંઠદાસજીને ભગતજી પરમ એકાંતિક છે એવી નિષ્ઠા થઈ.

પછી સર્વે ઊઠ્યા અને ભગતજી ઠાકોરજી તથા મહારાજનાં દર્શને ગયા. મહારાજશ્રીએ ભગતજીને વાંસદાના સર્વે સમાચાર પૂછ્યા અને ઘણા જ રાજી થયા. પછી ભગતજી પોતાના ઉતારે પધાર્યા. મહારાજશ્રીએ પોતે જ ભગતજીને હવેલીમાંથી થાળ મોકલ્યો અને કોઠારમાંથી દૂધ મોકલ્યું. એમ મહારાજશ્રીએ પણ ભગતજીની ઘણી જ સેવા ઉઠાવી. ભણનારા સાધુ પણ વારંવાર ભગતજી પાસે આવે અને વાતો સાંભળે.

તે દિવસે સાંજે ભગતજી સભામાં બેઠા અને ગોડી-આરતી થયા બાદ પોતાને ઉતારે આવ્યા. અહીં બ્રહ્મચારી ચૈતન્યાનંદજી, દરબાર કલ્યાણસંગ, બાપાલાલ મહાસુખરામ, નારાયણચરણદાસજી, શ્વેતવૈકુંઠદાસજી તથા કોઠારી હરિભાઈ વગેરે વાતો સાંભળવા આવ્યા. તેમને નિયમની તથા ઉપાસનાની ઘણી વાતો કરી આનંદ આપ્યો.

મહારાજ ભગતજીને ફેંટો બંધાવે છે

બીજે દિવસે શ્વેતવૈકુંઠદાસજીએ તથા નારાયણચરણદાસજીએ સારસ્વતનો પાઠ લીધો. તે પ્રથમ ભગતજીની પૂજા કરી, હાર પહેરાવ્યો અને ભગતજીને રાજી કર્યા. ભગતજીએ તેમને કહ્યું : ''બ્રહ્મચર્ય પાળજો. એ નિયમ દૃઢ કરશો. તેણે કરીને સર્વે વાતની સિદ્ધિ થશે.''

પછી ભગતજી માટે થાળ આવ્યો. તે જમીને ભગતજી મહારાજશ્રીનાં દર્શને આવ્યા. મહારાજશ્રીએ તેમને ફેંટો બંધાવ્યો અને કહ્યું : ''એક દિવસ નડિયાદ રહેજો અને પછી અમદાવાદ જઈને સુખેથી સર્વેને વાતો કરી એકાંતિક ધર્મ પ્રવર્તાવજો.''

ભગતજી વરતાલથી નીકળ્યા, બોરીઆવી આવ્યા અને ત્યાંથી નડિયાદ પધાર્યા. સ્વામી વિજ્ઞાનદાસજી વરતાલ આવ્યા ન હતા. કારણ તેમને જોઈ સાધુ ઉપાધિ કરે. એટલે તેમને મહમદપુરા (જીંડવાપરા) રાખ્યા હતા. તેમણે બોરીઆવી ભગતજીનાં દર્શન કર્યાં. ભગતજી નડિયાદ પધારવાના છે તે સમાચાર ઝવેરીલાલભાઈને આગળથી આપ્યા હતા. એટલે ઘેર સર્વ તૈયારી કરી સ્ટેશને લેવા આવ્યા. ભગતજી તેમને ઘેર ઊતર્યા.

બીજે દિવસે મંદિરમાં દર્શન કરી આવ્યા પછી પોતે મહુવા જવાનો વિચાર કર્યો. એટલે સૌએ કહ્યું : ‘‘આચાર્ય મહારાજે અમદાવાદ જવાની આજ્ઞા કરી છે. ત્યાં જવું જોઈએ.’’

ત્યારે ભગતજી કહે : ‘‘અમદાવાદમાં રસોઈ આપવી જોઈએ, તો જવાય.’’

એટલે ઝવેરીલાલભાઈએ કહ્યું : ‘‘રસોઈ હું આપીશ. માટે અમદાવાદ તો જરૂર જઈએ.’’ પછી જવાનું નક્કી કર્યું.

એવામાં મગનલાલ પણ આવ્યા. તેમણે શેરે શેર ઘીના લાડુ કર્યા અને સૌ જમ્યા. પછી ચારની ગાડીમાં અમદાવાદ જવા માટે સૌ સ્ટેશને ગયા.

અમદાવાદમાં અદ્‌ભુત ઉત્સવ

વસોના પટેલ પુરુષોત્તમદાસ રસ્તામાં સામા મળ્યા. તે પણ એમ ને એમ પહેર્યે લૂગડે જ અમદાવાદ આવવા સ્ટેશને સાથે આવ્યા. પછી સૌ ગાડીમાં બેસી અમદાવાદ આવ્યા.

અમદાવાદ સ્ટેશનેથી ઊતરી સૌ મંદિરે આવ્યા. ભગતજી સાથે પંદરેક હરિભક્તો હતા. તે સર્વેએ મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કર્યાં. પછી ઝવેરીલાલ આચાર્ય મહારાજશ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ પાસે ગયા અને ખબર કરી કે ‘‘ભગતજી મહારાજ અહીં ખાસ રસોઈ દેવા પધાર્યા છે.’’

ત્યારે મહારાજે કહ્યું : ‘‘અહો ! ભગતજી પધાર્યા છે ! અગાઉથી ખબર કરી હોત તો સ્ટેશને સામી ગાડી મોકલત.’’ એમ કહી પોતાના ડહેલામાં ઉતારો આપ્યો અને ભગતજી માટે ઢોલિયો, મશરૂનાં ગાદલાં, તકિયા મોકલ્યા અને હરિભક્તો માટે પણ પૂરતી સગવડતા કરી.

રાત્રે ઠાકોરજીનો પૂરી-દૂધનો થાળ, પ્રસાદીના દળના લાડુ મુકુંદ-જીવનદાસજી આપવા આવ્યા. ભગતજી દળના લાડુ જોઈ કહે : ‘‘આ પાછા

લઈ જાઓ.''

ત્યારે તેમણે કહ્યું : ''નરનારાયણના આશ્રમમાં દેવ પધાર્યા તે શું અમારો આશ્રમ સૂનો રાખવો છે ? માટે અમારું કંઈક તો અંગીકાર કરો.'' એમ ઘણો જ આગ્રહ કર્યો. એટલે ભગતજીએ તે રાખ્યા અને પંક્તિ કરી સર્વે જમ્યા.

બીજે દિવસે માલપૂઆની રસોઈ કરાવી સાધુ, બ્રહ્મચારીને જમાડ્યા. રસોઈના રૂા. ૧૧૦/- ઝવેરીલાલભાઈએ આપ્યા. આચાર્ય મહારાજની પૂજા કરી અને ભેટ ધરી તથા તમામ સાધુ-બ્રહ્મચારીને ધોતિયાં ઓઢાડ્યાં. એમ મંદિરમાં પોતે સેવા કરાવી અને કથાવાર્તાથી પણ સૌને આનંદ આપ્યો. અમદાવાદમાં આમ બ્રહ્મયજ્ઞની શરૂઆત થઈ.

'ભગતજી અમદાવાદ પધાર્યા છે' – તે ખબર ગુજરાતનાં ગામોમાં પડતાં વડોદરાથી શિવશંકરભાઈ તથા એમના ભાણેજ મણિલાલ બંને આવ્યા અને બે દિવસ રહ્યા. એવામાં શાસ્ત્રી ધર્મતનયદાસજી તથા વિજ્ઞાનદાસજી અહીં આવ્યા અને ઠાકોરજીનાં દર્શન કરી ભગતજીનાં દર્શને આવ્યા. ત્યારે ભગતજી કહે : ''આ ક્યાંથી ?'' એમ કહીને તેમને સભામાં બેસાર્યા. એવામાં આરતીનો ડંકો થયો તે સર્વે દર્શને ગયા. આરતી થયા પછી ભગતજી કહે : ''ચાલો, સાધુને પગે લાગવા જઈએ.'' એમ કહી સર્વને પગે લાગ્યા. પછી વિજ્ઞાનદાસ સ્વામીને મળ્યા અને સુખ આપ્યું.

બીજે દિવસે ભગતજીના આસને વિજ્ઞાનદાસજી તથા ધર્મતનયદાસજી સવારમાં પગે લાગવા ગયા. ત્યાં ભગતજી પૂજા કરીને વાતો કરતા હતા. પછી ભગતજી તે સર્વેને લઈને સભામાં આવ્યા. અહીં મહારાજ સભામાં બેઠા હતા તથા સર્વે સાધુ-બ્રહ્મચારીની સભા થઈ હતી. ભગતજી ત્યાં આવીને પાટ પાસે બિરાજ્યા અને વિજ્ઞાનદાસજીને જોઈને કહ્યું : ''તમે અહીં શીદ આવો છો ? ના કહીએ છીએ છતાં આવો છો ?'' એમ કહીને તેમને કહ્યું : ''હવે પાછા વરતાલ જજો.''

ત્યારે મહારાજ તથા મુકુંદજીવનદાસજી તથા ચીમનલાલ શેઠ સૌએ ભગતજીને કહ્યું : ''આ સાધુને રાખો અને આવા નિર્માની અને નૈષ્ઠિક-વ્રતવાળા સાધુ ક્યાંથી મળે ? માટે અહીં આપ છો ત્યાં સુધી રાખો.''

એટલે ભગતજીએ હસતાં હસતાં તેમને રહેવાની આજ્ઞા કરી.

વિજ્ઞાનદાસ સ્વામીને તો ભગતજીની મૂર્તિ સિવાય બીજે વૃત્તિ જ નહિ અને ભગતજી હસ્યા ત્યારે પોતે ભગતજીનો અંતરનો અભિપ્રાય પોતાને રાખવાનો છે એ સમજી ગયા.

ભગતજીએ સભામાં વાતો કરી અને પછી ઉતારે આવ્યા. ત્યારે ચીમનભાઈ શેઠે તેમને કહ્યું : ''ભગતજી મહારાજ ! આવા નિર્માની સાધુને તમે સુખ કેમ નથી આપતા અને પાસે કેમ રાખતા નથી ?''

ત્યારે ભગતજી કહે : ''આવા તો પચ્ચીસ સાધુ છે. તે ક્યાં રાખ્યે પાર પડે એમ છે ? માટે તે તો છેટા સારા.'' એમ કહી સુખ આપ્યું.

ભગતજીએ ચાતુર્માસના નિયમ આપ્યા

નિયમની એકાદશીને દિવસે વડોદરાથી શિવશંકરભાઈ, ગોવિંદભાઈ, ઉલ્લાસરામભાઈ, છોટાલાલ, હરગોવિંદ, બાબુભાઈ વગેરે આવ્યા. તેમને જોઈ ભગતજી બહુ જ રાજી થયા અને કહ્યું : ''આવ્યા તે સારું થયું.'' એમ કહીને પાસે બેસાડી ઘણી વાતો કરી.

પછી બધા હરિભક્તોને લઈ મહારાજનાં દર્શને ગયા. ત્યારે મહારાજશ્રીએ ભગતજીને કહ્યું : ''એક મારું વચન રાખો અને આવતીકાલે તમારે બધાએ અમારા સાથે જમવું.''

ત્યારે ભગતજી કહે : ''રસોઈનો જે ખર્ચ થાય તેટલા રૂપિયા ઠાકોરજીના થાળના લેવા.''

આચાર્ય મહારાજે એ કબૂલ કર્યું.

પછી ભગતજીએ કહ્યું : ''આજે નિમી એકાદશી છે માટે સર્વને નિયમ આપીએ.'' એમ કહી શિવશંકરભાઈને એક માસના ધારણાં-પારણાં, ઉલ્લાસરામભાઈને પચ્ચીસ માળા ફેરવવાનો અને ચતુરભાઈને કહ્યું : ''તમારે ભાદરણના પુરુષોત્તમનો સંબંધ ન રાખવાનો નિયમ અને તમારાં અને એનાં ચાર નેત્ર ભેગાં થાય તો એક ઉપવાસ કરવો એવો નિયમ.'' જેઠાલાલને કહ્યું : ''તમારે ગોવિંદદાસની[૧૧૪] જાયગામાં ન જવાનો નિયમ.'' ગોવિંદભાઈને દસ માળા ફેરવવાનો નિયમ – એમ સર્વને નિયમ આપ્યા.

પછી જેઠાલાલ તથા ચુનીલાલે ભગતજીને હાથ જોડી કહ્યું :

૧૧૪. ગોવિંદદાસ એકડમલ સાધુ હતા.

''આવતીકાલે થાળના રૂપિયામાં અમારા દસ દસ રૂપિયા લેવા કૃપા કરો.''

ત્યારે ભગતજીએ જેઠાલાલને કહ્યું : ''તમે ગોવિંદદાસની જાયગામાં ન જાઓ અને તેવા સમ ખાઈને મહારાજને પગે હાથ મૂકો, તો થાળના રૂપિયા લઈશું.'' જેઠાલાલે તે પ્રમાણે કબૂલ કર્યું એટલે તેમના થાળના રૂપિયા લેવાનો ઠરાવ કર્યો.

એક દિવસ ગોવિંદદાસનો ચેલો અક્ષરપુરુષદાસજી ભગતજીને મળવા તેમના ઉતારે આવ્યો. ત્યારે ભગતજીએ તેમને પૂછ્યું : ''તમારી જોડ ક્યાં છે ?'' ત્યારે તે કહે : ''જોડ તો ભગવાનની.'' એટલે ભગતજીએ સિંહ-ગર્જના કરી કહ્યું : ''શ્રીજીમહારાજની આજ્ઞા બહાર વર્તો છો, માટે અમારે ત્યાંથી ચાલ્યા જાઓ.'' એમ કહી તુરત વિદાય કર્યા.

અષાઢ વદિ એકાદશીને દિવસે સવારે ભગતજીએ વાત કરવા માંડી. તેથી સાધુ, આચાર્ય મહારાજ, કૃષ્ણસ્વરૂપદાસજી, દરબાર મોડજીભાઈ, ઈશ્વરલાલ તથા વકીલ સોમેશ્વરભાઈ તથા આજુબાજુનાં ગામડાંના હરિભક્તો સભામાં બેઠા હતા તે સર્વેને ઘણો જ સમાસ થયો.

પછી આરતી થઈ એટલે ઠાકોરજીનાં દર્શન ચારે ઠેકાણે કર્યાં અને મૂર્તિનાં ચાર કીર્તનો બોલાવ્યાં. ત્યાંથી છત્રીએ આવી મહારાજના ઉતારે ગયા. ત્યાંથી કોઠારમાં ગયા અને ઠાકોરજીના થાળનું કીર્તન *'નેણાં ભરીને જોયા રે હરિ જમતાં'* એ બોલાવ્યું અને પછી સાધુનાં ઘણાં ઘણાં વખાણ કર્યાં અને કહ્યું : ''તમને તો મહારાજની પ્રસાદીના નરનારાયણદેવ તથા રાધાલક્ષ્મીની સેવા મળી છે.'' પછી કૃષ્ણસ્વરૂપદાસજીના આસને પધાર્યા.

કૃષ્ણસ્વરૂપદાસ શાસ્ત્રી

કૃષ્ણસ્વરૂપદાસજી બ્રાહ્મણિયા સાધુ હતા અને ગોપાળાનંદ સ્વામીના શિષ્ય નિર્ગુણદાસ સ્વામીની સાથેના હતા. પોતે શાસ્ત્રી હતા અને શંકરાચાર્યને શાસ્ત્રાર્થમાં તેમણે હરાવ્યા હતા. લગભગ ૯૦ થી ૯૨ વર્ષની અવસ્થા અને જ્ઞાનના ભંડારરૂપ આ સમર્થ શાસ્ત્રીને, શાસ્ત્રી યજ્ઞપુરુષ-દાસજીનો યોગ થયો. અઠ્ઠાવીશ વર્ષના યજ્ઞપુરુષદાસજીએ આ શાસ્ત્રીને બ્રહ્મવિદ્યાનું હાર્દ બતાવી દીધું અને 'આજે સર્વ પ્રકારે મહારાજ ભગતજી દ્વારા પ્રગટ છે, માટે એમનો જોગ કલ્યાણને માટે કરવો' એમ સમજાવી દીધું.

ત્યારથી જ કૃષ્ણસ્વરૂપદાસજીને ભગતજીનો ગુણ આવ્યો હતો. જ્યારે જ્યારે કોઈ વરતાલના સાધુ અમદાવાદ આવે અને પાછા વરતાલ જાય ત્યારે કૃષ્ણસ્વરૂપદાસજી તેમને કહેતા : ''શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીને મારા પાંચ દંડવત કરી 'જય સ્વામિનારાયણ' કહેશો.''

ખરેખર ! गुणाः पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः ।

ઉપાસના તો તમે જ દૃઢ કરાવો છો

ભગતજીએ તેમને આસને જઈ રાજભોગ સુધી વાતો કરી, વચનામૃત વંચાવ્યાં અને એકાંતિક ધર્મનું બહુ જ નિરૂપણ કર્યું. તે સાંભળી કૃષ્ણસ્વરૂપ-દાસજી બોલ્યા : ''અહો ભગતજી ! પ્રથમ તો મને તમારા ઉપર અભાવ હતો, પરંતુ શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીનો યોગ થયો ત્યારે જાણ્યું કે તમો તો એકાંતિક સત્પુરુષ છો પણ આજે તમારી આ અદ્‌ભુત બ્રહ્મજ્ઞાનની વાતોથી સાક્ષાત્ નિશ્ચય થયો કે તમો તો સર્વોપરી પરમ એકાંતિક સત્પુરુષ છો. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી જો ન મળ્યા હોત તો મને પણ બીજા લોકોની પેઠે એમ લાગતું હતું કે 'તમો ઉપાસના ફેરવો છો,' પણ હવે પ્રતીતિ થઈ કે ઉપાસના તો તમે જ દૃઢ કરાવો છો.''

ત્યાં બેઠેલા તમામ સાધુ, પાર્ષદ અને બ્રહ્મચારીને પણ પ્રતીતિ થઈ કે આવા પુરુષ હાલમાં કોઈ નથી. એમ અમદાવાદમાં બ્રહ્મસુખનું સદાવ્રત શરૂ કર્યું.

ભગતજીની દિનચર્યા

સંવત ૧૯૫૦ના શ્રાવણ માસના એ દિવસો હતા. ભગતજીએ અમદાવાદમાં રહ્યા થકા આચાર્ય મહારાજ, સાધુ, બ્રહ્મચારી, પાર્ષદ અને ત્યાંના સર્વે હરિભક્તોનાં મન હરી લીધાં.

ભગતજીની દિનચર્યા એવી કે ભજન સિવાય બીજો સંકલ્પ થવાનો યોગ જ ન રહે. સવારમાં ચાર વાગ્યે ઊઠીને નાહીને પૂજા કરે, પછી મંગળાનાં દર્શને જાય. મંગળાથી શણગાર આરતી સુધી સભામાં વાતો કરે, શણગાર આરતીનાં દર્શન કરે અને ત્યાં *'સુન રે સખી ! આહિરકા છોરા'* એ તથા *'ગુલતાન ગાનકી તાન ભઈ'* એ કીર્તનો તથા બીજાં મૂર્તિનાં કીર્તનો

બોલાવે. પછી રાજભોગ સુધી સભામાં પાછી વાતો કરે અને રાજભોગ થાય એટલે ઉતારે જમવા પધારે. ત્યાં પંક્તિ કરાવી સર્વે સામા બેસે અને પોતે તથા નારણભાઈ (એમના ભત્રીજા) સામા બેસે. એમ વર્ણાશ્રમના ધર્મ પણ અતિશય જાળવે. પોતે જમે અને સર્વેને આનંદ ઉપજાવતા થકા પિરસાવે અને જમાડે. પછી ત્યાં થોડી વાતો કરે અને બપોરની સભામાં જઈ ત્યાં પણ વાતો કરે, વચનામૃત વંચાવે અને ઉઘાડે નેત્રે દસ માળા પોતે ફેરવે અને સર્વને ફેરવાવે. પછી ઉતારે જઈ જરા વાર સૂવે. ચાર વાગ્યે મંદિરમાં પધારે. ત્યાં મુકુંદજીવનદાસજી મહાભારતની કથા કરતા અને સભા ભરાઈને બેસતી, ત્યાં પોતે આવે અને પ્રસંગોપાત્ત વાતો કરે. પછી સંધ્યા આરતી થયા બાદ ભગતજી સભામાં જાય. ત્યાં સર્વે તેમની સેવા કરે. પોતે 'ભક્તચિંતામણિ' વંચાવે અને કીર્તનો બોલાવે. પછી નિયમ-ચેષ્ટા, ધ્યાન કરી ઉતારે પધારે. ત્યાં વાતો કરે અને કીર્તનો બોલાવે. પછી એક વાગ્યે પોઢી જાય અને પાછા ત્રણ વાગે ઊઠી જાય. આવા અખંડ બ્રહ્મયજ્ઞમાં માયા તો પેસી જ શકતી નહિ.

જાઓ, તમારા મનોરથ પૂરા થશે

ભગતજી કોઈ કોઈ વખત સાધુ પાસે *'હાંજી ભલા સાધુ'* એ કીર્તનો બોલાવે. પંચરત્નનો[૧૧૫] ગ્રંથ વંચાવે. એ પ્રમાણે અપાર સુખ આપે. ભગતજીએ સર્વેને કથાવાર્તામાં તરબોળ કરી દીધા.

એમ કરતાં શ્રાવણ સુદ એકાદશી આવી. બીજે દિવસે હરગોવિંદભાઈને જવાનું હતું, એટલે શિવશંકરભાઈએ ભગતજીને કહ્યું : ''આને આવતીકાલે જવાનું છે, તો આપ થોડી વાતો કરો.''

ત્યારે ભગતજી કહે : ''મરને જાય; હું જે જે કરું છું, તેમાં તેનો અર્ધો ભાગ છે.'' એમ રમૂજ કરી તેમને હિંમત આપી અને વિદાયનું દુઃખ ટાળી દીધું. ઉલ્લાસરામને પણ આજ્ઞા કરી : ''તમે સાંજની ગાડીએ જજો,'' એમ કહી ચાર-પાંચ વખત મળ્યા.

પછી ઉલ્લાસરામભાઈએ તથા શિવશંકરભાઈએ કહ્યું : 'શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી આપનાં દર્શન બહુ જ ઇચ્છે છે. માટે આપની મરજી હોય તેમ કરે અને હાલમાં મહેમદાવાદની ચિઠ્ઠી છે ને ભણવાનું છોડી મહેમદાવાદ

૧૧૫. મુક્તાનંદ સ્વામી કૃત.

આવ્યા છે, માટે આપ દયા કરો.''

ત્યારે ભગતજી કહે : ''એ કેવા ડાહ્યા છે ! એક વખત ગઢડામાં સભામાં મહિધર શાસ્ત્રીને પાછા પાડ્યા અને આ કૃષ્ણસ્વરૂપદાસજીને પણ ગુણ ઘાલ્યો. બહુ જ બુદ્ધિવાળા છે. ભણવાનું બંધ કર્યું, પણ મારે ભણાવવા છે.'' એમ કહીને શાસ્ત્રીજી મહારાજ ઉપર અપાર રાજીપો દર્શાવ્યો અને કહ્યું : ''જાઓ, તમારા તમામ મનોરથ પૂરા થશે.''

શાસ્ત્રીજી મહારાજને જ્યારથી મહેમદાવાદની ચિઠ્ઠી મળી, ત્યારથી મહેમદાવાદના મંદિરમાં જે જે હરિભક્તો આવે તે બધાને ભગતજીના મહિમાની વાતો કરી અમદાવાદ મોકલે અને પોતે તેમને વાતો કરતાં કરતાં સ્ટેશન સુધી વળાવવા જાય. વળી, સાંજે સ્ટેશને જાય અને અમદાવાદથી કોઈ હરિભક્ત ગાડીએથી ઊતરે તેમને મળીને ભગતજીના સર્વ સમાચાર પૂછે અને ભગતજીએ શી શી વાતો કરી ? એમ પૂછી તે બધી તેમની પાસે કહેવરાવે.

અહો ! આવો અપાર ગુરુ મહિમા અને ગુરુજી એ જ એક નિશાન ! એવું ધ્યેય કરી લઈ, સર્વેને તેમનામાં જોડે અને તેમનાં લીલાચરિત્રો, વાતો સાંભળવા પોતે તત્પરતા રાખે !

આ પ્રમાણે, શ્રીનગરમાં દર્શન અને વાતો સાંભળવા અમદાવાદ, મહેમદાવાદ તથા આજુબાજુનાં ગામડાંના તથા ઠાસરા, માતર, મહુધા, ચાણસદ, ઉમરેઠ, વડોદરા, નાર, પીજ, વસો, સોજીત્રા વગેરે ગામોના તમામ હરિભક્તો અમદાવાદ આવે અને વાતો સાંભળી ભગતજીનો મહિમા જાણી ઘેર જાય. એમ સર્વત્ર ગુજરાત, ચરોતરમાં, ભગતજીનો મહિમા ઘેર ઘેર પ્રવર્ત્યો. જેમ જાત્રાનો મોટો સંઘ નીકળે, એમ વારાફરતી હરિભક્તો આવે અને જાય. ભગતજીએ પણ શ્રીનગરમાં પોતાનો અપરિમિત પ્રતાપ કથાવાર્તા અને પોતાની બ્રહ્મસ્થિતિના સાક્ષાત્કારથી જણાવવા માંડ્યો અને હજારોને સુખિયા કરી મૂક્યા.

તમારી અનાદિની રીત

બીજે દિવસે વરતાલથી નંદલાલ, સ્વામી વિજ્ઞાનદાસજીને તેડવા માટે અમદાવાદ આવ્યા અને ભગતજીની ભેળો ઉતારો કર્યો. ભગતજીએ તેમને બેસાડીને કહ્યું : ''બિચારા સાધુને બહુ દાખડે તેડી લાવ્યો, તો તેમને ત્યાંથી

કાઢી મેલ્યા. માટે જો એમનો તમારે ખપ ના હોય તો ના પાડો, નહિ તો લઈ જાવ. આ તો તમારી અનાદિની રીત છે; કારણ કે, ભગવત્પ્રસાદજી મહારાજ જ્યારે મહુવા પધાર્યા ત્યારે રસોઈ આપી સર્વને જમાડ્યા, રૂા. ૧૦૦/- ભેટ મૂકી, જગન્નાથીના તાકા ઓઢાડ્યા, એટલું કર્યું ત્યારે મને બંદીખાનામાં રાખે તેમ દોઢ દિવસ રાખ્યો. આ તે કંઈ રીત છે ?'' એમ બહુ વાતો કરી. પછી બીજે દિવસે વિજ્ઞાનદાસજીના મંડળને વરતાલ તેમની સાથે મોકલ્યું.

તેઓ વરતાલ ગયા પણ નંદલાલને ભગતજીની વાતથી એવી ચોટ લાગી હતી કે તેણે સર્વે સત્ય હકીકત કોઠારી તથા મહારાજને કહી અને જણાવ્યું : ''આવા નિર્માની, સર્વગુણ-સંપન્ન સાધુને સમાગમ કરવામાં કેમ વિક્ષેપ કરો છો ?''

એટલે મહારાજે તથા કોઠારીએ કહ્યું : ''તેમને ફરી અમદાવાદ મોકલો.''

આથી તેમને બોલાવી નંદલાલે કહ્યું : ''હવે તમારે છપૈયા જવાનું છે. આ છપૈયાનું ભાડું. પરંતુ તે પહેલાં અમદાવાદ જઈ સુખેથી ભગતજીનો જેટલો સમાગમ કરવો હોય તેટલો કરશો.'' એમ રાજી થઈ રજા આપી.

એટલે સ્વામી વિજ્ઞાનદાસજી, શાસ્ત્રી ધર્મતનયદાસજી, પુરુષોત્તમદાસજી તથા નારાયણચરણદાસજી ત્રીજે દિવસે અમદાવાદ આવ્યા અને સર્વ હકીકત કહી. ભગતજીએ સર્વેને રાખ્યા અને કથાવાર્તાનું સુખ આપ્યું.

સાધુતા ખોશો તો ઉપરિચરવસુની પેઠે ફળ મળશે

બે-ત્રણ દિવસ પછી ફરી એક કાગળ વરતાલથી આવ્યો. તેમાં સર્વે સાધુઓએ મળીને ભગતજીને લખ્યું હતું : ''અમોએ જે વિજ્ઞાનદાસ વગેરેને પંક્તિ બહાર કર્યા છે તેને તમે શા માટે પંક્તિમાં બેસારો છો ?'' એવી એવી ઘણી હકીકત તેમાં લખી હતી. જે વાંચીને ભગતજી ઉદાસ થઈ ગયા.

પછી ભગતજીએ તે કાગળનો ઉત્તર લખવા સારુ ઝવેરીલાલ તથા પુરુષોત્તમદાસને બોલાવ્યા અને કહ્યું : ''ભગવાન સહજાનંદ સ્વામી જેવો સુઝાડે તેવો ઉત્તર લખો.''

પછી તે પ્રમાણે ભગતજીની સૂચના અનુસાર ઉત્તર લખ્યો અને લખ્યું : ''આ સાધુને પંક્તિ બહાર કાઢ્યા નથી અને વિમુખ કર્યા નથી; કારણ કે, તમોએ ધૂળિયે તેમને બોલાવવાનો કાગળ લખ્યો ત્યારે પણ 'સાધુને મોકલો'

એમ લખ્યું હતું. તેમાં 'સાધુ' શબ્દ વાપર્યો છે. અને નંદલાલભાઈ પણ 'સાધુને મોકલો' એમ કહી ગયા હતા. માટે તમોએ ધોળાં પહેરાવ્યાં નથી એ સાબિત છે. તો મિથ્યાવાદ દઈ, જૂઠું બોલી, સાધુપણું ખોશો નહિ અને ખોશો તો ઉપરિચરવસુની પેઠે જૂઠાણાનું ફળ મળશે. આવા શુક-સનકાદિક જેવા સાધુને દુખવશો તો સહજાનંદ સ્વામી રાજી નહિ થાય. માટે આવો દુરાગ્રહ રાખશો નહિ.'' આ પ્રમાણે કાગળ લખી મોકલી દીધો અને તેનો કોઈને ફરી સંકલ્પ ન થાય કે તે વાતની ચર્ચા ન થાય એટલે તુરત ભગતજીએ બધાને ભજનમાં બેસારી દીધા.

સાંજના ભગતજી આચાર્ય મહારાજને ઉતારે પધાર્યા ત્યારે મહારાજે ભગતજીને કહ્યું : ''આમ વરસમાં એક વાર તો જરૂર આપે અહીં પધારવું અને વાતો કરી સર્વને સુધારવા. આપ તો બહુ જ મોટા એકાંતિક છો, કારણ કે આટલા બધા માણસ સભામાં અખંડ બેસતા નહોતા અને હવે તો સર્વે સાધુ-હરિભક્તો અગિયાર વાગ્યા સુધી ભજન કરે છે અને સર્વેને જાગૃતિ આવી ગઈ છે, તે તમારા પ્રતાપથી છે. વળી, સમૈયા વગર અમારે તો આપના આવવાથી એક માસથી મોટો સમૈયો જ ચાલુ થયો છે.'' એમ મહારાજે ભગતજીની બહુ જ પ્રશંસા કરી.

પછી મુકુંદજીવનદાસજી ત્યાં બેઠા હતા. તેમણે ભગતજીને કહ્યું કે ''હું પણ આપની પ્રસન્નતાને અર્થે જ ભારતની કથા કરું છું અને ભણ્યાનું પણ એ જ ફળ છે.''

એ પ્રમાણે માધવચરણદાસજી, પુરુષોત્તમદાસજી, સાધુજીવનદાસજી તથા હરિચરણદાસજી સર્વેએ ભગતજીની બહુ જ સ્તુતિ અને પ્રાર્થના કરી. ભગતજી પણ સર્વના મનોભાવ સમજી તેમને સુખ આપવા માટે ત્યાં રહ્યા.

દર શનિવારે વડોદરાથી ગોવિંદભાઈ તથા શિવશંકરભાઈ, આણંદથી મગનલાલ સુથાર તથા મહુધાના મણિલાલ વગેરે આવે અને સોમવારે પાછા જાય. ગોવિંદભાઈના ધારણાં-પારણાંના એક માસના વ્રતની પૂર્ણાહુતિને દિવસે ઠાકોરજીને રૂા. ૨૦/-નો થાળ કર્યો અને સર્વને જમાડ્યા તથા મહારાજની પૂજા કરી, શેલું ઓઢાડી, સાકરનો થાળ કર્યો. નારથી પણ ઝવેરભાઈ, વાઘજીભાઈ; નડિયાદથી સોમાભાઈ, લલ્લુભાઈ પણ શનિવારે આવે. તે સર્વેને વાતો કરી સુખિયા કરી દે અને સોમવારે વિદાય કરે.

બ્રહ્મચર્યનો પ્રતાપ અને તેની અનિવાર્યતા

એક વખત સવારમાં ભગતજી સભામાં બિરાજમાન હતા અને વાતો કરતા હતા. ત્યારે વાતમાં તેમણે કહ્યું : ''નરનારાયણ આવી રીતે રોજ સવારમાં વાતોની ઝડી ઉડાડે છે.''

એમ કહીને પછી બ્રહ્મચર્યની બહુ જ વાતો કરીને કહ્યું :

''બ્રહ્મચર્યથી બ્રહ્મની સિદ્ધિ થાય છે અને ભગવાન વશ થાય છે. બ્રહ્મચર્યવ્રત જેને હોય તેના કપાળમાંથી તેજ નીકળે છે, તેથી સામો માણસ દબાઈ જાય છે. જ્યારે તે નાહ્ય છે ત્યારે તેની ચોટલીમાંથી જે બુંદ પડે છે તેને દેવો અધ્ધર ઝીલે છે અને કહે છે કે 'ધન્ય છે કે આવું અસિધારાવ્રત જે અમો દેવતા પણ પાળી શકતા નથી, તે તમો મનુષ્ય પાળો છો !' દેવો તથા મનુષ્યો તો દાંતે તરણાં લે છે અને એવા બ્રહ્મચર્યવાળા પુરુષને નમે છે અને કહે છે કે 'આવું વ્રત તમે પાળો છો તે તમારા ઉપર ભગવાન અને મોટાપુરુષની કૃપા છે, નહિ તો પળાય જ નહિ. માટે તમે તો દેવના પણ દેવ છો.'

''મહારાજનો પણ એ જ સિદ્ધાંત છે, તે જ્યારથી પ્રગટ થયા ત્યારથી એ જ પળાવતા આવ્યા છે. માટે જેને એકાંતિક ધર્મ સિદ્ધ કરવો હોય, તેને પ્રથમ બ્રહ્મચર્ય દૃઢ કરવું અને ઇન્દ્રિયોને નિયમમાં રાખી એક વાર જમવું, મનમાં અખંડ ભજન કરવું, ભગવાનનું ધ્યાન કરવું અને સ્ત્રી સંબંધી સંકલ્પ ન કરવા. એમ જ્યારે વર્તાય ત્યારે બ્રહ્મચર્ય પળે છે. રાત્રે ઘી-ખીચડી ખાવી અને દિવસે લાડુ ખાવા અને બ્રહ્મચર્ય પાળવું એ તો મોટી માળા ફેરવજો ! માટે ત્યાગી થઈ એ વ્રત ન પળ્યું તેને તો ધિક્કાર છે. સુખે ખાઈ-પીને સૂઈ રહેવું એ તે કંઈ ત્યાગીનો ધર્મ છે ? ખાવું અને ઊંઘવું એમાં જ કામનો વાસ છે. માટે એને ઘટાડવાં, પણ વધારવાં તો નહિ જ.'' એમ ધર્મ સંબંધી ઘણી જ વાતો કરી અને વળી, દ્રવ્યનો નિષેધ કરી વાતો કરી અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સંબંધી ઘણી જ વાતો કરી અને એકાંતિક ધર્મનું નિરૂપણ કર્યું.

પછી વળી સર્વેને કહે : ''સાધુરામ ! આવી રીતે હું તમોને વાતો કરું છું અને કેટલીક આકરી વાતું કહીને વઢું છું, તે તમોને ખોટું તો નથી લાગતું ને ?''

ત્યારે સર્વે કહે : ''અમને તો આનંદ થાય છે અને સુખ આવે છે. માટે

નિત્યે આવી વાતું કરજો.''

દરેકને પ્રેમ કરી પોતામાં જોડી દેવા, એવી મોટાપુરુષની સહજ પ્રકૃતિ હોય છે. તેવી જ રીતે ભગતજી પણ વર્તતા.

ઠાસરાના માણેકલાલ તથા મોતીલાલભાઈ આવ્યા ત્યારે તેમને જોઈ કહે : ''અહો ! આ ઠાસરાના શેઠ આવ્યા છે.''

વડોદરાથી રાવસાહેબ આવ્યા એટલે ભગતજી તેમનો હાથ પકડી સર્વ જગ્યાએ દર્શન કરવા તેડી ગયા અને તેમના મનોરથ પૂરા કર્યા. વળી કહ્યું : ''રાવસાહેબ પધાર્યા છે તો તેમની રીત પ્રમાણે રસોઈ આપ્યા વિના ન ચાલે.'' એમ રાવસાહેબ પાસે પણ સેવા કરાવે. રાવસાહેબને તો મનમાં એમ જ સંકલ્પ થયા કરે કે 'ભગતજી સેવા બતાવે અને હું કરું.' ભગતજીએ તેમને રસોઈ આપવાનું કહ્યું એટલે રાવસાહેબ રાજી થયા. તેમને તથા ઠાસરાના માણેકલાલભાઈને સભામાં મોડજી દરબારની સાથે ગાદલું નાખી બેસારે. આ પ્રમાણે કથાવાર્તા થાય, રસોઈયું ચાલે.

બ્રહ્મચારી તો આવા એકાંતિક ભક્તોને જમાડવામાં પોતાનાં અહોભાગ્ય માને. ભગતજી ભંડારમાં જમવા પધાર્યા હોય ત્યારે બ્રહ્મચારીને અતિ આનંદ થાય અને કહે : ''અહો ! અમારાં બહુ મોટાં ભાગ્ય છે કે આવા ભગવદીની સેવા મળી.''

ભગતજી જ્યારે ભંડારમાં જમવા ન પધારે, ત્યારે બ્રહ્મચારી ભગતજીને ઉતારે જાય અને ભગતજી તથા સર્વે હરિભક્તોને પોતે રસોઈ લાવી જમાડે. આથી, ભગતજી બહુ જ રાજી થતા.

ભગવાનના ભક્તને દુઃખ જ હોય

શ્રાવણ સુદિ એકાદશીને દિવસે મહેમદાવાદથી તલાટી જીવરામ તથા ભાઈલાલ વિશ્વનાથ શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી પાસેથી ભગતજીની વાતો સાંભળી અમદાવાદ હિંડોળાનાં દર્શન સારુ અને ભગતજીના સમાગમ સારુ આવ્યા. તે વખતે બપોરે સભા ભરાઈને બેઠી હતી. ભગતજી સભામાં વાતો કરતા હતા કે ''મટકે રહિત ભજન કરતાં શીખવું.'' અને પછી સર્વેને કહ્યું : ''ઉઘાડે નેત્રે વીસ માળા ફેરવો.'' તે પ્રમાણે બધા માળા ફેરવવા માંડ્યા અને ભગતજી પણ વૃત્તિઓ ખેંચીને બેઠા.

તે જોઈને તલાટી દિંગ થઈ ગયા. એમને લાગ્યું કે શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીએ કહ્યું છે તે વાત ખોટી નથી. ચમત્કાર વિના આટલા માણસો માને કેમ ? આ તો કળિયુગમાં સત્‌યુગ સ્થાપ્યો છે.

પછી સર્વેએ માળા ફેરવી લીધી એટલે ભગતજી ઊઠીને ઉતારે ગયા. તેમની પાછળ તલાટી પણ ગયા. પછી કાલિદાસ જે તેમની સાથે હતા તેમણે તલાટીને કહ્યું : ''તમારે જે કંઈ પૂછવું હોય તે પૂછજો.''

એટલે ભગતજી ઉતારે પોતાને આસને આવીને બેઠા, ત્યારે તલાટીએ નમસ્કાર કરી હાથ જોડી પૂછ્યું : ''મહારાજ ! આપનો આટલો પ્રતાપ ચોખ્ખો જણાય છે છતાં લોકો નિંદા કરે છે ? મહત્‌પુરુષનાં તો લોકોમાં ગુણગાન ગવાય.''

ત્યારે ભગતજીએ કહ્યું : ''શાસ્ત્રની વાતો જો મેળવીએ તો આગળ જેટલા મોટા થઈ ગયા છે તેની પણ તે વખતે નિંદા જ થઈ છે અને લોકોએ દુઃખ દીધાં છે. જુઓ પ્રહ્‌લાદ, પાંડવ, જયદેવ, નરસિંહ મહેતાનાં આખ્યાનો વિચારો તો પૃથ્વીના પડ ઉપર જેટલાં દુઃખમાત્ર હતાં તે બધાં તેમને માથે આવ્યાં હતાં. પણ એ દુઃખને જ્યારે એમણે ગણ્યાં નહિ ત્યારે જ ભગવાન પ્રસન્ન થયા અને લોકમાં કીર્તિ થઈ.''

તે ઉપર ધીરજાખ્યાનનું પદ બોલાવ્યું :

ભક્ત થાવું રે ભગવાનનું, છે જો કઠણ કામ;
સુખ સર્વે સંસારનાં રે, કરવાં જોઈએ હરામ... ભક્ત.
દેહ ગેહ દારા દામનું, મેલવું મમતા ને માન;
એહમાંથી સુખ આવે એવું રે, ભૂલ્યે ન પડે ભાન... ભક્ત.
વિકટ આવે વણ વાંકથી, તે તો સહેજો શરીર;
ઉપહાસ કરે આવી કોય રે, તેમાં રહે દૃઢ ધીર... ભક્ત.
ખૂની ન થાય ખમે ઘણું, એવા સહજ સ્વભાવે;
નિષ્કુળાનંદ એવા ભક્તનો, જશ જુગોજુગ કહાવે... ભક્ત.

પછી ભગતજીએ કહ્યું : ''દેવ, આચાર્ય, સાધુ અને શાસ્ત્ર તેની જે નિંદા કરે તે મને દીઠોય ગમે નહિ અને એનું પ્રતિપાદન કરે તે સત્સંગી છે અને મારે એ ચારનો ક્યારેય અભાવ નથી.'' એમ સમ ખાઈને વાત કરી. ત્યારે તલાટીને પ્રતીતિ થઈ કે જરૂર ભગતજી મહાપુરુષ છે.

પછી ભગતજી સભામાં પધાર્યા. તે દિવસ ફૂલમંડળી હતી અને આચાર્ય મહારાજ પોતે પીતાંબર પહેરીને વચલે મંદિર હિંડોળો ઝુલાવતા હતા. એટલે ભગતજી રાવસાહેબને લઈને ત્યાં દર્શને આવ્યા. તેમને મહારાજે હાર આપ્યા. પછી દર્શન કરી પાછા સભામાં આવ્યા. ભગતજી પધાર્યા તેનો સભામાં કોઈને ખ્યાલ નહિ, એટલે ભગતજી છાનામાના સૌની પાછળ બેસી ગયા. તે વખતે મૂર્તિનાં કીર્તનો બોલાતાં હતાં. તે કીર્તનો ગવાઈ રહ્યાં ત્યારે ભગતજી પધાર્યા છે એવી ખબર પડી. એટલે ભગતજીએ કહ્યું : ''તમે મહારાજની મૂર્તિનાં આવાં સારાં કીર્તનો ગાતા હતા તે મારાથી રહેવાયું નહિ અને અહીં પાછો આવ્યો.'' પછી સભા વિસર્જન થઈ એટલે ભગતજી ઉતારે પધાર્યા.

વાસનાનાં મૂળ ક્યારે બળે ?

રાવસાહેબ ભગતજી સાથે ઉતારે આવ્યા. ભગતજીએ તેમની રસોઈ અમાસની રાખી. દત્તરામભાઈએ પણ એક દિવસની રસોઈના ખર્ચના અર્ધા રૂપિયા આપ્યા, તેથી ભગતજી રાજી થયા. પછી ગોવિંદભાઈ ભગતજી પાસે આવ્યા અને તેમને કહ્યું : ''મહારાજ ! વાસનાનાં મૂળ બળે એવી કૃપા કરો.''

ત્યારે ભગતજી કહે : ''બે દિવસ આવો અને પાછા જાઓ, એમાં કંઈ વાસનાનાં મૂળ બળે ? એ તો નિરંતર રહો ત્યારે થાય.''

ત્યારે ગોવિંદભાઈ વધારે રજા મંજૂર કરાવવા તાર-ઑફિસે તાર કરવા ગયા. પાછા ફરતાં રસ્તામાં વીંછી કરડ્યો અને એટલું દુઃખ થયું તે આખી રાત ભગતજીના ઢોલિયા પાસે બેસીને ભજન કર્યું. સવારે ભગતજીને સ્તુતિ કરી : ''મહારાજ ! પીડા બહુ જ થાય છે તે મટાડો.''

ત્યારે ભગતજીએ હસીને કહ્યું : ''વાસનાનાં મૂળ કાઢવાં હોય તો આથી હજી સાત ગણો મંદવાડ થશે અને અન્ન ને દાંતને વેર થશે. માટે માન મૂકી બધાને પગે લાગો અને કહો કે મારે મૂળ નથી કાઢવાં.'' પછી એ પ્રમાણે કર્યું એટલે બીજે દિવસે પીડા મટી ગઈ.

ભગવાનની સર્વ ક્રિયા પોતાના આશ્રિતના સુખ સારુ હોય છે

પછી રાવસાહેબે ભગતજીને કહ્યું : ''આ વિજ્ઞાનદાસજી જેવા સાધુને શા માટે દુઃખ દો છો ? એમને છપૈયા ન મોકલશો અને અહીં રાખો.''

ત્યારે ભગતજી કહે : ''એ દુ:ખ ક્યાં માને છે ? એમને તો અખંડ સુખ વર્તે છે.''

પછી તેમને પૂછ્યું : ''તમે ખુશીથી જાઓ છો કે નહિ ?''

ત્યારે તેમણે કહ્યું : ''હા મહારાજ !''

ત્યારે ભગતજી કહે : ''ભગવાન કે મોટાપુરુષ જે કંઈ કરતા હોય તે પોતાના આશ્રિતના હિત સારુ જ હોય ! પરંતુ માયિક દૃષ્ટિ જ્યાં સુધી હોય ત્યાં સુધી દેહના દુ:ખે દુ:ખી થવાય છે. પણ મોટાપુરુષની મરજી જો જણાય, તો દુ:ખ થાય જ નહિ.'' એમ કહી નીચેનું પદ બોલાવ્યું :

આ જગમાં જીવને વળી, હરિ સમ હેતુ નહિ કોય;
પરમ સુખ પામે પ્રાણધારી, એમ ચિંતવે શ્રીહરિ સોય.
જે દુ:ખે થાય સુખ જનને, તે દે છે દુ:ખ દયા કરી;
જેહ સુખે દુ:ખ ઊપજે, તે આપે નહિ કે'દિ હરિ.

— ધીરજાખ્યાન

યજ્ઞપુરુષદાસજી અમદાવાદ આવે છે

મહેમદાવાદના હરિભક્ત ભાઈલાલભાઈ અમદાવાદ ભગતજીનાં દર્શન કરી મહેમદાવાદ પાછા આવ્યા, ત્યારે તેમણે યજ્ઞપુરુષદાસજીને મળીને કહ્યું : ''અહો ! અમદાવાદમાં તો ભગતજી પાસે જાણે અક્ષરધામનું સુખ હોય એવું વર્તે છે અને હજારો મનુષ્ય તેમની મૂર્તિમાં ખેંચાઈ જાય છે અને સાધુ, બ્રહ્મચારી, પાર્ષદ, આચાર્ય મહારાજ સૌ અખંડ સભામાં બેસે છે. વળી, ભગતજી એ જ વર્તમાનકાળે પરમ એકાંતિક સત્પુરુષ છે એવું સભામાં છડે ચોક આચાર્ય મહારાજ તથા સાધુ પ્રતિપાદન કરે છે.''

આવા અપૂર્વ આનંદ અને ઉત્સાહના સમાચાર સાંભળી યજ્ઞપુરુષદાસજી તથા નિરન્નદાસજી, હરિપ્રિયદાસજી વગેરે પાંચ જણા અમદાવાદ આવ્યા. મંદિરમાં આવી નરનારાયણનાં દર્શન કરી સભામાં આવ્યા. તેમને જોઈ ભગતજી તેમને વઢવા લાગ્યા : ''શું કામ આવ્યા ?''

ત્યારે રાવસાહેબ, મુકુંદજીવનદાસજી તથા પુરુષોત્તમદાસજી બોલ્યા : ''એ તો અમાસ છે એટલે હિંડોળાનાં દર્શન કરવા આવ્યા છે.''

પછી ભગતજીએ કહ્યું : ''બહુ સારું.'' એમ રાજી થઈને કહ્યું.

ત્યારે યજ્ઞપુરુષદાસજીએ જાણ્યું કે ''ભગતજીની મરજી તો છે.'' એમ સમજી ભગતજીનાં દર્શન કરવા પાસે આવ્યા.

ત્યારે તેમને જોઈને ભગતજી બોલ્યા : ''આ પેલા વાંસદાના દીવાનને જ્ઞાન કરીને બગાડ્યા તે કે ?'' એમ કહીને હસ્યા. પછી 'વાસુદેવ હરે' થયા તે સર્વે સભા ઊઠી. રાવસાહેબની અમાસની રસોઈમાં યજ્ઞપુરુષદાસજીનું મંડળ આવી ગયું એટલે રાવસાહેબ પણ ઘણા જ રાજી થયા અને અમાસની રસોઈ રખાવવાનો ભગતજીનો હેતુ સમજી ગયા.

પછી સાધુ, બ્રહ્મચારી તથા હરિભક્તોની પંક્તિ થઈ એટલે ભગતજી પંક્તિમાં પધાર્યા અને આચાર્ય મહારાજ પણ રાવસાહેબની રસોઈ હોવાથી પીરસવા પધાર્યા. સર્વેને ખૂબ જ પ્રેમથી જમાડ્યા. પછી ભગતજી હરિભક્તો સહિત બ્રહ્મચારીને ત્યાં જમવા પધાર્યા. જમ્યા પછી સભામાં આવીને બેઠા અને કથા થયા પછી સર્વેની પાસે ખુલ્લે નેત્રે મટકા રહિત દસ માળા ફેરવાવી. પછી ઊઠીને ઉતારે ગયા.

ઉતારે આવ્યા ત્યારે યજ્ઞપુરુષદાસજી પણ પાછળ જ હતા. ત્યાં આવીને પોતે આસને બિરાજ્યા અને યજ્ઞપુરુષદાસજીને કહ્યું : ''રહી શકાયું નહિ ને ? લ્યો, આવ્યા તે ઠીક થયું. હવે પાંચ રાત રહેજો. આવો જોગ મળવો બહુ દુર્લભ છે.'' એમ કહીને કહ્યું : ''આજે તો ભારે યજ્ઞ થયો.''

ભગતજીની વિનંતીથી મહારાજશ્રી ભગતજીના મંડળના હરિભક્તોની ચાર-પાંચ રસોઈમાં પોતે પીરસવા પધાર્યા હતા. મુકુંદજીવનદાસે ભગતજીને કહ્યું : ''આપના ઉપર મહારાજશ્રીને અપાર પ્રેમ છે, એટલે પીરસવા પધારે છે; નહિ તો ભારે પકવાનની રસોઈ હોય તો જ મહારાજ પીરસવા પધારે. પણ આપનું વચન પાછું ઠેલી શકતા નથી.''

ભગતજી કહે : ''મારાં ધન્ય ભાગ્ય છે કે મહારાજની મારા ઉપર આટલી કૃપા છે.''

ઝવેરીલાલ જે દિવસે ભગતજીની સાથે અમદાવાદ આવ્યા તે દિવસથી જ તેમણે ભગતજીને કહ્યું હતું : ''જેટલા હરિભક્તો અત્રે આવે તેને તમો રહો ત્યાં સુધી મારે જમાડવા.''

ત્યારે ભગતજી બહુ જ રાજી થયા અને કહે : ''બહુ સારું.''

પછી તો વૈદ્ય, કાલિદાસ, ચતુરભાઈ, પુરુષોત્તમ સૌએ કહ્યું : ''અમારો

પણ ખર્ચમાં ભાગ રાખશો.''

એટલે ભગતજી તે સૌનો ભાવ જોઈ ઘણા રાજી થયા અને બોલ્યા : ''આ ઝવેરીલાલનો બહુ જ આગ્રહ અને પ્રેમ છે અને તમો બધા પણ એવા આગ્રહી છો, તો જાવ ઝવેરીલાલનું અર્ધું ખર્ચ અને બીજા અરધમાં તમે બધા.'' એમ કહીને કહે : ''આ અમદાવાદમાં ઝવેરીલાલ દ્વાર છે અને જેટલા લોકોને સુખ અને સમાસ થશે તે સર્વેનું પુણ્ય ઝવેરીલાલને છે. તેમની લક્ષ્મીને પણ ધન્ય છે કે આવા મહાયજ્ઞમાં વપરાય છે.'' એમ ઝવેરીલાલની ખૂબ જ પ્રશંસા કરી.

બીજે દિવસે સવારે ભગતજી પૂજા કરી રહ્યા પછી બોલ્યા : ''આ ઝવેરીલાલ, પુરુષોત્તમ (વસો), વૈદ્ય અને હું – અમે ચાર અનાશ્રમી છીએ, તે માટે શ્વેતધર્મનો[૧૧૬] નિયમ રાખવો.''

ત્યારે ઝવેરીલાલ કહે : ''એ તો આપ અખંડ પાસે હો તો બને.''

ત્યારે ભગતજી કહે : ''આપણે ક્યાં છેટા છીએ ? છેટા માનવું જ નહિ.'' વળી, પછી કહ્યું : ''જેને બ્રહ્મચર્ય પાળવું હોય, તેને રાત્રે જમવું જ નહિ. ઘી વિના કોરું ખાવું.'' એમ બ્રહ્મચર્ય ઉપર ઘણી જ વાત કરી.

બ્રહ્મચારીએ ભગતજીનું કવિત રચ્યું

પછી ભગતજી બ્રહ્મચારીને ઉતારે નિત્ય દર્શન કરવા જતા, તે દિવસે પણ નિયમ પ્રમાણે ત્યાં ગયા. ત્યારે બ્રહ્મચારી બહુ જ રાજી થયા અને એક નવો દોહરો તેમણે બનાવ્યો હતો તે ભગતજીને સંભળાવ્યો :

'ભક્ત ભલા ભગવાનના પ્રેમી પ્રાગજીભાઈ,
શિરોમણિ સત્સંગમાં એ સમ બીજો ન કોઈ.'

એમ કહીને કહ્યું : ''આજે તો સત્સંગમાં તમે જ બધાને અખંડ ભજન કરાવો છો અને નિયમ-ધર્મમાં વર્તાવો છો. આજે મહારાજ તમારા દ્વારે પ્રગટ છે, તેથી તમારી મૂર્તિમાં સૌને હેત થઈ આવે છે.'' એમ ઘણી પ્રશંસા કરી.

વળી, શાસ્ત્રી બદરીનાથજી તથા સંતવલ્લભદાસજી તો ભગતજીની વાતો સાંભળી ઘણા જ રાજી થાય અને ભગતજીની વાંસે વાંસે ફરે અને રાત્રે અગિયાર વાગ્યા સુધી તેમની પાસે બેસે અને કીર્તનો બોલે.

---

૧૧૬. લાલ લૂગડું ન જોવું, બ્રહ્મચર્ય રાખવું.

આમ, અમદાવાદમાં ભગતજીના પધારવાથી ઘણો જ સમાસ થયો અને જાણે એકાંતિક ધર્મને નવજીવન મળ્યું હોય તેમ, અધર્મસર્ગમાત્ર નાશ થઈ ગયો અને સર્વ કોઈને અપાર સુખ આવ્યું.

સાધુજીવનદાસજી તથા નીલકંઠદાસજી પણ ભગતજીનો સમાગમ કરતા. તે સાંજે પરમાત્મદાસજી તથા બંને સાધુ ભગતજીના ઉતારે ગયા અને તેમને નિષ્કપટભાવે પ્રાર્થના કરી કે ''અમે તમારા છીએ.'' એમ સાધુ તથા બ્રહ્મચારીને ભગતજીને વિષે ઘણું જ હેત થયું.

ભગતજી રોજ સભામાં આવે ત્યારે સાધુ ધર્મપ્રસાદદાસજી શ્રીજીમહારાજને ચડાવેલો પ્રસાદીનો હાર ભગતજીને પહેરાવે.

વળી, ખળીવાળા, વાડીવાળા ભંડારી વગેરે પણ ભગતજી પાસે આવે એટલે ભગતજી તેમને કહે : ''તમારી ક્રિયા ભગવાનની છે, માટે મહારાજ તમારી સેવાથી બહુ જ રાજી છે.'' આથી તેઓ પણ હોંશે હોંશે પોતાની ક્રિયા કરે. ભણનારા સાધુ પણ રોજ ભગતજી પાસે આવે અને ભગતજી તેમની પાસે ચોસઠપદી નિત્યે બોલાવે અને સાધુના ધર્મ સમજાવે.

આમ, એકકાળાવિચ્છિન્ન અમદાવાદના મંદિરમાં આચાર્ય મહારાજથી લઈને તમામ સાધુ, બ્રહ્મચારી, પાર્ષદ, હરિભક્તોને ભગતજીને વિષે અસાધારણ હેત થઈ ગયું અને ભગતજી હજુ અમદાવાદમાં વિશેષ રહે એમ સર્વે કહેવા લાગ્યા.

ભગતજી, તમે તો સદ્‌ગુરુ છો જ

બીજે દિવસે સભામાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીને ભગતજીએ પૂછ્યું : ''ભણવાનું કેમ બંધ કરાવ્યું ?'' એટલે યજ્ઞપુરુષદાસજી તો કંઈ બોલ્યા નહિ. પછી ભગતજી હસતાં હસતાં બોલ્યા : ''પ્રાગજી ભગતના શ્લોક કરો છો માટે બંધ કરાવ્યું એમ ને ?'' એમ કહી સર્વે સભાને પોતે કહ્યું : ''એમણે તો પ્રાગજી ભગતના શ્લોક કર્યા છે. વરતાલવાળા અમથું ભણવાનું બંધ નથી કરતા.''

પછી કહે : ''શ્લોક બોલો જોઈએ કેવા કર્યા છે ?''

ત્યારે યજ્ઞપુરુષદાસજી બોલ્યા :

'श्रीमन्निर्गुणमूर्तये.... ब्रह्मात्ममुक्ताय ते ॥'

પછી તેનો અર્થ સમજાવ્યો : ''શોભાયમાન નિર્ગુણ મૂર્તિ જેની છે અને સર્વ શક્તિ અને સામર્થીવાન છે જે અને નિરંતર જ્ઞાનનો ઉપદેશ કરનારા, સર્વજ્ઞ, સર્વ સાધુતાના ગુણે યુક્ત, માયાપર વર્તનારા અને સર્વ ઐશ્વર્યવાન, પોતાના આશ્રિત જીવોનાં પાપના દોષ હરનારા, બ્રહ્મ જે અક્ષર તે સાથે એકાત્મભાવને પામેલા એવા પ્રાગજી ભગત ! સદ્‌ગુરુ ! તમને મારા નિરંતર નમસ્કાર છે.''

આ સાંભળી ભગતજી કહે : ''શિયાળવાને સાવજની ઉપમા આપવી ઘટે ?'' એમ કહી વઢવા માંડ્યા.

ત્યારે સાધુ હરિચરણદાસજી તથા ગુરુ કૃષ્ણસ્વરૂપદાસજી વગેરે તમામ સાધુ ભગતજીને કહેવા લાગ્યા : ''તમે વઢશો નહિ. જેવા તમારા ગુણ છે તેવો શ્લોક કર્યો છે, તેમાં શું ખોટું કર્યું છે ? તમને સદ્‌ગુરુની ઉપમા આપી છે, કાંઈ ભગવાન તો નથી કહ્યા ને ? અને તમે તો સદ્‌ગુરુ છો જ. કેમ કે, હજારોને જ્ઞાન આપી સુખિયા કરો છો અને વળી તમે સાક્ષાત્ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને સેવ્યા છે. માટે એ બધા ગુણ, પ્રતાપ, ઐશ્વર્ય તમારામાં છે જ.'' એમ યજ્ઞપુરુષદાસજીનો પક્ષ લઈ ભગતજીનાં ગુણગાન સર્વેએ ગાયાં.

ત્યારે ભગતજી બોલ્યા : ''તમે જ્યારે પક્ષ લેશો ત્યારે મારાથી નહિ વઢાય.''

પછી ભગતજી ત્યાંથી ઊઠીને મહારાજ પાસે દર્શને પધાર્યા. અહીં જેઠા ભગત પાસે હંમેશના રિવાજ મુજબ *'દરદ મિટાયા'* એ કીર્તન બોલાવ્યું અને યજ્ઞપુરુષદાસજીને બતાવીને મહારાજશ્રીને કહ્યું : ''સાધુ ભણવામાં બહુ જ હોશિયાર છે ત્યારે તેમનું ભણવાનું બંધ કર્યું.''

ત્યારે મહારાજે કહ્યું : ''તે ઠીક ન કર્યું. સત્સંગમાં વિદ્યા વધારવી જોઈએ. માટે વિજ્ઞાનદાસજી સાથે કાશી મોકલો. હું કાગળ લખી આપું છું.''

ત્યારે ભગતજીએ કહ્યું : 'વિજ્ઞાનદાસજીને આજ્ઞા આપી છે પણ તેમને નથી આપી.'' પછી ભગતજી બોલ્યા : ''જેમ મહારાજની ઇચ્છા હશે તેમ થશે.'' એમ કહી કીર્તનો બોલવાની આજ્ઞા કરી. ત્યારે એક સાધુ *'નેણાં ભરી હરિ જોયા રે'* એ કીર્તન બોલ્યા.

પછી ભગતજી ઊઠ્યા અને સાધુ માધવપ્રસાદજીના ઉતારે ગયા. અહીં

ભગતજીએ કહ્યું : ''ધર્મકુળ તો મહારાજનું સ્વરૂપ છે. માટે એમની આજ્ઞામાં રહેવું.'' એમ ધર્મકુળનો ઘણો જ મહિમા કહ્યો.

મહારાજની મૂર્તિરૂપી કમાણી

પછી ઉતારે ગયા ત્યારે મગનલાલે ભગતજી માટે ખીર તથા રોટલી બનાવ્યાં હતાં તે જમ્યા. બીજા હરિભક્તો માટે દાળ, ભાત, લાડુ, શાક બનાવ્યાં હતાં; તે સર્વે જમ્યા. પછી ભગતજી સભામાં પધાર્યા. ત્યાં વૃત્તિઓ ખેંચી વીસ માળા ફેરવી અને દરેકને ઉઘાડે નેત્રે મટકા રહિત વીસ માળા ફેરવવાની આજ્ઞા કરી.

પછી કૃષ્ણસ્વરૂપદાસજી કહે : ''આમ વૃત્તિઓ ખેંચી માળા ફેરવવી એ કંઈ રમત વાત નથી અને આ તો મોટાની પ્રસાદી છે. આવાનો જે અવગુણ લેશે તેનાં કર્મ ફૂટ્યાં હું તો જાણું છું; કારણ કે, પોતાથી થાય નહિ અને આવા સમર્થનો અવગુણ લે એમાં શું સારું થવાનું છે ?'' એમ ભગતજીનો ઘણો જ મહિમા તેમણે સભામાં કહ્યો.

પછી ભગતજીએ સભામાં સાધુને વાત કરી : ''તમે ગોળ, ઘી, ઘઉં વગેરેનો ભાવ જાણો છો ?'' એમ કહીને પોતે બોલ્યા : ''એ તો જે એનો વેપારી હોય તે જ જાણે અને અખંડ તેના ભાવ ઉપર દૃષ્ટિ રાખે, કારણ કે એમાં કમાણી છે. તેમ આપણે સાધુ થયા અને અખંડ ભગવાન તરફ જ દૃષ્ટિ રાખીએ તો એમાંથી મહારાજની મૂર્તિરૂપી અવિનાશી સુખની કમાણી છે; પણ એ ભાવ સામી અખંડ દૃષ્ટિ રાખવી જોઈએ. અખંડ ભગવાનને રાખવા અને એક ઘડી પણ ભૂલવા નહિ. ત્યાગી થઈને ભગવાન ભૂલશો ત્યારે ત્યાગ્યું શું ? અને એમ વિચાર નથી રહેતો કે 'હવે તો આજકાલ જરૂર જવું પડશે' અને ઠાલાં વલખાં મારીએ છીએ, એ મોટું અજ્ઞાન છે. માટે એ અજ્ઞાનનો ત્યાગ કરી, અખંડ ભગવાન સંભારવાનો આગ્રહ રાખવો. જો આવો આગ્રહ ન રાખીએ, તો પછી શું કમાણા ? માટે જો પ્રભુને રાખો તો એ તો રસિયા વાલમ છે, તે ઘડીભર છેટે રહે તેવા નથી.''

સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ એ વાત સાંભળી કહ્યું : ''મને પણ તમારી વાતથી એમ થાય છે કે એમ કરીએ. પણ બધા કહેશે કે હવે ઘડપણમાં આંખ મીંચતાં શીખ્યા.''

પછી ભગતજી બોલ્યા : ‘‘એક દિવસ તો વહેલા-મોડી જગત તરફ આંખ મીંચવાની જ છે, તો વહેલી મીંચીને ભગવાન સંભારવા. જગતની બીક લાગે તો ભગત થવાય નહિ. ભગતને માટે જગત છે જ નહિ. એમ જગત નીકળી જશે પણ કંઈ કઠણ નહિ પડે.’’

એમ કહીને કહે : ‘‘આ નાના સાધુએ એક દિવસ જે વાતો કરી હતી તે પેટ ઠરી ગયું છે. એવી વાતો આવડે છે.’’ પછી યજ્ઞપુરુષદાસજીને કહે : ‘‘વાતો કરો.’’ પછી સર્વે સાધુઓએ પણ તેમને અતિ આગ્રહ કર્યો.

ભગતજીએ રાજી થઈ શાસ્ત્રીજી મહારાજને માથે હાથ મૂક્યા

ભગતજીનો આગ્રહ અને મરજી જોઈને શાસ્ત્રીજી મહારાજ શ્રી યજ્ઞપુરુષદાસજીએ વાત કરી કે ‘‘અતિ દુર્લભમાં દુર્લભ મનુષ્ય દેહ છે. તેમાં સત્સંગ મળવો તે અતિ દુર્લભ છે. તેમાં પણ એકાંતિક બ્રહ્મનિષ્ઠ સંતને ઓળખીને તેમનો સમાગમ કરવો તે અતિ દુર્લભ છે. એટલું કર્યું તેણે સર્વે કર્યું અને તેને કલ્યાણમાં કંઈ બાકી નહિ રહે.’’

એમ કહીને શ્લોક બોલ્યા કે :

प्रसङ्गमजरं पाशमात्मनः कवयो विदुः।
स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम् ॥

– શ્રીમદ્ભાગવત; તૃતીય સ્કંધ, અ. ૨૫, શ્લોક : ૨૦

‘‘જેવું એ જીવને દેહ અને દેહના સંબંધીને વિષે હેત છે, તેવું જો ભગવાનના એકાંતિક સંતને વિષે થાય તો તેને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે અને કંઈ અધૂરું રહેતું નથી. આટલું જ કરવાનું છે.’’ એમ કહી બંધ રહ્યા.

પછી ભગતજી કહે : ‘‘થોડી વાત કરી પણ તેમાં સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત લાવી મૂક્યો અને બહુ સારી વાત કરી.’’ એમ કહી ઊભા થયા અને સભા વચ્ચે સ્વામી પાસે આવીને કહે : ‘‘રંગ છે, સ્વામી !’’ એમ કહીને બે હાથ શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીને માથે મૂક્યા અને બહુ જ રાજી થયા.

ત્યારે એક હરિભક્તે ભગતજીને કહ્યું કે ‘‘તમે તો ગૃહસ્થ છો ને સાધુને માથે હાથ ન મુકાય. તે કેમ હાથ મૂક્યા ?’’

એટલે ભગતજી કહે : ‘‘મેં નથી મૂક્યા. સહજાનંદ સ્વામીએ મૂક્યા છે !’’ એટલું કહ્યું એટલે તે હરિભક્ત શાંત થઈ ગયા અને ભગતજી તથા

શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીનો અતિ મહિમા સમજ્યા.

પછી રાવસાહેબનો હાથ પકડી ભગતજી ઉતારે આવ્યા અને રાવ-સાહેબને કહ્યું : ''આ શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી બહુ બુદ્ધિશાળી છે. તે જુઓને, કેવી સભામાં વાત કરી ?''

ત્યારે રાવસાહેબ કહે : ''હા, સાધુ બહુ જ બુદ્ધિશાળી છે અને સભામાં મુદ્દાની વાત કરી.''

એટલામાં સ્વામી યજ્ઞપુરુષદાસજી, શ્રીજીમહારાજની પ્રસાદીની છત્રી આગળ ઊભા હતા, તેમની પાસે આવીને તેમને જોઈ હસીને બોલ્યા : ''આવી વાતો સભામાં કરો છો, તે વરતાલ પંક્તિ બહાર કરશે ત્યારે શું કરશો ?''

ત્યારે યજ્ઞપુરુષદાસજી કહે : ''બધાનું થશે તે મારું થશે. પણ આવો અવસર ક્યાંથી મળે ?'' પછી ભગતજી ઉતારે ગયા.

મરજીવો થાય ત્યારે આ માર્ગે ચલાય

બીજે દિવસે ભગતજી સવારમાં નાહી, પૂજા કરી સભામાં આવીને બેઠા અને ત્યાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની બહુ જ વાતો કરી અને કહ્યું : ''જ્યાં સુધી આ જીવને વિષયમાં ગુણ-ધ્યાન છે અને લિલાડો છે, ત્યાં સુધી વિષય વળગ્યા છે. પણ દોષ-ધ્યાન થાય અને વેર બંધાય તો વિષય પરાભવ કરે ? એ બિચારા બકાલથી શું થવાનું છે ? પણ જીવ શૂરવીર નથી થાતો. અને જે શૂરવીર હોય તેનાથી જ ઈન્દ્રિયો-અંતઃકરણ થરથર કંપ્યાં કરે અને ભગવાન છેટે શું જાય ? અને એક મટકે અખંડ જાણપણારૂપ દરવાજે રહીએ, ત્યારે તેમાં કોણ પેસી શકે ? જ્યારે ભગવાન વિના બીજે વૃત્તિ રહી ત્યારે ત્યાગી થવું નકામું છે. માટે દૃઢ બ્રહ્મચર્ય પાળવું અને ભગવાન અખંડ રાખવા, એ જ કરવાનું છે.''

એમ કહી કીર્તન બોલ્યા કે – *'ભક્તિને મોરચે ભડ કોઈ આગળે, રણસંગ્રામમાં પગ કોઈ રોપે...'*

પછી કહ્યું : ''પણ એ મારગ જો સહેલો હોય તો સહુ કોઈ ચાલે, પણ મરજીવો થાય ત્યારે એ માર્ગે ચલાય.'' એમ શૂરવીરપણાની અતિ બળની બહુ વાતો કરી. તેથી સર્વેનાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં અને એવું થઈ ગયું કે 'જાણે ભગવાન ભૂલીએ જ નહિ' એમ વેગ લાગી ગયો.

પછી શણગારનાં દર્શન કરી મહારાજ પાસે પધાર્યા. ભગતજી મહારાજશ્રીનાં દર્શને આવ્યા એટલે મહારાજે તેમને ગાદી-તકિયે બેસારી હાર આપ્યો અને કહ્યું : ''તમારા જેવા કોઈ બળવાન પુરુષ દીઠા નથી. એક મહિનાથી બધા ભેગા છે પણ નિત્યે નવી ને નવી જ શ્રદ્ધા ! આ તે શું કહેવાય !!'' એમ ભગતજીની બહુ જ પ્રશંસા કરી.

પછી ભગતજી કહે : ''આજ તો પોતપોતાનાં અંગનાં કીર્તનો બોલો.''

ત્યારે યજ્ઞપુરુષદાસજી *'મારા વ્હાલાજી શું વ્હાલપ દીસે રે તેનો સંગ કેમ તજીએ ?'* એ કીર્તન બોલ્યા. વસોવાળા પુરુષોત્તમદાસ તથા ઝવેરીલાલ *'સંત જન સોઈ સદા મોયે ભાવે;'* જેઠાલાલ *'મોહન તારી મૂર્તિ લાગે છે મુને પ્યારી રે, એક નિમિષ ન મેલું ન્યારી'* એ મુક્તાનંદ સ્વામીનું કીર્તન બોલ્યા.

પછી શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીને કહે : ''તમે થોડી વાતો કરો.'' પછી મહારાજે પણ આજ્ઞા કરી.

ભગતજી અને મહારાજની આજ્ઞા થઈ એટલે શાસ્ત્રીજી મહારાજે વાત કરી :

धर्मस्त्याज्यो न कैश्चित्स्वनिगमविहितो वासुदेवे च भक्ति-
र्दिव्याकारे विधेया सितघनमहसि ब्रह्मणैक्यं निजस्य ।
निश्चित्यैवान्यवस्तुन्यणुमपि च रतिं संपरित्यज्य संत-
स्तन्माहात्म्याय सेव्या इति वदति निजान् धार्मिको नीलकण्ठः ॥

એ શ્લોક બોલીને કહ્યું : ''ગોપાળાનંદ સ્વામીને બીજા સાધુએ પૂછ્યું જે, 'શ્રીજીમહારાજનો સિદ્ધાંત હોય તે કહો.' ત્યારે સ્વામી કહે : 'આખા સત્સંગિજીવનનો સિદ્ધાંત શ્રીજીમહારાજે श्रीवासुदेवविमलामृतधामवासं... એ અષ્ટકમાં કર્યો છે અને તેનો સિદ્ધાંત જે આ છેલ્લો શ્લોક છે તેમાં છે, કે 'હે સંતો ! વેદાદિ સત્શાસ્ત્રોએ પ્રતિપાદન કર્યો એવો જે ધર્મ તેનો, દેહનો પાત થાય તો પણ ત્યાગ કરવો નહીં અને પોતાના આત્માની અક્ષરબ્રહ્મ સાથે એકતા કરી, તે પરમાત્મા સિવાયની બીજી વસ્તુમાં અલ્પ પણ પ્રીતિ કરવી નહિ અને એવી રીતના જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ યુક્ત જે સંત તેની મહિમાએ સહિત સેવા કરવી. એવી ભક્તિ-ધર્મના પુત્ર શ્રી નીલકંઠ વર્ણીની આજ્ઞા છે.' આ સિદ્ધાંત એ મહારાજની આજ્ઞા છે, તો આપણે સર્વેએ એ સિદ્ધાંત અનુસાર એવા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ યુક્ત

ભગતજીએ પોતા ઉપર જ આ વાત કરી. પરંતુ જગતની મોટપ અને લાજ જ્યાં સુધી હૈયામાં રહી હોય ત્યાં સુધી સત્પુરુષનું વચન યથાર્થ પળાય નહિ; મનાય તો ખરું. ભગતજીએ પણ તેમને રાજી થઈને રજા આપી.

અંતકાળે શ્રીકૃષ્ણને લઈને તમોને હું તેડવા આવીશ

તે દિવસે સાંજે ભલાભાઈ તથા હાથીભાઈ ભગતજીનો સમાગમ કરવા આવ્યા. તેમને ભગતજી ઊભા થઈને મળ્યા અને ઉતારો કરાવ્યો.

બીજે દિવસે સવારે પૂજા કરી ભલાભાઈનો હાથ પકડી સભામાં પધાર્યા. ભલાભાઈ તથા હાથીભાઈને પોતે કહે : ''તમેય ગોપાળિયા છો અને હું પણ ગોપાળિયો છું. આપણાથી બીજે મસ્તક નમાવાય નહિ.'' એમ મર્મમાં વાત કરી.

ભલાભાઈ મૂળે વૈષ્ણવ એટલે ભગતજીએ તેમને મર્મમાં સમજાવ્યું : ''તમે જે શ્રીકૃષ્ણની સેવા-ભક્તિ કરો છો, તે તો અમારા ગોપાળાનંદ સ્વામી છે. માટે તમેય ગોપાળિયા અને હું તો તેમનો પ્રથમ વારનો શિષ્ય, એટલે હું પણ ગોપાળિયો છું.''

પછી સભામાં આવ્યા. ત્યાં શણગાર આરતી થઈ એટલે દર્શન કરી મહારાજ પાસે પધાર્યા. ત્યાં પણ તેમણે ભલાભાઈને ઉદ્દેશીને વાત કરી : ''શ્રીકૃષ્ણ ભગવાન અગિયાર વર્ષના હતા ત્યાં સુધી તેમની મૂર્તિને માનવી – એમ ગોસ્વામીનો મત છે અને તેમના મતમાં શ્રીકૃષ્ણ પ્રભુ અને વિઠ્ઠલનાથજી મહાપ્રભુ, તેમના સિવાય બીજાનો પ્રસાદ લેવાય તો અન્યાશ્રય થયો કહેવાય. પણ સ્વામિનારાયણ કંઈ નોખા નથી. એ તો સર્વોપરી અવતારના અવતારી છે. એટલે એમનો આશ્રય કરવો એ અન્યાશ્રય ન કહેવાય. તો સર્વ કુતર્ક મૂકી સ્વામિનારાયણનો આશ્રય કરજો અને રોજ પાંચ માળા સ્વામિનારાયણની ફેરવજો. અને પ્રગટ જે શ્રીકૃષ્ણ સ્વામિનારાયણ તેમાં આસક્ત થજો. ત્યાં આસક્ત થશો ત્યારે આશ્રય સાચો, નહિ તો શું આશરો ? એ તો કહેવામાત્ર છે. વળી, જો કોઈ મોટા સાધુ મારા ઉપર રાજી થયા હશે તો આ તમારી જોડે બોલે છે તે અંતકાળે શ્રીકૃષ્ણને તેડીને તમોને તેડવા આવશે.'' એમ ઘણી વાત કરી.

જ્યાં સુધી વિષયમાં પ્રીતિ છે, ત્યાં સુધી અનાશ્રય છે

પછી શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી તરફ જોઈને કહ્યું : ''તમે શું સમજીને ત્યાગી થયા છો ?''

ત્યારે તેમણે કહ્યું : ''શ્રીકૃષ્ણ ભગવાનનો અચળ આશરો સંસારમાં રહીએ ત્યાં સુધી ન થાય; કારણ કે, બ્રહ્મચર્ય વિના સર્વ વૃથા છે. માટે દૃઢ આશ્રય થાય એટલે ત્યાગી થયા છીએ. વળી, ગીતામાં પણ કહ્યું છે :

यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति तत्ते पदं संग्रहेण प्रवक्ष्ये ॥''[૧૧૭]

એમ વાત કરી.

ત્યારે ભગતજીએ ભલાભાઈને કહ્યું : ''જોયું, અનાશ્રય જો ના કરવો હોય તો આવા સાધુને સેવીને મન, ઇન્દ્રિયો વશ કરો અને પંચવિષયનો ત્યાગ કરીને શ્રીકૃષ્ણ ભગવાનમાં આસક્ત થાઓ. જ્યાં સુધી વિષયમાં પ્રીતિ છે, ત્યાં સુધી અનાશ્રય જ છે.'' આમ, પંચવિષયના ખંડનની ઘણી વાત કરી.

હું પણ પહેલાં શ્રાવક હતો

એવામાં એક શ્રાવક આવ્યો. તેને જોઈ કહે : ''તમારા માગધી ક્ષેત્રમાં કલ્યાણ છે અને બીજે તો કલ્યાણનો આરો બંધ છે - એમ છે.''

ત્યારે તે કહે : ''હા.''

એટલે ભગતજી કહે : ''હું પણ પહેલાં શ્રાવક હતો, પણ આ સ્વામિનારાયણના સાધુનો સંગ થયો અને તેમણે કલ્યાણનો દરવાજો ઉઘાડ્યો એટલે સત્સંગી થયો. તમારામાં જેને કેવળી કહો છો તેનાં તો એ લક્ષણ છે કે તે તો ગુણાતીત હોય અને ભગવાનનાં ભજનમાં અખંડ આસક્ત હોય.'' એમ કહી દસ માળા નાડી-પ્રાણ ખેંચીને ફેરવી.

ત્યારે શ્રાવક કહે : ''આ તો સાક્ષાત્ કેવળી છે. આવા તો હજુ સુધી કોઈ દીઠા નથી.'' એમ ભગતજીનો બહુ જ ગુણ આવ્યો.

સત્પુરુષ એટલે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યયુક્ત ભક્તિનો સમન્વય

પછી ભગતજી બ્રહ્મચારીના આસને મહારાજના મળેલા એક

---

૧૧૭. જેને પરમપદને પામવું છે, તેને બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. – ગીતા : ૮-૧૧.

બ્રહ્મચારીનાં દર્શન કરવા ગયા. સાથે સૌ હરિભક્તો પણ ગયા. ભગતજી બ્રહ્મચારી મહારાજનાં દર્શન કરી પાછા ફર્યા. એટલે બીજા હરિભક્તો જે ભગતજીનાં દર્શને સામેથી આવતા હતા તે પણ પાછા ફર્યા. એટલે ભગતજી તેમને વઢ્યા અને કહ્યું : ''આવા મહારાજના મળેલા ક્યાંથી ? માટે જાઓ દર્શન કરીને આવો.'' એમ સર્વેને દર્શન કરવાની આજ્ઞા કરી.

મહારાજના સંબંધવાળા તરફ – પછી તે દેવ, મનુષ્ય કે પદાર્થ ગમે તે હોય – માહાત્મ્યે સહિત ભક્તિનો આવિર્ભાવ પ્રગટના સંબંધ વડે જ આવે છે. સાચા સત્પુરુષ તો, આ પ્રકારની ભક્તિમાં ખામી, પ્રગટના સંબંધના કેફે કરીને જો કદાચ કોઈમાં દેખે, તો તેના એ દોષને તત્કાળ ટાળી નાખે છે. સત્પુરુષ એટલે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યે યુક્ત ભક્તિનો સમન્વય ! પોતાના આશ્રિતોમાં આ ચારે સંપૂર્ણપણે આવે એ જ તેમનું ધ્યેય હોય. ભગતજી પોતાના શિષ્યોને આમાં હંમેશાં સજાગ રાખતા.

ભગતજી કૃષ્ણસ્વરૂપદાસજીના આસને ગયા અને ત્યાં ઘણી જ વાતો કરી. એક વૈષ્ણવ ભક્ત દર્શન કરવા આવેલા. તે ભગતજીની વાતો સાંભળી ત્યાં જ બેસી ગયા. ભગતજીએ તેને ઉદ્દેશીને ઘણી વાતો કરી અને પછી પૂછ્યું : ''તમો પ્રાણાયામ કરો છો ત્યારે વૃત્તિનો નિરોધ થાય છે કે નહિ ? કારણ કે, યોગીને તો ઇન્દ્રિયોની વૃત્તિ અખંડ કબજે જોઈએ.'' એવી ભગતજીની વાતો સાંભળી, યોગની ક્રિયામાં પ્રારંભરૂપ પ્રાણાયામની શરૂઆત શીખનાર અને ઇન્દ્રિયોની વૃત્તિના બંડને નિયમમાં લાવવાની ખટપટમાં પડેલા આ વૈષ્ણવજનને, પોતાની તમામ વાતોનું નિરાકરણ અહીં થતું સાંભળીને અતિ આનંદ થયો.

પછી ભગતજીએ પોતાનાં નાડી-પ્રાણ નિયમમાં લઈ પોતાનો હાથ તે વૈષ્ણવના હાથમાં આપ્યો. તે લઈને નાડી જોવા તેણે પ્રયાસ કર્યો પણ નાડી મળે જ નહિ. વૈષ્ણવને તો આ યોગીન્દ્ર પુરુષની આ સ્થિતિથી ઘણું જ આશ્ચર્ય થયું અને કહ્યું : ''આવા યોગી પુરુષ હજુ સુધી મેં જોયા નથી. આવા તો આ એક જ.'' એમ ઘણો જ ગુણ આવ્યો.

ત્યાંથી ઊઠીને ઉતારે જતાં રંગમહોલમાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી તથા સાધુનાં આસનો હતાં ત્યાં ગયા. ત્યાં તે સર્વે પગે લાગ્યા અને યજ્ઞપુરુષદાસજીએ કહ્યું : ''અમે હવે જઈએ છીએ.''

ત્યારે ભગતજીએ કહ્યું : ''આજ તો દરબારની ફૂલમંડળી છે તે ન જવાય, માટે રહો.''

ત્યારે તે સર્વેએ કહ્યું : ''ઠીક, રહીશું.''

પછી ભગતજી બોલ્યા : ''સાધુનાં અંતઃકરણ નિર્મળ. માટે બળવાન હોય પણ તેને સમાવ્યા તે ઠીક કર્યું. આવો વખત ફરી મળવો બહુ દુર્લભ છે.'' એમ કહી ઉતારે ગયા.

સાંજે મોડજી દરબારની ફૂલમંડળી હતી ત્યાં દર્શન કરવા ગયા. ત્યાં મહારાજ ઠાકોરજીને હિંડોળે ઝુલાવતા હતા. તેમણે એક મોટો હાર ભગતજીની કોટમાં નાખ્યો અને બહુ જ રાજી કર્યા. પછી ભગતજી ઉત્સવમાં બેઠા. તે બીજા વગાડે ત્યારે પોતે બંધ રાખે અને બીજા બંધ રાખે ત્યારે પોતે વગાડે, એવી અલૌકિક લીલા કરી અને સૌને આનંદ પમાડ્યો. પછી પોતે સૌને પોશે પોશે પતાસાં વહેંચ્યાં. ઉત્સવ પૂરો થયો એટલે સભામાં પધાર્યા. ત્યાં કથા કરી અગિયાર વાગ્યે ઉતારે આવ્યા.

હું તો દરજી છું, તે બે ટાંકા તોડું છું અને બે ટાંકા સાંધું છું

બીજે દિવસે સવારમાં પૂજા કરી સભામાં પધાર્યા અને ઉપાસનાની વાત કરી : ''શ્રીજીમહારાજ આ ભરતખંડમાં પધાર્યા ત્યારે નરનારાયણને ભોમિયા તરીકે સાથે લાવ્યા, કારણ કે આ ભરતખંડના રાજા નરનારાયણ ગણાય છે. વળી, નરનારાયણે પણ મહારાજની એવી સેવા કરી તે શ્રીજી-મહારાજે પ્રથમ અહીં મંદિર કરી નરનારાયણની મૂર્તિ પધરાવી અને સેવાનું ફળ આપ્યું, પરંતુ એ દેવ જ મુખ્ય ન થઈ જાય અને મૂર્તિમાં ન બંધાઈ જવાય તે સારુ મહારાજે, આ ઉગમણી રૂપચોકી પાસે ઊભા રહીને આનંદ સ્વામીનો હાથ પકડીને કહ્યું : 'આવા અનંત નરનારાયણ, લક્ષ્મીનારાયણ, આ મૂર્તિનું એક પગે ઊભા રહીને ભજન કરે છે.'' એમ પોતાની છાતીમાં આંગળી મૂકીને આનંદ સ્વામીને વાત કરી.''

એટલી વાત કરી ત્યારે પ્રભાશંકરે પંચરત્ન બતાવીને કહ્યું : ''આ પંચરત્નમાં તો નરનારાયણનું મુખ્ય પ્રતિપાદન છે અને ભક્તચિંતામણિમાં પણ નરનારાયણ એ જ મહારાજ છે એમ લખ્યું છે તેનું શું સમજવું ?''

ત્યારે ભગતજીએ કહ્યું : ''એ તો શાસ્ત્રની રીત એમ લખવાની, જેથી

હજારોને સમાસ થાય તેવું લખે. પરંતુ એકલું શાસ્ત્ર વાંચ્યે મહારાજની જેમ છે તેમ નિષ્ઠા થાય નહિ. એ તો જેમ ખારા સમુદ્રનું પાણી પીવાથી તૃષા ન ભાંગે, પણ જ્યારે એ સમુદ્રનું જળ સૂર્યના તાપથી વરાળરૂપ થઈને ઊંચે ચડી મેઘરૂપ બની વરસે છે, ત્યારે તેના તે જ જળથી દાણા પાકે, તૃષા છીપે અને શાંતિ પણ થાય. તેમ સત્પુરુષ છે તે શાસ્ત્રના શબ્દનો નિચોડ કાઢી જેમ છે તેમ વાત સમજાવે છે, જેથી પાકી નિષ્ઠા થાય અને શાંતિ થાય. આ તો સર્વોપરી, સર્વ અવતારના અવતારી, એવા મહારાજ પ્રગટ્યા છે અને 'न भूतो न भविष्यति' એવી રીત પ્રવર્તાવી છે; તો તેવા નિશ્ચય કરી ઉપાસના દૃઢ કરી લેવી. હું તો દરજી છું તે બે ટાંકા તોડું છું અને બે ટાંકા સાંધું છું. દ્રવ્ય અને સ્ત્રી જીવમાંથી કાઢું છું અને ભગવાન અને સાધુ જીવમાં ઘાલું છું. માટે, મારી વાતો સાંભળશો તો ભગવાન અને સાધુ મુખ્ય થઈ જશે અને ઉપાસના દૃઢ જેમ છે તેમ સમજાશે.'' એમ ઉપાસનાની ઘણી વાત કરીને પછી ઊઠ્યા.

ભગતજી સભામાંથી ઊઠ્યા એટલે શાસ્ત્રી કૃષ્ણસ્વરૂપદાસજી તેમને પોતાને આસને લઈ ગયા. પછી પોતે કહ્યું : ''આજે તો ઉપાસનાની બહુ વાતો કરી તેથી ઘણો આનંદ થયો. અમે તો તમારાં ચરણની રજ છીએ.''

ત્યારે ભગતજીએ કહ્યું : ''તમારે સાધુને એમ ન બોલાય.''

પછી ભગતજીએ તેમને માંદા હોવાથી ઔષધ માટે ઘી-સાકર અપાવ્યાં અને રાજી કર્યા.

'વાસુદેવ હરે' થયા એટલે સાધુની પંક્તિ થઈ. ભગતજીની આજ્ઞાથી છનાભાઈએ રસોઈ આપી હતી અને આચાર્ય મહારાજ સાધુની પંક્તિમાં પીરસવા પધાર્યા હતા. ભગતજી પણ સૌ હરિભક્તો સાથે આવ્યા અને ખુરશી નાખીને બેઠા. આચાર્ય મહારાજ પણ સર્વે સંતોને પીરસી, બીજી ખુરશી મગાવી, ભગતજીની પાસે બેઠા.

સર્વે સંતોને જમતાં જોઈ ભગતજી બહુ જ રાજી થયા અને છનાભાઈને કહ્યું : ''આજે તો તમારું કામ નીકળી ગયું. ભગવાનના સંતો આજે તમારી રસોઈ જમે છે તે તમારું મોટું ભાગ્ય છે.''

પછી બ્રહ્મચારીના ભંડારમાં ભગતજી જમવા પધાર્યા. બ્રહ્મચારીએ ભગતજીને પીરસતાં કહ્યું : ''અમારાં મોટાં ભાગ્ય જે આવા એકાંતિક પુરુષને

જમાડવાનું અમને મળ્યું.''

ત્યારે ભગતજીએ જમતાં જમતાં કહ્યું : ''ઠાકોરજીની સેવા નિષ્કામ ભાવે કરો છો એટલે તમારા પુણ્યનો પાર નથી. આપને લક્ષ્મી, રાધિકાજી અને ભગવાનનો થાળ કરવાનો મળ્યો એ પૂર્વનાં ઘણાં જ પુણ્યથી મળ્યો છે.'' એમ બહુ જ વાતો કરી, ચળું કરી, સભામાં પધાર્યા.

આવો નાનો દેહ તે મંડળ શું શોભે ?

ભગતજી સભામાં પધાર્યા એટલે યજ્ઞપુરુષદાસજી પણ ભંડારમાં જમી સભામાં ભગતજીનાં દર્શને આવ્યા. ભગતજીએ તેમને પૂછ્યું : ''જમ્યા ?''

ત્યારે તેમણે કહ્યું : ''હા.''

એટલે ભગતજીએ કહ્યું : ''હવે તમારે ફાવે ત્યારે જાઓ, આજ્ઞા છે. સારી રીતે ભણજો.'' એમ કહીને હસીને બોલ્યા : ''આવો નાનો દેહ તે મંડળ શું શોભે ? મંડળવાળાને જબરો દેહ જોઈએ.''

પછી ભગતજી ઉતારે ગયા. ત્યાં યજ્ઞપુરુષદાસજીએ નારાયણભાઈએ લઈ આપેલી ઠાકોરજીની મૂર્તિ પ્રસાદીની કરવા મોકલી. તે મૂર્તિ જોઈ ભગતજી બહુ જ રાજી થયા અને બોલ્યા : ''લગાર નાસિકા મોટી છે. આવી મહારાજને નહોતી.''

ત્યારે મગનલાલ કહે : ''તમો મહારાજને કહેજો કે જરાક મોટી નાસિકા કરી નિવાસ કરે.'' એટલે સૌ હસી પડ્યા.

ભગતજી પોતે પોઢ્યા હતા અને તે મૂર્તિને એક કલાક પોતાની છાતી ઉપર રાખીને ઝુલાવી. એટલામાં યજ્ઞપુરુષદાસજી આવ્યા. તેમને જોઈ ભગતજીએ કહ્યું : ''તમારા ઠાકોરજી સારા છે. નાસિકા જરા નાની કરાવો.''

સાંજના ભગતજી સભામાં પધાર્યા. ત્યાં નારાયણભાઈ તથા છનાભાઈ પાસે મહારાજની પૂજા કરાવી, સાકરનો થાળ મૂક્યો અને સર્વે સંતને ધોતિયાં ઓઢાડ્યાં. આચાર્ય મહારાજ બહુ જ રાજી થયા અને ભગતજીને કહ્યું : ''તમારા શિષ્યો તો સર્વે પ્રકારે શ્રીજીની આજ્ઞા પ્રમાણે આચાર્ય, મૂર્તિ અને સાધુનું માહાત્મ્ય સારું સમજે છે, તે તમારા સર્વોપરી જ્ઞાનનો પ્રતાપ છે.''

એટલામાં યજ્ઞપુરુષદાસજી જવા સારુ તૈયાર થઈને આવ્યા અને દંડવત કરી ભગતજીને પગે લાગ્યા અને કહ્યું : ''અમો જઈએ છીએ.''

ભગતજીએ કહ્યું : ''બહુ સારું, જાઓ. ક્ષમા રાખજો. ભગવાન તમારી ભેળા છે. તે ભણાવે તો ભણજો, નહિ તો ભજન કરજો.'' એમ કહી તેમને રજા આપી.

એટલામાં શિવશંકર તથા વીણાના હરિભક્તો જેઠાલાલ તથા ડાહ્યાભાઈ તથા ભાઈશંકર આવ્યા અને ભગતજીને દંડવત કરી રજા માગી. ભગતજીએ જેઠાલાલને કહ્યું : ''સત્સંગનો સારો યોગ રાખજો. કુસંગ નહિ કરો તો સત્સંગ ટકશે.'' એમ સર્વને આશીર્વાદ આપી વિદાય કર્યા.

ભગતજી ધૂળનાં ગાડાં ખાલી કરે છે

બીજે દિવસે ભગતજી સવારમાં મંદિરમાં દર્શન કરવા આવતા હતા. ત્યાં હાથ ધોવાની ધૂળનાં પાંચ-સાત ગાડાં ચોકમાં આવ્યાં હતાં અને પાળા ટોપલી ટોપલી લઈને ખાલી કરતા હતા. ભગતજી પોતે પણ ત્યાં ગયા અને ભરેલી ટોપલી માથે લઈને નાખવા લાગ્યા. એટલે તેમની સાથેના સર્વે હરિભક્તોએ પણ ટોપલીઓ લીધી અને ભગતજીને લેતા બંધ કર્યા. પછી ઝપાટામાં સર્વેએ મળી ગાડાં ખાલી કરી દીધાં.

ભગતજીની આ પ્રમાણે મંદિરની દરેક પ્રકારની સેવામાં તીવ્ર શ્રદ્ધા જોઈને જ મંદિરમાં સર્વેને ભગતજીનો અતિશય ગુણ આવ્યો અને એમ થયું કે ''અહો ! આવા મોટા બ્રહ્મસ્થિતિવાળા, જ્ઞાનમાં પૂરા, ભજનમાં, કથામાં, ધ્યાનમાં સર્વ વાતે અજોડ અને મોટા મોટા સ્થિતિસંપન્ન જેના શિષ્યો, છતાં આટલું નિર્માનીપણું રાખીને મંદિરની સર્વે સેવા કરે. ભગતજી જેવા તો એક ભગતજી જ ! એ જેવા બીજા કોઈ થવાને સમર્થ નથી !''

ભગતજી હાથ ધોઈને સભામાં પધાર્યા. ત્યાં મહેળાવના પટેલ મથુરભાઈ તથા વ્રજભાઈ તથા પુરુષોત્તમભાઈ, નાથાભાઈ સમાગમ કરવા આવ્યા.

અમદાવાદના જેઠાલાલ[૧૧૮] આવ્યા. તેમને સભામાં મળ્યા, રાજી થઈ બેસાડ્યા અને સર્વે સમાચાર પૂછ્યા.

વરતાલથી બ્રહ્મચારી પરમેશ્વરાનંદજી, ધ્યાનાનંદ, ત્યાગાનંદ અને નિર્ગુણાનંદજી આવ્યા હતા, તે ભગતજી પાસે આવીને બેઠા. તેમને

---

૧૧૮. નડિયાદના નાગર બ્રાહ્મણ. તેમણે ભગતજી મહારાજનો સમાગમ કરી ઉત્તર ગુજરાતમાં અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તાવવામાં ખૂબ સેવા આપી હતી.

ભગતજીએ ખબર-અંતર પૂછી અને કેટલીક અંતરની વાતો કરી. જેથી તેમને સર્વેને ઘણી જ શાંતિ થઈ અને ઘણા દિવસનું વિરહનું દુઃખ ટળી ગયું.

પછી ભગતજીને ધ્યાનાનંદજીએ કહ્યું : ''વચનામૃત સમજાતું નથી તે સમજાવો.''

ત્યારે ભગતજી કહે : ''વચનામૃત પછી, પણ મુંબઈ જાઓ છો તે ધોળી કઢી (દૂધપાક) પીશો નહિ અને શહેર છે માટે જમવાનું જાળવજો. જેઠો શેઠ રોજ રાત્રે ધોળી કઢી પીને સૂઈ રહેતો, તે ઘેર આવવું પડ્યું. માટે જમવાનું જાળવજો અને દેહ માંદો થાય તેમ ન કરશો.''

પછી ત્યાગાનંદજીને પૂછ્યું : ''વરતાલવાળા પૂછશે કે અમદાવાદ કેમ ગયા હતા તો શું કહેશો ?'' પછી પોતે હસીને કહ્યું : ''આ બે જણા તેડી ગયા એટલે ગયો એમ કહેજો અને સર્વે સંપ રાખજો અને મોટેરાની આજ્ઞામાં રહેજો.'' એમ ઘણી વાતો કરી સુખ આપ્યું. સર્વેને મળ્યા અને સ્ટેશને જવા વિદાય કર્યા.

વડોદરા સીતાબાને પાંચ દિવસ સુધી ભગતજીએ તથા શ્રીજીમહારાજે દર્શન દીધાં

તે જ દિવસે વડોદરાથી શિવશંકરભાઈ તથા ગોવિંદભાઈ આવ્યા અને ભગતજીને ઉતારે જઈ દંડવત કરી પગે લાગ્યા અને જગન્નાથી ધોતિયું ભગતજીને ઓઢાડ્યું. ત્યારે ભગતજીએ પૂછ્યું : ''આ ધોતિયું ક્યાંથી ?''

ત્યારે શિવશંકરે કહ્યું : ''તમારે ક્યાં અજાણ્યું છે ? વડોદરામાં રાવ-સાહેબને ઘેર સીતાબાને પાંચ દિવસથી શ્રીજીમહારાજનાં તથા તમારાં દર્શન થાય છે. એક-બે દિવસ બરફી જમાડી અને પ્રસાદી વધી તે મંદિરમાં બધાંને વહેંચી. તેમણે આ ધોતિયું આપના સારુ મોકલ્યું છે. વળી, સીતાબા કહે છે કે 'ગમે તેમ કરીને ભગતજીનાં દર્શન કરાવો.' તેથી રાવસાહેબ વરતાલ ગયા અને ત્યાં તમામ હકીકત મહારાજ તથા કોઠારીને કહી. તેથી વરતાલથી નરસિંહ મહેતાને મોકલ્યા છે અને રાવસાહેબ તથા યશવંતરાવ, તેમના પુત્ર પણ આંહીં આપને તેડવા સારુ આવ્યા છે. માટે હવે આંહીંથી વડોદરા પધારવાનું છે.''

ભગતજીએ કહ્યું : ''જો'શું.'' એટલામાં રાવસાહેબ તથા યશવંતરાવ

સાંભળી રાવસાહેબને ઘેર દર્શન કરવા આવ્યા. તેમાં હરગોવિંદભાઈ, બાપુભાઈ, ઈશ્વરભાઈ, છોટાલાલ, નાથાભાઈ વકીલ, છોટાભાઈ પુરુષોત્તમ, ભાઈશંકર, હરિભાઈ વગેરે હતા.

ભગતજી રાત્રે મંદિરે દર્શન કરવા ગયા. ત્યાં બ્રહ્મચારી ઈશ્વરાનંદજીએ મંદિરની અંદરની જાળી ઉઘાડી દર્શન કરાવ્યાં. જગત્પાવનદાસને દૃષ્ટિ દ્વારા મળ્યા અને આનંદ આપ્યો. પછી ભગતજી ઘેર પધાર્યા.

બીજે દિવસે સવારે નાહી, પૂજા કરી સર્વે મંદિરે આવ્યા. દર્શન કરી ભગતજી સભામાં પધાર્યા. સાધુ સર્વે સભામાં ભગતજી આવ્યા જાણી પોતાના આસનેથી આવી ગયા હતા અને સભા ચિક્કાર ભરાઈ ગઈ હતી. ભગતજીને વાતો કરવાની ઇચ્છા હતી, પણ મોરલીધરદાસે મહારાજની લીલાની વાતો કરવા માંડી એટલે ભગતજી કંઈ બોલ્યા નહિ.

રંગાચાર્યને ઉપદેશ

ભગતજી પછી બ્રહ્મચારીના આસને પધાર્યા. ત્યાં શાસ્ત્રી રંગાચાર્યને માયાતીતાનંદ તેડી લાવ્યા. રંગાચાર્યે ભગતજીનાં દર્શન કર્યાં અને ભગતજીની સામે બેઠા. ભગતજી તેમને જોઈ બહુ રાજી થયા. ત્યારે વૈદ્યે કહ્યું : ''યજ્ઞપુરુષદાસજીને ભણાવતા હતા તે શાસ્ત્રી.''

એટલે ભગતજીએ તેમને માથે હાથ મૂકીને કહ્યું : ''આવા નૈષ્ઠિક-વ્રતવાળાને ભણાવો છો, તે તમારાં ધન્ય ભાગ્ય છે. આપ તો બહુ ઉત્તમ બ્રાહ્મણ છો અને વિદ્વાન છો. શાસ્ત્ર ભણીને ભગવાનનો આશરો કરવો, એ જ એક સિદ્ધાંત રાખવો. શાસ્ત્રમાં જે ભગવાનના સંતનાં લક્ષણ કહ્યાં છે તે લક્ષણો, ભગવાનના એકાંતિક ભક્ત હોય તેમાં મેળવવાં અને જો તમામ લક્ષણ મળે તો ભગવાનનું સ્વરૂપ માની તેમનો દૃઢ આશ્રય કરવો; તે જ મોક્ષનું અસાધારણ સાધન છે. પણ એકલાં શાસ્ત્ર વાંચીને, કલ્યાણકારી ભગવાનના ગુણનું મનન ન કર્યું હોય, તો તે વિદ્વત્તા કામની નથી. વાસુદેવ-માહાત્મ્યને વિષે આવા એકાંતિક ભક્તનાં લક્ષણ કહ્યાં છે. જે એકાંતિક હોય તે પોતાનું રૂપ દેહ માને નહિ અને પોતાને ચૈતન્યરૂપ માને અને સ્વધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય તેણે સહિત ભગવાનની ભક્તિ કરે અને ભગવાન વિના બીજી કોઈ વાસના રાખે નહિ. આવા જે ભગવાનના ભક્ત છે તે જ સાચા

સાધુ છે. માટે એવા એકાંતિક ધર્મને[૧૧૯] ધરનારા એકાંતિક પુરુષને ઓળખી લેવા. વિદ્વાનોની નજર આ વાતમાં તરત બેસી જાય છે.

"શ્રીજીમહારાજે તો જેવું વાસુદેવ-માહાત્મ્ય ગ્રંથનું પ્રતિપાદન કર્યું છે, તેવું બીજા કોઈ ગ્રંથનું પ્રતિપાદન નથી કર્યું. કારણ કે, એ ગ્રંથમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનાં યથાર્થ સ્વરૂપ વર્ણવ્યાં છે. એ વાંચીને તેનું મનન કરવું અને વિચાર કરવો કે આવો એકાંતિક ધર્મ હાલ પૃથ્વી ઉપર છે કે નહિ ? જો હોય તો એ ધર્મને ધરનારા એકાંતિક પુરુષ જરૂર વિચરતા જ હોય. માટે મુમુક્ષુ થઈને એવા પુરુષની શોધ કરી, તેમને ઓળખી તેમાં જીવ જડી દેવો. તેવા પુરુષ જો ન વિચરતા હોય તો એકાંતિક ધર્મ નષ્ટપ્રાય થઈ ગયો ગણાય અને એમ જો થાય તો તેના સ્થાપનને અર્થે ભગવાન જરૂર પ્રગટ થયા હોય. કારણ કે, ગીતામાં ભગવાનનાં વચન છે કે –

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥

– ગીતા : અ. ૪, ૭-૮

---

૧૧૯. त्रिभिः स्वधर्मप्रमुखैर्युक्ता भक्तिरियं मुने ।
धर्म एकांतिक इति प्रोक्तो भागवतश्च सः ॥

અર્થ : એકાંતિક ધર્મનું લક્ષણ એ છે કે સ્વધર્મ, જ્ઞાન, અને વૈરાગ્ય આ ત્રણ અંગે યુક્ત એવી જે આ શ્રવણાદિક નવધા ભક્તિ તે જ એકાંતિક ધર્મ કહ્યો છે, એને જ ભાગવત ધર્મ કહ્યો છે.

साक्षाद्भगवतः सङ्गात्तद्भक्तानां च वेदृशाम् ।
धर्मो ह्येकान्तिकः पुंभिः प्राप्यते नान्यथा क्वचित् ॥

અર્થ : સાક્ષાત્ ભગવાનના સંબંધથી અથવા એકાંતિક ધર્મનાં કહેલાં લક્ષણોએ યુક્ત એવા એકાંતિક ભક્તના સંબંધથી જ એકાંતિક ધર્મની પ્રાપ્તિ થાય છે. એ સિવાય બીજા કોઈ પણ ઉપાયથી પ્રાપ્તિ થતી નથી.

नैतादृशं परं किञ्चतत्साधनं हि मुमुक्षुताम् ।
निःश्रेयसकरं पुंसां सर्वाभद्रविनाशनम् ॥

– વાસુદેવ માહાત્મ્ય : અ. ૨૫, શ્લોક ૬૪-૬૬

અર્થ : આત્યંતિક મોક્ષને કરનારું અને સર્વ અભદ્રનો નાશ કરનારું, એકાંતિક ધર્મ વિના બીજું કોઈ સાધન નથી. એ નિશ્ચિત વાત છે.

જ્યારે જ્યારે ધર્મનો લય થાય છે ત્યારે ધર્મના સ્થાપનને અર્થે અને અધર્મના ઉચ્છેદનને અર્થે તથા સાધુના રક્ષણ માટે અને અસુરોના નાશ માટે એકાંતિક ધર્મનું સ્થાપન કરવા યુગે યુગે, હે અર્જુન ! હું પ્રગટ થાઉં છું.

‘‘માટે તે ભગવાનને શોધીને ઓળખી લેવા. પરંતુ ભગવાન કે ભગવાનના એકાંતિક સંત વિના પૃથ્વી વાંઝણી તો રહેતી જ નથી. માટે આ વાતનું મનન કરી, એવા એકાંતિક સત્પુરુષને ઓળખી, તેનો આશ્રય કરી લ્યો, એ જ વિદ્વત્તાનું મૂલ્ય છે.’’ એમ ઘણી જ એકાંતિક ધર્મની વાત કરી.

રંગાચાર્યના હૃદયમાં તો આ વાતનાં બીજ શાસ્ત્રીજી મહારાજના પ્રસંગથી ઊગી ગયાં હતાં અને ભગતજી જ એવા એકાંતિક સત્પુરુષ છે તેની પ્રતીતિ તેમને થઈ હતી. તેથી ભગતજીનાં ચરણકમળમાં પ્રણિપાત કરી શાસ્ત્રી તો એટલું જ બોલ્યા : ‘‘शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ।’’

પછી ભગતજી ત્યાંથી ઊઠીને રાવસાહેબને ઘેર આવ્યા. રાવસાહેબને સાંખ્ય વર્તમાનનો નિયમ આપ્યો, સીતાબાને દર્શન આપી રાજી કર્યાં અને અઢીની ગાડીમાં અમદાવાદ જવા નીકળ્યા.

નારાયણરાવ તથા વૈદ્ય તથા કાલિદાસ ભગતજીની સાથે હતા. ગાડીમાં બેઠા અને આણંદ આવ્યું. ત્યાં મણિલાલ તથા મગનલાલ સહકુટુંબ ભગતજીનાં દર્શને આવ્યા હતા. તેમણે નીચે પાથરણું પાથર્યું એટલે ભગતજી ગાડીમાંથી નીચે ઊતરી પ્લૅટફૉર્મ ઉપર બેઠા અને ત્યાં ભગતજીનાં દર્શને રેલવેના બીજા પણ અધિકારીઓ આવીને બેઠા. ભગતજીએ સર્વેને વાતો કરી સુખ આપ્યું. એટલામાં તો ગાર્ડે સીટી મારી અને ગાડી ઊપડી. સ્ટેશન માસ્તરે તુરત જ ગાડી ઊભી રખાવી અને ભગતજીને ગાડીમાં બેસાડ્યા.

નડિયાદ સ્ટેશને પણ ઇચ્છાભાઈ બારોટ, ઝવેરભાઈ, સોમાભાઈ, દાજીભાઈ દર્શને આવ્યા હતા. ઇચ્છાભાઈ તથા દાજીભાઈ કહે : ‘‘અમારે સાથે આવવું છે.’’

ભગતજી કહે : ‘‘કોઈનેય સાથે આવવાનું નથી ને આવવું હોય તો હમણાં બેસી જાઓ.’’

ત્યારે સર્વેએ કહ્યું : ‘‘પૂજા વિના, ટિકિટ વિના શી રીતે બેસાય ?’’

ભગતજીએ કહ્યું : ‘‘તે તો તમે જાણો. બેસવું હોય તો બેસી જાઓ.’’ એમ કહ્યું. એટલામાં ગાડી ઊપડી. અમદાવાદ આવ્યું એટલે સર્વે ઊતર્યા

અને મંદિરે જઈને પોતાને ઉતારે ગયા.

ફરી પાછા અમદાવાદમાં

બીજે દિવસે આચાર્ય મહારાજ ભગતજીને પોતાની સાથે બગીમાં બેસારી વાડીએ લઈ ગયા. સાથે બીજી ત્રણ ગાડીમાં બીજા સંતો તથા ભગતજી સાથેના હરિભક્તો પણ વાડીએ ગયા. ત્યાં વાડીમાં કામ કરનાર તમામને બોલાવી આચાર્ય મહારાજે ભગતજીને પગે લગાડ્યા. ભગતજીએ પણ તે સર્વેને કહ્યું : ''તમારાં પણ મોટાં ભાગ્ય છે કે સાક્ષાત્ પુરુષોત્તમ ભગવાનને માટે સેવા કરો છો.'' પછી મહારાજશ્રીએ બધો બાગ ફરીને બતાવ્યો અને સાંજ પડી એટલે પાછા મંદિરે પધાર્યા.

મંદિરે આવ્યા એટલે સંધ્યા આરતીનું ટાણું થયું હતું. તેથી સીધા દર્શને ગયા. આરતી પછી ભગતજી સભામાં પધાર્યા. તે વખતે સભામાં એક પુરાણી આશરે પચ્ચીસ વર્ષના જુવાન, 'ભક્તચિંતામણિ'ની કથા વાંચતા હતા. પછી ભગતજીએ તેમને કહ્યું : ''બીજી આરતીને થોડી વાર છે માટે આરતી થયા પછી કથા વાંચજો.'' ભગતજીને કંઈક મુદ્દાની વાત કરવાની ઈચ્છા હતી, એટલે પુરાણીને તેમણે કહ્યું.

પરંતુ પુરાણી નવા અને ભગતજીનો મહિમા જાણે નહિ, એટલે તેમણે તો વાંચવાનું ચાલુ રાખ્યું અને કહ્યું : ''આપણે ક્યાં થાકીએ એમ છીએ ?'' એમ કહીને આગળ કથાનું પાનું ફેરવ્યું, પણ અનુસંધાનવાળું પાનું જડ્યું નહિ. તેથી આડાંઅવળાં પાનાં બહુ ફેરવ્યાં પણ પાનું જડ્યું જ નહિ.

એટલામાં બીજી આરતીનો ડંકો થયો એટલે સભા દર્શન કરવા ઊઠી. દર્શન કરીને આવ્યા પછી પુરાણીએ પાનું શોધવા માંડ્યું કે તુરત જ જડ્યું. ભગતજીનો આવો પ્રતાપ જોઈને સૌને તેમનો ઘણો જ મહિમા સમજાયો.

અમદાવાદમાં પોતાના સમાગમમાં અખંડ રહેનારા મનસુખરામ વૈદ્ય, ચુનીલાલ અનુપરામ, ઝવેરીલાલ તથા વિશ્વનાથ વૈદ્ય એ ચારેને શ્વેતધર્મના નિયમ આપ્યા. લાલ લૂગડું દેખાય તો ઉપવાસ કરવો અને અખંડ જાપ કરવા. આવું પ્રકરણ ચલાવી તેમના સંગીના હૃદયગ્રંથિના અંકોડાને જડમૂળથી ઉખેડી નિર્વિષયી કરી દીધા. ભગતજીની એકાંતિક ધર્મની વાતોથી સર્વેનાં અંતર ઠરી જતાં.

ભગતજીની વાતોમાં ગુણાતીતની લટક

એક દિવસ સભામાં આ પ્રમાણે ભગતજી વાતો કરતા હતા. ત્યારે કૃષ્ણસ્વરૂપદાસજી બોલ્યા : ''આ વાતો તો મેં ગુણાતીતાનંદ સ્વામી છતાં જૂનેગઢ સાંભળી હતી, તે આજ તમારા મુખેથી સાંભળું છું. અને જાણે ગુણાતીતની જ લટક હોય એવું નજરે દેખાય છે.'' એમ કહીને વળી કહ્યું : ''પ્રાગજી ભગત ! આ વાતો અત્યારે કોણ ધારી શકશે ? માટે હીરા-મોતીની ગાંઠડી, ઘરાક બીના મત ખોલ.''

ત્યારે ભગતજી બોલ્યા : ''કોઈ ધારશે નહિ તો જાણશે તો ખરા કે એકાંતિક ધર્મ પૃથ્વી ઉપર છે.'' એમ ઘણો જ આનંદ આપ્યો.

જેતલપુરમાં દર્શને

બીજે દિવસે ભગતજીએ જેતલપુર જવાનો વિચાર કર્યો, એટલે આચાર્ય મહારાજે ચાર ગાડીઓ જોડી આપી. તેમાં પોતે તથા બીજા હરિભક્તો બેઠા.

રસ્તે જતાં આગળ વિજ્ઞાનદાસજી ચાલતા હતા. તેથી ચતુરભાઈ ગાડીમાંથી ઊતરી ગયા અને સ્વામીને કહ્યું : ''તમો બેસી જાઓ.'' પરંતુ તેઓ ન બેઠા. એટલે ભગતજીએ કહ્યું : ''માન જો'તું હશે.'' તેથી તુરત જ હસીને ગાડીમાં બેઠા.

ભગતજીની સાથે સાધુ-હરિભક્તો મળીને ૩૦ જણ હતા. તે સર્વે સાંજના ચાર વાગે જેતલપુર પહોંચ્યા. કોઠારી રઘુવીરચરણદાસે ઉતારા આપ્યા અને ખૂબ જ બરદાસ્ત કરી. પછી બધા ઠાકોરજીનાં દર્શને આવ્યા. ભગતજીએ અહીં કીર્તનો ગવરાવ્યાં. મંદિર જોઈ ઘણા જ ખુશી થયા અને શોભા બહુ વખાણી. પછી દોરી મગાવી દેરું ઉગમણું, આથમણું, ઉત્તર, દક્ષિણ એમ ચારે તરફ માપ્યું અને શાસ્ત્ર પ્રમાણે કામ છે એમ કહ્યું.

બીજે દિવસે પૂનમ હતી. તેથી તે દિવસે પોતાના મંડળ તરફથી રસોઈ નોંધાવી અને માલપૂઆની રસોઈ કરાવી, સર્વેને સારી રીતે જમાડ્યા. આગળથી કોઠારીના કહેવા કરતાં એક મણ લોટ વધારે નંખાવ્યો હતો, એટલે અસલાલી તથા આજુબાજુનાં ગામોના પૂનમિયા હરિભક્તો ઘણાં દર્શને આવેલ, તે બધાને આગ્રહ કરી જમાડ્યા. જમીને પોતે નવાગામના ધ્યાની

હરિભક્ત ગરબડભાઈને આસને મેડે પધાર્યા.

થોડી વારે બંને નીચે આવ્યા અને સભામાં પોતે બિરાજ્યા. ગરબડભાઈને પોતે પૂછ્યું : ''તમે ધ્યાન શી રીતે કરો છો ?''

ત્યારે તેમણે હાથ જોડીને કહ્યું : ''હું તો ભજન કરું છું અને ધ્યાન તો તમે શિખવાડો.''

ત્યારે ભગતજીએ કહ્યું : ''ઉઘાડે નેત્રે મટકું જીતીને ભજન કરો.''

એટલે ગરબડભાઈએ કહ્યું : ''આપ કરી બતાવો તો થાય.''

ત્યારે ભગતજીએ ઉઘાડે નેત્રે મટકા રહિત ભજન કરી બતાવ્યું. વળી, ઉઘાડે નેત્રે અનિમિષ દૃષ્ટિએ મટકા રહિત થઈને મહારાજની મૂર્તિનું નખથી શિખા સુધીનું વર્ણન કરી બતાવ્યું; જે જોઈ તમામ સાધુ-હરિભક્તો અતિ આશ્ચર્ય પામ્યા. એમ સર્વેને ઘણું જ સુખ આપ્યું.

ચાર વાગે રંગમોહોલમાં નાહવા ઊતર્યા અને નિર્મળ નીરમાં ભગતજીને સર્વે હરિભક્તોએ નવરાવી સુખ લીધું. ત્યાર પછી રંગમોહોલ ઉપર ચડી છત્રી નીચે બેઠા. પછી થોડી વારે હરિભક્તો સહિત બોરસડી તથા યજ્ઞશાળામાં થઈને મંદિરે પધાર્યા. ત્યાં રાત્રે કથાવાર્તા કરી આસને પધાર્યા અને ગોરખ આસન વાળી સૂતા.

સવારના વહેલા ઊઠી, નાહી, પૂજા કરીને નીકળ્યા. રસ્તામાં ગામ અસલાલીના હરિભક્તોએ ભગતજી તથા સર્વ મંડળને રોકાવાનો ઘણો જ આગ્રહ કર્યો, પરંતુ ભગતજીએ કહ્યું : ''અમારાથી રહેવાય તેમ નથી, પણ ઠાકોરજીનાં દર્શન કરવા ઊતરીએ.'' એમ કહી ઊતર્યા અને મંદિરમાં પધાર્યા. દર્શન કરી સભામાં હરિભક્તો પાસે કીર્તનો ગવરાવ્યાં અને પછી ઊઠીને ગાડીમાં આવીને બેઠા. એ પ્રમાણે જેતલપુર, અસલાલી અને વળતાં કાંકરિયા પ્રસાદીની જગ્યાનાં દર્શન કરી મંદિરમાં પધાર્યા.

વરતાલથી ભગતજી ઉપર આચાર્ય મહારાજનો પત્ર હતો કે ''ભગતજીને અમારી સાથે જૂનેગઢ આવવા તૈયાર થવું અને સ્વામી વિજ્ઞાન-દાસજી તથા નારાયણચરણદાસજી તથા પુરુષોત્તમચરણદાસજી, રાજા ભગત સૌને છપૈયા મોકલવા. એમને વાસ્તે ભાડું મોકલ્યું છે.''

એ કાગળ વાંચી સર્વેનાં મન ઘણાં જ ઉદાસ થઈ ગયાં. ઘણા દિવસ ભેગા રહીને અલૌકિક સુખ લીધેલું, તેમાં હવે વિયોગ થશે, તેથી બહુ જ

દુ:ખ થયું. પત્ર મળ્યો કે તુરત જ ભગતજીએ વિજ્ઞાનદાસજી તથા બીજા સંતોને છપૈયા જવા આજ્ઞા કરી દીધી. એટલે બીજે દિવસે તેઓ રવાના થયા.

આચાર્ય મહારાજની આજ્ઞાથી જૂનાગઢ જવા તૈયારી

વિહારીલાલજી મહારાજ બીજે દિવસે વહેલી સવારે, રાજકોટ થઈ જૂનાગઢ જવાની ગાડીમાં અમદાવાદ ભગતજીને ભેગા થવાના હતા. તેથી ભગતજી વહેલા પરવારી ઠાકોરજીનાં દર્શન કરી સભામાં આવ્યા. આચાર્ય મહારાજે ખાસ સભા ગોઠવી હતી અને મહંતશ્રી મુકુંદજીવનદાસ પાસે ભગતજીને કહેવરાવ્યું : ''તમો બાર મહિનામાં એક મહિનો અમદાવાદ આવીને રહો એવું નક્કી કરો.''

ત્યારે ભગતજી કહે : ''મહારાજશ્રી તેડાવશે ત્યારે આવીશ.''

એટલે સભામાંથી સર્વેએ કહ્યું : ''તમારા આવવાથી અમોને ઘણો જ સમાસ થયો છે અને ભજન, સ્મરણ તથા કથાવાર્તાનું ઘણું સુખ આવ્યું છે અને સત્સંગ પ્રદીપ્ત થયો છે. તો જેમ ગોપાળાનંદ સ્વામીને મહારાજે બંને દેશના મધ્યસ્થ કર્યા હતા, તેમ તમો પણ જરૂર અહીં આવવાનું કબૂલ રાખો.''

ત્યારે ભગતજી કહે : ''ઠીક, પણ મારે તો પ્રથમ ઉંબરો અને પછી ડુંગરો.'' પછી મહારાજે ભગતજીને મસ્તકે બાંધવાનો જગન્નાથીનો ફેંટો સરપાવમાં બંધાવ્યો. તે ભગતજીએ માથે બાંધ્યો.

પછી ચાર ગાડી જોડી આપી. તેમાં બેસી પોતે તથા સાથેના હરિભક્તો સર્વે સ્ટેશને આવ્યા. તેમને વળાવવા મોડજી દરબાર તથા ગામના બીજા હરિભક્તો તથા મહારાજના કારભારી આવ્યા હતા. મોડજી દરબારે ભગતજીને ફૂલહાર પહેરાવ્યા તથા દાડમ, સફરજન, ચીકુ ઈત્યાદિ ફળો ભેટ ધર્યાં અને ભગતજીની તથા તેમની સાથેના હરિભક્તો – ઝવેરીલાલ, ચતુરભાઈ, પુરુષોત્તમદાસ, ભગતજીના ભત્રીજા નારાયણભાઈ, કાલિદાસ તથા ગોંડળના મિસ્ત્રી પુરુષોત્તમદાસ – એ સર્વેની રાજકોટની ટિકિટ પોતે લીધી.

મહારાજ સાથે ભગતજી રાજકોટમાં

રાજકોટ સાંજના સાત વાગ્યે પહોંચ્યા. ત્યાં મહારાજશ્રી તથા તેમની સાથે સંત-હરિભક્તો મળી વીસ જણા તથા ભગતજી તથા તેમની સાથે

આવેલા હરિભક્તો તે સર્વેનું સ્ટેશને સારું સામૈયું કર્યું અને સર્વેને ઘોડાગાડીમાં બેસારી મંદિરે લાવ્યા.

ભગતજીને બાળમુકુંદદાસજીએ કહ્યું : ‘‘તમારો ઉતારો મેડે કર્યો છે.’’ પછી સાધુને કહ્યું : ‘‘પ્રાગજી ભગત સારુ ખાટલો, ગોદડાં ઉપર મોકલશો અને વાળુ કરવા માટે દૂધ-પૂરી જોઈએ તે આપશો.’’ એમ ઘણી જ ભલામણ કરી. તે પ્રમાણે સાધુએ સર્વે સંભાળ લીધી અને હરિભક્તોને મોતૈયા લાડુ તથા પૂરી જમાડ્યાં.

મહારાજનાં દર્શન માટે ગામના હરિભક્તો આવ્યા હતા, તેમાં કેટલાક વૃદ્ધ હરિભક્તો પણ હતા. તેમણે જાણ્યું કે મહુવાવાળા પ્રાગજી ભગત આવ્યા છે અને મેડે છે. તેથી એ વૃદ્ધ હરિભક્તો, જેમણે સ્વામી છતાં પ્રાગજી ભગતનો પ્રતાપ બહુ જોયેલો અને તેમાંના કેટલાકને ભગતજીએ પ્રાયશ્ચિત્ત આપ્યાં હતાં અને બહુ જ ઐશ્વર્ય બતાવ્યું હતું અને ત્યાર પછી ઘણાં વર્ષ સુધી તેમનાં દર્શન જ નહિ થયેલાં, એટલે તે બધા એકદમ ઉપર ગયા અને ભગતજીને મળ્યા. બધાએ આવીને ભગતજીને દંડવત્ કર્યા અને ઘણો પ્રેમ અને સ્નેહ બતાવ્યો. એમ એ સર્વે હરિભક્તોની સભા ભગતજી પાસે થઈ અને નીચે તો કોઈ આવ્યું જ નહિ. ભગતજીએ પણ જૂની જૂની વાતો કહેવા માંડી. લગભગ અગિયાર વાગ્યા સુધી સભા રહી અને પછી નિયમ-ચેષ્ટા કરી સર્વે નીચે આવ્યા.

આથી, ત્યાંના સાધુ તથા બ્રહ્મચારીને એમ લાગ્યું કે જૂનાગઢમાં પણ આવી જ રીતે પ્રાગજી ભગત આગળ અખંડ સભા રહેશે. તેથી તેમણે મહારાજને વાત કરી. એટલે મહારાજે વૈદ્યને બોલાવીને કહ્યું : ‘‘પ્રાગજી ભગત તથા તેમનું મંડળ આ ફેરે જૂનેગઢ ન આવે તો સારું.’’

વૈદ્યે આવી ભગતજીને કહ્યું : ‘‘આપણે જૂનેગઢ જવું નથી.’’

ભગતજી તો સર્વે વાત જાણતા હતા એટલે તેમણે કહ્યું : ‘‘જેમ તમારી નજરમાં આવે તેમ કરો.’’

પછી તેઓ સર્વે રાત્રે ત્રણ વાગ્યે મંદિરમાંથી નીકળ્યા, નદીમાં સર્વે નાહ્યા અને સ્ટેશને આવી પૂજા કરી. પછી સર્વેએ વઢવાણની ટિકિટ લીધી. ગાડી આવી એટલે તેમાં બેસી વઢવાણ કૅમ્પ ઊતર્યા, પણ ભગતજીની મહુવા જવાની ગાડી ઊપડી ગઈ હતી એટલે બધા ત્યાં સ્ટેશને ભગતજી પાસે બેઠા.

બીજી ગાડીમાં આચાર્યશ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ જન્માષ્ટમીનો સમૈયો કરવા મૂળી જતા હતા; તેમણે ભગતજીને દીઠા એટલે પોતાની સાથે મૂળી પધારવા ઘણો જ આગ્રહ કર્યો. ત્યારે ભગતજીએ કહ્યું : ''હવે અમારાથી અવાય નહિ; કારણ કે, હરિભક્તોને બહુ દિવસ થયા. માટે રોકાવાય તેમ નથી.'' પોતે મૂળી જાય તો વિહારીલાલજી મહારાજનું ખોટું દેખાય. તે ઢાંકવા સારુ સાથેના હરિભક્તોની ઘણી જ ઇચ્છા હોવા છતાં ના કહી.

પછી સૌ મંદિરમાં આવ્યા. ત્યાં ખીચડી અને શાક કર્યું અને ભગતજી સારુ ગાયનું દૂધ તથા લાડુ લાવ્યા. તે ભગતજી જમ્યા અને પછી પોઢી ગયા. સર્વે હરિભક્તોએ જમીને ભગતજીની સેવા કરી.

રાતના બારની ગાડીમાં ભગતજીને જવાનું હોવાથી સૌ તેમને બેસાડવા સ્ટેશને આવ્યા અને પાસ લઈ ભગતજી સાથે ગાડીમાં બેઠા. ગાડી ઊપડવાને ઘણી વાર હતી, એટલે લગભગ દોઢ કલાક ભગતજીએ વાતો કરી અને સર્વેને વિદાયના દુઃખનું વિસ્મરણ કરાવી દીધું. ઝવેરીલાલને કહ્યું : ''હવે મહુવા જઈને અઢાર હજાર માળા ફેરવવી છે, કારણ કે સત્સંગિજીવનમાં કહ્યું છે કે અઢાર હજાર માળાનો જાપ થાય તો સર્વ મનોકામના પૂરી થાય. મારે તો તમને એકાંતિક કરી મૂકવાની મનોકામના છે. તે આમ મહારાજ પૂરી કરશે.'' એમ કહી સર્વેને શાંતિ પમાડી.

પછી ગાડી ઊપડવાની થઈ એટલે બધા હરિભક્તો ઊતરી પડ્યા અને ભગતજીનાં દર્શન કરી પાછા વળ્યા અને સવારની ગાડીએ નડિયાદ ગયા.

મહુવામાં પોતાના આશ્રિતના કલ્યાણ અર્થે તપ

ભગતજીએ મહુવે જઈને માળા ફેરવવાનો આરંભ કર્યો અને પોતાના આશ્રિત જનોના વિશેષ સુખને અર્થે તપ આદર્યું. પોતે સવારના ચાર વાગે નાહીને મંદિરમાં પધારે અને માનસી પૂજા તથા પૂજા કરી, કથા વંચાવે અને વાતો કરે અને સાત વાગે ધ્યાનમાં બેસી જાય તે અગિયાર વાગે ધ્યાનમાંથી જાગે. પછી ઘેર જમવા જાય. તેમાં દૂધની કાંજી તથા રોટલી જમે. મીઠું તો પોતે છેલ્લાં ઘણાં વર્ષોથી જમતા નહિ. જમીને મંદિરે પધારે અને એકથી પાંચ સુધી ધ્યાનમાં બેસે. પછી કથા કરે. ફૂલચંદ શેઠ પાસે કથા વંચાવે અને વાતો કરીને મહુવાના હરિભક્તોને જેને જેમ ઘટે તેમ સુખ આપે.

કામ કરતાં જવું અને ભગવાન ભજતાં જવું

સંવત ૧૯૫૧ના માગશર માસમાં ગોંડળના મિસ્ત્રી પુરુષોત્તમ ભગતજીનાં દર્શને મહુવા આવ્યા અને મંદિરમાં આવી ભગતજીનાં દર્શન કરી બેઠા. ભગતજી એ વખતે ધ્યાનમાં બેઠા હતા. પછી દસ વાગે ધ્યાનમાંથી ઊઠ્યા એટલે મિસ્ત્રીને જોઈને પૂછ્યું : ''સુખી છો ને ?''

ત્યારે મિસ્ત્રી કહે : ''મહારાજ ! આપની દયાથી સુખી છું.''

પછી મિસ્ત્રીને મંદિરમાં રાખી રંગવાની સેવા આપી અને પાંચ દિવસ રાખ્યા. જે દિવસે મિસ્ત્રીને ગોંડળ જવાની રજા આપી તે દિવસે તેને સંકલ્પ થયો કે ભગતજી પાસે પાંચ દિવસ રહ્યા, પણ કંઈ વાતોનું સુખ ન આવ્યું.

તે દિવસે ભગતજીએ તેમને પાસે બેસારીને કહ્યું : ''શ્રીજીમહારાજ સોમલાખાચરને કહેતા કે આ મૂર્તિ અંતરમાં ઉતારી લેજો ને વાતો સંભારી રાખજો. નહિ તો પછી રોવું પડશે.'' એવી અંતર્વૃત્તિની વાતો કરીને કહ્યું : ''કામ કરતાં જવું અને ભગવાન ભજતાં જવું.'' એમ કહી ગલગોટાનાં બે ફૂલ હતાં તે તેના કાન ઉપર મૂકીને હસ્યા.

મિસ્ત્રીને ભગતજીના અત્યંત પ્રેમથી અનંત વાતો સાંભળ્યાનું સુખ આવ્યું અને જાણે ભગતજીની સામે જ અખંડ બેસી રહીએ એમ મનમાં થયું. પછી મનમાં સંકલ્પ થયો કે દેહ દુર્બળ છે. તે જો સારું થાય તો ભગતજીની આજ્ઞા પ્રમાણે સેવા થાય. તે વાત તેમણે શામજીભાઈને કહી અને ભગતજીને કહેવા જણાવ્યું. ત્યારે ભગતજી બોલ્યા : ''આ દેહ તો સુદામા જેવો થાશે, પણ અક્ષરધામ આપવું છે.'' એમ કહી કોલ આપ્યો. મિસ્ત્રીને પણ શાંતિ થઈ અને દૃઢ ગાંઠ વાળી કે દેહનું ગમે તે થાઓ, પણ ભગતજી રાજી છે તો આપણે ધામમાં જ બેઠા છીએ. માટે દેહના દુઃખે દુઃખી ન થાવું.

પછી ભગતજીએ મિસ્ત્રી પાસે મંદિરની ઈંટો આવી હતી તે ઉપડાવી અને પોતે પણ પાંચ ઈંટો માથે લીધી અને મંદિરમાં ગયા. આમ, મિસ્ત્રીને દર્શન, વાતો અને સેવાનું સુખ આપી વિદાય કર્યા.

તે જ દિવસે ખાનદેશી હરિભક્તો પાટિલ કેવળભાઈ, દગાભાઈ વગેરે દસ જણાં બાઈ-ભાઈ ભગતજીનાં દર્શને આવ્યાં. તેમને પણ પોતાને ઘેર રાખી વાતોનું સુખ આપ્યું અને શાંતિ પમાડી દીધી.

વિજ્ઞાનદાસ સ્વામીનો છપૈયામાં અક્ષરવાસ

તે જ વર્ષે વૈશાખ વદિ પાંચમને બુધવારે છપૈયામાં સ્વામી વિજ્ઞાનદાસજી માંદા થયા. એક જ દિવસમાં મંદવાડ બહુ જ વધી ગયો. તે દિવસે સાંજે કોઠારી પ્રભુદાસ તથા પુરુષોત્તમચરણદાસ તથા નારાયણ-ચરણદાસજી તથા રાજા ભગતને સભામાં વાતો કરીને કહ્યું : ''શ્રીજીમહારાજ અને ભગતજી પધારે કે તરત જવું છે. હવે કંઈ અધૂરું નથી અને દેહ પણ હવે રહેશે નહિ.''

પછી છઠને દિવસે અગિયાર વાગે શ્રીજીમહારાજ અને ભગતજી તથા બીજા કેટલાક સંતોનાં દર્શન થયાં. એટલે સ્વામી વિજ્ઞાનદાસજી પથારીમાં બેઠા થઈને શ્રીજીમહારાજ તથા ભગતજીને મળ્યા અને તુરત 'જય સ્વામિ-નારાયણ' કહીને દેહ છોડી દીધો અને અક્ષરધામમાં શ્રીજીમહારાજની સેવામાં બેસી ગયા. ભગતજીએ અમદાવાદમાં કહ્યું હતું કે વિજ્ઞાનદાસને ચાર નેત્ર ભેગાં થવાનાં બાકી હતાં તે થયાં અને હવે કંઈ અધૂરું નથી. તે દેહ રહેશે નહિ. તે વાત સત્ય થઈ.

આવી રીતે ભગતજી મહારાજના મંડળના એક અતિ મહાન સંત કે જેમને જડભરત, કદરજ, જનક કે જયદેવ - જેની ઉપમા આપો તે સર્વે ઘટી શકે, એવા મહાચમત્કારી ચરિત્રવાળા, જેમણે એકાંતિક સ્થિતિ સંપૂર્ણ સિદ્ધ કરી. અનેકને ભગતજીની મૂર્તિને વિષે જોડી, આ લોકમાં સત્પુરુષ એ જ મોક્ષનું દ્વાર છે એ વચનામૃતના શબ્દો જીવમાં ઉતારી, ભગતજીના સંબંધથી મહારાજની મૂર્તિ વિષે અનન્યભાવે જોડાઈ, ભક્તિ સંપૂર્ણ સિદ્ધ કરી. વળી, ભગવાનની મૂર્તિ સિવાય અન્ય આકારમાત્રને વિષે સંપૂર્ણ અરુચિ કરી વૈરાગ્ય સિદ્ધ કર્યો. 'ભગતજી એ જ પોતાનો આત્મા છે' એમ નક્કી કરી, દેહભાવથી વિરક્ત થઈ જ્ઞાન સિદ્ધ કર્યું અને ત્રણે અવસ્થામાં ભગવાન સિવાય બીજો ઘાટ જ જેને થતો નહિ એ રીતે અખંડ રહી ધર્મ સિદ્ધ કર્યો. આવા સંપૂર્ણ એકાંતિક ભાવને પામી ગયેલા, રૂંવાડે રૂંવાડે ભગવાનનું અખંડ ભજન કરનાર, આવા સંપ્રદાયના એક અતિ મહાન સંત, જેમને ફક્ત 'બંડિયા બંડિયા' કરી તિરસ્કાર કરી ઉપેક્ષ્યા, તેમણે આ લોકમાં પોતાનું જે કાર્ય – એકાંતિકમાં જોડાવું અને એકાંતિક ઓળખાવવા – એ કાર્ય કરી, દિગ્વિજય કરીને ભગતજીની મહાન

કૃપાથી મહારાજની સમીપે ધામમાં બેસી ગયા. સંપ્રદાયમાં જે સમજુ અને જ્ઞાની હતા તેમને તો ઘણી ખોટ લાગી. કોઠારી પ્રભુદાસભાઈએ આ સમાચારના કાગળો ગુજરાતમાં સર્વ ઠેકાણે લખ્યા.

વિજ્ઞાનદાસજીના અક્ષરવાસથી સર્વત્ર અશાંતિ

સ્વામી વિજ્ઞાનદાસજીના ધામમાં ગયાના સમાચાર ગુજરાતમાં ભગતજીના હેતવાળા સંત-હરિભક્તોને મળતાં સર્વત્ર અત્યંત ઉદાસીનતા છવાઈ રહી અને જાણે આભ તૂટી પડ્યું હોય અને આફત આવી હોય એવું દુઃખ સર્વેને થયું. કારણ કે, આવા બહુ જ સમર્થ અને હજારોને ભગતજીના એકાંતિકપણાનો નિશ્ચય કરાવનાર અને એમની સારુ લોકલાજ, માન-અપમાન, સુખ-દુઃખને ઠોકરે મારનાર અને શિર સાટે વચનામૃતમાં કહ્યા પ્રમાણે સદ્‌ગુરુ સેવી શ્રીજીમહારાજનું ભજન કરનાર આવા મહાન સંત કે જે સાધુતાનું સ્થાન, ત્યાગની મૂર્તિ, ધર્મના ધરતલ, ભક્તિનાં પાત્ર, એમ સર્વ ગુણે સંપન્ન એકાંતિક સ્થિતિવાળા હતા. વિજ્ઞાનદાસજીના અંતર્ધાન થવાથી ભગતજીના મંડળમાં તો ઘણી જ ખોટ પડી ગઈ. ઘણાંએ ભગતજી ઉપર કાગળો લખ્યા અને ભગતજીએ પણ સર્વેને પત્રો લખી શાંતિ પમાડી.

અષાઢ માસમાં ગોંડળથી મિસ્ત્રી પુરુષોત્તમ ભગતજીનાં દર્શને આવ્યા અને ભગતજીનાં દર્શન કરી પાસે બેઠા. એટલે ભગતજી બોલ્યા : ‘‘કેમ ઘડીએ ઘડીએ આવો છો ?’’

ત્યારે તેમણે હાથ જોડી, આંખમાં અશ્રુ લાવી ગદ્‌ગદ કંઠે કહ્યું : ‘‘મહારાજ ! વિજ્ઞાનદાસજી ધામમાં પધાર્યા પછી બળતરા બહુ રહે છે, તે લાહ્ય ઓલાવો.’’ પછી ભગતજી તેમનો સ્નેહ જોઈને અત્યંત રાજી થયા અને અનેક પ્રકારે વાતો કરી, દોઢ દિવસ રાખી રજા આપી.

એ જ માસમાં બીજી વાર પુરુષોત્તમ ફરી વખત આવ્યા, ત્યારે વળી ભગતજી વઢ્યા અને કહ્યું : ‘‘શું દાટ્યું છે તે વારે વારે આવો છો ?’’ એમ કહીને પછી મળ્યા. ગોંડળથી અહીં સુધી આવવાનો દાખડો કરનાર, આવા શ્રદ્ધાવાળાને ભગતજીએ પ્રસાદી આપી જમાડ્યા અને ત્રણ દિવસ રાખી, વાતો કરી શાંતિ પમાડી.

સંવત ૧૯૫૨ના માગશર માસમાં કોઠારી પ્રભુદાસભાઈ તથા મોતી

ભગત રાજુલાથી મહુવા આવ્યા. તે વખતે મંદિરમાં બ્રહ્મચારી માયાતીતા-નંદજીનું મંડળ હતું અને ભગતજી પાસે રોજ બ્રહ્મચારીજી વાતો કરાવે. તેમાં પણ કોઠારી પ્રભુદાસભાઈ આવ્યા ત્યારથી વાતોનું સુખ સારું આવ્યું; કારણ કે કોઠારી ભગતજીની પૂરી નિષ્ઠાવાળા, એટલે ભગતજી પણ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની અલૌકિક વાતો કરતા.

પીજના જેઠાભાઈ ભગતજીનાં દર્શને

એ જ અરસામાં, પીજવાળા જેઠાભાઈ જે વડોદરા કલાભુવનમાં ભણતા અને જેમને મોતીભાઈના પ્રસંગથી ભગતજીને વિષે નિષ્ઠા થઈ હતી, તેમને ભગતજીનાં દર્શનની ઘણી જ ઇચ્છા થઈ. પરંતુ કોઈનો સાથ નહિ એટલે અત્યાર સુધી જઈ શક્યા ન હતા. તેમને શિવશંકરભાઈએ વાત કરી : ''ભરુચના મહાશંકર દવેના દીકરા ગણપતરામભાઈને ભગતજીનાં દર્શનની બહુ જ ઇચ્છા છે, તો તમો તેમને તેડીને મહુવા જાઓ.''

ગણપતરામભાઈ ચુસ્ત સત્સંગી અને વચનામૃતના જાણકાર હતા. તેમને વરતાલમાં શિવશંકરભાઈનો યોગ થયો. સભામાં પુરાણી કૃષ્ણ-જીવનદાસજીએ વાતો કરી. તે સાંભળી ગણપતરામભાઈ કહે : ''પુરાણીએ વાતો તો બહુ સારી કરી.''

ત્યારે શિવશંકરભાઈએ કહ્યું : ''આ તો શું વાતો કરે છે ? પણ મહુવાવાળા પ્રાગજી ભગત ઘણી જ સારી વાતો કરે છે.''

ત્યારે ગણપતરામભાઈને જિજ્ઞાસા થઈ કે પ્રાગજી ભગત ગૃહસ્થ છતાં એ પુરાણી કરતાં સારી વાતો કરે છે ! તેથી તેમણે પૂછ્યું : ''એ પ્રાગજી ભગત કોણ છે ?''

એટલે શિવશંકરભાઈએ કહ્યું : ''અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના પરમ કૃપાપાત્ર મહુવાના દરજી ભગત છે.''

ત્યારે ગણપતરામ કહે : ''સમૈયામાં કેમ આવતા નથી ?''

શિવશંકરભાઈએ બધી વાત વિગતથી સમજાવી કે ''તેમને તો આચાર્ય મહારાજનો પત્ર હોય અને તેડાવે તો જ આવે છે. કારણ કે, એમની પાછળ તો લાખો માણસો ફરે છે, એવા એ ચમત્કારી પુરુષ છે. અને એમને એમ જો સમૈયામાં આવે તો સમૈયામાં સભા જ તેમના આસને થાય. આથી, બીજાને

આ રુચે નહિ અને ઉપાધિ કરે. જેથી ફક્ત મહારાજ તેડાવે ત્યારે આવે તો કોઈને કંઈ કહેવાપણું રહે નહિ.'' આમ વાત કરી, એટલે ગણપતરામભાઈને તેમનાં દર્શનની ઇચ્છા થઈ. પછી શિવશંકરભાઈએ કહ્યું : ''એવો સારો સંગાથ હશે ત્યારે તમને જણાવીશ.''

શિવશંકરભાઈને તાલાવેલી લાગી કે આ મુમુક્ષુને જો ભગતજીમાં હેત થાય તો સારું. એટલે તેમણે જેઠાભાઈને કલાભુવનમાં મળીને વાત કરી કે ''જો તમે ગણપતરામ સાથે મહુવા જાઓ, તો ભગતજીનાં દર્શન પણ થશે અને ગણપતરામનો પણ મનોરથ સિદ્ધ થશે.'' જેઠાભાઈએ તુરત જ જવાનું નક્કી કર્યું.

જેઠાભાઈ ભરુચ આવ્યા અને મંદિરમાં ઊતર્યા અને ગણપતરામભાઈને મળ્યા. પછી તેમને ગણપતરામભાઈ પોતાને ઘેર તેડી ગયા. તે બંને મેડે બંગલીમાં બેસે અને જેઠાભાઈ તેમને વચનામૃત – પ્રગટ એકાંતિક સત્પુરુષના મહિમાનાં – કઢાવી વાતો કરે. એમ ત્રણ દિવસ ત્યાં રહ્યા અને ગણપતરામને મહુવા આવવા નક્કી કરાવ્યું. ગણપતરામને વચનામૃતો ઘણાં ખરાં કંઠે હતાં, પણ આવા મર્મના શબ્દો એકાંતિક વિના સમજાવે કોણ ? આથી જેઠા ભગતનો સમાગમ થવાથી તેમને બહુ જ આનંદ થયો.

પરંતુ ગણપતરામભાઈને તેમના પિતાશ્રી મહુવા જેટલે છેટે જવાની તો રજા આપે નહિ. એટલે રાત્રે તેમણે પિતાશ્રી ઉપર ચિઠ્ઠી લખી કે ''હું મહુવા બંદર પ્રાગજી ભગતનાં દર્શન કરવા જાઉં છું. તો મારી ફિકર કરશો નહિ.'' એ પ્રમાણે તે તથા જેઠાભાઈ તથા ઉમરેઠના તલાટી જેકૃષ્ણ ભટ્ટ ત્રણે જણા નીકળી રાતની ગાડીમાં બેસી વલસાડ ઊતર્યા. ત્યાં એક બ્રાહ્મણને ઘેર ઉતારો કર્યો અને પછી વહાણવાળા સાથે નક્કી કરી, માગશર સુદિ ૧૦ની રાત્રે મહુવા જવા વહાણમાં બેઠા.

ભગતજી નાવને પાર ઉતારે છે

સુદિ એકાદશીની વહેલી સવારે વહાણ ચાલ્યું અને વલસાડનો કિનારો છોડ્યો. વહાણ અધવચ્ચે આવ્યું ત્યારે દરિયામાં તોફાન જબરજસ્ત શરૂ થયું. વહાણ તો ઉપર-નીચે થાય અને સઢનું કંઈ ઠેકાણું રહે નહિ. આથી ટંડેલે કહ્યું : ''ભાઈ ! હવે તો ઊગર્યાનો આરો નથી, માટે તમારા ઇષ્ટદેવની

પ્રાર્થના કરી લ્યો. ભગવાન બચાવે તો બચાશે.''

આથી, ગણપતરામ તો ખૂબ ગભરાયા, પણ જેઠાભાઈએ ધીરજ આપી અને કહ્યું : ''આપણે તો ભગતજીનાં દર્શને જઈએ છીએ, તે કંઈ એમ વહાણને ડૂબવા દેશે ?'' એમ કહી પોતે *'મારા વ્હાલાજી શું વ્હાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ,'* તથા *'મેરે તો એક તુમહી આધાર,'* એવાં બે-ત્રણ કીર્તનો ગાયાં અને ભગવાનની મરજી વિના સૂકું પાંદડું પણ હલતું નથી એવી કર્તાપણાની ઘણીક વાતો કરી શાંતિ પમાડી. પણ મનમાં પોતાને એમ થયું : ''આવા લક્ષાધિપતિના દીકરાને વગર કહ્યે હું સાથે લાવ્યો, તે જો કંઈક થશે તો કહેવાનું રહી જશે.'' આથી, મનોમન ભગતજીની બહુ જ સ્તુતિ કરી.

થોડી વારે તોફાન શાંત પડી ગયું. વહાણ તોફાનમાં મહુવા બંદર મૂકીને જાફરાબાદ તરફ પહોંચ્યું હતું, તેને પાછું હંકારી તેરસની સવારે મહુવા બંદર સહીસલામતીથી પહોંચ્યા. ગણપતરામને જેઠાભાઈની ખરી નિષ્ઠા અને ભગતજીના અલૌકિક પ્રતાપની પ્રતીતિ થઈ.

બંદરથી નીકળી ભાગોળે પહોંચ્યા એટલે જેઠાભાઈએ કહ્યું : ''ભગતજી મંદિરમાં હશે અને સાધુ, બ્રહ્મચારી, હરિભક્તોની સભા ભરાઈ હશે. તે સભામાં ભગતજીને દંડવત થશે નહિ, માટે અહીં જ કરી લ્યો. એ પોતે તો અંતર્યામી છે એટલે માની લેશે.'' એમ કહી ત્રણેએ ભાગોળે દંડવત કર્યા અને પછી મંદિરમાં ગયા.

મંદિરમાં માયાતીતાનંદજીનું મંડળ હતું. તેમાં બ્રહ્મચારી અક્ષરાનંદ, હરિસ્વરૂપાનંદ, હરિવલ્લભાનંદ, યજ્ઞપુરુષદાસજી (ગઢડા) વગેરે હતા અને સભા ભરાઈને બેઠી હતી. ત્રણે જણામાંથી કોઈએ ભગતજીને જોયેલા નહિ, પણ જેઠાભાઈને પીજના મંદિરમાં દર્શન થયેલાં એટલે તેમણે તરત ઓળખી લીધા અને દર્શન કરી મળ્યા અને ઘણી જ શાંતિ થઈ.

પછી ભગતજી સભામાંથી ઊઠ્યા એટલે ગણપતરામભાઈ પગે લાગ્યા. સભામાં બ્રહ્મચારી સર્વે ગણપતરામભાઈને ઓળખે એટલે તેમના સારુ રસોઈની તજવીજ કરી. પછી ગણપતરામભાઈ, જેઠાભાઈ તથા જેકૃષ્ણ ભટ્ટ – ત્રણેય ભગતજીને ઘેર ગયા. ભગતજીએ ગણપતરામનો હાથ પકડ્યો અને ખૂબ રાજીપો બતાવ્યો. ગણપતરામભાઈ તો આ પુરુષનો પોતાના તરફનો આટલો સ્નેહ જોઈને વિચારમાં પડી ગયા કે પ્રથમ ઓળખાણે જ ભગતજીને

મારા વિષે આટલો ભાવ ક્યાંથી ? ભગતજી તેમનો સંકલ્પ જાણીને બોલ્યા : ''ગણપતરામભાઈ ! તમે તો પૂર્વના યોગભ્રષ્ટ છો, તે અધૂરું પૂરું કરવા આવ્યા છો.'' એમ અંતરની વાત કરી. જેઠાભાઈને વડોદરાના તમામ સમાચાર પૂછ્યા અને તેમને પણ શાંતિ કરાવી.

પછી ભગતજી મંદિરમાં આવ્યા. સૌ જમ્યા. પછી સભા થઈ. ત્યારે જેકૃષ્ણ ભટ્ટે ભગતજીને કહ્યું : ''આ ગણપતરામને તમામ વચનામૃત કંઠે છે અને ભરુચના લક્ષાધિપતિ મહાશંકર દવેના પુત્ર છે અને છ ભાઈઓ છે.'' એમ ઓળખાણ આપી.

ત્યારે ભગતજી બોલ્યા : ''એમને હમણાંનું ક્યાં છે ? એમને તો પૂર્વજન્મનું છે અને યોગભ્રષ્ટ છે.'' એમ કહીને પછી વચનામૃતની વાતું કરી. ભગતજીએ ગણપતરામભાઈને પૂછ્યું : ''આ વાત કયા વચનામૃતમાં આવે છે ?'' ત્યારે ગણપતરામે એ વચનામૃતનું નામ કહ્યું. એટલે ભગતજી બહુ જ રાજી થયા અને કહ્યું : ''તમોએ વચનામૃતના તાર કાઢી રાખ્યા છે; હવે સાંકળી ગૂંથવાની છે. તે થાય એટલે પૂરું થયું કહેવાય.'' એમ કહી બે-ત્રણ મુદ્દાનાં વચનામૃતો વંચાવ્યાં અને વાતો કરી.

સંત રાજી થાય ત્યારે ભગવાન આપે છે

સવારે વહેલા ચાર વાગ્યે ગણપતરામભાઈ, જેકૃષ્ણ, જેઠાભાઈ ભગતજીને ઘેર ગયા. ભગતજી ઊઠીને તેમને મળ્યા અને ઉઘાડે શરીરે ખાટલામાં બેસીને ઘણી વાતો કરી. પછી તે સર્વેને માલણ નદીએ નાહવા મોકલ્યા અને પોતે પણ સાથે નાહવા પધાર્યા. ભગતજી એક છીપર ઉપર બેસી નાહતા હતા અને જેઠાભાઈ નવરાવતા હતા. ગણપતરામભાઈ તથા જેકૃષ્ણ હેઠવાસ નાહ્યા. પછી નાહીને વાતો કરતા ઘેર આવ્યા અને કપડાં બદલાવી, મંદિરમાં આવી પૂજા કરી. પછી ફૂલચંદભાઈએ 'વચનવિધિ'ની કથા શરૂ કરી. તેમાં ભગતજીની પ્રેરણાથી કથાની શરૂઆત જ નીચેના 'કડવા'થી થઈ :

સંતને સોંપીએ સર્વે આપણુંજી, એથી અંતરાય ન રાખીએ અણુજી;
કરીએ ગમતું સાચા સંત તણુંજી, તો સંત અત્યંત રાજી થાય ઘણુંજી.
ઘણું રાજી કરી સંતને, કૈંક પામીયા પરમ ધામ;
સંત વિના શોધી જુઓ સઘળે, કહો કેનું સરીયું કામ.

જેમ નાવ વિના નીરનિધિમાં, નથી તરવા અન્ય ઉપાય;
તેમ સંત વિના સંસાર તરવા, શીદ ઈચ્છે કોઈ ઉરમાંય.

પછી ભગતજીએ વાત કરી :

''શ્રીજીમહારાજે બસો બાસઠ વચનામૃતમાં પ્ર.પ૪ અને મ.પ૪ એ બે વચનામૃત મોક્ષનાં કહ્યાં અને દીનાનાથ ભટ્ટને પણ એ બે જ પોતાનાં કરવાની આજ્ઞા કરી. વળી, ગુણાતીતાનંદ સ્વામીએ તો એક વખત પ્ર.પ૪મું વચનામૃત પાંચ વાર લાગટ વંચાવ્યું અને સૂતા હતા તે બેઠા થઈને વાત કરી : 'અહો ! આ વચનામૃતમાં તો મહારાજે મોક્ષનું દ્વાર જ દેખાડી દીધું. આ વચનામૃત જેને નહિ સમજાતું હોય તેનાં કરમ ફૂટ્યાં જાણવાં.' માટે જ્યારે સાચા સંત મળે છે ત્યારે અંતરના ત્રિવિધ તાપ ટળે છે અને અજ્ઞાનરૂપી અંધારું નાશ થાય છે અને પોતાના શુદ્ધ સ્વરૂપની ઓળખાણ થાય છે.

''નિષ્કુળાનંદ સ્વામીએ પણ આ કડવામાં કહ્યું : 'એવા સાચા સંત સાથે કોઈ પણ જાતનો અંતરાય ન રાખીએ અને એને સર્વસ્વ સોંપીને એનું ગમતું કરીએ, તો રાજી થઈ જાય.' સંત રાજી થાય ત્યારે પોતાની પાસે ભગવાન હોય તે આપી દે. જેમ બાપના હૈયામાં સ્ત્રી છે તે છોકરાંને આપે છે; તેમ સંતના હૃદયમાં તો ભગવાન જ છે, તે પોતાના આશ્રિતને આપે છે. પણ સાચા સંતને રાજી કરવા બહુ કઠણ છે. આ દેહના જ્યારે ચૂરેચૂરા થયા ત્યારે સ્વામી રાજી થયા છે. માટે જો સંતનું ગમતું કરીએ અને અનુવૃત્તિમાં રહીએ તો રાજી થઈને મોજ આપી દે છે. જેમ જેમ એ ભક્ત સંતનો ગુણ લે, તેમ તેમ એની ભક્તિ વૃદ્ધિ પામતી જાય છે. એવા મોટાપુરુષ જો રાજી થઈ જાય તો ગમે તેવા મલિન સંસ્કાર હોય તે નાશ પામી જાય અને રાંક હોય તે રાજા થાય અને ભૂંડા પ્રારબ્ધ રૂડાં થઈ જાય.''[૧૨૦] એમ ઘણી વાતો કરી.

ગણપતરામના કેટલાક પ્રશ્નોના ઉત્તર ભગતજીની વાતમાં થતા ગયા, એટલે ભગતજીની પરાવાણીથી એમને ખૂબ શાંતિ થઈ.

સત્પુરુષ હોય ત્યાં માયા પણ હોય જ

પછી થાળ થયા, એટલે પોતે ઘેર જમવા ગયા અને જમીને થોડી વાર આરામ લઈ મંદિરે આવ્યા. પછી ગણપતરામ પાસે પ્રથમ સારંગપુરનું ૭મું

૧૨૦. ગ.પ્ર. ૫૮.

વચનામૃત વંચાવ્યું અને વાત કરી :

"આ વાત તો શ્રીજીમહારાજે કરામત જેવી કહી છે. જો ખરેખરા સત્પુરુષ મળ્યા હશે, તો ઈન્દ્રિયોની ધારા કુંઠિત થશે અને જગતના ઘાટ ઓછા થશે; એટલું તો એની સમીપમાં આવવાથી થાય છે. ત્યારે તેનો જો નિરંતર સમાગમ કરીએ તો શું ન થાય ? એ વિચારવું રહ્યું. એવા સંત તો દેહ, ઈન્દ્રિયો અને મનના ભાવથી જોતજોતામાં પર કરી પોતાના ભાવને પમાડી દે. આ તો બહુ મોટી પદવી પામવાનું દ્વાર છે. પણ એ દ્વારે આવવું કઠણ છે; કારણ કે જેને 'બંડિયા' કહે, 'દરજી' કહે, તેને વિષે સત્પુરુષપણું પરઠવું, એ મનના માનેલા તમામ ધર્મોને છોડવા બરોબર છે. જેણે એ મનને મારીને સત્પુરુષને સેવ્યા છે, તેનું કામ નીકળી ગયું છે. જો અર્જુનને પણ શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું કે सर्व धर्मान् परित्यज्य मामेकं शरणं व्रज । અને અર્જુને એમ જ્યારે કર્યું ત્યારે શાંતિ થઈ અને ભગવાનની સાથે બેસીને અત્યારે પૂજાય છે. આ સત્સંગ રાજાને નથી ગમતો, ઘરના માણસને નથી ગમતો, ઈન્દ્રિયો-અંતઃકરણને નથી ગમતો અને માયા તો પેટ કૂટે છે કે મારા હાથમાંથી ગયો. જ્યારે સાચા સત્પુરુષ મળે, ત્યારે માયા ખીજે. શિવલાલભાઈને જૂનાગઢ આવવું હોય તો કોઈ રાજી નહિ અને મુંબઈ કમાવા જાય તો રાજી થઈ ભાતું કરી દ્યે. એમ માયા જો ઉપાડ કરે તો નક્કી જાણવું કે 'સત્પુરુષ માયાના હાથમાંથી જીવને લઈ લેશે, એટલે માયા ઉપાડ કરે.'

"સાચા સત્પુરુષનો સમાગમ જીવને તો ગમે છે; પણ દેહ, ઈન્દ્રિયો, મન, સગાંવહાલાં આદિ માયાનાં ટોળાંને ગમતો નથી. માટે સત્પુરુષ હોય ત્યાં માયા પણ પોતાનું સ્વરૂપ પ્રગટ કરવા ખડે પગે ઊભી હોય. તેનાથી મૂંઝાવું નહિ અને સન્મુખનાં પગલાં લેવાં, જેથી જીવ જીતી જશે."

એમ ઘણી જ બળની વાત કરીને જેકૃષ્ણ પાસે બે-ત્રણ વચનામૃતો વંચાવ્યાં અને કહ્યું : "વાંચવાની ઢબ સારી છે. સ્મૃતિ રાખીને વાંચવું." એમ કહીને પોતે ઊઠ્યા અને ગણપતરામને કહ્યું : "હવે તમો વાતો કરજો." પછી ભગતજી ઘેર પધાર્યા.

સાંજે ગણપતરામ, જેકૃષ્ણ તથા જેઠાભાઈ ત્રણે જણ ઘેર આવ્યા અને દર્શન કરી રાજી થયા. ગણપતરામભાઈએ પૌંઆ આપ્યા અને કહ્યું : "આ તો સુદામાના તાંદુલ છે."

ભગતજી તેમની સામું જોઈ હસ્યા અને થોડા પૌંઆ પોતે જમ્યા અને બાકીના પાછા આપ્યા. વડોદરાથી શિવશંકરભાઈએ ચંદનની ગોટીઓ ભગતજી સારુ મોકલી હતી, તે ભગતજીને આપી અને રાજી કર્યા. પછી સર્વે મંદિરે આવ્યા. મંદિરે આવીને સાંજની કથામાં ભગતજીએ મુક્તાનંદ સ્વામીનું આખ્યાન કહ્યું અને રાત્રે અગિયાર વાગ્યા સુધી કથા કરી નિયમ-ચેષ્ટા કરી ઘેર પધાર્યા.

બીજે દિવસે સવારમાં ગણપતરામ, જેઠાભાઈ, જેકૃષ્ણ ચાર વાગ્યે ભગતજીને ઘેર આવ્યા, ત્યારે ભગતજી ખાટલામાં બેસીને ધ્યાન કરતા હતા. થોડી વારે ઊઠ્યા અને ગણપતરામને જોઈ બહુ રાજી થયા અને કહ્યું : ''તમારી તો તીવ્ર શ્રદ્ધા છે. તે જો સત્પુરુષમાં બરોબર જોડાઈ જાઓ તો તત્કાળ ફળશે.''

પછી સર્વે નાહવા ગયા. નાહીને મંદિરમાં આવી પૂજા કરી. તે દિવસે ગણપતભાઈએ દૂધપાક-પૂરીની રસોઈ મંદિરમાં આપી હતી. રસોઈ તૈયાર થઈ એટલે બ્રહ્મચારી માયાતીતાનંદજી કહે : ''પહેલાં આ થાળ લઈ ભગતજીને ઘેર આપી આવો. પછી આપણે જમીએ.''

એટલે જેઠાભાઈ તે થાળ લઈ ભગતજીને ઘેર આપી આવ્યા. પછી સર્વે જમ્યા. જમીને ગોંડળથી મિસ્ત્રી પુરુષોત્તમભાઈ આવ્યા હતા તેમણે ચાર-પાંચ વચનામૃતો વાંચ્યાં અને પછી સૌ ભગતજીને ઘેર ગયા.

ભગતજીનાં દર્શન કરી બેઠા એટલે ભગતજીએ વાતો કરવા માંડી. વાતવાતમાં જ ગણપતરામના ધારેલ તમામ સંકલ્પોના ઉત્તર થવા માંડ્યા એટલે તેમણે ભગતજીની હાથ જોડી બહુ જ સ્તુતિ કરી. ત્યારે ભગતજીએ કહ્યું : ''મારી પાસે કંઈ ઐશ્વર્ય નથી. પણ વાતો કરીને સંશય તોડું છું. હું કંઈ અંતર્યામી નથી, પણ વાતો કરું છું એટલે તમારા જેવાના સંશય છેદાઈ જાય છે.'' એ પ્રમાણે અલૌકિક સુખ આપ્યું.

ગણપતરામને પ્રતીતિ થઈ કે વર્તમાનકાળે પ્રાગજી ભગત જેવા એકાંતિક સત્પુરુષ આખા સત્સંગમાં બીજા કોઈ નથી.

વચનામૃત ગ.મ. ૬૩

એક દિવસ મંદિરમાં સભામાં ભગતજીએ ગણપતરામ પાસે ગ.મ.

૬૩મું વચનામૃત વંચાવ્યું અને વાત કરી :

‘‘આ વચનામૃત બળ પામવાનું છે. સત્સંગ તો જ્યારથી સત્પુરુષની ઓળખાણ થાય અને તેને વિષે નિષ્ઠા થાય ત્યારથી થયો ગણાય. પણ જેટલી શ્રદ્ધા સોતો એ જીવ સત્પુરુષમાં જોડાય છે તેટલો એનો જીવ બળને પામે છે. તેવા બળિયા હરિભક્તની ઇન્દ્રિયો-અંતઃકરણની વૃત્તિઓ જીવની દોરી જ દોરાય છે અને ઇન્દ્રિયો-અંતઃકરણની વૃત્તિ નોખી અને જીવની વૃત્તિ નોખી એવું રહેતું નથી. જીવની જે વૃત્તિ હોય તે જ ઇન્દ્રિયો-અંતઃકરણની હોય; એમ બંને એક થઈ જાય છે. માટે ભગવાન અને ભગવાનના સંત તેને વિષે જેને પ્રીતિ હોય અને તેની સેવાને વિષે જેને અતિશય શ્રદ્ધા હોય અને ભગવાનની નવધા ભક્તિએ યુક્ત હોય તેવાનો જીવ તો તત્કાળ અતિશય બળને પામે છે. માટે જીવને બળ પામવાને અર્થે ભગવાન કે ભગવાનના ભક્તની સેવા બરોબર બીજો કોઈ ઉપાય નથી. અતિશય સેવા, અતિશય શ્રદ્ધા અને માહાત્મ્યજ્ઞાને યુક્ત ભક્તિ – આ ત્રણ સાધનથી જીવ જેવો બળને પામે છે, તેવો તો દ્રષ્ટા અને દૃશ્યનો વિવેક સ્થપાય અને કદાચ દ્રષ્ટારૂપ રહેવા માંડે તો પણ એવા બળને નથી પામતો. કારણ મહારાજે આગળ કહ્યું છે કે ‘સત્તારૂપે રહેવું તે કરતાં પણ ભગવાનના ભક્ત ભેળે દેહ ધરીને રહેવું તે અતિશય શ્રેષ્ઠ છે. અને રખે સત્તારૂપે રહીએ અને પાછો દેહ ન ધરાય ?’ તે માટે મહારાજે સમૈયા, રાસ, ઉત્સવ યોજી પોતાના ભક્તોને અખંડ પોતાની પાસે જ રાખ્યા છે અને આવી રીતની ભક્તિ શિખવાડી છે. મોટા મોટાએ પણ એ જ કર્યું છે. સ્વામીએ માંદા સાધુની અનેક પ્રકારે સેવા કરી. અમોએ પણ જૂનાગઢમાં સ્વામીની અનુવૃત્તિ સાચવી અખંડ સેવા કરી છે. માટે ભગવાનના ભક્તની સેવા બરોબર કોઈ પુણ્ય નથી. ભગવાનના ભક્તનો મહિમા સમજી તેમની સેવા કરવી, પણ કોઈ રીતે તેમની સાથે આંટી તો પાડવી જ નહિ અને તેમનો દ્રોહ તો કરવો જ નહિ.’’ એમ ઘણીક વાતો કરી.

પછી ગણપતરામને પ્રશ્ન પૂછવાનો સંકલ્પ હતો એટલે ભગતજીએ કહ્યું : ‘‘જે પૂછવું હોય તે પૂછો. મહારાજ અને સ્વામીને અખંડ રાખ્યા છે તે સર્વે વાતના જેમ છે તેમ ખુલાસા થશે.’’

ત્યારે ગણપતરામે પૂછ્યું : ‘‘મહારાજ ! અક્ષર કોણ છે ?’’

ત્યારે ભગતજી બોલ્યા : ‘‘સર્વાધાર જે અક્ષર તે જ ગુણાતીતાનંદ

સ્વામી છે અને પુરુષોત્તમ સહજાનંદ સ્વામી છે. ગોપાળાનંદ સ્વામી મહામુક્ત છે.'' જુઓ પૃ. ૧ પરની નોંધ

આવી રીતનો ઉત્તર સાંભળી ગોપાળાનંદ સ્વામી મહામુક્ત છે એ ઘેડ ગણપતરામને બેઠી નહિ. તે તો બીજાના કહેવાથી ગોપાળાનંદ સ્વામીને 'મૂળ અક્ષર' સમજતા હતા, પણ પોતે કંઈ બોલી શક્યા નહિ. તેમજ સભામાં પણ બીજું કોઈ કંઈ બોલી શક્યું નહિ. સૌ સાંભળી રહ્યા.

ગણપતરામને સ્વામી અક્ષર છે એવો નિશ્ચય થાય છે

સભા ઊઠી એટલે હરિસ્વરૂપાનંદજી ગણપતરામને ખૂણામાં લઈ ગયા અને કહ્યું કે ''અક્ષર તો ગોપાળાનંદ સ્વામી છે.''

ત્યારે ગણપતરામે તેમને ટકોર કરી : ''આમ ખાનગીમાં મને કહો છો, તે સભામાં કેમ કહ્યું નહિ કે 'ગોપાળાનંદ સ્વામી મૂળ અક્ષર છે ?' માટે તમારી વાત મને માન્ય નથી અને ભગતજીએ જે 'ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે' એ વાત સભામાં કહી તે વાત સાચી છે.''

એમ 'સ્વામી અક્ષર છે' એ વાતની ઘેડ તેમને નિશ્ચિત થઈ ગઈ. કારણ કે જો ગોપાળાનંદ સ્વામી મૂળ અક્ષર છે એ વાત સાચી હોય તો સભામાં કરવી જોઈએ. વળી, બ્રહ્મચારી પણ વિદ્વાન હતા. પરંતુ સભામાં પ્રતિપાદન ન કરી શક્યા અને સાચી વાતને ખોટી ઠરાવવા ખાનગીમાં વાત કરી; એટલે એ માન્ય થઈ શકી નહિ. ગણપતરામભાઈએ પાછળથી જેઠાભાઈને આ વાત કરી. ત્યારે જેઠાભાઈએ તેમને કહ્યું : ''ગમે તે પ્રકારે તમને શ્રીજીમહારાજે વાત સમજાવી તે બહુ સારું થયું.''

જેઠાભાઈની તો વાત જ ન કહેવાય

બપોરે ગણપતરામ, જેઠાભાઈ વગેરે ભગતજીને ઘેર ગયા અને ભગતજીને દંડવત કરી બેઠા. ત્યાં ભગતજી કહે : ''ગણપતરામ આઠ આની સુખ લઈને જાય છે અને જેકૃષ્ણ બે આની સુખ લઈને જાય છે અને જેઠા ભગતની વાત જ ન કહેવાય. એને તો પૂરી નિષ્ઠા પ્રથમથી જ છે.''

એમ કહીને પછી કહ્યું : ''આ ગણપતરામ યોગભ્રષ્ટ છે અને આ જોગ સારો થયો છે, પણ હવે સારા દેશકાળ સેવશે તો એકાંતિક ધર્મ સિદ્ધ

થશે અને જો અસદ્‌ભાવ હશે તો સંસ્કાર હશે તે પણ ટળી જશે.'' એમ ઘણી સૂચના આપી.

ઘેર જવાની આજ્ઞા

પછી ઘેર જવાનો વિચાર કર્યો. પણ વહાણમાં આવતાં બહુ હેરાન થયા હતા એટલે ગાડીમાં જવું કે કેમ તે વિચાર કરવાનો હતો. એટલામાં ભરૂચથી તેમના પિતાશ્રી મહાશંકરભાઈનો કાગળ આવ્યો : ''શ્રીજી-મહારાજની ઇચ્છાથી તમે ગયા છો અને સુખરૂપે પહોંચ્યાના સમાચાર મળ્યા છે તો હવે ભગતજીનો સમાગમ કરી, સાચા સત્પુરુષ છે કે કેમ તે પૂર્ણ તપાસ કરીને આવશો.'' એટલે ઘેર વઢ્યાની બીક હતી તે આળસી ગઈ. પરંતુ જેકૃષ્ણભાઈને રજા પૂરી થઈ હતી એટલે ભગતજીએ જ વગર પૂછ્યે રજા આપી. ત્યારે સૌએ કહ્યું : ''અમોએ ગાડીએ જવા નિર્ધાર કર્યો છે.''

ત્યારે ભગતજી હસીને બોલ્યા : ''વહાણે જાઓ. આ વખતે દુઃખ નહિ પડે.'' એમ અંતર્યામીપણે કહ્યું. પછી ભગતજીનો વિશ્વાસ હતો એટલે તેમ નક્કી કર્યું. બ્રહ્મચારીએ દૂધની પૂરી ભાથામાં આપી અને શામજીભાઈએ વહાણની તપાસ કરી.

સાંજે સૌ તૈયાર થયા. ભગતજી પણ ભાગોળ સુધી વળાવવા ગયા. બ્રહ્મચારીએ પાણીનાં મોટાં માટલાં લેવરાવ્યાં અને હાથ ધોવાની ધૂળ પણ લેવરાવી. ત્યારે ભગતજીએ તે જોઈને કહ્યું કે ''એની જરૂર નથી.''

બ્રહ્મચારીએ જણાવ્યું : ''અમારે જરૂર પડી'તી. પાણી અને ધૂળ બંને ખૂટ્યાં હતાં.''

ભગતજી આ વાત સાંભળી હસ્યા અને કહ્યું : ''આ વખતે બંનેની જરૂર જ નહિ પડે, જાઓ.'' બ્રહ્મચારીને પણ ભગતજીનો અપૂર્વ વિશ્વાસ. એટલે માટલાં પાછાં લઈ ગયા.

ભગતજીને સૌએ ભાગોળે દંડવત કર્યા. પછી ભગતજી ઘેર પધાર્યા અને પુરુષોત્તમ મિસ્ત્રીને બંદર સુધી વળાવવા મોકલ્યા. તે દિવસ પૂનમનો હતો; તેથી સવારે ચાર વાગ્યે વહાણ હંકાર્યું અને તે જ દિવસે બપોરના બે વાગ્યે વહાણ વલસાડ પહોંચી ગયું. પછી ગાડીએ બેઠા. ગણપતભાઈ તથા જેકૃષ્ણ ભરૂચ ઊતર્યા અને જેઠાભાઈ વડોદરા ઊતર્યા.

મહુવામાં માયાતીતાનંદજીને ભગતજીને વિષે ઘણો જ ભાવ ! એટલે ભગતજીને અખંડ મંદિરમાં રાખીને વાતો કરાવે અને પોતે પણ તેમની દરેક પ્રકારે સેવા કરે. આમ, ભગતજી તરફના પ્રેમ અને ભાવથી, ભગતજીની વાતોથી 'સત્પુરુષ એ જ કલ્યાણનું દ્વાર છે અને એવા સત્પુરુષ વર્તમાનકાળે ભગતજી છે' એમ તેમને નિશ્ચય થયો.

મહુવામાં ઉપાધિ

જેઠાભાઈ પીજ પહોંચ્યા. પરંતુ ભગતજીના સમાગમ વિના ચેન પડે નહીં. એક વખત દર્શન કરી વાતો સાંભળી, તે ઘાયલ થઈ ગયા.[૧૨૧] અને ફરી પાછા દર્શન કરવાની તત્પરતા થઈ. આથી, પીજથી સંઘ નીકળી મહુવા જવાનો હતો એટલે તેઓ વડોદરાથી પીજ આવ્યા.

પોષ મહિનામાં, પોતાને મહુવાથી આવ્યા પછી ફક્ત પંદર જ દિવસમાં, વસોના ચતુરભાઈ તથા ભાઈલાલભાઈ પુરુષોત્તમદાસ, નારણભાઈ માસ્તર, નડિયાદના તુલસીભાઈ, વલ્લભભાઈ, લલ્લુભાઈ તથા પીજના મોતીભાઈ નાનાભાઈ સોની વગેરે મંડળ મહુવા જવા તૈયાર થયું. તે સાથે જેઠાભાઈ પણ તૈયાર થયા અને સૌ ગઢડે આવ્યા.

ત્યાં દર્શન કરી મહુવા પગ રસ્તે ગાડું ભાડે કર્યું અને સંઘ ચાલ્યો. રસ્તામાં કીર્તનો બોલે, વાતો કરે અને કથા થાય – એમ બ્રહ્મકિલ્લોલ કરતાં કેફમાં વર્તે. ગામ આવે અને કીર્તનો ગાય એટલે ગામલોકો ભેગા થાય અને ભગતજીનાં દર્શન થશે, વાતો સંભળાશે, એ આનંદમાં મસ્ત બને. તે સુખનું વર્ણન તો જેણે અનુભવ્યું હોય તે જ સમજી શકે. લખવાથી કે વર્ણન કરવાથી તેનો જેમ છે તેમ આનંદ ન આવે. એમ કરતાં મહુવા પહોંચ્યા અને ગામમાં પેસતાં જ *'ઓરા આવો મારા લેરખડા લેરી, કીધો તમ સારુ મેં જગ વેરી'* એ કીર્તન ગાતાં ગાતાં ગામમાં આવ્યા અને ગામ વચ્ચે થઈ મંદિરમાં ગયા.

ભગતજી મંદિરમાં થાંભલાને અઢેલીને ઉત્તરાદે મુખારવિંદે બિરાજમાન થયા હતા. હરિભક્તો જેવા આવ્યા અને ઠાકોરજીનાં દર્શન કરતા હતા, ત્યાં ભગતજી એકદમ ઊઠ્યા અને સૌને કહ્યું : ''તમારો સામાન ઉપાડો અને ઘેર ચાલો.'' એટલે સૌને એમ થયું કે આમ એકાએક ભગતજી ઘેર કેમ લઈ

---

૧૨૧. *સદ્‌ગુરુ બાણ ઘાયલ કર્યું જીવે જેને વાગ્યાં રે.*

જતા હશે ! પરંતુ ભગતજીની આજ્ઞા થઈ એટલે સૌ સામાન ઉપાડીને ભગતજીને ઘેર ગયા. ત્યાં સામાન મૂકી સૌ મંદિરમાં આવ્યા.

એટલામાં લુહાણા હરિભક્ત ઉદ્ધવજી પોતે દુકાને બેઠો હતો અને હરિભક્તો કીર્તનો ગાતાં ગામમાં થઈને આવ્યા તેથી ક્રોધ-ઈર્ષ્યાથી બળી ઊઠ્યો અને એકદમ મંદિરમાં આવ્યો અને સૌ હરિભક્તોને ખૂબ ઠપકો આપ્યો. વળી, ગામમાં પણ તેણે વાત કરી. એટલે દુર્ગાશંકર નામે એક સત્સંગી બ્રાહ્મણ તે પણ ઊકળી ગયો અને ભગતજી મંદિરમાંથી ઘેર જતા હતા ત્યારે જેમ તેમ બોલી, ભગતજીને એક ધોલ મારી દીધી. ભગતજી ઘેર પહોંચ્યા ત્યાં સુધી બોલતો બોલતો પાછળ ગયો. ભગતજીએ બધું જ સહન કરી લીધું અને એને કંઈ ન બોલ્યા. પરંતુ તેમના ભત્રીજા નારણભાઈને ખબર પડવાથી દુર્ગાશંકરને મારવા દોડ્યા. પણ ભગતજીએ તેનો હાથ પકડી રાખ્યો અને પોતાના ઘરને બહારથી આગળો દઈ દીધો. આથી દુર્ગાશંકરને તો ઊલટું વધારે શૂર ચડ્યું. એટલે પાછો મંદિરમાં જઈ હરિભક્તોને જેમ તેમ બોલવા લાગ્યો. છતાં હરિભક્તો કાંઈ બોલ્યા નહિ. પણ ભગતજીને જેમ તેમ બોલીને ધોલ મારી છે એ વાતની જ્યારે સૌને ખબર પડી, ત્યારે હરિભક્તો તેને વારવા લાગ્યા. પણ તેણે તો વધારે ઉગ્રતાથી બોલવાનું ચાલુ જ રાખ્યું. એટલે વસોના ચતુરભાઈ તથા નારણભાઈએ તેનો હાથ પકડી બે ધક્કા જોરથી માર્યા, એટલે બૂમો મારતો બહાર ગયો. પછી ફૂલચંદભાઈ તથા મોટેરા હરિભક્તોને ફરિયાદ કરી કે ''પ્રાગજી ભગતના હરિભક્તોએ મને માર્યો. મહુવા જાણે તીર્થ હોય એમ હરિભક્તો કીર્તનો ગાતાં ગાતાં આવે છે, તે શું પ્રાગજી ભગત એવા મોટા થઈ ગયા ?'' એમ ઘણી વાત કરી.

આથી ફૂલચંદભાઈએ તેને સમજાવ્યો અને કહ્યું : ''અમે તેમને ઠપકો આપશું.''

આ બંને હરિભક્તો ઠપકો આપવા મંદિરમાં આવ્યા. ત્યાં ભગતજી બેઠેલા. તેમને એક બાજુ બોલાવ્યા એટલે ભગતજી ઊઠીને તેમની પાસે આવ્યા. તેમની સાથે નારણભાઈ પણ આવ્યા અને તેમણે કહ્યું : ''આવી રીતે તુંકારા કરીને ભગતજીને ધોલ મારી, તે આ વખતે તો બચી ગયો, પણ ફરી લાગમાં આવશે તો હું જ એને મારીશ.''

ભગતજીએ તેમને ખૂબ વાર્યા. આવેલા હરિભક્તોએ પણ કહ્યું : ''આવી

રીતે બેમર્યાદ બોલે તે ઠીક ન કહેવાય.''

આથી, ઠપકો આપવાનો તો બાજુએ રહ્યો, પણ બંને હરિભક્તોને દુર્ગાશંકરના[૧૨૨] વર્તનથી ખોટું લાગ્યું અને ઊલટો તેને ઠપકો આપ્યો.

ફૂલચંદભાઈને મનમાં બહુ બળતરા થઈ કે આટલે દૂરથી પણ ગુજરાતના હરિભક્તો મહારાજની આજ્ઞા લઈ, ભગતજીને પરમ એકાંતિક સંત જાણી, તેમનાં દર્શન-સમાગમ માટે આવે છે અને આપણે તો તેમનું આવું માહાત્મ્ય સમજતા નથી. તેથી આ બળતરા મટાડવા તેમણે આવેલા હરિભક્તોને કહ્યું : ''તમો મંદિરમાં ઊતરવાનું છોડી, ભગતજીને ઘેર ઊતર્યા તે ઠીક નહિ. આ મંદિર તમારું જ છે અને અમને પણ કંઈ સેવા મળે એટલે મંદિરમાં ઉતારો કરો.'' પછી સર્વેને મંદિરમાં લાવ્યા અને વીરા ભગતને કહીને ગોદડાં અપાવ્યાં.

વાંકી એની વાતું રે

ભગતજી મંદિરમાં આવ્યા અને સૌને ઠપકો દીધો : ''બ્રાહ્મણને શા માટે ધક્કા માર્યા ? ભગવાનના ભક્તનો એ ધર્મ છે ?'' ત્યારે મોતીભાઈ એ સાંભળી રહ્યા અને ચતુરભાઈ તથા નારણભાઈ તો ઝાંખા પડી ગયા.

પછી ભગતજી કહે : ''ગ.મ. ૫મું વચનામૃત વાંચો.'' તેમાં એમ વાત આવી કે ''પોતાના પતિનું કોઈ ઘસાતું બોલે ત્યારે પાજી-પળાવની છાયામાં દબાવું નહીં અને અતિશય શૂરવીર થઈને જવાબ દેવો, પણ કાયર થઈને ગળી જવું નહિ.'' આવી રીતે ભગવાનના ભક્તના પક્ષની વાત આવી અને પોતાને પુષ્ટિ મળી, એટલે ચતુરભાઈ તથા નારણભાઈને બળ આવ્યું અને બીજા હરિભક્તો જે કંઈ બોલ્યા ન હતા તેમને પસ્તાવો થયો. *'વાંકી એની વાતુ રે, કળ્યામાં ન આવે'* એ પ્રમાણે અલૌકિક લીલા કરી ભગતજી ઘેર ગયા.

આમ ભગતજીએ, ઉપાધિ આવવાની અંતર્યામીપણે વાત જાણીને, સર્વે હરિભક્તોને પોતાને ઘેર રાખ્યા અને એક જ દિવસમાં ઉપાધિ શમાવી, બધાને સન્માનપૂર્વક મંદિરમાં લાવ્યા. પછી તો જ્યાં સુધી હરિભક્તો રહ્યા, ત્યાં સુધી કોઈ બોલી શક્યું જ નહિ.

---

૧૨૨. દુર્ગાશંકર ચામડીના દર્દથી પાંચ વર્ષ સુધી અઘોર નર્કના દુઃખથી પીડાઈ – સત્પુરુષના દ્રોહના પાપે – મરી ગયો.

આ હરિભક્તો રોજ વહેલા ચાર વાગ્યે ભગતજીને ઘેર જાય અને ભગતજી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સંબંધી વાર્તાની ઝડી વરસાવે. એવી રીતે અઢળક વાતો કરી, અંતરના તાપ બુઝાવી, શાંતિ કરી, સૌને નાહવા મોકલે અને પછી પોતે ઘેર નાહીને મંદિરમાં પૂજા કરવા જાય.

એક વખત ભગતજી મંદિરમાં પૂજા કરતા હતા. તે વખતે ફૂલચંદભાઈ વાસુદેવ-માહાત્મ્યની કથા કરતા હતા. તે પૂરી થયા પછી ભગતજીએ સૌને કહ્યું : ''પોતપોતાનાં રુચિનાં વચનામૃત વાંચો.''

આથી મોતીભાઈએ ગ.મ. ૩૩, ચતુરભાઈએ ગ.પ્ર. ૫૪ વાંચ્યું. ભાઈલાલભાઈ કહે : ''મને મારાં વચનામૃતની ખબર નથી.''

તેથી ભગતજીએ કહ્યું : ''ચોપડો ઉઘાડીને જે નીકળે, તે તમારા અંગનું...'' તેથી તેમણે ચોપડો ઉઘાડ્યો અને ગ.મ. ૫૯ નીકળ્યું. ત્યારે ભગતજી કહે : ''આ વચનામૃત તમારું.'' એમ કહી ઘણા રાજી થયા અને માથે બે હાથ મૂક્યા અને કહ્યું : ''તમારા પિતાશ્રીએ માથાનો રોગ મટાડવા મોકલ્યા છે તે સારું થઈ જશે.'' એમ મનનો સંકલ્પ કહી દીધો અને બે-ત્રણ દિવસે દર્દ પણ મટી ગયું.

પછી શામજીભાઈએ ગ.પ્ર. ૨૭મું વાંચ્યું. એટલે ભગતજીએ હસીને પૂછ્યું : ''એમાં તમારું કયું અંગ મળતું આવે છે ?'' એમ કહી આખા વચનામૃતમાં નિરૂપણ કરી સમજ પાડી.

પછી પોતે વર. ૧૬મું વચનામૃત વંચાવ્યું અને વાત કરી : ''શ્રીજી-મહારાજે આમાં પોતાના અંતરનું રહસ્ય કહ્યું છે. જો ઊંડા ઊતરી વિચાર કરીએ તો એમ જ જણાય કે જો ભગવાનને ખરેખર ભગવાન જાણી, દર્શન એક વાર કર્યાં હોય, નિમિષમાત્ર કર્યાં હોય, તો જગતનો ફેર ઊતરી જ જવો જોઈએ. મહારાજ કહે : 'અમારે તો નેત્ર મીંચીને ભગવાનની મૂર્તિનું ચિંતવન કરીએ અને તેમાં જેટલું સુખ છે એટલું ચૌદ લોકના રાજ્યને વિષે પણ નથી. જો રાજ્યને વિષે એવું સુખ હોય તો સ્વયંભૂ મનુ આદિક રાજ્ય છોડીને શા સારુ વનમાં જાય ? વળી, ભગવાનની મૂર્તિ કરતાં સ્ત્રીને વિષે અધિક સુખ હોય તો ચિત્રકેતુ રાજા કરોડ સ્ત્રીઓનો શા સારુ ત્યાગ કરે ?' માટે રાજ્યમાં કે સ્ત્રીમાં સુખ કોઈ મોટાએ માન્યું નથી અને આપણે એમાં સુખ માનીને મોટો આદર કરી બેઠા છીએ, તેથી મોટાપુરુષ સાથે શી રીતે બનશે ?''

ભગવાનના સુખ આગળ ચૌદ લોકનાં સુખ કાકવિષ્ટા તુલ્ય છે

''શ્રીજીમહારાજે તો કેવળ ભગવાનના ભજનનો અને ભગવાનના ભક્તનો સત્સંગ રાખ્યાનો આગ્રહ રાખ્યો છે અને આપણને એમ સમજાવ્યું છે કે જગતના સુખમાં લેશમાત્ર માલ નથી. જે ભગવાનનો ભક્ત થયો, એને ભગવાન વિના બીજા કોઈ પદાર્થમાં પ્રીતિ રાખવી ઘટે નહિ; કારણ કે, એવી મોટી પદવી પામીને પણ જો એ વિષ્ટાના કીડાની જેમ માયિક પંચવિષયનું સુખ જે નરકતુલ્ય છે તેને ઇચ્છે, તો પોતાની પદવી થકી પડી જાય. માટે ભગવાનના ભક્તને તો જ્યારે ભગવાનની મૂર્તિના કે ધામના સુખ આગળ ચૌદ લોકનાં જે સુખ છે તે કાકવિષ્ટા તુલ્ય થઈ જાય, ત્યારે જ તેણે ભગવાનનો ખરો મહિમા જાણ્યો કહેવાય.'' આવી રીતે પોતાના અંગમાં જેમ વર્તતું હતું તેમ બધાને સમજાવ્યું. પછી ભગતજીએ સભા વિસર્જન કરી અને પૂછ્યું : ''આજે શું રસોઈ કરશો ?''

ત્યારે મોતીલાલે કહ્યું : ''દાળ-રોટલા કરશું.''

પછી ચોખા અને દાળ લાવી, તપાસીને રસોઈ કરી અને લોટના રોટલા કર્યા. ભગતજીએ દૃષ્ટિ વડે પ્રસાદી કરી અને પોતે ઘેર જમવા પધાર્યા. સર્વે હરિભક્તો જમીને થોડો આરામ કરી ભગતજીને ઘેર ગયા.

ભગતજી પલંગમાં પોઢ્યા હતા તે જાગ્યા અને કરુણાએ ભીના થકા આ સર્વે ખપવાળા હરિભક્તોને જોઈ પલંગમાં બેઠા. પછી સર્વેને પૂછ્યું : ''દેશકાળ કેવા છે ?''

ત્યારે સર્વેએ કહ્યું : ''મહારાજ ! આપની દયાથી સારા છે, સર્વે પાક્યું છે પણ ડાંગર આઠ આની પાકી છે.''

પછી સૌનું દેણું-લેણું પૂછ્યું અને સૌનો વહેવાર પૂછ્યો. ત્યારે સૌએ પોતપોતાની વાત કરી. ભગતજીએ રાજી થઈને આશીર્વાદ આપ્યા કે ''જાઓ, સુખિયા થઈ જશો.'' આ સર્વેને તો ભગવાનના સુખ આગળ બીજી કંઈ ઇચ્છા જ નહોતી. પરંતુ ભગતજીની કૃપાદૃષ્ટિ પોતાના ઉપર અત્યંત છે તે જાણી બહુ જ રાજી થયા.

પછી ભગતજી મંદિરે પધાર્યા. ત્યાં જેઠાલાલને તાવ આવતો હતો. તેથી મેડે પધાર્યા અને માથે હાથ ફેરવ્યો. પછી તેમની પાસે તેમનો સંકલ્પ જાણીને

બેઠા અને કથા ત્યાં કરાવી. પોતે જેઠાભાઈની સામું જોતા જાય અને ગમ્મત કરે : ''જેઠા અને લાલ. લાલ એટલે આત્મા, તે રૂપે થઈને ભક્તિ કરવી.'' એમ રમૂજ કરે અને જેઠાલાલને આનંદ આપે. એમ કથા, વાર્તા, કીર્તન અને ધ્યાન – તેમાં વિરામ થવા જ ન દે.

એક વખત ચતુરભાઈ તથા વલ્લભભાઈને એમ સંકલ્પ થયો કે ''આપણે આટલા દિવસ ભગતજી સાથે રહ્યા, પણ એમની અંગત સેવાનો લાભ ન મળ્યો.''

ભગતજીએ તેમનો સંકલ્પ જાણીને તેમને કહ્યું : ''તમે બંને મારી સાથે ચાલો, મારે કામ છે.'' એમ કહી બંનેને ઘેર લઈ ગયા અને કહ્યું : ''આ દવા છે તે મારે પગે ચોપડો.'' એમ બંનેને સેવા આપી અને રાજી કર્યા અને કહ્યું : ''હવે મંદિરે જાઓ.''

તે બંને મંદિરે આવ્યા અને જેઠાભાઈ પાસે બેઠા. જેઠાભાઈને તાવ ઊતરી ગયો હતો, પણ અશક્તિ ઘણી જ હતી. મનમાં સંકલ્પ થયો : ''ભગતજી જો મળે તો દર્દમાત્ર મટી જાય.'' તેથી તે પથારીમાં ઊભા થયા અને ભગતજીને ઘેર એકલા ગયા. અશક્તિને લઈને ચલાતું ન હતું, પણ મનનો સંકલ્પ હતો એટલે કોઈને સાથે લીધા નહિ. ભગતજી તે વખતે ઢોલિયામાં સૂતા હતા. જેઠાભાઈને આવ્યા જાણીને એકદમ બેઠા થયા અને રાજી થઈને કહ્યું : ''આવો, આજે તો સાવ સાજા કરી દેવા છે અને દર્દમાત્ર કાઢી નાખવું છે. લ્યો મળીએ.''

જેઠાભાઈને તો અકલ્પ્ય આનંદ થયો કે ''અહો ! મેં સંકલ્પ જે રીતે કરી રાખ્યો હતો તે જ પ્રમાણે ભગતજીએ મને કહ્યું અને મળ્યા.'' તેમને શાંતિ શાંતિ થઈ ગઈ. પછી મંદિરમાં જવાની આજ્ઞા કરી.

'જાઓ, સબકાવો'

આવી રીતે પોતાના સમાગમમાં આવનાર તમામના મનોરથ પૂર્ણ કરી, મહારાજની મૂર્તિનાં ચાર સુખ – દર્શન, વાતુ, પ્રસાદી અને મળવું – તેમને આપીને, જગતના ત્રિવિધ તાપથી શાંતિ કરાવી, આનંદ પમાડી દીધો. નવ દિવસ અને નવ રાત્રિ તો જાણે એક પળની જેમ પસાર થઈ ગયા હોય એમ સર્વને લાગ્યું !

દસમે દિવસે બપોરે મંદિરમાં કેટલાક સૂતા હતા અને કેટલાક માળા ફેરવતા હતા. ત્યાં ભગતજી અચાનક પધાર્યા અને કહ્યું : ''તૈયાર થાઓ, આ ગાડું ભાડે કરી આણ્યું છે તે સામાન મૂકીને સબકાવો.'' એમ કહ્યું.

એટલે સૌને થયું : ''આ શું અચાનક !''

પણ ભગતજીની આજ્ઞા એટલે સર્વેએ તૈયાર થઈ સામાન ગાડામાં મૂક્યો અને પછી નવે જણને ભગતજી મળ્યા. શામજીભાઈ તથા નારણભાઈને વળાવવા મોકલ્યા. હરિભક્તો ગાડામાં બેસી વિદાય થયા.

થોડી વારે બીજી તરફથી ગાડામાં બેસી પીજના મૂળજીભાઈ, તેમના ભત્રીજા નારણભાઈ તથા ચાણસદના વૈદ્ય વિશ્વનાથ, કાલિદાસ, નડિયાદના કાલિદાસ મિસ્ત્રી, દાજીભાઈ વગેરે આઠ હરિભક્તો ભગતજીનાં દર્શને આવ્યા. ભગતજી તેમને મળ્યા અને કહ્યું : ''વસો તથા પીજના હરિભક્તો હમણાં જ ગયા.''

આ રીતે, આ હરિભક્તો આવે છે તે અંતર્યામીપણે જાણી, પેલા નવને વિદાય કર્યા. એમ જો ન કરે તો તે પણ ટકી રહે અને સંઘ મોટો થઈ જાય. આ સંઘને પણ થોડા દહાડા રાખી, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની વાતો કરી, સુખ આપી, વિદાય કર્યો.

જો પ્રાગજી ભગત આવશે, તો અમો કોઈ નહિ આવીએ

ભરૂચના મંદિરમાં ગણપતરામભાઈના પિતા મહાશંકરભાઈને ધર્મ, ભક્તિ અને ઘનશ્યામ મહારાજની મૂર્તિઓ પધરાવવાની હતી અને તેની વિધિ આચાર્ય મહારાજશ્રી વિહારીલાલજી મહારાજ પાસે કરાવવાની હતી. આથી ગણપતરામભાઈએ ભગતજીને કાગળ લખ્યો : ''અત્રે મંદિરમાં મૂર્તિઓ પધરાવવાની છે અને આચાર્ય મહારાજ તથા બીજા સાધુ, બ્રહ્મચારી પણ પધારશે; તો આપ પણ જરૂર આ પ્રસંગે પધારી અમોને દર્શનનું સુખ આપશો. મારા પિતાની પણ ઘણી જ મરજી છે.'' એ પ્રમાણે અતિ આગ્રહનો પત્ર તેમણે લખ્યો.

પરંતુ સાધુ, બ્રહ્મચારીને આ વાતની ખબર પડી. એટલે તેમણે અતિશય વિરોધ કર્યો અને ''જો પ્રાગજી ભગત આવશે તો અમો કોઈ નહિ આવીએ'' એમ મહાશંકરભાઈને લખી જણાવ્યું. વળી, ગણપતરામભાઈ જેવા પ્રતિષ્ઠિત

અને વિદ્વાન સદ્‌ગૃહસ્થને આમ પ્રાગજી ભગતનો પક્ષ બંધાયો તે પણ કોઈને ન રુચ્યું. ભગતજી આ જાણતા હતા એટલે તેમણે ગણપતરામને કાગળ લખ્યો : ''તમારી મરજી તેડાવવાની ઘણી છે, પણ મહારાજ તથા સાધુઓની મરજી વગર અમારાથી અવાય નહિ. તો રાજી રહેશો.'' આવી રીતે ભગતજીને તેડાવવાનું બંધ રહ્યું.

પરંતુ આ પ્રસંગની અસર એ થઈ કે ચૈત્રી સમૈયામાં પૂરી ઉપાધિ કરવાનો સૌએ ઠરાવ કર્યો. માસ્તર ગોવિંદભાઈ ચૈત્રી સમૈયા પહેલાં એક માસ અગાઉ મહુવા ગયા હતા. તે વખતે ભગતજીએ ગોવિંદભાઈને કહ્યું : ''ભક્તોનું સોળ આની જોર વધ્યું છે, તેથી માયાનું પણ સોળ આની જોર વધશે. માટે ધીરજ રાખજો.'' એ પ્રમાણે ઉપાધિ થતાં પહેલાં ભગતજીએ વાત કરી હતી.

મહુવા જવાની બંધી

સંવત ૧૯૫૨નો ચૈત્રી સમૈયો બહુ જ સારો ભરાયો હતો અને જૂનાગઢથી પણ મોટા સદ્‌ગુરુ સ્વામી બાલમુકુંદદાસજી, યોગેશ્વરદાસજી, ધર્મસ્વરૂપદાસજી, બ્રહ્મચારી અચિંત્યાનંદજી, સ્વામી જાગા ભગત વગેરે આવ્યા હતા; એટલે કથાવાર્તાનો જોગ ઘણો હતો. જેઠાભાઈ તથા શિવશંકરભાઈ વડોદરાથી આવ્યા હતા. શાસ્ત્રીજી મહારાજ શ્રી યજ્ઞપુરુષદાસજી પણ હતા, જેઓ જેઠાભાઈને સ્વામી જાગા ભગત પાસે લઈ ગયા અને ઓળખાણ કરાવી. વળી, અવારનવાર જૂનાગઢના તમામ મોટા સદ્‌ગુરુ પાસે લઈ જઈ વાતો સંભળાવે. પોતે પણ જેઠાભાઈને ખૂબ વાતો કરી સુખ આપ્યું.

આ સમૈયામાં આવા સદ્‌ગુરુ સ્વામી જાગા ભગત અને બાલમુકુંદ-દાસજીનો યોગ હતો એટલે શાસ્ત્રીજી મહારાજે જેઠાભાઈને કહ્યું : ''ભરુચ કાગળ લખી ગણપતરામભાઈને તેડાવો.'' આથી, જેઠાભાઈએ ભરૂચ કાગળ લખ્યો અને ગણપતરામભાઈ વરતાલ તેરસને દિવસે આવ્યા.

તે દિવસે સવારથી જ શાસ્ત્રીજી મહારાજ તેમને સ્વામીશ્રી જાગા સ્વામીને આસને લઈ ગયા અને જાગા સ્વામીએ અદ્‌ભુત વાતો કરી તેમને આનંદ કરાવ્યો. વળી, સાધુ ધર્મપ્રસાદદાસજી જૂનાગઢના હતા તેમની પાસે પણ લઈ ગયા. તેમણે પણ ગુણાતીતાનંદ સ્વામી છતાં પ્રાગજી ભગતે જે

સેવા તથા તપ કરેલું તથા સ્વામી થકી સિદ્ધદશા પ્રાપ્ત કરી અનેકને પ્રાયશ્ચિત્ત આપ્યાં હતાં, તે સર્વ વાતો કરી અને ભગતજીને વિષે પૂરી નિષ્ઠા કરાવી. આવી રીતે શાસ્ત્રીજી મહારાજ તેમને પોતાની સાથે જ રાખે અને મોટા મોટા ગુણાતીત જ્ઞાનવાળા સદ્‌ગુરુ પાસે લઈ જઈ વાત સંભળાવે અને જાગા સ્વામીના સમાગમમાં મુખ્ય રાખે. ગણપતરામભાઈને પણ અલૌકિક આનંદ થયો.

સર્વત્ર વિષાદની છાયા : ચતુરભાઈએ ખુલ્લો પક્ષ રાખ્યો

ચૌદશના દિવસે સવારની સભામાં મહારાજશ્રી સમક્ષ કેટલાંક ભાષણો ભગતજીના વિરોધનાં થયાં. ત્યાગીઓએ આચાર્ય મહારાજ પર ખૂબ દબાણ કરીને ભગતજીનો સમાગમ કરવા જવાની સૌને બંધી કરવા કહ્યું.

ત્યાગીવર્ગ સૌએ આચાર્ય મહારાજને કહ્યું : ‘‘તમો તો આચાર્ય છો, જેથી તમે હરિભક્તોને મહુવા જવાની બંધી કેમ નથી કરતા ? માટે તમે આજ્ઞા કરો તો સૌને પાળવી પડે.’’

પછી આચાર્ય મહારાજે તે સૌને કહ્યું : ‘‘તમે બધા ત્યાગી છો અને તમારો હું ગુરુ છું. તમો મંદિરમાં રહો છો અને મને ગુરુ માનો છો છતાં મારી આજ્ઞા પાળી શકતા નથી; તો હરિભક્તો પોતાના કામ પ્રસંગે પોતાના હેતવાળા હરિભક્તો હોય અને એકબીજાને મળે અથવા ભેગા થાય તેમને હું શી રીતે બંધી કરી શકું ? અને બંધી કરું તો માને પણ કેમ ?’’

એમ કહીને પછી પોતે કહ્યું : ‘‘તમો સર્વે ત્યાગીને મેં કહ્યું હતું કે ભરૂચ પાસે કેસરુ ગામમાં ચાંદીના ઉપાડની મૂર્તિ ન પધરાવવી. વળી, ત્યાં દર્શન કરવા જવાની પણ મેં બંધી કરી હતી; છતાં મારી આજ્ઞા ન પાળી અને તમામ ત્યાગી ત્યાં દર્શને ગયા. કોઈએ આજ્ઞા પાળી હતી ?’’

આથી સર્વે ચૂપ થઈ ગયા અને ત્યાગી કોઈ કાંઈ બોલી શક્યું નહિ. એટલે મહુધાવાળા હિમાભાઈ ઊભા થયા. તેમને કોઈએ ચડાવ્યા હશે, એટલે એકદમ બોલી ઊઠ્યા કે ‘‘મને આજ્ઞા કરો એટલી જ વાર છે. મહુવા જઈ એને પૂરો કરી નાખું.’’

આ શબ્દો સાંભળી વસોના ચતુરભાઈ બોલ્યા : ‘‘કોણ બોલ્યો એ ?’’

સભામાં તેમની આ સિંહ-ગર્જનાથી એવો તો થરથરાટ થઈ ગયો કે

આખી સભા સ્તબ્ધ થઈ ગઈ. પછી ચતુરભાઈ ઊભા થઈને બોલ્યા : ''આવા ભગવાનના આજ્ઞાકારી પરમ એકાંતિક પ્રાગજી ભગતને વિષે, કંઈ પણ જાણ્યા સિવાય કેવળ દ્વેષબુદ્ધિથી જ જેમ તેમ બોલો છો, પણ તમારો કુળે સહિત નાશ થઈ જશે અને જીવ નાશ પામી જશે. આવા સાધુના દ્રોહથી ભગવાનનો દ્રોહ થઈ જાય છે. અને મહારાજ કુરાજી થઈ જશે તો કોઈનુંય ઠેકાણું નહિ રહે.'' એમ, ભગતજીના મહિમા અને પ્રતાપની વાત કોઈથી દબાયા સિવાય કરી, એટલે કોઈ બોલી શક્યું નહિ. આચાર્ય મહારાજે ત્યારે તો 'બધું રાત્રે વિચારશું' એમ કહીને થાળે પાડ્યું. અને સભા પૂરી કરી દીધી.

સભા વેરાઈ ગયા પછી ગણપતરામ, ચતુરભાઈ, વડોદરાના શિવશંકર વગેરેએ ભેખમાં ભળેલા હરિભક્તો - મહુધાવાળા હિમાભાઈ, સુરતના મંછારામ વગેરેને સમજાવીને કહ્યું : ''ત્યાગી તો મોટેરા છે, તે ગમે તેમ બોલે; પણ આપણે ગૃહસ્થોએ કોઈનો દ્રોહ ન કરવો. ભગતજી તો બ્રહ્મવેત્તા પરમ એકાંતિક ભક્ત છે. માટે શું કરવા જાણી જોઈને અગ્નિમાં હાથ નાંખો છો ? આમ છતાં તમે બોલશો તો અમે ઉઘાડા થઈ સામે બોલીશું, ત્યારે તમારું અપમાન થશે.''

હિમાભાઈએ તુરત જ ચતુરભાઈ પાસે માફી માગી કહ્યું : ''મને માફ કરજો. મારી ભૂલ થઈ. મને તો કોઈએ ચડાવ્યો એટલે બોલ્યો. પણ ભગતજી મહારાજ આવા પ્રતાપી છે તે હું જાણતો ન હતો.'' એમ કહી શરમાઈને ચાલ્યા ગયા.

મંછારામભાઈને શિવશંકરભાઈ સાથે બાપ-દીકરાનો નાતો; એટલે શિવશંકરભાઈએ તેમને એકાંતે બોલાવી સમજણ પાડી અને પ્રાગજી ભગતનો અપાર મહિમા કહ્યો અને કહ્યું : ''આમ ત્યાગીના ચડાવ્યાથી આવા પરમ એકાંતિકનો દ્રોહ થાય એ ન બોલવું.'' તેઓ બુદ્ધિશાળી એટલે આ વાત તુરત હૃદયમાં ઊતરી ગઈ.

આમ, સૌ શાંત થઈ ગયા અને ચૌદશની રાત્રે સભામાં ઉપાધિ થવાની હતી તે બંધ પડી ગઈ. આથી, ત્યાગીઓને લાય લાગી કે આપણી મહેનત વૃથા ગઈ. માટે ફરી ઉદ્યમ કરવો.

ગઢડાવાળા રામચરણદાસે નક્કી કર્યું કે પૂનમની સવારની સભામાં ભગતજી વિરુદ્ધ બે કલાક એવું ભાષણ કરું કે 'ન ભૂતો ન ભવિષ્યતિ'. પરંતુ

રામચરણદાસનો સાદ બેસી ગયો ! આથી, પૂનમના દિવસે સવારે શણગાર આરતી થઈ ત્યારે સૌને બળતરા થવા લાગી કે જેમ જેમ ઉપાધિ કરીએ છીએ તેમ તેમ ભગતજીનો મહિમા તો વધતો જાય છે ને આપણું ખોટું દેખાતું જાય છે. માટે હવે કોઈ પણ ભોગે મહુવા જવાની બંધી કરાવવી જ. આથી સૌએ ભેગા મળીને સુરતના મંછારામને માન આપીને ચઢાવ્યા ને પૂનમની સાંજની સભામાં બોલવા ઠેરાવ્યા.

પૂનમની સભામાં ભગતજીનો મહિમા

બીજે દિવસે પૂનમની સભા ભરાઈ. આ સભામાં પોતે બોલશે એમ મંછારામે સર્વે ત્યાગીને કહ્યું હતું, પરંતુ શિવશંકર વગેરેએ ભગતજીનો મહિમા સમજાવ્યો હોવાથી તેમને બોલવાની મરજી નહોતી. આમ છતાં ત્યાગીઓના દબાણથી સભામાં બોલવા ઊઠ્યા અને કહ્યું : ‘‘મહુવાના પ્રાગજી ભગત ભગવાનના પરમ એકાંતિક ભક્ત છે, પણ આપણા સંપ્રદાયની રીતે મોટાં શિખરબદ્ધ મંદિરો હોય ત્યાં દર્શને જવું અને ત્યાં મોટા મોટા સાધુ-હરિભક્તો હોય તેમનો સમાગમ કરવો, પણ બીજે દોડાદોડ થાય તે ઠીક નહિ. માટે કોઈએ મહુવા જવું નહિ અને જશે તો તેમને વિમુખ કરવામાં આવશે, એમ આ સર્વે ત્યાગીઓનું કહેવું છે. માટે તે પ્રમાણે સૌએ વર્તવું.’’ એમ કોઈ પણ જાતના વેગ વગર સામાન્ય બોલીને બેસી ગયા. આથી સૌને આશ્ચર્ય થયું કે આમનું કેમ ફરી ગયું ? તેથી તેના ભાષણથી કોઈને સંતોષ થયો નહિ. સૌના મનની મુરાદો મનમાં જ રહી ગઈ.

આ ઉપાધિથી સ્વામીશ્રી જાગા ભગત બહુ જ દુ:ખી થઈ ગયા અને ઊંડા ઊતરી ગયા અને કંઈ બોલે-ચાલે નહિ. કથાવાર્તાનું કોઈને સુખ આવ્યું નહિ અને આવા પરમ એકાંતિકના દ્રોહથી જાણે સર્વત્ર વિષાદની ઘેરી છાયા ફરી વળી હોય એમ સમૈયામાં વેરવિખેર જેવું થઈ ગયું.

ગણપતરામને જેઠાભાઈ અખંડ જાળવતા અને સ્વામી જાગા ભગત સિવાય કોઈની પાસે જવા ન દેતા. પણ આ સભા પૂરી થઈ અને આરતી થયા બાદ, ભીડમાં ગણપતરામ છૂટા પડી ગયા. રામચરણદાસજી ગણપતરામનું કાંડું પકડીને પોતાને આસને લઈ ગયા અને પ્રાગજી ભગત વિરુદ્ધ ઘણા જ શબ્દો કહી ઘાયલ કરી નાખ્યા. આવા અતિ ઝેરીલા કુસંગના શબ્દોથી

ગણપતરામનું અંતઃકરણ પણ ફરી ગયું અને ફરી શાસ્ત્રીજી મહારાજ તથા સ્વામી જાગા ભગત કે જેઠાભાઈ કોઈનેય મળ્યા નહિ. અહો ! આવો સત્સંગનો સુંદર યોગ અને આવા પરમ એકાંતિક સદ્‌ગુરુની પ્રાપ્તિ થયા પછી પણ કુસંગ કેવું કરે છે તે તો આ પ્રત્યક્ષ પ્રસંગથી જ જણાય છે. એટલા માટે જ મહારાજે કહ્યું છે કે કુસંગ તો કોઈ દિવસ કરવો જ નહિ.

મહુવાનો માર્ગ સળંગ ચાલુ

આવી રીતે ઉપાધિ થવા છતાં પણ જેણે એકાંતિકમાં જ જીવ જડ્યો હતો અને જડ પ્રથાના અનુસરનારા ન હતા તેવાઓએ તો મહુવાનો માર્ગ ચાલુ જ રાખ્યો. પ્રથમ જ વસોના ચતુરભાઈ તથા પુરુષોત્તમભાઈ તૈયાર થયા અને તેમની સાથે પીજના મોતીભાઈ તથા ગોવિંદભાઈ માસ્તર મહુવા જવા નીકળ્યા. તેઓ જે દિવસે નડિયાદ જઈ ગાડીએ બેઠા, તે જ દિવસે ગામોગામ ભગતજીના કાગળ આવ્યા કે ''કોઈએ અહીં આવવું નહિ અને મહારાજની મરજી નથી, માટે આવશો તો ગુરુદ્રોહી, વચનદ્રોહી ગણાશો.'' એ પ્રમાણે ઘણો જ સખત કાગળ લખ્યો હતો.

તે પ્રથમ વસો પહોંચ્યો. તે કાગળ લઈને ભાઈલાલભાઈ નડિયાદ આવ્યા અને ઝવેરીલાલ તથા ઝવેરભાઈ જેસિંગભાઈને તે કાગળ વંચાવ્યો. તે કાગળ વાંચીને સર્વેના પગ ઢીલા થઈ ગયા. પછી ઝવેરીલાલભાઈએ કહ્યું : ''વઢવાણ કૅમ્પ તાર મૂકો, એટલે રાતની ગાડીએ પહોંચશે.''

પછી તાર મૂક્યો. ગોવિંદભાઈને તાર મળ્યો, પણ પછી વિચાર કર્યો : ''ભાડું ખર્ચીને અરધે આવ્યા છીએ તે હવે ઠેઠ જવું અને વઢશે તો ખમી લઈશું; પણ પાછા તો જવું જ નથી.'' તેવો વિચાર કરી બધા મહુવે પહોંચ્યા.

આ હરિભક્તો મહુવા પહોંચ્યા અને ભગતજી મહારાજને મળ્યા એટલે પહેલાં તો ભગતજીએ ઠપકો આપ્યો, પણ આંહીં સુધી દાખડો કરીને આવ્યા એટલે રાજી થયા. ચતુરભાઈ તથા પુરુષોત્તમદાસ કેરીનો મુરબ્બો લઈ ગયા હતા તે ભગતજીને આપ્યો. એટલે ભગતજી મુરબ્બો જમીને કહે : ''આ તો તમો ભારે વસ્તુ લાવ્યા. મને તો ગોપાળાનંદ સ્વામીએ ખાસ કહ્યું હતું કે તારી છાતીએ દાહ છે એટલે મુરબ્બો ખાજે.'' આમ, પોતાને તો કંઈ જોઈતું નથી, પરંતુ ભક્તના સુખને અર્થે નાના પ્રકારની સેવા અંગીકાર કરી,

તેમના મનોરથ પૂરા કરે છે. એ જ મહત્ પુરુષની મહત્તા છે.

પછી નિર્માનીપણાની બહુ જ વાતો કરીને કહ્યું : ''નિર્માનીપણામાં જેવો માલ છે, તેવો બીજામાં નથી. મેં રાત્રે કદરજ તથા જડભરતનું આખ્યાન વિચાર્યું અને નિર્ધાર કર્યો કે જડભરત અને કદરજ જેવા નિર્માની થવું, પણ કોઈ ઉપર આંખ તાણવી નહિ. નિષ્કુળાનંદ સ્વામીએ પણ આપણને કહ્યું છે કે *'જડભરત જનક જયદેવ, એવું થાવું આપણે.'* માટે એવા થવાનો ઉત્સાહ રાખવો. આ સમાગમ મળ્યો છે તેથી જોતજોતામાં થઈ જવાશે.''

હાથી ખૂંત્યો હોય તે હાથી વતે જ નીકળે

''આ સત્સંગ થવો બહુ કઠણ છે અને થયો હોય તો પાર પાડવો કઠણ છે. ઓલ્યા બિચારા ગણપતરામનું તો બગાડી જ નાખ્યું, પણ એ મોઢું ઘાલવા ગયા તો એમ થયું. માટે સત્સંગ પાર પાડવા માટે મોટાનો જોગ અખંડ રાખવો અને કુસંગને ઓળખીને સર્વ પ્રકારે તેનો ત્યાગ કરવો. વાંસદાથી વરતાલ આવ્યો ત્યારે દેસાઈએ મને કહ્યું કે 'સત્સંગ કરાવો.' એટલે મેં કહ્યું કે 'હાથી ખૂંત્યો છે તે હાથી વતે જ નીકળશે. બકરું બેં બેં કરશે તેનાથી નહિ નીકળે.' પણ એનો મર્મ ન સમજાય ત્યારે શું થાય ? દેસાઈ જેવા આવા મુમુક્ષુ, તે ક્રિયામાં જોડાઈ ગયા હોય તેને, એવા શુદ્ધ બ્રહ્મસ્વરૂપ સત્પુરુષનો જોગ થાય તો જ ક્રિયામાંથી નીકળાય. પણ 'તમે તો બહુ મોટા અને બહુ સારા' એમ પોતાની સારાઈ રાખવા પંપોળે, તેનાથી કંઈ જીવના બડવાળ નીકળે નહિ. એ તો શૂરવીરતા શિખવાડવી જોઈએ અને દોષને કાઢવા કઠણ પણ થવું જોઈએ.''

પછી ચતુરભાઈએ પૂછ્યું : ''મહારાજ ! એ તો મૂર્તિ અખંડ હૃદયમાં રહે તો દોષ નિવૃત્તિ પામે. માટે મૂર્તિ કેમ ઝાલવી ?''

ત્યારે ભગતજી હસીને કહે : ''વૃત્તિ રૂપી દોરી વડે મૂર્તિ ધારો. એમ પ્રયાસ કરશો તો સર્વ વાતે સુખી થવાશે. વરતાલનું ૪થું વચનામૃત વાંચીને એમ અભ્યાસ કરતાં શીખવું. કારણ, મૂર્તિ તો ચિંતામણિ છે; તે સર્વે મનોરથ પૂરા કરશે. પણ સાધુતા હશે તો મૂર્તિ પકડાશે. જુઓને, યુધિષ્ઠિર રાજાની સાધુતા જોઈને જ ભગવાને તેમને મદદ કરી. માટે સાધુતા શીખવી અને એ માર્ગે ચાલવું.''

સોય, સુહાગો ને સુઘડ નર ભેગું કરે

વળી, પછી પોતે વાત કરી : ''આ લોકમાં કેટલા દહાડા જીવવાનું છે ? આગળ નજર પહોંચાડવી જે સુખ કેવું છે ? અહીં રહેવાનું થોડું છે પણ આ પ્રાપ્તિ થઈ તેથી સુખ વધારે છે તે જાણી લેવું. કરવત, કુહાડો અને કુટિલ પુરુષ તે જુદું કરે અને સોય, સુહાગો અને સુઘડ નર તે ભેગું કરે.'' એમ ઘણી ઘણી વાતો કરી. પણ આ તો દિશમાત્ર લખી છે.

સર્વેને અપાર શાંતિ થઈ ગઈ અને વઢવાણ કૅમ્પમાં તાર મળ્યો હતો અને જે જે સંકલ્પો થયા હતા તે સર્વે ભગતજીએ કહી દીધા કે ''તમારા મનમાં તો એમ હતું કે 'આપણા ઉપર કાગળ 'ના'નો આવ્યો છે ને જઈએ છીએ તો કુરાજી થાશે,' પણ તમે આવ્યા તે મારગ ચાલતો રહ્યો.'' એમ કહીને રાજી થયા અને થોડા દિવસ રાખી વિદાય આપી.

આ સંઘને વળાવ્યો પછી થોડા દિવસે વડોદરેથી શિવશંકરભાઈ, ગોવિંદભાઈ માસ્તર તથા પીજના મોતીભાઈ ભરુચથી વહાણમાં મહુવા આવ્યા. મહુવા ગ્રહણને દિવસે બે વાગ્યે પહોંચ્યા. ભગતજી મંદિરમાં બેઠા હતા ત્યાં આવી દર્શન કર્યાં અને બેઠા. એટલે ભગતજી કહે : ''રાત્રે ગ્રહણ છે માટે ટીમણ કરી લ્યો.'' પછી સર્વેએ ટીમણ કર્યાં.

ગ્રહણની રાત ભજન કરી સર્વે વહેલી સવારે ભગતજીને ઘેર ગયા અને ત્યાં દર્શન કરી ભગતજીએ કેટલીક ધર્મ, જ્ઞાનની વાતો કરી. પછી સર્વેને નાહવા મોકલ્યા. પોતે નાહીને પૂજા કરવા મંદિરે પધાર્યા. ત્યાં વાત કરી : ''पिता पुत्रेण जायते ।'[૧૨૩] પિતા પુત્રરૂપે થાય છે.'' એમ કહીને મોતીભાઈ વિષે કહ્યું અને કહ્યું કે ''મુક્તાનંદ સ્વામીનો સંગ કરે તો શ્રીજી-

---

૧૨૩. શ્રીમદ્‌ભાગવતમાં એવી કથા છે કે જ્યારે દ્રૌપદીના પાંચ પુત્રોને અશ્વત્થામા મારી નાખે છે, ત્યારે અર્જુન અશ્વત્થામાને પકડી દ્રૌપદી પાસે લાવે છે. તે બ્રાહ્મણપુત્રને આ પ્રમાણે બંધાયેલો જોઈ દ્રૌપદી અર્જુનને કહે છે : ''બ્રાહ્મણ તો નિરંતર ગુરુ કહેવાય. તમે જેમના અનુગ્રહથી ધનુર્વેદ તથા શસ્ત્રવિદ્યા શીખ્યા, તે જ ભગવાન દ્રોણાચાર્ય હમણાં પુત્રરૂપે વિદ્યમાન છે. भगवन्द्रोणः प्रजारूपेण वर्तते । દ્રોણાચાર્યનાં અર્ધાંગના કૃપી પણ જીવતાં છે અને સતી નથી થયાં, કારણ કે દ્રોણાચાર્યરૂપ જ વીરપુત્ર - દ્રોણાચાર્યનું સ્વરૂપ હજુ જીવંત છે. એટલે દ્રોણાચાર્ય પુત્રરૂપે વિદ્યમાન છે.'' પ્રગટનો સિદ્ધાંત પણ આ ઉપર જ છે.

મહારાજનો મહિમા સમજાય.''

તે જ દિવસે સાંજે નિશ્ચયની વાત કરી કહ્યું : ''જેવા અક્ષરધામમાં છે એવા ને એવા જ મનુષ્યાકારે છે, તેમાં તલમાત્ર ફેર નથી એમ સમજશો ત્યારે જ સર્વ કાર્ય સિદ્ધ થશે.'' અને વળી કહ્યું : ''મારા શિષ્યોને જડભરત જેવા થવું પડશે. તે વગર સુખ નહિ આવે. આ નરકના કુંડ જેવા વિષય-સુખમાં પડ્યા રહીએ, એના કરતાં અક્ષરધામમાં ચાલ્યા ન જઈએ ?'' એમ ઘણી ઘણી વાતો કરી શાંતિ પમાડી. પછી વહાણમાં આવતાં જે જે અડચણો પડી હતી તે સર્વે કહી અને કહ્યું : ''વહાણના માર્ગે પાછા જાઓ.'' એમ કહી પોતે બપોરે બે વાગે બંદર સુધી વળાવવા પધાર્યા.

આ રીતે મહુવાનો માર્ગ સળંગ ચાલુ રહ્યો અને વસોના હરિભક્તો તથા પીજ, નડિયાદ, વડોદરા, ચાણસદના હરિભક્તો ચાતુર્માસમાં તથા અધિક માસમાં ભગતજીનાં દર્શને મહુવા આવવા લાગ્યા.

ચાણસદના વૈદ્ય ભગતજીનાં દર્શને આવ્યા ત્યારે ભગતજીએ તેમને શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીની ખબર પૂછી અને કહ્યું : ''શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી શાસ્ત્ર તો ભણ્યા છે પણ હજુ કુંજવિહારીદાસ જેટલું થયું છે, પણ વધારે થાય અને પ્રતિપક્ષીને સભામાં જીતે એવું થાય તો ઠીક.''

એવામાં યજ્ઞપુરુષદાસજીનો કાગળ આવ્યો. તે વાંચીને પોતે રાજી થયા. પણ મનસુખરામને કહ્યું : ''આનો જવાબ લખવો નથી. તમો મહેમદાવાદ ઊતરી રૂબરૂ વાત કરશો.''

કોઠારી પ્રભુદાસ તથા શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ વરતાલ ગયા અને મહારાજશ્રીને વિનંતી કરી : ''ભગતજીને જળઝીલણી ઉપર ગઢડે તેડાવો તો સારું.''

તે ઉપરથી મહારાજશ્રીએ ભગતજીને તુરત જ કાગળ લખ્યો અને એ કાગળ શાસ્ત્રીજી મહારાજે મહારાજની સહી કરાવી, મહોર છાપનો સિક્કો મરાવી, લઈ લીધો અને આણંદ આવી ટપાલમાં નાખ્યો. વરતાલની ટપાલમાં કાગળ પડે અને પાછળથી કંઈક વિચાર બદલાય તો વરતાલની ટપાલમાંથી એ કાગળ પાછો ખેંચી લેવાય. એટલે અગમચેતી રાખી આણંદની ટપાલમાં કાગળ નાખ્યો. પછી શાસ્ત્રીજી મહારાજે એક રૂપિયાનાં પોસ્ટકાર્ડ મગાવી, ગામોગામ જ્યાં જ્યાં ભગતજીના હેતવાળા હરિભક્તો હતા ત્યાં લખ્યાં કે

''ભગતજી જળઝીલણી ઉપર ગઢડા પધારવાના છે, માટે સૌએ આવવું.''

આવી રીતે ભગતજીના સમાગમનું સુખ મળે એવા શુભ સંકલ્પમાં મહારાજ ભળ્યા અને સૌના મનોરથ સિદ્ધ થયા.

મહારાજશ્રીનો પત્ર મહુવા પહોંચ્યો. એ વખતે ભગતજી મંદિરમાં બેઠા હતા. પુરુષોત્તમદાસ તથા ઉમેદભાઈ મંદિરમાં હતા અને મેડે સૂતા હતા તે નીચે આવ્યા. એટલે ભગતજીએ તે કાગળ પુરુષોત્તમદાસના હાથમાં આપ્યો. તેમણે વાંચ્યો અને કહ્યું : ''આ તો આપને મહારાજશ્રીએ ગઢપુર તેડાવ્યા છે.''

ભગતજી આ સાંભળી હસ્યા અને જેનું આ કર્તવ્ય હતું તેના ઉપર મનોમન રાજી થયા અને કહ્યું : ''જાવું પડશે.''

ત્યારે પુરુષોત્તમદાસ કહે : ''બહુ સારું.''

ભગતજીએ તેમને કહ્યું : ''મારે બે-ચાર દિવસ રોકાવું પડશે. તમે જો રહો તો આપણે સાથે જઈશું.''

ગઢપુરમાં જળઝીલણીનો સમૈયો

સંવત ૧૯૫૨ના જળઝીલણીના સમૈયા ઉપર ભગતજીએ જવાનું નક્કી કર્યું. બગદાણાથી ગાડું મગાવ્યું. તે આવ્યું તેમાં પોતે, પોતાના ભત્રીજા નારણભાઈ તથા પુરુષોત્તમ, ઉમેદભાઈ વગેરે બેઠા અને બગદાણે પહોંચ્યા.

ત્યાં રાત રહ્યા. બીજે દિવસે સવારે રણછોડભાઈની ઘોડી રૂા. ૨૦૦/-ની હતી તેની ઉપર સારો મશરૂનો કીમતી સામાન નાખીને ભગતજીને તે ઘોડી ઉપર બેસાડ્યા અને ત્યાંથી ચાલ્યા.

રસ્તામાં ભંડારિયાની નદીમાં ટીમણ કરવા રોક્યા. ત્યાં નદીમાં નાહ્યા અને પૂજા કરીને પુરુષોત્તમદાસે ગુંદરપાક ભગતજીને જમાડ્યો અને ઉમેદભાઈએ દૂધ પાયું. તે પ્રમાણે સર્વે હરિભક્તો પાલિતાણે આવ્યા. પુરુષોત્તમદાસે ભગતજીને ઘોડી ઉપરથી ઉતાર્યા અને મંદિરમાં મુકામ કર્યો. ભગતજી આવ્યાના ખબર જાણી રાત્રે પાલિતાણાના સર્વ હરિભક્તો મંદિરમાં આવ્યા અને સભા થઈ. તેમણે ભગતજીને કહ્યું : ''આપ પધાર્યા તે બહુ જ સારું કર્યું. આપનાં દર્શનની ઘણા દિવસથી તાણ હતી તે શ્રીજીમહારાજે પૂરી કરી. આપનાં દર્શન થયાં તેથી ઘણો જ આનંદ થયો.''

પછી ભગતજીએ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યે યુક્ત ભક્તિની

ઘણી વાતો કરી, સર્વેને આનંદ પમાડ્યો. પુરુષોત્તમદાસ પાસે 'પંચરત્ન' વંચાવ્યો. તે સાંભળી હરિભક્તોને ઘણો જ આનંદ થયો.

મૂર્તિના પ્રકાર અને હરિસ્મૃતિ

બીજે દિવસે સવારે નાહી, પૂજા કરીને, અમદાવાદના વણિક હરિભક્ત ત્યાં નાકાદાર હતા, તેમના આગ્રહથી તેમને ઘેર પોતે તથા પુરુષોત્તમદાસ પધાર્યા અને તેમનો સંકલ્પ પૂરો કર્યો. પછી સર્વે ત્યાંથી નીકળ્યા અને સોનગઢ જવા ગાડામાં બેઠા. તે ગાડામાં ભગતજી તથા પુરુષોત્તમદાસ, ભાઈલાલભાઈ, ઉમેદભાઈ, કડિયા મૂળજીભાઈ, નારણભાઈ વગેરે બેઠા. રસ્તામાં પુરુષોત્તમદાસ કીર્તન બોલે અને ભગતજી વાતો કરે.

પછી પુરુષોત્તમદાસે પ્રશ્ન પૂછ્યો : ''આઠ પ્રકારની ભગવાનની મૂર્તિ શાસ્ત્રમાં કહી છે તે કઈ ?''

ત્યારે ભગતજીએ મૂર્તિઓનું વર્ણન કરી બતાવ્યું : ''પ્રથમ તો (૧) મણિમય, (૨) પાષાણની, (૩) કાષ્ટની, (૪) ધાતુની, (૫) મૃત્તિકાની, (૬) રેતીની, (૭) ચિત્રામણની અને (૮) મનોમય. એ આઠ પ્રકારની મૂર્તિ કહેવાય છે.''

ત્યારે પુરુષોત્તમદાસે ધ્યાનની મૂર્તિની વાત પૂછી. એટલે ભગતજી કહે : ''એ તો સંકલ્પની મૂર્તિ.'' પછી ભગતજી કહે : ''એ મૂર્તિથી આનંદ માણવો. તે નિષ્કુળાનંદ સ્વામીએ પણ 'હરિસ્મૃતિ'માં એમ વર્ણન કર્યું છે કે –

'મનોહર સુંદર મૂરતિ, સહજાનંદ સુખરૂપ,
નખશિખ સુધી નીરખતાં, આવે આનંદ અનૂપ,
પ્રથમ પ્રભુ પ્રગટને, રાખું હૃદયમાંય,
અંગોઅંગ અવલોકીને, અંતર રહું ઉછાય.'

પછી એ મૂર્તિની દરેક ક્રિયા જે પોતે જોઈ હતી તે પ્રસંગે પ્રસંગનું નિષ્કુળાનંદ સ્વામીએ મનન કર્યું. એ જ ભક્તની ભક્તિ, અને એ જ કરવાનું છે. તે નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

'નાથ નીરખ્યા છે...
મોદક મગદળ ને મોતિયા, જમતાં જોયા છે;
લાખણ લાડુ ને સેવૈયા, જમતાં જોયા છે.'

અને જમી રહ્યા પછી,

'દાંત સુધારી બેઠા પાટે, ભૂધર ભાળ્યા છે,
આવ્યા જન પૂજવા માટે, ભૂધર ભાળ્યા છે.'

પછી તો મહારાજે આખા દિવસમાં જે જે વસ્ત્રાલંકાર ધર્યા હોય, જે પાટ ઉપર ગાદી-તકિયે બેઠા હોય, તે બધાની સ્મૃતિ કરી.

અને રાત પડી એટલે,

'દીવો દીવીને અજવાળે, દગે દીઠા છે;
હાંડી ફાનસે રૂપાળે, દગે દીઠા છે.'

એમ રાતે મહારાજ કેમ બેસતા, કેવા શોભતા, તેની સ્મૃતિ કરી, નખશિખા-પર્યંત મહારાજની મૂર્તિનું આવી રીતે અવલોકન કરી અને પછી મૂર્તિનો કેવો મહિમા છે તેનો વિચાર કરો કે -

'એમ નખશિખા મૂર્તિ નાથની, સમરતાં સુખ થાય,
અહોનિશ ઉરમાં ધારતાં, કરવું નહિ કાંય;
ચરિત્ર સર્વે ચિંતવી, મૂરતિ ધારે મન,
કાળ માયા કર્મનું, વ્યાપે નહિ વિઘન;
મૂર્તિ તમારી સુખકારી, જીવન જાણું છું,
છો અવતારના અવતારી, જીવન જાણું છું.'

એમ અનેક રીતે એ મૂર્તિની અંદર ચિત્તની વૃત્તિ પરોવાઈ જાય તો મૂર્તિ બંધાઈ જાય.

''ધરમપુરનાં કુશળકુંવરબાએ પણ એમ જ કર્યું હતું. મહારાજને એક વખત તેમણે પૂછ્યું કે 'મહારાજ ! તમે કાગળમાં લખો છો કે અનિર્દેશથી લિખાવિતં સ્વામીશ્રી સહજાનંદજી મહારાજ, તે અનિર્દેશ એટલે શું ?' ત્યારે મહારાજ અનિર્દેશ એટલે શું એ સમજાવવા કુશળકુંવરબા સામે ઊભા રહ્યા અને વાત કરી. પણ તે તો એટલામાં મહારાજની મૂર્તિ જોતાં જાય અને અંતરમાં ઉતારતાં જાય. એમ જો ભગવાનનું એવું શ્રવણ, મનન, નિદિધ્યાસ કર્યું હોય તો ભગવાનનો એવી રીતે સાક્ષાત્કાર થાય છે.[૧૨૪] પણ એવો આગ્રહ રાખીને મંડવું જોઈએ. જોયા જેવી તો એક ભગવાનની મૂર્તિ જ છે. એ સિવાય બીજું કાંઈ જ નથી. માટે બહાર પ્રત્યક્ષ જે મૂર્તિ જોઈ હોય તેને

---

૧૨૪. સા. ૩.

અંતરમાં ઉતારવી અને મૂર્તિનો આનંદ લેતાં શીખવું.'' એમ અનેક પ્રકારે મૂર્તિ વિષે ઘણી વાત કરી અને આનંદ કરાવી દીધો.

વાતવાતમાં તો સોનગઢ આવી ગયું, એટલે સૌ ઊતરીને સ્ટેશને ગયા. પુરુષોત્તમદાસે સ્ટેશન ઉપર શેતરંજી બિછાવી દીધી અને તે ઉપર લૂગડાંની ગાદી કરી ભગતજીને બેસાર્યા. પછી ત્યાં ઘણી વાતો કરી. હાજરી કરી, આરતી, નિત્ય-નિયમ કરી, ગાડી આવી એટલે બેઠા અને ઉજળવાવ ઊતર્યા. ત્યાં ઊતરીને એકો ભાડે કર્યો, પણ રાત હોવાથી વહેલી સવારે નીકળવું એમ નક્કી કર્યું. ભગતજી એકામાં પોઢી ગયા અને હરિભક્તો સર્વે નીચે સૂતા. સવારના ચાર વાગે એકો જોડ્યો. તેમાં ભગતજી, પુરુષોત્તમદાસ તથા ભાઈલાલભાઈ ત્રણ બેઠા.

સવારમાં દિવસ ઊગતાં ગઢડા પહોંચ્યા. સીધા ઘેલે સૌ નાહવા ગયા. ફૂલચંદભાઈ તથા હરખાભાઈ પણ મહુવાથી વહાણ રસ્તે આવ્યા હતા અને ઘેલામાં નાહતા હતા, તે ભગતજીને મળ્યા. નાહીને ગામમાં જતાં ભગતજીએ ફૂલચંદભાઈ શેઠને કહ્યું : ''તમે મહારાજને જઈને ખબર કરો કે 'પ્રાગજી ભગત આવ્યા છે અને તમો કહો તો તમારાં દર્શને આવે.' તમારા આવતાં સુધી હું અહીં આ દુકાને બેઠો છું.''

એટલે ફુલચંદભાઈએ તેમને કહ્યું : ''તમને તો મહારાજે કાગળ લખી તેડાવ્યા છે. માટે ચાલોને ! મહારાજનાં દર્શન કરી મહારાજ કહે ત્યાં ઉતારો કરજો.''

ત્યારે ભગતજી કહે : ''ઠીક.''

પછી તો ભગતજી તથા તેમના બે ભત્રીજા, ભાણેજ, પુરુષોત્તમદાસ, ભાઈલાલભાઈ સૌ મહારાજનાં દર્શને ગયા. ભગતજીએ શ્રીફળ લઈ પુરુષોત્તમદાસને આપ્યું, તે મહારાજને ભેટ ધર્યું. પછી મહારાજ ભગતજીને જોઈ બહુ જ રાજી થયા અને કહ્યું : ''તમો આવ્યા તે બહુ સારું થયું અને હું તો તમારા સમાગમ માટે વિશેષ કરીને આવ્યો છું. એટલે જ તમોને તેડાવ્યા છે. તમો મહુવાવાળા ભેગો ઉતારો કરજો.''

ત્યારે ભગતજી કહે : ''ઠીક.''

પછી ભગતજીએ મહુવાવાળા ભેગો ઉતારો કર્યો. મહુવાના ઉતારામાં નારવાળા ઝવેરભાઈ, માસ્તર ગોવિંદભાઈ પહેલેથી ઊતર્યા હતા. તેથી તેમને

સેવા-સમાગમનું સુખ સારું આવ્યું. વસોના હરિભક્તો વાડીએ જતાં ડાબા હાથની ધર્મશાળામાં ઊતર્યા હતા. ભગતજી ગઢડા પધારવાના છે એવી ખબર સર્વેને પત્ર દ્વારા પડી હતી. તે સર્વે હેતવાળા હરિભક્તો પોતપોતાનાં કામ પડતાં મૂકીને ગઢડા આવ્યા. ઓછામાં ઓછા બસોથી અઢીસો હરિભક્તો ગુજરાતમાંથી ભગતજીનાં દર્શન-સમાગમ સારું આવ્યા હતા.

વરતાલથી મહારાજશ્રી પધાર્યા પછી બ્રહ્મચારી ધ્યાનાનંદજી તથા પુરાણી કેશવપ્રસાદજી તથા શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીનાં મંડળ આવ્યાં હતાં. તે સર્વે ભગતજીનાં દર્શન કરી, આનંદના સમુદ્રમાં ગરકાવ થઈ ગયા.

તો જે એવી સ્થિતિવાળા હોય તેનું સમું રહે, પણ બીજા તો સત્સંગ મૂકીને ચાલ્યા જાય.''

આ સાંભળી ભગતજી કહે : ''એ બધું સ્વામીના પ્રતાપે છે.''

પછી કથાની સમાપ્તિ થઈ એટલે ભગતજી ઊઠ્યા અને લક્ષ્મીવાડીએ દર્શન કરવા પધાર્યા. રસ્તામાં વસોવાળાને ઉતારે પધાર્યા. ત્યાં થોડી વાર બેસીને કથા કરી, વાડીએ ગયા. ત્યાં દર્શન કરી હરિસ્વરૂપદાસજીના આસને ભગતજી પધાર્યા. ત્યાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી તથા બીજા સાધુ આવ્યા. અહીં થોડી વાર બેઠા. પછી ભગતજી ઊઠીને સંધ્યા આરતીનો વખત થયો હતો એટલે ગોપીનાથજીનાં દર્શન સારુ મંદિરે પધાર્યા.

તો તમારી પાછળ લાખો મનુષ્ય ફરશે

સંધ્યા આરતી થયા પછી બ્રહ્મચારી મુનીશ્વરાનંદજી તથા બ્રહ્મચારી હરિપ્રસાદાનંદજી એ બંને ભગતજીને પોતાને આસને તેડી ગયા અને ત્યાં બેસાડીને પૂછ્યું : ''અમે ભણેલા વિદ્વાન છીએ. વળી, બ્રહ્મચારી છીએ, સદ્‌ગુરુ પણ છીએ, તો પણ અમારી પછવાડે એકેય મનુષ્ય ફરતું નથી અને તમારી પછવાડે હજારો મનુષ્ય ફરે છે અને ખેંચાય છે તેનું શું કારણ છે ? અને તમારી પાસે શું દૈવત છે ? તે કહો.''

એટલે ભગતજી બોલ્યા : ''મારી પાસે દૈવત તો કાંઈ નથી. પણ મન, કર્મ, વચને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને મેં સેવ્યા છે અને રાજી કર્યા છે; તેથી સ્વામીની કૃપાથી શ્રીજીમહારાજ મને વળગ્યા છે. માટે આ બધા મનુષ્ય મારી પછવાડે ફરે છે અને લોકોને સુખ-શાંતિ થાય છે. બાકી મારામાં તો કંઈ નથી. તમે પણ જો એવા એકાંતિકને સેવીને મહારાજને વશ કરો તો તમારી પછવાડે લાખો મનુષ્ય ફરશે.'' એમ વાત કરી ભગતજી સભામાં પધાર્યા. પછી શયન આરતી, નિયમ-ચેષ્ટા કરી ઉતારે પધાર્યા.

ભગવાનનું ખરું સુખ અહીં આવે છે

સવારના વહેલા ઊઠી ભગતજીએ વાતો કરી અને કહ્યું કે ''ફૂલચંદ શેઠ ! તમને પણ અર્ધા બંડિયા ગણે છે.''

ત્યારે ફૂલચંદ શેઠ કહે : ''એ તો જે કહેવું હોય તે કહે, પણ ભગવાનનું

ખરું સુખ આંહીં આવે છે.''

ત્યારે ભગતજી બોલ્યા : ''ગોપીઓ હતી એ પણ એમ કહેતી કે *'કોઈ કહે મને કાનુડાવાળી રે...'* એમ મનમાં હરખાતી. પણ બીજાને એમ કહેવામાં ગોપીઓનું ખોટું દેખાડવું એવો વિચાર. મહારાજ હતા તે પણ આવા મનુષ્ય જેવા જ હતા. એ મૂર્તિના સંબંધે અખંડ રોમેરોમ મહારાજનું સુખ આવે છે અને જે આંહીં આવે છે તેને પણ મહારાજના સુખે સુખિયો કરી દઉં છું.''

પછી સર્વેને નાહવા મોકલ્યા અને પોતે ઉતારે નાહી, પૂજા કરીને શૃંગાર આરતીનાં દર્શને ગયા. શૃંગાર આરતીનાં દર્શન પછી ભગતજી માના ભગતને આસને પધાર્યા અને ત્યાંથી ઊઠીને મહારાજશ્રીના આસને પધાર્યા. ત્યાં સત્સંગિજીવનની કથા ચાલતી હતી. તે પૂરી થયા બાદ મહારાજશ્રીએ ભગતજીની સામું જોઈ તેમના મહિમાની ઘણી જ વાતો કરી.

પછી ભગતજી કહે : ''જ્યારે ભગવાનની વાતોથી આટલું સુખ આવે છે, ત્યારે સાક્ષાત્કાર થાય તો શું બાકી રહે ?''

ત્યારે મહારાજ હસતાં હસતાં કહે : ''એ વાત તો તમે જાણો.''

પછી હરિભક્તો પાસે મહારાજે કીર્તનો બોલાવ્યાં અને ઘણા જ રાજી થયા. તે વખતે ચાણસદના વૈદ્ય મનસુખરામ, કાલિદાસ, ઈટોલાના નારાયણભાઈ હરગોવિંદદાસ, પાદરાના ચોકસી માણેકલાલ તથા કારવણના કાલીદાસ, મથુરભાઈ, મણિશંકર વગેરે પાંત્રીસેક હરિભક્તો ભગતજીનાં દર્શને ત્યાં આવ્યા અને દર્શન કરી અત્યંત આનંદ પામ્યા. તે સર્વેને ભગતજીએ શુભ સમાચાર પૂછ્યા અને દૃષ્ટિ વડે મળીને આનંદ આપ્યો.

ભગવાનનું સુખ કેવું હશે ?

પછી રાજભોગ આરતી કરી સર્વે હરિભક્તો પોતાના ઉતારે ગયા. ભગતજી સારુ મહારાજશ્રીએ પોતાને હાથે દૂધપાક, રોટલી કરીને થાળ મોકલ્યો.

જમ્યા બાદ બપોરે મહારાજશ્રીના ઉતારે સભા થઈ. તેમાં કેટલાક સાધુ-બ્રહ્મચારી પણ આવ્યા હતા અને 'સુધાસિંધુ'નું[૧૨૫] પુસ્તક વંચાતું હતું. તે વખતે ભગતજીને મહારાજશ્રીએ પ્રશ્ન પૂછ્યો કે ''ભગવાનનું સુખ કેવું હશે ?''

---

૧૨૫. શતાનંદ મુનિ કૃત વચનામૃતનું સંસ્કૃતમાં ભાષાંતર.

ત્યારે ભગતજી કહે : ''ભગવાનના સુખમાં જે આસક્ત થયો હોય તેનાં નેત્રમાં સુખની શેડ્યો આવે અને દસ ઈન્દ્રિયો અને ચાર અંતઃકરણ ઠરી જાય. જેને ભગવાનના સુખનો અનુભવ થયો હોય તેનું મન ભગવાનની મૂર્તિને મૂકીને બીજે આસક્ત થાય જ નહિ.''

તે ઉપર *'અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે...'* એ ચાર પદ બોલાવીને વાત કરી કે ''જે ગુરુમુખી હોય તેને જ આ સુખનો અનુભવ થાય છે. માટે એ સુખ લેવું હોય તો બ્રહ્મસુખે જે સુખિયા હોય તેનો સમાગમ કરી લેવો. પરંતુ *'જે વડે આ જગત છે તેને કોઈ ન જાણે રે,'* એમ અજ્ઞાનમાં જ બધું વહ્યું જાય છે. મહારાજ છતાં પણ મહારાજને જેણે યથાર્થ ઓળખ્યા નહિ અને મહારાજનો સિદ્ધાંત, અભિપ્રાય ન જાણ્યો, તેને દુઃખ રહી ગયું. માટે એવા મોટા જ્યારે મળે ત્યારે અંતરની આપદા ટાળી નાખે અને અંતર્યામીને ઓળખાવી દે.'' એમ વાત કરીને પછી વિહારીલાલજી મહારાજની સામે સ્નિગ્ધ દૃષ્ટિ કરી જોઈ રહ્યા.

ત્યારે આચાર્ય મહારાજ પણ સમજી ગયા અને કહ્યું : ''મારે પણ એ સુખ લેવા વિચાર છે.''

પછી ભગતજી કહે : ''ક્યાં વાર છે ? હું તૈયાર છું.'' એમ કહી હસ્યા અને ઊઠીને લક્ષ્મીવાડીએ જવા નીકળ્યા.

પછી વાડીએ આવી સાધુ ધર્મસ્વરૂપદાસજીના આસને જઈને બેઠા. ત્યાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી આવ્યા એટલે ધર્મસ્વરૂપદાસજી કહે : ''ભગતજી ! વાતો કરો.''

ત્યારે ભગતજી કહે : ''મને કોઠારી ભીમજીભાઈએ વાતો કરવાની ના કહી છે.'' એટલું કહીને ઊઠ્યા અને મંદિરે દર્શન કરવા ગયા. ત્યાં વસોના મોતીભાઈ, ઉમેદભાઈ તથા છોટાલાલ પાસે *'ઊભો ગંગાજીને તીર રે, મારો કોડીલો વર કાન,'* એ કીર્તન બોલાવ્યું.

પછી શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીને કહે : ''તમે આગળ જાઓ, અમે આવીએ છીએ.'' ત્યારે યજ્ઞપુરુષદાસજી આગળ ગયા. પરંતુ વાડીને દરવાજે એક હરિભક્તને પાણી પાવા ઊભા રહ્યા. એટલામાં ભગતજી પધાર્યા. પછી યજ્ઞપુરુષદાસજીને ત્યાં ઊભેલા જોઈને બોલ્યા : ''આ સાધુને કેવી કળા આવડે છે ? પાણી પાવાને મિષે દર્શન માટે ઊભા રહ્યા.'' એમ કહી બહુ જ

રાજી થયા.

આ પ્રમાણે રોજ સવારે ઘેલે ના'વા જાય. નાહીને પૂજા કરી, મંદિરે દર્શન કરવા આવે અને પછી સભામંડપમાં અથવા મહારાજશ્રીને ઉતારે જ્યાં કથા ચાલતી હોય ત્યાં પધારે. ભગતજીની પાછળ પાછળ સાધુ તથા હરિભક્તો ફરે અને જ્યાં જાય ત્યાં સભા ભરાઈ જાય. મહારાજશ્રી પણ સભા વિખરાયા પછી ગણેશ ભક્તને પૂછતા કે ''વાદળાં છે ?'' પછી તે જોઈને કહે : ''નથી.'' એટલે ભગતજીને બોલાવવા તેને મોકલે અને એકાંતમાં બેસીને તેમની વાતો સાંભળે.

એક વખત મહારાજશ્રીને ઉતારે સાંજની સભા થઈ હતી. તે વખતે ભગતજી ત્યાં પધાર્યા. પછી ગુરુમંત્ર સંબંધી પોતે વાત કાઢીને કહ્યું : ''જેણે જેણે મહારાજ પાસેથી ગુરુમંત્ર ન લીધો હોય તેણે લઈ લેવો. આઠ આનાની શું વિસાત છે ?'' એમ કહી પ્રથમ પોતે ગુરુમંત્ર લીધો અને કહ્યું કે ''રઘુવીરજી મહારાજ પાસે ગુરુમંત્ર લીધો, ભગવત્પ્રસાદજી મહારાજ પાસે ગુરુમંત્ર લીધો અને આજે આ ત્રીજા આચાર્ય પાસે પણ ગુરુમંત્ર લેવો જોઈએ તે લીધો.'' એમ કહી પોતે મહારાજને પગે લાગ્યા અને આઠ આના ભેટ ધર્યા. પછી પોતાના તમામ શિષ્યોને ગુરુમંત્ર લેવરાવ્યો એટલે ત્યાં બેઠેલા તમામે ગુરુમંત્ર મહારાજ પાસેથી લીધો.

મહારાજ પણ, ભગતજીની આચાર્યોનો મહિમા પ્રવર્તાવવાની આ રીતથી બહુ જ રાજી થયા અને ભગતજીને કહ્યું કે ''મારે માગશર માસે છપૈયા જવા વિચાર છે તો આપને સાથે તેડી જવા છે.''

ત્યારે ભગતજી બોલ્યા : ''બહુ સારું. આપની આજ્ઞા થશે ત્યારે આવીશ.''

પછી મહારાજે ભગતજીને પૂછ્યું : ''તમારા આ બંને ભત્રીજામાં કોણ વધારે સેવા કરે છે ?''

ત્યારે ભગતજી કહે : ''બંને કરે છે.'' એટલે મહારાજે બંનેને હાર આપ્યા.

દિશ ઉપર વાત

પછી એક સાધુ સભામાં બેઠા હતા તેમના સામું ભગતજીએ દૃષ્ટિ માંડીને જોયું. એટલે તે સાધુ ગ.પ્ર. ૫૪, ગ.મ. ૫૪ અને ગ.અં. ૨૧ એટલાં વચનામૃત મોઢે બોલ્યા. તે સાંભળી ભગતજી વસોવાળા પુરુષોત્તમદાસને

કહે : ''આ તો દિશ ઉપર વાત થઈ.''

એમ કહીને પોતે વાત કરી કે ''ભગવાનના એકાંતિક સંતને વિષે આત્મબુદ્ધિ એ જ કલ્યાણનું અસાધારણ સાધન છે અને શ્રીજીમહારાજે મોક્ષની ચાવી એવા સંતને આપી છે. માટે એ સંતને મોક્ષનું દ્વાર કહ્યા છે. એવા સંતને મન, કર્મ, વચને સેવીને એકાંતિક ધર્મ સિદ્ધ કરવો, પરંતુ દ્રોહ કરવાનો સ્વભાવ તો રાખવો જ નહિ. જેને જેને ભગવાનના ભક્તનો અભાવ આવ્યો છે, તે અતિશય મોટી પદવી થકી પડી ગયા છે.

''વળી, મહારાજે કહ્યું છે કે 'હું તો દત્તાત્રેય, જડભરત, નારદ અને શુકજી તે સરખો દયાવાળો છું અને એક સમે અમે નાગડા વેરાગીની જમાત ભેળા હતા. ત્યારે નાગડા બાવાએ તલવાર ઉગામી ડારો દઈને કહ્યું કે 'તાંદળજાની લીલી ભાજી તોડો,' પણ અમે તે ન તોડી. કારણ કે, તેમાં જીવ છે. એવો અમારો દયાવાળો સ્વભાવ છે. પરંતુ જો કોઈ ભગવાનના ભક્તને ક્રૂર દૃષ્ટિએ જુએ અને તે જો પોતાનો સગોવહાલો હોય તો પણ જાણીએ જે તેની આંખ્ય ફોડી નાખીએ અને હાથે કરીને ભગવાનના ભક્તને દુખવે તો હાથ કાપી નાખીએ, એવો તેનો અભાવ આવે છે.'[૧૨૬] વળી, જે કંઈ રૂડું થાય છે, તે પણ ભગવાન કે ભગવાનના સંતને રાજી કરવાથી જ થાય છે. જો નરકમાં જવાનું પ્રારબ્ધ હોય તો પણ તે ભૂંડાં કર્મનો નાશ થઈ જાય છે અને પરમપદને પામે છે. માટે જે સમજુ હોય તેને ભગવાન ને ભગવાનના ભક્ત રાજી થાય તેમજ વર્તવું.''[૧૨૭]

પછી પુરુષોત્તમદાસ, ચતુરભાઈ તથા વેણીભાઈ પાસે

નારદ મેરે સંતસે અધિક ન કોઈ,
મમ ઉર સંત અરુ મૈં સંતન ઉર, વાસ કરું સ્થિર હોઈ.

એ ચાર પદ બોલાવ્યાં. પછી વાત કરી : ''આવા એકાંતિક સંતનાં લક્ષણ વચનામૃતમાંથી તથા મુક્તાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામીનાં પદો વાંચી-સમજીને વિચારવાં અને એવા સંતને શોધીને તેમને સેવી લેવા, તો મહારાજ રાજી થઈ જશે અને એકાંતિક ધર્મને પમાશે. પણ દ્રોહ કરવાનો સ્વભાવ હશે તો ખાવાની વિષ્ટા મળશે અને પીવામાં લઘુશંકા મળશે, પણ

---

૧૨૬. ગ.મ. ૬૦.

૧૨૭. ગ.મ. ૪૫.

સુખ તો કોઈ દિવસ થશે જ નહિ અને રઝળીને હેરાન થઈને મરવું પડશે. આ સિદ્ધાંત જીવમાં ઉતારવો.'' એમ સંતના મહિમાની ઘણી જ વાતો કરી.

આચાર્ય મહારાજ આ વાતો સાંભળી બહુ રાજી થયા અને સભા ઊઠ્યા પછી બહુ પ્રકારે ભગતજીની સ્તુતિ કરી કે ''મહારાજ ! અપરાધ થયો હોય તો ક્ષમા કરશો અને જેમ શ્રીજીમહારાજ રાજી થાય એવી દૃષ્ટિ રાખશો.''

ભગતજીએ હસતાં હસતાં કહ્યું : ''તમો ધર્મધુરંધર કહેવાઓ છો. માટે એકાંતિક ધર્મ તમારે પ્રવર્તાવવો અને તેમાં વિક્ષેપ થાય તો શૂરવીર થઈને કોઈથી ન દબાતાં શિર સાટે એકાંતિકનો પક્ષ રાખવો. તેમાં આબરૂ વધશે અને ધામમાં જશો ત્યારે મહારાજ ઊભા થઈને સામા તેડવા આવશે અને ભેટશે.'' એમ બહુ પ્રકારે તેમને બળ આવે એવી વાતો કરી.

રાત્રે નિયમ-ચેષ્ટા થઈ રહ્યા પછી રામચરણદાસે સર્વેને નિયમ-ચેષ્ટા બોલવાના નિયમ લેવરાવ્યા. ત્યાં માના ભગતે ભગતજીને પૂછ્યું : ''તમો ધ્યાન શી રીતે કરો છો ?''

ત્યારે ભગતજીએ કહ્યું : ''મને ધ્યાન કંઈ આવડતું નથી. હું સ્વામીની કૃપાથી આ દેહ ભૂલી જાઉં છું અને તમે બેઠા છો એમ મહારાજની મૂર્તિ દેખું છું. વળી, શબ્દ આવે તો કાનની વૃત્તિ ખેંચી લઉં છું, રૂપ આવે તો નેત્રની વૃત્તિ ખેંચી લઉં છું, એટલું આવડે છે; બીજું કંઈ આવડતું નથી !'' એમ કહીને કહ્યું : ''હું જ્યારે નાનો હતો ત્યારે ગોપાળાનંદ સ્વામીએ પણ કહ્યું હતું કે આ પ્રાગજીને તો મહારાજ વરશે અને હજારોને એકાંતિક ધર્મ પમાડશે. તેથી મારો જે સંગ કરે એને હું મહારાજને સુખે સુખિયો કરી દઉં છું.'' એટલું કહીને ઊઠ્યા અને શયન કરવા પધાર્યા.

બીજે દિવસે સવારે વહેલા ઊઠ્યા અને ઘેલે નાહવા પધાર્યા. કોઠારી પ્રભુદાસ તથા શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી પણ ભેળા હતા. સાધુને આરે વાતો કરતાં કરતાં ચાલ્યા અને કોઠારીને તથા યજ્ઞપુરુષદાસજીને મળ્યા અને કહ્યું : ''હરિભક્તોને વાતો કરી અને રાજી રાખજો અને હું તો રાજી જ છું.'' એમ કહી બીજી વાર મળ્યા. પછી સ્નાન કર્યું અને ધોતિયું પહેરીને બેઠા. અને યજ્ઞપુરુષદાસજીને કહ્યું : ''તમને એ જ આજ્ઞા છે કે સર્વે હરિભક્તોને રાજી રાખશો તો જાણે મને સોને મઢ્યો અને તેથી હું લાખગણો રાજી છું.'' એમ કહીને ઉતારે પધાર્યા અને પૂજા કરી મંદિરમાં દર્શને પધાર્યા.

શૃંગાર આરતી પછી મહારાજશ્રીના ઉતારે ગયા અને ત્યાં ગવૈયા સાધુ કૃષ્ણસેવાદાસજી પાસે રામાયણમાંથી સાધુનાં લક્ષણ[૧૨૮] બોલાવ્યાં. પછી ભગતજી બહુ જ વખાણ કરતાં બોલ્યા : ''અહો ! આજ તો પેટ ઠરી ગયું.''

---

૧૨૮. **અરણ્યકાંડમાં નારદજી ભગવાન રામચંદ્રને સંતનાં લક્ષણ પૂછે છે :**

ચોપાઈ : *પુની સાદર બોલે મુનિ નારદ, સુનહુ રામ વિજ્ઞાન વિશારદ.*
સંતન કે લક્ષણ રઘુવીરા, કહહુ રામ ભજન ભવભીરા.

ભગવાન રામચંદ્રજી ઉત્તર આપતાં કહે છે :

ચોપાઈ : *સુન મુનિ સંતનકે ગુણ કહઊં, જેહિ તે મૈં ઉનકે વશ રહઊં.*
ષટ વિકાર તજી અનઘ અકામા, અચલ અકિંચન શુચિ સુખધામા.
અમિત બોધ પરમારથ ભોગી, સત્ય સાર કવિ કોવિદ યોગી.
સાવધાન મમતા મદહીના, ધીર ભક્તિ પથ પરમ પ્રવીના.

દોહા : *ગુણાગાર સંસાર દુઃખ, રહિત બિગત સંદેહ.*
તજિ મમ ચરણ સરોજ પ્રિય, તિનકર દેહ ન ગેહ.

અર્થ : હે નારદજી ! સાંભળો. હું સંતજનોનાં લક્ષણ કહું છું. જે ગુણોથી હું સદાય તેમને વશ રહું છું. જેઓ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ તથા મત્સર એ છ વિકારોથી રહિત, નિર્દોષ હોય, નિષ્કામ હોય, ધનની આસક્તિએ રહિત હોય, દેહાભિમાન વગરના હોય, પવિત્ર હોય, આનંદના સ્થાનકરૂપ હોય, અપાર બોધવાળા હોય, તૃષ્ણાથી રહિત હોય, જેટલાથી દેહ ટકે તેટલા જ ભોગ ભોગવતા હોય, સત્યની દૃઢતાવાળા હોય, વિચારમાં વિચક્ષણ હોય, જગતને સ્વપ્ન સમાન સમજતા હોય, જિતેન્દ્રિય હોય, સ્વસ્વરૂપના અનુસંધાનમાં સાવધાન રહેતા હોય, મમતાથી તથા યૌવન આદિના મદથી રહિત હોય, ધીર હોય, ભક્તિમાર્ગમાં અત્યંત પ્રવીણ હોય, સદ્ગુણોના ઘરરૂપ હોય, સંસારનાં દુઃખોથી રહિત હોય, જીવને બ્રહ્મ સાથે એકતા કરવા-કરાવવામાં પ્રવીણ હોય અને મારાં ચરણકમળો ઉપરની પ્રીતિને છોડી દઈને દેહની ઉપર કે ઘરની પ્રીતિ ન રાખતા હોય.

ચોપાઈ : *નિજ ગુણ શ્રવણ સુનત સકુંચાહી, પર ગુણ સુનત અધિક હર્ષાહીં.*
સમ શીતલ નહિ ત્યાગ હિ નીતિ, સરલ સુભાવ સબહિ સન પ્રીતિ.
જપ, તપ, વ્રત અરૂ સંયમ નેમા, ગુરુ ગોવિંદ વિપ્રપદ પ્રેમા.
શ્રદ્ધા ક્ષમા, મયત્રી, દાયા, મુદિતા મમ પદ પ્રીતિ અમાયા.
વિરતિ, વિવેક, વિનય, વિજ્ઞાના, બોધ યથાર્થ વેદ પુરાના.
દંભ, માન, મદ કરહિન કાઊ, ભૂલિ ન દેહિ કુમારક પાઊ.
ગાવહિં સુનહિં સદા મમ લીલા, હેતુ રહિત પરહિત રત શીલા.
સુન મુનિ સાધુન કે ગુણ જે તે, કહિં ન શકહિ શારદ શ્રુતિ તે તે.

ભગવાનના ભક્તને શૂરવીર થાવું

પછી બાવાખાચરના દીકરા રાવતખાચર તથા અમરાખાચર અને વાંકિયાના એભલખાચર, સૂર્યખાચર વગેરે કાઠી આવ્યા અને મહારાજ તથા ભગતજીનાં દર્શન કરી ભગતજીની વાતો સાંભળવા બેઠા. ભગતજીએ તેમને વાત કરી : ‘‘જેને ભગવાનને પામવા હોય તેને ઇન્દ્રિયો, અંતઃકરણ જીતવાં અને શૂરવીર થાવું, પણ બકાલીથી ઇન્દ્રિયો જિતાય નહિ. માટે રાજ્યનીતિ શીખવી જે, ઇન્દ્રિયો, અંતઃકરણરૂપી પ્રજાને સાંઢ થવા દેવી નહિ અને એમ

અર્થ : પોતાના ગુણોનું શ્રવણ કરવામાં લજાતા હોય, પરાયા ગુણોનું શ્રવણ કરીને અત્યંત રાજી થતા હોય, સમતાવાળા હોય, શીતલ સ્વભાવવાળા હોય, સર્વની સાથે પ્રીતિ રાખતા હોય, જપ, તપ, સંયમ, નિયમ, ગુરુનાં ચરણ, ગોવિંદનાં ચરણ તથા બ્રાહ્મણોનાં ચરણ વગેરેમાં પ્રેમ રાખતા હોય, શ્રદ્ધાવાળા, ક્ષમાવાળા, સમાન જનોની સાથે મૈત્રી રાખનારા, નિકૃષ્ટ જનો ઉપર દયાવાળા, ઉત્કૃષ્ટ જનો ઉપર ગુરુભાવ રાખનારા, મારાં ચરણોમાં છળ રહિત પ્રીતિવાળા, વૈરાગ્ય, વિવેક, વિનય તથા વિજ્ઞાન એ સર્વે ગુણોથી યુક્ત, વેદ તથા પુરાણના યથાર્થ જ્ઞાનવાળા હોય, દંભ માન ને મદ રહિત હોય, ભૂલથી પણ કુમાર્ગે પગ ન મૂકતા હોય, સર્વદા મારી લીલાનું ગાન તથા શ્રવણ કરતા હોય અને પારકાનું હિત કરવાવાળા હોય - આ લક્ષણોએ યુક્ત તે સંત કહેવાય છે. સંતનાં સઘળાં લક્ષણોનું તો સરસ્વતી તથા શ્રુતિઓ પણ યથાર્થ ગાન કરી શકતી નથી.

વળી, ઉત્તરકાંડમાં ભરતજી ભગવાન રામચંદ્રને સંત-અસંતનાં લક્ષણ પૂછે છે :

ચોપાઈ : *સંત અસંત ભેદ વિગલાઈ, પ્રણતપાલ મોહિં કહિય બુઝાઈ.*
સંતનકે લક્ષણ સુન ભ્રાતા, અગણિત શ્રુતિ પુરાણ વિખ્યાતા,
સંત અસંતનકી અસ કરણી, જીમિ કુઠાર ચંદન આચરણી.
કાટે પરશુ મલય સુન ભાઈ, નિજ ગુણ દેહ સુગંધ બસાઈ.

અર્થ : હે ભાઈ ! સંતજનોનાં લક્ષણ સાંભળો; કે જે લક્ષણો પુરાણો તથા શ્રુતિમાં વિખ્યાત છે. સંતજનોની કરણી ચંદનના જેવી હોય છે અને અસંત જનોની કરણી કુહાડાની કરણી જેવી હોય છે. કુહાડો ચંદનને કાપી નાખે છે, તો પણ ચંદન પોતાના શરીરના સુગંધરૂપી ગુણથી કુહાડાને સુગંધિત કરી મેલે છે. અર્થાત્ કુહાડાનું કશું ભૂંડું નહીં કરતાં ઊલટો કુહાડા ઉપર ઉપકાર કરે છે. તેમ સંતનું અસંત જન ભૂંડું કરે, છતાં સંત તો તેનું હિત કરવારૂપ રૂડું જ ઇચ્છે છે.

દોહા : *તાતે સુર શીશન ચઢત જગવલ્લભ શ્રીખંડ.*
અનલ દાહિ પીટત ઘનહીં, પરશુ વદન યહ દંડ.

રહેવાશે તો જ જીવ બળિયો થશે અને ઇન્દ્રિયો, અંતઃકરણની વૃત્તિને જ્યાં દોરવી ઘટશે ત્યાં દોરી શકાશે. પણ અંતઃકરણ જો સાંઢ થઈ ગયાં તો જીવ હાર પામી જશે.''

તે ઉપર નિષ્કુળાનંદ સ્વામીનું પદ બોલાવ્યું કે –

શીદને રહીએ રે કંગાલ રે સંતો, શીદને રહીએ રે કંગાલ.
જ્યારે મળ્યો મહા મોટો માલ રે સંતો ...શીદને
પૂરણ બ્રહ્મ પુરુષોત્તમ પામી, ખામી ન રહી એક વાલ,
અમલ સહિત વાત ઉચ્ચરવી, માની મનમાં નિહાલ રે સંતો... ૧

અર્થ : આમ, ચંદન ભૂંડું કરનારનું ભલું કરે છે, એટલે ભગવાન તેને પોતાના મસ્તક ઉપર ચડાવે છે અને દેવતાઓ પણ તેને મસ્તક ઉપર ચડાવે છે. જ્યારે કુહાડાને તો અગ્નિમાં ખૂબ તપાવીને ઘણથી તેના મોંઢા ઉપર માર પડવારૂપ, સંતનું ભૂંડું કરવા માટે દંડ મળે છે.

ચોપાઈ : *વિષય અલંપટ શીલ ગુણાકાર, પરદુઃખ દુઃખ સુખ સુખ દેખે પર.*
સમ અભૂત રિપુ વિપદ વિરાગી, લોભામર્ષ ભય ત્યાગી.
કોમલ ચિત્ત દિન પર દાયા, મન, વચન, કર્મ, મમ ભક્ત અમાયા.
સબ હિ માનપ્રદ આપુ અમાની, ભરત પ્રાણ સમ સમ તે પ્રાની.
વિગત કામ મમ નામ પરાયન, શાંતિ વિરતિ વિનીત મુદિતાયન.
શીતલતા, સરલતા, મયત્રી, દ્વિજ પર પ્રેમ ધર્મ જનયિત્રી.
યહ સબ લક્ષણ બસહિં જાસુ ઉર જાનેઉ તાત સન્ત સન્નત ફૂર
શમ, દમ, નેમ, નીતિ નહિં ડોલહિં, પુરુષ વચન કબહું નહિ બોલહિં.

અર્થ : વિષયમાં અલંપટ, શીલ તથા સદ્‌ગુણોની ખાણરૂપ, પારકાના દુઃખે દુઃખી અને સુખે સુખી, સમદૃષ્ટિવાળા, અજાતશત્રુ, ધન તથા મદની આસક્તિથી રહિત અને લોભ, ક્રોધ તથા ભયનો સદા ત્યાગ કરવાવાળા, આ સંતનાં લક્ષણો છે. વળી, કોમળ ચિત્તવાળા, દયાવાળા અને મન, વચન અને કર્મે નિષ્કામ રીતે મારું ભજન કરવાવાળા હોય છે. સર્વેને માન આપે છે અને પોતે કોઈ તરફથી માન ઇચ્છતા નથી. હે ભરત ! એવા સંતજનો મને પ્રાણથી પણ વિશેષ પ્યારા છે. આવા કામનાથી રહિત, મારા નામનો જાપ કરવામાં તત્પર, શાંતિ, વૈરાગ્ય અને વિનયથી સંપન્ન હોય છે. હે ભરતજી ! આવી રીતે શીતલતા, સરળતા, બ્રાહ્મણોનાં ચરણોમાં પ્રીતિ અને ધર્મ પ્રવર્તનપણું એવાં સઘળાં લક્ષણો જેનાં હૃદયમાં વસતાં હોય અને ઉપશમમાંથી તથા જિતેન્દ્રિયપણામાંથી કદાપિ જે ચલાયમાન ન થતા હોય તેમજ કઠોર વચન કદી ન બોલતા હોય તે જ સાચા સંત જાણો.

રાજાની રાણી ભમી ભીખ માગે, હાલે કંગાલને હાલ,
ઘર લજામણી રાણી જાણી રાજા, ખીજી પાડે વળી ખાલ રે સંતો... ૨
તેમ ભક્ત ભગવાનના થઈને, રહે વિષયમાં બેહાલ,
તે તો પામર નર જાણો પૂરા, હરિભક્તની ધરી છે ઢાલ રે સંતો... ૩
તન મન આશ તજી તુચ્છ જાણી, કાઢું સમજી એ સાલ,
નિષ્કુળાનંદ એ ભક્ત હરિના, બીજાં બજારી બકાલ રે સંતો... ૪
– ધીરજાખ્યાન

"માટે જે અતિશય શૂરવીર થઈને ભગવાનને ભજે છે તેને ભગવાનનું સુખ આવે છે. તે ભગવાનનું સુખ એટલે નિર્ગુણ સુખ. અંતઃકરણમાં અખંડ શાંતિ અને આનંદ વર્તે. અને જેમ ધનના, દીકરાના, સ્ત્રીના અને ખાવાના સુખના હિસોરા જગતના મનુષ્ય રાત-દિવસ લે છે, તેમ ભગવાનનો ભક્ત ભગવાનના સુખના હિસોરા લે. એવા ભગવાનના ભક્તને જગતનું સુખ હોય જ નહિ. જુઓ, વિદુરજી ભગવાનના ભક્ત હતા, તેણે ભાજી ખાઈને ભગવાનનું ભજન કર્યું. દુર્યોધન જેવો ચક્રવર્તી રાજા તેનો ભત્રીજો હતો, પણ કોઈ દિવસ તેની પાસે કંઈ માગ્યું નહિ અને ઓલ્યાએ આપ્યું પણ નહિ. વળી, સુદામાએ તાંદુલ ખાઈને પ્રભુ ભજ્યા અને ભગવાન પાસે માગવા ગયા પણ મગાયું નહિ અને ભગવાને તો અંતરિક્ષમાં સોનાના મહેલ ગોલોકમાં હતા તે બતાવ્યા અને તે સુખે સુખિયા કરી દીધા કે દેહ મૂકીને આ ધામમાં બેસવાનું છે. પણ આ લોકમાં સોનાના મહેલ કંઈ થયા નહિ. એવું જો થાય તો રાજા લૂંટી જાય. માટે ભગવાનના ભક્તને આ લોકમાં તો દુઃખ જ હોય."

તે ઉપર મુક્તાનંદ સ્વામીનું પદ બોલાવ્યું કે –

હરિજન થઈને, હાણ વરધ સુખ-દુઃખ મનમાં નવ ધારીએ,
ટાળ્યા ન ટળે, ઘટ સાથે ઘડિયા હિંમત નવ હારીએ... હરિજન.
જુઓ કદરજ મહાદુખિયા કા'વ્યા, તે સુખ દુઃખ મનમાં નવ લાવ્યા,
ત્યારે મોહનના મનમાં ભાવ્યા... હરિજન.
જુઓ વસુદેવ દેવકી બંધ રહ્યાં, બહુ કાળે બંધન દૂર થયાં,
હરિપુત્ર તોય મહા દુઃખ સહ્યાં... હરિજન.
જુઓ પાંડવ પ્રભુને અતિ પ્યારા, જેથી નાથ ન રહે એક પળ ન્યારા,
તે વન ભટક્યા લઈ સંગ દારા... હરિજન.

એમ સમજી હરખ શોક તજીએ, થઈ એક મના પ્રભુને ભજીએ,
કહે મુક્તાનંદ હરિને રજીએ... હરિજન.

પછી પોતે બોલ્યા :

‘‘એ આદિક ઘણા પૂર્વના ભક્તોનાં આખ્યાન વિચારવાં, તે બધાએ પ્રભુના સુખમાં માલ માન્યો હતો અને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન પામ્યા હતા. માટે જ્ઞાન શીખવું એ જ શ્રેષ્ઠ છે. જેને ખરું જ્ઞાન પામવું હોય તેનાથી બેસી કેમ રહેવાય ? એને તો અર્ધી રાત આગલી અને અર્ધી રાત પાછલી ઓલ્યા ભણનારાની પેઠે મંડવું જોઈએ અને દેહથી આત્માને નોખો પાડી દેવો જોઈએ.

‘‘ખરું જ્ઞાન થયું ક્યારે કહેવાય ? તો જેમ તલવાર અને મ્યાન નોખાં ખખડે, તેમ દેહ ને આત્મા નોખાં જણાય ત્યારે જ્ઞાન થયું કહેવાય. એવો જે બળિયો હોય તે તો અંતઃકરણમાં ભગવાન સિવાય બીજો સંકલ્પ ઊઠવા દે જ નહિ અને ઊઠે તો કાપી નાખે. આવું અખંડ રહેવાય ત્યારે દેહ અને આત્મા નોખો થયો કહેવાય. દેહ, ઈન્દ્રિયો અંતઃકરણરૂપી બહારવટિયા કેડે પડ્યા હોય તેને સુખે ઊંઘ કેમ આવે ? માટે આ જીવ જો બળિયો ન હોય તો ઈન્દ્રિયો-અંતઃકરણ તેને ઠગી જાય છે. તેથી કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર, આશા ને તૃષ્ણા આગળ ગરીબ થાવું નહિ. એ તો ‘शठं प्रति शाठ्यं कुर्यात् ।’ એની આગળ તો વાઘ થાવું અને મહારાજને કહેવું : ‘હે મહારાજ ! મારા અંતરમાં આવી બિરાજો.’ અને ઓલ્યા આગળ તો શૂરવીર થઈને સામા થવું અને અંતરમાં પેસવા દેવા નહિ. જો સંકલ્પ થાવા દઈએ અને તેનું સાંભળીએ, તો આપણને ભોળવે ને ! કારણ કે જો જરાક જીવે દયા ખાધી અને મનનું કર્યું, તો મનને અને જીવને અનાદિની મિત્રતા છે. જેમ પાણી અને દૂધને મિત્રતા છે, તે દૂધ ઊભરાઈને દેવતા ઓલવે છે જેથી પાણી બળતું બંધ થાય. પાણી પણ તળિયે બેસીને પોતે બળે, પણ દૂધને બળવા ન દ્યે. તેમ આ બંને પરસ્પર એકબીજાને એવા જાળવે છે કે એકબીજાનું ગમતું જ યેનકેન પ્રકારેણ કરે છે. માટે જીવે તો શૂરવીર થઈ મન થકી નોખા પડ્યે જ છૂટકો. આવું જે જ્ઞાન તે ડૂંડાને ઠેકાણે છે.

‘‘વળી, વૈરાગ્યરૂપી વાયુથી એ ડૂંડાંમાંથી દાણા જુદા કાઢવા. ધર્મ એ દાણાને ઠેકાણે છે અને ભક્તિ એ ખાવાને ઠેકાણે છે. એમ કરીશું ત્યારે જ

ભગવાન રાજી થશે.'' એમ ઘણી વાતો કરી અંતર ઠારી દીધું.

પછી પોતે બોલ્યા : ''હું તો પ્રાગો બંડિયો છું.''

ત્યારે સર્વે કાઠીઓ બોલ્યા : ''અજ્ઞાની હોય તે એમ કહે. તમે તો ખરેખરા ભગવાનના એકાંતિક ભક્ત છો.''

પછી મહારાજશ્રીએ ભગતજીને પોતાના ઓરડામાં બોલાવ્યા અને હરિભક્તોને બહાર કીર્તન ગાવા આજ્ઞા કરી. રાજભોગ આરતી સુધી મહારાજ સાથે એકાંત કરી, ઠાકોરજીનાં દર્શન કરી, ઉતારે જમવા પધાર્યા.

આ તો તમારાં અંતર ચોખ્ખાં કરવાની સાવરણી છે

બપોરે ભગતજી ઝવેરીલાલભાઈના ઉતારે પધાર્યા અને ત્યાં વાત કરી : ''આપણે રસોઈ દેવી છે.''

એટલે ઝવેરીલાલભાઈ કહે : ''આપ આજ્ઞા કરો તે પ્રમાણે કરીએ.''

ત્યારે ભગતજી કહે : ''અર્ધું ખર્ચ તમો આપો અને અડધામાં બીજા આપણા મંડળના.'' એમ કહ્યું. તે સર્વેએ કબૂલ રાખ્યું અને રૂા. ૨૦૦/- ભેગા કર્યા અને રસોઈનું નક્કી કર્યું. પછી શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી તથા પુરાણી કેશવપ્રસાદજી ત્યાં આવ્યા. તેમને જોઈ ભગતજી કહે : ''આવો સાધુરામ ! બેસો.'' એમ કહી પાસે બેસાડ્યા.

પુરુષોત્તમદાસે પૂછ્યું : ''ભણવાની શી આજ્ઞા છે ?''

ત્યારે ભગતજી બોલ્યા : ''ભણવા કંઈ પરદેશ જવાની જરૂર નથી. હમણાં તો ભજન કરો. ઘણું ભણ્યા. વળી, મહારાજશ્રીનો આગ્રહ હોય અને કહે તો રાજકોટ જાવું, પણ હિંદુસ્થાન (કાશી) જાવું નહિ.'' એમ આજ્ઞા કરી.

સૌ હરિભક્તો પાસે બેઠા હતા તેમને કહ્યું : ''આટલી અહીં તમારાં અંતર ચોખ્ખાં કરવાની સાવરણી છે તે પણ ટાળવી છે ? પરદેશ ભણવા જાશે તો તમે શું કરશો ? જુઓ, નડિયાદમાં રહ્યા ત્યાં ઝવેરીલાલને કેટલો આનંદ કરાવ્યો ?'' એમ શાસ્ત્રીજી મહારાજના મહિમાની ઘણી વાતો કરી.

પછી પુરાણી કેશવપ્રસાદજી ત્યાં ઊભા હતા તેમને જોઈને કહે કે ''અઢાર હજાર માળા ફેરવજો, તો સંકલ્પ બંધ થઈ જશે. અમે તો વિચારીને જોયું છે ત્યારે જણાયું કે ભજન કર્યા સિવાય વિષયો ઓછા થાય નહિ. માટે ભજનનો આગ્રહ રાખજો.'' એમ કહી મહારાજશ્રીને ઉતારે પધાર્યા અને ત્યાં

રસોઈની વાત કરી એટલે ચૌદશની રસોઈ કરાવી.

ચૌદશની સવારે વહેલા ભગતજી ઘેલે નાહવા પધાર્યા. તેમની સાથે પીજના મોતીભાઈ, કારવણના કાલિદાસ, કોઠારી પ્રભુદાસ, શાસ્ત્રી યજ્ઞપુરુષ-દાસજી, હરિપ્રિયદાસજી, મોતી ભગત, દેસાઈ વગેરે નાહવા ઘેલે ગયા. ભગતજી બહિર્ભૂમિ જઈ આવ્યા અને સાધુને આરે નાહ્યા પછી ધોતિયું પહેરતા હતા, ત્યારે પોતાના ભત્રીજા નારણભાઈને કહ્યું : ''તારે ભગવદી થાવું છે કે નહીં ?''

ત્યારે બે હાથ જોડીને બોલ્યા : ''મહારાજ ! ભગવદી તો થાવું છે. પણ જીવની અવળાઈ બહુ છે, તે આપ દોષ ટાળી નાખો.''

પછી ભગતજી કહે : ''અક્ષરધામમાં જવું હોય તો વિષય-વાસના ટાળી નાંખ્ય. તારે તો ભગવાને ઢૂંકડું કર્યું છે.'' એમ મર્મમાં વાત કરી.

પછી યજ્ઞપુરુષદાસજીને કહે : ''અઢાર હજાર માળાનો જપ કરવો અને દિવસે સૂવું નહિ. કથાવાર્તા કરશો તો ભગવાન આવીને બેસશે, માટે કથાવાર્તાનો આગ્રહ રાખવો.''

પછી ઉતારે આવી પૂજા કરી, મંદિરે દર્શને પધાર્યા. ત્યાંથી ઝવેરીલાલને ઉતારે ગયા. ઝવેરીલાલે ભગતજીની પૂજા કરી વસ્ત્ર ઓઢાડ્યાં અને તમામ જગન્નાથીનાં નવાં વસ્ત્ર પહેરાવી, જૂનાં પ્રસાદીનાં લઈ લીધાં.

પછી રાજભોગ થયા એટલે ભગતજી દર્શને પધાર્યા. દર્શન કરી સર્વે સાધુ, બ્રહ્મચારી હરિભક્તોની પંક્તિ થઈ હતી ત્યાં ભગતજી પધાર્યા અને સર્વે સામી અમીદૃષ્ટિ કરી આનંદ આપ્યો.

પછી મંદિરની ઉગમણી રૂપચોકી ઉપર સૌને દર્શન થાય એમ વિરાજમાન થયા. મહારાજશ્રી પણ ત્યાં વિરાજમાન થયા હતા. ભગતજીને જોઈને બોલ્યા : ''આજ તો નવો પોષાક પહેરાવીને કોણે પૂજન કર્યું ?''

ત્યારે ભગતજીએ કહ્યું : ''ઝવેરીલાલભાઈએ !''

એથી મહારાજ ઘણા જ રાજી થયા અને કહ્યું : ''ઠીક શોભે છે. ઝવેરીલાલ બહુ જ નિષ્ઠાવાળા પવિત્ર ભક્તરાજ છે.'' ઝવેરીલાલભાઈનાં બહુ જ વખાણ કર્યાં.

પછી મહારાજશ્રીએ સર્વે સાધુ તથા હરિભક્તોને મોતિયા લાડુ તથા પૂરી પીરસ્યાં. બત્રીસ મણનો લાડુ કરાવ્યો હતો અને સેવો પણ તળાવી

હતી. ભગતજીને હરિભક્તોનો ખૂબ જ મહિમા. તેથી આવા મહારાજના સંબંધવાળા અને ભજન કરતા હરિભક્તો જમે અને તેને અર્થે જે કંઈ ખર્ચ થાય તે જ કામમાં આવ્યું એમ કહેતા. પછી શિવશંકરભાઈ ભગતજીને તેડવા આવ્યા એટલે સ્વામી યજ્ઞપુરુષદાસજી જમતા હતા ત્યાં પધાર્યા અને સામા આવી વિરાજમાન થયા અને સાધુને દર્શન દીધાં. પછી ચારેકોર ફરીને સૌને દર્શન દીધાં. આ મહોત્સવથી સૌને આનંદ થઈ રહ્યો અને સંત-હરિભક્તો તૃપ્ત થઈ ગયા.

જમી રહ્યા બાદ ભગતજીને ઝવેરીલાલભાઈ પોતાને આસને લઈ ગયા અને મહારાજશ્રીની પૂજા કરવાની વાત પૂછી. ભગતજીની ઇચ્છા જાણીને મહુવાના ફૂલચંદ શેઠે લક્ષ્મીવાડીના હરિકૃષ્ણ મહારાજ માટે રૂા. ૫૦/-નો પાઘ કરાવ્યો હતો, તે પણ મહારાજશ્રીને ભેટ ધરવાનો હતો. પછી સૌ મહારાજશ્રીને આસને પધાર્યા અને ત્યાં પૂજા કરીને શેલું, પાઘડી તથા રોકડા રૂપિયા ભેટ મૂક્યા અને સર્વે સાધુને ધોતિયાં ઓઢાડ્યાં. ફૂલચંદભાઈએ પાઘ ભેટ મૂક્યો. ભગતજીની પ્રેરણાથી આ બધા હરિભક્તો આટલી સેવા કરે છે તેથી સૌને ભગતજી પરત્વે ઘણું માન થયું.

આ પ્રમાણે ગઢપુરમાં દિગ્વિજય કર્યો અને પોતે આવીને અવિદ્યાને દબાવી. પોતાનો અલૌકિક પ્રતાપ પ્રગટ કરી, પોતાના ઘણા દિવસના તરસ્યા શિષ્યોને સેવાનું, વાર્તાનું અને દર્શનનું સુખ આપ્યું. આટલો પ્રતાપ જોવા છતાં માયાએ પોતાનું રૂપ ઉઘાડું કરવા સાંજની સભામાં પ્રયત્ન કર્યો. તેને ભગતજીએ પોતાના ઐશ્વર્યથી દાબી દીધી અને કોઈ કંઈ જ બોલી શક્યા નહિ.

પછી શયન આરતી થયા બાદ પોતે સભામાં કઠોડા આગળ વિરાજમાન થયા અને ગઢડાના સાધુ પાસે વચનામૃત કંઠે બોલાવ્યાં અને તે ઉપર ભગતજીએ ઘણી વાતો કરી. સભામાં ભગતજી વાતો કરે છે તેમ ખબર પડવાથી, સાધુની સભા ઊઠી ગઈ હતી છતાં ફરી બધા ભેગા થઈ ગયા અને રાત્રિના અગિયાર વાગતાં સુધી કથા-કીર્તન ચાલ્યાં અને માયા તો ત્રણે કાળમાંથી ભાગી જ ગઈ હોય એવું અનિર્વચનીય સુખ આવ્યું.

પછી ભગતજી કહે : ''કાલે મારે ચાલવું છે એટલે શુકનનું કીર્તન બોલો.'' પછી પુરુષોત્તમદાસ, ચતુરભાઈ, વેણીભાઈ એ સર્વે કીર્તનો બોલ્યાં.

પછી ઔષધનું કીર્તન બોલાવ્યું. એમ એક પછી એક કીર્તનની ઝડી બોલાવી નિદ્રા હરી લીધી અને અંતઃકરણ ઠારી દીધાં.

બ્રહ્મરૂપ નહિ થવાય ત્યાં સુધી ભગવાનની મૂર્તિનું સુખ નહિ આવે

પછી આચાર્ય મહારાજે ભગતજીને પોતાના ઉતારે વાતો કરવા બોલાવ્યા. એટલે ભગતજી, મહારાજશ્રીના ઉતારે પધાર્યા. સાથે યજ્ઞપુરુષ-દાસજી, પુરાણી કેશવપ્રસાદજી, મોતી ભગત, કોઠારી પ્રભુદાસભાઈ ગોંડળના મિસ્ત્રી પુરુષોત્તમ એટલા હતા. અહીં એકાંત જાણી મહારાજે ભગતજીને કહ્યું : ''હવે જે કહેવું હોય તે કહો.''

ત્યારે ભગતજીએ કહ્યું : ''કહેવાનું તો એટલું જ છે કે શ્રીજીમહારાજે શિક્ષાપત્રીના શ્લોક ૧૧૬માં[૧૨૯] આજ્ઞા કરી છે કે 'બ્રહ્મરૂપ થયા સિવાય છૂટકો નથી અને બ્રહ્મરૂપ થયા સિવાય મહારાજની સેવામાં રહેવાશે નહિ.'[૧૩૦] એક વખત મારા ગુરુ ગુણાતીતે પ્ર. ૨૩, મ. ૩૦ અને ૪૫, અમ. ૨ અને ૩ – આ પાંચ વચનામૃત વંચાવીને વાત કરી હતી કે 'કોટિ કલ્પ સુધી એમ કર્યા સિવાય છૂટકો નથી. તે આપણે તો કર્યા સિવાય છૂટકો નથી, પણ આચારજ હોય કે ભગવાનનો પુત્ર હોય કે ઈશ્વર હોય કે નાના-મોટા ભગવાન હોય, પણ એમ કર્યા સિવાય છૂટકો નથી; કારણ કે, એ મહારાજનો મત છે.' માટે જ્યાં સુધી બ્રહ્મરૂપ નહિ થવાય, ત્યાં સુધી મહારાજની મૂર્તિનું સુખ નહિ આવે.

''હવે બ્રહ્મરૂપ કેમ થવું તે જાણવું રહ્યું. શ્રીજીમહારાજે કહ્યું છે કે 'ઉપાસના વિના આત્મા કે બ્રહ્મ દેખાય જ નહિ.'[૧૩૧] અને વળી કહ્યું છે કે 'એ આત્માનો વિચાર સો વર્ષ પર્યંત કરે તો પણ એ આત્માનું દર્શન થાય નહિ. એ તો ક્યારે થાય ? જ્યારે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરે અને તેના વચનમાં વિશ્વાસ લાવી તે પ્રમાણે વર્તે, ત્યારે આત્મદર્શન થવું કાંઈ કઠણ નથી. પણ ભગવાનના ધ્યાન વિના, વિચારે કરીને આત્માને દેખવો એવી તો

---

૧૨૯. निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् ।
विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥

૧૩૦. લોયા ૭.

૧૩૧. ગ.અં. ૩૬.

આશા જ રાખવી નહિ.'[૧૩૨] વળી, ભગવાનનું ધ્યાન પણ બ્રહ્મરૂપ થયા વિના થાતું નથી. જ્યાં સુધી દેહાત્મભાવ હોય, ત્યાં સુધી ભગવાન દેખાય જ નહિ; કારણ કે, ભગવાન કેવા છે તો ચિત્તના ચિતવનમાં આવે એવા નથી, મનના સંકલ્પમાં આવે એવા નથી, બુદ્ધિના નિશ્ચયમાં આવે એવા નથી અને અહંકાર કરીને અહંપણું ધરાય એવા પણ નથી.'[૧૩૩] આ બધા માયિક ભાવ છે, તેથી પર થાવું જ રહ્યું.

''માટે શાસ્ત્રમાંથી આત્મા-અનાત્માની વિક્તિ સમજીને અથવા કોઈ મોટા પાસેથી કેવળ સાંભળીને જાણીએ જે એવી આત્મા-અનાત્માની વિક્તિ કરી લઈએ, પણ એમ વિક્તિ થાતી નથી. એ તો જેટલી એને પોતાના ઈષ્ટદેવને વિષે પ્રીતિ અને ઉપાસના હશે તેટલો જ આત્મા-અનાત્માનો વિવેક થશે.[૧૩૪] માટે આપણા ઈષ્ટદેવ જે શ્રીજીમહારાજ તેમના અખંડ સંબંધે સહિત જે ભગવત્સ્વરૂપ સત્પુરુષને વિષે પ્રીતિ થશે, ત્યારે આત્મ-દર્શન થશે અને ભગવાનનાં પણ દર્શન થશે.

''સંવત ૧૯૧૨ની સાલે ચૈત્રી સમૈયો કરી સ્વામી આણંદ પધાર્યા. ત્યારે સ્વામી સાથે રઘુવીરજી મહારાજ પણ હતા અને વીસ દિવસ આણંદમાં સાથે રહ્યા હતા. રઘુવીરજી મહારાજે સ્વામીનો ઘણો સમાગમ કર્યો અને જે દિવસે નીકળવાનું હતું તે દિવસે મહારાજે સ્વામીને પોતાના સિગરામમાં બોલાવ્યા. સ્વામી આવી તેમાં બેઠા. પછી રઘુવીરજી મહારાજે પોતાનો દાબડો ઉઘાડી સ્વામીને તેમાંથી એક પેંડો આપ્યો અને જમવાની વિનંતી કરી. ત્યારે સ્વામી તે થોડો ભાંગીને બોલ્યા કે 'પાંચસો પરમહંસો ગળું ઝાલીને બેઠા છે અને કહે છે કે ખાઈશ નહિ, ખાઈશ નહિ, ઝેર છે.' તેમ પોતે પેંડો હાથમાં ઝાલી રાખ્યો અને પછી પાસે ઊભેલા સેવકને પ્રસાદી આપી દીધી, પણ પોતે તો જમ્યા નહિ.

''આ જોઈને રઘુવીરજી મહારાજ બોલ્યા કે 'સ્વામી ! આપ જ્યારે આવી રીતે વર્તો છો, ત્યારે અમારે તો ડગલે ને પગલે આ વૈભવ અને વિષયનો જોગ છે, તે અમારી શી ગતિ થશે ?' એટલે સ્વામી બોલ્યા કે 'તમો

---

૧૩૨. ગ.મ. ૩૫.

૧૩૩. પં. ૪.

૧૩૪. ગ. પ્ર. ૫૬.

ભગવત્પ્રસાદજી મહારાજને ગાદી સોંપી તીર્થવાસી થઈને જો જૂનેગઢ આવો તો તમારી ગ્રંથિઓ[૧૩૫] હું ગાળી દઉં.' ત્યારે રઘુવીરજી મહારાજે કહ્યું કે 'સ્વામી ! આપની આજ્ઞા પ્રમાણે જો હું તીર્થવાસી થઈને જૂનાગઢ ન આવું તો હું રઘુવીરજી નહિ.' ત્યારે સ્વામી કહે : 'જો ગ્રંથિઓ ગાળીને તમને ગુણાતીત ન કરું તો હું ગુણાતીત નહિ.' એમ કહી કોલ આપ્યો. રઘુવીરજી મહારાજે એ પ્રમાણે કર્યું અને સ્વામીને રાજી કરી દીધા. તેથી સ્વામીએ વાતમાં લખ્યું કે 'આખા વરતાલમાં જેવો રઘુવીરજી મહારાજે મને ઓળખ્યો એવો બીજા કોઈ ઓળખી શક્યા નહિ. તે ઓળખ્યા એટલે કેવળ મોટા જાણ્યા એમ નહિ, પણ ભેગા રહીને મન, કર્મ, વચને સમાગમ કરે તે ઓળખ્યા કહેવાય. માટે જેમ એમણે કર્યું એમ અંતે આપને પણ કર્યા સિવાય છૂટકો નથી.''

જ્ઞાન વિના ધ્યાન ટકશે નહિ

પછી મહારાજશ્રીએ પૂછ્યું : ''ધ્યાન કેમ કરવું ?''

એટલે ભગતજી બોલ્યા : ''આ વાત જે અમે કહી, તે ધારશો અને વિચારશો ત્યારે ધ્યાન ટકશે, પણ જ્ઞાન વિના ધ્યાન ટકશે નહિ. તે જ્ઞાન એટલે શું કે ભગવાનનું અને સંતનું સ્વરૂપ યથાર્થ સમજવું. માટે એકાંતિક સાધુ સાથે જીવ જડો અને વાતો સાંભળો, ત્યારે ધીરે ધીરે અંતરમાંથી માયા ટળશે અને સહેજે ધ્યાન થશે. પહેલું આ કરવાનું છે.''

એમ કહીને પછી વાત કરી : ''તમારે અને મારે છેટું છે, એટલું જ મારે અને મહારાજને છેટું છે અને ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બદરિકાશ્રમમાં તો આવ-જા કરું છું, પણ તેમાં કાંઈ સુખ નથી, એટલું નક્કી કર્યું છે. તે તમો પણ નિશ્ચિત માનજો.''

ત્યારે મહારાજે પૂછ્યું : ''સદેહ જાઓ છો ?''

ત્યારે ભગતજી કહે : ''ક્યાં છેટું છે ? બધું સમીપમાં જ છે અને તમે જો દાખડો કરો તો તેવું થઈ જાય. મારા અંતરમાં તો એમ છે જે તમારામાં અખંડ મહારાજ નિવાસ કરીને રહે અને સિદ્ધ દશા પામીને સુખી થાઓ તેવું કરવું છે. પણ હું કહું તેમ કરવું પડશે. આ લાભ, આ જોગ અને આ પુરુષ

---

૧૩૫. અહંગ્રંથિ, સંશયગ્રંથિ, મમત્વગ્રંથિ અને હૃદયગ્રંથિ.

મળે તેમ નથી.'' એમ ચોખ્ખી વાત કહી દીધી.

એટલે મહારાજને પણ એમ થયું કે આમ કર્યા સિવાય છૂટકો જ નથી. પછી તેમણે કહ્યું : ''મારે પણ આપનો સમાગમ કરવાનો વિચાર છે.''

ભગતજી કહે : ''આપને માટે અઢાર હજાર માળા હું ફેરવીશ. પછી તો મહારાજની મરજી.'' એમ કહી ઊઠ્યા.

એટલે મહારાજે કહ્યું : ''મારે આપની સાથે એકાંતમાં વાત કરવી છે.'' એટલે બીજા બધા બહાર ગયા અને કમાડ વાસ્યાં. થોડી વારે ભગતજી બહાર આવ્યા. પછી મહારાજશ્રીએ ઊભા રહીને ભગતજીને કહ્યું : ''કાગળ લખજો. આ કામ કંઈ મનુષ્યથી પાર પડે તેવું નથી. આપ દૃષ્ટિ કરશો તો જ થશે.'' એમ કહી સૂવા પધાર્યા અને ભગતજી પોતાને આસને પધાર્યા. લગભગ સાડા બાર વાગી ગયા હતા.

હું તો બધાને બ્રહ્મની મૂર્તિ સમજું છું

બીજે દિવસે ભગતજી માના ભગતને આસને જઈ બેઠા. તેમની સાથે સાધુ રામચરણદાસજી, હરિસ્વરૂપદાસજી, શિવશંકર પુરાણી તથા પોતાના તમામ શિષ્યો હતા. પછી માના ભગત કહે : ''ભગતજી ! વાતો કરો.''

ત્યારે ભગતજી કહે : ''હું તો વાતો સાંભળવા આવ્યો છું. માટે તમે વાતો કરો.''

પછી માના ભગત કહે : ''થોડા દિવસ જીવવું અને આ લોકમાં તમારા બાબુલા શિષ્યોમાં બંધાશો નહિ. વળી, જેટલા શિષ્યો કર્યા છે, તેટલાને ધામમાં લઈ જવા પડશે.''

પછી ભગતજી બોલ્યા : ''હું તો બધા હરિભક્તોને બ્રહ્મની મૂર્તિ સમજું છું. બાબુલા કહેવાય જ કેમ ? બાબુલા કહીએ તો જીવ નાશ પામી જાય. અને આવા ભગવદી ભેળું તો સ્વામિનારાયણ રાખે તો અનંત જન્મ સુધી રહેવું છે. આવા ભગવદીને ભેળા કરીને અખંડ કથાવાર્તાથી ભગવાનના સુખમાં ગરકાવ છીએ. હું તો ભજનના સુખે સુખિયો છું. તેથી વીસ કોશનો પ્રવાહ છૂટે તેમ ભગવાનમાં આસક્ત છું, અને મારે અને મહારાજને અણુમાત્ર છેટું નથી. મહારાજના આવા સુખથી જે મારો સંગ કરે છે તેને પણ સુખિયો કરી દઉં છું. પણ ધ્યાન શીખવા તો તમારા પાસે આવવું છે.''

એટલી વાત કરી પોતે શિષ્યોને કહ્યું : ''આજથી કોઈ મહુવે આવશો નહિ. ગઢડે સૌ આવજો અને હું પણ સમૈયે આવીશ. આ તો બહુ મોટું તીર્થ ગણાય અને ગોપીનાથ દેવ, આચાર્ય મહારાજ, ઘેલા નદી અને સંતો એ સર્વે સાક્ષાત્ મહારાજના સંબંધવાળા છે. એટલે અહીં તો ઘણો જ આનંદ છે. માટે હવેથી હું અહીં આવીશ. જે મહુવે આવશે તે વચનદ્રોહી, ગુરુદ્રોહી છે.'' એ પ્રમાણે સમ આપ્યા.

તે સાંભળી સાધુ, બ્રહ્મચારી બહુ જ રાજી થયા અને બોલ્યા : ''આવા તો આ એક જ પુરુષ ! આપણે એમનો અવગુણ લેવો નહિ. એમનો અવગુણ લેવો એ અગ્નિમાં હાથ નાખવા જેવું છે. માટે કોઈએ અવગુણ લેવો નહિ.''

પછી શિવશંકર પુરાણી બોલ્યા : ''તમો અહીં ન આવ્યા હોત તો મારે તમારાં દર્શને મહુવા આવવું હતું. માટે આવ્યા તે ઘણું જ સારું થયું. તો હવે જરૂર સમૈયે અહીં આવતા રહેજો.''

માહાત્મ્ય સહિત ભક્તિ ન હોય તો કાંઈ નથી

પછી ભગતજી શિવશંકર પુરાણી સામું જોઈને બોલ્યા : ''ઉમરેઠમાં શુક સ્વામી સાથે આપણે ભેગા હતા ત્યાં સ્વામી કેવું સુખ આપતા ?'' એમ કહી રડી પડ્યા. પછી વાત કરી : ''ગમે તેટલી આત્માની વાત કરો પણ આત્મારૂપ ન થવાય. મહિમાએ સહિત ભક્તિ ન હોય તો કાંઈ નથી. માહાત્મ્ય વિનાની ભક્તિ જો ઝાઝી જણાતી હોય તો પણ અંતે નાશ પામી જાય છે. જેમ દસ-બાર વર્ષની કન્યા હોય અને તેને ક્ષય રોગ લાગુ પડે તો કન્યા યુવાન થયા મોર જ મરી જાય છે; તેમ જેને માહાત્મ્ય વિનાની ભક્તિ હોય તે પણ પરિપકવ થતી નથી અને અંતે નાશ થઈ જાય છે. માટે જેના હૃદયમાં માહાત્મ્ય સહિત ભક્તિ હોય તો બીજા કલ્યાણકારી ગુણ ન હોય તો પણ તેના હૃદયમાં સર્વે આવે છે.'[૧૩૬]

''વળી, માહાત્મ્ય સહિત ભક્તિ હોય અને બીજા રૂડા ગુણ આત્મનિષ્ઠા, વૈરાગ્ય આદિ ન હોય અને પંચવિષયમાં રાગ હોય તો પણ તે ભક્તિને શોભાડે નહિ. કેમ કે, એવા દેહાભિમાનીને જ્યારે દેહને સુખ થાય એવા પંચવિષયનો યોગ થશે, ત્યારે એને વિષયમાં પ્રીતિ થઈ જશે અને

૧૩૬ સા. ૫.

ભગવાનમાં પ્રીતિ નહિ રહે. માટે જે આત્મનિષ્ઠા અને વૈરાગ્યે રહિત છે તેને જો ભગવાન વિના બીજા કોઈ વિષયના ઘાટ જણાતા નથી, તો પણ જ્યારે એને કુસંગનો યોગ થશે ત્યારે વિષયના ઘાટ થવા લાગશે અને બુદ્ધિ ભ્રષ્ટ થઈ જશે. એટલું જ નહિ, પરંતુ પરમેશ્વરમાં એને પ્રીતિ હતી તે પરમેશ્વરની એને સ્મૃતિ પણ નહિ રહે અને અખંડ વિષયનું ધ્યાન થશે.[૧૩૭] માટે મોટા સત્પુરુષનો સમાગમ કરવાથી જ તેમનામાં જે આત્મનિષ્ઠા, વૈરાગ્ય, માહાત્મ્ય જ્ઞાને યુક્ત ભક્તિ આદિ રૂડા ગુણ હોય છે તે સર્વે મુમુક્ષુમાં આવે છે અને અખંડ ભગવાનની મૂર્તિની સ્મૃતિ સિવાય બીજું કંઈ એવા મોટાના સંબંધે હૈયામાં રહેતું નથી.

ત્રણે અવસ્થામાં ભગવાન ન દેખાતા હોય તો આ બ્રાહ્મણના સમ છે

“આવા રૂડા ગુણ જ્યારે આવે ત્યારે જ બ્રહ્મરૂપ થવાય. બ્રહ્મસ્વરૂપ થયા સિવાય જે પ્રીતિ ભગવાનને વિષે કરે છે તે આત્માને સજાતિ નથી, પણ વિજાતિ છે. તેથી અંતે ટકશે નહિ. માટે મોટા આચાર્યો - મધ્વાચાર્ય, નિંબાર્ક અને વલ્લભાચાર્ય - વગેરેનો પણ એ જ સિદ્ધાંત છે કે આત્મારૂપે રહીને જે ભગવાનને વિષે પ્રીતિ કરવી અને એવી જે પ્રીતિ તેને બ્રહ્મસ્વરૂપ કહી છે.[૧૩૮] આ સિદ્ધાંત સૌએ હૈયામાં ઉતારી એમ વર્તતા શીખવું. અમારે તો ગુણાતીતાનંદ સ્વામીના પ્રતાપે આંખનું મટકું મારીએ એટલી વાર પણ ભગવાન ભુલાતા નથી અને જો ત્રણે અવસ્થામાં ભગવાન ન દેખાતા હોય તો આ બ્રાહ્મણના સમ છે.” એમ કહી શિવશંકરના ગળે હાથ મૂક્યો.

માના ભગતને ભગતજીની ભગવાનમાં અખંડ સ્થિતિ જોઈ, અત્યંત ભગતજીનો ગુણ આવ્યો અને હાથ જોડી પ્રાર્થના કરી : “ભગતજી ! આપ અત્રે સમૈયો કરવા જરૂર પધારશો. જેથી અમને સર્વેને દર્શન-સમાગમનું સુખ આવે.”

પછી ભગવત્સ્વરૂપદાસજીને આસને પધાર્યા. ત્યાં તેમણે ખબર આપી કે આચાર્ય મહારાજે ભગતજીને સમૈયે આવવાની બંધી કરી છે. આથી ભગતજી બોલ્યા કે “જેવી મહારાજની ઇચ્છા.”

---

૧૩૭. સા. ૧૫.

૧૩૮. ગ.મ. ૪૩.

પણ શિવશંકર પુરાણી કહે : 'હું મહારાજશ્રી પાસે જઈને કહું છું.'' એમ કહી પુરાણી મહારાજશ્રી પાસે ગયા અને વાત કરી.

મહારાજશ્રીએ પુરાણીને કહ્યું : ''મારે તો કંઈ વાંધો નથી અને હું તો ભગતજીનો સમાગમ ઇચ્છું છું, પણ આ બધા મંડ્યા છે એટલે એમ કરવું પડ્યું. પણ તમો બધા ભેગા થઈને વિચાર કરીને, ફરી મને બે વાગે મળો અને પ્રાગજી ભગત સમૈયે આવે અને કોઈ ઉપાધિ ન કરે એવી ખાતરી આપો, તો તેમને સમૈયે આવવાની આજ્ઞા કરું.''

આથી પુરાણી સૌ સાધુ-બ્રહ્મચારીને મળ્યા અને મોટા મોટાને સાથે લઈને બે વાગે મહારાજના ઉતારે આવ્યા. પછી મહારાજે તે સૌને પૂછ્યું : ''પ્રાગજી ભગતને સમૈયે તેડાવવા કે નહિ ?''

ત્યારે સૌએ કહ્યું : ''આપ તો ધણી છો, તે ફાવે તો તેડાવો અને ગાદી-તકિયો આપો તો પણ અમારાથી ના કેમ કહેવાય ?''

એટલે મહારાજશ્રીએ કહ્યું : ''સારું. તમો સૌ રાજી હો તો આપણે તો શ્રીજીની આજ્ઞા પ્રમાણે એવા ભગવદીનો મહિમા સમજી, તેમની વાતો તથા સમાગમનો લાભ લેવો જોઈએ.'' પછી સૌ પોતપોતાના આસને ગયા.

ભગતજીને તે જ દિવસે સાંજે નીકળવાનું હતું એટલે મહારાજશ્રીનાં દર્શન કરવા પધાર્યા. મહારાજશ્રીએ ભગતજીને કહ્યું : ''રાજી રહેજો અને ફરી દર્શન દેવા પધારજો.''

પછી ભગતજી ચાર વાગે ઊજળવાવ જવા નીકળ્યા. ભગતજી સાથે ઝવેરીલાલ, વસોના ચતુરભાઈ, નડિયાદના બારોટ જીવાભાઈ વગેરે હરિભક્તો હતા. ભગતજી ઘેલો ઊતરીને ઘેલાનું પાણી પીવા ઊભા રહ્યા. પાણી પીને થોડુંક ચાલ્યા ત્યાં ખાનદેશી હરિભક્ત ભાઈદાસ ભગતજીનાં દર્શન કરવા દોડતા આવ્યા. ભગતજી તેમને આવતા જોઈ ઊભા રહ્યા. ભાઈદાસ પટેલે ભગતજીને દંડવત કર્યા. પછી ભગતજી તેમનો પ્રેમ જોઈ બહુ જ રાજી થયા અને મળ્યા. ભગતજીએ તેમને કહ્યું : ''તમારા મનોરથ પૂરા થયા. માટે હવે પાછા જાઓ.''

ત્યારે ભાઈદાસ કહે : ''હું તો આપની સાથે આવીશ.''

એટલે ભગતજીએ કહ્યું : ''એવી મારી આજ્ઞા નથી અને જોડે આવ્યા કરતાં સો ગણું સુખ અહીં બેઠાં તમને આપીશ. માટે પાછા જાઓ.'' એમ

રાજી થઈ આશીર્વાદ આપ્યા.

એટલામાં ખાનદેશી બીજા હરિભક્ત બાઈ-ભાઈ સર્વે ભગતજીનાં દર્શન કરવા આવી પહોંચ્યાં. તેમને સર્વેને જોઈ ભગતજી બોલ્યા : ''જુઓ, આ સર્વે બાઈ-ભાઈને ગોપ-ગોપીઓ જેવો પ્રેમ છે.'' એમ કહી તે બધાંને ત્યાં જ ઊભાં રાખી, ભગતજી તેમના મંડળ સાથે ચાલવા લાગ્યા.

સાંજ પડી એટલે બધા સરકારી થાણે પહોંચ્યા. ત્યાં જમાદારે તેમને કહ્યું : ''અત્યારે ભો જેવું છે. તો આપને આગળ ચાલવું હોય તો સાથે માણસ આપું તેને તેડી જાઓ.'' એટલે જમાદારના માણસને લઈને રાત્રે ઊજળવાવ સ્ટેશને સૌ પહોંચ્યા.

સ્ટેશને ભગતજી સારુ હરિભક્તો એક ખાટલો લાવ્યા. અજવાળી રાત હતી એટલે પ્લૅટફૉર્મ ઉપર ભગતજી ખાટલે પોઢ્યા અને સૌ હરિભક્તો આજુબાજુ બેસી ગયા. પછી ભગતજીએ કીર્તનો ગવરાવ્યાં. એક હરિભક્તે પૂછ્યું : ''ભજન શી રીતે કરવું ?''

ત્યારે ભગતજીએ શ્વાસોચ્છ્વાસ ભજન કરી બતાવ્યું અને કહ્યું : ''આમ ભજન કરવાની ટેવ પાડવી.''

એટલામાં નિંગાળે જવાની ગાડીનો ઘંટ વાગ્યો. ત્યારે ભગતજીએ તેમના ભત્રીજા નારણભાઈને કહ્યું : ''એલા સૂઈ શું રહ્યો છે ? આ બધા હરિભક્તો તો ગાડીએ ચાલ્યા અને એ બધા ગયા પછી આપણે તો ટકાના ત્રણ શેર છીએ.'' એમ કહ્યું એટલે સૌ હસી પડ્યા. પછી સર્વેને વિદાય કરી ભગતજી પણ સોનગઢ થઈને મહુવા બંદર પધાર્યા.

એ પ્રમાણે ભગતજીએ ગઢપુરમાં અનંત પ્રકારની લીલા, વાતો કરી, પોતાના આશ્રિત જનને ઘણું જ સુખ આપ્યું.

❀

એ પછી, સંવત ૧૯૫૩ના માગશર સુદ ૩ના દિવસે આચાર્ય મહારાજની આજ્ઞાથી શાસ્ત્રીજી મહારાજ - શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી રાજકોટ ભણવા આવ્યા. અહીંના વિદ્વાન શાસ્ત્રી જીવણરામ તેમને અભ્યાસ કરાવતાં કરાવતાં ભગતજીના મહિમાથી ખૂબ રંગાયા. સાથે સાથે રાજકોટના હરિભક્તોને પણ યજ્ઞપુરુષદાસજીએ ભગતજીનો મહિમા કહી શુદ્ધ ઉપાસનાની લગની સૌને લગાડી દીધી.

આ જ અરસામાં, શિયાળામાં વસોથી પુરુષોત્તમદાસ તથા ચતુરભાઈ તથા ગોવિંદભાઈ માસ્તર, પીજના જેઠાભાઈ વગેરે ખંભાત જઈ ભાવનગર ગયા. ત્યાંથી પગરસ્તે ગાડું કરી મહુવે ગયા. ભગતજીનો સમાગમ કરીને પગરસ્તે સોનગઢ આવી ગાડીએ બેસીને ઘેર ગયા.

ખંડ બીજો સમાપ્ત

ખંડ ૩

જ્યાં અપમાન ત્યાં સન્માન

सतां प्रसङ्गान्मम वीर्यसंविदो भवन्ति हृत्कर्णरसायनाः कथाः ।
तज्जोषणादाश्वपवर्गवर्त्मनि श्रद्धा रतिर्भक्तिरनुक्रमिष्यति ॥[૧૩૯]

— ભાગવત : ૩-૨૫-૨૫

સંવત ૧૯૫૩ના શ્રાવણ માસમાં રાજકોટથી શાસ્ત્રીજી મહારાજ શ્રી યજ્ઞપુરુષદાસજીએ ખૂબ પ્રયાસ કર્યો અને તેમના પ્રયત્નોથી રાજી થઈને આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે મહોર છાપવાળો પત્ર ભગતજી મહારાજને મહુવા લખ્યો અને જણાવ્યું કે ''તમો જૂનાગઢ જન્માષ્ટમીના સમૈયે જરૂર પધારશો અને શ્રાવણ વદિ છઠને દિવસે જૂનાગઢ પહોંચી જજો.''

એ પત્ર ભગતજીને મળ્યો એટલે ભગતજીએ જૂનાગઢ જવાનો ઠરાવ કર્યો.

સંવત ૧૯૨૧ની સાલમાં જે સ્થાનમાંથી આવી જ મહોર છાપના પત્રથી આજ્ઞાથી વિમુખ થઈને નીકળવું પડ્યું હતું, તે જ સ્થાનમાં આજે ઘણાં વર્ષ બાદ આચાર્ય મહારાજની જ આજ્ઞાથી ફરી જવાનું થયું, એ શ્રીજીમહારાજ અને સ્વામીના અપાર રાજીપા અને કૃપાનું ફળ માની, ભગતજી મનોમન શાસ્ત્રીજી મહારાજના બુદ્ધિચાતુર્ય ઉપર ખૂબ જ પ્રસન્ન થયા.

અહો ! આ સાધુએ વર્ણ અને આશ્રમનું માન ત્યજીને જેનામાં સાચા સત્પુરુષનાં લક્ષણ પ્રગટ થયાં છે અને જેનામાં સર્વ પ્રકારે શ્રીજીમહારાજ અખંડ નિવાસ કરીને રહ્યા છે, એવા પરમ એકાંતિક ભગતજી મહારાજને જ શ્રીજીમહારાજ અને સ્વામીનું પ્રગટ સ્વરૂપ માની, મોક્ષનું દ્વાર માની, તેમનો મન, કર્મ, વચને સમાગમ કરવામાં, દેહનાં દુઃખને, અપમાનને, તિરસ્કાર કે જે કંઈ ઉપાધિ આવે તે સર્વને ન ગણ્યું અને કેવળ એક જ તાન રાખ્યું કે

૧૩૯. સત્પુરુષોના પ્રસંગમાં મારાં પરાક્રમને જણાવનારી, હૃદય અને કાનને રસાયનરૂપ મારી કથા સાંભળવામાં આવે છે અને તે કથા સાંભળવાથી અવિદ્યાની નિવૃત્તિ થાય છે અને શ્રીહરિને વિષે શ્રદ્ધા, ભક્તિ અને પ્રીતિ પ્રગટ થાય છે.

આવા સાક્ષાત્ શ્રીજીસ્વરૂપ સંતને સેવી સત્પુરુષના પરમ ભાવને પામવું; જેથી શ્રીજી-સ્વામી એક નિમિષમાત્ર અળગા રહે જ નહિ. એવા મહામોટા આશયને સિદ્ધ કરવા કટિબદ્ધ થઈને વરતાલ, ગઢડા, મહુવા, જૂનાગઢ કે ગુજરાતનાં ગામોમાં જ્યાં જ્યાં યોગ આવ્યો ત્યાં ભગતજી મહારાજનો, લોકલાજનો ત્યાગ કરી, શિર સાટે સમાગમ કર્યો અને ભગતજીની અપાર કૃપાનું ફળ પ્રાપ્ત કરી, તત્સ્વરૂપ બની ગયા. જેમ ગોપીઓએ પણ સ્વજનના આર્યપથનો ત્યાગ કરીને શ્રીકૃષ્ણ ભગવાનનો મન, કર્મ, વચને સંગ કર્યો ત્યારે મુકુંદ ભગવાનની પદવીને પ્રાપ્ત થઈ ગઈ. તેવી જ રીતે શાસ્ત્રીજી મહારાજે પણ સાધુના આશ્રમમાં રહીને પોતાના દેહના સ્વજન જે અન્ય સાધુઓ તે શું કહેશે એવા ભયનો ત્યાગ કરીને, વિદ્વત્તાનું માન છોડી, ભગતજી એ જ વર્તમાનકાળે શ્રીજી-સ્વામીનું પ્રત્યક્ષ સ્વરૂપ છે એમ માની, તેમને રાજી કરી ચકચૂર કરી દીધા.

જે સ્થળે ભગતજીનું અપમાન થયું અને વિમુખ થઈને નીકળવું પડ્યું તે જ સ્થળે ફરી પાછા ભગતજી અપ્રતિમ સન્માન પામીને પધારે, તો જ સત્સંગમાં ખરો દિગ્વિજય થાય. એવું નક્કી કરીને આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજને શાસ્ત્રીજી મહારાજે પત્ર લખી ભગતજીને તેડાવવા વિનંતી કરી. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે શાસ્ત્રીજી મહારાજની વિનંતીને માન્ય કરી, ભગતજી મહારાજને મહોર છાપવાળો પત્ર લખ્યો અને જૂનાગઢ સમૈયા ઉપર તેડાવ્યા.

જૂનાગઢ સમૈયે

ભગતજીએ શ્રાવણ વદિ ૩ને દિવસે નીકળવાનો સંકલ્પ કર્યો. તેમના ભત્રીજા નારણભાઈ ભગતજીને બેસવા માટે ઘોડું લઈ આવ્યા. તે દિવસે નીકળ્યા પણ થોડે ગયા ત્યાં વરસાદ થયો એટલે પાછા આવ્યા. બીજે દિવસે સોમવારે નીકળ્યા અને સંધ્યા સમય થયો પણ કોઈ ગામ આવ્યું નહિ, એટલે ડુંગરાની ધારમાં એક ઝાડ નીચે રાત રહ્યા. સવારે નીકળી પાલિતાણે પહોંચ્યા. અહીં કોઈ હરિભક્તને ખબર આપી નહિ, કારણ કે રોકાવાનો આગ્રહ કરે. અહીંથી નાહી, પૂજા કરીને ચાલ્યા અને ત્રીજે દિવસે બુધવારે ધોળા જંક્શન આવી પહોંચ્યા.

ગુરુવારે વહેલી સવારે પાંચની ગાડીએ ગુજરાતના હરિભક્તો ઝવેરીલાલભાઈ તથા મહુવાના નારાયણજી ફોજદાર – શામજીભાઈના પુત્ર વગેરે આવ્યા. ભગતજીએ રાત્રે ત્યાંની વીશીમાં ઉતારો કર્યો હતો એટલે સ્ટેશને ભગતજીને ન જોતાં આ બધા વિચાર કરવા લાગ્યા કે હજુ ભગતજી આવ્યા લાગતા નથી, બપોરની ગાડીમાં ભગતજી આવશે. એમ ધારી સર્વેએ ધર્મશાળામાં મુકામ કરવાનો વિચાર કર્યો. તેટલામાં ભગતજીના ભત્રીજા નારણભાઈએ દૂરથી ઝવેરીલાલ તથા બીજા હરિભક્તોને જોયા એટલે બૂમ મારી. તે કોઈએ સાંભળી એટલે તુરત જ પાસે ગયા. નારણભાઈને જોઈને સૌને થયું કે ભગતજી પધાર્યા હશે. પછી નારણભાઈએ કહ્યું : ''ભગતજી પધાર્યા છે અને આ વીશીમાં મુકામ છે.'' એ વાત સાંભળતાં જ સૌને અત્યંત આનંદ થયો અને કોઈની રાહ નહિ જોતાં ભગતજી પાસે જઈ પહોંચ્યા.

તે વખતે ભગતજી વીશીના બારણા આગળ ખાટલામાં સૂતા હતા. સર્વે હરિભક્તોએ ત્યાં આવી દંડવત કર્યા એટલે ભગતજી જાગ્યા અને ખાટલામાં બેઠા થયા. પછી અમદાવાદથી લીધેલા પુષ્પના હાર ભગતજીને પહેરાવ્યા અને મેવો લાવ્યા હતા તે ભેટ ધર્યો. પછી ભગતજીએ સર્વેને રાજી થકા ખબર પૂછી અને ઝવેરીલાલને કહ્યું : ''આ હાર તમે કાઢીને સૌને એક એક પહેરાવો.'' પોતે પણ એક હાર લીધો. ઝવેરીલાલે હાર કાઢી સૌને એક એક પહેરાવ્યો. તે સૌ જેમ ગણીને એક એક હાર લાવ્યા હતા તે દરેકને એક હાર મળી ગયો, છતાં ભગતજી પાસે એક હાર રહ્યો. આ જોઈને સર્વેને અતિશય આનંદ થયો. પછી ઝવેરીલાલભાઈએ ભગતજીને પૂછ્યું : ''તમો ઘેરથી ક્યારે નીકળ્યા ?''

ત્યારે ભગતજીએ કહ્યું : ''ચોથને દિવસે ઘેરથી નીકળી પાલિતાણા થઈને સોનગઢ આવ્યા. આ નારણભાઈ ઘોડો લાવ્યા હતા તે એવો સારો કે જાણે પૂર્વનો મુક્ત હોય અને જેમ પાલખીમાં બેસારીને લાવે તેમ સોનગઢ લઈ આવ્યો. પછી ગાડીએ બેસીને અહીં આવ્યા અને આપણે બધા ભેગા થયા.''

ઝવેરીલાલભાઈએ એક હરિભક્ત પાસે એક સારું ઘોડું ભાડે કરાવ્યું અને ભગતજીને તે ઉપર બેસારી સર્વે હરિભક્તો, ધોળેથી એક ગાઉ ભોજાવદરની ભાગોળે આવેલી કાળુભાર નદીમાં નાહવા ગયા. ભગતજીને નવરાવ્યા અને સૌ ત્યાં નાહ્યા.

નાહીને પાછા વળતાં ગામની ભાગોળે એક માતાનું મંદિર છે ત્યાં બે-ત્રણ પૂજારી બ્રાહ્મણો બેઠા હતા. તેઓ ભગતજીની અલૌકિક રમણીય મૂર્તિ જોઈને ઘોડા પાસે આવ્યા અને હાથ જોડી કહ્યું : ''મહારાજ ! અમને પૂજા કરવા દ્યો.'' એટલે ભગતજી સહેજ નીચા વળ્યા અને બ્રાહ્મણોએ કંકુનો ચાંદલો કરી પૂજા કરી. ભગતજીએ તેમને આશીર્વાદ આપ્યા. પછી સૌ ત્યાંથી આનંદ કરતા ચાલ્યા અને વાતો કરતા સ્ટેશને પહોંચ્યા.

જે વીશીમાં ભગતજી ઊતર્યા હતા તેનો ઉપરનો મોટો મેડો વીશીવાળાએ ખાલી કરી દીધો, એટલે સૌ હરિભક્તો નાહીને ત્યાં ગયા અને સૌએ પોતપોતાની પૂજા કરી. ત્યાર બાદ ઝવેરીલાલે પ્રથમ ભગતજીની પૂજા કરી, પોશાક પહેરાવ્યો અને પછી સૌ હરિભક્તોએ એક પછી એક ભગતજીની પૂજા કરી. એમ આનંદ કિલ્લોલ કરતાં ભગતજીની વાતોમાં એકધ્યાન સૌ બની ગયા અને વખત ક્યાં ગયો તેની કંઈ ખબર પડી નહિ. એટલે ભગતજીએ કહ્યું : ''કાલે સૌએ વહેલા ગાડીએ બેસવાનું છે. માટે હવે બધા સૂઈ જાઓ.''

બીજે દિવસે વહેલી સવારે સૌ નાહી, પૂજા કરી ગાડીએ બેઠા. ભગતજીએ વાતો કરવા માંડી. તેથી સૌનાં ચિત્ત અને નેત્ર ભગતજીમાં જોડાઈ ગયાં. પછી કીર્તનો બોલાવ્યાં. પછી ભગતજી કહે : ''આ સર્વે ભક્ત ભેગા મળીને ભગવાનનાં ગુણગાન ગાય એ જ રાસ.'' એમ વાતોમાં જેતલસર જંક્શન આવ્યું. અહીં આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ ભેગા થયા અને સર્વેને ઘણો જ આનંદ થયો. મહારાજ તથા ભગતજી ભેગા બેઠા અને સૌ સંઘ જૂનાગઢ પહોંચ્યો.

જૂનાગઢમાં જન્માષ્ટમીનો સમૈયો

જૂનાગઢ સ્ટેશને સ્વામીશ્રી યોગેશ્વરદાસજી તથા અન્ય સાધુ, બ્રહ્મચારી, કોઠારી જીભાઈ વગેરે મળી આશરે ત્રણસો સંત-હરિભક્તો સામૈયું કરવા આવ્યા હતા. સ્વામી બાલમુકુંદદાસજી તો મહારાજ ભેગા હતા. આચાર્ય મહારાજ તથા ભગતજી સારુ દરબારી ત્રણ ગાડીઓ લાવ્યા હતા. તેને ફૂલહારથી શણગારી રેશમી ગાલીચા તેમાં પાથર્યા હતા. એક ગાડીમાં મહારાજ, બીજી ગાડીમાં સ્વામી બાલમુકુંદદાસજી, યોગેશ્વરદાસજી તથા બીજા વૃદ્ધ સાધુ અને ત્રીજી ગાડીમાં ભગતજી મહારાજ, ઝવેરીલાલભાઈ,

પુરુષોત્તમદાસ તથા નારણભાઈ ફોજદાર બેઠા હતા. પછી ઘણા જ ઠાઠમાઠથી વાજતે-ગાજતે સામૈયું થયું અને સર્વે મંદિરે પધાર્યા.

ભગતજીને દરવાજા ઉપર જ્યાં રઘુવીરજી મહારાજ આદિ આચાર્ય ઊતરતા હતા, ત્યાં ઉતારો આપ્યો અને ગુજરાતના સર્વે હરિભક્તોને તે ઉતારાની બાજુમાં જ પરસાળમાં ઉતારો આપ્યો. કોઠારી જીભાઈએ ભગતજી માટે આગળથી તમામ સગવડતા કરી રાખી હતી અને નવો ઢોલિયો, મશરૂનાં ગાદલાં તથા તકિયા, રજાઈ વગેરે ગોઠવી ભગતજીની અનન્ય ભાવે સેવા કરવાનો લહાવો લીધો હતો. આ બધી વ્યવસ્થાના મૂળમાં શાસ્ત્રીજી મહારાજ હતા, કારણ કે આ સ્થાનમાં ભગતજીનું અપમાન થયા પછી ઘણાં વર્ષે તેઓ પાછા પધારે ત્યારે તેમનું અનેકગણું સન્માન થવું જોઈએ; એવી પોતાની ઇચ્છા પાર પાડવા તેમને કોઠારી જીભાઈનો સાથ મળ્યો હતો. કોઠારી જીભાઈને ભગતજી ઉપર અત્યંત પ્રીતિ અને ભાવ અને ભગતજીનો મહિમા શાસ્ત્રીજી મહારાજ થકી ખૂબ જ જાણ્યો હતો, એટલે તેમણે આ અતિ દુર્લભ સેવાનો લાભ લઈ લીધો.

ભગતજી મહારાજ પધાર્યાના સમાચાર જૂનાગઢના હરિભક્તોને મળ્યા એટલે તુરંત જ એક પછી એક નાગર મંડળ, સાધુઓ વગેરે ભગતજી પાસે આવવા લાગ્યા. ઘણાં વર્ષે ભગતજીનાં દર્શન થયાં તેથી જાણે સાક્ષાત્ સ્વામીનાં દર્શન થયાં હોય એવો સર્વેને આનંદ થયો. આમ, ભગતજીને આસને સભા ભરાઈ ગઈ. નાગર હરિભક્તો સદાશંકરભાઈ ભગતજીના ઢોલિયા પાસે બેઠા હતા. તેમને ભગતજી કહે : ''અહો ! સ્વામી હતા ત્યારે શું સુખ આપ્યું ! જે જે ક્રિયા સોંપે તે જાણે મૂર્તિ જ આપી દે અને ક્રિયાનો તો ભાર રહેવા દે જ નહિ. નહિ તો આ સાલપાંખડા જેવા શરીરે આ હવેલીની ક્રિયા થાય ? ચૂનો ખૂંદાય ? પથરા ઊંચકાય ? પણ દરેક ક્રિયા સ્વામીની અત્યંત રાજીપાની મરજી જાણી, ટુક ટુક થઈને કરી, તો સ્વામીએ અખંડ મૂર્તિનું સુખ આપી દીધું અને સ્વામીએ તો જેમ વરસાદ વરસે અને ઘેર બેઠાં ખોબે ખોબે પાણી પી લઈએ તેવું સુખ કરી દીધું હતું. હવે જેમ વરસાદ ન હોય અને દોરડે ખેંચીને કૂવામાંથી પાણી કાઢીએ ત્યારે તરસ મટે તેમ થયું છે. સ્વામી હતા ત્યારે અમારે જે સુખ હતું તે સંભારતાં આનંદના ફુવારા છૂટે છે.''

જડ-ચૈતન્યનો વિવેક

એમ કહીને પોતે વાત કરી :

"જેવી આ જીવને જડ પદાર્થ વિષે લગની છે તેવી ચૈતન્યને વિષે નથી, એ જીવની અવળાઈ છે. તે જડ અને ચૈતન્યનો વિવેક જીવને થઈ જાય તો અવળાઈ ટળે. જ્યાં સુધી આ જીવને દેહ, ઇન્દ્રિયો અને અંતઃકરણ આદિ જડ તત્ત્વોનો સંબંધ છે, ત્યાં સુધી જીવ પણ તેના સંગે જડ જેવો થઈ રહે છે. તેથી એ જીવ પોતાના કલ્યાણને રસ્તે ચાલવા સમર્થ નથી થતો. આવા જડ ભાવમાં તેને સત્પુરુષનો જો સંબંધ થાય તો સત્પુરુષને વિષે પણ એવો જ ભાવ કલ્પે અને એમ જાણે જે, 'જેમ મારે દેહ, ઇન્દ્રિયો આદિનો સંબંધ છે અને તે વડે હું જે ક્રિયા કરું છું, તેમ આ પણ એમ જ ક્રિયા કરે છે.' પણ મૂર્ખો એમ નથી જાણતો કે પોતાની જે ક્રિયા તે તો પોતાની ઇન્દ્રિયોને લાડ લડાવવાને અર્થે અને દેહનું ભરણપોષણ કરી પુષ્ટિને અર્થે છે; જ્યારે આવા સત્પુરુષની ક્રિયા તો કેવળ ભગવાન કે ભગવાનના ભક્ત તેની સેવાને અર્થે છે. માટે આવા જે સત્પુરુષ તેની ક્રિયા તે ભક્તિરૂપ જ છે, નૈષ્કર્મ્ય જ્ઞાનરૂપ જ છે.[૧૪૦] અને તેથી તે ક્રિયાનું બંધન આવા મોટા સત્પુરુષને થતું જ નથી.

"પણ આવા ચૈતન્ય સ્વરૂપને વિષે જો એ જીવને લગની થાય છે, તો તેને જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તે સર્વે પ્રાપ્ત થાય છે. પછી તેને એમ નિશ્ચય થાય છે કે દેહને મૂકીને જેને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે. માટે જેને પરમપદ કહીએ, મોક્ષ કહીએ, તેને દેહ છતે જ પામ્યા છીએ.[૧૪૧] દેહ મૂકીને જે પ્રાપ્તિ કરવાની હતી એવી અતિ મહાન પ્રાપ્તિ જે દેખવામાં આવતી નથી, છતાં અલૌકિક અને સૂક્ષ્મ છે; તે પ્રાપ્તિ સાક્ષાત્ થઈ છે. પરંતુ આ વાત તો જે સત્પુરુષનો સમાગમ કરીને એમ વર્તતો હોય તેને જ સમજાય અને બીજાને કળ્યામાં પણ આવે નહિ."

જીવનું અસત્પુરુષપણું શું છે ?

"જ્યાં સુધી સત્પુરુષ તરફ સન્મુખનાં પગલાં આ જીવ નહિ લ્યે, ત્યાં

૧૪૦. ગ.મ. ૧૧.

૧૪૧. ગ.અં. ૨.

સુધી ભટકવાનું જ છે. માટે અંતર્દષ્ટિ કરીને વિચાર કરવો કે જ્યાંથી અચાનક ઉચાળા ભરવા છે તે ઠેકાણે ઉદ્યમ કરીએ છીએ અને જ્યાંથી કોટિ કલ્પે[૧૪૨] ઉચાળા ભરવાના નથી તે ઠેકાણે ઉદ્યમ નહિ, એ આ જીવનું મોટું અજ્ઞાન છે. અમારા મનમાં તો એમ જ સંકલ્પ છે કે બધાને નિર્વિષયી કરી દઈને અક્ષરધામમાં પરમપદના અધિકારી કરવા છે. પણ આ જીવને શિશ્ન અને ઉદર એ બેને વિષે આસક્તિ છે એ જ અસત્પુરુષપણું છે.[૧૪૩] વળી, ધન અને સ્ત્રી, તેમાં આસક્તિ છે ત્યાં સુધી એ જીવ સુખ-શાંતિ પામે તેમ નથી. માટે ધન અને સ્ત્રી - તેમાંથી આસક્તિ ટાળીને, દેહાભિમાન અને સ્વભાવને જ્યારે એ જીવ છોડશે, ત્યારે જ એને સુખ-શાંતિ થશે અને પરમેશ્વરની ભક્તિનો અધિકારી પણ થશે.''

તે પછી વર. ૧૬મું વચનામૃત વંચાવીને વાત કરી જે : ''ભગવાનના સુખ આગળ ચૌદ લોકનું જે સુખ તે નરક જેવું કહ્યું છે. પણ જીવને બહાર-દૃષ્ટિ થઈ છે તે હવે અવળું મોઢું કરવાનું છે. એવી અંતર્દષ્ટિ જ્યારે થશે ત્યારે ભગવાનને બાથમાં લઈને ભજનના સુખરૂપી અમૃતના ઓડકાર આવશે, પણ ખાલી ચાળા ચૂંથ્યે કંઈ નહિ વળે. માટે જે અણસમજણ અને અવિવેકે કરીને પંચવિષયમાં માલ મનાઈ ગયો છે, તે જો સત્પુરુષના સંબંધે કરીને જીવ ટાળી નાખે, તો સત્પુરુષ ભગવાનમાં માલ મનાવી દે.'' એમ અદ્‌ભુત વાતો કરી.

આ વાતોથી ઘણાં વર્ષે જૂનાગઢ સજીવન થઈ ગયું અને સ્વામી પ્રત્યક્ષ પ્રમાણ સ્વરૂપ સત્સંગમાં વિરાજમાન છે એમ સર્વેને પ્રતીતિ થઈ.

❀

અષ્ટમીને દિવસે સવારમાં વહેલા ઊઠીને પોતે નાહ્યા અને પૂજા કરી, સ્વામી જાગા ભક્તને આસને પધાર્યા.

આ અલૌકિક પ્રસંગ સત્સંગના ઇતિહાસમાં અપૂર્વ હતો, કારણ કે શાસ્ત્રીજી મહારાજે પોતાના બુદ્ધિચાતુર્યથી અને દીર્ઘદૃષ્ટિથી આ બંને સદ્‌ગુરુનો આ સ્થાને સંગમ કરાવી, બ્રહ્મજ્ઞાનની અલૌકિક છોળો ઊડે અને મુમુક્ષુ હરિભક્તોની કસર નીકળી જાય તે હેતુથી, આ પ્રસંગ યોજ્યો હતો.

---

૧૪૨. यद्‌गत्वा न निवर्तन्ते तद्‌धाम परमं मम ।

૧૪૩. ગ.મ. ૪૭.

વળી, આ પ્રસંગે ભગતજી મહારાજ તથા જાગા સ્વામીનો મહિમા બંનેના શિષ્યમંડળને સમજાય એ પણ મુખ્ય હેતુ હતો. શાસ્ત્રીજી મહારાજ પોતાની આવી અપૂર્વ બુદ્ધિમત્તાથી બંને સદ્‌ગુરુઓની આંખની કીકી સમાન બની ગયા હતા.

ભગતજી મહારાજને તો એક જ હેતુ કે આવા પ્રસંગે કથાવાર્તાનો સોપો ન પડવા દેવો, જેથી જીવ બ્રહ્મરૂપ જ થઈ જાય. વળી, મંદિરની, આચાર્ય મહારાજની તથા મોટા સદ્‌ગુરુની સેવા કરાવવી, જેથી દરેકનો મહિમા વધે અને દરેકને વિષે દિવ્યભાવ થાય. ભગતજીએ ઝવેરીલાલભાઈ પાસે જાગા સ્વામીની પૂજા કરાવી ધોતિયાં ઓઢાડ્યાં.

જન્માષ્ટમીનો સમૈયો ધામધૂમથી ઊજવાયો. સૌ ભગતજીનાં સાંનિધ્યમાં ઉત્સવ ઊજવી કૃતાર્થ થયા. બીજે દિવસે પારણાંની રસોઈ ઝવેરીલાલભાઈ તરફથી હતી. તે રસોઈમાં પણ ગોવિંદભાઈ માસ્તર તથા બીજા ગુજરાતના હરિભક્તોને શ્રદ્ધાપૂર્વક સેવા કરવાની એમણે આજ્ઞા કરી. આમ, આ વખતે તો પોતાનું જૂનું સ્થાન - તેને અવનવા રંગથી રંગી નવજીવન આપવું, એ મુખ્ય ઉદ્દેશ રાખી, તેમણે આ સમૈયામાં અલૌકિક વાતો કરી અને પોતાના ઐશ્વર્ય-પ્રતાપથી સૌનાં નાડી-પ્રાણ ખેંચી, મંત્રમુગ્ધ કરી દીધા.

મોટાપુરુષનાં કાર્ય જ તેમની મહત્તા ગાય છે. શ્રીજીમહારાજના સર્વોપરી કાર્યથી જ સર્વાવતારી પોતે સત્સંગમાં પ્રગટ થાય અને શ્રી ગુણાતીતાનંદ સ્વામી પોતાના આશ્રિતનું અજ્ઞાન દૂર કરી, પ્રગટ મહારાજમાં જોડી, અનંતનો ઉદ્ધાર કરી, સાચું ગુરુપદ સિદ્ધ કરી, મૂળ અક્ષર તરીકે સત્સંગમાં પ્રસિદ્ધ થયા. એમ ભગતજી મહારાજે પણ સ્વામીનું મૂળ અક્ષરપણું તથા મહારાજનું પુરુષોત્તમપણું સત્સંગમાં પ્રવર્તાવી, અનેકનાં અજ્ઞાન ટાળી, બ્રહ્મરૂપ કરી, બ્રહ્મમોહોલના અધિકારી બનાવી દીધા.

તે જ દિવસે શાસ્ત્રીજી મહારાજ રાજકોટથી શેઠશ્રી મોરારજીભાઈ સાથે પધાર્યા. તેમની સાથે રાજકોટથી અમૃતલાલ વકીલે ભગતજી ઉપર પત્ર મોકલ્યો હતો તે ભગતજીને આપ્યો. ભગતજીએ તે વંચાવીને કહ્યું : ‘‘હું તો અહીં તેરશ સુધી રોકાવાનો છું. પછી મહારાજ વધુ રાખશે તો રહીશ અને જો તેમની સાથે ગઢડે તેડી જશે તો ગઢડે જઈશ, નહિ તો અમદાવાદ જઈશ અને ત્યાં પણ આંહીંની માફક રૂા. ૧૦૦૦/- ખર્ચીને સેવા કરવી છે. માટે વકીલને

કહેવરાવજો કે તેરશ સુધીમાં દર્શન કરવા આવવું હોય તો આવી જશો.''

નવમીને દિવસે ભગતજીના આસને મંદિરના સાધુ આવ્યા અને ભગતજીને દંડવત કરી ઢોલિયા પાસે બેઠા. નાગર હરિભક્તોનું મંડળ તથા ગુજરાતના સર્વે હરિભક્તો પણ બેઠા હતા. ભગતજી ઢોલિયામાં વિરાજમાન થયા હતા અને ખૂબ જ આનંદમાં હતા. ભગતજીને જોઈને સાધુઓએ કહ્યું : ''આ તો તમારું જૂનું સ્થાન ગણાય. તે ઉપરથી તમે હેત ઉતારી દીધું તે ઠીક નહિ.''

ત્યારે ભગતજી બોલ્યા : ''તમે એમ ના બોલો. મને તો મહારાજ આજ્ઞા કરે ત્યારે આવું ને ? આપણે તો જેવું આજ્ઞામાં સુખ એવું બીજી કોઈ વાતમાં સુખ નથી અને આજ્ઞામાં વર્તીએ તો હૈયામાં શાંતિ રહે.''

પછી પોતે વાત કરી : ''શ્રીજીમહારાજે કલ્યાણ તો સત્પુરુષ દ્વારાએ જ રાખ્યું છે, માટે એવા સત્પુરુષ જ્યારે મળે ત્યારે તેમાં સર્વ પ્રકારે જોડાઈ જવું, જેથી તે મહારાજમાં જોડી દે.''

પછી પ્રગટના મહિમાની બહુ વાતો કરીને કહ્યું : ''ભગવાન વિના બીજા સંકલ્પ થાય ત્યારે કપાળમાં બળબળતો ડામ દે તથા પંચામૃત ભોજનમાં કાંકરા નાખે, તેવું વસમું લાગવું જોઈએ. વળી, કલ્યાણના માર્ગમાં સ્ત્રી વિઘ્નરૂપ છે, એ પ્રમાણે જાણી ઉદાસી થવું. અને એમ વિચારવું કે સ્ત્રીની પ્રાપ્તિ તો અનેક જન્મમાં થઈ છે અને એ જ કર્મ કર્યાં છે. વળી, મનને કહેવું કે 'મારે ભગવાન ભજવા છે.' એમ ઈશક લાગે ત્યારે કેફ જુદો વર્તે.''

તે ઉપર નીચેનું કીર્તન બોલાવ્યું :

'પિયા પાયા તો ફિર ક્યા સોના,
પિયા પાયા જબ સાર સબનકો, હાડ માંસ ક્યા જોના...પિયા.'

એ કીર્તન બોલાવીને કહ્યું : ''હવે હાડ-માંસને શું કરવા જોવું ? હવે તો આવા સાધુને સંગે રહ્યા સિવાય અંતર ધગતું મટવાનું નથી.''

પછી *'ચિંતામણિ સુંદર લાધી રે, રાંક થઈને શીદ ફરું ?'* એ બોલીને કહે : ''હવે તો આવા સંતને વિષે જ જોડાઈ જવું, પણ એળે જન્મ ગુમાવવો નહિ.''

ત્યારે નારણભાઈએ પૂછ્યું : ''એળે જન્મ ગુમાવ્યો કોને કહેવાય ?''

ત્યારે ભગતજી કહે : ''જેને આવા ભગવાનને સાક્ષાત્ ધારણ કરી

રહેલા સંત ન ઓળખાય અને ઓળખાય તો પણ સર્વ પ્રકારે તેમાં ન જોડાવાય, તો જન્મ એળે ગયો કહેવાય.''

ત્યારે નારણભાઈએ પૂછ્યું : ''એવા પિયા ઓળખાયા હોય તેને સૂવાનું નથી રહેતું એટલે શું ?''

ત્યારે ભગતજી કહે : ''એને સૂવાનું તો ખરું, પણ એ સુષુપ્તિમાં જાય તો પણ ભગવાનની મૂર્તિના સુખના ચસકારા લ્યે. એનું સૂવું પણ સત્ત્વગુણી હોય છે અને ભજનનો દોર અખંડ ચાલુ જ રહે છે.''

એટલી વાત કરીને ભગવત્‌જીવનદાસજી, સ્વામીના વખતના સાધુ હતા, તેમને જોઈને સ્વામીના વખતની પોતાની કેટલીક વાતો કરી : ''આપણે સ્વામીની સાથે વાડીએ કાંકરા વીણવા જતા. વળી, સાંખડાવદરના બીડમાં ખડ કાપવા ગયા હતા, ત્યાં વરસાદ આવ્યો ત્યારે ચાદરો સીવીને સ્વામીના માથા ઉપર ધરી દીધી. વળી, નવી હવેલીમાં પાયા ખોદ્યા, ચૂનાની ભઠ્ઠી નાખી, ચૂનો ખૂંદ્યો અને પથરા ઉપર મરેલ કૂતરું પડ્યું હતું તેને નાખી દીધું, એઠવાડની કૂંડીમાં નાહ્યા.'' ઇત્યાદિક પોતાનાં ચરિત્રની ઘણી જ વાતો કરી, જે સાંભળી ત્યાં બેઠેલા સર્વે હરિભક્તોને તથા સંતોને ખૂબ જ આનંદ થયો. પછી પોતે બોલ્યા : ''આમ જ્યારે મોટાના ચરિત્રમાં મનને ગૂંચવી મેલીએ, ત્યારે સત્ત્વ, રજ અને તમના રજકણો બદલાઈને મોટાના સંબંધે નિર્ગુણ થઈ જાય અને પરમ શાંતિ થાય.'' એવી અદ્‌ભુત વાતોની મેઘવર્ષાથી સર્વે તૃપ્ત થઈ ગયા.

એટલી વાત થઈ ત્યાં 'વાસુદેવ હરે' થયા એટલે સર્વ સભાને ઊઠવાની આજ્ઞા કરી અને પોતે સાધુ, બ્રહ્મચારી તથા પાર્ષદ જમવા બેઠેલા તેની પંક્તિમાં દર્શન કરવા પધાર્યા. ત્યાંથી આવી સ્વામી જાગા ભક્તના આસને આવ્યા. ત્યાં થોડી વાર વાતો કરી સ્વામી બાલમુકુંદદાસજીના આસને આવ્યા. ત્યાં પોતે વાત કરી : ''સત્પુરુષમાં જે જે જોડાયા છે તેના ઉપર સહેજે કૃપા થાય છે, પણ જો નિષ્કપટ થઈ જોડાય તો મોટાપુરુષની અનુવૃત્તિએ કરીને વધુ સુખ રહે છે. પછી એણે સત્પુરુષ અને સત્‌શાસ્ત્રનાં વચને કરીને દૃઢ વૈરાગ્યને પામવું જોઈએ. વળી, બ્રહ્મચર્ય પણ રાખવું જોઈએ અને આત્મનિષ્ઠ પણ થવું જોઈએ.''

ત્યારે સ્વામી બાલમુકુન્દદાસજી બોલ્યા : ''ત્યારે જ મોટાપુરુષની કૃપા

થાય છે.''

સભામાં યોગેશ્વરદાસજી પણ બેઠા હતા. તેમની પાસે આવી, તેમને પગે લાગી, 'જય સ્વામિનારાયણ' કહી, અક્ષરપુરુષદાસજી વચનામૃતની કથા કરતા હતા, તેમને હસીને પૂછ્યું : ''સ્વામી હતા તે વખતની જેમ આંખમાંથી આંસુ પડે છે ?''

ત્યારે તેમણે કહ્યું : ''હા, એવું જ થાય છે.''

ત્યારે બોલ્યા : ''અહો ! છેલ્લાં સાત વરસ એમણે સ્વામીની ઘણી જ સેવા કરી છે. હવે સ્વામીને મૂકીને શી રીતે જુદા રહી શકે ? આવું જબરું પ્રેમલક્ષણા ભક્તિનું એમનું અંગ છે.'' એમ કહી ત્યાંથી પોતે ઊઠ્યા.

ભગતજી ઝવેરીલાલભાઈનો તથા યજ્ઞપુરુષદાસજીનો હાથ પકડી ચોકમાં હરિભક્ત કાઠીઓ વગેરે બેઠા હતા, તેમનાં દર્શને પધાર્યા. તે સર્વેને જોઈને ઝવેરીલાલને કહેવા લાગ્યા : ''ઝવેરીલાલભાઈ ! આ સર્વે બ્રહ્મની મૂર્તિઓ છે ને વૃંદાવનના ગોપ, ઉદ્ધવ, અક્રૂર અને સુદામા જેવા છે.''

એમ કહીને બાઈઓની પંક્તિમાં એકલા ઝવેરીલાલભાઈને લઈને આવ્યા અને બોલ્યા : ''આ સર્વે બાઈયું તે સીતાજી, રૂક્ષ્મણી અને પાર્વતી જેવી છે.'' એમ સર્વેનો અપાર મહિમા ઝવેરીલાલને સમજાવી પોતાને ઉતારે પધાર્યા. પછી મહારાજશ્રીએ શીરો તથા દૂધ મોકલાવ્યું હતું, તે જમીને થોડી વાર ઢોલિયે પડખાભેર થયા.

બપોરે ભગતજી પોઢીને ઊઠ્યા ત્યારે મંદિરના કેટલાક સાધુઓ ભગતજી પાસે આવ્યા. એટલે ભગતજી ખાટલામાં બેઠા થયા અને સાધુ સર્વે દંડવત કરી પાસે બેઠા. ભગતજી તેમને જોઈને બોલ્યા : ''ઓહો ! સાધુરામ, તમારાં તો અતિ મોટાં ભાગ્ય છે કે આ સાક્ષાત્ સ્થાનમાં જ્યાં સ્વામી ચાલીસ વર્ષ રહ્યા તે સ્થાનનો તમને અખંડ સંબંધ છે. માટે જ્યાં સ્વામી બેસતા, જ્યાં નાહતા, જ્યાં જમતા, એ સર્વે સ્થાન સંભારી સ્વામીની અલૌકિક લીલા સંભારશો, તો ભગવાનમાં અતિશય હેત થઈ જશે. માટે હંમેશાં એવી જ ટેવ રાખવી. પણ આ બીજા જેમ કહે છે કે 'પ્રાગજીએ તો સત્સંગ ચૂંથી નાખ્યો અને ઉપાસના ફેરવી નાખી' એમ અમારો અવગુણ લ્યે છે, એવું ન કરવું.''

ત્યારે એક સાધુ હાથ જોડીને બોલ્યા : ''ભગતજી ! એવું તો કોઈ કહેતું નથી.''

ત્યારે ભગતજી અલૌકિક ભાવમાં આવી ગયા અને કહ્યું : ''નથી શું કહેતા ? અમે બધું જાણીએ છીએ. પણ આવા સાધુથી નોખા પડાય ત્યારે નરકમાં પડ્યા જેવું દુઃખ થવું જોઈએ. અમારે ક્યાં બીજો સ્વાર્થ છે ? અમે તો સૌને જગતમાંથી તોડી ભગવાનમાં જોડીએ છીએ.''

સાચો ઉપાસક કોને કહેવાય ?

''વળી, ઉપાસનાની શુદ્ધ રીત તો મોટા સત્પુરુષ થકી જ સમજાય છે. તે સિવાય તો 'ઉપાસના ફરી, ઉપાસના ફરી,' એમ બોલવાથી ઉપાસના જળવાશે નહિ. શુદ્ધ ઉપાસનાની તો એમ રીત છે કે ભગવાનને સદા સાકાર સમજે, દિવ્ય સમજે, સર્વોપરી સમજે, પ્રગટ સમજે, કર્તા સમજે અને પોતે બ્રહ્મરૂપ થાય તો પણ ભગવાનના સ્વરૂપને વિષે આવી જે નિષ્ઠા તે કોઈ કાળે નાશ પામે જ નહિ અને ભગવાનના સર્વોપરી સદા દિવ્ય સાકાર સ્વરૂપનું જ પ્રતિપાદન કરે, એ ઉપાસનાવાળો છે. એવી ઉપાસના તો અમારે અતિશય દૃઢ છે. અમે શ્રીજીમહારાજને સર્વોપરી, સદા દિવ્ય સાકાર મૂર્તિ અને કર્તા થકા અકર્તા, કર્તુમકર્તુમ્, અન્યથાકર્તુમ્ શક્તિવાળા સમજીએ છીએ અને તેમાં જો લગારેક ફેર હોય તો તમારા જેવા બ્રહ્મવેત્તા સાધુના સમ છે.

''વળી, શ્રીજીમહારાજને ભજી ભજીને અનંત પ્રકારના મુક્ત થાય છે. મચ્છરથી તે ગરુડ સુધી મુક્તોના અનંત ભેદ તે પણ ઉપાસનાના ભેદે કરીને જ પડ્યા છે. આ ભેદ મહારાજે બતાવ્યા તેનું શું કારણ ? કે જેટલું જેટલું એ મુક્તને મહારાજનું સ્વરૂપ, સ્વભાવ, ઐશ્વર્ય, ગુણ, પ્રતાપ, શક્તિ, બળ, વીર્ય, ઓજસ, અનવધિકાતિશય શક્તિ, સર્વોપરીપણું સમજાયું, તેટલું જ તેને ઉપાસનાનું સ્વરૂપ બંધાયું અને તે પ્રમાણમાં તેની સ્થિતિ મચ્છર જેવી, અધિક સ્વરૂપની નિષ્ઠા બંધાણી તો ચરકલા જેવી, તેથી અધિક શ્રીજીમહારાજને વૈરાટ પુરુષ જેવા, પ્રધાનપુરુષ જેવા કે પ્રકૃતિપુરુષ જેવા સમજીને ઉપાસના કરતા ગયા, તેને તેવી તેવી સ્થિતિવાળા મુક્તની અનળ પક્ષી સુધીની ઉપમા શ્રીજીમહારાજે આપી. જે મુક્તો શ્રીજીમહારાજને સર્વોપરી, સદા દિવ્ય સાકાર મૂર્તિ અને અક્ષરધામના અધિપતિ સમજ્યા, તે મુક્તોને ગરુડની ઉપમા આપી. ગરુડના જેવી શક્તિવાળો - ઉપાસનાવાળો - ઉત્તમ મુક્ત, જેમ જેમ મહારાજનો અધિક અને અધિક મહિમા સમજે છે, તેમ તેમ મહારાજને વિષે

સ્વામી-સેવકપણાનો ભાવ પણ તેને અતિ દઢ થતો જાય છે. એ મુક્તનો પ્રકાશ પ્રલયકાળના અગ્નિ જેવો - મહાતેજ જેવો - થતો જાય છે અને એના પ્રભાવમાં સર્વેને એ લીન કરવા સમર્થ થાય છે. વળી, એનું સુખ અને સામર્થી પણ ભગવાનની ઉપાસનાના બળથી અને દઢતાથી વધતા જાય છે. માટે જેને ઉપાસનાની દઢતા છે તેમાં જ ઐશ્વર્ય, શક્તિ, પ્રભાવ, તેજ વધારે હોય છે. પોતાના એ ઐશ્વર્ય અને પ્રભાવથી શ્રીજીમહારાજને વિષે ઓછાભાવની ઉપાસનાવાળા ભક્તોને એ લીન કરી નાખે છે. એટલે એવાને મત્સર ઊપજે છે અને તેજોવધ થવાથી 'ઉપાસના ચૂંથી નાખી' એમ કહે છે. પણ જે બુદ્ધિશાળી હોય તેને જ જણાય કે ખરી ઉપાસનાવાળો કોણ છે.

''તમે તો બધા મારા ભાઈબંધ છો. તે અહીં બેઠેલા આ ગુજરાતના હરિભક્તોને પૂછો કે મારા સંબંધ થકી મહારાજનું સુખ કેવું આવે છે ? મારે અને શ્રીજીમહારાજને અણુમાત્ર છેટું નથી અને હું બોલું છું તે પણ મહારાજની મૂર્તિને અખંડ ધારીને જ બોલું છું. તે આજ તો તમને નહિ દેખાય પણ જો ત્રણ ગુણ, ત્રણ દેહ અને ત્રણ અવસ્થાના ભાવથી પર થઈ જશો તો શ્રીજી સાક્ષાત્ દેખાશે. હું તો શ્રીજીમહારાજનો દાસ છું. પણ જેમ વડવાનળ અગ્નિ ખારા જીવને મીઠા કરી નાખે છે તેમજ જે આ જગતના ખારા અને નકારા જેવા જીવ આ સંબંધને પામે છે, તેને પરમ ભક્ત બનાવી શ્રીજી-મહારાજની મૂર્તિ આપી દઉં છું. આટલો તો પ્રતાપ સ્વામી થકી પામ્યો છું.''

એમ કહીને ઉદ્ધવ ગીતાનું નીચેનું ૧૦૪મું કડવું વંચાવ્યું :

વળી બોલિયા ઉદ્ધવ વાણી, ઉર ભાવ અલૌકિક આણી.
વ્રજનારીની પગરજ એહ, વૃંદાવન વિષે પામે છે જેહ.
તૃણ ગુછ વેલી અપાર, તેને મધ્યે હું ધરી અવતાર.
વ્રજનારી ચરણરજ સાર, જેમ પામું તે કરવો વિચાર.
તજ્યાં માતાપિતા સુત ભાઈ, તજી કુળ મરજાદ સગાઈ.
અતિ દુસ્ત્યજનો કરી ત્યાગ, કીધો હરિસંગ દઢ અનુરાગ.
કીધો મુકુંદ મુરારિ શું પ્યાર, શ્રુતિ ખોળે જે વારમવાર.
માટે વ્રજવધૂ બ્રહ્મસ્વરૂપ, હરિની પ્રમદ પરમ અનૂપ.

આટલું વંચાવીને પછી વાત કરી : ''શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું : 'મારે અર્થે તજ્યાં જે સ્વજન અને બાંધવ એવા જે ભક્તો તે તો વિષય થકી વૈરાગ્યને

પામીને, સ્વધર્મે કરીને, ઇન્દ્રિયો જીતીને, બ્રહ્મસ્વરૂપ થઈને, પુરુષોત્તમ નારાયણને ભજે છે અને તેની સેવામાં ભગવાન અને લક્ષ્મી છે.' બધા કહે છે કે 'હિંડોળા ખાટમાં હીંચ્યા કરે છે તે એવું આ ચીંથરાફાડને ક્યાંથી હોય ?' પણ સ્વામીને અર્થે સગાં, વહાલાં, કુટુંબી, દેહ વગેરેનો ત્યાગ કરી, સ્વામીમાં સર્વ પ્રકારે જોડાઈ ગયો હતો. આ મંદિર કર્યું ત્યારે આટલી પોતડી પહેરીને સેવા તો એવી કરી છે કે સોપો જ પડવા દીધો નથી. તેમ ભજનમાં પણ એવો આગ્રહ રાખ્યો છે. વળી, અપમાન પણ એવાં સહન કર્યાં છે કે મંદિર બહાર કાઢી મૂકે કે તિરસ્કાર કરે તો પણ સમભાવ રાખ્યા છે અને અલ્પ વચનમાં પણ ફેર પડવા દીધો નથી. ત્યારે હવે ભગવાનનું સુખ આવે છે.''

એમ કહીને પુરુષોત્તમદાસ પાસે,

'હાંજી ભલા સાધુ, હરિકી સાધ,
તનકી ઉપાધિ તજે સોઈ સાધુ.'

એ કીર્તન બોલાવ્યું અને પછી વાત કરી :

''*ત્યાગે તીખાં તમતમાં* - એનું એમ જે આજ્ઞાએ કરીને ગમે તેવું ભોજન જમતો હોય, તેમાં ખોબો પાણી મેળવીને જમે, તેને બાધ અડતો નથી. નહિ તો એટલો રાગ કહેવાય. *'મઠ ન બાંધે મમતા કરી'* તેનું તો એમ જે પોતાને અર્થે જુદી જાયગા ન કરે. જે પોતાને માટે, કેવળ પોતાના અહં-મમત્વને પોષવા એ પ્રમાણે કરે, તે રાગ કહેવાય. એવા રાગ, દ્વેષ કે મમત્વનો ત્યાગ કરે, તે જ સાચો સાધુ.''

શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ એ જ ખરું સ્વરૂપ છે

પછી પોતે વાત કરી : ''પુરુષોત્તમ ભગવાનનું ખરું સુખ ક્યારે આવે ?'' તેનો ઉત્તર પોતે જ કર્યો : ''જ્યારે સંબંધીનું હેત તૂટે, ત્યારે ખરું સુખ આવે. એક કોરે સ્ત્રીમાં હેત હોય અને એક કોરે સ્વામિનારાયણનું ભજન કરે, તે શું ભગવાનમાં હેત થાય ? માટે જ્યારે આ મનુષ્ય દેહ મળ્યો અને ભગવાને દેહ સાજો રાખ્યો, ત્યારે દેહરૂપી પતરાવળું રાખીને, ભગવાનની ભક્તિરૂપી લાડવા જમી લેવા. પતરાવળાં વગર જમીન ઉપર લાડવા ન ખવાય. પ્રભુ ભજવા દેહ તો જોઈએ અને દેહ સાજો પણ રાખવો જોઈએ. પતરાવળું ફાટેલું હોય તો તેને થીંગડું દેવું, તેમ દેહમાં રોગ હોય તો તેનું

ઔષધ કરવું, પણ દેહને સાજો કરી ભગવાનના ભજન સિવાય બીજો સંકલ્પ તો આ દેહે કરવો જ નહિ. અને આ દેહને પોતાનું રૂપ માનવું નહિ. પ્રકૃતિ-પુરુષથી પર અને શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ એ જ મારું સ્વરૂપ છે એમ અખંડ માનવું. અને અનંત કોટિ બ્રહ્માંડનાં વિષયસુખ ભેળાં કરીએ તો પણ પુરુષોત્તમ નારાયણની મૂર્તિના એક રોમના કોટિમા ભાગની પાસંગમાં પણ આવે તેમ નથી. એવા જે પુરુષોત્તમ ભગવાન તે જ મારા જીવમાં બેઠા છે, એમ જાણીને ભજનના સુખે સુખિયા થવું અને વિષયને આનંદે આનંદ માનવો નહિ.'' એટલી વાત કરી ત્યાં બેઠેલા સર્વ સાધુ તથા હરિભક્તોને આનંદ પમાડ્યો.

એટલામાં આચાર્ય મહારાજના સેવક આવ્યા અને તેમણે ભગતજીને કહ્યું : ''મહારાજે આપને સારુ થાળ ઉતારે મોકલ્યો છે.'' એટલે ભગતજી કથાની સમાપ્તિ કરીને ઊઠ્યા.

સોનાના સિંહાસન ઉપર બેસારી સોનાની આરતી ઉતારીએ તો પણ ઓછું છે

સ્વામી બાલમુકુંદદાસજીના શિષ્ય નાગર હરિભક્ત ડૉક્ટર ઉમિયાશંકર આ સભામાં હતા. તે કથાની સમાપ્તિ થઈ એટલે ઊઠ્યા અને સ્વામી બાલમુકુંદદાસજી પાસે આવીને તેમને પૂછ્યું : ''સ્વામી ! આ કેવું અઘટિત ! પ્રાગજી ભગત જેવા દરજી ઢોલિયા ઉપર બેસે અને સાધુ તેમને દંડવત કરે ?''

એ સાંભળી સ્વામી હસ્યા અને તેમને શાંત પાડી કહ્યું : ''પ્રાગજી ભક્તને તમે ઓળખ્યા નથી. તેમણે તો ગુણાતીતાનંદ સ્વામીને એવા રાજી કરી દીધા છે કે સાવ સોનાનું સવાસો પગથિયાંનું સિંહાસન કરી, તેમાં તેમને બેસારી, સવાસો દીવાની આરતી જો કરીએ તો પણ તે ઓછું છે.''

સ્વામીની આ વાત સાંભળી ડૉક્ટર શાંત થઈ ગયા. તેમને સ્વામીનો વિશ્વાસ હતો એટલે સ્વામીના આ વચનથી ભગતજીનો ઘણો જ મહિમા સમજાયો.

ભગતજી ઉતારે પધાર્યા અને સાંજનો થાળ જમ્યા. પછી સાંજની સભામાં સાધુઓની પૂજા કરી ધોતિયાં ઓઢાડવાનાં હતાં. તેથી જગન્નાથીના તાકા મગાવ્યા હતા. તેમાંથી ફાડી ફાડીને વ્યવસ્થા કરવા માંડી. સાંજે સભા થઈ એટલે પોતે સભામાં પધાર્યા. આચાર્ય મહારાજશ્રીની પૂજા કરીને પોશાક

ધરાવ્યો અને આરતી ઉતારી. ગાદીવાળાને પણ રૂા. ૨૫/- ભેટ મોકલ્યા. પછી સર્વે સાધુ, બ્રહ્મચારી, પાર્ષદ વગેરેની પૂજા કરી સર્વેને ધોતિયાં ઓઢાડ્યાં.

પછી તો આચાર્ય મહારાજને દામોદર કુંડે નાહવા જવાનો સંકલ્પ હતો અને ભગતજીને પણ કહ્યું હતું. પણ પોતે વિચાર માંડી વાળ્યો અને સર્વે સભા ઊઠી એટલે પોતે ઉતારે પધાર્યા.

ગુણના ભાવથી રહિત થાય ત્યારે ભક્તિનું સુખ આવે

ભગતજીના ઉતારે ધર્મજના પટેલ મકનદાસ, જે જૂનાગઢ રાજ્યમાં સર્વે ખાતામાં નોકરી કરતા હતા, તે દર્શને આવ્યા. ભગતજીની સાથેના બીજા હરિભક્તો તથા કેટલાક સંતો જે દામોદર કુંડે નાહવા નહોતા ગયા તે સર્વે ભગતજી નાહવા નથી ગયા એમ જાણી ભગતજીને ઉતારે આવ્યા. ભગતજી ઢોલિયામાં બેઠા હતા અને સભા ભરાઈને બેઠી હતી. એટલે મકનદાસને ઉદ્દેશીને વાત કરવા લાગ્યા :

"શમ, દમાદિક તે સત્ત્વગુણની સંપત્તિ છે; કામ, ક્રોધાદિક તે રજોગુણની સંપત્તિ છે; આળસ, નિદ્રાદિક તે તમોગુણની સંપત્તિ છે; માટે જ્યાં સુધી ગુણનો ભાવ રહેશે ત્યાં સુધી તે તે ગુણની સંપત્તિરૂપ જે દોષ તે જણાયા વગર રહેશે નહિ અને ભક્તિનું સુખ આવશે નહિ. માટે જ મહારાજે કહ્યું છે : 'બ્રહ્મરૂપ થઈને ભગવાનની ભક્તિ કરવી.' 'ब्रह्मभूतः प्रसन्नात्मा' એમ જે વર્તતા હશે તેની જ વૃત્તિ પરમેશ્વર વિષે રહેતી હશે. સત્પુરુષના સંબંધે કરીને જ્યાં સુધી પૂરેપૂરું બ્રહ્મરૂપ ન થવાય, તો પણ પોતાને બ્રહ્મરૂપ તો માનવું અને દેહ, ઈન્દ્રિયોની એકે ક્રિયા પોતાને વિષે માનવી નહિ. એમ જીવાત્માને દેહ, ઈન્દ્રિયોની ક્રિયાથી છૂટો પાડવાની ટેવ પડશે તો એક દિવસ જરૂર જીવાત્મા છૂટો પડી જ જશે."

પરમાનંદી ઓળખવા

"જાણપણારૂપ દરવાજે રહેતાં શીખીએ તો ગુણ પણ ઓળખતાં આવડે. પોતામાં કયા ગુણ પ્રવર્તે છે તે ઓળખાય એટલે તેની ક્રિયાને વિષે પ્રવર્તાય નહિ અને જાણપણું રહેવા માંડે. આવી રીતે વર્તતાં ત્રણે ગુણની સમતા થઈ જશે અને પછી સત્પુરુષના સંબંધે કરીને ગુણાતીત થઈ જવાશે.

એવાના ઉપર જ મોટાપુરુષની કૃપા થાય છે. પછી તેને પોતાના જેવો કરી દે છે. સત્પુરુષનો સંબંધ તો થયો પણ સત્પુરુષ પાસે જે સચ્ચિદાનંદ બ્રહ્મનું સુખ છે તે લેવાય નહિ તો સંબંધ શા કામનો ? માટે ભજનાનંદી થવું અને પરમાનંદી ઓળખવા. આનંદ ત્રણ પ્રકારનો છે.''

તે ઉપર સાખી બોલ્યા :

'વિષયાનંદી સબ જક્ત હૈ, ભજનાનંદી હરિદાસ;
પરમાનંદી જીવનમુક્ત હૈ, જ્યાકી ભયી વાસના નાશ.'

એમ કહીને પછી બોલ્યા : ''એવો આનંદ સત્પુરુષને વિષે જીવ જડી દઈએ ત્યારે આવે.''

સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાની પરવશતા કેમ ટળે ?

પછી મકનદાસે પૂછ્યું : ''મહારાજ ! એવા કામાદિક અને વિકારનું જાણપણું જાગ્રત અવસ્થામાં તો પ્રયત્ન કરીને રાખીએ, પણ બીજી બે અવસ્થામાં તો જીવ પરવશ થઈ જાય છે અને વિકારથી ભ્રષ્ટ થાય છે. ત્યારે શું કરવું ?''

એટલે ભગતજી તેમનાં સામું કરુણા દૃષ્ટિએ જોઈને બોલ્યા : ''જેણે પોતાનો જીવ સત્પુરુષને સોંપી દીધો હોય, તેના જીવને સત્પુરુષ સ્વપ્ન અને સુષુપ્તિમાં કામાદિક દોષને વશ થવા દેતા નથી. કારણ કે એ જીવ પોતાને વશ થયો છે પણ પરવશ ઇન્દ્રિયો, અંતઃકરણને વશ નથી. તેથી સત્પુરુષ પોતે જ તેની સંભાળ રાખે છે અને જીવને જાળવે છે. માટે જાગ્રતમાં જો ખબરદાર થઈને મંડશો અને કામાદિક દોષના પેચમાં નહિ આવો, તો બીજી બે અવસ્થાના જવાબદાર અમે છીએ. કારણ કે તે તે અવસ્થાને વિષે એ જીવને કર્માનુસારે ફળને પમાડનારા છે તે જ પરમાત્મા પરબ્રહ્મ છે અને તેના ધારક સંત પણ છે. માટે જાગ્રતમાં સત્પુરુષના સંબંધનું અખંડ જાણપણું રાખી જો કર્મ કરશો, તો સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થામાં ભગવાન એવાં રૂડાં કર્મનું ફળ આપશે અને અખંડ જાળવશે.''

જાણપણારૂપ દરવાજે રહીએ તો ગુણની નિવૃત્તિ થાય

''સત્ત્વગુણ વર્તે ત્યારે સંકલ્પ થાય પણ તેને વિચાર કરીને ટાળી નાખે

અને સંકલ્પની ક્રિયામાં કોઈ રીતે ભળે નહિ, એવાને સદા અંતરે સુખ રહે. પણ તમોગુણમાં તો આંધળોભીંત થઈને સંકલ્પની ક્રિયામાં ભળી જ જાય અને ભટકાઈને પાછો વળે. સંકલ્પ થાય અથવા કોઈ શબ્દ કહે ત્યારે ગુણના ભાવમાં આવી જવાય અને જાણપણું ન રહે. મુક્તાનંદ સ્વામીને બધા વઢવા લાગ્યા અને કહ્યું : ''તમે તો માર્ગી પંથના છો અને ગાંડા થઈને ઘરત્યાગ કર્યું છે. વળી, સાધુતા તો બે આની જ છે.' ત્યારે મુક્તાનંદ સ્વામીએ બે હાથ જોડી કહ્યું : 'હા, એમ જ છે.' પણ કોઈ રીતે એ શબ્દને હૈયામાં પેસવા દીધા નહિ. મહારાજને આ વાતની ખબર પડી એટલે મહારાજ સૌને વઢ્યા અને કહ્યું : 'ખબરદાર, જો એમ બોલ્યા છો તો. અમે ગુરુ કર્યા હશે તે કાંઈ જોયા વિના કર્યા હશે ?' એમ જેનામાં ગુણની નિવૃત્તિ થઈ ગઈ હોય અને અખંડ જાણપણારૂપ દરવાજે રહેતા હોય, તેમાં ગુણ દાખલ થઈ શકે નહિ.''

આ તો હજુ પાન-સોપારી આપ્યાં છે

એટલી વાત કરીને હસીને બોલ્યા : ''આ જે તમોને વાત કરી છે તે કેવી છે ? તો જેમ આપણે ઘેર કોઈ અજાણ્યા આવે ત્યારે પ્રથમ તો આપણે પાન-સોપારી આપીએ. પછી વિશેષ ઓળખાણ થાય અને સમાસ થાય ત્યારે નાસ્તો આપીએ. તેમ આ તો હજુ પાન-સોપારી આપ્યાં છે. વળી, હેત થયું છે તો કાલે નાસ્તો આપીશું. ભૂખ છે તે તો કોળિયે કોળિયે ધીરે ધીરે જશે, પણ કેવળ વાત કર્યે જાય નહિ. તેમ જ્ઞાન પણ ધીરે ધીરે થશે. જ્ઞાન થયા વિના અંતરનું અંધારું ટળશે નહિ. મેં પણ સ્વામી પાસે બહુ દિવસ રહીને સેવા કરી ત્યારે સ્વામી રાજી થઈ ગયા. ચાલીસ દિવસમાં ચંદની કરી દીધી ત્યારે સ્વામી એટલા બધા રાજી થઈ ગયા કે વંડામાં લઈ જઈ મને કહે : 'તારા ઉપર બહુ રાજી થયો છું, તે પચાસ-સાઠ હજાર રૂપિયા દઈ દઉં.' ત્યારે મેં કહ્યું : 'જો ખરેખરા રાજી થયા હોય તો તમારું જ્ઞાન દિયો, અને તમારું ઘર બતાવો કે તમો ક્યાંના વાસી છો.' પછી એ બધું જ દેખાડ્યું. પછી મેં આશ્ચર્ય પામીને કહ્યું : 'આમ છે ત્યારે ગોદડીમાં કેમ ગરી રહ્યા છો ?' ત્યારે સ્વામી કહે : 'બોલ મા, બોલ મા.' એમ પોતાનાં ચરિત્રની ઘણી વાતો કરી તે શા માટે ? કે મોટાપુરુષોએ ભગવાનને વશ કરવા આવા દાખડા કર્યા છે. તેમની જેમ આપણે પણ મંડી પડવું.''

એટલી વાત કરીને કહ્યું : ‘‘આ જીવને જન્મ-મરણનું દરદ ચોંટ્યું છે. માટે દરદ મટે એવું કીર્તન બોલો.’’

પછી પુરુષોત્તમદાસ પાસે *‘દરદ મિટાયા મેરા દિલકા...’* અને *‘સદ્‌ગુરુ બાણ ઘાયલ કર્યું જીવે જેને વાગ્યાં રે...’* એ બે કીર્તનો બોલાવીને ઘણી વાત કરી.

પછી એક હરિભક્ત કેરી લાવ્યા હતા. તેની એક ચીર જમીને બીજી પ્રસાદીની સર્વેને વહેંચી દીધી. નાગર સદાશંકરભાઈની આગળ સ્વામીની કેટલીક વાત કરી. પોતે જે જે સાધન કરેલાં અને સ્વામીએ જે જે વાતો કરેલી તે બધી વિસ્તારપૂર્વક કહી. ત્યારે સદાશંકરભાઈ કહે : ‘‘પ્રાગજીભાઈ ! તમે તો સ્વામીના ચારે આંચળ ધાવ્યા છો. એક ડબકોય બીજા માટે રહેવા દીધો નથી.’’

ભક્તિ એ જીવરૂપ છે

બીજે દિવસે ત્રણ વાગે ભગતજી મહારાજ ઊઠ્યા અને થોડી વારે ધ્યાન કરીને વાતો કરવા લાગ્યા. એટલામાં કોઠારી જીભાઈ તથા સ્વામી જાગા ભક્ત આવ્યા. પછી સ્વામી જાગા ભક્ત પાસે સ્વામીના વખતની કેટલીક વાતો કરાવી અને નારાયણભાઈ પાસે પોતે જે જે સંપ્રદાયમાં ગયા હતા તેના અનુભવની વાત કરાવી. એ પ્રમાણે દશમને રવિવારના સવારે વાતો કરાવ્યા પછી પોતે નાહીને પૂજા કરવા બેઠા.

એટલામાં એક કાઠી હરિભક્ત આવીને બેઠા. તેમની આગળ વાત કરી : ‘‘આ દેહે કરીને ભગવાન ભજીએ તો અક્ષરધામનું કોટિ કોટિ સૂર્ય સરખું તેજ દેખાય એમ છે. પણ જીવ એવો અવળો છે કે સ્ત્રી, છોકરાંમાં આસક્ત થઈ રહે, પણ આવા સાધુની ઓળખાણ કરીને તેમાં આસક્ત થાય નહિ. જો આસક્ત થાય તો એ જીવનું કામ થઈ જાય.’’

એ સાંભળી એ કાઠી હરિભક્ત બોલ્યા : ‘‘તમે તો સ્વામીની ઘણી જ સેવા કરી છે.’’

એટલે ભગતજી હસીને કહે : ‘‘પથરો પાણીમાં રહે તોય શું અને બહાર રહે તોય શું ?’’

ત્યારે તે કાઠી હરિભક્ત કહે : ‘‘એવું અમારાથી કેમ કહેવાય ?

અમે તો નજરે જોઈએ છીએ કે તમે તો સ્વામી થકી સ્વામી સ્વરૂપ થયા છો. પણ મોટાપુરુષની રીત એવી છે કે પોતાને વિષે મોટપનો કોઈ ભાવ બતાવે જ નહિ.''

ત્યારે ભગતજી કહે : ''મોટાપુરુષના ગુણ લેવાનો જે સ્વભાવ છે એ જ ભક્તિ છે અને એ ભક્તિ એ જીવરૂપ છે. જેમ આ દેહમાં ઇન્દ્રિયો, અંતઃકરણ અને તેના દેવતા સર્વે હોય, પણ ચૈતન્ય જે જીવ તે ન હોય તો શા કામનું ? તેમ વૈરાગ્ય, જ્ઞાન, ધર્મ સર્વે હોય પણ ભક્તિરૂપી ચૈતન્ય-જીવ ન હોય ત્યાં સુધી એ સર્વે નકામું છે. માટે ભક્તિ એ જીવ છે, વૈરાગ્ય એ પગ છે, ધર્મ એ હૃદય છે અને જ્ઞાન એ આંખ છે. જીભે કરીને ભજન કરે અને અધર્મ સર્ગને હૃદયમાં પેસવા ન દે તો 'ब्रह्मभूतः प्रसन्नात्मा' એવો બ્રહ્મરૂપ થઈ જાય. પછી એ પુરુષોત્તમ નારાયણની ભક્તિનો અધિકારી થાય છે.''

સાધુ વિના હૃદયગ્રંથિ ગળે નહિ

એમ કહીને ભગતજીએ વાત કરી : ''આ જીવને બ્રહ્મરૂપ થવામાં જેટલો દેહ અંતરાય કરે છે એટલું બીજું કોઈ અંતરાય કરતું નથી. એ દેહમાં પણ મોટામાં મોટો શત્રુ તે માન છે. કોઈ માનનું ખંડન કરે અને અંતઃકરણ તેવું ને તેવું રહેવું એ કઠણ છે.''

એટલી વાત કરીને પછી ભગતજી કહે : ''મનુષ્ય કરતાં તો પ્રાણીને વિષે વધારે ખપ હોય છે. જેમ કૂતરું હોય તેને જમ્યા પછી બટકું રોટલો નાખીએ તો તે પૂંછડી હલાવતું પાસે આવે અને પાછું 'હડે' કહીએ એટલે જતું રહે. તો પણ તે બટકું રોટલાની આશાએ ઘરની વાંસે રાત-દિ આંટા દીધા કરે છે ને તેનું ઘર સાચવે છે અને ગમે ત્યાં ફરે પણ ઘર આગળ આવીને જ બેસે છે. તેમ કૂતરા જેવો સ્વભાવ હોય તો પણ ઠીક ! પણ આ તો જરાક માનખંડન થાય કે ઠા રહે તેમ જણાતું નથી. બાકી રોટલો તો સત્સંગમાં છે એમ જરૂર જાણજો. સત્સંગમાં અને સાધુમાં જેવો માલ છે તેવો બીજે નથી; પણ સમજાય તો. એ સિવાય ભગવાનનો સંબંધ થયો હોય અને કામભાવે, સ્નેહભાવે, ભયભાવે ભગવાનને ભજતો હોય, તો ભગવાન લઈ તો જાય, પણ જે હૃદયગ્રંથિ ગાળવી તે સાધુ વિના ગળે નહિ. પૂતનાનું માતા જેવું કલ્યાણ લખ્યું છે, પણ ગ્રંથિઓ ન ઓગળી. માટે મોટાપુરુષને સેવ્યા

વિના ગ્રંથિઓ ગળે[૧૪૪] તેમ જણાતું નથી.''

એમ વાત કરીને પછી દાદાખાચરની વાત કરી કે ''શ્રીજીમહારાજે આટલો ભીડો આપ્યો, ગરાસ બહેનોને અપાવી દીધો, ચાકર તરીકે રહેવા કબૂલ કર્યું, છતાં દાદાનો ભાવ ફર્યો નહિ. ત્યારે આખા સત્સંગમાં 'દાદો, દાદો' એમ થઈ રહ્યું છે. એવું તો જ્યારે દેહનો, મનનો અને ધનનો ભીડો ખમે ત્યારે જ થવાય.'' એમ ઘણી વાતો કરી.

પછી ઊઠીને ઠાકોરજીનાં દર્શને પધાર્યા અને ત્યાં દર્શન કરીને સાધુની જાયગામાં દર્શન કરતાં કરતાં સ્વામીશ્રી જાગા ભક્તને આસને પધાર્યા. એ વખતે જાગા સ્વામી પાસે રણછોડ ભગત તથા પૂંજાજી બાપુ, કાનજીભાઈ, કૃષ્ણજીભાઈ, મોરારજીભાઈ વગેરે હરિભક્તો બેઠા હતા. ભગતજી સાથે શાસ્ત્રીજી મહારાજ શ્રી યજ્ઞપુરુષદાસજી તથા ગુજરાતના હરિભક્તો હતા.

આમ, જાગા સ્વામીને આસને સભા ચિક્કાર ભરાઈ ગઈ. એટલે ભગતજીએ વાત કરી :

આ સત્સંગમાં આવી ખોટ ટાળવી

''પરમેશ્વર ઓળખવા એ જીવને મોટી ઘાંટી છે અને બીજી ઘાંટી સાધુ ઓળખવા તે છે. જો સાધુ ઓળખે તો સર્વે સાધન થઈ રહ્યાં.''

એ ઉપર કીર્તન બોલાવ્યું કે -

નેણાં ભરીને વ્હાલા તમો નીરખો છો જેને,
તેને સાધન કરવું રહેતું નથી કંઈ નેણને જોઈ.

એ કીર્તન બોલાવીને વાત કરી : ''સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ એકાંતિકનાં લક્ષણ છે. વૈરાગ્ય ન હોય તો પાંગળો જાણવો, જ્ઞાન ન હોય તો આંધળો, ભક્તિ ન હોય તો મૂંગો અને ધર્મ ન હોય તો બહેરો જાણવો. માટે એ ચારમાંથી એકમાં પણ જો ખામી હોય તો ખોટવાળો કહેવાય. માટે આપણે જો એક અંગે ખોટ હશે તો જરૂર કોઈ આંગળી ચીંધશે. એવું ન થાય એટલા માટે આવો બ્રહ્મરૂપ જે સત્સંગ મળ્યો છે, તેમાં આવીને ખોટ ટાળવી. અહીં જો ખોટ રહી જશે તો બીજે ખોટ ટાળવાનું ઠેકાણું નહિ જડે.''

---

૧૪૪. भिद्यते हृदयग्रंथिः छिद्यन्ते सर्वसंशयाः।
क्षीयन्ते चास्य कर्माणि तस्मिन्दृष्टे परावरे ॥ – મુંડકોપનિષદ : ૨/૨/૮

બ્રહ્મવિદ્યાનો એકડો એટલે મન જીતવું

“ત્યાગીને તો અહીં નિરંતર પ્રસંગ છે, તેથી જો ક્રિયામાં બંધાશે તો જાદવ જેવા અભાગિયા જ ગણાશે. સ્વામી કહેતા કે ‘ગૃહસ્થ ભગવાન રાખવામાં ખાટ્યા છે અને ત્યાગી નિવૃત્તિમાં ખાટ્યા છે.’ પણ એકલી નિવૃત્તિમાં તો મન ઊલટું ભમી જાય છે. માટે તમારે તો અહીં આ સાક્ષાત્ સ્વામી જાગા ભક્તનો જોગ છે. તેથી જો પ્રસંગ રાખશો તો કામ કાઢી નાખશે.” એમ કહીને સંત-મહિમાનાં કીર્તનો બોલાવ્યાં તથા *‘મોરી તરતર અંગિયાં તરકે...’*[૧૪૫] એ પ્રેમના અંગનું કીર્તન બોલાવ્યું.

વળી, મન જીતવા વિષે કેટલીક વાત કરીને સા. ૧લું વચનામૃત નારાયણભાઈ પાસે વંચાવ્યું અને બોલ્યા : “આ વચનામૃત તો બ્રહ્મવિદ્યાનો એકડો છે. જેને બ્રહ્મવિદ્યા સિદ્ધ કરવી હોય તેણે આ વચનામૃત શીખવું પડશે.” પછી પોતે માળા કેમ ફેરવે છે, તે દરેક અંગનાં નામ તથા દરેક અંગ ધારીને કેટલી માળા ફેરવે છે વગેરે સર્વ વિગતવાર વાતો કરી, સર્વેને એમ કહ્યું : “આમ, જો એક એક અંગ ધારીને માળા ફેરવશો, તો મન વશ થઈ જશે.”

એ પછી શાસ્ત્રીજી મહારાજ પાસે પેટલાદમાં, જમાદારને કુરાનમાં જે ચાર પ્રકારના મોટાપુરુષ કહ્યા છે, તેની વાત કરી હતી તે કહેવરાવી. તેથી શાસ્ત્રીજી મહારાજે વિસ્તારથી તે વાત કરી. પછી રાજકોટવાળા રામજી ભટ્ટ પાસે એક ભૈરવી રાગનું કીર્તન બોલાવ્યું તથા *‘મોરી તકસીર કરિયો માફ...’* એ બે કીર્તનો બોલાવી ‘શ્રીપતિમ્’ કરીને ઊઠ્યા અને ઉતારે આવી ભોજન કરી, થોડી વાર આરામ કરવા માટે પોઢી ગયા.

ત્રણ વાગે ભગતજી જાગ્યા અને મોં ધોઈ પાણી પીને ઢોલિયામાં બેઠા. પછી ઝવેરીલાલભાઈ સાથે કેટલીક અંગત અહં-મમત્વપણાની તથા સ્ત્રી-ધનમાંથી રાગ તોડવાની વાત કરી અને પછી ઠાકોરજીનાં દર્શને ગયા.

રાત્રે ૧૧ વાગે ભગતજીએ ગોંડળના કડિયા પુરુષોત્તમને જાગા સ્વામીને બોલાવી લાવવા કહ્યું. એટલે તે બોલાવવા ગયા. તે તુરત પાછા આવ્યા અને કહ્યું : “સ્વામીને દાઢ દુખે છે એટલે હમણાં નહિ આવે.”

---

૧૪૫. જુઓ પરિશિષ્ટ : ૫, પૃ. ૫૭૭.

પછી પુરુષોત્તમને ચાર વખત તેડવા મોકલ્યો અને છેવટે કહેવરાવ્યું : ‘‘દાઢ દુખતી હોય તો આવીને પાછા જજો, પણ આવી જાઓ.’’

એટલે સ્વામીશ્રી જાગા ભક્ત પધાર્યા. ભગતજીએ પોતે નીચે બેસીને, વૈદ્ય મનસુખલાલ પાસે મોઢામાં રાખવાનું ઔષધ જાગા સ્વામીને અપાવ્યું. પછી ભગતજીએ અને જાગા સ્વામીએ પરસ્પર સ્વામીના વખતની કેટલીક વાતો કરી. પછી ભગતજીએ જાગા સ્વામીને તેમના વૃત્તાંતની વાત કહેવા કહ્યું.

એટલે જાગા સ્વામીએ વાત કરી કે –

‘‘સ્વામીની સાડા ચૌદ વર્ષ સુધી સેવા અને સમાગમ કર્યો અને અનેક વાતે સ્વામીની મરજી સાચવી રાજી કર્યા. તેમાં સ્વામીએ ઘણી વખત મુદ્દાની અને જે રીતે ખોટ ટળે અને પ્રત્યક્ષ સ્વરૂપમાં સર્વ પ્રકારે જોડાઈ જવાય તેવી ઘણા પ્રસંગે વાતો કરી હતી.’’

ધ્યાન છોડીને સાંખ્ય શીખો

‘‘એક દિવસ હું ધ્યાન કરવા બેઠો તે ઊંડો ઊતરી ગયો અને રાતના અગિયાર વાગી ગયા. એમ સાત કલાક ધ્યાનમાં થઈ ગયા. પછી જ્યારે જ્યારે ધ્યાનમાં બેસું ત્યારે એમ ઊંડા ઊતરી જવાય, તેથી માનસી પૂજાનું સુખ ન આવે. પછી એક સાધુ પાસે સ્વામીને પુછાવ્યું કે આમ થાય છે તે શું કરું ? ત્યારે સ્વામીએ કહ્યું : ‘કોણે ધ્યાન કરવાની આજ્ઞા આપી છે ? માટે હવે ધ્યાન છોડીને સાંખ્ય શીખો અને પથ્થર ઘડવાની ક્રિયા કરતાં શીખો. એમ બહાર વૃત્તિ કરશો ત્યારે સુખ થાશે.’ આ વાતનો મુદ્દો એ છે કે અંતર્વૃત્તિ કે ધ્યાનમાં જેવું સુખ છે તેવું બીજે નથી; પરંતુ જ્યારે પ્રત્યક્ષ મૂર્તિ વિરાજમાન હોય ત્યારે એવા આગ્રહ છોડી, એમની મરજી જોઈ, જે સેવા કરવારૂપ બહારવૃત્તિ છે, એ જ અંતર્દૃષ્ટિ છે અને એ જ ધ્યાન છે. માટે જ્યારે પ્રત્યક્ષ બ્રહ્મસ્વરૂપ સંતનો સમાગમ અખંડ થશે અને મનન દ્વારા તે બ્રહ્મનો સંગ કરશું, ત્યારે અંતઃકરણ શુદ્ધ થશે અને ભગવાનની મૂર્તિ હૃદયમાં પ્રગટ થશે. જેમ માતાના ગર્ભમાં બાળકના જ્યારે અવયવ બંધાય છે ત્યારે ચૈતન્યનો માંહી પ્રવેશ થાય છે, તેમ જ્યારે પ્રત્યક્ષ બ્રહ્મના સંબંધથી બ્રહ્મતનું બંધાશે, ત્યારે ભગવાન માંહી પ્રગટ થશે. આ વાતનો મર્મ જો યથાર્થ જાણ્યો હોય તો ભગવાનનું પ્રત્યક્ષ સ્વરૂપ વિચરણ કરતું હોય ત્યારે તેને મૂકીને,

બીજી જે જે ક્રિયા કરીએ, પછી તે ધ્યાન હોય કે ગમે તે હોય, પણ તે નૈષ્કર્મ્યરૂપ તો થતી જ નથી. પરંતુ ભગવાનની આજ્ઞાએ કરીને જે જે ક્રિયા કરીએ તે નૈષ્કર્મ્યરૂપ થાય છે અને તેમાં મૂર્તિ ભેળી જાય છે. સ્વામીએ ભગતજીને મંદિરની સર્વ ક્રિયામાં જોડીને મૂર્તિ આપી દીધી છે, તેથી સ્વામીને સેવીને સ્વામીરૂપ બની ગયા છે.''

ભજન કરતાં ક્રિયા કરવી

''સ્વામીને તો દરેક ક્રિયા કરાવી ભગવાનની મૂર્તિ જ આપી દેવી અને અખંડ ભજન કરાવવું તેવો આગ્રહ હતો અને જે અખંડ ભજન કરતા હોય તેને જોઈ સ્વામી બહુ જ રાજી થતા.

''એક દિવસ ધર્મશાળાના ચોકમાં પથ્થરનાં બેલાં હું ઘડતો હતો, ત્યાં સ્વામી પધાર્યા. એટલે એક બેલું સરખું કરી, તે ઉપર લૂગડું પાથરી દીધું અને સ્વામીને બેસાર્યા. થોડી વારે મને ક્રિયા કરતો જોઈ સ્વામીએ પૂછ્યું : 'ભજન કરો છો કે ક્રિયા કરો છો ?' ત્યારે મેં હાથ જોડીને કહ્યું : 'સ્વામી ! ભજન નથી થતું.' ત્યારે સ્વામી કહે : 'એ તો ઠીક નહિ. સાઠ-સિત્તેર પથ્થર ઘડતા હો તો ચાલીસ-પચાસ ઘડો, પણ અખંડ ભજન કરતાં કરતાં ક્રિયા કરવી.' એમ કહીને સ્વામીએ વાત કરી કે 'ભજન કરતાં કરતાં ક્રિયા કરીએ તો મોટા સાધુ રાજી થાય અને જેની ઉપર મોટા સાધુ રાજી થાય તેનો જીવ સુખિયો થઈ જાય ને જેનું અંતર ધગતું હોય તેને દેખીને શું રાજી થાય ?' ત્યારે પ્રથમ ધ્યાન કરતાં વૃત્તિ ઊંડી ઊતરી જતી અને સ્થિર થઈ જવાતું, તેમાંથી બહાર કાઢીને ક્રિયા કરવાની સ્વામીએ આજ્ઞા કરી; તેનું રહસ્ય સમજાયું. જ્યારે ધ્યાન કરીએ ત્યારે શુદ્ધ સત્ત્વગુણ વર્તતો હોય, એટલે વૃત્તિઓ વિરામ પામી જાય. પણ ધ્યાનમાંથી બહાર આવતાં રજોગુણ, તમોગુણના વેગ - ઘડી ઘડી પળ પળમાં જે સૂક્ષ્મ ઘાટ થાય છે અને જે કોઈનાય ઓળખ્યામાં આવે નહિ[૧૪૬] - તે વેગ જ્યારે અખંડ ભજનનો આગ્રહ રાખીએ ત્યારે જણાય. તે ઘાટનું, રજ-તમના વેગનું બળ જણાવવા માટે જ સ્વામીએ ધ્યાન કરવાની ના કહી. કારણ કે, જ્યારે ધ્યાનમાં બેસીએ અને મૂર્તિ દેખાય ત્યારે એમ મનાય કે મને મૂર્તિ સિદ્ધ છે, પણ ધ્યાનમાંથી બહાર આવીએ એટલે ગુણના સૂક્ષ્મ

૧૪૬. ગ.પ્ર. ૩૦.

વેગ - જે ખરેખર ટળ્યા જ નથી હોતા તે ઊપડે; પણ કળ્યામાં આવે નહિ, એટલે ગાફલ રહી જવાય અને ખોટ મોટી રહે. આમ, સ્વામીએ દયા કરી ગુણના વેગ ઓળખાવીને ટાળવા માટે જ ક્રિયામાં જોડ્યો અને અખંડ ભજનનો આગ્રહ રાખવા કહ્યું; જેથી ગુણના વેગ ધીરે ધીરે ટળી જાય. એમ જ્યારે ગુણના વેગ ટળે અને નિર્ગુણ થઈએ ત્યારે જ મૂર્તિરૂપ થવાય. પણ ગુણના વેગને ઓળખ્યા સિવાય ધ્યાનમાં મૂર્તિ સિદ્ધ કરી હોય તો પણ જ્યારે વેગ આવે ત્યારે મૂર્તિ ખસી જાય.''

એમ કહીને સ્વામી જાગા ભક્તે વાત કરી : ''અહો ! સાધુ થવું અને સાધુતા શીખવી એ જેવી તો કોઈ વાત જ નથી. એવી સાધુતા જેમાં આવી હોય, તેને અને પુરુષોત્તમ ભગવાનને કાંઈ છેટું રહેતું નથી અને એવા સાધુ થકી કોઈ બીજી મોટી પદવી પણ નથી. એક વખત સ્વામીએ ગોપાળાનંદ સ્વામીને કહ્યું : 'આ સાઠ સાધુનું મંડળ લઈ વડોદરા જાઓ છો તો પાંચ સાધુ અમને આપો.' ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે : 'ત્રણ સાધુ દઈશ.' પછી ચાલતી વખતે ગોપાળાનંદ સ્વામી આવ્યા એટલે સ્વામીએ સાધુ માગ્યા. ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું : 'કિયા ત્રણ સાધુ આપું ?' ત્યારે સ્વામીએ કહ્યું : 'બાલમુકુન્દાનંદ સ્વામી, વિજયાત્માનંદ સ્વામી અને સર્વનિવાસાનંદ સ્વામી.' ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : 'એ ત્રણ જ મારા છે અને અનુવૃત્તિ પાળે એવા છે. બીજો તો ભેખધારી છે.' માટે સાધુતા આવવી ઘણી જ દુર્લભ છે. એ તો જેણે એવા સાધુ સેવ્યા હોય તેમાં જ સાધુતા આવે છે. સ્વામીએ પણ વાતમાં કહ્યું : 'ભગવાન મળ્યા પણ આ સાધુ જો ન મળ્યા હોત તો ઘણી ખોટ રહી જાત.' એ રહસ્ય છે. તેનો સાક્ષાત્ અનુભવ સ્વામીએ મને કરાવ્યો.''

મહારાજનાં ચાર સુખ

''એક વખત સ્વામીને મેં વિનંતી કરી : 'સ્વામી ! અંતરમાં અસુખ બહુ વર્ત્યા કરે છે.' ત્યારે સ્વામી કહે : 'કેમ અસુખ વર્તે છે ?' ત્યારે મેં કહ્યું : 'પાછોતરો દેહ આવ્યો તેથી શ્રીજીનાં દર્શન તથા સંબંધ થયો નહિ.' ત્યારે સ્વામીએ હસીને પૂછ્યું : 'મહારાજનાં દર્શન થયાં હોત તો શું કરત ?' એટલે મેં કહ્યું : 'અખંડ ધ્યાન કરત.' ત્યારે સ્વામીએ મને પૂછ્યું : 'મહારાજના સુખની તમને ખબર છે ? મહારાજની મૂર્તિનાં ચાર સુખ છે, તે મહારાજ

જ્યારે પ્રગટ હતા, ત્યારે પોતાના આશ્રિતને અખંડ આ ચાર સુખ આપતા. તે ચાર સુખ તે દર્શન, વાતું, પ્રસાદી અને મળવું.' એમ કહીને પછી કહ્યું : 'આજથી મહારાજની મૂર્તિનાં આ ચારે સુખ મારે તમને આપવાં. વળી, શ્રીજીમહારાજનો આકાર દેખાતો નથી, પણ એક રોમમાત્રનો પણ ફેર નથી.' આમ, મહારાજ સ્વામી દ્વારા અખંડ પ્રગટ જ હતા અને સ્વામી દ્વારા મહારાજની મૂર્તિનું અખંડ સુખ આવતું. સ્વામીનું એવું સ્વરૂપ યથાર્થ ઓળખીને જેણે એ સુખ લીધું છે, તેમાં સ્વામીના તમામ ગુણ પ્રગટ થયા છે. તેવા ભક્તને સેવીને સાક્ષાત્ સ્વામી સેવ્યા બરોબર ફળ પ્રાપ્ત થાય છે અને સાધુતા પણ પમાય છે. આજે આ ભગતજી, સ્વામીને સેવીને સાક્ષાત્ સ્વામીના ભાવને પામી ગયા છે અને તમારાં અહોભાગ્ય છે કે તમો એમને ઓળખીને સેવા કરો છો.'' એમ ઘણી જ એકાંતિકપણાની વાતો કરી.

જ્ઞાન એ સાંખ્ય છે, ધ્યાન એ યોગ છે

પછી ભગતજી બહુ જ રાજી થઈ ગયા અને બોલ્યા : ''અહો ! આવી અખંડ વાતુ જ્યારે થાય અને જીવના અંતરમાં પેસે, ત્યારે વગર સાધને જીવ બ્રહ્મરૂપ થઈ જાય.''

એમ કહીને પછી બોલ્યા : ''ભગવાન ઓળખવા એ મોટી ઘાંટી છે અને વળી સાધુ ઓળખાય તો તો થઈ જ રહ્યું, સર્વે કામ થઈ ગયું. માટે જ્ઞાન શીખવું.'' એમ કહી સાંખ્ય, યોગ, વેદાંત અને પંચરાત્ર શાસ્ત્રોની કેટલીક વાત કરીને કહ્યું : ''જ્ઞાન એ સાંખ્ય છે અને ધ્યાન એ યોગ છે. આ લોકમાં જેટલું સુખ છે, તેટલું પરમ વિઘ્નરૂપ છે. માટે સાંખ્યે કરીને ભગવાનની મૂર્તિ સિવાયના બીજા બધા આકાર જે દેખવામાં, ગ્રહણ કરવામાં આવે છે તેને ખોટા કરવા, એટલે સંકલ્પ માત્ર બંધ થઈ જશે. વળી, વૃત્તિએ કરીને ભગવાનમાં જોડાવું. સાંખ્ય અને યોગ બંને સાથે હોય તો જ સ્થિતિ થાય.'' એમ વાત કરીને પછી ઔષધનું કીર્તન બોલાવ્યું. પછી રામજી ભટ્ટ પાસે મૂર્તિનું કીર્તન બોલાવ્યું. પછી બધાને સૂઈ જવાની આજ્ઞા કરી અને પોતે ઢોલિયામાં પડખાભેર થયા. પછી *'લરકા દેખ્યા મેં નંદ મહરકા'* એ કીર્તન બોલાવ્યું.

પછી સ્વામી જાગા ભક્ત ઊઠ્યા અને બોલ્યા : ''માર્ગે ચાલીને થાકી

ગયો હોય અને રોગે કરીને દુઃખ પામતો હોય પણ પરમેશ્વરની વાત નીકળે ત્યારે જાણે કંઈ થયું નથી.'' એમ મર્મમાં વાત કરી અને કહ્યું : ''દેહાકાર વૃત્તિ થઈ ગઈ છે તેને આત્માકાર કરવી અને આત્માકાર વૃત્તિ થાય પછી બ્રહ્માકાર વૃત્તિ કરવી, ત્યાર પછી અક્ષરાકાર વૃત્તિ કરવી અને ત્યાર પછી પુરુષોત્તમ આકારે વૃત્તિ કરવી.'' એમ કહીને ઊઠ્યા અને આસને પધાર્યા.

બીજે દિવસે સવારે વહેલા ઊઠી, નાહી, પૂજા કરીને ઊઠ્યા, એટલે ઝવેરીલાલભાઈ તથા નારાયણભાઈએ ડભાણ સંબંધી કેટલીક વાત એકાંતમાં કરી. પછી પોતે ઠાકોરજીનાં દર્શન કરીને, સર્વ સંતોનાં દર્શન કરી સ્વામી જાગા ભક્તના આસને પધાર્યા. ત્યાં ભગતજીએ વાત કરી કે :

''આ જીવ જ્યારે પરમેશ્વર સાથે સંલગ્ન થાય છે, ત્યારે તેને પંચ-વિષયના રાગ ઓછા થાય છે, માટે પરમેશ્વરની સાથે સંલગ્ન થવું. જેમ હનુમાનજીને રૂંવાડે રૂંવાડે 'રામ રામ' ભજન થાય છે, એમ આપણને રૂંવાડે રૂંવાડે મહારાજનું ભજન થવું જોઈએ. બંધાણી હોય તે સૂતો સૂતો હોકાની નાળ મોંમાં રાખે ને જરા જાગે કે ગડગડાટ બોલાવે, તેમ આપણે ભગવાનના સુખના ચસકારા મટકા રહિત ભજન કરીને લેવા. જાણપણારૂપી ભગવાનના ધામને દરવાજે રહેવા શીખવું અને કોઈ દોષને અંદર પેસવા દેવો નહિ.'' એમ વાત કરી અને પોતે તથા સ્વામી જાગા ભક્તે અરસપરસ સ્વામીની કેટલીક વાત કરી અને હસતા જાય અને આનંદ પમાડતા જાય.

ભગવાનમાં પ્રીતિ દૃઢ કરવા માટે દસ એકડા ભણવા

પછી થોડી વારે ભગતજીએ વાત કરી : ''જ્યારે કાળનું પરિમાણ કરી રાખે અને કાળનું રૂપ જાણે, ત્યારે આ જીવને વૈરાગ્ય થાય છે. જ્યારે એને વૈરાગ્ય પ્રગટે ત્યારે ભગવાનમાં પ્રીતિ થાય છે, તે વિના તો ભગવાનમાં પ્રીતિ થતી નથી. માટે પ્રથમથી ભગવાનમાં પ્રીતિ દૃઢ કરવા માટે દસ એકડા ભણવા. તેનાં નામ – શ્રવણ, મનન, નિદિધ્યાસ, સાક્ષાત્કાર, શમ, દમ, વૈરાગ્ય, શ્રદ્ધા, ઉપરતિ અને સમાધાન. એ દસ એકડા શીખ્યા પછી બાવન અક્ષરની બારાક્ષરી શીખવી. તેનાં નામ – દસ ઇન્દ્રિયો, ચાર અંતઃકરણ, ચૌદ ઇન્દ્રિયોના દેવતા, દસ પ્રાણ, પંચવિષય, ત્રણ ગુણ, ત્રણ અવસ્થા અને ત્રણ શરીર. આ જીતે તો બ્રહ્મવિદ્યા સિદ્ધ થાય.''

પછી જાગા સ્વામીએ વાત કરી : ''આ બ્રહ્મવિદ્યા સિદ્ધ કરવી ઘણી જ કઠણ છે. સ્વામી કહેતા : 'આ સત્સંગ જેવો છે તેવો ઓળખાય નહિ, ઓળખાય તો કોઈ કરે નહિ અને કરે તો જેવો છે એવો થાય નહિ અને જો જેવો છે તેવો થાય તો કાં તો ગાંડો થાય અને કાં તો બહેકી જાય. એ સત્સંગ કોણ જાળવે ? તો જેના ઉપર ભગવાન કે મોટા સાધુની દૃષ્ટિ હોય તે સત્સંગ જાળવે, પણ બીજાથી જળવાય નહિ.' એવી આ અતિ દુર્લભ વાત છે.''

તુલસી દવેની નિરાવરણ સ્થિતિ

તે ઉપર બોટાદના તુલસી દવેનું દૃષ્ટાંત આપ્યું :

''તુલસી દવે સ્વામી સાથે જૂનાગઢ સમાગમ કરવા આવ્યા. સ્વામી તેની વચનામૃતની વંચક(વાંચવાની પદ્ધતિ)થી અતિશય તેના ઉપર રાજી થઈ ગયા હતા, એટલે જૂનાગઢમાં તેને સાથે લાવ્યા અને સમાગમમાં રાખ્યા. થોડા દિવસ પછી સ્વામીએ તેને પૂછ્યું : 'તુલસી, તને સંકલ્પ થાય છે તે તારે કંઈ જોવું છે ?' એટલે તુલસી કહે : 'હા.' તેથી સ્વામીએ તેને કહ્યું : 'ભંડારમાં જઈ અર્ધો શેર હળદર, અર્ધો શેર તેલ અને અર્ધો શેર ગોળનો લાડુ કરી ખાઈ જા અને પછી ધ્યાનમાં બેસજે.' એ પ્રમાણે તુલસી મહારાજે કર્યું અને ધ્યાનમાં બેઠા. તે ત્રણ કલાકે સમાધિ થઈ અને અક્ષરધામમાં મહારાજનાં અને સ્વામીનાં દર્શન થયાં. અનંત કોટિ મુક્તો મહારાજ સન્મુખ આગળ પાછળ મહારાજની મૂર્તિ સામું જોઈને બેઠા છે. ત્યાં મહારાજને તેણે પ્રશ્ન પૂછ્યો : 'આ આપની દૂર, આજુબાજુ અને પાછળ જે મુક્તો છે તેને આપનાં કેમ દર્શન થતાં હશે ?' એટલે મહારાજે તેને તે તે જગાએ જઈ દર્શન કરવાનું કહ્યું. તે પ્રમાણે તેણે દર્શન કર્યાં તો મહારાજ દરેક મુક્તની નજીક જ હોય તેમ અને દરેક મુક્તના દેહમાં આરપાર મહારાજ જ હોય એમ દર્શન થયાં. આવો અલૌકિક પ્રતાપ જોયો, પછી મહારાજને પૂછ્યું : 'મહારાજ ! આપની માયા તે કેવી હશે ?' મહારાજે કહ્યું : 'એ જોયા જેવી નથી.' પણ તેણે તો જોવાનો આગ્રહ રાખ્યો એટલે મહારાજે નીચે જોવા કહ્યું. તો માયાનું ગાઢ અંધારું દૃષ્ટિ ન પહોંચે એટલું તેને દેખાયું. તે જોતાં તો તુરત તે દેહમાં આવ્યો.

''એમ સ્વામીની કૃપાથી નિરાવરણ દૃષ્ટિ થઈ ગઈ અને અખંડ મહારાજ અને સ્વામીને દેખે. ભીંત આરપાર નીકળી જાય એવી સ્થિતિ થઈ

ગઈ. બીજાને તેની રીતભાત જોઈ ગાંડા જેવો દેખાય. કોઈ કોઈ વખતે તેને પૂરી રાખે, તો આરપાર નીકળી સભામંડપમાં આવીને બેસે. આ પ્રમાણે સ્વામીની પાસે સભામાં એક વખત આવીને ઊભો રહ્યો. એટલે સ્વામીએ કહ્યું : 'આ ગાંડો આપણને ભજન-સ્મરણનું સુખ નહિ આવવા દે, માટે એને પૂછો તો ખરા કે એને શું કરવું છે ?' પછી તુલસી દવેને પૂછ્યું. એટલે તેણે કહ્યું : 'મારે સ્વામીની પૂજા કરવી છે, થાળ જમાડવો છે, આરતી ઉતારવી છે,' એમ બોલવા લાગ્યો. પછી સ્વામી કહે : 'ઠીક, તારે ફાવે તેમ કર.' પછી એ તો પૂજા કરી, આરતી ઉતારવા લાગ્યો. તેથી સ્વામીએ જાણ્યું કે સાધુની આરતી ઉતારે તે ઠીક નહિ અને તેમ જો બીજા દેખશે તો તેમને ઠીક નહિ લાગે. એટલે સ્વામીએ ઠાકોરજીની મૂર્તિ ખોળામાં લીધી અને તુલસીએ આરતી ઉતારી. પછી બીજા સાધુ તેને વઢવા લાગ્યા : 'સાધુની આરતી ઉતારાય ?' ત્યારે તુલસીએ કહ્યું : 'સાધુ કેવા ?' એટલે સાધુએ કહ્યું : 'આ ગુણાતીતાનંદ સ્વામી સાધુ કહેવાય.' ત્યારે તુલસીએ કહ્યું : 'તમે એને સાધુ દેખતા હશો. હું તો એને સાક્ષાત્ શ્રીજીમહારાજ રૂપ દેખું છું.' આમ, સ્વામીની કૃપાથી દૃષ્ટિ ફરી ગઈ અને ઐશ્વર્યવાન થયો, પણ જ્ઞાનની કસર એટલે અંતે નભ્યું નહિ અને સ્વામીએ ઐશ્વર્ય ખેંચી લીધું.'' એમ સ્વામીશ્રી જાગા ભક્તે ઘણી વાત કરી.

ગ્રંથિઓ ક્યારે તૂટે ?

પછી ભગતજીએ ઝવેરીલાલભાઈ પાસે સા. ૧૧મું વચનામૃત વંચાવ્યું. તેમાં કેટલાક જે ત્યાં બેઠા હતા તેમના મનની શંકાઓ તોડતા જાય અને વાતો કરતા જાય. પછી પોતે કહ્યું : ''ગ્રંથિઓ તૂટવી ઘણી કઠણ છે. જો સંપૂર્ણ વૈરાગ્ય આવે તો સ્નેહગ્રંથિ તૂટે, ભગવાનના સ્વરૂપનો નિશ્ચય થાય તો સંશયગ્રંથિ તૂટે, જ્ઞાન થાય તો અહંગ્રંથિ તૂટે, આત્મનિષ્ઠા થાય ત્યારે મમત્વગ્રંથિ તૂટે અને સંપૂર્ણ ધર્મ આવ્યે મૈથુનગ્રંથિ કે હૃદયગ્રંથિ તૂટે છે.''

ગ્રંથિઓ તોડવાની એટલી વાત કરીને પછી નારાયણભાઈ સામું જોઈને બોલ્યા : ''પરમેશ્વર છે તે ચિંતામણિ છે ને સાધુ છે તે પારસમણિ છે. તે જો ચિંતામણિ અને પારસમણિ બંને પ્રાપ્ત થાય તો તેને રાખવાને માટે તમે કેવું જતન કરશો ?''

ત્યારે નારાયણભાઈ બોલ્યા : ''મોટા પટારામાં મૂકીએ.''

ત્યારે ભગતજી બોલ્યા : ''એમ કંઈ પટારામાં મૂક્યે સચવાય ? એ તો વજની પાંચસો રૂપિયાની તિજોરી જોઈએ ત્યારે સચવાય. તેમ આ ભગવાન ને સંત જો ચિંતામણિ અને પારસમણિ સમ જાણ્યા હોય તો તેનું જતન કરવું જોઈએ.'' તે ઉપર નિષ્કુળાનંદ સ્વામીનું પદ બોલાવ્યું :

'જેની પાસ હોય જોખમ, જાળવો તે જતન કરી,
માથે મોટા છે વેરી વિષમ, ખોટી નહીં વાત ખરી.
રહેવું નહીં ગાફલ ગમાર, માલ અતોલ મળે,
કહે નિષ્કુળાનંદ વિચાર, કરવો પળે પળે.'

– ચોસઠ પદી

પછી વાત કરી : ''એવા ભગવાન તથા સત્પુરુષને જેવા છે તેવા જેણે જાણ્યા હોય તેનું લક્ષણ શું ? જેની પંચવિષય સંબંધી દાઢ્યો અંબાઈ ગઈ હોય અને એક ભગવાન સંબંધી જ ક્રિયા કરતો હોય, તેણે ભગવાન તથા સંતને જેવા છે તેવા જાણ્યા કહેવાય.'' તે ઉપર ગ.અં. ૧૮મું વચનામૃત વંચાવી વાત કરી. विषया विनिवर्तन्ते તથા

यश्च मूढतमो लोके यश्च बुद्धेः परं गतः ।
तावुभौ सुखमेधेते क्लिश्यत्यन्तरितो जनः ॥[१४७]

– શ્રીમદ્ભાગવત : ૩/૭/૧૭

એ શ્લોક બોલીને વાત કરી : ''ભગવાન કે સંતની સાક્ષાત્કાર પ્રાપ્તિ જેને થઈ છે, તેને તો દિવસ અને રાત્રિ ભગવાનનાં કથા-કીર્તન કરતાં થકાં જ વીતે છે અને સર્વે પદાર્થમાંથી વૃત્તિ તૂટીને એક ભગવાનમાં જ ચોંટે છે. એમ દેહાધ્યાસ છૂટ્યા પછી પોતાના જીવાત્માનું બ્રહ્મરૂપે સાક્ષાત્ દર્શન થાય છે અને પરમેશ્વરની મૂર્તિ સાથે સંલગ્ન થવાય છે. અને ભગવાન તેને પોતા જેવો કરે છે. આવો જે ભક્ત હોય તે શાસ્ત્ર વિરુદ્ધ આચરણ કરે જ નહિ.'' તે ઉપર શ્લોક બોલ્યા : ''यद्यपि शुद्धं लोकविरुद्धं नाकरणीयं नाचरणीयम् ।''

---

૧૪૭. જે મનુષ્ય મૂઢતમ છે અને કેવળ વિશ્વાસથી જ ભગવાનને જેવા છે તેવા જાણે છે અને તેમાં જોડાય છે તથા જે મનુષ્ય જ્ઞાનના પારને પામ્યા છે, તે બંને અંતિમ મુક્તિને પામે છે. પણ કેવળ જે વચલી સ્થિતિવાળો હોય, તો ભગવાનનું સુખ નહીં પામતાં ક્લેશને જ પામે છે.

એમ ઘણી વાતો કરી.

પછી મહારાજે થાળ મોકલ્યો છે તે ખબર એક હરિભક્ત લાવ્યા, એટલે ભગતજી ઉતારે પધાર્યા. થાળ જમ્યા અને ઢોલિયામાં પોઢી ગયા.

ભગતજી ઊઠ્યા ત્યારે ધર્મજના મકનદાસ આવીને બેઠા હતા. તે આગલે દિવસે દર્શને આવેલ, પણ ભગતજી પોઢી ગયા હતા એટલે પાછા ગયા હતા. પછી ભગતજીએ ચતુરભાઈ તથા પુરુષોત્તમદાસને કહ્યું : ''આમને કાલના સાટાનું કીર્તન સંભળાવો.'' એટલે *'ગુલતાન ગાનકી'* એ કીર્તન બંનેએ ગાયું.

વિષયનો સંકલ્પ રહે છે તેનું શું કારણ ?

એટલામાં જાગા ભક્ત પધાર્યા. ભગતજીએ પીજના મોતીભાઈ ત્યાં બેઠા હતા તેમને બતાવીને મકનદાસને કહ્યું : ''આ મોતીભાઈ અમારામાં ઘરડેરા છે અને વાતો બહુ સારી કરે છે, તો સમાગમ કરશો.'' એમ કહીને જાગા સ્વામીને વાતો કરવા કહ્યું.

એટલે જાગા સ્વામીએ વાત કરી કે : ''આ જીવ અજ્ઞાન દશામાં વિષય ભોગવે છે અને ઇન્દ્રિયોનો દોર્યો દોરાય છે. જીવ સ્વરૂપ સ્વભાવે તો શુદ્ધ છે; પણ તેને દેહ, ઇન્દ્રિયો અને વિષય તેનો સંગ ઘણો થયો છે. તેથી સંગદોષે કરીને એ જીવ દેહાદિક રૂપ થઈ ગયો છે.[૧૪૮] એ ઇન્દ્રિયોના કુસંગના જોરમાં જીવ તણાય છે પણ એને ઇન્દ્રિયોના જોરની ખબર પડતી નથી. જ્યારે ઇન્દ્રિયો-અંતઃકરણના જોરને શમાવવા તેનો નિરોધ કરે, ત્યારે એ જીવને ખબર પડે છે કે ઇન્દ્રિયો-અંતઃકરણનું જોર કેટલું છે.''

તે ઉપર સ્વામીની કહેલી વાત કરી : ''એક વખત ઉંદરિયું વરસ હતું. તે છાજના કૂબામાં ઉંદર બહુ પડેલા. એ કૂબામાં એક મોટો એરુ રહેતો હતો. તે જ્યાં મોઢું નાખે ત્યાં ઉંદર મોંમાં આવે. એમ કરતાં થોડા દિવસે ઉંદર ખૂટ્યા, તેથી એરુને કાંઈ ખાવા ન મળ્યું અને ભૂખ્યો થયો. પછી કૂબા વચ્ચે પડ્યો. હવે એ કૂબામાં કોઈથી પેસાય ? તેમ જ્યાં સુધી ઇન્દ્રિયોનો આહાર ચાલતો હોય, ત્યાં સુધી તેનું જોર ઓછું હોય; પણ એ આહાર બંધ થાય ત્યારે વિષયના સંકલ્પનું જોર વધે. પણ કોટિ કલ્પે વિષય ભોગવવા જ નથી એવો

---

૧૪૮. ગ.મ. ૩૧.

સંકલ્પ જો કરી રાખ્યો હોય, તો વિષયના સંકલ્પ ઓછા થઈ જાય. વિષયનો સંકલ્પ ન થાય એવા તો આ એક ભગતજી જ છે. એમણે ઇન્દ્રિયોના ચૂરેચૂરા કરી, દેહ ઉપર તુલસીપત્ર મૂકી, સ્વામીને અર્પણ કરી દીધું છે અને સ્વામીની કૃપાથી સ્વામીસ્વરૂપ થઈ ગયા છે અને નિધડક થઈને સ્વામીનું સ્વરૂપ આખા સત્સંગમાં પ્રવર્તાવ્યું છે.

''એક વખત અચિંત્યાનંદ બ્રહ્મચારીએ સભામાં एतस्य वा अक्षरस्य प्रशासने...[૧૪૯] તથા यस्याक्षरं शरीरं...[૧૫૦] તથા एतदक्षरं गार्गि विदित्वा...[૧૫૧] ઇત્યાદિ શ્રુતિઓ બોલીને અક્ષરનો અદ્‌ભુત મહિમા કહ્યો અને તે જ અક્ષર આ સ્વામી છે એમ પ્રતિપાદન કર્યું અને સર્વે સંત-હરિભક્તોને ત્રણ કલાક સુધી વાતો કરી રાજી કરી દીધા. તે સાંભળી સ્વામી બેઠા થઈને બોલ્યા : 'બ્રહ્મચારી ! આ વાત તો વરતાલે પૂગી ગઈ ને આવી વાત કરો છો તે વરતાલવાળા પૂછશે તો શું જવાબ દેશો ? અને આ પ્રાગજી તો વાત કરે છે અને જવાબ પણ દે છે, કારણ કે તે તો વગર કર્યો ગુરુ છે ને તમે તો ગરીબ સ્વભાવના છો તે ઉત્તર નહિ દેવાય.' એમ, ભગતજીના મહિમાની અને શૂરવીરપણાની ઘણી જ વાતો સ્વામીએ કરી અને કથાની સમાપ્તિ કરી. ભગતજી તો સ્વામીએ સ્થાપેલા ગુણાતીત બાગના ગુરુ છે. તે આજે આપણને એમનો યોગ છે તે પરમ ભાગ્યની વાત છે.'' એમ ભગતજીનો ઘણો જ મહિમા કહ્યો.

એટલી વાત કરીને પછી સ્વામીએ કહેલી ચાર વાત કરી : (૧) બ્રહ્મકુંડવાળી, (૨) રાખના પડીકાની, (૩) રેતીના બાવળિયાની અને (૪) મચ્છર તે ગરુડની ગતિ કેમ કરે ? એ ચારે વાત વિસ્તારે કરીને કહી. પછી અંત્યનું ૩૮ ને ૧૧, બે વચનામૃતની વાત કરી અને સાધુમાં જોડાવાનો મર્મ કહ્યો અને મળેલાનો અર્થ કર્યો કે ''શ્રીકૃષ્ણ ભગવાન ઉદ્ધવને મળ્યા હતા અને જાદવને પણ મળ્યા હતા, પણ જેવા ઉદ્ધવને મળ્યા હતા તેવા કહેવાય નહિ.''

એટલી વાત જાગા સ્વામીએ કરી, ત્યારે ભગતજી ઢોલિયામાં બેઠા થયા અને બોલ્યા : ''અહો ! આજે તો સ્વામીએ વાત કરી તે પેટ ઠરી ગયું. આમ,

---

૧૪૯. બૃહદારણ્યક ઉપનિષદ : ૩/૮/૯.

૧૫૦. સુબાલોપનિષદ.

૧૫૧. બૃહદારણ્યક ઉપનિષદ : ૩/૮/૧૦.

ઇન્દ્રિયો, અંતઃકરણને જીતવાનો ઉપાય તો મોટા થકી જ શિખાય. જીવમાં જ્યારે જ્ઞાનરૂપી સૂર્ય ઉદય થાય, ત્યારે આ લોકમાંથી વૃત્તિ તૂટે છે; ત્યાં સુધી માયિક પદાર્થમાંથી વૃત્તિ તૂટતી નથી. આ લોકમાં જેટલા વિષય છે તે જો મળે તો આ લોકમાં દેહે કરીને સુખિયો રહે, પણ અંતે તો તેનું ફળ ઘોરતમ નરક છે. જ્યારે સંતનો સમાગમ તો કોટિ અપરાધને પણ કાપી નાખે છે.''

તે ઉપર તુલસીદાસજીની સાખી બોલ્યા કે :

'આધીમેં આધી ઘડી, તાકી આધી આધ,
તુલસી સંગત સંતકી, કટે કોટિ અપરાધ.'

''માટે સંતના સમાગમથી જ અંતઃકરણના મળ કપાય છે અને અંતઃકરણ શુદ્ધ થાય છે. અંતઃકરણ શુદ્ધ હોય તો જ ભજનનું સુખ આવે છે.

''તે ઉપર એક દૃષ્ટાંત છે : એક વૈષ્ણવ આત્મનિવેદી ભક્ત હતા. તે ભગવાનની પૂજાની સર્વ ક્રિયા પોતાની જાતે જ કરે, પણ કોઈ પાસે કંઈ પણ ક્રિયા કરાવે નહિ. એમ શુદ્ધ રીતે નાહી, પવિત્ર થઈ, શુદ્ધ આહાર, વિહાર આદિક ક્રિયામાં પ્રવર્તે, તેથી અંતઃકરણ સ્થિર રહે અને ભગવાનના ભજનનું સુખ આવે. એક દિવસ કોઈ કામ માટે બહારગામ જવાનું થયું. પોતાની પૂજા અને સામગ્રી સાથે જ હતી. જે ગામ તે ભક્ત ગયા ત્યાં સાંજે પહોંચ્યા. બીજે દિવસે સવારમાં નાહી, પૂજા કરવા બેઠા ત્યારે અંતઃકરણની વૃત્તિ સ્થિર ન થઈ. તેને વિચાર આવ્યો : 'મારે હાથે જ બધી સામગ્રી તૈયાર કરી છે છતાં આમ કેમ થયું ?' તેથી તેણે ઘરના ધણીને પૂછ્યું. ત્યારે તેણે કહ્યું : 'તમે જે કૂવાનું પાણી ભરી લાવ્યા છો તે પાણી અશુદ્ધ છે.' પછી બીજા કૂવાનું પાણી પોતે લઈ આવ્યા અને પૂજામાં બેઠા, ત્યારે વૃત્તિ સ્થિર થઈ અને ભજનનું સુખ આવ્યું. આમ આહાર, વિહારની શુદ્ધિ હોય તો જ અંતઃકરણ સ્થિર થાય છે અને અંતઃકરણ શુદ્ધ થાય ત્યારે જ ભગવાનની સ્મૃતિ રહે.''

વિષયનું સુખ લાંપડાના તાપ જેવું છે

પછી પોતે કહે : ''ગમે તેટલાં શાસ્ત્ર, પુરાણને ભણ્યો હોય પણ જ્યાં સુધી ગુરુને મન સોંપ્યું નથી ત્યાં સુધી શું થયું ?''

તે ઉપર શ્લોક બોલ્યા :

षडङ्गादि वेदो मुखे शास्त्रविद्या कवित्वादि गद्यं सुपद्यं करोति ।
गुरोरङ्घ्रिपद्मे मनश्चेन्न लग्नं ततः किं ततः किं ततः किं ततः किम् ॥[૧૫૨]

"આ જીવ પોતાના દેહ સારુ ઘણું કરે છે. દેહને જાળવે છે, સાંજ પડે હવા ખાવા જાય, ફરવા જાય - એમ અનેક પ્રકારે દેહને સુખી રાખવા મંડી પડ્યો છે. પણ જ્યાં સુધી ગુરુને મન સોંપ્યું ન હોય ત્યાં સુધી કંઈ જ કર્યું નથી. જેવું ભજનમાં સુખ છે, તેવું બીજે ક્યાંય નથી. માટે ઇન્દ્રિયો, અંતઃકરણની ક્રિયાને દાબીને વર્તવું, પણ વિષય સન્મુખ તો જવા દેવાં જ નહિ. સ્વામી કહેતા કે 'પંચવિષયનું જે સુખ છે તે લાંપડાના તાપ જેવું છે.' તે આગળ સળગતું જાય અને પાછળ ઓલાતું જાય. પણ જીવ પંચવિષયનો બંધાણી થઈ ગયો છે."

પછી પોતે સ્વામી જાગા ભક્તને કહ્યું : "ભગવાન કે સંત જ્યારે ઓળખાય ત્યારે ગદ્‌ગદ થઈ જવાય. જેમ હનુમાનજી રામચંદ્રજીને જોઈ ગદ્‌ગદ થઈ જતા, તેમ થવાય અને રૂંવાડે રૂંવાડે ભજન થાય ત્યારે ભગવાન મળ્યાનું સુખ આવે. એવું ગુણાતીતાનંદ સ્વામીના પ્રતાપથી સાક્ષાત્ વર્તે છે. માટે ગુણાતીતાનંદ સ્વામી ગુણાતીત છે એમ દૃઢપણે માનવું, પણ ભૂલમાંય બીજો ભાવ તે મૂર્તિમાં લાવવો નહિ. એટલું દૃઢપણે મનાશે તો અક્ષરધામ જરૂર દેખાશે."

એટલી વાત કરીને પછી બધાને પૂછ્યું : "આંહીં સો મણની તલવાર પડી હોય અને કોઈ ઉપાડવાનું કહે તો તમારાથી ઊપડે ?"

ત્યારે સૌએ કહ્યું કે "એ તો ન ઊપડે."

એટલે ભગતજીએ કહ્યું : "દેહનું બળ એટલું અલ્પ છે, તે તેનાથી કંઈ થઈ શકતું નથી. પણ આત્માનું બળ ધારે અને વિચારે તો તે બળનો તો કંઈ અંત જ જણાતો નથી અને ગમે તેટલું કામ ધારે તે થાય. આ મંદિરમાં નવી હવેલીના કામમાં આ દેહને ગણ્યો જ નથી અને રાત-દિવસ પણ ગણ્યા નથી. વળી, કેટલાકને તો એમ કે 'આ પ્રાગો મરે તો સાલ જાય.' એમ ધારી દસ દસ મણના ચૂનાના કોથળા ચાર જણ ઉપાડી મારા વાંસામાં ફેંકતા. પણ

---

૧૫૨. વેદ અને તેનાં છએ અંગ, શાસ્ત્ર, પુરાણ આદિ સર્વ કંઠસ્થ હોય અને કુશળતાથી ગદ્ય-પદ્ય રચતો હોય તો પણ જો ગુરુનાં ચરણકમળમાં મન અર્પણ નથી કર્યું તો સર્વ નકામું છે.

સ્વામીની દૃષ્ટિ હતી તો દેહને કંઈ જ થયું નહિ. એમ સ્વામીએ મારી આત્માકારે સ્થિતિ કરી દીધી હતી. માટે પોતાનું બળ વિચારે તો કંઈ જ થાય નહિ, પણ પોતાપણું ભૂલી આત્મા જે પોતાનું સત્ય સ્વરૂપ છે તેના બળનો વિચાર કરે તો બ્રહ્માંડ ફેરવી નાખે એટલી શક્તિ આવે. આ જીવ એ બળને ભૂલી ગયો છે. પણ આ સત્પુરુષના સંબંધમાં જીવ આવ્યો છે એટલે સત્પુરુષની વાણી સાંભળીને આત્માના બળની ખબર પડશે. જેમ પ્રલંબાસુર બળદેવજીને ઉપાડીને ચાલ્યા, પણ આકાશવાણી થઈ કે 'તમે તો શેષનાગના અવતાર છો અને બ્રહ્માંડને ફણા ઉપર ધારી રાખો એટલું બળ છે.' એ આકાશવાણી સાંભળીને બળદેવજીએ કૂદકો માર્યો અને પ્રલંબાસુરના હાથમાંથી છૂટ્યા. પછી તેને પકડીને મારી નાખ્યો. એમ કોઈના જણાવ્યાથી પોતાના બળની ખબર પડી. માટે સત્પુરુષના સમાગમથી જ જીવ બળિયો થાય છે; નહિ તો રાંક જેવો જ રહે છે.''

ગંડવા ચાલે ત્યારે પ્રભુ ભજાય

''આ દેહ છે તે ખાસડાને ઠેકાણે છે. પગ ન બળે કે કાંટા ન વાગે એટલે ખાસડું પગમાં પહેરાય, પણ કંઈ તેને માથે ન ચડાવાય. આ દેહ છે તેનાથી ભગવાનના ભજનરૂપી કામ લઈ લેવું. પણ તેને પરપોલા જેવો કરી મૂકીએ અને બહુ જ જાળવીએ તો કંઈ સુખ આવે નહિ. માટે એવી અવળી સમજણ એ જીવ મૂકશે ત્યારે જ તેને એવું થશે. સ્વામીના પ્રતાપે અમારે તો હાથમાં હાથ અને કાનમાં કાન એવું થઈ ગયું છે. રાધિકાજી ભગવાનને છાતી ઉપર રાખતાં અને જરાક જો ભગવાન વીસરાય તો ચીસ પાડતાં. એમ જ્યારે ગંડવા ચાલે ત્યારે પ્રભુ ભજાય.''

પછી જાગા સ્વામી બોલ્યા : ''દૃષ્ટિમાં આવે તો ગંડવા ઊપડે. મોટાને જો સેવે તો ભ્રષ્ટ થાય નહિ. નહિ તો ઇન્દ્રિયો, અંતઃકરણ તો શૂદ્ર જેવા છે, તે જરાકમાં ભ્રષ્ટ કરી નાખે.''

એટલે ભગતજી કહે : ''આ સર્વને હેત તો મારે વિષે ઘણું છે, પણ દેહરૂપી ખાસડાને પડ્યું મેલતા નથી એટલે હિંદુ-મુસલમાનને આહારે અને વહેવારે જેટલું છેટું છે, એટલું મારે અને એમને છેટું છે. એટલું પણ કોઈ સમજતા નથી કે આ દેહમાં તો હાડકાં અને માંસ ભર્યું છે. તેને જે પોતાનું

રૂપ માને છે અને તેમાં મોહ પામે છે એ તો ચામડિયા જીવ છે. તેને સુખ તે ક્યાંથી આવે ?''

એમ કહીને વાત કરી : ''બળરામદાસજી તથા અમે અધરાત-મધરાત બેસીને સ્વામીની વાતો સાંભળતા, પણ બીજા તો ભીતરભાવે વેર રાખતા. આ સુખ કંઈ જોગ વગર નથી આવ્યું. જોગ વગર તો કંઈ થાય તેમજ નથી.''

એટલે શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીએ પૂછ્યું : ''જોગ કૃપાથી થાય કે એમ ને એમ ?''

એટલે ભગતજીએ તેમના સામું જોઈ હસીને કહ્યું : ''જોગ તો કૃપાથી જ થાય છે. એની કૃપા થાય પછી એનો જ એક આધાર રાખીને વળગી પડીએ તો બધુંય થાય. મોટાને જો ચકચૂર રાજી કરી દીધા હોય, તો જીવમાં આઠે પહોર આનંદ વર્તે. એવી સ્થિતિ મોટાપુરુષ કરાવી દે. પછી તો તે પણ મસ્તાન થઈ જાય.''

તે ઉપર બ્રહ્માનંદ સ્વામીનાં કીર્તન બોલાવ્યાં :

મેં તો સર્વે સંગાથે તોડી રે સાહેલી,
એક જગના જીવન સાથે જોડી રે સાહેલી.

એ ચારેય પદ બોલાવ્યાં.

અહીં જૂનાગઢમાં સત્સંગની જુવાની દેખાય છે

પછી પોતે બોલ્યા : ''અમે મહુવામાં બાવા ગોપાળગરની સેવા કરતા. સ્વામી પંદર જણની ગોદડી ધોતા. એમ સેવા કરવાથી જ દેહ ઘસાય છે અને મોટાપુરુષ રાજી થાય છે. આ અંગ્રેજ સરકારે તારની શોધ કરી તે તો આ લોકનું કાર્ય, પણ તેમાંય કોઈની બુદ્ધિ પહોંચતી નથી. ત્યારે પરલોક જે ભગવાનનું ધામ અને ધામને વિષે રહી જે ભગવાનની મૂર્તિ તેને પામવામાં તો બુદ્ધિ પહોંચે જ કેમ ? પણ જે તેને સાક્ષાત્કાર પામ્યા હોય તેમાં સર્વે પ્રકારે જીવ જડી દે તો એવો બુદ્ધિયોગ આપી દે. સ્વામી કહેતા : 'આ જૂનાગઢ જે આવશે તેને ગમે તેટલા જન્મની કસર હશે તો પણ તે ટાળી નાખશું.''

એટલે શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીએ કહ્યું : ''અમને પણ આપની પાસે રાખો અને અમારી સર્વ કસર ટાળો.''

પછી પોતે વાત કરી : ''સ્વામીના વખતમાં ડભોઈના કરુણાશંકર

જૂનાગઢ આવ્યા હતા. તેમણે સ્વામીની વાતો સાંભળી અને અખંડ કથાવાર્તાનો અખાડો જોયો, એટલે સ્વામીને કહ્યું : 'હું સર્વ ઠેકાણે જોતો જોતો આવું છું, પણ બધે સત્સંગ ઘરડો થઈ ગયો છે અને અહીં જૂનાગઢમાં સત્સંગ જુવાન દેખાય છે તેનું શું કારણ ?' ત્યારે સ્વામી કહે : 'અહીં તો સાક્ષાત્ શ્રીજીમહારાજ વિરાજમાન છે એટલે સત્સંગની ભરજુવાની છે.' ભગવાન કે મોટા સાધુની કૃપા છે તે પોતાના ભક્તને માટે જ છે. માટે ભક્ત થવું.'' એટલી વાત કરીને પોતે ઢોલિયામાં પોઢી ગયા અને વૈદ્યને પોતાનું પેટ દેખાડ્યું.

સેવાના ત્રણ પ્રકાર

પછી સ્વામીશ્રી જાગા ભક્તે સેવા અને સમાગમની વાત કરી. એટલે નારાયણભાઈએ પ્રશ્ન પૂછ્યો : ''મોટાની અનુવૃત્તિ એ સેવા ?''

પછી સ્વામીશ્રી જાગા ભક્ત બોલ્યા : ''સેવા તો ત્રણ પ્રકારે થાય છે : મન, કર્મ અને વચને. એમ ત્રણ પ્રકારે અનુવૃત્તિમાં રહેવું. વચને કરીને સત્પુરુષમાં જે અનંત ગુણ રહ્યા છે તે કહેવા અને સાંભળવા. મને કરીને સત્પુરુષને વિષે નાસ્તિકભાવ આવવા દેવો નહિ. ભગવાન કે ભગવાનના ભક્તને જેવો જાણે તેવો પોતે થાય. ભગવાન કે સંત સર્વ પ્રકારે નિર્દોષ સમજાય અને વળી તે મારી સર્વ ક્રિયા અખંડ જોઈ રહ્યા છે એમ સમજાય, તો આપણી ક્રિયા પણ નિર્દોષ થઈ જાય. સમાગમ એટલે શું ? તો સમાનું જ્ઞાન આપે તે સમાગમ. ભગવાનમાં અંતર્યામીપણું સમજવું, કથાનું ટાણું હોય ત્યારે કથા કરવી, કીર્તનનું ટાણું હોય ત્યારે કીર્તન બોલવાં કાં સાંભળવાં. ભગવાન કે મોટાપુરુષ વિરાજમાન હોય ત્યારે તેમના વિચાર પ્રમાણે વર્તવું એ સમાનું જ્ઞાન કહેવાય. એક વખત સવારના વહેલા સ્વામી વાતો કરતા હતા. ત્યારે એક સાધુ પ્રભાતિયાં ગાવા માંડ્યા. એટલે સ્વામી બોલ્યા : 'આ પાડું ક્યાં આરડે છે ?' એમ સમાનું જ્ઞાન ન હોય તે પાડું આરડ્યા જેવું કહેવાય.'' એટલી વાત જાગા સ્વામીએ કરી.

એટલે ભગતજી ઢોલિયામાં બેઠા થયા અને પોતાની વાત કરી : ''સ્વામીએ એક દિવસ મને કહ્યું કે 'મેડા ઉપર થાપ નાખવી છે અને ગાર કરવી છે.' પછી તો સો ગાડાં મટોડી અને છાણનો ઢગલો કરી દીધો. તેથી

સ્વામી રાજી થઈ ગયા અને કહ્યું : 'આ તો સહેજ સંકલ્પ કર્યો એટલામાં તો તૈયાર પણ કરી દીધું.' પછી વરતાલ સ્વામી સાથે ગયો એટલે ત્યાંના સાધુએ ઠેકડી કરી : 'આ પંદર મણનો ગાંસડો પ્રાગો ઉપાડશે ?' અને મેં ઉપાડ્યો પણ ખરો. પણ એમ દેહને ન ગણ્યો અને સ્વામીની મરજી જાણી તો સ્વામીનો રાજીપો થઈ ગયો. એવા સાચા સંત મળે ત્યારે કોઈ ખામી રહે નહિ.''

તે ઉપર બ્રહ્માનંદ સ્વામીનો સવૈયો બોલ્યા :

'સાચે સંત મીલે કમી કાહું રહી, સાચી શીખવે રામકી રીતકું જી;
પરાપાર સોઈ પરબ્રહ્મ હે, તામેં ઠેરાવે જીવકે ચિત્તકું જી;
દૃઢ આસન સાધકે ધ્યાન ધરે, કરે ગાન હરિગુન ગીતકું જી,
બ્રહ્માનંદ કહે દાતા રામહું કે, પ્રભુ સાથ બઢાવત પ્રીતકું જી.'

અહોનિશ સાધુને સંભાર્યા કરવા

''સ્વામી કહેતા કે 'પ્રાગજીએ તો એવી માયા પરની મોરલી વગાડી છે કે મોટા મોટા બ્રહ્માદિક દેવોનાં ધ્યાન છૂટી ગયાં છે.' તે શું ? તો જે મૂળ બ્રહ્મ છે તે જ આ ગુણાતીતાનંદ સ્વામી છે. એવું જ્ઞાન જ્યારે થાય ત્યારે જ જીવનું મૂળ અજ્ઞાન ટળે. બ્રહ્માદિક દેવોએ પણ આ વાત સાંભળી ત્યારે એમ થયું કે ધ્યાન કરતાં પણ આ કર્મભૂમિમાં આવા સાક્ષાત્ મૂળબ્રહ્મના સંબંધને પામવું એ અધિક છે. બદરિકાશ્રમમાં જેટલું છ માસમાં કરે, શ્વેતદ્વીપમાં જેટલું બાર માસમાં કરે અને જેટલું કામ થાય, તેટલું આ કર્મભૂમિમાં એક ઘડીમાં થાય છે. એમ એક ઘડી તો નિત્યે પોતાને આત્મરૂપ માનીને ભજનમાં બેસવું જ. આત્મરૂપ જે પોતાને માને તેને આખી પૃથ્વીનું પુણ્ય મળે છે અને જે દેહરૂપ પોતાને માને તેને આખી પૃથ્વીનું પાપ મળે છે.''

ત્યારે યજ્ઞપુરુષદાસજીએ પૂછ્યું : ''દેહરૂપ મનાય ત્યારે શું કરવું ?''

ત્યારે પોતે બોલ્યા જે : ''મટકું ભરીએ એટલી વાર પણ સાધુનો ત્યાગ ન કરીએ તો દેહરૂપ ન મનાય. માટે અહોનિશ સાધુને સંભાર્યા કરવા.''

પછી સ્વામી જાગા ભક્ત બોલ્યા : ''આસન વાળી ભજન કરીએ ત્યારે ઇન્દ્રિયો, દેહ અને મન બધાંય કબજામાં આવે. આત્માનંદ સ્વામી કહેતા, 'દેહરૂપ તો મનાય જ નહિ, આત્મારૂપ જ મનાય છે.' પણ એવો દૃઢ આગ્રહ રાખીએ ત્યારે થાય.''

ત્યારે નારાયણભાઈએ પ્રશ્ન પૂછ્યો : ''દેહરૂપ ન મનાય અને આત્મ-રૂપ મનાય, તે કૃપાએ કરીને કે સાધને કરીને ?''

ત્યારે સ્વામી જાગા ભક્તે કહ્યું : ''આ તમે ફોજદાર થયા છો, તે સાધને કે કૃપાએ ?''

ત્યારે તેમણે કહ્યું : ''સાધન કર્યાં એટલે ઉપરીની કૃપા થઈ.''

એટલે જાગા સ્વામીએ કહ્યું : ''પુરુષપ્રયત્ન કરશો એટલે ભગવાનની કૃપા થશે. ભગવાન કે મોટાપુરુષ સાથે સજાતિ થયા સિવાય ખરું હેત થતું નથી. આપણને જ્યાં સુધી દેહરૂપ માનશું ત્યાં સુધી મોટાપુરુષને સજાતિ થયા નથી. માટે દેહરૂપ માન્યતા છોડી દઈ આત્મારૂપે માનીને તેમનું શરણું લેવું, જેથી જોતજોતામાં દેહ, ઈન્દ્રિયોના ભાવથી આપણને રહિત કરી, પોતાને સજાતિ કરી દેશે. ભગવાનની કૃપા તે ભક્તને અર્થે છે પણ અભક્તને અર્થે નથી.'' એટલી વાત કરીને જાગા સ્વામી ઊઠ્યા. એટલે સર્વેને ભગતજીએ ઊઠવાની આજ્ઞા કરી. પોતે ઊઠીને ઠાકોરજીનાં દર્શને પધાર્યા અને મેવાની પ્રસાદી જમી સભામાં પધાર્યા.

ભગતજી મહારાજ સભામાં પધાર્યા જાણી આચાર્ય મહારાજ તથા સર્વે સંતો પણ સભામાં આવ્યા. સ્વામીશ્રી જાગા ભક્ત પણ તુરત જ સભામાં પધાર્યા. આચાર્ય મહારાજશ્રીએ ભગતજીને કહ્યું : ''કાંઈક ઉત્તમ પ્રસંગ કાઢીને વાત કરો. હવે સમૈયો વીખરાશે. માટે દરેકને જતાં પહેલાં કંઈક ભાથું આપો.''

એટલે ભગતજીએ જાગા સ્વામીને કહ્યું : ''સ્વામીની ઉપશમ દશાવાળી વાત કરો.''

એટલે જાગા સ્વામીએ વાત કરી : ''એક વખત સ્વામી મહાપૂજામાં બેઠા હતા. તે વખતે એકાએક ધ્યાનમાં ઊંડા ઊતરી ગયા. સૌને એમ થયું કે સ્વામી હમણાં જાગશે. એમ કરતાં આખો દિવસ વીતી ગયો પણ સ્વામી જાગ્યા નહિ. એટલે સૌ સંતો, હરિભક્તો, પાર્ષદો સ્વામી પાસે વીંટળાઈને બેસી રહ્યા. આજુબાજુમાં પણ આ વાતની ખબર પડી એટલે સંતો તથા હરિભક્તો જૂનાગઢ આવ્યા અને સ્વામી ક્યારે જાગે તે વાટ જોઈને સૌ સ્વામી સન્મુખ બેસી રહ્યા. કોઈ ત્યાંથી જરાય જાય નહિ. સ્વામી પણ થોડી વારે 'હે રહુગણ રાજા ! તું અકોવિદ છે' એમ બોલે. ત્રીજે દિવસે સ્વામી જાગ્રત થયા ત્યારે સૌને આજુબાજુ બેઠેલા જોયા. એટલે પોતાના ખેસ વતે

ગોઠણ બાંધીને સ્વામી બેઠા અને પૂછ્યું : 'તમે સૌ ક્યારના બેઠા છો ?' એટલે સર્વેએ કહ્યું : 'આપ પરમ દિવસના મહાપૂજામાં બેઠા અને ધ્યાનમાં ઊતરી ગયા ત્યારથી અમે બધા બેઠા છીએ અને આ બીજા પણ જેને જેમ જેમ ખબર પડી એમ આવતા ગયા અને અખંડ બધા અહીં જ આપની સામે બેઠા છે.' ત્યારે સ્વામી બહુ જ રાજી થયા અને બોલ્યા : 'અહો ! તમને મારામાં આવું ઉત્તમ હેત છે અને મૂર્તિ સામું એક દૃષ્ટિએ જોઈને બેઠા છો, પણ અખંડ જો આવી રીતે વર્તો તો ઉપશમ દશા થઈ જાય અને ઇન્દ્રિયો વિરામ પામે.''

ત્યારે આચાર્ય મહારાજે પ્રશ્ન પૂછ્યો : ''ઉપશમ દશા કોને કહેવાય ?''

ઉપશમ એટલે શું ?

આ પ્રશ્નનો ઉત્તર ભગતજીએ કર્યો કે ''જ્યારે ઇન્દ્રિયોની વૃત્તિઓ પ્રતિલોમ થઈને હૃદયાકાશ સન્મુખ વર્તે તે ઉપશમ દશા કહેવાય. એવી ઉપશમ દશા જેને વર્તતી હોય તેને ગમે તેવા રમણીય પંચવિષયની પ્રાપ્તિ થાય તો પણ ઇન્દ્રિયોની વૃત્તિ હૃદયાકાશ સન્મુખ હોય, એટલે તે તેમાં લેવાય નહિ. જેમ મહી અને સાબરમતી જેવી બે મોટી નદીઓનો પ્રવાહ ભેગો કરીએ ત્યારે તેમાં હાથી, ઘોડા, વૃક્ષ આદિ જે કાંઈ આવે તે સર્વે તણાઈ જાય, પણ કોઈ ટકી શકે નહિ. તેમ ઉપશમવાળાને પણ ગમે તેવા રમણીય પંચ-વિષયનો યોગ થાય, તો પણ જેમ પૂર્વ જન્મમાં પ્રાપ્ત થયા જે વિષય તે આ જન્મમાં અજ્ઞાને કરીને વીસરી જાય છે, તેમ એવા ઉપશમ દશાવાળા ભક્તને પણ પંચવિષય તરફ જ્ઞાને કરીને વૃત્તિ રહેતી નથી. વળી, આ જીવ જ્યારે સુષુપ્તિમાં જાય છે, ત્યારે ગમે તેવા રમણીય પંચવિષયનો યોગ થાય તો પણ સુષુપ્તિ અવસ્થાના યોગે કરીને તેને તેમાં વૃત્તિ જતી નથી. એ અજ્ઞાનમય ઉપશમ છે. જ્યારે જ્ઞાનીને અતિશય પ્રેમે કરીને ભગવાનમાં વૃત્તિ તણાઈ જાય છે, ત્યારે ઉપશમ દશા વર્તે છે અને સુષુપ્તિ અવસ્થાની જેમ જ જાગ્રત અવસ્થામાં પણ રમણીય પંચવિષયનો અભાવ વર્તે છે.

''એક વખત સિદ્ધાનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામીએ સ્વામીને પ્રશ્ન પૂછ્યો : 'ઉપશમ કેમ ઓળખાય ?' ત્યારે સ્વામી કહે : 'જેમ બાળક માતાને બચબચ ધાવે છે, તેમ એ ભક્ત ભગવાનની મૂર્તિ સાથે જોડાઈ જઈ,

ભગવાનના સુખના ચસકાર લ્યે, ત્યારે જાણવું જે એ ઉપશમ દશાવાળો ભક્ત છે.' એટલી વાત કરીને બોલ્યા : 'અહીં જૂનાગઢમાં મહાપુરુષ-દાસજીને મહાપૂજા કરતાં કરતાં વૃત્તિ ઊંડી ઊતરી ગઈ અને ધ્યાનમાં ઊતરી ગયા. પછી કોઈકે પૂછ્યું જે, 'મેથીની ટૂંકો ખાશો ?' ત્યારે કહે : 'હા.' એટલે સ્વામી તે જોઈ બોલ્યા : 'ભગવાનનું આવું સુખ છે તે સુખ આગળ જગતનું સારું-નરસું કાંઈ જણાતું નથી.''

એટલી વાત કરીને ભગતજી બોલ્યા : ''હું બહાર વૃત્તિએ વર્તું છું તો પણ અંતઃકરણમાં ઉપશમ દશા જ વર્તે છે અને કંઈ અવશ્ય હોય એટલી જ ક્રિયા થાય છે.''

એટલે મોતીભાઈએ પ્રશ્ન પૂછ્યો : ''મોટાપુરુષ બાહ્ય દૃષ્ટિએ વર્તે છે એમ કેમ કહેવાય ?''

એટલે સ્વામી જાગા ભક્તે ઉત્તર કર્યો : ''મોટાપુરુષ બાહ્ય દૃષ્ટિએ વર્તતા દેખાય, તો પણ અંતર દૃષ્ટિએ જ વર્તે છે. પરંતુ એ જ્યારે એવી રીતે વર્તે ત્યારે આ લોકના કેટલાક જીવ છે તેને જડભરત અને શુકજી જેવા કરી મૂકે છે. માટે એવા જે અતિશય મોટાપુરુષ તેમને જે બાહ્ય દૃષ્ટિએ વર્તવું તે તો કેવળ જીવો ઉપર દયા કરીને જ છે.''[૧૫૩]

આ જીવને દેહ બંદીખાનું છે

પછી ભગતજીએ વાત કરી : ''જેની પાસે ધન વધારે હોય તેને જાળવવું ખૂબ પડે અને તે રાત-દિવસ તેના જતનને અર્થે ચોર-ચકારાદિકથી બીતો રહે. તેમ જેની પાસે ભગવાનની મૂર્તિરૂપી ધન હાથ આવ્યું હોય તેને કામ, ક્રોધાદિક ચોરથી અખંડ બીતા રહેવું. વળી, ભગવાનના ભગવદી એવા જે હરિભક્ત તેની પણ નિરંતર બીક રાખવી કે રખે એમનો દ્રોહ થઈ જાય. ભગવાનના ભક્તને માટે હલકું વચન બોલવું નહિ. તેમ કઠણ વચન પણ ભગવાનના ભક્તને કહેવું નહિ. એક સાધુએ બીજા સાધુને કહ્યું કે 'બેલ જેસા હૈ.' ત્યારે મહારાજે તેને કહ્યું કે 'હવે બીજો જન્મ તમારે બળદનો લેવો પડશે.' માટે ભગવાનના ભક્તનો દ્રોહ કરવો જ નહિ અને દ્રોહ થઈ ગયો હોય તો તેમની માફી માગી રાજી કરી લેવા. આ સત્સંગ તો બ્રહ્મરૂપ છે,

૧૫૩. ગ.અં. ૧૪.

માટે સાધુનો સમાગમ કરી મહિમા સમજવો તો દોષ બળી જશે. દેહાભિમાને કરીને જે વાસના દૃઢ થઈ હોય તે કેમે કરીને મુકાય નહિ, પણ મોટાપુરુષનો ગુણ આવે તો તત્કાળ તે વાસના નાશ પામી જાય છે. મોટાપુરુષનો ગુણ આવવો તે જેવું કોઈ પુણ્ય નથી અને મોટાપુરુષનો દેહાભિમાનને યોગે કરીને દ્રોહ કરવો તે બરોબર કોઈ પાપ નથી. આ જીવને બંદીખાનું છે તે ભોગવવું જ પડે, તેમાં કોઈનો ભાગ નથી. પણ જો એકાંતિકના યોગમાં આવે, તો એ બંદીખાનું ટળી જાય છે અને છતી દેહે જીવનમુક્ત સ્થિતિને પમાડી દે છે.''

ત્યારે એક હરિભક્તે પૂછ્યું : ''મહારાજ ! મોટાપુરુષનો અખંડ યોગ તો જે ત્યાગી થાય તેને હોય, પણ અમારે ગૃહસ્થને શું કરવું ?''

ત્યારે ભગતજી હસીને બોલ્યા : ''ગોપાળાનંદ સ્વામી પાસે ઘણા સાધુ રહેતા, પણ ઓળખ્યા વિના રહે તેમાં શું પાક્યું ? માટે એવા મોટાપુરુષને ઓળખીને તેના સમાગમમાં રહે છે અને જો છેટે જવાનો યોગ થાય તો છેટે જઈને વૃત્તિ જો એવા મોટાપુરુષમાં રાખે, તો અનલ પક્ષીની જેમ મોટાપુરુષ તો વૃત્તિદ્વારે સેવે એવા છે. વળી, ગૃહસ્થને ભીડામાં નાખે અને ભીડો વેઠે તો દોષ શી ગણતરીમાં છે ? જેમ ત્યાગીને વર્તમાન છે તેમ ગૃહસ્થના માર્ગમાં પણ નૈષ્ઠિક વ્રતમાં ફેર પડે તો એક ઉપવાસ કરે. વળી, ભીમનાથના રાંકા જેમ એક કડછો ખીચડાનો ખપ રાખી ગમે તેટલા ધક્કા સહન કરતા, તેમ ગૃહસ્થ પણ જો આવો ખપ રાખે, ભીડો – દેહનો, મનનો અને ધનનો – મોટાની આજ્ઞાએ કરીને વેઠે અને સંતની સેવામાંથી મનને આડુંઅવળું ડોલવા દે નહિ, તો તેનું પણ કામ થઈ જાય અને મોટાપુરુષ પોતામાં ભેળવી એનો જીવ સુખિયો કરી દે.''

વળી, ભગતજી બોલ્યા : ''ધર્મમાં રહેવું, ઉપાસના, નામસ્મરણ અને ધ્યાન - આ ચાર વાત જીવના કલ્યાણની છે. માટે અખંડ ભજન કરવું. તે વૃત્તિએ કરવું. જ્ઞાન એ કૂટો છે, વૈરાગ્ય એ ઊપણવું છે, ધર્મ એ દળવું છે અને ભક્તિરૂપી ખાવાનું છે. આ ચારનો જો અભ્યાસ હોય તો સત્સંગ થયે ચાર-પાંચ જ વર્ષ થયાં હોય, પણ જેમ ચાર-પાંચ વર્ષની જૂની ડાંગર હોય તે ફરી ઊગે નહિ, તેમ એવાને સત્સંગથી વિષયગ્રંથિ ટળી જાય છે અને રૂંવાડે રૂંવાડે ભજન થાય છે અને આનંદના ફુવારા છૂટે છે. માટે રોટલા ખાઈને ભજન જ કરવું. રઘુવીરજી મહારાજ તો કેરીઓની રસોઈ જમાડી ભજન

કરાવતા, પણ આપણે ઉત્તમ ભોગમાં રાગ રાખવો નહિ. અને મધ્યમ ભોગ કરતાં ઉત્તમ ભોગ મળે તો ઉદાસ થઈ જવું. વળી, બ્રહ્મવિદ્યાનો એકડો ભણવો. તે શું ? તો ઇન્દ્રિયો તથા મન તેના આહાર બંધ કરવા અને ભગવાનની મૂર્તિ સંબંધીના શુદ્ધ આહાર કરવા, જેથી સુખ થાય છે.''

પછી સ્વામીશ્રી જાગા ભક્તે વાત કરી : ''અહો ! આજે સભા કેવી સ્થિર થઈ ગઈ છે ! એમ ભજનનો આગ્રહ રાખવાથી થાય છે. એક દિવસ સ્વામી ભજનમાં બેઠા તે પાંચ કલાક બેઠા. તે દિવસે સ્વામીની સાથે જે ભજનમાં બેઠા હતા તેમણે વાત કરી : 'અહો ! સ્વામીની સાથે ભજનમાં બેસવાથી અલૌકિક સુખ આવે છે.' પછી બીજે દિવસે સ્વામીની સાથે બીજા દસ જણા બેઠા અને ત્રીજે દિવસે ત્રીસ જણા બેઠા. પછી સ્વામી ભજનમાંથી જાગ્યા અને 'જય સ્વામિનારાયણ' કહી ઊઠ્યા. પછી સ્વામી બોલ્યા : 'વૃત્તિ કેવી સ્થિર થઈ ગઈ છે ? એમ બધાને ગાંડાતુર કરી મૂકીએ, પણ કોઈ દોરનાર જોઈએ.' માટે જેમ ઉનાળે ઊનું હોય અને ચોમાસે ટાઢું હોય તેમ સમાગમનું છે.''

એટલી વાત કરી એટલે ભગતજી જાગા સ્વામી સામે જોઈને હસ્યા અને બોલ્યા : ''એવા ઉનાળા તો કંઈક અમારા ઉપર વીતી ગયા છે, પણ સ્વામીની દૃષ્ટિ હતી તેથી અખંડ ટાઢું જ રહ્યું. પ્રથમ તો સ્વામીના વખતમાં જ વિમુખ કરીને કાઢી મૂક્યા. પછી પાછા બોલાવ્યા. વળી, પાછા કાઢ્યા.'' ત્યાંથી તે સુરત આવ્યા ત્યાં સુધીનું પોતાનું વૃત્તાંત કહ્યું અને વાત કરી કે ''ઉત્તરસંડામાં શુક સ્વામી ભેગો રહ્યો ત્યારે શુક સ્વામી કહે : 'આણે તો દૂધ મેળવી છાશ કાઢી નાખીને, માખણ ગજવામાં મૂકી દીધું છે.'' એટલી વાત કરી અને સભા શૂન્ય સરખી થઈ ગઈ એટલે કીર્તનો બોલાવ્યાં.

પછી ભગતજી મહારાજે વાત કરી : ''આ બધી વાત કરી તે સર્વનું સારમાત્ર એટલું છે કે મોટાપુરુષનો નિશ્ચય જીવમાં કરવો. જેની બુદ્ધિ કુશાગ્ર હોય તેને જ એ નિશ્ચય થાય છે અને બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. માટે બુદ્ધિવાળો મહારાજને ગમતો. એટલે બુદ્ધિમાં નિશ્ચય થાય ત્યારે જીવમાં નિશ્ચય થઈ જાય. જેમ ધુમાડો અને વાદળાં દેખાય, પણ અગ્નિ અને વાયુ કે જેને આધારે ધુમાડો ઉપર ચડે છે અને વાદળાં હાલે છે, તે દેખાતાં નથી. તેમ બુદ્ધિમાં જીવ રહ્યો છે; જેને આધારે બુદ્ધિ નખથી શિખાપર્યંત વ્યાપીને સુખ, દુઃખ, હર્ષ,

શોક, ખાટું, ખારું, રૂપાળું વગેરે નિશ્ચય કરે છે. પણ જેના વડે નિશ્ચય કરે છે તે જીવ દેખાતો નથી, પણ બુદ્ધિ જ દેખાય છે. તેમ બુદ્ધિ વતે નિશ્ચય થાય ત્યારે જીવને નિશ્ચય થયો કહેવાય.[૧૫૪] માટે મોટાપુરુષના સેવનથી બુદ્ધિયોગ મળે છે.'' એટલી વાત કરીને સર્વ સભાને સૂવા જવાની આજ્ઞા કરી અને પોતે 'શ્રીપતિમ્' કરીને ઊઠ્યા.

એકાદશીને દિવસે સવારમાં વહેલા ઊઠી, નાહી, પૂજા કરી, પરવારી ઠાકોરજીનાં દર્શન કરી સભામાં પધાર્યા. સાથે સર્વ ભાવિક હરિભક્તો હતા. પછી ઝવેરીલાલભાઈ પાસે મહાપૂજાનો વિધિ કરાવ્યો અને સર્વ સંતોની પૂજા કરાવી ધોતિયાં ઓઢાડ્યાં. બીજા હરિભક્તો જે ત્યાં હતા તેમની પાસે પણ સંતોની પૂજા કરાવી, સંતોને ધોતિયાં ઓઢાડ્યાં. ઝવેરીલાલભાઈ તથા સર્વ હરિભક્તોનો ભગતજી પ્રત્યેનો આવો સર્વોપરી ભાવ અને ભગતજીની આજ્ઞામાં ટુક ટુક વર્તવાની તત્પરતા જોઈ, સર્વે સંતોને ભગતજીને વિષે સર્વોપરી સત્પુરુષપણાની નિષ્ઠા થઈ.

ગુણ આવે છે તે વૃદ્ધિને પામે છે

પછી જાગા ભક્ત સ્વામીને આસને પધાર્યા. સંત, હરિભક્તો પણ સાથે હતા. એટલે ભગતજીએ વાત કરી : ''આચાર્ય, સાધુ અને મંદિર તેનો જેને અવગુણ આવે છે તે ઘટી જાય છે અને એનો જેને ગુણ આવે તે વૃદ્ધિને પામે છે. માટે અવગુણ તો લેવો જ નહિ અને સદા ગુણગ્રાહક થવું. શ્રીજીમહારાજે સત્સંગમાં વૃદ્ધિ પામવાનો આ જ એક મોટો ઉપાય બતાવ્યો છે. ગ.પ્ર. ૬, ૧૬, ૨૮, ૫૮, ૬૭ એ આદિક ઘણાં વચનામૃતમાં પોતાનો અવગુણ પરઠી સંત, હરિભક્તનો જો ગુણ ગ્રહણ કરે, તો તે સર્વગુણસંપન્ન થાય. દત્તાત્રેયે ચોવીસ ગુરુ કર્યા હતા. સ્વામીએ પિસ્તાલીસ ગુરુ કર્યા અને દરેકમાંથી ગુણ લીધો, તો સત્સંગમાં સર્વોપરી સમાસ થયો. માટે એકબીજાના અવગુણ ગ્રહણ કરવા નહિ.''

પછી નારાયણભાઈ પાસે વરતાલ-૧૧મું વચનામૃત વંચાવીને વાત કરી : ''માન છે તે ક્રોધ, મત્સર અને ઈર્ષ્યાનો આધાર છે. માટે માની ભક્તને અસુર જેવો જાણવો. કેમ કે, માનના આધારે કોઈક વખતે પણ ગરીબ,

૧૫૪. કારિયાણી ૧.

બ્રાહ્મણ કે ભગવાનના ભક્તોનો એ દ્રોહ કરી જ બેસે. માટે માની ભક્તની તો છાયામાં પણ રહેવું નહિ. અમારો પણ એવો સ્વભાવ છે કે એવો જે હોય તે અમને દીઠો પણ ગમે નહિ. માટે અહં-મમત્વ તો રાખવું જ નહિ. એવી રીતે અહં-મમત્વ ટાળીને જે આ સત્સંગમાં પડ્યો રહેશે, તેનું અંગ વૃદ્ધિને પામશે.''

એટલી વાત કરીને વળી કહ્યું : ''જેને સત્સંગ જ કરવો છે તેને તો બીજે વૃત્તિ રાખવી પાલવે જ નહિ. એમ બે ઘોડે સવાર થવાય જ નહિ. સ્વામી ત્યાગી થવા આવ્યા ત્યારે તેમના કાકા તેમને તેડવા આવ્યા અને કહ્યું : 'ભાઈ ! ભગવાન ભજવા હોય તો સંસારમાં રહીને પણ ભજાય છે. પાંડવ-ગીતામાં ભગવાને કહ્યું છે કે –

સંસારમાં સરસો રહે ને મન મારી પાસ જો,
સંસારમાં લોપાય નહિ તે જાણ મારો દાસ જો.'

એ વાત સાંભળી સ્વામી બોલ્યા કે 'એ વાત બને તેવી નથી. કારણ કે,

ચિત્તકી વૃત્તિ એક હૈ, ભાવે તહાં લગાઓ,
ચાહે તો હરિકી ભક્તિ કરો, ચાહે તો વિષય કમાઓ.'

પછી તો મહારાજે તેમને બોલાવીને સમજાવ્યું : 'પથ્થર તળે હાથ આવે તે કળે કરીને કાઢવો, પણ બહુ બળ કરીએ તો છોલાઈ જાય. માટે હમણાં તંત મૂકીને ઘેર જાઓ. પણ શૂરવીરતા છોડવી નહિ. તે શું ? તો

મરને આતસકા વરસે મેહા રે તોય ન દાઝે મેરો દેહા રે,
મરને બારે મેઘ આવી ઝૂમે રે તોય નવ ભીંજે મેરા રોમે રે.

માટે એમ વર્તશો તો સંસાર બાધ નહિ કરે.' પછી એક દૃષ્ટાંત આપ્યું : 'ભગવાનરૂપી એક રત્ન છે અને એક માયારૂપી રત્ન છે. તે જે ખરો ઝવેરી હોય તે માયારૂપી રત્નને ઓળખી, ખોટું કરી, ફેંકી દે છે અને ભગવાનરૂપી રત્નને રાખે છે. તેમ દેખાવમાં તો ભગવાન પણ મનુષ્ય જેવા જ દેખાય અને માયા તો છે જ એવી, પણ ખરેખરો ઝવેરી હોય તેને એ બંનેની વિક્તિ પડી જાય.'' એમ કહીને ભગતજીએ કહ્યું : ''એકાંતિકના સંગથી મહિમા અને નિશ્ચય વધે છે અને એકાંતિક ધર્મ પમાય છે. આજે પુરુષોત્તમનો સંબંધ એકાંતિક દ્વારાએ તમોને છે.''

પછી જાગા સ્વામીને વાતો કરવાનું કહ્યું. એટલે તેમણે વાત કરી કે –

'આવ નહિ આદર નહિ, નેણામાં નહિ નેહ;
તે ઘર કબુ ન જાઈએ, કંચન વરસે મેહ.'

વળી,

'આવ સહી આદર સહી, છે નેણામાં નેહ;
તે ઘેર નિશદિન જાઈએ ભલે ભાલા વરસે મેહ.'

એમ બોલીને વાત કરી : ''આ જીવ છે તે એક દિવસમાં વૃદ્ધિને પામતો નથી, એ તો ધીરે ધીરે જ્ઞાન થાય ત્યારે વૃદ્ધિને પામે છે. જેમ રાજાના છોકરાને એક દિવસ ખૂબ ખવરાવે તેમાં તે મોટો થઈ જતો નથી; પરંતુ ધીરે ધીરે જેમ માફક આવે તેમ ખવરાવે ત્યારે જ તેનું બળ વૃદ્ધિને પામે અને મોટો થાય. તેમ જ્ઞાન પણ મોટાના સંગે ધીરે ધીરે પમાય છે. પણ એક દિવસમાં જાણે બધું શીખી લઉં તેમ ન થાય. જેમ જેમ મોટાપુરુષને મન સોંપે, તેમ તેમ મોટા પારસો મૂકે અને બ્રહ્મરૂપ થવાની ચાવી બતાવતા જાય. વળી, ઇન્દ્રિયો, અંતઃકરણનું બળ પણ શમાવતા જાય. તે સિવાય તો કંઈ થતું જ નથી.''

પ્રેમી, ધ્યાની કે વેગી ન થવું

''મહારાજે એક દિવસ અલૈયા ગામમાં દૃષ્ટિ કરી બધાને બ્રહ્મ-મહોલમાં મોકલી દીધા, પણ જ્ઞાન વિના ત્યાં કોઈ ટક્યા નહિ. માટે સ્વામીએ કહ્યું છે : 'પ્રેમી જાતા રહ્યા, ધ્યાની જાતા રહ્યા, વેગી જાતા રહ્યા, પણ જ્ઞાની ટક્યા. માટે આ માર્ગે પ્રેમી, ધ્યાની કે વેગી ન થવું પણ જ્ઞાની થવું. જેમ રાજાના કુંવરને રાજ્યનો મહિમા નથી, પણ લાયક થાય અને ગાદી ઉપર બેસે ત્યારે રાજ્યનો મહિમા સમજાય. તેમ સત્સંગ કરવામાં પણ એ જ રીત છે. માટે મોટાપુરુષ પાસે ધીરે ધીરે તેમની અનુવૃત્તિ અને રુચિ સમજી, સ્થિર અંતઃકરણ કરી જ્ઞાન પામવું. વળી, સર્વદેશી થવું, પણ કેવળ એકદેશી ન થવું અને મનમાં જે વાતનો વેગ આવે તે લઈને મંડવું નહિ. સારી રીતે વિચાર કરવો.'' સ્વામી જાગા ભક્તે આટલી વાત કરી.

ત્યારે ભગતજી બોલ્યા : ''અહો ! આવા અતિ મોટાનો સમાગમ ઘણો જ દુર્લભ છે. સ્વામી જ્યારે વરતાલની સભામાં વાત કરતા ત્યારે સર્વે જે આડાઅવળા જઈને સૂઈ ગયા હોય કે ગપ્પાં મારતાં હોય, તે સાવધાન થઈ જાય અને નવખંડની સભા ભરાઈ હોય તે સાંકડા સાંકડા થતાં ત્રણ ખંડમાં

સભા આવતી રહે. એમ સ્વામીની મૂર્તિમાં સૌ તણાઈ જતા અને વાતો સાંભળવાનો એવો વેગ લાગી જતો. શુક સ્વામીને પણ સ્વામીની વાતો સાંભળી, સ્વામીને વિષે રુચિ સારી થઈ હતી. એમ મોટા મોટાનાં અંતઃકરણને સ્થિર કરી દે એવી મોટાની વાતો સાંભળીએ, ત્યારે જ ભગવાન અને સંતનો જેમ છે તેમ જીવમાં નિશ્ચય થાય.''

પછી શાસ્ત્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો : ''બ્રહ્મરૂપ થયેલા સંતનાં જે દર્શન તે ભગવાનનાં દર્શન તુલ્ય છે - એમ વચનામૃતમાં ઘણે ઠેકાણે કહ્યું છે. ત્યારે એવા સંતનાં દર્શન થયા પછી એને આત્મામાં સ્થિતિ કરીને દર્શન પામવાની શી જરૂર છે ?''

મૂર્તિ સામે અખંડ દૃષ્ટિ રહે એ સિદ્ધ દશા

સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજનો આ પ્રશ્ન સાંભળીને ભગતજી બે ઘડી તો તેમના તરફ કરુણા દૃષ્ટિએ જોઈ રહ્યા અને વાત કરી : ''સાધુરામ ! એ જે બહાર દર્શન થાય છે તે તો અનંત જન્મનાં સાધનના ફળરૂપે થાય છે, પરંતુ એ મૂર્તિને આત્મામાં પ્રગટ કરી અને તેની જ સામે અખંડ દૃષ્ટિ રહે એ સિદ્ધ દશા છે. શ્રીજીમહારાજે પણ મોટેરા મોટેરા મુક્તોને કેમ વર્તવું જોઈએ તે વાત કરતાં કહ્યું : 'જ્યારે ઇન્દ્રિયો, અંતઃકરણની જે વૃત્તિ છે તે પાછી વળીને સદા હૃદયને વિષે જે આકાશ તેને વિષે વર્તે છે, ત્યારે તે અતિ પ્રકાશમાન તેજને વિષે ભગવાનની મૂર્તિ દેખાય છે.[૧૫૫] એવી રીતે ઇન્દ્રિયોની વૃત્તિઓ પ્રતિલોમ થઈને મૂર્તિને વિષે અખંડ રહે, ત્યારે સિદ્ધ દશા આવી કહેવાય.'

''શ્રીજીમહારાજે આ જ વચનામૃતમાં આગળ કહ્યું છે : 'એ સ્વરૂપને તમે પણ દેખો છો, પણ તમારા પરિપૂર્ણ સમજ્યામાં આવતું નથી.' એટલે એ સ્વરૂપને દેખ્યું એટલે યથાર્થ પરિપૂર્ણ સમજાયું એમ ન માનવું. જ્યારે એ સ્વરૂપ અંતરમાં પરિપૂર્ણ દેખાશે, ત્યારે જ ઇન્દ્રિયોની વૃત્તિઓની બહાર દૃષ્ટિ ટળી જશે અને અખંડ અંતરમાં અંતર્દૃષ્ટિ વર્તશે. એને સાક્ષાત્કારની સ્થિતિ કહીએ. મુક્તાનંદ સ્વામીએ કહ્યું છે કે *બ્રહ્મ થઈ પરબ્રહ્મને જુએ ને જાણે રે...* આમાં પણ જોવાનું અને જાણવાનું બંને કહ્યાં છે. માટે દેહ છતાં કે દેહ

૧૫૫. ગ.મ. ૧૩.

મૂકીને પણ, એ સ્થિતિ કર્યે જ છૂટકો છે. એવી સ્થિતિવાળા કૃપાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી વગેરે હતા.''

એટલી વાત કરીને પછી બોલ્યા : ''શાસ્ત્રવાદીઓ અથવા પંડિતોમાં કોઈકને જ આ વાત સમજવામાં આવે છે. બીજાને તો ગમ જ પડતી નથી. માટે આપણે તો महाजनो येन गतः स पन्थाः એમ કરવું. મોટાપુરુષના વચનમાં વિશ્વાસ એ જ મોટામાં મોટું સાધન સાક્ષાત્કાર સ્થિતિ પામવાનું છે.'' એટલી વાત કરીને ભગતજી પોતાને ઉતારે પધાર્યા અને જરા દૂધનું ફરાળ કરી ઢોલિયામાં પડખાભેર થયા.

પછી ત્રણ વાગે સભા થઈ તેમાં પધાર્યા અને સંધ્યા આરતી સુધી સભામાં બેઠા. અહીં પોતે કેટલીક ભજન કરવાની વાત કરી અને કહ્યું : ''જે અખંડ ભજન કરે છે તેનો જય થાય છે. જુઓને, દૈત્ય પણ પોતાના ઈષ્ટદેવનું (મલિન) ભજન કરીને પછી લડવા નીકળે છે, તો તેનો પણ જય થાય છે અને દેવો પણ પોતાના ઈષ્ટદેવનું ભજન કરે છે, તો તેનો પણ જય થાય છે. પણ દેવ અને દૈત્યના જયમાં ફેર છે. પણ ભજનથી પોતાના ઈચ્છિત ફળની સાધના થાય છે, એ મુદ્દો છે.''

પછી સંધ્યા આરતી થઈ એટલે ઠાકોરજીનાં દર્શન કરી ઉતારે પધાર્યા.

જૂનાગઢની રમણરેતી

શયન આરતી પછી સ્વામીશ્રી જાગા ભગત ભગતજીનાં દર્શને પધાર્યા. ભગતજીએ કીર્તનો ગવડાવ્યાં. પછી ધર્મજના પટેલ મકનદાસ ત્યાં બેઠા હતા, તેમને બતાવીને જાગા સ્વામીને કહ્યું : ''આ પરમ ભગવદી છે. માટે એના ઉપર દૃષ્ટિ રાખશો.''

એમ કહીને વાત કરી : ''શ્રીજીમહારાજે કહ્યું છે કે 'હું જેના ઉપર રાજી થઉં છું તેને બુદ્ધિયોગ આપું છું કાં એકાંતિક સાધુનો યોગ આપું છું.' જે બુદ્ધિશાળી હોય છે, તે જ એકાંતિક સાધુને ઓળખી શકે છે, પણ જેની બુદ્ધિમાં જાડ્યતા હોય તે ઓળખી શકે નહિ. માટે બુદ્ધિશાળી થવું. દરેક વાતનો તોલ કરવો અને લક્ષણે કરીને એકાંતિક સાધુ ઓળખવા. એવા પરમ એકાંતિક સાધુ તો અંતર ટાઢું કરી દે.''

એમ કહીને સાખી બોલ્યા કે –

'સાધુ ચંદન બાવના, શીતળ છાંય વિશાળ;
મુક્ત કહે તેહી પરસસે, નિર્વિષ હોત વિષવ્યાલ.'

''એવા સંત કે ભગવાન સાથે પ્રીતિ થઈ એ તો બહુ જ મોટી વાત છે. એવી પ્રીતિ આપણને થઈ છે તો આજે આપણે આ મહાપ્રસાદી સ્થાનમાં ભેગા બેઠા છીએ. આવું સ્થાન કે જ્યાં સ્વામી ચાલીસ વર્ષ વિરાજ્યા. વળી, બળદેવજીની પણ રમણરેતી કહેવાય. મુચકુંદ રાજા પણ આ જ ડુંગરામાં સૂતા હતા અને કાળયવનને પણ અહીં જ માર્યો હતો. આવી આ પુણ્યભૂમિની રેતી માથે ચડાવીએ તો પણ કલ્યાણ થાય. માટે સંબંધનો મહિમા મોટો છે.

''આજે આપણને પણ એવો સાક્ષાત્ સંબંધ છે, કારણ કે કોટિ જન્મનાં પુણ્ય ઉદય થયાં હોય તો આ સત્સંગ મળે છે. જેણે વિષય સંબંધી વાસના ટાળીને ભગવાન કે સંતમાં પ્રીતિ કરી નથી, તેને બધું જ કાચું છે. વળી, જેણે સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચાર વાનાંનો આદર કર્યો છે તેને ધન્ય છે, ધન્ય છે, ધન્ય છે. માટે જે વિચારને પામ્યો છે તે જ પાછી વૃત્તિ કરી શકે છે. તેને જ મહારાજે બુદ્ધિશાળી કહ્યા છે. અને તેને જ પંચવિષયની વાસના નિવૃત્તિ પામે છે.[૧૫૬] શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું : 'તમારે ક્રોધ થાય છે તે શે નિમિત્તે થાય છે ? અને કેટલું નિમિત્ત હોય ત્યારે ક્રોધ થાય છે ?' ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : 'કોઈક પદાર્થને યોગે તથા કોઈક જીવની અવળાઈ દેખાય તેને યોગે તે ઉપર ક્રોધ થાય છે, પણ તત્કાળ શમી જાય છે.'

''પછી શ્રીજીમહારાજે પૂછ્યું : 'એવું તમારે વિચારનું બળ રહે છે તે શાને યોગે કરીને રહે છે ?' ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : 'એક તો ભગવાનનું માહાત્મ્ય વિચારીને એમ સમજાય છે જે, જે રીતે ભગવાનનો કુરાજીપો થાય તેવો સ્વભાવ રાખવો નથી. વળી, શુકજી અને જડભરત જેવા સંતનો માર્ગ જોઈને એમ વિચાર રહે છે જે, સાધુમાં એવો અયોગ્ય સ્વભાવ જોઈએ નહિ.' આ વાત સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા : 'કામ, ક્રોધાદિકને હઠાવે એવો જે વિચાર તે તો ગુણ થકી પર છે. માટે એવો વિચાર નિરંતર રાખવો.''

પછી સ્વામીશ્રી જાગા ભક્તે વાત કરી : ''સ્વામી એક દિવસ સમુદ્રને કાંઠે ઊભેલા એક બાવળિયા સામું જોઈને બોલ્યા : 'અહો ! લાખ યોજનનો

---

૧૫૬. પં. ૧.

સમુદ્ર ભર્યો છે, પણ તેના જળે કરીને આ બાવળિયો લીલો-પલ્લવ થતો નથી. કેમ જે, રેતીએ કરીને સોરાઈ ગયો છે.' તેમ જે જીવ મીઠા જળના મહાસમુદ્ર જેવો આ સત્સંગ, તેમાં રહીને લીલો-પલ્લવ નથી થતો, તેનું કારણ એ છે કે એ જીવ વિષયે કરીને સોરાઈ ગયો છે. અને પંચવિષયે એને એટલો હરવી મૂક્યો છે કે કોઈ રીતે સુખિયો થતો નથી. માટે પંચવિષયના પેચમાં જે ન આવે તે જ શૂરવીર કહેવાય. એ તો વિષયનો અભાવ કરી નાખે ત્યારે થાય. માટે દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ અને એમાંથી ઊપજતો જે પંચવિષય સંબંધી મલિન વિચાર તે કુસંગ જ છે, એમ ઓળખી રાખવું.''

ત્રણ પ્રકારનો કુસંગ

''એ કુસંગ ત્રણ પ્રકારનો છે : એક બહારનો કુસંગ, બીજો અંતરનો કુસંગ અને ત્રીજો સત્સંગનો કુસંગ. બહારનો કુસંગ જે છે તે દેહ અને ઉદર પોષણને અર્થે ન કરવાનું કરાવે. સત્પુરુષના યોગમાં આવે ત્યારે તે ટળે. વળી કથા કરે, કીર્તન કરે, પણ જો વર્તમાન લોપે તો તે સત્સંગનો કુસંગ છે. હવે ત્રીજો અંતરનો કુસંગ એ છે કે લોક, ભોગ અને દેહ તે આ જીવમાં એવા તો પેસી ગયા છે કે સત્પુરુષ જ્યારે એનું ખંડન કરે, આ લોકમાં માન-મોટ્યપ ન રહેવા દે, વિષયના ભોગ ન ભોગવવા દે અને દેહે કરીને પણ દુખિયો કરી દે ત્યારે એ જીવ સત્પુરુષનો અભાવ લઈ સત્સંગમાંથી પડી જાય છે. માટે સત્પુરુષ, સત્શાસ્ત્ર અને આપણો વિચાર એ ત્રણે કરીને આ ત્રણ પ્રકારનો કુસંગ ટાળી નાખવો અને સુખિયા રહેવું.'' એટલી વાત કરી પછી 'શ્રીપતિમ્' કરી, નિયમ-ચેષ્ટા કરી સૌ ઊઠ્યા.

ગુરુ કોને કહેવાય ?

શ્રાવણ વદિ ૧૨ને બુધવારે સવારના ભગતજી નાહીને પૂજા કરતા હતા અને પાસે સંતો તથા હરિભક્તો દર્શન કરતા બેઠા હતા. પૂજા કરી રહ્યા પછી ભગતજીએ શાસ્ત્રીજી મહારાજ પાસે, षडङ्गादि वेदो मुखे शास्त्रविद्या એ શ્લોક બોલાવી તેનો અર્થ કરાવ્યો. તેમજ

गुरुर्बह्मा गुरुर्विष्णु र्गुरुर्देवो महेश्वरः।
गुरुः साक्षात् परंब्रह्म तस्मै श्री गुरवे नमः॥

એ શ્લોકનો પણ અર્થ કરાવ્યો અને પછી પોતે વાત કરી : ''અંતરનું અજ્ઞાન ટાળે એ ગુરુ. વળી, જે બહાર તથા માંહી પવિત્ર હોય તે ગુરુ કહેવાય. જેને જોઈને છાતી ચળાયમાન ન થાય અને વૃત્તિ સ્થિર થઈ જાય તેને ગુરુ કહેવાય. પોતાના આશ્રિતના દોષ ટાળી શુદ્ધ કરે તે ગુરુ કહેવાય. માટે શુદ્ધ મુમુક્ષુ થઈને ખરી ખોળ જો કરે તો સાચા પુરુષ મળી જ જાય છે.''

પછી *'હાંજી ભલા સાધુ...'* તથા 'ब्रह्मभूतः प्रसन्नात्मा...' તથા 'आत्मारामाश्च मुनयो...' એ આદિક બ્રહ્મસ્થિતિવાળા સદ્‌ગુરુનાં લક્ષણ બતાવતા ઘણા શ્લોક બોલાવ્યા અને વાત કરી : ''જે આવા હોય તે જ ગુણાતીતના સાધર્મ્યપણાને પામેલા સાચા સત્પુરુષ કહેવાય. પણ તે સિવાયના બીજાને જો મોટા માન્યા હોય અને ત્યાં મોઢું ઘાલવા જાય તે તો જેમ એક વાછરું પોતાની માથી છૂટું પડીને ગૌશાળે ગયું અને જાણે જે દૂધનું સુખ લઉં. પછી તો ત્યાં પોઠિયા ઊતરેલ, તે જ્યાં મોઢું ઘાલવા જાય ત્યાં પાટું ખાય. તે પાટ્યું ખાઈ ખાઈને મોઢું તો સૂઝી ગયું પણ દૂધનું સુખ તો આવ્યું નહિ. પછી પોતાની મા આવી તો પણ ધાવવા સમર્થ થયું નહિ. તેમ આવા સાચા સત્પુરુષને મૂકીને જે બીજે વળગે છે તે તો પાટ્યું ખાધા જેવું છે. એવાનો સંગ તે તો આંબાનો સંગ છોડી બાવળિયે બેઠા જેવો છે. પછી આજ્ઞા, ઉપાસનામાં ફેર પડી જશે અને સાચા સત્પુરુષ પાસે પણ બેસાશે નહિ.'' એટલી વાત કરીને પછી *'અતિ આદર્યું કામ અતોલ પરલોક પામવા'* એ પદ બોલાવ્યું. પછી શૃંગાર આરતી થઈ એટલે પોતે દર્શને પધાર્યા.

આરતીનાં દર્શન કરી ભગતજી મહારાજ આચાર્ય મહારાજનાં દર્શને પધાર્યા. મહારાજશ્રીએ ભગતજીને કહ્યું : ''આજે તો અહીં જ સભા કરીને વાતો કરો એટલે સુખ આવે.''

એટલે ભગતજીએ કહ્યું : ''બહુ સારું. આપની જેવી આજ્ઞા.''

એમ ભગતજી મહારાજ આચાર્ય મહારાજની સામે પોતા સારુ બિછાવેલ ગાદી-તકિયે વિરાજમાન થયા અને સર્વ સંતો તથા હરિભક્તો પણ ત્યાં બેસી ગયા.

સંતમાં શા માટે જોડાવું ?

પછી ભગતજીએ વાત કરી : ''અક્ષર પર્યંત કોઈ પુરુષોત્તમ જેવો

થવાને સમર્થ થતો નથી. પરંતુ પુરુષોત્તમના કલ્યાણકારી સર્વ ગુણો સંતમાં આવે છે અને એવા સંતને મહારાજ પોતાનું ઐશ્વર્ય, શક્તિ, પ્રતાપ વગેરે આપે છે. પણ છતાં એ સંત તો મહારાજના સદા દાસ જ રહે છે. આવા સંત દ્વારા મહારાજ પોતાનું એકાંતિક ધર્મ પ્રવર્તાવવાનું કાર્ય કરે અને આવા સંતને પોતાનું સ્વરૂપ અથવા શરીર બનાવીને તેમાં અખંડ નિવાસ કરે. છતાં જેમ શરીર અને શરીરીને વિલક્ષણતા છે, તેમ ભગવાનનું શરીર જે આવા બ્રહ્મસ્વરૂપ સંત તેમાં અને શરીરી જે ભગવાન તેમાં પણ અત્યંત વિલક્ષણતા છે જ. તે કેવી રીતે છે ? તો ભગવાન સ્વતંત્ર છે અને તે બ્રહ્મસ્વરૂપ સંત ભગવાનને આધીન - પરતંત્ર છે. અને વળી, ભગવાન અતિ સમર્થ છે અને આવા બ્રહ્મસ્વરૂપ - અક્ષરના સાધર્મ્યપણાને પામેલા સંત અને મૂળ અક્ષર પણ ભગવાન આગળ અતિ અસમર્થ છે. એવા જે પુરુષોત્તમ ભગવાન તે આત્મા તથા અક્ષર એ બંનેના પ્રેરક છે ને સ્વતંત્ર છે અને નિયંતા પણ છે, અને સકળ ઐશ્વર્યે સંપન્ન છે અને પર થકી પર એવું જે અક્ષરબ્રહ્મ તે થકી પણ પુરુષોત્તમ ભગવાન પર છે.[૧૫૭] આવા પુરુષોત્તમ ભગવાન જે સહજાનંદ સ્વામી તેનું શુદ્ધ સ્વરૂપ મુમુક્ષુએ જાણી રાખવું જ જોઈએ. વળી, બ્રહ્મસ્વરૂપ સંતમાં જે જોડાવું તે તો એવા સંતને સેવીને બ્રહ્મના ગુણ પ્રાપ્ત કરવા અને પુરુષોત્તમની ભક્તિના અધિકારી થવા માટે જ છે. એવા ગુણ પ્રાપ્ત કર્યા સિવાય ગમે તેટલી શ્રીજીમહારાજની મોટપ કહીશું, પણ તે હૈયામાં ઠરશે નહિ અને દેશકાળે ઠા નહિ જ રહે. આવું શુદ્ધ, એકાંતિક ભાવ પામવાનું જ્ઞાન, મારા ગુરુ ગુણાતીત થકી હું પામ્યો છું. તેથી વચનામૃત વંચાવીને રમૂજ કરું છું અને સર્વને સુખ પણ આવે છે.''

પછી કેટલાંક વચનામૃતોમાંથી મુદ્દાનો સાર વંચાવ્યો. તેમાં પ્રથમ તો ગ.અં. ૨૧મું વચનામૃત વંચાવીને વાત કરી જે, ''સત્સંગમાં ગમે તેટલું અપમાન થાય તો પણ સત્સંગથી જેનું મન લેશમાત્ર પાછું હઠે નહિ, એવા જે દૃઢ સત્સંગી વૈષ્ણવ તે જ અમારે તો સગાંવહાલાં છે અને તે જ અમારી નાત છે. આ દેહે કરીને પણ એવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે અને ભગવાનના ધામમાં પણ એવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે. અક્ષરધામના મુક્ત મહારાજની ભેળા પણ અહીં મનુષ્ય જેવા જ દર્શાય છે. તેનું કારણ એ છે કે

---

૧૫૭. ગ.પ્ર. ૬૪.

આપણી માયિક બુદ્ધિ ટળી નથી. એ માયિક ભાવ ટળે અને દિવ્યભાવ આવે તો એ મુક્ત પણ ધામના જ મુક્ત દિવ્ય સ્વરૂપે દેખાયા વગર રહે નહિ.''

વચનામૃતમાં સત્પુરુષની મહત્તા

પછી ગ.મ. ૭ વંચાવીને વૈરાગ્યહીનની વાત કરી. પછી ગ.અં. ૩૮મું વચનામૃત વંચાવ્યું અને વાત કરી : ''આ વચનામૃતમાં પણ શ્રીજીમહારાજે દેહાભિમાને રહિત અને વૈરાગ્યે યુક્ત અને ભગવાનનું અલ્પ વચન હોય તેમાં ફેર પડે તો મહત્ વચનમાં ફેર પડ્યો હોય તેમ માનતા હોય એવા જે ભગવદ્‌ભક્ત મોટા સાધુ, તે સંગાથે પોતાના જીવને જડી દેવો અને તેના વચનમાં મન, કર્મ, વચને વર્તવું. એવી રીતે જે વર્તે તેના ગમે તેવા કઠણ સ્વભાવ કે મલિન વાસના હોય તે પણ નાશ પામી જાય છે. આમાં પણ મહારાજે ભગવદ્‌ભક્ત મોટા સાધુમાં જ જોડાવાનું કહ્યું છે.''

પછી વર. ૧૧મું વંચાવ્યું કે 'સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મ-દર્શનનું સાધન છે અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થયાનું પણ એ જ સાધન છે.'

''વળી વર. ૧૯માં પણ મહારાજે વાત કરી છે : 'જે ભગવાનનો ખરો ભક્ત હોય તેને તો ભગવાન વિના બીજે કોઈ ઠેકાણે પ્રીતિ હોય જ નહિ. અને એમ સમજે જે, ભગવાનના ધામના સુખ આગળ માયિક પંચવિષયનું સુખ તે તો નરક જેવું છે. એટલું જ નહિ, પણ ચૌદ લોકના પણ જે ભોગસુખ છે તેને કાકવિષ્ટા તુલ્ય જાણે અને મન, કર્મ, વચને ભગવાન ને ભગવાનના ભક્તને વિષે જ દૃઢ પ્રીતિ કરી રાખે.'

''શ્રીજીમહારાજે સિદ્ધાંતની વાતમાં કાંઈ બાકી રાખ્યું જ નથી. ભગવાનના ભક્તને કેમ વર્તવું અને કેવા સંતમાં જોડાવું, તે સ્પષ્ટ શબ્દોમાં વચનામૃતમાં લખી નાખ્યું છે. માટે સત્પુરુષમાં જોડાવાથી જ સર્વે અર્થ સરે છે. પણ તેનાથી ભડકાટ થશે, તો ફેરો ફોગટ જ સમજવો.''

પછી મન જીતવાનું વચનામૃત સા. ૧લા ઉપર વાત કરી : ''જ્યારે પંચવિષયમાંથી ઈન્દ્રિયો પાછી હઠે, ત્યારે મન પણ નિરાશ થાય છે અને ઈન્દ્રિયો લગણ આવી શકે નહિ. માટે પંચવિષયનો ત્યાગ અતિશય દૃઢપણે થાય, ત્યારે જ મન જીત્યું જાણવું.''

પછી સા. ૪થું વચનામૃત 'આત્મા-અનાત્માના વિવેકનું', જે 'વિવેક દૃઢ થવાથી દેહરૂપ મનાય જ નહિ.' તે ઉપર ઘણી વાત કરી તથા પં. ૧લું વચનામૃત - ભગવાનના સ્વરૂપના મહિમાનું - એ બંને વચનામૃત ઉપર વિસ્તારથી વાત કરીને કહ્યું : ''મને તો મારા ગુરુએ આ બધાં વચનામૃત શીખવ્યાં છે.'' એમ કહીને શૃંગાર આરતીનાં દર્શને પધાર્યા.

આરતીનાં દર્શન કરીને ભગતજી મહારાજનાં દર્શને પધાર્યા. અહીં મહારાજશ્રીએ ભગતજી સાથે કેટલીક વાત કરી અને કહ્યું : ''તમારામાં કંઈ ઉપાસના ફેર છે કે કાંઈ બીજો વાંધો છે, એમ નથી. પણ પેલા બે-ચાર વેવલા પાક્યા છે તે, તે દિવસે ધર્મતનયદાસે મહુવામાં રસ્તા વચ્ચે તમને દંડવત કર્યા હતા તે કંઈ તમે ઓછું કહ્યું હતું, પણ એવાથી સુખ આવે નહિ.''

પછી ભગતજીએ કેટલીક વાત કરી અને પોતાની આંગળીઓમાંથી લોહીની ટસરો નીકળતી હતી તે મહારાજને બતાવી. ત્યારે મહારાજે પૂછ્યું : ''આ શેનો રોગ છે ?''

એટલે ભગતજી બોલ્યા : ''રોગ શું હોય ! આ તો ઝેર દીધું હતું તેનું છે.''

એટલે મહારાજે આશ્ચર્ય પામીને પૂછ્યું : ''ઝેર દીધું હતું ? કોણે ?''

પછી ભગતજીએ બધી વિસ્તારથી વાત કરી. એ સાંભળી મહારાજ તો અવાક્ થઈ ગયા. તેથી ભગતજીએ કહ્યું : ''એમાં કંઈ આશ્ચર્ય પામવા જેવું નથી. ભગવાન ને સંતની રીત એકસરખી અને અસંતની રીત પણ એકસરખી. સંતનું પારખું તો ગળું કાપે અને પૂજે એ સમ વર્તે ત્યારે થાય અને એમ થયા વિના તમારા બાપ[૧૫૮] ક્યાં વશ થાય તેમ છે ?''

એમ કહીને વળી વાત કરી : ''પવિત્રાનંદ સ્વામીએ એવો ઠરાવ કર્યો કે મારું મોઢું જોવું નહિ અને મારી ભેગું બેસવું નહિ. કાં જે, તે કહેતા કે 'પ્રાગજીએ તો સત્સંગ ચૂંથી નાખ્યો.' પણ મન, કર્મ, વચને તેમની એવી સેવા કરી અને કંડારી, ઉમરેઠ, બોચાસણ વગેરે ગામોમાં સાથે ફર્યો, ત્યારે તેમને થયું કે 'આ તો કેડો મૂકે તેમ નથી.' માટે આત્મનિષ્ઠા વિના અને અહં-મમત્વ મૂક્યાં વિના તમારા બાપ વશ થાય તેમ નથી.'' એમ મહારાજને કેટલીક વાત કરી.

પછી ડભાણ સંબંધી કેટલીક ખાનગી વાત મહારાજને કરવી હતી

---

૧૫૮. સ્વામિનારાયણ ભગવાન.

એટલે સૌને બહાર જવાનું કહ્યું. એટલે સર્વે ત્યાંથી ઊઠીને જાગા ભક્તને આસને આવ્યા અને મહારાજ અને ભગતજી એકાંતમાં બેઠા.

લોકનું અજ્ઞાન

મહારાજ પાસેથી ઊઠી ભગતજી જાગા સ્વામીને આસને આવ્યા. અહીં પોતે વાત કરી : ''જુઓને, લોકમાં અજ્ઞાન કેટલું છે અને ભગવાન સંબંધી તો વાત જાણે કંઈ જાણતા જ નથી. પણ એમ નથી સમજતા કે જન્મતાં પહેલાં માતાના સ્તનમાં દૂધ કેણે મૂક્યું ? અને વળી ગર્ભમાં કોણે રક્ષા કરી ? પણ ભગવાનનો નિશ્ચય નહિ, એટલે દેશકાળે સ્થિતિમાં ઠા રહે નહિ. કેટલાકને એમ થાય કે 'મારા વગર આનું શું થશે ?' એવું ખોટું અહં-મમત્વ રાખીને બેઠા હોય તે શું સમજતા હશે ?'' એમ કહીને ઝવેરીલાલને કહ્યું : ''તમારે ખોટું અહં-મમત્વ છે અને તે તમને અંતે દુઃખ દેશે.''

પછી પોતે આચાર્ય મહારાજને કહેલી વાત કરી : ''જ્યારે રઘુવીરજી મહારાજ હતા ત્યારે તે બાપ અને તેમનાં ગાદીવાળાં મા; પછી ભગવત્-પ્રસાદજી મહારાજ અને તેમના ઘરના તથા હાલ તમો તથા તમારાં ઘરનાં એમ અમારે તો મા અને બાપ જ છો.'' એટલી વાત કરી.

ત્યાં નડિયાદના છગનલાલ વકીલને મહાપૂજા કરાવવાની હતી એટલે ભગતજીને તેડવા આવ્યા. એટલે ત્યાંથી ઊઠ્યા અને મહાપૂજામાં જઈને બેઠા.

મહાપૂજા પૂરી થયા પછી ભગતજી સ્વામી બાલમુકુંદદાસ સ્વામીને આસને પધાર્યા. અહીં સ્વામી ગ.પ્ર. ૫૮ વચનામૃત વંચાવતા હતા. પછી ભગતજીને નિરૂપણ કરવાનું કહ્યું. એટલે ભગતજીએ વાત કરી કે ''આ તો ગુણ આવવાનું વચનામૃત છે. માટે ભક્તિ તો જ્યારે મોટાપુરુષનો જેમ જેમ ગુણ ગ્રહણ કરતો જાય, ત્યારે વૃદ્ધિ પામતી જાય. માટે મોટાપુરુષને અતિશય નિષ્કામી, નિઃસ્વાદી, નિર્માની, નિર્લોભી અને નિષ્ક્રોધી સમજે તો તે પણ તેવો જ થઈ જાય. અતિ મોટાપુરુષનો જો રાજીપો થઈ જાય, તો જીવ બીજી રીતનો થઈ જાય.'' એમ સત્પુરુષના મહિમાની ઘણી વાત કરી.

પછી પુરુષોત્તમદાસ તથા ચતુરભાઈ પાસે કીર્તનો બોલાવ્યાં. તેમાં પ્રથમ તો *'મોઈ અમૃત ઔષધ પાયા રે દર્દ મીટાયા'*, પછી *'સદ્‌ગુરુ બાણ ઘાયલ કયું જીવે જેને વાગ્યાં રે'* તથા *'સુન કૃપાસિંધુ અબ અટક રહી, અબ*

ઘટ પર મોરી નાવરિયાં', તથા *'મોરી તરતર અંગિયા તરકે'*, તથા *'તારું છોગું મારે આવીને ચિત્તમાં રહ્યું'* એનાં ચારે પદ બોલાવ્યાં. એમ ઘણાં કીર્તનો ગવરાવી સભાને રંજન કરી દીધી. પછી રાજભોગ આરતી થઈ એટલે સૌ ઊઠ્યા અને ભગતજી દર્શને પધાર્યા.

ભગતજી આરતીનાં દર્શન કરી પોતાને ઉતારે પધાર્યા અને ત્યાં થોડું જમ્યા. કારવણના મથુરભાઈ ત્યાં બેઠા હતા. તેમને ખસ બહુ થઈ હતી એટલે ભગતજીને કહ્યું : ''બાપજી, ખસ બહુ થઈ છે તે મટાડો.''

એટલે ભગતજીએ કહ્યું : ''મારે શરીરે ચોપડી દ્યો તો મટી જશે.''

એટલે તેમણે કહ્યું : ''મારા અંતરની ખસ મટાડો.''

ત્યારે ભગતજીએ કહ્યું : ''અમે અહીં વાડીમાં બોરડીના કુંટા કાઢતા હતા. પછી એક એક કુંટો લઈ સ્વામીના હાથમાં મૂકતા જઈએ અને સ્વામી તેને લઈને કહે : 'આનું કારણ દેહ બળી ગયું એટલે તેમાંથી તેજ નીકળે.' એમ બોરડીના કુંટાના કારણ દેહ સંબંધે કરીને જો ટળી ગયા, તો તમારા નહિ ટળે ?'' એમ ઘણી સંબંધના મહિમાની વાતો કરી. પછી બધાંને ચીભડાંની પ્રસાદી આપી અને પોતે થોડી વાર પોઢી ગયા.

પછી ત્રણ વાગ્યે ઊઠીને મોં ધોઈ, પાણી પીને ઢોલિયામાં પડખાભેર થયા. દરેકના વ્યવહાર સંબંધી કેટલીક વાતો કરી અને ઠાકોરજીનાં દર્શને ગયા.

તપમાં, નિયમમાં, વર્તનમાં કોઈ તમારે તોલે ન આવે

રાત્રે પોતાના જીવનપ્રસંગોની કેટલીક વાતો કરતા હતા. એવામાં ગોંડલના શાસ્ત્રી ધર્મતનયદાસજી આવ્યા અને ભગતજીને વાતો કરતા જોઈ બોલ્યા : ''પ્રાગજી ભગત ! મોરલી વગાડો છો ને ? વગાડો, વગાડો.'' એમ કહીને ત્યાં વાતો સાંભળવા બેઠા. ભગતજીએ સ્વામીના વખતની કેટલીક વાતો કરી. ત્યારે શાસ્ત્રી બોલ્યા : ''તપમાં, નિયમમાં, વર્તનમાં તમારી તોલે કોઈ ન આવે.'' એમ કહીને શાસ્ત્રી ઊઠ્યા. એટલે ભગતજીએ સૌને સૂવા જવાની આજ્ઞા કરી.

સવારે વહેલા ત્રણ વાગ્યે પીજના નાનાલાલ સોની પ્રભાતિયાં બોલવા લાગ્યા. પછી ગોવિંદભાઈ *'પ્રાતઃ થયું મન મોહન પ્યારા પ્રીતમ રહ્યા શું પોઢી રે'* એ પ્રભાતિયું બોલ્યા. પછી ભગતજી ઊઠ્યા અને ખાટલામાં બેઠા.

ત્યારે મોતીભાઈએ ભગતજીને કહ્યું : ''મહારાજ ! કાલે રાત્રે તમે જે પ્રશ્ન પૂછ્યો હતો : 'જે ગૃહસ્થ હોય અને સ્થૂળ બુદ્ધિવાળો હોય અને સ્ત્રીને અનુસરી રહ્યો હોય, તેને સંસારરૂપી સમુદ્ર તર્યાનો સુગમ ઉપાય શો છે ?' તે હવે સમજાવો.''

પારેવા જેવા થવું

પછી ભગતજીએ તેનો ઉત્તર કર્યો : ''જો ઇન્દ્રિયોનો નિગ્રહ કરી, વિષયમાંથી વૈરાગ્ય પામીને, એકાંતિક ધર્મ સિદ્ધ કરે તથા આત્મારૂપ થઈને, જ્ઞાન સિદ્ધ કરે અને એ રીતે પુરુષોત્તમ નારાયણની ઉપાસના-ભક્તિ કરે, તો સંસારરૂપી સમુદ્ર તરી જાય. તેથી પણ વધુ સુગમ ઉપાય તો પારેવા જેવા થઈએ. જેમ પારેવાં ઊંચેથી ઊંધે માથે પડે છે, તેને તેનો ધણી ઝીલી લ્યે છે, એમ જો આજ્ઞામાં ટુક ટુક વર્તીએ અને સત્પુરુષને દેહ સોંપી દઈએ તો કાંઈ બાકી રહે નહિ. પારેવાની પેઠે દેહને ખાસડા જેવું કરીને પડતું નાખવું, એટલે જાળવનાર જાળવશે.'' એમ શૂરવીરપણાની ઘણી જ વાતો કરી.

પછી સૌને નાહવા જવા આજ્ઞા કરી. તે વખતે સ્વામીશ્રી જાગા ભક્ત પૂજા કરી, ભગતજીનાં દર્શને આવ્યા. તેમને જોઈ ભગતજી બોલ્યા જે, ''જુઓને, અત્યારમાં આ જાગા સ્વામી નાહીને પૂજા કરીને આવ્યા અને આ તો બધા આળસુ એકઠા થયા છે તે નાહવા જતા નથી.''

પછી બધા નાહવા ગયા અને ભગતજી પણ નાહીને પૂજા કરવા બેઠા. ત્યાં સુધી જાગા સ્વામી પણ ત્યાં બેઠા.

પૂજા કરી ભગતજી તથા જાગા સ્વામી ઠાકોરજીનાં દર્શને પધાર્યા. પછી ભગતજી સભામાં પધાર્યા અને અહીં બારોટ અમુલખભાઈની મહાપૂજા થતી હતી ત્યાં બેઠા. મહાપૂજા પૂરી થયા બાદ સભામાં આવીને બેઠા અને પુરુષોત્તમદાસ તથા ચતુરભાઈ પાસે કીર્તનો બોલાવ્યાં. તે પહેલાં *'હાંજી ભલા શૂરા'* તથા *'હાંજી ભલા વૈરાગી'* તથા *'મોરી તરતર અંગીયા તરકે'* તથા *'ગુલતાન તાનકી'* એ કીર્તનો બોલાવ્યાં.

મહિમા હોય તો સુખ આવે

પછી ત્યાંથી જાગા ભક્તને આસને પધાર્યા. ત્યાં પણ કીર્તનો બોલાવ્યાં

અને પછી વાત કરી : ''આ જીવને પંચવિષય થકી જીવનપણું મનાઈ ગયું છે, પરંતુ તે મટીને ભગવાન સંબંધી પંચવિષયનું જીવનપણું જો થઈ જાય તો એને ભગવાનની મૂર્તિનું સુખ આવે અને રાત-દિવસ સુખના શેરડા ઊડે.''

એટલી વાત કરીને કહ્યું : ''સ્વામીએ મને રાજીપાના પ્રસાદીના ગોંગડા આપ્યા અને જે સુખ આપ્યું તે તો કહેવાય જ કેમ ! પણ મહિમા હોય તો સુખ આવે. નહિ તો વાતે વાતે ધોખો થાય. માટે દેહાભિમાન જેવું કોઈ દુઃખ નથી અને તે જ બ્રહ્મરૂપ થવામાં વિઘ્નરૂપ છે. દેહાભિમાન જાય તો આત્મારૂપ મનાય. મહારાજ તો આ મંદિરના જમાન થયા છે. માટે સ્વામીની પ્રસાદીનું મંદિર જાણીને પણ જો સેવા થશે, તો કામ પાકી જશે.''

પછી વાંસદાના દીવાનને સત્સંગ કરાવ્યો તેની વાત કરી અને બોલ્યા : ''જો એ સત્સંગી થયા તો વીરસદમાં રૂા. ૧૨,૦૦૦/-નું મંદિર કરાવ્યું અને મૂર્તિ પધરાવી. ત્યારથી વીરસદમાં સત્સંગ પણ ઘણો વધ્યો છે. હવે એટલો મનસૂબો છે જે શાસ્ત્રી બળરામદાસનું ભેગું કરી દેવું. પછી જો નહિ માને તો દુઃખ આવશે.'' એટલી વાત કરીને ઊઠ્યા અને ઉતારે આવીને જમીને પોઢી ગયા.

સવારે ઊઠીને શાસ્ત્રી બળરામદાસના શિષ્ય યોગેશ્વરદાસ ઉપર શિવ-શંકરભાઈ પાસે કાગળ લખાવ્યો. તેમાં પોતે સહી કરી તથા બધા હરિભક્તો પાસે પણ સહી કરાવી.[૧૫૯] પછી શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી આવ્યા તેમને કાગળ વંચાવ્યો અને પોતે સભામાં જવા તૈયાર થયા. તે વખતે વરખેડાના પાટીલ કેવળભાઈને પુષ્કળ તાવ આવ્યો હતો. તેમને જોવા ગયા અને ભીનું કપડું કરી પવન નાખવાનું ચતુરભાઈને કહ્યું. પછી કોઠારમાં પધાર્યા. ત્યાં જીભાઈ કોઠારીને પણ તાવ આવ્યો હતો, એટલે તેમને પણ ભીના કપડાથી પવન નાખવાનું કહ્યું અને આખે શરીરે હાથ ફેરવ્યો.

પછી સભા ખળીમાં ભરાઈ હતી, ત્યાં પધાર્યા. ત્યાં ઝવેરીલાલ પાસે તે કાગળ મહારાજશ્રીને વાંચવા આપ્યો. મહારાજે કાગળ વાંચીને કહ્યું : ''કાગળ તો કરોડ રૂપિયાનો છે, પણ જો માને તો !''

પછી થોડી વાર સભામાં બેસી, સંધ્યા આરતીનાં દર્શન કરી, પોતાના ઉતારે પધાર્યા.

---

૧૫૯. જુઓ પરિશિષ્ટ : ૪, પત્ર : ૫, પૃ. ૫૬૩.

સત્પુરુષનો સ્વભાવ

પાછલી રાત્રે ત્રણ વાગ્યે ઊઠીને સ્વામી જાગા ભક્તને તેડાવ્યા અને તેમની પાસે વાતો કરાવી. પછી પોતે બોલ્યા : ''સત્પુરુષનો તો એવો સહજ સ્વભાવ હોય છે કે જે માની હોય તેને માન આપીને દોષ ટાળી નાખે ને લોભી હોય તેને લોભે કરીને દોષ ટાળી નાખે ને સ્નેહી હોય તેને સ્નેહ કરીને દોષ ટાળે છે. સત્પુરુષ તો એવો દાખડો જીવને શુદ્ધ કરવા કરે છે, પણ જીવે એટલું તો સમજવું જોઈએ કે 'મને નિર્દોષ કરવા સત્પુરુષને આમ વર્તવું પડે છે.' માટે જીવ જો ખપ રાખે તો જ સુખિયો થાય. આ જીવ ભણવામાં તથા બીજી ક્રિયામાં જેટલો દાખડો કરે છે, તેટલો ભગવાન ભજવામાં કરે તો એને એ વાત સિદ્ધ થયા વિના રહે નહિ.''

કાળના બળનો વિચાર

''વળી, આ જીવ સત્પુરુષના શબ્દ સાંભળે છે, પણ તેનો વિચાર નથી કરતો એટલે તે શબ્દો તેના હૃદયમાં ટકતા નથી. પણ જો કાળના બળનો વિચાર કરે અને તેનું સ્વરૂપ જાણી તેથી વૈરાગ્યને પામે, તો કાળ તો સંતના શબ્દનો ક્ષોભ કરી શકતો નથી. એટલે દેશકાળે કરીને તે ક્ષોભને ન પામે. સંતના શબ્દથી જ ગુણમાત્ર શમી જાય છે અને માયા હેઠી બેસે છે. કાળ ગુણને ક્ષોભ પમાડે છે અને તરત જ રજ, તમનો વેગ અંતઃકરણમાં ઊઠે છે. માટે કાળના સ્વરૂપનો વિચાર કરીને, તેના પરિબળથી અંતઃકરણની શાંતિ ટળી ન જાય તેવું જાણપણું નિરંતર રાખે, તો કાળના પેચમાં ન આવે. એમ વૈરાગ્યને પામીને સત્પુરુષને વિષે પ્રીતિથી જો જોડાય, તો સત્પુરુષના શબ્દથી અવયવ ફરવા માંડે.'' એમ ઘણી વાતો કરી, ભજનનું બળ દેખાડી, તે પ્રમાણે સૌને ભજન કરવાનું કહ્યું. પછી નાહવા જવાની સૌને આજ્ઞા આપી.

શુક્રવારે સવારે નાહી, પૂજા કરી સભામાં પધાર્યા. મહારાજ પણ સભામાં વિરાજતા હતા અને ભગતજીને વાતો કરવાનું કહ્યું. એટલે ગ.પ્ર. ૩૮મું વચનામૃત વંચાવીને ભગતજીએ વાત કરી : ''દેહે કરીને ગમે તેટલી પ્રવૃત્તિ હોય, પણ જો મન નિર્વાસનિક હોય અને શુદ્ધ હોય તો તેનું અતિ ભૂંડું થાય નહિ. મનને નિર્વાસનિક કરવાનો તો એક જ ઉપાય છે કે ભગવાનનાં

ચરિત્ર સંભારવાં અને એમાં મનને નિરંતર ગૂંચવી મેલવું, પણ નવરું તો રહેવા જ દેવું નહિ. મન નવરું રહે તો ઘણાં અનર્થ કરાવે. માટે ભગવાનનાં ચરિત્ર ગાવાં, સાંભળવાં અને તેનું મનન કરવું. એ જેવો બીજો કોઈ મનને શુદ્ધ કરવાનો ઉપાય નથી.'' એટલી વાત કરીને પછી *'ગુલતાન ગાનકી તાન ભઈ'* એ કીર્તન ગવરાવ્યું.

પછી ઊઠીને સ્વામી જાગા ભક્તનાં દર્શને પધાર્યા. અહીં પણ વચનામૃત વંચાવી કેટલીક વાતો કરી. બીજે દિવસે ગોંડળ જવાનું હોવાથી કોઠારીને મળી કેટલોક હિસાબ કરવાનો હતો, એટલે ઊઠ્યા.

ત્યારે ઝવેરીલાલે કહ્યું : ''આટલું વચનામૃત પૂરું કરીને ઊઠીએ.''

એટલે ભગતજી કહે : ''એ તો આખા દહાડામાં પણ પૂરું ન થાય, માટે ઊઠો.''

પછી કોઠારમાં આવી હિસાબનું કામ પતાવ્યું અને ઠાકોરજીનાં દર્શન કરી ઉતારે પધાર્યા. મહારાજશ્રીએ થાળ મોકલ્યો હતો તેમાંથી થોડું જમ્યા અને પ્રસાદી ગોંડળના કડિયા પુરુષોત્તમને આપી ઢોલિયામાં પડખાભેર થયા.

થોડી વારે યજ્ઞપુરુષદાસજી આવ્યા અને વાત કરી : ''મહારાજશ્રી તથા સંતો દામોદર કુંડે જાય છે અને આપને આવવાનું મહારાજશ્રીએ ખાસ કહેવરાવ્યું છે.'' એટલે પોતે તૈયાર થયા અને બધા હરિભક્તોને તૈયાર થવાનું કહ્યું.

પછી ગાડીમાં બેસી મહારાજ સાથે દામોદર કુંડે આવ્યા અને ત્યાંથી નારાયણ ધરે આવ્યા. ત્યાં સૌ નાહ્યા. ઊતરવાનો રસ્તો સારો નહિ હોવાથી અને પથરા બહુ હોવાથી, પોતે ગાડીમાં જ બેસી રહ્યા અને મસ્તક ઉપર પાણી ચડાવ્યું.

પુરુષોત્તમને વરણીય ક્યારે થવાય ?

પાછા વળતાં સ્વામી જાગા ભક્ત ચાલતાં આવતા હતા, તેમને ગાડીમાં બેસાર્યા અને પછી પોતે વાત કરવા લાગ્યા : ''પુરુષોત્તમને વરણીય એટલે વરવા યોગ્ય આ જીવ ક્યારે થાય છે ? તો જ્યારે અહંગ્રંથિ, સંશયગ્રંથિ, મમત્વગ્રંથિ આદિ ગ્રંથિઓ તૂટે છે, ત્યારે પુરુષોત્તમને વરવા યોગ્ય થવાય છે. તે એમ વિચાર કરવો કે નેત્રે કરીને બીજું રૂપ જોવું હરામ છે ને મને કરીને

બીજો સંકલ્પ કરવો હરામ છે. એ પ્રમાણે જ્યારે ઇન્દ્રિયોના આહાર હરામ કરે, ત્યારે સ્થિતિ બંધાવા માંડે છે.''

પછી સ્વામી જાગા ભક્ત બોલ્યા : ''મને તો સ્વામીએ આ વચનામૃત શિખવાડ્યાં છે : પ્ર. ૨૩; મ. ૩૦, ૪૫ તથા અમદાવાદનાં ૨, ૩.''

તે સાંભળી ભગતજી બોલ્યા : ''મને આ વચનામૃત શીખવ્યાં છે : પંચાળા ૭, સારંગપુર ૧, વર. ૧૧-૧૬, ગ.મ. ૭ તથા ગ.અં. ૩૮.''

એ પ્રમાણે વાતો કરતાં મંદિરે પહોંચ્યા. ગાડીમાંથી નીચે ઊતરીને સીધા સભામાં પધાર્યા અને પછી ઠાકોરજીનાં દર્શન કરીને ઉતારે ગયા.

ભગતજીનાં દર્શન કરવા નાગર હરિભક્ત સદાશંકરભાઈ આવ્યા હતા. તેમને ભગતજીએ કેટલીક વાતો કરી અને કહ્યું : ''હવે કાલે જવું છે.'' એમ કહી ઊઠ્યા અને સદાશંકરભાઈને ભેટ્યા.

પછી વસોના ખેડાવાળ બ્રાહ્મણ ચતુરભાઈ જે રેલવે નોકરી કરતા હતા તેમણે, બે ડબ્બા રિઝર્વ્ડ કર્યા છે તે ખબર આપી, એટલે તેમને પણ મળ્યા અને લાડુની પ્રસાદી આપી.

થોડી વારે ચુનીલાલ આવ્યા. તે જ દિવસે પૂનાથી આવ્યા હતા એટલે પોતે ખાટલામાં પડખાભેર થયા હતા તે બેઠા થયા. મુંબઈના સૉલિસિટર મોતીલાલ ત્રિભોવનદાસ ફોજદાર, જેઓ ખાસ ભગતજીનાં દર્શન માટે જ મુંબઈથી આવ્યા હતા, તે પણ ત્યાં આવ્યા. પછી ભગતજીએ વાત કરી : ''હાલ જે જગ્યાએ ભેંસો બાંધે છે, તે જગ્યાએ મને કેવળાત્માનંદ સ્વામીએ હાથ પકડીને કહ્યું હતું : 'પ્રાગજી ! કાન તૂટે એવું સોનું શા માટે પહેરવું જોઈએ ?' એટલે કે સ્વામીને અક્ષર કહેવાથી અને સ્વામીનો મહિમા કહેવાથી - તે વાત જો કે સોના જેવી છે તો પણ - જો દુઃખ થતું હોય તો બહાર લોકોને શા માટે કહેવું જોઈએ ? પોતાના અંતરમાં સમજીએ તો બસ છે. પણ સાચી વાત કહેતાં જો ઉપાધિથી બી જઈએ તો સાચી વાત સમજાણી શા કામની ? મહારાજે પણ કહ્યું છે : 'શૂરવીર હોય તે લડવા સમે શત્રુ સન્મુખ ચાલે પણ બીએ નહિ, તે શૂરવીર સાચો અને શૂરવીર હોય અને લડાઈમાં કામ ન આવ્યો અને ગાંઠે ધન હોય અને તે ખર્ચ્યા-વાપર્યામાં કામ ન આવ્યું, તે વૃથા છે. તેમ મને ભગવાન મળ્યા છે, તે જે જીવ મારો સંગ કરે તેની આગળ હું કલ્યાણની વાત ન કરું ત્યારે મારું જ્ઞાન તે શા કામમાં આવ્યું ?

એમ વિચારીને ઉપદેશ કર્યા નિમિત્તે કંઈક થોડી ઘણી ઉપાધિ રહે, તો પણ પરમેશ્વરની વાત કરવામાં કાયરપણું રાખે નહિ.''[૧૬૦]

કુંવારી વૃત્તિ હોય તો ભગવાન વરે

એટલી વાત કરીને પછી બોલ્યા : ''આગળ જે જે ભક્તો થઈ ગયા તેમણે પણ ભગવાનમાં જ અખંડ વૃત્તિ રાખી છે. માટે જેની વૃત્તિ ભગવાનમાં નથી રહેતી તેની સાથે કેમ બેસાય છે, કેમ રહેવાય છે, તેની તપાસ કરવી.''

એમ કહીને તુલસીદાસજીનું કીર્તન[૧૬૧] બોલ્યા. પછી કહે :

''આ વૃત્તિએ કરીને ભગવાન વરે એવો સંકલ્પ રાખવો. વૃત્તિ કુંવારી હોય તો ભગવાન વરે, પણ જગતના સંકલ્પથી ભ્રષ્ટ થઈ ગઈ હોય તો ભગવાન શું વરે ? માટે, મારા હૈયામાં શુભ સંકલ્પ થાય છે કે કેમ ? એ વાત નિત્યે વિચારવી અને જાણપણારૂપ દરવાજે રહેતા શીખવું. જેમ શુદ્ધ બ્રાહ્મણ હોય તે પોતાના ચોકમાં કોઈને પેસવા દે નહિ, ખરી ખાત્રી કરે કે આ કોળી નથી પણ બ્રાહ્મણ જ છે, પછી જ પેસવા દે. તેમ શુભ-અશુભ સંકલ્પને જાણીને પછી જ શુભ સંકલ્પને પેસવા દેવા અને અશુભનો તો મળની પેઠે ત્યાગ કરવો.

''આ જીવને આહાર અને વિહાર કરવાથી જ સ્ત્રી સંકલ્પ દ્વારે પ્રગટ થાય છે. માટે સુખનો ઉપાય તો આહાર અને વિહાર યુક્ત કરવા અને ભગવાનમાં આસક્ત થવું તે છે. પણ આ ઉપાય આવડ્યો નથી, એટલે જીવ રાંક જેવો થઈને ફરે છે. પણ પંચવિષય તો ઝેર છે; તેનું જીવનપણું જ્યાં સુધી મનાયું છે, ત્યાં સુધી એ જીવ રાંક થઈને ગળતો જશે. માટે સદા વિચારવું કે

---

૧૬૦. ગ.મ. ૫૭.

૧૬૧. *જા કે પ્રિય ન રામ બૈદેહી ।*
સોં છાંડિયે, કોટી બૈરી સમ, જદ્યપિ પરમ સનેહી ॥૧॥
તજ્યો પિતા પ્રહ્‌લાદ, બિભીષન બંધુ, ભરત મહતારી ।
બલિ ગુરુ તજ્યો, કંત વ્રજ બનિતનિ ભયે મુદમંગલકારી ॥૨॥
નાતે નેહ રામકે મનિયત, સુહૃદ સુસેબ્ય જહાં લૌં ।
અંજન કહાં આંખિ જેહી ફૂટૈં, બહુતક કહૌં કહાં લૌં ॥૩॥
તુલસી સો સબ ભાંતિ પરમ હિત, પૂજ્ય પ્રાનતેં પ્યારો ।
જાસોં હો સનેહ રામ પદ, એતો મતો હમારો ॥૪॥

જગતના રસ્તે ચાલશું તો દુઃખ જ થશે અને ભગવાનના રસ્તે ચાલશું તો સુખ થશે. જગતની માયા જ એવી છે કે જીવને ભગવાનને રસ્તે ચાલવા દેતી નથી. તેથી અહીં વાતો સાંભળી એ જીવ પાછો ઘેર જાય છે, ત્યારે વળી ક્રિયામાં ભળી જાય છે. અને પેટીની પૂતળીઓ જેમ નાચે છે ને હસે છે, તેમ ભગવાનના સુખને ભૂલી ક્રિયારૂપ થઈ જાય છે. આવા કોલસાના બંધાણી થઈ ગયા હોય તેનાથી તે શું ભગવાન ભજાય છે ? માટે હંમેશાં વિચારે કરીને જુદું પડવું અને એવો ખપ રાખવો કે –

જેમ ઉપવાસી જનને આવે અમૃતનું નોતરું,
તે પીવા પળ ખમે નહિ જાણે કે વારે પાન કરું.

– ભક્તચિંતામણિ

"માટે, તાલાવેલી લાગી કે ક્યારે ભગવાનની વાત સાંભળું ? એમ આસક્ત થવાય ત્યારે જ સુખ આવે. એકાંતિક રાજારૂપે હોય ત્યારે તરવારે કરીને સમાધાન કરાવે, એમાં સુખ ન આવે. આજે તો તમારે સાનુકૂળ છે કે એકાંતિક સાધુરૂપે છે, માટે સુખ લઈ લેવું. વળી, એટલું જાણપણું રાખવું કે સાધુરૂપે એકાંતિક હોય ત્યારે અસુર પણ સાધુરૂપે થાય છે, એટલે એને ઓળખી લેવા, પણ તેમાં ભરમાવું નહિ."

જેમ તેમ અને જેવું તેવું હોય તે જ સારું

"જગતના તાલમેલ હોય અને વિષયનાં સુખ હોય તો ભગવાન ભજવા કોઈ નવરો થાય જ નહિ. શ્રીજીમહારાજે ગઢડામાં ગોપાળાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો : 'તમને ભગવાન ફરી વાર અવતાર ધરાવે તો ક્યાં અવતાર ધરો ?' ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : 'શુદ્ધ બ્રાહ્મણ હોય અને વેદ, શાસ્ત્ર તથા પુરાણનો ભણેલો હોય; વળી, અવસ્થા ગરીબ હોય અને કન્યા પણ મળે એવું ન હોય, એવે ઘેર અવતાર ધરું.' પછી મહારાજ કહે : 'તો જ બંધન તોડી નાખતાં વાર ન લાગે. પણ સારા ગૃહસ્થને ઘેર જન્મ થયો હોય, તો વૈભવ-વિલાસમાંથી નીકળાય જ નહિ.' માટે એ તો જેમ તેમ અને જેવું તેવું હોય તે જ સારું. પણ સારામાં માલ નથી." એટલી વાત કરીને પોતે ઢોલિયામાં આડે પડખે થયા અને પછી વળી વાત કરી : "આ ગૃહસ્થને દીકરો જો ત્રીસ વરસનો થાય અને પરણાવ્યો ન હોય તો આબરૂ રહે ?"

એટલે મોતીલાલ કહે : ''ના મહારાજ.''

ત્યારે ભગતજી હસીને બોલ્યા : ''તમે બધાએ પુરુષોત્તમ સાથે કેટલાં વર્ષે લગ્ન કર્યાં ? માટે જો તળ તપાસીએ તો કોઈનીય આબરૂ રહે તેવું લાગતું નથી.'' એમ કહીને ચતુરભાઈ ઊંઘતા હતા તેમને જગાડ્યા અને ડબ્બાની વાત પૂછી. ભગતજી હસીને બોલ્યા : ''એને રાત-દહાડો ડબ્બાની સાથે વહેવાર, એટલે જીવમાં એ પેસી ગયું છે. તે ડબ્બાની વાત કરીએ તો ઊંઘે નહિ. એવો માયાનો પેચ છે. ભગવાન સુષુપ્તિમાં જ્ઞાતાપણું અને કર્તા-પણું ઉડાડી મૂકે છે અને વળી જાગ્રતમાં પ્રેરે છે.''

સંબંધીનો ફાંસલો દુસ્તર છે

''મીઠાની પૂતળીને સમુદ્રમાં પાર લેવા મોકલીએ તો પાછી આવે જ નહિ. તેમ સંબંધીઓનો ફાંસલો દુસ્તર છે. તે જો તેમાં ફસાયા તો નીકળાય જ નહિ. કથાવાર્તા રજ, તમમાં કરીએ છીએ, પણ જો સત્ત્વમાં કરીએ તો લગની લાગી જાય.''

એમ કહીને પોતે ચંદની કરી તેની વાત કરી : ''સીવવામાં એવું મન લગાડ્યું હતું કે પાછળ સ્વામી આવીને ઊભા તો પણ ખબર ન રહી. પછી સ્વામીએ કહ્યું : 'જેવી ચંદની સીવવામાં લગની છે એવી જો ભગવાન ભજવામાં હોય તો કામ થઈ જાય.''

એમ કહીને સાખી બોલ્યા કે :

'જેસી પ્રીત હરામ સે, તેસી હરિસે હોય;
ચલા જાય વૈકુંઠ મેં, પલ્લા ન પકડે કોય.'

પછી ચુનીલાલને કહ્યું : ''તમારે તો ભગવાને આધાર તોડી નાખ્યો, પણ હવે તે તૂટ્યો તો ભગવાન સાથે કરવો. હવે તો આપણે વર્ણસંકરના આશ્રમમાં ગણાઈએ, પણ જો સહજાનંદ સ્વામીની જોડ બાંધી દઈએ તો વરણમાં આવીએ. માટે ભગવાનની જોડ બાંધવી.''

એમ કહીને કીર્તન બોલ્યા કે -

'સખી અલબેલો વર નંદલાલ વરું વરણ માયા પર છે'

''માટે જ્યાં સુધી ભગવાન વરશે નહિ, ત્યાં સુધી વર્ણસંકરની નાતમાં ગણાશું. તો એ કલંક ટાળવું.

"આ દેહમાં આત્મા છે અને તેમાં પરમાત્મા છે, એમ અખંડ મનાય તો ભગવાન ભજાય અને એમ જો નિરંતર અભ્યાસ કરે તો ભગવાન અણુ માત્ર છેટા ન રહે. એવી સમજણવાળો કૃતાર્થ છે. એવી સમજણ તો જ્યારે સંસૃતિ, ગર્ભવાસ, જન્મ-મરણ એનાં દુઃખ જુએ ત્યારે આવે. શુકજીએ એ જોયું તો પૂર્વનું જ્ઞાન ઉદય પામી ગયું. ભરતજીને સહેજ દયા ઊપજી તો મૃગનો દેહ લેવો પડ્યો. માટે જોયા જેવા તો એક ભગવાન જ છે. તેમને વિષે પતિવ્રતાની ટેક રાખવી."

દર્શનાદેવ સાધવઃ

"જે ભગવાનની મૂર્તિમાં રહીને વાતો કરે તેમાં બીજા તણાયા વગર કેમ રહે અને વળી તેનાથી બીજાને કેમ શાંતિ ન થાય ?"

એ ઉપર કીર્તન બોલાવ્યું કે –

જેનાં અંતરમાં અવિનાશ, વાસ કરી વસિયા;
તેણે કામ ક્રોધ પામ્યા નાશ, લોભ ને મોહ ગયા.
એવા શત્રુ તણું ટળ્યું સાલ, લાલ જ્યાં આવી રહ્યા;
તેણે સંત થયા છે નિહાલ, પૂરણ કામ થયા.
એવા સંત જે હોય સંસાર, શોધીને સેવીજિયે;
કહે નિષ્કુળાનંદ નિરધાર, તે લાભ તો લીજિયે.

"માટે એવાને ઓળખી લઈએ તો ભગવાનની મૂર્તિનું સુખ આવે. એવા મોટાનો ગુણ આવે તો પચાસ હજાર વરસનાં પાપ બળી જાય. સ્વામી પાસે એક જણ પ્રાયશ્ચિત્ત લેવા આવ્યો. ત્યારે સ્વામીએ દર્શન કરાવીને પાછો મોકલ્યો. એટલે એક સાધુએ પૂછ્યું કે 'પ્રાયશ્ચિત્ત કેમ ન આપ્યું ?' ત્યારે સ્વામીએ કહ્યું : 'આટલે દૂરથી ચાલીને આવ્યો, તે કેટલા અશ્વમેધ યજ્ઞ તેને થયા હશે ? માટે દર્શનાદેવ સાધવઃ સાધુ તો દર્શનમાત્રથી કલ્યાણ કરે છે."

સાંખ્યનો મત

પછી સાંખ્યના મતની વાત કરી : "સાંખ્ય સમજવાની ત્રણ રીત છે. તેમાં પ્રથમ સંકલ્પ થાય અને તરત જ જ્ઞાને કરીને ટળી જાય એ સ્થિતિવાળો ઉત્તમ. બીજી રીતમાં ઈંડું થઈને ફૂટી જાય, તેમ સંકલ્પનો ઘાટ બંધાય અને

પછી સમાગમે કરીને થોડે કાળે ટળે; એ સાંખ્ય જ્ઞાનીની મધ્યમ સ્થિતિ. ત્રીજી રીતમાં તો ઈંડામાંથી જેમ બચ્ચું થાય, તેમ ઘાટ મૂર્તિમાન થઈ ક્રિયામાં ભેળવે, જે ટળે જ નહિ. આવો જે કનિષ્ટ પ્રકારનો હોય તેના સત્સંગનો વિશ્વાસ નહિ. માટે સંકલ્પ ન થવા દેવા અને જાણપણારૂપ દરવાજે રહેવું. જનક તથા શિવજી દરવાજે રહેતા. ચંદ્ર તથા ઈન્દ્ર નહોતા રહેતા, તે કલંક લાગ્યું.''

એટલી વાત કરીને બોલ્યા : ''આજ તો તમે બધા બહુ બેઠા તો હવે સૂવાનો વિચાર હોય તો સૂઈ જાઓ.''

તે સાંભળી ચતુરભાઈ તથા મોતીલાલ કહે : ''આપ તો કાલે પધારી જશો. માટે આજે તો ખરેખરું વાતોનું સુખ આપ્યું છે તો હજુ પણ આપો. અમારે સૂવું નથી.''

સ્થિતિ કરવાની સાત ભૂમિકા

ભગતજી તેમની શ્રદ્ધા તથા સર્વ સભાને એકાગ્ર ચિત્તે વાત સાંભળતી જોઈ ઘણા જ રાજી થયા અને બોલ્યા :

''સ્થિતિ કરવાની સાત ભૂમિકા છે. તેમાં (૧) ઘર મૂકે, (૨) વૈરાગ્ય થાય, (૩) શુભ સંકલ્પ થાય, (૪) દરવાજે રહે તે, (૫) દેહભાવ તજે, (૬) આત્મદર્શન થાય અને (૭) પોતાને સમાધિ થાય અને બીજાને કરાવે. આમાં પણ પંચવિષય મૂકવા ઘણા કઠણ છે. મરવું કઠણ નથી, પણ વિષય મુકાવીએ તો હરણિયાને ગોળી વાગે અને વળ ખાઈને પડે, તેમ એ જીવ મરવા જેવો થઈ જાય છે.

''પણ જે સાધુ-સમાગમ કરતો હોય તો કોઈ દિવસ ગોળી લાગી જાય અને આંખ ઊઘડી જાય તો એનો બેડો પાર પડી જાય. જેમ ચકમક પડતાં દેવતા પડી જાય તેમ થાય છે. પછી એને પંચવિષય સામા દેખાય ખરા, પણ ભોગવાય નહિ. જેમ દૂધમાં સોમલખાર નાખ્યો હોય તે પિવાય જ નહિ. માટે પંચવિષયની સેર ઈન્દ્રિયો, અંતઃકરણમાં પેસવા દેવી જ નહિ. ત્યારે તેને બંધન તૂટી જાય છે.'' એટલી વાત કરીને પોતે થોડી વાર ધ્યાનમાં બેઠા. પછી જાગ્રત થઈને બોલ્યા : ''આજ્ઞા, ઉપાસના, સદ્ભાવ અને પક્ષ – એ ચાર વાનાં હોય તો સત્સંગમાં વૃદ્ધિ પમાય છે.''

એમ કહીને ચુનીલાલને પૂછ્યું : ''તમે કેમ ઠરાવ કરી રાખ્યો છે ?''

ત્યારે તેણે કહ્યું : ''અહં-મમત્વનો ત્યાગ કરીને, વિષય થકી વૈરાગ્ય પામીને, ઇન્દ્રિયોને કબજામાં કરીને, પોતાના આત્માને બ્રહ્મરૂપ માની પરમાત્મામાં જોડાઈ જવું, એમ નક્કી કર્યું છે.''

પછી બીજા હરિભક્તને પૂછ્યું, ત્યારે તેણે પણ એમ જ કહ્યું.

મુકામ અને નિશાન એટલે શું ?

પછી દેવશંકરને પૂછ્યું એટલે તેણે પણ એમ જ કહ્યું. પછી ભગતજીએ તેમને કહ્યું કે ''તમારે એમ નથી. તમારે તો ઘરમાં સ્ત્રી છે, તે વિષયમાંથી વૈરાગ્ય શી રીતે પામશો ? માટે પેલું તે તો એકાંતિકનું લક્ષણ અને આ છે તે મુમુક્ષુનું લક્ષણ છે.''

પછી ચુનીલાલે ભગતજીને પૂછ્યું કે ''મુકામ એટલે શું અને નિશાન એટલે શું ?''

ત્યારે ભગતજીએ કહ્યું કે ''અક્ષર સાથે એકતા કરવી એ મુકામ અને ભગવાનની મૂર્તિ એ નિશાન. તે જો મુકામમાં પગ સ્થિર હોય તો જ નિશાન પડે. તે તો જ્યારે પ્રકૃતિપુરુષ થકી પર એવું જે શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ તેને જ એક સત્ય જાણી, તે બ્રહ્મને જ પોતાનું સ્વરૂપ માને અને તેને વિષે પરબ્રહ્મની મૂર્તિ છે તેની ઉપાસના કરે. એવો જે હોય તે મુકામને પામ્યો કહેવાય અને તે માયાને પૂગે.''

ચિત્તને વિષે વિષય કે વિષયને વિષે ચિત્ત ?

એટલી વાત કરી એટલે દેવશંકરે વચ્ચે પૂછ્યું : ''મહારાજ ! જેને ઘરમાં સ્ત્રી હોય તેને શું કરવું ? અને વળી વિષયમાં ચિત્ત રહ્યું છે કે ચિત્તમાં વિષય રહ્યા છે ?''

ત્યારે ભગતજીએ કહ્યું : ''જેને ઘરમાં સ્ત્રી હોય તે પણ જો સાધુ-સમાગમ નિરંતર રાખે, સત્‌શાસ્ત્રનો અભ્યાસ રાખે અને શિક્ષાપત્રી પ્રમાણે વર્તે તો એકાંતિક સ્થિતિને પામી જાય. વળી, વિષય અને ચિત્ત એ બંને અરસપરસ રહ્યાં છે. માટે મોટાનો અભિપ્રાય એ છે કે લોક, ભોગ અને દેહ એમાં ન જોડાતાં ભગવાનમાં જોડાવું, એ જ એકાંતિક સ્થિતિ સિદ્ધ કરવાનો એકમાત્ર ઉપાય છે.''

આ પ્રમાણે આખી રાત અપરંપાર વાતો કરી ત્યાં ત્રણ વાગી ગયા. એટલે ભગતજી કહે : ''અહો ! આ તો બ્રાહ્મમુહૂર્ત થઈ ગયું. હવે શયનનો ત્યાગ કરો અને સીધા નાહવા જાઓ.''

આમ, આખી રાત વાતોનું સુખ આપ્યું તે એવા મહદ્ આશયથી કે એ પ્રસંગ જીવનમાં કદી ભુલાય જ નહિ. કારણ કે એવો પ્રસંગ છેલ્લો જ હતો – જીવનમાં ફરી કદી આવવાનો જ નહોતો. ભગતજી એ જાણતા હતા. બીજાને શું ખબર પડે ?

સૌ નાહીને આવ્યા ત્યારે ભગતજી પૂજા કરતા હતા. થોડી વારે ભગતજીએ મોતીલાલભાઈને પૂછ્યું : ''તમને આ જોગ કોણે કરાવ્યો ?''

મોતીલાલભાઈ તો ભગતજીના પોતાને વિષેના ભાવથી એકદમ ગળગળા થઈ ગયા. પછી સ્વસ્થ થઈને બોલ્યા : ''મહારાજ ! આ બધો ઉપકાર મુંબઈના કોઠારી જેઠા ભગતનો છે. છેલ્લા ચાર માસ સુધી લાગટ મારી પાસે આવી વચનામૃત વાંચતા અને મને સમજાવતા. પછી એક દિવસ તેમને મેં પૂછ્યું : 'તમો રોજ એકાંતિક સત્પુરુષની વાત કરો છો અને તે મળ્યા વિના મોક્ષ નહિ થાય.' તો કહ્યું : 'હા. એવા પુરુષ છે. પણ તમને મનાશે નહિ.' એટલે મેં કહ્યું : 'તમે એકાંતિકનાં લક્ષણ ઓળખાવ્યાં છે તે હું લક્ષણ મેળવીશ અને ઓળખીશ.' એટલે તેમણે કહ્યું : 'ત્યારે સાંભળો, એવા એકાંતિક તો મહુવાના પ્રાગજી ભક્ત છે.' એ સાંભળી મને એમ થયું કે જરૂર દર્શન કરી સમાગમ કરવો જોઈએ. પણ મારે એટલો વખત નથી. પછી જેઠા ભગતે કહ્યું : 'જો તમારે ખેંચ હશે તો જરૂર યોગ આવશે.'

''થોડા દિવસ પછી જેઠા ભગત મારી ઑફિસે આવ્યા અને મને વાત કહી કે જૂનાગઢ સમૈયો થવાનો છે અને ભગતજી ત્યાં પધારશે. તો જો તમારે વિચાર હોય તો જૂનાગઢ જાઓ.' એટલે મેં કહ્યું : 'મારે અમદાવાદ કામ છે તે જવાનું છે. પણ ત્યાંનું કામ ત્રણ દિવસનું છે અને અહીંથી પણ ત્રણ-ચાર દિવસથી વધારે નીકળાય તેમ નથી.' તેથી જેઠા ભગતે કહ્યું : 'જો ભગતજી ખરેખર એકાંતિક સત્પુરુષ હોય તો તમારું અમદાવાદનું ત્રણ દિવસનું કામ એક જ દિવસમાં પતી જશે. માટે, ભગતજીને સંભારી અમદાવાદ જાઓ.' તેમના વચનમાં મને વિશ્વાસ હતો એટલે અમદાવાદ આવ્યો અને બે કલાકમાં જ કામ પતી ગયું. એટલે ત્યાંથી બેસીને અત્રે આવ્યો અને આપનાં

દર્શન-સમાગમનો લાભ મળ્યો.'' એટલી વાત સૉલિસિટર સાહેબે કરી. તે સાંભળી ભગતજી મંદ મંદ હસતા હતા અને જેઠા ભગતની એકાંતિક ઓળખાવવાની રીત અને મોતીલાલની ખેંચથી મનોમન ઘણા જ રાજી થયા.

પછી ભગતજીએ તેમને પૂછ્યું : ''તમને સમાગમમાં આનંદ આવ્યો ને ?''

એટલે તેમણે કહ્યું : ''મહારાજ ! આનંદ તો શું ? હું તો મારી જાતને જ આ બે દિવસથી ભૂલી ગયો છું અને જેઠા ભગતે જો આ વાત ન કરી હોત તો મને ઘણી જ ખોટ રહી જાત. હવે આપ મારા ઉપર અખંડ રાજી રહો અને આપનામાં અખંડ વૃત્તિ રહે તેવા આશીર્વાદ આપો.'' એમ કહી મોતીલાલભાઈ ગદ્‌ગદ થઈ ભગતજીનાં ચરણમાં નમી પડ્યા. ભગતજી તેમના ભાવથી અત્યંત રાજી થયા અને આશીર્વાદ આપીને બે હાથ માથે મૂક્યા.

આવી રીતે લગભગ દોઢસોથી બસો હરિભક્તો નિરંતર કથામાં બેસે અને ભગતજી પણ બ્રહ્મભાવની અલૌકિક વાતો કરે અને સર્વેનાં ચિત્ત હરી લે. એવો ભગતજીનો સાક્ષાત્ પ્રતાપ જેઠા ભગતે કહ્યા પ્રમાણે, સૉલિસિટર મોતીલાલભાઈએ જોયો અને ભગતજી એવા પરમ એકાંતિક પુરુષ છે એમ તેમને નિશ્ચય થઈ ગયો. વળી, જેઠા ભગતે તેમને કહ્યું હતું : ''તમારે સમાગમની અને ગુરુ કરવાની જરૂર છે.'' તે અત્રે ભગતજીનો સમાગમ પણ થયો અને ભગતજીને ગુરુ તરીકે પણ તેમણે સ્વીકારી લીધા. ભગતજીની વાતોથી એમનું ચિત્ત એવું તો ભેદાઈ ગયું હતું કે વિહારીલાલજી મહારાજ પાસે પણ ભગતજીના મહિમાની તેમને ઘણી વાતો કરી અને કહ્યું : ''ભગતજીની પાસે તો માયાની ગંધ આવતી જ નથી.''

જૂનાગઢથી વિદાય

ભગતજી પૂજા આદિથી પરવારી તૈયાર થઈ ઠાકોરજીનાં દર્શન કરી સભામાં પધાર્યા. ત્યાં મહારાજ વિરાજતા હતા એટલે થોડી વાર બેઠા. પછી મહારાજની રજા લઈ ઊઠ્યા અને સર્વે સંતોને મળ્યા. પછી સ્વામી જાગા ભક્તના આસને પધાર્યા. જાગા ભક્ત તેમને ઊભા થઈને મળ્યા અને આંખમાં આંસુ આવી ગયાં. ભગતજી પણ તેમનાથી છૂટા પડતાં ઘણા જ દિલગીર થઈ ગયા. પછી પરસ્પર ધીરજ આપી, વાતચીત કરી, પોતે ત્યાંથી નીકળ્યા. પછી

સર્વે તૈયાર થઈ પોટલાં નીચે લાવ્યા. એટલે પોતે જીભાઈ કોઠારીને મળીને પછી ગાડીમાં બેઠા.

આ પ્રમાણે જૂનાગઢનો છેલ્લો સમૈયો કરી, દિગ્વિજય કરી, શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીનો મનોરથ કે – જ્યાં પોતાના ગુરુનું અપમાન થયું છે, ત્યાં જ તેમનું સન્માન કરાવવું – એ પૂરો કરી, સત્સંગમાં મહારાજ અને સ્વામી આજે પ્રાગજી ભક્ત દ્વારા પ્રગટ જ છે, એવી પ્રતીતિ હજારોને કરાવી, બ્રહ્મભાવની અનંત વાતોના મહાસાગરમાં તરબોળ કરી, ભગતજી જૂનાગઢથી નીકળી ગોંડળ પધાર્યા. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી પણ ભેગા જ હતા.

ભગતજી ગોંડળમાં

ભગતજી ગોંડળ મંદિરમાં પધાર્યા એટલે શાસ્ત્રી ધર્મતનયદાસ બહુ જ રાજી થયા. ભગતજીને સારો ઉતારો આપ્યો અને સર્વ પ્રકારે બધી સગવડ કરી આપી. ભગતજી ઠાકોરજીનાં દર્શન કરી ઉતારે પધાર્યા.

થોડી વારે શાસ્ત્રી ધર્મતનયદાસ આવ્યા એટલે તેમને ભગતજીએ કેટલીક વાતો કરી. પછી સાધુ તથા બ્રહ્મચારીની જાયગામાં પધાર્યા અને કીર્તનો બોલાવી સભામાં પધાર્યા. અહીં પુરુષોત્તમદાસ પાસે ‘પંચરત્ન’ વંચાવ્યું તથા પોતે પણ ઉપાસના, ભક્તિ અને મહિમાની ઘણી વાતો કરી. વળી, શાસ્ત્રી ધર્મતનયદાસે પણ સત્પુરુષમાં જોડાવાની કેટલીક વાતો કરી. પછી શયન આરતી થઈ એટલે સૌ ઊઠ્યા અને દર્શને ગયા.

દર્શન કર્યા પછી ભગતજી ઉતારે આવ્યા અને દૂધ-પૂરી જમીને થોડી વાર પડખાભેર થયા. થોડો આરામ કરીને ઝવેરીલાલને પાસે બોલાવ્યા. અહં-મમત્વ છોડવાની તથા ડભાણના ખોટા પક્ષમાં ન ભળવાની કેટલીક વાતો કરી અને છેલ્લાનું ૩૮મું વચનામૃત નારાયણભાઈ પાસે વંચાવ્યું. તે ઉપર કેટલીક વાતો કરીને પોતે પોઢી ગયા.

ભાદરવા સુદ ૧ને રવિવારે સવારે વહેલા ઊઠીને, નાહીને પૂજા કરી, ઠાકોરજીનાં દર્શન કરી, સાધુ તથા બ્રહ્મચારીના આસને થઈને સભામાં પધાર્યા. અહીં શાસ્ત્રી ધર્મતનયદાસે કેટલીક સ્વામીના વખતની વાતો કરી અને પોતે પણ પ્રસંગોપાત્ત કેટલીક વાતો કરી. પછી રાજભોગ આરતી સુધી કીર્તનો બોલાવ્યાં. આરતી, દર્શન કરી, પોતાને ઉતારે પધાર્યા અને થોડું

જમીને પોઢી ગયા.

બપોરે ત્રણ વાગ્યે ભગતજી જાગ્યા એટલે ઝવેરીલાલે કહ્યું : ''અક્ષર દેરીએ તથા બેઠકે દર્શન કરવા જવા માટે ગાડી તૈયાર છે.''

એટલે ભગતજી મોં ધોઈ, પાણી પીને તૈયાર થઈ ગયા. નીચે આવી કોઠારમાં શાસ્ત્રી ધર્મતનયદાસ તથા કોઠારીને બોલાવી, તે દિવસની રસોઈના રૂપિયા તથા ઠાકોરજીને ઘરેણાં માટે રૂ. ૫૦/- ચૂકવી ગાડીમાં બેઠા.

અક્ષર દેરીએ, 'અહીં તો આરતી ઊતરશે અને મોટું મંદિર થશે'

પહેલાં કૈલાસ બાગે આવ્યા. અહીં બેઠકનાં દર્શન કરી, મહારાજના મહિમાની કેટલીક વાતો કરી અને દાજીભાઈ તથા પુરુષોત્તમદાસ પાસે કીર્તનો ગવરાવ્યાં. ત્યાં એક રૂપિયો મૂકી અક્ષર દેરીએ પધાર્યા. અહીં સાકર તથા કોપરાં સાથે લાવ્યા હતા, તે ઠાકોરજીને ધરાવી ભગતજીએ પ્રસાદ સ્વહસ્તે વહેંચ્યો અને પછી કીર્તનો બોલાવ્યાં. કીર્તન પૂરાં થયા બાદ અક્ષર દેરીનો ઘણો જ મહિમા પોતે કહ્યો અને બોલ્યા : ''અહીં તો ઉત્તમ સ્થાન થશે અને લાખો માણસો દર્શને આવશે.'' એમ કહીને પૂછ્યું : ''અહીં કોઈ દીવો કરતા નથી ?''

એટલે એક કાછિયા હરિભક્તે કહ્યું : ''મહારાજ ! હું રોજ દીવો કરીશ.''

એટલે ભગતજી બહુ જ રાજી થયા અને કહ્યું : ''અહીં તો હજારો દીવાની આરતી ઊતરશે અને મોટું મંદિર થશે.'' એટલી વાત કરી સૌ હરિભક્તોને મહાપ્રસાદીની ગોંડળી નદીમાં સ્નાન કરવાની આજ્ઞા કરી.

સૌ નાહીને આવ્યા એટલે ભગતજી ગાડીમાં બેઠા. ગાડીમાં ઝવેરીલાલ તથા હરિભક્તો – જે બેઠા હતા તેમને સત્પુરુષના મહિમાની અને ભગવાનને વરણીય થવાની તથા ગ્રંથિઓ ગાળવાની ઘણી જ વાતો કરી અને કહ્યું : ''જો સત્પુરુષનો મહિમા સમજાય તો જ ભક્તિ થાય. માટે આ મનુષ્ય દેહે એ સિદ્ધ કરી લેવું. મારવાડના બળદને જુઓને, કેટલું દુઃખ છે ? પ્રથમ તો આ દેશમાં લાવે એટલે સ્નેહ તથા દેશવાસના ક્યાં રહે ? વળી, કાંધે ધૂંસરી મૂકે એટલે માન ક્યાં રહે ? વળી, ખસી કરે એટલે કામ ક્યાં રહે ? એમ કર્મવશ થઈને જો એવો દેહ આવે તો ભોગવવું પડે. માટે મનુષ્ય દેહ મળ્યો છે તે પ્રભુનું ભજન કરી લેવું.'' એટલી વાત કરી ત્યાં મંદિર આવ્યું. પછી આરતી થઈ

એટલે ઠાકોરજીનાં દર્શન કરવા પધાર્યા.

યજ્ઞપુરુષદાસજી ! તમારે કંઈ અધૂરું નથી

દર્શન કરીને સભામાં આવ્યા અને પુરુષોત્તમદાસ પાસે કીર્તનો બોલાવ્યાં. પછી યજ્ઞપુરુષદાસજીએ વિદ્યા સંબંધી પૂછ્યું, એટલે ભગતજીએ કહ્યું : ''શાસ્ત્ર સંબંધી વિદ્યા તો સંપાદન કરી છે અને બ્રહ્મવિદ્યા પણ પૂરી ભણાવી લીધી છે. હવે કાંઈ અધૂરું નથી. માટે હવે તો તમોને જેમ સુખિયા રહેતાં આવડે છે, તેમ બીજા સર્વેને સુખિયા કરશો એટલે સર્વે થઈ રહ્યું.''

પછી દત્તરામે કહ્યું : ''આવા રૂડા શાસ્ત્રી છે અને હરિભક્તોને વાતોએ કરીને સુખિયા રાખે છે, પણ દેહે કરીને બહુ દુર્બલ છે. માટે કંઈક કૃપા કરો.''

ત્યારે ભગતજી હસીને બોલ્યા : ''એમાં શી હરકત છે ? અહીં જેટલું થાય એટલું જીવને સુખિયા કરવા માટે કરશો, તો સર્વ વાતે મહારાજ સાનુકૂળ કરી દેશે.'' એમ રાજી થકા શાસ્ત્રીજી મહારાજને બીજા જીવોને સુખિયા કરવાનો આશીર્વાદ આપ્યો.

એટલામાં શયન આરતીનો ડંકો થયો એટલે સૌ ઊઠ્યા. ભગતજી આરતીનાં દર્શન કરી ઉતારે પધાર્યા અને પૂરી તથા દૂધ જમીને ખાટલામાં પોઢ્યા અને પુરુષોત્તમદાસ પાસે કીર્તનો ગવરાવ્યાં. લગભગ ૧૧ વાગ્યા સુધી કીર્તનોની રમઝટ બોલાવી, ભગતજીએ સૌને સૂવાની આજ્ઞા કરી.

ભાદરવા સુદિ ૩ને સોમવારે સવારે વહેલા ઊઠી, સ્નાન કરી, પૂજા આદિકથી પરવારી, ભગતજી સભામાં પધાર્યા. શણગાર આરતી સુધી શાસ્ત્રી ધર્મતનયદાસે વાતો કરી. પછી આરતીનાં દર્શન કરી, સાધુ-બ્રહ્મચારીની જાયગામાં દર્શન કરવા પધાર્યા અને સર્વેની ખબર પૂછી સભામાં આવ્યા.

સાધન દશાવાળાને એકાંતિકની સંજ્ઞા

સભામાં વચનામૃતની કથા થતી હતી, તેમાં એક વાત આવી કે – ''એકાંતિકને દેહે કરીને મરવું એ મરણ નથી, પણ એકાંતિકના ધર્મમાંથી પડી જવાય એ જ મરણ છે.''[૧૬૨]

ત્યારે નારાયણભાઈએ પૂછ્યું : ''એકાંતિક થઈને ધર્મમાંથી પડાતું હશે ?''

---

૧૬૨. ગ.મ. ૪૬.

એટલે ભગતજીએ ઉત્તર કર્યો : ‘‘જે સિદ્ધ થયો હોય તે તો એકાંતિક ધર્મ પામીને કોઈનોય પાડ્યો પડે નહિ, પણ જે આધુનિક સાધન દશામાં હોય તે પડે છે. એવા સાધનવાળાને પણ એકાંતિકની સંજ્ઞા આપી છે. જેમ કૌમુદી પા ભણે તો પણ શાસ્ત્રી કહેવાય, અને અર્ધી ભણે તથા પોણી ભણે તો પણ શાસ્ત્રી કહેવાય; પણ જેણે પૂરી ભણીને સિદ્ધ કરી હોય તે વાત જુદી અને તે તો સભા જીતે અને દિગ્વિજય કરે, પણ કોઈ તેને હરાવી શકે નહિ.’’

જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિવાળો કેમ વર્તે ?

પછી કેટલીક જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની વાત કરીને કહ્યું : ‘‘જે જ્ઞાની હોય તે સંકલ્પને જાણે અને તેના સામું જોઈ રહે. જ્ઞાન સાથે વૈરાગ્ય હોય તો તે સંકલ્પને કાપી નાખે અને જ્ઞાન અને વૈરાગ્ય સાથે ભક્તિ જો હોય તો સંકલ્પને કાપીને ભગવાનની ભક્તિમાં જોડાઈ જાય. માહાત્મ્યયુક્ત ભક્તિવાળો હોય તે અખંડ મૂર્તિમાં જ રહે અને સદા જાગ્રત, સ્વપ્ન તથા સુષુપ્તિ અવસ્થાથી પર વર્તે.’’

ત્યારે પુરુષોત્તમદાસે પૂછ્યું : ‘‘એમ કેમ વર્તાય ?’’

પછી ભગતજી બોલ્યા : ‘‘મૂર્તિનું ધ્યાન કરતાં જો કંઈ જીવ-જંતુ કરડે કે ચળ આવે તો ખંજોળવું નહિ અને પૂતળાની પેઠે સ્થિર વર્તવું, એ જાગ્રત અવસ્થાથી પર વર્તવાની રીત છે. વળી, હૃદયને વિષે સંકલ્પને ઓળખવા અને તેને ના પાડવી, એ સ્વપ્ન અવસ્થાથી પર વર્તવાની રીત છે અને જીવમાં આત્મારૂપે વર્તવું, એ સુષુપ્તિ અવસ્થાથી પર વર્તવાની રીત છે. માટે સદા એવો અભ્યાસ રાખીએ તો શું ન થાય ?’’ એમ ઘણી વાતો કરી.

પછી પોતે થોડું દૂધ પીને સ્ટેશને જવા ગાડી આવી હતી તેમાં બેઠા અને બધા સ્ટેશને આવ્યા. ગાડી આવી એટલે ભગતજી ઊઠીને સર્વેને મળ્યા અને સાંત્વન આપ્યું. પછી દાજીભાઈએ રડતાં રડતાં પૂછ્યું : ‘‘હવે ક્યારે ભેગા થવાશે ?’’

એટલે ભગતજીએ કહ્યું : ‘‘હવે તો ધામમાં ભેગા થશું.’’ એટલી વાત કરી ત્યાં ગાડી ઊપડી. ભગતજી સાથે ઝવેરીલાલ તથા પુરુષોત્તમ વસોવાળા વગેરે હતા.

ભગતજી જેતલસર થઈને મહુવા પધાર્યા.

ધામમાં જવાનો સંકલ્પ

ભગતજીએ હવે પોતાને જે કાર્ય સ્વામીએ સોંપ્યું હતું તે પૂરું થયું જાણી અને બ્રહ્મની જ્યોતને અખંડ રાખવા માટે યથાર્થ પાત્રને તૈયાર કરી, ધામમાં જવાનો સંકલ્પ કર્યો. જૂનાગઢથી મહુવા પધારીને તરત જ મંદવાડ ગ્રહણ કર્યો. પોતાના હેતવાળા સર્વ હરિભક્તોને છેલ્લાં દર્શન તથા સેવાનો લાભ મળે એ માટે ભગતજીએ પ્રથમ મુંબઈ કોઠારી પ્રભુદાસ તથા કોઠારી જેઠા ભગત ઉપર કાગળ લખ્યો અને પછી જેને ઘટે તેને કાગળો લખાવ્યા.

કોઠારી જેઠા ભગત મહુવામાં

ભગતજીનો પત્ર મુંબઈ કોઠારી જેઠા ભગતને મળ્યો એટલે તેમણે જાણ્યું કે ભગતજીએ છેલ્લા દોઢ માસથી અન્ન મૂકી દીધું છે. એટલે મહુવા જવાની ત્વરા થઈ. આસો સુદ ૯ને દિવસે સ્ટીમરમાં બેઠા. કોઠારી પ્રભુદાસભાઈએ વરતાલ કોઠારી ગોવર્ધનભાઈ પાસે રજાનો પત્ર મંગાવ્યો. કોઠારી પ્રભુદાસભાઈ અને કોઠારી જેઠા ભગતને બેકલિયા બનવાની ઇચ્છા હતી અને તેને માટે મહુવા પત્ર લખી ભગતજીની આજ્ઞા મગાવી હતી. પરંતુ ભગતજીએ ના લખી હતી કે ''હાલમાં એવું કાંઈ કરવું નથી, જેમ ચાલે છે તેમ ચાલવા દેવું અને હું ભેગો થાઉં પછી વાત.'' એટલે એ વખતે વાત પડતી રહી. ભગતજીને ભવિષ્યમાં કોઠારી જેઠા ભગતને પોતાની અંગત સેવા આપવાની ઇચ્છા હતી એટલે એ પ્રમાણે આજ્ઞા કરી. જેઠા ભગત એકલિયા રહ્યા તો મહુવાથી કાગળ આવતાં, કોઠારી પ્રભુદાસભાઈની રજા લઈ મહુવા ચાલી નીકળ્યા.

જેઠા ભગતે મહુવા બંદરે ઊતર્યા પછી વિચાર કર્યો : ''જો ધોળે લૂગડે જઈશ તો મંદિરમાં ઉતારો કરવો પડશે અને ભગતજીની સેવાનો લાભ નહિ મળે.'' એટલે મુંબઈથી જ દીર્ઘદૃષ્ટિથી વિચાર કરીને સાથે ટોપી લાવ્યા હતા. તે માથે મૂકીને સીધા ભગતજીને ઘેર જ ગયા. ભગતજીને દંડવત કરી, પગે લાગી પાસે બેઠા, પણ ભગતજીની સ્થિતિ જોઈ આંખમાં આંસુની ધારા ચાલી તે કેમ કરીને છાના રહેવાય જ નહિ. ભગતજીએ તેમને બહુ જ ધીરજ આપી અને પોતે પણ સ્વસ્થતા બતાવી, ત્યારે જેઠા ભગતને શાંતિ થઈ.

પછી ભગતજીએ તેમને તમામ ખબર મુંબઈની પૂછી અને તે સર્વ સમાચાર સાંભળી રાજી થયા. કોઠારી પ્રભુદાસભાઈએ ચંદનની ગોટીઓ ભગતજી સારુ મોકલી હતી, તે તેમને આપી. ભગતજીએ તે લઈને પોતાના ભત્રીજા નારણભાઈને સાચવીને પેટીમાં મૂકવા ભલામણ કરી. પછી ભગતજી સૌને કહેવા લાગ્યા : ''જુઓ, અમારા મુંબઈના કોઠારી આવ્યા છે.'' એમ જેઠા ભગતને ઈચ્છિત સુખ આપ્યું અને પોતાના ઘરે જ ઉતારો આપ્યો.

બીજે દિવસે જેઠા ભગતને કહ્યું : ''તમારા હેતવાળાને મંદવાડના કાગળ લખો.'' એટલે પ્રથમ રાજકોટ શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીને પત્ર લખ્યો. બીજો પત્ર છપૈયા કોઠારી બેચર ભગતને લખ્યો અને પછી ગુજરાત તથા ચરોતરમાં તમામ પત્રો લખ્યા. તેમાં કોઈને મહુવા આવવાની આજ્ઞા લખી, કોઈને કંઈ લખ્યું નહિ. એમ જેમ ઘટે તેમ લખાવ્યું.

પછી જેઠા ભગતને ધીરેથી પૂછ્યું : ''ઓલ્યા તમારા વકીલની શી ખબર છે ?''

એટલે જેઠા ભગતે હસીને કહ્યું : ''મોતીલાલભાઈનું પૂછો છો ને ?''

ત્યારે ભગતજીએ ડોકું હલાવી હા કહી. પછી જેઠા ભગતે વાત કરી કે ''તે તો બહુ રાજી થઈ ગયા. તેમણે મને પૂછ્યું : 'ભગતજીની કેટલીક ઉંમર હશે ?' એટલે મેં કહ્યું : 'તમે કેટલી ધારો છો ?' ત્યારે તે કહે : 'પચાસેક હશે.' મેં કહ્યું : 'સિત્તેર થયાં છે.' એ સાંભળી તેમને આશ્ચર્ય થયું અને બોલ્યા : 'અહો ! શું તેમના શરીરની કાંતિ ! શું તેજસ્વિતા ! અને પ્રતાપ તો એટલો કે જેમ ચકોર ચંદ્રમામાં જોડાઈ જાય, તેમ બધા હરિભક્તો એકકાળાવિચ્છિન્ન તેમની મૂર્તિમાં જોડાઈ જ જતા ! તેમની પાસે બીજો સંકલ્પ જ ન ઊઠે અને માયાની તો ગંધ જ શાની હોય ? આવા પુરુષ તો સંપ્રદાયમાં અજોડ. એ જેવા તો એ એક જ ! ખરેખર, જો તમે મને ના ઓળખાવ્યા હોત તો મારે બહુ જ ખોટ રહી જાત.' એમ ઘણી જ પ્રશંસા કરી.''

જેઠાભાઈને ભગતજીની સેવાનો ઘણો જ લાભ મળ્યો. પોતે હાથે ખીચડી, કઢી વગેરે બનાવી જલદી પરવારી સેવામાં જોડાઈ જાય. ભગતજી પણ તેમની ગમ્મત કરે અને પૂછે : ''જેઠા ભગત, કઢી કેમ બનાવી છે ? ખીચડી બરોબર થઈ છે ને ?'' આમ, પોતાના કામમાં અંગત રસ ભગતજી લે, એટલે જેઠા ભગતને અપાર ઉત્સાહ અને આનંદ રહે.

ગુજરાતથી હરિભક્તો મહુવા આવે છે

જેમ જેમ ગુજરાતમાં કાગળો મળતા ગયા, તેમ તેમ ગુજરાતમાંથી હરિભક્તો આવવા લાગ્યા. પ્રથમ પીજથી મોતીલાલ નાનાલાલ સોની આવ્યા તથા વસોથી ચતુરભાઈ, નડિયાદથી જીવાભાઈ બારોટ વગેરે આવ્યા. બીજે દિવસે નારથી ઝવેરભાઈ આવ્યા.

આ બધા હરિભક્તોને ભગતજીનો મંદવાડ જોઈને બીક લાગી કે ભગતજી હવે દેહ રાખશે નહિ. તેથી સૌએ ભગતજીને બહુ જ સ્તુતિ કરી અને કંઈક અન્ન તથા દૂધ લેવાની પ્રાર્થના કરી. પણ ભગતજી કહે : ''ચાણસદથી વૈદ્ય આવશે ત્યારે તે કહેશે તેમ કરીશ. દૂધ પણ લઈશ અને અન્ન પણ લઈશ.'' એમ બહાનું બતાવ્યું. પણ આ વખતે તેમની એક પણ ક્રિયા દેહ રાખે તેવી નહોતી. પણ પોતે બધાને ધીરજ આપતા અને વાતો પણ કરતા.

વળી, નાગર મંડળ જ્યારે તેમને જોવા આવે ત્યારે એકદમ ખાટલામાં બેઠા થાય અને સ્વસ્તિક આસન વાળી આંખો મીંચીને બોલે. એક વખત એ પ્રમાણે નાગર મંડળ આવ્યું એટલે પોતે બેઠા થયા અને આંખો મીંચીને બોલ્યા જે, ''હું તો નિરંતર ઈન્દ્રિયો, અંતઃકરણની વૃત્તિઓ પાછી વાળી, આત્મામાં હોમીને, આત્મામાં જે પરમાત્મા, તેને ધારી રહ્યો છું.''

એમ કહીને શ્લોક બોલ્યા : परिनिष्ठितोऽपि नैर्गुण्ये તથા ब्रह्मभूतः प्रसन्नात्मा તથા निजात्मानं ब्रह्मरूपं તથા आत्मारामश्च मुनयो એ આદિક ઘણાક બ્રહ્મભાવના શ્લોક બોલ્યા અને પાછા સૂઈ ગયા.

નાગર હરિભક્તો તો તેમની વાતો સાંભળી ઘણા જ રાજી થયા અને બોલ્યા કે ''ધન્ય છે આ મહાત્મા પુરુષને કે પોતાના નિમિત્તે આપણને સમજાવવા સારુ ઉપદેશ આપે છે.'' એમ ગુણ ગ્રહણ કરીને ગયા. એ પ્રમાણે રોજ ઘણા હરિભક્તો આવે અને તેમને પોતાની અલૌકિક બ્રહ્મસ્થિતિનાં દર્શન કરાવી બ્રહ્મભાવની વાતો કરે.

મારાં જેને એક વખત દર્શન થયાં હશે, તેને હું અક્ષરધામમાં લઈ જઈશ

એક દિવસ જેઠાભાઈને પાસે બોલાવીને રાજી થઈને કહ્યું : ''મારાં જેને એક વખત દર્શન થયાં હશે, તેને હું અક્ષરધામમાં લઈ જઈશ અને ત્યાં

મહારાજ, સ્વામી તથા મુક્તનાં દર્શન કરાવીશ. પછી જેને જેની વાસના હશે, તેને તેવા લોકમાં મૂકીશ અને ત્યાં પ્રથમ દીઠેલું અક્ષરધામનું જે સુખ તેની સ્મૃતિ કરાવી, તે લોકમાંથી ઉદાસ કરીશ. અક્ષરધામના અતિ અધિક સુખની જિજ્ઞાસા તેને કરાવીશ. પછી જે બ્રહ્માંડમાં મહારાજનો અવતાર હશે, તે બ્રહ્માંડમાં તેને અવતાર ધરાવી, હું પણ સાથે આવી, તેને નિર્વાસનિક કરી, એકાંતિક બનાવી, અક્ષરધામમાં લઈ જઈશ.'' એમ પોતાનો અભિપ્રાય અને મહિમાની વાતો એકાંતમાં સમજાવવા માટે જેઠા ભગતને કહી.

❀

ભગતજીની અત્યંત નિર્બળ થતી દેહશક્તિ જોઈ ગામમાં તથા તેમનાં સગાંવહાલાં સર્વેને એમ લાગ્યું કે ''હવે પ્રાગજી ભગત રહેશે નહિ.'' એટલે સૌ છેલ્લી સેવા કરવા તથા આશીર્વાદ લેવા ભગતજી પાસે આવતા.

છેલ્લા આશીર્વાદની શીખ

એક વખત ગમે તે પ્રકારે પોતાના સંબંધી, હેતવાળા, મિત્રો, સેવા કરનારા, સર્વેને પોતાનો છેલ્લો સંબંધ કરાવી, તેમના કલ્યાણ માટે પોતે સર્વ પ્રકારે નિર્દોષ છે તે જણાવવા માટે, તમામ બાઈ-ભાઈને ભેગાં કરી, પ્રથમ તે બાઈઓને પૂછ્યું : ''બોલો માતાજીયું ! આપણે ઘણા પ્રસંગે, જાત્રા નિમિત્તે, સગાં-સંબંધીને મળવા જતાં, નાતમાં જતાં, પરગામ જતાં ભેગાં ચાલ્યાં હશું, ત્યારે કોઈ દિવસ કોઈની સામે દૃષ્ટિ માંડીને જોયું છે ?''

એટલે તે બાઈઓ હાથ જોડીને બોલી : ''મહારાજ ! તમે તો અમારાં સામું કોઈ દિવસ જોયું જ નથી. વળી, અમને ઘણી વખત એમ થતું કે 'જો એકાદ વખત તમારી દૃષ્ટિ અમારાં ઉપર પડી જાય તો અમારું કામ થઈ જાય,' પણ તમારી આંખો તો સદા ઢળેલી જ રહેતી. તમારા સંગમાં અમારા બધા દોષો શાંત પડી જતા. એવા તમે શ્રીજીના મહાએકાંતિક અને લાડકવાયા ભક્તરાજ છો.''

તેમનો આવો ભાવ જોઈ ભગતજી ઘણા જ રાજી થયા અને બોલ્યા : ''જુઓ, મને તો હવે મહારાજ તેડી જવાના છે. પણ તમે બધાં નિયમ બરાબર પાળજો. અત્યાર સુધી જો કાંઈ ભંગ થયો હશે તે માફ છે, પણ હવે નિયમ-ભંગ કરશો નહિ, તો તમને હું અક્ષરધામમાં લઈ જઈશ. અને જો નિયમ-ભંગ

કરશો તો તમારે અને મારે લેવા-દેવા નથી.'' એમ કહી પોતાના ભત્રીજા નારણભાઈ પાસે રૂા. ૨૦૦/- મગાવી તમામને જેમ ઘટે તેમ છેલ્લી આશીર્વાદની તથા નગદની શીખ આપી.

આપ ઉદાસ થાઓ તો આપના સમગ્ર શિષ્યોના સમ છે

કોઠારી પ્રભુદાસભાઈનો મુંબઈથી કાગળ આવ્યો : ''જો આપ અન્યથા સંકલ્પ કરો અને ઉદાસ થાઓ તો આપના શિષ્યોના સમ છે.'' અને ખૂબ જ સ્તુતિ કરી હતી : ''આપના શિષ્યોને ખાતર પણ આપ ઉદાસ થશો નહિ. હું બદલીના કોઠારી આવી જાય કે તુરત જ આવું છું.''

એ કાગળ ભગતજી પાસે વાંચ્યો, પણ ભગતજી તો કંઈ જ બોલ્યા નહિ. પછી વરતાલથી બદલીના કોઠારી ખુશાલભાઈ તથા જીવાભાઈ આવ્યા. તેમને સઘળો હિસાબ સોંપી, મુંબઈથી કારતક સુદ છઠને દિવસે નીકળ્યા અને સાતમે મહુવા આવ્યા. મંદિરમાં સીધો ઉતારો કરી તરત જ ભગતજીને ઘેર આવ્યા. ભગતજી તેમને જોઈ ઘણા જ રાજી થયા, પરંતુ ભગતજીને જોઈને જ કોઠારીનું હૈયું હાથ ન રહ્યું. ભગતજીએ તેમને ઘણી જ ધીરજ આપી.

બીજે દિવસે ચાણસદથી વૈદ્ય મનસુખભાઈ તથા કાલિદાસ તથા ગલભાઈ આવ્યા. વૈદ્યે નાડી જોઈ ઔષધ આપ્યું અને દૂધમાં થોડો મગજ ઘોળીને આપ્યો. ભગતજીએ પોતે કહેલું : ''વૈદ્ય આવશે પછી તે કહેશે તેમ કરીશ. દૂધ પણ પીશ અને અન્ન પણ ખાઈશ.'' એ વચન પાળવા માટે થોડું દૂધ પીધું. પછી અરુચિ બતાવી વાડકો દૂર કરી દીધો. પ્રકૃતિમાં કાંઈ જ ફેર જણાયો નહિ અને વધારે બગડતી જણાતી હતી.

ભગતજી આ લોકમાં વધારે રહે એવી સ્તુતિના હરિભક્તોના પત્રો રોજ આવ્યા કરતા હતા. રાજકોટથી શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીનો પત્ર પણ હતો. તેમાં લખ્યું હતું : ''સ્વામી જાગા ભક્તે પણ વિનંતી કરી છે કે આપ વિશેષ રહો તો સૌને સમાસ થાય.'' પણ પોતાને રહેવાની ઈચ્છા નહિ, એટલે દિવસે દિવસે મંદવાડ વિશેષ ને વિશેષ જણાવવા માંડ્યો.

પુરુષોત્તમદાસનો સંકલ્પ પૂરો કર્યો

કારતક સુદ નવમીને દિવસે ભગતજીની દેહપ્રકૃતિ અતિ ગંભીર થઈ

ગઈ અને ધામમાં જશે એવું સૌને લાગ્યું. આ વખતે વસોના પુરુષોત્તમભાઈ તથા ખાનદેશી હરિભક્તો કેવળદાસ પાટીલ વગેરે સર્વેને મહુવામાં પ્લેગ હોવાથી, ક્વોરેન્ટાઈનમાં મૂક્યા હતા. તેમણે એવો સંકલ્પ કર્યો હતો કે 'ભગતજી ભેગા રહીને સેવાનો લાભ લેવો;' પણ બંદર ઉપર પકડાઈ ગયા, એટલે નિરુપાયે ત્યાં રહ્યા ખૂબ સ્તુતિ કરી. ભગતજીએ તેમની સ્તુતિ સાંભળી તેમનો મનોરથ પૂરો કરવા, પ્રકૃતિ કંઈક સારી દેખાડી અને સાંજ પડ્યે તો થોડી વાત કરવા લાગ્યા. આથી, ત્યાં બેઠેલા સર્વ હરિભક્તોને લાગ્યું કે કોઈ બળિયા અને અતિ પ્રેમી હરિભક્તના સંકલ્પને ભગતજી વશ થયા લાગે છે.

એટલામાં તો ખાનદેશના ભાઈદાસ પાટીલ, હિમલાલ, કેવળભાઈ, નારાયણભાઈ, છનાભાઈ તથા મહિપતભાઈ વગેરેને સાંજે છોડી મૂક્યા, એટલે તેઓ તરત જ ભગતજીને ઘેર આવ્યા. ભગતજી તેમને જોઈ બહુ જ રાજી થયા અને કહ્યું : ''આવ્યા છો તો સેવામાં મંડી પડો. મહારાજ તો આજે તેડી જવાના હતા, પણ તમારા સંકલ્પથી મને રાખ્યો છે.'' એમ કહી તેમને ઘણું જ સુખ આપ્યું.

ભગતજીએ તેમને ખાનદેશના તમામ સમાચાર પૂછ્યા. આવી રીતે આટલા દિવસે થોડું બોલ્યા એટલે સૌને આનંદ થયો અને જીવમાં જીવ આવ્યો અને થયું કે કદાચ સ્તુતિ સાંભળે અને દેહ રાખે. પણ ભગતજી તુરત જ અંતર્વૃત્તિ કરીને બોલતા બંધ થઈ ગયા અને મંદવાડનું વિશેષ દુઃખ જણાવ્યું. આથી, સર્વે નિરાશ થયા. સૌની આંખમાંથી તો અખંડ અશ્રુધારા ચાલી જ જાય, પણ ભગતજી કોઈની સ્તુતિ સાંભળતા નહિ.

બીજે દિવસે, ક્વોરેન્ટાઈનમાં પકડાયેલા બીજા પચ્ચીસ હરિભક્તો છૂટીને આવ્યા. વડોદરાથી શંકર ભગત તથા લલ્લુ ભગત પણ આવ્યા. યજ્ઞપુરુષદાસજીને આવવાની ઘણી જ ઇચ્છા હતી, પણ ઉપાધિ થાય એટલે ભગતજીએ તેમને આવવાની ના લખી હતી.

ભગતજીની અંતિમ સ્થિતિ ધીરે ધીરે દરેકને જણાતી હતી. આંખો મીંચીને ચાર-પાંચ દિવસ સુધી ઊંડા ઊતરી ગયા હતા. વળી, તેમાંથી જાગ્રત થઈ, સ્નાન કરી, પૂજા કરે, પણ આંખો તો મીંચેલી જ રાખે અને કોઈની સાથે કંઈ બોલે નહિ. આવો અલૌકિક પ્રતાપ જોઈને સૌ કોઈને અતિ આશ્ચર્ય થયું.

વળી, આવા અલૌકિક પ્રતાપ સાથે મનુષ્યભાવ પણ ઘણો જણાવે.

ભગતજીની મિલકત તેમના બે ભત્રીજા નારણભાઈ તથા પુરુષોત્તમદાસ વચ્ચે વહેંચવાની હતી. નારણભાઈ ભગતજીને વિષે નિષ્ઠાવાળા હતા અને વળી તેમણે તથા તેમનાં પત્નીએ ભગતજીની ઘણી જ સેવા કરી હતી, એટલે ભગતજીને તેમને વિષે બહુ જ ભાવ હતો. આથી, પુરુષોત્તમને એમ થયું કે 'ભગતજી તેમની બધી મિલકત નારણભાઈને આપી દેશે.' તે તથા તેમનાં પત્ની તકરારી સ્વભાવનાં હતાં. એટલે એક દિવસે ખરા ભાવમાં આવી મિલકત માટે કંઈ બોલાચાલી કરી. ભગતજી એકદમ ઉપશમમાંથી જાગ્રત થઈ ખાટલામાં બેઠા થઈ ગયા અને જેઠા ભગતને કહ્યું : ''હમણાં ને હમણાં આ બંને ઘર વચ્ચે દીવાલ કરી દ્યો. મારે એનું મોઢું જોવું નથી.'' એમ ઘણી જ હઠ લીધી.

જેઠા ભગતે ભગતજીને શાંત કર્યા અને સુવડાવી દીધા. પણ ભગતજી તો થોડી થોડી વારે જાગીને પૂછે : ''દીવાલ ચણી લીધી ?''

જેઠા ભગતે તેમને રાજી કરવા ફળીમાં પથરા લાવીને મૂક્યા, એટલે ભગતજી આંખો મીંચીને સૂઈ રહ્યા. પછી જેઠા ભગતે પુરુષોત્તમને સમજાવીને સમાધાન કર્યું, એટલે પુરુષોત્તમે ભગતજી પાસે આવીને માફી માગી. પછી ભગતજી મહારાજે પોતાની મિલકતમાંથી અન્નકૂટ માટે તથા સાધુને રસોઈ આપવા માટે રકમ કાઢીને, બાકીની પોતાના બંને ભત્રીજાને વહેંચી દીધી. મોટાપુરુષની સમદૃષ્ટિ હોય છે, પણ સેવા કરનારને અને નિષ્ઠાવાળાને વધુ વશ હોય છે.

એક દિવસ ભગતજીએ પીજના મોતીભાઈને ખાટલામાં બેસાડી શિક્ષાપત્રી વાંચવાનું કહ્યું. થોડી વાર વાંચ્યા પછી ભગતજી બોલ્યા : ''મોતીભાઈ ! મોટાપુરુષ દૃષ્ટિ તો કરે, પણ ભાદરણવાળા પુરુષોત્તમની પેઠે છકવું નહિ, એમ થાય તો ઠેકાણું રહે નહિ.'' એટલી વાત કરી આંખો મીંચીને પોઢી ગયા. વૈદ્ય આવ્યા પછી થોડું દૂધ લેતા હતા તે પણ બંધ કર્યું. પછી પુરુષોત્તમદાસે ઘણો જ આગ્રહ કર્યો, પણ કોઈનું માન્યું નહિ અને મંદવાડ ઘણો જ જણાવ્યો. કાલિદાસ હજૂરી સેવક હતા પણ તેમનું પણ માન્યું નહિ. ગલભાઈને વારે ઘડીએ બોલાવે અને સૂતાં સૂતાં મળે. એમ તેમને અંગત સેવાનું બહુ જ સુખ આપ્યું અને મનના તમામ મનોરથ પૂરા કર્યા.

આ સ્થિતિમાં કોઈ કોઈ વખત જાગ્રત થઈને, શ્રીજીમહારાજનો પૃથ્વી ઉપર પધારવાનો હેતુ જે અક્ષરે સહિત પુરુષોત્તમની ઉપાસના પ્રવર્તાવવી તે તથા સત્સંગની પ્રથા સંબંધી ઘણી વાતો કરતા. વળી, વચનામૃતના મુદ્દાની પણ વાત કરતા અને દેશકાળે સ્થિરતા રાખવી તથા એકાંતિક ઓળખી તેમાં જીવ જડી દેવો, તો સત્સંગમાં પાર પડી જશો. એમ ઘણી જ વાતો કરતા.

એક પછી એક દિવસ જાય અને મંદવાડ વિશેષ જણાય. સાથળમાં બહુ જ મોટું ગૂમડું નીકળ્યું હતું, તે કોઈને જણાવા જ દીધું નહિ. જેઠા ભગતને તેની ખબર પડી એટલે સાથળ ખુલ્લા કરી જોયું તો પાકી ગયું હતું. તેથી દબાવીને પસ કાઢી નાખ્યું. ભગતજી તો અંતર્વૃત્તિ કરીને પડી રહ્યા. એટલે જેઠા ભગતને લાગ્યું કે ભગતજીને સારું લાગે છે. તેથી પસ બધું દબાવીને કાઢી નાખ્યું. પરંતુ ભગતજી જાગ્યા ત્યારે અતિશય દુઃખ દેખાડ્યું અને સાથળ તણાય છે એમ સૌને કહ્યું. એટલે જેઠા ભગતને પસ્તાવો થયો : ''આ મેં શું કર્યું ?'' પણ ભગતજી એટલું કહીને પાછા અંતર્વૃત્તિ કરીને પોઢી ગયા.

કોઠારી, મને વરતાલ લ્યો

સંવત ૧૯૫૪ના કાર્તિક સુદ ૧૩ની સવારના સ્નાન કરવા ઢોલિયામાંથી ઉતાર્યા અને પાટલા ઉપર બેસાર્યા. તેટલામાં મુખારવિંદનો દેખાવ ફરી ગયો અને મૂર્છા જેવું થઈ ગયું. એટલે એમ ને એમ ઢોલિયામાં સુવારી દીધા. બારસ સુધી રોજ સ્નાન કરી પૂજા કરતા અને આજે આ પ્રમાણે થયું, તેથી સૌને લાગ્યું કે હવે તો દેહ રાખશે જ નહિ. એટલે બધા ભગતજીના ખાટલા પાસે વીંટળાઈને બેસી ગયા. કોઠારી પ્રભુદાસ તથા શંકર ભગત ભીંતને અઢેલીને ઉગમણા મુખારવિંદે બેઠા હતા. પીજના મોતીભાઈ માથા તરફ બેસીને ભગતજીનું માથું દાબતા હતા. જેઠા ભગત ઢોલિયાની પાંગતે બેસીને ભગતજીના પગ દાબતા હતા. એવામાં ભગતજી બોલ્યા : ''કોઠારી પ્રભુદાસ ! મને વરતાલ લ્યો, મને વરતાલ લ્યો, મને વરતાલ લ્યો,'' એમ ત્રણ વખત બોલ્યા. એટલું કહીને કહ્યું : ''મને બેઠો કરો.''

ભગતજીને બેઠા કરવાને મોતીભાઈ તથા કોઠારી પ્રભુદાસ ઊઠ્યા. એટલામાં ભગતજી એકદમ પોતે જાતે જ બેઠા થઈ, ઉત્તરાદે મુખારવિંદે સ્વસ્તિક આસન વાળીને, બે હાથ, બે ચરણના સાથળ ઉપર મૂકીને, નાડી-

પ્રાણ સંકેલીને, ઊંડા ઊતરી જઈ, બ્રહ્મરંધ્રમાં આત્મા પહોંચાડી, સમાધિસ્થ થઈ ગયા હોય તેવું જણાયું. મુખાકૃતિ એકદમ સંકોચ પામી ગઈ. પરંતુ કોઈને કંઈ જ સમજણ પડી નહિ. થોડો વખત એમ બેસી રહ્યા એટલે મુખાકૃતિ પાછી જેવી હતી તેવી જ થઈ ગઈ. એટલે બધાએ ખાટલામાં સુવારી દીધા.

પછી કોઠારી પ્રભુદાસ તથા શંકર ભગત ભગતજીની પાસે આવીને નાડી જોવા લાગ્યા, પણ કંઈ સમજણ પડી નહીં. પરંતુ ભગતજી તો તે જ વખતે નાડી-પ્રાણ સંકેલીને, આંખ તથા મોઢું બંધ કરી, બ્રહ્મરંધ્ર દ્વારે, સ્વતંત્ર થકા ધામમાં પધારી ગયા હતા. અર્ધો કલાક આમતેમ જોઈને, જ્યારે કોઠારીને લાગ્યું કે ભગતજી ધામમાં ગયા છે, ત્યારે કોઈનીયે ધીરજ રહી નહિ.

થોડી વારે કોઠારીએ શાંત થઈ સૌને શાંત કર્યા. પછી ભોંય ઉપર ચોકો કરી પધરાવ્યા. એ વખતે અગ્નિસંસ્કાર કરવાની કોઈની ઇચ્છા નહોતી, એટલે ઘીનો દીવો કરી અખંડ ધૂન્ય તથા ભજન શરૂ કર્યું. આ જ વખતે કારવણના મથુરભાઈ તથા ત્રાજના ભગવાનદાસ આવ્યા, તેમને પણ ભગતજીનાં અંતિમ દર્શન થઈ ગયાં.

અગ્નિસંસ્કાર

ભગતજીએ અગાઉથી કહી રાખ્યું હતું : ''અગ્નિસંસ્કાર નાતના રિવાજ પ્રમાણે કરશો, પણ ચંદનનાં લાકડાં લાવશો નહિ.'' તે પ્રમાણે અર્ધાં છાણાં તથા અર્ધાં લાકડાં મંગાવ્યાં. પછી ફૂલચંદભાઈને બોલાવીને અગ્નિસંસ્કાર ક્યાં કરવો એ પૂછ્યું. કોઠારીને એવી ઇચ્છા કે ભગતજીના અગ્નિસંસ્કારના સ્થળે ભવિષ્યમાં છત્રી તથા ઓટો થાય એવું સ્થાન ગોતી અગ્નિસંસ્કાર કરવો.

ફૂલચંદભાઈએ પોતાના બાગના નૈર્ઋત્ય ખૂણા ઉપર, નદીના કાંઠે, જતાં-આવતાં સૌને દર્શન થાય, એવી જગ્યા બતાવી. એટલે તે સ્થાને અગ્નિ-સંસ્કાર કરવાનું નક્કી કર્યું.

આખી રાત સૌએ ભગતજીના દેહ આગળ બેસીને ભજન કર્યું. પરસ્પર એકબીજાને ધીરજ આપી. સવારમાં જ્ઞાતિના તમામ માણસો તથા નાગરો, અમલદારો વગેરે સર્વ ભેગા થયા અને ભગતજીના દેહને ષોડશોપચારે સ્નાન કરાવી, ચંદન, પુષ્પથી પૂજા કરી, સર્વેએ એક પછી એક આરતી ઉતારી. પછી સ્મશાનયાત્રા નીકળી. માર્ગમાં ધૂન, ભજન તથા કીર્તનો ગાતાં ગાતાં તથા

પૈસા અને અબીલ-ગુલાલ ઉડાડતા, સૌ અગ્નિસંસ્કારને સ્થળે પહોંચ્યા.

ભગતજીના દેહને ચિતા ઉપર સુવડાવી, સૌએ અંતિમ દર્શન કરી દંડવત કરી લીધા. એટલે નારણભાઈએ અગ્નિ મૂક્યો અને ચિતા પ્રગટી. સૌ હરિભક્તો તથા સાથે આવેલા નાગરો, અમલદારો વગેરે ભગતજીના દેહને ભસ્મમય થતો અશ્રુભીની આંખે જોઈ રહ્યા અને આ લોકમાં પરમ એકાંતિક સ્થિતિને પામેલા આ ગુરુવર્ય પ્રાગજી ભક્તે, દેહનાં સુખ-દુઃખને ન ગણતાં, કેવળ સ્વામી-શ્રીજીની શુદ્ધ ઉપાસના પ્રવર્તાવવા, અનેક કષ્ટો, અપમાન સહન કરી, સત્સંગમાં અપૂર્વ દિગ્વિજય કર્યો - તેની સ્મૃતિ કરવા લાગ્યા.

ફૂલચંદભાઈએ સૌને કહ્યું : ''અહો ! શું ભગતજીની વાત કરું ? એવા અલૌકિક અને ભગવાન જેવા પુરુષ. મને તો એ જ સત્સંગ કરાવી શકે. મૂળે અમે શ્રાવક, પણ પ્રાગજીભાઈની સાથે નાનપણથી ભાઈબંધી. એટલે પ્રાગજીભાઈ નાનપણથી જ વાતો કરતા અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને વિષે નિષ્ઠા કરાવી, જૂનેગઢ પણ પોતાની સાથે, સ્વામીનો સમાગમ કરવા તેડી જતા.'' તે તમામ હકીકત તેમણે વિસ્તારથી ત્યાં કહી.

પછી રાઠોડ રણછોડ ભક્તે પણ ભગતજીએ કેવી રીતે તેને સત્સંગ કરાવ્યો તથા નિર્દોષ કરી નિરાવરણ દૃષ્ટિવાળો કરી દીધો, તે વાત વિસ્તારથી કહી. એ પ્રમાણે ગીગા ભક્તે પણ પોતાની વાત કરી. એમ સૌ વાત કરતા હતા અને ચિતામાં ભગતજીના મૃતદેહને અગ્નિદેવ જાણે પોતાના ખોળામાં સુવારી, તેમના નાજુક-કોમળ અને સ્વામી-શ્રીજીના સાક્ષાત્કાર સંબંધે તત્સ્વરૂપ બની ગયેલા દેહને શાંતિથી પોતામાં સમાવતા હતા. આ અદ્‌ભુત દર્શન સૌ આશ્ચર્યચકિત થઈને જોઈ રહ્યા.

આવી રીતે આ મહાન પુરુષ જગતની દૃષ્ટિએ અંતર્ધાન થઈ સત્સંગમાં ક્યાં પ્રગટ થયા છે, તે તો 'કોઠારી ! મને વરતાલ લ્યો, મને વરતાલ લ્યો,' એ શબ્દના મર્મને જે સમજી શક્યું હોય તે જ જાણે. પણ બીજા અજ્ઞાનીને તો એમ લાગે કે ભગતજી હવે અંતર્ધાન થઈ ગયા.

પછી સૌ સ્નાન કરી ભગતજીને ઘેર આવ્યા અને ત્યાંથી તમામ વિખરાયા. કોઠારી પ્રભુદાસ તથા ગુજરાતના તમામ હરિભક્તો અને સ્થાનિક મહુવાના હરિભક્તો બધા મંદિરમાં ભેગા થયા. ભગતજીની પાછળ મંદિરોમાં રસોઈ આપવા સંબંધી સૌએ મળીને વિચાર કર્યો અને નક્કી કર્યું કે ''લક્ષ્મી-

નારાયણ દેવનાં તમામ મંદિરોમાં રસોઈ આપવી તથા અમદાવાદના મંદિરમાં રસોઈ આપવી.'' એવો ઠરાવ કરી, દરેક મંદિરમાં કાગળ લખ્યા તથા દરેક હરિભક્તને ભગતજીના ધામમાં પધાર્યાના સમાચાર લખ્યા.

રાજકોટ શાસ્ત્રીજી મહારાજ શ્રી યજ્ઞપુરુષદાસજીને પત્ર લખ્યો. આ પ્રમાણે ગામોગામ પત્રો લખી સૌ હરિભક્ત વીખરાયા.

રાજકોટમાં શાસ્ત્રીજી મહારાજને ભગતજીનાં દર્શન

રાજકોટમાં શાસ્ત્રીજી મહારાજ, ભગતજીના ધામમાં પધાર્યાનો પત્ર મળવાથી, અતિ ઉદાસ થઈ ગયા. પોતાનાં વસ્ત્ર ઉતારી સ્નાન કરવા કૂવે પધાર્યા, પણ અત્યંત શોકથી અવાક્ થઈ ગયા હતા. કૂવાને કાંઠે સ્નાન કરવા બેઠા પણ એવી જ સ્થિતિમાં લગભગ અર્ધો કલાક મૌન બેસી રહ્યા. એટલે તેમના જોડિયા સાધુએ પૂછ્યું : ''શાસ્ત્રી, કેમ આમ બેઠા છો ?''

શાસ્ત્રીજી મહારાજે કશો જ ઉત્તર ન આપતાં, પોતાના હાથમાં રહેલું પોસ્ટકાર્ડ તેમના તરફ ફેંક્યું. એટલે તેમણે વાંચ્યું અને તુરત જ માથે હાથ મૂકીને, પોક મૂકી રડવા લાગ્યા. સ્વામીએ ઊઠીને તેમને ધીરજ આપી, છતાં તેમની ઉદાસીનતા તો ટળી જ નહિ. એટલામાં થોડી વારે ભગતજીએ તેમને દર્શન દીધાં. હાથમાં ગુલાબ અને મોગરાનો હાર હતો અને હસતાં હસતાં શાસ્ત્રીજી મહારાજને કહ્યું : ''આમ, ઉદાસ કેમ થયા છો ? હું ક્યાં ગયો છું ? હું તો તમારામાં અખંડ રહ્યો છું, અખંડ રહ્યો છું.'' એમ કહીને શાસ્ત્રીજી મહારાજને હાર આપ્યો. પાસે બેઠેલા જોડિયા સાધુએ આ જોયું એટલે તેમને ઘણો જ આનંદ થયો અને ભગતજીના ધામમાં ગયાનો શોક અર્ધો ટળી ગયો.

તે વખતે રામજી ભટ્ટ જોડે બેઠેલા. તેમણે કહ્યું : ''હવે પૃથ્વીનું મંગલ ગયું, ભગતજી પૃથ્વી ઉપર મંગલ હતા.''

ત્યારે શાસ્ત્રીજી મહારાજે કહ્યું : ''સત્પુરુષ પૃથ્વી ઉપરથી કદી જતા જ નથી.''

❀

આવી રીતે શ્રી અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના પોતે પ્રવર્તાવી અને ઉપાસનાની સ્થિતિને માટે, કાળાંતરની પુષ્ટિને માટે, મહારાજ અને સ્વામીની

ધાતુની મૂર્તિઓ મધ્ય મંદિરમાં પધરાવવા માટે એવાં ઉપાસનાનાં મંદિરો કરવાં, 'મને વરતાલ લ્યો' એવું ગર્ભિત સૂચન કરી, વરતાલ સંસ્થાના પોતાના અતિ લાડીલા અને પ્રાણ સમાન, શાસ્ત્રીજી મહારાજ શ્રી યજ્ઞપુરુષદાસજીમાં, ભગતજી અખંડ રહ્યા અને ઉપાસનાની જ્યોતને અખંડ રાખી.

શાસ્ત્રીજી મહારાજે પણ ભગતજીનો આ સિદ્ધાંત પૂર્ણપણે જાણી, ભગતજીનું અધૂરું કામ પૂરું કરવા માટે, સ્વામી જાગા ભક્તની પણ સેવા કરી, તેમનો રાજીપો મેળવી, તેમના થકી વરદાન પામીને, અક્ષરે સહિત પુરુષોત્તમની ધાતુની મૂર્તિઓ, બોચાસણ, સારંગપુર, ગોંડળ, અટલાદરા અને ગઢડાનાં ભવ્ય મંદિરોમાં પ્રતિષ્ઠિત કરી, આ લોકમાં મહારાજ તથા સ્વામીનાં અવતરણને પ્રસિદ્ધ કર્યું અને સત્સંગમાં શુદ્ધ ઉપાસનાનો માર્ગ ચાલુ રાખ્યો.

આવી રીતે બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રાગજી ભક્તના અતિ મહાન, દિવ્ય અને ચમત્કારી જીવનનો જગતની દૃષ્ટિએ અંત આવ્યો. મુમુક્ષુ ભક્તો આ ચરિત્રનું દિવ્યભાવે ગાન કરશે તથા સાંભળશે તો સર્વ પ્રકારે નિર્દોષ થઈ, અક્ષરધામના અધિકારી થશે – એવો ભગતજી મહારાજનો સદા અભય વર સર્વને છે.

सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखमाप्नुयात् ॥

ખંડ ત્રીજો સમાપ્ત

પરિશિષ્ટ : ૧

ઐશ્વર્ય અને પ્રતાપ

सर्वैश्वर्यवते निजाश्रितजनानां दोषहर्त्रे च मे ।
प्राग्जित्सद्‌गुरवे नमोऽस्तु सततं ब्रह्मात्ममुक्ताय ते ।[૧૬૩]

– શાસ્ત્રીજી મહારાજ શ્રી યજ્ઞપુરુષદાસજી

ભગતજી બે કાંઠામાં શેત્રુંજી નદી પાર ઉતારે છે

સંવત ૧૯૧૪ના ચોમાસામાં મહુવાના હરિભક્તો શામજીભાઈ તથા નરસિંહભાઈ આદિ કેટલાક ભગતજીની સાથે જૂનાગઢ સ્વામીનાં દર્શને જતા હતા. રસ્તે ચાલતાં પુષ્કળ વરસાદ થયો અને માર્ગમાં આવતી શેત્રુંજી નદી બે કાંઠામાં ભરાઈ ગઈ. વાંસપૂર પાણી નદીમાં હતું અને ખૂબ તાણ હતું. આથી, હોડીવાળા હોડીઓ બંધ કરી કાંઠે બેઠા હતા. બંને કાંઠે મુસાફરો પાણી ઊતરવાની રાહ જોતા હતા.

ભગતજી તથા તેમની સાથેના હરિભક્તો ત્યાં આવ્યા. સાથેના હરિભક્તોએ ભગતજીને પૂછ્યું : ''આપણે શી રીતે પાર ઊતરીશું ?''

ત્યારે ભગતજીએ કહ્યું : ''પાણી તો છાતી સમાન છે અને ઊતરી જવાશે. માટે સ્વામી અને મહારાજને સંભારીને ચાલો આગળ.''

કાંઠા ઉપર બેઠેલા મુસાફરોએ તથા હોડીવાળાઓએ કહ્યું : ''ભાઈ ! પાણી વાંસપૂર છે અને તાણ બહુ છે, એટલે અમે અમારી હોડીઓ પણ બંધ કરી છે. માટે જોખમ કરો મા.''

પણ ભગતજીનો બધાને વિશ્વાસ અને ભગતજી પહેલા જ નદીમાં ઊતર્યા, એટલે પાછળ બીજા હરિભક્તો પણ ચાલ્યા. જ્યારે મધ્ય વહેણે બધા આવ્યા ત્યારે પાણી છાતીપૂર બધાને થયું અને સૌ સામે કાંઠે ઊતરી ગયા. ઊંચા શ્વાસ રાખી આવું સાહસ કરનાર તરફ, કાંઠેથી જોનાર મુસાફરો તથા હોડીવાળાઓ તેમને સામે કાંઠે

---

૧૬૩. સર્વ ઐશ્વર્યવાન અને પોતાના આશ્રિત જીવોના પાપના દોષને હરનારા, બ્રહ્મ જે અક્ષર તે સાથે એકાત્મભાવને પામેલા એવા પ્રાગજી ભક્ત ! સદ્‌ગુરુ ! તમને મારા નિરંતર નમસ્કાર છે.

ઊતરી ગયેલા જોઈ, બહુ જ આશ્ચર્ય પામ્યા અને 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' બોલતા આ યાત્રાળુઓમાં મહુવાના પ્રાગજી ભક્ત હશે, એમ અંદર અંદર સૌ કહેવા લાગ્યા. એવો પ્રતાપ પ્રાગજી ભક્ત સિવાય બીજાનો હોય નહિ.

સર્પ તથા હડકાયું કૂતરું કરડ્યું

આ સર્વે હરિભક્તો આગળ ચાલ્યા, એટલે એક હરિભક્તને હડકાયું કૂતરું કરડ્યું. એટલે બધા અટક્યા. ભગતજી કહે : ''એ તો મટી જશે. માટે સબકાવો.'' એમ કહી તેના પગે હાથ ફેરવ્યો એટલે દરદ ઓછું થઈ ગયું. પછી સૌ આગળ ચાલ્યા.

થોડી વારે તેમના મોટાભાઈ નરસિંહભાઈને સર્પ કરડ્યો. ત્યારે તો બધા મૂંઝાયા. ભગતજી કહે : ''સ્વામીને સંભારો અને ધૂન કરો. કાળા નાગનું ઝેર સ્વામિનારાયણ મંત્રથી ઊતરી જશે.'' તેથી સૌએ મળીને ધૂન કરવા માંડી, તેથી બે કલાકે પીડા મટી અને ચાલવાની શક્તિ આવી.

આવા અપાર શક્તિવાન અને વિઘ્નોના પહાડોને ઉખેડીને ફેંકી દેનાર પ્રાગજી ભક્ત અને તેમની સાથેના હરિભક્તોની અંતરિક્ષમાંથી સ્વામીશ્રી રક્ષા કરી જ રહ્યા હતા. સ્વામીનાં દર્શનની આટલી ઉત્સુકતા અને આસક્તિ, ભગતજીના સમાગમથી સૌને જાગી હતી. ભગતજી જાણે ખેવટિયા હોય તેમ આગળ ચાલે અને બીજા સર્વે માથે પોટલાં ઊંચકી પાછળ પાછળ ચાલે.

એમ આગળ ચાલતાં માર્ગમાં લૂંટારાઓ મળ્યા. ભગતજીએ તેમને દૃષ્ટિમાત્રે ઓળખી લીધા અને સર્વેને સાનમાં પોટલાં છોડી ટીમણ કરવા કહ્યું. બધા હરિભક્તો પછી પોટલાં છોડી ટીમણ કરવા બેઠા અને લૂંટારાઓને પણ ભગતજીએ બોલાવ્યા અને ભાથું ખાવા આપ્યું. બીજા બધા પરવારીને, ભગતજીની આજ્ઞાથી ચાલવા માંડ્યા.

લૂંટારાઓએ વિચાર કર્યો : ''આપણે હમણાં તેમને પહોંચી જઈશું, માટે નિરાંતે ખાઈ લઈએ.''

ભગતજી તથા તેમની સાથેના બધા હરિભક્તો જોતજોતામાં આગળ નીકળી ગયા અને લૂંટારાઓ હાથ ઘસતા રહ્યા. આવી રીતે સ્વામીએ અપાર રક્ષા કરી અને સૌ જૂનાગઢ પહોંચ્યા.

પ્રાગજી ભક્તની શૂરવીરતા તથા પહાડ જેવી અડગ શ્રદ્ધા જોઈ, સ્વામી બોલ્યા : ''આ મહુવાના હરિભક્તોને કૂતરાં કરડે છે, સર્પ કરડે છે, માર્ગમાં લૂંટારા મળે છે, પણ મારો કેડો મૂકતા નથી.''

મૂંગા બ્રાહ્મણ પાસે ભગતજી વેદ બોલાવે છે

મહુવા પાસે ભાદરોડ ગામમાં વલ્લભજી શુકલ નામે એક સત્સંગી બ્રાહ્મણ રહેતા હતા. સાધારણ રીતે બ્રાહ્મણવૃત્તિ કરીને જીવનનિર્વાહ કરતા. બહુ જ ઓછું ભણેલા, ગરીબ અને સહેજ જીભ બોલતાં થોથરાય એવી.

આ બ્રાહ્મણે વાત સાંભળી કે જૂનાગઢના જોગી સ્વામીશ્રી ગુણાતીતાનંદ સ્વામીને સેવી પ્રાગજી ભક્ત પરમ એકાંતિક સ્થિતિને પામ્યા છે અને અપાર ઐશ્વર્ય બતાવે છે. એટલે કુતૂહલથી તેઓ મંદિરમાં આવ્યા અને ''મારા જેવા અભણ પાસે જો વેદ બોલાવે તો સાચા.'' એમ મનમાં સંકલ્પ કરતા, ભગતજી પાસે આવીને બેઠા.

તેમને જોઈ ભગતજીએ કહ્યું : ''કેમ શુકલ મહારાજ ! અંતરમાં શું સંકલ્પો કરો છો ? શ્રીજીમહારાજ અને મોટા સંતના પ્રતાપે અનંત ઐશ્વર્ય આવે, પરંતુ સાધુતા આવવી ઘણી દુર્લભ છે.'' એમ કહી તેમના સામી દૃષ્ટિ કરી અને કહ્યું : ''યજુર્વેદની ઋચાઓ બોલો.''

એટલે યજુર્વેદની ઋચાઓ વિદ્વાન પંડિતની માફક બોલવા લાગ્યા. પછી ઋગ્વેદ, સામવેદ તથા અથર્વવેદની ઋચાઓ પણ બોલાવી. સર્વ સભા તથા નાગર અમલદારો, જે ત્યાં બેઠા હતા, તે બધા સ્તબ્ધ થઈ ગયા અને પ્રાગજી ભક્તનો ઘણો જ મહિમા સમજવા લાગ્યા.

❀

તે સમયમાં મહુવાના ઘણા વૈષ્ણવો, નાગરો, સત્સંગીઓ વગેરે ભગતજીની પરીક્ષા કરવા અનેક સંકલ્પો કરીને તેમની પાસે આવતા. ભગતજી તે બધા કહી દેતા. આથી આ બધાને ભગતજી તરફ ઘણો જ ભાવ થયો અને ભગતજીએ પણ આખા મહુવા બંદરમાં એવો દિવ્યભાવ અને પ્રતાપ જણાવ્યો અને વિદ્વાન તથા બુદ્ધિશાળી વર્ગને વિચાર કરતા કરી મૂક્યા.

દરબારી કચેરીમાં કામ કરતા એક બ્રહ્મજ્ઞાની શુષ્ક વેદાંતીને ખબર પડી કે 'મહુવામાં દરજીનો ધંધો કરી સીવી ખાનાર પ્રાગજી કંઈક ઐશ્વર્ય પામ્યો છે.' એટલે પોતાના જ્ઞાનના અતિશય અભિમાનમાં, ભગતજીની પરીક્ષા કરવા તે મંદિરમાં આવ્યો. અભિમાનમાં અક્કડ એટલે ઠાકોરજીનાં દર્શન કર્યાં વગર કે કોઈને નમ્યા સિવાય સભામાં આગળ આવીને બેઠો. બીજા ત્યાં બેઠેલા સર્વ જાણે કાંઈ હિસાબમાં ન હોય, તેમ સર્વ તરફ દૃષ્ટિ નાખતાં નાખતાં ભગતજી તરફ તેણે જોયું અને કેટલુંક શાસ્ત્રવિરુદ્ધ બોલવા લાગ્યો.

તે સાંભળી ભગતજીએ તેના તરફ જોઈ તેણે જે જે કુકર્મો કર્યાં હતાં તે બધાં સભા વચ્ચે કહી દીધાં અને કહ્યું : ''તારા અંતરનું તો ઠેકાણું નથી, તો તને ભગવાનના સ્વરૂપની શી રીતે ખબર પડે ? ભગવાનના સ્વરૂપના તો મોટા મોટા યોગીઓ પણ ધ્યાન કરી થાકી જાય છે તો પણ પાર પામતા નથી અને વેદ પણ પાર પામતા નથી; તો તું ભગવાનનું સ્વરૂપ શી રીતે ઓળખીશ ?''

ભગતજીની આવી દિવ્યવાણી સાંભળી તથા પોતાના પાપનું પોત સભામાં પ્રગટ થવાથી તે તો ઊભો થઈને ચાલતો જ થયો.

ત્યાં બેઠેલા કેટલાક સત્સંગીઓને થયું : ''ઠીક થયું, એ જ લાગનો હતો. અમને કોઈ દિવસ સુખ લેવા દેતો નહોતો.''[૧૬૪]

મહુવાના રણછોડ ભક્તને નિરાવરણ સ્થિતિ કરાવી

મહુવામાં રણછોડ ભગત બહુ જ મુમુક્ષુ અને ભગતજીને વિષે અપાર ભાવવાળા હતા. તેમની સ્ત્રી ગુજરી ગયાં પછી, ભગતજી પાસે તેઓ આવતા અને અખંડ તેમનો સમાગમ અને સેવા કરતા.

ભગતજીએ એક દિવસ તેને કહ્યું : ''રણછોડ ! હવે તારે અખંડ ભજન કરવું અને જૂનાગઢ જઈ સાધુનો સમાગમ કરવો.''

આ ઉપરથી તે જૂનાગઢ જવા તૈયાર થઈ મંદિરમાં ભગતજી પાસે આવ્યા અને દંડવત કરી રજા માગી. ભગતજીએ તેને પૂછ્યું : ''અલ્યા રણછોડ ! ક્યાં ચાલ્યો ?''

ત્યારે રણછોડ ભક્તે કહ્યું : ''મહારાજ, આપે જૂનાગઢ જવા કહ્યું હતું, એટલે જૂનાગઢ જઉં છું.''

ત્યારે ભગતજી તેની ભોળપ ઉપર હસ્યા અને જૂનાગઢ જે સાક્ષાત્ સ્વામીનું સ્થાન તે રૂપે તો પોતે જ હતા, એવા મર્મ વાક્યને આ ભોળો ભગત ન સમજ્યો. તેથી તેમણે કહ્યું : ''રણછોડ ! જૂનેગઢ જવાનું માંડી વાળ અને એમ જાણ જે જૂનેગઢ ગયો છું.'' એમ કહીને રણછોડ ભગતને રાખ્યા.

રણછોડ ભગતને પોતાની પાસે સુવડાવે ને કથાવાર્તા કરે. સવારમાં વહેલા ધ્યાનમાં બેસારે. એવી રીતે સાત દિવસ સુધી અખંડ કર્યું. પછી તો રણછોડ ભક્તે ભગતજીને કહ્યું : ''ભગતજી મહારાજ ! દોષ સર્વે દેખાય છે, પણ દોષનું બળ બહુ છે.''

---

૧૬૪. સંવત ૧૯૨૦માં ભગતજી તેમના પિતાશ્રીની ક્રિયા કરવા મહુવા પધાર્યા હતા ત્યારનો આ પ્રસંગ છે.

ભગતજી કહે : ''ફિકર ના કરીશ. અખંડ ભજનથી દોષનું બળ કપાઈ જશે.'' એમ કહી ફરી ભજનમાં બેસાડ્યા.

એક દિવસ રાત્રે રણછોડ ભક્તને તાવ આવ્યો. ભગતજી તેની બાજુમાં જ પોઢ્યા હતા. તેને મનમાં સંકલ્પ થયો : ''આમાં જો દેહ પડી જાશે તો 'સ્વામી મૂળ અક્ષર છે' એવો નિશ્ચય ભગતજીના વિશ્વાસથી કર્યો છે, પણ દેખ્યું નથી એટલે ખોટ રહી જશે.''

એટલામાં અક્ષરધામના બે મુક્તોનાં તેને દર્શન થયાં. તેમણે રણછોડ ભક્તને કહ્યું : ''ભગત ! ચાલો ધામ જોવા જઈએ.''

ત્યારે તેણે કહ્યું : ''મહારાજ અને ગુણાતીતાનંદ સ્વામી હોય તો હું આવું.''

ત્યારે મુક્તોએ કહ્યું : ''મહારાજ અને સ્વામીએ અમને મોકલ્યા છે.''

પછી તો મુક્તો તેને લઈને ચાલ્યા. આઠ આવરણ પાર દિવ્ય તેજ દેખાયું. તે તેજમાં શ્રીજીમહારાજ અને સ્વામીનાં દર્શન થયાં.

સ્વામીને મૂળ અક્ષર રૂપે મહારાજની સેવામાં તેણે જોયા, તેથી તેને ઘણો આનંદ થયો. પછી તો બીજા પણ કેટલાક સંતો, જેનો તેણે સમાગમ કર્યો હતો, તેનાં પણ દર્શન થયાં અને તેના સંશય ટળી ગયા. ત્યારે મહારાજે મુક્તોને કહ્યું : ''હવે તેને પાછો લઈ જાવ.'' તેથી મુક્તો તેને પાછો મૂકી ગયા.

તે જ્યારે જાગ્યા, ત્યારે ભગતજીને બધી વાત કરી. ભગતજીએ તેને કહ્યું : ''તને સ્વામીનું મૂળ અક્ષર સ્વરૂપ ધામમાં જોવું હતું, તે તારો સંકલ્પ મહારાજે પૂરો કર્યો.''

ત્યારે રણછોડ ભક્ત કહે : ''ભગતજી મહારાજ ! આપે સાચું કહ્યું. મને રાત્રે એવો સંકલ્પ થયો હતો, તે આપે મારો મનોરથ પૂરો કર્યો.''

પછી તો ભજનના બળથી અધર્મસર્ગ રૂપ સર્વ દોષો નીકળવા માંડ્યા અને પોતાના આત્માનું દર્શન થયું અને તેમાં શ્રીજીનાં સાક્ષાત્કાર દર્શન થયાં. એવી રીતે સર્વ પ્રકારે ભગતજીના સમાગમથી તે નિર્દોષ થઈ ગયા અને વિષયનું સુખ ઝેર જેવું થઈ ગયું. આવી રીતે પોતાના આશ્રિતના દોષનું નિવારણ કરી, શ્રીજીની મૂર્તિમાં તેને જોડી દીધો.

કાનજી દરજીને હાર આપી મૂર્તિ આપી

સંવત ૧૯૩૭ની સાલમાં ભગતજી મહારાજ ગઢડા પધાર્યા. સાથે મહુવાના કાનજી દરજી પણ આવ્યા હતા. ગઢડામાં બંને ઠાકોરજીના વાઘા સીવતા હતા.

એ અરસામાં આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ વરતાલથી ગઢડે પધાર્યા,

ત્યારે તેમને લેવા સૌ સાધુ સામા ગયા. આચાર્ય મહારાજ આવ્યા જાણીને, ભગતજી તેમને લેવા દરવાજા સુધી સામા ગયા. મહારાજ ભગતજીને જોઈને બહુ જ રાજી થયા અને પોતાની કોટમાં ગુલાબનો હાર હતો તે તેમણે ભગતજીને પહેરાવ્યો. ભગતજીએ તે હાર કાનજીભાઈને આપ્યો. ત્યારથી કાનજીભાઈને મહારાજ અને સ્વામીની મૂર્તિ અખંડ દેખાવા માંડી, તે ત્રણ વરસ સુધી મૂર્તિનાં અખંડ દર્શન થયાં. પછી તેમનાં લગ્ન થયાં એટલે મૂર્તિ દેખાતી બંધ થઈ.

આવી રીતે દૃષ્ટિથી મૂર્તિ આપી દે એવા પોતે સમર્થ છે – એમ તેમના પ્રસંગમાં આવનાર સર્વેને તેઓ પ્રતીતિ કરાવતા.

સીતાબાને પુત્રનાં દર્શન કરાવ્યાં

સંવત ૧૯૩૮નો કાર્તિક સમૈયો કરી આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ વડોદરા પધાર્યા અને ભગતજીને પણ મહારાજે પાછળથી વડોદરા તેડાવ્યા.

અત્રે રાવસાહેબ રામચંદ્ર બળવંતને તેમના દીકરા પ્રભાસમાં ત્રિવેણીમાં નાહતા ડૂબી ગયા હતા, તેનો ઘણો શોક થયો હતો. તેમને શાંતિ પમાડવા, આચાર્ય મહારાજે ભગતજીને શામળદાસ સાથે તેમને ઘેર મોકલ્યા. ભગતજીનો મહિમા રાવસાહેબે ઘણો જ સાંભળ્યો હતો તેમજ તેમનાં પત્ની સીતાબાને પણ ભગતજી ઉપર ઘણો જ ભાવ હતો. આથી ભગતજીનાં દર્શનથી તેમને શાંતિ થઈ.

ભગતજીએ ચોકમાં ખાટલા ઉપર બેસી સાંખ્યની અને મમત્વ છોડવાની ઘણી વાતો કરી, પણ તેમનો શોક મટ્યો નહિ.

સીતાબાએ ભગતજીને કહ્યું : ‘‘ભગતજી ! એક વખત દીકરાનું મોં જોવા મળે તો શાંતિ થાય.’’

એટલે ભગતજીએ તેમના તરફ દૃષ્ટિ કરી, તેમને સમાધિ કરાવી અને અક્ષરધામમાં તેમના દીકરાનાં દર્શન કરાવ્યાં. તેમના પુત્રે તેમને કહ્યું : ‘‘હું તો અહીં મહારાજની સેવામાં અખંડ રહ્યો છું અને અપાર આનંદમાં છું, તો તમો શોક કેમ કરો છો ?’’

પુત્રનાં આવાં વચન સાંભળી, સીતાબાનો શોક દૂર થયો. રાવસાહેબને ભગતજીનો આવો પ્રતાપ જોઈ તેમને વિષે અત્યંત ભાવ થયો અને તેમના શિષ્ય થયા.

ભગતજી વીસ જણને એક ક્ષણમાં ઘેલે પહોંચાડે છે

સંવત ૧૯૪૩ની સાલમાં ચૈત્રી સમયે ભગતજી વરતાલ ગયા, પણ ત્યાં ઉપાધિ ઘણી થઈ એટલે ઝાઝું રોકાયા નહિ. તેથી ગુજરાતના હરિભક્તોને સુખ

ન આવ્યું. ભગતજીએ તેમને જલઝીલણી ઉપર ગઢડે આવવા કહ્યું. એટલે જલઝીલણીના સમૈયા ઉપર ગુજરાતના ઘણા હરિભક્તો ગઢડે આવ્યા.

ભગતજી પણ મહુવાથી ચાલતા નીકળ્યા. તેમની સાથે મહુવાના હરિભક્તો ડોસા મહારાજ, વિઠ્ઠલભાઈ, હરખાભાઈ, ગીગાભાઈ, વસ્તાભાઈ, હરજીવનદાસ, કલા ગોર, રણછોડ ભક્ત, કાનજીભાઈ દરજી, ભવાનીશંકર, લીલાધર વગેરે મળીને વીસ જણ હતા.

મહુવાથી સૌ નીકળ્યા અને દરેકની સાથે અર્ધો અર્ધો મણ ભાર હતો. વરસાદ પણ એવો શરૂ થયો કે આંખ ઉઘાડવા દે જ નહિ. જમીન પણ પોચી, એટલે પગ ખૂંતી જાય અને કાંટા વાગે.

એમ કરતાં બેલાગામ પહોંચ્યા. ત્યાં રાત રહી બીજે દિવસે સખપુર પહોંચ્યા. એમ ચૌદ ગાઉ આવ્યા. પણ બધા એવા થાકી ગયા હતા અને પગમાં કાંટા વાગ્યા હતા કે આગળ ચાલવાની કોઈને ય શક્તિ રહી નહોતી. પંથ પણ હજુ વીસ ગાઉનો બાકી હતો.

પછી તે ગામના કૂવા પાસે ઓટલા ઉપર બધા બેઠા. એટલે ડોસા મહારાજે ભગતજીને કહ્યું : ‘‘પ્રાગજી ભગત ! હવે તો થાકી ગયા છીએ અને પગ પણ થાંભલા જેવા થયા છે, એટલે આગળ ચલાય તેમ નથી. માટે ગમે તેમ કરો.’’

એટલે ભગતજીએ તેમને કહ્યું : ‘‘ડોસા મહારાજ ! મારા આ પગનો અંગૂઠો પકડો અને બધા પલાંઠીવાળી એકબીજાના અંગૂઠા પકડી, એક હાથ પોટલા ઉપર મૂકી, ધ્યાનમાં બેસી જાઓ અને ‘સ્વામિનારાયણ, સ્વામિનારાયણ’ ભજન કરવા માંડો.’’ એ પ્રમાણે બધા ધ્યાનમાં બેસી ભજન કરવા માંડ્યા.

થોડી વાર થઈ એટલે ભગતજી બોલ્યા : ‘‘જય સ્વામિનારાયણ, ઊઠો, ઊઠો, ઘેલો આવ્યો.’’ ત્યારે બધાએ આંખ ઉઘાડી જોયું તો ઘેલાને કાંઠે બેઠેલા જોયા. એમ પોતાની યોગકળાના પ્રતાપે એક ક્ષણમાં વીસ જણાને વીસ ગાઉ લાવી દીધા.

❀

સંવત ૧૯૪૫માં ભગતજી સંતો સાથે ભાદરોડ રહેતા હતા ત્યારે એક વખત વલ્લભજી શુકલ, ગૌરીશંકર પુરાણી, કુંવરભાઈ વગેરે ભગતજી પાસે આવી બેઠા. ભગતજી તે વખતે અંતર્દષ્ટિ કરી બેઠા હતા. તેમાંથી જાગ્યા ત્યારે ગૌરીશંકરે પૂછ્યું : ‘‘પ્રાગજી ભગત ! અંતરમાં શું દેખાય છે ?’’

ત્યારે ભગતજીએ કહ્યું : ‘‘તમારે અને મારે જેટલું છેટું છે તેટલું જ શ્રીજી-મહારાજ અને મારે છે.’’ એમ મર્મમાં કહ્યું.

તે વખતે બાજુના ગામનો એક મોચી ભક્ત ભગતજીનાં દર્શને આવ્યો હતો.

તેને મંદવાડમાં શ્રીજીમહારાજ દર્શન દઈ અક્ષરધામમાં તેડી ગયા હતા અને ત્યાં પાણી પાયું હતું, ત્યારથી તેને આ લોકની કોઈ વસ્તુ ભાવતી નહિ. તેણે ભગતજીને પગે લાગીને આ બધી વાત કરી. એટલે ભગતજીએ તેને ઠાકોરજીનો થાળ થતાં સુધી રોક્યો. પછી પોતે જમવા બેઠા અને બાજરાનો રોટલો થોડો જમીને બાકીની વધેલી પ્રસાદી તેને આપી. તે તેણે ખાધી ત્યારથી તેને બધી વસ્તુઓ ભાવવા લાગી. આમ, તેને સુખિયો કરી દીધો.

મરકીનો રોગ મટાડ્યો

મહુવામાં કોલેરાનો ઉપદ્રવ શરૂ થયો તે વખતે વિઠ્ઠલભાઈના દીકરાની સ્ત્રીને પણ કોલેરા થયો. એટલે તે ભગતજી પાસે આવ્યા અને વિનંતી કરી : ‘‘ભગતજી ! આમાંથી રક્ષા કરો.’’

ત્યારે ભગતજી કહે : ‘‘હનુમાનજીને પાંચ શેર તેલ ચડાવો તો મટી જશે.’’

એટલે વિઠ્ઠલભાઈએ કહ્યું : ‘‘તેલ તો ચડાવ્યું.’’

એટલે ભગતજી હસીને બોલ્યા : ‘‘એમ તમારે જાણે કરો તે કામ ન થાય. ફરી જાઓ અને મહારાજની પ્રસાદીના હનુમાન છે તેમને તેલ ચડાવો.’’ તે પ્રમાણે તેમણે ફરી તેલ ચડાવ્યું અને ધૂન કરાવી, એટલે તેને તરત મટી ગયું.

અહીં મરે તે ઠીક નહિ

ખાનદેશથી મોહાડીના એક હરિભક્ત ભગતજીનાં દર્શન કરવા, એક શાહુકારને ત્યાં ચાકર રહેવાનું વચન આપી, રોકડા રૂપિયા લઈ સંવત ૧૯૪૮માં મહુવા આવ્યા હતા. મહુવામાં આવ્યા પછી તેમની તબિયત બગડી અને અંત અવસ્થા જેવું થઈ ગયું. તેમની આવી અવસ્થા જોઈને ભગતજીએ વૈદ્યને કહ્યું : ‘‘આને ઓસડ કરો.’’

વૈદ્યે નાડી જોઈને કહ્યું : ‘‘મહારાજ ! આ તો છેલ્લી સ્થિતિ છે, પાણી પણ ગળે ઊતરતું નથી અને અર્ધો કલાકમાં ધામમાં જશે.’’

ભગતજીએ કહ્યું : ‘‘અહીં મરે તે ઠીક નહિ.’’ એમ કહી ભગતજીએ દૂધ મગાવ્યું અને વાટકો તેને મોઢે અડાડ્યો, એટલે તરત દૂધ પી ગયા. બે-ત્રણ દિવસે તે સાજા થયા. પછી ધૂળિયાના બીજા હરિભક્તો દર્શને આવ્યા હતા તેમની સંગાથે તેમને ઘેર જવા આજ્ઞા કરી. સાથે વૈદ્ય વિશ્વનાથને પણ વહાણે બેસી ઘેર જવા કહ્યું.

એટલે તેમણે કહ્યું : ‘‘મારગમાં ખાવા માટે ભાતું કરીએ.’’

ત્યારે ભગતજી બોલ્યા : ‘‘આજે અહીંથી જમીને બેસો અને કાલે ઘેર જઈને

જમજો.'' એટલે અતિ શ્રદ્ધાએ ભગતજીના વચનમાં વિશ્વાસ લાવી, સૌ વહાણે બેસવા ગયા. ત્યાંથી વહાણ ઊપડ્યું તે છ કલાકમાં સુરત પહોંચ્યું અને ત્યાંથી ગાડીએ બેસી તે જ દિવસે સાંજે ચાણસદ પહોંચી ગયા.

નરસિંહભાઈને હમણાં તેડી ન જશો

સંવત ૧૯૪૯ના પોષ માસમાં વિહારીલાલજી મહારાજ મહુવા પધાર્યા, તે વખતે નરસિંહભાઈને અતિશય મંદવાડ થઈ ગયો અને શ્રીજીમહારાજ તેડવા પધાર્યા હતા. પરંતુ ભગતજીએ વિનંતી કરી કે ''મહારાજ ! હાલમાં આચાર્ય મહારાજ મારે ત્યાં પધારવાના છે અને આપ આમને તેડી જશો તો વિઘ્ન થશે. માટે મહારાજ પધારી જાય પછી તેડી જશો.'' એમ વિનંતી કરી. એટલે શ્રીજીમહારાજે તેમને રાખ્યા. પછી આચાર્ય મહારાજનું મહુવાનું રોકાણ પૂરું થયું ત્યારે જ નરસિંહભાઈએ દેહ મૂક્યો. આમ, મહારાજ સદા પોતાને વશ વર્તે છે એમ બધાને નિશ્ચય કરાવ્યો.

મોતીભાઈને વા મટ્યો

સંવત ૧૯૫૦માં અમદાવાદમાં ભગતજી બે માસ રહ્યા. તે વખતે પીજના મોતીભાઈ ભગતજીનો સમાગમ કરવા રહ્યા હતા. તેમને પગે વાનું અતિશય દરદ હતું અને તેનું ઘણું દુઃખ હતું. ભગતજીને તેમણે ઘણી પ્રાર્થના કરી કે ''મહારાજ ! વા મટાડો.''

ત્યારે ભગતજીએ તેમને કહ્યું : ''આ તો પ્રારબ્ધનું છે, તે નહિ મટે અને દેહ પડે તો ધામમાં જતા રહેજો.''

પરંતુ તેમને અતિશય દરદ હતું અને તેના દુઃખથી ખાવા-પીવાનું પણ ભાન રહેતું નહિ. આથી, ભગતજીને તેમણે કહ્યું : ''હવે ખમાતું નથી.'' પછી ભગતજીએ તેમના ઉપર દૃષ્ટિ કરી અને પગે હાથ ફેરવ્યો એટલે તુરત દરદ મટી ગયું.

ભગતજીના નેત્રમાં એક બ્રાહ્મણને મહારાજનાં દર્શન થયાં

સંવત ૧૯૫૧માં ભગતજી ઘેર હતા એ દરમ્યાન એક બ્રાહ્મણ તેમને ઘેર આવ્યો અને ભગતજીનાં નેત્રની કીકી સામે અનિમેષ દૃષ્ટિએ જોઈ રહ્યો. ભગતજી તેને જોઈને કહે : ''મહારાજ ! શું જુઓ છો ? અહીં તો રૂંવાડે રૂંવાડે શ્રીજી-મહારાજ છે.''

ત્યારે બ્રાહ્મણ કહે : ''કીકીમાં મહારાજનાં દર્શન થયાં એટલે હું તો તમારાં નેત્ર જોતો જ ઊભો રહ્યો.''

ભાઈજીભાઈનો સંકલ્પ પૂરો કર્યો

વસોવાળા હરિભક્તો ભગતજીનાં દર્શન કરવા સંવત ૧૯૫૨ના જળઝીલણીના સમૈયા ઉપર ગઢડા આવ્યા ત્યારે તેમની સાથે પીજના પટેલ ભાઈજીભાઈ ભગતજીનાં દર્શન કરવા સારુ જ ખાસ સમૈયે આવ્યા હતા. તેમણે ભગતજીને આગળ જોયા ન હતા, પણ મોતીભાઈની વાતોથી ભગતજી બહુ જ મોટાપુરુષ છે એવો નિશ્ચય તેમને થયો હતો. આથી તે જ્યારે ભગતજીનાં દર્શને ગયા ત્યારે એવો સંકલ્પ કર્યો કે ''ભગતજી જો ખરેખરા મોટાપુરુષ હોય તો મને નામ દઈને બોલાવે અને માન આપીને ગાદી-તકિયે બેસાડે.''

પછી ભગતજીને દંડવત્ કરી બધા બેઠા એટલે ભગતજી સૌને મળ્યા. પછી ભાઈજીભાઈ તરફ જોઈને કહ્યું : ''આવો ભાઈલાલ બાપજી !'' એમ કહીને તેમને મળ્યા અને પોતાની પાસે ગાદીએ બેસાર્યા !

આથી, ભાઈજીભાઈ ઘણા જ રાજી થયા અને મનમાં નિશ્ચય થઈ ગયો કે 'ભગતજી વર્તમાનકાળે ખરેખરા મોટાપુરુષ છે અને તેમના જેવા વર્તમાનકાળે કોઈ નથી.'

અન્નકૂટના સમૈયે હજારોને દર્શન

સંવત ૧૯૫૩ના જૂનાગઢના સમૈયેથી આવી ભગતજી મહારાજે મંદવાડ ગ્રહણ કર્યો. લગભગ દોઢ માસથી અન્નનો ત્યાગ કર્યો હતો અને શરીરે એટલી અશક્તિ આવી ગઈ હતી કે ખાટલામાં પણ બે જણ ફેરવે ત્યારે પડખું ફરાતું. આ વખતે ભગતજીની સેવામાં પીજના જેઠા ભક્ત હતા.

મહુવાના મંદિરમાં અન્નકૂટ ભગતજી તરફથી થતો હતો. આસો વદ ૧૩ને દિવસે ભગતજીએ કહ્યું : ''અન્નકૂટના દિવસે મંદિરમાં દર્શન કરવા જવું છે.''

આ સાંભળી સૌને નવાઈ લાગી કે શી રીતે જવાશે ? પછી ગાડીમાં ઊંચકીને બેસારીશું એમ વિચાર સૌએ કર્યો. અન્નકૂટના દિવસે ભગતજીએ બાર વાગે જેઠા ભગતને કહ્યું : ''મારા માટે કંઈ વાહનની તજવીજ કરશો નહિ. હું તો યોગકળા ધારણ કરીને ચાલવા માંડીશ.''

પછી ઢોલિયામાંથી ઊભા થઈ નવું ધોતિયું પહેર્યું. નવું પહેરણ પહેર્યું, માથે મોળિયું બાંધ્યું અને ખભે ખેસ નાખ્યો. બે જણના હાથ પકડી બહાર નીકળ્યા અને ચાલવા માંડ્યું. તે એટલા ઉતાવળા ચાલે કે પાછળ આવતા હરિભક્તો પહોંચી શક્યા નહિ. એમ યોગકળા ધારણ કરી પોતાનો અલૌકિક પ્રતાપ જણાવી મંદિરમાં

પધાર્યા. પછી ઠાકોરજી પાસે ભીંત પાસે ગાદલું નાખી સુવાડ્યા અને સૌ હરિભક્તો તેમનું શરીર દાબવા લાગ્યા.

પછી જે જે હરિભક્તો દર્શને આવતા તે સૌ ભગતજીનાં પણ દર્શન કરતા જાય અને કહે : ‘‘અહો ! પ્રાગજી તો પ્રભુ જેવા જ છે. એ જેવા તો એ એક જ.’’ એમ ઘણાં ગુણગાન ગાય. એમ લગભગ ચારથી પાંચ હજાર હરિભક્તોએ ભગતજીનાં દર્શન કર્યાં.

ફૂલચંદભાઈના પિતાશ્રી ખીમજીભાઈ સિગરામ જોડાવી દર્શને આવ્યા હતા. તે ભગતજીને ત્યાં જોઈ તેમની પાસે આવ્યા અને ઘણાં જ રાજી થયા અને કહ્યું : ‘‘ઘણા દિવસથી આપનાં દર્શનની ઇચ્છા હતી તે આજ દર્શન થઈ ગયાં.’’

ખીમજીભાઈને ભગતજી પ્રત્યે ઘણું જ હેત હતું અને પોતે શ્રાવક છતાં ભગતજીની વાતોથી વર્તમાન ધરાવી સત્સંગી થયા હતા.

ભગતજીએ થોડી વારે જેઠાભાઈને કહ્યું : ‘‘હવે મારાથી ઘેર જતાં ચલાશે નહિ. માટે વાહનનો બંદોબસ્ત કરો.’’

એટલે ખીમજીભાઈએ કહ્યું : ‘‘મારું સિગરામ છે તેમાં ગાદલું નાખી, ભગતજીને સુવડાવી, ઘેર લઈ જાઓ. હું પાછળથી જઈશ.’’

પછી બે જણના હાથ પકડી ગાડીમાં બેસાર્યા અને જેઠા ભગત સાથે બેઠા. ગાડી ચાલી એટલે સૂર્યનો તાપ તેમના મોં ઉપર પડ્યો. એટલે ભગતજી સૂર્ય સામું જોઈ સહેજ હસ્યા. પછી જેઠા ભગતને કહ્યું : ‘‘હું મંદિરમાં શા કારણથી આવ્યો તે જાણ્યું ?’’

ત્યારે જેઠા ભગત કહે : ‘‘ના મહારાજ ! એ મને ખબર પડી નહિ.’’

પછી પોતે બોલ્યા : ‘‘આ વખતે જેણે જેણે મારાં દર્શન કર્યાં હશે તે તમામનું કલ્યાણ થશે. લગભગ પાંચ હજાર હરિભક્તો આવ્યા હશે. એટલે હું છેવટનાં દર્શન કરવા મંદિરમાં તણાઈને આવ્યો અને આ મૂર્તિનો સૌને સંબંધ થયો. પ્રગટ ભગવાનના એકાંતિક ભક્તનો અલૌકિક મહિમા હોય છે, તે બધાને ન સમજાય.’’

આમ, હજારોનાં કલ્યાણ કરવા અને પોતાનું અલૌકિકપણાનું બિરુદ જાળવવા અંત વખતે પણ અપાર યોગકળાનું ઐશ્વર્ય બતાવી પ્રતાપ જણાવ્યો.

પરિશિષ્ટ : ૨

બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રાગજી ભક્તના દેહોત્સર્ગ સ્થાને દેરીના ખાતમુહૂર્તનો વિધિ

માલણ નદીના કાંઠે, હરજીવન ખીમાની વાડીના ઉગમણે ખૂણે ભગતજી મહારાજના પંચભૂતના દેહનો અગ્નિસંસ્કાર વિધિ કર્યો, તે સ્થળ મહાપ્રસાદીનું છે.

આ જગ્યાએ સંવત ૧૯૦૩ના મહા વદ ૧૪ને દિવસે આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ પધાર્યા ત્યારે તેમનો ઉતારો કરેલો. તેમની સાથે ૪૦૦ નંદ પદવીના સંતો, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુકમુનિ, ભાયાત્માનંદ સ્વામી, સોમલોખાચર, હરજી ઠક્કર, શિવલાલભાઈ, મૂળજી બ્રહ્મચારી વગેરે હતા. વળી, આ જગ્યાએ આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે પણ જ્યારે મહુવા પધાર્યા ત્યારે ઉતારો કર્યો હતો અને ફૂલદોલનો ઉત્સવ કર્યો હતો. એવું આ મહાપ્રસાદીનું સ્થાન જાણી, આ સ્થળે ભગતજીના દેહનો અગ્નિસંસ્કાર કર્યો.

આ જગ્યા મેળવવા માટે ભગતજીના ભત્રીજા નારણભાઈના દીકરા ભગવાનજીભાઈએ ઘણો જ પ્રયત્ન વર્ષો સુધી કર્યો હતો, પરંતુ તેમની અરજીના બધા જ કાગળો દફતરે પડી રહ્યા હતા.

સંવત ૨૦૦૭માં બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી યોગીજી મહારાજ મહુવા પધાર્યા, ત્યારે ડેપ્યુટી કલેક્ટરનો ત્યાં મુકામ હતો. એટલે ત્યાંના મામલતદાર સાહેબે યોગીજી મહારાજને આ સંબંધે તેમને રૂબરૂ મળવા સૂચના કરી.

રાત્રે પરમ પૂજ્ય યોગીજી મહારાજે બે-ત્રણ વખત કહ્યું : ''આપણે ડેપ્યુટી કલેક્ટરને મળીએ.''

પણ આ સંબંધનો તુમાર ભાવનગર ઑફિસે ગયો છે એમ ભગવાનજીભાઈએ તથા નાગરદાસભાઈએ કહ્યું. પરમ પૂજ્ય યોગીજી મહારાજે કહ્યું : ''તુમાર ભાવનગર ગયો હોય તો તેનો જાવક નંબર તથા ભાવનગર મોકલ્યાની તારીખ લાવો.''

તે લેવા બીજે દિવસે ઑફિસે ગયા, ત્યારે ખબર પડી કે તુમાર તો ત્યાં જ પડ્યો હતો. આથી, અંતર્યામીપણે આ વાત જાણનાર પરમ પૂજ્ય યોગીજી મહારાજની આ સંબંધની ઉત્સુકતા સમજાઈ. પછી મામલતદાર સાહેબને સાથે લઈને ડે. કલેક્ટરને મળવા ગયા. તેમને વાત કરી કે ''આ અમારા ગુરુનું સ્થાન

છે, માટે જગ્યા જરૂર અપાવજો.''

પરંતુ ગમે તે કારણે તુમાર ભાવનગર જઈ, જમીનની નામંજૂરીના શેરા સાથે પાછો આવ્યો. પણ આ પહેલાં જ, ''આ જમીન મેળવવામાં મદદરૂપ થજો.'' એવો પત્ર પૂજ્ય સ્વામીશ્રીએ તળાજાના હીરજીભાઈ સાહેબ તથા ગણાત્રા સાહેબને લખ્યો હતો. તેમણે તે વખતે ત્યાં કલેક્ટર સાહેબ શ્રી જોબનપુત્રાનો મુકામ હતો, તેમને આ વાત કરી. એટલે કલેક્ટર સાહેબે મહુવા મુકામ કર્યો અને તુરત જ આ જગ્યા બતાવવા માટે, અરજી કરનાર ભગવાનજીભાઈને બોલાવ્યા. કલેક્ટર સાહેબે જગ્યા જોઈને બીજી ખાતરી કરીને તરત જ હુકમ કર્યો : ''આ જગ્યા માટે હમણાં જ મંજૂરી આપી દ્યો.''

આ પ્રમાણે સ્વામીશ્રી યોગીજી મહારાજના સંકલ્પથી એક ક્ષણમાં જ મંજૂરી મળી ગઈ.

આ જગ્યા મેળવ્યા પછી સંવત ૨૦૦૯ના ભાદરવા સુદ ૧૫ના દિવસે આ જગ્યા ઉપર સુંદર દેરી બાંધવાનું ખાતમુહૂર્ત પરમ ભક્ત ઈશ્વરભાઈ પ્રભુદાસના હસ્તે થયું. સ્વામીશ્રી યોગીજી મહારાજના હસ્તે ત્યાં ચરણારવિંદની પ્રતિષ્ઠા કરવામાં આવી. અત્યારે એ દેરી એક અણમોલું તીર્થસ્થાન બની ગયું છે.

❧

પરિશિષ્ટ : ૩

બ્રહ્મસ્વરૂપ-શ્રીપ્રાગજીભક્ત-મહિમાષ્ટકમ્

(રથોદ્ધતા-છન્દઃ)

જ્ઞાન-ધર્મ-સુવિરક્તિ-શાલિનં
શ્રીહરૌ રતિ-વિશિષ્ટ-માનસમ્ ।
ધર્મ-યુક્ત-પુરુષાધિક-પ્રિયં
પ્રાગ્જિતં ગુરુમહં નમામિ તમ્ ॥૧॥

સદા શોભતા ધર્મ વૈરાગ્ય જ્ઞાને,
હૃદે શ્રીહરિમાં પરા પ્રીતિ જેને;
અતિ પ્રાણથી પ્યારા સૌ ધાર્મિકોને,
કરું વંદના પ્રાગજી સદ્‌ગુરુને.... ૧

બ્રહ્મરૂપમખિલાર્થદં વિભું
યોગ-યુક્તમુરુપુણ્ય-સઙ્ગતમ્ ।
સ્વપ્રતાપ - નિહતાખિલાસુરં
પ્રાગ્જિતં ગુરુમહં નમામિ તમ્ ॥૨॥

સહી સર્વ વ્યાપી મનોકામ પૂરે,
મહા પુણ્યશાળી અને યોગવીર;
હણ્યા ભક્તના માન મોહાદિ શત્રુ,
કરું વંદના પ્રાગ્જિ જેને ન શત્રુ.... ૨

દિવ્ય-નિર્ગુણ-મનોરમાકૃતિં
નૈક-કોટિ-રવિ-ચન્દ્ર-ભાસુરમ્ ।
દૃષ્ટ-માત્ર-નર-નાટકં સદા
પ્રાગ્જિતં ગુરુમહં નમામિ તમ્ ॥૩॥

મનોહારી દિવ્યાકૃતિ રમ્ય જેની,
કરોડો શશી સૂર્ય શી કાંતિ જેની;
નરનાટ્ય રૂપે જુએ જક્તને જે,
કરું વંદના પ્રાગજી સદ્‌ગુરુને.... ૩

અક્ષરાધિપતિ-તુલ્યતાં ગતં
સ્વાન્તરે હિ હરિ-મૂર્તિ-દર્શિતમ્ ।
સર્વ-જીવ-હૃદયસ્થ-વેદનં
પ્રાગ્જિતં ગુરુમહં નમામિ તમ્ ॥૪॥

થયા તુલ્ય શ્રી અક્ષરાધીશજીને,
જુએ અંતરે જે સદા શ્રી હરિને;
સમાધિથી સૌને બતાવે પ્રભુ જે,
કરું વંદના પ્રાગજી સદ્‌ગુરુને.... ૪

જન્મ-મૃત્યુ-ભવ-બન્ધ-મોક્ષણં
પ્રાજ્ય-શિષ્ય-શુચિ-બોધકં મુદા ।
સ્વાશ્રિતામિતજનૈઃ સુપૂજિતં
પ્રાગ્જિતં ગુરુમહં નમામિ તમ્ ॥૫॥

બધા બંધ સંસારના છેદનારું,
કથે જ્ઞાન રૂડું સદા શિષ્ય સારુ;
સુપૂજ્યા મુદા જે અસંખ્યાશ્રિતોએ,
કરું વંદના પ્રાગજીને સદાયે.... ૫

કૃષ્ણ-શાસન-વિલમ્બનારુચિં
દુષ્ટ-લોક-વિકૃતાનય-ક્ષમમ્ ।
માન-મત્સર-નરાવિબોધિતં
પ્રાગ્જિતં ગુરુમહં નમામિ તમ્ ॥૬॥

પ્રભુ કેરી આજ્ઞા વિશે જે અધીરા,
સહે કષ્ટ દુષ્ટો તણાં જે ગંભીરા;
ન જાણ્યા કદી ક્રોધી માની જનોએ,
કરું વંદના પ્રાગ્જિને દિવ્યભાવે.... ૬

ઇન્દ્રિયાશ્વ-વિજિતં ક્ષમાભૃતં
કામ-દોષ-દહને પટું ભૃશમ્ ।
નિર્નિમેષ - નયનં પરાપહં
પ્રાગ્જિતં ગુરુમહં નમામિ તમ્ ॥૭॥

ક્ષમાસિંધુ ને ઇન્દ્રિયાશ્વો વિજેતા,
અનંગાદિ દોષો તણા જે નિહંતા;
સમાધિષ્ઠ વર્તે સદા નિર્નિમેષ,
કરું વંદના પ્રાગજી શુભ્રવેષ.... ૭

ભૂરિ-કોમલ-સુધા-સમાક્ષરં
દગ્વિલાસ-હૃત-ભક્ત-ચેતસમ્ ।
નીલકણ્ઠ-સુત-તુલ્ય-વિગ્રહં
પ્રાગ્જિતં ગુરુમહં નમામિ તમ્ ॥૮॥

સુધા માધુરી શા મૃદુ વેણ ભાખે,
હરે ભક્તનાં ચિત્ત નેણાં કટાક્ષે;
નિહાળી જ કાયા ગણું શ્રી ગણેશ,
કરું વંદના પ્રાગજી જે મહેશ.... ૮

इति श्रीयज्ञपुरुषदासजीविरचितं श्रीसद्‌गुरुमहिमाष्टकं समाप्तम् ॥

(શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી વિરચિત શ્રીસદ્‌ગુરુમહિમાષ્ટક પૂર્ણ)

પરિશિષ્ટ : ૪

ભગતજી મહારાજના પત્રો[૧૬૫]

પત્ર નં. ૧

સ્વસ્તિશ્રી નડિયાદ મહાશુભસ્થાને પૂજ્યારાધે સર્વ શુભ ઉપમા લાયક સત્સંગ શિરોમણિ હરિભક્ત ઝવેરીલાલ ઉલ્લાસરામભાઈ, મહુવા બંદરેથી લી. દરજી ભક્ત પ્રાગજી ગોવીંદજીના ઘણા ઘણા કરી જે શ્રી સ્વામિનારાયણ વાંચવા.

વિશેષ લખવા કારણ એ છે જે તમારા પત્ર ૩ પહોંચ્યા છે. તેમાં બે પત્રની પહોંચ સ્વામી મહાપુરુષદાસજીના પત્રમાં લખી હતી. વળી, આજરોજ તમારો પત્ર કાર્ડ એક આવ્યો. વાંચી સમાચાર જાણ્યા. બાદ લખવાનું કે હું ખુશી આનંદમાં છું. તમારી ખુશાલીના પત્ર લખતા રહેશો. બાદ લખવાનું કે તમારા પત્ર ઉપર સદ્‌ગુરુ એવો શબ્દ તથા પવિત્ર અને અંદર બીજી ઘણીક ઉપમા લખો છો તેમાં હીતકરતા નથી. પરંતુ પત્રમાં ઉપમા લખવી નહિ. બાદ ભગવાનનું ભજન કરતા રહેજો. બાદ સમાચાર લખતા રહેશો અને આ પત્ર ભેળો બારોટ ગોકળનો પત્ર બીડ્યો છે તે તેને આપજો અને કહેજો કે ભગવાન ભજવા હોય તો ભાઈબંધાઈ રાખવી, પણ દેહનાં સુખ સારુ ભક્તની દોસ્તી કરવી નહીં. ત્યાં સાધુગુણસંપન્ન સાધુ વિજ્ઞાનદાસજી તથા મહાપુરુષદાસજી તથા ઝવેરભાઈ પાટીદાર તથા ચુનીલાલભાઈ તથા દવે મણિલાલ તથા ઝવેરભાઈ તથા બારોટ પ્રહ્‌લાદ તથા સત્સંગી સર્વે સાધુ વગેરે સર્વેને મારા ઘણા ઘણા કરી જે શ્રી સ્વામિનારાયણ વાંચશો. આ પત્ર ભગતજીની આજ્ઞાથી લખ્યો છે.

દ. ચરણસેવક દરજી પરસોત્તમ નરશીના જે સ્વામિનારાયણ દંડવત પ્રણામ સહિત વાંચવા. રણછોડ ભક્તના નારાયણ વાંચવા.

સંવત ૧૯૪૫ના શુદ ૩ ભોમવાર.

પત્ર નં. ૨

સ્વસ્તિશ્રી નડિયાદ મહાશુભસ્થાને પૂજ્યારાધે સરવ શુભ ઓપમા લાયક

૧૬૫. સ્થળસંકોચને કારણે અહીં અમુક જ પત્રો પ્રસ્તુત કર્યા છે.

એકાંતિક ભગવતી અને પરમ એકાંતિક સાધુ સેવામાં તત્પર ઉપકાર માનો છો ને એકાંતિક ભાવ પામવો એવા એકાંતિક રાજમાન રાજેશ્રી મહેતા ઝવેરલાલભાઈ ઉલાસરામભાઈ તથા રાજેશ્રી ચુનીલાલભાઈ અનોપરામભાઈ તથા રાજેશ્રી ઝવેરલાલ જેસંગભાઈ અમીન તથા બારોટ દેવીભાઈ રતનસંગ તથા બારોટ મોહનભાઈ દામોદર તથા પટેલ સોમભાઈ તથા લલ્લુભાઈ દુવારકાદાસ તથા પટેલ મથુરભાઈ ગણેશજી તથા પટેલ નારણભાઈ જીવાભાઈ તથા હરિભગત પેલાદભાઈ તથા પેલાદ કીરતનિયા તથા ગામ-પરગામના તમારા હેતસ્વી હોય તે.

સરવેને વિનંતી કરનાર શ્રી મહુવા બંદરથી લિ. ભગતજી પ્રાગજી ગોવિંદના દંડવત સહિત જે શ્રી સ્વામિનારાયણ વાંચશો. લખવા કારણ એ છે જે ઓણની સાલે ભાદરવા માસમાં ફૂલચંદ શેઠ, ખીમજી તથા ત્રવાડી વિઠ્ઠલભાઈ દામજી વગેરે છ જણ ગઢડે ગયેલ. ત્યાં વાતચીતું મહુવાની ચાલતાં કહે કે પ્રાગજીનું જ્ઞાન તો ખરું, પણ સાધુ આકલા (આકળા) થઈ બગાડી દે ને વિક્ષેપ જેવું થયું. તારે વિઠ્ઠલભાઈ કે' તે જ્ઞાન કરે તો પણ વચનામૃત વિના અક્ષર ન બોલે. માટે બલરામદાસ સત્સંગમાં વિક્ષેપ જેવું કરે પણ આ સત્સંગમાં કંઈ વિક્ષેપ પડે તેવું ન કરનાર, માટે તેથી કોઈ અવલી (અવળી) વાત ન થાય. એ તો અમારે ખાતરી છે. પણ તેને જ્ઞાને કરીને અને ગુણાતીતાનંદજીના આશીરવાદે કરીને જે ધારે તેવું થાય ખરું એમ જણાય છે. ને મંદિરમાં બેસી કથાવારતા કર્યા વિના ચાલે નહીં. તે કોક કથાવારતા કરે તો શોભા લે પણ કથાવારતા, માળા, ધ્યાન વિના બીજી વાતું ન થવા દિયે. માટે અમને તો કંઈ જ વાંક જણાતો નથી. તો સરવે રાજી થયા અને કે વાતું સંભળાવી. કાઠિયાવાડમાં ગુજરાતી માણસો આવી વાતું સાંભળી જાય છે તો તે જુવો તો ખરા, એમ સરવેએ ભીમજીભાઈને વાત કરી. આચારજશ્રી પાસે બેસીને વાતુ કરીયું, તારે આચારજશ્રી કે' સાધુ બાર (બહાર) પડવા લાગા. તેને અમે કહ્યું કે, જે સારુ તમે નોખા પડો છો તે તમારા ભેગો સત્સંગ મૂકે નહિ ને તમારી ભેળો ભળશે નહિ. માટે સત્સંગમાં પડી રહો. પણ વીજ્ઞાનદાસજીને બાર નીસરવું. વધુ લગ્ની માટે બાર પડા પણ ક્યાંઈ આપણે સત્સંગ બગાડો નઈ તો પાછા સરવેને સમજાવી ધુલીએ મોકલા. માટે હવે તે ઉપાધિ મટી ગઈ છે. પછે સરવેને એમ થયું જે હવે ગુજરાતી માણસ આવે તેની બરદાસ્ત રાખજો એમ છૂટી આપી છે. માટે જેને આવવાનું મન હોય તો પાંચ જણ થઈ સુખેથી આવજો, હવે અમે રાજી થઈ વાતુ કરવાની છૂટી કરી છે.

તમારા ગામમાંથી પૂનમ ઉપર રણછોડ ભગત, પ્રાગજી હરજી શ્રી વરતાલે ભેગા થયા, તેને અમોએ જે શ્રી સ્વામિનારાયણ કહા છે ને કહું છે જે અમારે મૈ

આવવું છે પણ સમૈયો કરીને આવીશું. તે વાત સાંભળીને લખું છું કે જેને આવવું હોય ને હાલીને આવે તેને નથી કે'તાં, પણ ગાડીએ બેસીને આવે એવો હોય તો જવેરલાલ ઉલાસરામને તેડીને આવે. તો પણ તે ભેગું માણસ વિના ન આવે. ને જે તેની ભેગા આવે તે ઉપર અમે બઉ રાજી થશું. ને કદાપી આહી મહિનો પંદર દિવસ રહેવું પડે તો તેને જમવામાં ખરચ થશે તે અમે આપશું, પણ એ જીવ ભારે છે અને મુગ્તદશા તરત પામે તેવા છે. તેને તેડીને આવશો. તેની ઉપર અમે રાજી થશું. ને જેને જેને આવવું હોય ને તે કામથી પરવારીને આવવું, પણ ઉદ્‌વેગ લઈને ન આવે. તેમાં એકાંતિક ભાવ કે'તાં મુગ્તદશા ન આવે. માટે કામથી પરવારી પાંચ પાંચ જણ દશ દશ જણ ભેગા આવવું, પણ એકલા ચાલી નીકળવું નહીં. કાં જે નીવરતી વાલો હોય ને તે ચશમું, સૂરજ અને રૂનું પુભડું ત્રણ એક રીતે રહે તો દેવતા થાય; તેમ મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, ઈન્દ્રિયો પેલી થીર (સ્થિર) કરતાં અંતસકરણ થીર થાય, તારે લાંબી વ્રતી (વૃત્તિ) કાશી જેટલી હોય તે વરતાલ જેટલામાં આવે, પછે ગઢડા જેટલે આવે, પછે દેહ જેટલામાં આવે ને પછે ઈન્દ્રિયોમાં થઈ ને અંતર સન્મુખ થઈ ભગવાનમાં વ્રતી વળગે. વચનામ્રતમાં વાત છે. માટે અમે તો તુસ (તુચ્છ) છીએ, પણ ગુણાતીતાનંદનો આશરવાદ હશે ને તમે અમ ઉપર હેત રાખતા હશો તો ચંદ્રમામાં અમી છે તે ચકોર (પક્ષી) છે તે, (ચંદ્ર તરફ) જોતાં જોતાં બલતા ઈંગારા (અગ્નિ) લે પણ બલે નહીં, તેમ એકાંતિક ભાવ પમાડું. એવો મોટાનો આશિરવાદ હશે તો જે જે અમારી સાથે હેત રાખતું હશે તેને તલમાત્ર કસર રહેવા દેવી નથી. એમ વચનામ્રતમાં કહ્યું છે. તો પણ તમારી સરવેની દયા હશે તો તમમાં પણ તલમાત્ર કસર રે'વા દેવી નથી, એવો આગ્રહ છે.

વલી, સ્વામીશ્રી બોલતા જે, જેવો શાંઢ તેવું વાસરું થાય ને જેવો ઘોડો હોય તેવું વશેરું થાય. ને જેવો ગુરુ મલે તેવું શીશમાં દૈવત આવે. માટે કાંઈક માન કરવાની વાત કોઈકના મનમાં થાયે તો આજ દી લગણ સત્‌સંગ કરતાં કરતાં કોઈનું લીધું છે ને તમારે હેત હશે તો મંદિરમાં તમારો જેવો પૈશો આપવો હશે તે અખે (અક્ષય) ફળ જેવો આપવો હશે.

(એક) મુમુક્ષુને શેર ખાવા મળે, ત્યાં બીજો આવ્યો તે કે' તમારી વાતુ સારી લાગે છે. ત્યારે કે ખાવા નથી. તો કે' હાંડલીમાંથી પડતર જમીને રે'વું પણ મારા જીવનું સારું કરવું છે. તેમાં ત્રીજો આવ્યો કે' વાતો સારી છે, ત્યારે કે' ખાવા નથી. ત્યારે કે' થાલી ધોઈને પીશ પણ રે'વું છે. પછી ચોથો આવ્યો કે' વાતુ સારી છે, કે' ખાવા નથી. તો કે' ચારે જણ હાથ ધોતાં હશો તે પાણી પીશ, ને તમારી વાતું

સાંભળવી છે, તેમ વાત તે કરામત છે. પણ અરથ પર જેની બુદ્ધિ હોય તેના અંગમાંથી અરથ પર વાતુ ઊપજે, ત્યારે ચશમું (કાચ) સૂરજ અને પૂંભડું તેમાં કળીના દેવતા પેસે. તે તો રૂપૈયાને જોનાર જીવોનો વેગ ખોટો કાઢી નાખે. માટે અમારે હવે વાતુની છૂટ થઈ છે. માટે જેને જેને આવવું હોય તે સુખેથી આવજો. પણ શ્રદ્ધાથી અવાય તારે સુખ રહે અને એકાંતિક ભાવે આવે. ને કસર રહે છે તો શ્રીજીમહારાજે કહ્યું છે, જ્યાં જેવાં જનમ થાશે ત્યાં અસ્ત્રી, છોકરાં મળશે; તે પણ દેહે હેત તેવા ને તેવા મળશે. ભુંડને ૧૮ થાય છે, વીશીને (વીંછીને) પાંનશે થાય છે ને એરૂને હજાર થાય ને ઈંડાં ફોડતી જાય અને ખાતી જાય અને તેમાંથી ભાગી છૂટે તેટલા કણા થાય છે. માટે તેની ફિકર રાખશો માં. જ્યાં જ્યાં જીવશું ત્યાં મળશે ને અસ્ત્રીની ધાંખના હશે તે પણ બકરાંને બશે, શાંઢ, પાડો કે બુઢિયા વાંદરાને મનગમતી મળે છે અને વધુ જોતી હશે તે ઐલાવત ખંડમાં એક શિવજીને અગિયાર અદ્‌ભુત અસ્ત્રિયો છે ત્યાં મેલશે, પણ તેમાં જ્યાં જ્યાં જતાં જતાં દુઃખના ઢગલા જાણો. આપણે એકમાં એટલું દુઃખ તો તેને વિશેષ હશે. માટે એકાંતિક ભાવ પામી ધામમાં સુખે રે'વાનું છે.

....ઉતાવળા હોંકારે આવવું નહિ, વિચારી નવરા થઈ સુખે આવશો તો બે વાતુ આવડતી હશે તે કરશું, જે અમે તો શું જાણીએ પણ અમારા ગુરુથી જે વાત શીખા હશું તે તમને કે'શું. એ જ સમજવું. આ કાગળ ભેગા થઈને ચાર-પાંચ વાર દિ લગણ વાંચશો તો ભાવ જણાશે... રૂા. ૬૫) મનીઓડરમાં તમે મોકલા તે પોતા છે, તેવું બારોટ મોહનભાઈ દામોદર તથા બારોટ દેવીભાઈ રતનસંઘને જાણવું ને દત્તરામભાઈને પણ જાણવું.

એ જ ભાદરવા બીજા વદિ બુધ, દરજી ભગત પ્રાગજી ગોવિંદજીની સહી દસ્તક પોતાના.

પત્ર નં. 3

પરમ ભગવદીય મહેતા ઝવેરલાલ ઉલાસરામ. શ્રી મહુવા બંદરથી લિ. ભગત પ્રાગજી ગોવિંદજીના નારાયણ.

વિશેષ તમારો પત્ર પહોંચ્યો છે તે હકીકત સરવ જાણી છે. તેનો ઉત્તર એ જ છે ભજન કરવું એ જ શાંતિનો ઉપાય છે. મહારાજે પણ કહેલ છે કે જે, હે પરમહંસો ! શાંતિ તો એક નારાયણનાં ચરણાર્વિંદમાં છે ને બીજે તો અશાંતિ છે, હમોને પણ શરીરમાં કસર રહે છે. સર્વેને નારાયણ કહેજો.

પોશ શુદી ૬, સં. ૧૯૪૮. ૬ : શામજીના નારાયણ વાંચજો.

પત્ર નં. ૪

શ્રી નડિયાદ મધે પરમ ભગવદી ઝવેરલાલભાઈ શ્રી. મહુવેથી લી. ભગત પ્રાગજી ગોવીંદજીના નારાયણ વાંચવા.

જત તમારા પત્ર ૨ પોચા, સમાચાર જાણ્યા છે. વિશેષ શાસ્ત્રી પુરાણી ને ધ્યાનાનંદજીને આવવા વિશે તમોએ લખ્યું તે જાણ્યું. માટે આચારજી મહારાજને અહીં આવવાનું નક્કી થાશે તો અમો તમોને લખી જણાવીશું. તે પરમાણે તમારે આવવું. વળી પણ જાણવું જે ગઢડે મૂર્તિના મુહૂરત પર અમારે આવવાનું બનશે તો તે પણ તમોને લખી જણાવીશું. માટે અમો તમોને સરવ સમાચાર લખશું. વિશેષ તમોને તથા ઝવેરભાઈ જેસંગભાઈને લખવાનું જે, નિત્યે માળા ફેરવતી વખતે પ્રથમ પ્રલયનો વિચાર કરીને પોતાને અક્ષરરૂપ માનીને દશ માળા ફેરવવી. તેમાંથી સુખશાંતિ થાશે, એવો અમારો આશીર્વાદ છે. આચારજી મહારાજને અહીં પધારવાનું નક્કી ઠરશે તો અમો તમોને લખશું. તે પ્રમાણે તમારે તથા શાસ્ત્રી પુરાણી ધ્યાનાનંદજી આદી સરવેને આવવું. તે રસ્તામાં મહારાજની ભેળા થઈને સાથે અહીં આવવું. અહીં મહારાજ પધારવાના છે માટે મંદિરનું કામ બંધ છે. સરવેને નારાયણ.

માગશર વદ ૧૧. દા. શામજીના નારાયણ વાંચશો.

તા. ૧૭ ડિસેમ્બર, ૧૮૯૨

પત્ર નં. ૫

શ્રીહરિ.

સ્વસ્તીશ્રી નડિયાદ મહાશુભસ્થાને કૃત નિવાસ ઉત્તમોત્તમ સફળ શુભગુણ નિધાન શમદમાદિક સાધનો સંપન્ન પરમકૃપાળુ ધર્મધારક શ્રી ભક્તિધર્માત્મજ ચર્ણકમળ સેવા સંતુષ્ટમાન સંતસ્વરૂપ એવં અનેક શુભ ઉપમા યોગ્ય શાસ્ત્રી યોગેશ્વરદાસજી તથા જગતપાવનદાસજી વગેરે મુ. નડિયાદ પ્રત્યે. સંસ્થાન શ્રી જૂનાગઢથી લીખીતંગ પ્રાગજી ગોવિંદજીના દંડવત્ સહિત સ્નેહપૂર્વક જે સ્વામિનારાયણ વાંચવા.

વિશેષ શ્રીજીમહારાજની કૃપાથી અત્રે કુશળતા છે. આપની કુશળતા લખવી. બીજું લખવા કારણ એ છે જે, તમો અમારા ગુરુ છો, તે અમોને તમારાં દર્શનની ઘણી તાણ છે. માટે ઝવેરીલાલ વરતાલ સાથે સમાધાન કરવા વિષે જે કરે તે મન દઈને સાંભળજો. બીજું હાલ હમણાં શ્રીજીમહારાજને વિનંતી કરીને ભગતજી તમારી સેવામાં હજૂર થવા ઇચ્છે છે. તેમાં એમના જેટલા ભાઈબંધો તે પણ તમારી

સેવાને ઇચ્છીએ. તે માટે ગમે તેટલું સુખદુઃખ હોય તો પણ તસ્દી લઈને સમાધાન કરજો. હું ત્થા મારા ભાઈબંધો તમારા સેવક છીએ. એ કરતાં તમો રાજીખુશીથી ભેળા થાઓ તો જેટલા છીએ એટલા તમારા છીએ. એમાં જો મિથ્યા કહેતા હોઈએ તો અમે ગુરુદ્રોહી અને વચનદ્રોહી છીએ.

સંવત્ ૧૯૫૩ના શ્રાવણ વદી ૧૩.

૧. દરજી પ્રાગજી ગોવિંદજીની સઈ દશકત પોતાના.
૨. પા. પરસોત્તમદાસ હરિભાઈ સહી દઃ પોતે વસોના.
૩. મહેતા ઝવેરભાઈ હુલાસરામ સહી દઃ પોતે નડિયાદ.
૪. વૈદ્ય મનસુખરામ વિશ્વનાથ સહી દઃ પોતે ચાણસદના.
૫. પંડ્યા શિવશંકર ભાઈશંકર સહી દઃ પોતે રહેવાસી સલુણના.
૬. તારાપુરના બારોટ હીમતસીંગ હરીભાઈ સહી દઃ પોતે.
૭. બારોટ દાજીભાઈ શીવાભાઈ સહી દઃ પોતે નારના.
૮. પા. બાબરભાઈ મીઠાભાઈ સહી દઃ ભટ દામોદર મનસુખરામ, ગામ તરાજના.
૯. દવે મણીલાલ દેવશંકર દઃ પોતે મહુધાના.
૧૦. મેહતા ચુનીલાલ અનોપરામ સહી દઃ પોતે અમદાવાદના. સર્વ સત્સંગી કુલે ૫૦/- મળી સહી કરી આપી છે તે પૈકીનાં આ દશ નામ દર્શાવ્યાં છે.

પત્ર નં. ૬

શ્રી મુંબઈ મધ્યે કોઠારી પ્રભુદાસ તથા જેઠાભાઈ. શ્રી મહુવાથી લી. ભગત પ્રાગજી જય શ્રી સ્વામિનારાયણ વાંચજો.

જત તમારું કાર્ડ આવ્યું છે તે પહોંચ્યું છે. બીજું હમારે ભાદરવા સુદ ૪ ચોથનું જૂનાગઢથી મહુવે આવવાનું થયું ત્યાંથી દૂધ શેર ૦। પા પીવાય છે તે દિન વીસ દિવસ સુધી. પછી ત્રણ અપવાસ થયા. તે પછી દૂધ પાંચ રૂપિયાભાર પીવાય છે. એથી ગરમી ઘણી થઈ ગઈ છે.

આસો વદી ૫, સંવત ૧૯૫૩

શાસ્ત્રીજી મહારાજનો ઝવેરીલાલભાઈ ઉપરનો પત્ર

સ્વસ્તી શ્રી ગામ નડિયાદ મહાશુભસ્થાને પરમ ભગવદીય સાધુ-સેવાપરાયણ સ્વધર્મનિષ્ઠ પરમ એકાંતિક બ્રહ્મવેત્તા સદ્ગુરુને વિશે દૃઢ પ્રીતિવાન

પરોપકાર પરાયણ સત્યાસત્ય વિવેકવાન પરમ બુદ્ધિમાન સદા શુભ કામલાયક શ્રી પ્રગટ પુરુષોત્તમના ઉપાસક એ આદિ અનેક ઉપમા બિરાજમાન રા.રા. ઝવેરીલાલભાઈ હુલાસરામભાઈ પ્રત્યે રાજકોટથી લી. આપનો પરમસ્નેહી સાધુ યજ્ઞપુરુષદાસજીના ઘણા કરી જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

બીજું લખવાનું કે અત્રે શ્રીજીમહારાજ તથા તેમના એકાંતિક સંતની પરમ કૃપાથી મારે સર્વ પ્રકારે સારું છે. બીજું હાલમાં આપના તરફના કોઈ સમાચારનો પત્ર નથી તે લખશો. બીજું સદ્‌ગુરુ સ્વામી જાગાભગત ગઈ એકાદશીએ જૂનાગઢ ગયા છે. તેમણે કહ્યું છે કે જ્યારે કાગળ લખો ત્યારે ઝવેરીલાલભાઈને નારાયણ લખવા. બીજું પંદર દિવસ અહીં રોક્યા તેમાં મારી ઉપર ઘણો જ સ્નેહ ને પોતાનો ગણીને ઘણું જ સુખ આપ્યું છે અને પંદર દિવસમાં ઘણી જ વાતો કરી છે ને તે વાતું તો આપ ભેગા થશો ત્યારે મને સ્મૃતિ રહેશે તેટલી કહીશ. તેમાં વારેવારે સિદ્ધાંતમાં આટલી વાત આવતી કે મોટાને નીરદોષ જાણવા અને માયીક ભાવ ટાળવો ને સર્વ પ્રકારે જોડાવું તો મોટાના ગુણ તમામ આવે અને મોટાની સાથે કોઈ દિવસ અંતરાય રીયે તો મોટાના ગુણ ન આવે ને અંતરમાં સુખ પણ ન વરતે. માટે દૃઢ વિશ્વાસે મનકર્મવચને જોડાવું, તો કાંઈ વાંધો ન રહે. બીજું પંચવીશય, દેહાભીમાન, પક્ષપાત તેણે કરીને જેવું જીવનું ભૂંડું થાય છે, તેવું બીજાથી થાતું નથી. તેમાં પક્ષપાતે કરીને તો ગોપાળાનંદ સ્વામી જેવાના અવગુણ લીધા ને સ્વામીનો પણ દ્રોહ કર્યો અને સ્વામીના શિષ્ય હતા તે જૂનાગઢ મૂકીને ગઢડે રેવા ગયા હતા. તે મંદિરના પક્ષે કરીને સ્વામીનો દ્રોહ કર્યો ને જીવનું ભૂંડું કર્યું. માટે ભગવાન ને તેમના એકાંતિક સદ્‌ગુરુ વિના બીજાને વિષે જે હેત રહે છે અને પક્ષ બંધાય છે તેણે કરીને આ લોકમાં જીવે ત્યાં સુધી શાંતિ રહેતી નથી. મોટા એકાંતિકને વિષે પણ ઓછો ભાવ થઈ જાય. વળી, મહારાજે વચનામૃતમાં લખ્યું છે કે ભગવાન તથા ભગવાનના ભક્ત વીના બીજે હેત રહી જાય એવું કોઈ પાપ નથી. માટે કોટી કલ્પે પણ ન મળે એવા શ્રીજીમહારાજ તથા તેમના એકાંતિક મલ્યા તેમને મન, કર્મ, વચને રાજી કરવા ને એમના વચનમાં દૃઢ વિશ્વાસ રાખવો, જેથી આ લોક તથા પરલોક સુધરી જાય.

જગતમાં મનને ધાર્યે તો લોકો વૃત દાન તપ આદિક કરે છે, તેણે કરીને અંતરમાં શાંતિ રેતી નથી અને મોક્ષ પણ થાતો નથી અને મોટા એકાંતિકને હાથ જોડે ને કહે જે, હું તમારો છું, તો કોટી કલ્પનાં પાપ બળી જાય અને આ ને આ દેહે અક્ષરધામમાં મુકી દીયે. માટે મોટા સંત મલ્યા તેને સાધનનો અંત આવ્યો છે, કેવલ તેમનો રાજીપો મેલવવા સારુ તેમની મરજી પ્રમાણે કરવું ને અનુવૃત્તિ

પાલવી એ સૌથી મોટું સાધન છે. વલી વારેવારે એમ વાતમાં લાવતા કે મોટાપુરુષોનો એવો સ્વભાવ છે કે જેને પોતાનો સંબંધ થયો તેના સ્વભાવ નથી જોતા, દોષ નથી જોતા, કેવલ પોતાનો સંબંધ થયો છે તે ઉપર દૃષ્ટિ છે. ને સ્વભાવ સામું જુએ તો કોટી કલ્પે જીવનું કલ્યાણ ન થાય. માટે મોટા એકાંતિક મલ્યા ને મનાણા, તેના જેવા કોઈ ભાગ્યવાન આ પૃથ્વીમાં નથી. એ વીષે ઘણી વાતો મહિમાની કરતા.

બીજું આચારજી મહારાજ અત્રે પધાર્યા છે તે મારી ઉપર ઘણા ખુશી છે. વરતાલથી આવ્યા ત્યારે એવો ઠરાવ કરી આવ્યા હતા કે નડિયાદ યજ્ઞપુરૂષ-દાસજીને એક મહિનો મોકલવા. પરંતુ અહીં મારે શ્રીભાષ્ય ભણવાનું ચાલે છે તથા શાસ્ત્રીને મને ભણાવવાનો બહુ આગ્રહ છે તથા મારે પણ હાલ નડિયાદ આવવાની ખુશી નથી, તેથી એમનો ઠરાવ બંધ પડ્યો છે ને રામનોમ સુધી મારે અહીં રહી શ્રીભાષ્ય પૂરું કરવાની આજ્ઞા કરી છે. તમારા વીષે ડભાણ તરફની સહેજ વાત હું ને મહારાજ હતા ત્યારે નીકળી હતી. તેમાં એમના બોલવા પરથી આવ્યું કે આ કામમાં નડિયાદના હરિભક્તો એકનો વાંક નથી. કેવળ એમ અનંતાનંદે બહુ ખટપટ કરી તેણે કરીને લોકોનાં અંતઃકરણ ઊંચાં થઈ ગયાં ને ઘણાખરા હરિભક્તને આપણા ઉપર હેત હતું તે પણ અતી દુરાગ્રહે સાધારણ થયું છે. પણ આપણે નીરદોષ છીએ તો અંતે શ્રીજીમહારાજ આપણું સારું કરશે. એમ વાત આવી હતી. એટલા પરથી જણાય છે કે પંડને તમો તથા મયારામ ઉપર કાંઈ પણ કટાક્ષ નથી. એ જ.

બીજું ભગતજીને બોલાવવા વીષેનો વિચાર એમના અંતરમાં હશે પણ બાહેર નીકળ્યું નથી. તેમ મેં પણ તે વીષે વાત ઉચારી નથી. પણ મહારાજશ્રીનો ભગતજી તથા જાગા ભગત ઉપર ઘણો સદ્ભાવ જણાય છે. તેથી એમ જણાય છે કે તેડાવવાનો જો આગ્રહ કરીએ તો બોલાવે ખરા.

બીજું આ વખતે તમારે કોઈ સાથ ન મલે તેથી આંહીં અવાણું નહિ તે શ્રીજીમહારાજની મરજી, કારણ કે તે વખતે તમે જો આવી ગયા હોત તો ફરીથી, જૂનાગઢ ભગતજી આવે તો અવાત નહિ. માટે જ શ્રીજીમહારાજ કરતા હોય તે સારું હોય. અમને તો અહીં ભારે સુખનો યોગ આપેલો. તેથી અહીં ઝવેરીલાલભાઈ આવે તો બહું સારૂં, તેથી અતી આગ્રહથી મેં તમને તેડાવવાનો છેલ્લો કાગળ લખ્યો હતો. કોઠારી જીભાઈએ પણ કીધું હતું કે ગુજરાતથી ઝવેરીલાલભાઈ વગેરે હરિભક્તો આવે તો જાગા ભગતને વધારે રોકવા હોય તો રોકજો. તેથી અમને અહીંના હરિભક્તોને એટલો લોભ રહેતો હતો કે આપ આવો

તો જાગા ભગતને વધારે રહેવાનું થાય, તો શેરડી ભેગી એરડી પણ પાણી પીવે; માટે આગ્રહનો કાગળ લખ્યો હતો. બીજું આ વખતે આપ તથા ઝવેરભાઈ તથા કાળીદાસ કડીઆ વગેરે હરિભક્તોને જૂનાગઢ આવવાનો અવકાશ હોય તો હું ભગતજીને જૂનાગઢ આવવાને માટે બનતી મહેનત કરું, કારણ કે, ભગતજી જૂનાગઢ પધારે ને તમારા જેવા પાંચ-પચીસ હરિભક્ત ભેગા હોય તો સારું. વળી મહારાજશ્રીને પણ મારે કહેતા ફાવે કે નડિયાદ, વસો, ચાણસદ વગેરે હરિભક્તોને ભેગું થવાનો ઘણો આગ્રહ છે માટે જૂનાગઢ બોલાવો તો ઘણું સારું. માટે કાગળ વાંચીને તમો તથા ઝવેરભાઈ ભેગા થઈને મારી ઉપર કાગળ લખશો ત્યાર પછી હું ભગતજીને બોલાવવા વીષેની વાત ઉચારીસ. માટે જેવો-આપનો વીચાર હોય તેવો કાગળ લખશો.

બીજું પોર ગઢપુર પધાર્યા હતા તેને બાર માસ થઈ ગયા છે. માટે જૂનાગઢ આવે તો ઘણું એમ અમને અખંડ રહ્યા કરે છે. વળી, અહીંઆના પણ હરીભક્તોને ઘણો આગ્રહ છે, પણ તે લોકોને ઉઘાડા ઊઠી મહારાજને કેવાની મેં ના પાડી છે, કારણ કે હું અહીં રહ્યો ને એ કહે તો મારા ઉપર નીમીત્ત આવે. માટે આ ફેરે જૂનાગઢમાં ભગતજીને બોલાવવા તેમાં તમો ગુજરાતના હરીભક્તો દ્વાર છો. તેથી અમારા જેવા ગરીબ ને પરાધીન કેટલાક ત્યાગીઓને પણ સમાગમ-દરશન થાય. માટે આપ ઉત્સાહ ભરેલો કાગળ લખશો એવી અમને આશા છે.

બીજું આ વખતે તમારી સાથે બીજા કોઈ હરિભક્ત ન આવ્યા પણ ભગતજી પધારશે ત્યારે તો ઘણા ખરા માણસો તમારી સાથે આવશે. માટે આપ આવવા વીષે કાગળ લખશો પછી મારી બનતી મહેનત કરીશ. પછી જેમ શ્રીજીમહારાજની મરજી તેમ થાશે.

બીજું જૂનાગઢમાં ભગતજીને બોલાવવામાં હાલ દેશકાળ બહુ સારા છે. કારણ કે, હાલ જે અધીકારી જીભાઈ તેને સર્વ પ્રકારે ભગતજી ઉપર સદ્‌ભાવ છે ને જૂનાગઢમાં તેનું ચલણ છે. વળી, સદ્‌ગુરુ યોગેશ્વરદાસજી તથા બાલમુકુંદદાસજી પણ છે. વળી, કૃષ્ણચરણદાસજી તથા સાધુ ધરમસ્વરૂપદાસજી તથા અક્ષર-સ્વરૂપદાસજી વગેરે ઘણા હેતવાલા છે. માટે જૂનાગઢમાં દેશકાળ ઘણા જ સારા છે. માટે આપને કોઈ જાતની જૂનાગઢ આવવાની કોઈ પ્રકારે ધાસ્તી રાખવી નહિ. આવી રીતે વસો પણ મેં કાગળ લખ્યો છે.

બીજું અહીંથી સ્વામી બાલમુકુંદદાસ તથા સ્વામી ધરમસ્વરૂપદાસજી ત્થા મોતી ભગત વીગેરે ત્યાગી તથા કરસનભાઈ તથા હરજીવનભાઈ તથા કાનજીભાઈ તથા રામજીભાઈ તથા પરસોત્તમભાઈ તથા હેમરાજભાઈ તથા હેમતરામભાઈ તથા

મોરારજીભાઈ તથા હરિશંકરભાઈ તથા અમૃતલાલભાઈ એ સર્વેના જે સ્વામીનારાયણ વાંચશો. તમારે ત્યાં ઝવેરભાઈ, લલ્લુભાઈ, દાજીભાઈ, કાળીદાસભાઈ વગેરે સર્વેને નારાયણ કહેશો. મણીલાલ તથા મગનલાલે નારાયણ કહ્યા છે તથા દાજીભાઈએ કહ્યા છે તે વાંચશો.

સં. ૧૯૫૩ના શ્રાવણ સુદ ૬ બુધવાર.

લી. દાસાનુદાસ સેવક મોરારજી મંગળજીના દંડવત સહિત જે શ્રી સ્વામિનારાયણ વાંચશો.

મારી ઉપર કાગળ લખો તો સરનામું :

ઠા. મોરારજી મંગળજી, ઠેકાણું : દાણા મારકીટ પાસે, રાજકોટ એવી રીતે કરવું.

ભગતજી મહારાજ સંબંધી પત્ર

સ્વસ્તી શ્રી નડિયાદ મહાશુભસ્થાને પરમ પુજ્ય પરમ ભગવદી શ્રી પ્રગટ પુરુષોત્તમના ઉપાસક શમદમાદીક સાધુ-ગુણસંપન્ન પરોપકાર પરાયણ શ્રીજીમહારાજ કૃત મરજાદા પાલક પળાવવામાં સમૃથ એકાંતિક ધર્મનિષ્ઠ એ આદિક સર્વ શુભમાં બિરાજમાન સ્વામી વિજ્ઞાનદાસજી[૧૬૬] ત્થા પુરાણી કેશવપ્રસાદદાસજી ત્થા હરિવલ્લભદાસજી વગેરે સંતમંડળ તથા રા.રા. ઝવેરીલાલભાઈ ત્થા ઝવેરભાઈ જેસંગ વિગેરે નડિયાદના તમામ હરિભક્તો પ્રત્યે રાજકોટથી લી. સાધુ યજ્ઞપુરુષ-દાસજીના ઘણા પ્રીતીપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

બીજું લખવાનું કે આપનો પત્ર જૂનાગઢ ગયેલો ત્યાર પછી નથી. તે સર્વ સમાચાર વિસ્તારી લખશો. બીજું લખવાનું કે કારતક વદી ૯ને દિવસે જૂનાગઢ ગયો હતો. ગઈ કાલે એટલે રવિવારે રાજકોટ આવ્યો છું. ત્યાં સદ્‌ગુરુ સ્વામી જોગેશ્વરદાસજી ત્યાં સદ્‌ગુરુ સ્વામી જાગા ભગત વિગેરે સાધુ-બ્રહ્મચારી સૌ ખુશી આનંદમાં છે. ૧૦ને દિવસ સદ્‌ગુરુની મોતૈયાની રસોઈ કરીતી ને ૧૦ ધોતીયાં બે સ્વામી વિગેરેને ઓઢાડ્યાં. તાં જૂનાગઢમાં દેશકાળ ઘણા સારા છે. ૧૦ દિવસ સુધી હું તથા શંકર ભગત કોઠારી વિગેરે સ્વામી જાગા ભગતની પાસે વાતોચીતો સાંભળી ઘણો આનંદ કર્યો છે. બીજું સ્વામી આપણને વારે વારે સંભારતા હતા ને કહેતા હતા કે આ જૂનાગઢમાં ભગતજીએ આવીને દિગ્વિજય કર્યો ને સુખ દીધું. ઝવેરીલાલ વિગેરે હરિભક્તોએ પૈસા ખરચી ભગતજીની સેવા રાજીપો મેળવ્યો તે

---

૧૬૬. આ વિજ્ઞાનદાસજી સંભવતઃ જૂનાગઢના સદ્‌ગુરુ યોગેશ્વરદાસ સ્વામીના શિષ્ય હોઈ શકે, જેઓ નડિયાદ ખાતે વિચરણમાં આવ્યા હોઈ શકે.

બહુ સારું કામ થઈ ગયું ને તે તો પળ પાકી ગઈ. એવો દેશકાળ ચાલીશ વર્ષ થયાં તો દેખ્યા નોતા ને માયાનું માથું ભાંગી નાંખ્યું. એ તો શ્રીજીમહારાજે છેલ્લી બાકી પોતાના ભક્તનો મહિમા બતાવી સૌ હરિભક્તોને સુખીયા કર્યા. હવે તમામ હરિભક્તોને તમે લખજો કે જે જે સુખ દરશનનું, સમાગમનું, વાતુચીતુનું, સેવાનું લીધું હોય તે અખંડ સંભારી રાખજો ને તેનો સરવ મનન, નિદિધ્યાસ નિરંતર કરશો ને પરસ્પર ભેગા થઈને કથાવાર્તા કરી સુખ ભોગવવું, પણ કોઈ પ્રકારે અંતઃકરણમાં ગ્લાનિ ન પામવું. કારણ કે, શ્રીજીમહારાજ તથા મોટા મોટા સદ્‌ગુરુઓ આ લોકમાં અખંડ રહ્યા નહિ, તો ભગતજી પણ અખંડ રહે નહિ. એમને જે કરવાનું હતું તે કરી ગયા, હજારો જીવને બ્રહ્મત્વ કરી પુરુષોત્તમની દૃઢ ઉપાસના પ્રવરતાવી ગયા. હવે તો આપણે જે જે એમના અભિપ્રાયો જાણ્યા છે તે પ્રમાણે વર્તવું ને બીજાને વર્તાવવું ને સુખીયા રે'વું અને જેવી રીતે ભગતજીનું સારું દેખાય તેવી રીતે વર્તવું, પણ કોઈ રીતે અપકીર્તિ થાય અને સત્સંગ વિરુદ્ધ ક્રિયા થાય અને પાછળથી પસ્તાવું પડે તેવી રીતે કોઈ હરિભક્તે કરવું નહીં. કારણ કે, શ્રીજીમહારાજ તથા મોટા સંતને મન, કર્મ, વચને સેવી જેવી રીતે ભગતજીએ એકાંતિક ધર્મ સિદ્ધ કરીને દૃઢ સ્થિતિ કરી હતી, એવી સામૃથી છતાં પણ સત્સંગમાં માન-અપમાન સહન કરીને, શ્રીજીમહારાજ ને મોટા સંતનો અભિપ્રાય પ્રવરતાવ્યો. પોતે સુખ-દુઃખ ન ગણ્યું. એવા પુરુષ તો એક જ. એવું બીજાથી થવાય તેવું નથી. માટે એમણે જે જે કહ્યું હોય તે પ્રમાણે રહીને વિચારી વર્તવું, પણ તેમનાં જેવાં આચરણ બીજા શિષ્યોએ વાદ લઈ કરવાં નહિ. કારણ કે, એમાં તો સાક્ષાત્ પુરુષોત્તમ નિવાસ કરીને રહ્યા હતા. માટે કર્તું, અકર્તું ને અન્યથાકર્તું હતા. માટે એમનાં આચરણ પ્રમાણે આપણે કરવું નહિ. એમનાં આચરણ સત્સંગ વિરુદ્ધ કે ધર્મ વિરુદ્ધ હતાં જ નહિ. પણ ભગવાન અખંડ રહેલા જેથી ભગવાનના જેવી ક્રિયા ને ચરિત્ર હોય અને બીજા સાધારણ કોઈ એમ કહે કે મારે વિષે ભગત અખંડ રહ્યા છે ને મારામાં પ્રવેશ કર્યો છે, એમ કરીને ગમે તેમ સત્સંગ વિરુદ્ધ ક્રિયા કરે, અગર કરાવે, તો તેમાંથી ભગતજી તથા સ્વામીનું ઘણું ખોટું દેખાય અને અંતે એ નભે નહિ અને ઘણા મુમુક્ષુ જીવ હોય તેને પણ ઢાંકણું દેવાય. માટે એવી રીતે કોઈએ કરવું નહીં. આ તો એમ થાય તેમ નથી, પણ અમારે તો સ્વામીના દેહ મૂક્યા પછી સ્વામીના કહેવાતા તેનાં એવાં આચરણ દીઠાં, તેથી તમોને લખીએ છીએ ને આ લોકમાં હજારો જીવનો ઉદ્ધાર થાય માટે મોટા મોટા સદ્‌ગુરુ પણ સાધારણ જીવની આજ્ઞામાં રહ્યા ને માન-અપમાન સહન કર્યું ને સત્સંગની નાની-મોટી આજ્ઞા લોપી નહિ. માટે આપણે પણ એ જ કરવું. એ જ સ્વામીના

કહેવા થકી મેં લખ્યું છે. માટે વસો, પીજ વિગેરે ગામના હરિભક્તોને પણ ખબર કરવી ને સ્વામીના ત્થા મારા સૌને જે સ્વામિનારાયણ કહેવા. બીજું શંકર ભગતને તાવ આવવાથી હું વધારે જૂનાગઢ રોકાયો. તાવ ઓછો થવાથી હું અહીંઆ આવ્યો છું. તે જીભાઈ કોઠારી આવતા સુધી ત્યાં રોકશે. પ્રભુદાસ કોઠારી ગઢડે છે. તેમના જોડીયા માંદા પડવાથી જૂનેગઢ આવી શક્યા નથી. સાજા થવાથી આવશે એમ તેમનું લખવું છે.

એ જ. બીજું, તમારે ત્યાં સર્વે હરિભક્તોને મારા ઘણા કરીને જયશ્રી સ્વામિનારાયણ કહેશો. અત્રેથી હરજીવનભાઈ ત્થા કરસનજીભાઈ તથા રામજી ભટ્ટ તથા કાનજીભાઈ ત્થા મોરારજીભાઈ ત્થા વીરજીભાઈ, નવલરામ વિગેરે હરિભક્તોના જે શ્રી સ્વામિનારાયણ વાંચશો. મારે હાલ અહીં રોકાવાનું છે. આપના તરફના સમાચાર લખશો. અમારા સ્વામી નિરન્નદાસ તથા પુરુષોત્તમદાસ ક્યાં છે ? તેના સમાચાર લખશો. પીપલગ વિગેરે ગામમાં સમીપે હોય તો ખબર કહેજો કે તમારા કાગળો પુગ્યા છે. હાલ ભણવાનું ચાલે છે. અહીં દેશકાળ સારા છે. અહીં સાથી સ્વામી ધર્મસ્વરૂપદાસજી તથા ભણનારા સાધુ ધર્મપ્રસાદદાસજી તથા વિશ્નુપ્રિયદાસના ઘણા કરી જય શ્રી સ્વામિનારાયણ વાંચશો. એ જ તા. ૨૯-૧-૯૭.

દઃ પોપટ રામજીના દંડવત્ પૂર્વક જયશ્રી સ્વામિનારાયણ વાંચવા કૃપા કરશો, એ જ.

❀ ❀ ❀

સ્વસ્તી શ્રી મુવા બંદર મહા શુભ સ્થાને પૂજ્યારાધે પ્રગટ પુરુષોત્તમના એકાંતિક ભક્ત પ્રાગજીભાઈ જોગ શ્રી પીહીજથી લી. પા. મોતીલાલ ગોપાળજીના દંડવત્ પ્રણામ. સેવામાં જે શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વળી લખવાનું કે મહારાજે આસો વદી ૧૩ની રાત્રે દર્શન દઈને કહ્યું કે એ (ભગતજી) મારા એકાંતિક ભક્ત છે ને તમારો મહિમા પણ બધો મહારાજે કહ્યો છે ને કહે છે કે જે, હું એ દુવારે રહીશ ને સત્સંગમાં તું એમને ઉઘાડા કરીને સૌને તું ખબર કર. મારી આજ્ઞા છે. માટે હવેથી તમે, સૌ સત્સંગી-સાધુને મોક્ષવાત સમજાય એમ બહુ કૃપા કરો ને મહારાજ તો કહે તે સત્સંગ ઉપર નજર કરો. મુમુક્ષુ બાપડા પીડાય છે. માટે હે કૃપાનાથ ! મારી ગરીબની સહાય કરી સૌને સારૂ સમજાય એ કરો ને મારા સર્વે શત્રુ હણીને અક્ષરપદને પમાડો ને તમારી થકી જ જીવનું કલ્યાણ છે.

કા. સુદ ૨. દા. પોતે.

(આ મૂળ પત્રની ફોટોકોપી પહેલી તથા બીજી આવૃત્તિમાં છપાયેલ છે.)

પરિશિષ્ટ : ૫

ભગતજી મહારાજનાં પ્રિય કીર્તનો

રાગ : કાફી ખ્યાલ

પદ-૧

આવતા ક્યોં નહીં વે સામલડા, આવતા ક્યોં નહીં વે યાર...આવતા૦ટેક
જામા પે'રી જરીંદા બાંધી, પગિયાં પેચોંદાર વે;
હસતાં હસતાં સુંદર વદન, દેખાવતા ક્યોં નહીં વે યાર...આવતા૦ ૧
હમરી અલિયાં ગલિયાં ભૈયા, સાંજ સવાર કનૈયા વે;
મધુરે મધુરે સ્વર મોહન બંસુરી, બજાવતા ક્યોં નહીં વે યાર...આવતા૦ ૨
એક અચ્છી તાન ગાઓ પ્યારે, દિલ ખુશ હોય હમારા વે;
પ્રેમાનંદ કહે બંસી નેક, સુનાવતા ક્યોં નહીં વે યાર...આવતા૦ ૩

પદ-૨

જાનતા ક્યોં નહીં વે હમારી પીર, જાનતા ક્યોં નહીં વે લાલ...જાનતા૦ટેક
નંદ કે સલોને ગબરુ હમકું, સબૂરી મેં સમજાવતા વે;
બહુત દિનકી અરજી હમારી, માનતા ક્યોં નહીં વે લાલ...જાનતા૦ ૧
દે દીદાર દયાવંત ખાવંદ, તું માલિક મુલકુંદા વે;
હમ બંદુવા તેરી બંદગી કરત હૈ, પિછાનતા ક્યોં નહીં વે લાલ...જાનતા૦ ૨
તું મુરશિદ હૈ કામિલ કાબિલ, સબ હુનર તેરે હાથ વે;
પ્રેમાનંદકે પ્યારે હમ પર મહેર, આનતા ક્યોં નહીં વે લાલ...જાનતા૦ ૩

રાગ : સહાના દાદરા

કૈસે બીતે દિન રતિયાં, શ્યામ બિન,
કૈસે બીતે દિન રતિયાં...૦ટેક
શિર પર સોક ભઈ અબ કુબરી,
લીખી લીખી પઠવતી પતિયાં;

સવતીય દુઃખ સહ્યો નહીં જાયે,
જરત રૈન દિન છતિયાં...શ્યામ૦ ૧
દે વિશ્વાસ અવધિ કરી બિછુરે,
કહી કહી કપટ કી બતિયાં;
પ્રેમાનંદ કે નાથ કી પહીલે,
જાની સકી નહીં ધતિયાં...શ્યામ૦ ૨

રાગ : જંગલો

ગુલતાન ગાનકી તાન મઈ, હરિ સોહત રાસ રસિલેકી-ગુલ૦ટેક
નાચત થોમ થનનન થનનનનન, નેપૂર ધુની ઝનનન ઝનનનનન
ઘર ભુજ બાજત ઘુઘરી ખનનનનન, ગીતન છબિ રંગ રંગીલેકી-ગુલ૦ ૧
પદ ઠનનન ઠનનન ઠનનનનન, ધરની ધુની ધનનન ધનનનનન
તોરત તાનનન તોમ તનનનનન, છોગન છબિ છેલ છબીલેકી-ગુલ૦ ૨
મોહત જલચર થલચર ગાન ધૂની, તજે ખાન પાન તનભાન સુની
વિધુ રવિરથ થિર જીમી હોત પુનિ, કૃષ્ણાનંદ ચિત્ત બસીલેકી-ગુલ૦ ૩

રાગ : ગરબી

વ્રજજીવન શ્યામ વિહારી રે, લાવણ્યમાં હું લેવાણી;
મેં તો મેલ્યો જગ વિસારી રે, કહાના તારી કેવાણી. ૧
સુંદરવર રંગડો ચડિયો રે, મરમાળા મોહન તારો;
જગ તૃણ સરખો ત્રેવડિયો રે, કુંણ માને ઓનો ડારો. ૨
મારે તમથી પ્રીતિ બાંધી રે, કોઈની શંકા કેમ ધરું;
ચિંતામણિ સુંદર લાધી રે, રાંક થઈને શીદ ફરું. ૩
તમ સાથે રંગના ભીના રે, દિલડું માન્યું ડોલરિયા;
બ્રહ્માનંદના નાથ નવીના રે, વહાલમ મેં તમને વરિયા. ૪

રાગ : ગરબી

તારી મૂરતિ લાગે છે મને પ્યારી રે...શ્રી ઘનશ્યામ હરિ
રૂડી ચાલ જગતથી ન્યારી રે...શ્રી ઘનશ્યામ હરિ ૦ટેક
ઊંડી નાભી છે ગોળ ગંભીર રે...શ્રી ઘનશ્યામ હરિ
રૂડા લાગો છો શ્યામ શરીર રે...શ્રી ઘનશ્યામ હરિ ૦૧

તારી છાતી ઉપડતી શ્યામ રે...શ્રી ઘનશ્યામ હરિ
છે જો લક્ષ્મી કેરુ ધામ રે...શ્રી ઘનશ્યામ હરિ૦ ૨
તારા મુખની શોભા જોઈ રે...શ્રી ઘનશ્યામ હરિ
રાખું અંતરમાં પ્રોઈ રે...શ્રી ઘનશ્યામ હરિ૦ ૩
તારાં નેણાં કમળ પર વારી રે...શ્રી ઘનશ્યામ હરિ
મંજુકેશાનંદ બલિહારી રે...શ્રી ઘનશ્યામ હરિ૦ ૪

રાગ : કરાઈડો

તારું છોગું મારે આવીને ચિત્તમાં રહ્યું...તારું ૦ ૧
જગના જીવન રૂડું છોગું જોઈને, અંતરમાં અજવાળું થયું...તારું ૦ ૨
સુંદર શ્યામ સોહાગી તારું, મુખ નીરખીને દુઃખ દૂર ગયું...તારું ૦ ૩
આનંદ સહિત થયું સુખ અંતર, એકે જીભે નવ જાય કહ્યું..તારું ૦ ૪
બ્રહ્માનંદ કહે એ છોગા સારુ, લોકડિયાનું અમે મેણું સહ્યું...તારું ૦ ૫

રાગ : ઠુમરી

દરદ મિટાયા મેરા દિલકા, મોયે ઔષધ અમૃત પાયા રે...ટેક૦
વૈદ્ય મિલ્યા વ્રજરાજ બિહારી, નાડી દેખન આયા;
જ્ઞાન ધ્યાન કી ગોલી રે દીની, રંચ ન રોગ રહાયા રે...દરદ૦ ૧
ગયા રોગ મન ભયા નિરોગી, દિલ ગિરિધર દરશાયા;
હરિકૃષ્ણ પરબ્રહ્મ પુરાતન, ભાવ સહિત મન ભાયા રે...દરદ૦ ૨
મિટ્યા વિષયકા ડાઘ મનોરથ, મૂલ મરમ સમજાયા;
જન્મ મરણકા ઝગડા રે છૂટ્યા, અંતર અલખ લિખાયા રે...દરદ૦ ૩
યોગ ભક્તિ વૈરાગ્ય ત્યાગકા, ચૂરણ ચારુ બનાયા;
દેવાનંદ કહે દયા કરી હરી, ચરી હરિ આપ બતાયા રે...દરદ૦ ૪

રાગ : પરજ

નેણને જોઈ નેણને જોઈ, વ્હાલા તારા નેણને જોઈ;
રહ્યું મારું મનડું મોહી...વ્હાલા૦ ટેક
નેણા તમારા વા'લા અતિ સુખકારી જોને,
નીરખતાં નાખે છે સંતાપને ખોઈ...વ્હાલા૦ ૧

વ્રજવનિતાને તમે વશ કરી લીધી,
નેણું કેરે બાણ નાખ્યા અંતર પ્રોઈ...વ્હાલા૦ ૨
નેણાં ભરીને તમે જેને નીરખો છો,
તેને નથી કરવું રહેતું બીજા સાધન કોઈ...વ્હાલા૦ ૩
મુક્તાનંદ કહે એ નેણાં તણો રસ,
ગોપીજન જેવા જાણે પ્રેમી સોહી...વ્હાલા૦ ૪

રાગ : કાફી

નાના ગ્રાસ લેવત મનગમતા,
નેણાં ભરી જોયા રે હરિ જમતા...નેણાં૦ ટેક
ઓઢી ઉપરણી રાખી કાન ઉઘાડા,
શોભાનિધિ ઘણું ગમતા...નેણાં૦ ૧
વારે વારે જળપાન કરત હૈ,
રમૂજ કરીને ઘણું ગમતા...નેણાં૦ ૨
એ છબી જોવા સારુ ભવબ્રહ્માદિક,
ભાવસહિત કેડે ભમતા...નેણાં૦ ૩
દેવાનંદ કહે જન્મ સુફળ કરી,
નિત્ય ચરણોમાં જઈ નમતા...નેણાં૦ ૪

પદ-૧

હો પિયા પાયા તો ફિર ક્યા સોના રે ૦ટેક
પિયા પાયા જબ સાર સબન કો, હાડ ચામ ક્યા જોના રે...પિયા૦ ૧
બખ્તર પહેર કે રણમેં નિકસે, નરમ ગરમ ક્યા હોના રે...પિયા૦ ૨
મગન ભયે મનમોહન સંગે, મગન હોય ક્યા રોના રે...પિયા૦ ૩
મુક્તાનંદ મોહ સબ તજકે, શ્યામ ચરન ચિત્ત પ્રોના રે...પિયા૦ ૪

પદ-૨

હો રંગ લગા તો ઈસ બિધ રહેના...હો૦ ટેક
રંગ લગા જબ શ્યામ સુંદરકા, તન મન તાકું દેના...હો રંગ૦ ૧
જૂઠી આશ જગતકી તજકે, સુખ દુઃખ તનમેં સહેના...હો રંગ૦ ૨
રોમ રોમમેં રટન હરિકા, જૂઠ ન મુખસેં કહેના...હો રંગ૦ ૩
મુક્તાનંદ ફંદ સબ તજ કે, જન્મ સુફલ કર લેના...હો રંગ૦ ૪

રાગ : દાદરા

પિયા મેરા પ્યારા મોહન મતવાલા,
પ્યારા મોહન મતવાલા૦ ટેક
મોહન લાલ કી મોહની મૂરત,
ચંચલ નૈન વિશાલા...પિયા૦ ૧
ચાલ ચલત કલહંસકી સુંદર,
કર ગ્રહી રેશમી રૂમાલા...પિયા૦ ૨
હસત હસત આવત મન ભાવત,
ગાવત તાન દેત તાલા...પિયા૦ ૩
પ્રેમાનંદ કો નાથ મનોહર,
ગોપીવર ગોપાલા...પિયા૦ ૪

રાગ : ઠુમરી

પ્યારે તોરી મોરી પ્રીત ન છૂટે રે...૦ટેક
લગી હૈ પ્રીત તોસું શ્યામ સુંદર જૈસે,
હીરો ફોર્યો ન ફૂટે રે...તોરી૦ ૧
સમજી વિચારી પ્યારે તોસું જોરી,
કાહુંકી તોરાઈ ન તૂટે રે...તોરી૦ ૨
જોરી પ્રીત જાની સાચે સનેહી,
ઔર સનેહી સબ જૂઠે રે...તોરી૦ ૩
પ્રેમાનંદ કહે પ્યારે અબ ના છોડું,
છોને જગત શિર કૂટે રે...તોરી૦ ૪

રાગ : ઝીંઝોટી ઠુમરી

દિલદાર છટા દગ અટક રહી,
નટવર હરિ પ્યારે સાંવરિયા...દિલ૦ટેક
તન સપેત ધોતી પહેર લિયા,
કેસર ચંદન કી ખોર કિયા;
ધરે ફૂલ ગેંદ કર ગિરિધરિયા,
પચરંગી શિર (પર) પાઘરિયા...દિલ૦ ૧

સોહત હૈ કમલ કલી અંખિયાં,
ગલે ફૂલ માલ પ્યારી નખિયાં;
કાજુ બાજુ ગજરા ધરિયા,
મોતીન સેહરા મન ભાવરિયા...દિલ૦ ૨
કાબિલ કામિલ રંગ રેલ પિયા,
નૈનન સે તન મન છીન લિયા;
હેરત હૈ રૂપ ઉજાગરિયા,
સિરદાર યાર નટ નાગરિયા...દિલ૦ ૩
સબ રાજન કે રાજા વરિયા,
પ્રાનનહું સે પ્યારા કરિયા;
ઔરન કું ઉરમેં ના ધરિયા,
કૃષ્ણાનંદ સુખ સાગરિયા...દિલ૦ ૪

❀

ગિરધારી રે સખી ! ગિરધારી,
મારે નિરભે અખૂટ નાણું ગિરધારી...૦ટેક
ખરચ્યું ન ખૂટે એને ચોર ન લૂંટે,
દામની પેઠે રે, ગાંઠે બાંધ્યું ન છૂટે...ગિરધારી૦ ૧
અનગણ નાણું સંચે અંતે નિરધનિયા જાયે,
તેની પેઠે નિરભે નાણું દૂર ન થાયે...ગિરધારી૦ ૨
સંપત વિપત સર્વે સ્વપનું જાણું,
હરિના ચરણની સેવા પૂરણ ભાગ્ય પરમાણું...ગિરધારી૦ ૩
મુક્તાનંદ કહે મોહનવરને ઉરમાં ધારી,
દુઃખ ને દારિદ્ર થકી થઈ છું હું ન્યારી...ગિરધારી૦ ૪

રાગ : ધોળ

મેં તો સરવે સંગાથે તોડી રે સાહેલી,
એક જગના જીવન સાથે જોડી રે સાહેલી૦ ૧
શું કરશે પિયર સાસરિયાં રે સાહેલી,
મેં તો સમજીને પગલાં ભરિયાં રે સાહેલી૦ ૨
મેં તો નિશ્ચે કર્યું મનમાંથી રે સાહેલી,
શિરસાટે એ વર ક્યાંથી રે સાહેલી૦ ૩

પહેલું માથું પાસંગમાં મેલ્યું રે સાહેલી,
પછી વરવાનું બીડું ઝીલ્યું રે સાહેલી૦ ૪
હું તો રહું નહિ કોઈની વારી રે સાહેલી,
ધાર્યા એક ધણી ગિરિધારી રે સાહેલી૦ ૫
છાની વાત નહિ એ છાવી રે સાહેલી,
બ્રહ્માનંદના વહાલાની કહાવી રે સાહેલી૦ ૬

રાગ : ભૈરવી

મેરી તકસીર કરીઓ માફ, હો હરિ જગવ્યાપ...૦ ટેક
બહુત બની તકસીર મેરે સે, સબવિધિ જાનત આપ...હાં રે મેરી૦ ૧
હમ અપરાધી જીવ જનમ કો, કહા બરનું કહી પાપ...હાં રે મેરી૦ ૨
થાપન ધર્મ ધર્મકુળ પ્રગટે, અધર્મ કરન ઉથાપ...હાં રે મેરી૦ ૩
પ્રેમાનંદ તર્યો ભવસાગર, તેરે ચરન પ્રતાપ...હાં રે મેરી૦ ૪

❀

મોરી તરતર અંગિયા તરકે, હોત સગુનવા પિયા આવન કે;
વામ નેંન ભુજ ફરકે...મોરી.
ફરકત કુચન કુચન કસનબંધ તરકત, રોમ રોમ જિયા હરખે...મોરી.
ઢાડી અટારિયાં ઉડાવતી વાયસ, બીનય બચન ઉચરકે..મોરી.
પિયા મીલેં તો બાંટુ બધાઈ, કંચન થારી ભરકે...મોરી.
પ્રેમાનંદ કે ભેટું અંકભરી, પ્રાન નોછાવરી કરકે...મોરી.

રાગ : પરજ

લગાડી તેં પ્રીતિ લાલ રે, પ્રીતલડી તો લગાડી...૦ટેક
પ્રીતમ માર્યાં પ્રેમનાં, તમે તીખાં તીખાં બાણ;
જોતાં તમને જાદવા, થયા પરવશ મારા પ્રાણ રે...પ્રી૦ ૧
વા'લી ભ્રૂકુટી વાંકડી, વહાલાં લાગે છે સુંદર વેણ;
નટવર તમને નીરખવા, મારાં નાંખે છે ઝડપું નેણ રે...પ્રી૦ ૨
હાર હજારી પહેરિયો, નેણુંનો નજારો જોર;
બ્રહ્માનંદ હૈડે વસ્યો, કોડીલો ધર્મકિશોર રે...પ્રી૦ ૩

રાગ : કાફી

લરકા દેખ્યા મેં નંદ મહરકા, કહાં રૂપ કહું રે કાનડકા... ૦ટેક
શ્વેત બસન તન મુનિ મનરંજન, ગોપવત્સ ગિરધરકા;
બંસી હાથ વ્રજવનિતા, મંદ મંદ મુખ મરકા...૦ ૧
જાકે બદન કમળ જત ચિતવન, દુઃખ મટત જમ ડરકા;
કોટિક કામ શ્યામ દેખી લાજત, બેસ નિપર નટવરકા...૦ ૨
ઉરબિચ માલલાભ બિચ રેખત, કંચન બાજુ કરકા;
કાનુંમેં મકરાકૃત કુંડલ, જામા ઓરે જરિયનકા...૦ ૩
નવલ પાઘકે કુસુમ બાગમેં, પેચ ઝૂક્યા શીરપરકા;
દેવાનંદ ઘનશ્યામ બિલોકી, ભેખ લીધો રે જોગનકા...૦ ૪

રાગ : વસંત હોરી

સદ્‌ગુરુકી ભક્તિ કરે સોઈ, જાકે ધડ પર શીશ ના હોઈ....૦ટેક
અતિ કરડા મારગ ચલે ન કોઈ, કાયર ડરી ભાગે દેવે રોઈ;
મરજીવાકે મન આનંદ કાટે ભવફંદ....૦ ૧
મુનિ, ચારણ, સિદ્ધ, લોક, સો તો ગુરુકી ભક્તિ બિન પાવે શોક;
ભવ ભટકે પટકે કાલ પાશ, સો તો હોઈ શકે નહિં ગુરુ કે દાસ....૦ ૨
જબ તન મન ધનકી તજે આશ, હોઈ ગુણાતીત કરે વચન વાસ;
મુક્તાનંદ સો સદ્‌ગુરુ કે બોલ, જિન મરમ જાણી તજી ભ્રમજાલ....૦ ૩

❀

સદ્‌ગુરુ બાણ ઘાયલ ક્યું જીવે જેને લાગ્યાં રે....૦ટેક
રામ ભજનમાં રહે ભરપુરા રે, જેની દેહ દશા રે ઓલાણ;
મરજીવા જેને જીવે....જેને૦ ૧
જ્ઞાન ગરીબી સદા ગુલતાનાવે, જેને હરદમ તાળા હંમેશ;
અમીરસ ઓ પીવે....જેને૦ ૨
પ્રેમ સહિત પિયા સંગ રહેવે રે, જેના સહેજે અનુપમ શબ્દ;
પ્રેમ પદ સો પાવે....જેને૦ ૩
ત્રિગુણાતીત મોયે બતલાવ્યા રે, પાયા ગગન મંડળકા ભેદ;
ઓરનસે ક્યું બીવે....જેને૦ ૪

અંતર એક નિરંતર પેખે રે, ગાય પ્રેમાનંદ નિરમાણ;
અંજળા દેખે....જેને૦ ૫

રાગ : જંગલો

સુનરી સખી એ આહીરકા છોરા, બંસી બજાય મેરા ચિત્ત ચોરા...૦ટેક
મેં દધિ બેચેન જાતી બહોરા, દેખી નવલ મોહે આવત દોરા...સુ૦ ૧
દધિ મેરો ખાય મટુકી મેરી ફોરા, બાત કહી મોસેં ખોટી નિઠોરા...સુ૦ ૨
નિપટ ઝપટકે હાર મેરો તોરા, એ નિર્દય લગાઈ મોયે ખોરા...સુ૦ ૩
પ્રેમસખી બિનું નંદકિશોરા, જુગ સમ જાત ઘરી છીન મોરા...સુ૦ ૪

રાગ : સોરઠ

સુની કૃપાસિંધુ અબ અટક રહી, અબ ઘટ પર મેરી નાવરીયા...૦ટેક
ઘનશ્યામ કૃષ્ણ તુમહી કરિયાં મુખિયાં કોઉ ઓર ન ધર ધરિયા;
અબ તુમહી છોડી ધાઉં ઠાકો, કરો પારિયાં નૈયાં માંઝરિયા...સુ૦ ૧
યહ અતિ અપાર ભવસાગર હે, જહાં કાલ ભરવરકો આગ રહે;
મોહે આશ તેરી નટનાગર હે, જાકી હેરું મેં છીન પલ ડાગરિયા...સુ૦ ૨
અવગુણકી ભરી બેગુનકી હું, દાંત નહીં મુનિ ચુનકી હું;
રાજી હરિ નામકી ધૂન કી હું, કારપાર યહ નૈયાં હરહરિયા...સુ૦ ૩
તુમ માખણ મલાઈ માગી લઈ, દાવાનલ તુમહી ચાખી લઈ;
બુડત વ્રજ તુમહી રાખ લઈ, કહે જ્ઞાનાનંદ તુમ અવરિયા...સુ૦ ૪

❀

સંત જન સોઈ સદા મોહે ભાવે...૦ટેક
દેહ ઇન્દ્રિય અરુ મન આદિક કે, સંગમેં નહીં લપટાવે...સંત૦ ૧
કામ ક્રોધ અરુ લોભ મોહ વશ, હોય ન મન લલચાવે;
મેરો હી ધ્યાન રટન મુખ મેરો, સો તજી અન્ય ન જાવે...સંત૦ ૨
ક્ષર અક્ષર અરુ અક્ષર પરકી, સબ હી સમજ ઉર લાવે;
સબ ગુન પૂરન પરમ વિવેકી, ગુણ કો માન ન આવે...સંત૦ ૩
પિંડ બ્રહ્માંડસે પર નિજ આત્મા, જાની કે મમ ગુન ગાવે;
મુક્તાનંદ કહત યૂં મોહન, સોઈ જન સંત કહાવે...સંત૦ ૪

❀

નારદ મેરે સંતસે અધિક ન કોઈ...૦ટેક
મમ ઉર સંત અરુ મૈં સંતન ઉર, વાસ કરું સ્થિર હોઈ...નારદ૦ ૧
કમલા મેરો કરત ઉપાસન, માન ચપલતા ધોઈ;
યદ્યપિ વાસ દિયો મૈં ઉર પર, સંતન સમ નહીં સોઈ...નારદ૦ ૨
ભૂકો ભાર હરું સંતન હિત, કરું છાયા કર દોઈ;
જો મેરે સંતકું રતિ એક દૂવે, તેહી જડ ડારું મૈં ખોઈ...નારદ૦ ૩
જિન નરતન ધરી સંત ન સેવ્યા, તિન નિજ જનની વિગોઈ;
મુક્તાનંદ કહત યૂં મોહન, પ્રિય મોય જન નિર્મોઈ...નારદ૦ ૪

રાગ : જંગલો

હાંજી ભલા સાધુ, હરિકી સાધ,
તનકી ઉપાધિ તજે સો હી સાધુ...૦ટેક
માન અપમાનમેં એકતા, સુખદુઃખમેં સમભાવ;
અહીં કે સુખ અલ્પ હૈ, નહિ સ્વર્ગ લુચાવ...તનકી૦ ૧
લાલચ લોભ હરામ હૈ, ગ્રહે ન ગાંઠે દામ;
નારી નાગણી સમ તજે, રટે નિરંતર રામ...તનકી૦ ૨
મઠ ન બાંધે મમતા કરી, શઠતા કીની ત્યાગ;
કબહુ ક્રોધ ન ઊપજે, સો સાચા વૈરાગ્ય...તનકી૦ ૩
ત્યાગે તીખાં તમતમાં, રસના ભોગવિલાસ;
મુક્તાનંદ સો સંતકે, સદા રહત હરિ પાસ...તનકી૦ ૪

❀

હાંજી વૈરાગી સોઈ રે સુજાન,
જગ અનુરાગ, તજે સો વૈરાગી...૦ટેક
રાગદ્વેષ સે રહિત હૈ, સો સાચા વૈરાગ;
લોકલાજ કુલ અદ્ય દે, તન-મન-ધનકા ત્યાગ...જગ અનુરાગ૦ ૧
કામ ક્રોધ મદ લોભ કા, ઊઠત નહિ અંકુર;
રુઠા સબ જગસેં રહે, હરિ સેં રહે હજુર...જગ અનુરાગ૦ ૨
નારી જાને નાગની, સબ ધન ધૂર સમાન;
મન સંકલ્પ મિથ્યા કિયા, લિયા પંથ નિરવાન...જગ અનુરાગ૦ ૩
ઊરમી ભાગી અંતરે, લાગી સેજ સમાધ;
શ્રીરંગ સોઈ સંત હે, જાકા મન અગાધ...જગ અનુરાગ૦ ૪

હાંજી ભલા શૂરા, જગમાં રે સંત,
મન બળવંત જીતે, સોઈ શૂરા...૦ટેક
શૂરા જગમેં સંત હૈ, ઔર સબ લાજ મજૂર,
મનકો કૃત માને નહીં, તન ધન જાનત ધૂર...મન૦ ૧
મન જીતે સો મરદ હૈ, તજે નરદસે નેહ,
પહેરે બખતર પ્રેમકા, દેખે ગરદ સમ દેહ...મન૦ ૨
બૂમ પડે જબ બાહરા, સબ દોડે સંસાર,
કચ્ચા પક્કા પારખા, જબ નિકલે તલવાર...મન૦ ૩
દેશ પ્રદેશમેં ડોલના, મમતા તનકી મેલ,
એહી મત અવધૂતકા, શિરસાટેકા ખેલ...મન૦ ૪
એક હરિસેં આસક્ત હૈ, નહીં જક્ત ઉરમાંય,
બ્રહ્માનંદ ગુરુવાયક પર, ટુક ટુક ઊડ જાય...મન૦ ૫

રાગ : પરજ

વર નંદલાલ વરું રે સખી અલબેલો વર નંદલાલ વરું;
મુરખ લોક દાઝી છોને મરતા, કોઈની શંકા નવ ધરું....રે સખી.
કાન કુંવર સંગે નેહ કરીને, જગથી તે શીદ ડરું....રે સખી.
પરણું તો વર પુરુષોત્તમ પરણું, નહીં તો કુંવારી મરું....રે સખી.
બ્રહ્માનંદના નાથને માથે, તન કુરબાન કરું....રે સખી.

રાગ : ગરબી

મોહન તારી મૂર્તિ લાગે પ્યારી રે,
એક નિમિષ ન મેલું ન્યારી.
મેં તો તન-મન તમને દીધું રે, મારું કારજ સુધારી લીધું રે;
મારું તમ થકી કારજ સીધું...મોહન૦ ૧
તારા મુખડાની માયા લાગી રે, મારા મનની તે ભ્રમણા ભાગી રે;
હું તો મોહનિદ્રામાંથી જાગી...મોહન૦ ૨
મેં તો તમસંગ પ્રીતિ જોડી રે, બીજા સર્વે સંગાથે ત્રોડી રે;
શું કરશે મુરખ મોં મોડી...મોહન૦ ૩
છબી જોઈ અલૌકિક તારી રે, તારે વશ થઈ રહી ગિરધારી રે;
જાય મુક્તાનંદ બલિહારી...મોહન૦ ૪

ભૂમાનંદ સ્વામીનો કક્કો

રાગ : ચોપાઈ

કક્કા કલિમાં એ છે સાર, હરિ કીર્તન કરી હોય ઉદ્ધાર,
વિષય વાસના ત્યાગ કરે, તો કીર્તનથી કારજ સરે.
ભવસાગરનો આવે પાર, કક્કા કલિમાં એ છે સાર. ૧.

ખખા ખાલી હાથે જાય, દેવ દર્શનનું ફલ નવ થાય.
દર્શન કરતાં દારા જુવે, તે પણ દર્શનનું ફલ ખુવે.
દસુંદ દેવ તણી જે ખાય... ... ... ખખા. ૨.

ગગા ગણતી તારી નથી, મરી ગયા મોટા મહારથિ.
તે માટે સવેલે ચેત, કરી લે એક હરિ સંગ હેત.
કુટુંબ સારું કાં મર મથી... ... ... ગગા. ૩

ઘઘા ઘોર કલિ છે આજ, જો કર સત્સંગ તો રહે લાજ.
જાવું ન પડે જમને દ્વાર, ચોરાશીનો આવે પાર.
સરવે તારું સરશે કાજ... ... ...ઘઘા. ૪

ઙઙા દિ વસ્તુ જેહ, નર ત્રિયાના તનુંમાં તેહ.
કાલાં ગોરાં ઉપર ચામ, જેને જોતાં ઊપજે કામ.
જૂઠું જાણી ન કરો નેહ... ... ...ઙઙા. ૫

ચચ્ચા ચેતો આવ્યો કાલ, જેમ મછલીને ઝાલે જાલ,
ચૌદ લોક ચાવે મુખમાંય, સૂડી વચ્ચે સુપારી ન્યાય.
જેમ ઉંદરને જાલે વ્યાલ... ... ...ચચ્ચા. ૬

છછા છૂટ્યાનો ઉપાય, એક જ છે જો સત્સંગ થાય.
સત્સંગે થાય કિશોરવય, ત્યારે ટલે કાળનો ભય.
જીવન પર્યંત હરિ જસ ગાય... ... ...છછા. ૭

જજ્જા જપ જીવનનો જાપ, ટલે ત્રિવિધ તારા તાપ.
પંચવિષય સુખ દે પરહરિ, નરક ચોરાસી નાવે ફરી.
સત્સંગમાં સમરપિ આપ... ... ...જજ્જા. ૮

ઝઝા ઝાંઝવાનાં જળ જેમ, નિરાકાર બ્રહ્મ જાણો તેમ.
તે જળથી જો તૃષા જાય, તો તે ભજને કલ્યાણ થાય.
શૂન્યવાદિની સમજણ એમ... ... ...ઝઝા. ૯

ઞઞા ઈશ્વર અક્ષરમાંઈ, સાકાર મૂર્તિ છે સુખદાઈ.
જ્યારે એ અવનિ અવતરે, જેને જોગે જીવ ઉધરે.
પુરુષોત્તમને ભજી લે ભાઈ... ... ...ઞઞા. ૧૦

ટટા ટેક અંતરમાં ધરી, શિર સાટે સમરી લે હરિ.
અન્ય દેવને જે આશરે, હરિભક્તિમાં વિઘન કરે.
પતિવ્રતા થઈને લે વરી... ... ...ટટા. ૧૧

ઠઠા જાશો ઠાલે હાથ, એક દમડી નહિ આવે સાથ.
ઈશ્વરને આરાધો ઉર, નહિ તણાવો તૃષ્ણાને પૂર.
મેલી દે માયાની બાથ... ... ...ઠઠા. ૧૨

ડડા ડહાપણ ડોળ્યું ઘણું, જગમાં મોટો થાવા ઘણું.
લેવા ઈચ્છ્યો મોટપ માન, વિસારી મેલ્યા ભગવાન.
અંતે કામ ન આવે અણુ... ... ...ડડા. ૧૩

ઢઢા ઢોરની રાખી રીત, પંચવિષય ભોગવ્યા કરી પ્રીત.
સનમાન સંબંધીનું કર્યું, ઊજડ ગામનું પોતું ભર્યું.
મહાજનને નહિ કીધાં મિત... ... ...ઢઢા. ૧૪

ણણા લે નારાયણ નામ, કઠણ વેળાએ આવે કામ.
નામી વિના નામ ઉચરે, તેનું તો કારજ નહિ સરે.
એ મૂર્તિનું અક્ષરધામ... ... ...ણણા. ૧૫

તતા તજી દે તન અભિમાન, જીવાત્માને નિજરૂપ જાન.
તે બ્રહ્મ હું પરબ્રહ્મનો દાસ, એમ સમજી હરિને ઉપાસ.
એમ વિચારી આત્મજ્ઞાન... ... ...તતા. ૧૬

થથા થોડા જીવ્યા કાજ, અધર્મ નહિ આરંભો આજ.
નરદેહે નહિ ઈચ્છિત થાય, કર્મ ખપ્યાનો કર ઉપાય.
સત્સંગ પાળી બાંધો પાજ... ... ...થથા. ૧૭

દદા દિવસ જે જે જાય, આવરદામાં ઓછો થાય.
માબાપ જાણે મોટો થયો, મૂળગામાંથી પણ તે ગયો.
જઈ સૂશે સમશાને કાય... ... ...દદા. ૧૮

ધધા ધુમનિ ભર્યમાં બાથ, એ નહિ આવે તારે સાથ.
શોધી સદ્‌ગુરુ શરણે જા, અજર અમર અવિનાશી થા.
કહું છું તારે કાજે ગાથ... ... ...ધધા. ૧૯

નના નરતનુ નાવે ફરી, દેવને દુર્લભ તે તેં ધરી.
હવે હરિનો નહિ કાંઈ વાંક, મળ્યો ચિંતામણિ રહે માં રાંક.
ઈષ્ટદેવને રહે અનુસરી... ... ...નના. ૨૦

પપા પામર એનું જ નામ, વિષય ભોગવે ભૂલી રામ.
ઉદર અર્થે ઉદ્યમ કરે, શ્વાન શુકર સમ થૈને ફરે.
જેને વાલી લાગે વામ... ... ...પપા. ૨૧

ફફા ફૂટી હાંડી જેહ, તુંને અંતે દેશે તેહ.
બીજી જે સામગ્રી સહુ, વેંચી લેશે છૈયા ને વહુ.
કોઈ ન માણ્યો કે'શે એહ... ફફા. ૨૨

બબા બાજી જીતી ગયા, જે જગમાં સત્સંગી થયા.
જેણે કીધો કુસંગ ત્યાગ, તે જ મનુષ્યનાં મોટાં ભાગ્ય.
પ્રગટ પ્રભુને શરણે રયા... બબા. ૨૩

ભભા ભેર વાગતે જાય નરકે, ન ભજી ત્રિભુવનરાય.
હરિના જન સંગે જે વેર, અમૃત ઢોળી પીધું ઝેર.
પરનારી સંગ જે નર ચાય... ભભા. ૨૪

મમા મેલો મનનો મેલ, પ્રભુ પામવા તે છે સે'લ.
સુખ દુઃખનું દેનારું એહ, જન્મ મરણનું કારણ તેહ.
એને આધીન સર્વે ફેલ... મમા. ૨૫

યયા યુવતી નર આકાર, માયાનાં છે મોરાં ધાર.
તેમાં જે રેનારા જીવ, તે માયા, નહિ વસ્તુ દિવ્ય.
સર્વેને હરિ ફલ દાતાર... યયા. ૨૬

પરિશિષ્ટ : ૬

પાત્રસૂચિ

અભયસિંહજી દરબાર (ગણોદ) : ૪૧, ૭૪, ૧૬૦.
અયોધ્યાપ્રસાદજી મહારાજ (આચાર્ય મહારાજ, અમદાવાદ) : ૩૭, ૧૪૦, ૧૪૧, ૧૪૫-૧૪૭, ૧૫૧.
આનંદ સ્વામી (આનંદાનંદ સ્વામી, અમદાવાદ) : ૨૫, ૩૭-૩૯, ૩૮૭.
ઈશ્વર ત્રવાડી : ૨૩, ૨૪.
ઉત્તમચરણદાસ સ્વામી : ૬૩.
ઉત્તમાનંદ સ્વામી (અમદાવાદ) : ૩૭, ૧૪૨-૧૪૪.
ઉલ્લાસરામ પંડ્યા (ડભોઈ) : ૩૦૨, ૩૦૮, ૩૦૯, ૩૨૦, ૩૨૭, ૩૨૯, ૩૬૩, ૩૬૬, ૫૬૦.
કમા શેઠ (ઊના) : ૧૧૪, ૧૧૫.
કરસનજી વિપ્ર (કૃષ્ણજી અદા, મેવાસા) : ૯૬.
કલ્યાણભાઈ (વંથળી) : ૨૪, ૯૮, ૯૯, ૧૫૮, ૧૫૯.
કેશવપ્રસાદજી મહારાજ (આચાર્યશ્રી, અમદાવાદ) : ૧૪૧, ૧૪૨, ૧૪૪, ૧૪૫.
કેશવપ્રસાદદાસજી પુરાણી : ૧૯૭, ૨૪૨, ૨૮૨, ૨૯૯, ૩૦૦, ૫૬૮.
કૃષ્ણસ્વરૂપદાસ સ્વામી (અમદાવાદ) : ૩૬૪, ૩૬૫, ૩૬૭, ૩૭૮, ૩૭૯, ૩૮૩, ૩૮૬, ૩૮૮, ૩૯૭.
ગિરધરભાઈ (વિજ્ઞાનદાસ સ્વામી) : ૧૬૩-૧૬૬, ૧૬૯, ૧૭૦.
ગોપાળાનંદ સ્વામી : ૨, ૩, ૯, ૧૧-૨૩, ૨૬, ૨૮, ૩૪, ૩૫, ૪૬, ૮૪, ૯૨, ૯૩, ૧૦૫, ૧૧૧, ૧૩૬, ૧૪૪, ૧૫૨, ૧૯૪, ૨૩૨, ૨૫૪, ૨૬૦, ૨૬૫, ૨૮૪, ૨૮૮, ૨૯૭, ૩૦૫, ૩૧૧, ૩૧૮, ૩૬૪, ૩૮૨, ૩૮૪, ૩૯૯, ૪૧૩, ૪૪૦, ૪૮૨, ૪૯૮, ૪૯૯, ૫૧૫, ૫૫૫, ૫૬૫.
ગોવર્ધનભાઈ કોઠારી (વરતાલ) : ૧૨૨, ૧૨૬, ૧૩૩, ૧૬૩, ૧૬૪, ૧૬૬, ૧૭૦, ૧૭૪, ૧૮૮, ૧૯૦, ૧૯૧, ૨૦૦, ૨૦૨, ૨૦૩, ૨૦૮, ૨૦૯, ૨૧૩, ૨૧૫, ૨૧૯,૨૨૫, ૨૩૨, ૨૩૫, ૨૪૧, ૨૪૭, ૨૬૩, ૨૭૭, ૨૮૩, ૨૮૮, ૩૧૫, ૩૧૬, ૩૨૦, ૩૨૩, ૩૨૫, ૩૨૭-૩૨૯, ૩૩૧, ૩૫૫, ૩૬૮, ૩૯૧, ૫૧૭, ૫૩૧.
ગોવિંદભાઈ દરજી (ભગતજી મહારાજના પિતાશ્રી, મહુવા) : ૪, ૧૩, ૮૫.
ગોવિંદભાઈ માસ્તર (વડોદરા) : ૨૦૬, ૩૦૯, ૩૧૨, ૩૧૮, ૩૨૦, ૩૨૧, ૩૨૪, ૩૨૮-૩૩૦, ૩૩૪, ૩૩૬, ૩૪૦, ૩૫૪, ૩૫૬, ૩૫૮, ૩૫૯, ૩૬૩, ૩૬૪, ૩૬૯, ૩૭૩, ૩૯૧, ૩૯૨, ૪૨૨, ૪૨૬, ૪૨૮, ૪૩૩, ૪૫૭, ૪૬૫, ૫૧૩.
ચકુભાઈ નાગર (જૂનાગઢ) : ૧૫૮, ૧૮૭
ચતુરભાઈ (વસો) : ૨૯૨, ૨૯૫, ૩૧૭, ૩૨૦, ૩૨૨, ૩૨૭, ૩૫૯, ૩૬૩, ૩૭૫, ૩૭૬, ૩૯૭, ૩૯૯, ૪૧૫-૪૧૮, ૪૨૦, ૪૨૩, ૪૨૪, ૪૨૬, ૪૨૭, ૪૩૯, ૪૪૮, ૪૫૫, ૪૫૭, ૪૮૮, ૫૧૨, ૫૧૪, ૫૧૫, ૫૩૩.
ચુનીલાલભાઈ (નડિયાદ) : ૨૦૫, ૨૨૬, ૨૩૦, ૨૩૬, ૫૧૮, ૫૨૧, ૫૨૩, ૫૨૪, ૫૫૯.
જસારામ દરબાર (ભેરાઈ) : ૬૨.
જાગા ભક્ત : ૧૬, ૧૭, ૧૯, ૨૦, ૨૫, ૩૭, ૪૯, ૭૮, ૭૯, ૮૮, ૧૦૮, ૧૧૦, ૧૨૦, ૧૨૧, ૧૩૩-૧૩૬, ૧૫૧, ૧૫૪-૧૫૯, ૧૮૬, ૧૮૭, ૩૦૫, ૪૨૨, ૪૨૩, ૪૨૫, ૪૨૬, ૪૬૪, ૪૬૫, ૪૬૭, ૪૭૬, ૪૭૮-૪૮૦, ૪૮૨, ૪૮૪-૪૮૬, ૪૮૮, ૪૮૯, ૪૯૧, ૪૯૨, ૪૯૪-૪૯૬, ૪૯૮, ૫૦૦-૫૦૩, ૫૦૫, ૫૦૬, ૫૧૨, ૫૧૪, ૫૧૬-

૫૧૮, ૫૨૬, ૫૩૫, ૫૪૨, ૫૬૫-૫૬૮.
જેઠાભાઈ (નિર્ગુણદાસ સ્વામી, પીજ) : ૩૧૭-૩૧૯, ૪૦૫-૪૦૮, ૪૧૦, ૪૧૧, ૪૧૩-૪૧૫, ૪૨૦, ૪૨૨, ૪૨૫, ૪૨૬, ૪૫૭, ૫૩૨, ૫૩૩, ૫૫૩, ૫૬૪.
જેઠાભાઈ વણિક (મહુવા) : ૨૯-૩૧.
ઝવેરભાઈ (નાર) : ૧૯૯, ૨૦૫, ૨૧૫, ૨૩૯, ૨૪૦, ૨૪૩, ૨૬૨, ૨૯૫, ૩૨૦, ૩૨૨, ૩૨૮, ૩૩૦, ૩૫૬,૩૫૭, ૩૫૯, ૩૬૯, ૩૯૫, ૪૩૩, ૫૩૩, ૫૫૯, ૫૬૭, ૫૬૮.
ઝવેરભાઈ અમીન (દીવાન, વાંસદા) : ૩૧૬, ૩૨૭-૩૩૨, ૩૩૪, ૩૩૬, ૩૩૭, ૩૪૦,૩૪૧, ૩૪૩, ૩૪૪, ૩૪૯-૩૫૬, ૩૭૫, ૫૧૫.
ઝવેરીલાલભાઈ (ઝવેરલાલ, નડિયાદ) : ૧૨૭, ૧૯૯, ૨૦૦, ૨૧૫, ૨૧૭, ૨૫૮, ૨૫૯, ૨૬૨, ૨૬૩, ૨૬૬, ૨૬૭, ૨૮૮, ૨૯૫, ૩૧૯-૩૨૧, ૩૨૪, ૩૨૬-૩૨૯, ૩૬૧, ૩૬૨, ૩૬૮, ૩૭૫, ૩૭૬, ૩૮૨, ૩૯૬, ૩૯૯, ૪૦૧, ૪૨૬, ૪૪૬-૪૪૮, ૪૫૫, ૪૬૦, ૪૬૧, ૪૬૫, ૪૬૮, ૪૭૯, ૪૮૪, ૪૮૬, ૫૦૧, ૫૧૨, ૫૧૫, ૫૧૭, ૫૨૭, ૫૨૮, ૫૩૦, ૫૫૯, ૫૬૧-૫૬૬, ૫૬૮.
ઝીણાભાઈ રાઠોડ (મહુવા) : ૪, ૫, ૮, ૯, ૧૪-૧૭, ૨૪, ૮૫.
ત્રિકમદાસ કોઠારી (જૂનાગઢ) : ૯૭, ૯૮, ૧૨૦, ૧૫૩.
દાજીભાઈ (નાર) : ૨૦૬, ૨૦૭, ૨૧૫, ૩૨૦, ૩૯૫, ૪૨૧, ૫૨૮, ૫૩૦, ૫૬૪, ૫૬૮.
દામા શેઠ (મહુવા) : ૨૪, ૩૩, ૩૯, ૮૫, ૯૪, ૯૫, ૧૩૮.
દેવજીભાઈ (વંથળી) : ૯૮, ૯૯, ૧૫૯.
દેહાખાચર (બોટાદ) : ૧૨૯.
ધર્મતનયદાસ શાસ્ત્રી (ગોંડલ) : ૧૫૩, ૧૯૧, ૧૯૬, ૨૦૩, ૨૯૩, ૨૯૯, ૩૦૦, ૩૨૫, ૩૬૦, ૩૬૨, ૩૬૮, ૫૧૧, ૫૧૩, ૫૨૭-૫૨૯.
નથુ પટેલ (કારિયાણી) : ૨૫, ૬૪, ૭૧, ૭૯, ૧૧૨, ૧૨૨, ૧૨૬, ૧૨૯, ૧૫૨.
નંદકિશોરદાસ સ્વામી : ૨૧૯, ૨૨૧.
નારાયણચરણદાસ સ્વામી : ૧૯૭, ૨૪૨, ૨૪૮, ૨૪૯, ૨૭૨, ૨૭૪, ૨૭૫, ૨૭૮, ૨૭૯, ૨૮૩, ૨૮૮, ૨૯૦, ૩૩૧, ૩૬૦, ૩૬૮, ૩૯૮.
નારાયણભાઈ (ભગતજી મહારાજના ભત્રીજા, મહુવા) : ૩૬૬, ૩૯૯, ૪૧૬, ૪૨૧, ૪૩૦, ૪૪૭, ૪૫૬, ૪૫૯, ૪૬૦, ૫૩૨, ૫૩૫, ૫૩૭, ૫૪૦, ૫૫૫.
પવિત્રાનંદ સ્વામી : ૭૧, ૧૦૧, ૧૦૫, ૧૧૫, ૧૨૬, ૧૩૮-૧૪૦, ૧૪૭-૧૪૯, ૧૬૨, ૧૬૩, ૧૭૫, ૧૭૬, ૧૮૦, ૨૩૫, ૨૬૫, ૪૩૪, ૫૧૧.
પુરુષોત્તમદાસ સ્વામી (પુરુષોત્તમચરણદાસ, ખાનદેશી) : ૧૯૬, ૨૨૬, ૨૩૦, ૨૪૨, ૨૪૩, ૨૫૫-૨૫૭, ૨૬૦, ૨૭૦, ૨૭૮-૨૮૦, ૨૮૩, ૨૯૦, ૩૩૧, ૩૫૪, ૩૬૮, ૩૬૯, ૩૭૪, ૩૯૮, ૪૦૩, ૪૪૬.
પુરુષોત્તમદાસ (વસો) : ૨૪૩, ૨૯૨, ૨૯૫, ૩૦૧, ૩૧૭, ૩૨૧-૩૨૩, ૩૬૧, ૩૬૮, ૩૭૫, ૩૭૬, ૩૮૨, ૩૯૯, ૪૧૫, ૪૨૬, ૪૩૦, ૪૩૧, ૪૩૩, ૪૩૮, ૪૩૯, ૪૪૮, ૪૫૭, ૪૬૨, ૪૭૧, ૪૭૬, ૪૮૮, ૫૧૨, ૫૧૪, ૫૨૭-૫૩૦, ૫૩૬, ૫૩૭.
પુરુષોત્તમપ્રસાદજી મહારાજ (આચાર્ય મહારાજ, અમદાવાદ) : ૩૬૧-૩૬૫, ૩૬૯, ૩૭૩, ૩૭૫, ૩૭૭, ૩૭૮, ૩૮૨-૩૮૪, ૩૮૭-૩૮૯, ૩૯૬, ૩૯૭, ૪૦૧.
પ્રભુદાસ કોઠારી (મુંબઈ) : ૧૯૧, ૧૯૨, ૨૯૬, ૨૯૯, ૩૦૫, ૩૦૮, ૪૦૩-૪૦૫, ૪૨૯, ૪૪૦, ૪૪૭, ૪૪૯, ૫૩૧, ૫૩૨, ૫૩૫, ૫૩૮, ૫૩૯, ૫૪૧, ૫૬૪, ૫૭૦.
પ્રભુદાસ બારોટ (સીંજીવાડા) : ૨૯, ૬૧, ૧૨૨, ૧૨૫, ૧૨૮.
પ્રભુદાસ વકીલ (પેટલાદ) : ૨૧૯, ૨૨૨.
ફૂલચંદભાઈ (મહુવા) : ૨૪, ૩૩, ૩૫, ૩૯, ૮૭, ૯૪, ૧૩૭, ૧૩૮, ૨૦૩, ૨૪૮, ૪૦૧, ૪૦૮, ૪૧૬-૪૧૮, ૪૩૩, ૪૩૫, ૪૪૮, ૫૩૯, ૫૪૦, ૫૫૩, ૫૬૦.
બાપુ રાઈજી (વડોદરા) : ૨૦.
બાલમુકુંદદાસ સ્વામી (જૂનાગઢ) : ૩૭, ૮૨, ૯૮, ૧૦૮, ૧૩૧, ૧૫૫, ૧૬૪, ૪૦૦, ૪૨૨,

૪૬૧, ૪૬૭, ૪૭૨, ૪૮૨, ૫૧૨, ૫૬૭.
ભૂમાનંદ સ્વામી : ૭૧, ૧૦૧, ૧૦૨, ૧૧૫, ૧૮૦, ૨૭૬, ૫૮૨, ૫૮૬.
મહાપુરુષદાસ સ્વામી (કોઠારી બેચર ભગત) : ૨૯, ૧૧૬, ૧૬૪, ૧૭૦, ૧૭૧, ૧૭૪, ૧૭૬, ૧૮૬, ૧૮૮-૧૯૧, ૧૯૭, ૧૯૯, ૨૦૦, ૨૨૬, ૨૩૦, ૨૪૧-૨૪૩, ૨૪૮, ૨૫૭, ૨૫૯, ૨૬૧, ૨૬૩, ૨૭૨, ૨૭૪, ૨૭૮-૨૮૦, ૨૮૨, ૨૮૩, ૨૮૭-૨૮૯, ૨૯૩, ૨૯૭, ૪૯૮, ૫૩૨, ૫૫૯.
મંગળજી ઠક્કર (રાજકોટ) : ૮૮, ૧૦૦, ૧૦૧, ૧૦૮.
માધવચરણદાસ સ્વામી (જૂનાગઢ) : ૩૪, ૧૧૨.
માધવદાસ સ્વામી (જૂનાગઢ) : ૩૪, ૯૮.
માયાતીતાનંદ બ્રહ્મચારી (અમદાવાદ) : ૨૧૮, ૩૯૩, ૪૦૫, ૪૦૭, ૪૧૧, ૪૧૫.
મુકુંદજીવનદાસ સ્વામી (અમદાવાદ) : ૩૬૧, ૩૬૬, ૩૬૯, ૩૭૪, ૩૭૫, ૩૯૯.
મૂળજીભાઈ (પીજ) : ૩૧૭, ૩૧૮, ૩૨૦, ૪૨૧.
મોડભાઈ (કમિયાળા) : ૨૯, ૫૯.
મોતીભાઈ (પીજ) : ૨૩૨, ૨૩૩, ૨૪૦, ૨૪૧, ૨૪૩, ૨૪૪, ૨૯૫, ૩૨૦, ૪૦૫, ૪૧૫, ૪૧૭-૪૧૯, ૪૨૬, ૪૨૮, ૪૪૭, ૪૮૮, ૪૯૮, ૫૧૪, ૫૨૦, ૫૨૩, ૫૩૩, ૫૩૭, ૫૩૮, ૫૫૧, ૫૫૨, ૫૭૧.
મોતીલાલ સોલિસિટર (મુંબઈ) : ૫૧૮, ૫૨૫, ૫૨૬, ૫૩૨.
યજ્ઞપુરુષદાસજી શાસ્ત્રી (શાસ્ત્રીજી મહારાજ) : ૧૨૮, ૧૫૭, ૧૬૧, ૧૯૨-૨૦૦, ૨૦૪-૨૦૭, ૨૨૬, ૨૩૪-૨૩૬, ૨૪૨-૨૪૭, ૨૪૯-૨૫૨, ૨૫૫, ૨૫૭, ૨૬૦, ૨૬૨-૨૬૪, ૨૬૮, ૨૭૨, ૨૭૪-૨૭૬, ૨૭૮-૨૮૪, ૨૮૭-૨૯૦, ૨૯૩, ૨૯૬, ૨૯૭, ૩૦૧, ૩૦૨, ૩૦૫-૩૦૯, ૩૧૨, ૩૧૬, ૩૧૭, ૩૨૦, ૩૨૨, ૩૨૭-૩૨૯, ૩૫૮, ૩૬૪-૩૬૭, ૩૭૧, ૩૭૨, ૩૭૪, ૩૭૫, ૩૭૭, ૩૭૮, ૩૮૦-૩૮૩, ૩૮૫, ૩૮૬, ૩૮૯, ૩૯૩, ૩૯૫, ૪૦૭, ૪૨૨, ૪૨૩, ૪૨૬, ૪૨૯, ૪૩૪, ૪૩૫, ૪૩૭, ૪૪૦, ૪૪૬-૪૪૯, ૪૫૬, ૪૫૮, ૪૫૯, ૪૬૨, ૪૬૪, ૪૬૫, ૪૬૮, ૪૭૮, ૪૭૯, ૪૯૩, ૪૯૫, ૫૦૪, ૫૦૭, ૫૧૫, ૫૧૭, ૫૨૭, ૫૨૯, ૫૩૨, ૫૩૫, ૫૩૬, ૫૪૧-૫૪૩, ૫૫૯, ૫૬૫, ૫૬૮.
યોગાનંદ સ્વામી : ૭, ૮, ૧૩, ૨૩૨, ૨૬૫.
રઘુવીરજી મહારાજ (આચાર્ય મહારાજ, વરતાલ) : ૪, ૧૨, ૧૩, ૨૫, ૨૭, ૩૬, ૩૭, ૪૧, ૪૪, ૬૨, ૧૦૫, ૨૬૫, ૪૩૮, ૪૫૦, ૪૫૧, ૪૬૨, ૫૦૦, ૫૧૨, ૫૫૫.
રણછોડ ભક્ત (મહુવા) : ૧૦૮, ૧૩૭, ૧૫૫, ૧૫૬, ૧૭૫, ૪૭૮, ૫૪૦, ૫૪૬, ૫૪૭, ૫૪૯, ૫૫૯, ૫૬૦.
રંગાચાર્ય (વડોદરા) : ૩૦૬-૩૦૯, ૩૯૩, ૩૯૫.
રામદાસ સ્વામી (જૂનાગઢ) : ૩૪, ૩૫.
રાવસાહેબ (વડોદરા) : ૧૯૧, ૧૯૬, ૨૧૯, ૨૨૨, ૨૨૫, ૨૨૬, ૨૨૮-૨૩૧, ૩૦૯, ૩૧૦, ૩૫૮, ૩૭૧, ૩૭૩-૩૭૫, ૩૮૧, ૩૮૩, ૩૯૧-૩૯૩, ૩૯૫, ૫૪૮.
લલ્લુભાઈ (સીંજીવાડા) : ૬૧.
વાઘાખાચર (સારંગપુર) : ૧૨, ૯૧-૯૫.
વિઠ્ઠલભાઈ (મહુવા) : ૨૪, ૩૯, ૮૭, ૯૪, ૯૫, ૧૨૧, ૧૩૭, ૨૪૮, ૨૪૯-૨૫૪, ૨૬૯, ૨૮૭, ૨૯૦, ૨૯૭, ૫૪૯, ૫૫૦, ૫૬૦.
વિહારીલાલજી મહારાજ (આચાર્ય મહારાજ, વરતાલ) : ૪, ૧૮૦, ૧૮૫, ૧૮૭, ૧૮૮, ૧૯૧, ૧૯૨, ૧૯૬-૧૯૮, ૨૦૦, ૨૦૨-૨૦૪, ૨૦૬, ૨૦૯, ૨૧૩, ૨૧૫, ૨૩૬, ૨૪૦, ૨૪૨, ૨૪૩, ૨૫૦, ૨૭૭, ૨૮૮, ૨૯૨, ૨૯૩, ૨૯૭-૩૦૦, ૩૦૭, ૩૦૮, ૩૧૫-૩૧૭, ૩૨૯, ૩૫૪, ૩૫૯, ૩૬૧, ૩૯૯, ૪૦૧, ૪૦૫, ૪૨૧, ૪૨૩, ૪૨૪, ૪૩૭, ૪૩૮, ૪૪૦, ૪૪૯, ૪૫૪, ૪૫૬, ૪૫૮, ૪૫૯, ૪૬૧, ૪૬૫, ૪૭૨, ૪૭૩, ૪૯૬, ૪૯૭, ૫૦૮, ૫૧૨, ૫૨૬, ૫૪૭, ૫૪૮, ૫૫૧, ૫૫૫.
વિશ્વનાથ વૈદ્ય (ચાણસદ) : ૧૮૮, ૧૯૧, ૨૦૫, ૨૧૩, ૨૪૩, ૨૯૫, ૩૦૧, ૩૦૫, ૩૧૮, ૩૨૦, ૩૨૧, ૩૨૨, ૩૨૮, ૩૭૫, ૩૭૬, ૩૯૨, ૩૯૬, ૪૨૧, ૫૫૧.
વિજ્ઞાનદાસ સ્વામી (ગિરધરભાઈ, ઠાસરા) : ૧૭૦, ૧૭૬, ૧૭૯, ૧૮૦, ૧૮૪, ૧૮૫, ૧૯૧,

૧૯૨, ૧૯૪, ૧૯૫, ૧૯૭, ૧૯૯-૨૦૧, ૨૦૪, ૨૦૭, ૨૦૮, ૨૨૬, ૨૨૮-૨૩૦, ૨૩૨, ૨૩૬, ૨૪૦-૨૪૪, ૨૪૮, ૨૫૨, ૨૫૫-૨૫૮, ૨૬૧, ૨૬૩, ૨૬૫, ૨૬૮, ૨૬૯, ૨૭૨-૨૭૪, ૨૭૬, ૨૭૯-૨૮૩, ૨૮૮, ૨૮૯, ૨૯૧, ૨૯૩-૨૯૬, ૩૧૩-૩૧૬, ૩૨૯-૩૩૧, ૩૫૪, ૩૫૫, ૩૬૧-૩૬૩, ૩૬૭, ૩૬૮, ૩૭૩, ૩૭૮, ૩૯૭-૩૯૯, ૪૦૩, ૪૦૪, ૫૬૦, ૫૬૮.

વિજ્ઞાનાનંદ સ્વામી : ૧૨૨, ૧૯૨-૧૯૫, ૧૯૭, ૧૯૮, ૨૩૪.

શામજીભાઈ (મહુવા) : ૨૫, ૧૦૦, ૧૦૮, ૧૧૦, ૧૧૯, ૧૨૧, ૧૨૫- ૧૨૭, ૧૩૩, ૧૩૪, ૧૪૬, ૧૪૭, ૧૫૧, ૪૦૨, ૪૧૪, ૪૧૮, ૪૨૧, ૫૪૩, ૫૬૨, ૫૬૩.

શિવલાલભાઈ (બોટાદ) : ૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૫, ૨૬, ૩૦, ૩૨, ૩૭, ૬૫, ૪૧૦, ૫૫૫.

શુકાનંદ સ્વામી (શુકમુનિ) : ૨૬, ૨૭, ૭૧, ૧૦૧, ૧૦૨, ૧૧૫, ૧૧૬, ૧૨૪-૧૨૮, ૧૪૦, ૧૪૬, ૧૪૭, ૧૪૯, ૧૫૧, ૧૫૬, ૧૬૨-૧૬૪, ૧૮૯, ૨૬૫, ૪૫૩, ૫૦૦, ૫૦૪, ૫૫૫.

સદાશંકર નાગર (જૂનાગઢ) : ૪૬૨, ૪૭૬, ૫૧૮.

હરિસ્વરૂપદાસ સ્વામી (ગઢડા) : ૨૦૧, ૪૩૫, ૪૫૨.

હરિસ્વરૂપદાસ સ્વામી (વરતાલ) : ૭૫, ૧૦૨, ૧૨૪, ૧૨૫.